# પ્રબુદ્ધ સંપદા



-: સંપાદક :-

બકુલ ગાંધી – ડૉ. સેજલ શાહ

# પ્રબુદ્ધ સંપદા :

## આગમગ્રંથો, કર્મવાદ અને અનેકાંતવાદનો સંચય

સંપાદક : બકુલ ગાંધી અને સેજલ શાહ

પ્રકાશક :

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**

૯૨૬, પારેખ માર્કેટ,

૩૯, જે. એસ. એસ. રોડ,

ઓપેરા હાઉસ, મુંબઈ-૪૦૦૦૦૪.

અને

**મણિબેન નાણાવટી વિમેન્સ કૉલેજ**

વલ્લભભાઈ રોડ,

વિલેપાર્લા (વેસ્ટ),

મુંબઈ-૪૦૦૦૫૬.

# પ્રબુદ્ધ સંપદા : આગમ સુત્ર ; કર્મવાદ ; અને અનેકાંતવાદ


સંપાદક : પ્રબુદ્ધ સંપદા — બકુલ ગાંધી અને ડૉ. સેજલ શાહ

સહ સંપાદક: આગમ સુત્ર પરિચય — ગુણવંત બરવાળિયા

સહ સંપાદક: કર્મવાદ-જૈન દર્શન અને અન્ય દર્શન — ડૉ. પાર્વતીબેન નેણસી ખિરાણી-
ડૉ. રતનબેન ખીમજી છાડવા

સહ સંપાદક: અનેકાંતવાદ, સ્યાદ્‌વાદ અને નયવાદ — ડૉ. સેજલ શાહ

પ્રકાશક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
૩૯, જે. એસ. એસ. રોડ,
ઓપેરા હાઉસ,
મુંબઈ-૪૦૦૦૦૪.
ફોનઃ ૦૨૨-૨૩૮૨૦૨૯૬
E-mail: shrimjus@gmail.com
website: www.jainyuvaksangh.com /
http://www.prabuddhjeevan.in

અને

મણિબેન નાણાવટી વિમેન્સ કૉલેજ
વલ્લભભાઈ રોડ,
મુંબઈ-૪૦૦૦૫૬.

પ્રથમ આવૃત્તિ : સપ્ટેમ્બર, ૨૦૧૮

પૃષ્ઠ સંખ્યાઃ

પ્રતઃ

ISBN No. 978-81-931585-3-1

કિંમતઃ રૂા. ૩૨૫/-

મુદ્રક : ..........

કવર પેજ :

# અર્પણ

**ધાર્મિક 'નિર્મળાનંદ જયોત' આત્મસાત કરાવનાર**

**માતા-પિતા સ્વ. નિર્મળાબેન- નંદલાલ મનસુખલાલ ગાંધી**

**અને**

**પ્રબુદ્ધ જીવનના માનવંતા પૂર્વ તંત્રી**

**સ્વ. ડૉ. ધનવંતભાઈ શાહને**

**આદરાંજલિ સાથે...**

# નિવેદન

*हर्तुर्याति न गोचरं किमपि शं पुष्णाति यत्सर्वदा*
*ह्यर्थिभ्यः प्रतिपाद्यमानमनिशं प्राप्नोति वृद्धिं पराम्।*
*कल्पान्तेष्वपि न प्रयाति निधनं विद्याख्यमन्तर्धन*
*येबां तान्प्रति मानमुज्झत नृपाः कस्तैः सह स्पर्धते ।। (16)*

ભર્તુહરિના એક શ્લોકથી વાતનો આરંભ કરું છું. જ્ઞાન એ અખૂટ ખજાનો છે. જે ક્યારેય ખલાસ થતો નથી. એ આત્માને આનંદ આપે છે. જ્ઞાનને વહેંચવાથી આનંદ મળે છે. શત્રુની સામે જ્ઞાન બચાવે છે અને કોઈ શત્રુ આ ખજાનો લૂંટી શકતો નથી. આ ખજાનો મનુષ્યને સમૃદ્ધ કરે છે, જેમાં ભૌતિકતા નહિ પરંતુ આતંરિક સુખ સમૃધ્ધિ અત્યંત મહત્ત્વની હોય છે. જ્ઞાની વ્યક્તિની સામે, પોતાનો અંહકાર ત્યાગીને, તેઓની પાસે જ્ઞાન મેળવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

'પ્રબુદ્ધ સંપદા' વાચકોના ઉમળકા અને જ્ઞાનતરસનો પ્રતિસાદ છે. આજના તંત્રવિજ્ઞાનના સમયમાં સરળ અને સહજ રીતે, મૂળભૂત વિચારોનો પરિચય કરાવવાનો અથાગ પ્રયત્ન 'પ્રબુદ્ધ જીવન'ના વિવિધ વિશેષાંકો દ્વારા થતો રહ્યો છે. વિશેષાંકો 'પ્રબુદ્ધ જીવન'ની આગવી ઓળખ છે. એ બહોળા પ્રતિસાદમાંથી 'આગમસૂત્ર પરિચય', 'કર્મવાદઃ જૈન દર્શન અને અન્ય દર્શન', 'અનેકાંતવાદ, સ્યાદવાદ અને નયવાદ' વિષયોના વિશેષાંકોનું સંયોજન કરી પુસ્તકકારે ઉપલબ્ધ કરાવવાનો વિચાર સ્ફૂર્યો અને એ વિચારનું પરિણામ 'પ્રબુદ્ધ સંપદા' ગ્રંથ.

અનેકાંતની વિચારણા આજના સમયમાં અત્યંત આવશ્યક છે. જો ધર્મના તાત્વિક વિચારો જીવનના આચારનો ભાગ બને તો એ મનુષ્ય સમાજ માટે નહિ પરંતુ સમગ્ર દેશ અને વિશ્વ માટે ઉપયોગી બનતો હોય છે. આજે આવા વિચારોના પોષણની આવશ્યકતા છે. જે માનવ સમાજને ટકાવી રાખવા માટે યાંત્રિક પણ ભાવનાત્મક અને તાર્કિક સમતોલન સાથે ગુણયુક્ત અને હર્યુભર્યુ બનાવશે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની આ પત્રિકા મૂળભૂત રૂપે જ્ઞાન, સંસ્કૃતિ અને સંસ્કારના ઘડતર માટે હંમેશા કાર્યરત રહી છે. આ સામયિકના કેટલાક વિશેષાંક જે તે વિષયને સર્વગ્રાહી રીતે ઉજાગર કરી આપે છે. આ અંકોને તૈયાર કરવા પાછળ શ્રી ધનવંતભાઈની દીર્ઘદૃષ્ટિએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. તેમના માર્ગદર્શન હેઠળ આવાં મહત્ત્વના વિષય પરના અભ્યાસ ગ્રંથો સાધકો, સાધુ-સાધ્વી, સંશોધકો, વિદ્યાર્થીઓ, સ્વાધ્યાય અભ્યાસ માટે અતિ ઉપયોગી નીવડ્યા છે. આ ઉપયોગીતા જોઈને આ ગ્રંથોને પુસ્તકરૂપે કરવાનો વિચાર આવ્યો. જેથી એ સહુની લાયબ્રેરી માટે ઉપયોગી બને. પરંતુ આવા મોટા પ્રોજેકટને આર્થિક બાબત નડે, પણ સામે જ જ્ઞાનપ્રેમીઓ પણ આને આગળ લઈ જવા તૈયાર હોય છે.

આજ સુધી આ આર્થિક ઉદારતાને કારણે જ પ્રબુદ્ધ જીવન પોતાની જ્ઞાન યાત્રા ચાલુ રાખી શક્યું છે. બકુલભાઈ ગાંધીનો પ્રથમથી જ પ્રબુદ્ધ જીવન માટે અહોભાવ રહ્યો છે. તેમને ખૂબ પરિશ્રમ લઈને આ સામયિકના ડિજિટલ રૂપને સાકાર કર્યું છે અને એક વિશેષ સૂચિ બનાવી છે જેથી આમાં પ્રકાશિત લેખો અને સર્જકો વિષેની માહિતી સહેલાઈથી મળી રહે એવું રૂપ આકારિત થાય જે સહુને ડીજીટલ સ્વરૂપે અનુકૂળ બને. આજે એ શક્ય બન્યું છે, જેમાં બકુલભાઈનો વિશેષ સાથ મળ્યો છે. આજે ૯૦ વર્ષથી પ્રકાશિત આ સામયિકના અંકો પુસ્તકરૂપે કરવા પાછળ એક જ ઉદ્દેશ્ય છે કે આ મહત્વના

વિષયો સહુ પાસે પહોંચે અને આજના કાળમાં આ વિચારના મૂળ સુધી મનુષ્ય પહોંચે અને એની માનવતા સમૃદ્ધ બને. શ્રી બકુલભાઈના આર્થિક સૌજન્યથી પ્રબુદ્ધ સંપદામાં ત્રણ અંકો સમાવિષ્ટ કર્યા છે. ભવિષ્યમાં આ જ રીતે વધુ અંકોને ભેગા કરી ગ્રંથો કરવાનું નિર્ધારિત કર્યું છે.

આ ત્રણ વિશેષાંકોના સંપાદકનું ઋણ સહુ પ્રથમ સ્વીકારીએ છીએ કે એમણે અંકને વિચારોથી સમૃદ્ધ કર્યા,પરિણામે આજે આ પુસ્તક શક્ય બન્યું. એ અંકમાં જેમણે લેખો લખ્યા તે લેખકોનો પણ અમે આભાર માનીએ છીએ. ગુણવંતભાઈ બરવાળિયા, ડૉ. પાર્વતીબેન ખીરાણી, ડૉ. રતનબેન છાડવા અને સેજલ શાહે આ અંકોનું સંપાદન કાર્ય કર્યું હતું.

લગભગ ૯૦ વર્ષથી પ્રકાશિત થતાં 'પ્રબુદ્ધ જીવન'ના તાત્કાલીક પુરોગામી માનવંતા સંપાદક તંત્રી સ્વ. ડૉ. ધનવંતભાઈ શાહના પ્રભાવશાળી નેતૃત્વ હેઠળ પ્રકાશિત થયેલ વિવિધ વિશેષાંકો પાયાની ઊંડી સમજણ આપતાં જ્ઞાનવર્ધક પુરવાર થયાં છે. તમામ વાચક વર્ગ અને અમે આદરણીય સ્વ. ડૉ. ધનવંતભાઈ શાહના ઋણી છીએ. આ ગ્રંથના વિચારને વધાવી લેનાર અને એની પ્રસ્તાવના લખી અમને ઉપકૃત કરનાર પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈનો અમે વિશેષ આભાર માનીએ છીએ. આજે અમારા દરેક કાર્યને પોતાના પીઠબળ દ્વારા મજબૂત કરનાર કુમારપાળભાઈ અમારી સાથે છે, તેનાથી વધુ ગૌરવની બાબત શું હોઈ શકે ?

'પ્રબુદ્ધ સંપદા' પુસ્તકરૂપે પ્રકાશિત કરવાના વિચારને માનનીય ગુણવંતભાઈ બરવાળિયાનું માર્ગદર્શન મળેલ તે બદલ આભાર. તેમને વિશેષ રસ દાખવી જરૂરી સૂચનો કર્યા છે.

જ્યારે અંક બન્યો ત્યારે તેનું પ્રૂફ રીડીગ કરનાર પુષ્પાબેન પ્રત્યે પણ અહીં આભાર વ્યક્ત કરીએ છીએ.

આ પુસ્તક માટે ISBN નંબર ફાળવી આપનાર મણિબેન નાણાવટી વિમેન્સ કૉલેજના આચાર્ય ડૉ. હર્ષદા રાઠોડનો પણ  અમે આભાર માનીએ છીએ.

અનુક્રમણિકામાં બધા જ લેખોને એક સાથે મૂક્યાં છે, જેથી વાંચન વખતે સરળતા રહેશે.

'પ્રબુદ્ધ સંપદા' સાધુ-સાધ્વીઓ, સંશોધકોને રેફરન્સ લાયબ્રેરી ઉપરાંત શ્રાવકોને સ્વાધ્યાય દ્વારા ઉત્તરોત્તર જ્ઞાન  સંપન્ન થવા ઉપયોગી થાય એ જ મંગલ ભાવના.

**બકુલ ગાંધી** અને **ડૉ. સેજલ શાહ**

**૯૮૧૯૩ ૭૨૯૦૮** **૯૮૨૧૫ ૩૩૭૦૨**

# સંપાદકોનો પરિચય

**બકુલ નંદલાલ ગાંધી** ૪૦ વર્ષની પ્રેક્ટિસીંગ, કંપની સેક્રેટરીના વ્યવસાય બાદ નિવૃત્ત થયા. સાહિત્ય અને શિક્ષણપ્રેમી પિતાશ્રી સ્વ. પૂ. નંદલાલભાઈના સંપૂર્ણ સમર્થન અને પ્રોત્સાહન સાથે B.Com; L.L.B; F.C.S; A.C.M.A; D.T.M.નું ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કર્યું. બકુલભાઈને નાનપણથી એમના નાના સ્વ. પૂ. નરશીદાસ વખતચંદ સંઘવી, કે જેઓ ૪૦ વર્ષના ઠામ ચોવીહાર સાથે શ્રાવકના બાર વ્રતના પાળનાર રહ્યા હતા, તથા શાંત, ધૈર્ય, સહનશીલતા અને સમતાના મૂર્તિ સમાન માતા સ્વ. પૂ. નિર્મળાબેન પાસેથી ધાર્મિક સંસ્કારનો વારસો મળ્યો છે. અનુકંપા, સંવેદનશીલતા અને કરુણા તેમના જીવનનો માર્ગ રહ્યો છે. બાયપાસ સર્જરી પછી ૬૮ વર્ષની ઉંમરે પ્રબુદ્ધ જીવનના ૮૯ વર્ષના ૧૦૮૦થી વધુ સામયિકોનું સંપૂર્ણ ડિજિટલકરણ, ૧,૭૦,૦૦થી વધુ લેખોનું ઈન્ડેક્સ સંકલન સાથે કાયમી રેકોર્ડસ ઊભા કરી વેબસાઈટ ઉપર સંપૂર્ણ લાઈબ્રેરી ઉપલબ્ધ સ્થાપવામાં તન, મન અને ધનથી યોગદાન આપ્યું છે. તેમના ધર્મના સંદર્ભમાં ગુજરાતી અને અંગ્રેજીમાં લેખો પ્રગટ થયેલાં છે. જીવનની આ યાત્રામાં તેમના જીવનસાથી શ્રીમતી રેખા ગાંધી જેઓ અહમદનગર બોર્ડના આચાર્યની શ્રેણીમાં અભ્યાસ કરે છે, તે સક્રિય રીતે સહભાગી રહ્યા છે. પુત્રીઓ મીના તારક મોદી, જીજ્ઞા અમિષ સંઘવી, કિન્નરી રાહુલ દોશી અને કિંજલ ગૌરાંગ શાહનો હંમેશા સહયોગ રહ્યો છે.

**અનુમોદના :**
*પ્રબુદ્ધ સંપદાની સંપૂર્ણ આર્થિક જવાબદારી ઉપાડનાર છે, 'નિર્મળાનંદ જ્યોત' હસ્તે અ. સૌ. રેખા બકુલ ગાંધી*

આગમ વિષયક આ વિશિષ્ટ અંકના સંપાદક સુશ્રાવક **ગુણવંત બરવાળિયા** આંકડા અને અક્ષરના ઉપાસક છે. આંકડાના એટલા માટે કે વ્યવસાયે એઓ ચાર્ટર્ડટ એકાઉન્ટન્ટ અને ટેક્સટાઈલ ઉદ્યોગના ઉદ્યોગપતિ છે અને અક્ષરના ઉપાસક એટલે છે કે એમનું નામ ચાલીસથી વધુ પુસ્તકો ઉપર સર્જક, સંપાદક અને સહ સંપાદક તરીકે ઝળકે છે. ચાલીસ પુસ્તકોનો વિષય વ્યાપ પણ જ્ઞાન અને રસભર્યો છે. એમની અક્ષરની યાત્રા પ્રેમથી પરમ સુધીની છે. પ્રેમ વગર પરમને શી રીતે પહોંચાય? આ ત્રણ ભાષી વધુ પુસ્તકોની સૂચિ જોતા પ્રથમ 'હૃદય સંદેશ' અને 'પ્રીત ગુંજન'- ગુણવંતભાઈનું બીજું નામ 'ગુંજન' પણ છે, કારણ કે એઓ પોતાની વાતના ઢોલ-નગારા ન વગાડે, ધીમું ગુંજન જ કરે છે- અને વર્તમાનના પુસ્તકોની યાદીમાં શ્રીમદ્ રાજચંદ્ર, ગાંધીજી અને આગામ આવે. આ પુસ્તકોના વિષયોમાં દર્શન- ચિંતન, કથા, સંશોધન તેમજ સમાજ સુધારણાના વિષયો પણ છે. સંઘર્ષ, શ્રમ, સાધના અને સિદ્ધિ, ગુણવંતભાઈના જીવન અને શબ્દયાત્રાના આ સોપાનો છે.

**ડૉ. પાર્વતીબેન ખીરાણી**એ 'જીવવિચાર રાસ' પર શોધ પ્રબંધ લખી પુસ્તકાકારે પ્રગટ કર્યો છે. છેલ્લા બે વર્ષથી વરસીતપ કરતાં બેન સતત પોતાના અધ્યયનમાં વ્યસ્ત હોય. આરાધના અને જ્ઞાનમાર્ગને સુવાસિત કરતા એમને વધુ ને વધુ કાર્ય કરવાની નેમ રાખી છે. માતા મણિબેન અને પિતા મણશીભાઈ પાસેથી મળેલા ધાર્મિક સંસ્કારોને ખરા અર્થમાં એમણે ઉજાળ્યા છે. સંસ્કૃતમાં એમ.એ. કરીને જેનોલોજીમાં પીએચ.ડી. કર્યું છે. વાગડ સમાજ દ્વારા પ્રકાશિત 'વાગડ સંદેશ'માં તેઓ પ્રકાશન સમિતિમાં છે. આ સામયિકમાં તેઓ 'સોનોગ્રાફી' અને 'જ્ઞાનગંગા' આ બે શીર્ષક હેઠળ નિયમિત રૂપે લખે છે. જૈન વિશ્વકૌશ સાથે પણ તેઓ જોડાયેલા છે. ઉપરાંત ચિંચપોકલીમાં જૈનોલોજીકોર્સ શીખવાડે છે અને સાધુ-સાધ્વીઓને પણ અધ્યયન કરાવે છે.

**ડૉ. રતનબેન છાડવા** કચ્છના નાના ગામડામાં જન્મેલા, લગ્ન પછી માત્ર ગ્રેજ્યુએશનની પદવી નહીં પરંતુ પીએચ.ડી. સુધીનો અભ્યાસ એમણે કર્યો. સંસ્કૃતમાં એમ.એ. અને જેનોલોજી વિષયમાં સંશોધન તેમણે કર્યું અને તેમના શોધ પ્રબંધનો વિષય 'વ્રત વિચાર રાસ' છે. કચ્છના નાનકડા ગામમાં જન્મેલા રતનબેનના લગ્ન ખીમજીભાઈ છાડવા સાથે ૧૯૭૦માં થયા હતા. તેમને તીલોકરત્ન જૈન ધાર્મિક બોર્ડની પરીક્ષા આપી છે અને વિશારદની ઉપાધિ પ્રાપ્ત કરી છે. તેઓ ૧૦૨ વર્ષ જૂના 'જૈન પ્રકાશ' અને 'જીવદયા' સામયિકના તંત્રી છે. આ ઉપરાંત મહાસંઘ સંચાલિત ચાવડા ધાર્મિક શિક્ષણબોર્ડ સાથે પણ જોડાયેલા છે. સાહિત્ય સમારોહ અને જ્ઞાનસત્રમાં તેમની હાજરી સંશોધનપત્ર સાથે નિયમિત હોય છે. જે માટે તેમના પતિ શ્રી ખીમજીભાઈ સતત પ્રોત્સાહન આપે છે.

**ડૉ. સેજલ શાહ** મણિબેન નાણાવટી વિમેન્સ કૉલેજમાં ગુજરાતીના અધ્યાપક છે અને વિભાગાધ્યક્ષ છે. 'પ્રબુદ્ધ જીવન' સામયિકના માનદ્ તંત્રી છે અને 'આંતરકૃતિત્વ અને ગુજરાતી કવિતામાં તેનો વિનિયોગ' ઉપર મહાનિબંધ લખી પીએચ.ડી.- ડૉક્ટરેટની ડિગ્રી પ્રાપ્ત કરી. 'મુટ્ઠી ભીતરની આઝાદી' પુસ્તક ડૉ. સેજલના નામે છે લેખન કરે છે, સાહિત્ય સમારોહ અને જ્ઞાન-સત્રમાં નિયમિત હાજરી આપી સંશોધનપત્ર રજૂ કરે છે અને સત્ર સંચાલન કરે છે.

# પ્રસ્તાવના

## શ્રુતજ્ઞાનનો સમૃદ્ધ-સંપુટ

□ પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

પર્વાધિરાજ પર્યુષણ સમયે શ્રુતજ્ઞાનનો આવો વિચારસમૃદ્ધ, જ્ઞાનસમૃદ્ધ, અને ચિંતનસમૃદ્ધ સંપુટ પ્રગટ થઈ રહ્યો છે, ત્યારે મનમાં એક સાથે અનેક ભાવો જાગે છે. સૌપ્રથમ તો જેમના તંત્રીપદે આ ત્રણેય વિશેષાંકો તૈયાર થયા હતા તેવા પરમ મિત્ર ધનવંતભાઈ શાહનું સ્મરણ થાય છે. ધનવંતભાઈ એ સ્વપ્નસેવી સંપાદક હતા અને પોતાનાં એ સ્વપ્નોને સાકાર કરવા માટે અવિરત પુરુષાર્થ ખેડતા હતા. ચીલાચાલુ માર્ગે ચાલવાને બદલે સતત નવો માર્ગ શોધતા અને એમાં સહુનો સાથ મેળવીને આગળ વધતા હતા. એમણે ધર્મને વર્તમાન સંદર્ભમાં મૂકીને 'પ્રબુદ્ધ જીવન'ને વ્યાપકતાની સાથોસાથ વૈચારિક ગરિમા આપી હતી. વિશેષે તો જૈન ધર્મની સૈધ્ધાંતિક વિચારધારાની સાથે અન્ય ધર્મોના સંદર્ભમાં એ સિધ્ધાંતોનો તુલનાત્મક અભ્યાસ થાય તેવી લેખસામગ્રીનો સમાવેશ કરીને એક નવી દિશા ઉઘાડી દીધી.

એમણે ૨૦૧૬ના ફેબ્રુઆરીમાં ૧૨૦થી વધુ વિદ્વાનો અને કુલ ૨૦૦ જેટલાં સાહિત્યરસિકો ધરાવતા ૩૩માં જૈન સાહિત્ય સમારોહનું આયોજન કર્યું. જૈન સાહિત્ય સમારોહનું આયોજન પણ એમની પાસેથી એક નવી દિશા અને દૃષ્ટિ પામ્યું. જ્ઞાનસત્રના વિષયો બે મહિના પહેલાથી મોકલી આપે, એથીય અગાઉ દરેક વિષયમાં એક સંયોજકની નિમણૂક કરે. પરિણામ એ આવતું કે જ્ઞાનસત્રના શ્રુતયજ્ઞમાં અભ્યાસપૂર્ણ ગ્રંથોના ઉદ્ઘાટનનો ઉત્સવ પણ સાથોસાથ રચાઈ જતો! એમણે વિશેષાંકનું સંપાદનકાર્ય જુદાજુદા સંપાદકોને સોંપ્યું અને એ રીતે ઘણી અનુભવી અને અભ્યાસી વ્યક્તિઓને પોતાની સંપાદનકલા પ્રગટ કરવાની ઉમદા તક આપી અને એમના દ્વારા નવા વિચારો પ્રગટ કરવાની મોકળાશ આપી.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં જૈન ધર્મના નવા નવા વક્તાઓની એમણે ખૂબ માવજત કરી. એક વાર મેં એમને કહ્યું કે સર્જક જયભિખ્ખુના જીવનમાં અનેક પ્રસંગો રસપ્રદ અને પ્રેરક પ્રસંગો બન્યા છે. એમણે આ વાત તરત ઝડપી લીધી. પરિણામે સતત ૬૨ અઠવાડિયા સુધી 'જયભિખ્ખુ જીવનધારા'ની લેખમાળા લખાઈ એના પરથી 'જીવતરની વાટે, અક્ષરનો દીવો' નામનું જયભિખ્ખુનું ચરિત્ર હું લખી શક્યો અને સમય જતાં એમાંથી જયભિખ્ખુના ચરિત્રને દર્શાવતું 'અક્ષરદીપને અજવાળે, ચાલ્યો એકલવીર' નાટક પણ ભજવાયું.

એક સંપાદક તરીકે ધનવંતભાઈ માત્ર ચીવટપૂર્વક લેખોની ઉઘરાણી કરનારા જ નહીં, બલ્કે નવી નવી પ્રેરણાઓ આપનારા બની રહ્યા એક વાર મેં એમને કહ્યું કે ભગવાન મહાવીર વિશે બે-ત્રણ પ્રવચનો આપવા છે. એમાંથી એમણે ત્રિ-દિવસીય કથાની પરિકલ્પના આપી દીધી અને પરિણામે 'મહાવીરકથા', 'ગૌતમકથા', 'ઋષભકથા' 'પાર્શ્વ-પદ્માવતી કથા', 'નેમરાજુલ કથા' અને 'શ્રી હેમચંદ્રાચાર્ય કથા' એવી છ કથાની પ્રસ્તુતિ વખતે એમની આગવી દૃષ્ટિનો અનુભવ થયો. એક આયોજક તરીકે એ કાર્યક્રમની સફળતા માટે પોતાની જાત નિચોવી દેતા. ક્યા પ્રકારના બેકડ્રોપ રાખવા, કયા સંગીતકારોને બોલાવવા, કાર્યક્રમની આગળ-પાછળ બહુ ઓછા 'ક્રિયાકાંડ' રાખવા, સમાપન પણ સાવ ટૂંકુ અને શ્રોતાઓને સતત રસપ્રદ બને એવી રીતે કાર્યક્રમનું આયોજન કરતા હતા.

એમણે 'પ્રબુદ્ધ જીવન'ના વિશેષાંકો દ્વારા સામયિકોની દુનિયામાં એક નવી ભાત ઊભી કરી. અહી આ ત્રણેય વિશેષાંકોના વિષયો એટલે કે 'આગમ પરિચય વિશેષાંક', 'કર્મવાદઃ જૈનદર્શન અને અન્ય દર્શન' વિશેનો વિશેષાંક 'અનેકાંતવાદ, સ્યાદ્વાદ અને નયવાદ વિશેષાંક' એ ત્રણે વિષયો જૈન ધર્મના ત્રણ આધારસ્થંભો સમાન છે. શ્રી ગુણવંતભાઈ બરવાળિયાના માનદ-સંપાદકન હેઠળ તૈયાર થયેલા 'આગમ પરિચય વિશેષાંક'માં આગમ વિષયક જુદા જુદા લેખો અહીં ઉપલબ્ધ થાય છે. એની સાથોસાથ જૈન આગમસાહિત્ય, શ્વેતાંબરમાન્ય જૈન અંગ આગમ સાહિત્ય અને આગમોના જૈન પારિભાષિક શબ્દોની સમજૂતી જેવાં અત્યંત ઉપયોગી લેખો પણ અહીં સમાવેશ પામ્યા છે. અભ્યાસી વ્યક્તિઓની પસંદગીની સાથોસાથ એમના અભ્યાસક્ષેત્રના વિષય પર આ વિશેષાંક તૈયાર કરાવવા, તેવી ધનવંતભાઈની દૃષ્ટિ રહેતી. ધનવંતભાઈએ આ ગ્રંથના પ્રારંભે એમના તંત્રીલેખનું શીર્ષક આપ્યું છે, 'કળિયુગનો અમૃતથાળઃ આગમગ્રંથો' અને એ રીતે અમૃતસમા આગમોનો પરિચય આપતો એક સુંદ- ૧૫૪ પૃષ્ઠોનો અંક પ્રાપ્ત થયો.

એવી જ રીતે 'કર્મવાદઃ જૈનદર્શન અને અન્ય દર્શન' અંગેના વિશેષાંકમાં કર્મવાદ વિશે જુદાં જુદાં સિદ્ધાંતોમાં થયેલા કર્મવાદના આલેખન વિશે વાત કરી છે. આ વિશેષાંકના સંપાદિકાઓ ડૉ. પાર્વતીબહેન ખીરાણી અને ડૉ. રતનબેન છાડવા બંને જૈન તત્ત્વજ્ઞાનના ઊંડા અભ્યાસી છે. કર્મવાદ અને વિજ્ઞાન, કર્મવાદ અને મોક્ષ, કર્મવાદ અને પુનર્જન્મ જેવાં ચિંતનસભર લેખો મળે છે. અને સવિશેષ તો વૈદિકદર્શન, બૌદ્ધદર્શન તથા ઇસ્લામ, ખ્રિસ્તી, શીખ અને પારસી ધર્મના સિદ્ધાંતોમાં આવતી કર્મની વિભાવના સાથે જૈનદર્શનનો કર્મનો સિદ્ધાંત કેવું અને કેટલું સામ્યભેદ ધરાવે છે તે દર્શાવતા લેખો પણ છે. ધર્મસિદ્ધાંતોના અભ્યાસમાં આ પ્રકારની તુલનાત્મકતા એક નવી દૃષ્ટિ આપનારી બની રહી છે.

એ પછી ડૉ. સેજલ શાહે 'અનેકાંતવાદ, સ્યાદ્વાદ અને નયવાદ' વિશેષાંક આપ્યો. અનેકાંતવાદનું આખુંય આકાશ આમાં આવરી લેવાયું છે. અનેકાંતવાદ સિદ્ધાંતમાં અને વ્યવહારજીવનમાં કેવી રીતે ઉપયોગી બને છે, ત્યાંથી પ્રારંભ કરીને આગમ, ઉપનિષદ જેવાં ગ્રંથો કે ખ્રિસ્તી ધર્મમાં અનેકાંત દૃષ્ટિ કઈ રીતે પ્રગટ થાય છે તે બતાવ્યું. આ અનેકાંતવાદને જુદા જુદા દૃષ્ટિકોણથી જોવાનો અહીં સૈદ્ધાંતિક અને બૌદ્ધિક પ્રયાસ છે અને તેને કારણે આ વિશેષાંક અત્યંત મૂલ્યવાન બન્યો છે.

આ ત્રણેય વિશેષાંકોની સામગ્રીને ગ્રંથરૂપે સંગ્રહીને ડૉ. સેજલ શાહ અને બકુલભાઈ ગાંધીએ એક નવો માર્ગ ચીંધ્યો છે. આ વિશેષાંકોમાં વિદ્વાનોએ લખેલી વિચાર અને ચિંતનની સામગ્રીમાંથી એક જ સિદ્ધાંતને ભિન્ન ભિન્ન દૃષ્ટિકોણથી જોવા-વિચારવાની તક મળે છે. વળી એ સઘળી સામગ્રી ગ્રંથસ્થ થવાથી સદાને માટે જળવાઈ રહેશે. આ માટે શ્રી ધનવંતભાઈ શાહ પછી 'પ્રબુદ્ધ જીવન'ની અને વિચારસમૃદ્ધ– વિશેષાંકોની પરંપરાને સુપેરે જાળવી રહેલા ડૉ. સેજલ શાહને હૃદયપૂર્વકના અભિનંદન. ★

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| | **આગમ પરિચય** | | |
| ૧. | કળિયુગનો અમૃતથાળ આગમ ગ્રંથો (તંત્રીની કલમે) | ડૉ. ધનવંત શાહ | ૧ |
| ૨. | ભગવાન મહાવીરના ઉપદેશ ગ્રંથઃ આગમ (સંપાદકીય) | ડૉ. ગુણવંત બરવાળિયા | ૩ |
| ૩. | જૈન આગમસાહિત્ય | રૂપેન્દ્રકુમાર પગારિયા | ૯ |
| ૪. | શ્રી આચારાંગ સૂત્ર | ડૉ. રશ્મિભાઈ જે. ઝવેરી | ૧૫ |
| ૫. | શ્રી સૂયગડાંગ સૂત્ર, | ડૉ. રશ્મિભાઈ જે. ઝવેરી | ૧૬ |
| ૬. | શ્રી ઠાણાંગ સૂત્ર | ડૉ. રશ્મિભાઈ જે. ઝવેરી | ૧૮ |
| ૭. | શ્રી સમવાયાંગ સૂત્ર | ડૉ. રશ્મિભાઈ જે. ઝવેરી | ૨૦ |
| ૮. | શ્રી ભગવતી સૂત્ર | ડૉ. રશ્મિભાઈ જે. ઝવેરી | ૨૧ |
| ૯. | શ્રી જ્ઞાતાધર્મકથા સૂત્ર | ડૉ. કેતકી યોગેશ શાહ | ૨૩ |
| ૧૦. | શ્રી ઉપાસક દશાંગ સૂત્ર | ડૉ. કેતકી યોગેશ શાહ | ૨૫ |
| ૧૧. | શ્રી અંતગડ સૂત્ર | ડૉ. કેતકી યોગેશ શાહ | ૨૭ |
| ૧૨. | શ્રી અનુત્તરોપપાતિક સૂત્ર | ડૉ. કેતકી યોગેશ શાહ | ૨૯ |
| ૧૩. | શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર | ડૉ. કેતકી યોગેશ શાહ | ૩૦ |
| ૧૪. | શ્રી વિપાક સૂત્ર | ડૉ. કેતકી યોગેશ શાહ | ૩૪ |
| ૧૫. | શ્રી ઉવવાઈ સૂત્ર | ડૉ. કલા એમ. શાહ | ૩૭ |
| ૧૬. | શ્રી રાયપસેણીય સૂત્ર | ડૉ. કલા એમ. શાહ | ૩૯ |
| ૧૭. | શ્રી જીવાજીવભિગમ સૂત્ર | ડૉ. કલા એમ. શાહ | ૪૧ |
| ૧૮. | શ્રી પણણવણા સૂત્ર–પ્રજ્ઞાપના સૂત્ર | પૂ. સાધ્વી સુબોધિકા | ૪૩ |
| ૧૯. | શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર | ડૉ. પાર્વતી નેણશી ખીરાણી | ૪૬ |
| ૨૦. | શ્રી ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર | ડૉ. કલા એમ. શાહ | ૪૯ |
| ૨૧. | શ્રી જંબૂદ્વીપ-પ્રજ્ઞપ્તિ સૂત્ર | ડૉ. કલા એમ. શાહ | ૫૧ |
| ૨૨. | શ્રી નિરયાવલિકા સૂત્ર | ડૉ. પાર્વતી નેણશી ખીરાણી | ૫૪ |
| ૨૩. | શ્રી કપ્પવડિંસિયા–કલ્પાવંતસિકા સૂત્ર | ડૉ. પાર્વતી નેણશી ખીરાણી | ૫૫ |
| ૨૪. | શ્રી પુપ્ફિયા–પુષ્પિકા સૂત્ર | ડૉ. પાર્વતી નેણશી ખીરાણી | ૫૭ |
| ૨૫. | શ્રી પૂપ્ફચૂલિયા–(પૂષ્પચૂલિકા) સૂત્ર | ડૉ. પાર્વતી નેણશી ખીરાણી | ૫૮ |
| ૨૬. | શ્રી વન્હિદશા–વૃષ્ણિદશા સૂત્ર | ડૉ. પાર્વતી નેણશી ખીરાણી | ૫૯ |
| ૨૭. | चतुःशरण प्रकीर्णक ચતુઃશરણ પ્રકીર્ણક | મુનિ દીપરત્નસાગરજી મ. સા. | ૬૦ |
| ૨૮. | आतुर प्रत्याख्यान प्रकीर्णक આતુર પ્રત્યાખાન પ્રકીર્ણક | મુનિ દીપરત્નસાગરજી મ. સા. | ૬૧ |
| ૨૮. | महाप्रत्याख्यान प्रकीर्णक મહાપ્રત્યાખાન પ્રકીર્ણક | મુનિ દીપરત્નસાગરજી મ. સા. | ૬૨ |
| ૨૯. | तंदुल वैचारिक प्रकीर्णक તંદુલવૈચારિક પ્રકીર્ણક | મુનિ દીપરત્નસાગરજી મ. સા. | ૬૨ |
| ૩૦. | સંસ્તારક પ્રકીર્ણક | ડૉ. અભય દોશી | ૬૪ |

| ક્રમ | વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૩૨ | ગચ્છાચાર પ્રકીર્ણક | ડૉ. અભય દોશી | ૬૫ |
| ૩૩. | ગણિવિજ્જા પ્રકીર્ણક | ડૉ. અભય દોશી | ૬૫ |
| ૩૪. | દેવેન્દ્રસ્તવ પ્રકીર્ણક | ડૉ. અભય દોશી | ૬૬ |
| ૩૫. | મરણસમાધિ પ્રકીર્ણક | ડૉ. અભય દોશી | ૬૭ |
| ૩૬. | શ્રી નિશીથ સૂત્ર | ડૉ. પ્રવીણભાઈ સી. શાહ | ૭૦ |
| ૩૭. | શ્રી બૃહત્કલ્પ સૂત્ર | ડૉ. પ્રવીણભાઈ સી. શાહ | ૭૧ |
| ૩૮. | શ્રી વ્યવહાર સૂત્ર | ડૉ. પ્રવીણભાઈ સી. શાહ | ૭૨ |
| ૩૯ | શ્રી દશાશ્રુતસ્કંધ | ડૉ. પ્રવીણભાઈ સી. શાહ | ૭૩ |
| ૪૦. | શ્રી જિતકલ્પસૂત્ર – મહાભાષ્યસૂત્ર | ડૉ. રસિકલાલ મહેતા | ૭૫ |
| | શ્રી ઓઘનિર્યુક્તિસૂત્ર–પિંડનિર્યુક્તિસૂત્ર | ડૉ. રસિકલાલ મહેતા | ૭૬ |
| ૪૧. | શ્રી દશ વૈકાલિક સૂત્ર | ડૉ. રસિકલાલ મહેતા | ૭૮ |
| ૪૨. | શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર | ડૉ. રસિકલાલ મહેતા | ૮૦ |
| ૪૩ | નંદીસૂત્ર | ડૉ. રસિકલાલ મહેતા | ૮૨ |
| ૪૪. | શ્રી અનુયોગદ્વાર સૂત્ર | ડૉ. રસિકલાલ મહેતા | ૮૫ |
| ૪૫. | શ્રી મહાનિશિથસૂત્ર | આચાર્ય સાગરચંદ્ર સાગરસૂરિ મહારાજ | ૮૬ |
| ૪૬. | શ્રી આવશ્યક સૂત્ર | ડૉ. સાધ્વી આરતી | ૮૭ |
| ૪૭. | જૈન આગમના સંદર્ભે વિજ્ઞાન મનોવિજ્ઞાન, શરીરવિજ્ઞાન, પર્યાવરણ અને યોગ | શ્રી ગુણવંત બરવાળિયા | ૯૦ |
| ૪૮ | આગમ મોક્ષમાર્ગનો નિર્દેશ કરે છે | યુગદિવાકર પૂ. શ્રી નમ્રમુનિ મ. સા. | ૯૩ |
| ૪૯. | આગમના રહસ્યો...સિક્રેટ્સ ઑફ આગમ... | યુગદિવાકર પૂ. શ્રી નમ્રમુનિ મ. સા. | ૯૫ |
| ૫૦. | આગમ એક અદ્‌ભુત જીવનકલા | પૂ. ડૉ. તરુલતાબાઈ મહાસતીજી | ૯૬ |
| ૫૧. | શ્વેતાંબર માન્ય જૈન અંગ આગમ સાહિત્યનો રચનાકાળ - સંક્ષિપ્ત અનુવાદ : ડૉ. મધુબેન બરવાળિયા | ડૉ. સાગરમલ જૈન | ૯૭ |


## કર્મવાદઃ જૈન દર્શન અને અન્ય દર્શન


| | | | |
|---|---|---|---|
| ૫૨. | કર્મસમજ સુખની ચાવી | ડૉ. ધનવંત શાહ | ૯૯ |
| ૫૩. | જૈન દર્શન અને કર્મવાદ | ડૉ. પાર્વતી નેણશી ખીરાણી અને ડૉ. રતન ખીમજી છાડવા | ૧૦૦ |
| ૫૪. | કર્મયાત્રા | ડૉ. પાર્વતી નેણશી ખીરાણી અને ડૉ. રતન ખીમજી છાડવા | ૧૦૧ |
| ૫૫. | કર્મસોરૂ | ડૉ. પાર્વતી નેણશી ખીરાણી અને ડૉ. રતન ખીમજી છાડવા | ૧૦૩ |
| ૫૬. | કર્મબંધની પ્રક્રિયા | ડૉ. પાર્વતી નેણશી ખીરાણી અને ડૉ. રતન ખીમજી છાડવા | ૧૦૬ |
| ૫૭. | કર્મનું નેટવર્ક | ડૉ. પાર્વતી નેણશી ખીરાણી અને ડૉ. રતન ખીમજી છાડવા | ૧૦૯ |
| ૫૮. | કર્મની કથની | ડૉ. પાર્વતી નેણશી ખીરાણી અને ડૉ. રતન ખીમજી છાડવા | ૧૧૩ |
| ૫૯. | દર્શનાવરણીય કર્મ | ડૉ. પાર્વતી નેણશી ખીરાણી અને ડૉ. રતન ખીમજી છાડવા | ૧૧૪ |
| ૬૦. | વેદનીય કર્મ | ડૉ. પાર્વતી નેણશી ખીરાણી અને ડૉ. રતન ખીમજી છાડવા | ૧૧૫ |

| ક્રમ | વિષય | લેખક/લેખિકા | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૬૧. | મોહનીય કર્મ | ડૉ. પાર્વતી નેણશી ખીરાણી અને ડૉ. રતન ખીમજી છાડવા | ૧૧૬ |
| ૬૨. | આયુષ્ય કર્મ | ડૉ. પાર્વતી નેણશી ખીરાણી અને ડૉ. રતન ખીમજી છાડવા | ૧૧૭ |
| ૬૩. | નામ કર્મ | ડૉ. પાર્વતી નેણશી ખીરાણી અને ડૉ. રતન ખીમજી છાડવા | ૧૧૮ |
| ૬૪. | ગોત્ર કર્મ | ડૉ. પાર્વતી નેણશી ખીરાણી અને ડૉ. રતન ખીમજી છાડવા | ૧૧૯ |
| ૬૫. | અંતરાય કર્મ | ડૉ. પાર્વતી નેણશી ખીરાણી અને ડૉ. રતન ખીમજી છાડવા | ૧૨૦ |
| ૬૬. | જૈન સાહિત્યમાં કર્મવાદ | ડૉ. પાર્વતી નેણશી ખીરાણી અને ડૉ. રતન ખીમજી છાડવા | ૧૨૧ |
| ૬૭. | કર્મગ્રંથનો સંક્ષિપ્ત પરિચય | ડૉ. પાર્વતી નેણશી ખીરાણી અને ડૉ. રતન ખીમજી છાડવા | ૧૨૫ |
| ૬૮. | અન્ય દર્શનોમાં કર્મવાદ | ડૉ. પાર્વતી નેણશી ખીરાણી અને ડૉ. રતન ખીમજી છાડવા | ૧૨૮ |
| ૬૯. | ઉપસંહાર | ડૉ. પાર્વતી નેણશી ખીરાણી અને ડૉ. રતન ખીમજી છાડવા | ૧૨૯ |
| ૭૦. | સંદર્ભ સૂચિ | ડૉ. પાર્વતી નેણશી ખીરાણી અને ડૉ. રતન ખીમજી છાડવા | ૧૩૦ |
| ૭૧. | પારિભાષિક શબ્દો | ડૉ. પાર્વતી નેણશી ખીરાણી અને ડૉ. રતન ખીમજી છાડવા | ૧૩૦ |
| ૭૨. | વિલક્ષણ બૅન્ક કર્મ | પૂ. અભયશેખર સૂરિ | ૧૩૩ |
| ૭૩. | આગમમાં કર્મનું સ્વરૂપ | ડૉ. ઉત્પલાબેન કાંતિલાલ મોદી | ૧૩૫ |
| ૭૪. | ગુણસ્થાનક અને કર્મ | ડૉ. કેતકી યોગેશ શાહ | ૧૪૧ |
| ૭૫. | ચોસઠ પ્રકારી પૂજામાં કર્મનું આલેખન | ડૉ. અભય દોશી | ૧૪૫ |
| ૭૬. | જાતિસ્મરણ જ્ઞાન અને કર્મવાદ | ડૉ. રશ્મિ ભેદા | ૧૪૮ |
| ૭૭. | જૈનદર્શન કર્મવાદ સંદર્ભેકર્મફળનું વિશ્વવ્યાપી સ્વયંસંચાલિત અદ્‌ભુત ન્યાયતંત્ર | ડૉ. ગુણવંત બરવાળિયા | ૧૫૧ |
| ૭૮. | કર્મ નિર્જરાનો હેતુ પરીષહ | પ્રજ્ઞા બિપિનચંદ્ર સંઘવી | ૧૫૪ |
| ૭૯. | જૈન ધર્મનો કર્મવાદ અને પુનર્જન્મ | ડૉ. મધુ જી. બરવાળિયા | ૧૫૮ |
| ૮૦. | કર્મવાદ અને વિજ્ઞાન | ડૉ. રશ્મિ ઝવેરી | ૧૬૩ |
| ૮૧. | કર્મ વિષેની સજ્ઝાય | પ. પૂ. આચાર્યશ્રી વાત્સલ્યદીપ સૂરીશ્વરજી મહારાજ | ૧૬૭ |
| ૮૨. | કોણ ચડે ? આત્મા કે કર્મ ? | પૂ. રાજહંસ વિજયજી મ. સા. | ૧૬૮ |
| ૮૩. | સંમુદ્‌ઘાત કર્મો પર ઘાત કરવાની પ્રક્રિયા | ડૉ. પાર્વતી નેણશી ખીરાણી અને ડૉ. રતન ખીમજી છાડવા | ૧૭૦ |
| ૮૪. | કર્મવાદ અને મોક્ષ | ચંદ્રહાસ ત્રિવેદી | ૧૭૨ |
| ૮૫. | કર્મયોગનું વિજ્ઞાન | ભાણદેવજી | ૧૭૪ |
| ૮૬. | કર્મયોગનું અર્થઘટન- શ્રીમદ્ ભગવદ્ ગીતાના સંદર્ભે | ડૉ. નિરંજન એમ. પંડ્યા | ૧૭૮ |
| ૮૭. | અન્ય દર્શનોની ભૂમિકામાં બૌદ્ધદર્શનમાં કર્મસિદ્ધાંત | ડૉ. કલા શાહ | ૧૮૨ |
| ૮૮. | ન્યાયદર્શન અને વૈશેષિક દર્શનમાં કર્મનો ખ્યાલ | ડૉ. નરેશ વેદ | ૧૮૫ |
| ૮૯. | ઉપનિષદમાં કર્મવિચાર | ડૉ. નરેશ વેદ | ૧૮૮ |
| ૯૦. | સાંખ્ય-યોગ દર્શન-કર્મવાદ | ડૉ. કોકિલા હેમચંદ શાહ | ૧૯૦ |

| ક્રમ | વિષય | લેખક/લેખિકા | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૯૧. | હિંદુ પૂર્વ-મીમાંસામાં કુમારિલ ભટ્ટ અને પ્રભાકરનો કર્મવાદ | ડૉ. હંસા એસ. શાહ | ૧૯૨ |
| ૯૨. | ઈસ્લામ અને કર્મવાદ | ડૉ. મહેબૂબ દેસાઈ | ૧૯૫ |
| ૯૩. | ખ્રિસ્તી ધર્મમાં કર્મનો સિદ્ધાંત | ડૉ. થોમસ પરમાર | ૧૯૭ |
| ૯૪. | શીખ ધર્મ અને કર્મવાદ | વર્ષા શાહ | ૧૯૮ |
| ૯૫. | જરથોસ્તી ધર્મના મૂળભૂત સિદ્ધાંતો અને કર્મવાદ | શ્રી બરજોર. એચ. આંટિયા | ૨૦૧ |
| ૯૬. | કર્મસિદ્ધાંત–જીવનનો ઉજાગર દૃષ્ટિકોણ | છાયા શાહ | ૨૦૩ |
| ૯૭. | Thus He was Thus He Spake: The Karma | Reshma Jain | ૨૦૫ |
| ૯૮. | KARMAVAD:THE JAIN DOCTRINE OF KARM | *Dr. Kokila Hemchan Shah* | ૨૦૭ |


## અનેકાંતવાદ, સ્યાદ્‌વાદ અને નયવાદ


| ક્રમ | વિષય | લેખક/લેખિકા | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૯૯. | વિશ્વશાંતિ માટેનો અજોડ વિચારઃ અનેકાંતવાદ | સ્વ. ધનવંત શાહ | ૨૦૮ |
| ૧૦૦. | અનેકાન્ત જીવન તરફ | ડૉ. સેજલ શાહ | ૨૧૦ |
| ૧૦૧. | અનેકાંતવાદઃ સમસ્યામય જીવનમાં સમન્વયનું મેઘધનુષ | પદ્મશ્રી કુમારપાળ દેસાઈ | ૨૧૬ |
| ૧૦૨. | અનેકાન્તવાદ સૈધ્ધાંતિક પક્ષ | ડૉ. નરેશ વેદ | ૨૨૧ |
| ૧૦૩. | જૈન દર્શનમાં નય | ડૉ. જિતેન્દ્ર શાહ | ૨૨૩ |
| ૧૦૪. | શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રમાં અનેકાન્તવાદ | પ્રતાપકુમાર ટોલિયા | ૨૨૬ |
| ૧૦૫. | અનેકાન્તદર્શનઃ તત્ત્વ અને તંત્ર | ડૉ. બળવંત જાની | ૨૨૮ |
| ૧૦૬. | જીવનના વ્યવહારમાં અતિશય ઉપયોગી અને કાન્તવાદ... સ્યાદ્‌વાદ... અને નયવાદ | *પંન્યાસ ડૉ. અરૂણવિજય મહારાજસાહેબ* | ૨૩૦ |
| ૧૦૭. | અનેકાન્તવાદ સિદ્ધાંત ઔર વ્યવહાર | *ડૉ. સાગરમલ જૈન* | ૨૩૩ |
| ૧૦૮. | દર્શનોનું દર્શનઃ અનેકાન્તવાદ | *ભાણદેવજી* | ૨૩૬ |
| ૧૦૯. | અનેકાન્તદર્શન | ભાણદેવજી | ૨૩૯ |
| ૧૧૦. | અનેકાન્તવાદની વ્યવહારિક ભૂમિકા | *ડૉ. ગુણવંત બરવાળિયા* | ૨૪૨ |
| ૧૧૧. | અનેકાન્તવાદ અને સાપેક્ષવાદ | *ડૉ. જે. જે. રાવલ* | ૨૪૬ |
| ૧૧૨. | સ્યાદ્‌વાદ | દિનકર જોષી | ૨૫૫ |
| ૧૧૩. | શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિજીની અનેકાંતવાદની ઘોષણા | ડૉ. રેણુકા પોરવાલ | ૨૫૮ |
| ૧૧૪. | અનેકાન્તવાદઃ વ્યાવહારિક પક્ષ | ડૉ. નરેશ વેદ | ૨૬૦ |
| ૧૧૫. | જૈનદર્શન અને અનેકાન્તવાદ | સંપાદનઃ સૂર્યવદન ઠાકોરદાસ જવેરી | ૨૬૨ |
| ૧૧૬. | અનેકાન્તવાદ અને સમ્યક્‌જ્ઞાન | પ્રા. ડૉ. કોકિલા હેમચંદ શાહ | ૨૬૬ |

| ક્રમ | વિષય | લેખક/લેખિકા | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧૧૭. | આનંદઘનજીના સ્તવનોમાં અનેકાંત | ડૉ. અભય દોશી | ૨૬૯ |
| ૧૧૮. | સામાજિક સૌહાર્દ, સમરસતા ઔર અનેકાન્ત દૃષ્ટિ | *ડૉ. વીરસાગર જૈન* | ૨૭૧ |
| ૧૧૯. | અનેકાન્ત, સ્યાદ્‌વાદ એવં સપ્તભંગીઃ એક સંક્ષિપ્ત વિવેચન | ડૉ. વીરસાગર જૈન | ૨૭૪ |
| ૧૨૦. | આગમની દૃષ્ટિએ અનેકાન્તવાદ | વર્ષા શાહ | ૨૭૫ |
| ૧૨૧. | અનેકાન્તવાદ અને ઉપનિષદની દાર્શનિક વિચારણા | ડૉ. નિરંજના જોષી | ૨૭૮ |
| ૧૨૨. | અનેકાંતવાદઃ સાત નયોનું વૈચારિક મેઘધનુષ | ડૉ. રતનબેન ખીમજી છાડવા | ૨૮૩ |
| ૧૨૩. | અપેક્ષા | શ્રી ચંદુલાલ સકરચંદ શાહ | ૨૮૬ |
| ૧૨૪. | બેરિસ્ટર ચક્રવર્તી | શ્રી ચંદુલાલ સકરચંદ શાહ | ૨૮૯ |
| ૧૨૫. | ભારતીય દર્શનોનું સમન્વય તીર્થઃ અનેકાંતવાદ | ડૉ. રશ્મિ ભેદા | ૨૯૩ |
| ૧૨૬. | અહિંસા–અનેકાંતના પરિપેક્ષ્યમાં | ડૉ. પાર્વતી નેણશી ખીરાણી | ૨૯૫ |
| ૧૨૭. | ખ્રિસ્તી ધર્મ અનેકાન્તવાદ | ડૉ. થોમસ પરમાર | ૨૯૮ |
| ૧૨૮ | સંઘર્ષની સમાપ્તિ અને સંવાદિતાનો સેતુ એટલે મહાવીર સ્વામીનો અનેકાંતવાદ | ડૉ. શ્રીમતી પારૂલ બી. ગાંધી | ૩૦૦ |
| ૧૨૮. | THE SEEKER'S DIARY-ON ANEKANTVAD | Reshma Jain | ૩૦૩ |
| ૧૨૯. | APPLICATION OF ANEKANTVAD: MULTI DYNAMIC VISION | Dr. (Kum) Utpala Kantilal Mody | ૩૦૫ |

# કળિયુગનો અમૃતથાળ

# આગમ ગ્રંથો

☐ ડૉ. ધનવંત શાહ

કત્થ અમ્હરિ સાપાના દુષમા દોષ દુસિયા।
હા ! અનાહા ! કહં હંતો ન હ હતા જિનાગમે।।

**અર્થાત્ આ કળિયુગમાં જો પ્રભુના વચન સ્વરૂપ આગમો ન હોત તો મારું શું થાત? અનાથ જેવી સ્થિતિ અમારી થાત**

જૈન કુળમાં જન્મ લીધા પછી જૈન સંસ્કારો જાળવવા એટલે કે કંદમૂળનું ભક્ષણ ન કરવું, મંદિર ઉપાશ્રયમાં જવું, જિન પ્રતિમાની પૂજા કરવી, સાધુ ભગવંતોને વંદના કરવી, બાળકોને પાઠશાળાએ મોકલી ધર્મ સૂત્રોનો પંચ પ્રતિક્રમણ સુધી અભ્યાસ કરાવવો, ઊમંગભેર પર્યુષણ પર્વ ઉજવી, એકાસણું, ઉપવાસ વગેરે તપ કરવા, દેરાસર કે સ્થાનકે ભક્તિ કરવી અને મહાવીર જન્મ વાંચનની ઉજમણી કરવી, આ સમયે 'કલ્પસૂત્ર' ગ્રંથનું નામ કાને પડે અને જીવનભર આજ નામ સાથે રહે, એ ત્યાં સુધી કે કોઈ પૂછે કે અન્ય ધર્મમાં ગીતા, કુરાન, બાયબલ, ત્રિપિટક જેવા પ્રતિનિધિ ગ્રંથો છે, તો તમારા જૈન ધર્મમાં આધારભૂત કયો ગ્રંથ, તો તરત જ 'કલ્પસૂત્ર' જ નામ બોલાઈ જાય.

પણ જૈનોનો જ્ઞાનવૈભવ તો કલ્પસૂત્રથી વિશેષ 'આગમો' છે એ માહિતી સામાન્ય જૈન શ્રાવક પાસે ન હોય ત્યારે આપણને આશ્ચર્ય થયા વગર ન રહે, ઉપરાંત અન્ય ધર્મીઓ પણ એમ માની લે કે જૈનો પાસે માત્ર 'કલ્પસૂત્ર' જ છે ત્યારે જૈન શાસન માટે એ ગેરસમજ થાય એવી ઘટના બની રહે.

'પ્રબુદ્ધ જીવન'નો વાચક વર્ગ જેટલો જૈન ધર્મી છે એટલી જ સંખ્યામાં અન્ય ધર્મી પણ છે, આ સર્વે પ્રાજ્ઞ જિજ્ઞાસુ વાચકો છે.

આ બન્ને વાચક વર્ગને જૈન શાસનના જ્ઞાનવૈભવ જેવા આગમોનો પરિચય થાય એ હેતુથી આ અંક તૈયાર કરવાની અમને ભાવના થઈ.

આગમો વિશે આવી પરિચયાત્મક પુસ્તિકાઓ ભૂતકાળમાં તૈયાર થઈ હશે. વર્તમાનમાં પણ થઈ છે, પરંતુ અમારી પાસે સર્વ પ્રથમ ઈ. સ. ૧૯૫૪માં પ્રો. હીરાલાલ કાપડિયા દ્વારા સુરતથી પ્રકાશિત 'પિસ્તાલીસ આગમો'- સંક્ષિપ્ત રૂપરેખા નજરે પડી, પરંતુ એમાં વિસ્તાર નથી, ત્યારબાદ બીજી પુસ્તિકા યુગદિવાકર પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ પ્રેરિત શ્રી ગુણવંત બરવાળિયા સંપાદિત-ભગવાન મહાવીરના ઉપદેશ ગ્રંથ 'આગમ' પ્રાપ્ત થઈ. અમારે માટે તો દોડવું હતું ને ઢાળ મળી ગયો. હૃદય અને બુદ્ધિએ પડઘો પાડ્યો કે જે પરિકલ્પના આગમ અંક વિશે અમે કરી છે એ માટે શ્રી ગુણવંતભાઈ સક્ષમ છે અને અમે અમારા આ મિતભાષી મિત્ર ઉપર હક જમાવી દીધો. અમારી પરિકલ્પના સમજાવી કે જે જૈનો આગમથી પરિચિત નથી એમને આગમનો વિગતે પરિચય કરાવવો અને અન્ય ધર્મી બૌદ્ધિક વાચકોને જૈન શાસનના આ ભવ્ય જ્ઞાન ભંડારની માહિતી આપવી, એ માટે આ ૪૫ આગમો માટે પૂ. મુનિ ભગવંતો અને વિદ્વાન શ્રાવકો પાસે લેખો લખાવવા અને આ પરિશ્રમિક કાર્ય આરંભાયું અને પરિણામ આપના હસ્તકમળમાં છે.

અહિંસા, સંયમ અને તપ તરફ જીવને પ્રયાણ કરાવનાર આ આગમો છે. આ=આત્મા તરફ ગમ=ગમન કરાવે તે આગમ છે. આગમની વાચના જીવને કર્મક્ષયનો માર્ગ દર્શાવી મોક્ષ પ્રાપ્તિની સાધના અને સિદ્ધિ દર્શાવે છે. જીવન જીવવાની કળા શિખવે છે, આત્મજ્ઞાનના પ્રદેશનો માર્ગ દર્શાવે છે, અને એમાં આત્માથી પરમાત્મા સુધીની યાત્રા છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિમાં જીવ છે એનું દર્શન આગમો કરાવે છે. શરીર વિજ્ઞાન તેમજ ભૂસ્તર અને ખગોળ શાસ્ત્રની દૃષ્ટિનું દર્શન કરાવે છે. ગૌતમ સ્વામીએ ભગવાન મહાવીરને પૂછેલા છત્રીશ હજાર પ્રશ્નો અને એના ઉત્તરનું વિશાળ આકાશ અહીં છે. રાગથી વૈરાગ અને વેરથી ક્ષમાની અનેક કથાઓનો ભંડાર આગમોમાં છે. શ્રમણશ્રમણી અને શ્રાવક-શ્રાવિકાના આચાર અને જીવન શૈલીની વિગત છે અને વિજ્ઞાન, પર્યાવરણ, યોગ, પદાર્થ વિજ્ઞાન, શરીર વિજ્ઞાન અને ચૈતસિક શક્તિઓના જ્ઞાનનો ખજાનો, જીવની ગર્ભાવસ્થા, કાળના વિભાગો, શરીરની નાડીઓની સંખ્યા, મરણ સમાધિની વિગતો , આ સર્વે આગમોમાં છે. આગમો વિશ્વના સમગ્ર વિષયોનું દર્શન કરાવે છે. અણુ-પરમાણુનું પૃથ્થકરણ અહીં છે, વિશ્વની પ્રત્યેક સમસ્યાનું સમાધાન આ આગમોમાં છે.

આ અંકના સંપાદક શ્રી ગુણવંત બરવાળિયાના સંપાદકીય લેખમાં આ વિશે વિસ્તૃત વિવરણ છે. જિજ્ઞાસુને એ વાંચવા વિનંતિ.

ક્ષણ માટે આપણને વિચાર આવે કે કોઈપણ સાધનો વિના જગતના આટલા વિશાળ જ્ઞાનની પ્રાપ્તિ એ મહાપુરૂષોએ કઈ રીતે પ્રાપ્ત કરી હશે ? કારણ કે એ મહાન આત્મા કેવળજ્ઞાની હતા. એ સૂક્ષ્મ પ્રજ્ઞાને આપણા કોટિ કોટિ પ્રણામ હો.

જૈન શાસનના સમગ્ર બંધારણનો પાયો આ આગમ ગ્રંથો છે.

ભગવાન મહાવીર પછી વર્ષો સુધી આ શ્રુત જ્ઞાનની યાત્રા કંઠોપકંઠ રહી.

આ જ્ઞાનને શબ્દબદ્ધ–લિપિબદ્ધ કર્યું ઈ. સ. ૪૫૪–૪૫૬માં શ્રી દેવર્ષિગણિ ક્ષમાશ્રમણે, સૌરાષ્ટ્રના વલ્લભીપૂરમાં ૫૦૦ આચાર્યોના સહયોગથી. આ સર્વના આપણે ઋણી છીએ. આ શાસ્ત્ર ભંડાર લિપિબદ્ધ ન થયો હોત તો આજે આપણી પાસે શું હોત? વિશ્વ કલ્યાણ અને વિશ્વ શાંતિ માટેના મહાન વિચારો

અને ચિંતનોથી જગત વંચિત રહી ગયું હોત.

આ લિપિબદ્ધ શ્રુતજ્ઞાનના સંવર્ધન અને રક્ષા માટે શ્રુત ભક્તિના તત્ત્વને સ્વીકારી આ લિપિયાત્રા ગતિ કરે એ માટે पुत्थयलिहणं એટલે પુનઃ પુનઃ લખો એ સૂત્રને શ્રાવકના કર્તવ્યોમાં સ્થાન મળ્યું, શ્રુત લેખન દ્વારા શ્રુતરક્ષાનો મંત્ર સ્થાપિત થયો અને આ આગમો અને અન્ય શાસ્ત્રો પ્રથમ તાડ પત્ર ઉપર, પછી કાગળ ઉપર લહિયાઓ લખાતા રહ્યા, ભારતના ખૂણે ખૂણે લખાતા રહ્યાં, પુનઃ પુનઃ લખાતા રહ્યાં, અને વર્તમાન મુદ્રણકળા સુધી એ પહોંચી શક્યા. લહિયાઓ પુનઃ લેખનમાં કદાચ ભૂલો કરે પણ મુદ્રણની અનેક નકલો શુદ્ધિકરણ સાથે મુદ્રિત થાય એટલે સર્વ પ્રથમ ભીમસિંહ માણેક અને કલકત્તાથી બાબુ ધનપતસિંહ નામના શ્રાવકોએ આ ગ્રંથોનું સંપાદન કરી છાપવાની શરૂઆત કરી.

આ હસ્તલિખિત આગમોના પુનઃ હૃદય ધબકાર માટે પૂ. પૂણ્યવિજયજી મ.સા. અને પૂ. જંબુવિજય મ.સા. તેમજ અનેક અન્ય પૂજ્ય જૈન મુનિ ભગવંતોએ આ શ્રુતજ્ઞાન સંવર્ધનના ક્ષેત્રમાં અમૂલ્ય પરિશ્રમ કર્યો એ માટે સર્વ જિજ્ઞાસુ જીવ આ પૂજ્યશ્રીઓને વંદન કરે.

આ આગમો એ જિન શાસનનો દસ્તાવેજ છે, આગમોના આધાર વિના પ્રભુની સાધના કે વિશ્વના સત્યને સમજવું અશક્ય છે, એટલે જ આગમોને જિન પ્રતિમા સરખી ગણીને પ્રભુ પ્રતિમા જેટલું જ તેનું મૂલ્ય સ્વીકારાયું છે.

આવા ભવ્ય જ્ઞાન ભંડારનો અંગ્રેજીમાં અવતરિત કરવાનો મહા યજ્ઞ આરંભાયો છે એ જિન શાસન માટે યશ કાર્ય છે, પરંતુ એથી આગળ વધીને આ આગમો અને જૈન તત્ત્વના અન્ય આગમ જેવા ગ્રંથોનું દોહન કરી પાંચેક મહાગ્રંથોનું સર્જન થવું જોઈએ અને એ પાંચે ગ્રંથોને જગતની બધી જ મુખ્ય ભાષામાં અવતરિત કરવા જોઈએ. આ જૈન ધર્મ કે તત્ત્વના પ્રચારનો વિચાર નથી, પણ આ ગ્રંથના તત્ત્વમાં વિશ્વ કલ્યાણ અને વિશ્વશાંતિનું ચિંતન પડ્યું છે એને ઉજાગર કરવાનું આ પૂણ્યકર્મ સિદ્ધ થશે.

કરોડોના જિન મંદિરોનું નિર્માણ થાય છે. પણ વ્યક્તિ એ સ્થાપત્ય પાસે જશે ત્યારે એને એ તત્ત્વની પ્રાપ્તિ થશે. પરંતુ આટલી જ વિશાળ ધનરાશિનો ઉપયોગ આવા ગ્રંથોનું વિવિધ ભાષાના સર્જન થાય તો આ શ્રુત સ્થાપત્ય વિશ્વના ખૂણે ખૂણે જિજ્ઞાસુઓ સુધી પહોંચશે જે માનવ કલ્યાણ અને વિશ્વશાંતિ સમીપ જગતને બેસાડશે. આવા મહાન પુણ્યકર્મ માટે ખાસ સંસ્થાનું નિર્માણ થાય તો જગત સેવાનો અમૂલ્ય લાભ શાસનને પ્રાપ્ત થશે. ★

## નમ્ર વિનંતિ

આગમ સૂત્રો એ જિન વચન છે તેથી જિન પ્રતિમા જેટલાં જ એ વંદનીય અને પૂજ્યનીય છે.

એટલે

આ વિશિષ્ટ આગમ પરિચય અંકનું વાંચન પૂજા કક્ષ, સ્વાધ્યાય કક્ષ કે

પવિત્ર સ્થિર સ્થાને જ આસનસ્થ થઈને કરવા વાચકોને નમ્ર વિનંતિ છે.

એથી વિશિષ્ટ જ્ઞાન લાભ થશે જ. અન્યથા અશાતનાનો દોષ લાગશે.

## શ્રી આચારાંગ સૂત્ર

**इमेण चेव जुज्झाहि, किं ते जुजिझेण बज्झओ?**

जुद्धारिहं खलु दुल्लहं।

झहेत्थ कुसलेहिं परिण्णाविवेगे भासिए।

આ આત્મામાં રહેલા કર્મશત્રુઓની સાથે યુદ્ધ કર, બીજાની સાથે યુદ્ધ કરવામાં તને શું લાભ ? ખરેખર ભાવયુદ્ધનોાગ્ય સાધન મળવા જ દુર્લભ છે. જે આ જૈન શાસનમાં તીર્થંકરોએ આત્મયુદ્ધના સાધનરૂપે સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ આચારરૂપ વિવેકનું પ્રતિપાદન કર્યું છે.

# ભગવાન મહાવીરના ઉપદેશ ગ્રંથ : આગમ

☐ ડૉ. ગુણવંત બરવાળિયા

પ્રબુદ્ધ કરુણાના કરનારા ભગવાન મહાવીરે ઉપ્પને ઈવા, વિગમેઈવા અને ધુવેઈવા આ ત્રિપદી દ્વારા દેશના આપી. ગણધર ભગવંતો દ્વારા આ ઉપદેશ આપણને આગમરૂપે મળ્યો.

દેવો, મનુષ્યો અને તિર્યંચો, સમોસરણમાં ભગવાન મહાવીરની પાવન વાણી ઝીલવા આસનસ્થ થઈ જાય છે. ભગવાન માલકૌંસ રાગમાં પોતાની દેશના પ્રવાહિત કરે છે ને સૌ જીવો પોતપોતાની ભાષામાં તે સમજે છે.

જેનું ઉપાદાન ઉત્કૃષ્ટ છે અને જેની ગણધર થવાની પાત્રતા છે, ભગવાનના શ્રીમુખેથી ત્રિપદી સાંભળતા આ ભવ્ય જીવોના રુચક પ્રદેશો ખૂલે છે. જ્ઞાનાવરણીય કર્મનો અદ્ભુત ક્ષયોપશમ થતાં તેમના અંતરમનમાં સહજ રીતે દ્વાદશાંગીની રચના થઈ જાય છે અને આ રીતે ભગવાન મહાવીરના ઉપદેશનો અમૂલ્ય વારસો આપણને મળે છે.

પૂ. શ્રી દેવર્ધીગણીને અનુભતિ થઈ કે કાળક્રમે માનવીની સ્મૃતિશક્તિ ઓછી થતી જાય છે જેથી પૂજ્યશ્રીએ ભગવાન મહાવીરનો આ દિવ્ય વારસો જળવાઈ રહે તે માટે વલ્લભીપુરમાં ૫૦૦ સાધુમહાત્માઓના સહયોગથી સતત ૧૩ વર્ષના પુરુષાર્થથી લેખનકાર્ય દ્વારા આ વારસો લિપિબદ્ધ કર્યો.

પૂર્વાચાર્યોએ શ્રમણ સંસ્કૃતિની જ્ઞાનધારા ગતિમાન રાખવા માટે સમયે સમયે આગમોનું સંપાદન, સંશોધન, સંવર્ધન અને સંકલન કરી અદ્ભુત યોગદાન આપ્યું છે.

સમગ્ર માનવજાતના કલ્યાણને માટેની હિતચિંતા, અકારણ કરુણાના કરનારા પ્રભુ મહાવીરને સતત દેશના આપવા પ્રેરે છે તેને કારણે માત્ર જૈન સાહિત્યને જ નહિ, પરંતુ વિશ્વના દર્શનસાહિત્યને એક અમૂલ્ય ભેટ મળે છે.

આગમનું ચિંતન, સ્વાધ્યાય અને પરિશીલન અજ્ઞાનના અંધારા દૂર કરી જ્ઞાનનો દીવો પ્રગટાવે છે. જૈન તત્ત્વજ્ઞાન, આચારશાસ્ત્ર તથા વિચારદર્શનના સુભગ સમન્વય સાથે સંતુલિત તેમજ માર્મિક વિવેચન આગમમાં છે. તેથી તેને જૈન પરંપરાનું જીવનદર્શન કહી શકાય.

પાપવૃ ત્તિ અને કર્મબંધનમાંથી મુક્ત થઈને પંચમગતિના શાશ્વત સુખો કઈ રીતે પામી શકાય તે દર્શાવવા હિંસા આદિ દૂષણોનું પરિણામ દેખાડી અહિંસાના પરમ ધ્યેયની પુષ્ટિ કરવા સદ્ગુણોની પ્રતિષ્ઠા આ સંપૂર્ણ સૂત્રોમાં કરી છે.

આગમના નૈસર્ગિક તેજપૂંજમાંથી એક નાનકડું કિરણ મળે તોપણ આપણું જીવન પ્રકાશમય થઈ જાય. આત્માને કર્મમુક્ત થવાની પાવન પ્રક્રિયામાં પ્રવાહિત કરતાં આગમ સૂત્રો આત્મસુધારણાનો અમૂલ્ય દસ્તાવેજ છે.

ગણધર ભગવંતોએ ભગવાનની વાણીને ઝીલી સૂત્રબદ્ધ કરેલા આગમો જીવના કલ્યાણમંગલ માટે, વ્યક્તિને ઊર્ધ્વપંથનો યાત્રી બનાવવા માટે પ્રેરણાના પ્રકાશ પાથરે છે.

અનાદિકાળથી આત્મા પર લાગેલી કર્મરજને સાફ કરવાની પ્રક્રિયા એટલે આત્મસુધારણા. આત્મા પર કર્મ દ્વારા વિકૃતિ અને મલિનતાના થર જામ્યા છે જેથી હું મારા આત્માના સાચા સ્વરૂપને જોઈ શકતો નથી. અપાર શક્તિના સ્વામી આત્માના દર્શન થઈ જાય તો સંસારના દુઃખો અને જન્મ-મરણની શૃંખલામાંથી મુક્તિ મળી જાય. અંગ, ઉપાંગ, છેદસૂત્ર, પયન્ના, મૂળસૂત્ર અને પ્રકીર્ણક વિગેરેમાં ૩૨ અથવા–અને ૪૫ આગમો સમાવિષ્ટ છે.

શ્વેતામ્બર જૈનોએ આગમનો ભગવાન મહાવીરના ઉપદેશ ગ્રંથો રૂપે સ્વીકાર કર્યો છે. દિગંબર જૈનોની માન્યતા છે કે ભગવાન મહાવીર પછી નવસો એંશી વર્ષ બાદ આગમને લિપીબદ્ધ કરવામાં આવ્યા એટલે એ ભગવાનની પ્રત્યક્ષ દેશના રૂપે સ્વીકારી શકાય નહીં.

લગભગ બે હજાર વર્ષ પહેલાં દિગંબર મુનિ કુંદકુંદાચાર્ય થઈ ગયા. એ મહાન લબ્ધિધારી આચાર્ય શંકાના સમાધાન અને જ્ઞાનપ્રાપ્તિ અર્થે સદેહે મહાવિદેહ ક્ષેત્રમાં વિહરમાન તીર્થંકર સીમંધર સ્વામી પાસે ગયા. ત્યાં આઠ દિવસ ઉપવાસ સાથે જ્ઞાનપ્રાપ્તિ કરી. ત્યાંથી આવીને સીધા તામિલનાડુના બંડેવાસી ગામની પુનટમલય ગુફામાં બેસીને સમયસાર, નિયમસાર આદિ શાસ્ત્રોની રચના કરી. દિગંબર પરંપરાએ એનો પરમાગમ શાસ્ત્રો રૂપે સ્વીકાર કર્યો છે. છતાંય જૈનોના તમામ ફિરકાઓ, સમસ્ત જૈનોએ અને વિશ્વના અનેક વિદ્વાનોએ આગમનો જૈન તત્ત્વજ્ઞાનના ઉત્કૃષ્ટ સાહિત્ય રૂપે તો સ્વીકાર કર્યો જ છે.

આ આગમ ગ્રંથોમાં સમાવિષ્ટ દ્રવ્યાનુયોગ, ચરણકરુણાનુ-યોગ, ગણિતાનુયોગ અને ધર્મકથાનુયોગમાં ઠેર ઠેર જીવમાંથી શિવ બનવાની પ્રક્રિયાનો નિર્દેશ છે.

આગમશાસ્ત્રો જૈન શાસનના બંધારણનો પાયો છે. જૈન આગમરૂપી આ દસ્તાવેજમાં જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ ત્રિરત્નની માલિકી આપવાના સિદ્ધાંતો, નિયમો અને આચારોનું વિશદ્ માર્ગદર્શન આપવામાં આવેલ છે. એમાં જણાવેલ આચારપાલન અવશ્ય માનવીની આત્મોન્નતિ કરાવી શકે.

આ આગમો આપણા માટે કઈ રીતે પ્રેરક બન્યા છે તેની વિચારણા કરીએ.

'આચાર એ જ પ્રથમ ધર્મ છે' આ જીવનસૂત્ર અપનાવવાની સફળ તરકીબો **શ્રી આચારાંગ સૂત્ર**માં આચારશુદ્ધિ દ્વારા જીવનશુદ્ધિના સ્તરને ઊંચું લાવવા માટે છ પ્રકારના જીવોને 'યતના', 'જયણા' અને આચારશુદ્ધિનો માર્ગ બતાવ્યો છે. વળી આત્મસુધારણા અને સમાધિની પ્રાપ્તિ કરવામાં ઇંદ્રિયવિજયની પ્રધાનતાનું નિરૂપણ કરતાં શ્રી આચારાંગ સૂત્રમાં કહ્યું છે કે 'जे गुणे से मूलट्ठाणे, जे मूलट्ठाणे' જે પાંચ ઇન્દ્રિયોના વિષયો છે તે સંસારનું મૂળ કારણ છે.

આત્માથી પરમાત્મા સુધીની યાત્રાનું માર્ગદર્શન આ સૂત્રમાં આપવાની સાથે જણાવાયું છે કે આત્મજ્ઞાન પામ્યા વગર જગતનું કોઈપણ જ્ઞાન અજ્ઞાન ગણાય છે માટે આત્મજ્ઞાન પામવા ઇચ્છુક સાધકોએ અને નવદીક્ષીતોએ આચારાંગનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવો જોઈએ.

વૈજ્ઞાનિકોએ વનસ્પતિમાં જીવ હોવાની શોધ કરી. શ્રી આચારાંગમાં ભગવાને આગળ વધીને પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિમાં પણ જીવ છે, વનસ્પતિ અને પ્રાણીને પણ સંવેદના છે, એમ કહ્યું છે. ફોરનટ નામના મેગેઝીનમાં 'Mountain are Grows' નામના લેખનું પ્રકાશન થયેલું જેમાં પર્વતોની માત્ર બાહ્ય વૃદ્ધિ નહીં પણ આંતરિક વૃદ્ધિની વાત પ્રગટ થયેલી છે. એ વાત સ્વાભાવિક છે કે જ્યાં જીવ હોય ત્યાં જ આવી આંતરિક વૃદ્ધિ સંભવી શકે.

આચારાંગમાં શ્રી ભગવાન કહે છે કે ભોગમાં સુખનો અનુભવ થાય છે તેના કરતાં વિશેષ યોગમાં પરમ આનંદની અનુભૂતિ થાય છે.

જગતના ભિન્ન ભિન્ન દાર્શનિકોના વિચારોનો કમ્પેરેટિવ સ્ટડી–તફાવત અને સરખામણી દ્વારા તેની અપૂર્ણતા પ્રત્યે અંગુલિનિર્દેશ કરી સાધુના આચારો અને વૈરાગ્યનાં દુ:ખોના વર્ણન દ્વારા જીવને વૈરાગ્યભાવ તરફ **શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર** પ્રેરે છે.

શ્રી સુયાગડંગ, (શ્રી સૂત્રકૃતાંગ) સૂત્રમાં જૈન દર્શનની શ્રેષ્ઠતાનું ન્યાયયુક્ત વર્ણન કર્યું છે. જગતના અન્ય દર્શનો જૈન દર્શનથી કઈ રીતે અલગ પડે છે તેના કારણો અને વિશિષ્ટતાઓ આ સૂત્રમાં મળે છે.

ભગવાન મહાવીરે કહેલું કે તાર્કિકપણે ગંગાસ્નાનથી મોક્ષ મળતો હોય તો ગંગામાં રહેલી બધી જ માછલીઓને મોક્ષ મળી જાય. કહેવાનું તાત્પર્ય એ છે કે સ્નાન એ બાહ્યશુદ્ધિનું કારણ માત્ર છે. આત્મશુદ્ધિની પ્રક્રિયા નથી. દેહશુદ્ધિનીનું મહત્ત્વ ગૌણ છે. મોક્ષ માર્ગમાં આત્મશુદ્ધિનું જ મહત્ત્વ છે.

વિવેકબુદ્ધિનું બંધારણ વ્યવસ્થિત રાખવા માટે જગતના ભિન્ન ભિન્ન પદાર્થોનું વર્ગીકરણ શ્રી ઠાણાંગ સૂત્રમાં કરવામાં આવ્યું છે. આત્મસુધારણા માટે દસ સંજ્ઞાઓને દસ રાષ્ટ્રધર્મ દ્વારા કઈ રીતે સંસ્કારિત કરી શકાય તેનું સુંદર નિરૂપણ આ સૂત્રમાં કરવામાં આવેલ છે.

વરસાદ ન આવતો હોય તો કેમ લાવવો અને કઈ નદીમાં કેટલું પાણી રહેશે તેની ભવિષ્યની વાત આ સૂત્રમાં છે.

આ સૂત્રમાં ભગવાને ૧૦ નક્ષત્રમાં જ્ઞાનની વૃદ્ધિની વાત દર્શાવી છે.

૧. મૃગિશર ૨. આદ્રા ૩. પુષ્ય ૪. પુર્વાષાઢા ૫. પૂર્વ ભદ્રપદા ૬. પૂર્વાફાલ્ગુની ૭. મૂળ ૮. અશ્લેષા ૯. હસ્ત ૧૦. ચિત્રા આ દસ નક્ષત્રોમાં વિદ્યાપ્રાપ્તિનો પ્રબળ પુરુષાર્થ કરવા કહેલું.

નક્ષત્રોમાંથી જે કિરણો નીકળે છે તે આપણા બ્રેઈનને અસર કરે છે. આ નક્ષત્રોના સમયમાં ખુલ્લામાં ટેરેસ પર વિદ્યાપ્રાપ્તિનો પ્રયોગ કરવાનો હોય છે.

પૂર્વે તપોવનમાં, ઋષિકૂળમાં ગુરુજી વૃક્ષ નીચે કે ખુલ્લામાં વિદ્યાદાન દેતા હતા.

ધરતીકંપના કારણો આ સૂત્રમાં બતાવ્યા છે. જગતના પદાર્થોનું સમ્યક્ પ્રકારનું વિશિષ્ટ જ્ઞાન **શ્રી સમવાયાંગ સૂત્ર**માં આપ્યું છે, જે અનેક પ્રકારના વિષયોના સમન્વયનું વિશિષ્ટ દૃષ્ટિબિંદુ રજૂ કરે છે. વિરોધી વિષયોનો સમન્વય કઈ રીતે કરવો તે આ સૂત્રના અભ્યાસથી જાણી શકાશે.

એકતાળીશ વિભાગમાં દસ હજાર ઉદ્દેશકો અને પંદર હજાર સાતસો બાવન શ્લોકસહ દ્વાદશાંગીની સૌથી મોટું મહાસાગર સમાન ગંભીર અને ગૂઢાર્થવાળું આગમ એટલે **શ્રી ભગવતી સૂત્ર.** શ્રી ગૌતમસ્વામી અને અન્ય સાધકોએ ભગવાનને પૂછેલા ૩૬૦૦૦ પ્રશ્નોના સુંદર સમાધાનના આગમમાંથી એકાદ ભાવ પણ જો આચરણમાં મૂકીએ તો માનવજીવન સાર્થક બની જાય.

સાધુ જીવનની ચર્યા સાથે અણુ પરમાણુનું વર્ણન વૈજ્ઞાનિક ઢબે પરમ વૈજ્ઞાનિક પ્રભુ મહાવીરે કરેલ છે.

કોઈના પણ શરીરમાં ક્યારેક દેવી કે દેવ પ્રવેશ ન કરી શકે પણ દેવ-દેવી વ્યક્તિને વશ કરી શકે તેનું વર્ણન છે.

હવામાન અને ચોમાસાના વર્તારાની વાત કરી છે. ૬ મહિનાથી વાદળા વધુ ન રહી શકે, ૬ મહિનામાં વિસરાળ થઈ જાય.

ઘોડો દોડે ત્યારે એક પ્રકારનો અવાજ ક્યાંથી આવે છે? ઘોડાના હૃદય અને કાળજા (લીવર) વચ્ચે કર્કર નામનો વાયુ ઉત્પન્ન થાય છે. ઘોડો દોડે ત્યારે તે વાયુ બહાર નીકળતા આ અવાજ થાય છે. આ દર્શાવે છે કે ભગવાનને પ્રાણીઓના શરીરની રચનાનું સૂક્ષ્મ જ્ઞાન હતું.

બધા તીર્થંકરોના સાધુ રંગીન વસ્ત્રો પહેરતા પણ ભગવાને શ્વેત વસ્ત્રો પહેરવા આદેશ કર્યો. ગરમી અને તાપમાં રંગીન વસ્ત્રોમાં વધુ ગરમી લાગે શ્વેતમાં ઓછી, આ રીતે પ્રભુએ ગ્લોબલ વૉર્મિંગની આગાહી કરી કે ભવિષ્યમાં વૈશ્વિક તાપમાન વધશે. ધર્મકથાનુયોગમાં **શ્રી જ્ઞાતાધર્મકથા** નામના આ આગમમાં મહાપુરુષોના જીવનની સત્યઘટનાઓ અને ઔપદેશિક કથાઓનો વિપુલ સંગ્રહ છે. દ્રવ્યાનુયોગ કથાનુયોગ પર સવારી કરીને આવે તો દર્શનના રહસ્યો સરળતાથી સમજાઈ શકે. આ ધર્મકથાનું શ્રવણ બાળજીવોને ધર્મપ્રીતિ પ્રેરનારું બની રહે, ધર્મ માર્ગમાં સ્થિર કરનારું બની રહે તેવું છે.

પોઝીટીવ થીંકીંગ કઈ રીતે રાખવું–સમુદાય વચ્ચેના જીવનમાં સમુદાય ધર્મ કઈ રીતે નિભાવવો તેમજ વડીલોના સ્થાન અને સન્માનની વાત આ સૂત્રોમાં કહી છે.

વાસ્તુશાસ્ત્ર, નગરરચના, જીવનવ્યવસ્થા અને જીવન-શૈલીમાંથી ઉદ્‌ભવતા પ્રશ્નોનું સમાધાન જાણવાની ઇચ્છાવાળાઓ એ જ્ઞાતાધર્મ કથા સૂત્ર વાંચવું જોઈએ.

**શ્રી ઉપાસકદશાંગ સૂત્ર** વીરપ્રભુના શાસનના દશ મહાશ્રાવકોના દેશવિરતિના ઉત્કૃષ્ઠ આચારનું વર્ણન આપણને પ્રેરણાના પીયૂષ પાય છે.

શ્રાવકોની જીવનશૈલી, તેમની વ્યાપારની પદ્ધતિ કેવા પ્રકારની હતી, રોકાણની પદ્ધતિ, ક્ષેત્ર, સાધનો અને ન્યાય સંપન્ન વૈભવ અને શ્રાવકોની આવકનો વ્યય અને સદ્‌વ્યયનું વર્ણન આ સૂત્રમાં છે.

ભગવાન મહાવીરના શ્રાવકો પાસે ગાયોના વિશાળ ગોકૂળ હતા. જે ઘરમાં ગાય છે ત્યાં આસુરી સંપત્તિનું આગમન થતું નથી, તે આ સૂત્ર દ્વારા ફલિત થાય છે.

પરિવારમાં પત્ની, માતા અને પુત્રોનું સ્થાન અને વાનપ્રસ્થ આશ્રમનું વર્ણન પણ આ સૂત્રમાં છે.

ભગવાન મહાવીરે પોતાના શ્રાવકો જે સંસારમાં રહીને પણ ઉત્કૃષ્ટ આત્મકલ્યાણ કરે છે તેવા શ્રાવકોનું પોતાના શ્રીમુખેથી વર્ણન કરી શ્રાવકોને પોતાના હૃદયમાં સ્થાન આપ્યું છે તે ઉપાસક દશાંગ સૂત્રથી પ્રગટ થાય છે.

**શ્રી અંતગડદશાંગ સૂત્ર**માં અંતમુહૂર્તમાં મોક્ષે ગયેલા પુણ્યાત્મા આરાધક મુનિઓના જીવન શ્રાવકના ત્રણ મનો રથ ચરિતાર્થ કરવાના પ્રેરક બને છે.

આ સૂત્રમાં સહનશીલતાથી સફળતા સુધીની યાત્રાનું વર્ણન છે. શ્રાવક સુદર્શન 'નમો જીણાણંજી અભયાણં'ના જાપ કરે છે ત્યારે સેંકડો કિલો વજનનું શસ્ત્ર તેના પર ફેંકવામાં આવે છે છતાં તે વાગતું નથી. જપ સાધનાને કારણે તેની આસપાસ સુરક્ષાચક્ર રચાય છે અને તેને બચાવે છે. આ ઘટનાનું વૈજ્ઞાનિક વિશ્લેષણ કરતા જણાશે કે અદૃશ્ય પદાર્થ દૃશ્યને રોકી શકે. સુરક્ષાનો એક અદૃશ્ય ફોર્સ આપણી આસપાસ રચાય જે મેટલને પણ રોકી શકે છે. ગોશાલકે ભગવાન સામે ફેંકેલી તેજાલેશ્યા વખતે પણ આવું જ થયું.

ગજસુકુમાર માથે અંગારા મૂક્યા ત્યારે તેને પીડા ન થઈ. સાધુ લોચ કરે ત્યારે પહેલી ચાર પાંચ લટ ખેંચે ત્યારે દુઃખ પીડા થાય પછી તે પીડા ઓછી થાય એનો અર્થ એ થયો કે આપણી ભીતર એનેસ્થેસિયા સક્રિય થાય છે. આપણી અંદર પીડાશામક રસાયણ સર્જાય છે જે નેચરલ એનેસ્થેસિયા છે. અંદરમાં એવું કાંઈક તત્ત્વ સર્જાય છે જે તત્ત્વ આપણી સહનશીલતાને વિકસાવે છે. આ સંશોધનનો વિષય છે

**શ્રી અનુત્તરોપપાતિકદશાંગ સૂત્ર** આગમના અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થનાર મહાત્માઓનું જીવન આપણા અધ્યાત્મ જીવનને નવી દિશા આપે છે.

ભગવાન મહાવીરની ઉપદેશધારામાં નવમા આગમમાં દેહ પ્રત્યેનું મહત્ત્વ ઘટાડતા તપ સાધકો જેવા કે ધન્ના અણગારની સાધનાનું વર્ણન છે.

આ સૂત્રમાં કહ્યું છે કે મનુષ્ય માત્ર ખોરાકથી જ જીવી શકે એવું નથી, પ્રકાશ અને હવાથી પણ જીવી શકાય છે. સૂર્ય પ્રકાશથી પણ જીવી શકાય તેવા દાખલા છે. રોજ એક ચોખાનો દાણો લઈને પણ લાંબો સમય જીવી શકાય તેવા ઉદાહરણ છે. શરીર વિજ્ઞાનના સંશોધનનો આ વિષય છે.

મંત્રના ઉપયોગ અને લબ્ધિદિશા દર્શન કરાવનાર **શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર**માંનાં પાંચ મહાપાપોનું વર્ણન વાંચતાં પાપથી પાછા ફરવાનો પાવન અવસર પ્રાપ્ત થાય છે.

સત્ય, અહિંસા આદિ ગુણો દ્વારા વિધેયાત્મક શક્તિની પ્રાપ્તિ કઈ રીતે કરવી તેનું વર્ણન આ સૂત્રમાં છે. અનેક પ્રકારની સિદ્ધિઓ, વિદ્યાઓ, લબ્ધિઓ અને ઉર્જાઓને કઈ રીતે પ્રાપ્ત કરવી તે બતાવેલ છે.

પ્રાચીન કાળમાં આ આગમમાં અનેક વિદ્યાઓના મંત્રો તથા યંત્રોની વાત હતી. પરંતુ એ વિદ્યાઓના મંત્રો કે યંત્રોનો દૂર ઉપયોગ ન થાય, કોઈ કુપાત્ર તેનો અકલ્યાણ માટે ઉપયોગ ન કરે તે આશયથી આ સૂત્રની પ્રાચીન વિદ્યાને ગુરુએ સંગોપી દીધી છે. આમ અનઅધિકારી શિષ્યને જ્ઞાનનો પરિચય ન કરાવવાની જૈન પદ્ધતિ વિશેષ વંદનીય છે. અને આજ કારણે આચાર્યએ આ આગમનો વિષય બદલી નાંખ્યો છે.

**શ્રી વિપાક સૂત્ર** આગમમાં અજ્ઞાન દશામાં બાંધેલાં કર્મોનાં ભયંકર ફળ પાપકર્મોથી દૂર રહેવાનો માર્ગ બતાવે છે. દુષ્કૃત્યથી દુઃખ વિપાક થાય છે અને સુકૃતથી સુખ વિપાક. આ જાણી આપણી વૃત્તિઓ સુકૃત તરફ પ્રયાણ કરશે.

જીવનશૈલીમાં પાપથી બચવું છે, સત્કર્મોથી જીવનને વિભૂષિત કરવું છે તેવા પ્રકારની વિચાસરણી ધરાવતા સાધકો માટે વિપાક સૂત્રનું માર્ગદર્શન અત્યંતપણે ઉપકારક છે.

આગમમાં અંગ સૂત્રોના વર્ગીકરણ ઉપરાંત ૧૨ ઉપાંગ સૂત્રોનું પણ વર્ગીકરણ કરવામાં આવ્યું છે, જે ઉપાંગો અંગોના સ્વરૂપને વિસ્તારે છે.

**શ્રી ઉવવાઈ સૂત્ર**માં ભગવાનના ગુણવૈભવ–ગણધર શ્રમણોની સંયમસાધનાનું દિગ્દર્શન છે. ભગવાનનું નગરમાં આગમન થતાં રાજા આનંદ-ઉલ્લાસ અને ભક્તિભાવથી દેવાધિદેવના દર્શને જાય છે તે વર્ણન વાંચતાં સંતો પાસે જવાની, વંદન કરવાની વિશિષ્ટ વિધિ કરવાનો બોધ થાય છે.

આપણાં કર્મો જ આપણી સદ્‌ગતિ કે દુર્ગતિનું કારણ છે. કયા પ્રકારના કર્મોથી કયા સ્થાનમાં જીવ ઉત્પત્તિ પામે તેનું વર્ણન કરેલ છે. તમારું કર્મ જ તમારી ગતિનું કારણ બને છે, તેવા દૃષ્ટિબિંદુથી ભગવાન મહાવીરે ઈશ્વર કર્તાહર્તા નથી પરંતુ કર્મો જ આપણા ભાગ્યવિધાતા બને છે. તેવી વિશિષ્ટ દૃષ્ટિ આ આગમમાં પ્રગટ કરેલ છે.

**શ્રી રાયપસેણી સૂત્ર** વાંચતાં ગુરુનો સમાગમ થતાં પરદેશી રાજાના જીવનપરિવર્તનનું વર્ણન વાંચી ગમે તેવા પાપી જીવ પણ અધ્યાત્મની ઊંચી દશા સુધી પહોંચી શકે છે તેની પ્રતીતિ થાય છે.

સંત સમાગમ, વ્યક્તિ પર કેવો મહાન ઉપકાર કરે છે અને તેને દેવલોકના સુખો અપાવી શકે અને પરમપદને પણ પ્રાપ્ત કરાવી શકે છે તે પ્રેરણાદાયી હકીકતનું આલેખન છે.

પોતાની રાઈટ આઈડેન્ટીટી જાણવા ઈચ્છુક સાધકો માટે રાયપસેણી સૂત્ર ઉપકારક બની રહેશે.

**શ્રી જીવાજીવભિગમ સૂત્ર** વાંચતાં જીવ અજીવના જ્ઞાન દ્વારા અહિંસા અને જયણા ધર્મ પાળી શકાય છે.

ભગવાન મહાવીરે જગતજીવોની વિવિધ પ્રકારની વૃત્તિઓ, રુચિઓ અને અલગ અલગ પ્રકૃતિને ધ્યાનમાં રાખીને જ્ઞાનભાવોનું વર્ણન આ સૂત્રમાં કર્યું છે. આ સૂત્ર જીવવિજ્ઞાનનો એક ઊંડાણભરેલો દસ્તાવેજ છે. જે સાધકોને જીવવિજ્ઞાન વિશે જાણવાની જિજ્ઞાસા હોય તેમણે આ સૂત્ર અવશ્ય વાંચવું.

**શ્રી પન્નાવણા સૂત્ર**માં જૈન તત્ત્વજ્ઞાનની સમજણ આપવામાં આવી છે. આ સૂત્ર પદાર્થ વિજ્ઞાન, શરીરવિજ્ઞાન અને ચૈતસિક શક્તિઓનો ખજાનો છે. છ લેશ્યા અને ઓરા પરમાણુની ગતિનું વર્ણન, યોગ વિગેરેનું આલેખન, જ્ઞાનના ગહન ભંડારસમું આ સૂત્ર 'લઘુ ભગવતી' તરીકે ઓળખાય છે.

**શ્રી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ** સૂત્રમાં તીર્થંકર અને ચક્રવર્તી જેવા ઉત્તમ પુરુષોના જીવનવ્યવહારના પરિચય દ્વારા આત્મઉત્થાનની પ્રક્રિયાને વેગ મળે છે.

આ સૂત્રમાં પૃથ્વી અને પૃથ્વીમાં રહેલ અલગ અલગ દેશ, તેની ભૌગોલિક રચના વગેરેનું વર્ણન જંબૂદ્વિપ પ્રજ્ઞપ્તિમાં બતાવેલ છે. આપણે જે ક્ષેત્રમાં રહીએ છીએ તે ક્ષેત્રને જંબૂદ્વિપ કહેવાય. મેરુપર્વત, વનો અને સમુદ્રોનું વર્ણન છે. આ સૂત્રમાં ભૂગોળ, ખગોળ અને ઇતિહાસનું સંયોજન છે.

આ આગમ જ્યોતિષ વિષયક ખજાનો છે. દરેક ગ્રહો, નક્ષત્રો

અને તારાના વર્ણન છે. ચંદ્ર અને સૂર્યના અધિષ્ઠાયક દેવો કેવા પ્રકારની ગતિ કરાવે છે તેનું વર્ણન છે. આ આગમ વાંચવાની અનુજ્ઞા દરેક સાધકને મળતી નથી. ગુરુ, પાત્ર શિષ્યને જ આજ્ઞા આપે છે.

**શ્રી ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર** અને **શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર** દ્વારાજૈન ખગોળના જ્ઞાનથી આ વિશાળ લોક અને પ્રકાશ ક્ષેત્રનું વર્ણન વાંચતાં આપણી લઘુતાનું જ્ઞાન થતાં અહંકાર ઓગળી જશે.

**શ્રી નિરયાવલિકાનાં પાંચ ઉપાંગ સૂત્રો** શ્રેણિક રાજા, બહુપુત્રીકાદેવી, લક્ષ્મીદેવી, બળદેવ વગેરે બાવન આત્માઓના પૂર્વ પશ્ચાદ્ ભવના કથન દ્વારા કર્મસિદ્ધાંત તથા સંસારના ઋણાનુબંધ સંબંધની વિચિત્રતાનો બોધ થાય છે.

ભગવાન મહાવીરના સમયમાં રાજાઓ કેવા પ્રકારના હતા, રાજશૈલી કેવા પ્રકારની હતી, ભરપૂર ભોગ સૂત્રો વચ્ચે પણ આ રાજાઓ ભગવાનના સંપર્કમાં આવીને પૂર્ણપણે યોગીપુરુષની દશામાં કેવી રીતે આવતાં હતાં તેનું વર્ણન આ નિરિયાવલિકા સૂત્રમાં આપવામાં આવ્યું છે.

આ સૂત્રમાં આપણી ઈચ્છાઓ આપણામાટે કેવી રીતે દુઃખકારક બને છે તે બહુપુત્રિકાની વાર્તા દ્વારા મળે છે. ભગવાન મહાવીરના આ પાંચ આગમો ઉત્તમપણે આપણી આંતરિક મનોવૃત્તિઓનાં દર્શન કરાવે છે. જેમને માનવીય સાયકોલોજી જાણવામાં રસ છે તેમને માટે આ પાંચ આગમમાંથી અત્યંત ઉપયોગી દૃષ્ટિબિંદુ પ્રાપ્ત થતાં હોય છે. આ પાંચ આગમમાં મનની અડગતા, સ્થિરતા અને મનની ચંચલતા, મનની વિચિત્રતા આ બધી જ દશાઓનું વર્ણન કરવામાં આવ્યું છે. કેવા પ્રકારની માનસિકતામાં વ્યક્તિ દુઃખી થાય છે, સુખ-દુઃખના કારણમાં મન કેવો ભાગ ભજવે છે તેનું વિશેષ વર્ણન આ નિરિયાવલિકા સૂત્રમાં આવે છે. જેમને મનોવિજ્ઞાનના વિષયમાં ઊંડાણપૂર્વકનું જ્ઞાન મેળવવું હોય તેમને માટે આ પાંચ આગમો કથારૂપે અને સાહિત્યરૂપે મનોવિજ્ઞાનના દૃષ્ટિબિંદુને ઉજાગર કરે છે. આમ આ પાંચ આગમો મનોવિજ્ઞાનને જાણવા ઉત્સુક સાધકો માટે ઉપકારક બની રહે છે.

**શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર** ભગવાનની અંતિમ દેશનારૂપે સમસ્ત જૈન સમાજમાં શ્રદ્ધાનું સ્થાન ધરાવે છે. ૩૬ અધ્યયનમાં પ્રભુના અંતિમ ઉપદેશમાં જૈન ધર્મના મુખ્યતમ વિષયોનો પ્રાયઃ સમાવેશ થયો છે જેનું ચિંતન અને આચરણ આત્માનું ઊર્ધ્વગમન કરાવી શકે.

આ સૂત્રના ૨૯મા અધ્યયનમાં સમ્યક્ પરાક્રમના ૭૩ બોલ દ્વારા સાધક દશામાં ઉત્કૃષ્ટ સાધના કઈ રીતે પ્રગટ કરી અને મોક્ષમાર્ગમાં કઈ રીતે આગળ વધવું તેનો નિર્દેશ છે.

અહીં અનેક પ્રકારની કથા સાહિત્યનું વર્ણન છે. ગેરસમજથી કોઈ સાધક ધર્મવિમુખ બને ત્યારે ભગવાનના સાધકોનું આચરણ જ તેની ગેરસમજ દૂર કરી ધર્મમાં સ્થિર કરે છે તેનું વિશેષ વર્ણન છે.

શ્રી શય્યંભવાચાર્ય દ્વારા પોતાના પુત્ર બાલમુનિ શ્રી મનકને લક્ષમાં રાખી પ્રથમ મૂળ સૂત્ર **શ્રી દશવૈકાલિક સૂત્ર**ની રચના કરવામાં આવી છે. પરમ દાર્શનિક પૂ. જયંતમુનિ લખે છે કે 'દશવૈકાલિક જૈન આગમનો સાર સરવાળો છે. આ એક શાસ્ત્રના અવગાહનથી હજારો શાસ્ત્રોનું અવગાહન થઈ જાય છે.' આ સૂત્ર મુક્તિધામની મહાયાત્રા છે.

સાધુજીવનના સમગ્ર વ્યવહારને સમજાવતો આ આગમ ગ્રંથ સાધુજીવનની બાળપોથી છે. સાધુજીવનમાં ત્યાગનું મહત્ત્વ અને ગુરુ-શિષ્યના સંબંધ અને વિનયની વાત કહી છે. સાધુજીવનમાં ઉપયોગી હિતશિક્ષાઓ અને બે ચૂલિકામાં ભાવથી પતિત થયેલા સાધકને સંયમભાવમાં સ્થિર થવા માટે પ્રેરે છે.

**શ્રી નંદી સૂત્ર**માં પૂ. દેવર્ધિગણિ ક્ષમાશ્રમણે આ આગમમાં પાંચ જ્ઞાનનું વર્ણન કર્યું છે. અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન એ ત્રણ પ્રત્યક્ષ જ્ઞાન છે. મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન પરોક્ષજ્ઞાન છે. આ પાંચ જ્ઞાન ગ્રહણ કરવાની વિધિને પ્રદર્શિત કરતું શ્રી નંદીસૂત્ર શ્રુતસાધકના આત્મિક આનંદનું કારણ બની જાય છે.

આ સૂત્રમાં સંઘ અને સંઘની વ્યવસ્થાનું વર્ણન છે. ભગવાન મહાવીરની પાટ પરંપરાના સાધકોનું વર્ણન છે. બુદ્ધિ અને બુદ્ધિની ક્ષમતાના પ્રકારનું વર્ણન છે. સ્મરણશક્તિ વધારવાની અને સફળતાના ઉપાયોની વાત આ સૂત્રમાં કરી છે.

નવ પૂર્વધર આચાર્ય શ્રી આર્યરક્ષિત મુનિએ **શ્રી અનુયોગદ્વાર સૂત્ર**ની રચના દ્વારા સર્વ આગમોને સમજવાની આપણને માસ્ટર કી આપી છે.

કઠિન વિષયોને સહજ રીતે સમજવાની ચાવી આ આગમમાંથી મળે. કોઈપણ શબ્દોના અનેક અર્થ હોઈ શકે. ડીક્ષનરી (શબ્દ કોષ) બનાવવાની કળા, એક શબ્દના અનેક અર્થ કઈ રીતે પ્રગટ કરવા તે સમજાવ્યું છે. આ સૂત્રમાં એક જ આવશ્યક સૂત્ર પર અનેક રહસ્ય સભર દૃષ્ટિબિંદુ આપેલ છે. મનની અપાર શક્તિના ઉપયોગ દ્વારા વ્યક્તિ કઈ રીતે વિકાસ કરી શકે તેનું વિશદ વર્ણન છે.

**શ્રી નિશીથ સૂત્ર**માં પાપસેવન કે વ્રતભંગના પ્રાયશ્ચિત્તનો નિર્દેશ કરી આત્માને પાવન કરવાની પ્રક્રિયા બતાવી છે.

આ છેદ સૂત્ર નિયમો અને પ્રતિજ્ઞાઓના આત્મગુણોની વૃદ્ધિ કરાવે છે. પરિસ્થિતિ વશ આ નિયમો કે પ્રતિજ્ઞાઓનો ભંગ થતો હોય ત્યારે તેનો ઉપાય દર્શાવે તેને છેદ સૂત્રો કહે છે.

નિશીથ એટલે રાત્રિ. રાત્રિનો અંધકાર એ અનેક દોષનું કારણ છે અને સૂર્યનો પ્રકાશ અનેક દોષોનું નિવારણ છે. આ સૂત્રમાં સાધુ જીવનમાં કેવા દોષો લાગી શકે ને તેનું નિવારણ કઈ રીતે કરવું તે બતાવેલ છે. આ સૂત્રમાં પસ્તાવો, પ્રાયશ્ચિત્ત અને વિશુદ્ધિકરણના ઉપાયો બતાવ્યા છે.

**શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્ર**માં મહામોહનીય કર્મબંધનાં સ્થાનો અને નવનિધાનનું કથન સાધકને દોષસેવનથી દૂર રાખે છે.

આ સૂત્રમાં શ્રમણ જીવનની મર્યાદાઓ અને આચાર શુદ્ધિનું વર્ણન હોવાથી માત્ર ઉચ્ચ કક્ષાના સાધકોને ગુરુજનો આજ્ઞા આપે તો જ આ આગમ વાંચી શકાય છે.

**શ્રી બૃહદ્ કલ્પસૂત્ર** આચારમર્યાદા, વિધિનિષેધરૂપ નિયમોનું કથન સાધુજીવનની નિર્મળતા માટે અત્યંત ઉપયોગી છે.

આ સૂત્રમાં સાધુ જીવનની વ્યવસ્થાઓનું જ વર્ણન હોવાથી સામાન્ય સાધકો માટે વાંચન યોગ્ય નથી; પરંતુ ઉચ્ચ કક્ષાના જ્ઞાન સાધકો માટે અનેક પ્રકારની મનોવૈજ્ઞાનિક સ્થિતિમાંથી કઈ રીતે પસાર થવું તેનું વર્ણન છે.

સર્પદંશનું ઝેર ઉતારવાના મંત્રોચ્ચાર, પાણીમાં પગ મૂકીને કે નાવમાં બેસીને વિકટ સમયે નદી કઈ રીતે પાર કરવી તેનું નિરુપણ કરેલ છે. આમ વર્તમાનમાં જે પરંપરાઓ પ્રચલિત નથી પરંતુ ભગવાનના સમયમાં જે પ્રચલિત હતી તેનું વર્ણન બૃહદ્ કલ્પસૂત્રમાં છે .

**શ્રી વ્યવહાર સૂત્ર**માં આગમવ્યવહાર, શ્રુતવ્યવહાર, જ્ઞાનવ્યવહાર, ધારણાવ્યવહાર અને જિતવ્યવહાર સંયમી જીવનને નિર્મળ બનાવે છે.

ભગવાને પોતાના બે સાધકોની વચ્ચે એ બે ભેગા મળે ત્યારે, બે શ્રાવકો કે બે આચાર્યો ભેગા મળે ત્યારે, ગુરુ-શિષ્ય મળે તો બે મળવા પર એકબીજાએ કેવો વ્યવહાર કરવો તેનું વર્ણન આ સૂત્રમાં છે જેના દ્વારા સામુદાયિક સુમેળતાનું સર્જન થાય છે. આ સૂત્ર સાધુ, સાધ્વી, શ્રાવકો અને પરિવાર વચ્ચે સંવાદનું સર્જન કરાવતું શાસ્ત્ર છે.

સાધકોને સાધનાની વિશુદ્ધિ માટે અવશ્ય કરવા યોગ્ય અનુષ્ઠાનોનું નિરૂપણ કરતું આગમ તે **શ્રી આવશ્યક સૂત્ર** છે. વ્યવહારમાં આપણે તેને પ્રતિક્રમણ સૂત્ર કહીએ છીએ. આત્મવિશુદ્ધિ કરવા માટે જે ક્રિયા અવશ્ય કરવાની છે તેને આવશ્યક કહ્યું છે.

આવશ્યકને જ્ઞાનીઓએ જીવનશુદ્ધિ, સંયમ વિશુદ્ધિની ક્રિયા કહી સાધનાનો પ્રાણ કહેલ છે. સમભાવની સાધના એ સામાયિક છે. તીર્થંકરોની સ્તુતિ ચૌવિસંથોથી શ્રદ્ધા બળવાન બને છે. વંદના દ્વારા સાધકનો ભક્તિભાવ પ્રગટ થાય છે. પ્રતિક્રમણ એ પાપથી પાછા ફરવાની પ્રક્રિયા છે. અંતર્મુખ થઈ આત્મભાવમાં સ્થિર થવા માટે કાઉસગ્ગ અને ભવિષ્યના કર્મોના નિરોધ માટે પચ્ચખાણ એમ આ છ આવશ્યકની આરાધના સાધકના આત્મવિશુ દ્ધિના લક્ષને સફળ બનાવવામાં સહાયક બને છે.

પ્રતિક્રમણ સાધક અને શ્રાવક બન્ને માટે દરરોજ કરવા યોગ્ય એવી પ્રક્રિયા છે જેનાથી આત્માની શુદ્ધિ અને વિશુદ્ધિ વર્તે છે. કર્મો જે દરરોજ બંધાતા હોય તે નિધ્ધત બંધાય છે અને નિકાચિત કક્ષાના થતાં અટકી જાય છે. તેની પ્રક્રિયા પણ આજ પ્રતિક્રમણ સૂત્રમાં બતાવેલી છે. જે કર્મને અવશ્ય ભોગવ્યા વિના ક્ષય કરી શકાય તે નિધ્ધત. દરરોજના પાપનું જ્યારે પ્રતિક્રમણ કરવામાં આવે છે ત્યારે પાપની કક્ષા નિધ્ધત બની જાય છે. પરંતુ જ્યારે પ્રતિક્રમણ કરવામાં નથી આવતું ત્યારે તે કર્મો નિકાચિત બની જાય તેનું વર્ણન આ સૂત્રમાં છે. સાધકો અને શ્રાવકો નિત્ય પ્રતિક્રમણ કરે તો તે પરમપદ સુધી પહોંચી શકે છે.

અગિયાર અંગ સૂત્રો, બાર ઉપાંગ સૂત્રો, ચાર મૂળ, ચાર છેદ અને એક આવશ્ય સૂત્ર એમ બત્રીશ આગમો આત્મસુધારણા માટે સાધકને કઈ રીતે ઉપયોગી છે તેની વિચારણા આપણે કરી. સ્થાનકવાસી અને તેરાપંથ સંપ્રદાયમાં બત્રીશ આગમ સૂત્રોનો સ્વીકાર થયો છે.

**શ્વેતાંબર મૂર્તિપૂજક આરાધકોની માન્યતા પ્રમાણે દસ પયન્ના સૂત્ર–પ્રકીર્ણક સહિત બીજા તેર આગમગ્રંથોને સ્વીકાર્યા છે.** તીર્થંકર દેવે અર્થથી જણાવેલ શ્રુતને અનુસરીને પ્રજ્ઞાવાન મુનિવરો જેની રચના કરે તેને **પ્રકીર્ણક કે પયન્ના** કહે છે.

ચતુઃશરણ પ્રકીર્ણકમાં ૩૪ અતિષયોથી વિભૂષિત અરિહંતોનો પરિચય અને ચાર શરણ સ્વીકારની વાત સાથે દુષ્કૃત્ય ગર્હા ને સુકૃત અનુમોદનાની વાત કહી છે. મહાપ્રત્યાખ્યાનમાં પાપ કરવું એ દુષ્કર નથી પરંતુ કરેલા પાપોની નિર્મળ ભાવે આલોચના કરવી એ દુષ્કર છે કહી આલોચના વિધિ કહી છે. ભક્તપ્રતિજ્ઞા પ્રત્યાખ્યાનમાં ભક્ત એટલે આહાર અને પ્રતિજ્ઞા એટલે પ્રત્યાખ્યાન જીવનના અંત સમયે આહાર ત્યાગના પચ્ચખાણ કઈ રીતે લેવા તે વિધિ બતાવી છે.

આ આગમોમાં બાળ પંડિતમરણ અને પંડિતમરણની વિચારણા છે. પ્રત્યાખ્યાનનું વર્ણન, અનશન માટેની યોગ્યતા અને પૂર્વતૈયારી, સંથારાનું વર્ણન, વૈરાગ્ય ભાવને દૃઢ કરતી વાતો, ગચ્છાચારમાં સાધુ-સાધ્વીની મર્યાદા, જ્યોતિષ અને દેવેન્દ્રોનું વર્ણન, મરણસમાધિ પ્રકીર્ણકમાં મરણ સુધારવા માટેની આદર્શ પદ્ધતિઓ આત્મસુધારણા માટે ઉપયોગી છે.

**જિતકલ્પસૂત્ર (પંચકલ્પભાષ્ય)** ૧૦૩ ગાથાઓના આ આગમમાં, સાધુ જીવનમાં લાગેલા અતિચારો, અનાચારોના દશ અને ઓગણીશ પ્રકારના પ્રાયશ્ચિત્તોનું વર્ણન કર્યું છે. આ ગંભીર ગ્રંથ છે. ગીતાર્થ ભગવંતો જ આ ગ્રંથના અધિકારી ગણાય છે.

પાંચ પ્રકારના વ્યવહારથી જૈનશાસન ચાલે છે. (૧) આગમ (૨) શ્રુત (૩) આજ્ઞા (૪) ધારણા અને (૫) જિત વ્યવહાર. આ પ્રત્યેકની વિગતપૂર્ણ સમજણ આ આગમમાં આપવામાં આવી છે. ઉપરાંત, આચાર્યની આઠ સંપદાનું વર્ણન, વિદ્યા અને મંત્ર વચ્ચેનો તફાવત વગેરેની ચર્ચા પણ પ્રાપ્ત થાય છે.

**મહાનિશીથ સૂત્ર.** મહા=મધ્ય. આ સૂત્ર મધ્યરાત્રીએ જ શિષ્યને આપી શકાય. આ આગમના ૮ વિભાગ છે, જેમાં પ્રથમ વિભાગમાં ૬ અધ્યયન છે અને બાકીના બે ચૂલિકાઓ છે. વિશાળ આગમ છે. ૪૫૪૮ શ્લોક પ્રમાણ ગ્રંથ છે.

આ આગમ સંયમી જીવનની વિશુદ્ધિ પર ખૂબ જ ભાર મૂકે છે. સરળતા, આચારશુદ્ધિ, ભૂલો સુધારવાની તત્પરતા, વૈરાગ્યભાવ તેમજ આજ્ઞાધીનતા વગેરે વર્ણન છે.

**ઓઘનિર્યુક્તિ (મૂળસૂત્ર).** મૂર્તિપૂજા સંપ્રદાય પણ ૪ મૂળસૂત્રો ગણાવે છે. પરંતુ ૪થા સૂત્ર તરીકે ઓઘનિર્યુક્તિ સૂત્રની ગણના કરી છે. આ સૂત્ર સ્થાનકવાસી તેમજ તેરાપંથી સંપ્રદાયને માન્ય નથી.

આ આગમ, પૂજ્ય આચાર્ય શ્રી ભદ્રબાહુસ્વામીએ 'પ્રત્યાખ્યાન પ્રવાદ' નામના નવમા પૂર્વમાંથી સંકલિત કર્યું છે.

ઓઘ=સંક્ષેપથી સાધુના જીવનને લગતી તમામ નાની મોટી બાબતનું વર્ણન, આદર્શ શ્રમણચર્ચારૂપ વર્ણન આ ગ્રંથમાં છે. આ આગમમાં મુખ્યત્યે પિડલેહણ, પિંડ, ઉપધિનું વર્ણન, અનાયતનનો ત્યાગ, પ્રતિસેવના, આલોચના અને વિશુદ્ધિનું વર્ણન છે.

સાધુ-સાધ્વીની સમાચારીનું વર્ણન છે. સંયમ જીવનના પ્રાણ સ્વરૂપ, ચરણ સિત્તરી અને તેને સહાય એવી કરણસિત્તરીનું વર્ણન છે. ચરણકરણાનુયોગનું આ સૂત્ર છે. સાધુ પોતાના આચારમાં સ્થિર રહે અને જયણાનું ખાસ પાલન કરે તે હકીકત સચોટ રીતે દર્શાવી છે. બિમાર સાધુની સેવા માટે વૈદને બોલવાની વિધિ અને શ્રાવક પાસેથી ઔષધ મેળવવાની વિધિ પણ વર્ણવી છે. ચોમાસામાં વિહાર કરવાથી લાગતા દોષોનું વર્ણન છે. આહાર લેવાના અને ન લેવાના છ કારણો દર્શાવ્યાં છે. શય્યા, ઉપધિ, પડિલેહણ પાત્રા કેટલાં રાખવાં વગેરે દર્શાવ્યું છે.

સાધુજી ૪૫ આગમ વાંચી શકે જ્યારે શ્રાવકો ગુરુમુખેથી ૩૯ આગમ સાંભળી શકે તેવી પરંપરા છે.

જિનશાસનના સમગ્ર બંધારણનો પાયો આ આગમગ્રંથો છે જેમાંથી ગુરુઆજ્ઞા દ્વારા યત્કિંચિત આચરણ કરવાથી પરમપદના માર્ગની પ્રાપ્તિ સહજ બને છે.

ક્ષણે ક્ષણે જાગૃત રહી આત્મસુ ધારણા કરવાની શીખ

ઉત્તરાધ્યયન સૂત્ર (૪/૬)માં આપી છે.

સૂતેલી વ્યક્તિની વચ્ચે પણ પ્રજ્ઞાસંપન્ન પંડિત જાગૃત રહે છે. પ્રમાદમાં એ વિશ્વાસ કરતો નથી. કાળ ઘણો નિર્દય છે. શરીર દુર્બળ છે. ભારંડ પંખીની માફક સાવધાનીથી વિચરવું જોઈએ.

વિશ્વના તમામ વિષયો એક યા બીજી રીતે આગમમાં સંગોપ્યા છે. વ્યક્તિ, કુટુંબ કે વિશ્વની અનેક સમસ્યાનું સમાધાન આગમમાંથી મળે છે.

આગમમાં લખાયેલ સુક્તિઓ, ગાથાઓ શુષ્ક કે તર્કવાદી નથી પરંતુ જેમનું જીવન એક પ્રયોગશાળા હતું તેવા પરમવૈજ્ઞાનિક પ્રભુ મહાવીરની અનુભૂતિની એરણ પર ઘડાયેલ પરમસત્યની સફળ અભિવ્યક્તિ છે. આ આગમવાણીના જનક માત્ર વિચારક કે ચિંતક જ નહિ, પરંતુ ઉત્કૃષ્ટ સાધક હતા. વ્રતોને માત્ર ચિંતનની ભૂમિકા સુધી સીમિત ન રાખતાં, ચારિત્ર આચારમાં પરાવર્તિત થઈને આવેલા આ વિચારો શાસ્ત્ર બની ગયા. જે જીવને શિવ બનાવી પરમપદને પ્રાપ્ત કરવા સક્ષમ છે.

સદ્‌ગુરુની આજ્ઞા લઈ આ આગમસૂત્રોનો સ્વાધ્યાય કરવામાં આવે, જ્ઞાની ગુરુભગવંતોના સમાગમમાં તેનો શાસ્ત્રાર્થ સમજવામાં આવે અને તેનું નિજી જીવનમાં આચરણમાં અવતરણ થાય તો અવશ્ય આપણને મુક્તિપંથ મળે.

જિનાગમમાં સૂત્રસિદ્ધાંતમાં વિચાર, વાણી અને વર્તનની વૃત્તિ-પ્રવૃત્તિ અને નિવૃત્તિની ભાવના અને કર્તવ્યનો અદ્‌ભુત સમન્વય જોવા મળે છે. આ કાળે અને ક્ષેત્રે ભીતરની સંપદાની એકવીશ હજાર વર્ષ સુધીના માલિકી હક્ક આપતો આ આત્મસુધારણાનો અમૂલ્ય દસ્તાવેજ છે.

પુષ્કરાવર્ત મેઘની વર્ષાની અસરથી વર્ષા ન આવે તોપણ કેટલાક વર્ષ ફળો અને પાક આવ્યાં કરે, પરંતુ ભગવાન મહાવીરની વાણી ઉપદેશ ધારા રૂપ આ પાવન મેઘવર્ષાની અસર આ આરાની સમાપ્તિ એટલે કે એકવીશ હજાર વર્ષ સુધી રહેનાર છે. ગુરુકૃપાએ તે પાવન વાણીને ઝીલવાનું આપણને પરમ સૌભાગ્ય પ્રાપ્ત થયું છે.

'પ્રબુદ્ધ જીવન'નો પર્યુષણ અંક 'આગમ પરિચય વિશેષાંક' રૂપે આપ સમક્ષ મૂકતાં અમને અતિ હર્ષ થાય છે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્ર 'પ્રબુદ્ધ જીવન'ના વિદ્વાન તંત્રી ડૉ. ધનવંતભાઈ શાહ સર્જનાત્મક હૃદયના સ્વામી, પ્રયોગવીર અને activist કર્મશીલ પત્રકાર છે.

'પ્રબુદ્ધ જીવન'ના વિવિધ વિષયના વિશેષાંકો, મહાવીરકથા, ગૌતમકથા, ઋષભકથા, તત્ત્વજ્ઞાન અને સાહિત્યને લગતા વૈવિધ્યસભર સેમિનાર્સ અને પ્રવચનમાળા રૂપ સરવાણી તેમના હૈયામાંથી પ્રવાહિત થયા કરે છે. વળી જરૂરિયાતવાળી સંસ્થાને સહાય કરવા રૂપ સેવા સરિતાનું સાતત્ય છે.

વર્તમાન સમયમાં જૈનો અને અન્ય ધર્મજિજ્ઞાસુઓ સુધી જૈન આગમનો પરિચય 'પ્રબુદ્ધ જીવન'ના વિશેષાંક દ્વારા કરાવવાનું કાર્ય શ્રી ડૉ. ધનવંતભાઈને સૂઝ્યું તે અત્યંત અનુમોદનીય છે અને શ્રુત સેવાયજ્ઞમાં વિશિષ્ટ સમિધ સમર્પણનું પવિત્ર કાર્ય છે.

'પ્રબુદ્ધ જીવન' 'આગમ પરિચયવિશેષાંક'ના સંપાદનનું સુંદર કાર્ય મને સોંપવા બદલ હું તંત્રી ડૉ. ધનવંતભાઈ શાહ તથા શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો હૃદયપૂર્વક આભાર માનું છું.

આ અંક માટે લેખ મોકલનાર પૂ. ગુરુ ભગવંતો, પૂ. સાધ્વીજીઓ અને વિદ્વાનોનો હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

યુગદિવાકર પૂજ્ય ગુરુદેવ **શ્રી નમ્રમુનિ મ. સા.**ની પ્રેરણાથી **'Global Jain Aagam Mission'** આગમ ગ્રંથોનું ઈંગ્લીશમાં અનુવાદનું કાર્ય કરી રહેલ છે. બિન સાંપ્રદાયિક રીતે, આંતરરાષ્ટ્રીય ધોરણે આગમનો ઈંગ્લીશમાં અનુવાદ કરી ભગવાન મહાવીરની વાણીને વિશ્વ સ્તરે સુલભ બનાવવાનો આ મિશનનો ઉપક્રમ છે. વ્યક્તિઓ, સંસ્થાઓ અને વિદ્વાનોને આ મિશનમાં જોડાવા અમારું ભાવભર્યું નિમંત્રણ છે. પ્રબુદ્ધ જીવનના આ 'આગમ પરિચય વિશેષાંક'માં જિનાજ્ઞા વિરૂદ્ધ કાંઈ પ્રગટ થયું હોય કે ઉત્સૂત્ર પ્રરૂપણા થઈ હોય તો ત્રિવિધે મિચ્છામી દુક્કડં. ★

## આગમ-વાણી

- પ્રજ્ઞાવાન પુરુષે અસત્યામૃષા (સત્ય અને અસત્યના મિશ્રણવાળી ભાષા) ન બોલવી જોઈએ. વળી સત્ય ભાષા પણ પાપ વિનાની, અકર્કશ, સંદેહ રહિત અને બરાબર વિચારેલી એવી બોલવી જોઈએ.
- કાણાને કાણો, નપુંસકને નપુંસક, રોગીને રોગી અને ચોરને ચોર કહેવો ન જોઈએ.
- ક્રોધ પ્રીતિનો નાશ કરે છે; માન વિનયનો નાશ કરે છે; માયા-કપટ મિત્રતાનો નાશ કરે છે અને લોભ સર્વનો વિનાશ કરે છે .
- ક્રોધ, માન, માયા અને લોભ એ પાપને વધારનારાં છે. પોતાના આત્માનું હિત ઇચ્છનારે આ ચાર દોષોને છોડી દેવા જો ઈએ
- ઉપશમ દ્વારા ક્રોધને નષ્ટ કરો, મૃદુતા દ્વારા માનને જીતો, સરળતા દ્વારા કપટભાવને દૂર કરો અને સંતોષ વડે લોભ પર વિજય મેળવો.
- સાધકે વગર પૂછ્યે બોલવું નહિ, ગુરુજનો વાતચીત કરતા હોય તો વચ્ચે બોલવું નહિ, પીઠ પાછળ કોઈની નિંદા કરવી નહિ અને કપટયુક્ત અસત્ય વાણીનો ત્યાગ કરવો.
- જ્યાં સુધી ઘડપણ સતાવતું નથી, જ્યાં સુધી વ્યાધિઓ વધતી નથી અને જ્યાં સુધી ઇન્દ્રિયોની શક્તિ ક્ષીણ નથી થઈ ત્યાં સુધી સારી રીતે ધર્માચરણ કરી લેવું.
- ક્રોધ, લોભ, ભય, માન કે મજાક-મશ્કરીમાં એવી ભાષા ન બોલવી જોઈએ કે જે પાપને વખાણનારી હોય, બીજાનો પરાભવ કરવાવાળી હોય કે બીજાનો ઘાત કરનારી હોય.

# જૈન આગમ સાહિત્ય

☐ રૂપેન્દ્રકુમાર પગારિયા

**જૈન આગમસાહિત્ય :** મૂળ વૈદિક શાસ્ત્રો જેમ 'વેદ' કહેવાય છે. બૌદ્ધ શાસ્ત્રો જેમ 'પિટક' કહેવાય છે તેમજ જૈનશાસ્ત્રો 'શ્રુત', 'સૂત્ર' કે આગમ કહેવાય છે. સૂત્ર, ગ્રંથ, સિદ્ધાંત, પ્રવચન, આજ્ઞા, વચન, ઉપદેશ, પ્રજ્ઞાપન, આગમ, આપ્તવચન, ઐતિત્ર, આમ્નાય અને જિનવચન એ બધાયે 'આગમ'ના પર્યાયવાચી શબ્દો છે.

આપ્તનું વચન તે આગમ. જૈનદૃષ્ટિએ રાગદ્વેષના વિજેતા, સર્વજ્ઞ, સર્વદર્શી જિન તીર્થંકર આપ્ત છે. તીર્થંકર કેવલ અર્થરૂપમાં ઉપદેશ આપે છે અને ગણધર તેને ગ્રંથબદ્ધ કે સૂત્રબદ્ધ કરે છે. જૈન આગમોની પ્રામાણિકતા માત્ર તે ગણધર કૃત હોવાને લીધે જ નથી પણ તેના અર્થના પ્રરૂપક તીર્થંકરની વીતરાગતા અને સર્વાર્થસાક્ષાત્કારિત્વને લીધે છે. ગણધર તો માત્ર દ્વાદશાંગીની જ રચના કરે છે. અંગો સિવાયના આગમોની રચના સ્થવિર કરે છે.

**આગમોનું વર્ગીકરણ:** જૈન આગમોનું સૌથી પ્રાચીન વર્ગીકરણ સમવાયાંગસૂત્રમાં મળે છે. તેમાં આગમ સાહિત્યનું 'પૂર્વ' અને 'અંગ' એ પ્રમાણે વિભાજન કરાયેલું છે. સંખ્યાની દૃષ્ટિએ પૂર્વ ચૌદ હતાં અને અંગ બાર.

## ૪૫ આગમોનાં નામ

**૧૧ અંગ:**

૧. આચારાંગ ૨. સૂત્રકૃતાંગ ૩. સ્થાનંગ ૪. સમવાયાંગ ૫. ભગવતી ૬. જ્ઞાતા ધર્મકથા ૭. ઉપાસક દશા ૮. અંતકૃત દશા ૯. અનુત્તરોપપાલિક દશા ૧૦. પ્રશ્ન વ્યાકરણ ૧૧. વિપાક

**૬. મૂળ સૂત્રો:**

૧. આવશ્યક ૨. દશવૈકાલિક ૩. ઉત્તરાધ્યયન ૪. નંદી ૫. અનુયોગ દ્વાર ૬. પિંડ નિર્યુક્તિ–ઓઘ નિર્યક્તિ

**૧૨ ઉપાંગ :**

૧. ઔપપાતિક ૨. રાજપ્રશ્નીય ૩. જીવાભિગમ ૪. પ્રજ્ઞાપના ૫. જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ ૬. સૂર્ય પ્રજ્ઞપ્તિ ૭. ચંદ્ર પ્રજ્ઞપ્તિ ૮. નિરયાવલિયા ૯ કલ્પાવતં સિકા ૧૦. પુષ્પિકા ૧૧. પુષ્પચૂલિકા ૧૨. વૃષ્ણિદશા

**૬ છંદ સૂત્ર :**

૧. નિશીથ ૨. મહાનિશીથ ૩. બૃહત્કલ્પ ૪. વ્યવહાર ૫. દશાશ્રુત સ્કંધ ૬. પંચકલ્પ

**૧૦ પઈન્ના :**

૧. આતુરપ્રત્યાખ્યાન ૨. ભક્તપરિજ્ઞા ૩. તંદુલ વૈચારિક ૪. ચંદ્ર વેધ્યક ૫. દેવેન્દ્ર સ્તવ ૬. ગણિવિદ્યા ૭. મહાપ્રત્યાખ્યાન ૮. ચતુઃશરણ ૯. વીરસ્તવ ૧૦. સંસ્તારક

**૮૪ આગમ :**

૧ થી ૪૫ પૂર્વોક્ત ૪૬. કલ્પસૂત્ર ૪૭. યતિ-જિતકલ્પ 4સોમસૂરિ કૃત6 ૪૮. શ્રદ્ધા-જિતકલ્પ 4ધર્મઘોષસૂરિકૃત6 ૪૯. પાક્ષિક સૂત્ર ૫૦. ક્ષમાપના સૂત્ર ૫૧. વંદિત્તુ ૫૨. ઋષિભાષિત ૫૩. અજીવકલ્પ ૫૪. ગચ્છાચાર ૫૫. મરણસમાધિ ૫૬. સિદ્ધ પ્રાભૃત ૫૭. તીર્થો દ્ ગાર ૫૮. આરાધના પલાકા ૫૯. દ્વીપસાગર પ્રજ્ઞપ્તિ ૬૦. જ્યોતિષ કરંડક ૬૧. અંગવિદ્યા ૬૨. તિથિ-પ્રકીર્ણક ૬૩. પિંડ વિશુદ્ધિ ૬૪. સારાવલી ૬૫. પર્યંતારાધના ૬૬. જીવવિભક્તિ ૬૭. કવચ પ્રકરણ ૬૮. યોનિ પ્રાભૃત ૬૯. અંગચૂલિયા ૭૦. બંગચૂલિયા ૭૧. વૃદ્ધચતુઃશરણ ૭૨. જમ્બૂ પયન્ના ૭૩. આવશ્યક નિર્યુક્તિ ૭૪. દશવૈકાલિક નિર્યુક્તિ ૭૫. ઉત્તરાધ્યયન નિર્યુક્તિ ૭૬. આચારાંગ નિર્યુક્તિ ૭૭. સૂત્રકૃત્રાંગ નિર્યુક્તિ ૭૮. સૂર્ય પ્રજ્ઞપ્તિ ૭૯. બૃહત્કલ્પ નિર્યુક્તિ ૮૦. વ્યવહાર નિર્યુક્તિ ૮૧. દશાશ્રુતસ્કંધ નિર્યુક્તિ ૮૨. ઋષિભાષિત નિર્યુક્તિ ૮૩. સંસક્ત નિર્યુક્તિ ૮૪. વિશેષાવશ્યક ભાષ્ય.

પ્રાચીન કાળમાં  સમસ્ત શ્રુતજ્ઞાન ૧૪ પૂર્વોમાં સમાઈ જતું હતું. ભગવાન મહાવીરે પોતાના ૧૧ ગણધરોને તેનો ઉપદેશ કરેલો. ધીમે ધીમે કાલદોષને લીધે આ પૂર્વ નષ્ટ થઈ ગયા. માત્ર એક ગણધર  તેમને જાણનારો રહ્યો, અને છ પેઢીઓ સુધી આ જ્ઞાન ચાલુ રહ્યું.

**ચૌદ પૂર્વોના નામ:** ઉત્પાદ પૂર્વ, અગ્રાયણી, વીર્યપ્રવાદ, અસ્તિનાસ્તિપ્રવાદ, જ્ઞાનપ્રવાદ, સત્યપ્રવાદ, આત્મપ્રવાદ, સમયપ્રવાદ, પ્રત્યાખ્યાનપ્રવાદ, વિદ્યાનુપ્રવાદ, અવંધ્ય, પ્રાણવાય, ક્રિયાવિશાલ અને બિન્દુસાર.

**આગમ:** નાન્દીસૂત્રમાં આગમોની જે યાદી આપી છે એ બધાયે આગમો હાલ ઉપલબ્ધ નથી. શ્વેતાંબર મૂર્તિપૂજ સમાજ ઉપલબ્ધ મૂળ આગમો સાથે કેટલીક નિર્યુક્તિઓને મેળવી ૪૫ આગમ માને છે અને કોઈ ૮૪ માને છે. સ્થાનકવાસી અને તેરાપંથી પરંપરા બત્રીસને જ પ્રમાણભૂત માને છે. દિગંબર સમાજ માને છે કે બધાંય આગમો લૂપ્ત થઈ ગયાં છે. સાંપ્રત સમયમાં મળતાં આગમો ૧૧ અંગ, ૧૨ ઉપાંગ, ૬ મૂળસૂત્ર, ૬ છંદસૂત્ર અને ૧૦ પ્રકીર્ણ (પઈન્ના) એમ ૪૫ વિભાગોમાં વિભક્ત છે.

જૈન આગમોની ભાષાઃ જૈન આગમોની મૂળ ભાષા અર્ધમાગધી છે.

આગમવાચનાઓઃ શ્રમણ મહાવીરના પરિનિર્વાણ પછી આગમ-સંકલનાર્થે પાંચ વાચનાઓ થઈ.

પ્રથમ વાચના–વીર નિર્વાણની બીજી શતાબ્દી (ઈ. પૂ. ૨૫૪) પાટલિપુત્રમાં આર્ય સ્થૂલભદ્રની અધ્યક્ષતામાં થઈ.

બીજી વાચના–ઈ. પૂ. બીજી સદીના મધ્યમાં સમ્રાટ ખારવેલના શાસનકાળમાં ઉડીસાના કુમારી પર્વત પર થઈ.

તૃતીય વાચના–વીર નિર્વાણ ૮૨૭ થી ૮૪૦ ની વચ્ચે મથુરામાં થઈ..

ચતુર્થ વાચના–વીર નિર્વાણ ૮૨૭ થી ૮૪૦ વચ્ચે વલભી (સૌરાષ્ટ્ર)માં આચાર્ય નાગાર્જુનની અધ્યક્ષતામાં થઈ.

પાંચમી વાચના–ઈ. ૪૫૪-૪૫૬માં દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણની અધ્યક્ષતામાં વલભીમાં થઈ. એમાં આગમોને ગ્રંથસ્થ કરાયા. ★

# ૪૫ આગમ પરિચય

*** ૧ થી ૧૧ અંગ * ૧૨ થી ૨૩ ઉપાંગ * ૨૪ થી ૩૩ પયન્ના * ૩૪ થી ૩૯ છેદ સૂત્ર * ૪૦ થી ૪૩ મૂળસૂત્ર * ૪૪-૪૫ ચૂલિકા**

| | ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|---|
| **ક્રમ** | **પ્રાકૃત નામ** | **સંસ્કૃત નામ** | **શૈલિ** | **વિષય** |
| ૦૧ | આયારંગ | આચારંગ | ગદ્ય | સંયમી જીવનના આચાર-વિચાર |
| ૦૨ | સુયગડાંગ | સૂત્રકૃત્રાંગ | પદ્ય | અહિંસાનું મંડન, ક્રિયાવાદી-અક્રિયાવાદીનું ખંડન |
| ૦૩ | ઠાણાંગ | સ્થાનાંગ | ગદ્ય | જૈન દર્શનના મુખ્યતત્ત્વોનું નિરૂપણ |
| ૦૪ | સમવાયાંગ | સમવાયાંગ | ગદ્ય | દ્વાદશાંગી, ૬૩ શલાકા પુરુષનો પરિચય |
| ૦૫ | વિવાહપણત્તી | ભગવતી | ગદ્ય | શ્રી ગૌતમસ્વામીજીના ૩૬ હજાર પ્રશ્નો |
| ૦૬ | નામ ધમ્મ કહા | જ્ઞાતા ધર્મ કથા | ગદ્ય | કથાત્મક ઉપદેશ |
| ૦૭ | ઉવાસંગ દશા | ઉપાસક દશા | કથાત્મક | ૧૦ આદર્શ શ્રાવકોના ચરિત્રો |
| ૦૮ | અંતગડ | અંતકૃદ દશાંગ | ગદ્ય | તદ્ભવ મોક્ષગામી જીવોનો પરિચય |
| ૦૯ | અણુત્તરો વવાઈ | અનુત્તરો પપાતિક | ગદ્ય | અનુત્તરવાસી દેવોનું વર્ણન |
| ૧૦ | પણ્હ વાગરણ | પ્રશ્ન વ્યાકરણ | ગદ્ય | વિધિમાર્ગ-અપવાદ માર્ગનું નિરૂપણ |
| ૧૧ | વિવાગ સુય | વિપાક સૂત્ર | ગદ્ય | કથાનક-સુખ-દુઃખ વિપાકોનો અધિકાર |
| ૧૨ | ઉવવાય | ઔપપાતિક | ગદ્ય-પદ્ય | રાજા શ્રેણિક દ્વારા દેવલોક પ્રાપ્તિનો ઇતિહાસ |
| ૧૩ | રાયપસેણિય | રાજ પ્રશ્નીય | ગદ્ય | પ્રાચીન નાટ્યકલા અને સૂર્યાભદેવની ઉત્પત્તિ |
| ૧૪ | જીવાભિગમ | જીવાભિગમ | ગદ્ય | પ્રાણી-વનસ્પતિશાસ્ત્રનું સૂક્ષ્મ વર્ણન |
| ૧૫ | પણ્ણવણા | પ્રજ્ઞાપતા | પ્રશ્ન-ઉત્તર | જીવના સ્વરૂપ, ગુણનું શબ્દ ચિત્ર |
| ૧૬ | જંબુદ્દીવ પણ્ણત્તિ | જંબુદ્વિપ પ્રજ્ઞપ્તિ | ગદ્ય | જંબુદ્વિપ સંબંધી માર્ગદર્શન |
| ૧૭ | ચંદ પણ્ણત્તિ | ચંદ્ર પ્રજ્ઞપ્તિ | ગદ્ય | ખગોળ શાસ્ત્રની દૃષ્ટિએ ચંદ્ર-નક્ષત્રના ભ્રમણનું ગણિત (રેખાદર્શન) |
| ૧૮ | સૂર પણ્ણતિ | સૂર્ય પ્રજ્ઞપ્તિ | વર્ણનાત્મક | સૂર્ય-ગ્રહ નક્ષત્રાદિની ગતિનું સૂક્ષ્મ વર્ણન |
| ૧૯ | નિરયા-વલિયા | નિરયા વલિકા | ગદ્ય | નરકગામી ૧૦ રાજકુમાર અને યુદ્ધભૂમિ |
| ૨૦ | કપ્પડવડિસિયા | કલ્પ વસંતિકા | કથાત્મક | સંયમી રાજકુમારો અને દેવલોક |
| ૨૧ | પુપ્ફિયા | પુષ્પિતા | ગદ્ય | સ્વચ્છંદી સંયમી જીવનનું પરિણામ અને ૧૦ દેવીઓ |
| ૨૨ | પુપ્ફચૂલિયા | પુષ્પચૂલિકા | ગદ્ય | ઈન્દ્ર દ્વારા ઉત્કૃષ્ટ નાટ્ય અને તેના પૂર્વ ભવનું જીવન |
| ૨૩ | વણ્હિ દસા | વૃષ્ણિ દશા | ગદ્ય | સર્વાર્થ સિદ્ધ વિમાનમાં જીવોની ઉત્પત્તિ |
| ૨૪ | દેવિંદવય | દેવેન્દ્રસ્તવ | ગદ્ય | સિદ્ધો ના સુખ-ઈન્દ્ર-ગ્રહ-નક્ષત્રાદિ વિચાર |
| ૨૫ | તંદુલ વૈયાલિક૮ | તંદુલ વૈચારિક | પદ્ય | જીવોની ૧૦ અવસ્થા તથા વૈરાગ્ય વિચાર |
| ૨૬ | ગણિવિજ્જા | ગણિવિદ્યા | પદ્ય | જ્યોતિષ અને નિમિત્ત શાસ્ત્ર |
| ૨૭ | આઉર પચ્ચક્ખાણ | આતુર પ્રત્યાખ્યાન | પદ્ય | હિતશિક્ષા અને મરણ સમાધિ |
| ૨૮ | મહા પચ્ચક્ખાણ | મહા પ્રત્યાખ્યાન | પદ્ય ૮ | પંડિત મરણ, પાંચ મહાતોનું શુદ્ધિકરણ |
| ૨૯ | ગચ્છાયાર | ગચ્છાચાર | પદ્ય | ગચ્છાચાર દ્વારા થનારા લાભો |
| ૩૦ | ભત્ત પરિણ્ણા | ભક્ત પરિજ્ઞા | પદ્ય | અનશન સ્વીકાર, અંતિમ આરાધના |
| ૩૧ | મરણ સમાહિ | મરણ સમાધિ | પદ્ય | અંત સમયના સમાધિ ભાવો |
| ૩૨ | સંથારગ | સંસ્તારક | પદ્ય | દૃષ્ટાંત સહિત સંથારનો મહિમા |
| ૩૩ | ચઉસરણ | ચતુઃશરણ | પદ્ય | ચાર શરણનું સ્વરૂપ |
| ૩૪ | દશા સુયક્ખંધ | દશા શ્રુતસ્કંધ | ગદ્ય | દેવ-ગુરુ સંબંધિ કલ્પ આચાર |
| ૩૫ | બૃહત્કલ્પ | બૃહત્કલ્પ | ગદ્ય | સં.મી જીવન અને આચાર |
| ૩૬ | વ્યવહારકલ્પ | વ્યવહાર કલ્પ | ગદ્ય | પદની યોગ્યતા, શિક્ષા વિચાર |
| ૩૭ | જીયકલ્પ | જીતકલ્પ | ગદ્ય | પ્રાયશ્ચિતના ૧૦ પ્રકાર તથા આલોચના વિચાર |
| ૩૮ | નિસીહચ્છેદ | નિસીથચ્છેદ | ગદ્ય | જ્ઞાનાદિ પાંચ આચારોને દોષોનો નિર્દેશ |
| ૩૯ | મહાનિસીહ | મહાનિશીથ | ગદ્ય | દુષ્કૃત્યની નિંદા, આલોચના, શુદ્ધિકરણ |
| ૪૦ | આવસ્સય | આવશ્યક | ગદ્ય | શ્રાવકના છ કર્તવ્યોનો મૌલિક વિચાર |
| ૪૧ | ઉત્તરજઝયણ | ઉત્તરાધ્યયન | પદ્ય | વિનય-પ્રધાન ધર્મની વાતો, સંવાદાત્મક, ઉપદેશ |
| ૪૨ | દસવૈયાલિક | દશવૈકાલિક | ગદ્યપદ્ય | મનકમુનિને ઉદ્દેશી શ્રમણ આચારોનું પ્રતિદાન |
| ૪૩ | પીંડ નિજ્જત્તિ | પિણ્ડનિયુક્તિ | ગદ્ય | સંયમીઓના કલ્પ્ય-અકલ્પ્ય એવા આહારની ચર્ચા |
| ૪૪ | નંદીસૂય | નંદીસૂત્ર | ગદ્ય | પાંચજ્ઞાન, દ્વાદશાંગીનો પરિચય |
| ૪૫ | અણુયોગદાર | અનુયોગદ્વાર | પ્રશ્નોત્તર | ચાર અનુયોગ, વ્યાકરણ, કાવ્ય, સંગીતનો પરિચય |

આગમો-ચાર અનુયોગમાં લખાયા છે :

૧. ગણિતાનુયોગ.

૨. ચરણકરણાનુયોગ.

૩. કથાનુયોગ.

૪. દ્રવ્યાનુયોગ.

**જેમાં સૂત્રના શબ્દોને છુટા પાડી, સૂત્રના અર્થને યથાર્થ રીતે વિસ્તારથી યુક્તિપૂર્વક યોજન કરી બતાવવામાં આવે, તેવા પ્રકારની રચનાને નિર્યુક્તિ કહે વાય. નિર્યુક્તિના રચયિતા ચૌદપૂર્વધર ભગવાન ભદ્રબાહુસ્વામી છે.** તે **નિર્યુક્તિના રહસ્યો** જરા વિસ્તારથી સમજાવે તેવા **ભાષ્યની** રચના કરી, એ ભાષ્યના અર્થને પણ સરળ કરીને સમજાવે તેવી **ચૂર્ણિની** રચના કરી અને જેમાં **સૂત્રના રહસ્યો ને** અત્યંત સરળતાપૂર્વક અને સહેલાઈથી સમજાવી શકાય તે માટે **વૃત્તિ** એટલે **ટીકાઓનું સર્જન** કર્યું. ભગવાન ઉમાસ્વાતિ મહારાજા વગેરે ભાષ્યકાર કહેવાય. ચૂર્ણિના રચયિતા જિનદાસ મહત્તર કહેવાય અને વૃત્તિકાર-ટીકાકાર તરીકે ભગવાન હરિભદ્રસૂરિજી, શીલાંકાચાર્ય, અભયદેવ સૂરિ, ઉપાધ્યાય યશોવિજયજી મહારાજા વગેરે ગણાવી શકાય. ★




ચૂર્ણિ ભાષ્ય સૂત્ર નિર્યુક્તિ, વૃત્તિ પરંપર અનુભવે;
સમય પુરુષના અંગ કહ્યા એ, જે છેદે તે દુર્ભવ્ય રે...ષટ્
ચાર છેદ
નિશીથ
બૃહત્કલ્પ
દશાશ્રુત સ્કંધ
વ્યવહાર સૂત્ર
આચારાંગ ઉવવાઈ
સૂયગડાંગ રાયપસેણીય
ઠાણાંગ જીવાભિગમ
સમવાયાંગ પ્રજ્ઞાપના
ભગવતી જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ
જ્ઞાતા ધર્મકથા ચંદ્રપ્રજ્ઞપ્તિ
દૃષ્ટિવાદ વહ્નિદશા
વિપાક પુષ્ફચુલિયા
પ્રશ્ન વ્યાકરણ પુષ્ફિયા
અનુત્તરોવાઈ કપ્પવડંસિયા
અંતગડ દશાંગ નિરયાવલિકા
ઉપાસક દશાંગ સૂર્યપ્રજ્ઞપ્તિ
આગમ પુરુષ
દશવૈકાલિક ઉત્તરાધ્યયન
નંદી સૂત્ર અનુયોગદ્વાર
આવશ્યક સૂત્ર
સૂત્ર

બ્રાહ્મી અને જૈન નાગરી લિપીમાં

# નવકાર મંત્ર




## સંયોજક: મુનિશ્રી શુભંકરવિજય

શ્રી દેશાઈપોળ જૈન પેઢી. સુરત




આત્મા, પરલોક, સ્વર્ગ, નરક વગેરે છે કે નહિ તે અંગે ચર્ચા કરવા, સમાધાન મેળવવા આવેલા ૧૧ વિદ્વાન બ્રાહ્મણો

Eleven learned Brahmins' arrival ti discuss about soul, he other world, heaven, hell with Bhagwan.



ચૌદરાજલોક વિશ્વના અંતે આવેલા મુક્તિસ્થાનમાં જતાં પહેલાં ભગવાને વિશ્વકલ્યાણાર્થે ૧૬ પ્રહર (૪૮ કલાક) સુધી કરેલું પ્રવચન

Bhagwan Mahavira's last sermon at Pavapuri lasting for fortyeight hours for universal welfare.

# શ્રી આચારાંગ સૂત્ર

☐ ડૉ. રશ્મિભાઈ જે. ઝવેરી

**(૧) નામ અને મહત્તાઃ**

પ્રસ્તુત આગમ દ્વાદશાંગીનું સૌથી પ્રાચીન અને સૌથી મહત્ત્વનું સૂત્ર છે. એનું નામ છે -આયારો –આચારાંગ. એમાં બધાં જ અંગોનો સાર છે. મુનિ-જીવનના આચાર આદિ માટે આ આધારભૂત સૂત્ર છે. એટલે નવદીક્ષિત મુનિને સર્વ પ્રથમ આનું અધ્યયન કરાવવામાં આવે છે. આ સૂત્ર ચરણકરણાનુયોગની કોટિમાં આવે છે, કારણ કે એમાં ચરણ-કરણ અથવા આચારનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. આચારાંગ-નિર્યુક્તિની સાતમી ગાથામાં આના 'આયાર', 'આચાલ' આદિ દસ પર્યાયવાચી નામો બતાવવામાં આવ્યાં છે.

**(૨) આચારાંગની ભાષા, રચના-શૈલીને પદ-સંખ્યા :**

આચારાંગની ભાષા અર્ધ માગધી છે જે બધાં જૈનાગમોમાં સૌથી પ્રાચીન છે. પૂર્વાર્ધમાં અર્ધ માગધીના નામ, ક્રિયાપદ, સર્વનામના જૂના રૂપો ઉત્તરાર્ધ કરતાં વધુ મળી આવે છે. આની રચના સૂત્રાત્મક શૈલીમાં છે. એના આઠમા અધ્યયનના સાતમા ઉદ્દેશક સુધીની રચના 'ચીર્ણશૈલી'માં (અર્થ-બહુલ અનેગંભીર) છે અને આઠમા ઉદ્દેશકથી નવમા અધ્યયન સુધીની રચના પદ્યાત્મક છે. આચારચૂલાના પંદર અધ્યયન મુખ્યતયા ગદ્યાત્મક છે, જ્યારે સોળમું અધ્યયન પદ્યાત્મક છે.

નિર્યુક્તિકાર અને નંદી સૂત્ર અનુસાર આચારાંગના બે **શ્રુતસ્કંધો** બતાવવામાં આવ્યા છે, જેની સંખ્યા ૧૮,૦૦૦ પદોની છે. પરંતુ હાલ ઉપલબ્ધ આગમમાં એની સંખ્યા ઓછી થઈ ગઈ છે કારણકે એના સપ્તમ અધ્યયન 'મહાપરિજ્ઞા'નો વિચ્છેદ થઈ ગયો છે.

**(૩) આચારાંગના વ્યાખ્યાગ્રંથો :**

૧. સૌથી પ્રાચીન વ્યાખ્યાગ્રંથ છે દ્વિતીય ભદ્રબાહુ રચિત **નિર્યુક્તિ,** જેનો રચનાકાળ છે વિક્રમની છટ્ઠી શતાબ્દી. પદ્યમય રચાયેલી નિર્યુક્તિનું શબ્દ-શરીર સંક્ષિપ્ત છે પણ દિશાસૂચન અને ઐતિહાસિક દૃષ્ટિએ એ અત્યંત મહત્ત્વપૂર્ણ છે. ત્યાર પછીના બધાં જ વ્યાખ્યાગ્રંથોનો એ આધાર છે.

૨. જિનદાસ મહત્તરકૃત **ચૂર્ણિ** આનો બીજો વ્યાખ્યાગ્રંથ છે. એ ગદ્યમય છે.

૩. આનો ત્રીજો વ્યાખ્યાગ્રંથ છે શ્રી શીલાંગસૂરિની **ટીકા** જે ઉપલબ્ધ ગ્રંથોમાં સૌથી વિસ્તૃત છે. ઉપર્યુક્ત ત્રણ મુખ્ય વ્યાખ્યાગ્રંથો ઉપરાંત નીચેના ગ્રંથો ઉલ્લેખનીય છે.

૪. અચલગચ્છના મેરુતુંગસૂરિના શિષ્ય માણિક્ય-શેખરસૂરિ કૃત **દીપિકા.**

૫. ખરતરગચ્છના જિનસમુદ્રસૂરિના પટ્ટધર જિનહંસસૂરિકૃત **દીપિકા.**

૬. હર્ષકલોલના શિષ્ય લક્ષ્મીકલ્લોકૃત અવચૂર્ણિ.

૭. પાર્શ્વચંદ્રસૂરિકૃત બાલાવબોધ

૮. શ્રીમદ્ જયાચાર્ય (૧૯મી સદી)કૃત રાજસ્થાની ભાષામાં પ્રથમ શ્રુતસ્કંધનો પદ્યમય વ્યાખ્યાગ્રંથ તથા એમના દ્વારા રચિત આચારચૂલા પર **વાર્તિક** જેમાં ચર્ચાસ્પદ વિષયો પર મહત્ત્વપૂર્ણ સ્પષ્ટીકરણ છે.

૯. શ્રી સંતબાલજીકૃત ગુજરાતી અનુવાદ

૧૦. આચાર્ય મહાપ્રજ્ઞકૃત આચારાંગ-ભાષ્ય મૂળ હિંદીમાં અને એનો અંગ્રેજી અનુવાદ પણ પ્રકાશિત થયો છે.

**(૪) આચારાંગના અધ્યયનોનો સાર :**

(I) પ્રથમ શ્રુતસ્કંધના ૯ અધ્યયનો છે-

**૧. શસ્ત્રપરિજ્ઞા**-(ઉદ્દેશક સાત–સૂત્ર સંખ્યા ૧૭૭). આમાં મુખ્ય જીવ-સંયમ અને હિંસાના વિવેક પર ચર્ચા છે. એના ચાર અર્થાધિકારો છે - જીવ (આત્મા), ષટ્જીવનિકાય-પ્રરૂપણા, બંધ અને વિરતિ. આચારશાસ્ત્રીય દૃષ્ટિકોણ રજૂ કરતાં આ અધ્યયનમાં આચાર એટલે કે પરિજ્ઞા, વિરતિ અથવા સંયમની ચર્ચા છે. જૈનદર્શનનો પાયો જ અહિંસા છે. એ સમજવા ષડ્જીવનિકાયના સૂક્ષ્મ નિરૂપણ દ્વારા છકાય જીવોની હિંસા-વિરતિ માટે આ અધ્યયન મહત્ત્વનું છે.

(૨) **લોક વિજય અથવા લોક વિચય**-(ઉદ્દેશક છ–સૂત્ર સંખ્યા ૧૮૬). આમાં અપરિગ્રહ અને લોકવિજયની ચર્ચા છે. જૈન ધર્મમાં આરંભ (હિંસા) અને પરિગ્રહ (મમત્વ)ને કર્મબંધના મૂળ કારણ માનવામાં આવે છે. ચૂર્ણિકારે 'લોક'નો અર્થ 'કષાયલોક' કર્યો છે. નિર્યુક્તિકાર અનુસાર આમાં નીચેના વિષયો આવરી લેવાયા છે.

(૧) સ્વજનોમાં અને ભોગોમાં આસક્તિત્યાગ (૨) અશરણ ભાવના અને અપ્રમાદ (૩) અરતિથી નિવૃત્તિ (૪) સમતા, માનત્યાગ અને ગોત્રવાદની નિરર્થકતા (૫) પરિગ્રહ અને એના દોષો (૬) ભિક્ષામીમાંસા અને આહારની અનાસક્તિ (૭) કામમુક્તિ અને કામ-ચિકિત્સા (૮) સં યમની સુ દઢતા અને (૯) ધર્મ કથા.

(૩) **શીતોષ્ણીય**- (ઉદ્દેશક ચાર-સૂત્ર સંખ્યા ૮૭).

આમાં ત્યાગમાર્ગની આવશ્યકતા અને ત્યાગના ફળની ચર્ચા છે. સંયમજીવનમાં આવતાં અનુકૂળ પરિષહો (શીત) અને પ્રતિકૂળ પરીષહો (ઉષ્ણ)–એમ બાવીસ પરિષહોમાં સમતાનો તથા સુખદુઃખમાં તિતિક્ષા-સહિષ્ણુતાનો ઉપદેશ છે. આમાં ક્રમશઃ સુપ્ત અને જાગૃ ત, પરમ-બોધ, પુરુષની અને કચિત્તતા, સંયમાચરણ, અધ્યાત્મ અને કષાય-વિરતિના સૂત્રો છે.

**(૪) સમ્યક્ત્વ**-(ઉદ્દેશક ચાર-સૂત્ર સંખ્યા ૫૩).

આમાં અહિંસા, ધર્મ અને તપનું વિવરણ છે. બધાં અધ્યયનોમાં આનું સ્થાન ગૌરવપૂર્ણ છે કારણકે સમ્યક્ત્વથી જ કષાયોનું વમન થાય છે અને એ જ ધર્મ છે. આના ચાર ઉદ્દેશકો છે–સમ્યગ્વાદ, ધર્મ -પ્રવાદિયોની પરીક્ષા, નિર્વદ્ય તપનું વર્ણન અને નિયમન અથવા સંયમનું કથન.

**(૫) લોકસાર**-(ઉદ્દેશક છ-સૂત્ર સંખ્યા ૧૪૦).

આદાનપદ અનુસાર આનું ખરું નામ 'આવંતી' છે. એના છ ઉદ્દેશકના વિષયો છે–

૧. જે હિંસક છે, વિષયો માટે આરંભ કરવાવાળો છે તથા એકલો

વિચરે છે તે મુનિ નથી હોતો. (ચારિત્ર પ્રતિપાદન).
૨. મુનિ વિરત હોય છે (ચારિત્ર ખીલવવાના ઉપાયો).
૩. જે વિરત હોય તે જ અપરિગ્રહ અને કામ ભોગોથી ઉદાસીન હોય છે. (વસ્તુ-વિવેક-અનાસક્તિની વ્યવહારુ મીમાંસા).
૪. અવ્યક્ત મુનિ (સૂત્ર અને અર્થથી અજ્ઞાત)ના સાધનાકાળમાં ઉત્પન્ન થતાં દોષોનું વર્ણન. સ્વચ્છંદતાથી સાધકનું ઘોર પતન થાય છે.
૫. જ્ઞાન, દર્શન અને ચારિત્રથી પરિપૂર્ણ મુનિમાં તપ, સંયમ, ગુપ્તિ અને નિઃસંગતા હોય છે.
૬. ઉન્માર્ગ છોડી રાગ-દ્વેષનો ત્યાગ કરી સત્પુરુષની આજ્ઞામાં ચાલવું જોઈએ.

**(૬) ધૂત**-(ઉદ્દેશક પાંચ-સૂત્ર સંખ્યા ૧૧૩).

નિર્જરાના હેતુને 'ધૂત' કહેવામાં આવે છે. ધૂતવાદ એ કર્મનિર્જરાનો સિદ્ધાંત છે. શરીર, ઉપકરણો અને સ્વજનો–આ બધાં 'પર' છે; આ બધાં પરથી મમત્વનો ત્યાગ કરવાથી જ ધૂતસાધના થાય છે. જેની આત્મપ્રજ્ઞા જાગૃત છે તેજ આની સાધના કરી શકે છે. આના પાંચ ઉદ્દેશકોના વિષયો છે-૧. પૂર્વગ્રહો છોડી સ્વજનો પ્રત્યેના મમત્વ ભાવમાં પ્રકંપન, ૨. કર્મ ધૂત–કર્મ પુદ્‌ગલોમાં પ્રકંપન, ૩. શરીર-ઉપકરણ ધૂત, ૪. ગૌરવ-ધૂત અને ૫. ઉપસર્ગ ધૂત.

**(૭) મહાપરિજ્ઞા**-કમનસીબે આ અધ્યયન આજે ઉપલબ્ધ નથી. એમાં મહાન પરિજ્ઞાઓ–મહાન વિદ્યાઓ બધાં સાધકોને જાણવા યોગ્ય ન હોવાથી પૂર્વાચાર્યોએ એના પર પ્રતિબંધ લગાવ્યો હોય એમ લાગે છે.

**(૮) વિમોક્ષ**-(ઉદ્દેશક આઠ-સૂત્ર સંખ્યા ૧૩૦, ગાથા ૨૫)

આમાં સંબંધ આદિના અને શરીરના વિમોક્ષ (વિસર્જન)ની વિધિ બતાવવામાં આવી છે. એના આઠ ઉદ્દેશકોના વિષયો છે-(૧) અસમનોજ્ઞ–અન્ય તીર્થિકોનો પરિત્યાગ, ૨. અકલ્પનીય આહાર આદિનો ત્યાગ, ૩. આશંકાનો ત્યાગ, ૪. ઉપકરણ અને શરીરનો વિમોક્ષ તથા અનુજ્ઞાન મરણવિધિનો નિર્દેશ, ૫. ગ્લાનિ અને ભક્તપરિજ્ઞા અનશન, ૬. એકત્વ અને ઇંગિત મરણ અનશન, ૭. પ્રતિમાઓ અને પાયોપગમન અનશન અને ૮. સંલેખનાપૂર્વકની અનશનવિધિ.

**(૯) ઉપધાન શ્રુત**-(ચાર ઉદ્દેશક – ૭૦ ગાથા)

આમાં ભગવાન મહાવીરની સાધનાકાળની તપશ્ચર્યા (ઉપધાન)નું તથા એમના આચરણનું વર્ણન છે. એના ચાર ઉદ્દેશકોના વિષયો છે- ૧. ચર્યા (વિહાર), ૨. શય્યા (વિહાર સ્થાનો), ૩. પરીષહ (સહિષ્ણુતા) અને ઊણો દરી આદિ તપ. સંક્ષેપમાં આમાં ભગવાનની સમાધિ, દુઃખની સહનશીલતા અને સહિષ્ણુતાનું વર્ણન છે.

**(II) દ્વિતીય શ્રુતસ્કંધ-આચારચૂલા**

આમાં ૧૬ અધ્યયનો છે–પિંડેષણા, શય્યેષણા ઈર્યા, ભાષાજાત, વસ્ત્રૈષણા, પાત્રૈષણા, અવગાહ પ્રતિમા, સ્થાન સપ્તક, નિષીધિકા સપ્તક, ઉચ્ચર પ્રસવણ સપ્તક, શબ્દ અને રૂપ સપ્તક, પરક્રિયા– અન્યોન્ય ક્રિયા, ભાવના (આમાં ભગવાનનું જીવન-ચરિત્ર અને ઉપદેશનું પ્રતિપાદન છે) અને વિમુક્તિ–બંધન-મુક્તિના ઉપાયો.

**(૫) આચારાંગના સુભાષિતો-અગત્યનાંર સૂત્રો**

(૧) અટ્ટે લોએ–મનુષ્ય પીડિત છે.

(૨) પણયા વીરા મહાવીહિ–વીર પુરુષ મહાપથ પ્રતિ પ્રણત હોય છે.

(૩) ખણં જાણાહિ પંડિએ–પંડિત! તું ક્ષણને જાણ (સમયની કિંમત આંકો)

(૪) દુક્ખં પત્તેયં સાયં–સુખ-દુઃખ પોતપોતાના હોય છે.

(૫) ણો હવ્વાએ, ણો પરાએ-(વિષયાસક્ત) વ્યક્તિ ન અહિંની રહે છે કે ન ત્યાંની.

(૬) ણત્થિ કાલસ્સ ણા ગમો–મૃત્યુ કોઈ પણ ક્ષણે આવી શકે છે.

(૭) સવ્વેસિં જીવિયં પિયં–બધાંને જીવન પ્રિય છે.

(૮) ઉદ્દેસો પાસગસ્સ ણત્થિ-દૃષ્ટા (સમ્યક્ દૃષ્ટિવાન) માટે કોઈ ઉપદેશ નથી હોતો.

(૯) અણહા ણં પાસએ પરિહરે જ્જા–જે તત્ત્વદર્શી હોય તે વસ્તુઓનો ભોગ-ઉપભોગ અન્ય રીતે કરે.

(૧૦) પુરિસા! તુમ મેવ તુમં મિત્તં, કિં બહિયા મિત્ત મિચ્છસિ–હે પુરુષ, તુંજ તારો મિત્ર છે, તો પછી બહાર મિત્રને શા માટે શોધે છે?

(૧૧) પુરિસા! અત્તાણમેવ અભિણિગિજ્ઝ, એવં દુઃખાપ મોક્ખસિઃ–હે પુરુષ તું તારા જ આત્માનો નિગ્રહ (સંયમ) કર. આમ કરવાથી તું દુઃખથી મુક્ત થઈ જશે.

(૧૨) જે એગ્ગં જાણઈ સે સવ્વં જાણઈ, જે સવ્વં જાણઈ સે એગ્ગં જાણઈ. જે એકને જાણે છે તે બધાંને જાણે છે, જે બધાંને જાણે છે તે એકને જાણે છે.

(૧૩) સવ્વતો પમત્તસ્સ ભયં, સવ્વતો અપમત્તસ્સ ણત્થિ ભયં– પ્રમાદીને ચારે બાજુથી ભય હોય છે; અપ્રમાદીને કોઈ જાતનો ભય નથી હોતો.

## શ્રી સૂયગડાંગ સૂત્ર

**(૧) નામબોધ અને વિષયવસ્તુ** :

દ્વાદશાંગીમાં બીજું આગમ છે–'સૂયગડો'–સૂયગડાંગ સૂત્ર. નિર્યુક્તિકારે આના ત્રણ ગુણનિષ્પન્ન નામો બતાવ્યાં છે–૧. સૂતગડ=સૂતકૃત, ૨. સૂત્તકડ=સૂત્રકૃત અને ૩. સૂયગડ =સૂચાકૃત. સમવાયાંગ, નંદી અને અનુયોગદ્વારમાં આનું નામ 'સૂયગડો'-સુયગડાંગ છે.

આના બે શ્રુતસ્કંધો છે. પ્રથમમાં સોળ અને દ્વિતીયમાં સાત ઉદ્દેશકો (અધ્યયનો) છે. સમવાયાંગમાં એનું પદપ્રમાણ છત્રીસ હજાર બતાવવામાં આવ્યું છે. આ મુખ્યતયા 'ચરણકરણાનુયોગ'ની શ્રેણીમાં છે કારણકે એ આચારશાસ્ત્ર છે. પણ શીલાંકસૂરિએ એને દ્રવ્યાનુયોગની કોટિમાં મુક્યું છે. કારણ એમાં જૈનદર્શનના તત્ત્વનું અને અન્ય તીર્થિકોના સિદ્ધાંતોનું વિવરણ છે.

(૨) **રચનાકાર, રચનાકાળ, ભાષા અને શૈલી :**

આના પ્રથમ શ્રુતસ્કંધની રચના ઈ. સ. પૂર્વે પાંચમી–છઠ્ઠી શતાબ્દીમાં શ્રી સુધર્માસ્વામીએ કરી હતી. દ્વિતીય શ્રુતસ્કંધ વિષે કોઈ આધારભૂત માહિતી મળતી નથી. પ્રથમ શ્રુતસ્કંધ પદ્યશૈલીમાં છે, જ્યારે દ્વિતીયનો મોટો ભાગ ગદ્યશૈલીમાં લખાયેલો છે. આ આગામમાં રૂપક અને દૃષ્ટાંતોનો સુંદર પ્રયોગ જોવા મળે છે.

આની ભાષા પ્રાચીન અર્ધમાગધી અને અનેકદેશીય છે. એમાં માગધી ભાષાના વિશેષ પ્રયોગો જોવા મળે છે.

(૩) **સૂયગડાંગના વ્યાખ્યાગ્રંથો** :

**(૧) નિર્યુક્તિ:** દ્વિતીય ભદ્રબાહુ સ્વામી (વિક્રમની પાંચમી–છઠ્ઠી શતાબ્દી)એ ૨૦૬ ગાથાઓમાં રચેલો આ સૌથી પ્રાચીન વ્યાખ્યાગ્રંથ છે, જે બીજા બધાં વ્યાખ્યાગ્રંથો માટે આધારભૂત છે. પ્રાકૃત ભાષામાં અને પદ્યાત્મક શૈલીમાં રચાયેલા આ ગ્રંથમાં અનેક મહત્ત્વપૂર્ણ ઐતિહાસિક સૂચનાઓ અને સંકેતો છે.

**(૨) ચૂર્ણિ:** જિનદાસગણિકૃત પ્રાકૃત–સંસ્કૃતના મિશ્રિતરૂપ ભાષામાં રચાયેલી અને ગદ્યાત્મક શૈલીમાં રચાયેલી ચૂર્ણિ આગમના આશયને પ્રગટ કરે છે.

**(૩) વૃત્તિ:** શીલાંકસૂરિકૃત વૃત્તિ ઈસુની આઠમી સદીમાં સંસ્કૃત ભાષામાં રચાયેલી છે.

**(૪) દીપિકા:** ઉપાધ્યાય સાધુરંગે સંસ્કૃત ભાષામાં ઈ. સ. ૧૫૪૨માં આની રચના કરી હતી.

**(૫) વિવરણ:** હર્ષકુલે ઈ. સ. ૧૮૨૬માં સંસ્કૃત ભાષામાં આની રચના કરી હતી.

**(૬) સ્તબક:** ગુજરાતી ભાષામાં પાર્શ્વચંદ્રસૂરિએ આની રચના કરી હતી.

**(૭) વિસ્તૃત વિવેચન અને ટીકા**–આચાર્ય તુલસીના વાચના–પ્રમુખત્વમાં આચાર્ય મહાપ્રજ્ઞે ૧૯૮૪માં પ્રસ્તુત આગમનો આદ્યોપાંત હિંદી અનુવાદ કરી પ્રત્યેક અધ્યયનની ભૂમિકા અને વિસ્તૃત ટિપ્પણો સહિત વિવેચનકર્યું છે. ડૉ. રશ્મિભાઈ ઝવેરીએ આનો ગુજરાતી અનુવાદ કર્યો છે.

**(૪) આગમ વિષય-સાર : પ્રથમ શ્રુતસ્કંધ**

પ્રથમ સ્કંધના સોળ અધ્યયનો છે-

**(૧) સમય** (સૂત્ર ૮૮). સમય એટલે દાર્શનિક સિદ્ધાંત. સ્વ સમય એટલે જૈન-દર્શનના અને પર સમય એટલે જૈનેતર દર્શનના સિદ્ધાંતોનું પ્રતિપાદન આમાં છે. જૈન સિદ્ધાંતોમાં બોધિ (સમ્યક્ત્વ)નું મહત્ત્વ, કર્મબંધનનાં મુખ્ય કારણો, બંધનમુક્તિના માર્ગો, આદિનું પ્રતિપાદન છે. પછી પંચમહાભૂતવાદ આદિ દસ વાદોની ચર્ચા કરી એકાંતવાદી દર્શનોની નિસ્સારતા બતાવી છે. જૈનદર્શનનો આત્મપ્રવાદ, લોકસ્વરૂપ અને અહિંસાની ચર્ચા કરી છે.

**(૨) વૈતાલીય (વૈતાલિક)** (સૂત્ર સંખ્યા–૭૬)

આ અધ્યયનની રચના 'વૈતાલીય' છંદમાં કરવામાં આવી છે.

આના પ્રારંભમાં ભગવાન ઋષભદેવ તેમના અઠ્ઠાણુ પુત્રોને ઉપદેશ આપતાં કહે છે કે પ્રાણીની ભોગ ભોગવવાની ઈચ્છા અનંત છે જે ક્યારેય પણ પદાર્થના ઉપભોગથી શાંત કરી શકાતી નથી. એ માટે આ અધ્યયન દ્વારા વૈરાગ્યને વધારવા માટે અને સંબોધિને પ્રાપ્ત કરી સમાધિમય બનાવવા માટેના સુંદર ઉપાયો દર્શાવે છે.

(૩) **ઉપસર્ગ-પરિજ્ઞા** (સૂત્ર સંખ્યા–૮૨)

આમાં સંયમ-માર્ગમાં આવતાં અનુકૂળ અને પ્રતિકૂળ ઉપસર્ગો-પરીષહો-ઉપદ્રવોનું જ્ઞાન કરી, એના પર વિજય મેળવી, સમતા રાખવાની ચર્ચા છે. આમાં ચાર ઉદ્દેશક અને ૮૨ શ્લોક છે. પ્રથમમાં ઠંડી, ગરમી, યાચના, વધ, આક્રોશ, સ્પર્શ, લોચ, બ્રહ્મચર્ય, વધ-બંધન આદિ પ્રતિલોમ (પ્રતિકૂળ) ઉપસર્ગોનું નિરૂપણ છે. બીજામાં સૂક્ષ્મ પ્રકારના અનુકૂળ ઉપસર્ગો–સંગ, વિઘ્ન અને વિક્ષેપ–દ્વારા થતી માનસિક વિકૃતિનું વર્ણન છે. ત્રીજામાં અધ્યાત્મમાં થવાવાળા વિશાદનું કારણ-નિવારણ છે અને ચોથામાં કુતીર્થિકોના કુતર્કોથી માર્ગ ભૂલેલા લોકોની યથાર્થ અવસ્થાનું નિરૂપણ છે.

(૪) **સ્ત્રી-પરિજ્ઞા**-(સૂત્ર-સંખ્યા ૫૬) આમાં સ્ત્રી દ્વારા ઉત્પન્ન અનુકૂળ પરીષહોથી થતા વિષમ પરિણામનું સુંદર વર્ણન છે. સ્ત્રી-સંગ (પરિચય) કરવાથી મુનિ સ્ત્રીને વશ થઈ જાય છે પછી એ અનેક વિડંબનાઓમાં ફસાઈ જઈ સંયમ-માર્ગથી ભ્રષ્ટ થઈ જાય છે. કામવાસનાથી વિરક્ત થવાની આમાંથી પ્રેરણા મળે છે.

(૫) **નરક-વિભક્તિ** (સૂત્ર સંખ્યા ૫૨) આમાં નરક-ઉત્પત્તિના કારણો, નરકનું સ્વરૂપ, એની વેદનાઓ, સાત નારકીના નામો તથા એનું વર્ણન, આદિનો તાદૃશ ચિતાર આપવામાં આવ્યો છે. પ્રથમ ત્રણ નરકોમાં જીવો ત્રણ પ્રકારની વેદના ભોગવે છે-પંદર પરમાધિર્મક દેવો દ્વારા ઉત્પન્ન કરેલી, પરસ્પર ઉત્પન્ન કરેલી અને નરકના ક્ષેત્ર-વિશેષ ક્ષેત્ર વિપાકી સ્થાનને લીધે ઉત્પન્ન થયેલી વેદનાઓ. બાકીની ચાર નારકીઓમાં પછીની બે પ્રકારની પણ ભયંકર વેદનાઓ ભોગવવાની હોય છે. વેદનાનું વર્ણન રૂંવાટા ઊભા કરે એવું છે.

(૬) **મહાવીર સ્તુતિ** (સૂત્ર સંખ્યા ૨૯) આ અધ્યયનમાં ભગવાન મહાવીરની, એમના ગુણો અને શ્રેષ્ઠતા બતાવી, સ્તુતિ કરવામાં આવી છે. પ્રથમ શ્લોકના પ્રથમ શબ્દ 'પુંચ્છિસુ' ઉપરથી આનું નામ 'પુંચ્છિસુણ' પણ પ્રચલિત છે. ૨૯ શ્લોકોમાં ભગવાનને અનેક ઉપમાઓ આપવામાં આવી છે.

(૭) **કુશીલ-પરિભાષિત** (સૂત્ર ૩૦). આમાં શિથિલાચારી સાધુની ઓળખ, એનો સ્વભાવ, આચાર-વ્યવહાર, અનુષ્ઠાન અને એના પરિણામો સમજાવવામાં આવ્યા છે. આમાં છકાયના જીવોની ધર્મના નામે હિંસા કરનારા અજ્ઞાની સાધુઓની ચર્ચા કરી શુદ્ધ સાધુના આચાર સંબંધી ચર્ચા કરવામાં આવી છે.

(૮) **વીર્ય:** (સૂત્ર સંખ્યા ૨૭) આમાં તમામ પ્રકારના વીર્યબળ-શક્તિનું વર્ણન છે. વીર્યના બે મુખ્ય પ્રકાર છે-સકર્મવીર્ય અને અકર્મ વીર્ય. પ્રમાદી-અજ્ઞાની-અબુધ જીવો સકર્મ વીર્યમાં પરાક્રમ કરી કર્મ બાંધે છે, જ્યારે અપ્રમાદી-જ્ઞાની-બુદ્ધ જીવો અકર્મ વીર્યમાં શુદ્ધ પરાક્રમ કરી કર્મ-બંધનથી મુક્ત થાય છે.

(૯) **ધર્મ** (સૂત્ર ૩૬). આ અધ્યયનના છત્રીસ શ્લોકોમાં શ્રમણના મૂળગુણો અને ઉત્તર ગુણોની વિગતવાર ચર્ચા ઉપરાંત ભાષાનો વિવેક, સંસર્ગ-વર્જન આદિ વિષયો છે.

(૧૦) **સમાધિ** (સૂત્ર ૨૪). આના ચોવીસ શ્લોકોમાં સમાધિ

એટલે કે સમાધાન, તુષ્ટિ (સંતોષ) અથવા અવિરોધનું વિવેચન છે. આમાં સમાધિનું લક્ષણ અને અસમાધિના સ્વરૂપનું તથા સમાધિના ત્રણ મુખ્ય ભાગો-ચારિત્ર, મૂળ ગુણ અને ઉત્તર ગુણનું વર્ણન છે.

(૧૧) **માર્ગ** (સૂત્ર ૩૮). આના ૩૮ શ્લોકોમાં માર્ગ એટલે કે ભગવાન મહાવીરની સાધના પદ્ધતિ, મોક્ષમાર્ગ, અહિંસાવિવેક, એષણા-વિવેક, વાણી-વિવેક તથા માર્ગની પ્રાપ્તિના ઉપાય અને ચરમ ફળની ચર્ચા છે.

(૧૨) **સમવસરણ** (સૂત્ર ૨૨). આના બાવીસ શ્લોકોમાં ક્રિયાવાદ, અક્રિયાવાદ, અજ્ઞાનવાદ અને વિનયવાદ–આ ચાર વાદોની કેટલીક માન્યતાઓની સમાલોચના કરી યથાર્થનો–સત્યનો નિર્ણય કરવામાં આવ્યો છે.

(૧૩) **યથાતથ્ય**–(સૂત્ર ૨૩), આના ત્રેવીસ શ્લોકોમાં નિર્વાણના સાધક બાધક તત્ત્વો, શિષ્યના ગુણદોષો તથા અનેક મદસ્થાનોનું યથાર્થ વર્ણન છે.

(૧૪) **ગ્રન્થ (પરિગ્રહ).** આના ૨૭ શ્લોકોમાં ગ્રંથ (પરિગ્રહ) છોડીને ભાવગ્રંથ (શ્રુતજ્ઞાન)ને પ્રાપ્ત કરીને શિષ્યે ગુરુ કુલાવાસમાં કેમ રહેવું તથા એના પરિણામની ચર્ચા છે.

(૧૫) **યમકીય :** આના 'યમક' અલંકારવાળા ૨૫ શ્લોકોમાં દર્શનાવરણ (આદિ ચાર ઘાતી) કર્મનો અંત કરનારા ત્રિકાળજ્ઞસર્વજ્ઞ બને છે અને ભાવના-યોગથી શુદ્ધ થઈ નિર્વાણ પામે છે એનું વર્ણન છે.

(૧૬) **ગાથા** આ અધ્યયનના ગદ્યમય છ સૂત્રોમાં પૂર્વના પંદર અધ્યયનોનો સાર આપી ગુણ–સંપન્ન મુનિની ગાથા-પ્રશંસા કરવામાં આવી છે અને સંયમી મુનિ માટે વાપરવામાં આવેલાં માહણ, શ્રમણ, ભિક્ષુ અને નિર્ગ્રંથનું વર્ણન છે.

|| **દ્વિતીય શ્રુતસ્કંધ :**

આના સાત અધ્યયનો છે.

૧. **પુંડરિક:** આ ગદ્યમય અધ્યયન પુંડરિક (સફેદ કમળ)ના ૭૨ સૂત્ર છે. આમાં સરોવરમાં આવેલાં સફેદ કમળના માધ્યમથી ધર્મ, ધર્મતીર્થ અને નિર્વાણના મહત્ત્વને સમજાવવામાં આવ્યું છે. પ્રાસંગિક રૂપે સમજાવવામાં આવ્યું છે કે અપ્રત્યાખ્યાન પાપકર્મ બંધનું મૂળ છે અને પ્રત્યાખ્યાન કર્મ મુક્તિનો માર્ગ છે. જૈનદર્શનની મૌલિક માન્યતા છે કે અપ્રત્યાખ્યાની-આતી જીવ પાપાચરણ કરે કે ન કરે તો પણ એને નિરંતર કર્મબંધ થાય છે. આમ ત્રણ યોગ અને પાંચ ઈન્દ્રિયમય જગતથી ખસી જઈ ઈન્દ્રિયાતીત ચેતનાના આધાર પર કર્મના બંધ-અબંધનો આધાર છે .

**૫. આચારશ્રુત :** આની ૩૩ ગાથાઓમાં અનાચાર ત્યાગનો ઉપદેશ છે. અનાચારનું મૂળ કારણ એકાંતવાદ છે એ સિદ્ધાંતનું પ્રતિપાદન સમ્યક્ આચાર અને વાક્ આચાર (વાણી વિવેક)નું વર્ણન છે.

**૬. આર્દ્ર કીય :** આની ૫૫ ગાથાઓમાં આજીવક મતના આચાર્ય ગોશાલક, બૌદ્ધ ભિક્ષુ, વેદાંતી બ્રાહ્મણ, સાંખ્ય દર્શનના પરિવ્રાજક અને હસ્તિતાપસ–આ પાંચ મતાવલંબીઓ સાથે થયેલા પ્રશ્નોત્તરમાં મુનિ આર્દ્રકે તેમને નિર્ગ્રંથ પ્રવચન અનુસાર સમાધાન આપ્યું તેનું વર્ણન છે.

**૭. નાલંદીય:** આના ૪૧ ગદ્યાત્મક સૂત્રોમાં રાજગૃહ નગરના નાલંદા નામના ઉપનગરમાં ભગવાન મહાવીરના ગણધર ગૌતમ અને પાર્શ્વ પરંપરાના શ્રમણ ઉદક પેઢાલપુત્ર વચ્ચે થયેલાં પ્રશ્નોત્તર દ્વારા શ્રાવક ધર્મનું પ્રતિપાદન છે.

**ઉપસંહાર :** પ્રસ્તુત આગમમાં સ્વ સમય (જૈનદર્શન) અને પરસમય અન્ય તર્થિકો અથવા (જૈનેતર દર્શનો)ના વિષયની, સાધુઓના આચાર અને અનાચારના વિષયોની તથા અંતમાં શ્રાવકવિધિ, શ્રાવકાચાર આદિની સુંદર ચર્ચા દૃષ્ટાંતો દ્વારા રજૂ કરી, કર્મ બંધનથી મુક્ત થવાના ઉપાયો બતાવવામાં આવ્યા છે. આમ દ્વાદશાંગીનું આ અતિ મહત્ત્વનું સૂત્ર છે.

# શ્રી ઠાણાંગ સૂત્ર

## (૧) નામ અને વિષય વસ્તુ :

દ્વાદશાંગીમાં ત્રીજું મહત્ત્વનું સૂત્ર છે -'સ્થાન' (પ્રા. ઠાણં). આમાં સંખ્યાના આધારે એક સ્થાનથી લઈને દસ સ્થાન સુધી જીવ અને પુદ્ગલના વિવિધ ભાવોનું વર્ણન છે. આનો મુખ્ય ઉદ્દેશ છે કે સંખ્યાના આધારે એક દ્રવ્યના સંગ્રહનય અને વ્યવહારનયની દૃષ્ટિથી અનેક વિકલ્પ કરવા.

સંગ્રહનય અભેદદષ્ટા છે તેથી બધામાં એકતા જુએ છે, જ્યારે વ્યવહારનય ભેદદષ્ટા હોવાથી બધામાં ભિન્નતા જુએ છે. આમ આના પ્રથમ સ્થાનમાં સંગ્રહનયની દૃષ્ટિએ સંકલન છે અને બાકીના નવ સ્થાનોમાં વ્યવહારનયની દૃષ્ટિથી બે, ત્રણ યાવત્ દસ સુધીના વિકલ્પો કરવામાં આવ્યા છે. આમાં વિવિધ વિષયોનું સંકલન માત્ર હોવાથી કોઈ નિશ્ચિત ક્રમ નથી. બૌધ્ધ પિટકોમાં જે સ્થાન અંગુત્તરનિકાયનું છે તે જ સ્થાન દ્વાદશાંગીમાં ઠાણાંગનું છે.

**રચનાકાર, રચનાકાળ, ભાષા અને શૈલી :**

પ્રસ્તુત આગમની રચના ઈ. પૂ. છઠ્ઠી શતાબ્દીમાં શ્રી સુધર્માસ્વામીએ કરી હતી. પણ સંકલનકાળની દૃષ્ટિએ એનો સમય ઈસુની ચોથી શતાબ્દી છે. આની ભાષા પ્રાકૃત અને શૈલી સૂત્રાત્મક છે. કોઈ જગાએ ગદ્યાત્મક વર્ણન પણ જોવા મળે છે.

**આગમ-સાર અને સૂત્ર સંખ્યા :**

**૧. પ્રથમ સ્થાન (અધ્યયન).** આના ૨૫૬ સૂત્રોમાં સંગ્રહનયની અને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની દૃષ્ટિથી વસ્તુતત્ત્વનો વિચાર કરવામાં આવ્યો છે. જેમકે દ્રવ્યથી આત્મા એક છે, ક્ષેત્રથી જંબૂદ્વીપ એક છે, કાળથી એક સમયમાં એક જ મન હોય છે અને ભાવ (પર્યાય, અવસ્થાભેદ)થી શબ્દ એક છે. આમાં દ્રવ્યાનુયોગ મુખ્ય હોવાથી તત્ત્વવાદ સિવાય કેટલાંક સૂત્રો

આચાર (ચરણકરણાનુયોગ)ના પણ છે. એમાં ઐતિસાહિક તથ્ય (જેમકે ભગવાન મહાવીર એકલા જ નિર્વાણ પામ્યા હતા)ની સૂચના, કાળચક્ર, જ્યોતિશ્ચક્ર, જંબૂદ્વીપ, આદિ વિષયોની ચર્ચા છે. આકારમાં નાનો પણ આધાર-સંકલનની દૃષ્ટિથી આની ઘણી મહત્તા છે.

૨. **દ્વિતીય સ્થાન:** આના ૪૬૪ સૂત્રો અને ચાર ઉદ્દેશકોમાં બેની સંખ્યાથી સંબંધિત વિષયોની ચર્ચા છે. જૈનદર્શન દ્વૈતવાદી છે, એના અનુસાર મૂળ તત્ત્વો બે જ છે–ચેતન અને અચેતન. બાકી બધાં બેના જ અવાંતર પ્રકારો છે. પ્રથમ સ્થાનમાં માત્ર અદ્વૈત અને પ્રસ્તુત સ્થાનમાં દ્વૈતનુ ં પ્રતિપાદન છે. આનુ ં પ્રથમ સૂત્ર-દ્વિપદાવતાર પદ–આ સ્થાનની સંક્ષિપ્ત રૂપરેખા છે. બાકી બીજાં બધાં સૂત્રો આનો જ વિસ્તાર છે. આ પ્રથમ સૂત્રમાં કહેવામાં આવ્યું છે કે લોકમાં જે કંઈ છે એ બધું બે-બે પદોમાં અવતરિત છે. જૈન ન્યાયનો એક તર્ક છે કે જે સાર્થક શબ્દ હોય છે એનો પ્રતિપક્ષ હંમેશ હોય જ છે. જેમકે જીવ-અજીવ, લોક-અલોક, ત્રસ-સ્થાવર, આદિ. વિવિધ વિષયોના અધ્યયનની દૃષ્ટિથી આ સ્થાન બહુ મહત્ત્વનું છે.

૩. આના ચાર ઉદ્દેશકના ૫૪૨ સૂત્રોમાં ત્રણની સંખ્યા પર આધારિત મહત્ત્વનું સંકલન છે. આમાં તાત્ત્વિક વિષયો સાથે સાહિત્યિક, મનોવૈજ્ઞાનિક, પ્રાકૃતિક, વ્યાવહારિક, આદિ વિષયોની વિવિધતા છે તેથી તે રુચિકર અને જ્ઞાન બોધ કરાવનાર પણ છે.

આમાં મનુષ્યની શાશ્વત મનોભૂમિકાઓ તથા વસ્તુ-તથ્યોનું બહુ માર્મિક ઢંગથી વર્ણન છે. આમાં ત્રિભંગીરૂપ અગત્યના વિષયો છે–નરકાદિ ગતિના જીવો, કરણ, જોગ, દુ:ખ ઉત્પત્તિના કારણ અને નિવારણ, મન, વચન, શલ્ય, ધર્મ, પ્રાયશ્ચિત્ત, સાધુ અને શ્રાવકના મનોરથો, મરણ, નિર્ગ્રંથ, ગૌરવ (ગારવ), આદિ.

૪. આના ચાર ઉદ્દેશકોના ૬૬૨ સૂત્રોમાં ચોભંગીના રૂપમાં વિવિધ વિષયોનું સંકલન છે જે જ્ઞાન-સંપદાનો અક્ષય કોષ છે. બધાં સ્થાનોમાં આ સૌથી વિશાળ છે. આમાં તાત્ત્વિક, ભૌગોલિક, મનોવૈજ્ઞાનિક, પ્રાકૃતિક, આદિ વિષયોની સાથે સાથે પ્રસંગવશ આ ચાર કથાઓનો નિર્દેશ પણ મળે છે–ભરત ચક્રવર્તી, સમ્રાટ સનત્કુમાર, ગજસુકુમાલ અને મરુદેવા. આમાં આ મહત્ત્વના વિષયોની ચોભંગી આપી છે–મનુષ્યની અવસ્થાઓ, ઋજુતા અને વક્રતા, ભાષા, પુત્રો, ધ્યાન, કષાય, સાધકની પ્રતિભા, સત્યઅસત્ય, સંસાર, દુર્ગતિ–સુગતિ, આયુષ્ય, સત્ય, પુરુષ, આચાર્ય, દેવો, ગણિત, વ્યાધિ, ચિકિત્સા, સંઘ, બુદ્ધિ, નરક-તિર્યંચ-દેવમનુષ્ય યોનિના બંધના કારણો, ક્રોધ-માન-માયા-લોભ, શ્રમણોપાસક, સંજ્ઞાઓ આદિ.

૫. આ સ્થાનના ત્રણ ઉદ્દેશકોના ૨૪૦ સૂત્રોમાં પાંચની સંખ્યા પર આધારિત વર્ગીકરણો છે. આમાં પણ તાત્ત્વિક, ભૌગોલિક, ઐતિહાસિક, જ્યોતિષ, યોગ, આદિ વિવિધ વિષયોનું તથા આચાર, દર્શન, ગણિત, પરંપરા, આદિનું સંકલન હોવાથી આ સ્થાન મહત્ત્વનું છે. આમાં શુદ્ધિના સાધનો, મનની અવસ્થાઓ, સાધકની પ્રતિમાઓ, મહવ્રત-અણુવ્રત, ઈન્દ્રિયો અને એના વિષયો, જ્ઞાન-દર્શન, શરીર, શ્રમણાચાર, મહાનિર્જરા, દેવોની સેનાઓ, ઉદીર્ણ-પરીષહો, પાંચકલ્યાણકો, નિર્ગ્રંથ-નિગ્રંથીઓની ચર્યા, આશ્રવ-સંવર, દંડ, ક્રિયા, જંબૂ દ્વીપ, અસ્તિકાય, ગતિ, ચારિત્ર, ગતિ-આગતિ, જ્ઞાન, પ્રત્યાખ્યાન, પ્રતિક્રમણ, બંધ, આદિ.

૬. આના ૧૩૨ સૂત્રોમાં છની સંખ્યા પર આધારિત વિષયોનું સંકલન છે . આના મુખ્ય વિષયો છે- જ્યોતિષ, દર્શન, તત્ત્વ, ઇતિહાસ, ભૂગોળ, વગેરે. આમાં ગણ-વ્યવસ્થા, છ દ્રવ્ય, લોકસ્થિતિ, કાળચક્ર, શરીર-રચના, જીવ-નિકાય, દુર્લભ-સ્થાન, સંવર, સુખ-અસુખ, દિશાઓ, લેશ્યા, તપ, ઋતુ, અવધિજ્ઞાન, કલ્પ, આયુષબંધ, આદિના છ છ પ્રકારોનું વર્ણન છે.

૭. આના ૧૫૫ સૂત્રોમાં સાતની સંખ્યાથી સંબંધિત વિષયોનું પ્રતિપાદન છે. આમાં મુખ્યતયા અહિંસા, અભય, જીવ-વિજ્ઞાન, લોક-સ્થિતિ સંસ્થાન, ગોત્ર, કુલકર, દંડ, દેવસ્થિતિ, નરક, નય, આસન, પર્વત, ચક્રવર્તીરત્ન, દુષમાકાળ-સુષમાકાળ, સંયમઅસંયમ, આરંભ, દેવ, સમુદ્‌ઘાત, નક્ષત્ર, વિનય, ઇતિહાસ અને ભૂગોળના સાત સાત પ્રકારો વગેરે વિષયો સંકલિત છે.

૮. આ સ્થાનના ઉદ્દેશકો નથી, પણ એના ૧૨૮ સૂત્રોમાં આઠની સંખ્યાના આધારે જીવ-વિજ્ઞાન, કર્મશાસ્ત્ર, લોકસ્થિતિ, ગણવ્યવસ્થા, જ્યોતિષ, આયુર્વેદ, ઇતિહાસ, ભૂગોળ, આદિ વિવિધ વિષયોનું વર્ગીકરણ છે. આમાં આઠ પ્રકારના મદ, માયા, આયુર્વેદ, નિમિત્ત, એકાકી સાધનાની યોગ્યતા, ગતિ-આગતિ, કર્મબંધ, સંવર, સ્પર્શ, ગણિ-સંપદા, મહાનિધિ, પ્રાયશ્ચિત્ત, દર્શન, આહાર, પ્રમાદ, વાણવ્યંતર દેવતા, આદિના આઠ આઠ પ્રકારો સંકલિત છે.

૯. નવમાં સ્થાનના ૭૫ સૂત્રમાં નવની સંખ્યા સંબંધિત વિષયો છે. એમાં ઐતિહાસિક તથ્યો, જ્યોતિષ, રાજ્યવ્યવસ્થા, સમાજવ્યવસ્થા, ભગવાન પાર્શ્વનાથ, ભગવાન મહાવીર, મહારાજા શ્રેણિક, નવનિધિ, આદિ વિષે જાણકારી આપી છે. વિશેષમાં રોગ ઉત્પત્તિના નવ કારણોમાં શારીરિક તથા માનસિક કારણો– કામવિકાર, ઉન્માદ, આદિનું વર્ણન છે તથા બ્રહ્મચર્ય ગુપ્તિના ઉપાય બતાવ્યા છે.

૧૦. આ અંતિમ દસમા સ્થાનના ૧૭૮ સૂત્રોમાં ન્યાયશાસ્ત્ર, વચનાનુયોગ, ગણિતાનુયોગ, દ્રવ્યાનુયોગ તથા વિજ્ઞાન સંબંધી તથ્યોની ચર્ચા છે. આમાં દસ પ્રકારના શસ્ત્ર, પ્રાજ્યા, વૈયાવૃત્ય, દાન, સંજ્ઞાઓ, સામાજિક વિધિ-વિધાનો, ધર્મ, આશ્રવ, આદિ વિવિધ વિષયો છે. આમાં જીવ-વિજ્ઞાન, શબ્દ-વિજ્ઞાન તથા ઈન્દ્રિયવિષયો સંબંધી સૂત્રો મહત્ત્વના છે.

**વ્યાખ્યાગ્રંથો-વિવેચનો**

આના વ્યાખ્યાગ્રંથોમાં 'વૃત્તિ' ઉપલબ્ધ છે. આચાર્ય તુલસીના વાચના-પ્રમુખત્વમાં મુનિ નથમલજી (આચાર્ય મહાપ્રજ્ઞ)એ ૧૯૭૬માં પ્રસ્તુત આગમના સૂત્રોના સંસ્કૃત અને હિંદી અનુવાદ સાથે પ્રત્યેક સ્થાનની ભૂમિકા અને મહત્ત્વના સૂત્રોનું -શબ્દોનું વિસ્તૃત વિવેચન કર્યું છે.

# શ્રી સમવાયાંગ સૂત્ર

**(૧) નામ અને વિષયવસ્તુ :**

દ્વાદશાંગીનું ચોથું મહત્ત્વનું અંગ છે–સમવાયાંગ. શ્રી ઠાણાંગ સૂત્રની જેમ આ આગમમાં પણ સંખ્યા આધારિત વર્ગીકરણ છે; જેમકે આત્મા એક છે. એમ એકથી લઈને અનેક સંખ્યા સંબંધી વિષયોનું સંકલન છે. આમાં એકથી લઈને સો સંખ્યા સંબંધી વિષયો માટે એકોત્તર વૃદ્ધિથી સોએસો વિષયો માટે સો સમવાય છે. પછી ૧૫૦ થી લઈને અનેકોત્તર વૃદ્ધિ કરતાં કરતાં ક્રોડાક્રોડ સાગરોપમની સંખ્યા સંબંધી વિવિધ વિષયોનું નિરૂપણ છે એટલે એનું નામ 'સમવાય' છે. આ વિવિધ વિષયો 'પ્રકીર્ણક' સમવાય નામના અધ્યયનમાં સૂત્ર એકથી ૮૭ સુધી છે . આ પ્રકીર્ણક સૂત્રમાં ગણિપિટક દ્વાદશાંગી આદિ વિષયોનું પણ સંકલન છે–જે મૂળ આગમના પરિશિષ્ટ રૂપ છે.

**(૨) રચનાકાર, રચનાકાળ, ભાષા**

શ્રી ઠાણાંગ સૂત્રની જેમ આ આગમની રચના પણ શ્રી સુધર્માસ્વામીએ ઈ. પૂ. છઠ્ઠી શતાબ્દીમાં કરી હશે એમ માનવામાં આવે છે, પણ સંકલનનો સમય ઈસુની ચોથી શતાબ્દી છે. આની ભાષા પ્રાકૃત અને શૈલી સૂત્રાત્મક છે.

**(૩) આગમસાર :**

પ્રથમ સમવાય (અધ્યયન)ના પહેલાં બે સૂત્રોમાં ભગવાન મહાવીર દ્વારા રચિત દ્વાદશાંગીની પ્રજ્ઞાપના કરી છે અને પછી બાર આગમોના નામ છે. ત્રીજાથી ૧૪૬ સૂત્ર સુધી એકની સંખ્યા સંબંધી વિષયોનું સંકલન છે.

બીજા સમવાયથી સોમા સમવાય સુધી વિષયો આ પ્રમાણે છે.

| | | | |
|---|---|---|---|
| (સમવાય) | ૨ | સૂત્ર સંખ્યા ૨૩ | બે પ્રકારના દંડ, આદિ |
| (સમવાય) | ૩ | ૨૪ | ત્રણ પ્રકારની ગુપ્તિ, ગર્વ (ગારવ) આદિ |
| (સમવાય) | ૪ | ૧૮ | ચાર કષાય, ચાર કથા ચાર સંજ્ઞા, આદિ |
| (સમવાય) | ૫ | ૨૨ | પાંચ મહાત આદિ. |
| (સમવાય) | ૬ | ૧૭ | છ પ્રકારની લેશ્યા, જીવ નિકાય, બાહ્ય તપ, આભ્યંતર તપ, આદિ |
| | ૭ | ૨૩ | સાત પ્રકારના ભયસ્થાન, સમુદ્‌ઘાત, ક્ષેત્ર. |
| | ૮ | ૧૮ | આઠ પ્રકારના મદ, પ્રવચનમાતા |
| | ૯ | ૨૦ | નવ પ્રકારનાં બ્રહ્મચર્યની ગુપ્તિઓ અને અગુપ્તિઓ |
| | ૧૦ | ૨૫ | દસ પ્રકારના શ્રમણ ધર્મ, ચિત્તસમાધિના સ્થાનો |
| | ૧૧ | ૧૬ | ઉપાસકોની (શ્રાવકોની) પ્રતિમા (અભિગ્રહ), મહાવીરના ૧૧ ગણધરો |
| | ૧૨ | ૨૦ | ભિક્ષુની ૧૨ પ્રતિમાઓ. |
| | ૧૩ | ૧૭ | ક્રિયાસ્થાનો (કર્મબંધનના હેતુઓ) |
| | ૧૪ | ૧૮ | જીવોનો સમૂહ, ૧૪ જીવસ્થાન (ગુણસ્થાન) |
| | ૧૫ | ૧૬ | ૧૫ પ્રકારના પરમાધામી દેવો |
| | ૧૬ | ૧૬ | કષાય |
| | ૧૭ | ૨૧ | ૧૭ પ્રકારના અસંયમ અને સંયમ |
| | ૧૮ | ૧૮ | બ્રહ્મચર્યના ૧૮ પ્રકાર, આચારના ૧૮ સ્થાનો |
| | ૧૯ | ૧૫ | શ્રી જ્ઞાતા સૂત્રના ૧૯ અધ્યયન |
| | ૨૦ | ૧૭ | અસમાધિના ૨૦ સ્થાનો |
| | ૨૧ | ૧૪ | ચારિત્રમાંદોષ લગાવનારા- શબલના ૨૦ પ્રકાર |
| | ૨૨ | ૧૪ | ૨૨ પરીષહો |
| | ૨૩ | ૧૩ | શ્રી સૂત્રકૃતાંગ સૂત્રના ૨૩ અધ્યયનો |
| | ૨૪ | ૧૫ | દેવાધિદેવ (તીર્થંકરો) |
| | ૨૫ | ૧૮ | પાંચ મહાવ્રતની ૨૫ ભાવનાઓ |

આ રીતે ૨૬મા સમવાયમાં ત્રણ છેદસૂત્રના ૨૬ ઉદ્દેશન કાળ, ૨૭મા સાધુના ૨૭ ગુણો, ૨૮માં મતિજ્ઞાનના ૨૮ પ્રકારો, ૨૯માં પાપશાસ્ત્ર (પાપશ્રુત)ના ૨૯ પ્રકારો, ૩૦માં ૩૦ પ્રકારની ક્રૂર પ્રવૃત્તિઓ જેનાથી જીવ મહામોહનીય કર્મનો બંધ કરે છે, ૩૧માં સિદ્ધ ભગવાનના ૩૧ ગુણો, ૩૨માં ૩૨ પ્રકારના પ્રશસ્ત યોગ, ૩૩માં ૩૩ પ્રકારની ગુરુની અશાતના, ૩૪માં તીર્થંકરના ૩૪ અતિશયો અને ૩૫માં એમના ૩૫ વચનાતિશયો અને યાવત્ સોમા સમવાયમાં ભગવાન પાર્શ્વનાથ અને સ્થવિર આર્ય સુધર્માસ્વામીનું આયુષ્ય સો વર્ષોનું હતું.

ત્યારબાદ પ્રકીર્ણક સમવાયમાં પ્રથમ સૂત્રથી ૮૭ સૂત્રો સુધી ૧૫૦, ૨૦૦ એમ અનેકોત્તર વૃદ્ધિ સંખ્યાઓ સંબંધી વર્ગીકરણ પછી ૮૭મા સૂત્રમાં કહેવામાં આવ્યું છે કે ભગવાન્ ઋષભથી લઈને તીર્થંકર મહાવીરનું વ્યવધાનાત્મક અંતર એક ક્રોડાક્રોડ સાગરોપમનું હતું.

ત્યાર બાદ ૮૮મા સૂત્રના દ્વાદશાંગ પદમાં ગણિપિટકના બાર અંગો અને ૮૯મા સૂત્રથી લઈને ૧૩૪મા સૂત્ર સુધી દ્વાદશાંગીના આચારાંગથી-દૃષ્ટિવાદ સુધી પ્રત્યેક આગમના વિષયો આદિ વિષે વર્ણન આપવામાં આવ્યું છે. આમાં ૯૨માં સૂત્રમાં સમવાયાંગ આગમ વિષે કહ્યું છે 'સમવાયમાં સ્વસમય, પરસમય, જીવ, અજીવ, લોક-અલોક, નરક, તિર્યંચ, મનુષ્ય, દેવતા, કુલકર, તીર્થંકર, ગણધર, ચક્રવર્તી, ચક્રધર (વાસુદેવ) અને હલધર (બલદેવ) આદિનું વર્ણન છે.' આગળ કહ્યું છે કે સમવાયની વાચનાઓ પરિમિત છે. અનુયોગદ્વાર, પ્રતિપત્તિઓ, વેઢા, શ્લોક,

નિર્યુક્તિઓ અને સંગ્રહણિયો સંખ્યેય છે. આ ચોથું અંગ છે. એમાં એક અધ્યયન, એક શ્રુતસ્કંધ, એક ઉદ્દેશ-કાલ, એક સમુદ્દેશ-કાલ છે તથા એક લાખ ચુમાલીસ હજાર પદો, સંખ્યેય અક્ષરો અને અનંત ગમ તથા અનંત પર્યાય છે.

ત્યારબાદ ૧૩૫થી ૧૩૭માં સૂત્ર સુધી જીવ રાશિ, અજીવ રાશિ અને અરૂપી અજીવ રાશીના પ્રકારો છે. ૧૩૯માં સૂત્રથી દેવો, નારકો, આદિના આવાસો, આદિની ચર્ચા છે. પછી ૧૫૮મા સૂત્રમાં પાંચ પ્રકારના શરીર, પર્યાપ્ત-અપર્યાપ્ત આદિ તથા આગળના સૂત્રોમાં ૬૩ પ્રકારના શલાકા પુરુષો આદિનું વર્ણન છે. અંતમાં ૨૬૧માં નિક્ષેપ પદમાં કહ્યું છે કે 'આ પ્રકારે ઉપરના અર્થાધિકારોના કારણે પ્રસ્તુત સૂત્રના નીચે પ્રકારે નામ ફલિત થાય છે-કુલકરવંશ, તીર્થંકરવંશ, ચક્રવર્તીવંશ, દશારવંશ, ગણધરવંશ, ત્રષિવંશ, યતિવંશ, મુનિવંશ, શ્રુત, શ્રુતાંગ, શ્રુતસમાસ, શ્રુતસ્કંધ, સમવાય અને સંખ્યા'.

પ્રસ્તુત આગમમાં આચારાંગ કે સૂત્રકૃતાંગની જેમ બે ખંડ કે ઉદ્દેશક આદિ વિભાગો નથી. આની રચના એક અખંડ અંગ અથવા અખંડ અધ્યયનના રૂપમાં કરવામાં આવી છે એમ વૃત્તિમાં જણાવ્યું છે.

---

## શ્રી ભગવતી સૂત્ર

**નામ:** દ્વાદશાંગીના પંચમ આગમનું નામ છે– વિઆહપણ્ણત્તી–વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ; કારણકે એ પ્રશ્નોત્તર શૈલીમાં રચાયેલું છે. જેમાં તત્ત્વને વિવેચનપૂર્ણ રીતે સમજાવવામાં આવ્યું હોય તે ગ્રંથને વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ કહેવામાં આવે છે. પરંતુ આ વિશિષ્ટ આગમ હોવાથી એને 'ભગવતી' વિશેષણ લગાડવામાં આવેલું જે પછી એનું નામ બની ગયું. આજે આનું આજ નામ પ્રચલિત છે–શ્રી ભગવતી સૂત્ર.

ભગવાન મહાવીરના દર્શનનું અથવા તત્ત્વવિદ્યાનું આ પ્રતિનિધિ સૂત્ર છે. જીવશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાનનો (Metaphysical) આ એક અમૂલ્ય અને દુર્લભ ગ્રંથ છે.

**૨. રચનાકાર, રચનાકાળ અને રચનાશૈલી :**

પ્રસ્તુત આગમના રચનાકાર છે શ્રી સુધર્માસ્વામી અને રચનાકાળ છે–ઈ. પૂ. પાંચમી શતાબ્દી. હાલ જે રૂપમાં આ આગમ મળે છે તેનું સંસ્કરણ શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ દ્વારા **ઈસુની પાંચમી શતાબ્દી**માં સંકલિત થયેલું છે. પ્રસ્તુત આગમની ભાષા પ્રાચીન પ્રાકૃત ભાષા છે. આમાં પ્રશ્નોત્તર શૈલીનો ઉપયોગ થયો છે. શ્રી ગૌતમસ્વામી અને અન્ય લોકોએ ભગવાન મહાવીરને પૂછેલા ૩૬,૦૦૦ પ્રશ્નો અને ભગવાને આપેલા ઉત્તરોનું સંકલન છે. પ્રશ્ન અને ઉત્તરની ભાષા સરળ છે. અનેક સ્થળોએ ગદ્યકાવ્ય જેવી છટા જોવા મળે છે.

**૩. આકાર અને વર્તમાન આકાર :**

પ્રસ્તુત આગમના વિસ્તૃત સંસ્કરણમાં સવા લાખ શ્લોક છે એટલે એને 'સવાલક્ખી ભગવતી' કહેવામાં આવે છે. સમર્પણ સૂત્રોની સંખ્યા પણ મોટી છે.

આ આગમના ૪૧ શતક છે. અવાન્તર શતકને ગણતાં ૧૩૮ શતક છે તથા ૧૯૨૩ ઉદ્દેશક છે.

પ્રસ્તુત આગમનો ગ્રંથમાન અનુષ્ટુપ શ્લોકના માપથી ૧૬,૦૦૦ શ્લોક પ્રમાણ માનવામાં આવે છે. સમવાયાંગના પ્રકીર્ણક સૂત્ર ૯૩ અને નંદીના સૂત્ર ૮૫માં આ આગમની વાચના, અનુયોગદ્વાર, શ્લોક, વ્યાકરણ, પદ, આદિની વિગતો મળે છે.

**૪. વ્યાખ્યા ગ્રંથો :**

**૧. નિર્યુક્તિ**–પ્રસ્તુત આગમની નિર્યુક્તિ વર્તમાનમાં ઉપલબ્ધ નથી. નંદી સૂત્રમાં આની સંખ્યેય નિર્યુક્તિનો ઉલ્લેખ છે.

**૨. ચૂર્ણિ**–હાલ હસ્તલિખિત ચૂર્ણિ ઉપલબ્ધ છે. એના રચનાકાર જિનદાસ મહત્તર માનવામાં આવે છે. એની પત્ર સંખ્યા ૮૦ છે અને ગ્રંથમાન ૩૫૯૦ શ્લોક બરાબર છે.

**૩. વૃત્તિ**–નવાંગી ટીકાકાર શ્રી અભયદેવસૂરિની વૃત્તિ હાલ ઉપલબ્ધ છે જે વિ. સં. ૧૧૨૮માં અણહિલપુર પાટણમાં રચાયેલી. એનું ગ્રંથમાન ૧૮૬૧૬ અનુષ્ટુપ શ્લોક બરાબર છે.

**૪. ભગવતી આરાધના**–લે. આચાર્ય શ્રી શિવાર્ય (૧૯૩૫)

**૫. ભગવતી સૂત્ર**નો ગુજરાતી અનુવાદ બેચરદાસ દોશીએ કર્યો છે.

**૬. ડૉ. વૉલ્ટર શુબ્રીંગે** Doctrine of Jains (1962)માં ભગવતી સૂત્ર પર વિવેચન લખેલું છે.

**૭. ડૉ. જે. સી. સિકંદરકૃત** 'Studies in the Bhagavati Sutra'

**૮. જોસેફ ડેલ્યુકૃત** (Josep Delue) વિયાહપણ્ણત્તી (૧૯૭૦).

**૯. ભગવતી જોડ-લે. શ્રી મજ્જયાચાર્ય.** સંપૂર્ણ ભગવતી સૂત્રને ૧૯મી સદીમાં રાજસ્થાની પદ્યમય શૈલીમાં લખાયેલા આ ગ્રંથના વાચના પ્રમુખ છે આચાર્ય તુલસી અને સંપાદક છે આચાર્ય મહાપ્રજ્ઞ.

**૧૦. ભગવતી સૂત્ર**નું વિશદ વિવેચન અને ભાષ્ય ગણાધિપતિ તુલસીના વાચના-પ્રમુખત્વમાં આચાર્ય મહાપ્રજ્ઞે ૧૯૯૪માં કર્યું છે જેમાં મૂળપાઠ, સંસ્કૃત છાયા, હિંદી અનુવાદ, ભાષ્ય, પરિશિષ્ટો, ચૂર્ણિ અને વૃત્તિ છે.

**૫. આગમ-સાર :**

દ્વાદશાંગીનો આ અત્યંત મહત્ત્વનો આગમગ્રંથ તત્ત્વવિદ્યાનો આકર ગ્રંથ છે. આમાં ચેતન અને અચેતન–આ બંને તત્ત્વોની વિશદ જાણકારી આપવામાં આવી છે. એમાં એટલાં બધા વિષયોની ચર્ચા છે કે સંભવતઃ વિશ્વ વિદ્યાની એવી કોઈ શાખા નહીં હોય જેની પ્રત્યક્ષ અથવા અપરોક્ષ રીતે એમાં ચર્ચા ન હોય. આમાં જૈન દર્શનના કેટલાંક મૌલિક તત્ત્વો–જેમકે પંચાસ્તિકાય, લોક-અલોક, પુનર્જન્મ, સામાયિક, ઈન્દ્રો, દેવો, કર્મ-બંધ અને એના કારણો, પરમાણુ, પુદ્‌ગલ આદિ. આ આગમ અનેક પ્રશ્નકારોએ પૂછેલા વિવિધ પ્રશ્નોના પ્રશ્નોત્તરરૂપ હોવાથી એમાં કોઈ ક્રમ નથી.

વિવિધ શતકોના સાર આ પ્રમાણે છે.

૧. પ્રથમ શતકની શરૂઆતજ જૈન ધર્મના પાયારૂપ સિદ્ધાંત 'વિનય'–નમસ્કાર સૂત્રથી થાય છે. ૧૧મા સૂત્રથી ગૌતમસ્વામી અને મહાવીર સ્વામી વચ્ચે પ્રશ્નોત્તરની શૃંખલા શરૂ થાય છે. પ્રથમ જૈન તત્ત્વવિદ્યાના પ્રારંભ રૂપે 'ચલમાણે ચલીએ'

આદિ નવ પ્રશ્નોથી થાય છે. જૈન ધર્મ અને કાંતવાદી છે. એનો પાયાનો સિદ્ધાંત ત્રિપદીમાં સમાયેલો છે-ઉત્પાદ, ધ્રુવ અને વ્યય. આ સિદ્ધાંત મુજબ દરેક દ્રવ્ય આદિ દ્રવ્યની દૃષ્ટિએ શાશ્વત છે અને પર્યાય રૂપે ઉત્પન્ન/ વિનાશમય છે. વર્તમાનકાળ એક સમયનો જ છે અને એ જ મહત્ત્વનો છે. ચાલવાની ક્રિયાનો આરંભ કર્યો તેજ સમયે તે પૂરી થાય છે પણ વ્યવહારમાં જોઈ શકાતી નથી. તેજ પ્રમાણે જે સમયે હિંસાદિ પાપની પ્રવૃત્તિનો સંકલ્પ કર્યો તેજ સમયે તે સંબંધી કર્મ બંધાય છે.

ત્યાર પછી આરંભ-અનારંભ, લોક, અલોક, કર્મ-પુનર્જન્મ, સામાયિક, મરણના પ્રકાર, આદિ વિષયોની ચર્ચા છે. શતક (૨)માં તુંગિયાનગરીના શ્રાવકોના પ્રશ્નો, શતક (૩)માં તામલી તાપસ, પૂરણ તાપસ, કર્મબંધ, દેવો, (૪)માં નૈરયિકની ઉત્પત્તિ, (૫)માં આયુષ્યબંધ, છદ્મસ્થ, કે વળી, અતિમુક્તકકુમારની બાલક્રીડા, અલ્પાયુ -દીર્ઘાયુના કારણો, પરમાણુ -પુદ્ગલ સ્કંધ, જીવોની હાનિ-વૃદ્ધિ, પ્રકાશ-અંધકાર, (૬)માં જીવ-કર્મબંધ, તમસ્કાય, (૭)માં પચ્ચક્ ખાણ, વેદનીય કર્મ, મહાશિલા કંટક સંગ્રામ, (સમ્રાટ શ્રેણિકના પુત્ર કોણિક અને તેના નાનાજી ચેટક રાજા સાથે થયેલા સંગ્રામમાં એક કરોડ એંસી લાખ સૈનિકોનો સંહાર થયે લો ), (૮)માં આશીવિષ, શ્રાવકના પચ્ચક્ખાણ માટે કરણજોગ, સુપાત્રદાનનું ફળ, સાંપરાયિક અને ઐર્યાપથિક કર્મબંધ, બંધના પ્રકાર, ત્રણ પ્રકારની આરાધના, (૯)માં ઋષભદત્ત-દેવાનંદા તથા જમાલિ ચરિત્ર, (૧૦)માં દશ દિશા, (૧૧)માં શિવરાજર્ષિનું ચરિત્ર, લોક અને તેની વિશાળતા, સુદર્શન શ્રાવકના કાલવિષયક પ્રશ્નો, (૧૨)માં શંખ-પુષ્કલી શ્રમણોપાસકોના પ્રશ્નો, (૧૨)માં જયંતિ શ્રાવિકાના પ્રશ્નો, પુદ્ગલ-પરાવર્તન, ચંદ્ર-સૂર્યગ્રહણ, લોકના સર્વસ્થાનમાં જીવના જન્મમરણ, આઠ પ્રકારના આત્મા, (૧૩)માં નારકોમાં લેશ્યાપરિણામન, ઉદાયન નરેશ અને એના વિરાધક પુત્ર અભીચિકુમાર, (૧૪)માં બે પ્રકારના ઉન્માદો, પ્રભુ મહાવીર અને ગૌતમનો ભવાન્તરીય સંબંધ, (૧૫)માં ગોશાલક ચરિત્ર દ્વારા દેવ-ગુરુ-ધર્મની અશાતનાના ફળ વિષે, (૧૬)માં પાંચ પ્રકારના અવગ્રહ, શ્રમણ નિર્ગ્રંથો અને નૈરયિકોની કર્મક્ષયની તરતમતા, સ્વપ્નદર્શન, (૧૭)માં વૃક્ષને હલાવવાથી લાગતી ક્રિયા, (૧૮)માં જીવની ઉત્પત્તિ અને આહાર ગ્રહણ, (૧૮)માં કાર્તિક શેઠનું ચરિત્ર, માકન્દીય પુત્ર અણગારના પ્રશ્નો, નિશ્ચયવ્યવહારથી ભ્રમરાદિ વર્ણાદિ, સોમિલ બ્રાહ્મણના પ્રશ્નો, (૧૯)માં સ્થાવર જીવોની સૂક્ષ્મતા-સ્થૂળતા, કરણના ભેદ, (૨૦)માં જંઘાચરણ-વિદ્યાચરણલબ્ધિ, (૨૧-૨૨)માં વનસ્પતિકાયિક જીવોની ઋદ્ધિ, આદિ, (૨૪)માં સંસારી જીવોનું ભવભ્રમણ, જીવ દ્રવ્યનો ભોગ, (૨૫)માં પાંચ પ્રકારના નિર્ગ્રંથ, પાંચ પ્રકારના ચારિત્ર, ભવાંતરમાં જીવની ઉત્પત્તિ, (૨૬-૨૭)માં જીવનો ત્રૈકાલિક સંબંધ, (૨૮)માં કર્મ-ઉપાર્જન, (૨૯)માં કર્મના વેદનનો પ્રારંભ અને અંત, (૩૦)માં સમવસરણ. (૩૧૩૨)માં અંક ગણના માટે ચાર પ્રકારના લઘુયુગ્મ, (૩૩)માં એકેન્દ્રિય જીવોમાં કર્મ, (૩૪)માં શ્રેણી શતક, (૩૫ થી ૪૧)માં અંક રાશિની ગણના માટે એકેન્દ્રિય જીવોથી સંજ્ઞી પંચેન્દ્રિય સુધીના જીવોની રાશિયુગ્મ માટે મહાયુગ્મ.

★

## તમારી આર્દ્રતા અમને ધન્ય કરતી

મુનિવર શ્રી આર્દ્રકુમાર, તમારી જીવનકથાનું શ્રવણ કરીએ છીએ ત્યારે અંતર અનોખી સુરભીથી ભરાઈ જાય છે.

અનાર્ય દેશના આર્દ્રપુરના રાજા હતા આર્દ્ર અને રાણી આર્દ્રા. રાજા-રાણીના સુપુત્ર આર્દ્રકુ માર તરીકે તમે કુશળ રાજકુમાર હતા. એક વાર રાજા શ્રેણિકે તમારા પિતાને મૈત્રી સૂચક ઉપહાર મોકલ્યો. પછી મંત્રી અભયકુમારે તમને મૈત્રી દૃઢ કરવા જિનપ્રતિમા અને ધર્મનાં ઉપકરણો મોકલ્યાં. એ જોઈને પૂર્વભવનું જ્ઞાન થયું, તમે પૂર્વે કરેલી આરાધના તમને સાંભરી.

તમે મહારાજા પાસે આર્યદેશમાં જઈને દીક્ષા લેવાની ઇચ્છા જણાવી. પણ તમને અનુમતિ ન મળી.

તમે એકલા ચૂપચાપ નગરીનો ત્યાગ કરીને આર્યદેશમાં આવી ગયા. મુનિવેશ સ્વયં ધારણ કરી લીધો. તમારા પિતા રાજા આર્દ્રકે આ જાણ્યું ને તમારી સુરક્ષા માટે પાંચસો સુભટો મોકલી આપ્યા. તેઓ તમારી પાછળ પાછળ ઘૂમવા માંડ્યા.

તમે ભગવાન મહાવીરનાં દર્શન માટે રાજગૃહી તરફ પ્રયાણ આરંભ્યું. માર્ગમાં અનેક વિવિધ ધર્માવલંબીઓ મળ્યા. તમે જિનદર્શનની પ્રેરણા કરી તેમને પ્રભુ મહાવીરના અનુગામી બનાવ્યા.

તમે સ્વયં સાધુવેશ ધર્યો હતો. તમે વિહાર કરતા કરતા વસંતપુરની બહાર મંદિરમાં ધ્યાન ધરતા ઊભા હતા. સંધ્યાનું ટાણું હતું. એટલામાં જોબનવંતી યુવાન કન્યા ધનશ્રી સખીઓ સાથે આવી ચડી. ધનશ્રી અને સખીઓ ક્રીડામાં મશગુલ હતાં.

સૌ મંદિરના જુદા જુદા સ્થંભો પકડીને કહેતી હતી કે ‘જુઓ આ મારો પતિ છે!’ ધનશ્રી પણ અંધકારમાં સ્થંભને બદલે મુનિને વળગીને બોલી, ‘જુઓ આ મારો પતિ!’

એ ક્ષણ ભોગાવલી કર્મના તીવ્ર ઉદયની હતી. તમે ઇચ્છા ન હોવા છતાંય ધનશ્રી સાથે પરણ્યાં ને ત્યાં જ રહી ગયા. એક પુત્ર જન્મ્યો. તમે થોડા સમય પછી ધનશ્રી સન્મુખ દીક્ષા લેવાની ઇચ્છા વ્યક્ત કરી. ધનશ્રી રડી પડી. એ રેંટિયો લાવીને સૂતર કાંતવા માંડી. પુત્રે પૂછ્યું કે, ‘મા, આ તું શું કરે છે?’

મા ઉદાસ હતી. તે બોલી : ‘બેટા, તારા પિતા દીક્ષા લેવાની વાત કરે છે તેથી આપણા નિભાવ માટે સૂતર કાંતું છું.’

પુત્રે કાચા સૂતરની લાંબી દોરી લીધી ને પલંગ પર સૂતેલા આર્દ્રકુમારને પગે વીંટાળીને કહ્યું કે, ‘હવે હું જોઉં છું કે મારા પિતા કેવી રીતે આપણને ત્યાગીને જાય છે?’

બાર વર્ષ પછી તમે દીક્ષિત થઈને આત્મકલ્યાણ માટે નીકળી પડ્યા. પેલા પાંચસો સુભટો એ પાછા તમારી નજીક આવ્યા ને તમે તેમને ધર્મોપદેશ આપ્યો, દીક્ષા આપી, સંયમી બનાવ્યા.

સંયમ એ કલ્યાણની કેડી છે ને ત્યાં જેના ચરણ પડે છે તેનું જીવન કૃતાર્થ થાય છે. મુનિ આર્દ્રકુમાર, તમે અને સૌ મુનિઓ અંતે આત્મોન્નતિ પામ્યાં, કેવળજ્ઞાનને વર્યા. તમારાં પદકમળ જ્યાં પડ્યાં હતાં તે ધરતી પરથી હજીય ત્યાગની, સંયમની, પવિત્રતાની સુગંધ મઘમઘે છે. **– આચાર્ય વાત્સલ્યદીપજી મ. સા.**

# શ્રી જ્ઞાતાધર્મકથા સૂત્ર

☐ ડૉ. કેતકી યોગેશ શાહ

આગમ સાહિત્યમાં શ્રી જ્ઞાતાધર્મ કથા સૂત્ર છઠ્ઠા અંગ સૂત્ર રૂપે સ્થાન ધરાવે છે. આ આગમનું પ્રાકૃત (અર્ધમાગધી) નામ णायाधम्मकहाओ છે. શ્રી જ્ઞાતાધર્મકથાના બે શ્રુતસ્કંધ છે. પ્રથમ શ્રુતસ્કંધમાં ઓગણીસ જ્ઞાત-ઉદાહરણરૂપ અધ્યયનો છે અને બીજા શ્રુતસ્કંધમાં ધર્મ કથાના ૧૦ વર્ગ છે. બીજા શ્રુતસ્કંધમાં સાડા ત્રણ કરોડ કથાઓ હોવાનો ઉલ્લેખ મળે છે, પણ વર્તમાને તેટલી કથાઓ ઉપલબ્ધ નથી. વર્તમાનમાં ૧૯+૨૦૬=૨૨૫ કથાઓ છે. જ્ઞાતાધર્મ કથા સૂત્રનું પરિમાણ ૫૫૦૦ શ્લોક પ્રમાણ છે. આ સૂત્રની રચના મુખ્યતયા ગદ્યશૈલીમાં છે. વચ્ચે-વચ્ચે કોઈક સ્થળે પદ્યાંશ પણ જોવા મળે છે. જો આચારાંગસૂત્ર સાધુ ભગવંતોની આચારપોથી છે, દશવૈકાલિક સૂત્ર બાળપોથી છે તો જ્ઞાતાધર્મકથા સૂત્ર વૈરાગ્યપોથી છે. દરેક અધ્યયન સુખશીલતા, કામભોગ, વિષયકષાય, મોહ, પ્રમાદને ઘટાડી સંયમમાં સ્થિરતાના પાઠ ભણાવે છે.

શિષ્યનું મન કોઈપણ કારણથી સંયમભાવથી ચલિત થઈ જાય, શિષ્ય ભૂલ કરે ત્યારે ગુરુવર્યોએ ખાસ લક્ષ્ય આપીને ઉપાલંભ વચનો દ્વારા કે અન્ય કોઈ ઉપાયે તેને સંયમમાં સ્થિર કરવો જોઈએ એવા ભાવ પહેલા મેઘકુમારના અધ્યયન દ્વારા પ્રગટ થયા છે. બીજી વિશેષતા આ અધ્યયનની એ છે કે મેઘકુમારના ત્રણ ભવમાં પગની વિશેષતા છે. સુમેરુપ્રભ હાથીના ભવમાં પરવશપણે કાદવમાંથી પગ ઊંચકી શકતો નથી, મેરૂપ્રભ હાથીના ભવમાં સ્વવશે સસલા ઉપર પગ મૂકતો નથી અને મેઘમુનિના ભવમાં સ્થવિરોના પગની ઠોકર અને પગની રજ સહન થતી નથી. ભગવાનના ઉપદેશથી મેઘમુનિના સંસારમાં ઊપડતા પગ અટક્યા ને સંયમમાં સ્થિર બન્યા. મેરુપ્રભ હાથીના ભવમાં કોઈ પણ પ્રકારની સ્પષ્ટ સમજણ ન હતી, મિથ્યાત્વી જીવ હતો. તે માત્ર જીવો પ્રત્યેના અનુકંપાના ભાવથી સમકિતી બને છે અને સંસાર સીમિત કરે છે.

શ્રમણોએ પોતાના શરીરની આહાર-પાણીથી સારસંભાળ કેવા નિર્લેપ ભાવથી રાખવી જોઈએ તેનું વિજયચોર–ધન્ય સાર્થવાહનું કથાનક દિગ્દર્શન કરાવે છે.

સંયમ આરાધનામાં શિથિલ થઈ ગયા પછી પણ જો કોઈ સાધક સંવેગને પ્રાપ્ત કરીને સંયમમાં ઉદ્યમવંત થઈ જાય તો તે શૈલક રાજર્ષિની સમાન તે જ ભવમાં સિદ્ધ થઈ શકે એનું પ્રેરણારૂપ દૃષ્ટાંત રજૂ કર્યું છે. તેમાં પંથકમુનિનો શિષ્ય તરીકેનો વ્યવહાર વિનય ધર્મનું સાક્ષાત્ દર્શન કરાવે છે. આ અધ્યયનની વિશિષ્ટતા એ છે કે કૃષ્ણ વાસુદેવની ધર્મદલાલીરૂપ સંયમની અનુમોદના અને તત્કાલીન શુચિમૂલક ધર્મની ઝલક અહીં વર્ણિત છે.

પાંચ કમોદના દાણાની રોહીણીએ જેવી રીતે વૃદ્ધિ કરી ગાડાં ભર્યાં તેમ સાધુ-સાધ્વી પાંચ મહાતોમાં વૃદ્ધિ કરે તો સંસારથી મુક્ત થાય છે.

દરેક ધર્મનો પાયો નીતિમૂલક હોય છે પણ જૈનધર્મ એથી પણ આગળ વધીને કષાયત્યાગને પાયો માને છે. ઉગ્ર તપવાન, સંયમવાન અને ભવિષ્યમાં તીર્થંકર પદ મેળવવાવાળો જીવ પણ જો સૂક્ષ્મ અને ધર્મવિષયક પણ માયા કરે તો તે સ્ત્રીવેદ–મોહનીય કર્મનો બંધ કરે છે. મલ્લીનાથ તીર્થંકરનું સ્ત્રીપણે જન્મવું તે આ અવસર્પિણીકાળની આશ્ચર્યકારક ઘટના છે.

અપયશ અને નિંદાથી બચવા નાગશ્રી બ્રાહ્મણીએ પણ માયા છાની કરી પણ તેના ફળ જગજાહેર થયા. નાગશ્રીનું કથાનક ત્રિકરણ શુદ્ધિપૂર્વકના આહારદાનની સમજ આપે છે. તેના જ ઉત્તરાર્ધમાં નિદાન રહિત સંયમ-તપની અનુમોદના કરી છે, જે મોક્ષાર્થી સાધક માટે ઉપયોગી છે.

'ગુણવાનના સંગે ગુણવાન બનાય' એ ઉક્તિના ન્યાયે સુબુદ્ધિપ્રધાનના સંગે જિતશત્રુ રાજા પલટાયા. ઉદક (પાણી)ના માધ્યમે પુદ્ગલ પર્યાયની ક્ષણિકતા અને પરિવર્તનશીલતાનું દર્શન કરાવ્યું.

પોતાના ત્રણેય ભવ અલગ અલગ ગતિમાં હોવા છતાં ત્રણેય ભવમાં ભગવાન મહાવીરનો ભેટો થયો. માનવનો ભવનંદ મણિયારનો, તિર્યંચનો ભવ દેડકાનો અને ત્રીજો ભવ દર્દુર દેવનો ભવ. ઉચ્ચ ગતિમાં ભૂલ્યો ને તિર્યંચના ભવમાં પશ્ચાતાપ સાથેનું તપ અને ભગવાનના દર્શનની પ્રબળ ઇચ્છાના કારણે તિર્યંચ ગતિનો અવરોધ પણ નડતો નથી. અહીં બીજી બોધનીય વાત એ છે કે સદ્ગુરુના સમાગમે સમકિત આદિ આત્મિક ગુણોની વૃદ્ધિ થાય છે અને ગુરુ સમાગમ વિના પતન પણ થઈ જાય છે.

અનિવાર્ય સંજોગોમાં પોતાના પ્રાણ બચાવવા ધન્ય સાર્થવાહે પોતાની જ પુત્રીનું માંસ-રુધિર પકાવી આહાર કર્યો. તેમ છતાં તેની પાછળનો હેતુ દેહને ટકાવવો એટલો જ હતો. આહારમાં અનાસક્ત-ભાવ ટકાવવાનું ઉત્તમ ઉદાહરણ આ જ છે.

હજાર વર્ષની તપ-સંયમની સાધનાનું ફળ ત્રણ જ દિવસમાં ભોગાસક્તિમાં એક ભાઈ કંડરિક મુનિએ ગુમાવ્યું ને સાતમી નરકના મહેમાન બની ગયા તો સંસારથી ઉદાસીન એવા પુંડરિક રાજા એ જ ત્રણ દિવસમાં દીક્ષાનો વેશ લઈ સર્વાર્થસિદ્ધ વિમાનના વાસી બની ગયા. બંને ભાઈઓની અંત સમયે સમાન શારીરિક વેદના હોવા છતાં બીજા ભવમાં ૩૩ સાગરોપમની સમાન સ્થિતિ હોવા છતાં આત્મ પરિણામો અનુસાર જીવોની ગતિ અને ઉત્પત્તિ નિમ્ન અને ઉચ્ચ સ્થાનમાં થાય છે.

જિનપ્રવચનમાં શંકા, કાંક્ષા, વિચિકિત્સા ન કરવી. 'तमेव सच्चं णिसेकं जं जिणेहिं पवेइयं'– જિનેશ્વર પ્રતિપાદિત તત્ત્વ જ સત્ય છે, તેમાં શંકાને સ્થાન નથી. તેવી દૃઢ શ્રદ્ધાના બીજ 'મોરના ઈંડા'ના દૃષ્ટાંતે વાવ્યાં છે.

જ્ઞાતાધર્મ કથા સૂત્રમાં વારંવાર વાગોળાતું માર્મિક, ધાર્મિક અને આધ્યાત્મિક સત્ય એટલે ઈન્દ્રિય વિષય, કામભોગથી અનાસક્ત, અલિપ્ત રહેવું. જે કાચબો શિયાળોથી બચવા પોતાના અંગોને નિયંત્રણમાં ન રાખી, ઢાલમાં છુપાવી ન શક્યો તેને શિયાળોએ મારી ખાધો પણ જે કાચબાએ પોતાના અવયવો પર સંયમ-નિયંત્રણ રાખ્યું તે પોતાની જાતને બચાવી શક્યો. તેમ જે સાધક પહેલા ચંચળ કાચબાની જેમ પોતાની ઈન્દ્રિયોનું ગોપન કરતા નથી તે અનંત સંસાર પરિભ્રમણનો દંડ ભોગવે છે પણ જે બીજા કાચબાની જેમ પોતાની ઈન્દ્રિયોને વશમાં રાખે છે તે સિદ્ધાવસ્થાને પ્રાપ્ત કરે છે.

નંદીફળના અધ્યયનમાં ઈન્દ્રિયોના વિષયો એટલે કામભોગને નંદીફળના વૃક્ષની સાથે સરખાવ્યા છે. જેનાં ફળો ખાવામાં મીઠાં મધુરાં, શીતળ છાયા દેનારાં, દેખાવમાં મનમોહક હોવા છતાં ઝેરીલા છે તેમ ઈન્દ્રિયોના વિષયો પણ લોભામણા છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ૧૯મા અધ્યયનની ૧૮મી ગાથામાં કિંપાકફળનો ઉલ્લેખ પણ આવા જ સંદર્ભમાં છે.

વળી, આકીર્ણ (અશ્વ)ના અધ્યયનમાં અશ્વોને પકડવા માટે મનોજ્ઞ ખાદ્ય-પેય પદાર્થો, વાજિંત્રોના સૂરો અને પાંચે ઈન્દ્રિયોને સુખપ્રદ વસ્તુઓ સાથે છટકાં પણ ગોઠવ્યાં છે. જે અશ્વો તે વિષયોના શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધમાં મોહાઈ ગયા તે જાળમાં ફસાઈ ગયા અને જે આસક્ત બનતા નથી તે નિર્ભયપણે સ્વતંત્ર વિચરવા લાગ્યા.

સૂત્રકાર કાચબો, નંદીફળ, અશ્વના રૂપકથી જે વાતને દૃઢ કરતા હતા તે હવે જિનપાલ અને જિનરક્ષિત બે ભાઈઓની ઘટિત ઘટનાથી વધારે મજબૂત કરે છે. જિનપાલ રત્નાદેવીના આકર્ષક હાવભાવોમાં લિપ્ત થતા નથી. જ્યારે જિનરક્ષિત રત્નાદેવીના લોભમાં આવીને બ્રહ્મચર્યનો નાશ કરે છે.

જ્ઞાત (જ્ઞાતા) નામના પ્રથમ શ્રુતસ્કંધમાં જીવન કથાઓ અને દૃષ્ટાંતો દ્વારા ધર્મનું પુષ્ટીકરણ કર્યું છે. જ્યારે ધર્મકથા નામના બીજા શ્રુતસ્કંધમાં ચારે જાતિના દેવોની ૨૦૬ અગ્રમહિષી–ઈન્દ્રાણીઓના પૂર્વ ભવના જીવનકથાનકોમનું નિરૂપણ છે. પૂર્વ ભવમાં આ સર્વ દેવીઓ પાર્શ્વનાથ ભગવાનના શાસનમાં દીક્ષિત થઈ હતી. અને તે સર્વે સંયમી જીવનમાં શિથિલાચારી બની હતી. આ રીતે સંયમની વિરાધના કરી, તેની આલોચના–પ્રતિક્રમણ કર્યા વિના જ તે ૨૦૬ સાધ્વીઓ કાળધર્મ પામીને દેવીરૂપે ઉત્પન્ન થઈ.

આગમ સૂત્રોમાં જ્યાં જ્યાં રાજકુમારોને સંયમ લેવાની ભાવના જાગે છે ત્યારે તેઓ પોતાની આઠ પત્ની કે બત્રીસ પત્ની પાસે ન આવતા, પોતાના માતા-પિતા પાસે આવીને આજ્ઞા માંગે છે, તે વાત ઉલ્લેખનીય છે.

આજે સાધુજીવનમાં પ્રસરેલી મંત્ર-તંત્ર, દોરા–ધાગાદિ પ્રવૃત્તિ અંગે જ્ઞાતાધર્મ કથામાં સચોટ લાલબત્તી બતાવે છે. ગૃહસ્થ પોતાની ઈચ્છા પ્રમાણે સાંસારિક પ્રશ્ન મુનિને પૂછે ત્યારે મુનિએ પોતાની સંયમ મર્યાદા અનુસાર ઉચિત હોય તો જ ઉત્તર આપવો જોઈએ તેવું સ્પષ્ટ વિધાન પોટ્ટિલા અને સુકુમાલિકાના અનુસંધાનમાં છે.

સામાન્ય રીતે શ્રમણોને પોતાના ઉપર મરણાંતિક કષ્ટ આવવા છતાં પણ તે કષ્ટ આપનાર વ્યક્તિને ઉઘાડા પાડતા નથી કે તેના વિશે અપ્રિય વચન પણ બોલતા નથી. પરંતુ ૧૬મા અમરકંકાદ્રૌપદી નામક અધ્યયનમાં ધર્મઘોષ સ્થવિર નાગશ્રી બ્રાહ્મણનું રહસ્ય ખોલે છે કારણકે ઝેરના પરિણામવાળું મૃત ક્લેવર જોઈને લોકોના મનમાં કુશંકાઓ ન થાય તે લક્ષ્યે સ્પષ્ટીકરણ કરવું પડ્યું, એ અપવાદમાર્ગ છે.

પંચમહાવ્રતધારી સાધુને પંચાંગ વંદન થાય છે, તે રીતે ગૃહસ્થને વંદન થતા નથી. નારદ સંયમી ન હોવા છતાં પાંડુરાજાએ સપરિવાર ત્રણવાર પ્રદક્ષિણા કરીને વંદન કર્યા. તેનું કારણ તે વિશિષ્ટ કોટિના વિદ્યાધર પુરુષ હતા, બ્રહ્મચારી હતા.

ધર્મારાધનાના લક્ષ્યે કરાતાં પૌષધાદિમાં સાંસારિક સંકલ્પો કરી શકાય નહીં તેમ છતાં અભયકુમાર, નંદમણિયાર વગેરે સાંસારિક હેતુથી અઠ્ઠમ પૌષધ કરે છે. તેમાં પૌષધની વિધિનિયમો એકસરખા હોવા છતાં આગમમાં તેનો ઉલ્લેખ 'પૌષધ સમાન'નો છે.

જ્ઞાતાધર્મ કથા સાહિત્યની દૃષ્ટિએ તો ઉત્તમ છે જ પણ તે સમયના નગરોની રચના, મકાનોની રચના અને સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર આ કથાઓમાં વર્ણિત છે. જીવન જીવવાનાં મૂલ્યો અને જીવનશૈલીનો માપદંડ પણ દર્શાવ્યો છે.

અહીં કેટલાક મનો વૈજ્ઞાનિક રહસ્યોનું ઉદ્ઘાટન થયું છે. શ્રીકૃષ્ણ યુદ્ધ કરવા જતી વેળાએ આત્મવિશ્વાસથી કહે છે હું જીતીશ અને તેમ જ થાય છે. આ હકારાત્મક વિચારણા (Positive Thinking)ની વાત છે. બે મિત્રોને મોરના ઈંડા મળે છે. પહેલો મિત્ર સતત ચિંતવે છે કે આ ઈંડામાંથી એક સુંદર બચ્ચું જરૂર બહાર આવશે. બીજાને વિશ્વાસ નથી. તે વિચારે છે કે કદાચ બચ્ચું બહાર ન પણ આવે. પરિણામે પહેલાને મોરનું સુંદર બચ્ચું મળે છે, જેને શંકા છે તેને બચ્ચું મળતું નથી. આ નકારાત્મક વિચારોનું પરિણામ દર્શાવે છે.

આમ, જ્ઞાતાધર્મકથામાં સંયમને દૃઢ બનાવતી કથાઓ મધપૂડાં જેવી રસસભર છે. તેમાંથી એક-એક મધુબિંદુરૂપી અધ્યયનમાંથી જુદો જુદો વૈરાગ્ય રસ નીતરે છે.

ઈંડા કહે છે–શ્રદ્ધા રાખો, કાચબા કહે છે–ધીરજ રાખો, ઘોડા કહે છે–વૈરાગ્ય રાખો, ચંદ્ર કહે છે– અપ્રમત્તભાવ રાખો, તુંબડું કહે છે–નિર્લેપભાવ રાખો, દાવદ્રવ કહે છે–સહિષ્ણુતા રાખો, નંદીફળ કહે છે–અનાસક્ત ભાવ રાખો. દૃષ્ટાંત અને લોકભોગ્ય કથાઓ દ્વારા દીધેલો બોધ ઘીથી લથપથ રસાળ શીરાની જેમ ગળે ઊતરી જાય તેવું જ્ઞાતાધર્મકથામાં જ્ઞાત થાય છે.

# શ્રી ઉપાસક દશાંગ સૂત્ર

તીર્થંકરની અર્થરૂપે વાણી અને ગણધર ભગવંતોની સૂત્રરૂપે ગૂંથણી એવા અગિયાર અંગસૂત્રોમાં સાતમા સ્થાને ઉપાસક દશાંગ સૂત્ર છે. અંગસૂત્ર હંમેશાં ધ્રુવ હોય એટલે કે હોય જ. ઉપાસક દશાંગ તેમાંનું એક છે. આ સૂત્ર ફક્ત શ્રાવકના જીવનચરિત્ર આલેખવા માટે જ છે, જેમાં શ્રાવકોનો જ અધિકાર છે. શ્રાવકનાં નામ બદલાય પણ ૭મું અંગસૂત્ર શ્રાવકોનું જ રહે. તીર્થં કર, ગણધર, સાધુ-સાધ્વીઓના હૈયે જેના નામ હોય તે શ્રાવકોના જીવન કેવા હોય? મહાવીર સ્વામી જ્યારે વિચરતા હતા ત્યારે ઉત્કૃષ્ટ શ્રાવકની સંખ્યા ૧ લાખ ૫૯ હજાર હતી. તેમાંના સર્વશ્રેષ્ઠ (top ten) આ દશ શ્રાવકો–આનંદ, કામદેવ, ચુલનીપિતા, સુરાદેવ, ચુલ્લશતક, કુંડકૌલિક, સકડાલપુત્ર, મહાશતક, નંદિનીપિતા તથા શાલિહીપિતા છે. આ દશ મુખ્ય શ્રાવકોના જીવનનું તાદૃશ ચિત્ર (આલેખન) ૧૦ અધ્યયનમાં છે.

ઉપાસક દશાંગનું ગાથા પરિમાણ ૩૨ અક્ષરની એક ગાથા ગણતાં ૮૧૨ ગાથા છે. અસ્વાધ્યાય છોડીને પહેલા અને ચોથા પ્રહરમાં સ્વાધ્યાય થાય તેવું કાલિક સૂત્ર છે.

દશે શ્રાવકોના અધ્યયનમાં એક સરખી સર્વ સામાન્ય વાત એ છે કે તેઓ ધનસંપન્ન, સમૃદ્ધ અને વૈભવશાળી હતા. સંયોગવશ શ્રમણ ભગવાન મહાવીર સ્વામીનું મિલન થાય છે, જીવનમાં પરિવર્તન આવે છે. શ્રાવક ધર્મનો સ્વીકાર કરે છે, જીવનને મર્યાદિત ને સીમિત બનાવે છે. દશે શ્રાવકે ૧૨ વ્રત અને ૧૧ પ્રતિમાઓનું પાલન કર્યું. ૨૦ વર્ષ સુધી શ્રાવક-ધર્મનું પાલન કર્યું. તેમાં છેલ્લાં છ વર્ષ ગૃહસ્થ પ્રવૃત્તિઓથી નિવૃત્તિ લઈને આત્મસાધના કરી. અંતે એક માસનો સંથારો કરીને સમાધિમરણ થયું, પ્રથમ દેવલોકગમન ત્યાં ચાર પલ્યોપમનું આયુષ્ય, ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ ધારણ કરી મુક્તિ ગમન કરશે.

દશ અધ્યયનમાંથી બે અધ્યયનમાં–૯ અને ૧૦મામાં કોઈ વિશેષતા નથી. તેમની ધર્મસાધનામાં પુણ્યાનુયોગે કોઈ ઉપસર્ગ ન આવ્યો. વિશેષતાવાળા અધ્યયનમાં આનંદ શ્રાવકની દૃઢતા, કામદેવની વ્રતની દૃઢતા, કુંડકૌલિકની તત્ત્વની સમજણ, સકડાલપુત્રની સરળતા અને મહાશતકની પત્નીનો પ્રતિકૂળ સંયોગ છતાં ધર્મોપાસનામાં દૃઢતા રાખીએ પ્રેરણાદાયી અધ્યયનો છે.

જિનશાસન ગુણપ્રધાન છે, વેષપ્રધાન નથી તે આનંદ શ્રાવક અને ગૌતમ સ્વામીના વ્યવહાર પરથી સિદ્ધ થાય છે. આનંદ શ્રાવકના આમરણાંત અનશનના સમાચાર મળતાં જ ગૌતમસ્વામીનું સ્વયં ત્યાં જવું, ત્યાં ગયા પછી આનંદની શારીરિક અશક્તિ અને ભાવોના વેગ નિહાળી તેની નિકટ જવું, તેના અવધિજ્ઞાન વિષયક વાર્તા લાપ કરવો વગેરે પ્રસંગો ગૌતમસ્વામીની ગુણ દૃષ્ટિને પ્રગટ કરે છે.

આનંદ શ્રાવકના અવધિજ્ઞાનની વિશાળતા વિષયક શંકા થતાં અત્યંત સરળતાથી પ્રભુ પાસે તેનું સમાધાન કરવું, એટલું જ નહીં પરંતુ એક ગૃહસ્થના ઘરે જઈ ક્ષમાયાચના કરવી એ ગૌતમસ્વામીની મહાન સરળતા, નમ્રતા અને પ્રભુ પ્રત્યેની સાચી નિષ્ઠાને અંતરશ્રદ્ધા છતી કરે છે. અહીં ઉલ્લેખનીય તો એ છે કે ગૌતમ સ્વામી પોતે ૧૪ પૂર્વધારી, દ્વાદશાંગીના ધારક, ૪ જ્ઞાનના ધણી, ૫૦,૦૦૦ સાધુઓના નાયક, ૮૦ વર્ષની ઉંમર, ૩૦ વર્ષનો દીક્ષાપર્યાય અને છઠ્ઠના પારણે છઠ્ઠ કરતા હતા. આવા જ્ઞાની, તપસ્વી, ઉત્તમ પદના ધારક હોવા છતાં પણ સ્ખલના થઈ શકે છે. ત્યારે કોઈ પણ જાતનો આગ્રહ રાખ્યા વિના સત્ય સ્વીકારી, ક્ષમાયાચના કરી તે તેમનો ઉત્તમ ગુણ છે.

મહાશતક સિવાય નવે શ્રાવકોનું પારિવારિક જીવન સુખી હતું. તેઓએ તેમની પત્નીને ધર્મ કરવા માટે, તીર્થંકરના દર્શન કરવા માટે કોઈ જાતનું દબાણ કર્યું નથી પણ પ્રેરણા આપી છે. જે આજે ઘણી જ અનુકરણીય લાગે છે. ઘરના પ્રત્યેક સદસ્યોને યોગ્ય પ્રેરણા આપી બાર ।તધારી શ્રાવક બનાવવા જોઈએ તો જ મહાવીરનું શાસન ૨૧,૦૦૦ વર્ષ સુધી ટકી શકશે.

મુનિદર્શન માટે સામાન્ય નિયમ એટલે કે પાંચ અભિગમ જાણવા યોગ્ય છે. જે સચિત્તત્યાગ, અચિત્તનો વિવેક, મુખ ઉપર રૂમાલ અથવા મુહપત્તિ, હાથ જોડવા, મનની સ્થિરતા છે.

વર્તમાનમાં ગૃહસ્થ સાધકો માટે આનંદ આદિ દશે શ્રાવકનું જીવન દિશાસૂચક છે. પોતાના ઘરમાં કેવળ ભોગ વિલાસ યોગ્ય જ વાતાવરણ ન રાખતાં, સાધના યોગ્ય સ્વતંત્ર સ્થાન રાખવું જોઈએ.

દશે શ્રાવકો પાસે કરોડોની સોનામહોર હોવા છતાં પ્રચુર સંપત્તિ અને ગોધન હોવા છતાં તેમને મહાપરિગ્રહી શ્રાવક કહ્યા નથી, અલ્પ પરિગ્રહી શ્રાવક કહ્યા કારણકે વ્રત સ્વીકારતી વખતે તેમની પાસે જેટલો પરિગ્રહ હતો તેમાં જ સંતોષ રાખ્યો. ઈચ્છાઓને સંયમિત કરી માટે સીમિત પરિગ્રહવાળા કહેવાય છે. અને જ્યારે પોતાને નિવૃત્ત થવું હતું તે સમયે છોડી પણ શક્યા. વ્યક્તિએ પોતાની નિવૃત્તિ સમયની એક મર્યાદા રાખવી જોઈએ. સાંસારિક અને સામાજિક જવાબદારીમાંથી નિવૃત્તિ લઈ સ્વેચ્છાથી ઘર-ધંધાનો કારભાર પુત્રને સોંપી વાનપ્રસ્થાશ્રમને ધર્મારાધનાથી શોભાવવો જોઈએ, જે આ દશે શ્રાવકોનાં અધ્યયન ચિંતન-મનન કરાવે છે.

બીજા અધ્યયનમાં કામદેવ શ્રાવકને ધર્મ સાધનામાં દેવકૃત ઉપસર્ગ આવ્યો. દેવે પિશાચ, હાથી અને સર્પનું વૈક્રિય રૂપ કરી કામદેવને ધર્મશ્રદ્ધાથી વિચલિત કરવા માટે પ્રયત્નો કર્યા પણ દેવ તેમાં સફળ થયો નહીં. ધર્મ કરનાર વ્યક્તિને કોઈ પ્રતિકૂળતા આવતી નથી, તેમ નથી. પરંતુ ધર્મશ્રદ્ધા એ વ્યક્તિને પ્રતિકૂળતામાં સહન કરવાની ક્ષમતા અને સમજણ આપી ધર્મમાં દૃઢ બનાવે છે. તેનું ઉત્તમ ઉદાહરણ કામદેવનું અધ્યયન છે. એવા પ્રિયધર્મીને દૃઢધર્મી શ્રાવકના વખાણ ખુદ ભગવાન મહાવીર કરે છે. એક શ્રાવકનું ઉદાહરણ સાધુ-સાધ્વી માટે પ્રેરક બને એ કાંઈ નાનીસૂની વાત નથી.

ચુલનીપિતા, સુરાદેવ, ચુલ્લશતક અને સકડાલપુત્ર એ ચારેય શ્રાવકને દેવકૃત ઉપસર્ગ આવ્યો. દેવે ક્રમશઃ ત્રણ પુત્રવધ કર્યા

ત્યાં સુધી તેઓ ચલિત ન થયા પણ ચુલનીપિતા શ્રાવકને માતાની મમતા નડી, માતૃવધની ધમકીથી ચલિત થયા ને વ્રત ભંગ થયો. પણ માતાની પ્રેરણાથી પ્રાયશ્ચિત્ત કર્યું. સુરાદેવ શ્રાવકને શરીરના રોગ ઉત્પન્ન કરવાની ધમકી આપીને તેઓ ચલિત થયા. પણ પત્નીની પ્રેરણાથી પ્રાયશ્ચિત્ત કર્યું. ચુલ્લશતક શ્રાવક સર્વ સંપત્તિ વેરવિખેર કરવાની ધમકીથી ચલિત થયાને તેઓ પણ પત્નીની પ્રેરણાથી પ્રાયશ્ચિત્ત કરે છે. સકડાલપુત્ર શ્રાવક પત્નીવધની ધમકીથી વ્રતભંગ થાય છે પણ પત્નીની પ્રેરણાથી પ્રાયશ્ચિત્ત સ્વીકાર કરે છે. ધર્મ સાધનામાં–આરાધનામાં જો કોઈ નડતરરૂપ હોયને મનને અસ્થિર કરનારું હોય તો શરીર, સંબંધ અને સંપત્તિ છે, જે આપણી નબળી કડી છે.

કુંડકૌલિકની શ્રદ્ધા સમજણપૂર્વકની હતી. તેથી જ દેવના કથનથી તેઓ ચલિત થયા નહીં એટલું જ નહીં યુક્તિપૂર્વક નિયતિવાદનું ખંડન કરીને સ્વસિદ્ધાંતની પ્રરૂપણા કરી શક્યા અને દેવને નિરુત્તર કરી શક્યા. ખુદ પ્રભુ મહાવીરે કુંડકૌલિકને ધન્યવાદ આપ્યા અને તેની ઘટનાથી સાધુ-સાધ્વીઓને પવિત્ર પ્રેરણા આપી પ્રજ્ઞાબુદ્ધિ ધરાવનાર શ્રમણો અને શ્રમણોપાસકોએ જૈનાગમોનું વિશાળ અને ગહનતમ અધ્યયન ચિંતન સાથે કરવું જોઈએ એ જ આ અધ્યયનનો બોધ છે.

સકડાલપુત્રના અધ્યયનમાં સકડાલપુત્રને પ્રભુ મહાવીર સાથે નિયતિવાદ વિષયક થયેલી ચર્ચાનું નિરૂપણ છે. પ્રભુ એ સકડાલપુત્રને તેના રોજિંદા કાર્ય ઉપરથી જ પુરુષાર્થ વાદની ઉપયોગિતા અને અનિવાર્યતા સમજાવી, આપણું દરેક કાર્ય પુરુષાર્થ વિના શક્ય જ નથી. પ્રભુએ તેને પૂછ્યું કે તમે જે કાંઈ માટીના વાસણો વગેરે બનાવો છો તે કઈ રીતે થાય છે? સકડાલપુત્રે તેની પ્રક્રિયા આદિથી અંત સુધી સમજાવી. માટી પલાળવાથી લઈને વાસણને ભઠ્ઠીમાં પકવવા સુધી બધી જ ક્રિયા પુરુષાર્થજન્ય જ છે. તેથી જ સર્વભાવો નિયત છે, તેનું ખંડન થઈ જાય છે. વ્યાવહારિક જીવનમાં નિયતિવાદને સ્વીકારવો ઉચિત નથી. નિયતિવાદના સ્વીકારથી વ્યક્તિ સર્વથા નિષ્ક્રિય બની જાય, પ્રમાદ વધી જાય. 'જે થવાનું છે તે થશે', તે વિચારથી કે તે શ્રદ્ધાથી કાર્ય થતું નથી. તેથી એકાંતવાદને ન સ્વીકારતા પાંચ સમવાય–કાળ, સ્વભાવ, નિયતિ, પૂર્વકૃત કર્મ અને પુરુષાર્થને સ્વીકારવા, તે સર્વ પ્રકારે સંગત છે.

સકડાલપુત્ર જાતિથી કુંભાર હતા, પાંચસો કુંભાર-શાળાઓના માલિક હતા. છતાં તેમના જીવનમાં ધર્મનું સ્થાન હતું. તેમની શ્રદ્ધા ગોશાલકના નિયતિવાદની હતી પરંતુ પ્રભુના પ્રથમ સમાગમે, સત્ય સમજાતાં, આગ્રહ છોડીને સત્–તત્ત્વને સ્વીકારી લીધું.

અન્ય શ્રાવકના અધ્યયનમાં ઉપસર્ગ દેવકૃત હતો પણ મહાશતકના જીવનમાં તેમની પત્ની રેવતી દ્વારા પ્રતિકૂળ સંયોગો મળે છે. રેવતી વિષય–વાસનામાં મસ્ત, મદ્ય અને માંસ ભક્ષણમાં લોલુપી અને આસક્ત હતી. તેની કામના–પૂર્તિ માટે વિધ-વિધ પ્રયત્નો કરે છે. તેમાં જો કોઈ બાધક હોય તો ક્રોધ કરે છે, તેનો વધ કરે છે. ક્રોધી વ્યક્તિ હેય-ઉપાદેયનો વિવેક ભૂલી જાય છે ને સર્વ વિનાશને નોતરે છે. તેની બાર શોક્યનો વધ અને રોજ બે વાછરડાંના માંસનું ભક્ષણ જેવા અધમાધમ કાર્ય નિર્લજ્જતાથી કરે છે. મહાશતક દૃઢધર્મીને પ્રિયધર્મી શ્રાવક હતા. તેને ચલિત કરવા માટે ઘણી કુચેષ્ટાઓ કરી ત્યારે અંતિમ આરાધનામાં લીન, અવધિજ્ઞાનમાં ઉપયોગ મૂકીને રેવતીનું પ્રથમ નરકનું ભાવિ કહે છે. ત્યારે આ માટે ભગવાન મહાવીર તેને પ્રાયશ્ચિત્ત લેવા કહે છે. સત્ય અને યથાર્થ વચન પણ જો અનિષ્ટ કે અપ્રિય હોય તો બોલવું કલ્પનીય નથી. તે આ અધ્યયનમાંથી શીખ મળે છે.

ઉપાસક દશાંગ સૂત્રમાં દશ શ્રાવકના માધ્યમથી તત્કાલીન શ્રાવકોની ધાર્મિક ભાવના સાથે સામાજિક, રાજકીય અને આર્થિક પરિસ્થિતિનો અહેવાલ મળે છે.

દશેદશ શ્રાવકો પાસે ગોધન ઘણું હતું. તેના પરથી ફલિત થાય છે તે સમયના જનજીવનના ગાય અને બળદનું મહત્ત્વ વિશેષ હશે.

દશેદશ શ્રાવકો પોતાની ધનસંપત્તિનો એક ભાગ ખજાનામાં, એક ભાગ વ્યાપારમાં અને એક ભાગ ઘરના વૈભવ-સાધન સામગ્રીમાં રાખતા હતા. તે સમયની આ કુશળ આર્થિક વહેંચણી આજના સમયે ઘણી ઉપકારક છે. આજે લોકો પોતાની ચાદર કરતાં વધારે પગ પહોળા કરી લોન લઈ, હપ્તા ભરીને વસ્તુ-ઘર વસાવે છે. તેના માટે ટેન્શન ઊભાં કરે છે ને બ્લડ-પ્રેશર, ડીપ્રેશનને ડાયાબિટીસનો શિકાર બને છે.

તે સમયના શ્રાવકો વ્રત ગ્રહણ કરતી વખતે ખાદ્ય, પેય, ભોગ, ઉપભોગ વગેરેની જે મર્યાદા કરી, તેનાથી તે સમયની જીવનશૈલી, રહેણીકરણી પર સારો પ્રકાશ પડે છે. માલિશની વિધિમાં શતપાક તેલ અને સહસ્ત્રપાક તેલ વાપરતા. તેનાથી એ પ્રગટ થાય છે કે ત્યારે આયુર્વેદ ઘણું વિકસિત હતું. લીલાં જેઠીમધનું દાતણ, વાળ ધોવા માટે આંબળાનો ઉપયોગ વગેરે રોજિંદી ક્રિયાનો ઉલ્લેખ સૂચવે છે કે ખાનપાન, રહેણીકરણી સહજ, સરળ અને પથ્યકારી હતી. લોકોમાં આભૂષણ ધારણ કરવાની રુચિ હતી. મોટા માણસો સંખ્યામાં ઓછાં પરંતુ બહુમૂલ્ય આભૂષણ પહેરતા હતા. પુરુષોમાં અંગૂઠી પહેરવાનો વિશેષ રિવાજ હતો. આનંદ શ્રાવકે પોતાની નામાંકિત અંગૂઠીના રૂપમાં આભૂષણની મર્યાદા કરી હતી. ભોજન પછી મુખવાસની પ્રથા હતી. કન્યાઓના લગ્ન પ્રસંગે પિતૃપક્ષ તરફથી દહે જ અપાતું હતું. એવા જીવન વ્યવસ્થાના અનેક પાસાંઓ અહીં ઉજાગર થયાં છે.

જૈનધર્મમાં સાધનાની દૃષ્ટિએ શ્રમણધર્મ અને શ્રમણોપાસક ધર્મ એમ બે પ્રકારે વિભાજન કર્યું છે. આ વિભાજનમાં ઊંડું મનોવૈજ્ઞાનિક તથ્ય છે. દરેક વ્યક્તિની ક્ષમતા, સામર્થ્ય, ઉત્સાહ, આત્મબળ, પરાક્રમ સમાન હોતાં નથી. તેથી ઓછી કે અધિક દરેક પ્રકારની શક્તિ ધરાવતી વ્યક્તિ સાધના માર્ગમાં પ્રવેશ કરી શકે છે. તે માટે શ્રમણોપાસક ધર્મની વ્યવસ્થા છે. સાધુના મહાવ્રત લેવા તે રત્ન ખરીદવા સમાન છે. રત્ન આખું જ ખરીદવું પડે જ્યારે શ્રાવકના વ્રત લેવા તે સોનું ખરીદવા સમાન છે; શક્તિ અનુસાર ખરીદો. જે સંસારમાં રહીને ભગવાન મહાવીરના ધર્મની ઉપાસના કરી, ઉપાસક બની આત્મકલ્યાણ કરવા માંગે છે તેમના માટે ઉપાસકદશાંગ સૂત્રનું અધ્યયન અત્યંત હિતકારક છે.

# શ્રી અંતગડ સૂત્ર

અગિયાર અંગસૂત્રોમાં આઠમા સ્થાને અંતગડદશાંગ સૂત્ર છે. સાતમા ઉપાસક દશાંગ સૂત્રમાં ભગવાને શ્રમણો પાસકોના ચરિત્રવર્ણન કરીને અગાર-શ્રાવકધર્મનો પ્રતિબોધ કર્યો તો આ અંતગડ સૂત્રમાં અણગાર-સાધુ ધર્મને સ્વીકારી જે મહાત્માઓ ચરમ શરીરી છે–તે જ ભવમાં મોક્ષે જવાના છે અને અંતકાળે અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરી ધર્મદેશના દીધા વિના જ મુક્તિ મેળવી એમના ચારિત્રનું વર્ણન છે. અંતગડ સૂત્ર એટલે સંસારનો સંપૂર્ણ અંત કરાવતી અંતઃકરણની યાત્રા.

અંતગડસૂત્રનો એક શ્રુતસ્કંધ છે. મૂળમાં ૨૩,૨૮,૦૦૦ પદો હતાં. વર્તમાનમાં ૯૦૦ શ્લોક પ્રમાણ છે. તેમાં ૮ વર્ગ છે, તેના ૯૦ અધ્યયનો છે. આ આગમની રચના કથાત્મક શૈલીમાં છે .

અંતગડ સૂત્રનું ઘણું ઊંચું સ્થાન છે. ઉત્તર ભારતમાં પર્યુષણ પર્વના માંગલિક દિવસોમાં આ આગમના એક એક વર્ગનું વાંચન કરી, ૮ વર્ગની વાંચણી આઠ દિવસમાં પૂરી કરવામાં આવે છે.

આ આગમની વર્ણનશૈલી અત્યંત વ્યવસ્થિત છે તથા લગભગ એક જ માળખામાં બંધબેસતી કથાઓ છે. પ્રત્યેક સાધકના નામ, નગર, ઉદ્યાન, રાજા, માતા-પિતા, ૭૨ કળામાં પ્રવીણ, ધર્મા ચાર્ય, તીર્થંકર ભગવાન, ધર્મ કથા, ઈહલૌ કિક તથા પારલૌ કિક ઋદ્ધિ, પાણિગ્રહણ, પ્રીતિદાન, ભોગ-પરિત્યાગ, પ્રવજ્યા, દીક્ષાકાળ, શ્રુતગ્રહણ, તપો પધાન, સંલેખના, સંલેખનાભૂમિ તથા અંતક્રિયા કરી સિદ્ધિગમનનો ક્રમિક ઉલ્લેખ છે. **રાજાશાહી ભોગાવસ્થાથી યોગાવસ્થાનો સુખદ વિરામ છે.**

અંતગડ સૂત્રના ૯૦ અધ્યયનમાં ૯૦ જીવોનો અધિકાર છે. તેમાંના ૫૧ ચરિત્ર બાવીસમા તીર્થંકર શ્રી અરિષ્ટને મિના શાસનના અને ૩૯ ચરિત્ર ચોવીસમા તીર્થંકર શ્રી મહાવીર સ્વામીના શાસનના છે. પહેલાં ૫૧ ચરિત્રનો વિસ્તાર પાંચ વર્ગમાં અને ૩૯ ચરિત્રનો વિસ્તાર ૩ વર્ગમાં છે. ૫૧ ચરિત્રમાં કૃષ્ણ વાસુદેવના પરિવારજનો છે. જેમાં તેમના ૧૦ કાકા, ૨૫ ભાઈ, ૮ પત્ની, ૨ પુત્રવધૂ, ૩ ભત્રીજા, ૨ પુત્ર ને ૧ પૌત્રનો સમાવેશ થાય છે. યાદવકુળના રાજવંશી આ પરિવારજનો શ્રી અરિષ્ટનેમિ ભગવાનના સમવસરણમાં આવે, ધર્મ શ્રવણ કરે, માતપિતાની આજ્ઞાથી દીક્ષા લે જેમ કોઈ વ્યક્તિ ઘરમાં અચાનક આગ લાગતાં અલ્પ વજનવાળી અને બહુમૂલ્યવાળી વસ્તુઓને ત્વરાથી લઈને બહાર નીકળી જાય છે તેમ જરા-મરણની અગ્નિમાં માનવ જીવન ભસ્મ થાય તે પહેલાં અગુરુલઘુ આત્માને બચાવી લે છે. (શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ૧૯મા અધ્યયનની ગાથા ૨૩માં પણ આવો ઉલ્લેખ છે.) મુનિવેશ ધારણ કરી ઉત્તમ સાધુત્વના આચાર-તપજ્ઞાન-ધ્યાન કરી અંતિમ સમયે સંલેખના કરી અંતિમ શ્વોસોચ્છ્‌વાસ દ્વારા આઠે કર્મોનો ક્ષય કરી સિદ્ધ થાય છે.

દરેક અધ્યયનમાં એક સરખી પરિપાટી હોવા છતાં વિશેષતાભર્યા અધ્યયનનો અહીં ઉલ્લેખ કર્યો છે.

અનીયસકુમાર આદિ ૬ અણગાર ભાઈઓ જેઓ એકસમાન દેખાતા હતા તેમનું દેવકીમાતાને ત્યાં ગોચરી અર્થેનું આગમન–એ પ્રસંગમાં મુનિરાજોનું ભિક્ષાર્થ ગમન, ગોચરીનો સમય, ગોચરી પહેલાની પ્રતિલેખન આદિ વિધિનું વર્ણન છે. બે-બેના સંઘાડા (ગ્રુપ)માં ત્રણ વાર મુનિઓના આવવા છતાં દેવકીમાતાની વિનય પ્રતિપતિ દાતાની દાનવિધિનું દર્શન કરાવે છે.

પહેલા વર્ગના પહેલા અધ્યયનમાં કૃષ્ણ વાસુદેવની ધનપતિ વૈશ્રમણ દેવ કુબેરની બુદ્ધિ કૌશલ્યથી નિર્મિત્ત દ્વારિકા નગરીનું વૈભવશાળી વર્ણન છે. કૃષ્ણ વાસુદેવની ત્રણે ખંડની બાહ્ય આભ્યંતર રાજસંપદા અને નગરસંપદાનું આલેખન છે. આટલી સમૃદ્ધિ હોવા છતાં તેઓ માતા પ્રત્યેની અપૂર્વ ભક્તિથી પ્રેરાઈને માતાની એક નાનો પુત્ર હોવાની ભાવનાને પૂરી કરવા અઠ્ઠમ તપ કરી હરિણગમૈષી દેવને બોલાવે છે. દેવ અવધિજ્ઞાનમાં ઉપયોગ મૂકીને કહે છે, ‘દેવલોકથી એક દેવતા આયુષ્ય પૂર્ણ કરી, ચ્યવીને તમારો સહોદર લઘુભ્રાતા થશે.’ આ કથન સૂચવે છે કે **દેવ કોઈને પુત્રો આપતા નથી પરંતુ ભવિતવ્યતા હોય તો સંયોગો મેળવી આપે કે જાણકારી આપી શકે.**

ત્રીજા વર્ગના આઠમા અધ્યયનમાં ગજકુસુમાલના ઐતિહાસિક કથાપ્રસંગના ઉલ્લેખથી કદાચિત્ કોઈક જ જૈન અજાણ હશે. દરેક સાધુ -સાધ્વી વ્યાખ્યાન-પ્રવચનોમાં ગજસુકુમાલના ગુ ણગાન અલગ અલગ દૃષ્ટિકોણથી ફરમાવે છે.

હાથીના તાળવા સમાન અત્યંત સુકોમળ હોવાથી માતપિતાએ ગજસુકુમાલ નામ રાખ્યું. તેમની પ્રભા, ચમક, કાંતિ અને રંગના વર્ણન પરથી જાણવા મળે છે તેઓ સુંદર હતા. યુવાવસ્થા આવતા સુધીમાં ૭૨ કળાના પ્રવીણ બને છે. સોમિલ નામના બ્રાહ્મણની સોમા નામની કન્યા પર ગજસુકુમાલના ભાઈ કૃષ્ણની નજર પડતાં, ભાઈ માટે યાચના કરી, અંત:પુરમાં રાખે છે. બીજી તરફ ત્યાં અરિષ્ટનેમિ ભગવાન આવે છે. ગજસુકુમાલ ધર્મશ્રવણ કરે છે અને વૈરાગ્યભાવ ઉત્પન્ન થાય છે. અહીં પુત્રમોહના કારણે માતા દેવકી પુત્રને અનુકૂળ-પ્રતિકૂળ, રાગાત્મક પ્રલોભનો, સંયમ માર્ગની કઠિનાઇઓ આદિ અનેક પ્રકારે ગજસુકુમાલને યોગથી ભોગ તરફ વાળવાની યુક્તિઓ, ઉક્તિઓથી સમજાવટ કરે છે. તે તમામના સચોટ વૈરાગ્યપૂર્ણ પ્રત્યુત્તર સાથેના માતાપિતાનું અત્યધિક સુંદર વર્ણન છે.

કૃષ્ણ મહારાજ તેમના વૈરાગ્યની કસોટી કરવા રાજ્યાભિષેક કરાવે છે પણ ગજસુકુમાલનો જ્ઞાનગર્ભિત દૃઢ વૈરાગ્ય રંગ લાવે છે. દીક્ષાના દિવસે જ બારમી ભિક્ષુ મહાપ્રતિમાની આરાધના કરવા, ભગવાનની આજ્ઞા લઈ મહાકાળ નામના સ્મશાનમાં જાય છે. આ મહાપ્રતિમાના વહન વખતે અવશ્ય દેવ, મનુષ્ય કે તિર્યંચકૃત ઉપસર્ગ આવે છે. સાધક જો આ પ્રતિમાનું સમ્યક્પાલન ન કરી શકે તો ઉન્માદને , દીર્ઘકાલીન રોગાંતકને પામે છે અથવા જિનધર્મથી ભ્રષ્ટ થઈ જાય છે. પણ જો સમ્યક્પાલન કરે તો અવશ્ય અવધિજ્ઞાન, મન:પર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન-આ ૩ જ્ઞાનમાંથી કોઈપણ એક જ્ઞાનને પ્રાપ્ત કરે છે.

ગજસુકુમાલ મુનિના ઉત્કૃષ્ટ વૈરાગ્યથી અજ્ઞાત અને પુત્રીમોહમાં અંધ થયેલા સસરા સોમિલ બ્રાહ્મણનો ક્રોધાગ્નિ ભભૂકી ઉઠે છે. ક્રોધની આંધીએ તેના વિવેક દીપકને બુઝવી નાખ્યો. પરિણામ સ્વરૂપ નવદીક્ષિત મુનિરાજના તાજા મુંડિત મસ્તક પર ધગધગતા

ખેરના અંગારા ભીની માટીની પાળ બાંધી રાખી દીધા. અહીં સૂત્રકારે ગજસુકુમાલ મુનિની અસહ્ય કલ્પનાતીત મહાવેદનાનો હૃદયસ્પર્શી ચિતાર આપ્યો છે. મહાભયંકર વેદનામાં પણ, જરામાત્ર પણ, વૈર-બદલાની આછેરી રેખા પણ મુનિરાજમાં જાગતી નથી. રોષ ઉપર તોષ, દાનવતા પર માનવતાનો અમર જયઘોષ ગુંજવતા, એક જ દિવસની ચારિત્ર પર્યાય દ્વારા ગુણસ્થાનકાતીત બની મોક્ષ પ્રાપ્ત કરી લીધો.

શું બોંતેર કળામાં પ્રવીણ એવા ગજસુકુમાલ મુનિ હાથેથી ખેરના અંગારા નીચે મૂકી શકતા નહોતા કે માથું નમાવી તે નીચે પાડી શકતા નહોતા? ના...કારણકે જેણે છકાયની દયાનો પાઠ આત્મસાત્ કર્યો હોય તે તેઉકાયના જીવોની હિંસા કેમ કરી શકે? તેમણે તો સોમિલ બ્રાહ્મણને પોતાની મોક્ષસિદ્ધિના સહાયક માન્યા.

આ પ્રસંગના અનુસંધાનમાં કૃષ્ણ વાસુદેવની પ્રભુતામાં લઘુતાના દર્શન કરાવતો માર્મિક પ્રસંગ છે. એક અતિ વૃદ્ધ વ્યક્તિને જોઈને કૃષ્ણ મહારાજનું ફૂલ જેવું કોમળ હૃદય અનુકંપાથી દ્રવિત થઈ જાય છે અને એના સહયોગ માટે સ્વયં ઢગલામાંથી ઈંટ ઉઠાવે છે. તેનું અનુકરણ કરી અન્ય સૈનિકદળે આખો ઈંટનો ઢગલો ઘરમાં પહોંચાડી દીધો. જે રીતે કૃષ્ણે પેલા વૃદ્ધને સહાયતા કરી તેવી રીતે સોમિલે ગજસુકુમાલ મુનિને લાખો ભવોના સંચિત કર્મોને ભસ્મીભૂત કરવામાં સહાયતા કરી હતી.

બધા વાસુદેવ નિયમા (નિશ્ચયથી) નિયાણકડા હોવાથી કોઈપણ કાળે પોતાના વર્તમાન ભવમાં સંયમ સ્વીકાર કરી શકતા નથી અને તેઓ નિયમા નરકમાં જવાવાળા હોય છે. એક બાજુ કૃષ્ણ વાસુદેવને પણ નરકગામી બતાવ્યા તો બીજી તરફ અરિષ્ટનેમિ ભગવાન તેમને તે નરક પછીના ભવમાં આગામી ઉત્સર્પિણીકાળના 'અમમ' નામના બારમા તીર્થંકર બનશે એવી ભવિષ્યવાણી કરે છે. દ્વારિકાના નાશના ત્રણ કારણ સુરા, અગ્નિ અને દ્વિપાયન ઋષિ છે. કૃષ્ણ જ્યારે દ્વારિકાનો ભાવી નાશ જુએ છે ત્યારે પોતાની સંયમ લેવાની અસમર્થતા હોવા છતાં નગરજનોને, પરિવારજનોને સંયમ લેવા માટેની સુલભતાને સંયોગો કરી આપે છે. ઉત્કૃષ્ટ રસ ભરેલી ધર્મદલાલી કરી તીર્થંકર નામ કર્મ બાંધે છે.

ત્યાર પછી પદ્માવતી આદિ ૮ રાણી અને બે પુત્રવધૂને દીક્ષાના ભાવ જાગે છે અને વીશ વર્ષનું ચારિત્ર પાળી મોક્ષે સિધાવે છે. આમ પાંચ વર્ગમાં અરિષ્ટનેમિના શાસનકાળના ૪૧ સાધુ અને ૧૦ સાધ્વીઓનો અધિકાર છે.

૬, ૭, ૮ વર્ગમાં ભગવાન મહાવીરના શાસનકાળના ૧૬ સંતો અને ૨૩ સાધ્વીજીઓનું વર્ણન છે.

છઠ્ઠા વર્ગમાં રાજગૃહી નગરીના અર્જુનમાળીનો પ્રસંગ છે. પાંચ મહિના, તેર દિવસમાં ૧૧૪૧ વ્યક્તિઓની (જેમાં ૯૭૮ પુરુષો અને ૧૬૩ સ્ત્રીઓ છે) બેધડક હત્યા કરનારા અર્જુનમાળી જેવા હત્યારાને સુદર્શન શેઠની શ્રદ્ધા સુ-દર્શન કરાવે છે. અહીં શક્ય છે કે તીર્થંકર ભગવાનના પગલાં થયા પછી તે ક્ષેત્રમાં થઈ રહેલા ઉપદ્રવો કે રોગાંતક કોઈ પણ નિમિત્તે શાંત થઈ જાય છે. અર્જુનનો ઉપદ્રવ પણ સુદર્શન શ્રાવકના નિમિત્તથી દૂર થયો. દૈવી તાકાત સામે આધ્યાત્મિક તાકાતનો જવલંત વિજય થતાં અર્જુનમાળી અર્જુન અણગાર બની જાય છે. પોતાના જીવનનું આમૂલચૂલ પરિવર્તન કરી, છઠ્ઠના પારણે છઠ્ઠ કરી, અદ્‌ભુત સમતા, સહનશીલતા, ક્ષમાભાવના અને ધૈર્યતાની પરાકાષ્ઠાને પામી, છ માસમાં અષ્ટકર્મોનો ક્ષય કરી, ભગવાન મહાવીર પહેલાં જ મોક્ષ પ્રાપ્ત કરી લે છે.

બાળ મુનિરાજ અતિમુક્ત કુમારપ્રભુ મહાવીરના શાસનમાં સૌથી લઘુવયમાં સંયમ અંગીકાર કરનારા એક જ અણગાર છે. અહીં પ્રસ્તુત સૂત્રમાં અતિમુક્ત કુમારની જિજ્ઞાસા અને ૧૪ પૂર્વી ગૌતમ ગણધરનાં સમાધાનના સંવાદમાં બંનેની મહાનતાના દર્શન થાય છે. અતિમુક્તે તો ગૌતમ ગણધરની આંગળી ઝાલી પણ ગૌતમે તો તેમનો હાથ ઝાલ્યો ને પાત્રતા જાણી પ્રભુ પાસે લઈ ગયા. અતિમુક્તને વૈરાગ્ય ભાવ જાગતા, માતા-પિતા પાસે આજ્ઞા માંગતા કહે છે, 'હે માતાપિતા! **હું જે જાણું છું તે નથી જાણતો અને જે નથી જાણતો તે હું જાણું છું.**' અર્થાત્ મારું મૃત્યુ ક્યારે થશે અને હું ક્યાં જઈશ એ તત્ત્વજ્ઞાનથી હું અજ્ઞાત છું, એ અજ્ઞાતને જ્ઞાત કરવા માટે હું સંયમ ગ્રહણ કરવા ઈચ્છું છું. સંયમ ગ્રહણનો નિર્ણય આંતરિક પાત્રતા-યોગ્યતા ઉપર નિર્ભર છે, આગમમાં બાલવયની દીક્ષાનો નિષેધ નથી.

સાતમા, આઠમા વર્ગમાં શ્રેણિકની નંદાદિ–૧૩+કાલી આદિ ૧૦, કુલ ૨૩ રાણીઓના જ્ઞાનાભ્યાસ, તપ આરાધનાઓનું કલ્પનાતીત વર્ણન છે. ઉત્કૃષ્ટ તપના કારણે તેમની દેદીપ્યમાન બનેલી દિવ્ય કાયાનું સૌંદર્ય વર્ણવ્યું છે. રાણીઓ ફૂલ સમાન કોમળ છે. તેટલી જ તપસાધનામાં સિંહણ સમાન શૂરવીર પણ છે. એકથી એક ચડિયાતા તપ અને દેહાધ્યાસ ત્યાગની સર્વોત્કૃષ્ટ ઝલક છે.

આમ, અંતગડસૂત્રમાં ૮ વર્ષના અતિમુક્તકુમાર, ૧૬ વર્ષના ગજસુકુમાલથી લઈને આશરે હજાર વર્ષ ની ઉંમરવાળા અનીયસકુમાર આદિ કુમારો સંયમ લેવાના ઉદાહરણ છે. તો કૃષ્ણ વાસુદેવ જેવો પતિ હોવા છતાં પદ્માવતી આદિ રાણીઓ સંયમ મલે છે તો શ્રેણિક રાજાના મરણ પછી નંદા આદિ ૨૩ રાણીઓ પણ દીક્ષિતથાય છે. અતિ સાહ્યબી હોવા છતાં પુણ્યશાળી રાજકુમારો સંયમ લે તો સાવ સામાન્ય અને ભયંકર પાપી માળી પણ દીક્ષિત થવાના દૃષ્ટાંતો છે. દરેકનો એક માત્ર આશયને એક માત્ર સંદેશ–**ભોગવૃત્તિનો ત્યાગ અને પરિગ્રહની હેયતા.**

જે સાધકમાં જે ગુણો છે તેને ખીલવીને તે સિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે. કૃષ્ણ વાસુદેવની ધર્મશ્રદ્ધા, દયા, ધર્મદલાલી, માતૃભક્તિ, ગુણગ્રહણ દૃષ્ટિ; ગજસુકુમાલનું ધૈર્ય, સાધનાની અડગતા, અસીમ સંવેગ અને અવૈરવૃત્તિ; અર્જુનમાળીની અપાર તિતિક્ષા, અજોડ પ્રાયશ્ચિત્ત; સુદર્શન શેઠની નીડરતા; અતિમુક્તકુમારની જિજ્ઞાસાને ઋજુ તા; શ્રેણિકની રાણીઓનું ઘોર-ઉગ્ર તપ–આ બધા સાધકોના આ ગુણો ઉડીને આંખે વળગે તેવા છે.

અંતગડ સૂત્રનો પ્રતિપાદ્ય વિષય એ જ છે કે સંસાર પક્ષના વિવિધ રૂપો બતાવીને સાધકને ત્યાગ, સંયમ અને તપની પ્રેરણા દઈ ભવાંતઃક્રિયા તરફ લઈ જવા. આપણને પણ એવી પ્રેરણાશક્તિ મળે તેવી શુભ ભાવના સાથે અંતગડ કે વળી આત્માઓને વંદન.

# શ્રી અનુત્તરોપપાતિક સૂત્ર

અગિયાર અંગસૂત્રોમાં નવમા સ્થાને શ્રી અનુત્તરોપપાતિક સૂત્ર છે. સાતમા ઉપાસક દશાંગ સૂત્રમાં શ્રાવકના જીવન કવન હતા તો આઠમા અંતગડ અને નવમા અનુત્તરોપપાતિક સૂત્રમાં શ્રમણોના અધિકાર છે. આઠમા અંતગડ સૂત્રમાં તપ-ત્યાગ દ્વારા સિદ્ધ થયેલા ૯૦ શ્રમણોનું વર્ણન છે તો નવમા અનુત્તરોપપાતિકમાં ઉત્કૃષ્ટતમ તપની સાધના કરી આયુષ્ય પૂર્ણ થવા પર અનુત્તરવિમાનમાં જન્મ ગ્રહણ કર્યો હોય એવા ૩૩ આત્માઓના જીવન-વૃત્તાંત છે.

વિજય, વિજયંત, જયંત, અપરાજિત અને સર્વાર્થસિદ્ધ. એ પાંચ અનુત્તર વિમાન છે. અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થનારા અનુત્તરો પપાતિક કહેવાય છે. અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થનારા માનવોની દશાઅવસ્થાનું વર્ણન હોવાથી 'અનુત્તરોવવાઈય દશા' પણ કહેલ છે. ૩૩ સાગરોપમ સુધી અનુત્તર વિમાનના સુખ ભોગવતા દેવોને 'લવસપ્તમ દેવો' પણ કહેવાય છે . કારણકે પૂર્વના મનુષ્યના ભવમાં જો સાત લવ (લગભગ ૪ મિનિટ અને ૨૨ સેકન્ડ) જેટલું મનુષ્યનું આયુ વધારે હોત તો તેટલો સમય સાધનાની ધારા લંબાઈ ગઈ હોત તો સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષમાં ચાલ્યા ગયા હોત.

અનુત્તરોપપાતિક સૂત્ર ૨૯૨ શ્લોક પ્રમાણ માનવામાં આવેલ છે. આ સૂત્રનું કદ બહુ મોટું નથી તેમ છતાં તેમાં બધી જ ક્રિયાઅનુત્તર-ઉચ્ચ પ્રકારની છે. આ ધર્મકથાનુયોગ સૂત્રમાં ૩ વર્ગ છે. તેમાં અનુક્રમે ૧૦, ૧૩, ૧૦ અધ્યયન છે. કુલ ૩૩ અધ્યયનમાં મહાન તપોનિધિ ૩૩ સાધકોનો ઉલ્લેખ છે.

પ્રથમ વર્ગ અને બીજા વર્ગના કુલ ૨૩ અધ્યયનમાં શ્રેણિક રાજાના જાલિ આદિ ૨૩ પુત્રોના સાધનામય જીવનનું વર્ણન છે. આ દરે ક રાજકુમારોના પુણ્યશાળી જીવન, ૭૨ કળામાં પ્રવીણતા, આઠ પત્નીઓ, ભગવાના દર્શનથી વૈરાગ્યભાવ, દીક્ષા, તપ-સંલેખના, સંથારો, પાંચ અનુત્તર વિમાનમાં ગમન, ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ, ત્યાંથી સિદ્ધ થશે તેવો ક્રમિક ઉલ્લેખ એક સરખો છે.

ત્રીજા વર્ગના પ્રથમ અધ્યયનમાં ધન્યકુમારનું જીવન વિશેષતા-યુક્ત હોવાથી વિસ્તારપૂર્વક સૂત્રકારે વર્ણવેલ છે. કાકંદી નામની નગરીમાં, ભદ્રા નામની સાર્થવાહીના ધન્યકુમાર પુત્ર છે. ભદ્રા સાર્થવાહી એક સાધન સંપન્ન સન્નારી હતી, પ્રચુર ધનસંપત્તિ, વિપુલ ગોધન અને અનેક દાસ-દાસી તેની સંપદા હતી. સમાજમાં સમ્માનયુક્ત હતી.

અહીં પ્રસ્તુત સૂત્ર પરથી તે સમયની સ્ત્રી જાતિની ઉન્નતિનો પરિચય થાય છે. સાર્થવાહી સ્ત્રીઓ આયાત-નિકાસ વેપારનું મોટું સાહસ ખેડતી, વ્યાપાર, વ્યાજ-વટાવ આદિ ક્ષેત્રમાં સ્ત્રીનો પ્રવેશ હતો. સ્ત્રીપુરુષ સમોવડી હતી. સાથે સાથે સાંસારિક જવાબદારી પણ સુપેરે નિભાવતી હતી. અહીં ધન્યકુમારના પિતાનું વર્ણન નથી તેથી એમ માની શકાય કે તે નાની ઉંમરે જ કાળ કરી ગયા હશે.

ધન્યકુ મારનો જન્મ સમૃદ્ધ ઘરમાં થયો હતો. તેનું શરીર પરિપૂર્ણ અને સુંદર હતું. પાંચ ધાત્રીઓ દ્વારા પાલનપોષણ થયું હતું. ૭૨ કળામાં પ્રવીણ હતા. યૌવન અવસ્થામાં આવતા ૩૨ કન્યા સાથે પાણિગ્રહણ થયું. માતા તરફથી ધન્યકુમારને પ્રીતિદાનમાં સોના, ચાંદી, મોતી, ગોકુળ, ઘોડા, હાથી, દાસી, ઘરવખરીની વસ્તુઓ વગેરે સેંકડો વસ્તુ ૩૨-૩૨ના પ્રમાણમાં મળી જે ધન્યકુમારે પ્રત્યેક પત્નીઓને આપી દીધી.

તે કાળે તે સમયે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી કાકંદીનગરીમાં પધાર્યા. ધન્યકુમાર પગે ચાલીને ભગવાનના દર્શને ગયા. ભગવાનના ઉપદેશામૃતના પ્રભાવથી વૈરાગ્યભાવ જાગ્યો. માતાની આજ્ઞા લઈને સંપૂર્ણ સાંસારિક ભોગ વિલાસને ત્યજીને અણગાર બની ગયા. જે દિવસે દીક્ષા લીધી તે જ દિવસ ભગવાનની આજ્ઞા લઈ જીવન પર્યંત નિરંતર છઠ્ઠ તપ તથા પારણામાં આયંબિલ કરવાની પ્રતિજ્ઞા લીધી. તે આયંબિલનો આહાર પણ સંસૃષ્ટ હાથથી અર્થાત્ ખરડેલ કે આહારથી લિપ્ત હાથથી દે તો જ કલ્પે. વળી તે આહાર ઉજ્જિત આહાર અર્થાત્ જે અન્ન સર્વથા ફેંકી દેવા યોગ્ય હોય, જેને પ્રાયઃ કોઈ ઈચ્છતું નથી તેવો આહાર જ લેવો.

અહીં ધન્ય અણગારની આહાર અને શરીર વિષયક અનાસક્તિનું તથા રસેન્દ્રિયના સંયમનું દિવ્ય દિગ્દર્શન થાય છે. આવી દૃઢ પ્રતિજ્ઞાનું પાલન કરતાં ક્યારેક ગોચરીમાં ભોજન મળે તો પાણી ન મળ્યું હોય અને જો પાણી મળ્યું હોય તો ભોજન ન મળ્યું હોય. આવી અવસ્થામાં પણ અદીન, પ્રસન્નચિત્ત, કષાયમુક્ત અને વિષાદરહિત ઉપશમ ભાવમાં, સમાધિ ભાવમાં સ્થિત રહ્યા. જેમ સર્પ બીજા કોઈ લક્ષ્ય વિના માત્ર પોતાની દેહ રક્ષા માટે જ દરમાં પ્રવેશ કરે છે તેમ ધન્ય અણગાર પણ રસાસ્વાદ વગેરે કોઈ પણ લક્ષ્ય વિના માત્ર સંયમ નિર્વાહ માટે જ આહાર કરે છે.

ઉગ્રતપ, કઠોર અભિગ્રહ અને અણીશુદ્ધ સંયમની કસોટી પર ચડીને ધન્ય અણગારનું શરીર કૃશ બનતું ગયું, પરંતુ તેનાથી તેમનો આત્મા વધારે તેજસ્વી બની ગયો. પ્રતિદિન વધતું જતું મુખનું તેજ ઢાંકેલા અગ્નિની સમાન દેદીપ્યમાન બની ગયું હતું.

ધન્ય અણગારની શારીરિક સ્થિતિમાં કેટલું પરિવર્તન થયું હતું તે માટે દરેક જિજ્ઞાસુ વાંચકે આ અધ્યયન વાંચવા યોગ્ય છે. સાહિત્યમાં ભાગ્યે જ આવું તપશ્ચર્યાનું વર્ણન વાંચવા મળી શકે. તીવ્રતમ તપના પ્રભાવથી એક એક અંગ સુકાઈને કેવાં થઈ ગયાં હતાં તેનું ઉપમા અલંકારથી વર્ણન કરવામાં આવ્યું છે. પગ, પગની આંગળીઓ, જંઘા (પીંડી), ઘૂંટણ, ઊરુ (સાથળો), કમ્મર, ઉદર, પાંસળી, બાહુ, હાથ, હાથની આંગળીઓ, ગર્દન, દાઢી, હોઠ, જીભ, નાક, આંખ, મસ્તક આદિ અવયવોમાં માંસ અને લોહી દેખાતાં ન હતાં. ફક્ત હાડકાં, ચામડાં અને નસો જ દેખાતી હતી.

ઘોર તપસ્વી ધન્ય અણગારનાં છાતીના હાડકાં ગંગાની લહેરો (મોજાં) સમાન અલગ-અલગ પ્રતીત થતાં હતાં. કરોડના મણકા રૂદ્રાક્ષની માળાના મણકાની સમાન સ્પષ્ટ ગણી શકાય તેવા હતા. ભૂજાઓ સૂકાઈને સૂકાયેલા સર્પની સમાન થઈ ગઈ હતી. હાથ ઘોડાની ઢીલી લગામ સમાન લટકી ગયા હતા. કંપવાગ્રસ્ત રોગીની જેમ તેમનું મસ્તક ધ્રૂજતું હતું. તેમનું શારીરિક બળ બિલકુલ ક્ષીણ થઈ ગયું હતું. ફક્ત આત્માની શક્તિથી ચાલતા હતા. સર્વથા દુર્બળ હોવાને કારણે બોલવામાં પણ અત્યંત શ્રમ પડતો હતો. શરીર એટલું

ખખડી ગયું હતું કે જ્યારે તેઓ ચાલતા ત્યારે હાડકાંઓ પરસ્પર અથડાવાના કારણે કોલસાની ભરેલી ગાડીની જેમ અવાજ આવતો હતો. તપશ્ચર્યામાં એ પ્રકારે તન્મય થઈ ગયા હતા કે પોતાના શરીરથી પણ નિરપેક્ષ થઈ ગયા હતા. શરીરધારી હોવા છતાં પણ એ અશરીરી જેવા બની ગયા હતા. તેમ છતાં તેમનો આત્મા તપના પ્રખર તેજથી અત્યંત સુશોભિત થઈ ગયો હતો .

આવા તપોધની ધન્ય અણગારની ખુદ ભગવાન મહાવીર પ્રશંસા કરતાં કહે છે કે તેમના ઈન્દ્રભૂતિ પ્રમુખ ચૌદ હજાર શ્રમણોમાં ધન્ય અણગાર મહાદુષ્કરકારક અને મહાનિર્જરાકારક છે. ધન્યમુનિ યથાર્થનામા તથા ગુણા સિદ્ધ થયા. આઠ મહિનાની અજોડ તપસ્યા ઉત્કૃષ્ટ ભાવે કરી અને એક માસની અંતિમ સાધના કરી સર્વાર્થ સિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થયા છે. ત્યાં તે ત્રીસ સાગરોપમની સ્થિતિ પૂર્ણ કરીને મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થશે અને ત્યાંથી સિદ્ધ થશે.

સમ્યક્ તપ એ અનંત કર્મની નિર્જરાનું પ્રધાન સાધન છે. અનંત તીર્થંકરોએ તેમ જ અન્ય સર્વ સાધકોએ તપનો માર્ગ અપનાવ્યો છે. સંસારના સર્વ ભૌતિક ભાવોને છોડ્યા પછી સંયમમાર્ગને પરિપક્વ બનાવવા માટે તપસાધના અનિવાર્ય છે. ધન્ય અણગારે એ સાબિત કરી બતાવ્યું કે **શરીરની શક્તિ કરતા આત્મશક્તિ અનંતગણી છે.**

તે ઉપરાંત અહીં ઉલ્લેખનીય એ છે કે **ગુણીજનોના ગુણાનુવાદ નિઃસંકોચપણે કરવા જ જોઈએ. પ્રમોદ ભાવના ભાવવામાં ક્યાંય પ્રમાદ ન કરવો જોઈએ.** સાક્ષાત્ તીર્થંકરે પોતાના જ શિષ્યની સ્વમુખે પ્રશંસા કરી, તે એક પ્રેરક પ્રસંગ છે.

જૈન આગમમાં ઠેર ઠેર અનશન તપનું શ્રેષ્ઠ ક્રિયાત્મક ચિત્રાંકન થયું છે. અનશન તપ તેજ સાધક કરી શકે છે કે જેણે શરીરની આસક્તિનો ત્યાગ કર્યો હોય. અનશનમાં ચાર આહાર સાથે ઈચ્છાઓ, કષાયો અને વિષયવાસનાનો પણ ત્યાગ કરવામાં આવે છે. આ ત્યાગમાં મૃત્યુની ચાહના હોતી નથી. જ્યારે શરીર સાધનામાં સહાયક ન રહેતાં બાધક બની જાય ત્યારે તે ત્યાગવા યોગ્ય બની જાય છે. તે સમયે સ્વેચ્છાએ મરણ પ્રતિ પ્રયાણ કરવામાં આવે છે. સંથારો આત્મહત્યા છે એ એક ભ્રાંત ધારણા છે, આ સત્ય નથી.

આત્મહત્યા તે વ્યક્તિ જ કરે છે જે પરિસ્થિતિઓથી ત્રાસેલા હોય છે , જેની મનોકામના પૂર્ણ થતી નથી, અપમાનિત હોય છે, તીવ્ર ક્રોધનો આવેગ હોય છે તે વ્યક્તિ વિષ, ફાંસો વગેરે વિવિધ પ્રકારના પ્રયોગ કરી જીવનનો અંત લાવે છે. જ્યારે સંથારામાં આ બધાનો અભાવ હોય છે. સંથારામાં વિવિધ પ્રકારના પ્રયોગ હોતા નથી પણ એક જ સમાન પ્રયોગ જેમાં આત્માના નિજ ગુણોને પ્રગટ કરવાની તીવ્રતર ભાવના હોય છે. કોઈ પણ પ્રકારની કીર્તિની કામના કે કોઈ પણ ભૌતિક સુખની ચાહના હોતી નથી. સર્વ જીવ સાથે ખમત્ ખામણા કરી મોક્ષની સાધનાની ભાવના હોય છે માટે **સંથારો આત્મહત્યા નથી પણ આત્માની સુખશય્યા છે .**

જ્યારે દેહનું મમત્વ ઘટે ત્યારે જ આત્માનું આત્મત્વ ઝળકી ઊઠે છે. શુદ્ધ આત્મત્વની પ્રાપ્તિ થાય ત્યારે જ સિદ્ધત્વની પ્રાપ્તિ થઈ શકે છે. આવો ઉચ્ચ ને ઉત્તમ બોધ અનુત્તરોપપાતિક સૂત્ર દ્વારા મળે છે. ★

---

## શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર

અગિયાર અંગસૂત્રોમાં દસમા સ્થાને શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર છે. પુછાયેલા પ્રશ્નોના નિર્ણાયત્મકરૂપે જવાબ જેમાં હોય તે 'વ્યાકરણ' કહેવાય છે અને તેવા પ્રશ્નોત્તરવાળું સૂત્ર તે 'પ્રશ્નવ્યાકરણ સૂત્ર' છે. ટૂંકમાં પ્રશ્નોનું વ્યાકરણ અર્થાત્ નિર્વચન, ઉત્તર અને નિર્ણય તે પ્રશ્નવ્યાકરણ.

પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં એક શ્રુતસ્કંધ અને ૧૦ અધ્યયન છે. પહેલાં ૯,૩૧,૧૬,૦૦૦ પદ હતા. હાલમાં ૧૨૫૦ પદ છે. પહેલાં ૪૫ અધ્યયનો હતા તેમ નંદી સૂત્રમાં કહે છે. વર્તમાનમાં ઉપલબ્ધ પ્રશ્નવ્યાકરણમાં ધર્માધર્મ રૂપ વિષયોની ચર્ચા કરવામાં આવી છે. પ્રાચીન કાળમાં આ આગમમાં અનેક મંત્રો, વિદ્યાઓ, જ્યોતિષ આદિ ગૂઢ અને ચમત્કારિક પ્રશ્નો સંબંધિત વિષય હતો, તેવું નંદી સૂત્ર અને સમવાયાંગ સૂત્રમાં કથન છે. આગામી સમયમાં કોઈ કુપાત્ર મનુષ્ય આ ચમત્કારી વિદ્યાનો દુરુપયોગ ન કરે, એ દૃષ્ટિથી કોઈ આચાર્ય ગુરુએ એ વિષયો આ સૂત્રમાંથી કાઢી નાંખી માત્ર આશ્રવ અને સંવરને કેન્દ્રબિંદુ બનાવ્યા છે.

**'કર્મનું આવવું' તે આશ્રવ અને 'આવતાં કર્મને રોકવા' તે સંવર. હિંસા, જૂઠ, ચોરી, મૈથુન અને પરિગ્રહ–એ પાંચ આશ્રવનાં દ્વાર છે. અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ–એ પાંચ સંવરનાં દ્વાર છે.**

★ પ્રથમ 'હિંસા' અધ્યયનમાં શાસ્ત્રકાર પ્રાણવધને અધર્મનું દ્વાર કહે છે. હિંસા પાપ રૂપ છે. ચંડ રૂપ છે, રૌદ્ર રૂપ છે વગેરે વિશેષણો દ્વારા હિંસાના વાસ્તવિક સ્વરૂપને પ્રદર્શિત કરી હેયતા પ્રગટ કરી છે. હિંસાના વિવિધ અર્થના પ્રતિપાદક, ગુણવાચક અને કટુફળ નિર્દેશક ૩૦ પર્યાયવાચી નામો દર્શાવ્યા છે. પાપી, કરુણાહીન, અસંયમી, અવિરતિ વ્યક્તિ પોતાના સુખ અને શોખ માટે, પોતાની સ્વાર્થી વૃત્તિઓના પોષણ માટે સ્થાવર અને ત્રસકાયિક જીવોની હિંસા કરે છે.

હિંસા કરવા માટેનાં બાહ્ય કારણો તે મકાન બનાવવાં, સ્નાન કરવું, ભોજન બનાવવા આદિનો ઉલ્લેખ છે. તો આભ્યંતર કારણો ક્રોધાદિ કષાયો, હાસ્ય, રતિ, અરતિ, પ્રમાદ, અજ્ઞાનતા આદિનું કથન છે. કોઈ પણ કારણથી હિંસા કરાય તે એકાંતે, ત્રૈકાલિક પાપ જ છે; તેનાથી આત્માનું હિત કદાપિ થતું નથી. મૂઢ હિંસક લોકો હિંસાનાં ફળને જાણતા નથી અને અત્યંત ભયાનક, નિરંતર દુઃખદ વેદનાવાળી તેમ જ દીર્ઘકાલ પર્યંત ઘણાં દુઃખોથી વ્યાપ્ત નરક અને તિર્યંચયોનિ યોગ્ય ભવોની વૃદ્ધિ કરે છે. હિંસક પાપીજન આ મનુષ્યભવનું આયુષ્ય સમાપ્ત થતાં અશુભ કર્મોની બહુલતાના કારણે સીધા જ નરકમાં ઉત્પન્ન થાય છે.

અહીં નારકોની વેદનાનો ચિતાર એક ચિત્કાર નંખાવી દે તેવો ચોટદાર સૂત્રકારે રજૂ કર્યો છે. ક્ષેત્રવેદના, પરમાધામી દ્વારા અપાતી વેદના અને પરસ્પર અપાતી વેદનાનું તાદૃશ્ય નિરૂપણ ખરેખર રુંવાડાં ઊભાં કરી દે તેવું છે.

નરકની ભૂમિનો સ્પર્શ અત્યંત કષ્ટકારી છે, ત્યાંની ઉષ્ણ

અને શીત વેદના વચનાતીત છે, ત્યાં ઘોર અંધકાર છે, અસહ્ય દુર્ગંધ છે. પરમાધામી દેવો જ્યારે નારકોને પીડા ઉત્પન્ન કરે છે ત્યારે તે તેના પૂર્વકૃત પાપોની ઉદ્‌ઘોષણા કરે છે, સ્મરણ કરાવે છે. નારકોના પૂર્વકૃત પાપ જે કોટિના હોય છે પ્રાયઃ તેવા પ્રકારની યાતના દેવામાં આવે છે. જેણે પૂર્વભવમાં મરઘા-મરઘીને ઉકળતા પાણીમાં નાંખીને ઉકાળ્યા હોય તેને કડાઈ કે ઘડા જેવા પાત્રમાં ઉકાળવામાં આવે છે. જેણે અન્ય જીવોનો વધ કરી માંસ કાપ્યું હોય, શેક્યું હોય તેને તે પ્રકારે કાપવામાં, શેકવામાં આવે છે. જેણે દેવી-દેવતા સામે પશુની બલિ દીધી હોય તેને બલિની જેમ વધેરવામાં આવે છે. જે વ્યક્તિ જેવા કર્મો કરે તેવાં જ ફળ તેને ભોગવવા પડે છે તે કર્મનો અબાધિત સિદ્ધાંત અહીં ઉપસી આવે છે .

આવી શારીરિક અને માનસિક અશાતા રૂપ વેદનાનો અનુભવ જીવન-પર્યંત કરવો પડે છે. નારકો રાડો પાડી પાડીને કહે છે કે મને છોડી દો, દયા કરો, રોષ ન કરો, થોડું પાણી આપો ત્યારે પરમાધામી દેવો તે નારકોને પકડી લોઢાના દંડાથી મોંઢું ફાડી તેમાં ઊકળતું સીસું રેડે છે.

આ સિવાય પરસ્પર તીવ્ર વેરભાવ પૂર્વના વેરના કારણે હોય છે. તેઓ એકબીજાને સેંકડો શસ્ત્રોથી મારતા રહે છે, કાપતા રહે છે. નારકોનું શરીર જન્મસિદ્ધ વૈક્રિય હોવાથી તેના ટુકડા કરાય, શેકાય, તળાય કે ગમે તે પ્રક્રિયા થાય છતાં તેનો નાશ થતો નથી. તેનું વૈક્રિય શરીર તેને વિશેષ દુઃખકારક છે. આવી ભયાનક યાતનાઓનું વર્ણન કરવાનું એક માત્ર પ્રયોજન છે કે **મનુષ્ય હિંસારૂપ દુષ્કર્મો થી બચે અને તેના ફળસ્વરૂપ થનારી યાતનાઓનો શિકાર ન બને.**

નરકમાંથી નીકળીને પણ જેના પાપકર્મો શેષ રહ્યા હોય તે તિર્યંચ ગતિમાં દુઃખોની પરંપરાને સહેતા રહે છે. સંક્ષેપમાં કહીએ તો હિંસા અલ્પ સુખ અને મહાદુઃખનું કારણ છે તેથી તે સર્વથા ત્યાજ્ય છે.

★બીજા અધ્યયનમાં 'મૃષાવાદ (જૂઠ)'નું વર્ણન છે. અસત્ય વચન મિથ્યાવચન રૂપ છે. તે વ્યથા ઉત્પાદક, દુઃખોત્પાદક, અપયશકારી તેમ જ વેરને ઉત્પન્ન કરનાર છે. મૃષાવાદની વ્યાપકતા પ્રગટ કરવા સૂત્રકારે ૩૦ પર્યાયવાચી નામોનું કથન કર્યું છે.

પાપી, સંયમ રહિત, અવિરત, કપટી, ક્રોધી, માયાવી, લોભી, હાસ્ય અને ભયને આધીન બનેલા લોકો અસત્ય બોલે છે. અસત્ય ભાષણનાં મૂળ ચાર કારણ છે. ક્રોધ, લોભ, ભય અને હાસ્ય. કેટલાક લોકો ધન માટે, કન્યા માટે, ભૂમિ માટે, પશુઓ માટે જૂઠું બોલે છે, જૂઠી સાક્ષી આપે છે. પરપીડાકારી, પાપકારી કાર્યની સલાહ કે પ્રોત્સાહન આપતા હિંસક વચનો અસત્ય વચન છે. **સત્યની કસોટી અહિંસા છે.** જે સત્યથી પણ અન્યના પ્રાણ જોખમમાં હોય તો તે સત્ય બોલવું પણ યોગ્ય નથી. યુદ્ધ સંબંધી કે યજ્ઞ, ધૂપ, દીપ, બલિ સંબંધી આદેશ-ઉપદેશ રૂપ વચન અસત્ય વચન છે.

મૃષાવાદી આદર, સન્માન પામતા નથી. લોકો તેનામાં વિશ્વાસ મૂકતા નથી. લોકમાં નિંદિત થાય છે. ભવ પરંપરામાં દીનતા અને દરિદ્રતાને પામે છે. દીર્ઘકાળ પર્યંત નરક-તિર્યંચ ગતિનાં દુઃખો ભોગવે છે. પૂર્વજન્મમાં વચનયોગનો દુષ્પ્રયોગ કર્યો હોવાથી, તેના ફળ સ્વરૂપે તે જીવોનો જ્યાં જન્મ થાય ત્યાં વચનયોગની પ્રાપ્તિ થતી નથી. અર્થાત્ તે જીવો એકેન્દ્રિય જાતિમાં ઉત્પન્ન થાય છે. અને મનુષ્યયોનિમાં વચનયોગની પ્રાપ્તિ થાય તો પણ અત્યંત હીનકોટિનો વચનયોગ–મૂંગા અથવા તોતડાપણું પ્રાપ્ત થાય છે. માટે મૃષાવાદના કટુ પરિણામોને જાણી અસત્યને તિલાંજલિ આપવી જોઈએ.

★ ત્રીજા અધ્યયનમાં 'અદત્તાદાન (ચોરી)'નું વર્ણન છે. અદત્ત+આદાન=નહીં દીધેલું ગ્રહણ કરવું તે અદત્તાદાન છે. જે વસ્તુ આપણી માલિકીની નથી તે વસ્તુ તેના સ્વામીની સ્વીકૃતિ કે અનુમતિ વિના લઈ લેવી અને પોતાની માલિકીની કરી લેવી તે અદત્તાદાન છે. અદત્તાદાનનું મૂળ મૂર્ચ્છા, લોભ, આસક્તિ, અસંતોષ છે. ઈન્દ્રિયોને વશમાં ન રાખવી, પરધનનો લોભ અને પરસ્ત્રીનો અનુરાગ ચોરી કરાવે છે.

ચૌર્યકર્મની વ્યાપકતાનું દર્શન કરવા ૩૦ પર્યાયવાચી નામો છે. આચાર્ય અભયદેવ સૂરીએ ટીકામાં ચાર પ્રકારના અદત્તનું કથન કર્યું છે.

૧. સ્વામી અદત્ત = સ્વામી-માલિકની આજ્ઞા વિના વસ્તુ લેવી તે.
૨. જીવ અદત્ત = જીવની આજ્ઞા વિના તેના પ્રાણનું હરણ કરવું-હિંસા કરવી.
૩. તીર્થંકર અદત્ત = તીર્થંકરની આજ્ઞાનું ઉલ્લંઘન કરવું.
૪. ગુરુ અદત્ત = ગુરુની આજ્ઞાનો ભંગ કરવો, ગુરુને પૂછ્યા વિના કાર્ય કરવું તે.

પ્રસ્તુત સૂત્રમાં ચોરની મનોવૃત્તિ કેવી હોય છે? કેવી કેવી શ્રેણિના ચોર હોય? કેવી કેવી રીતે ચોરી કરે છે? તેનું વિસ્તૃત વર્ણન છે. પરધન કે પરસ્ત્રી ઈચ્છુક રાજાઓ કઈ રીતે સંગ્રામમાં નરસંહાર કરે છે તેનું સ્પષ્ટ ચિત્ર ઉપસ્થિત કર્યું છે. પ્રાચીનકાળમાં ચોરી કરનારને કેવો ભીષણ દંડ દેવામાં આવતો હતો! તેનું વર્ણન છે. ચોરી કરનારાની દુર્દશા બંધનથી મૃત્યુદંડ સુધીની પ્રત્યક્ષ પણ જોઈ શકાય છે. પરલોકમાં પણ દુર્ગતિની પરંપરા વધારતી ચૌર્યવૃત્તિને સંપૂર્ણપણે છોડવી જ યોગ્ય છે.

★ચોથા અધ્યયન 'અબ્રહ્મચર્ય'માં અબ્રહ્મનું સ્વરૂપ, અબ્રહ્મચર્યના ભાવોની ઉત્પત્તિ, ભોગોપભોગી વ્યક્તિઓ અને તેના દુષ્પરિણામોનું વર્ણન છે. આત્મરમણતાના ભાવોથી ચ્યુત થઈ ઈન્દ્રિયોના વિષયોમાં રમણતા કરવી તે અબ્રહ્મ-કુશીલ છે. દેવો, મનુષ્યો, પશુઓ આદિ સંસારના સમસ્ત પ્રાણીઓ ઉપર પોતાનું સામ્રાજ્ય જમાવનાર આ અબ્રહ્મ મોહને વધારનાર, તપ-સંયમનું વિઘાતક, જરા, મરણ, રોગ તથા શોકનું કારણ છે, સંસારવર્ધક છે, અધર્મનું મૂળ છે, મોક્ષ સાધનાનું વિરોધી છે. અબ્રહ્મના વિવિધ ભાવો પ્રગટ કરવા ૩૦ પર્યાયવાચી નામો દર્શાવ્યાં છે.

અબ્રહ્મનું મૂળ વેદ મોહકર્મના ઉદયથી ઉત્પન્ન થતો વિકારભાવ

છે, જે આહાર, રૂપ, સ્ત્રી, સંયોગ આદિ નિમિત્તોથી ઉત્પન્ન થાય છે. કુસંગતથી પણ વિકારભાવોને બળ મળે છે. શરીર પુષ્ટ થવાથી અને ઈન્દ્રિયો બળવાન બનવાથી વિકારભાવો ઉત્પન્ન થઈ શકે છે. માટે સંયમી સાધકે તપશ્ચર્યા દ્વારા રસેન્દ્રિયને સંયમિત કરવી જોઈએ.

મનુષ્યોમાં મહાઋદ્ધિ અને ઐશ્વર્યના સ્વામી એવા ચક્રવર્તી દીર્ઘકાલ પર્યંત ૬૪,૦૦૦ રાણી સાથે કામભોગોને ભોગવ્યા પછી પણ અતૃપ્ત જ રહે છે તો સામાન્ય માનવોને સામાન્ય ભોગોપભોગના સાધનોથી તૃપ્તિ કયાંથી થવાની? અહીં શાસ્ત્રકારે ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ, યુગલિક મનુષ્ય આદિ પુણ્યશાળી જીવોની ઋદ્ધિનું વર્ણન કરી કામભોગની અતૃપ્તતાનું તથ્ય સુજ્ઞ સાધકને સમજાવ્યું છે.

અબ્રહ્મના કારણે સ્ત્રીઓને માટે મોટા મોટા યુદ્ધ થયા છે. દા.ત. સીતા, દ્રૌપદી વગેરે. મૈથુન વાસનામાં આસક્ત વ્યક્તિ સમાજની મર્યાદા, આચાર-વિચારનો ભંગ કરી આ લોક બગાડે છે અને અશુભ પરિણામોના કારણે ૪ ગતિ ને ૨૪ દંડકના ચક્કરમાં વેદનાઓનો અનુભવ કરે છે; માટે સાત્ત્વિક પુરુષે અબ્રહ્મ સેવનનો ત્યાગ કરવો જ હિતાવહ છે.

★ પાંચમા અધ્યયનમાં 'પરિગ્રહ'નું સ્વરૂપ વર્ણન છે. જીવને ગ્રહી– પકડી રાખે તેને પરિગ્રહ કહે છે. જમીન, ધન, સંપત્તિ, ઝવેરાત. સ્ત્રી, પુત્ર આદિ સચિત્ત અને અચિત્ત પદાર્થોનો સંગ્રહ અને તેના ઉપર મૂર્ચ્છાભાવ પરિગ્રહ છે. લોભસંજ્ઞા વેરની વૃદ્ધિ કરાવનાર છે, હિંસા અને મહાસંગ્રામનું નિમિત્ત છે.

પરિગ્રહના વિરાટ સ્વરૂપને પ્રદર્શિત કરવા ૩૦ પર્યાયવાચી નામોની સૂચિ છે. ચારે જાતિના (ભવનપતિ, વાણવ્યં તર, જ્યોતિષી, વૈમાનિક) દેવો, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ, યુગલિક મનુષ્ય કે સામાન્ય મનુષ્ય આદિ સમસ્ત સંસારના જીવો પરિગ્રહના પાશમાં જકડાયેલા છે. પરિગ્રહના આકર્ષણના કારણે હિંસા, અસત્ય, ચોરી, માયા-કપટ આદિ અનિષ્ટોનું સેવન કરી કર્મનો સંગ્રહ કરે છે. તેના પરિણામે ભવોભવની સુખશાંતિને નષ્ટ કરે છે .

સુયગડાંગ સૂત્રની શરૂઆતમાં પરિગ્રહને સૌથી પ્રબળ અને પ્રથમ-બંધનનું કારણ કહે છે. પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં પણ કહે છે કે 'વાસ્તવમાં પરિગ્રહ સમાન અન્ય બં ધન નથી.' એ થી પણ આગળ વધીને કહે છે કે 'શ્રેષ્ઠ મોક્ષમાર્ગ માટે આ પરિગ્રહ આગળિયા રૂપ છે'- इमस्स मोक्खवरमुत्तिग्गस्स फलिह भूओ। પરિગ્રહ સમસ્ત દુઃખોનું ઘર છે– 'सव्वदु क खसण्णि लयणं' માટે મોક્ષાર્થી સાધકે તે અવશ્યમેવ છોડવા લાયક છે.

પાંચ આશ્રવદ્વારોના નિમિત્તથી બચવા માટે ધર્મનું શ્રવણ કરીને, તેનું આચરણ કરવામાં આવે તો જન્મ-મરણના દુઃખને ટાળી શકાય છે.

किं सक्का काउं जे, णेच्छइ ओसहं मुहा पाउं।

जिणवयणं गुणमहुरं, विरेयणं सव्वदुक्खाणं।।

અર્થઃ સમસ્ત દુઃખોનો નાશ કરવાને માટે શ્રી જિનેશ્વર ભગવાનના ગુણયુક્ત વચન મધુર ઔષધ છે. પરંતુ નિઃસ્વાર્થ ભાવથી દેવામાં આવેલા આ ઔષધને જે પીવા ઇચ્છતા નથી, તેના માટે શું કહી શકાય?

★ દ્વિતીય શ્રુતસ્કંધમાં પાંચ આશ્રવના પ્રતિપક્ષી પાંચ સંવરનું વર્ણન છે. તેના પ્રથમ અધ્યયનમાં સંવર રૂપ 'અહિંસા'નું સ્વરૂપ દર્શન છે. હિંસાનો અભાવ તે અહિંસા છે. આચારાંગ સૂત્રનું પહેલું અધ્યયન, સૂયગડાંગ સૂત્રનું પહેલું અધ્યયન, દશવૈકાલિક સૂત્રના પહેલા અધ્યયનની પહેલી જ ગાથા આદિ આગમ સૂત્રોમાં અહિંસાની પ્રધાનતા છે. આગમ સૂત્રોમાં અહિંસા એટલી વ્યાપક છે કે જો અહિંસાને કાઢી લઈએ તો શેષ કાંઈ અવશેષ રહેતું નથી. તીર્થંકરોના ઉપદેશોનો સાર અહિંસા છે.

કોઈ પ્રાણીને દુઃખ, ત્રાસ, પીડા ન આપી તેના પ્રાણની રક્ષા કરવી તે અહિંસા છે. સર્વ મહાવ્રતોમાં અહિંસા વ્રત મુખ્ય છે. તેની સુરક્ષા માટે શેષ ચારે મહાવ્રત છે.

સમસ્ત જીવોની અનુકંપા-રક્ષા પ્રધાન અહિંસા સર્વ જીવ માટે હિતકારી, કલ્યાણકારી છે, सर्वभूय खेमकरी –સર્વ જીવોનું ક્ષેમકુશળ કરનારી છે. જે રીતે પક્ષીઓને આકાશ, ભૂખ્યાને ભોજન, તરસ્યાને પાણી, ડૂબતાને જહાજ, રોગીને ઔષધ સુખપ્રદ છે તેનાથી પણ અધિકતર અહિંસા ભગવતી સર્વ જીવો માટે મંગલકારી છે .

અહિંસાના વિવિધ પાસાંઓને ઉજાગર કરવા ૬૦ પર્યાયવાચી નામોની યાદી છે. મહાવ્રતધારી મુનિ ભગવંતો, વિશિષ્ટ જ્ઞાની, લબ્ધિધારી, તપસ્વી, સ્વાધ્યાય-ધ્યાનમાં લીન, સમિતિ-ગુપ્તિવંત, છકાયના રક્ષક, અપ્રમત્ત શ્રેષ્ઠ મુનિવરો તેમ જ તીર્થંકર ભગવંતો અહિંસાનું સમ્યક્ રૂપે પાલન કરે છે. અહિંસાના આરાધક સાધુ સાધુ ચર્યાના નિયમોનું પાલન કઈ રીતે કરે તો અહિંસાની આરાધના થઈ શકે તેનું વિસ્તારે વર્ણન છે. ભિક્ષાવિધિ દ્વારા સંપૂર્ણ અહિં સકપણે શરીરનો નિર્વાહ કરવાની એક અદ્ભુત- અનોખી કલાનું દર્શન કરાવ્યું છે.

અહિંસા મહાવ્રતની સમ્યક્ આરાધના માટે પાંચ ભાવનાઓ છેઃ

**(૧) ઈર્યા સમિતિઃ** જોઈ-પોંજીને યતનાપૂર્વક ચાલવું.

**(૨) મનઃ સમિતિઃ** પાપકારી વિચારો ન કરવા, પ્રશસ્ત વિચારોમાં લીન રહેવું.

**(૩) વચન સમિતિઃ** પરપીડાકારી વચનો ન બોલવા, હિત-મિત-પરિમિત ભાષાનો પ્રયોગ કરવો.

**(૪) એષણા સમિતિઃ** ભિક્ષાવિધિ પ્રમાણે શુદ્ધ નિર્દોષ આહાર પ્રાપ્ત કરીને અનાસક્ત ભાવે ભોગવવો.

**(૫) આદાન-નિક્ષે પણ સમિતિ :** સં યમી જીવનમાં ઉપયો ગી ઉપકરણો યતનાપૂર્વક ગ્રહણ કરવા, રાખવા અને તેને મૂર્ચ્છારહિત ભો ગવવા.

★ બીજા અધ્યયનમાં દ્વિતીય સંવરરૂપ 'સત્ય'વ્રતનું કથન છે. વસ્તુના યથાર્થ સ્વરૂપને પ્રગટ કરે તે સત્ય ભાષા છે. સત્ય ભાષાથી પણ જો કોઈ જીવનું અહિત થતું હોય, બીજાને અપ્રિય, અમનોજ્ઞ હોય તો તે ભાષા વર્જ્ય છે. લોકમાં ઉત્તમ એવા સત્યાતનો અચિંત્ય મહિમા અભિવ્યક્ત કરતાં સૂત્રકાર કહે છે

ઇહલૌકિક, પરલૌકિક, ભૌતિક કે આધ્યાત્મિક કોઈ પણ કાર્યની સિદ્ધિ સત્યથી જ થઈ શકે છે. સત્યના પ્રભાવે તોફાનમાં ફસાયેલું વહાણ ડૂબતું નથી, માનવી વમળમાં તણાતો નથી, અગ્નિમાં બળતો નથી, પર્વતના શિખર પરથી પડવા છતાં મરતો નથી. દેવો પણ સત્યવાદીનો સંગ કરવા ઇચ્છે છે, તેની સેવા-સહાયતા કરે છે. સત્યના પ્રભાવે વિદ્યાઓ તેમ જ મંત્રો સિદ્ધ થાય છે.

જે સત્ય સંયમનું વિઘાતક હોય, જેમાં પાપનું મિશ્રણ હોય, પીડાકારી, ભેદકારી, અન્યાયકારી, વેરકારી, મર્મકારી, નિંદનીય, આત્મપ્રશંસા અને પરનિંદારૂપ હોય, તેવી ભાષા બોલવાનો નિષેધ છે. તેમ જ વિકથાઓનો, નિરર્થક અને વિવાદકારક ભાષા પણ મહાાતી સાધક માટે વર્જનીય છે.

સત્ય ભગવાનતુલ્ય છે, મુક્તિનો સીધો માર્ગ છે, જે જન્મજન્માંતરમાં શુભ ફળ આપનાર છે. સત્ય મહાાતની રક્ષા માટે પાંચ ભાવનાનું નિરૂપણ છેઃ

**(૧) અનુવીચિ ભાષણ:** નિરવદ્ય ભાષાનો પ્રયોગ કરવો, સારી રીતે વિચારીને બોલવું.

**(૨) ક્રોધ ત્યાગ:** ક્રોધ વિવેકનો નાશ કરે છે, ક્રોધના આવેશમાં બોલાયેલ વચન અસત્ય જ હોય છે માટે ક્ષમાભાવ કેળવવો.

**(૩) લોભ ત્યાગ:** લોભ સર્વ સદ્‌ગુણોનો વિનાશક છે. લોભી અને લાલચુ જમીન, યશકીર્તિ, વૈભવ-સુખ, આહારાદિ માટે અસત્ય બોલે છે માટે સાધકે નિર્લોભવૃત્તિ ધારણ કરવી જોઈએ.

**(૪) ભય ત્યાગ:** ભયવૃત્તિ સાધકને સત્યમાં સ્થિર રહેવા દેતી નથી માટે સત્યના આરાધકે નિર્ભય બનવું જોઈએ.

**(૫) હાસ્ય ત્યાગ:** અસત્યનો આશ્રય લીધા વિના અન્યના હાંસી-મજાક થઈ શકતા નથી. બીજાને પીડા ઉત્પન્ન થાય તેવી હાસ્યવૃત્તિનો ત્યાગ કરવો જોઈએ.

★ત્રીજું અધ્યયન અચૌર્ય મહાવ્રત – 'दत्तानुज्ञात' છે. કોઈની આજ્ઞાથી ગ્રહણ કરવું તે દત્તાનુજ્ઞાત છે. નગરમાં કે જંગલમાં, કોઈ નાની કે મોટી, સચિત્ત કે અચિત્ત વસ્તુ, તેના સ્વામીની આજ્ઞા વિના ગ્રહણ ન કરવી તે અચૌર્ય ાત છે. **સાધુ દત્ત અથવા અનુજ્ઞાત વસ્તુનો જ ઉપયોગ કરી શકે છે.** શાસ્ત્રકાર તો ત્યાં સુધી કહે છે કે જે ઘરના લોકોમાં સાધુ પ્રત્યે અપ્રીતિ હોય તેવા ઘરોમાં કોઈ પણ વસ્તુ માટે પ્રવેશ ન કરવો જોઈએ. અપ્રીતિકારક ઘરેથી આહારપાણી કે ઉપકરણ ગ્રહણ ન કરવા જો ઈએ . સર્વજ્ઞ ભગવાનની આજ્ઞાની વિરુદ્ધ જે કાર્ય હોય તે અદત્ત છે માટે તેનાથી બચવાની હિતશિક્ષા આપી છે.

તપમાં, વ્રતમાં, મહાવ્રતમાં, સાધ્વાચારમાં અને ભાવશુદ્ધિમાં સાધક જો ઉપેક્ષા કરતો હોય, છતી શક્તિએ પુરુષાર્થ ફોરવતો ન હોય તો તે તેને ચોર કહે વાય છે. અસ્તેય મહાવ્રતના પાલનકર્તા સમસ્ત દુઃખો અને પાપોને સંપૂર્ણપણે શાંત કરવામાં સફળ નીવડે છે.

શ્રી ઔપપાતિક સૂત્રમાં અંબડ પરિવ્રાજકના ૭૦૦ શિષ્યો અદત્તાતને ટકાવી રાખવા જંગલમાં પાણીના દાતા ન મળવાથી, સમભાવપૂર્વક ભગવાનની સાક્ષીએ અનશનનો સ્વીકાર કરીને આરાધક બની ગયાનું દૃષ્ટાંત છે. આ મહાાતની પરિપૂર્ણતા માટે પાંચ ભાવનાઓ છે.

**(૧) નિર્દોષ યાચિત સ્થાન:** સાધુએ નિર્દોષ સ્થાનમાં માલિકની આજ્ઞા લઈને નિવાસ કરવો જોઈએ.

**(૨) નિર્દોષ યાચિત સંસ્તારક:** નિર્દોષ શય્યા-ઘાસ આદિ સંસ્તારક વગેરે ગ્રહણ કરવા.

**(૩) શય્યા પરિકર્મવર્જન:** સાધુ જે સ્થાનમાં નિવાસ કરે છે, તેમાં પોતાની અનુકૂળતા માટે બારી-બારણાં કે પાટ-પાટલા આદિમાં ફેરફાર ન કરાવવો જોઈએ.

**(૪) સાધર્મિક સંવિભાગ:** ભિક્ષાવૃત્તિથી પ્રાપ્ત આહાર, પાણી, વસ્ત્રાદિમાં સાધુ સાધર્મિકોનો સંવિભાગ કરીને ભોગવે. કપટપૂર્વક સારી વસ્તુ પોતે ભોગવી લવાની વૃત્તિ ન રાખે.

**(૫) સાધર્મિક વિનય:** સાધર્મિક સાધુઓમાં કોઈ ગ્લાન, વૃદ્ધ, તપસ્વી આદિની આવશ્યકતાનુસાર વિનયપૂર્વક સેવા કરે.

**★ચોથું અધ્યયન 'બ્રહ્મચર્ય' મહાવ્રતનું છે.** બ્રહ્મ એટલે આત્મસ્વરૂપમાં રમણતા કરવી, પાંચે ઇન્દ્રિયોના વિષયભોગની આસક્તિનો ત્યાગ કરવો તે બ્રહ્મચર્ય છે. સૂયગડાંગ સૂત્રમાં કહે છે કે 'तवेसु वा उत्तम बंभचेरं' – તપમાં શ્રેષ્ઠ બ્રહ્મચર્ય છે. એવા બ્રહ્મચર્યનું મહાત્મ્ય પ્રગટ કરતાં અહીં પણ સૂત્રકાર કહે છે કે તળાવની પાળ, ચક્રની નાભિ, વૃક્ષમાં થડની જેમ સમસ્ત ધર્મનો આધાર બ્રહ્મચર્ય છે, જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વિનય, સમ્યક્‌ત્વાદિ ગુણોનું મૂળ છે. આ મહાવ્રત કષાયભાવથી મુક્ત કરાવી સિદ્ધગતિના દ્વાર ખોલાવે છે. સાધક બ્રહ્મચર્યના પ્રતાપથી નરેન્દ્રો અને દેવેન્દ્રોના સન્માનીય અને પૂજનીય બને છે. બ્રહ્મચર્યની શ્રેષ્ઠતા અને સર્વોત્તમતા પૂરવાર કરતી બત્રીસ ઉપમાઓ અહીં વર્ણિત છે.

બ્રહ્મચર્યનું નિર્દોષ, યથાર્થ પાલન કરનાર ઇન્દ્રિયનિગ્રહ, સ્નાનત્યાગ, મૌનાત, કેશ લોચ, સમભાવ, ઇચ્છા નિરોધ, ભૂમિ શયન, પરિષહ સહેવા, તપશ્ચર્યાદિ નિયમોથી આત્માને ભાવિત કરતા ાતમાં સ્થિર અને સુદૃઢ બને છે. બ્રહ્મચર્ય વ્રતની સુરક્ષા માટે પાંચ ભાવનાઓ છે.

**(૧) વિવિક્ત શયનાસન :** સાધુએ સ્ત્રી રહિત અને સાધ્વીએ પુરુષ રહિત સ્થાનમાં નિવાસ કરવો.

**(૨) સ્ત્રીકથા ત્યાગ:** બ્રહ્મચારી સાધક સ્ત્રીઓની વેશભૂષા, રૂપ, સૌંદર્ય આદિ સંબંધિત વાતો ન કરવી, જે મોહને ઉત્તેજીત કરે છે.

**(૩) સ્ત્રીરૂપ દર્શન ત્યાગ:** રાગભાવવર્ધક, મોહજનક દૃશ્ય જોવા નહીં, કદાચ દૃષ્ટિ પડી જાય તો તુરત તેને દૂર કરી લે.

**(૪) પૂર્વના ભોગ સ્મરણનો ત્યાગ :** પૂર્વે ભોગવેલા ભોગોનું સ્મરણ ચિત્તને ચંચળ બનાવે છે તેથી તેનો ત્યાગ કરવો.

**(૫) સ્નિગ્ધ-સરસ ભોજન ત્યાગ :** આહાર અને વાસનાનો ગાઢ સંબંધ હોવાથી સાધકે અત્યંત ગરિષ્ઠ, બળવર્ધક, કામોત્તેજક આહાર ન કરવો. અધિક માત્રામાં આહાર ન કરતાં અનશન, ઉણોદરી આદિ તપની આરાધનાથી બ્રહ્મચર્ય વ્રત અક્ષુણ્ણ રહી શકે છે.

★ **પાંચમું અધ્યયન 'અપરિગ્રહ'નું છે.** અમૂર્ચ્છા કે અનાસક્ત ભાવને અપરિગ્રહ કહે છે. દ્રવ્યથી આરંભ-પરિગ્રહના ત્યાગી અને ભાવથી ચાર કષાયના ત્યાગી શ્રમણ અપરિગ્રહી કહેવાય છે. સૂત્રકારે ૩૩ બોલના માધ્યમથી શ્રમણોને માટે હેય (છોડવા યોગ્ય), જ્ઞેય (જાણવા યોગ્ય) અને ઉપાદેય (આચરવા યોગ્ય) બોલને બતાવ્યા છે.

સાધુને કોઈપણ ક્ષેત્રમાં કે કોઈ પરિસ્થિતિમાં આહારનો સંચય કરવાનો નિષેધ છે કારણકે સાધુ આભ્યંતર પરિગ્રહરૂપ મમત્વભાવના સર્વથા ત્યાગી હોય છે. ભિક્ષાચાર્યની વિધિ અને નિષેધરૂપ નિયમોનું અહીં પ્રતિપાદન કર્યું છે. મારણાંતિક કષ્ટદાયક પરિસ્થતિઓમાં પણ ઔષધ સંગ્રહનો નિષેધ નિષ્પરિગ્રહી સાધુની કસોટીની ઉચ્ચતમ અવસ્થા છે. સાધુ જીવનની ઉજ્જવળતાનું ભવ્ય ચિત્ર નિર્ગ્રંથોની ૩૧ ઉપમા દ્વારા અંકિત થાય છે. અપરિગ્રહ મહાતની પાંચ ભાવનાઓ છેઃ

**(૧) શ્રોતેન્દ્રિય સંયમ, (૨) ચક્ષુરિન્દ્રિય સંયમ, (૩) ઘ્રાણેન્દ્રિય સંયમ, (૪) રસનેન્દ્રિય સંયમ, (૫) સ્પર્શેન્દ્રિય સંયમ.**

મૂર્ચ્છા કે આસક્તિના સ્થાન પાંચ ઇન્દ્રિયોના વિષયો છે. પાંચે ઇન્દ્રિયના મનોજ્ઞ વિષયમાં રાગ કે અમનોજ્ઞ વિષયમાં દ્વેષ કરતા નથી તે જ અપરિગ્રહી કહેવાય.

આ પાંચ સંવર રૂપ ધર્મદ્વાર સર્વ દુઃખોથી મુક્તિના ઉપાયરૂપ છે- 'सव्वदुक्ख विमोक्खणट्ठाए.'

પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં વ્યાવહારિક પ્રક્ષવર્ણ વાયો છે. આજે વ્યવહાર પક્ષને અવગણી ફક્ત અને સીધી આત્માની, ધ્યાનસમાધિની વાતો કરતા લોકો માટે એટલું જ કહી શકાય કે વ્યવહાર પક્ષની મજબૂતી વિના ધર્મનો પાયો જ હલબલી જાય છે, સંવરનું પાલન કર્યા વગર મોક્ષ શક્ય જ નથી.

જૈન શાસ્ત્રના આગમો વ્યક્તિલક્ષી તો છે જ પણ સામાજિક, નૈતિક, આર્થિક, પર્યાવરણલક્ષી પણ છે, જે સંવર દ્વારમાં અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહીના સથવારે સિદ્ધ થાય છે.

હિંસા, માંસાહાર, ઇંડાસેવન, આદિ અનિષ્ટ પ્રવૃત્તિનું સેવન કરનાર વ્યક્તિ જો એકવાર પ્રશ્નવ્યાકરણમાં વર્ણવેલ નરકની યાતનાનું વાંચન, ચિંતન કરે તો તે પાપથી જરૂર અટકશે, પાપ જરૂર ખટકશે અને પાપથી જરૂર પાછો વળશે. હિંસા ધર્મથી વિપરીત છે. 'हिंसा नामो भवेतधर्मो न भूतो न भविष्यति'– હિંસા ત્રિકાળમાં પણ ધર્મ બની શકતી નથી.

ટૂંકમાં, પ્રશ્નવ્યાકરણ સૂત્ર અધર્મથી ધર્મ, આશ્રવથી સંવર, બંધનથી મુક્તિની શિક્ષા અને તાલિમ દેતું ઉત્તમ આગમસૂત્ર છે.★

---

## શ્રી વિપાક સૂત્ર

અગિયાર અંગસૂત્રોમાં અગિયારમા સ્થાને શ્રી વિપાક સૂત્ર છે. વિપાક એટલે પુણ્ય અને પાપ કર્મોનું ફળ. કથા રૂપમાં તેનું પ્રતિપાદન કરનાર સૂત્ર તે વિપાક સૂત્ર છે. વિપાક એટલે શુભાશુભ કર્મ પરિણામ. પાપથી દુઃખની પ્રાપ્તિ અને પુણ્યથી બાહ્ય સુખની પ્રાપ્તિ થાય છે જ્યારે ધર્મથી માત્ર નિર્જરાની પ્રાપ્તિ થાય છે આવા ભાવોથી ભરપૂર આ વિપાક સૂત્ર છે.

વિપાક સૂત્રના બે શ્રુતસ્કંધ છે. સુકૃત કર્મોનાં ફળ દર્શાવનારું સુખવિપાક અને દુષ્કૃતકર્મોનાં ફળ દર્શાવનારું દુઃખવિપાક. બંનેમાં ૧૦-૧૦ અધ્યયન છે. કુલ ૨૦ અધ્યયન છે. ઉત્તરાધ્યયન સૂત્ર–મહાવીરસ્વામીની અંતિમ દેશના છે જેમાં વિપાક સૂત્રના ૧૧૦ અધ્યયન–સુખવિપાકના ૫૫ અધ્યયન અને દુઃખવિપાકના ૫૫ અધ્યયનનો ઉલ્લેખ છે. વર્તમાનમાં જે વિપાક સૂત્ર ઉપલબ્ધ છે તે ૧૨૧૬ શ્લોક પરિમાણ માનેલ છે.

વિશ્વના દાર્શનિક ચિંતનમાં જૈન ધર્મે કર્મસિદ્ધાંતની સર્વોત્તમ ભેટ આપી છે. કર્મસિદ્ધાંત જૈનદર્શનનો એક મુખ્ય સિદ્ધાંત છે. તે સિદ્ધાંતનું પ્રસ્તુત આગમમાં ઉદાહરણોના માધ્યમ દ્વારા સરળ રીતે પ્રતિપાદન કરેલ છે.

જે કર્મનાં ફળનો અનુકૂળ અનુભવ થાય તે પુણ્ય અને જેનો પ્રતિકૂળ અનુભવ થાય તે પાપ. જીવે જે કર્મ બાંધ્યાં છે તેનાં ફળ આ જન્મમાં અથવા આગામી જન્મમાં ભોગવવાં જ પડે છે. 'कडाण कम्माण ण मोक्ख अत्थि'- કૃતકર્મોનું ફળ ભોગવ્યા વિના આત્માનો છુટકારો નથી. પાપકૃત્યો કરનારને આગામી સમયમાં દારુણ વેદનાઓ સહન કરવી પડે છે, એવા જીવોનું વર્ણન દુઃખવિપાકમાં છે. સુકૃત્ય કરનારને આગામી જીવનમાં સુખ મળ્યું છે એવા જીવોનું વર્ણન દ્વિતીય વિભાગ સુખવિપાકમાં છે. પહેલું દુઃખવિપાક મૂકીને સાધકોને પાપ કરતાં અટકાવ્યા છે, ડરાવ્યા છે તો બીજા ક્રમે સુખવિપાક રાખીને સત્કાર્યો કરવા પ્રેરણા આપી છે.

વિપાક સૂત્રના પ્રત્યેક અધ્યયનમાં પૂર્વભવની ચર્ચા છે. કોઈ વ્યક્તિ દુઃખથી આકુળ-વ્યાકુળ હોય અથવા કોઈ સુખના સાગરમાં ડૂબેલી હોય, તેને જોઈ ગૌતમ સ્વામી ભગવાનને પ્રશ્ન કરે કે આમ કેમ? ત્યારે ભગવાન સમાધાન કરતાં કહે કે આ તો તેના પૂર્વભવના ફળ છે. આમ બધાં જ અધ્યયનો પુનર્જન્મની પુનઃ પુનઃ વાત કરીને સદાચાર અને નીતિમય જીવન જીવવાનો સંદેશ આપે છે.

પ્રથમ શ્રુતસ્કંધ દુઃખવિપાકમાં અન્યાય, અત્યાચાર, વેશ્યાગમન, પ્રજાપીડન, લાંચ-રૂશ્વત, હિંસા, નરમેઘ યજ્ઞ, માંસભક્ષણ, નિર્દયતા, ચૌર્યવૃત્તિ, કામવાસના વગેરે અધમ કૃત્યોના કારણે જીવ કેવા કેવા ઘોર કર્મબંધ કરે છે તથા તે તે કર્મબંધ અનુસાર કેવાં કેવાં ભીષણ અને રોમાંચકારી ફળ ભોગવે છે તેનું તાદૃશ્ય વર્ણન છે.

પહેલાં મૃગાપુત્રના અધ્યયનમાં મૃગાપુત્ર જન્મથી જ આંધળો અને બહેરો હતો. તેના આંખ, કાન, નાક, હાથ, પગ આદિ અવયવ નહોતા, ફક્ત નિશાની જ હતી. ગર્ભમાં હતો ત્યારે તેને ભસ્મક નામનો રોગ થઈ ગયો હતો. તેથી તે જે કાંઈ આહાર ગ્રહણ કરતો તે તરત જ નષ્ટ થઈ જતો હતો અને તે તત્કાળ રૂપ અને લોહીના રૂપમાં પરિણત થઈ જતો હતો. ત્યાર પછી તે પરૂ અને લોહીને પણ ખાઈ જતો હતો. તેને જે ભોંયરામાં રાખવામાં આવ્યો હતો ત્યાં મરેલાં પ્રાણીઓનાં ક્લેવર સડી ગયાં હોય તેનાથી પણ અતિશય ખરાબ દુર્ગંધ આવતી હતી, જેમાં કીડાઓ ખદબદતા હતા. તે નરકની સમાન વેદનાઓનો અનુભવ કરતો હતો.

તેની આવી દયનીય દુર્દશાનું કારણ તેના પૂર્વભવમાં દુષ્ટતાથી આચરિત અશુભ પાપકારી કૃત્યો હતાં. પૂર્વભવમાં તે ઈકાઈ રાઠોડ નામનો રાજનિયુક્ત પ્રતિનિધિ હતો. જે મહાઅધર્મી, અધર્માનુગામી, અધર્મનિષ્ઠ, અધર્મભાષી, અધર્માનુરાગી, અધર્માચારી, પરમ અસંતોષી હતો. તે પાંચસો ગામોનું આધિપત્ય-શાસન કરતો હતો. ત્યાંના ખેડૂતોનું કર-મહેસૂલ તે દમનથી, લાંચથી, અધિક વ્યાજથી, હત્યા આદિનો અપરાધ લગાવીને કરતો હતો. પ્રજાને દુઃખિત, તાડિત, તિરસ્કૃત અને નિર્ધન કરવામાં આનંદ લેતો હતો, છેતરપીંડી અને માયાચારને પોતાનું કર્તવ્ય સમજતો હતો.

આવા મલિન પાપકર્મોનાં આચરણનું ફળ તેણે આગામી ભવોમાં તો ભોગવ્યું પણ તે જ ભવમાં પણ ભોગવ્યું. તેને સોળ પ્રકારના રોગાંતક (અસાધ્ય રોગ) ઉત્પન્ન થયા. તેની ચિકિત્સા કરવામાં કોઈ વૈદ્ય કે ચિકિત્સક સમર્થ ન થઈ શક્યા. આમ જ જીવન વ્યતીત કરી મરીને તે પ્રથમ નરકમાં ઉત્પન્ન થાય છે અને ત્યાંથી મૃગાપુત્ર તરીકેનો અત્યંત દયનીય ભવ મળે છે.

આ અધ્યયનનું અર્કબિંદુ એ જ છે કે રાજસત્તાનો દુરુપયોગ કરનાર, લાંચ લેનાર, પ્રજા પર અનુચિત કરનો ભાર નાંખનાર, સત્તા અને પુણ્યના નશામાં ચકચૂર બનેલા માનવો અન્યની ફિકર કરતા નથી પણ પો તાના જ ભાવી ભવો ની પણ પરવા કરતા નથી. આજના લાંચ-રુશ્વતના વાતાવરણમાં પ્રસ્તુત સૂત્ર સમીક્ષાપાત્ર બની રહે છે.

દુઃખવિપાકના બેથી આઠ અધ્યયનના કથાનાયકો માંસાહાર કરનાર, નિરપરાધ ભોળા પશુઓને સંત્રાસિત કરનાર, વેશ્યાગમન કરનાર, ઈંડાનું સેવન કરનાર, ચોરી કરનાર, પંચેન્દ્રિય વધ કરનાર, મદ્યપાન કરનાર, હોમયજ્ઞ માટે બાળકોના કુમળા હૃદયની બલિ કરનાર, હિંસાચાર કરનાર વગેરે અધમ પાપાચાર કરનાર છે. તેઓ તેમના દુઃખદાયી કર્મોનાં કેવાં કટુ પરિણામો ભોગવે છે તેનો હૃદયસ્પર્શી અહેવાલ તે સાત અધ્યયનોમાં છે.

નવમા અને દશમા અધ્યયનના પાત્રોમાં બે સ્ત્રી પાત્ર છે. દેવદત્તા અને અંજુશ્રી. ભોગાસક્ત દેવદત્તાની સ્વાર્થવૃત્તિ એટલી બધી ભયંકર હોય છે કે તે પોતાના સંબંધ ભૂલી જાય છે અને ક્રોધાવેશમાં ન કરવાનાં કામ કરે છે. પૂર્વભવમાં ૪૯૯ સાસુઓને જીવતા સળગાવી દેનારી દેવદત્તા, તે ભવમાં સાસુની હત્યા કરે છે.

દશમા અધ્યયનની અંજુશ્રી પૂર્વભવમાં અનર્થોની ખાણ સમાન કામભોગોમાં લીન રહીને દુઃખોની પરંપરા વધારે છે.

આમ દુઃખવિપાક સૂત્રમાં દુષ્કૃત્યોના કડવાં પરિણામો બતાવ્યાં છે, જ્યારે વિપાક સૂત્રના બીજા શ્રુતસ્કંધ સુખવિપાક સૂત્રમાં પુણ્યશાળી પુરુષો દાન વગેરે સત્કાર્ય કરી, સુખ ભોગવતાં સમ્યક્ દર્શન પામી, સમ્યક્ સંયમ તપમાં પુરુષાર્થ ફોરવી, સિદ્ધગતિના શિખર સર કરશે, તેનું સદૃષ્ટાંત નિરૂપણ છે.

પ્રથમ અધ્યયનમાં સુબાહુકુમારનું વર્ણન છે. પરમ પુણ્યના ઉદયથી સુબાહુકુમારને રાજ પરિવારમાં જન્મ અને શ્રમણ ભગવાન મહાવીરના સમાગમનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. તેમને એટલી બધી સુંદર, મનોહર, સૌમ્ય અને પ્રિય આકૃતિ મળી હતી કે ગૌતમ સ્વામી જેવા વિરક્ત મહાપુરુષનું હૃદય પણ તેમના તરફ આકૃષ્ટ થયું હતું. તેમની તેવી મનોહરતાનું કારણ તેમનો પૂર્વભવ હતો.

પૂર્વભવમાં સુબાહુકુમાર ધનાઢ્ય સુમુખ ગાથાપતિ હતા. એકદા તેમના ઘરે નિરંતર માસખમણના પારણે માસખમણ કરતાં સુદત્ત અણગાર પારણાના દિવસે ગોચરી માટે પધાર્યા. તેમને જોઈને અત્યંત હર્ષિત અને પ્રસન્ન થઈને આસન પરથી ઊઠ્યા, પાદુકાઓનો ત્યાગ કર્યો, મુખ પર વસ્ત્ર રાખ્યું, સ્વાગત માટે સાત-આઠ પગલાં સામે ગયા, વંદન નમસ્કાર કર્યાં અને સુપાત્ર આહારદાનનો લાભ લીધો. આહારદાન દેતા સમયે અને આપ્યા પછી પણ પ્રસન્નતાનો અનુભવ કર્યો.

જો દેય, દાતા અને પ્રતિગ્રાહક પાત્ર–આ ત્રણે શુદ્ધ હોય તો તે દાન જન્મ-મરણના બંધનોને તોડનાર અને સંસારને અલ્પ કરનાર થાય છે. અહીં સુમુખ ગાથાપતિ શુદ્ધ દ્રવ્ય–નિર્દોષ વસ્તુ વહોરાવે છે, પોતે પવિત્ર દાતા અર્થાત્ ગોચરીના નિયમ યોગ્ય છે અને લેનાર પણ મહાતપસ્વી શ્રમણ છે. આમ ત્રિકરણ શુદ્ધિ અને વિશુદ્ધ ભાવનાથી સંસારને અતિઅલ્પ કરી મનુષ્યના આયુષ્યનો બંધ કરે છે. પછીના ભવમાં સુબાહુકુમારપણે ઉત્પન્ન થાય છે.

ત્યાર પછી સુબાહુકુમાર શ્રમણોપાસક થઈ ગયા. એક વાર પૌષધશાળામાં અટ્ઠમવ્રત ધારણ કરીને રાત્રિના સમયે ધર્મજાગરણમાં ચિંતવણા કરતા હતા કે જો ભગવાન મહાવીર સ્વામી ગ્રામાનુગ્રામ વિચરતા અહીં પધારે તો હું દીક્ષા લઈ ધન્ય બનું. ભગવાન પણ તેમના સંકલ્પને જાણીને ત્યાં પધારે છે. સુબાહુકુમાર અણગાર બની સાધ્વચારનું પૂર્ણતયા પાલન કરીને અંતે એક માસનો સંથારો કરી દેવલોકમાં ઉત્પન્ન થયા. તે પંદર ભવો પછી મોક્ષે જશે, તેવું વિધાન સૂત્રમાં છે.

બાકીના નવ અધ્યયનમાં પણ નામ અને સ્થાન સિવાય બધી વિગતો એક સમાન છે.

વિપાક-ફળની દૃષ્ટિએ કર્મપ્રકૃતિઓ બે ભાગમાં વિભક્ત છે. અશુભ અને શુભ. જ્ઞાનાવરણીય આદિ ચાર ઘાતિકર્મોની બધી અવાંતર (પેટા) પ્રકૃતિઓ અશુભ છે. ચાર અઘાતિ કર્મોની પ્રકૃતિઓના બે ભેદ છે–તેમાં કેટલીક અશુભ અને કેટલીક શુભ છે. અશુભ પ્રકૃતિઓને પાપપ્રકૃતિ કહેવાય છે, જેનું ફળ જીવને માટે અનિષ્ટ, અકાંત, અપ્રિય અને દુઃખરૂપ હોય છે. શુભકર્મ પ્રકૃતિઓનું ફળ તેનાથી વિપરીત ઈષ્ટ, કાંત, પ્રિય અને સાંસારિક સુખ આપનાર છે. બંને પ્રકારના ફળ-વિપાકને સરળ, સરસ અને સુગમ રૂપે સમજવા માટે વિપાક સૂત્રની રચના થઈ છે .

જોકે પાપ અને પુણ્ય–બંને પ્રકારની કર્મપ્રકૃતિઓનો સંપૂર્ણ ક્ષય થાય ત્યારે જ મોક્ષ મળે છે. પાપ લોઢાના બંધન જેવું છે તો પુણ્ય સોનાના બંધન જેવું છે. બંને બંધન રૂપે હોવા છતાં પણ બંનેના ફળમાં અંધકાર અને પ્રકાશ જેટલું અંતર છે.

દુઃખવિપાકના કથાનાયક મૃગાપુત્ર આદિ અને સુખવિપાકમાં વર્ણન કરાયેલ સુબાહુકુમાર આદિ–બંને પ્રકારના કથાનાયકોની ચરમસ્થિતિ, અંત એક સમાન છે–મોક્ષે જશે. પણ તે પહેલાંના તેમના સંસાર પરિભ્રમણનું જે ચિત્ર છે તે વિશેષ વિચારણીય છે. **સુખ સૌને પ્રિય છે, દુઃખ કોઈને ગમતું નથી.** પાપાચારી મૃગાપુત્ર આદિને ઘોરતમ દુઃખમય દુર્ગતિઓથી દીર્ઘ–દીર્ઘતર કાળ સુધી પસાર થવું પડશે. અનેકાઅનેકવાર નરકોમાં, એકેન્દ્રિયોમાં આદિ વિષમ એવં ત્રાસજનક યોનિઓમાં દુસ્સહ વેદનાઓ ભોગવવી પડશે. ત્યાર પછી ક્યાંક તે માનવભવ પામી સિદ્ધિને મેળવશે.

જ્યારે સુખવિપાકના કથાનાયક સુબાહુકુમાર આદિ સંસારના કાળનો અધિકાંશ ભાગ દેવલોકના સ્વર્ગીય સુખોના ઉપભોગમાં અથવા માનવભવમાં જ વ્યતીત કરી પંદર ભવ પછી સિદ્ધિને મેળવશે.

વિપાક સૂત્રમાં રોચક, પ્રેરક વિષય છે અને હૃદયને ધ્રુજાવી દે તેવો ધારાવાહી વિષય છે. વિપાક સૂત્રનું વિશ્લેષણ કરતાં એટલું જ કહી શકાય કે પાપોના સેવનથી કર્મ બાંધતી વખતે વિવેકબુદ્ધિથી વિચારવું જોઈએ. કર્મોનો હિસાબ તો પાઈ પાઈ ચૂકવવો પડે છે, તેના માટે નિમિત્ત પછી કોઈ પણ હોઈ શકે. ઈન્દ્રિયોના વિષય-સુખ મીઠા ઝેર સમાન છે. વર્તમાનમાં મસ્ત રહે છે તે ભવિષ્યમાં ત્રસ્ત બની સંકટમય અને અંધકારમય પરિસ્થિતિમાં સપડાઈ જાય છે. આવું જાણી ઈચ્છા નિરોધ કરી સંયમી ને તપમય, ત્યાગમય જીવન જીવવામાં જ મનુષ્યભવની સાર્થકતા છે.

પ્રસ્તુત સૂત્રમાં સુપાત્ર દાન દેવાની વિધિ, વિનય વ્યવહાર, તેનાથી થતા લાભોનું સુંદર વિવરણ સુબાહુકુમારના અધ્યયનમાં મળે છે. સુપાત્રદાન દેતાં ત્રૈકાલિક હર્ષ –દાન દેવાનો અવસર પ્રાપ્ત થતાં, દાન દેતાં અને દાન દીધા પછી થવો જોઈએ. જે પ્રસન્નતા પરમ પદને પ્રાપ્ત કરાવનારી બને છે.

દુ:ખવિપાકના પહેલા અધ્યયનમાં રોગને ઉપશાંત કરવાના વિવિધ પ્રયોગો તે સમયની ચિકિત્સા પદ્ધતિમાં આયુર્વેદ કેટલું પ્રચલિત હશે તેનો અહેવાલ આપે છે. માલિશ, લેપ, વમન, વિરેચન, ઔષધ વગેરેથી રોગને નિયંત્રણ કરવાના ઉપાયોનું સૂચન છે.

બીજું માતાના દોહદનો ઉલ્લેખ છે ત્યાં 'પુત્રનાં લક્ષણ પારણામાંથી' ન કહેતાં 'પુત્રનાં લક્ષણ ગર્ભમાંથી' એમ કહેવું ઉચિત લાગે છે. અધર્મી વ્યક્તિનો જીવ માતાના ગર્ભમાં આવે છે ત્યારથી માતાને મદિરાપાન, માંસાહાર વગેરે અનિષ્ટ સેવવાની ઈચ્છા જાગે છે.

પિતાની ભૌતિક સંપત્તિનો વારસદાર તો પુત્ર બને જ છે પણ સારા સંસ્કારોનો વારસો પણ તે પુત્રને આપી શકે છે. પણ પિતા જ જ્યારે ચોરપલ્લીનો સેનાપતિ હોય કે પ્રાણીઓને સંત્રાસિત કરનાર કોટવાળ હોય કે કસાઈ હોય તો તે પોતાના પુત્રને વારસામાં તે જ આપશે. માટે કલ્યાણપિતા બનવાની કલ્યાણકારી શીખ પણ આ અધ્યયનોમાંથી મળે છે.

વિપાક સૂત્ર ભવારણ્યમાં ભૂલા પડેલા, ભટકતા ભવ્યલપ્રાણીઓ માટે ભોમિયો છે, અજ્ઞાનના અંધારામાં અથડાતા જીવો માટે આત્મસુધારણાનો અમૂલ્ય દસ્તાવે જ છે, મિથ્યાત્વની મૂંઝવણમાં મુકાતા જીવો માટેની માર્ગદર્શક પત્રિકા છે, સંસારના દાવાનળમાં દાઝીને દોડતા જીવો માટે દીવાદાંડી છે, ઉન્માર્ગે ગયેલાને સન્માર્ગ લાવવાની સીડી છે, પરમ પદને પ્રાપ્ત કરવા માટેનું પથદર્શક પાટિયું છે, કરુણાસાગર ભગવંતે બતાવેલો કારગત કીમિયો છે, સાધક માટે સર્વાભ્યુદય કરનાર સોનાનો સૂરજ છે. આવા ઉત્તમ લક્ષણોથી સુશોભિત વિપાક સૂત્ર જિજ્ઞાસુ મુમુક્ષુ આત્માઓ માટે જ્ઞેય-ઉપાદેય છે. ★

## મહાસતી ધારિણી

જંગલના સૂમસામ રસ્તા પર રથ ભાગી રહ્યો હતો. કૌશામ્બીના રાજા દધિવાહનની રાણી ધારિણી અને સુકોમળ પુત્રી વસુમતી રથમાં હતાં. મધરાતથી સતત દોડી રહેલા અશ્વો પણ થાક્યા હતા. રથકારે એક શાંત સ્થળે રથ થોભાવ્યો.

હજી ધારિણી અને વસુમતી કંપતાં હતાં. કૌશામ્બી નગરી યુદ્ધમાં ખતમ થઈ ગઈ હતી. બંને જીવ બચાવવા ભાગ્યાં હતાં. રથી પરિચિત હતો ને નાસી છૂટવામાં સફળતા મળી હતી.

ધારિણીએ પૂછ્યું, 'રથિક, રથ કેમ અટકાવ્યો ?' સવારના ઉજાસમાં પહેલી વાર રાણીને રથિકે નજરોનજર જોઈ. રાણી ધારિણીની રૂપ નીતરતી મદોન્મત કાયામાંથી નર્યું આકર્ષણ ઝરતું હતું. રથકાર અનિમેષ જોઈ જ રહ્યો. ધારિણી પૂછતી હતી, 'અરે રથકાર, તને પૂછું છું. રથ થોભાવ્યો કેમ?'

રથકાર સભાન થયો. તેણે કહ્યું, 'રાણી, અશ્વો થાક્યા છે...'

'પણ ભાઈ, હજી આપણે સંપૂર્ણ નિર્ભય થયાં નથી, જલદી આગળ વધવું જોઈએ.' ર

થકાર રાણીને તાકી રહ્યો હતો. બાલિકા વસુમતીની આંખમાં હજી પણ ડર હતો. ધારિણી સ્વસ્થ નહોતી. રથકાર તો એ રૂપ જોઈને ઉન્મત્ત બની રહ્યો હતો. ધારિણીની કામણગારી આંખો, ઉન્નત ઉરોજ, માદક દેહલતાનું લાલિત્ય એને તાણી રહ્યું હતું. એ નજીક સર્યો ને બોલ્યો:

'રાણી, ગભરાવ નહીં, હું છું ને!'

રાણી ચમકી. રથકારના અવાજમાં ઘૂરકતી વાસના તેણે પારખી. એ વસુમતીને ગોદમાં દબાવીને શરીર સંકોરી રહી. એ ધીમેથી બોલી: 'ભાઈ, જલદી આગળ વધીએ.'

રથકાર વધુ નજીક આવ્યો. રાણીના અવાજમાં હવે તાપ હતો.

'રથિક, હું એક સતી સ્ત્રી છું માટે મારાથી દૂર રહેજે. અમે તારા ભરોસે જીવનનું, મારી પુત્રીનું, ને ખાસ કરીને શિયળનું રક્ષણ કરવા ચાલી નીકળ્યાં છીએ. તું મારા માટે ભાઈ જે વો છે ને વસુમતી માટે પિતા જેવો. ખોટા વિચારથી પાછો વળ, ભાઈ!'

કિંતુ રથિક પાસે આવ્યો ને રાણીને પકડવા ગયો, તે જ ક્ષણે ધારિણી પ્રચંડ ક્ષત્રિયાણીના તેજથી છલકાઈ ઊઠી. તેણે કમરમાં છુપાવી રાખેલી કટારી પોતાની છાતીમાં ભોંકી દીધી! લોહીના ફુવારા ઊડ્યા!

વસુમતીએ કારમી ચીસ પાડી. રથકાર સ્તબ્ધ બની ગયો. ધારિણી રાણીએ પોતાના શિયળના રક્ષણ માટે જીવનભોગ આપ્યો હતો. એના મુખ પર પવિત્રતાના તેજ ચમકતાં હતાં. જૈનાગમોમાં સતી ધારિણીની પ્રશંસા થઈ છે. તેની પુત્રી વસુમતી આગળ જતાં શ્રમણ ભગવાન મહાવીરના વરદ્ હસ્તે દીક્ષા પામી અને સાધ્વી સંઘમાં વડેરી સાધ્વી બની, તેનું નામ સાધ્વી ચંદનબાળા.

**- આચાર્ય વાત્સલ્યદીપજી મ. સા.**

# શ્રી ઉવવાઈ સૂત્ર

☐ ડૉ. કલા એમ. શાહ

જૈન શ્વેતાંબર પરંપરામાં અગિયાર અંગ અને બાર ઉપાંગો પ્રસિદ્ધ છે. આ બાર ઉપાંગ સૂત્રોના ક્રમના વિષયમાં કોઈપણ સ્પષ્ટીકરણ પ્રાપ્ત થતું નથી, તે છતાં ઔપપાતિક સૂત્ર પોતાની કેટલીક વિશેષતાઓને કારણે **પ્રથમ ઉપાંગ** રૂપે પ્રગટ થયું છે.

उववाइय- ઔપપાતિક શબ્દનો અર્થ છે ઉપપતન તે ઉપપાત– દેવ નારકના જન્મ અને સિદ્ધિગમન. તેને આશ્રીને કરાયેલ અધ્યયન તે ઔપપાતિક. આચારાંગનું આ પ્રથમ અધ્યયન 'શસ્ત્ર પરિજ્ઞા' તેના પહેલા ઉદ્દેશમાં આ સૂત્ર છે -

'एवमेगेसिं नो नायं भवइ अत्थि वा मे आया उववाइए, नत्थि वा मे आया उववाइए'- આ સૂત્રમાં જે આત્માના ઔપપાતિકનો નિર્દેશ છે તેનો વિસ્તાર કર્યો છે તેથી અર્થથી અંગના સમીપ ભાવ વડે તે ઉપાંગ છે.

'ઉવવાઈ' શબ્દનો અર્થ 'ઉપપાત' જૈન દર્શનમાં ત્રણ પ્રકારના જન્મ છે, તેમાં એક 'ઉપપાત' વિશિષ્ટ જન્મ છે.

'ઉપપાત' એટલે માતાપિતાના સંયોગ વિના અથવા રાસાયણિક સંમૂર્ચ્છિમ ભાવોના અભાવમાં સહજભાવે જીવકર્મ પ્રભાવે જોતજોતામાં જન્મ પામી દેહનો વિકાર કરે તેને 'ઉપપાત' જન્મ કહેવાય છે. આવા ઉપપાત જન્મનું વિશદ વર્ણ ન અહીં કરવામાં આવ્યું છે. આ રીતે ઔપપાતિક સૂત્ર પ્રાધાન્યપણે ઉત્પત્તિના વિષયને જ પ્રગટ કરે છે. જીવના અધ્યવસાય પ્રમાણે તેના જન્મ મરણ થાય છે.

उपपतनं उपपातो देव – नारक जन्मसिद्धिं गमनं च।

अतस्तमधिकृत्य कृतमध्ययन मौपपातिकम् – वृत्ति।।

દેવ અને નૈરકિયોના જન્મને ઉપપાત કહે છે. પ્રસ્તુત આગમમાં મુખ્યત્વે દેવ અને નરકમાં ઉત્પન્ન થવા યોગ્ય ભિન્ન ભિન્ન પ્રકારના જીવોનું વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે તેથી આ આગમનું નામ ઔપપાતિક સૂત્ર સાર્થક છે.

વિષયની દૃષ્ટિએ ઔપપાતિકના સૂત્રના બે વિભાગ છે. (૧) સમવસરણ (૨) ઉપપાત.

સમવસરણ વિભાગમાં ૧૨૨ સૂત્રો છે અને ઉપપાત વિભાગમાં ૯૩ સૂત્રો છે.

'ઔપપાતિક સૂત્ર'ના પ્રથમ વિભાગ **સમવસરણ**માં અંતિમ તીર્થંકર શ્રમણ ભગવાન મહાવીર ચંપાનગરીના પુર્ણભદ્ર ચૈત્યમાં પોતાના પરિવાર સાથે પધાર્યા તેનું વિસ્તૃત વર્ણન છે. તે ઉપરાંત અન્ય વર્ણનો પણ વિસ્તૃત રીતે આપવામાં આવ્યા છે. બીજા વિભાગ 'ઉપપાત'માં ગણધર ગૌતમની જિજ્ઞાસા અનુસાર ભગવાને ભિન્ન ભિન્ન પ્રકારના જીવોના ઉપપાતનું વર્ણન કર્યું છે. ઉપપાત વર્ણન જ પ્રસ્તુત આગમનું હાર્દ છે, અને આ વર્ણન જ્ઞાનવર્ધક છે.

**ચંપાનગરીનું વર્ણન:**

'તે નગરી માલતીલતા આદિના સમૂહથી, વૃક્ષરાજિથી શોભતા પ્રદેશોયુક્ત આરામોથી, પુષ્પગુચ્છોના ભારથી લચી પડેલા નાના નાના વૃક્ષોથી યુક્ત ઉદ્યાનો અને કૂવા, વાવ, તળાવ, સરોવર, દીધિકા અને વાવો વગેરે રમ્યતાદિ ગુણોથી સંપન્ન હતી. તે મેરુ પર્વતના નંદનવન જેવી શોભાસંપન્ન લાગતી હતી.'

ત્યાં જલાશયોના પાણી તાજા ખીલેલા કમળોથી સુશોભિત હતા. ત્યાંના મકાનો હંમેશા ચૂનાથી રંગેલા હોવાથી સુંદર દેખાતા હતા. નગરીની શોભા અનિમેષ દૃષ્ટિથી જોવાલાયક હતી. આ રીતે ચંપાનગરી પ્રસન્નતાજનક હોવાથી મનોરમ્ય, અભિરૂપ અને વારંવાર જોવાની ઈચ્છા થાય તેવી અસાધારણ રૂપવાળી મનોહર હોવાથી પ્રતિરૂપ હતી.'

ભગવાન મહાવીરના દેહવૈભવ અને ગુણવૈભવનું વર્ણન કરવા માટે પચ્ચીસ લીટીનું એક વાક્ય અને ગુણોનું વર્ણન કરવા માટે ૬૩ લીટીના એક દીર્ઘ વાક્યની રચના જોવા મળે છે.

**પ્રભુના ગુણોનું વર્ણન :**

'તે કાલે તે સમયે શ્રમણ– ઘોર તપ સાધના રૂપ શ્રમમાં અનુરક્ત ભગવાન – આધ્યાત્મિક, ઐશ્વર્ય સંપન્ન, મહાવીર સ્વામી ચંપાનગરીના પૂ ર્ણભદ્ર ચૈત્યમાં પધાર્યા. તે ભગવાન મહાવીર આદિકર– શ્રુત અને ચારિત્ર રૂપ ધર્મની આદિ કરનારા તીર્થંકર– સાધુ -સાધ્વી, શ્રાવક-શ્રાવિકા તે ચતુર્વિધ સંઘની સ્થાપના– તીર્થની સ્થાપના કરનાર સ્વયં બુદ્ધ...અન્યના ઉપદેશ વિના સ્વયંબુદ્ધોના પ્રાપ્ત થયેલા પુરુષોત્તમ– જ્ઞાનાદિ અનંત ગુણોથી વિશિષ્ટ અથવા અતિશય સંપન્ન, પુરુષસિંહ, રાગ-દ્વેષાદિ કર્મ શત્રુઓનો નાશ કરવામાં શૂરવીર પુરુષવર પુંડરિક...'

**ભગવાન મહાવીરના દેહનું વર્ણન:**

'તે પ્રભુ મહાવીર સાત હાથની ઊંચાઈ, સમચતુરસ્ત્ર સંસ્થાન અને વજ્રઋષભનારાચ સંઘયણના ધારક હતા. તેમને શરીરની અંદરનો વાયુ અનુકૂળ હતો. અર્થાત્ તેઓ વાયુપ્રકોપથી રહિત દેહવાળા હતા. ગુદાશય કંક પક્ષી જેવું નિર્લેપ હતું. જઠરાગ્નિ કબૂતર જેવી આંત-પ્રાંત આહારને પચાવી શકે તેવી હતી. ગુદાશય અને ગુપ્તાંગની આસપાસનો ભાગ પોષ-પૃષ્ટંત અને જંઘા પક્ષીની જેમ નિર્લેપ રહેતા હતા. મુખ પદ્મકમલ અને પદ્મનાભ નામના સુગંધિત દ્રવ્ય જેવા ઉચ્છવાસ વાયુથી સુગંધિત હતું. ત્વચાકાંતિયુક્ત હતી...'

'પ્રભુ મહાવીરના દેહના અન્ય અંગો મસ્તક, આંખ, ભ્રમર, કાન, પાંપણો, અધરોષ્ઠ, દંતશ્રેણી, મૂછ, હાથ, આંગળીઓ, ગ્રીવા, વક્ષઃસ્થળ, કુક્ષી, નાભિ, કટિપ્રદેશ, ગુહ્યપ્રદેશ, સાથળ, ઘૂંટણ, ચરણો, ઘૂંટીઓ, પગની આંગળીઓ, ચરણો, તળિયા વગેરેનું ઉપમાયુક્ત વર્ણન કરેલ છે.'

'પ્રભુનું તેજ વિશિષ્ટ હતું અને રૂપ અસાધારણ હતું. તેમ જ નિર્ધૂમ પ્રજ્વલિત અગ્નિ, વારં વાર ચમકતી વીજળી તથા મધ્યાહ્નકાલીન સૂર્યના કિરણો જેવું તેજસ્વી હતું.'

**કોણિક રાજાનું વર્ણન :**

'ચંપાનગરીમાં કોણિક નામના રાજા રાજ્ય કરતા હતા. તેઓ મહિમાવંત, મહામલય પર્વત, મેરુ પર્વત અને મહેન્દ્ર પર્વતની જેમ શ્રેષ્ઠ હતા. તેમનો જન્મ અત્યંત વિશુદ્ધ અને દીર્ઘકાલથી રાજકુળરૂપે પ્રસિદ્ધ વંશમાં થયો હતો. તેમના અંગોપાંગ સ્વસ્તિકાદિ રાજચિહ્નોથી શોભતા હતાં.'

**ધારિણી રાણીનું વર્ણન :**

'તે શ્રેણિક રાજાને ધારિણી નામે રાણી હતી. તેના હાથ, પગ ઘણાં જ સુકોમળ હતા. તેનું શરીર સર્વલક્ષણોથી સંપન્ન, સપ્રમાણ

અને પાંચે ઈન્દ્રિયોથી પરિપૂર્ણ હતું. તેની શરીર સંપદા ઉત્તમ પ્રકારની હતી. હસ્તરેખા આદિ લક્ષણો, તલ, મસા આદિ ચિહ્નોથી તે સુસંપન્ન હતી. તે માન, ઉન્માન અને પ્રમાણથી પરિપૂર્ણ અને સમસ્ત આંગોપાંગ સુંદર હોવાથી તે સર્વાંગ સુંદર હતી.'

**ભગવાનની ધર્મ દેશના :**

'તે પ્રભુ **ઓઘબલી**– અવ્યવચ્છિન્ન– અખંડ બળના ધારક, અતિબલિ– અતિશય બળસંપન્ન, મહાબલી, પ્રશસ્ત બળસંપન્ન, અપરિમિતબળ, વીર્ય, તેજ માહાત્મ્ય તથા કાંતિયુક્ત હતા.'

'તેઓએ શરદકાલીન નવીન મેઘની ગર્જનાની જેમ મધુર અને ગંભીર, ક્રૌચ પક્ષીના મંજુલ સ્વરની જેમ મધુર અને દુંદુભિના નાદની જેમ દૂરગામી, વક્ષ:સ્થળમાં વિસ્તારને પ્રાપ્ત થયેલી; કંઠમાં ગોળ ગોળ ઘુમરાતી; મસ્તકમાં વ્યાપ્ત; સ્પષ્ટ ઉચ્ચારવાળી; અસ્ખલિત–અટક્યા વિનાની સ્પષ્ટ, વર્ણ, અને પદની વિકલતા રહિત, સમસ્ત અક્ષરોના સંયોગયુક્ત, સ્વરકળાથી પૂર્ણ અને ગેયરાગ યુક્ત; સર્વ ભાષામાં પરિણમન પામતી એક યોજન પરિમાણમાં ફેલાતી સરસ્વતી વાણી એવી અર્ધમાગધી ભાષામાં કોઈપણ પ્રકારના ભેદ-ભાવ વિના આર્ય અને અનાર્ય પુરુષોને અગ્લાન ભાવે, શ્રુત-ચારિત્રરૂપ ધર્મનો ઉપદેશ આપ્યો.'

**અખંડ પરિવ્રાજકનું વર્ણન :**

'અખંડ પરિવ્રાજક ભદ્ર-સૌમ્ય, પરોપકાર પરાયણ અને પ્રકૃતિથી જ શાંત છે. તે સ્વભાવથી જ અલ્પ ક્રોધ, માન, માયા, લોભવાળા, મંદ કષાયી છે. તે કોમળ સ્વભાવથી યુક્ત અને અહંકાર રહિત, ગુરુજનોની આજ્ઞાનું પાલન કરનારા તથા વિનયશીલ છે.'

**(૨) ઉપપાત વિભાગ :**

બીજા ઉપપાત વિભાગમાં ગૌતમ ગણધરે જિજ્ઞાસાથી પૂછેલા પ્રશ્નોનું સમાધાન ભગવાન મહાવીરે કર્યું છે. તેમાં વિવિધ પ્રકારના જીવોની ઉત્પત્તિનું નિરૂપણ કર્યું છે. જીવો પરલોકમાં આરાધક થયા કે નહિ તેની સ્પષ્ટતા કરી છે અને સિદ્ધ થવાની પ્રક્રિયા, સિદ્ધશિલા, સિદ્ધક્ષેત્ર અને સિદ્ધોનું સ્વરૂપ વિસ્તારથી સમજાવ્યું છે .

તે ઉપરાંત અખંડ પરિવ્રાજક અને તેના ૭૦૦ શિષ્યોના કથાનકથી આ આગમ રોચક બન્યું છે. અખંડ પરિવ્રાજક હોવા છતાં શ્રાવક વ્રતનો સ્વીકાર કર્યો, ભગવાન મહાવીરમાં દૃઢ શ્રદ્ધા રાખી, અનશન કર્યું, સમાધિમરણ પ્રાપ્ત કર્યું અને મહાવિદેહમાં જન્મ ધારણ કરી સિદ્ધ ગતિને પ્રાપ્ત કરી. આ આખીય વાતમાં જૈનદર્શન જાતિવાદમાં માનતું નથી પણ જે જૈનધર્મમાં શ્રદ્ધા રાખે, તે જૈન પરંપરાના વ્રત નિયમોના આરાધક બની શકે છે તે પ્રતિપાદિત કર્યું છે.

જૈન દર્શનમાં સંપૂર્ણ કર્મક્ષય પછી મુક્તિ અને મુક્ત થયેલા જીવોનું ઋજુગતિથી એક સમય માત્રમાં લોકાગ્રે સિદ્ધક્ષેત્ર ગમન, ત્યાં અનંત કાળ પર્યંત સિદ્ધશીલા, સિદ્ધક્ષેત્ર અને સિદ્ધોનું સુખ વગેરેનું વર્ણન અદ્ભુત છે.

**સિદ્ધોના નિવાસસ્થાનનું વર્ણન :**

'આ રત્નપ્રભાના (પૃથ્વીના) બહુ સમરમણીય ભૂમિભાગથી ડુંગર, ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર તથા તારાઓના ભવનથી ઘણા યોજન, ઘણા સેંકડો યોજન, ઘણા હજારો યોજન, ઘણા લાખો યોજન તથા ઘણા કરોડ યોજન તથા ક્રોડાક્રોડ યોજનથી ઊર્ધ્વતર તથા બહુ જ ઉપરના ભાગમાં ગયા પછી સૌ ધર્મ, ઈશાન, સનતકુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, લાન્તક, મહાશુક્ર, સહસ્ત્રાર, આણત, પ્રાણત, આરણ, અચ્યુત કલ્પ તથા ત્રણસો અઢાર ગ્રૈવેયક વિમાનના આવાસથી પણ ઉપર વિજય, વૈજયંત, જયંત, અપરાજિત અને સર્વાર્થસિદ્ધ મહા વિમાનના સર્વોચ્ચ શિખરના અગ્રભાગથી બાર યોજનના આંતરે ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી છે.'

આ સૂત્રમાં અનેક સ્થળે અલંકાર અને તાદશ્ય ઉપમા આપીને સાહિત્યિક ભાષામાં વર્ણન કરેલું છે. નગરી આદિના વર્ણનથી તે સમયની સમાજવ્યવસ્થા અને નગરજીવનની પ્રતીતિ થાય છે. ભગવાનના શિષ્ય પરિવારના વર્ણન દ્વારા જૈન શ્રમણોની જીવનચર્યાનો બોધ થાય છે. સમવસરણમાં પરિષદની મધ્યમાં કોઈપણ પ્રકારના ભેદભાવ વિના આપેલી ધર્મદેશના પ્રભુ મહાવીરના વીતરાગભાવને પ્રગટ કરે છે. પ્રભુએ આપેલી દેશના દ્વારા સંપૂર્ણ જૈનદર્શનનો બોધ થાય છે.

આમ આ આગમ નાનું હોવા છતાં તેમાં મહત્ત્વપૂર્ણ સામગ્રી ભરેલી છે.

આ આગમનો વિષય આધ્યાત્મિક છે. કાવ્ય શાસ્ત્રની દૃષ્ટિએ આ સૂત્ર અનુપમ છે, અજોડ છે. આ સૂત્રમાં સાહિત્યભાવો અને તત્ત્વજ્ઞાનના ભાવોનું સુંદર સંયોજન છે. આગમકારે આ નાનકડા પણ અલૌકિક સૂત્રમાં વિરાટ વિષયનું નિરૂપણ કર્યું છે.

આ સૂત્રની કડીબદ્ધ પંક્તિઓમાં કાવ્યરચનાની પ્રતીતિ થાય છે. સાહિત્યિક ગુણવત્તાની દૃષ્ટિએ વિચાર કરતાં જણાય છે કે લાંબા લાંબા સમાસબદ્ધ કાવ્યમય વાક્યોનો જે પ્રયોગ થયો છે તે જૈનાગમ વખતની સાહિત્યિક ભાષાના વિકાસની સાક્ષી પૂરે છે. (સંસ્કૃત) કાદંબરી જેવા બબ્બે પાનાના સમાસબદ્ધ વાક્યો કરતાં પણ લાંબી કડી બદ્ધ કાવ્યમય વાક્યરચનાઓ આ સૂત્રમાં જોવા મળે છે.

તત્ત્વનો વિચાર કરીએ તો જણાય છે કે ઉવવાઈ સૂત્રમાં અનુપમ ત્યાગ માર્ગનું નિરૂપણ થયું છે. જૈન મુનિઓના ત્યાગમય જીવનનું વર્ણન છે. તે સમયમાં ધર્મની વિકૃતિઓને દૂર કરવા જે ક્રાંતિ સર્જી હતી તેવા ક્રાંતિકારી વીર પ્રભુના શિષ્યોનું ભાવાત્મક ચિત્ર અહીં શબ્દસ્થ થયું છે. ઔપપાતિક ઉવવાઈ સૂત્રની વિશેષતા એ છે કે તેમાં સમગ્ર ત્યાગ માર્ગને ભિન્ન ભિન્ન દૃષ્ટિએ તપાસી, જૈન તથા અન્ય સંપ્રદાયોમાં ત્યાગના જે આચારો છે તેની ગણના કરી તેને ન્યાય આપ્યો છે. કોઈ પણ સંપ્રદાયની નિંદા કરવામાં આવી નથી. ઉવવાઈનો આધ્યાત્મિક વિષય ઘણો જ રસમય છે. બધાં સંપ્રદાયો સાથે સ્યાદ્‌વાદ શૈલીથી તેમાં સમવાય સ્થાપિત કર્યો છે.

**ઔપપાતિક-ઉવવાઈ સૂત્રનો રચના કાળ અને ભાષા શૈલી :**

બારે ઉપાંગ સૂત્રોમાંથી 'પ્રજ્ઞાપના સૂત્ર'ને બાદ કરતાં બાકીના બધા ઉપાંગ સૂત્રોની રચના ક્યારે અને ક્યાં થઈ તે સંબંધમાં કોઈ પણ જાણકારી પ્રાપ્ત થતી નથી.

ઉવવાઈ સૂત્રના કુલ ૧૬૦૦ શ્લોકો (૧૨૦૦) છે. (જૈન પરંપરાનો ઇતિહાસભાગ-૧, પાનું -૩૫૭). ઉવવાઈ સૂત્રની ભાષા પ્રાયઃ ગદ્યાત્મક છે અને થોડોક ભાગ પદ્યમાં છે. ભાષાની દૃષ્ટિએ આ આગમમાં ઉપમા, સમાસ તથા વિશેષણોની બહુલતા છે.

ડૉ. સાધ્વી આરતી ઉવવાઈ સૂત્ર વિશે લખે છે, 'ઉપાંગ સૂત્રોમાં પ્રથમ સ્થાન ધરાવતું શ્રી ઔપપાતિક સૂત્ર એક સંદર્ભ સૂત્ર સમાન છે. અંગ સૂત્રો અને ઉપાંગ સૂત્રોના વર્ણનાત્મક વિષયોમાં અનેકસ્થાને ઔપપાતિકના સંદર્ભો જોવા મળે છે. ઔપપાતિક સૂત્ર કદમાં નાનું હોવા છતાં મહત્તમ સામગ્રીઓ થી ભરેલું છે. આ આગમના મુખ્ય વિષયો એવા છે કે તેનો ઉલ્લેખ અન્ય ક્યાંય પ્રાપ્ત થતો નથી. જેમ કે તીર્થંકરના દેહનું નખશીખ વર્ણન આદિ..'

# શ્રી રાયપસેણીય સૂત્ર

સૂયગડાંગ સૂત્ર નામના બીજા અંગનું બીજું ઉપાંગ શ્રી રાયપસેણીય સૂત્ર છેઃ

'સૂત્રકૃતાંગ–સૂયગડાંગ–સૂત્રકૃતમાં ૧૮૦ ક્રિયાવાદી છે. ૮૪ અક્રિયાવાદી, ૬૭ અજ્ઞાનવાદી, ૩૨-વૈનિયકો છે. સર્વ સંખ્યા ૩૬૩ પાંખડીની છે. તે સ્વસિદ્ધાંત સ્થાપે છે. નંદી અધ્યયનમાં પણ આ વાત લખી છે. પ્રદેશી રાજા પૂર્વે અક્રિયાવાદીમત ભાવિત મનવાળો હતો. તેને આશ્રીને જીવ વિષયક પ્રશ્નો કર્યા. શ્રમણ કે શિકુમાર–ગણધારીએ સૂત્રકૃત સૂચિત અક્રિયાવાદીમતના ખંડનના ઉત્તરો આપ્યા. તે સૂત્રકૃતમાં કેશીકુમારે જે ઉત્તરો આપ્યા તેને જ અહીં સવિસ્તર કહ્યા છે. સૂત્રકૃત ગત વિશેષ પ્રગટપણાથી આ ઉપાંગ સૂત્રકૃતાંગનું છે.' આ વક્તવ્યતા ભગવાન મહાવીર સ્વામીએ ગૌતમને સાક્ષાત્ કહી છે. (મુનિ દીપરત્ન સાગર).

રાજા પ્રદેશીની કથા સંક્ષેપમાં આ પ્રમાણે છેઃ

ભરતક્ષેત્રમાં આમ્લકંપા નામની સમૃદ્ધ નગરી છે. ત્યાંની પ્રજા સુખરૂપ જીવી રહી હતી. ત્યાંના શ્વેત રાજા અને ધારિણીદેવી શુભ લક્ષણવંતા અને વિશુદ્ધ હતા.

તે નગરીના અંબસાલ વનમાં શ્રમણ ભગવાન શ્રી મહાવીર ગામેગામ વિહાર કરતાં પરિવાર સાથે પધાર્યા. આ સમયે ઊર્ધ્વલોકમાં સૌધર્મ દેવલોકમાં સૂર્યાભદેવ ઉત્પન્ન થયા. સૂર્યાભદેવનું ત્યાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. સર્વ સુખ સંપન્ન હોવા છતાં તે ઉદાસ રહેતા હતા. એકવાર તેમણે આમ્લકંપા નગરીના ઉદ્યાનમાં પ્રભુ મહાવીરને જોયા. તેમનું પ્રવચન સાંભળવા તેઓ ગયા. પ્રવચન પૂર્ણ થતાં સૂર્યાભદેવે પ્રભુને પ્રશ્ન પૂછ્યો,

'હે પ્રભુ હું ભવસિદ્ધ છું કે અભવસિદ્ધ છું, હું સમ્યગ્દષ્ટિ છું કે મિથ્યાદષ્ટિ છું ?'

ભગવાને જવાબ આપ્યો, 'હે દેવાનુપ્રિય તમે ભવી સમ્યક્દૃષ્ટિ છો.' ત્યારબાદ સૂર્યાભદેવને ૩૨ નાટક બતાવ્યા. છેલ્લું નાટક પ્રભુ મહાવીરના જીવનના પ્રસંગોનું હતું.

ગૌતમ ગણધરે પ્રભુને પૂછ્યું, 'ભગવાન સૂર્યાભદેવે આગલા ભવમાં એવું શું કર્યું કે જેથી તેને આવી રિદ્ધિ સિદ્ધિ મળી?'

અહીં પ્રભુએ સૂર્યાભદેવના આગલા ભવની–પ્રદેશી રાજાના ભવની વાત કરી.

કૈકયાર્ધ દેશની શ્વેતાંબિકા નગરીનો રાજા પ્રદેશી હતો. તે નાસ્તિક અને હિંસક હતો. તેનો એક ચિત્તસારથિ નામનો કલ્યાણમિત્ર હતો. એકવાર રાજાની આજ્ઞા થકી શ્રાવસ્તી નગરીમાં જવાનું થયું. તે નગરીનો રાજા જિતશત્રુ હતો. ત્યાં પાર્શ્વપ્રભુના સંતાન પરંપરાના કેશી શ્રમણ પધાર્યા હતા. ચિત્તસારથિ તેમની દેશના સાંભળવા પહોંચી ગયા. દેશના સાંભળી તેઓ બારાતધારી શ્રાવક બન્યા. ચિત્તસારથિએ કેશી શ્રમણને પોતાની નગરીમાં પધારવા વિનંતિ કરી. પ્રભુ મહાવીર આમ્લકંપા નગરીમાં પધાર્યા અને ચિત્તસારથિ પોતાના મિત્ર પ્રદેશી રાજાને સદ્ગુરુ પાસે લઈ આવ્યો. પ્રદેશી રાજા નાસ્તિક હોવાથી કેશી શ્રમણને જડ અને અજ્ઞાની માનતો હતો. છતાં તેણે ચર્ચા શરૂ કરી. 'દેહ અને આત્મા જુદા છે' એ ચર્ચા કરતી વખતે રાજાએ અનેક પ્રશ્નો કેશી શ્રમણને પૂછ્યા. કેશી શ્રમણે બધાં પ્રશ્નોના ઉત્તરો ઉદાહરણાર્થે આપ્યાં; પરંતુ રાજા 'દેહ અને આત્મા જુદા છે' એ વાત સ્વીકારવા તૈયાર ન હતો. દયાળુ કેશી શ્રમણે રાજાની માનસિક સ્થિતિ જાણી લીધી કે રાજા પ્રદેશી વસ્તુતત્ત્વને શોધનારો છે. તેથી કેશી શ્રમણે એક છેલ્લું ઉદાહરણ લોખંડના ભારાને વહન કરનાર પુરુષનું આપ્યું ત્યારે પ્રદેશી રાજાને સમજાયું. પ્રભુનો ઉપદેશ સાંભળ્યો, દિલમાં ઉતાર્યો અને બારાતધારી શ્રમણોપાસક બની ગયો. ત્યારબાદ તે સર્વભાવથી ઉદાસીન રહેવા લાગ્યો. તેની રાણી સૂરિકંતાથી આ સહન ન થયું. તેણે પતિને મારી નાખવાનો પેંતરો રચ્યો. પોતાના પુત્ર સૂરિકંતને પણ સાથ આપવા કહ્યું, પરંતુ પુત્ર આ વાતમાં સહમત ન થયો. રાણીએ ભોજન, વસ્ત્રો, આભૂષણો અને સૂંઘવાના પદાર્થોમાં ઝેર ભેળવી દીધું. કાંતિલ ઝેર રાજાના આંતરડામાં પ્રસરી ગયું. રાણીના કાવત્રાને જાણવા છતાં પ્રદેશી રાજાએ સમતા ધારણ કરી રાણીને ક્ષમા આપી. બારાત ઉચ્ચાર્યા. અનશન કરી સંથારો લીધો. સર્વ જીવ પ્રત્યે દયા રાખી કાળધર્મ પામ્યા.

ત્યાર બાદ તે સૂર્યાભ નામના દેવવિમાનમાં સૂર્યાભદેવ રૂપે અને પછી મહાવિદેહ ક્ષેત્રમાં દૃઢ પ્રતિજ્ઞ રૂપે અવતર્યા. સંયમ લઈ ઉત્કૃષ્ટ ભાવો ચાર ઘાતીકર્મો ખપાવી કેવલી થશે.

આ સૂત્રમાં ત્રણ અધિકાર છે. (૧) સૂર્યાભદેવનો (૨) પ્રદેશી રાજાનો (૩) દૃઢ પ્રતિજ્ઞ કેવળીનો. આ ત્રણે અધિકાર એકજ જીવ–આત્માના છે.

શ્રી નંદી સૂત્રમાં અંગ બાહ્ય ઉત્કાલ શ્રુતની પરિગણનામાં પ્રસ્તુત આગમનું નામ 'રાયપ્પસેણીય' જોવા મળે છે. તેનું સંસ્કૃત રૂપાંતરણ રાજપ્રશ્નીય છે. આ આગમ એક જિજ્ઞાસુ રાજાના પ્રશ્નો સાથે સંબંધ ધરાવે છે. તેથી તેનું નામ રાજપ્રશ્નીય રાખવામાં આવ્યું છે. કેશી શ્રમણ અને પ્રદેશી રાજા વચ્ચે થયેલી પ્રશ્નચર્ચા આ આગમનું મહત્ત્વનું અંગ છે. કેશીકુમાર શ્રમણે પ્રદેશી રાજાના પ્રશ્નોના આપેલા ઉત્તરો આત્મસ્વરૂપને સમજવા માટે ઉપયોગી થાય તેવા છે. આ પ્રશ્નોત્તરથી જ પ્રદેશી રાજા અરમણીયમાંથી રમણીય, અધાર્મિ કતામાંથી ધાર્મિક, નાસ્તિકમાંથી આસ્તિક, વિપયગામીમાંથી સત્ પથગામી બન્યા. તેના જીવનનું આમૂલ પરિવર્તન કરાવનાર આ સંવાદ જ આ આગમનું હાર્દ છે. તેથી જ આ પ્રશ્નચર્ચાને, રાજાના પ્રશ્નોને આધારભૂત બનાવતું **'રાજપ્રશ્નીય'** નામ સાર્થક છે.

આ ઉપાંગ સૂત્રની ૨૦૭૮ ગાથા છે . આ સૂત્રમાં પ્રદેશી રાજાએ કેશી ગણધરને પૂછેલા દશ પ્રશ્નો અને તેના કેશી શ્રમણે આપેલા સચોટ ઉત્તરો નોંધપાત્ર છે. તે ઉપરાંત ૩૨ દેવતાઈ નાટકોનું સુંદર પરિચયાત્મક વર્ણન, પ્રાચીન વિવિધ સંગીત વાદ્યોના પ્રકારોનુ વર્ણન, સંગીતશાસ્ત્ર, નાટ્યશાસ્ત્ર આદિની માહિતી તથા વાસ્તવવાદી ગૂઢ પ્રશ્નોનું નિરાકરણ નોંધપાત્ર છે.

સૂત્રકારે ચિત્તસારથિ, પ્રદેશી રાજા અને કેશીકુમાર, શ્રમણ આ ત્રણ પાત્રની આસપાસ જ આગમકથાની રચના કરી છે.

પ્રસ્તુત આગમકથાનકનું મુખ્ય પાત્ર પ્રદેશી રાજા છે. સૂત્રકારે પ્રદેશી રાજાના માધ્યમ દ્વારા વિપરીત માન્યતા, તેના પરિણામે સર્જાતા વૃત્તિના તાંડવો અને સાચી વાત સમજ્યા પછી વૃત્તિઓનું ઊર્ધ્વીકરણ, સાધના-આરાધના કર્યા બાદ જીવનનું ઉર્ધ્વગમન કેવી રીતે કરી શકાય તેનું નિરૂપણ સૂત્રકારે આ આગમમાં કર્યું છે.

પ્રસ્તુત સૂત્રમાં જે રાજાની વાત છે તેનું નામ પરદેશી રાજા છે તે નાસ્તિકતાને કારણે ખૂબ જ હિંસક પગલાં ભરે છે. તે પોતાના રાજ્યમાં નીતિ–ન્યાયને સ્થાન આપતો નથી. તે પાપાચારને વેગ આપે છે. પાપના ફળ બૂરા હોય તેવું તે માનતો નથી. રાજ્યમાં કર્મચારીઓને તથા પ્રજાને ઘણો જ અન્યાય કરે છે અને હિંસક બળોને પ્રોત્સાહન આપે છે તેથી તેના રાજ્યમાં અપરાધી તત્ત્વોમાં વૃદ્ધિ થાય છે. આ સૂત્રમાં વર્ણન કરવામાં આવ્યું છે કે પ્રદેશી રાજાના રાજ્યમાં પાપી પ્રવૃત્તિઓને કેટલું ઊંડું સ્થાન હતું. સારે નસીબે પ્રદેશી રાજાના મંત્રી ચિત્તસારથિ ખૂબ ધાર્મિક વૃત્તિનો, આસ્તિક અને બુદ્ધિશાળી હતો. આ મંત્રી એવા કોઈ પ્રબળ અને પરાક્રમી મહાત્માની શોધમાં છે જે રાજાની નાસ્તિકતાને દૂર કરી તેને આસ્તિક બનાવે.

પ્રધાનમંત્રી ચિત્તસારથિ જ્યારે શ્રાવસ્તી નગરી આવ્યો અને કેશીકુમાર શ્રમણના દર્શન થયા ત્યારે બુદ્ધિશાળી પ્રધાન પોતાના નાસ્તિક અને હિંસક રાજાને સુધારવા માટે કેશીકુમાર શ્રમણને પોતાના દેશમાં લઈ જવાનો સંકલ્પ કર્યો.

આટલી વાર્તા રાજપ્રશ્નીય સૂત્રની પૃષ્ઠભૂમિ છે. ત્યારબાદ કેશી શ્રમણ ત્યાં પહોંચ્યા. ચિત્તસારથિએ ભક્તિ અને ચાલાકીપૂર્વક રાજાની સાથે તેમનો મેળાપ કરાવ્યો. કેશીકુમાર શ્રમણ અને પ્રદેશી રાજા વચ્ચે સફળ વાર્તાલાપ થયો. રાજાનો માનસિક પરાજય થયા પછી તેના મનમાં આસ્તિકતાનો ઉદય થયો. સંપૂર્ણ રાજ્યમાં નીતિની સ્થાપના થઈ. આ રીતે રાજાનું જીવન પરિવર્તન થયું અને પૂરા રાષ્ટ્રનું પણ પરિવર્તન થયું. ખજાનાનો સદુપયોગ થયો. અંતે રાજા મહાન તપની સાધના કરી પરલોકવાસી થયા. ત્યાં સુધીની કથા અતિરોચક ધર્મકથા ઘણી જ પ્રેરણાદાયી છે. રાજાની રાણી 'સૂરિકંતા'ને રાજાનું આ પરિવર્તન અયોગ્ય લાગતાં વિષ આપી રાજાને મારી નાંખે છે ને પોતાનું જીવન હિંસાથી કલંકિત કરી દુર્ગતિને પામે છે.

જેવી કરણી તેવી ભરણી–જેવા કર્મો કર્યા તેવા ફળ મળ્યા તે વાત આ સૂત્રમાં સૂત્રકારે સમજાવી છે. કર્મનો સિદ્ધાંત સર્વને માટે એક સરખો જ છે. રાજા હોય કે રંક હોય, પુરુષ હોય કે નારી હોય સહુએ પોતે કરેલા કર્મોના ફળ ભોગવવા જ પડે છે તે બાબતને આ સૂત્રમાં સમજાવી છે.

પ્રભુ મહાવીરે ઉચ્ચ કક્ષાના સાધકોની સાધક દશા કેવી હોય છે તે રાજપ્રશ્નીય-રાયપસેણી સૂત્રમાં દર્શાવ્યું છે. રાયપસેણી સૂત્ર તે રાજા પ્રદેશીનું જીવન દર્શન કરાવતું આગમ છે. એક અત્યંતપણે અજ્ઞાની આત્મા, કેવા પ્રકારના ક્રુર કર્મોને સર્જે છે પરંતુ જ્યારે સદ્‌ગુરુનો સંગ થાય છે અને સદ્‌ગુરુના જ્ઞાનથી પ્રભાવિત થાય છે ત્યારે અજ્ઞાની આત્મા અને ક્રૂર એવો આત્મા પણ કેવી રીતે પરમ જ્ઞાન તરફ આગળ વધે છે, પરમ સમતાનો અનુભવ કરે છે અને જીવનની દરેક પરિસ્થિતિનો સ્વીકાર કરે છે તેની જાણકારી અહીં આલેખેલી છે. રાયપસેણીય સૂત્ર આત્મજ્ઞાનને પ્રગટ કરતું આગમ છે. રાયપસેણીય સૂત્ર રાજા પ્રદેશીની આત્મસિદ્ધિનું કારણ છે. આ રીતે રાયપસેણીય સૂત્રમાં આત્મશુદ્ધિથી આત્મસિદ્ધિના માર્ગની પ્રરૂપણા છે. પ્રભુ મહાવીરે આ આગમ દ્વારા અનેક અજ્ઞાનીઓને સાચો માર્ગ બતાવ્યો છે. સંત સમાગમ વ્યક્તિ પર કેવો મહાન ઉપકાર કરે છે અને તેને દેવલોકના સુખ અપાવી શકે છે, એક જ ભવમાં પરમાત્મપદ અપાવી શકે છે, એ હકીકત આ આગમમાં ખૂબ રસમય રીતે આલેખન પામી છે.

શ્રી રાજપ્રશ્નીય સૂત્ર કથાસૂત્રોમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. અન્ય કથા સૂત્રો નવલિકા સંગ્રહ જેવા છે પરંતુ આ સૂત્ર નવલકથા જેવું છે જે રાજાપ્રદેશીની સળંગ ભવકથા છે.

સંતના સમાગમે પ્રદેશી રાજાની પરિવર્તન પામેલી જીવનચર્યા જ આ સૂત્રનું તેજસ્વી કિરણ છે. પ્રદેશીરાજા પ્રયોગ દ્વારા વસ્તુતત્ત્વને શોધનારો શોધક હતો. આત્માને શોધવા તેણે ઘણો શ્રમ કર્યો પણ તે શ્રમ વિપરીત હતો તેથી તે નિષ્ફળ ગયો. આત્મશોધની તાલાવેલીના કારણે તેણે કેશી શ્રમણ સાથે પ્રશ્નચર્ચા કરી અને કેશી શ્રમણના સંગે તે સત્યને સમજ્યો. આત્મતત્ત્વનો અનુભવ તેણે કર્યો અને વ્રત-નિયમનું પાલન કરી ક્ષમાના ઉત્તમ પરિણામો સાથે આરાધક ભાવે મૃત્યુ પામી સૂર્યભદેવની સૂર્ય જેવી સ્થિતિને પામ્યો.

પ્રસ્તુત સૂત્રમાં પ્રદેશી રાજાની પ્રાચીન ઘટના હોવા છતાં અર્વાચીન લોકોના નાસ્તિકપણાને, સ્વાર્થને, સ્વજન-પરિજન સાથેના રાગદ્વેષને, હિંસાદિ ક્રૂર પરિણામ ઇત્યાદિ ભાવોનો નાશ કરે છે. પાપી પણ પુણ્યશાળી બને છે. દુષ્ટાત્મા સુષ્ઠુ બની દિવ્ય સુખો પભોગમાં ઉત્પન્ન થાય છે. પાપના પલટાથી પ્રાપ્ત થતા પુણ્યના પુંજના પુંજ, દેવલોકમાં જ્યાં જ્યાં શાશ્વત દિવ્ય સામગ્રી નકશીદાર શિલ્પથી સ્વાભાવિક, શરીરના દરેક આંગોપાંગ માટે સુખાવહ સુવા, રહેવા, બેસવા, પહેરવા આદિ આકારે આકારિત થઈ છે ત્યાં લઈ જાય છે અને ત્યાંથી પુણ્યરૂપી સખા સહયોગવ આપીને પરમધામમાં પહોંચાડે છે. આવી સંજીવની ભરેલું જડીબુટ્ટી સમું આ સૂત્ર છે.'

(બા.બ્ર.પૂ.લીલમબાઈ મ.સ.)

'શ્રી રાજપ્રશ્નીય સૂત્ર નાસ્તિકતા, સ્વાર્થ અને ઉચ્ચ કોટિના ત્યાગનું જાણે એક સાહિત્યરત્ન ન હોય, તેવું નાટક સૂત્ર છે. સૂત્રના કે કથાના મુખ્ય પાત્રો સળંગ એક સજીવ ભૂમિકા ભજવે છે. દરેક પાત્ર પોતપોતાની રીતે ખૂબ જ સુંદર રીતે મૂર્તિમંત બની નિર્માણ થયા છે અથવા શાસ્ત્રકાર પાત્રોનું સજીવ નિર્માણ કરે છે અને દરેક પાત્રોનો આપણા મન પર સચોટ પ્રભાવ પાડે છે. શાસ્ત્રકાર પાત્રો દ્વારા પોતાની કથાવસ્તુ કે તત્ત્વ નિરૂપણને હૂબહૂ આલેખિત કરે છે. કથાશાસ્ત્રો દ્વારા શાશ્વતતત્ત્વો હીરામોતીની જેમ ચમકી રહ્યા છે.'

(પૂ. શ્રી જયંતમુનિ મ.સા.)

રાયપસેણી સૂત્ર એક પ્રકારની ઇતિહાસની કથા જેવું છે.

इमीसे णं भंते । रयणप्पभाए पुढवीए णेरइयाणं
सरीरया किं संघयणी पण्णता ?
गोयम! छण्हं, संघयणाणं असंघयणी, णेवट्ठी, णेव
छिरा, णवि ण्हारु, जे पोगल्ला अणिट्ठा जाव
अमणा मा ते तेसिं सरीर संघयत्ताए परिणमंति ।
एवं जाव अहेसत्तमा।

પ્રશ્નઃ હે ભગવન્! રત્નપ્રભા પૃથ્વીના નારકીઓના શરીરોનું ક્યું સંહનન હોય છે?

ઉત્તરઃ હે ગૌતમ! છ પ્રકારના સંહનનમાંથી તેને એક પણ પ્રકારનું સંહનન નથી. તેના શરીરમાં હાડકાંઓ નથી. નસો (શિરાઓ) નથી, સ્નાયુ નથી, જે પુદ્‌ગલ અનિષ્ટ અને અમનોજ્ઞ હોય છે, તે તેના શરીર રૂપમાં એકત્રિત થઈ જાય છે. આ પ્રમાણે સપ્તમ પૃથ્વી કહેવું જોઈએ.

ગૌતમસ્વામીના પ્રશ્નો અને સર્વજ્ઞ પ્રભુ મહાવીરે આપેલ ઉત્તરો જેમાં સંગ્રહાયા છે તે શ્રી જીવાજીવભિગમ સૂત્ર ત્રીજા આગમ સૂત્ર ઠાણાંગ સૂત્રનું ઉપાંગ સૂત્ર છે. આ આગમનું નામ પ્રાકૃત અને સંસ્કૃત બંને ભાષામાં जीवाजीवभिगम છે. તે વ્યવહારમાં 'જીવાભિગમ' એવા નામે પ્રસિદ્ધ છે.

જીવાજીવભિગમ સૂત્ર મુખ્યત્વે દ્રવ્યાનુયોગ પ્રધાન છે. તેમાં અધ્યયન સ્વરૂપ નવ પ્રતિપત્તિ અને અંતે સર્વ જીવ પ્રતિપત્તિ છે જેમાં કોઈકમાં ઉદ્દેશો પણ છે. સવ્વજીવમાં નવ પેટા પ્રતિપત્તિઓ છે.

આ જીવાજીવભિગમ નામ સમ્યગ્ જ્ઞાન હેતુ વડે પરંપરાએ મુક્તિપદ પ્રાપકપણાથી શ્રેયસકારી છે. તેથી વિઘ્નની ઉપશાંતિ માટે, શિષ્યોને મંગલબુદ્ધિ માટે પોતાને પણ મંગલરૂપ હોવાથી મંગલને સ્થાપે છે.

આ આગમ– જીવાજીભિગમ સૂત્રનો વર્ણ્ય વિષય છે જીવાભિગમ એટલે જીવ દ્રવ્યનો બોધ અને અજીવાભિગમ એટલે અજીવ દ્રવ્યનો બોધ. આ ઉપાંગ સૂત્રમાં પ્રશ્નોત્તર રૂપે પદાર્થોની પ્રરૂપણા કરવામાં આવી છે.

આ સૂત્રમાં ૯ અધ્યયનો, ૮ ઉદ્દેશો અને ૪૭૫૦ શ્લોક છે. આ સૂત્રની ભાષા ગદ્યાત્મક છે જેમાં જીવ અજીવનું સ્વરૂપ બતાવ્યું છે .

આ સૂત્ર એક સ્કંધરૂપ છે. તેમાં સંસારી જીવોની નવ પ્રતિપત્તિ (અધ્યયન) અને સર્વ જીવની નવ પ્રતિપત્તિ છે.

દરેક પ્રતિપત્તિનો સંક્ષેપમાં પરિચય આ પ્રમાણે છેઃ

**પ્રતિપત્તિ–૧:** પ્રથમ પ્રતિપત્તિમાં પ્રસ્તુત આગમના મંગલાચરણ-પૂર્વક ગ્રંથના વર્ણ્ય વિષયનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે, ત્યારબાદ અજીવ દ્રવ્યના ભેદ-પ્રભેદ, તેમજ જીવના બે ભેદોનું ૨૩ દ્વારથી વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે.

આ રીતે પ્રથમ પ્રતિપત્તિમાં અજીવ દ્રવ્ય અને સિદ્ધોના વર્ણન ઉપરાંત બે પ્રકારના સંસારી જીવો અને તેની ઋદ્ધિનું ૨૩ પ્રકારે નિરૂપણ છે.

પ્રસ્તુત સૂત્રમાં અજીવાભિગમના ભેદ-પ્રભેદોનું કથન છે. અજીવાભિગમની વક્તવ્યતા અલ્પ હોવાથી તેનું વર્ણન પહેલા કર્યું છે. અજીવાભિગમના બે પ્રકાર (૧) અરૂપી અજીવ (૨) રૂપી અજીવ.

**પ્રતિપત્તિ–૨:** ત્રિવિધ નામની બીજી પ્રતિપત્તિમાં સંસારી જીવોને ત્રણ પ્રકારમાં સંગ્રહિત કરી તેની ભવસ્થિતિ, કાયસ્થિતિ, અંત અને બંધ સ્થિતિ આદિનું નિરૂપણ છે.

**પ્રતિપત્તિ–૩:** આ પ્રતિપત્તિમાં સંસારી જીવોના ચાર પ્રકારનું વિસ્તૃત વર્ણન છે.

**નૈરયિક–૧:** પ્રથમ ઉદ્દેશકમાં નૈરયિક જીવોના નિવાસસ્થાનરૂપ નરક, પૃથ્વીઓના નામ, ગોત્ર, પરિમાણ, નરકવાસીઓની સંખ્યા, નરક પૃથ્વીથી લોકાંતનું અંતર, ઘનોદધિ, વલયોનું પ્રમાણ, સર્વ જીવોનો નરક પૃથ્વીમાં ઉપપાત વગેરે વિષયોનું પ્રતિપાદન છે.

**નૈરયિક–૨:** આ ઉદ્દેશકમાં નરક વાસોના સ્થાન, સંસ્થાન, વર્ણાદિ તેમ જ નૈરયિકની સ્થિતિ અને વેદનાનું પ્રતિપાદન છે.

**નૈરયિક–૩:** આ ઉદ્દેશકમાં નારકીઓનું પુદ્‌ગલ પરિણમન અને વેદનાનું પ્રતિપાદન છે.

**પ્રતિપત્તિ–૪:** આ પ્રતિપત્તિમાં સંસારી જીવોની ભવસ્થિતિ, કાયસ્થિતિ અને અંતરનું પ્રતિપાદન છે.

**પ્રતિપત્તિ–૫:** આ પ્રતિપત્તિમાં છ પ્રકારના સંસારી જીવો સંબંધી વર્ણન છે.

**પ્રતિપત્તિ–૬:** આ પ્રતિપત્તિમાં સાત પ્રકારના સંસારી જીવોની સ્થિતિ, કાયાસ્થિતિ, અંતર અને અલ્પ બહુત્વનું પ્રતિપાદન છે.

**પ્રતિપત્તિ–૭:** આ પ્રતિપત્તિમાં આઠ ભેદોનું કથન છે.

**પ્રતિપત્તિ–૮:** આ પ્રતિપત્તિમાં ત્રસ અને સ્થાવર જીવોના પેટા ભેદ કરીને સંસારી જીવોના નવ પ્રકાર કહ્યા છે.

**પ્રતિપત્તિ–૯:** ચોથી પ્રતિપત્તિમાં સંસારી જીવોના પાંચ ભેદ કહ્યા છે. અહીં તે પાંચના પ્રથમ સમય અને અપ્રથમ સમય રૂપ બે-બે ભેદ કરીને સંસારી જીવોના દશ ભેદ કર્યા છે.

**ખંડ-૨ : સર્વજીવ પ્રતિપત્તિ**

**પ્રતિપત્તિ–૧:** આ પ્રતિપત્તિમાં સર્વ જીવોની નવ પ્રતિપત્તિ બતાવી છે.

**પ્રતિપત્તિ–૨:** આ પ્રતિપત્તિમાં સર્વ જીવોના ત્રણ પ્રકાર–સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ અને મિશ્રદૃષ્ટિ બતાવી છે.

**પ્રતિપત્તિ–૩:** આ પ્રતિપત્તિમાં સર્વ જીવોના ચાર પ્રકાર– મનોયોગી, વચનયોગી, કાયયોગી અને અયોગીનું વર્ણન છે.

**પ્રતિપત્તિ–૪:** સર્વ જીવોના પાંચ પ્રકાર– ક્રોધકષાયી, માનકષાયી, માયાકષાયી, લોભકષાયી અને અકષાયીનું વર્ણન છે.

**પ્રતિપત્તિ–૫:** આ પ્રતિપત્તિમાં સર્વ જીવોના છ પ્રકાર આભિનિબોધક, જ્ઞાની, શ્રુતજ્ઞાની, અવધિજ્ઞાની, મનઃપર્ય વજ્ઞાની, કેવળજ્ઞાની અને અજ્ઞાનીનું વર્ણન છે.

**પ્રતિપત્તિ–૬:** આ પ્રતિપત્તિમાં સર્વ જીવોના સાત પ્રકાર (૧) પૃથ્વીકાયિક (૨) અપ્કાયિક (૩) તે જસ્કાયિક (૪) વાયુ કાયિક (૫) વનસ્પતિકાયિક (૬) ત્રસકાયિક (૭) અકાયિકનું વર્ણન છે.

**પ્રતિપત્તિ–૭ :** આ પ્રતિપત્તિમાં સર્વ જીવોના આઠ પ્રકાર– જ્ઞાની, અજ્ઞાની આદિ. (૧) આભિનિબોધિક (૨) શ્રુતજ્ઞાની (૩) અવધિજ્ઞાની (૪) મનઃપર્યવજ્ઞાની (૫) કેવળજ્ઞાની (૬) મતિઅજ્ઞાની (૭) શ્રુતઅજ્ઞાની (૮) વિભંગજ્ઞાની.

**પ્રતિપત્તિ–૮:** આ પ્રતિપત્તિમાં સર્વ જીવોના નવ પ્રકાર (૧) એકેન્દ્રિય (૨) બેઈન્દ્રિય (૩) તેઈન્દ્રિય (૪) ચૌરેન્દ્રિય (૫) નારકી (૬)

પંચેન્દ્રિય–તિર્યંચ (૭) મનુષ્ય (૮) દેવ (૯) સિદ્ધનું વર્ણન છે.

**પ્રતિપત્તિ–૯:** આ પ્રતિપત્તિના દશ પ્રકારઃ (૧) પૃથ્વીકાયિક (૨) અપ્કાયિક (૩) તેજસ્કાયિક (૪) વાયુકાયિક (૫) વનસ્પતિકાયિક (૬) બેઈન્દ્રિય (૭) તેઈન્દ્રિય (૮) ચૌરેન્દ્રિય (૯) પંચેન્દ્રિય (૧૦) અનિન્દ્રિય.

આ રીતે શ્રી જીવાજીવાભિગમ સૂત્રમાં પ્રારંભમાં અજીવની પ્રરૂપણા કર્યા પછી જીવોના પ્રકાર અને ઋદ્ધિ વગેરેનું વર્ણન કર્યું છે. આ સૂત્રમાં પ્રથમ સૂક્ષ્મકાયમાં ૨૩ ઋદ્ધિ દર્શાવી છે. પછી બાહ્યકાયની ઋદ્ધિ દર્શા વી છે. આ રીતે ૨૩ દ્વારોનું વિસ્તૃત નિરૂપણ કરેલું છે.

અભિગમ એટલે ઊંડાણપૂર્વકનું જ્ઞાન. જગતમાં કેટલા પ્રકારના જીવો છે તેનું ઊંડાણપૂર્વકનું જ્ઞાન જીવાભિગમ સૂત્રમાં આવે છે. આ જ આગમમાં અનેક આત્માઓ કેવી રીતે જીવ સૃષ્ટિને સમજી શકે છે અને જીવસૃષ્ટિના વિવિધ વિભાગ રૂપે અલગ અલગ પ્રકૃતિરૂપે અલગ અલગ શરીરમાં જાતિ અને કુળમાં કેવી રીતે જીવે છે તેનું વિશેષ વર્ણન આ જીવાજીવભિગમ સૂત્રમાં કરવામાં આવ્યું છે.

જીવાજીવભિગમ સૂત્ર જીવ અને અજીવના રહસ્યોને પ્રગટ કરે છે. આ સૂત્રમાં પરમાણું પદાર્થો અને પદાર્થોની વિવિધ અવસ્થાઓનું વર્ણન છે. પદાર્થ ની શક્તિ અને આત્મશક્તિ બન્નેનો સમન્વય કેવા પ્રકારનો હોય છે તેનું વર્ણન છે.

આ સૂત્રમાં જગતમાં રહેલા જીવોની જીવનશૈલીનું વર્ણન છે. જીવાજીવભિગમ શાસ્ત્ર શુદ્ધ ભાવોનો ઈશારો કરીને વર્તમાન પર્યાયમાં કર્મભોગથી પીડાતા જીવનું સાંગોપાંગ વર્ણન કરી મુક્ત થવાનો ઈશારો કરે છે.

સાંસારિક અવસ્થા અથવા કર્મભોગમાં મૂળ કારણરૂપ બે તત્ત્વો ભાગ ભજવે છે (૧) પુ ણ્યતત્ત્વ (૨) પાપતત્ત્વ. જીવાજીવભિગમમાં જે જીવોનું વર્ણન છે તેમાં બંને પ્રકારના જીવોની ગણના છે. પાપયોનિના જીવો અને પુણ્યમય ગતિના જીવો.

પાપયોનિમાં જીવોને જે કાંઈ સાધનો મળ્યા છે તે કર્મભોગ કરવા પૂરતા સીમિત છે; જ્યારે પુણ્યમય સ્થાનોમાં જીવોને જે સાધનો મળ્યા છે તે સાધનોથી જીવ મોક્ષ માર્ગનું અવલંબન કરી શકે છે.

જીવાજીવભિગમ શાસ્ત્ર પાપયોનિના જીવોનું વર્ણન કરી જીવ તે દુઃખમાંથી મુક્ત થાય, પુણ્યમય ગતિમાં પણ પાપાશ્રવ કરીને પુનઃ અધોગતિમાં ચાલ્યો ન જાય તે માટે આપણું લક્ષ્ય દોરે છે.

જીવ અને અજીવ તત્ત્વનો અભિગમ એટલે જાણે જીવને અજીવથી જુદો પાડી સંસાર સમાપન કરો.

આમ આ આગમ વિષયની દૃષ્ટિએ વિશાળ છે. ભાવોની દૃષ્ટિએ ગંભીર છે. તેમાં જૈન સાહિત્યના દ્રવ્યાનુયોગને સ્પર્શતા અનેક વિષયોનો સમાવેશ થયેલો છે. જૈન ભૂગોળ–ખગોળની વિજ્ઞાનની સ્પષ્ટતા માટે અત્યં ત ઉપયોગી થઈ શકે તેમ છે. ૨૪ દંડકના ભેદ પ્રભેદ સાથે ૨૩ દ્વારોની વર્ણિત તેની ઋદ્ધિનું કથન આ આગમની મૌલિકતા છે.

આ આગમને સંસારી જીવોનો કોષ પણ કહી શકાય. ભગવાન મહાવીરે જગતના જીવોની વિવિધ પ્રકારની વૃત્તિઓ, રુચિઓ અને અલગ અલગ પ્રકૃતિને ધ્યાનમાં રાખી જ્ઞાનભાવોનું દર્શન કરાવ્યું છે. આ સૂત્રમાં કેટલા પ્રકારના જીવો છે અને જીવોની કેવા પ્રકારની જીવનશૈલી છે, તેનું વર્ણન છે.

ભગવાને જીવવિજ્ઞાન અં ગે આ આગમોમાં હજારો પાનાં ભરાય એટલું વિશિષ્ટ વર્ણન આપ્યું છે તે અનન્ય છે, પરંતુ પ્રયોગોથી પણ સાબિત ન થાય તેવા પરમ સત્યને આ આગમમાં પ્રગટ કરવામાં આવેલ છે. આમ જીવાજીવભિગમ સૂત્ર તે જીવન વિજ્ઞાનનો એક ઊંડાણ ભરેલો દસ્તાવેજ છે.

આ આગમની રચના કે તેના સમયની કોઈ માહિતી ઉપલબ્ધ નથી. પરંતુ નંદીસૂત્રમાં અંગબાહ્ય–ઉત્કાલિક સૂત્ર તરીકે તેનો નામોલ્લેખ હોવાથી તેની રચના નંદીસૂત્રના કર્તા શ્રી દેવવાચક ક્ષમા શ્રમણના કાળની પૂર્વ અથવા સમકાલે થઈ હોય એમ મનાય છે.

★

## થાવચ્ચાપુત્ર અણગાર

ત્રણ ખંડના સ્વામી કૃષ્ણવાસુદેવનું દ્વારવતી નગરીમાં શાસન હતું. થાવચ્ચા દ્વારવતીમાં વસતી હતી. અપાર ધનવૈભવ હતો પણ તેનો પતિ મૃત્યુ પામ્યો હતો. થાવચ્ચાનો એકમાત્ર આધાર હતો તેનો પુત્ર. એને સૌ 'થાવચ્ચાપુત્ર' જ કહે તા હતા. થાવચ્ચાપુત્ર વિશ્વની શ્રેષ્ઠ બત્રીસ સુંદરીઓને પરણ્યો હતો.

દ્વારવતીમાં એકદા પધાર્યા સ્વામી નેમિનાથ ભગવાન. એમની વૈરાગ્યમૂલક વાણી જેમણે સાંભળી એમને સંસાર અસાર લાગ્યો, ધર્મ પ્રિય લાગ્યો. એ દેશના સાંભળનારામાં થાવચ્ચાપુત્ર પણ હતો. એ વૈરાગ્ય પામ્યો. એ સઘળાં સુખ અને વૈભવ છોડીને મહાભિનિષ્ક્રમણના માર્ગે જવા ઈચ્છુક બન્યો. તેણે માતા પાસે સંમતિ માંગી. થાવચ્ચા તો પુત્રની વાત સાંભળીને જ બેભાન થઈ ગઈ. એણે પુત્રને લાખવાર સમજાવ્યો કે દીક્ષા ન લેવાય, એ માર્ગ કઠણ છે, પણ થાવચ્ચાપુત્ર ન માન્યો. થાવચ્ચા દોડી કૃષ્ણ મહારાજા પાસે આવી અને વિનંતી કરી કે મારા પુત્રને દીક્ષા ન લેવા સમજાવો,એ મારો એકમાત્ર અને પ્રિય પુત્ર છે! રાજા કૃષ્ણવાસુદેવે ખૂબ મથામણ કરી પણ એ થાવચ્ચાપુત્ર! એણે તો રાજાને સમજાવવા માંડ્યા કે 'સંસાર સારો નથી, જન્મમરણના અનાદિ અનંતકાળના ફેરા ટાળવા માટે સંયમ લેવો જોઈએ , પ્રભુ ના શરણમાં રહે વું જો ઈએ .'

કૃષ્ણવાસુદેવનાં નેત્રોમાં ઝળઝળિયાં આવી ગયાંઃ વાહ જુવાન! તું સાચો વૈરાગી છે! કૃષ્ણવાસુદેવે નગરમાં ઘોષણા કરી કે, જેમણે થાવચ્ચાપુત્ર સાથે પ્રભુ નેમિનાથ પાસે સંયમ ગ્રહણ કરવું હોય તે જઈ શકે છે, તેના પરિવારની જવાબદારી રાજ્ય સંભાળશે!

થાવચ્ચા પણ પુત્રનો વૈરાગ્ય સમજી અને ભવ્ય દીક્ષાઉત્સવ મંડાયો. સ્વયં કૃષ્ણવાસુદેવ રાજપરિવાર સમેત તેમાં જોડાયા. થાવચ્ચાપુત્ર સાથે એક હજાર પુરુષોએ દીક્ષા સ્વીકારી!

શ્રમણ થાવચ્ચાપુત્ર તપસ્વી બની ધર્મપ્રભાવના કરવા લાગ્યા. એકદા ભગવાનને મિનાથની આજ્ઞા મેળવીને શ્રમણશ્રે ષ્ઠથાવચ્ચાપુત્ર શિષ્યો સાથે શેલકપુર પધાર્યા. ત્યાંના રાજા શૈલક, રાણી પદ્માવતી અને રાજકુમાર મુણ્ડક પ્રવચન શ્રવણ કરવા આવ્યા. એમની સાથે પંચક વગેરે પાંચસો મંત્રીઓ પણ હતા. જ્ઞાની થાવચ્ચાપુત્રનું પ્રવચન સાંભળીને તે સૌએ શ્રાવકના બાર વ્રત સ્વીકાર્યાં અને ધર્મમય જીવન જીવવા માંડ્યું. થાવચ્ચાપુત્ર વિહાર કરીને અન્યત્ર ચાલ્યા ગયા. સૌનું કલ્યાણ કરવું એ જ હવે તેમનો જીવનધર્મ હતો.

**- આચાર્ય વાત્સલ્યદીપજી મ. સા.**

# શ્રી પણ્ણવણા સૂત્ર-પ્રજ્ઞાપના સૂત્ર

☐ પૂ. સાધ્વી સુબોધિકા

ઉપાંગ સૂત્રોમાં મૂર્ધન્ય સ્થાન ધરાવતું (સંસ્કૃત રૂપાંતરણ પ્રજ્ઞાપના સૂત્ર) ઉપાંગ સૂત્ર છે. પણ્ણ એટલે પ્રજ્ઞ, જ્ઞાનીપુરુષ, તીર્થંકર પરમાત્મા, વણા એટલે વર્ણન કરાયેલ. તીર્થંકર પરમાત્મા દ્વારા વર્ણિત તત્ત્વસમૂહ પણ્ણવણા કહેવાય છે. પ્ર એટલે ભેદપ્રભેદ દ્વારા વિવિધ પ્રકારે જ્ઞાપના એટલે પ્રરૂપણા. ભેદ-પ્રભેદ સહિત વિવિધ પ્રકારે જેની પ્રરૂપણા કરવામાં આવે તે પ્રજ્ઞાપના.

☐ **રચયિતા :**

ઐતિહાસિક તથ્યોના આધારે કહી શકાય કે શ્રી શ્યામાચાર્ય અપરનામ શ્રી કાલકાચાર્યે આ શાસ્ત્રની રચના કરી છે. તેઓશ્રી આગમને લિપિબદ્ધ કરનારા દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણના સમકાલીન હતા.

☐ **રચના શૈલી:**

આ શાસ્ત્ર પ્રશ્નોત્તર શૈલીમાં પ્રરૂપિત છે પ્રારંભના સૂત્રોમાં પ્રશ્નકર્તા અને ઉત્તરદાતાનો નામોલ્લેખ નથી પરંતુ પાછળના સૂત્રોમાં પ્રશ્નકર્તા રૂપે ગૌતમસ્વામી અને ઉત્તરદાતા રૂપે મહાવીર સ્વામીનો નામોલ્લેખ છે.

પ્રાયઃ સંપૂર્ણ શાસ્ત્ર ગદ્યાત્મક છે. કેટલાક પદ (અધ્યયન)ના પ્રારંભ કે અંતમાં પદ્યાત્મક શ્લોકો જોવા મળે છે. આર્યા છંદ અનુસાર ૩૨ અક્ષરના એક શ્લોકની ગણનાનુ સાર પ્રજ્ઞાપના સૂત્રના મૂળપાઠનું ગ્રંથ પ્રમાણ ૭૮૮૭ શ્લોક પ્રમાણ છે.

☐ **વિજ્ઞાનની આધારશીલા:**

પ્રજ્ઞાપના સૂત્ર વિજ્ઞાનની આધારશીલા રૂપ છે. આ શાસ્ત્રમાં જીવ અને અજીવ દ્રવ્ય, તેના ગુણધર્મ અને તેની પરિવર્તન પામતી પર્યાયો (અવસ્થાઓ)નું વર્ણન છે. અજીવ દ્રવ્યના વર્ણનમાં મટીરિયાલીસ્ટીક એટલે ભૌતિક ગુણધર્મ યુક્ત પદાર્થોનું વર્ણન છે. વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ પુદ્‌ગલ દ્રવ્યના ગુણધર્મ છે. તેમાં પદાર્થ આધાર છે અને ગુણધર્મ આધેય છે. દ્રવ્ય અને તેના ગુણની પર્યાયો (અવસ્થા) પરિવર્તનશીલ છે.

આજની આશ્ચર્યજનક વૈજ્ઞાનિક શોધનું જે કાંઈ રહસ્ય છે, તેનું સમાધાન પુદ્‌ગલ પરિવર્તનમાં અને તેની ગતિશીલતામાં સમાયેલું છે. પુદ્‌ગલ પરમાણુમાં બે પ્રકારની ગતિ છે. ૧. પરિવર્તન ગતિ-પુદ્‌ગલ દ્રવ્યની પરિવર્તન ગતિમાં તેની પર્યાયો અનંત ગુણ, અસંખ્યાત ગુણ, સંખ્યાત ગુણ, સંખ્યાત ભાગ, અસંખ્યાત ભાગ, અનંતભાગે ન્યૂનાધિક થતી રહે છે. ૨. સ્થાનાંતર ગતિ-આંખના પલકારાના અસંખ્યાતમા ભાગમાં પુદ્‌ગલ પરમાણુ પૂરા બ્રહ્માંડની યાત્રા કરી શકે છે.

શરીર, ભાષા, મન, કર્મ આ સર્વ પુદ્‌ગલમય છે અને તેની ગતિશીલતા જ ટીવી, કૉમ્પ્યુટર, મોબાઈલ વગેરેના સંચાલનમાં કારણરૂપ છે. જૈન દર્શનનો પર્યાયવાદ (પરિવર્તનશીલતા) અને પરમાણુની ગતિશીલતા, આ બંને ભૌતિક વિજ્ઞાનના મૂળભૂત સ્તંભ છે. આ શાસ્ત્રને તાત્ત્વિક પદાર્થોનો તથા વિજ્ઞાન જગતનો 'સંક્ષિપ્ત વિશ્વકોષ' કહી શકાય.

આ શાસ્ત્રમાં છત્રીસ પદ અર્થાત્ છત્રીસ અધ્યયન છે.

☐ **પદ-૧ : પ્રજ્ઞાપના પદ**

આ અધ્યયનમાં જીવ દ્રવ્ય અને અજીવ દ્રવ્યની પ્રરૂપણા છે. જેનામાં ચેતના એટલે જ્ઞાન હોય, જે સુખદુઃખનો જ્ઞાાત અને ભોકતા હોય તે જીવ છે. જીવો અનંત છે, તેમાં કર્મ રહિત, સંસાર ભ્રમણથી મુક્ત જીવો સિદ્ધ કહેવાય છે અને કર્મ સહિત, સંસારમાં ભ્રમણ કરતા જીવો સંસારી કહેવાય છે.

સંસારી જીવોનું સ્થાવર અને ત્રસ, સૂક્ષ્મ અને બાદર, પ્રત્યેક અને સાધારણ (નિગોદ) પર્યાપ્તા અને અપર્યાપ્તા, એમ બે-બે પ્રકારે વર્ગીકરણ થાય છે. સ્વયંગતિ ન કરી શકે તે સ્થાવર અને સ્વયં પોતાની મેળે ગતિ કરી શકે તે ત્રસ છે. જેના શરીરનું છેદનભેદન કોઈપણ શસ્ત્રથી થઈ ન શકે તે સૂક્ષ્મ અને જેના શરીરનું છે દન-ભેદન શસ્ત્ર દ્વારા થઈ શકે તે બાદર છે. પોતાના એક શરીર દ્વારા આહાર, નિહાર શ્વાસાદિ ક્રિયા થાય તેવા સ્વતંત્ર શરીરવાળા જીવ પ્રત્યેક અને એક શરીરના આધારે અનંત જીવોની આહાર નિહાર શ્વાસાદિ ક્રિયા થાય, તેવા કોમન શરીરવાળા જીવ સાધારણ (નિગોદ) છે. ગ્રહણ કરેલા પુદ્‌ગલોને આહાર, શરીર, ઈંદ્રિય, શ્વાસો શ્વાસ, ભાષા અને મન રૂપે પરિણમાવવાની શક્તિની પૂર્ણતાને પર્યાપ્તિ કહે છે. સ્વયોગ્ય પર્યાપ્તિ પૂર્ણ કર્યા પછી જ મૃત્યુ પામે તે પર્યાપ્તા અને સ્વયોગ્ય પર્યાપ્તિ પૂર્ણ કર્યા પહેલાં જ મૃત્યુ પામે તે અપર્યાપ્તા છે. અથવા ઉત્પત્તિના પ્રથમ અંતર્મુહૂર્તમાં સ્વયોગ્ય પર્યાપ્તિપૂર્ણ થઈ ન હોય ત્યાં સુધી અપર્યાપ્તા અને સ્વયોગ્ય પર્યાપ્તિ પૂર્ણ થઈ ગયા પછી પર્યાપ્તા કહેવાય છે.

પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ આ પાંચ સ્થાવર છે. પૃથ્વી આદિ ચાર સ્થાવરના સૂક્ષ્મ અને બાદર બંને પ્રકારના જીવો પ્રત્યેક શરીરી છે. વનસ્પતિના સૂક્ષ્મ જીવો સાધારણ શરીરી છે. બાદર વનસ્પતિના જીવો પ્રત્યેક અને સાધારણ બંને પ્રકારના હોય છે. સ્થાવર જીવોને ચાર પર્યાપ્તિ હોય છે અને તેમાં પર્યાપ્તા અને અપર્યાપ્તા બંને પ્રકારના જીવો હોય છે. સ્થાવર જીવોને એક સ્પર્શેન્દ્રિય જ હોય છે તેથી તેઓ એકેન્દ્રિય કહેવાય છે.

સ્પર્શ અને જીભ આ બે ઈંદ્રિયવાળા અળસીયા, કરમીયા આદિ બે ઈંદ્રિય જીવો, સ્પર્શ જીભ, નાક આ ત્રણ ઈંદ્રિયવાળા કીડી, મકોડા આદિ તે ઈંદ્રિય જીવો, સ્પર્શ જીભ, નાક અને આંખ આ ચાર ઇંદ્રિયવાળા ભમરા, તીડ આદિ ચૌરેન્દ્રિય જીવો તથા સ્પર્શ, જીભ, નાક, આંખ અને કાન આ પાંચ ઇંદ્રિયવાળા નારકી, દેવ, મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિય જીવો ત્રસ છે. તેઓ પ્રત્યેક અને બાદર છે. બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચૌરેન્દ્રિય અને અસંજ્ઞી (મનવિનાના) તિર્યંચ પંચેન્દ્રિય જીવોને પ્રથમની પાંચ પર્યાપ્તિ હોય છે. સંજ્ઞી પંચેન્દ્રિયોને છ પર્યાપ્તિ હોય છે. ત્રસ જીવોમાં પર્યાપ્તા અને અપર્યાપ્તા બંને પ્રકારના જીવો હોય છે

**અજીવદ્રવ્ય**-જેનામાં ચેતના કે જ્ઞાન ન હોય તે અજીવ કહેવાય

છે. ધર્માસ્તિકાયાદિ પાંચ દ્રવ્ય, અજીવદ્રવ્ય છે. ધર્માસ્તિકાય જીવપુદ્ગલની ગતિમાં સહાયક છે.

અધર્માસ્તિકાય જીવ-પુદ્ગલની સ્થિરતામાં સહાયક છે આકાશ દ્રવ્ય સર્વ દ્રવ્યને અવગાહના (જગ્યા) પ્રદાન કરે છે. કાળ દ્રવ્ય સર્વ દ્રવ્યના પર્યાય પરિવર્તનમાં સહાયક છે. પુદ્ગલ દ્રવ્યનો સ્વભાવ સંઘટન વિઘટનનો છે. પુદ્ગલ દ્રવ્યમાં વર્ણ, ગંધ, રસ સ્પર્શ ગુણ છે. તેથી તે રૂપી છે અને ચક્ષુગ્રાહ્ય બની શકે છે. શેષ ચાર દ્રવ્ય અરૂપી છે અને તે ચક્ષુગ્રાહ્ય નથી. કાળ દ્રવ્યને કોઈ ભેદ નથી.

**☐ પદ-૨ : સ્થાનપદ**

નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવ જન્મથી મૃત્યુ પર્યંત જે સ્થાનમાં રહે તે તેના સ્વસ્થાન કહેવાય છે. સિદ્ધ ભગવાન લોકાગ્રેસિદ્ધ ક્ષેત્રમાં સ્થિત છે.

**☐ પદ–૩: બહુ વક્તવ્યતા, અલ્પબહુત્વ પદ**

સંસારી જીવોના અલ્પબહુત્વની વિચારણા આ પદમાં છે.

**☐ પદ–૪: સ્થિતિપદ**

નારકી આદિના આયુષ્યની કાલ-મર્યાદાને સ્થિતિ કહેવામાં આવે છે. ચારે ગતિના જીવોનું ભેદ-પ્રભેદ અનુસાર તેમની સ્થિતિનું વર્ણન આ પદમાં છે.

**☐ પદ–૫: વિશેષ પર્યાય પદ**

જીવ પર્યાયની અન્ય જીવ પર્યાય સાથે અને અજીવ પર્યાયની અન્ય અજીવ પર્યાય સાથે તુલનાનું વર્ણન આ પદમાં કરવામાં આવેલ છે.

**☐ પદ–૬: વ્યુત્ક્રાંતિ પદ**

મનુષ્યાદિ ગતિમાં આવવા રૂપ આગત અને ત્યાંથી અન્ય ગતિમાં જવારૂપ ગત (ગતાગત) સંબંધી વક્તવ્ય આ પદમાં છે.

**☐ પદ-૭ : શ્વાસોશ્વાસ પદ**

નારકી નિરંતર શ્વાસ લે છે અને મૂકે છે. દેવોની શ્વાસ ક્રિયા મંદ હોય છે. દેવોમાં જેટલા સાગરોપમનું આયુષ્ય તેટલા પખવાડિયે શ્વાસ ક્રિયા પૂર્ણ કરે છે. મનુષ્ય અને તિર્યંચમાં તીવ્ર અને મંદ બન્ને પ્રકારે શ્વાસોછ્વાસની ક્રિયા થાય છે.

**☐ પદ–૮: સંજ્ઞાપદ**

નારકીમાં ભય અને ક્રોધ સંજ્ઞા, તિર્યંચમાં આહાર અને માનસંજ્ઞા, મનુષ્યમાં મૈથુન અને માન સંજ્ઞા, દેવમાં પરિગ્રહ અને લોભ સંજ્ઞા વધુ પ્રમાણમાં હોય છે તેનું વર્ણન છે.

**☐ પદ–૯ : યોનિપદ**

જીવના ઉત્પત્તિ સ્થાન અને તેની ઉત્પાદક શક્તિને યોનિ કહેવાય છે. ૮૪ લાખ જીવાયોની છે. તીર્થંકરાદિ ઉત્તમ પુરુષોની માતાની કર્મોન્નતા, ચક્રવર્તીના સ્ત્રીરત્નની શંખાવર્તા અને સામાન્ય સ્ત્રીઓની વંશપત્રા યોનિ હોય છે.

**☐ પદ-૧૦ : ચરમપદ**

ચરમ એટલે અંતિમ મોક્ષગામી જીવને આ મનુષ્યભવ અંતિમ હોવાથી ચરમાભવ કહેવાય છે.

**☐ પદ–૧૧: ભાષાપદ**

વિચારોને પ્રગટ કરવાનું માધ્યમ ભાષા છે. મનુષ્યોનો પરસ્પરનો વ્યવહાર ભાષા દ્વારા જ થાય છે. ભાષક જીવને જ્યારે બોલવાની ઈચ્છા થાય ત્યારે તે કાયયોગ દ્વારા ભાષા યોગ્ય પુદ્ગલોને પ્રથમ સમયે ગ્રહણ કરે છે અને **ભાષાના સત્ય, અસત્ય, વ્યવહાર અને મિશ્ર ભાષા એમ ચાર પ્રકાર છે. તેમાંથી સત્ય અને વ્યવહાર બે ભાષા બોલવા યોગ્ય છે. વિગલેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિયને એક વ્યવહાર ભાષા જ હોય છે. સિદ્ધ જીવો અભાષક છે.** આજ્ઞાપની, પ્રજ્ઞાપની વગેરે અનેક પ્રકારની ભાષાનું વર્ણન આ પદમાં છે.

**☐ પદ–૧૨ : શરીર પદ**

સંસારી જીવો સશરીરી છે. સિદ્ધ જીવો અશરીરી છે. સંસારી જીવો પોતાના ભવને અનુરૂપ સ્થૂલ શરીરને ધારણ કરે છે અને મૂકે છે. સૂક્ષ્મ શરીર ભવાંતરમાં પણ સાથે રહે છે.

**☐ પદ–૧૩: પરિણામ પદ**

**દ્રવ્યની પર્યાયનું પરિવર્તન થાય, એક અવસ્થામાંથી બીજી અવસ્થાને પ્રાપ્ત થાય, તેને પરિણામ કહે છે.**

**☐ પદ–૧૪ : કષાય પદ**

શુદ્ધ આત્માને જે કલુષિત (મલીન) કરે તે કષાય. તેને ઉત્પન્ન થવાના કારણો અને નિવારણના ઉપાયોનું વર્ણન છે.

**☐ પદ–૧૫ : ઈંદ્રિય પદ**

આ પદમાં બે ઉદ્દેશક (પ્રકરણ) દ્વારા ઈન્દ્રિયોનું નિરૂપણ કરવામાં આવેલ છે.

**☐ પદ–૧૬: પ્રયોગ પદ**

મન, વચન, કાયાના યોગથી આત્માનો જે વ્યાપાર થાય તે પ્રયોગ કહેવાય છે. મન, વચન પ્રયોગના સત્ય, અસત્ય, મિશ્ર અને વ્યવહાર, એમ ૪-૪ ભેદ છે.

**☐ પદ–૧૭ : લેશ્યા પદ**

આત્માનું કર્મ સાથે જોડાણ કરાવે તે લેશ્યા. જેના દ્વારા આત્મા કર્મોથી લિપ્ત થાય તે લેશ્યા. લેશ્યાના કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ અને શુક્લ લેશ્યા–છ પ્રકાર છે.

જીવ જે લેશ્યામાં આયુષ્યનો બંધ કરે તે જ લેશ્યા મૃત્યુના અંતમુર્હૂત પહેલા આવી જાય, તે જ લેશ્યામાં મૃત્યુ થાય અને તે જ લેશ્યામાં બીજા ભવનો જન્મ થાય. જન્મના અંતમુર્હૂત પર્યંત તે લેશ્યા રહે છે.

**☐ પદ–૧૮: કાયસ્થિત**

એક જીવ મરીને તે જ ગતિ, તે જ યોનિ કે તે જ પર્યાયમાં નિરંતર જન્મ ધારણ કરે તો તે ગતિ આદિમાં તે તે જન્મોની કાલ મર્યાદાના સરવાળાને કાયસ્થિતિ કહેવામાં આવે છે.

**☐ પદ–૧૯ : સમ્યક્ત્વ પદ**

જિનેશ્વર કથિત તત્ત્વોની સમ્યક્ યથાર્થ શ્રદ્ધા સમ્યગ્દર્શન કે સમ્યક્ત્વ કહેવાય છે. તેનાથી વિપરીત જિનેશ્વર કથિત તત્ત્વો પ્રત્યેની અસમ્યક્ શ્રદ્ધા કે અશ્રદ્ધાને મિથ્યાદર્શન કે મિથ્યાત્વ કહેવાય છે. બંનેના મિશ્રણવાળી અવસ્થા મિશ્રદષ્ટિ કહેવાય છે.

**☐ પદ–૨૦: અંતક્રિયા પદ**

ભવ પરંપરાનો કે કર્મોનો સર્વથા અંત કરાવનારી ક્રિયાને અથવા મોક્ષ પ્રાપ્ત કરાવનારી ક્રિયાને અંતક્રિયા કહે છે. કર્મભૂમિના

ગર્ભ જ મનુષ્ય જ અંતક્રિયા કરી શકે છે. આનો અર્થ એ થયો કે મોક્ષપ્રાપ્તિ માટે મનુષ્યભવ અનિવાર્ય છે.

□ **પદ–૨૧: અવગાહના પદ**

શરીરધારી જીવોના પાંચે શરીરના ત્રસ-સ્થાવર, સૂક્ષ્મ બાદર, એકેન્દ્રિયાદિ પ્રકાર જીવ પ્રકારની સમાન જ છે. આ પદમાં પાંચે શરીરની અવગાહના, સંસ્થાનાદિનો વિચાર છે.

□ **પદ–૨૨: ક્રિયા પદ**

કષાય અને યોગથી થતી પ્રવૃત્તિને ક્રિયા કહે છે. ક્રિયાથી કર્મબંધ અને કર્મબંધથી સંસાર પરિભ્રમણ થાય છે. આ પદમાં બે પ્રકારે પાંચ પાંચ એટલે દસ ક્રિયાનું વર્ણન છે.

□ **પદ–૨૩ : કર્મ પ્રકૃતિ પદ**

આ પદમાં બે ઉદ્દેશક દ્વારા કર્મ સિદ્ધાંતને સમજાવવામા આવ્યો છે. કષાય અને યોગના નિમિત્તે આત્મા કર્મયોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરીને દૂધ પાણીની જેમ આત્મા સાથે એકરૂપ કરે તેને કર્મ કહેવામાં આવે છે.

□ **પદ–૨૪: કર્મબંધ બંધક, પદ-૨૫ બંધવેધક પદ, પદ–૨૬ વેદ બંધક પદ, પદ–૨૭ વેદ-વેદક પદ.**

જ્ઞાનાવરણીયાદિ કર્મ બંધના સમયે થતા અન્ય કર્મ બંધના વિકલ્પો, કર્મબંધ સમયે કર્મવેદન, કર્મ વેદન સમયે કર્મબંધ અને કર્મવેદન સમયે અન્ય કર્મ વેદનના વિકલ્પોની વાતનું વર્ણન આ ૨૪ થી ૨૭ પદમાં કરવામાં આવેલ છે.

□ **પદ–૨૮: આહાર પદ**

આ પદમાં બે ઉદ્દેશકમાં આહાર સંબંધી વિચારણા છે. સમસ્ત સંસારી જીવો સ્વ શરીરના નિર્માણ અને પોષણ માટે શરીર યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરે છે, તેને આહાર કહેવામાં આવે છે. જીવની ઇચ્છા કે વિકલ્પ વિના નિરંતર રોમરાય દ્વારા જે પુદ્ગલો ગ્રહણ થતાં રહે છે તે અનાભોગ નિર્વર્તિત આહાર કહેવાય છે અને જે પુદ્ગલો ઈચ્છાપૂર્વક ગ્રહણ થાય છે તે આભોગનિર્વર્તિત આહાર કહેવાય છે.

□ **પદ–૨૯: ઉપયોગ પદ**

આત્મા પોતાની જ્ઞાન અને દર્શન રૂપ શક્તિનો પ્રયોગ કરે ત્યારે તે ઉપયોગ કહેવાય છે. જ્ઞાન અને દર્શન આત્માના અભિન્ન ગુણ છે. તેથી નિરંતર જ્ઞાન કે દર્શનનો પ્રયોગ થતો રહે છે. આત્મા જ્ઞાન કે દર્શનના ઉપયોગમાં સતત રહે છે અને માટે જ ઉપયોગ એ આત્માનું લક્ષણ છે.

□ **પદ–૩૦: પશ્યતા પદ**

આત્મા પોતાની જ્ઞાન શક્તિનો વિશેષ પ્રકારે અર્થાત્ ત્રૈકાલિક બોધ રૂપે અને દર્શન શક્તિનો પ્રકૃષ્ટ બોધ રૂપે પ્રયોગ કરે તેને પશ્યતા કહે છે. તેમાં નામ, જાતિ આદિના વિકલ્પ સહિત સ્પષ્ટ ત્રૈકાલિક બોધ થાય તે સાકાર પશ્યતા અને નામ, જાતિ આદિના વિકલ્પ સહિત પ્રકૃષ્ટ બોધ થાય તે નિરાકાર પશ્યતા છે.

□ **પદ–૩૧ : સંજ્ઞી પદ**

વિચાર કરવાની શક્તિ, મન હોય તે સંજ્ઞી, વિચાર કરવાની શક્તિ મન ન હોય તે અસંજ્ઞી છે અને ચિંતન-મનન રૂપ વ્યાપરથી રહિત છે, વિચાર કરવાની આવશ્યકતા નથી તેવા કેવળી ભગવાન તો સંજ્ઞી છતાં અસંજ્ઞી છે.

□ **પદ–૩૨ : સંયત પદ**

જેઓ સર્વ પ્રકારના સાવદ્યયોગ અર્થાત્ હિંસાદિ પાપોથી વિરત નિવૃત્ત થઈ ગયા હોય તેવા છઠ્ઠાથી ચૌદમા ગુણસ્થાનક વર્તી સર્વવિરતિ જીવો સંયત છે. જેઓ હિંસાદિ પાપોથી આંશિક રૂપે નિવૃત્ત થયા હોય તેવા પાંચમા ગુણસ્થાનવર્તી દેશવિરતિ જીવો સંયતાસં યત છે.

□ **પદ–૩૩: અવધિ**

અવધિ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયો પશમથી મર્યાદિત ક્ષેત્રમાં રહેલા રૂપી પદાર્થોને સાક્ષાત્ આત્માથી જાણે તે અવધિજ્ઞાન છે. અવધિજ્ઞાનના મુખ્ય બે ભેદ છે- ૧. ભવપ્રત્યયિક અવધિજ્ઞાન દેવ અને નારકીને ભવના નિમિત્તથી પ્રાપ્ત થાય છે. ૨. ક્ષાયોપશમિક અવધિજ્ઞાન મનુષ્ય અને તિર્યંચને વિશિષ્ટ તપાદિની આરાધનાથી પ્રાપ્ત થાય છે.

અવધિજ્ઞાની દ્રવ્યથી રૂપી દ્રવ્યોને, ક્ષેત્રથી જઘન્ય આંગુલનો અસંખ્યાતમો ભાગ ઉત્કૃષ્ટ સંપૂર્ણ લોકને, કાળથી જઘન્ય આવલિકાનો અસંખ્યાતનો ભાગ, ઉત્કૃષ્ટ અસંખ્ય ઉત્સર્પિણી અવસર્પિણી કાળના રૂપી દ્રવ્યો, ભાવથી અનંતરૂપી પદાર્થની અનંતાનંત પર્યાયને જાણે છે.

□ **પદ–૩૪ : પરિચારણા પદ**

પ્રસ્તુત પદમાં દેવોની પરિચારણાનું કથન છે. પરિચારણા એટલે મૈથુન સેવન, કામક્રીડા, વિષયભોગ. પરિચારણાનો મૂળ આધાર શરીર છે. તેથી સૂત્રમાં પ્રથમ આહારગ્રહણ, શરીર નિષ્પત્તિ, પુદ્ગલગ્રહણ (આહાર), ઇંદ્રિયરૂપ આહારનું પરિણમન, પરિચારણા અને વિકુર્વણા–આ છ ક્રિયાની ક્રમશઃ વિચારણા છે.

□ **પદ–૩૫ : વેદના પદ**

વેદના એટલે વેદન, અનુભવ, અનુભૂતિ, સુખદુઃખ, પીડા-સંતાપને, કર્મફળને અનુભવવા તે. પ્રસ્તુત પદમાં જુદી જુદી રીતે સાત પ્રકારે વેદનાનું કથન છે. ૧. શીત, ઉષ્ણ અને શીતોષ્ણ વેદના. નારકીને શીત અને ઉષ્ણવેદના છે. શેષ સર્વ જીવોને ત્રણે પ્રકારની વેદના છે.

□ **પદ–૩૬ : સમુદ્દઘાત પદ**

વિશેષ પરિસ્થિતિમાં પોતાના આત્મ પ્રદેશોને શરીરની બહાર ફેલાવી સમ=એકી સાથે, ઉદ=ઉત્કૃષ્ટપણે, ઘાત=કર્મોનો ઘાત કરનારી વિશિષ્ટ ક્રિયાને સમુદ્ઘાત કહેવામાં આવે છે. પક્ષી પાંખ ફેલાવી (ફફડાવી) પોતા ઉપર છવાયેલી ધૂળને ખંખેરી નાંખે તેમ આત્મા પણ કર્મને ખંખેરવા (દૂર કરવા) સમુદ્દઘાત નામની વિશિષ્ટ ક્રિયા કરે છે. આત્મ પ્રદેશોમાં સંકોચ વિસ્તાર પામવાનો ગુણ છે. નાના મોટા શરીરમાં આત્મ પ્રદેશોનો સંકોચ-વિસ્તાર કરી શરીરસ્થ થાય છે. સમુદ્દઘાતની ક્રિયાના સમયે પણ આત્મા અલ્પ સમય માટે આત્મ પ્રદેશોને શરીરની બહાર ફેલાવે છે. સમુદ્દઘાતના સાત પ્રકાર છે.

વળી સિદ્ધ ભગવાન કર્મરૂપી બીજનો સર્વથા નાશ કરી સિદ્ધક્ષેત્રમાં પ્રતિષ્ઠિત થાય છે તેનું નિરૂપણ આ પદમાં છે.

★

# શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર

☐ ડૉ. પાર્વતી નેણશી ખીરાણી

**નામ વિચારણા–**

હાલ પ્રચલિત ૧૨ ઉપાંગોમાં સાતમા ઉપાંગ તરીકે સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્રનું નામ પ્રસિદ્ધ છે. પરંતુ પૂર્વકાળે ચન્દ્રપ્રજ્ઞપ્તિ અને સૂર્ય પ્રજ્ઞપ્તિ આ બંને સૂત્રો 'ज्योतिषगणराजप्रज्ञप्ति' નામથી પ્રચલિત હતા. એક જ આગમરૂપે પ્રસિદ્ધ હતા. આ બંનેનું અલગ સંપાદન ક્યારથી થયું એના પુરાવા પ્રાપ્ત થતા નથી. પ્રારંભમાં સંયુક્ત નામ 'ચન્દ્ર-સૂર્ય પ્રજ્ઞપ્તિ' જ પ્રચલિત હશે પછીથી બે અલગ ઉપાંગરૂપે વિભાજિત થઈ ગયા હશે. જેમાં ચંદ્રની ગતિવિધિ છે તે ચંદ્રપ્રજ્ઞપ્તિ અને જેમાં સૂર્યની ગતિવિધિ છે તે સૂર્યપ્રજ્ઞપ્તિ તરીકે પ્રચલિત થયું છે. આ સાતમા અંગ-ઉપાસકદશાંગનું ઉપ હોવું જોઈએ. પણ ચંદ્ર-સૂર્ય પ્રજ્ઞપ્તિ બંને સાથે છે માટે જ્ઞાતાધર્મકથાંગનું ઉપાંગ મનાય છે.

**આગમ ગ્રંથના કર્તા–**

આ સૂત્રની પ્રરૂપણા જિતશત્રુ રાજાના સમયમાં મિથિલાનગરીના મણિભદ્ર નામના ઉદ્યાનમાં ગુરુ ગૌતમ સ્વામીની જિજ્ઞાસાને સંતોષવા માટે ભગવાન મહાવીરે કરી છે. તે આ સૂત્રની શરૂઆતના ગદ્યાંશથી સિદ્ધ થાય છે. तेणं कालेणं तेणं समयेणं मिहिला नामं नयरी होत्था...गोयमे गोत्तेणं सत्तुस्सेहे समचउरंससं ठाणसं ठिए वज्जरिसहणाराय संघयणे जाव एवं वयासी।

પરંતુ એનું સંકલન કોણે કર્યું એ બાબતમાં ઇતિહાસ મૌન છે. કોઈ કોઈ એને ગણધરકૃત માને છે. જેના આધારરૂપે ચન્દ્રપ્રજ્ઞપ્તિની પ્રારંભની ચોથી ગાથાનો ઉલ્લેખ કરે છે.

नामेणं इंदभूइति, गोयमो वंदिऊण तिविहेणं।

पुच्छइ जिणवरवसहं जोइसरायस्स पण्णत्ति ।।४।।

પરંતુ એનાથી આના રચયિતા ગણધર ગૌતમ છે એવું સિદ્ધ થતું નથી. કારણકે એના જે સંકલનકાર પૂર્વધર-શ્રુતધર-સ્થવિર હશે તે પણ એમ કહી રહ્યા હોય કે ઈન્દ્રભૂતિ નામના ગૌતમ ગણધર ભગવાન મહાવીરને વંદન કરીને 'જ્યોતિષ રાજ પ્રજ્ઞપ્તિ'ની બાબતમાં પૂછે છે. 'पुच्छइ' ક્રિયાનો પ્રયોગ અન્ય કોઈ સંકલનકારનો કરેલો છે. તેથી એના કર્તા તરીકે ગણધર સિદ્ધ થતા નથી.

**આગમગ્રંથનો રચનાકાળ–**

સંશોધનકારોના મતે આનો કાળ ભગવાન મહાવીર અને નિર્યુક્તિકાર શ્રી ભદ્રબાહુસૂરિ એ બંનેની વચ્ચેનો હોવો જોઈએ. કારણકે ભદ્રબાહુસૂરિકૃત 'સૂર્યપ્રજ્ઞપ્તિની નિર્યુક્તિ' વૃત્તિકાર આચાર્ય મલયગિરિની પૂર્વે જ નષ્ટ થઈ ગઈ હતી એવું તેમણે સૂર્યપ્રજ્ઞપ્તિની વૃત્તિમાં સ્વયં લખ્યું છે.

अस्था निर्युक्तिरभूत पूर्व श्री भद्रबाहुसूरिकृत।

कलिदोषात् साऽनेशद् व्याचक्षे केवलं सूत्रम्।।

–આચાર્ય મલયગિરિકૃત વૃત્તિ

**આગમગ્રંથની ભાષા–**

આ આગમ પુરાણી પ્રાકૃત ભાષામાં રચાયેલું છે તેમ જ પ્રશ્નોત્તરની શૈલીમાં રચાયેલું છે. શરૂઆતમાં મંગલાચરણ પછી ગ્રંથનો વિષય પદ્યમય એટલે ૧૫ ગાથામાં આલેખાયો છે. ત્યાર પછી પ્રશ્નોત્તર શરૂ થાય છે. આમાં એક વિશેષતા એ છે કે દરેક પ્રશ્નની શરૂઆત ता થી થાય છે અને ઉત્તરની શરૂઆત પણ ता થી જ થાય છે. જેમકે-

प्रश्न : ता कहं ते वड्ढोवुड्ढी मुहुत्ताणं आहिएति वएज्जा?

उत्तर : ता अट्ठ एगूणवीसे मुहुत्तसए सत्तावीसं च सट्ठिभागे मुहुत्तस्स आहिएति वएज्जा।

પ્રશ્ન–મુહૂર્તોની હાનિવૃદ્ધિ કેવી રીતે થાય છે?

ઉત્તર–નક્ષત્ર માસમાં આઠસો ઓગણીસ મુહૂર્ત અને એક મુહૂર્તના સડસઠીયા સત્યાવીસ ભાગ અર્થાત્ ૮૧૯-૨૭/૬૭ મુહૂર્ત હોય છે.

પ્રાણ જિનાગમના (ગુરુ પ્રાણ આગમ બત્રીશી) પુસ્તકના ચન્દ્ર-સૂર્યપ્રજ્ઞપ્તિના સૂત્રમાં વિવેચનમાં (પૃ.૧૦) આ મુજબ લખ્યું છે-અહીં ता શબ્દ દ્વારા શિષ્યની યથાતથ્ય વસ્તુસ્વરૂપ જાણવાની જિજ્ઞાસા પ્રગટ થાય છે. ઉત્તરમાં ગુરૂએ તાનું પુનરુચ્ચારણ કર્યું, છે તેના બે કારણ છે.

(૧) શિષ્ય પ્રશ્ન પૂછે ત્યારે શિષ્યે જે પદનું ઉચ્ચારણ કર્યુ હોય, તે પદનું પુન રુચ્ચારણ ગુરુએ કરવું જોઈએ, તેથી શિષ્યને ગુરુપ્રતિ બહુમાન જાગે છે અને મારું કથન ગુરુને સમ્મત છે, તેવી શિષ્યને પ્રતીતિ થાય છે.

(૨) 'ता' શબ્દ પ્રયોગ સૂચવે છે કે આ વિષયક્ર અન્ય ઘણું કહેવા યોગ્ય છે પરંતુ અત્યારે અહીં માત્ર આટલું જ કહ્યું છે. ગણિતાનુયોગના કઠિનતમ વિષયને સરળ બનાવવા, શિષ્યને તેમાં તન્મય બનાવવા જ સૂત્રકારે આવી વિશિષ્ટ ભાષાશૈલીનો પ્રયોગ કર્યો હશે, તેમ જણાય છે.

આ આગમમાં માત્ર જૈનદર્શનનું જ નહીં પણ અન્યમતની માન્યતાઓનું પણ નિર્દેશન કરાયું છે.

**આગમગ્રંથનો વિષય–**

પ્રસ્તુત આગમમાં સૂર્યની ગતિ, સૂર્યનું સ્વરૂપ, સૂર્યનો ચંદ્રગ્રહ-નક્ષત્ર-તારાઓ સાથેનો સંયોગ આદિનું વિસ્તૃત વર્ણન છે. આ એક ગણિતાનુ યોગનો વિષય છે. ગતિ આદિની ગણનાને આધારે ઉદય, અસ્ત, મુહૂર્ત, વાર, તિથિ, માસ આદિનો ચોક્કસ સમય પ્રાપ્ત થઈ શકે છે. સૂર્ય અને જ્યોતિચક્રનું વ્યવસ્થિત દિગ્દર્શન કરાવનાર આ ઉપાંગ મુખ્યત્વે જ્ઞાન તેમ જ વિજ્ઞાનની સંકલિષ્ટ પદ્ધતિથી વિચારોને વ્યક્ત કરે છે. ગણિત અને જ્યોતિષની મહત્ત્વપૂર્ણ વિવેચના એમાં પોતાનું વિશિષ્ટ સ્થાન રાખે છે. આમાં ૧૦૮ ગદ્યસૂત્રો અને ૧૦૩ પદ્ય ગાથાઓ છે. એમાં એક અધ્યયન, ૨૦ પ્રાભૃત અને ઉપલબ્ધ મૂળપાઠ ૨૨૦૦ શ્લોક પરિમાણ છે. ૨૦ પ્રાભૃતમાં ખગોળશાસ્ત્રની સૂક્ષ્માતિસૂક્ષ્મ માહિતી છે જે અન્યત્ર એક સાથે ભાગ્યે જ પ્રાપ્ત થાય છે.

પ્રાભૃત એટલે શું? પ્રાભૃત=पाहुड અર્થાત્ ભેટ. પ્રાભૃતનો વ્યુત્પત્તિજન્ય અર્થ છે-प्रकर्षेणासमन्ताद् भ्रिंयते–पोष्यते–चित्तमभीतृस्य पुरुषस्थानेनेति प्राभृत्तमिति व्युत्पतेः। જેના દ્વારા અભીષ્ટ-ઈષ્ટ વ્યક્તિના ચિત્તનું વિશેષરૂપે પોષણ કરાય તે પ્રાભૃત છે.

દેશકાલોચિત્ત, દુર્લભ, સુંદર, રમણીય વસ્તુ આપીને અન્યના ચિત્તને પ્રફુલ્લિત કરાય છે, તેને લોકભાષામાં ભેટ કહેવાય છે. તીર્થંકર પરમાત્માએ વિનીત શિષ્યને આ જ્ઞાનરૂપી ભેટ આપી છે તેથી ભેટતુલ્ય આ પ્રકરણોને પ્રાભૃત કહેવામાં આવે છે. આ આગમના ભિન્નભિન્ન અધિકારને પ્રાભૃત કહ્યા છે. પ્રાભૃતના અંતર્ગત અધિકારને પ્રાભૃત પ્રાભૃત અથવા પ્રતિપ્રાભૃત કહ્યા છે અને પ્રાભૃત કે પ્રતિપ્રાભૃતમાં અન્ય મતાવલંબીઓની માન્યતાઓની રજૂઆતને પ્રતિપત્તિ કહેલ છે. એ સંખ્યા કોઠામાં બતાવ્યા મુજબ છે. (કોઠો નીચે આપેલ છે.)

**૧ થી ૨૦ પ્રાભૃતના વિષયનું સંક્ષિપ્ત નિર્દેશ–**

(૧) **પ્રથમ પ્રાભૃતમાં**-દિવસ-રાતના ૩૦ મુહૂર્ત, નક્ષત્રમાસ, સૂર્યમાસ, ચંદ્રમાસ અને ઋતુ માસના મુહૂર્તોની વૃદ્ધિ પ્રથમથી અંતિમ અને અંતિમથી પ્રથમ મંડલ સુધીની સૂર્યની ગતિના કાળનું પ્રતિપાદન, દક્ષિણાયન–ઉત્તરાયણમાં અહોરાત્રિના જઘન્ય-ઉત્કૃષ્ટ મુહૂર્ત તેમજ અહોરાત્રિના મુહૂર્તોની હાનિવૃદ્ધિને કારણે ભરત અને ઈરવતક્ષેત્રના સૂર્યનો ઉદ્યોત ક્ષેત્ર, સૂર્ય દ્વારા દ્વીપ સમુદ્રોના અવગાહન આદિનું વર્ણન છે.

(૧) **દ્વિતીય પ્રાભૃત**-સૂર્યના ઉદય-અસ્તનું વર્ણન કરીને અન્ય તિર્થીઓના મતનો ઉલ્લેખ છે. જેમાં-(૧) સૂર્યનું પૂર્વ દિશામાં ઊગીને આકાશમાં જતું રહેવું. (૨) સૂર્યને ગોળાકાર કિરણોનો સમૂહ બનાવીને સંધ્યામાં નષ્ટ થવું. (૩) સૂર્યને દેવતા બનાવીને એનું સ્વભાવથી ઉદય-અસ્ત થવું. (૪) સૂર્યનું દેવ હોવાથી એની સનાતન સ્થિતિ રહેવી (૫) પ્રાતઃ પૂર્વ દિશામાં ઉદિત થઈને સાંજે પશ્ચિમમાં પહોંચવું તથા ત્યાંથી અધોલોકને પ્રકાશિત કરતાં કરતાં નીચેની તરફ આવી જવું મુખ્ય છે.

અંતમાં સૂર્યનું એક મંડલથી બીજા મંડલમાં ગમન અને તે એક મુહૂર્તમાં કેટલા ક્ષેત્રમાં પરિભ્રમણ કરે છે ? એનો વિચાર વ્યક્ત કરતા થકા સ્વમતનું પણ પ્રતિપાદન થયું છે. અન્ય ધર્માવલમ્બી પૃથ્વીનો આકાર ગોળ માને છે પરંતુ જૈન ધર્મની માન્યતા એનાથી ભિન્ન છે એનો પણ એમાં સંકેત છે.

(૩) **તૃતીય પ્રાભૃત**-ચંદ્ર-સૂર્ય દ્વારા પ્રકાશિત થવાવાળા દ્વીપસમુદ્રોનું વર્ણન છે એમાં બાર મતાંતરોનો પણ નિર્દેશ થયો છે.

(૪) **ચતુર્થ પ્રાભૃત**-ચંદ્ર અને સૂર્યના-(૧) વિમાન સંસ્થાન તથા (૨) પ્રકાશિત ક્ષેત્રનું સંસ્થાન અને એના સંબંધમાં ૧૬ મતાંતરોનો ઉલ્લેખ છે. અહીં સ્વમતથી પ્રત્યેક મંડલમાં ઉદ્યોત તથા તાપક્ષેત્રના સંસ્થાન બતાવીને અંધકારના ક્ષેત્રનું નિરૂપણ કરવામાં આવ્યું છે. સૂર્યના ઊર્ધ્વ -અધઃ-તિચ્છા તાપક્ષેત્રના પરિમાણ પણ વર્ણવ્યા છે.

(૫) **પાંચમું પ્રાભૃત**-સૂર્યની લેશ્યાઓનું વર્ણન છે.

(૬) **છઠ્ઠું પ્રાભૃત**-સૂર્યનું ઓજ અર્થાત્ સૂર્ય એક રૂપમાં સદા અવસ્થિત રહે છે અથવા પ્રતિક્ષણ પરિવર્તિત થતો રહે છે ? એની ૨૫ પ્રત્તિપત્તિઓ છે. જૈન દૃષ્ટિથી વ્યક્ત કર્યું છે કે જંબૂદ્વીપમાં પ્રતિવર્ષ કેવળ ૩૦ મુહૂર્ત સુધી સૂર્ય અવસ્થિત રહે છે તથા શેષ સમયમાં અનવસ્થિત રહે છે. કારણકે પ્રત્યેક મંડલ પર એક સૂર્ય ૩૦ મુહૂર્ત રહે છે. એમાં જે જે મંડલ પર તે રહે છે, એ દૃષ્ટિથી તે અવસ્થિત છે અને બીજા મંડલની દૃષ્ટિથી અનવસ્થિત છે એ સ્પષ્ટ કર્યું છે.

(૭) **સાતમું પ્રાભૃત**-સૂર્ય પોતાના પ્રકાશથી મેરૂ પર્વતાદિ અને અન્ય પ્રદેશોને પ્રકાશિત કરે છે એનું વર્ણન છે.

(૮) **આઠમું પ્રાભૃત**-બે સૂર્યની સત્તા સ્થાપિત કરીને કયો સૂર્ય કયા ક્ષેત્રમાં પ્રકાશ રેલાવે છે તેનું વર્ણન છે. દિવસ-રાતની વ્યવસ્થા અને ભિન્ન-ભિન્ન ક્ષેત્રોની અપેક્ષાથી ઉત્સર્પિણી-અવસર્પિણી કાળનું વર્ણન છે.

(૯) **નવમું પ્રાભૃત**-પૌરુષી છાયાનું પ્રમાણ, સૂર્યના ઉદયઅસ્તના સમયે ૫૯ પુરુષ પ્રમાણ પડછાયો હોય છે એ સંબંધમાં અનેક મતમતાંતરોનો ઉલ્લેખ છે તેમ જ સ્વમતનું મંડન છે.

(૧૦) **દસમું પ્રાભૃત**-નક્ષત્રોમાં આવલિકા ક્રમ મુહૂર્તની સંખ્યા, ચંદ્ર સાથે યોગ કરવાવાળા નક્ષત્ર, યુગારંભમાં યોગ કરવાવાળા નક્ષત્ર, નક્ષત્રોના કુલ, ઉપકુલ તથા કુલોપકુલ, ૧૨ પૂર્ણિમા અને અમાસમાં નક્ષત્રોનો યોગ, સમાન નક્ષત્રોના યોગવાળી પૂર્ણિમા અને અમાસ. નક્ષત્રોના સંસ્થાન એના તારા, વર્ષાદિ છ ઋતુઓમાં નક્ષત્રોનો યોગ તથા પૌરુષી પ્રમાણ, ચંદ્ર સાથે યોગ કરવાવાળા નક્ષત્ર, નક્ષત્રરહિત ચંદ્રમંડલ, સૂર્યરહિત ચંદ્રમંડલ, નક્ષત્રોના દેવતા, ૩૦ મૂહૂર્તોના નામ, ૧૫ દિવસ-રાત્રિ અને તિથિઓના નામ, નક્ષત્રોના ગોત્ર, નક્ષત્રોમાં ભોજન વિધાન, એક યુગમાં ચંદ્ર સૂર્યની સાથે નક્ષત્રોનો યોગ, એક સંવત્સરના મહિના અને તેના લૌકિક અને લોકોત્તર નામ, પાંચ પ્રકારના સંવત્સર, એના ૫-૫ ભેદ અને અંતિમ શનૈશ્ચર સંવત્સરના ૨૮ ભેદ, બે ચંદ્ર, નક્ષત્રોના દ્વાર, બે સૂર્ય અને એની સાથે યોગકરવાવાળા નક્ષત્રોના મુહૂર્ત પરિમાણ, નક્ષત્રોની સીમા તથા વિષ્કંભાદિનું વિસ્તારથી ૨૨ પ્રતિપ્રાભૃતમાં થયું છે.

(૧૧) **અગિયારમું પ્રાભૃત**-સંવત્સરોના આદિ, અંત અને નક્ષત્રોના યોગનું વર્ણન.

(૧૨) **બારમું પ્રાભૃત**-નક્ષત્ર, ઋતુ, ચંદ્ર, આદિત્ય અને અભિવર્ધન એ પાંચ સંવત્સરોનું વર્ણન, છ ઋતુઓનું પ્રમાણ, ૬૬ ક્ષયાધિક તિથિઓ, એક યુગમાં સૂર્ય અને ચંદ્રની આવૃત્તિઓ અને એ સમયે નક્ષત્રોનો યોગ અને યોગકાલ આદિનું વર્ણન છે.

(૧૩) **તેરમું પ્રાભૃત**-કૃષ્ણ અને શુક્લ પક્ષમાં ચંદ્રની હાનિ-વૃદ્ધિ, ૬૨ પૂર્ણિમા-અમાસમાં ચંદ્ર-સૂર્યની સાથે રાહુનો યોગ, પ્રત્યેક અયનમાં ચંદ્રની મંડલગતિ આદિનું વર્ણન કરવામાં આવ્યું છે.

(૧૪) **ચૌદમું પ્રાભૃત**-કૃષ્ણ અને શુક્લ પક્ષની ચાંદની અને અંધકારનું વર્ણન છે.

(૧૫) **પંદરમું પ્રાભૃત**-ચંદ્રાદિ જ્યોતિષી દેવોની એક મુહૂર્તની ગતિ, નક્ષત્રમાસમાં ચંદ્ર, સૂર્ય, ગ્રહાદિની મંડલગતિ અને ઋતુમાસ તથા આદિત્ય માસની મંડલગતિનું પણ નિરૂપણ થયું છે .

(૧૬) **સોળમું પ્રાભૃત** ચંદ્રિકા, આતપ અને પર્યાયોનું વર્ણન.

(૧૭) **સત્તરમું પ્રાભૃત** સૂર્યના ચ્યવન-ઉપપાતના બારામાં પચ્ચીસ મતમતાંતરોનો ઉલ્લેખ કરીને સ્વમતનું સંસ્થાપન કર્યું છે.

(૧૮) **અઢારમું પ્રાભૃત**-સમભૂમિથી સૂર્ય-ચંદ્રાદિની ઊંચાઈનું પરિમાણ બતાવતા અન્ય પચ્ચીસ મતમતાંતરોનો ઉલ્લેખ કરીને સ્વમતનું પ્રતિપાદન કર્યું છે. ચંદ્ર-સૂર્યના આયામ-વિષ્કંભ, બાહુલ્ય, એમને વહન કરવાવાળા દેવોની સંખ્યા અને એના દિશાક્રમથી રૂપ, શીઘ્ર-મંદગતિ, અલ્પબહુત્વ, ચંદ્ર-સૂર્યની અગ્રમહિષીઓનો પરિવાર, વિકુર્વણા, શક્તિ તેમજ દેવ-દેવીઓની જ. ઉ. સ્થિતિ આદિનું વર્ણન છે.

(૧૯) **ઓગણીસમું પ્રાભૃત**-ચંદ્ર અને સૂર્ય કેટલા ભાગને પ્રકાશિત કરે છે તેનું વર્ણન છે. અને બાર મતમતાંતરોનો ઉલ્લેખ સ્વમતનું નિરૂપણ છે. તેમ જ લવણ સમુદ્રનો આયામ-વિષ્કંભ અને ચંદ્ર-સૂર્ય - નક્ષત્રતારાઓનું વર્ણન છે. એ જ રીતે ધાતકી ખંડકાલોદધિ અને પુષ્કરાર્ધ દ્વીપનું વર્ણન છે. ઈન્દ્રના પ્રભાવમાં વ્યવસ્થા, ઈન્દ્રનો જઘન્ય ઉત્કૃષ્ટ વિરહકાલ, મનુષ્ય ક્ષેત્રની બહાર ચંદ્રની ઉત્પત્તિ અને ગતિ તથા અંતમાં સ્વયંભૂરમણ સમુદ્ર સુધી દ્વીપસમુદ્રોનો આયામ, વિષ્કંભ પરિધિ આદિનું વર્ણન છે.

(૨૦) **વીસમું પ્રાભૃત**-ચંદ્રાદિનું સ્વરૂપ, રાહુનું વર્ણન, ગ્રહણના જઘન્ય-ઉત્કૃષ્ટ કાળનું વર્ણન, ચંદ્રને શશિ અને સૂર્યને આદિત્ય કહેવાનું કારણ, સમય-આવલિકાદિ કાળના કર્તા સૂર્યનું વર્ણન, ચંદ્ર-સૂર્યની અગ્રમહિષીઓ, પારિચારણ વગેરેનું વર્ણન છે. અંતમાં ૮૮ ગ્રહના નામ બતાવવામાં આવ્યા છે.

આમ આ બધા પ્રાભૃતોનો અભ્યાસ કરતા ખ્યાલ આવે છે કે સૂર્યપ્રજ્ઞપ્તિમાં માત્ર સૂર્ય પર જ નહિ સમગ્ર જ્યોતિષી દેવોના પરિવારનું પ્રસંગોપાત વિવેચન કરવામાં આવ્યું છે.

**આગમના વ્યાખ્યા ગ્રંથો-**

સૂર્યપ્રજ્ઞપ્તિ પર શ્રી ભદ્રબાહુએ નિર્યુક્તિની રચના કરી હતી. વર્તમાને તે અનુપલબ્ધ છે. આચાર્ય મલયગિરિએ વૃત્તિ લખી છે જે ઉપલબ્ધ છે. આચાર્ય શ્રી ઘાસીલાલજી મ.સા.એ સંસ્કૃત- ગુજરાતી- હિન્દી એ ત્રણ ભાષામાં ટીકા લખી છે જે આજે પણ જોવા મળે છે. આચાર્ય મુનિ ધર્મસિંહજી (૧૮મી સદી) મ.સા.એ સૂર્ય-પ્રજ્ઞપ્તિના યંત્રનું નિર્માણ કર્યું છે. આચાર્ય અમોલકઋષિજીએ હિન્દીમાં અનુવાદ કર્યો છે. આ ઉપરાંત મધુકરમુનિ, પુણ્યવિજયજી મ.સા., લીલમબાઈ મ.સ. આદિએ આ સૂત્રોના અનુવાદ કર્યા છે.

**સૂર્યપ્રજ્ઞપ્તિનો બીજા ગ્રંથોમાં ઉલ્લેખ-**

સૂર્ય પ્રજ્ઞપ્તિના સંબંધમાં દેશ-વિદેશના વિચારક મહાનુભાવો એ ભિન્ન ભિન્ન લેખોમાં પોતાનો અભિમત પ્રગટ કર્યો છે.

ભારતીય જ્યોતિશાસ્ત્રમાં વરાહમિહિર નિર્યુક્તિકાર ભદ્રબાહુના ભાઈ હતા. એમણે પોતાના ગ્રંથ વરાહસંહિતામાં સૂર્યપ્રજ્ઞપ્તિના કેટલાક વિષયોને આધાર બનાવીને એના પર લખ્યું છે. એ જ રીતે પ્રસિદ્ધ જ્યોતિર્વિદ ભાસ્કરે સૂર્ય-પ્રજ્ઞપ્તિની કેટલીક માન્યતાઓને લઈને પોતાના ખંડનાત્મક વિચારો પ્રગટ કર્યા છે. જે 'સિદ્ધાન્ત શિરોમણિ' ગ્રંથમાં દેખાય છે.

તેમજ બ્રહ્મગુપ્તે સ્ફુટ-સિદ્ધાન્ત ગ્રંથમાં પણ ખંડનનો આધાર આ આગમને બનાવ્યો છે.

આ યુગમાં વિદેશી વિદ્વાનોએ આને (સૂર્યપ્રજ્ઞપ્તિને) વિજ્ઞાનનો ગ્રંથ માન્યો છે. જેમાં ડૉ. વિન્ટરનિત્જ મુખ્ય છે. ડૉ. શુબ્રિંગે તો કહ્યું છે કે સૂર્ય પ્રજ્ઞપ્તિના અધ્યયન વગર ભારતીય જ્યોતિષીના ઇતિહાસને બરાબર ન સમજી શકાય. બેબરે સન ૧૮૬૮માં 'ઉવેર સૂર્ય પ્રજ્ઞપ્તિ' નામનો નિબંધ પ્રકાશિત કર્યો હતો. ડૉ. સિબોએ 'ઓન ધ સૂર્યપ્રજ્ઞપ્તિ' નામના શોધ નિબંધમાં લખ્યું છે કે ગ્રીક લોક ભારતમાં આવ્યા તે પૂર્વે બે ચંદ્ર બે સૂર્યના અસ્તિત્વને માનતા હતા તથા તેમણે અતિપ્રાચીન જ્યોતિષિના વેદાંગ ગ્રંથની માન્યતાઓ સાથે સૂર્યપ્રજ્ઞપ્તિની તુલના કરી છે, સમાનતા બતાવી છે .

**સૂર્યની મહત્તા-**

સૂર્યની મહત્તા પ્રસ્થાપિત કરતા ગોંડલગચ્છ શિરોમણિ જયંતમુનિએ લખ્યું છે કે સમગ્ર જીવરાશિ સૂર્યની અપેક્ષા રાખે છે. બધો કાર્યકાળ સૂર્યની ગતિ પ્રમાણે ગોઠવાયેલો છે. વૃક્ષોમાં જે કાંઈ રસસિંચન થાય છે તેમાં સૂર્ય મોટો ભાગ ભજવે છે . અહોરાત્રિનું વિભાજન સૂર્યના આધારે છે. આ રીતે સૂર્યનું વિશ્વમાં મહત્ત્વ છે.

ભલે જૈનશાસ્ત્રોમાં કદાચ સૂર્યને વંદનીય ન માન્યો હોય પણ વ્રતોમાં રાત્રિભોજન વિરમણાત અતિ મહત્ત્વનું વ્રત છે. જે સૂર્યની મહત્તા પ્રકટ કરે છે. તેમજ સૂર્યપ્રકાશ વગર ઉગેલા કંદમૂળાદિનો ત્યાગ પણ સૂર્યની મહત્તા છતી કરે છે. સૂર્યગ્રહણ વખતે સ્વાધ્યાય કરવાની મનાઈ છે. જેથી પણ સૂર્યની મહત્તા સિદ્ધ થાય છે. આમ આ બધાથી સિદ્ધ થાય છે કે જૈનો પણ સૂર્યને મહત્ત્વ આપે છે. આમ સમગ્રતઃ અહીં 'સૂર્ય પ્રજ્ઞપ્તિ'નું સંક્ષિપ્ત વિવેચન કર્યું છે જેમાંથી સાર ગ્રહણ કરી પાર પામીએ. ★

## આગમ-વાણી

- ગુણોથી સાધુ થવાય છે અને અવગુણોથી અસાધુ થવાય છે, માટે સાધુ-ગુણોને (સાધુતાને) ગ્રહણ કરો અને અસાધુગુણોનો (અસાધુતાનો) ત્યાગ કરો. આત્માને આત્મા વડે જાણીને જે રાગ તથા દ્વેષમાં સમભાવ ધારણ કરે છે તે પૂજનીય બને છે.
- આ લોકમાં જેટલા ત્રસ જીવો અને સ્થાવર જીવો છે, તેને સાધક જાણતાં કે અજાણતાં હણે નહિ કે બીજા પાસે હણાવે નહિ.
- લોખંડનો કાંટો બે ઘડી દુઃખ આપે છે અને તે શરીરમાંથી સહેલાઈથી કાઢી શકાય છે, પરંતુ કઠોર વાણીરૂપી કાંટો સહેલાઈથી કાઢી શકાતો નથી. તે વેરની પરંપરા વધારે છે અને મહાભયાનક હોય છે.
- જેઓ વસ્ત્ર, સુગંધી પદાર્થો, અલંકારો, સ્ત્રી તથા શયનઆસનાદિનો ઉપભોગ સંજોગવશાત્ કરી શકતા નથી તેઓ ત્યાગી કહેવાતા નથી.
- સરસ અને પ્રિય ભોગો ઉપલબ્ધ હોવા છતાં તેના તરફથી જે પીઠ ફેરવી લે છે અને સ્વાધીનતાપૂર્વક ભોગોનો ત્યાગ કરે છે તે જ ત્યાગી કહેવાય છે.
- નિર્બળ ભારવાહકની જેમ તું વિષમ માર્ગમાં ન જા. વિષમ માર્ગમાં જનારને પછીથી પસ્તાવું પડે છે. માટે હે ગૌતમ! તું સમય માત્રનો પ્રમાદ ન કર.
- તારું શરીર જીર્ણ થવા લાગ્યું છે. તારા કેશ ધોળા થઈ રહ્યા છે. તારું શ્રોત્રબળ પણ ઘટી રહ્યું છે. માટે હે ગૌતમ ! તું સમય માત્રનો પ્રમાદ ન કર.
- ડાભના અગ્રભાગ પર લટકીને રહેલું ઝાકળનું બિંદુ થોડી વાર જ ટકી શકે છે. એવી રીતે મનુષ્યોના જીવનનું પણ છે. માટે હે ગૌતમ ! તું સમય માત્રનો પ્રમાદ ન કર.
- સાધુ મમત્વરહિત, નિરભિમાની, નિઃસંગ અને ગારવ (આસક્તિ)ના ત્યાગી હોવા જોઈએ. તે ત્રસ અને સ્થાવર એવા તમામ જીવો પ્રત્યે સમભાવ ધારણ કરનાર હોવા જોઈએ.

# શ્રી ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર

☐ ડૉ. કલા એમ. શાહ

સૂત્રકાર સ્થવિર ભગવંત સ્વયં કહે છે.

फुड वियड-पागडत्थं, चोच्छं, पुव्व-सुय-साइ-णिस्संदं ।
सुहुम गणिणेवदिट्ठं, जोइसगणशयपण्णत्तिं ।।

(ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર - મંગલાચરણ)

સ્પષ્ટ-પ્રગટ અર્થવાળા સૂક્ષ્મબુદ્ધિથી ગમ્ય, પૂર્વશ્રુતના સારભૂત (પૂર્વમાંથી ઉધ્ધૃત) તીક્ષ્ણ પ્રજ્ઞાવાન આચાર્ય દ્વારા ઉપદિષ્ટ, જ્યોતિષરાજ પ્રજ્ઞપ્તિનું હું નિરૂપણ કરીશ.

ચંદ્રપ્રજ્ઞપ્તિ (ખગોળશાસ્ત્ર)ના નામે ઉપલબ્ધ બાર ઉપાંગ સૂત્રોમાંના છઠ્ઠા ઉપાંગને શ્રી ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર અને સાતમા ઉપાંગને સૂર્યપ્રજ્ઞપ્તિ ગણવામાં આવે છે. પ્રાચીનકાળમાં આ બન્ને સૂત્રો જુદા જુદા નામવાળા ગણાતા ન હતા. પણ જ્યોતિષ ગણરાજ પ્રજ્ઞપ્તિ અને જ્યોતિષરાજ પ્રજ્ઞપ્તિ નામે એ ક જ આગમરૂપે વિદ્યમાન હતા. આ બન્ને 'જ્ઞાતાધર્મકથા'ના ઉપાંગ સૂત્રરૂપે હતા.

ચંદ્રપ્રજ્ઞપ્તિના મંગલાચરણની તથા બંનેના ઉપસંહારની ગાથા સૂચિત કરે છે કે આ બન્ને આગમ એક હતા. કાળક્રમે ચંદ્રપ્રજ્ઞપ્તિ અને સૂર્યપ્રજ્ઞપ્તિ ભિન્ન ભિન્ન આગમરૂપે પ્રસિદ્ધ થયા. ચંદ્રપ્રજ્ઞપ્તિ ઉપાંગમાં પદ્યાત્મક ઉત્થાનિક છે. સૂર્યપ્રજ્ઞપ્તિ ઉપાંગમાં ગદ્યાત્મક ઉત્થાનિક છે.

આ આગમના વિભાગોને પ્રાભૃત અને પ્રાભૃતના અંતર્ગત અધિકારને પ્રતિપ્રાભૃત કહે છે.

ચંદ્રપ્રજ્ઞપ્તિના અલગ અલગ વિભાગમાં ચંદ્ર વિષયક તથા ગણિત અને જ્યોતિષવિજ્ઞાન વિષયક માહિતી આપવામાં આવી છે.

પ્રથમ વિભાગમાં નક્ષત્રોનો ક્રમ, મુહૂર્તની સંખ્યા, પૂર્વ-પશ્ચિમ ભાગ અને ઉત્તમ ભાગથી ચંદ્રની સાથે યોગ કરનારા નક્ષત્ર, યુગના પ્રારંભમાં યોગ કરનારા નક્ષત્રોના પૂર્વાદિ વિભાગ, નક્ષત્રોના કુલ, ઉપકુલ આદિ પ્રકાર, ૧૨ પૂર્ણિમા તેમજ અમાવસ્યામાં નક્ષત્રોનો યોગ, સન્નિપાત યોગવાળી પૂર્ણિમા તેમજ અમાવસ્યા, નક્ષત્રોના સંસ્થાન, તેના તારાઓની સંખ્યા, વર્ષા, હેમંત અને ગ્રીષ્મ ઋતુઓમાં માસ ક્રમથી નક્ષત્રોનો યોગ અને પૌરુષી છાયા પ્રમાણ, દક્ષિણ, ઉત્તર અને બન્ને માર્ગથી ચંદ્રની સાથે યોગ કરનાર નક્ષત્ર, નક્ષત્રરહિત ચંદ્રમંડલ, સૂર્ય રહિત ચંદ્રમંડલ, નક્ષત્રોના સ્વામીદેવ, ૩૦ મુહૂર્તોનાં નામ, ૧૫ દિવસ તેમજ રાત્રિઓની તિથિઓના નામ, નક્ષત્રોના ગોત્ર, એક યુગમાં ચંદ્ર તેમજ સૂર્યની સાથે નક્ષત્રોનો યોગ, એક સંવત્સરના મહિના, તેના લૌકિક અને લોકોત્તર નામ, પાંચ પ્રકારના સંવત્સર અને તેના પાંચ પાંચ ભેદ, અંતિમ સંવત્સરના ૨૮ ભેદ, નક્ષત્રોના દ્વાર, બે સૂર્યની સાથે યોગ કરનાર નક્ષત્રોના મુહૂર્ત પરિમાણ, નક્ષત્રોનો સીરાવિષ્કંભ આદિનું પ્રતિપાદન કરેલ છે.

આમ આ વિભાગના ઉપવિભાગોમાં આટલો મોટો વિસ્તાર એ દર્શાવે છે કે નિમિતજ્ઞ, જ્યોતિષજ્ઞ, સ્વપ્ન પાઠક અને ગણિતજ્ઞ વગેરે વિદ્વાનોને જ્ઞાન પ્રાપ્ત કરવામાં સહાય મળે.

ત્યાર પછી પાંચ સંવત્સરોનું વર્ણન આ પ્રમાણે છે. (૧) નક્ષત્ર સંવત્સર ૨૮ નક્ષત્રો જેટલા સમયમાં ચંદ્ર સાથે યોગ પૂર્ણ કરે છે તેને નક્ષત્ર માસ કહે છે. તેવા બાર માસ અને ૩૨૭ ૫૧/૬૭ અહો રાત્રિનો એક નક્ષત્ર સં વત્સર થાય છે. (૨) ઋતુ સંવત્સર-જેટલા સમયમાં એકમથી લઈને પૂર્ણિમા સુધીની તિથિઓને ચંદ્ર પૂર્ણ કરે છે તેને ચંદ્રમાસ કહેવામાં આવે છે. તેવા બાર માસ અને તેના ૩૫૪-૧૨/૬૨ અહોરાત્રિનો એક ચંદ્ર સંવત્સર થાય છે. (૩) ઋતુ સંવત્સર-જેટલા સમયમાં વર્ષા, હેમંત અને ગ્રીષ્માદિ ત્રણ ઋતુઓ વ્યતીત થાય છે. તેને ઋતુ સંવત્સર કહેવામાં આવે છે. ૩૬૬ અહો રાત્રિનો એક ઋતુ સંવત્સર થાય છે. (૪) સૂર્ય સંવત્સર-જેટલા સમયમાં સૂર્ય ૧૮૩ મંડળવાળા બે અયનો પૂર્ણ કરે છે તેને સૂર્ય સંવત્સર કહેવામાં આવે છે. ૩૬૬ અહોરાત્રિનો એક સૂર્ય સંવત્સર થાય છે. (૫) અધિવર્ધિત સંવત્સર-૧૩ માસવાળાને વર્ષને અધિવર્તિત સંવત્સર કહેવામાં આવે છે. ૩૮૩ અહો રાત્ર ૨૧-૧૮/૬૨ મુહૂર્તોનો એક અધિવર્ધિત સંવત્સર થાય છે. ચંદ્ર સંવત્સર યુગમાં ત્રીજું સંવત્સર અને પાંચમું સંવત્સર અધિવર્ધિત સંવત્સર હોય છે. આ રીતે આદિ અને અંતના સમયના નક્ષત્રોના યોગનું વર્ણન કર્યું છે.

નક્ષત્ર, ચંદ્ર, ઋતુ, આદિત્ય અને અભિવર્ધિત-આ પાંચ સંવત્સરોનું વર્ણન છે, છ ઋતુઓનું પ્રમાણ છે. છ ક્ષયતિથિ અને છ અધિક તિથિઓ કેમ થાય છે તે બતાવ્યું છે તથા એક યુગમાં સૂર્ય અને ચંદ્રની આવૃત્તિઓ બતાવી છે અને તે સમયે યોગ તથા યુગકાળ આદિનું વર્ણન આ વિભાગમાં આપ્યું છે.

કૃષ્ણ અને શુક્લપક્ષમાં ચંદ્રકળાની હાનિ-વૃદ્ધિ કઈ રીતે થાય છે તે દર્શાવ્યું છે. બાસઠ પૂર્ણિમા અને બાસઠ અમાવસ્યામાં ચંદ્ર સૂર્યની સાથે રાહુનો યોગ અને પ્રત્યેક અયનમાં ચંદ્રની મંડળ વગેરેનું આબેહૂબ વર્ણન કર્યું છે.

હવે પછીના વિભાગમાં ચંદ્ર પ્રકાશની બહુલતા અને પ્રકાશના અભાવમાં અંધકારની બહુલતાના સમયનો નિર્દેશ છે.

કૃષ્ણપક્ષમાં અંધકારની બહુલતા હોય છે અને શુક્લ પક્ષમાં ચંદ્રપ્રકાશની બહુલતા હોય છે. કૃષ્ણ પક્ષમાં ૧૫ તિથિઓ છે અને ૪૪૨-૪૬/૬૨ મુહૂર્તમાં ચંદ્ર વિમાન રાહુ ગ્રહના વિમાનથી ક્રમશઃ આવરિત થાય છે અને તેથી કૃષ્ણપક્ષમાં અંધકાર વધે છે. શુ ક્લપક્ષમાં પં દર તિથિઓ છે અને તે ના ૪૪૨-૪૬/૬૨ મુહૂર્તમાં ચંદ્ર વિમાન રાહુ ગ્રહના વિમાનથી ક્રમશઃ અનાવરિત થાય છે તેથી શુક્લ પક્ષમાં ચંદ્રપ્રકાશ વધે છે.

સૂત્રકાર આ વિભાગમાં ચંદ્રાદિ જ્યોતિષ્ક વિમાનોની શીઘ્ર (તેજ) મંદ ગતિનું તથા તેઓની મુહૂર્ત ગતિ અને ભિન્નતાને કારણે સર્જાતા એક મુહૂર્ત, એક અહો રાત્ર, એક માસમાં પરિભ્રમિત મંડળોની સંખ્યાનો તફાવત દર્શાવ્યો છે. જ્યોતિષ્ક વિમાનોમાં સૌથી મંદ ગતિ ચંદ્રની છે. તેનાં કરતાં ક્રમશઃ સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારાઓ શીઘ્ર-શીઘ્રતર ગતિગામી છે. તેઓની ગતિની તરતમતાને કારણે તેઓની મુહૂર્તગતિ ભિન્ન ભિન્ન છે. છપ્પન નક્ષત્રોના યોગક્ષેત્રરૂપ મંડળ પરિધિના ૧,૦૯,૮૦૦ અંશ (ભાગ) કરવામાં

આવે તો ચંદ્ર એક મુહૂર્તમાં ૧૭૬૮ મંડળ ભાગ, સૂર્ય ૧૮૩૦ મંડળ ભાગ અને નક્ષત્રનો ૧૮૩૫ મંડળ ભાગ ઉપર પરિભ્રમણ કરે છે. પ્રત્યેક મુહૂર્તે ચંદ્ર કરતાં સૂર્ય ૬૨ ભાગ અને નક્ષત્રો ૬૭ ભાગ વધુ ચાલે છે. પોતપોતાના મંડલ ઉપર પરિભ્રમણ કરતા ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્રો જેટલા સમયમાં જે ક્ષેત્રમાં પરિભ્રમણ કરે છે તે યોગ (ભોગ) કહેવાય છે.

ત્યાર પછીના વિભાગમાં સૂત્રકાર પ્રકાશ, આતપ અને અંધકારના લક્ષણો વર્ણવતા જણાવે છે કે, ચંદ્ર અને સૂર્ય બંનેના વિમાનો પ્રકાશમય છે. તેમ છતાં બંનેના પ્રકાશમાં તરતમતા છે. ચંદ્ર વિમાનના પૃથ્વીકાય જીવોને ઉદ્યોત નામકર્મનો ઉદય હોય છે. તેથી ચંદ્રનો પ્રકાશ શીત અને સૌમ્ય છે, તેને માટે સૂત્રકારે 'જ્યોત્સના' શબ્દનો પ્રયોગ કર્યો છે. સૂર્ય વિમાનના પૃથ્વીકાયના જીવોને આતપ નામકર્મનો ઉદય હોય છે, તેથી સૂર્યનો પ્રકાશ ઉષ્ણ છે. સૂત્રકારે ઉષ્ણ પ્રકાશ માટે 'આતપ' શબ્દનો પ્રયોગ કર્યો છે અને ચંદ્ર તથા સૂર્ય બંનેના પ્રકાશનો અભાવ છાયા અંધકારરૂપ છે. આ રીતે શીત પ્રકાશરૂપ જ્યોત્સના ચંદ્રનું લક્ષણ છે, ઉષ્ણ પ્રકાશરૂપ આતપ સૂર્યનું લક્ષણ અને પ્રકાશાભાવ રૂપ અંધકાર છાયાનું લક્ષણ છે.

સૂત્રકાર ચંદ્રદેવ અને સૂર્યદેવના ચ્યવન-ઉપપાતનું કથન કરતા કહે છે. ચંદ્ર અને સૂર્ય જ્યોતિષી દેવોના ઈન્દ્ર છે. તેમના વિમાનો અઢી દ્વીપમાં સતત પરિભ્રમણ કરી રહયા છે. તે વિમાનો રત્નમય, પ્રકાશમય પૃથ્વીકાયરૂપ છે. તેમાં પૃથ્વીકાયના જીવો પોતાના આયુષ્ય પ્રમાણે જન્મમરણ કર્યા કરે છે અને પુદ્‌ગલોમાં પણ ચય-ઉપચય થયા જ કરે છે. તેમ છતાં ચંદ્ર-સૂર્યના વિમાનો ત્રિકાલ શાશ્વત છે. સંક્ષેપ તે વિમાનો દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ શાશ્વત અને પર્યાયાર્થિક નયની અપેક્ષાએ અશાશ્વત છે. તે જ રીતે ચંદ્રદેવ અને સૂર્યદેવ પણ જ્યોતિષ દેવ જાતિની અપેક્ષાએ શાશ્વત છે. અર્થાત્ હંમેશા ચંદ્રદેવ અને સૂર્યદેવ હોય છે. તેનો અભાવ થતો નથી. પરંતુ એક દેવનું આયુષ્ય પૂર્ણ થતાં તેનું ચ્યવન થાય અને બીજો કોઈ જીવ ચંદ્રદેવ કે સૂર્યદેવ રૂપે જન્મ ધારણ કરે છે. આ રીતે પર્યાયાર્થિક નયની અપેક્ષાએ એ અશાશ્વત છે.

હવે પછીના વિભાગમાં સૂત્રકાર ચંદ્ર-સૂર્ય વગેરે જ્યોતિષ્ક દેવવિમાનોની ભૂમિથી ઊંચાઈનું તથા તેની લંબાઈ-પહોળાઈ, પરિધિ, જ્યોતિષ્ક દેવોની ઋદ્ધિ સ્થિતિ વગેરેનું વર્ણન કરે છે.

જંબૂદ્વીપ જે ભૂમિ ભાગ ઉપર મેરૂ પર્વત સ્થિત છે, તે સમભૂમિભાગથી ૭૯૦ યોજનની ઊંચાઈથી ૯૦૦ યો જનની ઊંચાઈ સુધીના ૧૧૦ યોજનના આકાશ ક્ષેત્રમાં યથાસ્થાને નક્ષત્રો, ગ્રહો અને તારાઓના મંડળો છે. સમભૂમિભાગથી ૮૦૦ યોજનની ઊંચાઈએ સૂર્ય અને ૮૮૦ યોજનની ઊંચાઈએ ચંદ્રમંડળ છે .

જ્યોતિષ્ક દેવોમાં ચંદ્ર સૂર્ય ઈન્દ્રરૂપ છે. મધ્યલોકમાં અસંખ્યાત ચંદ્ર અને અસંખ્યાત સૂર્ય છે. એક-એક ચંદ્ર સૂર્યના પરિવાર રૂપે ૨૮ નક્ષત્રો, ૮૮ ગ્રહો અને ૬૬,૯૭૫ ક્રોડાક્રોડી તારાઓ છે. અઢી દ્વીપના જ્યોતિષ્ક દેવ વિમાનો નિરંતર મેરૂ પર્વતને કેન્દ્રમાં રાખી પરિભ્રમણ કરે છે. અઢી દ્વીપની બહારના ચંદ્રાદિ દેવ વિમાનો સ્થિર છે.

સૂર્ય-ચંદ્ર, ગ્રહ, નક્ષત્રના પ્રથમ મંડળ મેરુ પર્વતથી ૪૪,૮૨૦ યોજન દૂર છે. તારાઓનું પ્રથમ મંડળ મેરુ પર્વતથી ૧૧૨૧ યોજન દૂર છે, અંતિમ તારાઓ મધ્ય લોકના લોકાંતથી ૧૧૧૧ યોજન દૂર છે.

મેરુ પર્વતને પ્રદક્ષિણા કરતા જ્યોતિષ્ક વિમાનોમાં તારા વિમાનોની ગતિ સૌથી વધુ છે. ત્યાર પછી ક્રમશઃ નક્ષત્ર, ગ્રહ, સૂર્ય અને ચંદ્રની ગતિ મંદ છે. ઋદ્ધિમાં સૌથી વધુ ઋદ્ધિસંપન્ન દેવ ચંદ્ર છે. અને ત્યાર પછી ક્રમશઃ સૂર્યગ્રહ, નક્ષત્ર અને તારા અલ્પવૃ દ્ધિવાળા છે, તેમ છતાં પૂર્વ ભવમાં તપ, નિયમ, બ્રહ્મચર્યાદિનું આચરણ કરનાર તારા દેવો ચંદ્ર તુલ્ય અથવા ચંદ્ર કરતાં કંઈક જ ન્યૂન ઋદ્ધિને પ્રાપ્ત થાય છે.

મધ્યલોકના અસંખ્ય દ્વીપ સમુદ્રોનો આયામ, વિષ્કંભ, પરિધિ તથા જ્યોતિષ્ક વિમાનોની સંખ્યાનું હવે પછીના વિભાગમાં પ્રતિપાદન કરે છે.

**અઢી દ્વીપ :** મધ્યલોકમાં અસંખ્ય દ્વીપ-સમુદ્રો છે. તેમાં મધ્યમાં જંબૂદ્વીપ છે. તેને ફરતે ક્રમશઃ લવણ સમુદ્ર, ઘાતકી ખંડ ઊપ, કાલોદધિ સમુદ્ર અને પુષ્કર દ્વીપ છે.

પુષ્કરદ્વીપની મધ્યમાં ગોળાકારે માનુષોત્તર પર્વત સંસ્થિત છે. આ રીતે જંબૂદ્વીપ, ઘાતકીખંડ દ્વીપ, આ બે દ્વીપ અને અર્ધપુષ્કર દ્વીપ એટલે અઢીદ્વીપ અને લવણ સમુદ્ર તથા કાલોદધિ સમુદ્ર, આ બે સમુદ્ર પર્યંતના અઢી દ્વીપ ક્ષેત્રને **મનુષ્યક્ષેત્ર** અથવા **સમયક્ષેત્ર** કહે છે.

અઢી દ્વીપમાં જ્યોતિષ્ક વિમાનઃ જંબૂદ્વીપમાં બે ચંદ્ર અને બે સૂર્ય છે. જંબૂદ્વીપમાં બે ચંદ્ર-સૂર્યના પરિવાર રૂપ ૫૬ નક્ષત્ર, ૧૭૬ ગ્રહ અને ૧,૩૩,૯૫૦ ક્રોડાક્રોડી તારા વિમાનો છે. લવણ સમુદ્રમાં ચાર ચંદ્ર, ચાર સૂર્ય, ઘાતકી ખંડ દ્વીપમાં બાર ચંદ્ર-બાર સૂર્ય, કાલોદધિ સમુદ્રમાં બેતાલીસ ચંદ્ર-બેતાલીસ સૂર્ય, અર્ધપુષ્કર દ્વીપમાં બોંતેર ચંદ્ર-બોંતેર સૂર્ય છે. આ રીતે મનુષ્ય ક્ષેત્રમાં કુલ ૧૩૨ ચંદ્ર, ૧૩૨ સૂર્ય અને તેના પરિવાર રૂપે ૧૧,૬૧૬ ગ્રહો, ૩૬૯૬ નક્ષત્રો અને ૮૪,૪૦,૭૦૦ ક્રોડા ક્રોડી તારા વિમાનો છે. બે ચંદ્ર, બે સૂર્ય, ૫૬ નક્ષત્ર, ૧૭૬ ગ્રહનું એક **પિટક** કહેવાય છે. જંબૂ દ્વીપમાં ૧ પિટક છે. લવણ સમુદ્રમાં બે પિટક છે. અઢી દ્વીપમાં કુલ ૬૬ પિટક છે. પિટકરૂપે અઢી દ્વીપમાં ચંદ્રાદિની સંખ્યા દર્શાવવાની એક વિશિષ્ટ કથન પદ્ધતિ છે. અઢી દ્વીપમાં તે જ્યોતિષ્ક વિમાનો નિરંતર જંબૂદ્વીપના મેરુ પર્વતને કેન્દ્રમાં રાખીને પરિભ્રમણ કરી રહ્યા છે. અઢી દ્વીપમાં સૂર્યના પરિભ્રમણથી દિવસ-રાત થાય છે અને તેના પ્રકાશ ક્ષેત્રમાં ન્યૂનાધિકતા થતી રહે છે. ચંદ્રના પરિભ્રમણથી એકમ, બીજ આદિ તિથિઓ તથા કૃષ્ણ પક્ષ-શુક્લ પક્ષ થાય છે.

અઢી દ્વીપની બહારના દ્વીપ સમુદ્રોમાં રહેલા જ્યોતિષ્ક વિમાનો ગતિશીલ નથી, કાયમ માટે પોતાના સ્થાને રહે છે તેથી અઢી દ્વીપની બહાર રાત-દિવસ, આદિ કોઈપણ પ્રકારનું પરિવર્તન થતું નથી.

આ રીતે અઢી દ્વીપમાં ગતિશીલ અને અઢી દ્વીપની બહાર સ્થિતિશીલ જ્યોતિષ્ક વિમાનો છે.

અંતિમ વિભાગમાં સૂત્રકાર ચંદ્ર-સૂર્યના અનુભાવ-પ્રભાવ તથા સ્વરૂપનું અને બે પ્રકારના રાહુની પ્રવૃત્તિ, ૮૮ ગ્રહોના નામ તથા ચંદ્ર-સૂર્યદેવની ભોગ પદ્ધતિનું વિસ્તૃત વર્ણન કરે છે.

ચંદ્ર અને સૂર્ય જ્યોતિષી ગતિના દેવોના ઈન્દ્રો છે. રાહુદેવ બે પ્રકારના છે. (૧) નિત્ય રાહુદેવ (૨) પર્વરાહુદેવ.

(૧) નિત્ય રાહુનું વિમાન પ્રતિદિન ચંદ્ર વિમાનની એક-એક કળાને અર્થાત્ એક-એક ભાગને આવરિત કરે છે. આ રીતે ક્રમશઃ

આવરિત થતાં પંદરમે દિવસે ચંદ્ર વિમાનમાં પંદર ભાગ આવરિત થઈ જાય છે. આ પંદર દિવસના કાળને કૃષ્ણપક્ષ કહે છે. ત્યાર પછી પુનઃ વિપરિત ક્રમથી રાહુ વિમાન ચંદ્ર વિમાનની એક-એક કળાને અનાવૃત્ત કરે છે–ખુલ્લી કરે છે. આ રીતે ચંદ્ર વિમાનનો પ્રકાશ ક્રમશઃ વધતા પંદરમા દિવસે ચંદ્ર વિમાન રાહુવિમાનથી સર્વથા અનાવૃત્ત થઈ જાય છે. આ પંદર દિવસના કાલને શુક્લ પક્ષ કહે છે. આ રીતે નિત્ય રાહુની તિથિ–એકમ-બીજ-આદિ તિથિ તથા કૃષ્ણપક્ષ અને શુક્લપક્ષ થાય છે.

(૨) પર્વ રાહુના ગમનાગમથી સૂર્ય -ચંદ્ર આવરિત થાય છે. તેને ચંદ્રગ્રહણ કે સૂર્યગ્રહણ કહે છે. અને રાહુનું વિમાન જતાં ચંદ્રને એક કિનારીથી આવૃત્ત કરે અને પાછા ફરતા તેને અનાવૃત્ત કરે છે, તેને ચંદ્રનું વમન, ચંદ્રવિમાનને આવૃત્ત કરીને નીકળે તેને કુક્ષિભેદ કહે છે.

પૂર્વ રાહુ ચંદ્ર-સૂર્યને આચ્છાદિત કરે છે. તેના દ્વારા ચંદ્રગ્રહણ અને સૂર્યગ્રહણ થાય છે.

ચંદ્રદેવ સૌમ્ય, કાંત અને મનોહર હોવાથી તેનું નામ 'શશી' છે અને સૂર્ય સમય, આવલિકા, મુહૂર્ત આદિ ગણના કાલની આદિ કરતો હોવાથી તેનું નામ 'આદિત્ય' છે. આ વિભાગમાં ૮૮ મહાગ્રહો નાનામોનો ઉલ્લેખ પણ સૂત્રકારે કર્યો છે.

ખગોળ વિષયક આ ઉપાંગમાં ચંદ્રની ગતિ, ચંદ્રની દિશા, ચંદ્રના ગ્રહોનું માપ આદિ અનેક વર્ણનો વિસ્તૃતરૂપે આપ્યા છે. ચંદ્રની ગતિ કરવાના માપદંડ આ આગમમાં આપવામાં આવ્યા છે. ખગોળનો આ ગ્રંથ ૨૦ પ્રાભૃત (વિભાગ) અને ૨૨૦૦ ગાથાનો છે. પ્રસ્તુત આગમનો અભ્યાસ લોકસ્વરૂપ ભાવનાને પુષ્ટ કરે છે.

આ આગમની શૈલી પ્રશ્નોત્તર સ્વરૂપે છે. ગણધર ગૌતમ સ્વામી, ભગવાન મહાવીરને પ્રશ્નો પૂછે છે અને ઉત્તરદાતા શ્રમણ ભગવાન મહાવીર છે.

જર્મન વિદ્વાનો અને બીજા પાશ્ચાત્ય વિચારકો આ સૂત્રને ગણિત, જ્યોતિષવિજ્ઞાન અને ભૂગોળ તથા ખગોળની દૃષ્ટિએ બહુ મહત્ત્વના માને છે. વિશ્વરચનાની સાથે સાથે તેમાં ઉચ્ચ કોટિનું ગણિત અને જ્યોતિષ વિજ્ઞાન પણ છે. જ્યોતિષ અને ખગોળ વિજ્ઞાનમાં રસ ધરાવતા જિજ્ઞાસુઓને માટે ચંદ્રવિજ્ઞપ્તિ અને સૂર્યવિજ્ઞપ્તિ ગ્રંથો અતિ ઉપકારક સાબિત થાય તેમ છે.

★

## શ્રી જંબૂદ્વીપ-પ્રજ્ઞપ્તિ સૂત્ર

'જંબૂ દ્વીપ પ્રજ્ઞપ્તિએ ક્ષેત્રીય ભાવનાનું પ્રદર્શક વિશાળ ભાવયુક્ત ભાષામાં લખાયેલું અદ્‌ભુત શાસ્ત્ર છે.'

–પૂ. શ્રી જયંતમુનિ મ.સા.

પ્રશ્નઃ શ્રી ગૌતમ પૂછે છેઃ ભગવન ! કયા કારણે જંબૂદ્વીપ એમ કહેવાય છે ?

શ્રી પ્રભુ મહાવીરનો ઉત્તરઃ ગૌતમ, જંબૂદ્વીપમાં તે–તે દેશમાં, તે–તે પ્રદેશમાં ઘણાં જંબૂવૃક્ષો એક્કેરૂપે વિરલ સ્થિત છે. ઘણાં જંબૂવન...જંબૂવૃક્ષો સમૂહ ભાવથી રહેલા છે તથા ઘણાં જંબૂવન ખંડ– જંબૂ વૃક્ષ સમૂહો વિજાતીય વૃક્ષ મિશ્રિત છે. તેમાં પણ જંબૂવૃક્ષની જ પ્રાધાન્યતા છે તે પ્રસ્તુત વર્ણનનું સાફલ્ય છે.

પ્રશ્નઃ તે કેવા છે ?

ઉત્તરઃ નિત્ય, સર્વકાળ , કુસુમિન યાવદ પદથી નિત્ય માયિત, નિત્ય લવયિક, નિત્ય સ્તબક્તિ ઇત્યાદિ.

આ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ અંગસૂત્ર છે. તે જ્ઞાતાધર્મકથાનું ઉપાંગ છે. જૈન ભૂગોળ અને ગણિતાનુયોગની દૃષ્ટિએ અજોડ કહી શકાય તેવું આ ઉપાંગસૂત્ર છે.

જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ નામ યથાર્થ છે કારણકે આ ક્ષેત્રમાં જંબૂ નામના અનેક વૃક્ષો છે. સ્થવિર ભગવંતોએ આ સૂત્રના પ્રકરણોને 'વૃક્ષસ્કાર' નામ આપ્યું છે. વૃક્ષ એટલે ઊભરેલો, ઉપર ઉઠેલો ભાગ. તે ઊભરેલો ભાગ જમીન પરનો હોય કે શરીર પરનો હોય તેને વક્ષ કહેવામાં આવે છે.

મહર્ષિ પુરુષો અંગ ઉપાંગ સૂત્રમાં જેનું વર્ણન કરે છે તેને તેનું જ નામ આપે છે. તેથી જ પ્રસ્તુત સૂત્રના પ્રકરણોને 'વક્ષસ્કાર' નામ આપ્યું છે.

જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિનો સૂત્ર પાઠ ૪૧૪૬ (ચાર હજાર એકસો છેંતાલીસ) શ્લોક પ્રમાણ ગણવામાં આવે છે.

વક્ષસ્કાર શબ્દનો વાસ્તવિક અર્થ પ્રકરણ નથી પરંતુ સૂત્રકારે પ્રકરણના અર્થમાં વક્ષસ્કાર શબ્દનો પ્રયોગ કર્યો છે. જંબૂદ્વીપમાં વૃક્ષસ્કાર નામના મુખ્ય પર્વતો છે. આ પર્વતો એક એક ક્ષેત્રને જુદા જુદા વિભાગમાં વિભક્ત કરે છે. આ વિભાગ કરવાની સામ્યતાને કારણે સૂત્રકારે પ્રસ્તુત સૂત્રમાં ઉદ્દેશક અને પ્રકરણના અર્થમાં વક્ષસ્કાર શબ્દનો પ્રયોગ કર્યો છે.

જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ એક અધ્યયન રૂપ છે અને તેના સાત વક્ષસ્કાર–પ્રકરણ છે.

જ્ઞાતા ધર્મ કથાના ઉપાંગ સૂત્ર જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ પ્રાકૃતમાં **'जंबूदीवपन्नति'** નામે ઓળખાય છે. સંસ્કૃતમાં જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ ઓ નામ છે.

જ્ઞાની ભગવંતોએ આ સૂત્રમાં પુદ્‌ગલે મુખ્ય કરી દ્વીપ સમુદ્રનું જ્ઞાન કરાવી, ચૈતન્યરૂપી જીવને પરથી પરાંગમુખ કરાવી સ્વ સન્મુખ કરવા માટે ઉપદેશ આપ્યો છે. લોકમાં પુદ્‌ગલ સ્કંધો જ્યાં જ્યાં ગોઠવાયા છે તેનું જંબૂદ્વીપના વર્ણનના માધ્યમ દ્વારા પ્રગટ કર્યું છે.

અશુભ વર્ણ, ગંધ, રસ, સ્પર્શયુક્ત પુદ્‌ગલનો પ્રચય નીચે ઊતરતો જાય છે તેને **અધોલોક** કહે છે.

શુભવર્ણાદિયુક્ત પ્રચયો ઉપર ઊભરાતા જાય છે તેને **ઉર્ધ્વલોક** કહે છે.

તે બંને લોકની મધ્યમાં જે પુદ્‌ગલ પ્રચય ઊભરતો ઊભરતો એક લાખ યોજન પર્યંત ઊભરેલો છે તેને મેરુ પર્વત કહે છે અને તે મેરુ પર્વત સર્વની **મધ્યમાં** છે તેને ફરતો **જંબૂદ્વીપ** છે.

જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં જંબૂદ્વીપ નામવાળા અનેક દ્વીપોમાંથી મધ્યવર્તી, કેન્દ્રવર્તી, જંબૂદ્વીપનું વર્ણન છે. મધ્યલોકમાં અસંખ્યાતા દ્વીપસમુદ્રો છે તેની મધ્યમાં જંબૂદ્વીપનો દ્વીપ છે.

જંબૂદ્વીપ વિષયક પ્રશ્નોથી સૂત્રનો પ્રારંભ થાય છે અને તેના ઉત્તરરૂપે સંપૂર્ણ જંબૂદ્વીપનું વર્ણન કર્યું છે.

આ આગમના બે વિભાગ કરવામાં આવ્યા છે. (૧) પૂર્વાધમાં ૧ થી ૪ વક્ષસ્કારનો સમાવેશ કરવામાં આવ્યો છે. (૨) ઉત્તરાર્ધમાં ૫ થી ૭ વક્ષસ્કારનો સમાવેશ કરવામાં આવ્યો છે.

જંબૂવિષયક પ્રશ્નોથી સૂત્રનો પ્રારંભ થાય છેઃ

कहि णं भंते। जंबुद्वीवे दीवे ।

के महालए णं भंते। जंबुद्वीवे पण्णते।

સૂત્રકારે આ પ્રશ્નના ઉત્તરરૂપે જંબૂદ્વીપનું વર્ણન કર્યું છે.

**પ્રથમ વક્ષસ્કારમાં** જંબૂદ્વીપનો આકાર, તદ્ગત પદાર્થો, જંબૂદ્વીપની જગતી = કોટ, કિલ્લો, જંબૂદ્વીપની દક્ષિણમાં સ્થિત ભરતક્ષેત્ર, તેની મધ્યમાં રહેલો દીર્ઘ વૈતાઢ્ય પર્વત, તે પર્વતથી વિભાજિત દક્ષિણાર્ધ ભરતક્ષેત્ર અને ઉત્તરાર્ધ ભરતક્ષેત્ર વગેરે વિષયોનું વર્ણન છે.

**બીજા વક્ષસ્કાર**માં ભરતક્ષેત્રમાં વર્તતા કાળનું વર્ણન છે. ભરત ક્ષેત્રમાં કાળ પરિવર્તનશીલ છે. ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમનું એક કાળચક્ર છે. તેના ઉત્સર્પિણીકાળ અને અવસર્પિણી કાળ નામના બે વિભાગ છે. પુનઃ તે બંને કાળ વિભાગના છ વિભાગ કરવામાં આવ્યા છે. જે આરા નામે પ્રસિદ્ધ છે. તે આરાનું સંપૂર્ણ વર્ણન આ વક્ષસ્કારમાં છે. તે ઉપરાંત ત્રીજા આરાના અં ત ભાગમાં ઋષભદેવ સ્વામી થઈ ગયા તેમના જીવનનું, તેમણે શીખવેલી કળાઓ, દીક્ષા, કેવળજ્ઞાન તથા નિર્વાણ સમયનું વિસ્તૃત વર્ણન છે .

**ત્રીજા વક્ષસ્કાર**માં ભરતક્ષેત્રના પ્રથમ ચક્રવર્તી નામે ભરતક્ષેત્રના, ઐરવત ક્ષેત્રના અને મહાવિદેહ ક્ષેત્રના સર્વ વિજયના, સર્વ કાળના ચક્રવર્તીઓની છ ખંડ વિજયયાત્રા, ૧૪ રત્નો, નવનિધિ આદિ સંપદાનું વર્ણન છે.

**ચોથા વક્ષસ્કાર**માં ૬ વર્ષધર પર્વતો, સાત મહાક્ષેત્રો, પર્વત ઉપરના દ્રહો–સરોવરો, તેમાંથી પ્રવાહિત થતી નદીઓ, પર્વત ઉપરના કૂટો અને વનાદિકૂટો, વનો વગેરેનું વર્ણન છે. મધ્યલોકમાં જંબૂદ્વીપના કેન્દ્રસ્થાને સ્થિત સાધિક એક લાખ યોજન ઊંચા સુમેરુ પર્વતનું વર્ણન છે.

**પાંચમા વક્ષસ્કાર**માં મેરુ પર્વત ઉપરના પંકવનમાં ઈન્દ્રો, જન્મજાત તીર્થંકર પ્રભુનો જંબૂદ્વીપના તીથા, નદીઓ, દ્રહો તથા સમુદ્રોના પાણીથી અભિષેક કરે છે તે અભિષેક વિધિનું સંપૂર્ણ વર્ણન છે.

**છઠ્ઠા વક્ષસ્કાર**માં જંબુદ્વીપના પર્વતો, કૂટો, નદીઓ આદિનું માત્ર સંખ્યા દૃષ્ટિથી કથન છે. છઠ્ઠો વક્ષસ્કાર ચોથા વક્ષસ્કારનો ઉપસંહાર છે.

**સાતમા વક્ષસ્કાર**માં જંબૂદ્વીપમાં ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારા રૂપ જ્યોતિષ મંડલ મેરુને પ્રદક્ષિણા– પરિભ્રમણ કરે છે. તેમની ગતિ, રાત્રિ-દિવસની ઉત્પત્તિ, ક્ષેત્રના યોગ આદિ ખગોળનું વર્ણન છે.

'જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિરૂપ પ્રસ્તુતશાસ્ત્ર પ્રરૂપણાત્મક હોવાથી ગણિતસાધ્ય ક્ષેત્રની પ્રરૂપણાની જેમ ગણિતાનુયોગમાં અન્તર્ભાવ સમજવો જોઈએ. 'જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ' ગણિતાનુયોગાત્મક હોવાથી સાક્ષાત્ મોક્ષમાર્ગભૂત રત્નની અનુઉપદેશિક છે.'

(પૂ. ઘાસીલાલજી મહારાજ)

જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્રનો વિષય મુખ્યતયા ગણિતાનુયોગમાં સમાવિષ્ટ થાય છે.

ઋષભદેવ સ્વામી અને ભરત ચક્રવર્તીના વર્ણન દ્વારા ધર્મ-કથાનુ યોગ દૃષ્ટિગોચર થાય છે. ઋષભદેવ સ્વામીના સંયમ જીવનના વર્ણનમાં આચારધર્મ પણ જોવા મળે છે.

'જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં જૈન શાસ્ત્રકારોએ ક્ષેત્ર સંબંધી અને આકાશીય ગ્રહો સંબંધી સુવ્યવસ્થિત ઘટમાળનું પ્રદર્શન કરી, બુદ્ધિને પૂરોક્ષેત્રીય ખોરાક આપી દીધો છે અને આ ક્ષેત્રીય હિસાબ-કિતાબ એટલો બધો સચોટ અને ગણિતબદ્ધ છે જેમાં જોમેટ્રીના બધા સિદ્ધાંતો સમાવિષ્ટ થયેલા છે.

ભગવાન મહાવીરે વૈજ્ઞાનિક ઢંગથી પૂરેપૂરા હિસાબ સાથે જંબૂદ્વીપની પરિધિનું જે માપ આપ્યું છે તે જો મેટ્રીના સિદ્ધાંત પ્રમાણે બરાબર ઠીક ઉતરે છે.

જંબૂદ્વીપ પૂર્ણિમાના ચંદ્ર જેવો ગોળ છે. તેનો વ્યાસ એક લાખ યોજનનો છે અને એની પરિધિ ૩, ૧૬, ૨૨૭ યોજન, ૩ ગાઉ, ૧૨૮ ધનુષ્ય, ૧૩ ।। આંગુલ, ૫ જવ, ૧ જૂ, ૧ લીંખ, ૬ વાલાગ્ર અને એક વ્યવહાર પરમાણું જેટલો છે.'

(પ. પૂ. જયંતમુનિ મ.સા.)

જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર ભૂગોળ, ખગોળ અને ઇતિહાસનું સંયોજન છે. આ સૂત્રમાં આપણી પૃથ્વી કેવા પ્રકારની છે, તેની સાથે સાથે આત્માથી પરમાત્મા સુધીની યાત્રા કેવી હોવી જોઈએ અને જંબૂદ્વીપના કયા ક્ષેત્રથી યાત્રા શરૂ થઈ શકે છે તેનું વર્ણન ભગવાને આ આગમમાં બતાવ્યું છે.

જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્રનો વિષય મુખ્યતયા ગણિતાનુયોગમાં સમાવિષ્ટ થાય છે. આ સૂત્ર ભરતાદિ ક્ષેત્ર, વૈતાઢ્ય પર્વતો, ગંગાદિ નદીઓ, વનો, કૂટોની લંબાઈ, પહોળાઈ, ઊંડાઈ, શરાદિ ગણિત તથા સૂર્ય, ચંદ્રાદિ વિમાનો, મંડલો, મંડલો વચ્ચેનું અંતર વગેરે ગણિતની ગણનાઓથી ભરપૂર છે.

પ્રસ્તુત જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્રમાં મહદ્ અંશે જંબૂદ્વીપનું વર્ણન છે. એશિયા આદિ છ ખંડો આ જંબૂદ્વીપની દક્ષિણે આવેલા ભરતક્ષેત્રમાં સમાવિષ્ટ થાય છે. આ ભરતક્ષેત્ર ઉપરાંત માનવ વસતી ધરાવતા અન્ય ક્ષેત્રો પણ જંબૂદ્વીપમાં છે અને જંબૂદ્વીપની બહાર ઘાતકીખંડ દ્વીપ વગેરેમાં પણ માનવવસતી છે. માનવવસતી ન હોય તેવા પણ અસંખ્યાત દ્વીપ છે. એ સર્વેનું વર્ણન આગમ સાહિત્યમાં પ્રાપ્ત થાય છે.

વૈજ્ઞાનિક વર્તમાન દૃષ્ટિએ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં વર્ણવેલ જૈન ભૂગોળની વાત કરીએ તો જણાય છે કે વર્તમાનના વૈજ્ઞાનિકો જે પૃથ્વીનું કથન કરે છે તે જ પૃથ્વીનું કથન જૈન શાસ્ત્રો પણ કરે છે પરંતુ બંનેની માન્યતામાં બહુ મોટું અંતર છે.

જૈન દૃષ્ટિએ પૃથ્વી દડા જેવી ગોળ નથી, ધરી પર ફરતી નથી આકાશમાં ફરતી નથી પણ આકશમાં સ્થિર છે. પૃથ્વી આકાશમાં જરૂર છે, આ દેખાતી આપણી પૃથ્વી સાથે (પહેલી નરકની પૃથ્વી) જોડાયેલી છે. તે પૃથ્વીપિંડ પછી ઘનપાત પિંડ, તનુવાદ પિંડ, ઘનોદધિપિંડ આ ત્રણેય પિંડ પૂર્ણ થયા પછી અસંખ્યાત યોજનઅબજો માઈલ સુધી નર્યું આકાશ છે. તે આકાશ ઉપર પૃથ્વી પ્રતિષ્ઠિત છે.

જૈન દૃષ્ટિએ આ દેખાતી પૃથ્વી જેટલી જ પૃથ્વી નથી. જૈન

શાસનની ભૂગોળ નિર્વિવાદ પણે માને છે કે ઉત્તર ધ્રુવ, દક્ષિણ ધ્રુવ પાસે પૃથ્વીની સમાપ્તિ થતી નથી. જૈન શાસ્ત્રાનુ સાર જંબૂદ્વીપના દક્ષિણ છેડે ભરત ક્ષેત્ર નામનું અબજો માઈલનું એક ક્ષેત્ર છે. તે ભરત ક્ષેત્રની વચ્ચે વૈતાઢ્ય પર્વત હોવાથી તેના ઉત્તર ભારત અને દક્ષિણ ભારત તેવા બે વિભાગ પડી ગયા છે. આજની આ દેખાતી એશિયા વગેરે છ ખંડની દુનિયા દક્ષિણ ભરત ક્ષેત્રમાં છે, જેમાં આપણો ભરત દેશ આવી જાય છે. જૈન દૃષ્ટિએ વર્તમાન પૃથ્વીની આગળ હજુ બહુ વિશાળ ધરતી વિદ્યમાન છે. ઉત્તર ધ્રુવથી આગળ ઉત્તર ભરત, વૈતાઢ્ય પર્વતથી મહાવિદેહ ક્ષેત્ર અને ઐરાવત ક્ષેત્ર સુધી કરોડો કિલોમીટર સુધી પૃથ્વી પથરાયેલી છે. વૈજ્ઞાનિકો જેની જાણકારી હજુ મેળવી શક્યા નથી.

**સં દર્ભ ગ્રં થો:**


(૧) આગમ સૂત્રઃ સટીક અનુવાદ–મુનિદીપરત્ન સાગર

(૨) ભગવાન મહાવીરના ઉપદેશ ગ્રંથ આગમ-સંપાદક-ગુણવંત બરવાળિયા

(૩) ગુરુ પ્રાણ આગમ બત્રીસી-સંપાદિકા-પૂ. લીલમબાઈ મહાસતી

(૪) આગમદર્શન-લેખક-સંપાદક-ગુણવંત બરવાળિયા

(૫) જૈન પરંપરાનો ઇતિહાસ–બંધુત્રિપુટી (૬) જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ-મોહનલાલ દલીચંદ દેસાઈ.


★

# ભગવાનનો ઘોર અભિગ્રહ

કઠોર તપશ્ચર્યાનું બીજું નામ એટલે ભગવાન મહાવીર. કેવળજ્ઞાન પામ્યા તે પહેલાં વિહાર કરતાં શ્રી મહાવીર સ્વામી મેંઢિય ગામથી કૌશામ્બી પધાર્યાં. પોષ વદી એકમના દિવસે એમણે ઘોર અભિગ્રહ ધારણ કર્યો કે આ મુજબની પરિસ્થિતિનું નિર્માણ થશે તો જ હું ઉપવાસનું પારણું કરીશઃ

'દ્રવ્યથી અડદના બાકળા હોય અને તે સૂપડાના એક ખૂણામાં હોય, ક્ષેત્રથી આપનારનો એક પગ ઉંબરાની અંદર અને એક બહાર હોય, કાળથી બપોરના ભોજનનો સમય પસાર થઈ ગયો હોય અને ભાવથી રાજકન્યા હોય પણ દાસત્વ પ્રાપ્ત કરેલું હોય, વળી એ બંધનગ્રસ્ત હોય, માથું મૂંડેલું હોય, ત્રણ દિવસથી ઉપવાસી હોય, આંખમાં આંસુ હોય એવા સંજોગોમાં મારે ભિક્ષા લેવી અન્યથા છ માસ સુધી ભિક્ષા ગ્રહણ કરવી નહીં!'

આવો કઠોર અભિગ્રહ-પ્રતિજ્ઞા ધારણ કરીને શ્રી વર્ધમાન સ્વામી દરરોજ ગોચરી લેવા માટે કૌશામ્બીમાં ફરતા હતા. ભાવુક ભક્તો એમને ભિક્ષા આપવા માટે ઘણી ઉત્સુકતા દાખવતા પણ ભગવાન કંઈ પણ લીધા વિના પાછા ફરતા. લોકોના મનમાં પ્રશ્ન થતો હતો કે ભગવાન ભિક્ષા અર્થે શું ઈચ્છે છે?

ગોચરી અર્થે વિહાર કરતાં કરતાં મહાવીર પ્રભુ એક દિવસ મંત્રી સુગુપ્તના આવાસે પધાર્યાં. મંત્રી સુગુપ્તની પત્ની નંદા શ્રાવિકા શ્રદ્ધાપૂર્વક ભિક્ષા આપવા આવી પણ મહાવીર કંઈ પણ લીધા વિના ત્યાંથી ચાલ્યા ગયા. નંદાની ખિન્નતાનો પાર ન રહ્યો. તે પોતાના ભાગ્યને ધિક્કારી રહી એ સમયે તેની દાસીએ કહ્યું કે,

'આપ શા માટે દુ:ખી થાઓ છો? દેવાર્ય તો આજે જ નહીં છેલ્લા ચાર મહિનાથી કંઈ પણ લીધા વિના આવી રીતે પાછા ફરે છે.'

આ વાત જાણીને નંદા વધુ ચિંતામાં પડી ગઈ. તે પતિને વઢી પડીઃ

'આપ કેવા મંત્રી છો કે ચાર-ચાર મહિના પૂર્ણ થવા આવ્યા છતાં ભગવાન મહાવીરને ગોચરી ઉપલબ્ધ થતી નથી. એમનો શો અભિગ્રહ છે તે સત્વરે જાણવું જોઈએ, તમારી બુદ્ધિને કામે લગાડો.'

મં ત્રીને પોતાની ભૂલનો ખ્યાલ આવ્યો. આ સંવાદ ત્યાં ઊભેસલા વિજય પ્રતિહારી એ સાંભળ્યો. તેણે એ વાત મહારાણી મૃગાવતીને કહી. રાણી મૃગાવતીએ રાજા શતાનીકને કહ્યું. રાજા અને મંત્રીએ ભગવાનના અભિગ્રહ વિશે શોધ આદરી અને પછી તો કૌશામ્બી નગરી હિલોળે ચઢી. સૌએ ભગવાનના અભિગ્રહ વિશે જાણવા ખૂબ પ્રયાસ કર્યો. કોઈને સફળતા મળી નહીં.

પાં ચ મહિના અને પચ્ચીસ દિવસ પસાર થઈ ગયા. ભગવાનના મુખ પર રહેલી ક્રાંતિ એવી જ અપૂર્વ જણાતી હતી.

એક દિવસ પોતાના નિયમ મુજબ પરિભ્રમણ કરતા ભગવાન ધન્ના શ્રેષ્ઠિના ગૃહે આવીને ઊભા. રાજકુમારી ચંદના બારણામાં બેઠી હતી. એ આજકાલ દાસી હતી. ત્રણ દિવસથી ભૂખી અને તરસી હતી. હાથમાં સૂપડું હતું અને તેમાં બાકળા હતા. એક પગ અંદર હતો અને એક પગ ઉંબર બહાર હતો. હાથમાં બેડીઓ બાંધેલી હતી અને ધન્ના શેઠના આવવાની રાહ જોતી હતી. એમાં એણે ભગવાન મહાવીરને આવતા જોયા.

ચંદના વિચારવા લાગી કે મારા કેવા ધનભાગ્ય છે કે ભગવાન મારે ત્યાં પધારી રહ્યા છે. પણ રે, અડદ જેવી તુચ્છ વસ્તુ હું ભગવાનને કેવી રીતે આપીશ? એ વિચારતી ચંદનાની મનોદશા મૂંઝાઈ. ભગવાને તેની સન્મુખ જોયું પણ પોતાનો અભિગ્રહ પૂર્ણ થતો નહોતો. આંખમાં આંસુની ઓછપ હતી! તે પાછા વળ્યા ને ચંદનબાળાની આંખમાંથી આંસુ આવી ગયાં: રે! પ્રભુ તો પાછા વળ્યા, મને લાભ નહીં મળે? અને પ્રભુ પાછા વળ્યા. ભગવાનનો અભિગ્રહ પૂર્ણ થઈ ગયો. ભગવાને પોતાનું કરપાત્ર ચંદનાની સામે ધર્યું. આંસુભીની આંખો સાથે તથા હર્ષાતિરેકથી ચંદનબાળાએ મહાવીર પ્રભુને અડદના સૂકા બાકળા વહોરાવ્યા.

મહાવીર પ્રભુએ ત્યાં જ પારણું કર્યું. આકાશમાંથી 'અહો દાનં અહો દાનં'ના દેવ-દુંદુભિ વાગી ઊઠ્યાં. પાંચ દિવ્ય પ્રગટ થયા. સાડાબાર કરોડ સુવર્ણમુદ્રાની વર્ષા થઈ. ચંદનબાળાનું સૌન્દર્ય ખીલી ઊઠ્યું અને લોહ બેડી સુવર્ણ આભૂષણમાં પલટાઈ ગઈ.

**- આચાર્ય વાત્સલ્યદીપજી મ. સા.**

# શ્રી નિરયાવલિકા સૂત્ર

☐ ડૉ. પાર્વતી નેણશી ખીરાણી

કોઈ પણ ધર્મનું સ્વરૂપ જાણવું હોય તો એના સાહિત્યનો અભ્યાસ કરવો જોઈએ. જેથી એ ધર્મનું સંપૂર્ણ ચિત્ર પ્રાપ્ત થઈ શકે. એ ન્યાયે જૈનદર્શનની જાણકારી માટે આગમ સાહિત્યનો અભ્યાસ કરવો જોઈએ. એ આગમ સાહિત્યની વિચારણા પૂર્વે જણાવી છે એમાંથી વર્તમાને પ્રચલિત ૧૨ ઊપાંગોમાંથી અહીં આઠમું ઉપાંગ નિરયાવલિકાજીનું વિવેચન પ્રસ્તુત છે.

**નામકરણ–**

પ્રસ્તુત સૂત્ર અંતકૃતદશાંગ સૂત્રનું ઉપાંગ છે. જે ૧૨ ઉપાંગોમાંથી છેલ્લા પાંચ ઉપાંગોના સંગ્રહરૂપે મનાય છે. **નિરયાવલિકા નામથી પ્રસિદ્ધ** આ ઉપાંગનું બીજું નામ કપ્પિયા (કલ્પિક) છે. એમાં સમાવિષ્ટ પાંચ ઉપાંગો આ પ્રમાણે છે (૧) નિરયાવલિકા કે કલ્પિકા (૨) કલ્પાવતંસિકા (૩) પુષ્પિકા (૪) પુષ્પચૂલિકા અને (૫) વૃષ્ણિદશા. જે પ્રાકૃતમાં નીચે મુજબના નામથી પણ ઓળખાય છે. (૧) નિરયાવલિયા (૨) કપ્પવડંસિયા (૩) પુપ્ફિયા (૪) પુષ્ફચૂલિયા અને (૫) વણ્હિદશા (વિણ્હિદશા).

આ પાંચે ઉપાંગ નાના નાના હોવાથી એક જ આગમમાં પાંચ વર્ગના રૂપમાં સમાવિષ્ટ છે. આ પાંચેનો પરસ્પર સંબંધ છે. પ્રથમ સૂત્ર નિરયાવલિકા હોવાને કારણે નિરયાવલિકા નામથી પ્રસિદ્ધ છે. પરંતુ પૃથક-પૃથક છે.

જાણકારોના મતે આ પાંચે ઉપાંગ પહેલાં નિરયાવલિકાના નામથી જ હતા. પરંતુ પછીથી ૧૨ ઉપાંગોનો ૧૨ અંગો સાથે સંબંધ સ્થાપિત કરવા માટે એમને અલગ અલગ ગણવામાં આવ્યા. (પ્રો. વિન્ટરનિત્જનો પણ આ જ અભિપ્રાય છે.)

**નિરયાવલિકા–**

**નિરય આવલિકા એમ બે શબ્દથી બનેલું છે. નિરય એટલે નરક અને આવલિકા એટલે પંક્તિબદ્ધ.** જે આગમમાં નરકમાં જવાવાળા જીવોનું પંક્તિબદ્ધ વર્ણન છે તે નિરયાવલિયા કે નિરયાવલિકા છે.

**નિરયાવલિકા આગમ ગ્રંથના કર્તા–**

આ આગમના કર્તાનું નામ સ્પષ્ટતયા પ્રાપ્ત થતું નથી. સ્થવિર ભગવંતો રચિત હોવાનું અનુમાન કરી શકાય.

**રચનાકાળ–**

ભગવાન મહાવીર પછી અને આચાર્ય શ્રી ભદ્રબાહુના સમયની પૂર્વનો હોવાનો સંભવ છે.

**આગમ ગ્રંથની ભાષા–**

આગમ સાહિત્ય અનુસાર તીર્થંકર ભગવંત અર્ધમાગધી ભાષામાં ઉપદેશ આપે છે. એને એ સમયમાં દિવ્ય ભાષા કહેવામાં આવતી અને એનો પ્રયોગ કરવાવાળાને ભાષાર્ય કહ્યા છે. આ ભાષા પ્રાકૃતનું જ એક રૂપ છે. એ મગધના એક ભાગમાં બોલાય છે માટે અર્ધમાગધી કહેવાય છે. એમાં માગ્ધી અને બીજી ભાષાઓ એટલે કે અઢારદેશી ભાષાઓના લક્ષણ મિશ્રિત છે તે થી અર્ધ માગધી કહે વાય છે. ભગવાન મહાવીરના શિષ્ય મગધ, મિથિલા, કૌશલ આદિ અનેક પ્રદેશ, વર્ગ અને જાતિના હતા એટલે જૈન સાહિત્યની પ્રાચીન પ્રાકૃત ભાષામાં દેશ્ય શબ્દોની બહુલતા છે. માટે તેને અર્ધમાગધી ભાષા કહેવાય છે. એ અનુસાર આ આગમ પણ અર્ધમાગધી ભાષામાં રચાયું છે.

**આગમની શૈલી–**

આ આગમ ધર્મકથાનુયોગની શૈલીનું છે. અનુયોગ એટલે સૂત્ર અને અર્થનો ઉચિત્ત સંબંધ (યોગ) એ ચાર પ્રકારના છે. ચરણકરણાનુયોગ, ધર્મકથાનુયોગ, ગણિતાનુયોગ અને દ્રવ્યાનુયોગ.

ધર્મકથાનુયોગ એટલે જેમાં કથાના માધ્યમથી કષાય આદિનું નિરાકરણ કરીને મોક્ષમાર્ગની પ્રરૂપણા કરાય. ચોવીસમા તીર્થંકર પ્રભુ મહાવીર પાસે ભક્તિ કરવા દેવો તથા દેવીઓ આવે છે. પ્રભુના દર્શન કરીને રવાના થાય છે ત્યારે ગૌતમ સ્વામી પ્રશ્ન કરે છે હે ભગવન્! એ કોણ હતા? અને એમનો મોક્ષ ક્યારે થશે? તેના જવાબમાં કર્મની વિચિત્રતા માટે સામ્રાજ્યના સમ્રાટ રાગકેસરી રાજાના કેદી થયેલા, દ્વેષ યુવરાજના હાથથી બંધાયેલા બાવન આત્મામાંથી કેટલાક આત્માઓનું રોમાંચક કથાનક સ્વયં શ્રી મુખેથી કહે છે તો કેટલાકનું વૈરાગ્યપૂર્વક ગ્રહણ કરેલ સંયમી જીવન પણ કહે છે. એમાંથી આ સૂત્રમાં ઉત્તમ એવા મનુષ્યભવમાં કેવા કાર્યો કરે છે એને કારણે નરકગામી થવું પડે છે એવા દસ જીવોનું કથાનક વર્ણવ્યું છે, જે દસ અધ્યયનમાં છે.

આ સૂત્ર ગદ્ય શૈલીમાં છે. ૭૨ ગદ્યાંશમાં આ સૂત્ર રચાયેલું છે. પાંચે વર્ગના બાવન અધ્યયન છે. સંપૂર્ણ સૂત્રનું પરિમાણ ૧૧૦૯ શ્લોક પ્રમાણ માનવામાં આવ્યું છે.

**વ્યાખ્યા સાહિત્ય–**

આ એક કથા સાહિત્ય હોવાને કારણે આના પર નિર્યુક્તિભાષ્ય કે ચૂર્ણિઓ ન હોય એ સ્વાભાવિક છે. માત્ર શ્રીચન્દ્રસૂરિએ સંસ્કૃત ભાષામાં નિરયાવલિકા પર સંક્ષિપ્ત અને શબ્દાર્થસ્પર્શી વૃત્તિ લખી છે. શ્રીચન્દ્રસૂરિનું બીજું નામ પાર્શ્વદેવગણિ હતું. તેઓ શીલભદ્રસૂરિના શિષ્ય હતા. એ મણે વિ. સં. ૧૧૭૪માં નિશીથચૂર્ણિ પર દુર્ગપદ્ર વ્યાખ્યા લખી હતી અને શ્રમણોપાસક પ્રતિક્રમણ, નંદી, જીતકલ્પ, બૃહત્યૂર્ણિ આદિ આગમો પર ટીકાઓ લખી છે.

પ્રસ્તુત આગમોની વૃત્તિના પ્રારંભમાં આચાર્યએ ભગવાન પાર્શ્વને નમસ્કાર કર્યા છે.

पार्श्वनाथ नमस्कृत्य प्रायोऽन्यग्रन्थवीक्षिता ।
निरयावलिश्रुत स्कन्ध–व्यारव्या काचित् प्रकाश्यते ।।

આમાં એમના ગુરુનો કે એમનો પોતાનો નામનિર્દેશ નથી તેમ જ ગ્રંથ રચનાનો સમય પણ નથી. ગ્રંથની જે મુદ્રિત પ્રત છે એમાં 'इति श्री चन्द्रसूरि विरचितं निरयावलिका श्रुतस्कन्धविवरणं समाप्तमिति। श्री रस्तु' એટલો ઉલ્લેખ છે. વૃત્તિનું ગ્રંથમાન ૬૦૦ શ્લોક પ્રમાણ છે.

બીજી સંસ્કૃત ટીકા ઘાસીલાલજી મ.સા.ની છે, જે સ્થાનકવાસી જૈન પરંપરાના છે, એમની ટીકા સરળ અને સુબોધ છે. આ બે ટીકાઓ સિવાય અન્ય કોઈ સંસ્કૃત ટીકા લખવામાં આવી નથી. ઘાસીલાલજી મ.સા. ટીકાનું હિન્દી અને ગુજરાતી ભાષાંતર પણ છે. આ ઉપરાંત અમોલખઋષિજીની હિન્દી ટીકા, જૈનધર્મ પ્રચારક સભાની મૂળ ટીકા

અને અને ગુજરાતી ટીકા, મધુકરમુનિની હિન્દી ટીકા, આચાર્ય તુલસી દ્વારા સંપાદિત ટિપ્પણ સહિત સંશોધિત મૂળપાઠ, બનારસથી પ્રકાશિત ચંદ્રસૂરિકૃત વૃત્તિ અને ગુજરાતી વિવેચન, આગમમનિષી ત્રિલોકમુનિ દ્વારા સંપાદિત આગમ નવનીતનો સંક્ષિપ્ત સારાંશ અને ગુરુપ્રાણ ફાઉન્ડેશન રાજકોટ દ્વારા મૂળ, ભાવાર્થ, વિવેચન સહિતના ઉપાંગ પ્રકાશિત થયા છે.

**વિષય વસ્તુ–કથા સારાંશ**

આ આગમમાં નરકમાં જનારા જીવોનું (શ્રેણિક પુત્રનું) ક્રમશઃ વર્ણન છે. પ્રાચીન મગધના ઇતિહાસને જાણવા માટે આ વર્ગ ઘણો જ ઉપયોગી છે. તેમાં સમ્રાટ શ્રેણિકના રાજ્યકાલનું વર્ણન કરેલ છે. સમ્રાટ શ્રેણિકનું જૈન અને બૌદ્ધ બંને પરંપરાઓમાં અનુક્રમે શ્રેણિક ભિંભિસાર અને શ્રેણિક બિંબિસાર નામ મળે છે. જૈન દૃષ્ટિએ શ્રેણીઓની સ્થાપના કરવાના કારણે તેનું નામ શ્રેણિક પડ્યું.

श्रेणीः कायति श्रेणिको मगधेश्वरः। (अभिधानचिन्तामणिः स्वोपज्ञवृत्तिः, मर्त्य काण्डं, श्लोक ३७६)

બૌદ્ધ દૃષ્ટિએ તેના પિતાએ તેને અઢાર શ્રેણીઓનો માલિક બનાવ્યો હતો તેથી તે શ્રેણિક નામથી પ્રસિદ્ધ થયા. स पित्राष्टादशसु श्रेणिस्ववतारितः, अतोऽस्यु श्रेष्यो बिम्बिसार इति ख्यातः।। (विनयपिटक, गिलगिट मैन्युस्क्रिष्ट।)

જૈન અને બૌદ્ધ બંને પરંપરાઓમાં શ્રેણીઓની સંખ્યા અઢાર જ છે . 'મહાવસ્તુ'માં શ્રેણીઓના ત્રીસ નામ મળે છે. તેમાંથી ઘણા નામો તો જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં વર્ણવેલ અઢાર નામોની સમાન છે. જેમકે કુંભાર, પટ્ટઇલ્લા, સુવર્ણકારા વગેરે.

આ આગમમાં દસ અધ્યયન છે. તેમાં નરકગામી દસ જીવોનું વર્ણન છે. જેનો સાર નીચે મુજબ છે - શ્રેણિક રાજાના પુત્રો (૧) કાલ, (૨) સુકાલ, (૩) મહાકાલ, (૪) કૃષ્ણ, (૫) સુકૃષ્ણ, (૬) મહાકૃષ્ણ, (૭) વીરકૃષ્ણ, (૮) રામકૃષ્ણ, (૯) પ્રિયસેનકૃષ્ણ અને (૧૦) મહાસેનકૃષ્ણ કાલી, સુકાલી આદિ જુદી જુદી રાણીઓના પુત્રો હતા.

શ્રેણિક અને ચેલ્લણા રાણીનો પુત્ર કોણિક આ ભાઈઓની મદદથી શ્રેણિકને જેલમાં પુરી ગાદીએ બેસે છે. શ્રેણિક રાજાની આવી દશાથી ઉદાસીન રાણી ચેલ્લણાએ એકદા કોણિક સમક્ષ તેના જન્મ પ્રસંગનું સાદ્યંત વર્ણન કર્યું. જેમકે કોણિક ગર્ભમાં આવતાં માતાને રાજાના કાળજાનું માંસ ખાવાનો દોહદ થયો. તેથી ગર્ભનો નાશ કરવાના ઉપાય કર્યા. પરંતુ તે નિષ્ફળ જતાં જન્મતાં જ તેને અશોકવાટિકામાં જઈને એકાંત સ્થાનમાં ઉકરડા પર ફેંકાવી દીધો. રાજાને ખબર પડતાં દુર્ગંછા કર્યા વગર તેને ઉકરડામાંથી લાવી કુકડાએ કરડેલી આંગળી પોતાના મુખમાં લઈને પિતૃ-વાત્સલ્યભાવે તેની વેદના શાંત કરી. કુકડાએ આંગળી કરડી ખાવાથી તે સંકુચિત થઈ જતાં તેનું ગુણનિષ્પન્ન નામ કૂણિક (કોણિક) રાખવામાં આવ્યું.

આ વર્ણનથી કોણિકનું અંતર દ્રવિત થયું. પશ્ચાતાપપૂર્વક પોતાના પરમ ઉપકારક પિતાને મુક્ત કરવા તે સ્વયં કુહાડી લઈને શ્રેણિક પાસે ગયા. શ્રેણિકે પોતાની પાસે તેને આવતા જોઈને પોતાના પુત્રને પિતૃહત્યાના દોષમાં થી બચાવવા પોતાની અંગુઠીમાં રહેલ તાલપુટ ઝેર ચૂસીને મરણને શરણ થયા.

આ ઘટનાથી શોકમગ્ન કોણિક મનની શાંતિ માટે રાજગૃહી નગરી છોડીને ચંપાનગરીમાં સપરિવાર રહેવા ચાલ્યા ગયા. ત્યાર પછી રાજ્યના અગિયાર ભાગ કરી ભાઈઓમાં વહેંચી લીધા. પરંતુ કર્મની ગતિ ન્યારી છે. કોણિકની રાણી પદ્માવતીની કાન ભંભેરણીથી પોતાના ભાઈ વિહલ્લ પાસેથી પિતાએ આપેલ દિવ્ય હાર અને સેચનક ગંધ હાથી મેળવવા ભયંકર યુદ્ધ કર્યું. એમાં દસે કુમારો માર્યા ગયા અને નરકમાં ઉત્પન્ન થયા. ત્યાંથી નીકળી મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્યજન્મ પામી વૈરાગ્યવાસિત બની, દીક્ષા લઈ ઉત્કૃષ્ટ ચારિત્રધર્મ પાળશે અને નિર્વાણ પામી સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થશે. એ દસે કુમારનું વર્ણન નિરયાવલિકા આગમ ગ્રંથમાં કરવામાં આવ્યું છે.

**ઉપસંહાર–**

માતાના ચરણ સ્પર્શ કરવા જવાના નિમિત્તે કોણિકની ચિંતનદશામાં પરિવર્તન આવી ગયું. અતિલોભનું પરિણામ શૂન્યમાં આવે છે. 'ન હાર મળ્યો ન હાથી અને ભાઈ હણાયા દસ સાથી.' ઈર્ષ્યા કે મોહથી યુક્ત સ્ત્રીઓના તુચ્છ હઠાગ્રહથી માણસનું પતન થાય છે.

યુદ્ધમાં પ્રાયઃ આત્મપરિણામો ક્રૂર હોય છે. તેથી તે અવસ્થામાં મરનારા પ્રાયઃ નરકગતિમાં જાય છે. ભૌતિક ક્ષણભંગુર વસ્તુઓની તીવ્રતમ મૂર્ચ્છા સ્વ-પરના જીવનમાં કેવું ભયંકર નુકસાન કરે છે તે પ્રસ્તુત કથાનકથી જાણી શકાય છે. સંસાર આવા જ અનેક સંઘર્ષોથી ભરલો છે. તેનાથી દૂર રહેવા હઠાગ્રહ, કદાગ્રહ, પૂર્વગ્રહ આદિ જીવનમાં ન પ્રવેશે તેનું ધ્યાન રાખીને સર્વ પ્રત્યે મૈત્રી ભાવના કેળવવી જેથી સુખ અને શાંતિની પ્રાપ્તિ થાય. ★

## શ્રી કપ્પવડિંસિયા–કલ્પાવંતસિકા સૂત્ર

સમસ્ત બ્રહ્માંડ અર્થાત્ સંપૂર્ણ લોકનું સ્વરૂપ જાણવું તેમ જ વસ્તુ તત્ત્વનું સંપૂર્ણ જ્ઞાન મેળવવાના વિષયમાં ભારતીય દર્શનમાં સામાન્યતઃ ૮ પ્રમાણ દર્શાવ્યા છે. તેમાંનું એક પ્રમાણ આગમ છે. આપ્ત વચનથી ઉત્પન્ન અર્થ પદાર્થના રહસ્યનું પરિપૂર્ણ જ્ઞાન થાય તે આગમ છે. એવા આપ્તજન સર્વજ્ઞ પ્રણિત અર્થની ગણધર ભગવં તો એ સૂત્ર દ્વારા ગૂંથણી કરી છે. એમાંનું એક એટલે કપ્પવડિંસિયા આગમ પ્રસ્તુત છે.

**નામાંકનઃ**

**કપ્પ એટલે કલ્પ અને વડિંસિયા અર્થાત્ વસવું તે.** કલ્પ શબ્દનો પ્રયોગ સૌધર્મથી અચ્યુત સુધીના બાર દેવલોક માટે પ્રયુક્ત થયો છે. દેવલોક પુણ્ય ભોગવવાનું સ્થાન છે. જે જીવો મનુષ્ય ભવમાં તપ-સંયમની આરાધના કરી કલ્પ દેવલોકમાં ઉપજે છે. તેમનો અધિકાર આ આગમમાં છે. તેથી તેનું નામ કપ્પવડિંસિયા રાખ્યું છે.

**ગ્રંથકર્તા:** આ આગમકર્તાનું નામ ઉપલબ્ધ થતું નથી. પરંતુ સ્થવીર ભગવંતો દ્વારા રચાયા હોવાનું માની શકાય છે.

**રચનાકાળ :** ભગવાન મહાવીરના શાસનકાળમાં આચાર્યશ્રી ભદ્રબાહુમુનિના સમય પહેલાનો હશે એમ અનુમાન થાય છે.

**આગમ ગ્રંથની ભાષા :** પ્રાકૃત ભાષાના એકરૂપ સમાન અઢાર દેશી ભાષાઓના લક્ષણ મિશ્રિત અર્ધમાગધી ભાષામાં આ આગમ રચાયું છે. સામાન્ય જનોની બોલાતી ભાષામાં એ રચાયું છે. ચારિત્ર ધર્મની આરાધના અને સાધના કરનાર બાળક, સ્ત્રી, મંદબુદ્ધિવાળા કે મુર્ખ લોકો ઉપર કૃપા કરીને તીર્થંકર ભગવંત સિદ્ધાંતની પ્રરૂપણા અર્ધમાગધી ભાષામાં કરે છે. માગધી અને દેશી શબ્દોનું મિશ્રણ હોવાથી તે અર્ધમાગધી ભાષા કહેવાય છે.

**આગમની શૈલી :** આ આગમ ધર્મકથાનુયોગની શૈલીનું છે. જેમાં શ્રેણિક રાજાના કાલકુમાર-સુકાલકુમાર આદિ દસ પુત્રોના ક્રમશઃ દસ પુત્રોના એટલે કે શ્રેણિક રાજાના દસ પૌત્રોના કથા વર્ણન છે. ગદ્યશૈલીમાં દસ અધ્યયનમાં પંદર ગદ્યાંશમાં જ સંપૂર્ણ ઉપાંગ રચાયું છે.

**વિષય વસ્તુ:** આ શ્રી અનુત્તરોપપાતિક દશાંગ સૂત્રનું ઉપાંગ છે. આ ઉપાંગમાં ૧૦ અધ્યયન છે. તેના નામ આ પ્રમાણે છે. પદ્મ, મહાપદ્મ, ભદ્ર, સુભદ્ર, પદ્મભદ્ર, પદ્મસેન, પદ્મગુલ્મ, નલિનીગુલ્મ, આનંદ અને નંદન છે. આ દશેય શ્રેણિક રાજાના પૌત્રો હતા. જેઓએ પ્રભુ મહાવીરનો ઉપદેશ સાંભળી વૈરાગ્યવાસિત થઈને દીક્ષા અંગીકાર કરી પાંચ વર્ષ સુધી શ્રમણધર્મ પાળ્યો. ૧૧ અંગસૂત્રોનું અધ્યયન કરી ઉત્કૃષ્ટ તપ કર્યું. અંતમાં એક માસનો સંથારો કરીને કાળ પ્રાપ્ત થતાં સૌધર્મ કલ્પમાં દેવપણે ઉત્પન્ન થયા. ત્યાં થી ચ્યવી મહાવિદે હ ક્ષેત્રમાં જન્મ લઈ સંયમ અંગીકાર કરી સિદ્ધ થઈને સર્વ દુઃખોનો અંત કરશે. આ જ પ્રમાણે બાકીના નવ કુમારોનું વર્ણન છે.

**ઉપસંહાર:** એક જ પરિવારના દરેક જીવોની પોતપોતાના કર્મો અનુસાર ગતિ થાય છે. પિતા અને પુત્રો નરકમાં, માતા મોક્ષમાં, પૌત્રો સ્વર્ગમાં ગયા છે. તે સર્વ જીવોને પુણ્યયોગે ભૌતિક સામગ્રી સમાન મળી હતી. પિતા, પુત્ર, માતા, પૌત્રો બધા એક જ રાજ્યના, એક જ પરિવારના સદસ્યો હતા; પણ પ્રાપ્ત સામગ્રીને કોઈકે ત્યાગી, કોઈક તેમાં આસક્ત બન્યા, કોઈકે તેના જ નિમિત્તે ઈર્ષા, વેરઝેર, ક્રોધાદિ ભાવો કર્યા અને તે પોતપોતાના ભાવાનુસાર ભિન્ન ભિન્ન ગતિને પામ્યા.

પુણ્યના ઉદયે સામગ્રી મળવા માત્રથી વ્યક્તિ પુણ્યશાળી કહે વાતી નથી. પુણ્યશાળી તો તે જ છે જે પ્રાપ્ત સામગ્રીનો સ્વેચ્છાએ ત્યાગ કરી, મનુષ્ય ભવની અમૂલ્ય ક્ષણોને આત્મ સાધનામાં પસાર કરે; સંપત્તિ-પરિવારાદિની અનિત્યતા સમજી તેની આસક્તિ ત્યાગે. તે આત્માઓ દેવાદિ સુગતિને પામે છે, અને તપ-ત્યાગની સાધનાની પરાકાષ્ટાએ પહોંચી, સંપૂર્ણતયા અનાસક્ત બની સિદ્ધિગતિને પ્રાપ્ત કરે છે.

જે ધન, સંપત્તિ, પરિવારાદિમાં આસક્ત રહે; તેના કારણે ક્રોધ, લોભ આદિ કષાય કરે છે તેઓ અજ્ઞાની-બાળજીવો છે. તે મૂર્ખની જેમ મનુષ્યભવ વ્યર્થ ગુમાવી, અનંત કર્મોનો ભાર લઈને નરક, તિર્યંચ ગતિના મહેમાન બની દુઃખો ભોગવે છે.

**વ્યાખ્યા સાહિત્ય:** પ્રસ્તુત સૂત્ર કથાપ્રધાન હોવાના કારણે તેના પર નિર્યુક્તિ, ભાષ્ય કે ચૂર્ણિ લખાઈ નથી. શ્રી ચંદ્રસૂરિએ સંસ્કૃતભાષામાં આ સૂત્ર પર સંક્ષિપ્ત અને શબ્દાર્થ સ્પર્શી વૃત્તિ લખી છે. શ્રી ચંદ્રસૂરિનું જ બીજું નામ પાર્શ્વદેવગણિ હતું. તે શીલભદ્રસૂરિના શિષ્ય હતા. વૃત્તિનું ગ્રંથમાન ૬૦૦ શ્લોક પ્રમાણ છે.

બીજી સંસ્કૃત ટીકાનું નિર્માણ સ્થાનકવાસી જૈન પરંપરાના આચાર્ય ઘાસીલાલજી મહારાજે કર્યું હતું. તેની ટીકા સરળ અને સુબોધ છે. તે ટીકામાં કોણિક રાજાના પૂર્વભવનું પણ વર્ણન છે. બીજા પણ ઘણાં પ્રસંગો છે.

વર્તમાનમાં ઉપલબ્ધ આ સૂત્રના પ્રકાશિત સાહિત્ય આ પ્રમાણે છેઃ

(૧) સન ૧૯૨૨માં આગમોદય સમિતિ સુ રત દ્વારા ચંદ્રસૂરિકૃત વૃત્તિ.

(૨) સન ૧૮૮૫માં બનારસથી ચંદ્રસૂરિકૃત વૃત્તિ અને ગુજરાતી વિવેચન.

(૩) વિ. સં. ૧૯૯૦માં જૈનધર્મ પ્રસારક સભા, ભાવનગર દ્વારા મૂળ અને ટીકા તેમ જ તેના ગુજરાતી અર્થ.

(૪) સન ૧૯૩૪માં ગુર્જરગ્રંથ કાર્યાલય અમદાવદાથી ભાવાનુ વાદ.

(૫) વીર સં. ૨૪૪૫માં હૈદરાબાદથી આચાર્ય અમોલખઋષિજી દ્વારા હિન્દી અનુવાદ.

(૬) સન ૧૯૬૦માં શાસ્ત્રોદ્ધારક સમિતિ રાજકોટથી આચાર્ય ઘાસીલાલજી મહારાજ દ્વારા સંસ્કૃત વ્યાખ્યા તેમ જ તેના હિન્દી અને ગુજરાતી અનુવાદ.

(૭) શ્રમણસંઘીય યુવાચાર્ય શ્રી મધુકરમુનિજીના કુશળ નેતૃત્વમાં આગમ પ્રકાશન સમિતિ બ્યાવર દ્વારા ૩૨ આગમો વિવેચન સાથે પ્રકાશિત થયા, તેમાં પણ આ સૂત્રના હિન્દી અનુવાદનું વિવેચન સાથે પ્રકાશન થયું.

(૮) ઈ. સ. ૧૯૭૭માં આચાર્ય તુલસી દ્વારા સંપાદિત, વિશ્વભારતી લાડનૂંથી પ્રકાશિત ટિપ્પણ સહિત સંશોધિત મૂળપાઠ.

(૯) ઈ. સ. ૧૯૯૦માં આગમ મનીષી પૂ. ત્રિલોકમુનિ દ્વારા સંપાદિત, આગમ નવનીત પ્રકાશન સમિતિ, સિરોહીથી પ્રકાશિત સં ક્ષિપ્ત સારાં શ.

(૧૦) ગુરુપ્રાણ ફાઉન્ડેશન રાજકોટ દ્વારા મૂળ, ભાવાર્થ, વિવેચન સહિત પ્રસ્તુત ઉપાંગ સૂત્ર પ્રકાશિત થયું છે. આમ સરળતાથી પ્રાપ્ત થતાં આગમ સૂત્રોના અભ્યાસ કરીને શાશ્વત સુખને પ્રાપ્ત કરીને માનવભવ સાર્થક કરીએ.

# શ્રી પુપ્ફિયા–પુષ્પિકા સૂત્ર

જૈન ધર્મના-દર્શનના મૂળ સ્ત્રોત ગ્રંથોમાં આગમોની ગણના થાય છે. આ જિનઆગમો અગાધ સાગર જેવા છે. જે જ્ઞાન વડે ગંભીર, સુંદર પદો રૂપી ઝરણાના સમૂહથી બનેલી સૂત્રો રૂપી નદીઓનો સંગમ છે. તે જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ આદિ રત્નોથી ભરપૂર છે. ચૂલિકારૂપ ભરતીથી શોભાયમાન છે. વર્તમાને પ્રચલિત બાર ઉપાંગોમાંથી અહીં દસમું ઉપાંગ 'પુપ્ફિયા-પુષ્પિકા'નું વિવેચન અતિ સંક્ષિપ્તમાં કર્યું છે.

**નામકરણ :**

વિરયાવલિકા અને કલ્પાવંતરસિકામાં કેવળ શ્રેણિક રાજાના પારિવારિકજનોનું જીવન વૃત્તાંત છે પરંતુ આ ઉપાંગ આગમમાં દસ વ્યક્તિઓના દસ અધ્યયનો છે. તેઓમાં પરસ્પર સાંસારિક કોઈ સંબંધ નથી. તે સર્વે વિખરાયેલા ફૂલની જેમ જુદા જુદા હોવાથી આ આગમનું નામ **'પુષ્પિકા' છે. જેનું પ્રાકૃત નામ 'પુપ્ફિયા' છે.**

**ગ્રંથ કર્તા :**

પૂર્વ ઉપાંગોની જેમ જ આ ગ્રંથના કર્તા સ્થવીર ભગવંતોને જ માનવા યોગ્ય લાગે છે.

**રચનાકાળ :**

અન્ય ઉપાંગોની જેમ જ પૂજ્ય આચાર્ય શ્રી ભદ્રબાહુમુનિના સમય પહેલાં જ આ ઉપાંગ ગ્રંથની રચના થઈ હશે.

**ગ્રંથની ભાષા :**

આગમ સાહિત્ય અનુસાર તીર્થંકર ભગવંત અર્ધમાગધી ભાષામાં ઉપદેશ આપે છે. અર્ધમાગધી એટલે કે માગધી અને બીજી અઢાર દેશી ભાષાઓ મિશ્રિત ભાષા. ભગવાન મહાવીરના શિષ્યો અનેક પ્રદેશ, વર્ગ જાતિના હતા એટલે જૈન સાહિત્યની પ્રાચીન પ્રાકૃત ભાષામાં દેશી શબ્દોની બહુલતા જોવા મળે છે. એ અનુસાર આ આગમ પણ અર્ધમાગધી ભાષામાં રચાયું છે.

**આગમની શૈલી :**

પ્રસ્તુત ઉપાંગ સૂત્રમાં ધર્મકથાનુયોગની ખુશ્બુ મઘમઘે છે. અનુયોગ એટલે સૂત્ર અને અર્થનો ઉચિત્ત સંબંધ. એ ચાર પ્રકારના છે. (૧) ચરણકરણાનુયોગ (૨) ધર્મકથાનુયોગ (૩) ગણિતાનુયોગ અને (૪) દ્રવ્યાનુયોગ. ધર્મકથાનુયોગ એટલે જેમાં કથાના માધ્યમથી કષાય આદિનું નિરાકરણ કરીને મોક્ષમાર્ગની પ્રરૂપણા કરવી. આ ઉપાંગમાં સ્વયં મહાવીર ભગવાનના શ્રીમુખેથી ગૌતમસ્વામીના પ્રશ્નોના ઉત્તરરૂપે બધી કથાઓનો ભાવ પ્રવાહિત થયો છે. ભગવાન મહાવીર તથા ગૌતમ સ્વામીના આપસી સંવાદ કેટલા મધુર અને સહજ છે તેનો અનુભવ થાય છે. આમ તે સમયની ધર્મકથાઓ કહેવાની શૈલી પણ મન પર અંકિત થાય તેવી છે. ગદ્યશૈલીમાં રચાયેલા આ સૂત્રમાં ૯૪ ગદ્યાંશ છે.

**વ્યાખ્યા સાહિત્ય :**

પ્રસ્તુત સૂત્ર કથાપ્રધાન હોવાના કારણે તેના પર નિર્યુક્તિ, ભાષ્ય કે ચૂર્ણિ લખાઈ નથી. શ્રી ચંદ્રસૂરિએ સંસ્કૃત ભાષામાં આ સૂત્ર પર સં ક્ષિપ્ત અને શબ્દાર્થ સ્પર્શી વૃત્તિ લખી છે . વૃત્તિનું ગ્રંથમાન ૬૦૦ શ્લોક પ્રમાણ છે. વર્તમાનમાં ઉપલબ્ધ આ સૂત્રના પ્રકાશિત સાહિત્ય આ પ્રમાણે છેઃ

(૧) ઈ. સ. ૧૯૨૨માં આગમોદય સમિતિ સુરત દ્વારા ચંદ્રસૂરિકૃત વૃત્તિ, (૨) ઈ. સ. ૧૮૮૫માં બનારસથી ચંદ્રસુરિકૃત વૃત્તિ અને ગુજરાતી વિવેચન, (૩) વિ. સં. ૧૯૯૦માં જૈન ધર્મ પ્રસારક સભા, ભાવનગર દ્વારા મૂળ અને ટીકા તેમજ તેના ગુજરાતી અર્થ, (૪) ઈ. સ. ૧૯૩૪માં ગુર્જરગ્રંથ કાર્યાલય અમદાવાદથી ભાવાનુવાદ, (૫) વીર સં. ૨૪૪૫માં હૈદ્રાબાદથી આચાર્ય અમો લખઋષિજી દ્વારા હિન્દી અનુવાદ, (૬) ઈ. સ. ૧૯૬૦માં શાસ્ત્રોદ્ધારક સમિતિ રાજકોટથી આચાર્ય ઘાસીલાલ મહારાજ દ્વારા સંસ્કૃત વ્યાખ્યા તેમ જ હિન્દી અને ગુજરાતી અનુવાદ. તેમજ મધુકરમુનિજી દ્વારા પ્રકાશિત આગમોમાં ઈ. સ. ૧૯૭૭માં આચાર્ય તુલસી દ્વારા પ્રકાશિત, ઈ. સ. ૧૯૯૦માં આગમ મનિષી પૂ. ત્રિલોકમુનિ દ્વારા સંપાદિત તેમજ ગુરુપ્રાણ ફાઉન્ડેશન રાજકોટ દ્વારા પ્રકાશિત થયેલ છે.

**વિષય-વસ્તુ :**

આ સૂત્ર પશ્નવ્યાકરણસૂત્રનું ઉપાંગ સૂત્ર છે. આ ઉપાંગ સૂત્રમાં પણ દસ અધ્યયનો છે. જેમ કે– ચંદ્ર, સૂર્ય શુક્ર, બહુપુત્રિક, પૂર્ણભદ્ર, મણિભદ્ર, દત્ત, શિવ, બલ અને અનાદત્ત. આ પ્રમાણે દસ અધ્યયનોનો નામ નિર્દેશ છે. આ દસે જીવો પૂ ર્વ ભવમાં ભગવાન પાર્શ્વ નાથના શાસનમાં ધર્મનો બોધ પામ્યા હતા. તેઓનો વર્તમાન ભવ દેવરૂપે વર્ણિત છે અને ભવિષ્યમાં તે દશે મહાવિદેહ ક્ષેત્રમાંથી મોક્ષે જશે. આ દસે અધ્યયનમાં ચન્દ્ર, સૂર્ય, શુક્ર આદિ દેવ ભગવાન મહાવીરના દર્શનાર્થે આવે છે અને વિવિધ પ્રકારના નાટક બતાવી પાછા પોતપોતાના સ્થાને જતા રહે છે. ત્યારે ગણધર પ્રભુ ગૌતમ સ્વામી દ્વારા આ દેવોની દિવ્ય દેવ રિદ્ધિ-સિદ્ધિ પ્રાપ્ત થવાનું કારણ પૂછવાથી ભગવાન મહાવીરે એમના પૂર્વભવોનું કથન કર્યું છે.

પ્રથમ બે અધ્યયનમાં ક્રમશઃ ચંદ્રદેવ, સૂર્યદેવના પૂર્વભવનું નિરૂપણ છે. ત્રીજા અધ્યયનમાં શુક્ર મહાગ્રહના પૂર્વભવનું વર્ણન છે. ચોથા અધ્યયનમાં બહુપુત્રિકા દેવીના પૂર્વ-પ્રશ્નાદ્ ભવની વિટંબણાઓથી ભરેલી વિચિત્ર કથા છે. આ કથામાં સાંસારિક મોહમમતા કેવા પ્રકારની હોય તેનું આલેખન કર્યું છે. કથાના માધ્યમથી પુનર્જન્મ અને કર્મફળના સિદ્ધાંતને પણ પ્રતિપાદિત કર્યા છે. બાકીના છ અધ્યયનોમાં પૂર્ણભદ્ર આદિનું પૂર્વભવ સહિત વર્ણન છે.

સ્થનાંગ સૂત્રના ૧૦મા સ્થાનમાં દીર્ઘદશા નામક શાસ્ત્રના દશ અધ્યયન કહ્યાં છે તે આ પ્રમાણે છે-૧. ચંદ્ર, ૨. સૂર્ય, ૩. શુક્ર, ૪. શ્રીદેવી, ૫. પ્રભાવતી, ૬. દ્વીપસમુદ્રોત્પત્તિ, ૭. બહુપુત્રી મંદરા, ૮. સ્થવિર સંભૂતિવિજય, ૯. સ્થવિર પક્ષ્મ, ૧૦. ઉચ્છ્વાસ-નિઃશ્વાસ. આ શાસ્ત્રના ચંદ્ર, શુક્ર, સૂર્ય, શ્રીદેવી અને બહુપુત્રી મંદરા આ પાંચ અધ્યયનોનું સામ્ય પુષ્પિકા ઉપાંગસૂત્રના કથાનકોમાં જોવા મળે છે.

**ઉપસંહાર :**

આ ઉપાંગની વિશિષ્ટતા એ છે કે ઉન્માર્ગે જતાં શ્રાવક-સાધુ ભગવંતોને દેવો પ્રેરણા આપી પાછા સંયમ સ્થાનમાં સ્થિર કરે છે. દેવો પણ પ્રભુના શાસનની રક્ષા કરે છે. અહીં કુતૂહલની પ્રધાનતા

છે. સાંસારિક મોહ-મમતાનું સફળ ચિત્રણ થયું છે.

પુનર્જન્મ અને કર્મ ફળના સિદ્ધાંતોનું સચોટ નિરૂપણ થયું છે. સાધના સાધી સંયમ આરાધનાથી કોઈને પણ ચંદ્ર, શુક્ર કે સૂર્ય દેવ જેવી ઉચ્ચ પદવી પ્રાપ્ત થઈ શકે છે. આજે એકવીસમી સદીના વૈજ્ઞાનિકો જ્યોતિષેન્દ્રના વિમાનને અગ્નિનો ગોળો સમજે છે અને ચંદ્રને પૃથ્વીનો ટુકડો માને છે. જ્યારે જૈન સિદ્ધાંતમાં તેને રત્નોના વિમાન કહ્યાં છે. સૂર્યવિમાન સમભૂમિથી ૮૦૦ યોજન ઊંચે અને ચંદ્રવિમાન ૮૮૦ યોજન ઊંચે રહેતાં ભ્રમણ કરે છે. આ વસ્તુ આજના વૈજ્ઞાનિકો માટે, ખગોળશાસ્ત્રીઓ માટે પડકાર રૂપ છે. બ્રહ્માંડનું સ્વરૂપ સમજવા માટે આપણું જૈનઆગમ અતિ ઉપયોગી છે. તેવી જ રીતે આધ્યાત્મિક સુખ-શાંતિ અને આત્માનંદની પ્રાપ્તિ થાય છે. સમજણના અભાવે વસ્તુની પ્રાપ્તિ કે અપ્રાપ્તિ બંને દુઃખજનક બને છે, તેથી જ્ઞાની પુરુષો કહે છે કે સહજ પ્રાપ્ત થયેલા સંયોગોમાં સંતોષ રાખી, પ્રસન્ન રહેવાથી જ મનુષ્યને સુખ-શાંતિ મળે છે.

ધર્મ અને ત્યાગ એ જ સંસારના પ્રપંચથી મુક્ત કરી શકે છે એમ જાણી પ્રત્યેક સુખેચ્છુએ ત્યાગ અને સંયમરૂપ ધર્મના માર્ગે અગ્રેસર થવાનો સંકલ્પ કરવો જોઈએ. ઈચ્છાઓ ઉપર કાબૂ મેળવી આત્મકલ્યાણના શ્રેષ્ઠ માર્ગનો સ્વીકાર કરવો જોઈએ, એજ આગમજ્ઞાન અને શ્રદ્ધાનો સાર છે.

★

---

## શ્રી પૂષ્ફચૂલિયા-(પૂષ્પચૂલિકા) સૂત્ર

તીર્થંકરોએ આપેલું જ્ઞાન આગમ કહેવાય છે. ચરમ તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીએ કેવળજ્ઞાન-દર્શન પ્રાપ્ત કરી સર્વજ્ઞ-સર્વદર્શી થયા પછી પ્રવચન દ્વારા જીવ-અજીવ આદિનું સ્વરૂપ પ્રગટ કરતાં કર્મબંધ, બંધહેતુ, મોક્ષ અને મોક્ષના હેતુનું રહસ્ય સમજાવ્યું છે. ભગવાન મહાવીરના પ્રવચનો અર્થાગમ કહેવાય અને ગણધરો દ્વારા કરેલી સૂત્ર રચના સુત્તાગમ કહેવાય. આ આગમ સાહિત્ય આચાર્ય માટે નિધિ સમાન છે. તેના મૌલિક વિભાગ બાર છે જેને દ્વાદશાંગી કહેવાય છે. તેમજ તેના બાર ઉપાંગો છે. તેમાંનું અગિયારમું ઉપાંગ એટલે પૂષ્ફચૂલિયા- પૂષ્પચૂલિકા. જેનો સારાંશ નીચે પ્રસ્તુત છે.

**ગ્રંથનું નામકરણ:**

આ ગ્રંથમાં પાર્શ્વનાથ ભગવાનના શાસનમાં 'પૂષ્પચૂલા' નામની પ્રવર્તિની સાધ્વીજી પાસે દીક્ષિત દસ સ્ત્રીઓનું કથાનક છે. તેથી આ સૂત્રનું નામ **'પૂષ્પચૂલિકા'** છે.

**ગ્રંથના કર્તા:**

પૂર્વ ઉપાંગોની જેમ આ ગ્રંથનાકર્તા સ્થવિર ભગવંતો જ હોય એમ લાગે છે.

**ગ્રંથનો રચનાકાળ :**

અન્ય ઉપાંગોની જેમ જ પૂજ્ય આચાર્ય શ્રી ભદ્રબાહુ મુનિના સમય પૂર્વેજ આ ઉપાંગ ગ્રંથની રચના થઈ હશે.

**ગ્રંથની ભાષા :**

સરળ, સહજ, પ્રવાહિત અર્ધમાગધી ભાષામાં રચાયેલું છે.

**આગમની શૈલી :**

કુતૂહલ અને જિજ્ઞાસાથી નિખાલસતાપૂર્વક એક બાળકની જેમ શિષ્ય પોતાના ગુરુભગવંતને સહજતાથી પ્રશ્નો પૂછે અને એના ઉત્તરરૂપે ગુરુ ભગવંતો કથા શૈલીમાં રજૂઆત કરે એ પ્રકારની શૈલી છે. ગદ્ય શૈલીમાં રચાયેલાં આ સૂત્રમાં ૨૩ ગદ્યાંશ છે.

**વ્યાખ્યા સાહિત્ય :**

પ્રસ્તુત સૂત્ર કથાપ્રધાન હોવાના કારણે તેના પર નિર્યુક્તિ, ભાષ્ય કે ચૂર્ણિ લખાઈ નથી. તેમ છતાં શ્રી ચંદ્રસૂરિએ સંસ્કૃતમાં વૃત્તિ લખી છે. તેમજ આચાર્ય અમોલખઋષિજી, ઘાસીલાલ મહારાજ, મધુકરમુનિજી, આચાર્ય તુલસી, આગમ મનિષી પૂ. ત્રિલોકમુનિ વગેરે દ્વારા હિન્દી, ગુજરાતી, સંસ્કૃતમાં ટીકા તેમજ વ્યાખ્યા પ્રકાશિત થયેલ છે.

**વિષય વસ્તુ :**

આ ઉપાંગના પણ દસ અધ્યયન છે. આ દસ અધ્યયનોના નામ આ પ્રમાણે છે-૧. શ્રીદેવી. ૨. હ્રીદેવી. ૩. ધૃતિદેવી. ૪. કીર્તિદેવી. ૫. બુદ્ધિદેવી. ૬. લક્ષ્મીદેવી. ૭. ઈલાદેવી. ૮. સુરાદેવી. ૯. રસદેવી. ૧૦. ગન્ધદેવી. આ દસે અધ્યયનમાં વર્ણિત દેવીઓ સૌધર્મકલ્પમાં પોતપોતાના નામના અનુરૂપ વિમાનોમાં ઉત્પન્ન થઈ હતી. એમણે રાજગૃહી નગરીમાં સમોસરણમાં બિરાજીત ભગવાન મહાવીરને જોયા. પૂર્વ સંસ્કારને વશ પ્રભુ પ્રત્યે ભક્તિભાવ દર્શાવવા ત્યાં આવીને નૃત્ય આદિ પ્રદર્શિત કરીને સ્વસ્થાને પ્રસ્થાન કર્યું. એમના ગયા પછી ગણધર પ્રભુ ગૌતમ સ્વામીએ જિજ્ઞાસા વ્યક્ત કરી. ત્યારે ભગવાને એમના પૂર્વ ભવનું કથન કર્યું કે આ દસે દેવીઓ ભગવાન પાર્શ્વનાથના શાસનમાં પૂષ્પચૂલિકા આર્યા પાસે દીક્ષિત થઈ હતી. કાલાં તરે બધી દેવીઓ શરીર બકુશિકા થઈ ગઈ. મહાસતીજી પૂષ્પચૂ લિકા આર્યાએ એમને સમજાવ્યું છે કે આ શ્રમણાચારને યોગ્ય નથી. છતાં તેઓ માની નહિ અને ઉપાશ્રયથી નીકળીને નિરંકુશ રોકટોક રહિત સ્વચ્છંદ મતિ થઈને વારંવાર હાથપગ ધોવા, શરીરની વિભૂષા કરવી વગેરે કરવા લાગી. કાયાની માયામાં ફસાઈને પોતાના દોષોની આલોચનાન કરવાના કારણે સંયમ વિરાધક બનીને પ્રથમ દેવલોકમાં દેવીઓ તરીકે ઉત્પન્ન થઈ. ત્યાં એક પલ્યોપમનું આયુષ્ય પૂર્ણ કરીને મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લેશે. સંયમ તપની શુદ્ધ આરાધના કરીને સિદ્ધગતિને પ્રાપ્ત કરશે.

ઐતિહાસિક રીતે વિચારતાં આ ઉપાંગ અત્યંત અધિક મહત્ત્વનું છે. વર્તમાને ભગવાન મહાવીરના શાસનની સાધ્વીઓનો ઇતિહાસ મેળવવામાં કઠિનતા પ્રાપ્ત થાય છે. ત્યારે આ ઉપાંગમાં તો **ભગવાન પાર્શ્વનાથના શાસનની સાધ્વીઓનું વર્ણન જોવા મળે છે.**

**ઉપસંહાર:**

આજે જ્યારે સ્ત્રી સમોવડીની વાતો થાય છે ત્યારે આ સૂત્રના અધ્યયનથી ખ્યાલ આવે છે કે જૈનદર્શનમાં સમગ્ર વ્યવહારમાં સ્ત્રી જાતિને સમાન હક હતો. જૈન આગમોમાં મુક્તિ પર્યંતની સર્વ યોગ્યતા જણાવીને સ્ત્રી જાતિને પણ સરખું મહત્ત્વ આપ્યું છે. અનેક સૂત્રોમાં સાધ્વીજીઓના જીવન વર્ણન છે એ જ એનો પુરાવો છે.

આ ધર્મકથાથી જણાય છે કે ચારિત્રના વિરાધક સાધકો પણ જો શ્રદ્ધામાં દૃઢ હોય તો તે વિરાધક થવા છતાં અનંત સંસાર પરિભ્રમણ

કરતા નથી. ચારિત્રની વિરાધનાને પરિણામે તે નિમ્ન જાતિના દેવ-દેવી તરીકે જન્મ ધારણ કરે છે. પરંતુ ફરી મનુષ્ય જન્મ ધારણ કરી આરાધના કરીને સિદ્ધ ગતિને પ્રાપ્ત કરી શકે છે. સાવધાન રહેનાર સંયમી સાધક પોતાના આત્માની અધોગતિથી સુરક્ષા કરી અંતે સદ્‌ગતિ પ્રાપ્ત કરી શકે છે. આ વર્ગના વર્ણનથી સ્પષ્ટ થાય છે કે લોકમાં લક્ષ્મી, સરસ્વતી આદિ દેવીઓની પ્રતિષ્ઠા અને જિનમંદિરોમાં મણિભદ્ર, પૂર્ણભદ્ર દેવોની પૂજા પ્રતિષ્ઠા કરવામાં આવે છે તે એક પ્રકારની ભક્તિનું દર્શન હશે પરંતુ તે સર્વ ભૌતિક સુખની અપેક્ષાએ થાય છે. વીતરાગ ધર્મ તો લૌકિક આશાથી પર રહીને માત્ર આત્મસાધના કરવાનો ઉપદેશ આપે છે. ★

# શ્રી વન્હિદશા–વૃષ્ણિદશા સૂત્ર

તીર્થંકરદેવની સકલજગતહિતકારિણી વાણીને એમના જ અતિશય સંપન્ન વિદ્વાન શિષ્યો ગણધરોએ સંકલિત કરીને આગમ કે શાસ્ત્રનું રૂપ આપ્યું છે. અર્થાત્ જિનવચન રૂપ ફૂલોની મુક્ત વૃષ્ટિ જ્યારે માળારૂપે ગૂંથાય છે ત્યારે તે આગમનું રૂપ ધારણ કરે છે અને એ આગમ આપણને શાશ્વત સુખનો અનુભવ કરાવે છે. એવા શ્રેષ્ઠ આગમોમાંથી એક છે વૃષ્ણિ દશા નામનું બારમું ઉપાંગ જેનું સંક્ષિપ્ત વર્ણન અહીં પ્રસ્તુત છે.

**ગ્રંથનું નામકરણ:**

નન્દી ચૂર્ણિ અનુસાર પ્રસ્તુત ઉપાંગનું નામ અંધકવિષ્ણુદશા હતું. પરંતુ પાછળથી તેમાંથી 'અંધક' શબ્દ લુપ્ત થઈ ગયો. માત્ર વિષ્ણુદશા જ બાકી રહ્યું. આજે આ નામથી જ આ ઉપાંગ પ્રખ્યાત છે. આ ઉપાંગમાં વૃષ્ણિવંશિય બાર રાજકુમારોનું વર્ણન આપેલું છે.

**ગ્રંથના કર્તા :**

પૂર્વના ઉપાંગોની જેમ આ ગ્રંથના કર્તા સ્થવિર ભગવંતો જ હોય એમ જણાય છે.

**ગ્રંથનો રચનાકાળ :**

અન્ય ઉપાંગોની જેમજ પૂજ્ય આચાર્ય શ્રી ભદ્રબાહુ મુનિના સમય પૂર્વે જ આ ઉપાંગગ્રંથની રચના થઈ હશે.

**ગ્રંથની ભાષા :**

સરળ, સહજ, પ્રવાહિત અર્ધમાગધીભાષામાં રચાયેલું છે.

**આગમની શૈલી :**

બાળસહજ કુતૂહલ અને જિજ્ઞાસાથી નિખાલસતાપૂર્વક શિષ્ય દ્વારા પૂછાયેલ પ્રશ્નના ગુરુભગવંતે કથાશૈલીમાં ઉત્તર આપ્યા છે. ગદ્યશૈલીમાં રચાયેલ આ આગમમાં ૨૯ ગદ્યાંશ છે.

**વ્યાખ્યા સાહિત્ય :**

વ્યાખ્યા સાહિત્ય એટલે વિવેચન. જૈન સાહિત્યના પાંચ અંગો છે. ૧. નિર્યુક્તિ, ૨. ભાષ્ય, ૩. ચૂર્ણિ, ૪. ટીકા અને ૫. આગમ. પ્રસ્તુત સૂત્ર કથાપ્રધાન હોવાને કારણે તેના પર નિર્યુક્તિ, ભાષ્ય કે ચૂર્ણિ લખાઈ નથી. તેથી અહીં ટીકા અને આગમ આ બે જ અંગ પ્રાપ્ત થાય છે. શ્રી ચંદ્રસૂરિએ સંસ્કૃત ભાષામાં આ સૂત્ર પર સંક્ષિપ્ત વૃત્તિ લખી છે. બીજી સંસ્કૃત ટીકાનું નિર્માણ સ્થાનકવાસી જૈન પરંપરાના આચાર્ય ઘાસીલાલજી મહારાજે કર્યું હતું. તદુપરાંત શ્રમણસંઘીય યુવાચાર્ય મધુકરમુનિ, આચાર્ય અમોલકઋષિજી, આચાર્ય તુલસી, આગમ મનિષિત્રિલો કમુનિ, દીપવિજયજી મહારાજ સાહેબ આદિએ ટીકા તથા ટીકાના અનુવાદ લખ્યા છે.

**વિષયવસ્તુ :**

આ ઉપાંગમાં બાર અધ્યયનો છે તેના નામ ૧. નિષધકુમાર, ૨. માતલીકુમાર, ૩. વહકુમાર, ૪. વહેકુમાર, ૫. પ્રગતિકુમાર, ૬. જ્યોતિકુમાર, ૭. દશરથકુમાર, ૮. દઢરથકુમાર, ૯. મહાધનુકુમાર, ૧૦. સપ્તધનકુમાર, ૧૧. દશધનુકુમાર અને ૧૨. શતધનુકુમાર.

**પ્રથમ અધ્યયનનું વર્ણન :**

બળદેવ રાજા અને રેવતી રાણીના નિષધકુમાર પચાસ કન્યાઓ સાથે લગ્ન કરીને સુખપૂર્વક રહેતા હતા. એકદા દ્વારકાનગરીમાં પધારેલ અરિહંત અરિષ્ટનેમિ ભગવાનની દેશના સાંભળીને શ્રાવકના બારાત અંગીકાર કર્યા. નિષધકુમારના દિવ્ય રૂપ સંબંધી ગણધર વરદત્તે પ્રશ્ન પૂછતાં ભગવંતે એના પૂર્વભવનું વર્ણન કર્યું. જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં રોહતક નગરમાં મહાબલ રાજા અને પદ્માવતી રાણીનો વીરાંગદ નામે પુત્ર હતો. યુવાવસ્થામાં મનુષ્યસંબંધી ભોગો ભોગવતો હતો. એકવાર સિદ્ધાર્થ આચાર્યનો ઉપદેશ સાંભળી દીક્ષા અંગીકાર કરીને ૧૧ અંગનો અભ્યાસ અને અનેક તપશ્ચર્યાઓ કરી ૪૫ વર્ષનો શ્રમણ પર્યાય પાળી દ્વિમાસિક અનશન કરી ત્યાંથી કાળ કરી પાંચમા દેવલોકમાં ઉત્પન્ન થયો. ત્યાંથી આવીને નિષધકુમાર તરીકે અહીં અવતર્યો.

બારવ્રતધારી નિષધકુમારને એકદા પૌષધાતમાં ધર્મ જાગરણ કરતી વખતે સંયમના ભાવ જાગ્યા. તેથી ભગવાન પધાર્યા ત્યારે તેમણે સંયમ અંગીકાર કર્યો. ૧૧ અંગનો અભ્યાસ અને વિવિધ તપશ્ચર્યા કરી. ૯ વર્ષનો સંયમ પર્યાય પાળીને ૨૧ દિવસનો સંથારો કરીને કાળ કરી સર્વાર્થસિદ્ધ મહાવિમાનમાં દેવ રૂપે ઉત્પન્ન થયા. ત્યાંથી આવીને મહાવિદેહમાં મનુષ્યનો જન્મ લઈને સિદ્ધગતિને પ્રાપ્ત કરશે.

આ જ પ્રમાણે બાકીના ૨૧ રાજકુમારોના અધ્યયનનું વર્ણન છે.

**ઉપસંહાર:**

વૃષ્ણિદશા ઉપાંગમાં કથાતત્ત્વની અપેક્ષાએ પૌરાણિક તત્ત્વનું પ્રાધાન્ય છે. અહીં જેનું વર્ણન કરાયું છે એવા યદુવંશીય રાજાની તુલના શ્રીમદ્ ભાગવતમાં આવેલ. 'યદુવંશીય ચારિત્ર' સાથે કરવામાં આવે છે. હરિવંશ પુરાણના નિર્માણનું બીજ પણ અહીં વિદ્યમાન છે. વૃષ્ણિવંશ કે જેનું આગળ જઈને હરિવંશ નામ થયું તેની સ્થાપના હરિ નામના પૂર્વ પુરુષે કરી હતી.

નિરયાવલિકા આદિ પાંચ અંગોનો **ઉપસંહાર**

આ પાંચ વર્ગાત્મક ઉપાંગ સૂત્રમાં પહેલાં નરકનું વર્ણન, ત્યારપછી દેવલોકનું વર્ણન, ત્યારપછી જ્યોતિષિ દેવોનું વર્ણન, ત્યારપછી પ્રથમ વૈમાનિક દેવલોકમાં દેવીઓને ઉત્પન્ન થવાનું વર્ણન અને અંતે સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થવાનું વર્ણન આવે છે. આ રીતે કર્મના ભારથી ભરેલો જીવ અધો ગતિવાળો હોય તેથી અધોલોકથી ઊર્ધ્વલોક સુધીનું વર્ણન કરતાં સૂત્રકારે પ્રથમ પાપની પંક્તિ દર્શાવી, ત્યારપછી પુણ્યની પંક્તિ દર્શાવી છે.

અંતમાં આ લેખ આ ઉપાંગોનો અભ્યાસ કરવા પ્રેરક બને અને આત્મોત્થાનમાં નિમિત્ત બને એ જ અભ્યર્થના.

★

# चतु:शरण प्रकीर्णक ચતુ:શરણ પ્રકીર્ણક

☐ મુનિ દીપરત્નસાગરજી મ. સા.

★ **ભૂમિકા :**

પયન્ના સૂત્રોમાં વર્તમાનકાળે આ સૂત્રનો સ્વીકૃત ક્રમ ૧ છે. પીસ્તાળીશ આગમોમાં ક્રમ ૨૪મો ધરાવતા આ સૂત્રનું મૂળ નામ ચઉશરણ છે. જેને સંસ્કૃતમાં ચતુ :શરણ કહે છે. આ પયન્ના સૂત્ર હોવાથી સૂત્રની પાછળ पयन्ना કે प्रकीर्णक શબ્દ લાગે છે.

- આ સૂત્રના મૂળ શ્લોક-૬૩ છે, તેના કર્તા શ્રી વીરભદ્રાચાર્ય છે.
- આ સૂત્ર ઉપર શ્રી વિજયવિમલ (વાનર્ષિ) ગણિકૃત ટીકા મુદ્રિત સ્વરૂપે ઉપલબ્ધ છે જ, તદુપરાંત અંચલગચ્છીય ભુવનતુંગસૂરિજી કૃત ૮૦૦ શ્લોક પ્રમાણ ટીકા હોવાનો ઉલ્લેખ પણ મળે છે.
- चउसरण पइण्णगं નું બીજું નામ कुसलानुबंधि अज्झयण છે અને આ બંન્ને નામો સાર્થક છે. ચઉસરણ એ આ પયન્નાનું હાર્દ છે. શ્લોક ૧૧ થી ૪૮ એ ૩૮ શ્લોકમાં ચાર શરણાનું વર્ણન છે. આ સૂત્રને 'कुसलानुबंधि' કહેવાનું કારણ એ છે કે–આ સૂત્રમાં ચાર શરણા સ્વીકાર, સ્વ દુષ્કૃત્યોની ગર્હા અને સુકૃતોની અનુમોદના એ ત્રણ મુખ્ય વિષયો હોવાથી, આ ત્રણેના આચરણ દ્વારા કુસલઅનુ બંધિ અર્થા ત્ દીર્ઘ સ્થિતિક પુન્યાનુ બંધી પુન્ય સહિત ઘણાં કર્મોની નિર્જરા થાય છે. તેથી 'કુશલાનુબંધી' નામ પણ સાર્થક છે.
- चरुसरण पइण्णगं – એ નામથી બીજા પણ એક પયન્નાનું અસ્તિત્વ છે, જે માં ૨૭ ગાથાઓ છે, તેમાં પણ ચાર શરણ, દુષ્કૃત ગર્હા, સુકૃત અનુમોદનાનો જ વિષય છે, પણ અત્રે દશ પયન્નામાં આ સૂત્રનો સમાવેશ કરાયેલ નથી.
- આ આખું સૂત્ર પદ્ય (શ્લોક) સ્વરૂપે રચાયેલ છે.
- નંદીસૂત્ર, પક્ખિસૂત્ર કે વિચારસાર પ્રકરણ આદિમાં આ સૂત્રનો નામોલ્લેખ નથી.

**વિષયવસ્તુ :**

ચઉસરણ પયન્નામાં સામાયિક આદિ છ આવશ્યકોનો સંક્ષેપ અને વિસ્તારથી અર્થાધિકાર છે, ચૌદ સ્વપ્નોના નામો છે, ચાર શરણાંનો સ્વીકાર–દુષ્કૃતની ગર્હા અને સુકૃતની અનુમોદના છે. અને છેલ્લે ચાર શરણા સ્વીકાર આદિ ત્રણેનું આરાધન કરનાર–ન કરનારને પ્રાપ્ત શુભ-અશુભ ફળનો ઉલ્લેખ છે.

**ઉડતી નજરે સૂત્ર-દર્શન:**

● **છ આવશ્યક નિર્દેશ:**

સાવદ્ય ત્યાગ અને નિરવદ્ય સેવન કરતો આત્મા સામાયિક વડે ચારિત્રને શુદ્ધ કરે, જિનેશ્વરના ગુણ કીર્તન વડે દર્શન વિશુદ્ધિ કરે અને વિધિપૂર્વક વંદના કરતો જ્ઞાનાદિ ગુણની શુદ્ધિને પામેલો આત્મા પ્રતિક્રમણ અને કાયોત્સર્ગ વડે દર્શનાદિ ત્રિકની સ્ખલનાને નિવારી, પ્રત્યાખ્યાન કરતો તપાચાર અને વીર્યાચારની શુદ્ધિને પામે છે. એ પ્રમાણે સૂત્રકારશ્રી આત્માને પંચાસારની વિશુદ્ધિના કથન દ્વારા તેમાં લાગેલા ડાઘને ભૂંસવાની પ્રક્રિયા માટે છ આવશ્યકોનો નિર્દેશ કરે છે.

સામાયિક આદિ ઉક્ત છ આવશ્યકને આરાધતો આત્મા પ્રાપ્ત ભાવથી પડે નહીં અને અભિનવ ભાવ વિશુદ્ધિને પ્રાપ્ત કરે, તે માટે શું કરવું ? એ પ્રશ્નનો ઉત્તર આપતા સૂત્રકારશ્રી અહીં મોક્ષ સુખના અવંધ્ય કારણરૂપ એવી ત્રણ આરાધનાને ત્રિસંધ્યા આરાધવાના હેતુથી આગળ જણાવે છે કે, હે આત્મન! તમે અરિહં તાદિ ચાર શરણાં સ્વીકારો, સ્વદુષ્કૃતની ગર્હા કરો અને સ્વ તથા પર સુકૃતોની અનુમોદના કરો.

● **ચાર શરણ સ્વીકાર:**

કેવા અરિહંતોનું શરણ સ્વીકારવું ? જે રાગ–દ્વેષ રૂપી શત્રુને હણનારા છે, દુષ્કર તપ અને ચારિત્રનું સેવન કરનારા છે, વિશિષ્ટ પૂજા-સ્તુતિ-વંદનાદિને યોગ્ય છે, ધ્યાતવ્ય છે, ચોંત્રીશ અતિશયોથી યુક્ત છે, અતિ અદ્‌ભુત ગુણોની ખાણ છે... ઇત્યાદિ વિશેષણોથી અરિહંતનો પરિચય આપીને સૂ ત્રકારશ્રી અત્રે અરિહંતના શરણના સ્વીકારપણાની મહત્તાનો નિર્દેશ કરે છે. એ જ પ્રમાણે ૭ ગાથામાં સિદ્ધ ભગવંતોનો પરિચય આપે છે. ૧૧ ગાથામાં સાધુના સ્વરૂપને જણાવે છે અને ૮ ગાથામાં કેવળી પ્રજ્ઞપ્ત ધર્મની ઓળખ કરાવે છે. એ રીતે સિદ્ધ આદિ ત્રણેના શરણનો સ્વીકાર કરવાની અદ્‌ભુત પ્રેરણા આપે છે.

આવા ચતુર્વિધ શરણને સ્વીકારનાર આત્મા નિશ્ચે ભક્તિરસ નિમગ્ન બને છે, અશરણ રૂપ બીજી વૈરાગ્ય ભાવનાથી વાસીત પણ થાય છે, પરંતુ તેનો આત્મા જે પૂર્વના દુષ્કૃત્યોથી પણ કુવાસનાનો શિકાર બન્યો છે, તેનું શું ?

● **દુષ્કૃત ગર્હા:**

ત્યાં સૂત્રકાર મહર્ષિ, તે આત્માને પોતાના દુષ્કૃતોને નીંદવા દ્વારા અશુભકર્મોનો ક્ષય કરવાની અને આત્માના મલીન ભાવોનો નાશ કરવાની દિશામાં પગલા માંડવા માટે છ ગાથામાં 'દુષ્કૃતગર્હા' કરવાનો ઉપદેશ આપતાં જણાવે છે કે મિથ્યાત્વને નિંદો, અરિહંતાદિ વિષયક અવર્ણ વાદનો ત્યાગ કરો. ધર્મ-સંઘ-સાધુ પરત્વે શત્રુ ભાવ ન રાખો... ઇત્યાદિ સ્વરૂપે આત્માને કલુષિતતારહિત કરો.

● **સુકૃત અનુમોદના :**

દુષ્કૃતગર્હા વડે આત્માની કલુષિતતા જરૂર દૂર થશે. પણ આત્મામાં સદ્‌ભાવોનું સિંચન અને ગુણાનુરાગ કેમ પ્રગટાવવો ? સૂત્રકાર મહર્ષિ તે માટે સુકૃત અનુમોદના કરવાનું કહે છે. પણ સુકૃત અનુમોદના કરવી કઈ રીતે ? જેનામાં જે ગુણ હોય તેના તે ગુણની હાર્દિક પ્રશંસા કરો.

આ વાતને પૂ. યશોવિજયજી મહારાજે 'અમૃતવેલની સજઝાય'માં અને ચિરંતનાચાર્યશ્રીએ 'પંચસૂત્ર'ના પહેલા અધ્યયનમાં પણ ખૂબ જ સારી રીતે વણી લીધી છે. અહીં સૂત્રકારશ્રીએ પણ સ્વ-પ્રશંસા અને પરનિંદાના બે ભયંકર દોષોથી વાસીત આત્માને બચાવવા માટે સ્વદુષ્કૃત ગર્હા અને પર સુકૃત અનુમોદના આત્માને શુભ ગુણોથી સુવાસિત કરવાને નિતાંત ઉપયોગી છે.

● **સારાંશ:**

અંતે સૂત્રકારશ્રી આ ત્રિવિધ આરાધનાના શુભ વિપાક રૂપ ફળનો નિર્દેશ કરી, તેન આરાધવાથી મનુષ્ય જન્મની નિષ્ફળતા બતાવીને, ત્રણે સંધ્યા આરાધના કરવી તે ઉપદેશ આપી વિરમે છે.

આપણે પણ ચતુ:શરણના આટલા પરિચયથી વીરમીએ. ★

# आतुर प्रत्याख्यान प्रकीर्णक આતુર પ્રત્યાખાન પ્રકીર્ણક

**ભૂમિકા :**

પયન્ના સૂત્રમાં વર્તમાનકાળે આ સૂત્રનો સ્વીકૃત ક્રમ બે છે. પીસ્તાળીશ આગમમાં ક્રમ ૨૫મો ધરાવતા આ સૂત્રનું મૂળ નામ आउरपच्चक्खाण છે, સંસ્કૃતમાં आतुरप्रत्याख्यान કહે છે. આ પયન્ના સૂત્ર હોવાથી સૂત્રની પાછળ पयन्ना કે प्रकीर्णक શબ્દ લાગે છે.

- આ સૂત્રમાં ૭૦ ગાથા છે અને ૧ સૂત્ર છે. તે ૮ શ્લોક પ્રમાણ ગણાવાય છે.
- શ્રી વીરભદ્રાચાર્યકૃત આ પયન્ના સૂત્ર ઉપર અચલગચ્છીય શ્રી ભુવનતુંગ સૂરિ રચિત ટીકાનો ઉલ્લેખ મળે છે. આ ટીકા ૪૨૦ શ્લોક પ્રમાણ હોવાનું કહેવાય છે. તદુપરાંત શ્રી ગુણરત્નસૂરિ કૃત અવચૂરી છે, જેનું મુદ્રણ અમારા ‘आगम सुत्ताणि सटीकं’માં કરાયેલ છે.
- આ સૂત્રમાં ગદ્ય-પદ્ય અર્થાત્ શ્લોક અને સૂત્ર બંન્ને છે.
- आउरपच्चक्खाण નામથી જ બીજા પણ બે પયન્ના મળે છે. જેમાં એક आउरपच्चक्खाणમાં૨૮ શ્લોકો અને ૨ સૂત્રો છે, જેમાં પંચ પરમેષ્ઠી નમસ્કાર, ખામણા, પાપસ્થાનક આદિ વોસિરાવવા, પ્રત્યાખ્યાન આત્મોપદેશ છે અને બીજા आउरपच्चक्खाणમાં ૩૪ શ્લોકો છે. બધા પદ્યો જ છે. તેમાં શરીરને અવિરતિ પ્રત્યાખ્યાન, મિચ્છામિ દુક્કડમ્, મમત્વ ત્યાગ, શરીરને ઉપાલંભ, શુભ ભાવના આદિ વિષયો છે. પરંતુ આ બે आउर पच्चक्खाण સૂત્રો અહીં લીધા નથી.
- आउर पच्चक्खाण સૂત્રનો ઉલ્લેખ ‘નંદીસૂત્ર’માં સૂત્ર ૧૩૭માં અઠ્ઠાવીસમાં ઉત્કાલિક સૂત્ર રૂપે છે. પ્રસ્તુત સૂત્ર તે જ હોવાનો સંભવ છે, કેમકે અહીં સ્વીકૃત સૂત્રના કર્તા શ્રી વીરભદ્રાચાર્ય છે, જેઓ ભગવંત મહાવીરના હસ્તદીક્ષિત થયા હોવાનું કહેવાય છે. ‘પક્ખિ સૂત્ર’માં પણ ૨૭મા ઉત્કાલિક સૂત્ર રૂપે નોંધાયેલ છે અને શ્રી પ્રદ્યુમ્નસૂરિજીકૃત વિચારસાર પ્રકરણમાં ૪૫ આગમોમાં ૩૭મા આગમ અને પયન્ના શબ્દથી જ ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.
- आउर એટલે રોગથી ઘેરાયેલો આત્મા, જેને પરભવની આરાધના કરાવવાના અવસરે કરાવવા લાયક પ્રત્યાખ્યાનનું વર્ણન તેમાં હોવાથી આ સૂત્રને आतुर प्रत्याख्यान કહે છે.

**★ વિષયવસ્તુ :**

પ્રસ્તુત સૂત્રમાં મુખ્યત્વે બાળમરણ, બાલપંડિતમરણ અને પંડિતમરણ એ ત્રણ વિષયોને સ્પર્શાયેલ છે. તદ્અંતર્ગત દેશવિરતિ ધર્મનું સ્વરૂપ, બાલપંડિતની ગતિ, અતિચાર આલોચના, હિંસાદિ વિરતિ, પ્રતિક્રમણ-નિંદા-ગર્હાદિ, આલોચનાદાયક ગ્રાહકનું સ્વરૂપ, અસમાધિ મરણ અને તેનું ફળ, પંડિત મરણની ભાવના અને આરાધના વિધિ ઇત્યાદિ નાના-નાના વિષયો સમાવિષ્ટ છે.

**★ ઉડતી નજરે સૂત્રદર્શન :**

**● બાળપંડિતમરણ :**

પ્રસ્તુત સૂત્રનો મુખ્ય વિષય પંડિતમરણ જ છે, પણ પંડિતમરણની મહત્તાને પ્રસ્થાપિત કરવા માટે બાળપંડિતમરણ અને બાળમરણને પણ જણાવેલા છે. દેશવિરતિ સમ્યગ્દૃષ્ટિ જીવના મરણને બાળપંડિતમરણ કહેલ છે. તે માટે દેશવિરતિ કોને કહેવાય, તે જણાવવા બાર વ્રતોનો નામોલ્લેખ કરેલ છે. ત્યાર પછી બાળપંડિતમરણ માટેની વિધિ અને તેઓની ભાવિ શુભ ગતિનો ઉલ્લેખ કરેલ છે.

**● પંડિતમરણ :**

અહીં સૂત્રકાર મહર્ષિ ગદ્યસૂત્ર રચના વડે ઉત્તમાર્થની આરાધના કરવા ઇચ્છુક આત્માની જ્ઞાન અને વૈરાગ્યયુક્ત ચિંતવના રજૂ કરે છે. આવો આત્મા શુભચિંતવનાસહ અતિક્રમ આદિ ચારેનું મિચ્છામિ દુક્કડમ્ આપીને, પરમાત્માને નમસ્કાર કરી, પાંચે મહાવ્રતોનો પુનઃ સ્વીકાર કરે અને પછી પોતાના આત્મિક ભાવોને પ્રગટ કરતાં કેવી કેવી પ્રવૃત્તિ–વિચારણા કરે, તે જણાવવા ગાથા ૧૪ થી ૩૫ની રચના કરેલ છે.

આવો આત્મા અંતિમ આરાધના પૂર્વે શું કરે?

જીવ ખામણા કરી સમાધિભાવ ધારણ કરે, આહાર-વિધિ, સંજ્ઞા-ગારવ આદિને તજે, અરહંતાદિને નમસ્કાર કરી પાપોના પચ્ચક્ખાણ કરે, કેવળી પ્રરૂપિત વિધિ મુજબ સંથારાનો સ્વીકાર કરે, ઉપાધિશરીર-ખોટું આચરણ આદિ વોસિરાવી મમત્વનો ત્યાગ કરે. આત્માની જ્ઞાનાદિમાં સ્થિતિ, એકત્વ ભાવ આદિ શુભ-ભાવયુક્તતાને ધારણ કરી વિરાધનાને પ્રતિક્રમે, આશાતના-રાગ-દ્વેષ-અસંયમમિથ્યાત્વ ઇત્યાદિની ગર્હા કરી, નિષ્કપટ ભાવે સર્વે પાપોની આલોચના કરે. પૂજ્ય એવા ગુરુ ભગવંત પાસે ક્ષમાયાચના કરે.

**● મરણના ભેદ, બાળમરણના ફળ :**

સૂત્રકાર મહર્ષિએ પંડિતમરણની વિધિ જણાવી, પણ પંડિતમરણની મહત્તા કે આવશ્યકતા ક્યારે સમજાય? જો બાળમરણ અને તેના અશુભ વિપાક સમજાય તો! આ હેતુને આચાર્યશ્રી મરણના ત્રણ ભેદ જણાવીને બાળમરણ પામનારની દુર્ગતિ, અનંતા સંસારની પ્રાપ્તિ, અબોધિપણું ઇત્યાદિના સ્વરૂપનો તથા તેના કારણોનો વિસ્તાર કરી બાળમરણના સ્વરૂપને સૂત્ર ૩૭ થી ૪૩માં જણાવીને ‘હવે હું પંડિતમરણે મરીશ’ તેવી પ્રતિજ્ઞાનું કથન કરે છે.

પંડિતમરણે મરવા ઈચ્છનારો જીવ કેવી વિચારણા કરે?

નરક આદિ વેદનાને સંભારે, સંસાર ભાવના ભાવતા દુઃખની ઉત્પત્તિના કારણોને યાદ કરે, અશન અને પાનથી તૃપ્તિ નમ્યાને વિચારે, કષાયના નિગ્રહ દ્વારા મરણ પામવાની ભાવના, રાધાવેધ કરનાર પુરુષ માફક મોક્ષમાર્ગ સાધવા આત્માને ગુણયુક્ત કરે, જિનોપદિષ્ટ ઉપદેશની સદ્હણા કરે, વૈરાગ્યના એ કાદા પદને ચિંતવે, મરણના ભયનો ત્યાગ કરી જ્ઞાનાદિમાં સાવધાન બને ઇત્યાદિ પ્રકારે આત્માનું પચ્ચક્ખાણ શુભ થાય છે, તેમ વિચારે-સ્વીકારે.

આપણે પણ પ્રાંતે આવી ભાવ આરાધકતા ધારણ કરીએ.

★

## महाप्रत्याख्यान प्रकीर्णक મહાપ્રત્યાખાન પ્રકીર્ણક

**★ ભૂમિકા:**

પયન્ના સૂત્રોમાં વર્તમાનકાળે આ સૂત્રનો સ્વીકૃત ક્રમ ૩ છે. પીસ્તાળીશ આગમોમાં ક્રમ ૨૬મો ધરાવતા આ સૂત્રનું મૂળ નામ महापच्चक्खाण છે, જેને સંસ્કૃતમાં महाप्रत्याख्यान કહે છે. આ પયન્ના સૂત્ર હોવાથી, સૂત્રની પાછળ पयन्ना કે प्रकीर्णक શબ્દ લાગે છે.

આ સૂત્રના મૂળ શ્લોક ૧૪૨ છે. આ સંપૂર્ણ પદ્યાત્મક (શ્લોકબદ્ધ) સૂત્ર જ છે, તેના કર્તા વિશે કોઈ જ માહિતી અમોને ઉપલબ્ધ નથી, તેની કોઈ વૃત્તિ કે અવચૂરી હોવાનો ઉલ્લેખ અમોને પ્રાપ્ત થયેલ નથી.

महापच्चक्खाण સૂત્રનો ઉલ્લેખ 'નંદીસૂત્ર'માં સૂત્ર ૧૩૭માં ૨૯મા ઉત્કાલિક સૂત્ર રૂપે છે, 'પાક્ષિક સૂત્ર'માં ૨૮મા ઉત્કાલિક સૂત્ર રૂપે છે, પણ ૧૪મી સદીમાં રચાયેલ 'વિચારસાર પ્રકરણ'માં ૪૫ આગમ ગણનામાં તેનો ઉલ્લેખ જોવા મળતો નથી.

નંદીસૂત્ર વૃત્તિમાં કહે છે કે 'મહાન' (મોટું) એવું જે 'પ્રત્યાખ્યાન', તેને महापच्चक्खाण કહે છે. અહીં ભવચરિમ પ્રત્યાખ્યાન સંબંધે વિવિધ પ્રરૂપણા છે.

**★ વિષયવસ્તુ :**

'महापच्चक्खाण' પયન્નામાં ઉલ્લેખિત વિષયો કંઈક આવા છે– ઉપધિ આદિ ત્રણનો ત્યાગ, રાગ આદિવોસિરાવવા, જીવ ખામણા, નિંદા-ગર્હા, મમત્વછેદન, આત્મભાવના, એકત્વભાવના, સંયોગ–સંબંધત્યાગ, મિથ્યાત્વત્યાગ, આલોચના, આલોચકનું સ્વરૂપ, શલ્યો દ્ધરણ પ્રરૂપણા, આલોચનાફળ, હિંસાદિના પ્રત્યાખ્યાન, ભાવવિશુદ્ધિ, વૈરાગ્યનો ઉપદેશ, પંડિતમરણ પ્રરૂપણા, પંચ મહાવ્રત રક્ષા, આત્માર્થ સાધનની પ્રરૂપણા, કરેલ - ન કરેલ યોગોથી થતાં લાભ કે હાનિ, અનારાધકનું સ્વરૂપ, આરાધનાનું માહાત્મ્ય, વિવિધ વ્યુત્સર્જના, ચાર શરણા, પંચ પરમેષ્ઠીનું મંગલપણું, વેદનાદિ સહેવાનો ઉપદેશ, અપ્રતિબદ્ધ-મરણ સ્વીકાર, આરાધના પતાકા હરણ, આરાધનાનો ભેદ અને ફળ ઇત્યાદિ.

**★ ઉડતી નજરે સૂત્ર-દર્શન:**

આતુર પ્રત્યાખ્યાનમાં આવતા કેટલાંક વિષયોનો સંક્ષેપ કરી સૂત્રકાર મહર્ષિએ અહીં સમાવિષ્ટ કરેલ છે, પરંતુ મુખ્યત્વે સાધુના અંત સમયની આરાધનાને અહીં વિસ્તારથી જણાવેલી છે. ઘણા વિષયોને સંક્ષેપમાં દર્શાવી, સૂત્રકારશ્રી એક મહત્ત્વની વાત કરે છે કે–'પાપ કરવું એ દુષ્કર નથી; પરંતુ કરેલા પાપોની નિર્મળ ભાવે ગુરુ પાસે આલોચના કરવી એ દુષ્કર છે.' પણ આ આલોચનામાં વિધિ શું ? આ આલોચનાકર્તા કેવો હોય ? મહાપ્રત્યાખ્યાનકર્તા કઈ રીતે આગળ વધે ? આ અને આવા પ્રશ્નોનો ઉત્તર આપવા સૂત્રકાર મહર્ષિ આ સૂત્રની રચના કરે છે.

**★ મહાપ્રત્યાખ્યાન આરાધક પહેલાં શું કરે ?**

મંગલરૂપે અરહંતાદિને નમસ્કાર કરી પાપને પચ્ચક્ખે, દુશ્ચરિત્રને નિંદે, સામાયિકને સ્વીકારે – ઉપધિ-આહાર-શરીરને વોસિરાવે, મમત્વને તજે, જ્ઞાનાદિરૂપ આત્માનું આલંબન સ્વીકારે, વ્રતાદિ અનારાધનાને નિંદે -પડિક્કમે, એકત્વ ભાવના ભાવે, અન્યત્વ ભાવના સ્વીકારી સર્વે સંયોગ-સંબંધને વોસિરાવે, અસંયમ આદિ ત્યાગ કરી બધાને ખમાવે, અપરાધ આલોચના કરે, માયાનો ત્યાગ કરે, શલ્યોને ઉદ્ધરે, ભાવશલ્યના સ્વરૂપને જાણીને ગુરુ સન્મુખ આલોચે. આલોચના અને નિંદા કરી આત્મા ભારરહિત થાય. પ્રાયશ્ચિતને દોષરહિત પણે સ્વીકારે. હિંસાદિના પચ્ચક્ખાણ કરે, પચ્ચક્ખાણ કરતાં ભાવવિશુદ્ધિ જાળવે. એ રીતે આરાધક આત્મા પોતાના આત્માને શુદ્ધ કરે, અનુશાસિત કરે.

**★ પંડિત મરણે મરવાનો સંકલ્પ :**

ઘણાં બાળમરણે હું મરણ પામ્યો છું. માતા-પિતા-બંધુ આદિ વડે આ લોક ભરેલો છે, કોઈ જ શરણરૂપ નથી. જીવ એકલો જ ભટકે છે તેથી હવે હું પંડિતમરણે જ મરીશ. અહીં જ્યારે ગતિની વેદનાને સંભારતો, સેંકડો જન્મ-મરણને છેદવા, પાદપોપગમને મરવાને માટે હું પંડિત મરણે મરીશ. આવી આવી વૈરાગ્ય ભાવનાને ભાવતો આત્મા પંડિતમરણે મરવાનો સંકલ્પ કર્યા પછી સ્વ દુષ્કૃત્યોની નિંદા અને ગર્હા કરે. પાંચ મહાતોની વિવિધ રૂપે રક્ષા કરે. પંડિતમરણની પ્રશંસા કરતો વિવિધ શુભ ભાવોને ભાવે છે.

**★ પંડિતમરણનો આરાધક પછી શું કરે ?**

અરિહંત, સિદ્ધ આદિ પંચ પરમેષ્ઠીનું શરણ સ્વીકારે, તેમને મંગલ- રૂપ માનતો પોતાના પાપોનો વોસિરાવે, આરાધકભાવ ધારણ કરી વેદના સહન કરે. દુઃખના વિપાકોને ચિંતવે, અપ્રતિબદ્ધ મરણને સ્વીકારે. આરાધનારૂપી જય પતાકાનું હરણ કરે, જૂના કર્મોને સંથારામાં રહીને ખપાવે, જિનવચનાદિમાં ઉદ્યત બને. સમ્યક્ પ્રકારે પચ્ચક્ખાણ પાલન કરે.

આપણે પણ પાલન કરવા ઉદ્યમવંત બનીએ અને અહીં જ વીરમીએ. ✳

---

## तंदुल वैचारिक प्रकीर्णक તંદુલવૈચારિક પ્રકીર્ણક

**★ ભૂમિકા:** પયન્ના સૂત્રોમાં વર્તમાન કાળે આ સૂત્રનો સ્વીકૃત ક્રમ પાંચ છે. પીસ્તાળીશ આગમોમાં ક્રમ ૨૮મો ધરાવતા આ સૂત્રનું મૂળ નામ 'तंदुलवेयालिय' છે, જેને સંસ્કૃતમાં तंदुलवैचारिक કહે છે. આ પયન્ના સૂત્ર હોવાથી પાછળ पयन्ना કે प्रकीर्णक શબ્દ લાગે છે.

● આ સૂત્રની રચના ગદ્ય-પદ્યમાં મિશ્રિત થયેલી છે, તેમાં ગાથાઓ ૧૩૯ છે, બાકી ગદ્ય સૂત્રોમાં સૂત્રકારે વર્ણવેલ છે.

● આ સૂત્ર ઉપર શ્રી વિજયવિમલ (વાનર્ષિ) ગણિ રચિત ટીકા ઉપલબ્ધ છે.

● આ સૂત્રના કર્તા કોણ છે ? તેનો કોઈ ઉત્તર તો અમને મળેલ નથી, પણ 'નંદીસૂત્ર'માં ૧૪મા ઉત્કાલિક શ્રુતરૂપે અને પક્ખિસૂત્રમાં ૧૩મા ઉત્કાલિક–અંગબાહ્ય સૂત્રરૂપે સૂત્રનો ઉલ્લેખ છે. તદુપરાંત ચૌદમી સદીમાં શ્રી પ્રદ્યુમ્નસૂરિજી રચિત 'વિચારસાર પ્રકરણ'માં ૪૫

આગમોમાંના ૩૩મા આગમરૂપે આ સૂત્રનું નામ છે અને તેઓશ્રીએ આ સૂત્રને કડળડજડડ તરીકે જ ઓળખાવેલ છે.

● તંદુલ એટલે ચોખા, આ ચોખાની ઉપમા વડે વૈરાગ્યનો ઉપદેશ આપવા માટે ૪૬૦ કરોડ, ૮૦ લાખ ચોખાનું માપ બતાવીને વિવરણ કરેલ છે. બીજા શબ્દોમાં કહીએ તો તંદુલને આશ્રીને અશુચિભાવનાસહ વૈરાગ્ય વિચારવાળો પયન્નો એટલે તંદુલ વૈચારિક પયન્નો કહેવાય છે.

★ **વિષયવસ્તુ :** તંદુલ વૈચારિક આગમમાં મુખ્ય વિષય શરીરની અશુચિ ભાવનાનો છે. તે માટે સૂત્રના કર્તાએ મનુષ્યનો ગર્ભ કાળ, ગર્ભ સ્થજીવનની ગતિ, ગર્ભ ગત જીવનો વિકાસક્રમ, આહાર, અંગરચના, ગતિ, પ્રસવન વિષયક નિરૂપણ, પ્રસવકાળ, પ્રસવવેદના, મનુષ્યની દશ દશા, ધર્માચરણ ઉપદેશ, યુગલિક આદિનો ધર્મ, શતાયુ વર્ષવાળા જીવના આહાર અને અશુચિ ભાવના, સ્ત્રીના શરીરને આશ્રીને નિર્વેદજનક વૈરાગ્યો પદેશ ઇત્યાદિ વિષયોની સ્પર્શના અહીં સૂત્રકાર મહર્ષિએ કરેલ છે.

★ **ઉડતી નજરે સૂત્ર-દર્શન :** પ્રસ્તુત સૂત્રનો મુખ્ય હેતુ અશુચિભાવનાને પુષ્ટ કરી વૈરાગ્ય દૃઢ કરવાનો છે. તે સંબંધમાં જ વિશિષ્ટ વિચારણા કરી સૂત્રકાર મહર્ષિએ સૂત્ર અને પયન્નાની વિષય વસ્તુ સંદર્ભમાં એક નવી જ કેડી કંડારેલી છે. અલબત્ત, તેના ગદ્ય સૂત્રખંડોનું સામ્ય ભગવતી સૂત્રના કેટલાંક સૂત્રો સાથે અક્ષરશઃ જોવા મળેલ છે. ટીકાકાર મહર્ષિ વિજયવિમલ ગણિએ પણ આ સૂત્રની ટીકા અંગ કે ઉપાંગ સૂત્રની પદ્ધતિથી કરેલ છે.

સર્વપ્રથમ સૂત્રકારશ્રી મનુષ્યનો જીવ ગર્ભાવાસમાં હોય ત્યારે તેના ગર્ભ વાસના સમયથી શ્વાસોચ્છ્વાસના પ્રમાણ સુધી વર્ણવી, ગર્ભાદિ સ્વરૂપને જણાવે છે. તેમાં સૂત્રકારે કરેલ યોનિનું વર્ણન, યોનિમાં શુક્રના પ્રવેશ પછી રહેતા જીવોની સંખ્યા અને યોનિમાં રહેવાનો તેનો કાળ તથા સ્ત્રીનો પ્રસવયોગ્ય કાળ, પુરુષની પ્રજોત્પત્તિ ક્ષમતાનો કાળ, કુક્ષીના ક્યા સ્થાને પુત્ર/પુત્રી આદિ હોય એ બધું જ વર્ણન આધુનિક વિજ્ઞાનની ત્રણે મેડીકલ શાખાને અચંબો ઉપજાવે તે રીતે કરાયેલું છે.

ગર્ભોત્પત્તિ કઈ રીતે થાય, તે ગર્ભ આહાર શું કરે? પ્રત્યેક સપ્તાહે અને મહિને તે ગર્ભના આકાર અને સ્થિતિમાં કેવું પરિવર્તન આવે, અંગોપાંગ રચના ક્યારે થાય, શિરા, માંસપેશી, ધમની, રોગછિદ્રો ઈત્યાદિ બધાની સંખ્યા સાથે રચના કાળ જણાવે છે. તે ગર્ભસ્થ બાળકને મૂત્ર, કફ આદિ હોય કે નહીં? તે આહાર ક્યાંથી અને કઈ રીતે પ્રાપ્ત કરે? માતાના શરીર સાથે જોડાયેલી નાળ કેવી અને શા કામની હોય? માતા-પિતા દ્વારા બાળકને ક્યા ક્યા અંગોની પ્રાપ્તિ થાય? વગેરે વર્ણન થકી સૂત્રાકર મહર્ષિ જાણે કોઈ 'ગાયનેકોલોજિસ્ટ ડૉક્ટર' હોય કે શરીર અને ગર્ભવિજ્ઞાન તજ્જ્ઞ હોય તેવી પ્રતીતિ કરાવી જાય છે.

કર્મ ફિલોસોફીને પણ સ્થાન આપતા, ગર્ભસ્થ જીવ ગર્ભમાં જ મૃત્યુ પામે તો પણ નારકમાં કે દેવલોકમાં ક્યા કારણે ઉત્પન્ન થાય તેની વાત સચોટ તર્કપૂર્વક રજૂ કરી છે.

ગર્ભસ્થ જીવનું સૂવું-બેસવું કે સુખી-દુઃખીપણું, ગર્ભમાં તેની સ્થિતિ કેવી હોય? તે બાળક પુત્ર, પુત્રી કે નપુંસકાદિ રૂપે કેમ જન્મે? યોનિ વાટે બહાર કઈ રીતે નીકળે? ઇત્યાદિ વર્ણન દ્વારા સૂત્રકારશ્રી અશુચિ ભાવનાનો ઉપદેશ આપે છે.

ત્યાર પછી જીવની તેના આયુકાળ દરમિયાનની દશ દશાઓનું વર્ણન, સૂત્રકારશ્રી વિશિષ્ટ રીતે કરતા બાલા, ક્રીડા, મંદા આદિ દશામાં તે મનુષ્યની સ્થિતિ કેવી હોય તેને વર્ણવે છે. પછી કઈ ઉંમર મનુષ્યને માટે શું કામ કરે ? તેના દશ ભાગ કરી તે-તે સ્થિતિ જણાવે છે, જેમકે ૨૦ વર્ષ સુધીની ઉંમર વિદ્યાપ્રાપ્તિની, ત્રીસ વર્ષ સુધી વિષયસુખ ઇત્યાદિ સમજવા. તેમાં છેલ્લા દશ વર્ષમાં ચેતનાની ક્ષીણતા આદિનું વર્ણન છે. ત્યાર પછી સૂત્રકારશ્રી 'ધર્મ આરાધના વિષયક ચિંતન કરવા' ઉપદેશ આપે છે. શરીર અને આયુષ્યની અનિત્યતાનું દર્શન કરાવવાને માટે પ્રથમ તો યુગલિક મનુષ્યના પુરુષ અને સ્ત્રીના દેહનું, તેઓની સુંદરતા-સૌષ્ઠવતાનું વિશાળ વર્ણન કરે છે. તેના સ્વભાવનું દર્શન કરાવે છે તેમના સંઘયણ, સંસ્થાન, ઊંચાઈ આદિ જણાવે છે.

આટલી લાંબી ભૂમિકા કરીને સૂત્રકારશ્રી તેમના પસંદગીના મૂળ વિષય ઉપર આવીને મનુષ્યના જીવનમાં કુલ કેટલા શ્વાસોચ્છ્વાસ છે અને તે કેટલા તંદુલ અર્થાત્ ચોખા પ્રમાણ આહાર કરે છે, તે મુખ્ય વિષયને વર્ણવતાં, સાથે-સાથે કેટલા મગ? કેટલું ઘી? કેટલું મીઠું? કેટલા વસ્ત્રો? આદિનો ઉપભોગ કરે, તેનું વર્ણન પણ કરે છે. અહીં વ્યવહાર ગણિત સાથે સૂક્ષ્મ અને નિશ્ચયગત ગણિતનો ઘણો જ વિસ્તાર કરે લો છે. છેલ્લે વૈરાગ્યોપદેશ આપેલો છે. તેમાં શરીરની અને આયુષ્યની અનિત્યતા વર્ણવતાં સૂત્રકારશ્રીએ આ મનુષ્ય દેહમાં રહેલ સાંધા, શિરા, ધમની, હાડકાં, માંસપેશી ઇત્યાદિની સંખ્યાનું વર્ણન તથા કઈ નસો ક્યાંથી નીકળીને ક્યાં જાય છે, ત્યાં તે નસો શું કામ કરે છે? ઇત્યાદિ સચોટ રીતે જણાવેલ છે.

ઉપરોક્ત વર્ણન પછી સૂત્રકારશ્રી શરીરની અશુચિનું દર્શન કરાવી મનુષ્યને અશુચિ ભાવના ભાવવાનું પ્રેરકબળ પૂરું પાડે છે. આ અશુચિભાવનાને પુષ્ટ કરતું વર્ણન સૂત્રકારશ્રીએ સૂત્ર/ ગાથા ૧૦૩ થી ૧૪૨ સુધી કરેલ છે. ત્યાર પછી સ્ત્રીનું સ્વરૂપ, સ્વભાવ, સ્ત્રીના પર્યાય નામો જેવા કે–વનિતા, લલના, મહિલા આદિ શબ્દોની વ્યુત્પત્તિ દ્વારા તેમ જ અન્ય વર્ણનો થકી સૂત્ર ૧૪૩ થી ૧૫૧માં સ્ત્રીનું દોષ વર્ણન કરી સ્ત્રીથી નિર્વેદ પામવાનો ઉપદેશ અપાયો છે. અંતે બધાં જ સ્વજનો, સંગો, મમત્વ આદિનો ત્યાગ કરી, ધર્મનું શરણ લઈ સુકૃત ધર્મ થકી સદ્ગતિ ભાજનનો ઉપદેશ આપી, સર્વ દુઃખોથી મુક્ત થવા જણાવેલ છે. આપણે પણ આ ઉપદેશ ગ્રહણ કરી મોક્ષપદની કેડીએ પગરવ માંડીએ. ★

## આગમ–વાણી

- પ્રજ્ઞાશીલ મનુષ્યે સર્વ પ્રકારની યુક્તિઓથી વિચાર કરીને તથા સર્વ પ્રાણીઓને દુઃખ ગમતું નથી એ જાણીને કોઈ પણ પ્રાણીની હિંસા ન કરવી જોઈએ.
- જેઓ મન, વચન અને કાયાથી, શરીરમાં, વર્ણમાં અને રૂપમાં સર્વ પ્રકારે આસક્ત હોય છે તેઓ બધા પોતાને માટે દુઃખ ઉત્પન્ન કરે છે.
- હિંસાથી દુઃખ જન્મે છે. તે વેરને બાંધનારાં અને મહાભંયકર હોય છે. આવું સમજીને બુદ્ધિમાન મનુષ્યે પોતાની જાતને પાપકર્મમાંથી નિવૃત્ત કરવી જોઈએ.

# સંસ્તારક પ્રકીર્ણક

☐ ડૉ. અભય દોશી

**'સંસ્તારક પ્રકીર્ણક'** અંતિમ આરાધનાને અનુલક્ષે છે. પ્રકીર્ણક સૂત્રોમાં અંતિમ આરાધનાને કેન્દ્રમાં રાખી રચાયેલા પ્રકીર્ણકો મોટી સંખ્યામાં છે.

જૈન ધર્મમાં કરાતી સર્વ આરાધનાનું ફળ સમાધિ કહ્યું છે. આ સમાધિ અંતકાળે ટકી રહે તો સદ્‌ગતિ અને પરંપરાએ મોક્ષ સહેલાઈથી સિદ્ધ થઈ શકે, આથી દેહ પ્રત્યેની આસક્તિ દૂર કરી આત્મસાધનામાં લીન બનવાની પ્રક્રિયાઓ આ પયન્ના ગ્રંથોમાં વિસ્તારથી દર્શાવવામાં આવી છે.

આ 'સંથારગ પઈણયં'માં સંલેખના(અનશન)ના સમયે સ્વીકારવામાં આવતા દર્ભાદિ આસન–સંથારો કેવો હોવો જોઈએ અને આ સંથારાનો લાભ શું તેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે.

આ પયન્ના સૂત્રમાં ૧૨૨ ગાથાઓ છે. આ આગમનાકર્તા અજ્ઞાત છે. આ પયન્ના કુલ સાત વિભિન્ન સ્થળોથી મુદ્રિત થયેલો ઉપલબ્ધ થાય છે.

(૧) બાબુ ધનપતસિંહ (મુર્શિદાબાદ) (૨) બાલાભાઈ કકલભાઈ (અમદાવાદ), (૩) આગમોદય સમિતિ-સુરત (૪) હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાળા (૫) મહાવીર જૈન વિદ્યાલય (મુંબઈ) (૬) જૈન ધર્મ પ્રસારક સભા. આ ૬ ઉપરાંત આગમ સંસ્થાન, ઉદયપુર દ્વારા હિંદી અનુવાદ સાથે પ્રકાશિત થયેલ છે.

આ 'સંથારગ પઈણયં'માં પ્રથમ ગાથામાં મંગલાચરણ રૂપે પરમાત્મા મહાવીરને વંદન કરી સૂત્ર રચનાનો પ્રારંભ કર્યો છે. આ સંથારો સિતકમળ, કળશ, નંદાવર્ત, પુષ્પોની માળા આદિ દ્રવ્યમંગળથી પણ વિશેષ પરમમંગળરૂપ છે. એ રીતે સંથારાનો મહિમા કરાયો છે. જેમ ધ્યાનથી પરમસુખ પ્રાપ્ત થાય છે, જ્ઞાનમાં કેવળજ્ઞાન છે, એજ રીતે જેના વડે પરિનિર્વાણ પ્રાપ્ત થાય છે એવો સંથારો શ્રી જિનેશ્વરદેવે દર્શાવેલો છે. આ સંથારો કલ્યાણ અને અભ્યુદયને દેનારો છે, તેમજ ત્રિલોકમાં દુર્લભ છે. બત્રીસ દેવેન્દ્રો પણ તેનું એક મને ધ્યાન ધરે છે. આવા સંથારાને પ્રાપ્ત કરી જિનેશ્વરદેવે દર્શાવેલા પંડિતમરણને પ્રાપ્ત કરનારા કર્મમલ્લોને હણી સિદ્ધિ ગતિને પ્રાપ્ત કરનારા થાય છે. આમ, વિવિધ ઉપમાઓ દ્વારા તેમજ સરળ–મધુર ભાષામાં તેના કર્તા અજ્ઞાત ઋષિવરે સંથારાનો મહિમા વર્ણવ્યો છે.

૩૧મી ગાથાથી ૪૩મી સુધી એ ઉપકારી મુનિભગવંત સંથારાના સ્વરૂપને વર્ણવે છે. આ સંથારો કોનો શુદ્ધ છે અને કોનો અશુદ્ધ છે, તે અત્યંત સરળ લોકભાષા પ્રાકૃતમાં સૂત્રકાર મહર્ષી વર્ણવી રહ્યા છે.

जो गारवेण मत्तो नेच्छइ आलोयणं गुरुसगासे।
आरुहइ य संथारं अविसुद्धो तस्स संथारो ।।३३।।
जो पुण पत्तब्भूओ करेई आलोयणं गुरुसगासे
आरुहइ य संथारं, सुविसुद्धो तस्स संथारो ।।३४।।

જે ગારવ (રસ, ઋદ્ધિ, શાતા આદિ)થી મત્ત થયેલો, ગુરુ પાસે પ્રાયશ્ચિત્ત કરવા ન ઈચ્છે, તે સંથારાને ધારણ કરે, તે સંથારો અશુદ્ધ જાણવો.

જે પુનઃ પત્ર જેવો હલકો થઈ (અહંરહિત) થઈ, ગુરુ પાસે પ્રાયશ્ચિત્ત કરે, તે સંથારાને ધારણ કરનારનો સંથારો વિશુદ્ધ છે. એ જ રીતે દર્શનભ્રષ્ટ, ચારિત્રભ્રષ્ટનો સંથારો શુદ્ધ નથી, દર્શનચારિત્રયુક્ત વ્યક્તિનો સંથારો સફળ છે. જે રાગ-દોષ રહિત, ત્રિગુપ્તિયુક્ત (મન, વચન, કાયાની ત્રણ ગુપ્તિઓ), ત્રણ શલ્યોથી રહિત (માયા, મિથ્યાત્વ અને નિદાન–બીજા ભવ માટેની ઈચ્છા)થી રહિત સંથારાને આરાધે છે તેનો સંથારો સફળ છે. એ જ રીતે નવ બ્રહ્મચર્યની વાડને ધારણ કરનારા, દસ પ્રકારના સાધુ ધર્મોમાં ઉદ્યુ ક્ત એ વા સં થારા પર આરો હણ કરે  તે ઉત્તમ સંથારો છે. એમ, ૪૨ ગાથા સુધી સંથારાને શુદ્ધ બનાવવા કેવા દોષો ટાળવા તેનું સુંદર વર્ણન કરવામાં આવ્યું છે.

હવે ૪૪ થી ૫૫ ગાથામાં સંથારાના લાભોને વર્ણવે છે. રાગદ્વેષાદિ દોષોથી રહિત એવા તૃણના સંથારા પર સૂતેલ સાધુ મુક્તિસુખનો આસ્વાદ કરે છે. એ ચક્રવર્તીના વૈભવનું પણ શું કરે ?

ત્યાર પછી ૫૬ થી ૮૭ ગાથામાં સંથારો ધારણ કરનારા મહાપુરુષોનું સ્મરણ કરવામાં આવ્યું છે. પોતનપુર નગરમાં પુષ્પચુલા નામની આર્યા રહેતી હતી, તેના ધર્માચાર્ય અર્ણિકાપુત્રે ગંગાનદી પાર કરતા સહસા નાવ ઊલટી થઈ. નદીમાં પડેલા તે અર્ણિકાપુત્રાચાર્યે ઉત્તમાર્થ માટે સંથારાની આરાધના કરી.

આ જ રીતે સંથારાની આરાધના કરનારા સુકોસલ ઋષિ, ઉજ્જૈની નગરીના અવંતી સુકુમાલ, ચાણક્ય, કાકંદી નગરીના અભયઘોષ રાજા, આદિ સંથારાની આરાધના કરનારા મહાપુરુષોની પ્રશંસા કરી છે. અંતે ચિલાતિપુત્ર, ગજસુકુમાલ આદિ મહાપુરુષોએ ઉપસર્ગોની વચ્ચે ધારણ કરેલી અપૂર્વ સમતાની અનુમોદના કરી, અંતકાલીન આરાધનાનો મહિમા કર્યો છે. સંથારો ધારણ કરનાર મુનિ/શ્રાવક સર્વ આહારને વોસીરાવે છે અથવા સમાધિ માટે પ્રારંભે પાણીની છૂટ રાખે છે, પછી પાણીનો પણ ત્યાગ કરે છે. આમ જણાવી ૮૮મી ગાથાથી ૧૨૨મી ગાથા સુધી સંથારો ધારણ કરનારા તપસ્વી કેવી ભાવનાઓ સેવે છે તેનું વર્ણન કરે છે. આ તપસ્વીએ કરેલું આહારત્યાગનું પચ્ચક્ખાણ ગુરુની સહમતિથી હોય છે અને સાગાર હોય છે.

સંથારાને ધારણ કરનારા સાધુ કે શ્રાવક સંથારો ધારણ કર્યા પછી સમગ્ર જીવ-રાશિને ખમાવે છે. તેમાં સર્વ પ્રથમ પોતાના ઉપકારી આચાર્ય, ઉપાધ્યાય અને સ્વ-પરંપરાના સાધુઓને ખમાવે છે. બીજાક્રમે સમગ્ર શ્રમણ સંઘને ખમાવે છે અને અંતે સમગ્ર જીવરાશિને ખમાવે છે. આ પયન્નાની ગાથા ૧૦૩થી ૧૦૫માં આ રીતે ક્ષમાપના દર્શાવી છે. આ ત્રણે ગાથાઓ અત્યારના

તપાગચ્છીય પ્રતિક્રમણ સૂત્રમાં 'આયરિય ઉવજ્ઝાએ' નામે પ્રસિદ્ધ છે .

અંતિમ આરાધનાનો સાધક આ રીતે સર્વ જીવરાશિને ખમાવી સમાધિમાં સ્થિર થઈ અનેક ભવોથી બંધાયેલા કર્મોનો ક્ષય કરે છે. જ્ઞાનવંત આરાધક માટે કહેવાયું છે કે, અજ્ઞાની ક્રોડો વર્ષ તપ કરી જે કર્મ ક્ષય ન કરી શકે, તે સમ્યગ્ જ્ઞાની આરાધક શ્વાસોચ્છ્વાસમાં કર્મનો ક્ષય કરે.

આ રીતે ગુરુઆજ્ઞાપૂર્વક સંથારાની આરાધના કરનારા ધીર પુરુષો ત્યારે જ અથવા ત્રીજા ભવે સકલ કર્મોનો ક્ષય કરી મોક્ષને પ્રાપ્ત કરનારા થાય.

આમ, સંથારગ પયન્નામાં સંથારારૂપ અંતિમ આરાધનાનો મહિમા તેમજ એની આચરણવિધિ દર્શાવી છે. આ 'સંથારયપયન્ના'નો કાળ નિશ્ચિત કરવો અઘરો છે. આ રચના મુનિશ્રી જિનવિજયજીએ તેની રચનાશૈલીને આધારે પ્રાચીન ઠેરવી છે. આની અંદર આવતા 'ચાણક્ય'ના ઉલ્લેખને આધારે એટલું કહી શકાય કે, આ રચના વહેલામાં વહેલી ચંદ્રગુપ્ત મૌર્યના કાળ બાદ (ભગવાન મહાવીરના નિર્વાણના ૩૫૦ વર્ષ બાદ) થયેલી હોઈ શકે. પયન્નાઓમાં અનેક પયન્નાઓ અંતિમ-આરાધનાને અનુલક્ષે છે. મહાઉપકારી પ્રત્યેક બુદ્ધ મુનિઓ તથા અન્ય પણ પરંપરાગત જ્ઞાની સાધુ ભગવંતોએ પયન્નાઓના માધ્યમથી અંતિમ-આરાધનામાં માર્ગદર્શક બને એવા અંગગ્રંથો, કથાગ્રંથો આદિની સામગ્રીને સંકલિત કરી 'પયન્નાગ્રંથ' રૂપે રચનાબદ્ધ કર્યા છે. પરમોપકારી મુનિશ્રી પુણ્યવિજયજીએ જેસલમેર જ્ઞાનભંડાર આદિ સ્થળોથી ઉપલબ્ધ થયેલી બૃહદ્કથા અંતર્ગત અંતિમ-આરાધના માટેની કુલ ૧૨ જેટલી સામગ્રીઓ પયન્નાસંગ્રહ ખંડ૨માં 'આરાધના પતાકા' ગ્રંથ સાથે પ્રકાશિત કર્યા છે. આ રચનાઓનો ગુજરાતીમાં અનુવાદ થાય તો આરાધકો માટે વિશેષ ઉપકારક છે. ★

## ગચ્છાચાર પ્રકીર્ણક

પરમાત્મા મહાવીરે ધર્મ બે પ્રકારે દર્શાવ્યો છે; સાધુ અને ગૃહસ્થ. સંસાર છોડીને દીક્ષા ધારણ કરનાર મુમુક્ષુએ સાધુ-સંઘમાં ગુરુ આજ્ઞા અને સાધુ સંઘના નાયક આચાર્ય આદિની આજ્ઞાનું પાલન કરી ક્રમશઃ આત્મવિશુદ્ધિ માટે જ્ઞાન તેમજ યોગ્યતા પ્રાપ્ત કરવાના હોય છે. સાધુઓનો સમુદાય તે ગચ્છ. અત્યારે જે અર્થમાં ગચ્છ સામાચારિ ભેદસૂ ચક અર્થમાં વપરાય છે, એવા અર્થમાં પૂર્વ કાળમાં વપરાતો નહોતો, પરંતુ સમાન ગુરુ-પરં પરાવાળા સાધુઓના પરિવાર માટે ગચ્છ શબ્દ વપરાતો. આ ગચ્છમાં કરવા યોગ્ય કર્તવ્ય તે ગચ્છાચાર. આ ગચ્છાચારનું નિરૂપણ ગચ્છાચાર પયન્નામાં કરવામાં આવ્યું છે.

આ ગ્રંથના કુલ સાત પ્રસિદ્ધ સંસ્કારણો આ પ્રમાણે છેઃ

(૧) બાલાભાઈ કકલભાઈ, અમદાવાદ.

(૨) આગમોદય સમિતિ, સુરત. (૩) હર્ષપુષ્પામૃત ગ્રંથમાળા, જામનગર.

(૪) મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ. આ ચારમાં મૂળ પાઠ માત્ર છે.

(૫) વયાધિમલ જૈન ગ્રંથ માળા-સંસ્કૃત

(૬) ભૂપેન્દ્ર સાહિત્ય સમિતિ-સંસ્કૃત-હિંદી

(૭) આગમ સંસ્થાન-ઉદયપુર-હિંદી

સંભવ છે કે, આ સિવાય પણ આ પયન્નાનું પ્રકાશન થયું હોય. આ ગ્રંથ શુદ્ધ સાધ્વાચારની તરફેણ કરનાર એક મહત્ત્વપૂર્ણ રચના છે. આ પ્રકીર્ણકની રચના મહાનિશિથસૂત્ર, કલ્પસૂત્ર અને વ્યવહારભાષ્યને આધારે થઈ છે.

આ પયન્ના કુલ ૧૩૭ ગાથા ધરાવે છે.

આ ગ્રંથમાં પ્રારંભે મંગલાચરણ કરી ઉન્માર્ગગામી ગચ્છમાં રહેવાથી થતી હાનિ દર્શાવી છે. ૩ થી ૬ ગાથામાં સદાચારી ગચ્છમાં રહે વાથી લાભ જણાવ્યો છે. ૭ થી ૪૦ ગાથામાં આચાર્યના સ્વરૂપનું વર્ણન છે. ૪૧ થી ૧૦૬ ગાથામાં સાધુઓના સ્વરૂપ તેમ જ સુગચ્છ અને કુગચ્છની વિગત દર્શાવી છે. ૧૦૭ થી ૧૩૪ ગાથામાં આર્યા-નિર્ગ્રંથિનીનું સ્વરૂપ દર્શાવ્યું છે. અંતે, આ પયન્નાસૂત્રના આધારગ્રંથો દર્શાવ્યા છે. આ સમગ્ર પયન્નાસૂત્ર છેદગ્રંથો (સાધુ -સામાચારી અને પ્રાયશ્ચિત્તના ગ્રંથોને આધારે લખાયેલું છે.) આ છેદગ્રંથો સાધુઓના જીવનની આંતરિક બાબતોને સ્પર્શે છે. ★

## ગણિવિજ્જા પ્રકીર્ણક

સાધુ ભગવંતો શુદ્ધાચારનું પાલન કરી શકે એ માટે જ્યોતિષ શાસ્ત્રની દૃષ્ટિએ દીક્ષા સમયે શુદ્ધ મુહૂર્ત હોવું અત્યંત આવશ્યક છે. એ જ રીતે દીક્ષા ધારણ કર્યા બાદ વિદ્યા, વ્રતધારણ આદિ પ્રસંગોએ પણ શુભ મુહૂર્તોની જરૂર પડે છે.

આ ગ્રંથ બાબુ ધનપતસિંહ (મુશિર્દાબાદ), બાલાભાઈ કકલભાઈ (અમદાવાદ), આગમોદય સમિતિ (સુરત), હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાળા તથા મહાવીર જૈન વિદ્યાલય (મુંબઈ) સાથે અને આગમ સંસ્થાન (ઉદયપુર)થી હિન્દી અનુવાદ સાથે પ્રકાશિત છે.

આ પ્રકીર્ણકનો પરિચય હરિભદ્રસૂરિકૃત નંદીસૂત્રની વૃત્તિમાં આ પ્રમાણે મળે છે; ગુણનો સમૂહ જેનામાં છે તે ગણિ, ગણિને જ આચાર્ય કહેવામાં આવે છે. આ આચાર્યની વિદ્યાને 'ગણિવિદ્યા' કહેવામાં આવે છે. અહીં વિદ્યાથી વિશેષમાં કહેવાનું કે પ્રવજ્યાદિ કાર્યોમાં તિથિકરણ આદિ જાણવા જ્યોતિષ નિમિત્તના જ્ઞાનનો ઉપયોગ કરવો જોઈએ, અન્યથા દોષ લાગે છે. હાનિ થવાનો સંભવ છે. પાક્ષિકસૂત્ર વૃત્તિ અને નંદીસૂત્ર ચૂર્ણિમાં પણ આ સૂત્રનો પરિચય અપાયો છે.

ગણિવિદ્યા પ્રકીર્ણકમાં નવદ્વારો વિષયનું નિરૂપણ કરવામાં આવ્યું છે તે આ પ્રમાણે ૧ દિવસ, ૨ તિથિ, ૩ નક્ષત્ર, ૪ કરણ, ૫.

ગ્રહદિવસ, ૬. મુહૂર્ત, ૭. શકુનબલ, ૮. લગ્નબલ અને ૯. નિમિત્ત બલ.

અહીં દિવસને આશ્રીને બળવાન દિવસ અને નિર્બળ દિવસ દર્શાવ્યા છે, એ જ રીતે કઈ તિથિઓમાં પ્રયાણ કરવું, કઈ તિથિમાં શિષ્યને દીક્ષા આપવી વગેરે તિથિઓ દર્શાવી છે.

ત્રીજું નક્ષત્રદ્વાર સમગ્ર ગ્રંથમાં મોટામાં મોટું છે. આમાં પ્રસ્થાન માટેના નક્ષત્રો, અનશન ગ્રહણના નક્ષત્રો, દીક્ષા ગ્રહણમાં ત્યાજ્ય નક્ષત્રો, લોચ કરવા માટેના નક્ષત્રો, લોચકરણમાં વર્જ્ય નક્ષત્રો, શિષ્યને દીક્ષા આપવાના તથા વ્રતસ્થાપનાના નક્ષત્રો, ગણિ-વાચકને અનુજ્ઞાના નક્ષત્રો, ગણસંગ્રહના નક્ષત્રો, ગણધર સ્થાપનાના નક્ષત્રો, વિદ્યાધારણના નક્ષત્રો, મૃદુકાર્યસૂચક મૃદુ નક્ષત્રો, તપ કરવા માટેના ઉગ્ર નક્ષત્રો, કાર્યારંભના નક્ષત્રો, આદિ દર્શાવેલાં છે.

આ નક્ષત્રપ્રકરણમાં જ્ઞાનવૃદ્ધિ માટેના નક્ષત્રો દર્શાવેલાં છે.

मिगसिर अद्रा पुसो तिन्नि य पुव्वाईंमूलमस्सेस
हत्थो चित्ता य तहा दस वुड्ढिकराइं नागस्स ।। २३।।

મૃગશીર્ષ, આર્દ્રા, પુષ્ય, ત્રણ પુર્વા, મૂળ, આશ્લેષા, હસ્ત, ચિત્રા આ દસ જ્ઞાનને વૃદ્ધિકર નક્ષત્રો કહ્યા છે.

ઠાણાંગ સૂત્રમાં દર્શાવાયેલા જ્ઞાન વૃદ્ધિકર નક્ષત્રો સાથે આ પાઠ મળતો આવે છે.

એ જ રીતે તપ પ્રારંભ કરવાના નક્ષત્રો દર્શાવે છે;

महा भरणि पुव्वाणि तिन्नि उग्गा विवाहिया
एतेसु तवं कुज्जा सब्भिंतर–बाहिरं ।।३५।।

મઘા, ભરણી, ત્રણ પૂર્વા ઉગ્ર નક્ષત્રો કહેવાયા છે. આ ઉગ્ર નક્ષત્રોમાં અભ્યંતર અને બાહ્ય તપનો પ્રારંભ કરવો. જ્યોતિષશાસ્ત્રમાં પ્રસિદ્ધ અમુક પ્રકારના તિથિભાગને 'કરણ' કહેવામાં આવે છે. આ ગ્રંથમાં કરણના ભેદ જણાવી દીક્ષાપ્રદાન, ાતસ્થાપન, ગણિ-વાચકાનુ જ્ઞા તથા અનશન કરવા માટે ના કરણોનું નિરૂપણ કરેલ છે. પાંચમું દ્વાર ગ્રહદિવસ એટલે 'વારા'નું છે. આમાં દીક્ષા અને તપ કરવાના 'વારો' દર્શાવ્યા છે.

૪૯ થી ૫૮ ગાથામાં મુહૂર્ત દ્વાર દર્શાવાયું છે. અહીં પણ મુહૂર્તના ભેદ દર્શાવી દીક્ષા આદિના મુહૂર્તો દર્શાવેલા છે.

સાતમું દ્વાર શકુનબળનું છે. આ દ્વારમાં દીક્ષાપ્રદાન, સમાધિકરણ, આગમન, સ્વાધ્યાયકરણ, વ્રતોપસ્થાપન, અનશન, સ્થાનગ્રહણ, હર્ષ આદિનું સૂચન કરનારા શકુનો તથા સર્વકાર્યમાં સ્વીકાર્ય અને છોડવા યોગ્ય શકુનો દર્શાવેલા છે.

આઠમું દ્વાર લગ્નનું છે. જ્યોતિષશાસ્ત્રમાં પૂર્વ દિશામાં ઉદિત થતી રાશિને લગ્ન કહેવાય છે. આમાં ચર, સ્થિર, દ્વિસ્વભાવ, લગ્નમાં કયા કાર્ય કરવા, કયા કાર્ય ન કરવા તેની ચર્ચા કરવામાં આવી છે. આ ઉપરાંત આમાં સૂર્યોદયથી પ્રત્યેક કલાકના હોરાઓની પણ વિસ્તૃત ચર્ચા કરી છે.

૯મું પ્રકરણ નિમિત્તનું છે. આ પ્રકરણમાં શિષ્ય-શિષ્યાની દીક્ષાના નિમિત્તો, વર્જ્ય નિમિત્તો નિમિત્તનું પ્રાધાન્ય અને દીક્ષા આદિ કાર્યમાં ગ્રાહ્ય અને વર્જ્ય નિમત્તો દર્શાવેલા છે.

દીક્ષા, વિદ્યાભ્યાસ, લોચ આદિ સાધુ જીવન માટે મહત્ત્વપૂર્ણ ઘટનાઓ અંગેના મુહૂર્ત માટેનો ઉત્તમ માર્ગદર્શક બની રહે એવો ગ્રંથ છે. આ પયન્નામાં વર્ણવેલ મુહૂર્ત પ્રકરણ અને આરંભોસાદ્ધ (ઉદયપ્રભુસૂરિ) નારચંદ્ર જૈન-જ્યોતિષ આદિ ગ્રંથોનો તુલનાત્મક અભ્યાસ પણ ઉપયોગી થઈ શકે. ★

## દેવેન્દ્રસ્તવ પ્રકીર્ણક

'દેવેન્દ્રસ્તવ પયન્ના' એક પ્રાચીન પયન્ના સૂત્ર છે. આ સૂત્રનો નંદીસૂત્ર અને પાક્ષિક સૂત્રમાં ઉલ્લેખ મળે છે. સં. ૧૧૮૦માં રચાયેલ પાક્ષિકસૂત્રવૃત્તિમાં આ પયન્નાનો પરિચય મળે છે. આ પયન્નાના કર્તા સિરિ ઇસિવાલિય થેર (શ્રી ઋષિપાલિત સ્થવિર)નો નામોલ્લેખ મળે છે.

આ ગ્રંથમાં કુલ ૩૧૧ ગાથાઓ છે. આ ગ્રંથ બાબુ ધનપતસિંહ (મુર્શિદાબાદ), બાલાભાઈ કકલભાઈ (અમદાવાદ), આગમોદય સમિતિ, હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાળા, મહાવીર જૈન વિદ્યાલય (મુંબઈ)થી મૂળ તથા આગમ સંસ્થાન (ઉદયપુર)થી હિંદી અનુવાદ સાથે પ્રકાશિત છે.

આ પયન્નાના પ્રારંભમાં ઋષભદેવ ભગવાન અને મહાવીર સ્વામીને નમસ્કાર કરી મંગલાચરણ કર્યું છે. શ્રમણ ભગવાનશ્રી વર્ધમાન સ્વામીના વિહારકાળ દરમિયાન શાસ્ત્રોનો અભ્યાસી કોઈ શ્રાવક પોતાના ઘરમાં પ્રભાત પૂર્વે પરમાત્માની ભાવભરી સ્તુતિ કરે છે. આ સમયે તેની પત્ની હાથ જોડી આ સ્તવના સાંભળે છે. શ્રાવકની સ્તુતિમાં ૩૨ દેવેન્દ્રોની વાત આવે છે. આ ૩૨ દેવેન્દ્રોના ઉલ્લેખને ધ્યાનમાં લઈ શ્રાવકપત્ની દેવેન્દ્રો સંબંધી તેર પ્રશ્નો પૂછે છે.

૧. દેવેન્દ્રોનાં નામ
૨. સ્થાન
૩. સ્થિતિ
૪. ભવન પરિગ્રહ
૫. વિમાન સંખ્યા
૬. ભવન સંખ્યા
૭. નગર સંખ્યા
૦૮. પૃથ્વી બાહલ્ય ચાઈ
૦૯. ભવનની ઊંનિઃશ્વાસ
૧૦. વિમાનોનો રંગ
૧૧. આહારગ્રહણ
૧૨. ઉચ્છવાત-
૧૩. અવધિવિષય

એના પ્રત્યુત્તરમાં ગાથા ૧૨ થી ૨૭૬ સુધી શ્રાવક વિસ્તારથી આ પ્રશ્નોના ઉત્તર આપે છે. ત્યાર પછી ગાથા ૨૭૭ થી ૨૮૨માં ઈષત્પ્રાગભાર પૃથ્વી (સિદ્ધશીલા)નું વર્ણન છે. ગાથા ૨૮૩ થી ૨૯૫માં સિદ્ધ ભગવંતોના ઉપયોગનું સ્થાન-સં સ્થાનાદિનું વર્ણન છે. બાદમાં સિદ્ધ ભગવંતોનો ઉપયોગ, સુખ તેમજ જિનેશ્વરોની ઋદ્ધિનો ઉલ્લેખ મળે છે. અંતે આ સૂત્રના કર્તાનો નામોલ્લેખ મળે છે. આ પ્રકીર્ણકની કેટલીક ગાથાઓ જ્યોતિષ્કરંડ, સૂર્યપ્રજ્ઞપ્તિ અને આવશ્યક નિર્યુક્તિમાં મળે છે.

સિદ્ધ ભગવંતોના સુખનું વર્ણન કરતા કહે છે;

निच्छिन्नसव्वदुक्खा जाई–जरा–मरण बंधणविमुक्क।
सासयमव्वाबाहं, अणुहुंति सुहं सयाकालं ।।३०६।।

સર્વ દુઃખો દૂર થયા છે, જન્મ-જરા-મરણ અને બંધનથી વિમુક્ત થયા છે, શાશ્વત, અવ્યાબાધ એવું સિદ્ધનું સુખ સદાકાળ હોય છે. આ પયન્ના જૈન ભૂગોળ સમજવાનું સારું સાધન બને છે.

દેવેન્દ્રોના નિમિત્તે અધોલોકથી સિદ્ધશીલા સુધીની જૈનભૂગોળ તેમજ દેવોનો વિસ્તૃત પરિચય આપણને મળે છે.

એકંદરે આ પાંચ પયન્નાઓનો વિસ્તૃત પરિચય તેમજ અન્ય પયન્નાઓના સામાન્ય નિર્દેશ દ્વારા ખ્યાલ આવે છે કે, આ પયન્ના ગ્રંથોમાં પરમાત્મા મહાવીરની પરંપરામાં થયેલ મુનિ ભગવંતોએ અંતકાળે સમાધિ ટકી રહે એવી સામગ્રીઓનું સર્જન-સંકલન આ પયન્નાઓ નિમિત્તે કર્યું છે તો દીક્ષા માટે ઉપયોગી મૂહૂર્તો, શુદ્ધ આચાર આદિ અનેક સાધક જીવનને ઉપકારી વસ્તુઓનું સર્જનસંકલન કરી ભાવિમાં થનારા જીવો પર મહાન ઉપકાર કર્યો છે.

આ પયન્ના વિષયક લખાણોમાં પયન્નય સૂત્તાઈ-ભાગ-૧ માંની પંડિત અમૃતલાલ મોહનલાલ ભોજકની પ્રસ્તાવના તેમજ 'મરણસમાધિઃ એક અધ્યયન' (ડૉ. અરૂણા મુકુંદકુમાર લઠ્ઠા) વિશેષ ઉપકારી બન્યા છે.

આ લખાણમાં મારી મતિમંદતાને લીધે જિનાજ્ઞા વિરૂદ્ધ કાંઈ પણ લખાણ થયું હોય તો મિચ્છામિ દુક્કડં. ★

## મરણસમાધિ પ્રકીર્ણક

**'મરણસમાધિ પયન્ના'** એ સમાધિમરણની વિસ્તૃત ચર્ચા કરનાર આગમગ્રંથ છે. આ પ્રકીર્ણકની ૬૬૧ ગાથાઓ છે. દસ પયન્ના ગ્રંથોમાં આ સૌથી વિશાળ પયન્ના છે. આ ગ્રંથ મરણવિભક્તિ, મરણવિશોધિ, મરણસમાધિ, સંલ્લે ખનાશ્રુત, ભક્તપરિજ્ઞા, આતુર પ્રત્યાખ્યાન, મહાપ્રત્યાખ્યાન અને આરાધના–આ આઠ ગ્રંથોને આધારે રચાયો છે.

આ ગ્રંથ બાબુ ધનપતસિંહ (મુર્શિદાબાદ), બાલાભાઈ કકલભાઈ (અમદાવાદ), જૈનધર્મ પ્રસારક સભા, આગમોદય સમિતિ, હર્ષ પુષ્પામૃત જૈન ગ્રંથમાળા અને મહાવીર જૈન વિદ્યાલય દ્વારા મૂળ પ્રસિદ્ધ થયેલ છે.

આ પયન્નાનું વિસ્તૃત અધ્યયન ડૉ. અરુણા મુકુંદકુમાર લઠ્ઠાએ પીએચ.ડી. નિમિત્તે શ્રી રમણિક શાહના માર્ગ દર્શન હેઠળ 'મરણસમાધિ એકઅધ્યયન' શીર્ષક હેઠળ કર્યું છે. આશોધનિબંધનું પ્રકાશન મહાવીર જૈન વિદ્યાલય દ્વારા વર્ષ ૨૦૦૦માં કરવામાં આવેલ છે. આ ગ્રંથમાં સમાધિમરણ વિષયક આજે ઉપલબ્ધ એવા પયન્નાઓ તેમ જ આજે ઉપલબ્ધ ન હોય તેવા પયન્નાઓની સામગ્રી સંકલિત કરવામાં આવી છે.

આ ગ્રંથ 'મરણવિભત્તિપઇણ્ણય' તરીકે પણ ઓળખાય છે. આ ગ્રંથમાં પ્રારંભે આરાધનાના ત્રણ ભેદો દર્શાવ્યા છે; દર્શન આરાધના, જ્ઞાન આરાધના, ચારિત્ર આરાધના. શ્રદ્ધારહિત જીવો ભૂતકાળમાં અનંતવાર બાળમરણથી મૃત્યુ પામેલા છે, પરંતુ ભવનો અંત કરનાર પંડિતમરણની પ્રાપ્તિ થઈ નથી, એમ કહી પંડિતમરણનું સ્વરૂપ ગાથા ૨૨થી ૪૪માં દર્શાવ્યું છે. ગાથા ૪૫થી ૫૨માં પંડિતમરણને સિદ્ધ કરવાના કર્તવ્યો દર્શાવે છે. સાધકે સર્વ સુખશીલતાનો ત્યાગ કરી ઉત્તમ રીતે ચારિત્રનું પાલન કરવું, ધૈર્યવાન બની કષ્ટો સહન કરવા, ક્રમશઃ પાંચ ઈન્દ્રિયોના વિષયો તેમ જ કષાયો પર વિજય મેળવવો.

એ પછી સાધકને તેની સાધનામાં તન્મયતા રહે તે માટે નિર્યામક ગુરુ તેને ક્રમશઃ આહારનો ત્યાગ કરાવે છે. તે મુનિ વિચારે છે;

'આહાર જ સર્વ સુખનું ઉદ્‌ભવસ્થાન, જીવિતમાં સારરૂપ ગણાય છે, છતાં સર્વ દુઃખોનું કારણ પણ તે જ છે. આહારની ઈચ્છા માત્રથી તંદુલિયો મત્સ્ય સાતમી નરકે જાય છે. મેં પણ અનંત ભવોમાં ઘણા આહાર કર્યાં. ઘણી નદીઓના પાણી પીધાં, છતાં પણ તૃપ્તિ નથી. તો હવે એવા આહાર-પાણીનું મારે કામ નથી.'

નિર્યામક આચાર્ય અનશન ધારણ કરેલા મુનિને કાયાના મમત્વથી દૂર રહેવાનો ઉપદેશ આપે છે. આ ગ્રંથની ૧૫૪ થી ૧૭૫ ગાથામાં આત્મશુદ્ધિનું નિરૂપણ કરવામાં આવ્યું છે. ૧૭૬મી ગાથામાં સંલેખનાના પ્રકારો દર્શાવ્યા છે. બાહ્ય સંલેખનામાં શરીરની સંલેખના કરવાની છે, તો અભ્યંતર સંલેખનામાં કષાયની સંલેખના કરવાની છે. ગાથા ૧૭૭ થી ૧૮૮ સુધી બાહ્ય સંલેખનાની વિધિ દર્શાવી છે. ગાથા ૧૮૯ થી અંતરસંલેખના દર્શાવી છે.

કોહં ખમાઈ, માણં મદ્દવયા, અજ્જવેણ માયંચ,
સંતોસેણ ચે લોભં, નિજ્જિણ ચતારિ વિકસાએ.

ક્રોધને ક્ષમાથી, માનને માર્દવથી (નમ્રતાથી), માયાને આર્જવથી (સરળતાથી) અને લોભને સંતોષથી સાધકે જીતવા જોઈએ.

આમ, ગાથા ૧૮૯ થી ૨૦૯ સુધી બાહ્ય સંલેખના (આહારત્યાગ)ની સાથે અભ્યંતર સંલેખના (કષાયત્યાગ) કરવાના ઉપાયો દર્શાવવામાં આવ્યા છે. ત્યારબાદ અનશન ધારણ કરનાર સાધુને ઉદ્દેશીને કેવી રીતે વ્રતોના અતિચાર આલોચી, સ્થિર ચિત્ત થઈ અનશનની આરાધના કરવી તેનું નિરૂપણ કરવામાં આવ્યું છે. આ સાધુ ભગવંતોએ પંચમહાાતની રક્ષા કેવી રીતે કરવી તે અંગેનું માર્ગદર્શન ગાથા ૨૫૮ થી ૨૬૯માં કરવામાં આવ્યું છે.

ક્રોધ, માન, માયા, લોભથી પંચમહાાતોનું રક્ષણ કરવું. એ જ રીતે કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય, પરપરિવાદ આદિ દોષોની પંચ-મહાાતોનું રક્ષણ કરવાનું કહેવાયું છે. વળી, કૃષ્ણ આદિ અશુભ લેશ્યાઓ છોડી શુક્લ આદિ લેશ્યાની મદદથી વ્રતોનું રક્ષણ કરવા કહેવાયું છે.

આ ગ્રંથમાં પંડિતમરણને સિદ્ધ કરવા ચૌદ સ્થાનો દર્શાવી માર્ગદર્શન આપ્યું છે. આ ચૌદ સ્થાનમાં સર્વ પ્રથમ સ્થાન આલોચના છે. જે સાધક પોતાનો અંતિમ સમય સુધારવા ઈચ્છતો હોય, પોતાના મનમાં સમાધિની દિવ્ય આભા ઈચ્છતો હોય, તેણે જીવનમાં પોતાનાથી થયેલી ભૂલો, પાપોનું શુદ્ધ અંતઃકરણપૂર્વક, મન-વચન-કાયાથી શલ્યરહિતપણે યોગ્ય ગુરુ ભગવંતોના શરણમાં પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ. વર્તમાન જૈન સંઘમાં આથી જ સરળ ગુજરાતીમાં રચાયેલ ઉ. વિનયવિજયજીકૃત પુણ્યપ્રકાશ

સ્તવન કે શ્રી સમયસુંદરજીકૃત પદ્માવતી- આરાધના અંતકાળે સંભળાવવાની પ્રથા છે.

બીજું સ્થાન સંલેખનાનું છે. સાધકે બાહ્ય સં લેખના દ્વારા આહારનો ત્યાગ અને અભ્યંતર સંલેખનાથી કષાયોને દુર્બળ કરવાની સાધના કરવાની છે. સંલેખનાની સાધના સામાન્ય રીતે જઘન્યથી છ માસ અને ઉત્કૃષ્ટથી બાર વર્ષ કરવાની હોય છે. રોજ ખાનારો સીધો ઉપવાસ પર ચઢી જાય તો અસમાધિથી પીડાય, આથી સંલેખનાની સાધના સહજ થાય એ માટે પૂર્વ તૈયારી રૂપ ત્રીજું સ્થાન ઉપવાસનું દર્શાવ્યું છે. સાધકે ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમ આદિ તપની આરાધના કરવા દ્વારા ક્રમશઃ સંલેખના માટે જાતને તૈયાર કરવી જોઈએ. આ સંલેખના ક્યારે કરવી તેના સમયનું માર્ગદર્શન વિશિષ્ટ જ્ઞાની ગુરુ ભગવંતોના માધ્યમથી મેળવવું પડે. વર્તમાનમાં વિશિષ્ટ જ્ઞાની ગુરુભગવંતોના અભાવે કેટલાક જૈનધર્મી વર્ગોમાં સંલેખનાની આરાધના મંદપ્રાયઃ થઈ છે.

સંલેખનાની આરાધના કરનાર સાધકે મન-વચન-કાયાની સાવદ્ય ક્રિયાઓનો ત્યાગ કરવો જોઈએ, તે પાંચમું સ્થાનક છે. ઇંગિત-મરણના આરાધકો નક્કી કરેલા પ્રદેશમાં જ હરે, ફરે તે છઠ્ઠું સ્થાનક છે.

સમાધિ મરણ પામવા ઈચ્છનાર સાધકે તૃણ, દર્ભ કે લાકડાનો સુયોગ્ય સંથારો પસંદ કરવો જોઈએ. આ સંથારો સાતમું સ્થાન છે. ત્યાં સ્થિર થયેલ સાધકે પોતાના **આહાર તથા ઉપધિનો ત્યાગ** કરી (૮) પોતાના આત્માને **વૈરાગ્ય**માં તરબોળ કરી (૯) કેવળ **મોક્ષાર્થ સાધના** કરવી. (૧૦)

એ જ રીતે આ સંથારા પર રહી **ધર્મધ્યાન** અને **શુક્લધ્યાન**માં મનને જોડે. (૧૧) ધર્મધ્યાન અને શુકલધ્યાનમાં જોડાવા માટે જીવે આલોચના દ્વારા સકલ જીવરાશિ સાથે વૈરનું વિસર્જન કરી મૈત્રીભાવનું બીજ રોપ્યું છે. આ મૈત્રી આદિ ભાવોની સહાયથી વિશ્વના સર્વ જીવો પ્રત્યે સ્નેહ-વાત્સલ્ય ધારણ કરે અને સ્વ પ્રત્યેના મોહનો ત્યાગ કરે ત્યારે ધર્મધ્યાનનો વાસ્તવિક પ્રારંભ શક્ય બને છે. આવા ધર્મધ્યાન અને શુક્લધ્યાનમાં રહેનારા આત્માની **લેશ્યા** પણ સ્વાભાવિક રીતે શુભ જ રહેવાની. (૧૨) આ ઉત્તમ આચરણોથી સાધકનું સમ્યક્ત્વ પણ ક્રમશઃ અત્યંત નિર્મળ થતું જાય છે અને તે અલ્પ સંસારવાળો બને છે. (૧૩) આવો સાધક અંતે મનની દૃઢતા ધારણ કરનાર હોય, તો તે **પાદપોપગમન** અનશનને (૧૪) ધારણ કરે. અંત સમય નજીક જાણી ચારે આહાર કરી કપાયેલાં વૃક્ષની ડાળીની માફક નિશ્ચેતન દશામાં એક પડખે સૂઈ રહેવું, કોઈ પણ ઉપસર્ગ આવે તો ખસવું નહિં, આયુષ્યની સમાપ્તિ સુધી એ જ રીતે રહેવું. આમ, 'મરણ-સમાધિ'કારે અંતિમ આરાધનાના ૧૪ સ્થાનકો અથવા ૧૪ કર્તવ્યો દર્શાવ્યા.

હવે, આ પંડિતમરણ સિદ્ધ કરવા સાધકે પોતાના રોજીંદા જીવનમાં કેવું આચરણ સિદ્ધ કરવું જોઈએ, તે પણ ગ્રંથકાર છ સ્થાનોમાં દર્શાવે છે. (૧) સાધકે પોતાની સર્વ ક્રિયાઓ વિનયપૂર્વક કરવાની છે. વિનયપૂર્વક ક્રિયા કરનારો અલ્પ કર્મબંધ કરે છે અને કર્મનિર્જરા કરનાર પણ બને છે. (૨) સાધકે અભિમાનનો ત્યાગ કરવાનો છે. અભિમાનને ત્યજનાર સાધક વાસ્તવિક ક્ષમાપના કરી શકે છે. નિત્ય જીવનમાં જ્યાં જ્યાં કર્મબંધ થાય, ત્યાં ત્યાં સરળ સાધક તરત ક્ષમાપના કરી હળુકર્મી બની શકે છે. (૩) દેવ, ગુરુ, વડીલ, જિન આગમ, જિન મંદિર તથા સકલ સંઘની ભક્તિભાવે પૂજા કરવી તેમજ તેમની આજ્ઞાનું બહુમાન કરનાર સાધક ધર્મમાર્ગમાં આગળ વધે છે. એ જ રીતે (૪) તીર્થંકરોની આજ્ઞાનું પાલન કરવાથી નવા કર્મોનો પ્રવેશ અટકાવી ક્રમશઃ કર્મવૃક્ષનો નાશ કરનાર થાય છે, વળી (૫) શ્રુતધર્મની આરાધના દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરી ધર્મ ધ્યાન આદિ સાધવાની ભૂમિકા સિદ્ધ કરે છે. (૬) આચરણ-આગમોથી પ્રાપ્ત થયેલા જ્ઞાનનું આચરણ કરવાથી સાધક ક્રમશઃ ઉન્નતિ પામતો અંતકાળે સંલેખનાનો અધિકારી બને છે.

'મરણસમાધિ' ગ્રંથમાં ગ્રંથકારે સમાધિમરણ સાધવા માટેની આ તાત્ત્વિક ભૂમિકા આપી છે, એ સાથે જ આ સમાધિમરણને અનેક વિપત્તિઓ અને પીડા વચ્ચે સિદ્ધ કરનારા મહાપુરુષોના દૃષ્ટાંતો દર્શાવ્યા છે. આ દૃષ્ટાંતોમાં સનત્કુમાર ચક્રવર્તીએ સોળ મહારોગોને સમતાપૂર્વક સહન કર્યા તેનો સર્વપ્રથમ ઉલ્લેખ કર્યો છે. ત્યારપછી મેતાર્ય મુનિ, ચિલાતિપુત્ર, ગજસુ કુમાલ, અવંતિસુકુમાલ, અરણિક મુનિ, ખંધકમુનિના શિષ્યો, સુકોશલ મુનિ આદિ અંતિમ આરાધના કરનારા શાસ્ત્ર પ્રસિદ્ધ મહાપુરુષોના દૃષ્ટાંતો દર્શાવ્યા છે.

ત્યાર બાદ, વૈરાગ્યભાવની ઉત્કૃષ્ટતા માટે ઈલાચિપુત્રનું દૃષ્ટાંત દર્શાવ્યું છે. નટડીમાં લુબ્ધ થયેલ ઇલાચીપુત્ર વાંસ પર ઊંધે માથે નાચી રહ્યો હતો, ત્યારે દૂર મુનિ ભગવંત સુંદર સ્ત્રી પર દૃષ્ટિ પણ કરતા નથી, તે જોઈ પોતાની અધમ સ્થિતિ માટે નિંદા કરતો વૈરાગ્ય પામ્યો. આ વૈરાગ્યના બળે કેવળજ્ઞાનને પ્રાપ્ત કરનારા થયા.

એ પછી સમભાવને સિદ્ધ કરનારા દમદંત મહર્ષિનું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે. એ જ રીતે જ્યાં સુધી દીપકની જ્યોત રહેશે, ત્યાં સુધી કાયોત્સર્ગ ધ્યાનમાં રહેવાનો અભિગ્રહ કરનારા ચંદ્રાવતં સકરાજાનું દૃષ્ટાંત આપ્યુ. છે. રાજાના આ પ્રકારના અભિગ્રહને ન જાણતી દાસી રાજાને અગવડ ન પડે માટે પ્રહરે પ્રહરે તેલ પૂરતી રહી. ચાર પ્રહર સતત ઊભા રહેવાને કારણે રાજાનું શરીર અકળાઈ ગયું, છતાં ધ્યાનથી ચલિત ન થયા અને દાસી પર દ્વેષ ન કર્યો.

એ જ રીતે અપૂર્વ વૈભવના માલિક ધન્ના અને શાલિભદ્ર કાયાનું મમત્વ વીસારી, વૈભવનો ત્યાગ કરી ઉત્કૃષ્ટ ચારિત્રપાલન કરી અંતે એક માસનું અનશન કરી શિલાનો સંથારો કર્યો.

આ 'મરણસમાધિ' ગ્રંથમાં ઉત્તમ અંતિમ આરાધના કરનારા મહાપુરુષો એ જ રીતે બાવીસ પરિષહો (બાવીસ પ્રકારના દુઃખો)ને જીતનારા મહાપુરુષોના દૃષ્ટાંતો દર્શાવ્યા છે.

અહીં અનેક પ્રસિદ્ધ કથાઓની સાથે સાથે કેટલીક ઓછી જાણીતી કથાઓ આલેખાયેલી છે. આ કથાઓમાં સાગરચંદ્ર નામના રાજપુત્રની કથા સાધકોએ જાણવા જેવી છે.

દ્વારિકા નગરીમાં બલદેવનો સાગરચંદ્ર નામે પૌત્ર હતો. અતિ સ્વરૂપવાન એવો સાગરચંદ્ર શાંબ વગેરેને અતિપ્રિય હતો. આ જ નગરમાં કમલમેલા નામે અતિસ્વરૂપવાન કન્યા હતી. આ કન્યાની સગાઈ ઉગ્રસેનના પુત્ર નભસેન સાથે થઈ હતી.

એકવાર નારદમુનિએ સાગરચંદ્ર પાસે જઈ કમલમેલાના વખાણ કર્યા. બન્નેને એક બીજા પ્રત્યે અનુરાગ થયો. શાંબની

મદદથી ગુપ્ત રીતે સાગરચંદ્ર અને કમલમેલાના લગ્ન થયા. સાંબે તેમને વિદ્યાઓ આપી, આથી વિદ્યાધર જેવા બની બંને ભોગ ભોગવવા લાગ્યા. આ બાજુ કમલમેલાના સસરા અને પિતા કમલમેલાને શોધવા લાગ્યા. તેમણે વિદ્યાધરરૂપે ક્રીડા કરતા કમલમેલા અને સાગરચંદ્રના યુગલને જોયું. તેમણે કૃષ્ણ વાસુદેવને ફરિયાદ કરી. કૃષ્ણ વાસુદેવ વિશાળ પરિવાર સાથે યુદ્ધ કરવા આવ્યા. આ સમયે શાંબ પણ રૂપપરિવર્તન કરી વિદ્યાબળે કૃષ્ણ સાથે યુદ્ધ કરવા માંડ્યો. આ યુદ્ધ ઘણું લાંબું ચાલ્યું. અંતે સાંબે મૂળરૂપમાં આવી પિતાની માફી માંગી. સાગરચંદ્ર અને કમલમેલાના પરસ્પરના અનુરાગને જોઈ કૃષ્ણે માફી આપી. ત્યારબાદ, ત્યાં નેમિનાથ પ્રભુ પધાર્યા, ત્યારે સાગરચંદ્રે અણુાતો ધારણ કર્યાં.

સાગરચંદ્ર આઠમ, ચૌદસે પૌષધાત ધારણ કરી શૂન્ય ઘરમાં ધ્યાન માટે ઊભો રહેતો. આ વાત નભસેન જાણતો હતો. એકવાર તેણે તાંબાની સોયો ઘડાવી અને સાગરચંદ્ર જ્યાં ધ્યાનમાં ઊભા હતા, ત્યાં આવી તેની વીસે આંગળીઓના જીવતા નખ કાઢી નાખ્યા. વેદનાને સમભાવપૂર્વક સહન કરી સાગરચંદ્ર દેવલોકમાં ગયા. બીજે દિવસે તપાસ કરતાં નગરમાં આક્રંદ ફેલાયું. ત્યાં સોયો જોઈ, આથી સોય બનાવનારને પૂછતા ખબર પડી કે આ સોયો નભસેને બનાવી છે. શાંબ અને નભસેન વચ્ચે યુદ્ધ થયું. ત્યાં દેવ બનેલા સાગરચંદ્રે વચ્ચે પડી શાંતિ કરાવી. કમલમેલાએ પણ સાધ્વી પાસે દીક્ષા ગ્રહણ કરી.

એ જ રીતે દંશમસક પરિષહ સંદર્ભે સમણભદ્ર ઋષિની કથા પણ રસપ્રદ છે. ચંપાનગરીમાં રિપુમર્દન રાજાના પુત્ર સમણભદ્રે ધર્મઘોષ આચાર્ય પાસે દેશના સાંભળી સંસારથી વિરક્ત થયા અને દીક્ષા ધારણ કરી. ત્યારબાદ શ્રુતજ્ઞાનનો અભ્યાસ કર્યો.

એકવાર ગુરુઆજ્ઞા લઈ એકાકી વિહાર રૂપે પ્રતિજ્ઞા ધારણ કરી જંગલમાં રાત્રિના સમયે પાંચ પ્રહરનો કાયોત્સર્ગ ધારણ કર્યો. કાયોત્સર્ગમાં જંગલમાં રહેલા ડાંસ-મચ્છરોએ તીક્ષ્ણ મુખેથી સોયની અણી જેવા, ડંખ માર્યા. બીજા પ્રહરે ડાંસ મચ્છરોએ 'ગણ' શબ્દ કરી ડંખ માર્યા. ત્રીજા અને ચોથા પ્રહરે નાના-મોટા વિવિધ જાતિના ડાંસોએ ડંખ માર્યા. પાંચમા પ્રહરે (સૂર્યોદય સમયે) અકસ્માત ઉડેલી હજારો મધમાખીઓએ તે મુનિના શરીર પર ચોંટી કરડવાનું શરૂ કર્યું.

ડાંસ મચ્છરોના પરિષહને ઉત્કૃષ્ટ શુભ અધ્યવસાયથી સહન કરતાં મુનિરાજે કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત કર્યું, આયુષ્ય પૂર્ણ થતા સિદ્ધ થયા.

આવી અનેક સમાધિપ્રેરક સામગ્રીઓ 'મરણસમાધિ' પયન્નામાં સંગ્રહિત થઈ છે. 'મરણસમાધિ પયન્ના' એ વાસ્તવમાં એક સ્વતંત્ર ગ્રંથ નથી, પરંતુ સમાધિપ્રેરક વિવિધ પયન્નાઓ અને અન્ય ગ્રંથોનું એક બૃહદ્ સંકલન છે. સમાધિ સાધવાની ઈચ્છા ધરાવતા સર્વ સાધકો માટે તેના સંકલનકાર મહર્ષીએ અપૂર્વ સમાધિપ્રેરક સામગ્રીનો ભંડાર રજૂ કર્યો છે. આ માટે આગમગ્રંથો માં 'મરણસમાધિ' પયન્ના ગ્રંથનું અધ્યયન અત્યંત મહત્ત્વપૂર્ણ ગણી શકાય.

★


**સંદર્ભ સૂચિ :**

૧. પઈણ્ણય સૂત્તાઈ ભાગ-૧-૨-૩. સં. મુનિશ્રી પુણ્યવિજયજી અને પંડિત અમૃતલાલ મોહનલાલ ભોજક, પ્રકાશક મહાવીર જૈન વિદ્યાલય,

મુંબઈ-૪૦૦ ૦૩૬. ઈ. સ. ૧૯૮૪. ૨. મરણસમાધિ એક અધ્યયન, ડૉ. અરૂણા મુકુન્દકુમાર લઠ્ઠા, પ્રકાશક

મહાવીર જૈન વિદ્યાલય, ઑગસ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઈ-૪૦૦૦૩૬. ઈ. સ. ૨૦૦૦.

૩. श्री चतुःशरण प्रकीर्णकम् - सं. संशोधक आचार्य कीर्तियशसूरीश्वरजी म.सा., प्रकाशक सन्मार्ग प्रकाशन, अहमदाबाद. ई. स. २००८.


(આ ગ્રંથમાં પાદનોંધમાં ઉલ્લેખિત ડૉ. અતુલકુમાર પ્રસાદ સિંહનો 'પ્રકીર્ણક સાહિત્ય : એક અવલોકન') લેખ પુર્નમુદ્રીત થયો છે.

## આગમ-વાણી

- જે ભાષા સત્ય હોવા છતાં બોલવા જેવી ન હોય, જે ભાષા સત્ય અને અસત્યના મિશ્રણવાળી હોય, જે ભાષા અસત્ય હોય અને જે ભાષા જ્ઞાનીઓએ વર્જ્ય ગણી હોય તેવી ભાષા પ્રજ્ઞાવાન સાધકે બોલવી નહિ.
- સર્વ જીવો જીવવા ઇચ્છે છે. કોઈ જીવને મરવું ગમતું નથી. એટલા માટે નિર્ગ્રન્થ મુનિઓ ભયંકર પ્રાણીવધનો પરિત્યાગ કરે છે.
- પોતાના કે બીજાના સ્વાર્થને માટે, ક્રોધથી કે ભયથી એવું અસત્ય વચન બોલવું નહિ અથવા બીજા પાસે બોલાવવું નહિ કે જેથી હિંસા થાય.
- સત્ય ભાષા પણ જો કઠોર હોય અને પ્રાણીઓનો મોટો ઘાત કરનારી હોય તો તે બોલવી નહિ, કારણ કે એથી પાપકર્મ બંધાય છે.
- કોઈ માણસ અસત્ય ભાસે એવું વચન બોલે તો પણ તે પાપ ગણાય છે; તો પછી જે ખરેખર અસત્ય બોલે તેની તો વાત જ શી ?
- કષાયો (ક્રોધ, માન, માયા અને લોભ)ને અગ્નિ કહેવામાં આવે છે. શ્રુત, શીલ અને તપને જલ કહેવામાં આવે છે. શ્રુતરૂપી જલની ધારા છાંટવાથી ઠંડી પડી ગયેલી અને છિન્નભિન્ન થયેલી તે જ્વાળાઓ મને દઝાડતી નથી.
- વૃદ્ધાવસ્થા અને મૃત્યુરૂપી જલપ્રવાહમાં ઘસડાતા જીવો માટે ધર્મ જ દ્વીપ, પ્રતિષ્ઠાન (આશ્રયસ્થાન), ગતિ અને ઉત્તમ શરણરૂપ છે.

# શ્રી નિશીથ સૂત્ર

☐ ડૉ. પ્રવીણભાઈ સી. શાહ

શ્રી નિશીથ સૂત્રનું મૂળ છપાયું છે. તેના અંતે કહેલ ત્રણ શ્લોકોમાં જણાવ્યું છે કે મહત્તર શ્રી વિશાખગણિએ આ સૂત્રને લખ્યું હતું. આ સૂત્રમાં જ્ઞાનાચારાદિ પાંચ આચારોમાં લાગેલા દોષોના પ્રાયશ્ચિત્તોનું ક્રમસર વર્ણન કર્યું છે, તેથી તે આચાર પ્રકલ્પ નામે પણ ઓળખાય છે; પણ નિશીથ નામ વધારે સુપ્રસિદ્ધ છે. શ્રી જિનપ્રભસૂરિકૃત સિદ્ધાંતસ્તવની અવચૂરિ વગેરે ગ્રંથોમાં નિશીથ નામનું કારણ જણાવ્યું છે કે નિશીથ એટલે રાત્રિનો મધ્યભાગ અથવા મધ્યરાત્રિ. તે સમયે યોગ્ય દીક્ષા પર્યાયવાળા પરિણત શિષ્યોને જે સૂત્ર ભણાવાય તે નિશીથસૂત્ર કહેવાય. અપવાદિક બીના ઉત્સર્ગમાર્ગને ટકાવવા માટે જ કહી છે, પણ ઉત્સર્ગ માર્ગનો લોપ કરવા માટે કે અપવાદમાર્ગનો પ્રચાર વધારવાને માટે અપવાદમાર્ગની પ્રરૂપણા કરી જ નથી. આ ખરો મુદ્દો અપરિણામી શિષ્યો કે અતિપરિણામી શિષ્યો સમજી શકતા નથી, તેથી તે બંને પ્રકારના શિષ્યો આ નિશીથસૂત્રની બીના ન સાંભળે, તે રીતે ગીતાર્થોને આ સૂત્ર અને એના જેવા બીજા પણ છેદસૂત્રોને ભણાવવાની શ્રી તીર્થંકર દેવોએ આજ્ઞા ફરમાવી છે.

આ નિશીથસૂત્ર એ શ્રી આચારાંગની પાંચમી ચૂલિકા છે, તેથી શ્રી આચારાંગ સૂત્રમાં કહેલી સાધુ-સાધ્વીઓના આચારની બીના તરફ લક્ષ્ય રાખીને જ આ નિશીથસૂત્રની સંકલના કરાઈ છે, તેથી પણ તેના આચારપ્રકલ્પ નામની વિશેષ સાર્થકતા સમજાય છે. (૧) આ નિશીથસૂત્રના મૂળ ગ્રંથનું પ્રમાણ ૮૧૨ (૯૫૦) શ્લોક છે . (૨) શ્રી ભદ્રબાહુ સ્વામી મહારાજે આ શ્રી નિશીથસૂત્રની નિર્યુક્તિ રચી હતી. તે આ સૂત્રના ૭૦૦૦ (૬૪૩૯) શ્લોક પ્રમાણ લઘુ ભાષ્યમા ભળી ગઈ છે. (૩) બહદ્ ભાષ્ય (મોટા ભાષ્ય)નું પ્રમાણ ૧૦૦૦ શ્લોક છે. (૪) ચૂર્ણિ–હાલ જે ચૂર્ણિ મળી શકે છે, તેનું નિશીથ વિશેષ ચૂર્ણિ (વિશેષ નિશીથ ચૂર્ણિ) નામ છે. આ નામ ઉપરથી કેટલાએક વિદ્વાનો માને છે કે આ ચૂર્ણિ સિવાયની બીજી પણ ચૂર્ણિ હોવી જોઈએ, પણ હાલ તે મળી શકતી નથી. આ નિશીથસૂત્રની વિશેષ પદની ચૂર્ણિમા એટલે ૧૦મા ઉદ્દેશાની ચૂર્ણિમા ચક્રવર્તીના શીતગૃહની બીના કહી છે. એ શીતગૃહમાં સૂનાર ચક્રવર્તીને શિયાળામાં ઠંડીની, ઉનાળામાં ગરમીની અને ચોમાસામાં વરસાદની લગાર પણ વિપરીત અસર થતી નથી. વિવાહપટલ નામનો જ્યોતિષનો ગ્રંથ બારમા ઉદ્દેશાની ચૂર્ણિમાં જણાવ્યો છે તથા ૧૨૪૪મા પાનામાં ઘોડાના શરીરમાંથી કાંટો કાઢવાની રીત જણાવી છે. આ નિશીથસૂત્રના ૧૦મા ઉદ્દેશાની ચુર્ણિમાં કાલિકાચાર્યની કથામાં ચોથની સંવચ્છરી હકીકતો પણ જણાવી છે. (૫) ટીકા–આ નિશીથસૂત્રના ફક્ત ૨૦મા ઉદ્દેશાની ટીકા શ્રી પાર્શ્વદેવ ગણિએ અને શ્રી શીલભદ્રસૂરિના શિષ્ય શ્રી ચંદ્રસૂરિએ વિ. સં. ૧૧૭૪માં બનાવી હતી. તે દરેક ટીકાનું પ્રમાણ ૧૧૦૦૧૧૦૦ શ્લો ક કહ્યા છે તેમાં શ્રીપાર્શ્વદેવ ગણિકૃત ટીકા હાલ મળી શકતી નથી. શ્રી રત્નપ્રભના શિષ્યે આ શ્રી નિશીથસૂત્રના ભાષ્ય વિવેનામના વિવરણની રચના કરી હતી એમ જૈન ગ્રંથાવલી વગેરેમાં તથા બૃહટ્ટિપ્પનિકાદિમાં પણ કહ્યું છે. આ નિશીથસૂત્રના મૂળ ગ્રંથ, ચૂર્ણિ ને ભાષ્યનું (ત્રણેનું) પ્રમાણ ૨૯૦૦૦ શ્લોક જણાવ્યા છે. તેમજ આ સૂત્રના ગુજરાતી ટિપ્પણ, હુંડી વગેરે પણ રચાયા છે, પણ હાલ મળી શકતા નથી.

આ નિશીથસૂત્રના ૨૦ વિભાગો છે. દરેક વિભાગને ઉદ્દેશા નામથી ઓ ળખાવ્યો છે. તે દરેક ઉદ્દેશામાં કેટલા કેટલા બોલ (વચનો, વાક્યો) છે ? તે નીચે જણાવેલા યંત્રથી જાણવું. ઉદ્દેશાનો ક્રમ બોલની સંખ્યા ઉદ્દેશાનો ક્રમ બોલની સંખ્યા

| | | | |
|---|---|---|---|
| ૧ | ૫૮ | ૧૧ | ૯૨ |
| ૨ | ૫૯ | ૧૨ | ૪૨ |
| ૩ | ૭૯ | ૧૩ | ૭૪ |
| ૪ | ૧૧૧ | ૧૪ | ૪૫ |
| ૫ | ૭૭ | ૧૫ | ૧૫૪ |
| ૬ | ૭૭ | ૧૬ | ૫૦ |
| ૭ | ૯૧ | ૧૭ | ૧૫૧ |
| ૮ | ૧૭ | ૧૮ | ૬૪ |
| ૯ | ૨૮ | ૧૯ | ૩૬ |
| ૧૦ | ૪૭ | ૨૦ | ૫૩ |

**જરૂરી બીનાઃ** દરેક ઉદ્દેશાના જુદા જુદા બોલમાં પ્રાયશ્ચિત્તને લાગવાના કારણો સમજાવીને પરમકૃપાળુ સૂત્રકાર મહર્ષિએ તે કારણોને તજવાની હિતશિક્ષા આપી છે.

ટૂંકામાં એમ કહી શકાય કે પ્રાયશ્ચિત્તના અનેક ભેદો છે. તેમાંના ૪ ભેદોનું વર્ણન શરૂઆતના ૧૯ ઉદ્દેશામાં કરી છેલ્લા ઉદ્દેશામાં પ્રાયશ્ચિત્તના ભેદોની બીના વિસ્તારથી સમજાવતાં કયું પ્રાયશ્ચિત્ત કઈ વિધિએ કરાય ? વગેરે પ્રશ્નોના ખુલાસા સ્પષ્ટ સમજાવ્યા છે. અહીં કહેલી બીનાઓમાંની કેટલીક બીના હીનાધિક રૂપે વ્યવહારાદિમાં પણ વર્ણવી છે. આ શ્રી નિશીથસૂત્રના જાણકાર મુનિઓને મધ્યમ ગીતાર્થ તરીકે જણાવ્યા છે, તેમજ મધ્યમ જ્ઞાનસ્થવિર તરીકે પણ તેમને જ કહ્યા છે.

અહીં પ્રાયશ્ચિત્તના દેનારા ગીતાર્થોને ઉદ્દેશીને સંપૂર્ણ વર્ણન કર્યું છે. ૧. પ્રાયશ્ચિત્તના લેનારા સાધુ-સાધ્વીઓ અભિમાન, લજ્જા (શરમ), લોકમાં ફજેતી થવાનો ભય વગેરે કારણોમાંના કોઈ પણ કારણથી કરેલા અપરાધ છુપાવતા હોય, તો તેમને પ્રાયશ્ચિત્ત લઈને આત્મશુદ્ધિ કરવાથી થતા લાભ વગેરે પ્રસંગોચિત બીનાઓ શાંતિથી અને પ્રેમથી સમજાવીને તેમને (મુનિઓને) પ્રાયશ્ચિત્ત લેવાની ભાવના કઈ રીતે કરાવવી ? (૨) આ મુનિએ આ ગુનો સ્વચ્છંદતાથી કર્યો છે કે પરાધીનપણે કર્યો છે ? (૩) પહેલા જે અપરાધનું પ્રાયશ્ચિત્ત લઈને શુદ્ધિ કરી હતી, તે જ અપરાધ આ મુનિએ ફરી સેવ્યો છે કે બીજો અપરાધ સેવ્યો છે ? વગેરે બાબતોના દીર્ઘદૃષ્ટિથી વિચારો કર્યા બાદ જ ગીતાર્થો ગુનેગાર મુનિઓને પ્રાયશ્ચિત્ત આપી શકે. યાદ રાખવું જોઈએ કે પ્રાયશ્ચિત્તના લેનારા મુનિઓ કરતાં તેના દેનારા ગીતાર્થોને માથે બહુ જ જવાબદારી હોય છે. જેમ ન્યાય (ચૂકાદો) આપવો, એ સહેલ વાત નથી, તેમ અપરાધીને યોગ્ય પ્રાયશ્ચિત્ત દેવું, એ પણ સહેલ વાત નથી. માટે જ કહ્યું છે કે હીનાધિક પ્રાયશ્ચિત્તના દેનારા

ગીતાર્થો પણ શ્રીજિનશાસ્ત્રના ગુનેગાર બને છે. અહીં તેમ જ બીજા પણ છેદ સૂત્રોમાં ઓછા વધતા પ્રમાણમાં આ તમામ હકીકતો સ્પષ્ટ સમજાવી છે.

આ શ્રી નિશીથસૂત્રમાં કહ્યું છે કે જે મહાવ્રતાદિની આરાધનામાં અતિક્રમાદિ દોષોને લગાડવારૂપ પ્રતિસે વના કરવી, તે (કાર્ય) કંઈ દુષ્કર નથી, પણ પોતાના આત્માને ભવસમુદ્રથી તારવાની નિર્મળ ભાવના રાખીને સરળ સ્વભાવે જે અપરાધ જે રીતે થયો હોય, તે રીતે જ ગંભીરતાદિ સદ્ગુણ નિધાન પરમ ગીતાર્થ મહાપુરુષોની પાસે જણાવે કે આ કારણથી આ રીતે મેં મહાવ્રતાદિમાં અતિક્રમાદિ દોષો લગાડ્યા છે, તો આપ કૃપા કરીને તેનો શુદ્ધિનો ઉપાય બતાવો. આ રીતે પોતાની કરેલી ભૂલને સુધારવાની ભાવના દૃઢધર્મી આસન્નસિદ્ધિક ભવ્ય જીવોના જ મનમાં પ્રગટે છે. માટે જ કહ્યું છે કે નિર્મળભાવે ગીતાર્થ ગુરુની પાસે જ આલોચના કરવી (ભૂલને જણાવવી), તે કાર્ય બહુ દુષ્કર છે .

જેમ બાળક બાપની આગળ સરળ સ્વભાવે પવિત્ર હૃદયથી જે કહેવાનું હોય તે કહે છે, તે જ પ્રમાણે ગીતાર્થ ગુરુ મહારાજ વગેરેની આગળ અપરાધોને કહેવારૂપ આલોચના વગેરે કરવાથી ગીતાર્થો તેના ગુણની અનુમોદના કરીને થોડું પ્રાયશ્ચિત્ત આપે છે. ને તેથી તે જીવ તે પ્રમાણે વર્તીને જરૂર ચોખ્ખો બને છે. આ તમામ બીનાનું મૂળ સ્થાન નવમું પૂર્વ છે. આ રીતે શ્રી નિશીથસૂત્રનો પરિચય બહુ જ ટૂંકામાં જણાવ્યો.

★

---

## શ્રી બૃહત્કલ્પ સૂત્ર

અહીં કલ્પ એટલે સાધુ-સાધ્વીઓના વિવિધ પ્રકારના આચારોનું અને તે દરેક આચારમાં પ્રાયશ્ચિત લાગવાના કારણો, પ્રાયશ્ચિતને કરવાનો વિધિ વગેરે હકીકતો બહુ જ વિસ્તારથી સમજાવી છે, તેથી આ સૂત્ર બૃહત્કલ્પ સૂત્ર આવા યથાર્થ નામે ઓળખાય છે. કલ્પ શબ્દના ઐતિસાહિક તીર્થાદિના વર્ણન વગેરે અર્થો પણ શબ્દકોષાદિમાં જણાવ્યા છે. પણ તે અર્થોમાંથી આચાર રૂપ અર્થ જ આ પ્રસંગે લેવાનો છે. બીજા ગ્રંથોમાં આ સૂત્રના (૧) વેદકલ્પસૂત્ર, (૨) બૃહત્સાધુકલ્પ, (૩) કલ્પાધ્યયન (૪) કલ્પ આચાર નામો પણ જણાવ્યાં છે. તેમાંના ત્રીજા નામનો ઉપયોગ યોગો દ્વહનની ક્રિયા કરતાં ઉદ્દેશાદિ કરવાના આદેશો બોલવામા કરાય છે. ને દસાકપ્પવવહારા અહીં કલ્પ શબ્દથી જ બૃહત્કલ્પસૂત્રનું ગ્રહણ કર્યું છે. બીજા બે નામોનો ઉપયોગ બહુજ ઓછો જણાય છે. જેમ દશવૈકાલિક સૂત્ર અને ઉત્તરાધ્યયનસૂત્રના નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ અને ટીકાઓ મળી શકે છે, તેમ ૬ છેદ સૂત્રોમાં આ શ્રી બૃહત્કલ્પસૂત્રના નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ અને ટીકા મળી શકે છે. જે સૂત્રની ઉપર આ ચાર સાધનો મળી શકતાં હોય, તેવાં સૂત્રો બહુ જ ઓછા જણાય છે. શ્રી ભદ્રબાહુસ્વામીએ શ્રી પ્રત્યાખ્યાનપ્રવાદ નામના પૂર્વના ત્રીજા આચાર નામે વસ્તુરુપ વિભાગના વીશમા પ્રાભૃતમાંથી ઉદ્ધાર કરીને આ શ્રી બૃહત્કલ્પસૂત્રની રચના કરી હતી. તે મૂલ સૂત્રનું પ્રમાણ ૪૭૩ શ્લોકો જણાવ્યા છે. તેની સ્વોપજ્ઞ નિર્યુક્તિ તેમણે (શ્રી ભદ્રબાહુ સ્વામીએ) રચી હતી, પણ તેની ઘણી ગાથાઓ શ્રી સંઘદાસ ગણિક્ષમાશ્રમણે કરેલા લઘુ ભાષ્યમાં ભળી ગઈ છે. કોઈ આચાર્યાદિ મહાપુરુષે નિર્યુક્તિ આદિના આધારે બૃહદ્ભાષ્ય લઘુભાષ્ય અને ચૂર્ણિની રચના થયા બાદ રચ્યું છે. અને આ સૂત્રની બે ચૂર્ણિનું પ્રમાણ ૩૧૦૦૦ શ્લોકો અને બીજી નાની ચૂર્ણિનું પ્રમાણ ૧૨૭૦૦૦ શ્લોકો જણાવ્યા છે. શ્રીમલયગિરિ ભાષ્યાદિને અનુસારે આ શ્રી બૃહત્કલ્પસૂત્રની અડધી પીઠિકા સુધીની ૪૬૦૦ શ્લોક પ્રમાણ ટીકા બનાવી હતી. તે અપૂર્ણ રહેવાથી શ્રી ક્ષેમકીર્તિસૂરિજીએ વિ. સં. ૧૩૩૨માં સુખાવબોદ ટીકા નામ રાખીને બાકીની ૩૭૪૦૦ શ્લોક પ્રમાણ ટીકા પૂર્ણ કરી. તેથી સંપૂર્ણ ટીકાનું પ્રમાણ ૪૨૦૦૦ શ્લોકો થાય છે. આ સૂત્રની ઉપર રચાયેલો ગુજરાતી ટબો વગેરે પણ મળી શકે છે.

આ રીતે નિર્યુક્તિ આદિની બીના ટૂંકામાં જણાવીને હવે ક્રમસર ૬ ઉદ્દેશાની બીના જણાવું છું. તે ટૂંકામાં આ પ્રમાણે જાણવી. આ સૂત્રના ૬ ઉદ્દેશો છે. તેના ૧. પહેલા ઉદ્દેશામાં સાધુ-સાધ્વીઓના આહારનો વિધિ અને ઉપાશ્રયમાં ઊતરવાનો વિધિ તથા કલેશ થતાં માંહોમાંહે ખમાવવાની બીના તેમજ વિહાર કરવાનો વિધિ વગેરે બીના સમજાવીને ઉપકરણોને લેવાની (વહોરવાની) વિધિ અને જ્યાં વિહાર ન કરાય તેવા સ્થળોની બીના વગેરે હકીકતો સ્પષ્ટ સમજાવી છે.

૨. બીજા ઉદ્દેશામાં સાધુસાધ્વીઓને ઊતરવા લાયક ઉપાશ્રયનું સ્વરૂપ અને શય્યાતરના અકલ્પ્ય (ન ખપે તેવા) આહારાદિની બીના કહીને વસ્ત્ર અને રજો હરણની બાબતમાં કલ્પ્ય-અકલ્પ્ય વિધિ વગેરે હકીકતો સ્પષ્ટ સમજાવી છે.

૩ ત્રીજા ઉદ્દેશામાં (૧) વસ્ત્રોને વહોરવાનો વિધિ અને અયોગ્ય કાલનું વર્ણન તથા વંદના કરવાનો વિધિ તેમજ ગૃહસ્થની પાસેથી અમુક કાલ સુધી વાપરવા માટે યાચેલા ઉપકરણાદિને કાર્ય પૂરું થયા પછી પાછા આપવાની વિધિ વગેરે બીના કહીને જે ઉપાશ્રયમાં પહેલાં સાધુઓ રહ્યા છે, ત્યાં વિહાર કરીને આવેલા નવા સાધુઓએ કઈ વિધિએ ઊતરવું જોઈએ ? તથા તે પહેલાંના સાધુઓના ઉપકરણાદિની જરૂર હોય તો કઈ વિધિએ તે માંગીને વાપરવા ? તેમજ જે સ્થાનનો કોઈ માલિક નથી તે સ્થાને ઊતરવાનો વિધિ વગેરે બીના સ્પષ્ટ સમજાવી છે. અંતે કહ્યું છે કે શત્રુ રાજાની જ્યાં લશ્કરી સેના ઊતરી હોય ત્યાં સાધુઓએ રહેવું નહીં. પછી ગોચરી અને સ્થંડિલ જવાને માટે ગાઉની મર્યાદા વગેરે બીનાઓ પણ સ્પષ્ટ સમજાવી છે.

૪. ચોથા ઉદ્દેશામાં સંયમનો નાશ કરનાર ત્રણ કારણો અને દશમા તથા નવમા પ્રાયશ્ચિતને આવવાના ત્રણ ત્રણ કારણો તેમજ દીક્ષાને તથા વાંચનાને અયોગ્ય ત્રણ ત્રણ જણાની બીના સ્પષ્ટ સમજાવીને વાંચના આપવા લાયક ત્રણ જણાની બીના અને મહામુશ્કેલીથી સમજાવી શકાય એવા ત્રણ જણની અને સહેલાઈથી સમજાવી શકાય એવા ત્રણ જણાની બીના વગેરે હકીકતો સ્પષ્ટ સમજાવી છે. પછી અનુક્રમે પહેલી પોરિસીએ લાવેલા આહારની બીના અને વિહારના સ્થળથી આહાર કેટલા ગાઉ સુધી લઈ જઈ

શકાય? આ બાબતમાં કલ્પ્ય-અકલ્પ્ય વિધિ તથા શંકિતાદિ સદોષ આહારની બીના તેમજ પહેલા અને છેલ્લા તીર્થંકરના સાધુઓને આહાર વ્હોરવાનો વિધિ વગેરે હકીકતો સ્પષ્ટ સમજાવી છે. પછી જ્ઞાનાદિ નિમિત્તે બીજા ગચ્છમાં જવાનો તથા રહેવાનો વિધિ અને બીજા ગચ્છના સાધુઓને ભણાવવા માટે બીજા ગચ્છમાં જવા વગેરેનો વિધિ તથા સાધુ કાલધર્મ પામે તેને નિમિત્તે કરવાનો વિધિ તેમજ કલેશ કરનારને સમજાવવા વગેરેનો અધિકાર સ્પષ્ટ સમજાવીને ક્રમસર પરિહારવિશુ દ્ધિ ચારિત્રને પાળનારા મુનિવરોના આહાર વગેરેની બીના અને પાંચ મોટી નદીઓએ ઊતરવાનો વિધિ તથા મર્યાદા, તેમજ પ્રસંગાનુપ્રસંગે બીજી પણ જરૂરી પ્રાયશ્ચિત્તાદિની હકીકતોને વિસ્તારથી સમજાવી છે.

૫. પાંચમા ઉદ્દેશામાં કલેશ થતા બીજા સંઘાડામાં જતા સાધુસાધ્વીઓને સમજાવીને પોતાના ગચ્છમાં પાછા લાવવાની બીના અને આહારાદિને વહોરવાના પ્રસંગે સાચવવા લાયક યતના (જયણા) ધર્મ વગેરેની બીના, તથા સાધુ સાધ્વીના વિહારાદિને અંગે વિધિ નિષેધ માર્ગની મર્યાદા, તેમજ સાધ્વીઓને વર્જવા લાયક ક્રિયાઓ વગેરે હકીકતોને સ્પષ્ટ સમજાવી છે. પછી અનુક્રમે આ તપની અને અભિગ્રહની જરૂરી બીના, અને પલાંઠીવાળીને બેસવાની બાબતમાં, તથા ટેકો દઈને બેસવાની બાબતમાં વિધિ નિષેધની પ્રરૂપણા, તેમજ પાટ વગેરેની ઉપર બેસવાનીને ઊભા રહેવાની બાબતમાં વિધિ નિષેધનું વર્ણન વિસ્તારથી કર્યું છે. પછી ક્રમસર સાધુ-સાધ્વીને વાપરવા લાયક તુંબડું, પુંજણી અને રજોહરણાદિની બીના અને સ્થવિરો જે કારણે પરિહારવિશુદ્ધિક ચારિત્રવાળા મુનિને બોલાવે તે કારણની બીના, તથા સાધુ સાધ્વીને વહોરેલા આહારની બાબતમાં વિધિ-નિષેધ વગેરે હકીકતો વિસ્તારથી સમજાવી છે.

૬. છઠ્ઠા ઉદ્દેશામાં સાધુ-સાધ્વીઓને ત્યાગ કરવા લાયક અવર્ણવાદના ૬ ભેદોનું વર્ણન અને જૂઠાં આળ દેવાનો નિષેધ કરીને સંયમ, ભાષા, સમિતિ, ગોચરી, ઈર્યા સમિતિ વગેરે ૬ ગુણોને નાશ થવાના ૬ કારણો અને કલ્પસ્થિતિના ૬ ભેદ (ચારિત્રના સામાયિક, છેદેપિસ્થાપનીય, વગેરે ૬ ભેદ) વગેરે પદાર્થોનું વર્ણન વિસ્તારથી કર્યું છે. આ રીતે શ્રી બૃહત્કલ્પસૂત્રના ૬ ઉદ્દેશાનો પરિચય બહુ જ ટૂંકામાં જણાવ્યો છે, સાધુ સાધ્વીઓના આચારાદિની સૂક્ષ્મદૃષ્ટિથી વિચારણા કરીને મુનિવરાદિને મોક્ષ માર્ગની આરાધના કરવામાં અપૂર્વ મદદગાર આ શ્રી બૃહત્કલ્પસૂત્રને ગીતાર્થ ગુરુ આદિની પાસે ભણનારા મુનિવરો પોતાનો અને પરનો ઉદ્ધાર જરૂર કરી શકે છે. ★

---

## શ્રી વ્યવહાર સૂત્ર

આ સૂત્રમાં સાધુ-સાધ્વીઓના વ્યવહારનું વર્ણન વિસ્તારથી કર્યું છે, તેથી આ સૂત્ર વ્યવહારસૂત્ર નામે ઓળખાય છે. શ્રી ભદ્રબાહુસ્વામી મહારાજે નવમા પૂર્વના આચાર વસ્તુના વીસમા પ્રાભૃતમાંથી ઉધ્ધૃત કરીને આ શ્રી વ્યવહારસૂત્રની રચના કરી હતી. બૃહટ્ટિપનિકાદિમાં કહ્યું છે કે આ શ્રી વ્યવહાર સૂત્રના મૂળ ગ્રંથનું પ્રમાણ ૩૭૩ શ્લોકો છે. આ સૂત્રની સ્વોપજ્ઞ નિર્યુક્તિ (મૂળ સૂત્રના કરનાર શ્રી ભદ્રબાહુસ્વામીએ રચેલી નિર્યુક્તિ)ની ગાથાઓ ભાષ્યની ગાથાઓમાં ભળી ગઈ છે. આ ભાષ્યનું પ્રમાણ ૬૪૦૦ શ્લોકો અને ચૂર્ણિનું પ્રમાણ ૧૨૦૦૦ શ્લોકો જણાવ્યા છે તથા શ્રી મલયગિરિ મહારાજે ભાષ્યાદિને અનુસરીને બનાવેલી ટીકાનું પ્રમાણ ૩૩૬૨૫ (૩૪૬૨૫) શ્લોકો કહ્યા છે. આ સૂત્રનો વિ. સં ૧૫૭૩ની પહેલાં રચાયેલો ગુજરાતી ટબો (સ્તબકાર્થ) હુંડી વગેરે પણ છે. અહીં દશમા ઉદ્દેશામાં કાંચનપુરમાં પાણીની રેલ આવી હતી એમ કહ્યું છે. આ શ્રી વ્યવહાર સૂત્રના દશ ઉદ્દેશા છે તે દરેક ઉદ્દેશાનો પરિચય ટૂંકમાં આ પ્રમાણે છેઃ

૧. પહેલા ઉદ્દેશામાં વિસ્મૃતિ (ભૂલી જવું), પ્રમાદાદિ કારણોમાંના કોઈપણ કારણથી ચારિત્રાદિકમાં લાગેલા દોષોની, સરળ સ્વભાવે આલોચનાદિ કરવાનો વિધિ, અને તે દરેકને અંગે જરૂરી પ્રાયશ્ચિત્તાદિનું વર્ણન, તથા પ્રસંગાનુ પ્રસંગે બીજી પણ ખાસ જરૂરી ઘણી બીનાઓ વિસ્તારથી સમજાવી છે.

૨. બીજા ઉદ્દેશામાં ગ્રામાનુગ્રામ (એક ગામથી બીજે ગામ) વિધિપૂર્વક વિહાર કરતા ઘણાં મુનિવરોમાંના કેટલાએક મુનિવરો પ્રમાદાદિ કારણોમાંનાં કોઈપણ કારણથી મૂળ ગુણાદિમાં અતિક્રમાદિ દોષોમાંના કોઈપણ દોષથી દૂષિત થયા હોય, તો તેમણે અને બીજા (અદૂષિત) મુનિવરોએ માંહોમાંહે કઈ રીતે વર્તવું? એટલે ગોચરી આદિનો વ્યવહાર કઈ રીતે સાચવવો જોઈએ? વગેરે વ્યવહારોનું સ્પષ્ટીકરણ કરવાના ઈરાદાથી સૂત્રકારે આ બીજા ઉદ્દેશાની રચના કરી છે.

૩. ત્રીજા ઉદ્દેશામાં સાધુ સમુદાયમાં નાયક તરીકે અનુક્રમે આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, ગણાવચ્છેદક અને સ્થવિરોને જણાવ્યા છે તેમાં (૧) આચાર્ય મહારાજ ગચ્છના સાધુઓને (સૂત્રોના) અર્થની વાચના આપે છે, અને સ્મરણાદિ પ્રકારે ગચ્છને મોક્ષમાર્ગની આરાધના કરાવે છે. (૨) ઉપાધ્યાયજી મુનિવરાદિને સૂત્રની વાચના આપે, ને યુવરાજની માફક આચાર્યને ગચ્છાદિના કાર્યોમાં મદદ કરે છે. (૩) પ્રવર્તક જે સાધુ વૈયાવચ્ચ અધ્યયનાદિ કાર્યોમાંના જે કાર્યને કરવા લાયક હોય, તેને તે કાર્યમાં પ્રવૃત્તિ કરાવે છે. (જોડે છે) (૪) ગણાવચ્છેદક– આચાર્યાદિની આજ્ઞા પ્રમાણે ગચ્છને લાયક ક્ષેત્રની તપાસ કરે છે, ને જરૂરી ઉપકરણાદિ પદાર્થો પૂરા પાડે છે. (૫) સ્થવિર– સંયમાદિની આરાધનામાં સીદાતા મુનિઓને સ્થિર કરે છે. તેમના જ્ઞાન સ્થવિરાદિ ત્રણ ભેદોની અને તેમાં પણ જઘન્યાદિ ભેદે જુદી જુદી વિચારણા પહેલાં જણાવી છે. ચારિત્ર-જ્ઞાનગાંભીર્યાદિ ગુણોમાંના કયા કયા ગુણોને ધારણ કરનાર મુનિવરાદિમાંથી કોણ કયા પદને લાયક છે? અને આચાર્યાદિ પદવી કોને અપાય? તથા કોને ન અપાય? વગેરે હકીકતોને સમજાવવા માટે સૂત્રકારે આ ત્રીજા ઉદ્દેશાની રચના કરી છે.

૪. ચોથા ઉદ્દેશામાં પૂર્વે જણાવેલા આચાર્યાદિ પાંચમા કોઈપણ પદસ્થ મહારાજ કેટલા સાધુઓની સાથે વિહાર કરીને કેટલા મુનિઓની સાથે ચોમાસું કરે? વગેરે પ્રશ્નોના ઉત્તરોને સ્પષ્ટ સમજાવતો આ ચોથો ઉદ્દેશો છે. એટલે આચાર્યાદિને વિહાર કરવાની ને ચોમાસું કરવાની બીના અહીં વિસ્તારથી સમજાવી છે.

૫. પાંચમા ઉદ્દેશોમાં પ્રવર્તિની સાધ્વીએ કેટલી સાધ્વીઓની સાથે વિહાર કરવો જોઈએ? ને કેટલી સાધ્વીઓની સાથે ચોમાસું કરવું જોઈએ? વગેરે હકીકતોને સ્પષ્ટ સમજાવી છે.

૬. છઠ્ઠા ઉદ્દેશામાં સાધુ -સાધ્વીઓ એ કઈ રીતે ક્યાં ભિક્ષા લેવા જવું જોઈએ? એ જ પ્રમાણે નિર્દોષ સ્થંડિલની બીના અને વસતિની બીના જણાવીને કહ્યું છે કે નિર્દોષ પ્રદેશમાં મુનિવરાદિએ સ્થંડિલ (ઠલ્લે) જવું જોઈએ. નિર્દોષ વસતિમાં રહેવું જોઈએ કે જેથી સંયમાદિની રક્ષા થાય અને સ્વાધ્યાયાદિનો વિધિ પણ સાચવી શકાય. અહીં જુદી જુદી ભૂલોના જુદા જુદા પ્રાયશ્ચિત્ત વગેરેનું વર્ણન કર્યું છે.

૭. સાતમા ઉદ્દેશામાં એક સાધ્વી સમુદાયમાંથી બીજા સાધ્વી સમુદાયમાં ગયેલી સાધ્વીને સાચવવાનો વિધિ તથા સાધ્વીઓના બીજા પણ સ્વાધ્યાયાદિના નિયમ અને વ્યવહારાદિનું સ્વરૂપ સ્પષ્ટ જણાવ્યું છે.

૮. આઠમા ઉદ્દેશામાં કોઈ ગ્રામાદિમાં ઊતરવાનાં ઉપાશ્રયાદિ સ્થાનો ન હોય તો સાધુ-સાધ્વીઓ એ પોતાને વાપરવા માટે ગૃહસ્થના ઘરનો કેટલો ભાગ કઈ રીતે યાચવો? તથા વિહાર કરતાં કઈ વિધિએ તે ભળાવવો? આ બીનાઓને સ્પષ્ટ સમજાવીને ગૃહસ્થની પાસેથી પાટ પાટલા વગેરેને યાચીને લાવવાનો વિધિ અને ખપે એવાં પાત્રાદિ ઉપકરણોનું પ્રમાણ તથા આહારાદિને વાપરવાનો વિધિ વગેરે હકીકતોને સ્પષ્ટ સમજાવી છે.

૯. નવમા ઉદ્દેશામાં સંયમી જીવનની અપૂર્વ સાધનારુપ બાર ભિક્ષુપ્રતિમાઓને આરાધતાં સાચવવાના આચાર વગેરેનું સ્વરૂપ સમજાવીને સાધુ-સાધ્વીઓને વાપરવા લાયક શય્યાતર (મકાનના માલિક)ના મકાનની બીના તથા પ્રસંગાનું પ્રસંગે બીજી પણ મુનિ વ્યવહારની બીનાઓ સ્પષ્ટ સમજાવી છે.

૧૦. દશમા ઉદ્દેશામાં અનુક્રમે અભિગ્રહોની અને પરીષહાદિની બીના કહીને વ્યવહારના (૧) આગમ વ્યવહાર, (૨) શ્રુત વ્યવહાર, (૩) આજ્ઞા વ્યવહાર (૪) ધારણા વ્યવહાર (૫) જીત વ્યવહાર, આ રીતે પાંચ વ્યવહારોનું સ્પષ્ટ સ્વરૂપ અને પુરુષના તથા આચાર્યના અને શિષ્યના ૪-૪ ભેદોનું સ્વરૂપ તેમ જ સ્થવિરોની અને શિષ્યોની ત્રણ ત્રણ ભૂમિકાનું વર્ણન વિસ્તારથી કર્યું છે. ચારિત્રાદિ ગુણોની સ્થિરતા અને વૃદ્ધિ વગેરે થવાના અપૂર્વ સાધનરૂપ ગુરુકુલ વાસમાં રહેલા નવા સાધુઓ શરૂઆતના ત્રણ વર્ષમાં આવશ્યક સૂત્રના ને દશવૈકાલિક સૂત્રના યોગોદ્વહન કરવાપૂર્વક અભ્યાસ કરીને છેદો પસ્થાપનીય ચારિત્ર (વડી દીક્ષા)ને સ્વીકાર્યા પછી અનુક્રમે ઉત્તરાધ્યયન સૂત્રના ને આચારાંગ સૂત્રના યોગોદ્વહન કરવાપૂર્વક અધ્યયન કરે છે. આ રીતે ત્રણ વર્ષનો દીક્ષાપર્યાય થયા પછી અનુક્રમે શ્રી નિશીથસૂ ત્રાદિનાયોગો દ્વહન કરાવીને જેમ જેમ દીક્ષાપર્યાય વધતો જાય, તેમ તેમ કયા કયા સૂત્રના યોગોદ્વહન કરાવીને કયા કયા સૂત્રો ભણાવાય? આ હકીકતને સ્પષ્ટ સમજાવી છે. અંતે કહ્યું છે કે (૧) આચાર્ય (૨) ઉપાધ્યાય (૩) સ્થવિર (૪) તપસ્વી (૫) શૈક્ષ (૬) ગ્લાન સાધુ (૭) સાધર્મિક (૮) કુલ (૯) ગણ (૧૦) સંઘ–આ દશની વૈયાવચ્ચ કરતાં ઘણા કર્મોની નિર્જરા થાય છે અને અંતે મોક્ષના સુખ પામે છે.

આ શ્રી વ્યવહાર સૂત્રમાં મુનિઓના જુદી જુદી જાતના વ્યવહારોનું વર્ણન વધારે પ્રમાણમાં છે. તેની સાથે પ્રાયશ્ચિત્તાદિનું પણ વર્ણ ન વિસ્તારથી કર્યું છે. તેથી આત્માર્થી મુનિવરાદિને મોક્ષમાર્ગની સાત્ત્વિકી આરાધના કરાવનારૂં આ શ્રી વ્યવહાર સૂત્ર છે. આ સૂત્રને ગુરુગમથી વિધિપૂર્વક જાણનારા મુનિવરો દ્રવ્યક્ષેત્ર-કાલ-ભાવાદિને ઓળખીને સ્વપર જીવોના નિર્વાહક જરૂર થઈ શકે છે. આ રીતે શ્રી વ્યવહાર સૂત્રનો ટૂંક પરિચય જાણવો.

★

## શ્રી દશાશ્રુતસ્કંધ

ચૌદ પૂર્વોના ધારક પૂજ્ય શ્રી ભદ્રબાહુસ્વામી મહારાજે નવમા શ્રી પ્રત્યાખ્યાનપ્રવાદ પૂર્વમાંથી ઉધ્ધૃત કરીને આ શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્રની રચના કરી હતી. અહીં દશ દશાનું વર્ણન હોવાથી આ સૂત્ર દશાશ્રુતસ્કંધ નામે ઓળખાય છે. શ્રી નંદીસૂત્રાદિમાં આનું દસા નામ કહ્યું છે ને શ્રી સ્થાનાંગસૂત્રાદિમાં આચાર દશા અને દશાશ્રુત વગેરે નામો પણ જણાવ્યા છે. શ્રી વ્યવહારસૂત્રના ત્રીજા અને દશમા ઉદ્દેશા વગેરેમાં બૃહત્કલ્પ અને વ્યવહારસૂત્રની સાથે શરૂઆતમાં આ દશાશ્રુતસ્કંધને દસા કપ્પવવહાર સુયકખંધો આ રીતે કહ્યો છે. આ ત્રણે સૂત્રોને એક જ શ્રુતસ્કંધરૂપે શ્રી બૃહત્કલ્પસૂત્રની નિર્યુક્તિની ૨૬૬મી ગાથામાં નિર્દેશ કર્યો છે. તેમજ યોગવિધિ, સામાચારી આદિ ગ્રંથોમાં પણ તે જ પ્રમાણે નિર્દેશ કર્યો છે. અહીં જણાવેલી દશ દશા (વિભાગ)માંની ૮મી અને દશમી દશાને બીજા ગ્રંથોમાં અધ્યયન તરીકે પણ જણાવી છે અને બાકીના ૮ વિભાગો દશા નામથી પ્રસિદ્ધ છે. આ રીતે દશ દશામાં ની (૧) પહેલી અસમાધિસ્થાન નામની દશામાં અસમાધિ એટલે ચિત્તની અસ્વસ્થતાને (અશાંતિને) કરનારા કષાયની ઉદીરણા કરવી, અજયણાએ બેસવું વગેરે ક્રિયા કરવી, વગેરે જે ૨૦ કારણોથી અસમાધિ થાય છે, તે અસમાધિસ્થાનોનું વર્ણન કર્યું છે. (૨) બીજી સબલ દોષ નામની દશામાં ચારિત્રને શબલ એટલે કાબરચીતરું (મલિન) કરનારા ૨૧ શબલ દોષોનું વર્ણન કર્યું છે. (૩) ત્રીજી આશાતના નામની દશામાં ગુરુ મહારાજની આશાતના થવાના ૩૩ કારણોને જણાવીને તેને વર્જવાનું કહ્યું છે. (૪) ગણિસંપદા નામની દશા (અધ્યયનાદિ જેવા વિભાગ)માં શ્રી આચાર્ય મહારાજની આઠ સંપદાઓનું વર્ણન, તેના ભેદો અને પ્રભેદો તથા વિનયના ભેદાદિનું વર્ણન કર્યું છે. (૫) પાંચમી ચિત્ત-સમાધિસ્થાન નામની દશામાં ચિત્તની સમાધિના ૧૦ કારણોને કહીને તે કારણોને સેવવાની ભલામણ કરી છે. (૬) ઉપાસક પ્રતિમા નામની દશામાં શ્રાવકની ૧૧ પ્રતિમાઓનું વર્ણન કર્યું છે. (૭) સાતમી ભિક્ષુપ્રતિમા નામની દશામાં સાધુને આરાધવા લાયક ૧૨ પ્રતિમાઓનું (એક જાતની અભિગ્રહાદિવાળી વિશિષ્ટ ક્રિયાઓનું) સ્વરૂપ વિસ્તારથી વર્ણવ્યું છે. (૮) આઠમી પર્યુષણાકલ્પ નામની દશામાં પ્રભુ મહાવીર દેવાદિના જીવન ચરિત્રો, સ્થાવરાવલી અને સામાચારીનું વર્ણન કર્યું છે. આ પર્યૂષણાકલ્પનું જ નામ બારસાસૂત્ર (કલ્પસૂત્ર) કહે વાય છે. તે દર વર્ષે પર્યુષણા મહાપર્વમાં વંચાય છે. (૯) નવમી મોહનીયસ્થાન નામની દશામાં જેથી મોહનીયકર્મ બંધાય, તેવાં ૩૦ કારણો જણાવીને તે દરેક કારણને તજવાની ભલામણ કરી છે. (૧૦) આયતિસ્થાન નામની દશામાં નવ નિયાણાંનું વર્ણન કરીને તેને તજવાની સૂચના કરી છે. હું આ સંયમાદિની આરાધના કરીને ભવાંતરમાં ઇંદ્રાદિની ઋદ્ધિ

વગેરે પામું, અથવા કરેલી આરાધનાના ફળરૂપે ભવાંતરમાં હું ઈંદ્રાદિરૂપે જન્મ પામું. આ રીતે સાંસારિક પદાર્થોની જે ઈચ્છા કરવી તે નિયાણું કહેવાય.

**શ્રી દશાશ્રુતસ્કંધના નિર્યુક્તિ, ચૂર્ણિ આદિનું ટૂંક વર્ણન**

આ સૂત્રના અર્થને જાણવા માટે બે પ્રાકૃત સાધનો છે. તેમાં શ્રી ભદ્રબાહુસ્વામીએ આ સૂત્રની ૨૧૦૬ શ્લોક પ્રમાણ (૨૨૨૫ શ્લોક પ્રમાણ) નિર્યુક્તિ રચી છે, તે હાલ હયાત છે. ચૂર્ણિનું પ્રમાણ ૪૩૨૧ શ્લોકો કહ્યા છે, તથા શ્રી બ્રહ્મમુનિએ જનહિતા નામની સંસ્કૃત ટીકા રચી છે તેમ જ કોઈએ ગુજરાતી ટિપ્પનક પણ રચ્યું છે. તેની રચના વિ. સં. ૧૬૭૭ની પહેલાના સમયે થઈ હોય એમ કેટલાએક ઐતિહાસિક ગ્રંથોમાં જણાવ્યું છે. આ શ્રીદશાશ્રુતસ્કંધના ૧૨૧૬ શ્લોક પ્રમાણ આઠમા અધ્યયનરૂપ શ્રી કલ્પસૂત્રની નિર્યુક્તિની ૬૮ ગાથાઓ છે અને ચૂર્ણિનું પ્રમાણ ૭૦૦ શ્લોકો કહ્યા છે. શ્રી વિનયચંદ્રસૂરિએ રચેલા શ્રી કલ્પનિરુક્ત ટિપ્પનકનું પ્રમાણ ૧૫૮ શ્લોક તેમ જ શ્રી પૃથ્વીચંદ્રે બનાવેલ ટિપ્પનકનું પ્રમાણ ૬૪૦ શ્લોકો જણાવ્યા છે. વળી ઉ. શ્રી ધર્મસાગરજીએ કલ્પસૂત્રની કલ્પ કિરણાવલી ટીકા અમદાવાદમાં બનાવી છે. ઉ.શ્રી વિનયવિજયજીએ કલ્પ સુબોધિકા ટીકા રચી છે તે ઘણાં સ્થળે વંચાય છે. તપાગચ્છના આચાર્યાદિ મહાપુરુષોએ કલ્પકૌમુદી, કલ્પદીપિકા, કલ્પપ્રદીપિકા વગેરે ટીકાઓ અને ખરતરગચ્છના શ્રી જિનપ્રભસૂરિએ વિ. સં.૧૩૪૬માં સંદેહવિષૌષધિ નામે ટીકા તથા શ્રી જિનવલ્લભસૂરિ આદિએ રચેલી કલ્પકલ્પલતા વગેરે ટીકાઓમાંની ઘણીખરી છપાઈ પણ છે. આ શ્રી દશાશ્રુતસ્કંધમાં સાધુઓની ને શ્રાવક ધર્મની પણ બીનાઓ વર્ણવી છે.

★

## પરિષહ અને પરિત્યાગ

ઉનાળાએ પ્રચંડ રૂપ ધારણ કર્યું હતું. દિવસનો ત્રીજો પ્રહર ચાલતો હતો. યુવાન મુનિશ્રી અરણક ગોચરી માટે નીકળ્યા ત્યારે તેમના દેહ પરથી પ્રસ્વેદની ધારા વહેતી હતી. પિતામુનિ બે દિવસ પૂર્વે જ કાળધર્મ – અવસાન પામ્યા, એમના મનને આઘાત તો ઘણો થયો પણ કાળના ક્રમ સામે કોનું ચાલે છે? સહવર્તી મુનિઓએ થોડુંક તેમના પ્રતિ ધ્યાન આપ્યું પણ પછી તો પોતાની શુશ્રૂષા પોતે જ કરવી રહી તેમ સમજીને મુનિ અરણક ભિક્ષાર્થે નીકળ્યા.

માતા સાધ્વીજીએ આજે અરણક મુનિને હવે પોતાનું કામ પોતે જ કરવું જોઈએ એવી શિખામણ પણ આપી હતી.

મુનિ અરણક ચાલ્યા પણ આ પરિષહ અસહ્ય હતો. ઉગ્ર તાપ, ખુલ્લા પગ અને સર્વ પ્રકારનાં કષ્ટોની વચમાં જીવવાનું! એમના મનમાં આ કઠોરતા પ્રત્યે નિરાશા જન્મી અને આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં! નગરમાં પ્રવેશેલા અરણક મુનિ એક ઊંચી હવેલી નજીક પહોંચ્યા ત્યારે ઝરૂખામાં ઊભેલી એક લલના તેમને જોઈને જ મોહાઈ ગઈ. રૂપવાન અને સુકુમાર સાધુનો દેહ પ્રખર યુવાનીથી દીપતો હતો! એ યૌવના દોડી, મુનિને ભવનમાં નિમંત્ર્યા અને કાયાના કામણ પાથર્યાં. દુઃસહ પરિષહોથી વિહ્વળ અરણકને એ ગમ્યું. એમણે યૌવનાના પાલવમાં મસ્તક છુપાવી દીધું, સાધુનાં વસ્ત્રો તજ્યાં.

સમીસાંજે એ ભવનમાં સુખનાં દીપકનો પ્રકાશ પથરાયો. નગરની બહાર ઉદ્યાનમાં અન્ય મુનિવરો અરણક મુનિની પ્રતીક્ષા કરતા હતા. અરણક મુનિને તેઓ પ્રતિક્ષાથી થાકીને શોધવા નીકળ્યા. અરણક ન મળ્યા ત્યારે અરણકના માતા સાધ્વીજીને એ દુઃખદ સમાચાર આપ્યા કે અરણક મુનિ ક્યાંય જડતા નથી!

એ સાધ્વીમાતાના હૈયા પર કઠોર આઘાત થયો. એમનું માતૃહૃદય ધીરજ ધરી ન શક્યું. એ પુત્ર સાધુને શોધવા નીકળ્યાં!

અરણક તો એ યૌવનાની રૂપની તરતી કાયાની મોજમાં ડૂબી ગયા હતા. જગતની કોઈ વાત એમને સાંભરતી નહોતી અને જગત સાથે એમને કોઈ સંબંધ નહોતો. મહિનાઓ વીતી ગયા પણ એમણે એ વિશાળ ભવનની બહાર દૃષ્ટિપાત પણ નહોતો કર્યો!

સાધ્વીમાતાની વિહ્વળતાનો અંત નહોતો. એ ભૂખ્યાં ને તરસ્યાં નગરની શેરીએ શેરીએ ભટકતાં હતાં અને આર્જવ કંઠે બૂમ પાડતાં હતાં. અરણક, અરણક, મારો બાળક અરણક!

સૌ એમને પાગલ સ્ત્રી માનતા હતા. કેટલાય દિવસ પછીની એક સાંજ હતી. એ વૃદ્ધ સાધ્વીમાતા ભટકતા અને થાકેલા શરીરે એ જ ભવનના ઉંબરા પાસે જઈ બેઠાં. એમના મુખમાંથી સતત ધ્વનિ પ્રગટતો હતો. અરણક, અરણક!

થોડે દૂર નાના બાળકોનું ટોળું સાધ્વીની મજાક કરતું ઊભું હતું.

એ જ સમયે સુંદર અને રંગીન વસ્ત્રોમાં શોભતો યુવાન અરણક ઝરૂખામાં આકાશ નિહાળવા આવ્યો. એણે માર્ગ પર સાધ્વીમાતાને જોઈ, એના મુખમાંથી પ્રકટતું પોતાનું નામ સાંભળ્યું, માતાનું વાત્સલ્ય જોયું અને બાળકોની મજાક જોઈ. એક ક્ષણમાં અરણકને પોતાની જાત માટે ઘૃણા જાગી. આવી સ્નેહભરી પવિત્ર માતાને વિસારીને મેં કષ્ટોને યાદ રાખીને સંયમ છોડ્યું અને સંસાર માંડ્યો? ધિક્કાર હજો મને!

એ દોડ્યો, સાધ્વીમાતાના પગમાં પડ્યો ને એટલું જ કહ્યું, 'મા, હું જ તારો અરણક! મારા તમામ ગુના માફ કર ને મને પુનઃ સંયમનું દાન કર મા! હું તારી કૂખને અજવાળતું જીવન જીવીશ, નિરતિચાર સંયમ પાળીશ!'

એ વૃદ્ધ સ્ત્રીએ તેને જોયો, એક પળ આંખમાં આંસુની ધાર ચાલી ને બીજી પળે તે નિર્મળ સાધ્વી બની ગઈ. એણે એટલું જ કહ્યું,

'ભાઈ! તેં તો શૂરવીરતાથી સંયમ લીધું છે, તારે કઠોર જીવન જીવીને આત્મકલ્યાણ કરવાનું હતું, તારો જીવનપંથ ઉન્નતિ માટે હતો ને તેં આ શું કર્યું? કુળને કલંકિત ન કર, આત્માને ઉજ્જ્વળ કરનાર ઉત્તમ સંયમના માર્ગે ચાલ્યો જા બેટા! તારું કલ્યાણ થાઓ!'

અરણકે પુનઃ સંયમ સ્વીકાર્યું. હવે એમનો જીવનપંથ તપનો, ત્યાગનો અને કઠોર પરિષહ સહન કરવાનો બની ગયો, ઉનાળાના પ્રચંડ તાપમાં કોઈ જમીન પર પગ ન મૂકે તેવા સમયે તેઓ વૈભારગિરિ પર તપેલા પથ્થર પર સૂઈ ગયા. મનની નિર્મળ ભાવશ્રેણિ જાળવી રાખી અને આત્માના શુભ અધ્યવસાય અડગતાથી વિચલિત થવા ન દીધા. એમણે દેહનો ત્યાગ કર્યો, દેવભવ પામ્યા.

સાધ્વીમાતાને આપેલું વચન તેમણે પાળ્યું. સંયમનું કઠોર પાલન કરીને આત્માને ઊર્ધ્વગામી બનાવ્યો.

**- આચાર્ય વાત્સલ્યદીપજી મ. સા.**

# શ્રી જિતકલ્પસૂત્ર – મહાભાષ્યસૂત્ર

□ ડૉ. રસિકલાલ મહેતા

**★ પ્રારંભ :**

મૂર્તિપૂજક સંપ્રદાયની માન્યતા મુજબ ૬ છંદસૂત્રો છે. જિતકલ્પસૂત્ર પાંચમું છેદ સૂત્ર છે. સંયમ જીવનની નિર્મળતા જળવાઈ રહે તે હેતુથી છેદસૂત્રનું નિર્માણ કરવામાં આવ્યું છે. છેદસૂત્રો એટલે સાધકની જિંદગીના છિદ્રો (ભૂલો)ની સારવારનાં સૂત્રો. છિદ્રો ઊભા કરવાનું કામ તે ઉદય કર્મનું છે. તેની સારવાર ક્ષયો પશમ ભાવની જાગૃતિ સિવાય શક્ય નથી. આ સૂત્રોમાં કર્મયોગે ઊભી થયેલી મુશ્કેલીઓનું વર્ણન અને તેના ઉકેલનું માર્ગદર્શન મળે છે. આ સૂત્રો જૈન આચારધર્મની ચાવી છે.

અનાદિકાલીન સંસ્કારે સાધક અનેકવાર સ્ખલના પામે છે. સાધના માર્ગથી ચલિત થાય છે. ક્યારેક સાધક આચાર પાલનમાં નાના મોટા દોષોનું સેવન કરે છે. વ્રતમાં છિદ્રો પડે છે. આ છિદ્રને પૂરી દેવા, ખંડિત વ્રતને અખંડિત બનાવવા માટે આચાર્ય ભગવંતોએ ઉપાયો દર્શાવ્યા છે. થોડા ઉપાયો આ જિતકલ્પસૂત્રમાં દર્શાવ્યા છે.

**★પરિચય :**

૧૦૩ ગાથાના આ સૂત્રમાં, સાધુ જીવનમાં લાગેલા અતિચારો અને અનાચારો દર્શાવી, એને માટેના વિવિધ પ્રાયશ્ચિત્તોનું વર્ણન મળે છે. તેથી આ સૂત્રને પ્રાયશ્ચિત્ત સૂત્ર પણ કહી શકાય. ઉપરાંત સાધકને આચાર ધર્મની અશુદ્ધિમાંથી વિશુદ્ધિમાં લાવવાનું પણ વર્ણન હોવાથી તેને સંયમ વિશુદ્ધિ સૂત્ર પણ કહી શકાય. આ ખૂબ ગંભીર અર્થ ધરાવતું આગમ છે અને તેનો પાઠ ગીતાર્થ ગુરુ ભગવંતો શિષ્યોને આપી શકે છે. શિષ્ય આધ્યાત્મિક માર્ગે વિકાસ સાધે અને એના માર્ગમાં આવતી ભૂલોનું નિવારણ કરી એને વધુ સારી રીતે સંયમ પાલનમાં સુદૃઢ કરવાનું કામ ગીતાર્થ ગુરુ ભગવંતો કરે છે.

**★આ આગમનું મહત્ત્વ:**

બધા છેદસૂત્રોની જેમ આ સૂત્રનું પણ મુખ્ય કાર્ય સાધક સિંહની જેમ દીક્ષા લે અને સિંહની જેમ પાળે અને અંતે મોક્ષ પ્રાપ્ત કરે એ માટેનો પુરુષાર્થ વર્ણવવાનું છે. આચાર્ય ભગવંતો, પંચાસારનું પાલન કરે અને કરાવે એ દૃષ્ટિએ 'પાળે પળાવે પંચાચાર'– (૧) જ્ઞાનાચાર,(૨) દર્શનાચાર, (૩) ચારિત્રાચાર, (૪) તપાચાર અને (૫) વીર્યા ચાર. આ પાંચે ય આચારનું વીતરાગની આજ્ઞા મુજબનું પાલન થાય તો જ સાધકને ઉત્તમ ફળની પ્રાપ્તિ થાય. દોષમુક્તિ માટે આ આગમ અગત્યનું બની રહે છે. અતિચાર અને અનાચારના દોષોના નિવારણ માટે પ્રાયશ્ચિત્તનું સચોટ વિધાન કરવામાં આવ્યું છે.

**★ પ્રાયશ્ચિત્ત પ્રકાર :**

દોષ વિશુદ્ધિ માટેની પ્રક્રિયાને પ્રાયશ્ચિત્ત કહે છે. છેદસૂત્રોમાં ચાર પ્રકારના પ્રાયશ્ચિત્તનું વર્ણન મળે છે. (૧) ગુરુ ચૌમાસિક પ્રાયશ્ચિત્ત (૨) ગુરુ માસિક પ્રાયશ્ચિત્ત (૩) લઘુ ચૌમાસિક પ્રાયશ્ચિત્ત અને (૪) લઘુ માસિક પ્રાયશ્ચિત્ત.

કયા દોષનું કોને કેટલું પ્રાયશ્ચિત્ત આપવું તેનો અધિકાર ગુરુનો જ છે. તેમાં શિષ્યની બુદ્ધિ કે તર્કવિતર્કને કશું સ્થાન નથી. સાધુએ કેવા સંજોગોમાં, કેવા ભાવમાં દોષસેવન કર્યું છે તેની ગુરુ યથાર્થ રીતે જાણકારી મેળવીને તેમ જ શિષ્યની યોગ્યતા અને શક્તિનો વિચાર કરીને, નિષ્પક્ષભાવે-તટસ્થતાથી પ્રાયશ્ચિત્ત આપે છે અને શિષ્ય પણ તેનો ખૂબ ઉમંગથી સ્વીકાર કરે છે. ગુરુ આજ્ઞાને શિરોધાર્ય ગણી વિશુદ્ધિ માટે પ્રવૃત્ત થાય છે.

**પ્રાયશ્ચિત્ત માટે** આ સૂત્રમાં પાંચ વ્યવહારની વિગત મળે છે.

**પાંચ વ્યવહાર:** પાંચ પ્રકારના વ્યવહારથી જિનશાસન ચાલે છે. વ્યવહાર એટલે શું ? જે નાથી વિવિધ અથવા વિવાદાસ્પદ વિષયોનું નિર્ધારણ થાય–સમાધાન થાય તેને વ્યવહાર કહે છે.

**વ્યવહારના પાંચ પ્રકાર :** (૧) આગમ વ્યવહાર (૨) શ્રુત વ્યવહાર (૩) આજ્ઞા વ્યવહાર (૪) ધારણા વ્યવહાર (૫) જિત વ્યવહાર. પ્રત્યેકની થોડી વિગત જોઈએ.

**(૧) આગમ વ્યવહાર :** દર્શપૂર્વીથી લઈને કેવળજ્ઞાની પોતાના જ્ઞાનથી સંયમી જીવનની પ્રવૃત્તિ નિવૃત્તિ રૂપ વ્યવહારનો નિર્ણય કરે તે આગમ વ્યવહાર છે.

**(૨) શ્રુત વ્યવહાર:** ઉપર દર્શાવેલ આગમજ્ઞાન સિવાયના આચાર-પ્રકલ્પ આદિ, ૧૧ અંગશાસ્ત્ર તથા આઠ પૂર્વ સુધીના જ્ઞાનનો સમાવેશ આમાં થાય છે. શ્રુતથી પ્રવર્તિત વ્યવહાર તે શ્રુત વ્યવહાર છે. ટૂંકમાં શ્રુત અને શાસ્ત્રના કથન અનુસાર જે પ્રવૃત્તિ-નિવૃત્તિ થાય તે શ્રુત વ્યવહાર છે.

**(૩) આજ્ઞા વ્યવહાર :** આગમ અને શ્રુતના અભાવમાં ગીતાર્થ સાધુની આજ્ઞાથી તત્ત્વનો કે પ્રાયશ્ચિત્તનો વ્યવહાર થાય તેને આજ્ઞા વ્યવહાર કહે છે. ગુરુની નિશ્રામાં સાધના કરતા શિષ્યો ગુરુની આજ્ઞાને સ્વીકારીને જ તે પ્રમાણે વ્યવહાર કરે છે.

**(૪) ધારણા વ્યવહાર:** ગચ્છના મહાન ઉપકારી, વડીલ સાધુ જો સંપૂર્ણ છેદસૂત્રોના અભ્યાસને યોગ્ય ન હોય તો ગુરુદેવ તેને મહત્ત્વના પ્રાયશ્ચિત્ત પદો શીખવે છે. તે સાધુ, તે પદોને ધારણ કરી રાખે છે અને તે ધારણા પ્રમાણે સમગ્ર વ્યવહાર કરે છે. આ ધારણા વ્યવહાર છે.

**(૫) જિત વ્યવહાર:** દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને પ્રતિસેવન દોષ વગેરેનો વિચાર કરીને જે પ્રાયશ્ચિત્ત અપાય છે તે જિત વ્યવહાર છે. અથવા કોઈ ગચ્છમાં, કોઈ વિશેષ પરિસ્થિતિમાં, સૂત્ર સિવાયની પ્રાયશ્ચિત્ત પ્રદાનની પ્રવૃત્તિ થઈ હોય અને અન્ય સંતો તેનું અનુકરણ કરે તે જિત-વ્યવહાર છે. **અથવા** અનેક ગીતાર્થ સાધુઓ દ્વારા આચરિત, અસાવદ્ય અને આગમથી અબાધિત રુઢિ પરંપરાને જિત વ્યવહાર કહે છે.

આ પાંચ પ્રકારના વ્યવહારમાંથી જો આગમજ્ઞાની પુરુષ ઉપસ્થિત હોય તો આગમ વ્યવહારને જ પ્રાધાન્ય આપવું અને જો તે ન હો તો અનુક્રમે શ્રુત, આજ્ઞા, ધારણા અને જિત વ્યવહારને પ્રાધાન્ય આપવું. જિતકલ્પ સૂત્રમાં આ પાંચમા વ્યવહારને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. ગચ્છનું સંચાલન કરનારા ગીતાર્થ આચાર્યનું ખૂબ મહત્ત્વ છે. આવા ગીતાર્થ ગુરુ ભગવંતની યોગ્યતા તથા કર્તવ્યનું સંક્ષિપ્ત વર્ણન આ આગમમાં છે.

જૈન સંસ્કૃતિનો સાર શ્રમણધર્મ છે. સાધુધર્મની સિદ્ધિ માટે

આચાર ધર્મની નિરતિચાર વિશુદ્ધ સાધના અનિવાર્ય છે. આચાર ધર્મની વિશુદ્ધ આરાધના માટે જિનાજ્ઞાનું ઉત્કૃષ્ટ ભાવે પાલન અતિ આવશ્યક છે. કેવા કેવા અકાર્યો કરવાથી કેવા કેવા પ્રાયશ્ચિત્ત આવે તેની કલમો, સંક્ષેપમાં, સરળ રીતે આ આગમમાં મળે છે. ઓછામાં ઓછું ૧ એકાસણું અને વધુમાં વધુ ૧૨૦ ઉપવાસનું પ્રાયશ્ચિત્ત ગુરુ ભગવંત શિષ્યને ફરમાવે છે અને શિષ્ય તેનો સ્વીકાર કરે છે. આ સૂત્રમાં પ્રાયશ્ચિત્ત આપનાર ગીતાર્થ ગુરુની વિશેષતાયોગ્યતાનું વર્ણન મળે છે. છત્રીશ ગુણોથી યુક્ત ગીતાર્થ ગુરુ જ પ્રાયશ્ચિત્ત આપવાના અધિકારી છે. આવા સમર્થ ગુરુ ભગવંતનીઆચાર્યની આઠ સંપદાનું વર્ણન આ મુજબ છે.

**★આચાર્યની આઠ સંપદા :**

(૧) **આચાર સંપદા:** જ્ઞાનાદિ પાંચ આચાર, આચરણીય છે, તેનું આચરણ કરે તે આચાર સંપદા. તેના ૪ પેટા પ્રકાર છે. (૧) સંયમની આરાધનામાં સદા લીન રહેવું, (૨) અહંકાર રહિત રહેવું, (૩) એક સ્થળે સ્થિર રહેવું, વૃદ્ધોની જેમ ગંભીર સ્વભાવવાળા રહેવું.

(૨) **શ્રુત સંપદા :** અનેક શાસ્ત્રોના જાણકાર થવું. શ્રુતજ્ઞાનના માધ્યમથી જ સાધના માર્ગને જાણી શકાય છે અને સાધકોને સાધનાનું માર્ગદર્શન આપી શકાય છે. ચાર પ્રકાર (૧) બહુશ્રુતતાઅનેક શાસ્ત્રોના જાણકાર થવું, (૨) પરિચિત શ્રુતતા (૩) વિચિત્ર શ્રુ તતા, વિવિધ પ્રકારે શાસ્ત્રને જાણવા-વિવિધ ગ્રંથોના અભ્યાસમાં પારંગત થવું. (૪) ઘોષ વિશુદ્ધ કારકતા ઇંશુદ્ધ ઉચ્ચારણ કરનાર થવું.

(૩) **શરીર સંપદા:** સુડોળ, કાંતિમય, પ્રભાવશાળી સુંદર શરીર સંપત્તિ રૂપ છે તેથી તેને સંપદા કહે છે. તેના ૪ પ્રકાર છે. (૧) આરોહ પરિણાહ સંપદા, (૨) અનવપ્રાપ્ય શરીરતા, (૩) સ્થિર સંહનતા, (૪) બહુપ્રતિપૂર્ણ પ્રિયતા.

(૪) **વચન સંપદા:** સમસ્ત વ્યવહારનું કારણ વાણી છે. સત્ય, પ્રિય, હિતકારી વચનો આચાર્યની સંપત્તિ છે. તેથી તેને સંપદા કહે છે. વચન સંપદાના પણ ૪ પ્રકાર છે. (૧) જેનું વચન સર્વને ગ્રાહ્ય હોય, (૨) મધુર વચન, (૩) રાગ-દ્વેષ રહિત વચન, (૪) સંદેહ રહિત વચન બોલનાર હોય. સંક્ષેપમાં, આચાર્યના વચનો સર્વને ગ્રાહ્ય, મધુર, પક્ષપાત રહિત અને સ્પષ્ટ હોય છે.

(૫) **વાચના સંપદા :** શાસ્ત્ર અને અન્ય ગ્રંથો વાંચવાની કુશળતા તેમજ તેના રહસ્યો જાણી, શિષ્ય સમક્ષ પ્રગટ કરવા તે વાચન સંપદા છે. તેના ૪ પ્રકાર છે. (૧) શિષ્યની યોગ્યતાનો નિશ્ચય કરીને સૂત્ર ભણવાનું સૂચન કરે. (૨) શિષ્યની યોગ્યતા મુજબ સૂત્રાર્થની વાચના આપે. (૩) સૂત્રાર્થમાં શિષ્યની ધારણા દૃઢ થઈ જાય પછી આગળ અધ્યયન કરાવે. (૪) અર્થની સંગતિ પ્રમાણે નય અને પ્રમાણથી અધ્યયન કરાવે.

(૬) **મતિ સંપદા:** મતિ એટલે બુદ્ધિ, તે એકદમ તીવ્ર અને પ્રબળ હોય–પદાર્થનો નિર્ણય તરત જ કરે તેવી મતિ હોય તેને મતિસંપદા કહે છે. તેના ચાર પ્રકાર છે. (૧) સામાન્ય રૂપે અર્થને જાણવો. (૨) સામાન્ય રૂપે જાણેલા અર્થને વિશેષરૂપે જાણવાની ઈચ્છા થવી. (૩) વિશેષરૂપે નિશ્ચય કરવો. (૪) નિશ્ચય કરાયેલી વસ્તુને કાલાંતરમાં પણ યાદ રાખવી. (અવગ્રહ, ઈહા, અવાય, ધારણા કહે છે.

(૭) **પ્રયોગ સંપદા :** પરવાદીઓનો પરાજય કરવાની કુશળતાને પ્રયોગ સંપદા કહે છે. વાદ સામર્થ્યને પ્રયોગ કહેલ છે. તેના ચાર પ્રકાર છે. (૧) પોતાની શક્તિને જાણી શાસ્ત્રાર્થ કરવો. (૨) પરિષદના ભાવોને જાણી વાદ-વિવાદ કરવો. (૩) ક્ષેત્રને જાણી વાદ-વિવાદ કરવો. (૪) વસ્તુના વિષયને જાણી વાદ-વિવાદ કરવો.

(૮) **સંગ્રહ પરિજ્ઞા સંપદા:** ગણ કે સમુદાય માટે આવશ્યક વસ્તુઓ ગ્રહણ કરવી અને તેનું વિતરણ કરવું તે સંગ્રહ સંપદા છે. વસ્ત્ર, પાત્ર, શાસ્ત્ર વગેરે સાધુ ચર્યાના નિયમ અનુસાર એકત્રિત કરવા અને તેનું નિષ્પન્ન ભાવે યોગ્ય વિતરણ કરવું. તેના ચાર પ્રકાર છે. (૧) વર્ષાકાળમાં મુનિઓને રહેવા યોગ્ય ક્ષેત્રનું પ્રતિલેખન કરવું, (૨) મુનિઓ માટે પાટ, ચરા, શય્યા, સંસ્કારક આદિ (૩) યોગ્ય સમયે યોગ્ય કાર્ય કરવું અને કરાવવું. (૪) ગુરુજનોનોનું યથાયોગ્ય સન્માન કરવું.

આ સંપદાને કારણે આચાર્ય–ગણિ, સંઘની સુરક્ષા અને વિકાસ કરી શકે છે. જિન શાસનની પ્રભાવના કરી શકે છે. અગીતાર્થ સાધુઓનું જીવન આ સંપદાથી સંપન્ન આચાર્યના નેતૃત્વમાં સુરક્ષિત રહે છે. આ સૂત્રમાં વિદ્યા અને મંત્ર વચ્ચેના તફાવતની પણ સરળ સમજણ આપી છે. આ મહત્ત્વનું છેદસૂત્ર છે.

★

## શ્રી ઓઘનિર્યુક્તિસૂત્ર–પિંડનિર્યુક્તિસૂત્ર

**પ્રારંભ :**

મૂર્તિપૂજક સંપ્રદાય ૪થા મૂળસૂત્ર તરીકે આ સૂત્રને સ્થાન આપે છે. આ સૂત્ર સ્થાનકવાસી તેમજ તેરાપંથી સંપ્રદાયને માન્ય નથી. ઓઘ–સંક્ષેપથી–ટૂંકાણમાં સાધુના જીવનને લગતી તમામ નાની મોટી બાબતોનું વર્ણન મળે છે. આદર્શ શ્રમણ-ચર્યા રૂપ વર્ણન આ આગમમાં છે. સમકિતના મૂળને દૃઢ કરવામાં ઉપકારક એવું આ મૂળભૂત શાસ્ત્ર છે.

**★ પરિચય :**

આ સૂત્રના રચયિતા, ૧૪ પૂર્વધર, પૂજ્ય આચાર્ય શ્રી ભદ્રબાહુસ્વામી છે. પ્રત્યાખ્યાન પ્રવાદ નામના નવમા પૂર્વમાંથી આ સૂત્ર સંકલિત કર્યું છે. ૯૦૦ ગાથા પ્રમાણ આ સૂત્ર છે. સંયમી જીવનની પ્રત્યે ક પ્રવૃ ત્તિનું આ ગ્રંથમાં વર્ણન મળે છે. બાહ્યઆભ્યંતર પરિગ્રહથી યુક્ત, છકાયના જીવોના રક્ષક, સંયમમાં સ્થિત મુનિએ સંયમ માર્ગની પુષ્ટિ માટે કેવું આચરણ કરવું જોઈએ તેનું આલેખન છે.

**★મહત્ત્વ :**

ચરણ કરણાનુયોગનું આ સૂત્ર છે, તેથી તેમાં સાધુ-સાધ્વીની સમાચારીનું વર્ણન તો છે જ, ઉપરાંત, ચરણ સિત્તની અને કરણ સિત્તનીનું વર્ણન મળે છે. સાધુ પોતાના આચાર પાલનમાં સ્થિર રહે અને જયણાનું ખૂબ કાળજી અને ઉમંગથી પાલન કરે એ હકીકતનું સરળ અને સચોટ રીતે આલેખન કર્યું છે. જૈન ધર્મનો સાધુ અન્ય સાધુઓ કરતાં કેવો ઉત્તમ આચારધર્મ પાળે છે તે દર્શાવ્યું છે. ઉપરાંત

પડિલેહણ પિંડ, ઉપધિનું વર્ણન, પ્રતિસેવના, આલોચના વગેરેની પણ વિગતો મળે છે.

આ સૂત્રની થોડી વિગતો અવલોકીએ.

સમાચારીનું પાલન પ્રત્યેક સાધુનું પ્રથમ કર્તવ્ય છે. સમાચારી એટલે સમ્યક્ આચરણ, શિસ્તપૂર્વકની ક્રિયા. સાધુના કર્તવ્યની સીમા, આગમોક્ત રાત-દિવસની ક્રિયાની રુચિ, સાધુ જીવનના આચાર-વ્યવહારની સમગ્ર વ્યવસ્થા. આ સમાચારીનું પાલન કરી ભવ્યાત્મા સંસારસાગર તરી ગયા છે, તરશે અને વર્તમાનમાં તરે છે તે છે સમાચારી. આ સમાચારીનું મહત્ત્વ દર્શાવતાં લખ્યું છે-જિનેશ્વર પ્રરૂપિત આ સમાચારીના આચરણથી સાધુ જીવનમાં પ્રમાદ, અહંકાર વગેરે અનેક દુર્ગુણોનો ત્યાગ થઈ જાય છે તેમ જ ગુરુજનો અને શ્રમણો સાથેનો સંબંધ પવિત્ર બને છે. રાત્રિ અને દિવસનો સંપૂર્ણ સમય સદ્ પ્રવૃત્તિમાં પસાર થાય છે. અત્યધિક સમય સ્વાધ્યાય અને ધ્યાનમાં વ્યતીત થતાં સંકલ્પ-વિકલ્પોને અવકાશ રહેતો નથી, પરંતુ ચિત્તવૃત્તિ એકાગ્ર અને અંતર્મુખી બને છે. ટૂંકમાં આ સમાચારીનું આચરણ કરનારના સર્વ દુઃખોનો નાશ થાય છે.

**★ સમાચારીના દશ પ્રકાર :**

(૧) **આવશ્યકી :** કોઈપણ આવશ્યક કાર્ય માટે ઉપાશ્રયથી બહાર જવું પડે, ત્યારે ગુરુજનોને તેનું સૂચન કરવું જરૂરી છે. 'આવસ્સહિ' શબ્દ બોલવો તે આવશ્યકી સમાચારી.

(૨) **નૈષધિકી:** કાર્ય પૂર્ણ કરી ઉપાશ્રયમાં પાછા ફરતી વખતે, ગુરુને સૂચન કરવું કે આપની આજ્ઞાનુસાર કાર્ય પૂર્ણ કરીને પાછો આવી ગયો છું તે 'નિસ્સહિ' શબ્દ બોલવો તે નૈષધિકી સમાચારી છે.

(૩) **આપૃચ્છના:** કોઈ પણ કાર્ય કે પ્રવૃત્તિ કરતાં પહેલાં ગુરુદેવને પૂછવું કે આપની આજ્ઞા હોય તો આ કાર્ય કરું તે પૃચ્છના સમાચારી.

(૪) **પ્રતિપૃચ્છના:** ગુરુને પૂછીને પોતાના કાર્ય માટે બહાર જતાં કોઈ કામ, અન્ય સાધુ સોંપે તો તે સંબંધી ગુરુને ફરીથી પૂછવું તેને પ્રતિપૃચ્છના સમાચારી કહે છે.

(૫) **છંદના:** પોતાને પ્રાપ્ત થયેલા આહાર આદિ માટે બીજા સાધુઓને નિમંત્રણ આપવું તે છંદના સમાચારી.

(૬) **ઈચ્છાકાર:** જો આપની ઈચ્છા હોય અથવા આપ ઈચ્છો તો હું અમુક કાર્ય કરું–આ પ્રમાણે પૂછવું તે ઇચ્છાકાર સમાચારી.

(૭) **મિથ્યાકાર:** સંયમ પાલન કરતાં સાધુથી કોઈક વિપરીત આચરણ થઈ જાય તો તરત જ તે દુષ્કૃત્ય માટે પશ્ચાતાપપૂર્વક 'મિચ્છામિ દુક્કડમ્' કરવું તે મિથ્યાકાર સમાચારી.

(૮) **તથાકાર:** ગુરુ જ્યારે શાસ્ત્ર વાચના આપે, પ્રશ્નના ઉત્તર સમજાવે, કોઈ પણ વાત કહે ત્યારે, 'આપ જે કહો છો તે સત્ય છે' એ મ કહી 'તહત્તિ' શબ્દનું ઉચ્ચારણ કરવું તે તથાકાર સમાચારી.

(૯) **અભ્યુ ત્થાન:** આચાર્ય, ગુરુ અથવા શ્રમણ વગે રે એ વિશિષ્ટ માનનીય સાધુઓને આવતા જોઈને પોતાના આસનેથી ઊભા થવું, સામે જઈ સત્કાર કરવો, 'આવો પધારો' શબ્દો બોલી તેમનું સ્વાગત કરવું તે અભ્યુત્થાન સમાચારી છે.

(૧૦) **ઉપસંપદા:** ગુરુ આજ્ઞાથી અન્ય શ્રમણના સાન્નિધ્યમાં રહી વિચરણ કરવું તેમજ શાસ્ત્ર અધ્યયન માટે ઉપાધ્યાય આદિના સાન્નિધ્યમાં રહેવું તે ઉપસંપદા સમાચારી છે.

આ દશેય સમાચારી સાધુ જીવનના સમગ્ર વ્યવહારને તેમ જ ગુરુ શિષ્યના પવિત્ર સંબંધને જાળવી રાખે છે. સાધુની સમાચારી, ઉપરાંત **સાધુની દિનચર્યા**નું પણ વર્ણન નોંધપાત્ર છે. પ્રતિલેખનવંદન-ગુરુ આજ્ઞા મુજબ વૈયાવચ્ચ કે સ્વાધ્યાય વગેરે ક્રિયા કરે છે. મુનિ દિવસના પ્રથમ પ્રહરમાં સ્વાધ્યાય કરે, બીજા પ્રહરમાં ધ્યાન, ત્રીજા પ્રહરમાં ભિક્ષાચર્યા અને ચોથા પ્રહરમાં સ્વાધ્યાય કરે. સાધુની રાત્રિ-ચર્યામાં –પ્રથમ પ્રહરમાં સ્વાધ્યાય, બીજા પ્રહરમાં ધ્યાન, ત્રીજા પ્રહરમાં નિદ્રા અને ચોથા પ્રહોરમાં સ્વાધ્યાય કરે. પ્રતિલેખન માટેની વિધિનું પણ વર્ણન છે. ઉભડક આસને બેસીને યતનાપૂર્વક ધીમેથી પ્રતિલેખન કરે. સંપૂર્ણ એકાગ્રતા અને શાંતિથી આ ક્રિયા કરવાની આજ્ઞા છે. વીતરાગની આજ્ઞા ખૂબ મહત્ત્વની હોય છે. તેનો સ્વીકાર કરવાથી લાભ થાય છે.

**ચરણ–કરણ સિત્તરી :** ઉપાધ્યાયના ગુણ વર્ણવતાં જ્ઞાનીઓએ 'કરણ-ચરણ સિત્તરી' અર્થાત્ કરણના ૭૦ અને ચરણના ૭૦ બોલ કહ્યા છે. ચરણ એટલે ચારિત્ર અને કરણ એટલે જે વખતે, જેવો અવસર તેવી ક્રિયા કરવામાં આવે તે કરણ છે.

| **કરણ સિત્તરી** | **ચરણ સિત્તરી** |
|---|---|
| ૪ પિંડ વિશુદ્ધિ | ૯૫ મહાત |
| ૫ સમિતિ | ૧૦ શ્રમણ ધર્મ |
| ૧૨ ભાવના | ૧૭ સંયમ |
| ૧૨ પડિમા | ૧૦ વૈયાવચ્ચ |
| ૫ ઈન્દ્રિય નિરોધ | ૯ બ્રહ્મચર્ય ગુપ્તિ |
| ૨૫ પ્રતિલે ખના | ૩ જ્ઞાનાદિ |
| ૩ ગુપ્તિ | ૧૨ તપ |
| ૪ અભિગ્રહ | ૪ ક્રોધાદિકષાય |
| ૭૦ | ૭૦ |

આમાંની પ્રત્યેકની ચર્ચા આ આગમ ગ્રંથમાં કરવામાં આવી છે. 'અષ્ટ પ્રવચનમાતા'ની ગોદમાં સાધુના જીવનનો મહત્ત્વનો આધ્યાત્મિક વિકાસ થાય છે અને સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપની સાધનાથી મોક્ષ રમણીને વરે છે.

સંયમ નિર્વાહના આવશ્યક સાધનોને ઉપધિ કહે છે. વસ્ત્ર, પાત્ર, રજોહરણ, મુહપત્તી વગેરેને સાધુજીવનની ઉપધિ કહે છે. મર્યાદિત ઉપધિથી સંયમનો નિર્વાહ કરે છે.

સાધુની ભિક્ષાચરીને ગોચરી કહે છે. પિંડ એટલે અશન, પાણી, મેવામીઠાઈ તથા મુખવાસ–એ ચારેય પ્રકારના આહારનો સમૂહ અને એષણા એટલે શોધવું, પિંડેષણા એટલે આહારની સદોષતાનિર્દોષતાનું શોધન કરવું (૧) નિર્દોષ આહારની શોધ કરવી, (૨) ગૃહસ્થના ઘેરથી નિર્દોષ રીતે આહાર ગ્રહણ કરવો (૩) નિર્દોષ રીતે પ્રાપ્ત કરેલા આહારના રસાસ્વાદનો ત્યાગ કરીને અનાસક્ત-ભાવે ભોગવવો. સાધુ માધુ કરીવૃત્તિથી પોતાની ઉદરપૂર્તિ કરે છે.

**★આહાર ગ્રહણ-ત્યાગના કારણો**

સાધુ છ કારણોમાંથી કોઈ એક કારણ ઉપસ્થિત થાય ત્યારે ત્રીજા પ્રહરમાં આહાર-પાણીની ગવેષણા કરે. (૧) ક્ષુધા વેદનાની શાંતિ માટે, (૨) વૈયાવૃત્ય માટે, (૩) ઈર્યા સમિતિના પાલન માટે, (૪) સંયમ પાલન માટે, (૫) પ્રાણોની રક્ષા માટે–જીવન નિર્વાહ માટે, (૬) ધર્મ ચિંતન માટે, આહાર મળે તો સંયમની વૃદ્ધિ અને ન

મળે તો તપની વૃદ્ધિ એવી ભાવના વ્યક્ત થાય છે. છ કારણોથી આહાર-પાણીનો ત્યાગ કરે તો સંયમનું અને તીર્થંકરની આજ્ઞાનું અતિક્રમણ થતું નથી. (૧) રોગગ્રસ્ત થાય, (૨) ઉપસર્ગ આવે, (૩) બ્રહ્મચર્યરૂપ ગુપ્તિની રક્ષા માટે, (૪) પ્રાણીઓની દયા માટે, (૫) તપ માટે, (૬) શરીરનો ત્યાગ કરવા માટે .

**★આહાર શુદ્ધિ**

આહાર શુદ્ધિ માટે સાધુએ ખૂબ કાળજી રાખવાની હોય છે. ગોચરીમાં ઓછામાં ઓછા દોષ લાગે તેની સાવધાની રાખવાની છે. ગૃહસ્થે પોતાને માટે બનાવેલ આહારમાંથી આહાર ગ્રહણ કરવાનો હોય છે. આહાર પ્રાપ્તિ માટે ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરતાં સાધુએ પૂર્ણ સંયમભાવ રાખવો જરૂરી છે. ઘરના વિવિધ મનોહર સ્થાનો, આકર્ષક વસ્તુઓ પર રાગભાવ કરે નહીં. ગૃહસ્થ સાથે બિનજરૂરી વાતો કરે નહીં. રસાસ્વાદના ત્યાગથી સાધુએ જીવન વ્યતીત કરવું જોઈએ. આહાર શુદ્ધિથી સાધુના પંચાચારની શુદ્ધિ થાય છે. એષણાની શુદ્ધિમાં જ સાધુ તાની સમગ્ર-સંયમી જીવનની શુદ્ધિ છે.

આ સૂત્રમાં, સાધક જીવનને ઉપયોગી–ઉપકારક અનેક બાબતોનું સંક્ષેપમાં સચોટ વર્ણન છે. સાધુતાના શિખરે પહોંચવા માટે આ ગ્રંથ (આગમ) મહત્ત્વનું અવલંબન બની રહે છે.

★

## શ્રી દશ વૈકાલિક સૂત્ર

**★પ્રાસ્તાવિક :**

જૈનોના બધા ફિરકાઓએ આ સૂત્રની મૂળ સૂત્ર તરીકે ગણના કરી છે. 'સાધુ જીવનની બાળપોથી, 'જૈન આગમનો સારસરવાળો', 'મોક્ષમાર્ગનો મહાપથ', 'મુક્તિધામની મહાયાત્રા' એવા ઉપનામથી આ શાસ્ત્રનું ગૌરવ કરવામાં આવ્યું છે. આ સૂત્રના રચયિતા, શ્રમણ ભગવાન મહાવીરસ્વામીની ચોથી પાટે બિરાજતા પૂ. આચાર્ય શ્રી શયંભવ મહારાજશ્રી છે. પૂ. આચાર્યશ્રીએ પોતાના પુત્ર અને શિષ્ય મનકે દીક્ષા અંગીકાર કર્યા પછી ફક્ત છ માસનું આયુષ્ય શેષ રહે છે એવું પોતાના જ્ઞાનથી જાણીને એ શિષ્યના આત્મશ્રેયાર્થે પૂર્વમાંથી અને આગમ ગ્રંથોમાંથી અનેક ગાથાઓ ઉધ્ધૃત કરીને આ સૂત્રની રચના કરી છે. વિકાલ એટલે કાળનું કશું બંધન નહીં અને વિકાલ એટલે સમી સાંજ એવો અર્થ દર્શાવનાર આ સૂત્રની **૧૦ અધ્યયન** અને **બે ચૂલિકામાં** વિભાજન કરી રચના કરી છે.

**★ સૂત્ર પરિચય:**

સંયમ જીવનની સમાચારીનું સંપૂર્ણ વિગત સાથે સરળ-સ્પષ્ટ આલેખન થયું છે. અનુયોગની દૃષ્ટિએ સાધુ-સાધ્વીના, 'ચરણકરણાનુયોગ' પ્રધાન આ સૂત્ર છે. પરંપરાથી ૭૦૦ ગાથા પ્રમાણ આ ગ્રંથ છે. મુખ્યત્વે પદ્ય પરંતુ અધ્યયન ૪, ૯, તેમજ પ્રથમ ચૂલિકામાં કુલ ૨૦ ગદ્ય સૂત્રો છે. 'દ્રવ્યાનુયોગ'ની મુખ્યતા છે.

**★સૂત્રનું મહત્ત્વ :**

આ સૂત્રમાં સાધુ -સાધ્વીના આચાર અને ગોચરની વિધિનું સચોટ સરળ નિરુપણ છે. આ સૂત્રની રચના થયા પહેલાં સાધુપણાના આચાર ધર્મ માટે આચારાંગ સૂત્રનું અધ્યયન કરાવવામાં આવતું હતું. પરંતુ આ સૂત્રની રચના થયા પછી આ સૂત્રનું અધ્યયન કરાવવામાં આવે છે. નવદીક્ષિત સાધુ સાધ્વીને 'ષડ્જીવ નિકાય' નામના ૪થા અધ્યયનનો પાઠ, ગુરુમુખે સાંભળીને દીક્ષાર્થીને એ પાઠ બોલાવીને વડી દીક્ષા આપવામાં આવે છે. વૈરાગી તથા સંયમી આત્માને આ સૂત્ર કંઠસ્થ હોય છે. આ એક શાસ્ત્રના અવગાહનથી હજારો શાસ્ત્રોનું અવગાહન થઈ જાય છે.

પાંચમા આરાના અંત સુધી આ સૂત્ર ટકવાનું છે, જેનો આધાર લઈને, ૪ જીવો આરો પૂરો થવાના સમયે એકાવતારી થવાના છે. પ્રત્યેક શ્રાવક-શ્રાવિકાએ આ સૂત્રનો સ્વાધ્યાય કરી જૈન ધર્મના આચારની વિશેષતાઓથી પરિચિત થઈ, દયામય અહિંસા ધર્મનું આચરણ કરવા માટે સતત જાગૃત રહેવાનું છે. આ સૂત્ર 'સુવર્ણકુંભ છે, જેમાં જૈનાગમનું અમૃત ભરેલું છે.' શ્રમણ જીવનની આચારસંહિતાનું સંપૂર્ણ અને સૂક્ષ્મતમ નિરુપણ મળે છે. 'વૈકાલિક' શબ્દ કાળવાચક છે. ચાર સંધિકાળ સિવાયના કોઈ પણ સમયે આ સૂત્ર ભણી શકાય છે, સ્વાધ્યાય થઈ શકે છે.

અનન્ય અદ્‌ભુત અને આત્મકલ્યાણ કરનારા શાસ્ત્રોમાં અણમોલ 'દશ વૈકાલિક' સૂત્રનો સંક્ષેપમાં પરિચય મેળવીએ.

**★અધ્યયન સાર**

૧. **દ્રુમપુષ્પિકા:** આ પ્રથમ અધ્યયનની પહેલી ગાથા–

'धम्मो मंगलमुक्किट्ठं, अहिंसा संजमो तवो।

देण वि तं णमेसंति, जस्स धम्मे सया मणो।।

અર્થાત્ અહિંસા, સંયમ અને તપરૂપ ધર્મ ઉત્કૃષ્ટ મંગલ છે. જેનું મન સદા ધર્મમાં લાગેલું રહે છે, તે ધર્માત્માને દેવો પણ નમસ્કાર કરે છે.

આ અમર ગાથામાં ધર્મનું સાચું સ્વરૂપ, મહત્ત્વ તથા શ્રમણોની અહિંસક જીવન પદ્ધતિને વૃક્ષ પર ખીલેલા પુષ્પોમાંથી નિર્દોષ રીતે રસપાન કરીને જીવનનિર્વાકરનાર ભ્રમરની ઉપમાથી સમજાવેલ છે. શુદ્ધ આત્મધર્મની પ્રાપ્તિ માટે અહિંસા, સંયમ અને તપ સાધન છે. પાંચ ગાથામાં વિભક્ત આ પ્રથમ અધ્યયન સાધુતાનો આદર્શ દર્શાવે છે.

**૨. શ્રામણ્યપૂર્વક:** દીક્ષા લીધા પછી, શ્રમણ ધર્મના પાલન માટે ઈચ્છાકાય અને મદનકામના ત્યાગની મહત્તા દર્શાવી છે. વિષયવાસના અને કામનાઓને નિવારવા માટે રાજેમતી અને રથનેમિના દૃષ્ટાંત આપી, ઉત્કૃષ્ટભાવે ચારિત્ર ધર્મનું પાલન કરવા માટે પુરુષાર્થ કરવાનો છે. દઢ સંયમી સાધુ-સાધ્વી પરમાત્માપદને અવશ્ય પ્રાપ્ત કરશે. જીવન પર્યંત ત્યાગને ટકાવી રાખે છે તે જ પુરુષોત્તમ છે .

**૩. ક્ષુલ્લકાચાર કથા:-** ચારિત્ર ધર્મની દઢતા તો જ જળવાય, જો સાધુ ૫૨ પ્રકારના અનાચારનું સેવન ન કરે. આચારપાલનનું પ્રતિપાદન આ અધ્યયનમાં મળે છે. જૈન ધર્મમાં, દયાધર્મની

પ્રમુખતાને જ સર્વજ્ઞોએ આચાર કહ્યો છે.

આહારશુદ્ધિ માટે સાધુ-સાધ્વીને ઉદ્દેશીને બનાવેલું, ખરીદેલું, આમંત્રણ આપીને ઘરે બોલાવીને આપેલું, ઉપાશ્રયે જઈને આહાર વહોરાવવો તે અનાચાર છે. દોષયુક્ત આહાર ઉપરાંત, રાત્રિભોજન, સ્નાન, વિલેપન, વિભૂષાના ધ્યેયે સ્નાન, દંત ધોવન, નેત્ર પ્રક્ષાલન, અંજન વગેરે પ્રવૃત્તિ, ગૃહસ્થનો સંગ, ગૃહસ્થાના આસન, પલંગ, ખુરશી વગેરે સાધનોનો ઉપયોગ, ગૃહસ્થના વાસણમાં ભોજન લેવું કે કરવું વગેરે. સાધુ એ આચારશુદ્ધિ માટે અનાચારોનો પૂર્ણ ત્યાગ કરવો જોઈએ.

**૪. છ જીવનિકાય:** આ અધ્યયનમાં છ પ્રકારના સંસારી જીવોની રક્ષા કરવાનું, તેમની વિરાધના ન કરવાનું તેમજ પંચમહાતનુંસાધુ ધર્મનું નિરુપણ છે. આ સંસારની પ્રત્યેક પ્રવૃત્તિમાં જીવ હિંસાની સંભાવના રહેલી છે. સંસારની દરેક ક્રિયા જીવદયાનાયતના જતના ધર્મનું પાલન થઈ શકે તે પ્રકારે થવી જોઈએ. જીવ 'पढमं नाणं तओ दया' જીવ-અજીવ આદિ નવ તત્ત્વોનું જાણપણું કેળવીને, ચાર ગતિના ભોગ સુખથી દૂર રહી અને સંસારનો ત્યાગ કરી, મુંડિત થઈને અણગાર ધર્મનો સ્વીકાર કરે છે. સર્વ જીવોને **અભયદાન** આપી આત્મ સિદ્ધિ પ્રાપ્ત કરવાની છે.

**૫. પિંડેષણા:** સાધુની ભિક્ષાચરીના દોષોનું વિગતપૂર્ણ વર્ણન, આ અધ્યયનમાં છે. પિંડ એટલે ચારે પ્રકારનો આહાર. આ અધ્યયનના **બે** ઉદ્દેશા છે.

**પ્રથમ ઉદ્દેશામાં** આહારની સદોષતા અને નિર્દોષતાનું શોધન કરવું. (૧) નિર્દોષ આહારની શોધ કરવી-૩૨ દોષોનો ત્યાગ કરવો. (૨) નિર્દોષ રીતે આહાર ગ્રહણ કરવો. (૩) નિર્દોષ રીતે પ્રાપ્ત થયેલા આહારના રસાસ્વાદનો ત્યાગ કરવો. અનાસક્ત ભાવે આહાર કરવો.

ગોચરી માટે જતાં જતના રાખવાની, ૧૦૦ ગાથામાં નિર્દોષ આહારપાણી જ લેવા જોઈએ.

**બીજા ઉદ્દેશામાં** ગોચરીના સમયે જ ગોચરી માટે જાય, ગૃહસ્થના ઘેર બેસે નહીં કે ઊભા ઊભા કથા ન કરે, એક સરખા ભાવથી બધા ઘેરે ભિક્ષા માટે જાય. ગોચરી લાવીને ગુરુને બતાવીને સંવિભાગ કરી વાપરે. ૫૦ ગાથામાં વિગતવાર વર્ણન મળે છે. આચારશુદ્ધિ આહારશુદ્ધિ વિના શકય નથી. તેથી આ અધ્યયનમાં સાધુને શું કલ્પે અને શું ન કલ્પે તેનું વિશદ વર્ણન મળે છે.

**૬. મહાચાર કથા:** આ અધ્યયનમાં સાધુ માટેના ૧૮ આચારસ્થાનનું વિસ્તૃત વર્ણન છે.

૧ થી ૬ પંચ મહાવ્રત અને છઠ્ઠું રાત્રિભોજન ત્યાગ.

૭ થી ૧૨ છકાયના જીવોની સંપૂર્ણ રક્ષા.

૧૩ અકલ્પ્ય વસ્તુનો ત્યાગ.

૧૪ ગૃહસ્થના વાસણનો ઉપયોગ ન કરવો.

૧૫-૧૬ ગૃહસ્થના પલંગ કે આસન પર ન બેસવું.

૧૭ સ્નાનનો ત્યાગ.

૧૮ શરીરની શોભાનો ત્યાગ.

આ પ્રમાણે અઢારે સ્થાનનું જિનાજ્ઞા મુજબ પાલન કરવાથી, આસક્તિ ભાવ ઘટે છે અને સાધક, સર્વ કર્મનો ક્ષય કરીને સિદ્ધ થાય છે.

**૭. સુવાક્ય શુદ્ધિ:** આ અધ્યયનમાં સાધુની ભાષાસમિતિની શુદ્ધિનું વર્ણન છે. અસત્ય અને સત્યાસત્ય ભાષા ન બોલવાનું ફરમાવ્યું છે. વચનગુપ્તિની આરાધના જ તેનું લક્ષ છે. સાધુએ ક્યારેય નિશ્ચયાત્મક ભાષા ન બોલવી જોઈએ.

સુવાક્ય શુદ્ધિનું મુખ્ય પ્રયોજન સત્ય મહાતના પાલન માટે તથા અહિંસા ધર્મની પુષ્ટિ માટે છે. સાધુએ અહિંસા, સંયમ અને તપરૂપ ધર્મનું પાલન થઈ શકે તેવી ભાષા બોલવી જોઈએ.

**૮. આચારપ્રણિધિ:** આચારપાલન સાધુ માટે પ્રકૃષ્ટ નિધિ અર્થાત્ ખજાના સમાન છે, તેનું ભાવથી પાલન કરવાથી સાધક ભવના ફેરા ટાળી પરમાત્મપદ પામે છે. આચારશુદ્ધિ માટેની વિવિધ હિત શિક્ષાઓ આ અધ્યયનમાં છે. છકાયના જીવોની રક્ષા માટે, સચિત્તભૂમિ કે આસન પર બેસવું નહીં, સચેત પાણીનો સ્પર્શ ન કરવો, અગ્નિ જલાવવો કે બુઝાવવો નહીં, પંખો નાંખવો નહીં, લીલી વનસ્પતિ છેદવી-ભેદવી નહીં, ત્રસ જીવોને મન, વચન, કાયાથી હણવા કે દુભવવા નહીં, સૂક્ષ્મ જીવોની રક્ષા કરવી, યથાર્થ પડિલેહણ કરવું, અહિતકારી વચન ન બોલવું. પરિષહો સમભાવે સહેવા કારણ કે 'દેહદુક્ખં મહાફલં' વિનય જાળવવો, રાગદ્વેષ ન કરવો, તપ અને સ્વાધ્યાયમાં મગ્ન રહેવું, સંયમ અને ધ્યાનથી મલિન ભાવોનો નાશ કરવો. જે શ્રદ્ધાથી ચારિત્રધર્મનો સ્વીકાર કર્યો છે તે શ્રદ્ધાને જીવનપર્યંત ટકાવી, સાધુ પણાને ઉત્તમ ભૂમિકાએ પહોંચાડવું.

**૯. વિનયસમાધિ :** આ અધ્યયનના ૪ ઉદ્દેશા છે.

**પહેલા ઉદ્દેશા**માં નિરંતર ગુરુનો વિનય કરવા કહ્યું છે. ગુરુની હીલના કે ઘૃણા ન કરવી. ગુરુ પ્રસન્ન થાય તેમ વર્તવું. સેવા કરવી. વિનયધર્મની આરાધના કરવી. શિષ્યનો અવિનય, તેના દુષ્પરિણામનું વર્ણન મળે છે.

**બીજા ઉદ્દેશામાં** વિનય અને અવિનયનું સ્વરૂપ કહ્યું છે. ધર્મરૂપી કલ્પવૃક્ષનું મૂળ વિનય છે, તેનાથી જ મોક્ષ કે સદ્ગતિ મળે છે અને અવિનયનું ફળ ચારગતિરૂપ સંસારનું પરિભ્રમણ દર્શાવ્યું છે. વિનીત-અવિનીત શિષ્યના લક્ષણોનું વર્ણન છે. ગુરુની પ્રસન્નતા પ્રાપ્ત કરવા હંમેશાં પ્રયત્ન કરે. જે વિનયધર્મનું પાલન કરે છે તે આત્મગુણ મેળવે છે.

**ત્રીજા ઉદ્દેશામાં** પૂજનીય પુરુષનાં લક્ષણોનું કથન છે. જે શિષ્ય ગુરુની આજ્ઞાનું પાલન કરે છે તથા શ્રુતજ્ઞાનથી કે દીક્ષા પર્યાયથી મોટા હોય તોપણ ગુરુનો વિનય કરે છે, ગુરુની શુશ્રૂષા માટે સતત જાગૃત રહે છે–આવા સાધુ પૂજનીય છે.

**ચોથા ઉદ્દેશામાં** મોક્ષના સાધનભૂત સમાધિનું વર્ણન છે. આત્માની સ્વસ્થતાને સમાધિ કહે છે. સમાધિ પ્રાપ્તિના ચાર કારણ છે-વિનય, શ્રુત, તપ અને આચાર.

સૂત્રકારે આ ચારેય સાધનને ચાર પ્રકારની સમાધિ કહીને તેને પ્રગટ કરવાના કારણો દર્શાવ્યાં છે. ચારેય પ્રકારની સમાધિની આરાધનાથી, અખંડ સમાધિ પ્રાપ્ત થાય છે.

**૧૦. શ્રેષ્ઠ ભિક્ષુ** આ અધ્યયનમાં સાચા–શ્રેષ્ઠ સાધુનાં લક્ષણ કહ્યાં છે. જે સાધુ આચારધર્મને ઉત્કૃષ્ટભાવે પાળે, ચારેય સંજ્ઞાઓને તોડે છે, જે સાધુ જિનવચનમાં અનુરક્ત હોય, મમત્વ ભાવથી રહિત હોય, લોકેષણાના ભાવોથી રહિત હોય, અનાસક્ત ભાવે ઉદરપૂર્તિ કરતા હોય, ઉપસર્ગ અને પરિષહોને સહન કરવામાં

પૃથ્વી સમાન સહનશીલ હોય તે જ શ્રેષ્ઠ ભિક્ષુ છે. ત્યાગ અને વૈરાગ્યથી સભર, સંયમ અને તપની સાધના કરતો હોય તે જ શ્રેષ્ઠ ભિક્ષુ છે.

દશ અધ્યયનોને અંતે બે ચૂલિકા છે. ચૂલિકા એટલે ચોટી, શિખર અગ્રભાગ. જે રીતે શિખર પર્વતની શોભા વધારે છે તેમ બંને ચૂલિકા સમગ્ર શાસ્ત્રના વિષયની શોભારૂપ છે.

**પ્રથમ ચૂલિકા:**- 'રતિવાક્યા'માં, કોઈ સાધકે સંયમ સ્વીકાર્યા પછી કોઈ પણ કારણે 'સંયમભાવમાં અરતિ થાય, સાધુને સંયમ જીવનનો ત્યાગ કરવાની ઈચ્છા થઈ હોય તેને ફરીથી સંયમ ભાવમાં રતિ ઉત્પન્ન કરવા ૧૮ સ્થાનનું વર્ણન છે. આ ચૂલિકાના ચિંતનસૂત્રો સાધકોને માટે મૂલ્યવાન બની રહે છે.

**ચૂલિકા-૨ વિવિક્ત ચર્યા:** આ ચૂલિકામાં સંસારથી કે ગચ્છથી અલગ થઈને સાધના કરનાર શ્રમણોના આચાર-વિચારની શુદ્ધિ માટેનું માર્ગદર્શન છે. સાધુએ સતત જાગૃતિપૂર્વક આત્મનિરીક્ષણ કરી, આત્માનુશાસન કરવાનું છે. જે સાધક જાત પર નિયંત્રણ કરી શકે છે તે કષાય વિજેતા બની શકે છે.

ભવસાગર તરવા માટે નાવ સમું, જીવનની જડીબુટ્ટી સમાન આ સૂત્ર સાધુ-સાધ્વીની અમૂલ્ય સંપત્તિ છે. ★

---

# શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર

**★ પ્રાસ્તાવિક :**

આ બીજું મૂળ સૂત્ર છે. મૂળ સૂત્ર તરીકે, બધાંએ આ સૂત્રનો સ્વીકાર કર્યો છે. 'અંતિમ દેશના', 'અપૃષ્ઠ વ્યાકરણ'–અર્થાત્ પૂછ્યા વિના કથન કરેલા શાસ્ત્રરૂપે આ સૂત્રની ગણના થઈ છે. સમગ્ર જૈન સમાજમાં ભગવાન મહાવીર સ્વામીની અંતિમ દેશના રૂપે આ સૂત્ર અનોખી શ્રદ્ધા ધરાવે છે.

પ્રભુએ પાવાપુરીમાં પોતાના નિર્વાણ પૂર્વે સોળ પ્રહર (૪૮ કલાક) સુધી, છઠ્ઠના તપ સાથે, ૧૮ દેશના રાજા સહિતની બાર પ્રકારની પરિષદમાં, અખંડ ઉપદેશ આપ્યો. આ સૂત્ર શ્રમણ ભગવાન મહાવીર સ્વામીનું પ્રતિનિધિત્વ કરનાર આગમ છે.

**★ સૂત્ર પરિચય:**

આ આગમમાં ભગવાન પાર્શ્વનાથ અને ભગવાન મહાવીરની પરંપરાના બધા જ વિષયોનું સમુચિત રીતે પ્રતિપાદન થયું છે. ચારેય અનુયોગોનો અનોખો સંગમ આ સૂત્રમાં થયો છે. ૩૬ અધ્યયનમાં વિભાજન થયેલ આ સૂત્રની ૨૦૦૦ ગાથા છે. મુખ્યત્વે પદ્યમાં અને બીજા અધ્યયનનો આરંભ, ૧૬માં અધ્યયનમાં ગદ્ય-પદ્ય મિશ્ર તથા ૨૯મું અધ્યયન પ્રશ્નોત્તર રૂપે ગદ્યમાં મળે છે. ઉત્તર +અધ્યયન=ઉત્તરાધ્યયન–નામ મળે છે.

**★ સૂત્રનું મહત્ત્વ :**

આ સૂક્ષ અત્યંત લોકપ્રિય સૂત્ર છે–સહુ કોઈને ગમે છે. ભગવાન મહાવીરની 'અંતિમ દેશના' હોવાથી, શ્રમણ ભગવાન મહાવીરના નિર્વાણ દિને આ સૂત્રનો સ્વાધ્યાય થાય છે. અનેક સાધુ-સાધ્વીજીએ સૂત્રને કંઠસ્થ કરેલ છે. ચાતુર્માસ દરમિયાન ધર્મસ્થાનકોમાં, આ સૂત્રના કોઈ ને કોઈ અધ્યયનનું દરરોજના વ્યાખ્યાન રૂપે અથવા વાંચણી રૂપે સ્વાધ્યાય થતો રહે છે. આ આગમ પર અનેક ટીકાઓ લખાઈ છે, વિવિધ સંપાદનો મળે છે. એકથી એક ચડિયાતા અધ્યયનો, મહાન ઉપકારક બની રહે છે.

**★ અધ્યયન સાર :**

આ સૂત્રના ૩૬ અધ્યયનનો સંક્ષિપ્ત સાર, આગમની વિશેષતાનો પરિચય કરાવી ભાવોની વિશુદ્ધિ માટે અમૂલ્ય બની રહેશે.

૧. **વિનય અધ્યયન:** પ્રથમ અધ્યયનની ૪૮ ગાથા છે. વિનય ધર્મનું વર્ણન કરવામાં આવ્યું છે. જે ગુરુની આજ્ઞાનું પાલન કરતો હોય, ગુરુના મનોભાવ સમજીને તેમના કાર્યો કરતો હોય તેને વિનીત શિષ્ય કહ્યો છે. ઉપરાંત, અવિનીત શિષ્યના દોષનું વર્ણન મળે છે. ગુરુ અને શિષ્યનો સંબંધ જાણવા માટે આ અધ્યયન ખૂબ ઉપયોગી છે.

૨. **પરિષહ અધ્યયન:** આ અધ્યયનના આરંભે થોડું ગદ્ય છે. ભૂમિકા રૂપે ગદ્ય છે, તે પછી ૪૬ ગાથામાં, ૨૨ પ્રકારના પરિષહનું અને સંયમજીવન દરમિયાન અણધાર્યા કષ્ટો આવે છે તેનું વર્ણન છે. આ કષ્ટોને –સમભાવે સહન કરી લે વાથી કર્મ નાશ પામે છે, ચારિત્ર દ્રઢ થાય છે.

૩. **ચતુરંગીય:** મોક્ષના સાધનભૂત ચાર દુર્લભ અંગોનું ૨૦ ગાથાઓમાં નિરુપણ છે. ત્રીજા અધ્યયનની ૧લી ગાથા મનનીય અને પ્રેરક છે.

वतारि परमंगाणि, कम्लएणीह जंतुणो।

याणुशत्तं सुई सध्धा, संणम्मि य वीरियं ।।

અર્થાત્ આ સંસારમાં પ્રાણીમાત્ર માટે આ ચાર અંગો પ્રાપ્ત થવાં દુર્લભ છે. (૧) મનુષ્યત્વ, (૨) સદ્ધર્મનું શ્રવણ, (૩) શ્રદ્ધા, (૪) સંયમમાં પરાક્રમ. આ ચાર અંગો મુક્તિનાં કારણ હોવાથી પરમ અંગો છે.

૪. **અસંખયં:** આ સૂત્રનું ૧૩ ગાથાનું સૌથી નાનું પરંતુ અર્થગંભીર અધ્યયન છે. સંસાર અને જીવનની નશ્વરતા વર્ણવીને, ભારંડપક્ષીની જેમ અપ્રમત્ત રહેવાનો ઉપદેશ આપ્યો છે.

૫. **અકામ મરણ :** આયુષ્ય ક્ષણભંગુર છે તેથી ધૈર્યવંત વિવેકી માનવે સકામ મરણ, સમાધિ કે પંડિત મરણે મૃત્યુ પામવું એ જ ઉત્તમ છે. ૩૨ ગાથાઓમાં બે પ્રકારના મરણની ચર્ચા કરવામાં આવી છે. ધર્માત્મા સહજ સમાધિભાવે શરીરને તજી દે છે અને પાપ કાર્યો કરતો જીવ અસમાધિ ભોગવે છે.

૬. **ક્ષુલ્લક નિગ્રન્થીય :** જૈન સાધુના સામાન્ય આચાર-વિચારનું ૧૭ ગાથામાં વર્ણન કર્યું છે. આરંભે મૂર્ખ કોણ, વિદ્વાન કોણનો પરિચય આપ્યો છે. અવિદ્યા કે આસક્તિ એ જ સંસારના દુઃખોનું મૂળ છે. સંયમ માર્ગનું યથાર્થ પાલન કરનાર તરી જાય છે. પરમ સુખ પ્રાપ્ત કરે છે.

૭. **એલય (બકરો) :** સંસાર આસક્ત જીવોની દુર્દશાનું માર્મિક ચિત્રણ બકરાના દૃષ્ટાંત દ્વારા દર્શાવ્યું છે. ૩૦ ગાથાનું આ અધ્યયન, ધર્માચરણથી થનાર શુભફળનું વર્ણન દર્શાવે છે.

૮. **કાપિલિય અધ્યયન:**- આ અધ્યયનમાં કપિલ કેવળીના

દૃષ્ટાંતથી, સાધકને નિર્લોભ થવા ફરમાવ્યું છે. ૨૦ ગાથાઓમાં કંચન અને કામિનીના ત્યાગથી, લોભના ત્યાગથી કે વળી થઈ ગયેલ કપિલ મુનિવરનું દૃષ્ટાંત માર્ગદર્શક બની રહે છે.

૯. **નમિપ્રાજ્યા:** આમાં ૬૨ ગાથાઓમાં પ્રાજ્યા માટે પ્રયાણ કરતાં નમિ રાજર્ષિ સાથે બ્રાહ્મણ વેષધારી ઈન્દ્રનો આધ્યાત્મિક સંવાદ છે. ઈન્દ્ર મહારાજા પ્રશ્ન કરે છે અને નમિ રાજર્ષિ ઉત્તર આપે છે.

'જ્યાં બે છે ત્યાં જ ઘોંઘાટ (સં સાર) છે . પણ જે એકમાં (આત્મા) છે ત્યાં શાશ્વતી શાંતિ અને સુખ (મોક્ષ) છે.' હજારો સંગ્રામો જીતવા કરતાં, એક માત્ર પોતાના આત્માને જીતનારો શ્રેષ્ઠ છે.' એકત્વ ભાવનાનું સચોટ વર્ણન છે.

૧૦. **દ્રુમપત્રક:**- ૩૬ ગાથાના આ અધ્યયનમા વૃક્ષના પીળાં પાંદડાના તથા ઝાકળના બિંદુનાં દૃષ્ટાંતથી માનવ જીવનની ક્ષણભંગુરતાનું વર્ણન મળે છે. ભગવાન મહાવીર સ્વામીએ, ગૌતમને ઉદ્દેશીને, બધાં સાધકોને અપ્રમત્ત રહેવાનો, પાંચેય પ્રમાદને ત્યજીને ધર્મ આરાધના કરવાનો, એ આરાધના માટે એક સમયનો પણ પ્રમાદ ન કરવાનું પ્રત્યેક ગાથાને અંતે 'समयं गोयम मा पमायए' એ શબ્દોથી પ્રેરણા આપી છે.

૧૧. **બહુશ્રુત:** આ અધ્યયનમાં શાસ્ત્રજ્ઞ વ્યક્તિની પ્રશંસા કરવામાં આવી છે. ૩૨ ગાથાનું આ અધ્યયન છે. વિનીત અને અવિનીતનાં ગુણ-દોષનું વર્ણન કરીને વિનીતને બહુશ્રુત અને અવિનીતને અબહુશ્રુત કહેલ છે.

૧૨. **હરિકેશીય:** ચાંડાલ જાતિમાં જન્મેલા છતાં ઉદાત્ત ચરિત્રના સ્વામી, હરિકેશી મુનિનું જીવન ૪૭ ગાથામાં ગુંથેલું છે. કર્મથી જાતિ નક્કી થાય છે, જન્મથી નહીં. અહિંસક યજ્ઞ જ શ્રેષ્ઠ છે એ હકીકત દર્શાવી છે. ત્યાગ અને તપનો મહિમા દર્શાવ્યો છે .

૧૩. **ચિત્તસંભૂત:** ચિત્ત અને સંભૂતિ એ બે સગા ભાઈઓ. છ ભવનું વર્ણન છે. બંને મુનિવરોમાંથી સંભૂતિ મુનિએ તપનું નિયાણું કર્યું જ્યારે ચિત્ત મુનિએ નિર્દોષ ચારિત્ર પાળ્યું. પરિણામે સંભૂતિ મુનિ ૭મી નરકે ગયા અને ચિત્ત મુનિ મોક્ષે ગયા. ૩૫ ગાથાનું આ અધ્યયન તપનો મહિમા બતાવે છે.

૧૪. **ઇષુ કારિય:** ઈષુકાર નગરના છ જીવો–મોક્ષગામી જીવો–ભૃગુપુરોહિત, તેની સ્ત્રી, તેમના બે પુત્રો, ઈષુકાર રાજા અને કમલાવતી રાણીની દીક્ષાનું વૈરાગ્ય ઉત્પન્ન કરે તેવું ૫૩ ગાથાઓમાં વર્ણન છે. એક એક ગાથા મનનીય છે. કમલાવતી રાણી સાચી ધર્મપત્નીનું દૃષ્ટાંત છે. પિતા-પુત્ર અને પતિ-પત્ની વચ્ચેનો સંવાદ નોંધપાત્ર છે.

૧૫. **સભિક્ષુ:** સાધુના સામાન્ય ગુણનું વર્ણન ૧૬ ગાથાઓમાં કર્યું છે.

૧૬. **બ્રહ્મચર્ય સમાધિસ્થાન:** ગદ્ય અને પદ્ય મિશ્રિત આ અધ્યયનમાં, બ્રહ્મચર્યની રક્ષા માટે ૧૦ વાતોના ત્યાગની આવશ્યકતા, ૧૭ ગાથાઓમાં વર્ણવી છે. બ્રહ્મચર્યનું મહત્ત્વ સરસ રીતે દર્શાવ્યું છે.

૧૭. **પાપશ્રમણીય:** સાધુ થયા પછી, સાધકે રત્નત્રયીની સાધનામાં જ સંયમજીવન ગાળવું જોઈએ. જે તેમ નથી કરતો તેને પાપશ્રમણીય કહ્યો છે. પથભ્રષ્ટ સાધુનું ૨૧ ગાથામાં વર્ણન કર્યું છે.

૧૮. **સંજય:** રાજર્ષિ સંજયની દીક્ષાનું ૫૪ ગાથામાં વર્ણન છે. ઉપરાંત, જેમણે સાધુ ધર્મમાં દીક્ષિત થઈને મુક્તિ પ્રાપ્ત કરી હતી તેવા રાજાઓનું વર્ણન છે. સંયતિ રાજા અને ક્ષત્રિય રાજર્ષિના સંવાદ ખૂબ નોંધપાત્ર છે.

૧૯. **મૃગાપુત્રીય:**- મહેલના ગોખમાં બેઠેલા મૃગાપુત્રે એક સંતને જોઈ પોતે પણ આવું સાધુપણું પાળ્યું છે એવું જાતિસ્મરણ જ્ઞાનથી જાણી, પોતાના માતા-પિતાની સંયમ લેવા આજ્ઞા માંગી. ૯૯ ગાથામાં આ અધ્યયન વર્ણન પામ્યું છે. મૃગાપુત્ર તથા તેમના માતા-પિતાના સંવાદો મનનીય છે. માનવભવ પામી, સંસારનું મમત્વ તજી ધર્મનો પુરુષાર્થ કરી લેવો જોઈએ એવું કથન યથાર્થ છે.

૨૦. **મહાનિર્ગ્રંથીય:** મહાનિર્ગ્રંથીય એટલે સર્વ વિરતિ સાધુ એવો અર્થ દર્શાવતું, ૬૦ ગાથાઓમાં વિભક્ત અનાથી મુનિવરે, શ્રેણિક રાજાને, અનાથ-સનાથનો ભેદ સમજાવી સદ્ધર્મના માર્ગે વાળ્યા અને શ્રેણિક મહારાજા પોતાના સમગ્ર પરિવાર સહિત ધર્મના રાગી બની ગયા તેનું વર્ણન મળે છે.

૨૧. **સમુદ્ર પાલીય:** હવેલીના ગોખમાં બેસીને રસ્તા પર નજર પડતાં, એક અપરાધીને ફાંસીએ ચડાવવા લઈ જવાતો જોઈને વૈરાગ્યભાવ જાગ્યો એ હકીકતનું વર્ણન ૨૪ ગાથામાં કર્યું છે. ચોરના નિમિત્તે વૈરાગ્ય પામી દીક્ષા લઈ, સિદ્ધ પદ પામ્યાની કથા આકર્ષક છે–પ્રેરક છે.

૨૨. **રહનેમિય–રથનેમિય:**- પોતાના લગ્ન નિમિત્તે પશુઓનો વધ થશે એવું જાણીને નેમનાથે રથ પાછો વાળી લગ્ન ન કર્યા અને રાજેમતીને સંયમ માર્ગે વાળી નવભવની પ્રીત સાચવી, સાધ્વી રાજીમતીએ, સાધુ રથનેમિને અસંયમી જીવન કરતાં તો મૃત્યુ શ્રેષ્ઠ એવું કહી ફરીથી સંયમમાં સ્થિર કર્યાનું, ૫૧ ગાથાનું આ અધ્યયન છે. ભગવાન અરિષ્ટનેમિ શ્રીકૃષ્ણ રાજેમતી અને રથનેમિ આદિનું ચરિત્ર ખૂબ અસરકારક છે.

૨૩. **કેશી ગૌતમીય:** ભગવાન પાર્શ્વનાથના શિષ્ય કેશી અને ભગવાન મહાવીરના શિષ્ય ગૌતમ વચ્ચે–ચાર મહાવ્રત અને પાંચ મહાવ્રત, રંગીન વસ્ત્ર અને સફેદ આદિ વિષયો પરની ૮૯ ગાથામાં રજૂ થયેલી સંવાદ–ચર્ચા નોંધપાત્ર છે. સમયને અનુસરીને બાહ્યાચારમાં પરિવર્તન થતું રહેશે પરંતુ સાધુના મૂળગુણો સદાસર્વદા એકસરખા જ હોય છે.

૨૪. **સમિતીય:** પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું વર્ણન ૨૭ ગાથામાં થયું છે. સર્વજ્ઞ તીર્થંકરોએ સાધુના આ આઠ આચારને 'આઠ પ્રવચનમાતા' કહી છે. આ અષ્ટ પ્રવચન-માતા ચારિત્રરૂપ છે, તેનું શુદ્ધ ભાવથી પાલન કરનાર શીઘ્ર મોક્ષ મેળવે છે.

૨૫. **યજ્ઞીય:** જયઘોષ મુનિ તેમના સંસારી ભાઈ વિજયઘોષને સાચા યજ્ઞનું સ્વરુપ સમજાવે છે. ૪૫ ગાથામાં બ્રાહ્મલોક સ્વરુપ, યજ્ઞની આધ્યાત્મિક વ્યાખ્યા સમજાવી, કર્મથી જાતિવાદની સ્થાપના કરીને સાધુના આચારધર્મનું વર્ણન કરે છે.

૨૬. **સામાચારી-સમાચારી:** સાધુની ૧૦ સમાચારી સમ્યક્ પ્રકારે આચાર પાળવાની વિધિનું ૫૩ ગાથામાં વર્ણન છે. ઉપરાંત, સાધુ મહારાજની દિનચર્યા અને રાત્રિચર્યાનું વર્ણન છે.

૨૭. **ખલુંકિય** = મારકણો દુષ્ટ બળદ. ૧૭ ગાથામાં દુષ્ટ બળદના દૃષ્ટાંતે અવિનીત શિષ્યોની ક્રિયાઆનું વર્ણન છે. આચાર્યે આવા શિષ્યોને તજી દેવા જોઈએ. ગંગાચાર્ય અને ગળિયા બળદ

જેવા તેમના શિષ્યોનું દૃષ્ટાંત પણ આપ્યું છે.

૨૮. **મોક્ષમાર્ગ ગતિ:** ૩૬ ગાથામાં મોક્ષના માર્ગ –સ્વરૂપ રત્નત્રયીનું વર્ણન છે. સાધક સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષ પામે, સિદ્ધ, બુદ્ધ અને મુક્ત બને.

૨૯. **સમ્યક્ પરાક્રમ :** આખું અધ્યયન મદ્યમાં, પ્રશ્નોત્તર શૈલીમાં રચાયું છે. ૭૩ પ્રશ્નો અને ૭૩ ઉત્તરોમાં આધ્યાત્મિક વિકાસના સોપાનો દર્શાવ્યાં છે. મોક્ષનો પુરુષાર્થ કરવો તે સાચું પરાક્રમ છે, ભવ્ય જીવ જ એ કરી શકે, અભવી નહીં.

૩૦. **તપો માર્ગ :** અનંતકાળથી પરિભ્રમણ કરતા જીવાત્માને આઠ કર્મો વળગેલા છે. આ કર્મો તપ કર્યા સિવાય નાશ પામતા નથી. ૩૭ ગાથામાં તપનું સ્વરૂપ તથા પ્રકારો વર્ણવ્યા છે. તપથી કર્મ ખપે છે અને આત્મા વિશુદ્ધ બની કર્મમુક્ત પરમાત્મા બને છે.

૩૧. **ચરણ વિધિ:** આ અધ્યયનની પ્રથમ ગાથામાં ચારિત્રની વિધિના વર્ણનની પ્રતિજ્ઞા દર્શાવી છે. ૨૧ ગાથામાં, ૧ થી આરંભીને ૩૩ સંખ્યા સુધી દર્શન, જ્ઞાન, ચારિત્રની આરાધનાનું વર્ણન છે. અસંયમમાં નિવૃત્તિ અને સંયમમાં પ્રવૃત્તિ કરવાનું ફરમાવ્યું છે.

૩૨. **પ્રમાદસ્થાનીય:** મોક્ષસાધનામાં બાધારૂપ એવાં પ્રમાદસ્થાનોનું આ અધ્યનનની ૧૧૧ ગાથામાં વર્ણન મળે છે. ૨૧મી ગાથામાં દર્શાવેલ વિષયનો જ આગળની ગાથાઓમાં વિસ્તાર થયો છે. રાગ-દ્વેષમોહને દૂર કરવાનું ખાસ કહ્યું છે. પાંચે ઈન્દ્રિયોના વિષયોનું વર્ણન કરી, તેને જીતી જિતેન્દ્રિય બની, ભવરોગ દૂર કરવાનો છે. ધર્મારાધના જ ઉત્તમ પ્રવૃત્તિ છે.

૩૩. **કર્મ પ્રકૃતિ-કમ્મપયઠી:-** કર્મોની જુદી જુદી અવસ્થાનું, ૮ કર્મ અને તેની ૧૪૮ ઉત્તર પ્રકૃતિઓની વિગત ૨૫ ગાથામાં સચોટ રીતે દર્શાવી છે.

૩૪. **લેશ્યા:** કષાય અનુરંજિત મન પરિણામોને 'લેશ્યા' કહે છે. કર્મોની સ્થિતિમાં વિશેષરૂપે સહાયક લેશ્યાઓનું ૬૧ ગાથામાં વર્ણન મળે છે. કૃષ્ણ, નીલ, કાપોત એ ત્રણ લેશ્યા અપ્રશસ્ત છે અને તેજો, પદ્મ અને શુક્લ– એ ત્રણ પ્રશસ્ત છે. તેનું ૧૧ દ્વારથી વર્ણન કર્યું છે.

૩૫. **અણગાર (સાધુ):** સાધુના ગુણનું ૨૧ ગાથામાં વર્ણન છે. પંચ મહાવ્રત પાળે, સુઝતો નિર્દોષ આહાર લે, બાવન અનાચારમાંથી એક પણ ન સેવે, કાયા પ્રત્યેની માયા છોડી આત્મધ્યાનમાં લીન રહે.

૩૬. **જીવાજીવ વિભક્તિ:** આ સૌથી મોટું, ૨૬૯ ગાથાનું અધ્યયન છે. સાચું સાધુપણું તો જીવા-જીવના ભેદ-વિજ્ઞાનને જાણવાથી આવે છે. જીવાદિ તત્ત્વોની પરમશ્રદ્ધા તે જ સમ્યગ્દર્શન છે. જીવ-અજીવના ભેદ અન પ્રભેદોનું સચોટ વર્ણન છે. અંતમાં જીવનને સમાધિમય બનાવી સંલેખના (સમાધિમરણ)નું વર્ણન છે.

જે સાધક જિનવચનમાં અનુરક્ત રહીને, ક્રિયાનું પાલન કરે છે, તે કષાયોથી મુક્ત થઈને પરિત્ત-સંસારી થાય છે અને સમાધિભાવે દેહનો ત્યાગ કરે છે.

★

# નંદીસૂત્ર

**★પ્રાસ્તાવિક :**

આ ત્રીજા મૂળ સૂત્રમાં પાંચ જ્ઞાનનું વિસ્તારથી નિરૂપણ થયું છે. જ્ઞાનના ભેદ-પ્રભેદની ચર્ચા ખૂબ રસપ્રદ અને મંગલકારી-કલ્યાણકારી-આનંદકારી છે. નંદી એટલે આનંદ-અધ્યાત્મ જ્ઞાનનો આનંદ પૂરો પાડનાર સૂત્ર છે. જેનાથી વસ્તુ તત્ત્વનો બોધ થાય તે જ્ઞાન છે. આત્માના અનંત ગુણોમાં જ્ઞાનગુણ મુખ્ય છે. જ્ઞાનગુણના માધ્યમથી જ અનંત ગુણોનો બોધ થાય છે. જ્ઞાનગુણ અખંડ છે. જ્ઞાનની સહાયથી 'સંસાર વામો, સિદ્ધદશા પામા' એવું કથન ખૂબ ઉપકારક છે–આવકાર્ય છે. મૂળસૂત્ર ઉપરાંત, આ સૂત્રને ચૂલિકાસૂત્ર પણ કહે છે. ચૂલિકા એટલે શિખર-પરિશિષ્ટ. જૈન આગમમાં અભ્યાસ માટે આ સૂત્ર ભૂમિકાનું પણ કામ કરે છે.

**★સૂત્ર પરિચય :**

આ સૂત્રના રચયિતા, પૂર્વધર શ્રી દેવર્ષિગણિ ક્ષમાશ્રમણ છે. આગમો લિપિબદ્ધ થતા હતા તે સમયે આ સૂત્રની રચના થઈ છે. નંદીસૂત્રની રચના ગદ્ય અને પદ્ય બંન્નેમાં છે. સૂત્ર સળંગ રીતે રચાયું છે. અર્થાત્ અધ્યયન કે શ્રુતસ્કંધ નથી. ૭૦૦ શ્લોક પ્રમાણ આ સૂત્ર છે. આ સૂત્રની મહત્ત્વની વિશેષતા એ છે કે પ્રસ્તુત સૂત્રમાં પ્રતિપાદિત વિષય અન્ય સૂત્રોમાં પણ ઉપલબ્ધ છે. દા.ત. અવધિજ્ઞાનની ચર્ચા–'પ્રજ્ઞાપના સૂત્ર'ના ૩૩મા પદમાં મળે છે. મતિજ્ઞાનનો પરિચય 'ભગવતી સૂત્ર'માં પણ છે.

**★સૂત્રનું મહત્ત્વ:**

જ્ઞાનના પાંચ પ્રકારનું ખૂબ જ વિશદતાથી અને સરળતાથી વર્ણન આ સૂત્રના કેન્દ્રસ્થાને છે. જૈનદર્શન જ્ઞાનને પ્રમાણ માને છે–'ज्ञानं प्रमाणम्'. તેનું વિષય વિભાજન તથા પ્રતિપાદન બે રીતે કરેલ છે. (૧) આગમિક પદ્ધતિ (૨) તર્કપદ્ધતિ. જ્ઞાનની આરાધના માટે આ સૂત્ર ખૂબ જ ઉપયોગી છે. શ્રુતજ્ઞાનના ભેદ-પ્રભેદ દર્શાવ્યા પછી આ સૂત્રને અંતે દ્વાદશાંગીનો તથા ૧૪ પૂર્વનો સંક્ષેપમાં પરિચય મળે છે.

ગણિપિટકની શાશ્વતતા દર્શાવતા લખે છે-દ્વાદશાં ગરુપગણિપિટક ક્યારેય ન હતું એમ નહીં, વર્તમાનમાં નથી એમ નહીં અને ભવિષ્યમાં નહીં હોય એવું નહીં. ભૂતકાળમાં હતું, વર્તમાનમાં છે અને ભવિષ્યમાં રહેશે. એ ધ્રુવ છે. નિયત છે. શાશ્વત છે. અક્ષય છે, અવસ્થિત છે અને નિત્ય છે. કલ્યાણના ઈચ્છુક દરેક સાધકે આ સૂત્રનું અધ્યયન કરવું જોઈએ.

**★નંદીસૂત્રનો સંક્ષિપ્ત સાર:**

આ સૂત્રમાં, સર્વ પ્રથમ ૫૪ ગાથામાં મંગલાચરણ કરેલ છે. આગમબત્રીસીમાં, એક માત્ર આ સૂત્રના આરંભે આટલું વિશેષ પ્રકારનું મંગલાચરણ છે. શ્રી આદિનાથ ભગવાનની સ્તુતિ, સૂત્રકારે વર્ણવી છે.

जयइ जगजीवजोणी वियाणओ, जगगुरु, जगाणंदो।
जगणाहो जगबंधु, जयइ जगप्रियामहो भयवं ।।

**ભાવાર્થ:** છ દ્રવ્યરૂપ સંસારના તથા જીવોની ઉત્પત્તિ સ્થાનના જ્ઞાતા, જગદ્‌ગુરુ, ભવ્ય જીવોને આનંદ આપનારા, સ્થાવર અને જંગમ પ્રાણીઓના નાથ, વિશ્વબંધુ, ધર્મના ઉત્પાદક હોવાથી

દરેક જીવના ધર્મપિતામહ સમાન અરિહંત ઋષભદેવ ભગવાનનો સદા જય હો.

સૂત્રની પ્રથમ ગાથામાં, શાસનનાયક આદ્ય તીર્થંકર, શ્રી આદિનાથ ભગવાનની સ્તુતિ કરી છે. બીજી ગાથામાં સમગ્ર શ્રુતજ્ઞાનના ઉદ્‌ગમરૂપ મૂળરૂપ મહાવીર સ્વામી જયવંત થાઓ. વર્તમાન અવસર્પિણી કાળના ચોવીશ તીર્થંકર પૈકી અંતિમ તીર્થંકર જયવંત થાઓ, જગદ્‌ગુરુ મહાત્મા મહાવીર સદા જયવંત હો.

આ રીતે સ્તુતિ કર્યા પછી સંઘને વિવિધ ઉપમા ૮ પ્રકારની આપી છે અને ૨૪ તીર્થંકરોને, ૧૧ ગણધરોને, જિન પ્રવચનને, સુધર્મા સ્વામીથી દુષ્યમણિ સુધીના ૩૧ સ્થવિરોને નમસ્કાર કર્યા છે. તે પછી ૧૪ પ્રકારના શ્રોતાઓ અને ત્રણ પ્રકારની પરિષદની વિગતો વર્ણવી છે.

પરમ મંગલાચરણ આપ્યા પછી, જ્ઞાનના ભેદ-પ્રભેદનું વર્ણન મળે છે. જ્ઞાન મોક્ષનું મુખ્ય અંગ છે. જ્ઞાન અને દર્શન આત્માના અસાધારણ ગુણ છે. જેના દ્વારા વસ્તુ તત્ત્વનો બોધ થાય, તે જ્ઞાન છે. જ્ઞાનગુણ અખંડ છે, તેમાં ભેદ નથી.

**જ્ઞાનના પાંચ પ્રકાર:** (૧) આભિનિબોધિક કે મતિજ્ઞાન, (૨) શ્રુતજ્ઞાન, (૩) અવધિજ્ઞાન, (૪) મનઃપર્યવજ્ઞાન, (૫) કેવળજ્ઞાન.

પાંચ જ્ઞાનમાં પહેલા બે જ્ઞાન અર્થાત્ મતિ અને શ્રુતજ્ઞાન 'પરોક્ષ જ્ઞાન' છે, ઈંદ્રિયોની સહાયથી થાય તેવા જ્ઞાન છે. અને પછીના ત્રણ 'પ્રત્યક્ષ જ્ઞાન' છે. પ્રત્યક્ષ એટલે ઈંદ્રિયોની સહાય વિના થાય છે- આને 'નોઈંદ્રિય પ્રત્યક્ષ' એ નામ પણ આપ્યું છે.

જ્ઞાનના મુખ્ય પ્રકારની થોડી વિશેષ વિગત જોઈએ. (૧) જે જ્ઞાન પાંચ ઈન્દ્રિય અને છઠ્ઠા મન દ્વારા ઉત્પન્ન થાય તેને આભિનીબોધિક-મતિજ્ઞાન કહે છે.

(૨) કોઈ પણ શબ્દનું શ્રવણ કરવાથી વાચ્ય-વાચક ભાવ સંબંધના આધાર વડે અર્થ મળે છે તે **શ્રુતજ્ઞાન** છે.

આ જ્ઞાનની ઉત્પત્તિમાં મનની મુખ્યતા છે. અર્થાત્ પહેલાં મતિ (મન) વડે શ્રુત ગ્રહણ કરે અને પછી ફરીથી કહે–સંભળાવે ત્યારે કહેનારનું મતિજ્ઞાન અને એને જે સાંભળે તેનું શ્રુતજ્ઞાન. શ્રુતજ્ઞાનના ૧૪ પેટાભેદ છે. જ્ઞાનના પાંચ પ્રકારોમાં શ્રુતજ્ઞાનનો આપણા ઉપર મહાન ઉપકાર છે. સ્વ-પર કલ્યાણકારક એવું આ જ્ઞાન છે.

મતિ અને શ્રુતજ્ઞાનની ઉપસ્થિતિમાં જ શેષ જ્ઞાન ઉત્પન્ન થાય છે. કેવળજ્ઞાન પણ આ બે જ્ઞાન હોય તો જ ઉત્પન્ન થાય છે પરંતુ કેવળજ્ઞાન ઉત્પન્ન થતાંની સાથે જ આ બંને જ્ઞાન તેમાં સમાઈ જાય છે.

(૩) **અવધિજ્ઞાન :** જે જ્ઞાનની સીમા હોય અને માત્ર રૂપી પદાર્થોને જ જે જાણે છે. તેનો વિષય રૂપ, રસ, ગંધ અને સ્પર્શયુક્ત પદાર્થો જ છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી એમ ચાર પ્રકારે અવધિજ્ઞાનનો વિષય જાણી શકાય છે. ચારે ગતિના જીવોને આ જ્ઞાન થાય છે. આગામી ભવમાં સાથે જાય છે.

(૪) **મનઃપર્યવજ્ઞાનઃ-** અપ્રમત્ત, સમ્યગ્‌દૃષ્ટિ સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિના સંયમી સાધુને જ આ જ્ઞાન થાય છે. આ જ્ઞાનની સહાયથી સામેની વ્યક્તિનો મનોભાવ જાણી શકાય છે. આ જ્ઞાનમાં જ્ઞાતા સાક્ષાત આત્મા છે અને જાણવાનો વિષય મન છે. આ ભવ સુધી જ રહે છે.

(૫) **કેવળજ્ઞાન :** ચાર ઘાતીકર્મો નાશ પામવાથી જે પૂર્ણ એક, અખંડ, અપ્રતિપાતી આત્મજ્ઞાન અંતરમાં પ્રગટે છે તેને કેવળજ્ઞાન કહે છે. આ જ્ઞાનથી કેવળી ભગવંત દ્રવ્યથી સર્વ પદાર્થો અને તેના પર્યાયોને, ક્ષેત્રથી સર્વ ક્ષેત્ર-લોકાલોક, કાળથી ભૂત, ભવિષ્ય અને વર્તમાનને અને ભાવથી સર્વ ભાવોને જાણે છે, દેખે છે. બધાં જ્ઞાન આ જ્ઞાનમાં સમાઈ જાય છે. કે વળી ભગવાનનાં વચન, શ્રોતાઓના શ્રુતજ્ઞાનનું નિમિત્ત બને છે. પ્રભુનાં વચનો દ્રવ્યશ્રુત છે અને તે નાથી શ્રોતાઓને જે જ્ઞાન થાય તે ભાવશ્રુત છે.

અહીં પાંચેય જ્ઞાનનો પ્રાથમિક પરિચય આપ્યો છે. પ્રત્યેક જ્ઞાનના ભેદ-પ્રભેદ અને તેની આપણા પરની ઉપકારકતા વગેરે જાણવા માટે મૂળ 'નંદીસૂત્ર'નો સ્વાધ્યાય કરવાથી પરમાનંદની પ્રાપ્તિ થાય છે - થશે.

આત્મા સ્વયં જ્ઞાનમય છે પરંતુ જ્ઞાનાવરણીય કર્મના આવરણથી તે જ્ઞાનગુણ આવરિત થઈ જાય છે. જ્ઞાન ગુણ પર, ગાઢતમ આવરણ આવી જાય તોપણ શ્રુતજ્ઞાનના અનંતમો ભાગ સદા શેષ રહી જાય છે. જો તેના પર પણ આવરણ આવી જાય તો જીવ મરીને અજીવ બની જાય છે. પરંતુ એ મુજબ ક્યારેય થતું નથી. કેમકે જ્ઞાનગુણ તે જીવનો સ્વભાવ છે. સ્વભાવનો સર્વથા નાશ કદાપિ થતો નથી.

નંદીસૂત્રના અંતે રચયિતાએ દ્વાદશાંગીનો તેમજ ૧૪ પૂર્વનો સંક્ષેપમાં સરસ પરિચય આપ્યો છે. સૌથી પ્રથમ તો શ્રુતઅંગપ્રવિષ્ટ અને અંગબાહ્યની ચર્ચા કરી છે.

તીર્થંકરોના ઉપદેશાનુસાર, ગણધરો જે ગ્રંથની રચના કરે છે તે દ્વાદશાંગી–અંગપ્રવિષ્ટ સૂત્ર છે, અને અંગ સૂત્રના આધારે સ્થવિર મુનિઓ જે શાસ્ત્રની રચના કરે છે, તે અંગબાહ્ય શ્રુત છે.

**★દ્વાદશાંગી પરિચય :**

(૧) **શ્રી આચારાંગ સૂત્રઃ** શ્રમણોની સંયમ વિશુદ્ધિ માટે પાંચ આચારનું નિરૂપણ છે. આ સૂત્રના બે શ્રુતસ્કંધ છે–વિભાગ છે. પ્રથમ વિભાગમાં નવ અધ્યયન છે, બીજા વિભાગમાં ૧૬ અધ્યયન છે. સાધુના આચારધર્મનું અને ચારિત્રધર્મનું સરસ વર્ણન છે. પ્રભુ મહાવીરસ્વામીના સમયથી નવદીક્ષિતોને આચારાંગસૂત્રનું અધ્યયન સર્વ પ્રથમ કરાવવામાં આવતું હતું. અર્ધમાગધી ભાષાનું સ્વરૂપ સમજવા માટે આ રચના મહત્ત્વપૂર્ણ છે.

(૨) **શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર =સૂયગડાંગ સૂત્રઃ** આ સૂત્રના બે વિભાગ છે. પહેલા વિભાગમાં સોળ અને બીજા વિભાગમાં સાત, કુલ ત્રેવીસ અધ્યયન છે. આ સૂત્રમાં ૧૮૦ ક્રિયાવાદીના, ૮૪ અક્રિયાવાદીના, ૬૭ અજ્ઞાનવાદીના અને ૩૨ વિનયવાદીના કુલ ૩૬૩ પાંખડીના મતોનું નિરાકરણ કરીને સ્વમતની સ્થાપના કરેલી છે. આ ગ્રંથમાં વિભિન્ન વિચારકોના મનોનું દિગ્દર્શન કરાવવામાં આવેલ છે. સ્વમત-પરમતનું જ્ઞાન સરળતાથી થાય છે .

(૩) **શ્રી ઠાણાંગ સૂત્રઃ** એક શ્રુતસ્કંધ–વિભાગ અને તેના દશ સ્થાન–અધ્યયન છે. જીવાદિ તત્ત્વોનું એક, બે, ત્રણ આદિ દશ સુધીની સંખ્યાની ગણનામાં નિરૂપણ છે. આ સૂત્ર ભિન્ન ભિન્ન વિષયોનો કોશ છે.

(૪) **શ્રી સમવાયાંગ સૂત્ર :** એક વિભાગ–એક અધ્યયન–અર્થાત્ સળંગ સૂત્ર છે. આ સૂત્રમાં એકથી સો સુધીના સ્થાનોનું વર્ણન છે. જીવ-અજીવાદિ તત્ત્વો તથા સ્વ-પરદર્શનનું, લોકાલોક ભાવોનું સંખ્યા દૃષ્ટિએ વર્ણન છે. દ્વાદશાંગ ગણિપિટકનો સંક્ષેપમાં પરિચય પણ છે. ત્રેસઠ પુરુષોના નામ તથા તેમની મુખ્ય વિગતો વર્ણવી છે.

(૫) **શ્રી વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ સૂત્ર:** ભગવતી સૂત્ર નામથી આ સૂત્ર વિખ્યાત છે. આ સૂત્રમાં ગૌતમ સ્વામી આદિ અનેક મુમુક્ષુઓએ ભગવાન મહાવીરને પૂછેલા ૩૬,૦૦૦ પ્રશ્નોત્તર છે. એક શ્રુતસ્કંધ છે–એકસો અધ્યયન અને દશ હજાર ઉદ્દેશક છે, દશ હજાર સમુદ્દેશક છે. આ સૂત્રમાં સૈદ્ધાંતિક, ઐતિહાસિક-તાત્ત્વિક વિષયો અને અનેક પ્રેરક કથાનકોનું વર્ણન છે.

(૬) **શ્રી જ્ઞાતાધર્મકથા સૂત્ર:** આના બે વિભાગ છે. પ્રથમ વિભાગમાં ૧૯ અને બીજામાં દશ વર્ગ છે. ધર્મકથા પ્રધાન આ સૂત્ર વિશે એવી પણ માન્યતા છે કે આ સૂત્રની બધી મળીને સાડા ત્રણ કરોડ ધર્મકથા તથા હજારો પદ હતા.

(૭) **શ્રી ઉપાસક દશાંગ સૂત્ર:**- શ્રમણ ભગવાન મહાવીરના દશ વિશિષ્ટ શ્રાવકોના ચરિત્ર દ્વારા શ્રાવકધર્મનું વર્ણન મળે છે. એક વિભાગ–દશ અધ્યયન છે. વિવિધ વર્ણનો આકર્ષક છે. શ્રાવકના ૧૨ વ્રતનું પણ વર્ણન મળે છે.

(૮) **અંતકૃતદશાંગ સૂત્ર:** આ સૂત્રના આઠ વર્ગ છે. પ્રથમ અને અંતિમ વર્ગમાં દસ-દસ અધ્યયન છે. એક શ્રુતસ્કંધ છે. આ સૂત્રમાં સંયમ-તપની આરાધના કરી, નિર્વાણ પ્રાપ્ત કરનાર, ૯૦ સાધકોનું નિરૂપણ છે.

(૯) **શ્રી અનુત્તરો પપાતિક દશા સૂત્ર:** એક શ્રુતસ્કંધ છે. અનુત્તરનો અર્થ છે અનુપમ. પાંચ અનુત્તર વિમાનમાં જે વિમાન છે તે અનુત્તર વિમાન કહેવાય છે. તપ-સંયમની આરાધના કરીને, અનુત્તર વિમાનમાં જન્મ ધારણ કરનાર આત્માઓનું વર્ણન છે. ત્રણ વર્ગમાં આ સૂત્ર વિભક્ત છે–પ્રથમ વર્ગમાં દશ, બીજા વર્ગમાં ૧૩ અને ત્રીજામાં દશ–કુલ ૩૩ અધ્યયન છે. કુલ ૩૩ મહાન આત્માનું વર્ણન છે.

(૧૦) **શ્રી પ્રશ્ન વ્યાકરણ સૂત્ર:** પ્રશ્નોત્તરપ્રધાન આ સૂત્રમાં ૧૦૮ પ્રશ્નો છે. એક શ્રુતસ્કંધ અને ૪૫ અધ્યયન છે. **વર્તમાનકાળે** આ સૂત્રમાં પાંચ આશ્રવ અને પાંચ સંવરનું વર્ણન કરતાં ૧૦ અધ્યયન છે.

(૧૧) **શ્રી વિપાક સૂત્ર:** આ સૂત્રમાં શુભાશુભ કર્મોના ફળનું કથન છે. બે શ્રુતસ્કંધ છે. પ્રથમ વિભાગમાં અશુભ કર્મોના ફળરૂપ દુઃખવિપાકનું અને બીજામાં શુભ કર્મોના ફળરૂપ સુખવિપાકનું વર્ણન છે. કથાનકોના માધ્યમથી શુભકર્મ અને અશુ ભકર્મના ફળથી પરિચિત થઈ જીવ ધર્મકરણી કરવાનું નક્કી કરે છે.

(૧૨) **શ્રી દૃષ્ટિવાદ સૂત્ર:** આ સૂત્ર વિચ્છેદ ગયું છે પરંતુ તેની વિગતો મળે છે. (૧) પાંચ વિભાગમાં આ સૂત્રનું વિભાજન મળે છે. (૧) પરિકર્મ, (૨) સૂત્ર, (૩) પૂર્વ, (૪) અનુયોગ દ્વાર, (૫) ચૂલિકા.

**પૂર્વના ૧૪ પ્રકાર છે**–એક પૂર્વનું જ્ઞાન ખૂબ હોય છે. અંબાડી સહિત હાથી પ્રમાણ શાહીથી જેટલું લેખન થાય તેટલું એક પૂર્વનું જ્ઞાન છે.

(૧) **ઉત્પાદ પૂર્વ:** જીવ, પુદ્‌ગલ અને કાળ દ્રવ્યના ઉત્પાદ, વ્યય અને ધ્રુવતાનું વર્ણન છે.

(૨) **અગ્રાયણીય પૂર્વ:** આમાં ૭૦૦ સુનય, ૭૦૦ દુર્નય, પંચાસ્તિકાય, ષટ્‌દ્રવ્ય અને નવ તત્ત્વનું નિરૂપણ છે.

(૩) **વીર્યા પ્રવાદ પૂર્વ:** આત્મવીર્ય, પરવીર્ય, બાલવીર્ય પંડિતવીર્યનું વર્ણન છે.

(૪) **અસ્તિ-નાસ્તિપ્રવાદ પૂર્વ:** જીવ–અજીવના અસ્તિત્વ-નાસ્તિત્વનું વર્ણન છે.

(૫) **જ્ઞાનપ્રવાદ પૂર્વ:** પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાનનું વિશદ વર્ણન છે.

(૬) **સત્યપ્રવાદ પૂર્વ :** વચનગુપ્તિનું અને ચાર પ્રકારની ભાષાના પ્રકારોનું વર્ણન છે.

(૭) **આત્મપ્રવાદ પૂર્વ:** આત્માના સ્વરૂપનું પ્રતિપાદન છે.

(૮) **કર્મપ્રવાદ પૂર્વ:** કર્મના આઠ પ્રકાર, તેની ૧૨૦ ઉત્તર પ્રકૃતિઓ, કર્મ મીમાંસા છે.

(૯) **પ્રત્યાખ્યાનપ્રવાદ પૂર્વ:** ગૃહસ્થ ધર્મ અને સાધુના પ્રત્યાખ્યાનનું સ્વરૂપદર્શન છે.

(૧૦) **વિદ્યાપ્રવાદ પૂર્વ:** ૭૦૦ અલ્પવિદ્યા, ૫૦૦ મહાવિદ્યા તથા આઠ મહાનિમિત્ત શાસ્ત્રોનું વર્ણન છે.

(૧૧) **અવંધ્ય પૂર્વ:** શુભાશુભ કર્મફળનું વર્ણન છે.

(૧૨) **પ્રાણાયુ પૂર્વ:** પ્રાણાયામના ભેદ-પ્રભેદ, શરીર-ચિકિત્સા, આયુર્વેદની મહત્તા–વિષવિદ્યા તથા ભૂત-ભવિષ્યની ઘટનાઓને જાણવાની પદ્ધતિનું નિરૂપણ છે.

(૧૩) **ક્રિયાવિશાલ પૂર્વ:** પુરુષની ૭૨ અને સ્ત્રીની ૬૪ કળાનું–લૌકિક ક્રિયા અને લોકોત્તર ક્રિયાનું વર્ણન મળે છે.

(૧૪) **લોકબિંદુસાર પૂર્વ:** સંસાર અને તેનાં કારણો, મોક્ષ અને તેના ઉપાયો તેમ જ લોકાલોકનું સ્વરૂપ આલેખન પામ્યું છે. આ પૂર્વ શ્રુતલોકમાં ઉત્તમ છે.

ચૌદ પૂર્વના જ્ઞાતાને શ્રુતકેવળી અથવા જિન નહીં પણ જિન સરીખા કહ્યાં છે. પૂર્વનું જ્ઞાન-વર્તમાન કાળે ઉપલબ્ધ નથી. ★

## શ્રી અનુયોગદ્વાર સૂત્ર

**★પ્રાસ્તાવિક :**

ચાર મૂળ સૂત્રમાં 'શ્રી અનુયોગદ્વાર સૂત્ર' ચોથું મૂળ સૂત્ર છે. સર્વ આગમોને સમજવાની 'માસ્ટર કી–માસ્ટર ચાવી' છે. અનુયોગ એટલે શબ્દનું અર્થ સાથે જોડાણ. યોગ ઇંજોડાણ કરવું અથવા સૂત્રની સાથે અનુકૂળ કે સુસંગત અર્થનો સંયોગ કરવો, શબ્દની વ્યાખ્યા કે વિવરણ કરવું તે અનુયોગ છે. અનુયોગ એટલે જીવાદિ તત્ત્વોનું તત્ત્વજ્ઞાન. તેના મુખ્ય ચાર પ્રકાર છે. (૧) દ્રવ્યાનુયોગ, (૨) ચરણ કરણાનુયોગ, (૩) ગણિતાનુયોગ, (૪) ધર્મ કથાનુ યોગ.

આ આગમના અભ્યાસથી અન્ય સઘળા આગમોને સમજવાની પદ્ધતિ પ્રાપ્ત થઈ જાય છે.

**★સૂત્ર પરિચય :**

સૂત્રના અર્થની વિસ્તારથી સમજ આપનાર, આ સૂત્રના રચયિતા ૯ પૂર્વધર આર્યરક્ષિત મહારાજ છે. એક શ્રુતસ્કંધ છે, ૪ દ્વાર છે. ૧૮૯૯ શ્લોક છે. ૧૫૨ ગદ્યસૂત્ર અને ૧૪૩ પદ્ય સૂત્ર છે. આવી રીતે આ આગમ ગદ્ય-પદ્ય મિશ્રિત છે. મુખ્યત્વે આમાં દ્રવ્યાનુયોગ છે. પરંતુ અન્ય અનુયોગની દૃષ્ટિએ પણ અવલોકન કરવું જોઈએ.

**★ સૂત્રનું મહત્ત્વ:**

આ આગમ બધા આગમોને અને એની વ્યાખ્યાઓને સમજવા માટે ચાવીરૂપ છે. મૂળ સૂત્ર ઉપરાંત આ સૂત્રને ચલિતસૂત્ર પણ કહ્યું છે. જેવી રીતે મંદિર ધજાથી શોભે છે તેવી રીતે આગમ મંદિર પણ

અનુયોગ દ્વાર રૂપ ચૂલિકાથી શોભે છે. જૈનદર્શનનો જે વૈચારિક વિભાગ છે તે સંપૂર્ણ વિભાગનો આધાર મૂળ ચાર નિક્ષેપ છે. નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ–એ ચાર પાયાનો પૂરો ઉપયોગ કરે છે. આ ગ્રંથને, 'દર્શનશાસ્ત્રનો મુકુટ મણિગ્રંથ' કહેલ છે.

અર્ધમાગધી ભાષામાં આ આગમની રચના થઈ છે પરંતુ આ આગમનો સ્વાધ્યાય ખૂબ એકાગ્રતા અને થોડી સજ્જતાની અપેક્ષા રાખે છે. જ્ઞાની ગુરુ ભગવંત અથવા વિદ્વાન પંડિતની નિશ્રામાં આ સૂત્રનો સ્વાધ્યાય કરવામાં આવે તો ખૂબ સરળતાથી અર્થની સમજણ પ્રાપ્ત થઈ અપાર આનંદ પ્રાપ્ત થાય. ઉપરાંત, એક સૂત્રના યથાર્થ અધ્યયનથી અનેક સૂત્રોના અધ્યયનની રીત પણ પ્રાપ્ત થઈ શકે તેમ છે. જિનાગમને યથાર્થ રીતે સમજી એના પર ચિંતનમનન કરી, શક્ય તેટલું આચરણમાં મૂકવાનો પુરુષાર્થ કરી, માનવ જીવનને ધન્ય બનાવીએ અને આ ધરતી પરનું આપણું આગમન ફોગટ ફેરો ન થાય તેની કાળજી રાખીએ.

**★ અનુયોગ દ્વાર સૂત્રનો સંક્ષિપ્ત પરિચય:**

પ્રસ્તુત આગમના આરંભે મંગલાચરણમાં પાંચ જ્ઞાનના નામ દર્શાવી, ચાર દ્વારથી વિસ્તૃત વર્ણન કર્યું છે. પાંચ જ્ઞાનની સંક્ષેપમાં સમજ આપતાં, શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાનનું મહત્ત્વ વિશેષ રીતે દર્શાવેલ છે. શ્રુતજ્ઞાન પરમ ઉપકારી છે. સ્વહિતકારી–પર ઉપકારી શ્રુતજ્ઞાનની મહત્તા વર્ણવી છે. કેવળજ્ઞાની પણ શ્રુતજ્ઞાનથી અન્યને બોધ આપી શકે છે. પછી આવશ્યક સૂત્રનું દૃષ્ટાંત આપી સૂત્રને સમજવાની પદ્ધતિ દર્શાવી છે, આ સૂત્રના અર્થ આપ્યા નથી. ચાર નિક્ષેપની દૃષ્ટિએ તેની વિચારણા થાય છે. (૧) નાંમ, (૨) સ્થાપના, (૩) દ્રવ્ય, (૪) ભાવ. આવશ્યક સૂત્રના છ અધ્યયનની વિગતે ચર્ચા કરી છે. આવશ્યક શબ્દના વિવિધ પર્યા યવાચી શબ્દો દર્શાવ્યા છે. દ્રવ્ય આવશ્યક-ભાવ આવશ્યકની ચર્ચા પણ કરી છે.

આટલી ચર્ચા પછી અનુયોગના ૪ દ્વારનું વર્ણન કર્યું છે. (૧) ઉપક્રમ, (૨) નિક્ષેપ, (૩) અનુગમ, (૪) નય. આ ચારમાંથી ઉપક્રમની વિગતે ચર્ચા કરી છે; બાકીનાં ત્રણ દ્વારનું સંક્ષેપમાં કથન કર્યું છે. શ્રુતનિક્ષેપ તથા સ્કંધનિક્ષેપની ચર્ચા દર્શાવ્યા પછી **પ્રથમ અનુયોગ દ્વાર ઉપક્રમનો** પરિચય કરાવે છે.

(૧) **ઉપક્રમ:** વસ્તુને નિક્ષેપ યોગ્ય બનાવવી તે ઉપક્રમ છે. તેના છ ભેદ છે. (૧) નામ, (૨) સ્થાપના, (૩) દ્રવ્ય, (૪) ક્ષેત્ર, (૫) કાળ, (૬) ભાવ. દરેકની સંક્ષેપમાં સમજણ આપી છે . ઉપક્રમના છ પ્રકાર અન્ય રીતે પણ દર્શાવેલ છે. અર્થાત્ **બીજી** માન્યતા અનુસાર ઉપક્રમના છ ભેદો આ પ્રમાણે છે. (૧) આનુપૂર્વી, (૨) નામ, (૩) પ્રમાણ, (૪) વક્તવ્યતા, (૫) અર્થાધિકાર, (૬) સમવતાર. આ બીજી માન્યતા મુજબનું વિગતે આલેખન પ્રસ્તુત ગ્રંથમાં મળે છે.

**(૧/૧) પ્રથમભેદ આનુપૂર્વી:** આનુપૂર્વી એટલે અનુક્રમ. વસ્તુના અનેક ભેદનું ક્રમશઃ વર્ણન કરવું. આનુપૂર્વીના **દશ** પ્રકાર છે. (૧) નામ (૨) સ્થાપના, (૩) દ્રવ્ય, (૪) ક્ષેત્ર, (૫) કાળ, (૬) ઉત્કીર્તના, (૭) ગણના, (૮) સંસ્થાન, (૯) સમાચારી, (૧૦) ભાવ. એ દરેકની સમજણ અને પેટા વિભાગો આગમ ગ્રંથમાં દર્શાવ્યા છે. પ્રત્યેક અનુપૂર્વીના–પૂર્વાનુપૂર્વી, પશ્ચાનુપૂર્વી અને અનાનુપૂર્વી એમ ત્રણ-પેટા ભેદો થાય છે ક્રમશઃ સરળ રીતે સમજી શકીએ એવું નિરૂપણ આ સૂત્રમાં મળે છે.

**(૧/૨) ઉપક્રમ દ્વારનો બીજો ભેદ નામ:** જીવ–અજીવ આદિ કોઈ પણ વસ્તુના વાચક શબ્દને નામ કહે છે. તેના **દશ** પ્રકાર છે. એક નામ–બે નામ આદિ. આ દરેક નામના પેટા પ્રકારનું વર્ણન મળે છે. **ત્રણ** નામમાં દ્રવ્ય, ગુણ, પર્યાયની વિગતે ચર્ચા મળે છે. (૧) ગુણ અને પર્યાયનો જે આધાર તે **દ્રવ્ય છે. અથવા** ઉત્પાદવ્યય અને ધ્રુવ સ્વભાવવાળા હોય તે **દ્રવ્ય** છે. (૨) ત્રિકાળસ્થાયી સ્વભાવવાળા અસાધારણ ધર્મ ને **ગુણ** કહે છે. (૩) પ્રતિક્ષણે બદલાતી દ્રવ્યની અવસ્થાઓ અથવા ગુણના વિકારને **પર્યાય** કહે છે. જગતના સર્વ પદાર્થ દ્રવ્ય, ગુણ અને પર્યાયરૂપ છે. એકથી પાંચ નામની એક સાથે ચર્ચા કર્યા પછી, છ નામ=છ ભાવ, સાત નામ=સાત સ્વર, આઠ નામ=આઠ વિભક્તિ, નવ નામ=નવકાવ્યરસ, દશ નામ= (૧) ગુણ નિષ્પન્ન નામ, (૨) પ્રમાણ નિષ્પન્ન નામ, (૩) સમાસ, (૪) તદ્ધિત–એમ ચાર પેટા ભેદો સાથે, સદૃષ્ટાંત ચર્ચા મળે છે.

(૧/૩) **ઉપક્રમનો ત્રીજો ભેદ પ્રમાણ:** જેના દ્વારા યથાર્થ જ્ઞાન થાય તે પ્રમાણ. તેના ૪ ભેદ છે. (૧) દ્રવ્ય, (૨) ક્ષેત્ર, (૩) કાળ, (૪) ભાવ. આ દરેકના પેટા ભેદ અને તેના ઉદાહરણો સાથેની ચર્ચા ખૂબ રસપ્રદ છે.

(૧/૪) **ઉપક્રમનો ચોથો ભેદ વક્તવ્યતા છે.** અધ્યયન આદિના પ્રત્યેક શબ્દના અર્થનું યથાયોગ્ય વિવેચન કરવું તે વક્તવ્યતા છે.

(૧/૫) **ઉપક્રમનો પાંચમો ભેદ–અર્થાધિકાર:** જે અધ્યયનમાં જે અર્થ હોય તે તેનો અધિકાર છે. પ્રસ્તુત આગમમાં આવશ્યક સૂત્રના છ અધ્યયન તેનો અર્થાધિકાર છે.

(૧/૬) **ઉપક્રમનો છઠ્ઠો ભેદ સમવતાર:** સમવતાર એટલે સમાવિષ્ટ થવું. કઈ વસ્તુનો સમાવેશ કયાં થાય છે તેનો વિચાર કરવો તેને સમવતાર કહે છે. પેટાભેદ સાથે વિગતે ચર્ચા મળે છે .

**બીજું અનુયોગ દ્વાર નિક્ષેપ :-** સાદો અર્થ છે મૂકવું. એક શબ્દના અનેક અર્થો થાય છે. તે અનેક અર્થોમાંથી અપ્રાસંગિક અર્થોનું નિરાકરણ કરીને પ્રાસંગિક-ચોક્કસ અર્થ શબ્દનો પસંદ કરવો તે નિક્ષેપ છે. નિક્ષેપના ત્રણ પ્રકાર છે- (૧) આદ્યનિષ્પન્ન, (૨) નામ નિષ્પન્ન, (૩) સૂત્રાલાપ નિષ્પન્ન.

ત્રીજી રીતે નિક્ષેપના **ચાર ભેદ** દર્શાવેલ છે.

(૧) નામ, (૨) સ્થાપના, (૩) દ્રવ્ય, (૪) ભાવ. દરેકના પેટાભેદ અને મંતવ્યનું વર્ણન પણ મળે છે.

**ત્રીજું અનુયોગદ્વાર-અનુગમ :-** અનુગમ એટલે સૂત્રને અનુકૂળ અર્થ કરવો. તેના બે ભેદ છે. ઉપરાંત, તે દરેકના પેટા ભેદનું વર્ણન પણ કરેલ છે.

**અનુયોગ દ્વારનું ચોથું દ્વાર નય :** અનંત ધર્માત્મક વસ્તુના અનંત ધર્મોમાંથી અન્ય ધર્મોની ઉપેક્ષાપૂર્વક એક ધર્મની પ્રધાનતાથી કથન કરવું તે નય છે. નયના **સાત** ભેદ છે. (૧) નૈગમ, (૨) સંગ્રહ, (૩) વ્યવહાર, (૪) ૠજુસૂત્ર, (૫) શબ્દ, (૬) સમભિરૂઢ, (૭) એવંભૂત નય. આ સિવાય પણ નયનું અનેક રીતે વિભાજન થાય છે. વિશેષ વિગતો આ આગમના સ્વાધ્યાયથી પ્રાપ્ત થઈ શકે છે. અહીં એટલું અવશ્ય નોંધવું જોઈએ કે નયવાદ અનેકાંતદર્શનનું મૂળ-બીજ છે. એક ધર્મનું કથન હોવા છતાં વસ્તુના અનંત ધર્મોનો સ્વીકાર છે, અન્ય ધર્મનું ખંડન નથી. નયવાદની વિચારણા સર્વનો સ્વીકાર કરે છે. સર્વ સંઘર્ષોનું સમાધાન કરે છે. અનુયોગના ચાર દ્વારના માધ્યમથી કોઈપણ શબ્દનું અર્થ સાથે અુસંધાન થાય છે. કોઈ પણ શબ્દના અર્થ સુધી પહોંચવા માટે અનુયોગના ચારે દ્વાર માધ્યમ બને છે. અનુયોગ દ્વાર સૂત્ર અન્ય આગમોમાં પ્રવેશ કરવા માટે માધ્યમ બને છે. સૂત્રનો સ્વાધ્યાય ખૂબ જ માંગલ્યકારક અને કલ્યાણકારક બની જશે. ★

# શ્રી મહાનિશિથસૂત્ર

☐ આચાર્ય સાગરચંદ્ર સાગરસૂરિ મહારાજ

'આગમ એ જિનશાસનનો દસ્તાવેજ છે. આગમના આધાર વિના પ્રભુની સાધનાને કે વિશ્વના સત્યને સમજવું અશક્ય છે. એટલે જ આગમોને જિનપ્રતિમા સરીખી બતાવી પ્રભુપ્રતિમા જેટલું જ તેનું મૂલ્ય બતાવાયું છે.' **સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મ.**

*કત્થઅમ્હરિસાપાના દુષમા દોષ દુસિયાહા!*

*અનાહા! કહં હંતો ન હ હંતા જિનાગમે.*

એટલે, આ કળિયુગમાં જો પ્રભુના વચન સ્વરૂપ આગમો ન હોત તો મારું શું થાત? અનાથ જેવી સ્થિતિ અમારી થાત એમ કહી આગમોની બહુમૂલ્યતા સૂચવે છે.

આપણું સદ્‌ભાગ્ય છે કે આગમનો વારસો વિશિષ્ટ વાચનાઓ, લેખન, મુળપાઠાદિ દ્વારા આપણને મળ્યો અને પૂ. આગમોદ્ધારકશ્રી આનંદસાગરસૂરિ મ. દ્વારા આગમમં દિર જે વા સ્થાપત્યો મળ્યા છે. આ આગમનો મહિમા એ જિનશાસનના આચારોનો મહિમા છે. પરમાત્માને  કે વલજ્ઞાન દ્વારા મળેલા વિશ્વના મહાસત્યોનો મહિમા છે. આગમોના માધ્યમે આપણે આપણી સાધનાને જીવંત રાખી શકીએ છીએ.

આ ૪૫ આગમોમાં જેનું મુલ્ય અમૂલ્ય છે તેવા શ્રી મહાનિશિથ નામના આગમની આપણે વાતો કરીએ...

૩૯મા નંબરનું આગમ છે. આ આગમને શ્રી રૂપવિજયજી મ. પૂજાના દુહામાં આ શબ્દો વડે વંદે છે-

'મહાનિશિથ સિદ્ધાંતમાં મુનિમારગ નિરધારવીરજિણંદ વખાણીયો પુજું તે શ્રુતસાર...'

શ્રી મહાનિશિથ સૂત્ર એ શ્રમણજીવનની આચાર મર્યાદાનો આધાર છે. ગુરુ સુયોગ્ય શિષ્યને રાત્રી સમયે કર્ણોપકર્ણ સૂત્ર–અર્થને ઐદંપર્યાયે નિક્ષેપ કરે છે તે આગમ એટલે શ્રી મહાનિશિથસૂત્ર.

૬ અધ્યન, ૨ ચુલિકા સ્વરૂપ તેનું વિસ્તરણ છે અને ૪૫૫૪ શ્લોક તેમાં સમાવિષ્ટ છે.

★ **પ્રથમ અધ્યયન:** અરિહંત પરમાત્માને નમસ્કાર કરીને 'સુયંમે'થી પ્રારંભ થતું આ પ્રથમ અધ્યયન સાધનાને સફળ સાબિત કરવા માટે શલ્યનો પરિત્યાગ કરવો તે અનિવાર્ય છે. શલ્ય સાથેની સાધના નિષ્ફળ થાય છે. તેવી રજૂઆત કરીને વૈરાગ્યનો ઉદ્‌બોધ આપી અતિદુર્લભ શ્રમણ જીવનને પ્રાપ્ત કરનાર પુન્યાવાન નિશલ્ય સાધના કરે તેવી પ્રેરણા આપવામાં આવી છે. સાથે શલ્યોદ્ધાર માટેની વિધિ પણ આપવામાં આવી છે. તેમાં શ્રુતદેવતાની વિદ્યા આપીને તેનાથી રાત્રે સૂતા બાદ સ્વપ્નમાં દેવ દ્વારા વિશિષ્ટ સંકેતો મેળવી શકાય છે. આવી વાત રજૂ કરવામાં આવી છે. ક્ષમાયાચના પણ નિશલ્યપણે અર્થાત્ પ્રાયશ્ચિત્ત પણ નિશલ્ય રીતે કરવું જોઈએ તેવી વાતો મૂકીને શલ્ય સાથે કરેલા અનેકગણા પ્રાયશ્ચિત્ત પછી પણ શુદ્ધિ ન થયેલા દૃષ્ટાંત મૂકવામાં આવ્યા છે. અને  શલ્ય વિના શુદ્ધિપૂર્વક કરતા આલોચનથી મોક્ષે ગયાના સાધકોની ઘટનાઓ બતાવવામાં આવી છે. અપરાધ છૂપાવવાથી દુર્ગતિ થાય છે તેવી સ્પષ્ટતા કરવામાં આવી છે.

**બીજું અધ્યયન:** કર્મ વિપાક નામના આ અધ્યયનમાં કર્મના વિપાકોનું માર્મિક વિવેચન છે. આશ્રવ દ્વારા રોકવાથી જ તમામ દુઃખોનો અંત થાય છે અને તેમાં 'સ્ત્રી' એ રાગરૂપ હોવાથી ઉત્કૃષ્ટ આશ્રવદ્વાર છે તેથી તે પ્રત્યેના કામરાગનો અંત કરવો જોઈએ તેવી વિશિષ્ટ પ્રેરણા તેમાં દર્શાવી છે.

**ત્રીજું અધ્યયન :** આગળના અધ્યયનના સામાન્ય જીવો અધિકારી છે પરંતુ હવેના અધ્યયનોની વાચના વિશિષ્ટ અધિકારી માટે જ છે. સુયોગ્ય શિષ્યોને જ ગુરુ દ્વારા આની વાચના મળે છે. વિશિષ્ટ યુગપ્રધાનોઆચાર્યો આદિએ ૩-૪-૫-૬ અધ્યયનને શ્રુતનો સાર કહ્યો છે. અનેક મંત્ર-તંત્ર-વિદ્યાના નામો આમાં દર્શાવવામાં આવ્યા છે. નવકાર-ઉપધાન-આદિનો ઉલ્લેખ અને તેનું મહાત્મ્ય બતાવવામાં આવ્યું છે. તેના લાભો પણ આમાં બતાવવામાં આવ્યા છે. શ્રમણની જેમ શ્રાવકોએ પણ શ્રી નવકાર મહામંત્રને ભણવા ઉપધાન તપ આવશ્યક છે. તેની વાતો આમાં કરવામાં આવી છે.

**ચોથું અધ્યયન:** આ અધ્યયનમાં શ્રમણાચારનું પરિપાલન કરનાર આત્મસાધક પણ કુસંગનું વર્જન કરે તો ધીરે ધીરે શિથિલાચાર તરફ તે ગતિ કરે છે, તેના માધ્યમે વ્રતોનો લોપ થાય છે અને મહાવિરાધક બની જાય છે. તેથી કુસંગ વર્જનની વાતો આમાં બતાવવામાં આવી છે.

**પાંચમું અધ્યયન :** અત્યંત મનનીય આ અધ્યયન છે. શ્રમણાચારના પાલન માટે ગચ્છનું સ્વરૂપ એ કિલ્લા જેવું છે. ગચ્છના માધ્યમે આચાર મર્યાદાનું પાલન સુયોગ્ય રીતે થઈ શકે છે. તેથી આ અધ્યયનમાં ગચ્છનું સ્વરૂપ કેવું હોય તેની વિગતે ચર્ચા કરવામાં આવી છે. જિનશાસનની મર્યાદા આ. શ્રી દુપ્પસહસૂરિ પર્યંત રહેશે તેનો ઉલ્લેખ આ આગમમાં છે.

સાવદ્યાચાર્ય દ્વારા થયેલા શ્રમણીના સ્પર્શના બચાવમાં શાસ્ત્રાધારને  અસ્પષ્ટ રીતે રજૂ કરવાની ચેષ્ટાથી અનંત સંસાર વધારી દીધો તેની વાત પણ અહીં કરવામાં આવી છે. જિનાલય રાચીલા અને જિર્ણોદ્ધારની પણ ચર્ચા આમાં કરીને જિન-મંદિર-દહેરાસર અંગેની ઉચિત જાગૃતિમાં શ્રમણોના કર્તવ્યબોધને જાગ્રત કર્યો છે.

**છઠ્ઠું અધ્યયન:** આ અધ્યયનમાં દશપૂર્વી એવા શ્રી નંદીષેણ દ્વારા પણ પ્રાયશ્ચિત્ત કર્યાની વાતોથી શુદ્ધિકરણના માર્ગની સ્તુતિ કરવામાં આવી છે. આરંભ-સમારંભનો ત્યાગ એ જ સાચું શ્રમણત્વ છે આમ બતાવી સાધ્વી રજ્જાની વાતો અને અગીતાર્થ એવી લક્ષ્મણા સાધ્વીજીની વાતો કરીને પ્રાયશ્ચિત્તતાના ૧૦ અને આલોચનાના ૪ ભેદોની વાતો કરી આ અધ્યયન દ્વારા કલંકિત થયેલ શ્રમણાચારને સ્વચ્છ કરી પુનઃ આત્મકલ્યાણમાં આગળ વધવાના માર્ગનું પ્રસ્થાપન કરવામાં આવ્યું છે. ૫૫ કરોડ લાખ, ૫૫ કરોડ હજાર, ૫૫ સો કરોડ, ૫૫ કરોડ આચાર્ય પ્રભુ વીરના શાસનમાં ગુણાકીર્ણ નિવૃત્તગામી થવાના તેવી વાત કરવામાં આવી છે.

આ આગમનો જોગ કરનાર મુનિવર વર્ધમાન વિદ્યાના અધિકારી બને છે અને તેઓ ઉપધાનાદિ શ્રાવકાચારને કરાવવાના સુયોગ્ય બને છે. આ આગમની ચુલિકા પણ વિશેષ મનનીય છે. વર્તમાનકાળે આ આગમનો સર્વગીતાર્થ પૂજ્યો દ્વારા અતિ ભાવપૂર્વક પઠન-પાઠન થાય છે. આવા આગમને વંદન...નમન... ★

# શ્રી આવશ્યક સૂત્ર

☐ ડૉ. સાધ્વી આરતી

સાધકોને આત્મવિશુદ્ધિ માટે કરવા યોગ્ય અનુષ્ઠાનોને આવશ્યક કહે છે. ચતુર્વિધ સંઘના સાધકોના આવશ્યક અનુષ્ઠાનોનું કથન જે શાસ્ત્રમાં છે, તે આવશ્યક સૂત્ર છે. વ્યવહારમાં તેને પ્રતિક્રમણ સૂત્ર કહે છે.

**રચનાકાળ:** કેવળજ્ઞાનની પ્રાપ્તિ પછી તીર્થંકરો ચતુર્વિધ સંઘની સ્થાપના કરે છે. સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા. આ ચારે તીર્થના સાધકોને સવારે અને સાંજે ઉભયકાળ પ્રતિક્રમણ કરવું, તે અનિવાર્ય હોવાથી તીર્થ સ્થાપનાના પ્રથમ દિવસે જ ગણધર ભગવંતો તીર્થંકરોના ઉપદેશ અનુસાર આવશ્યક સૂત્ર સહિત બાર અંગસૂત્રોની રચના કરે છે અને તે દિવસથી જ ચતુર્વિધ સંઘના તમામ સાધકો તેની આરાધનાનો પ્રારંભ કરે છે. તેનાથી સમગ્ર જૈન સાહિત્યમાં આવશ્યકસૂત્રની અગ્રિમતા, પ્રધાનતા કે મુખ્યતા પ્રતીત થાય છે.

**રચનાકાર:** બાર અંગ સૂત્રોની જેમ આવશ્યક સૂત્રના રચયિતા ગણધર ભગવંતો છે. મધ્યના બાવીસ તીર્થંકરોના શાસનમાં સાધુ-સાધ્વીઓ માટે પ્રતિક્રમણ કલ્પ અનિવાર્ય ન હતો. સરળ અને ભદ્રિક સાધકો પાપસેવન થાય ત્યારે તુરંત જ તેનું પ્રતિક્રમણ કરી લેતા હતા. પરંતુ ભગવાન મહાવીરે पंच महव्वए सपडिक्कमणं धम्मं પ્રતિક્રમણ સહિત પંચ મહાવ્રતરૂપ ધર્મની પ્રરૂપણા કરી. ભગવાન મહાવીરના શાસનમાં સાધકો માટે પ્રતિક્રમણ કલ્પ અનિવાર્ય બની ગયો.

ઉપરોક્ત કથનથી સ્પષ્ટ થાય છે કે મધ્યના બાવીસ તીર્થંકરોના શાસનમાં આવશ્યક સૂત્ર હતું પરંતુ તેને ષડ્ આવશ્યકનું ચોક્કસ ક્રિયાત્મક સ્વરૂપ ભગવાન મહાવીરના શાસનમાં પ્રાપ્ત થયું.

**આવશ્યક શબ્દના પર્યાયવાચી શબ્દો:** શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં આવશ્યક શબ્દના અનેક પર્યાયવાચી શબ્દોનું કથન છે તે તેના સ્વરૂપને અને તેની મહત્તાને પ્રદર્શિત કરે છે.

**૧. અવશ્યકરણીય:** મુમુક્ષુઓને અવશ્ય કરવા યોગ્ય અનુષ્ઠાન હોવાથી તે અવશ્યકરણીય કહેવાય છે. **૨. ધ્રુવનિગ્રહ:** છ આવશ્યકની આરાધના દ્વારા અનાદિકાલીન કર્મોનો નિગ્રહ થતો હોવાથી તે ધ્રુવનિગ્રહ કહેવાય છે. **૩. વિશોધિ:** આવશ્યકની આરાધના આત્મવિશુદ્ધિનું કારણ હોવાથી વિશુદ્ધિ કહેવાય છે. **૪. ન્યાય:** તેની આરાધનામાં ઈષ્ટ અર્થની સિદ્ધિને ન્યાય મળતો હોવાથી તે ન્યાય કહેવાય છે. **૫. ઉપાય:** તે મોક્ષમાર્ગના ઉપાયભૂત હોવાથી ઉપાય કહેવાય છે. ઉપરોક્ત શબ્દોથી સ્પષ્ટ થાય છે કે જે સાધના દ્વારા આત્માના દોષો નાશ પામે, આત્મા વિભાવથી પાછા વળી સ્વભાવમાં સ્થિર થાય, આત્માની વિશુદ્ધિ થાય, ગુણશૂન્ય આત્મા ગુણોથી વાસિત થાય તે આવશ્યક છે.

**આવશ્યકના ભેદ:** તેના બે ભેદ છે, દ્રવ્યાવશ્યક અને ભાવાવશ્યક. **દ્રવ્યાવશ્યક :** ઉપયોગરહિત અર્થાત્ આત્માના અનુસંધાન વિના કે ભાવ વિના કોઈ પણ ક્રિયા કરવી, તે દ્રવ્યક્રિયા છે. આવશ્યક સૂત્રોના પાઠનું કેવળ ઉચ્ચારણ માત્ર કરવું, અન્યમનસ્કપણે વંદનાદિ ક્રિયા કરવી, તે દ્રવ્યાવશ્યક છે.

**ભાવાવશ્યક:** ઉપયોગસહિત કે શુદ્ધ ભાવપૂર્વક ક્રિયા કરવી, તે ભાવક્રિયા છે. મન, વચન અને કાયાને એકાગ્ર બનાવી જિનાજ્ઞા અનુસાર આવશ્યકની આરાધના કરવી, દોષવિશુદ્ધિના લક્ષપૂર્વક સૂત્ર અને તેના અર્થનું ચિંતન મનન કરીને શ્રદ્ધા અને બહુમાનપૂર્વક પ્રત્યેક વિધિ-વિધાન કરવા, તે ભાવાવશ્યક છે. ભાવાવશ્યકથી જ સાધકનું આત્મવિશુદ્ધિનું લક્ષ્ય સિદ્ધ થાય છે.

**વિષયવસ્તુ:** આવશ્યકસૂત્રમાં એક શ્રુતસ્કંધ તથા છ અધ્યયનો છે. તે છ અધ્યયનો જ છ આવશ્યક રૂપે પ્રસિદ્ધ છે. શ્રી નંદીસૂત્રમાં આવશ્યકસૂત્રની ગણના અંગબાહ્યશ્રુતમાં કરી છે અને તેના છ અધ્યયનના છ નામનો ઉલ્લેખ છે. ૧. સામાયિક, ૨. ચૌવિસંથો, ૩. વંદના, ૪. પ્રતિક્રમણ, ૫. કાઉસગ્ગ અને ૬. પચ્ચક્ખાણ.

**★આવશ્યક ૧: સામાયિક:**

જે સાધના દ્વારા સમભાવની પ્રાપ્તિ થાય તે સામાયિક છે. દેશવિરતિ કે સર્વવિરતિ ચારિત્રનો પ્રારંભ સામાયિકથી જ થાય છે. સાધક સર્વ પાપસ્થાનથી નિવૃત્ત થઈ વિષમભાવનો ત્યાગ કરી સમભાવની પ્રાપ્તિના લક્ષે સામાયિકમાં સ્થિત થાય ત્યાર પછી તેની સાધનાનો પ્રારંભ થાય છે. સમગ્ર સાધના સામાયિકને કેન્દ્રમાં રાખીને જ કરવાની હોય છે. તેથી જ આચાર્ય જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે વિશેષાવશ્યક ભાષ્યમાં સામાયિકને ચૌદપૂર્વના અર્થ પિંડ રૂપ કહ્યું છે. આ રીતે સાધનામાર્ગમાં સામાયિકની મુખ્યતાને સ્વીકારીને તેનું સ્થાન પ્રથમ નિશ્ચિત કર્યું છે. શ્રી આવશ્યકસૂત્રમાં પ્રથમ સામાયિક અધ્યયનમાં મંગલાચરણ રૂપ નમસ્કારમંત્ર તથા સામાયિકના પ્રતિજ્ઞા પાઠ રૂપ 'કરેમિ ભંતે'... આ બે પાઠનો સમાવેશ થાય છે.

**નમસ્કારમંત્ર :** આ જૈનધર્મનો સર્વશ્રેષ્ઠ મંત્ર છે તેમાં ચૌદ પૂર્વના જ્ઞાનનો સાર તથા જિન બનવાની સમગ્ર સાધના સમાવિષ્ટ છે. ધર્મનો કે સાધનાનો પ્રારંભ નમસ્કારથી થાય છે. ગુણીજનોના ગુણો પ્રતિ આદર અને બહુમાનના ભવ્ય સહિત, તે ગુણો પ્રગટ કરવાના લક્ષે ગુણીજનોના ચરણોમાં પંચાંગ નમાવીને ઝૂકી જવું, તે નમસ્કાર છે. ભાવપૂર્વક નમસ્કાર કરનાર સાધકનો અહંકાર સહજ રીતે ઓગળી જાય છે. આ મહામંત્રમાં નમસ્કાર કરવા યોગ્ય, પરમોચ્ચ દશામાં સ્થિત અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ-સાધ્વી, આ પંચ પરમેષ્ઠીને નમસ્કાર કર્યા છે. આ પંચ પરમેષ્ઠીમાં કોઈ વ્યક્તિ વિશેષનું, કોઈ ગચ્છ કે સંપ્રદાયનું નામ નથી પરંતુ આ પાંચે ગુણવાચક સંજ્ઞા છે. અધ્યાત્મસાધના કરતા સાધક તથા પ્રકારની યોગ્યતા પ્રાપ્ત કરે તે સાધક અરિહંતાદિ પદને પ્રાપ્ત કરે છે.

**અરિહંત:** અરિ એટલે શત્રુ અને હંત એટલે હણનાર. મનને મલિન કરે, આત્માનું અહિત કરે તેવા રાગ-દ્વેષ, કલેશ, વેર વિરોધ આદિ વૈભાવિક ભાવો રૂપ શત્રુનો અથવા ચાર ઘાતિકર્મ રૂપ શત્રુનો જેણે નાશ કર્યો છે, તે અરિહંત છે. ઘાતિકર્મોનો નાશ થવાથી અરિહંત ભગવાનમાં મુખ્ય ચાર ગુણ કે વળજ્ઞાન, કેવળદર્શન, વીતરાગદશા અને અનંત આત્મશક્તિ પ્રગટ થાય છે. આ ચાર ગુણના ધારક અરિહંત ભગવાનને ચાર અઘાતિ કર્મોનો ઉદય હોવાથી તેઓ દેહધારી હોય છે. તેઓ શરીરજન્ય પ્રત્યેક ક્રિયાઓ વીતરાગ ભાવે કરે છે.

**સિદ્ધ:** જેણે સર્વ કર્મોનો નાશ કર્યો છે, જેના સર્વ કાર્યો સિદ્ધ થઈ ગયા છે, તેવા શુદ્ધાત્માને સિદ્ધ કહે છે. તે શુદ્ધાત્મા શરીર રહિત છે, સંસારમાં પુનઃ જન્મ ધારણ કરતા નથી. શાશ્વતકાળ પર્યંત

સિદ્ધક્ષેત્રમાં શુદ્ધ સ્વરૂપમાં અનંત આત્મગુણોનો તથા આત્મિક સુખનો અનભવ કરતા રહે છે.

**આચાર્ય:** જે સાધુ જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર. આ પાંચ આચારનું પાલન સ્વયં કરે અને ચતુર્વિધ સંઘ પાસે આચારપાલન કરાવે, તે આચાર્ય છે. તીર્થંકરોની અનુપસ્થિતિમાં તેઓ ચતુર્વિધ સંઘના નાયક હોય છે.

**ઉપાધ્યાય:** સંઘમાં અધ્યાપનની વ્યવસ્થા માટે, શિષ્યોને યથાક્રમથી આગમનું અધ્યયન કરાવવા માટે આચાર્યના સહયોગી બહુશ્રુત શ્રમણને ઉપાધ્યાય કહે છે. તેમના દ્વારા શાસનમાં આગમજ્ઞાનની પરંપરા પ્રવાહિત થાય છે.

**સાધુ-સાધ્વી:** સંસારના સમસ્ત પાપોથી નિવૃત્ત થઈ અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ, આ પંચ મહાવ્રતનું પાલન કરે, આત્મશુદ્ધિના લક્ષે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની આરાધના કરે છે, તે સાધુ છે. સાધુ પદ અત્યંત વિશાળ છે. આચાર્ય અને ઉપાધ્યાયનો પણ સાધુ પદમાં સમાવેશ થઈ શકે છે. સાધકની સાધનાનો પ્રારંભ સાધુ પદથી થાય છે. સાધનાનો વિકાસ અને આત્મગુણોના પ્રગટીકરણથી યોગ્યતા અનુસાર તે આચાર્ય, ઉપાધ્યાયના પદને ધારણ કરે છે. જ્યારે રાગ, દ્વેષ આદિ ઘાતિકર્મોનો નાશ કરે ત્યારે અરિહંત પદને પામે છે અને સર્વ કર્મોને નાશ થતાં તે જ આત્મા સિદ્ધપદમાં સ્થિત થઈ જાય છે. આ રીતે સાધુ પદથી પ્રારંભ થયેલી સાધના સિદ્ધપદની પ્રાપ્તિ થાય, ત્યારે પૂર્ણ થાય છે.

આ પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરવાથી અભિમાન ઓગળી જાય છે, નમ્રતા જેવા આત્મગુણો પ્રગટ થાય છે. આત્માના શુભ અને શુદ્ધભાવોની વૃદ્ધિ થતાં સર્વ પાપોનો નાશ થાય છે અને આત્માનું હિત અને મંગલ થાય છે. આ મંત્રની મહાનતા, વિશાળતા અને ગંભીરતાના કારણે સાધકો શ્રદ્ધાથી તેનું સ્મરણ કરે છે.

**કરેમિ ભંતે:** આ પાઠના ઉચ્ચારણ દ્વારા સાધક સામાયિકની પ્રતિજ્ઞાનો સ્વીકાર કરે છે. તેમાં સાધક સમભાવમાં સ્થિત થવાના સંકલ્પપૂર્વક સર્વ સાવદ્યયોગ-પાપવૃત્તિનો મન-વચન-કાયાથી કરવા, કરાવવા કે અનુમોદનાનો ત્યાગ કરે છે.

**★ આવશ્યક-૨: ચૌવિસંથો:** ચતુર્વિંશતિસ્તવ એટલે ૨૪ તીર્થંકરોની સ્તુતિ. પાપકારી પ્રવૃત્તિથી નિવૃત્ત થયેલો સાધક નિરવદ્યયોગમાં પ્રવૃત્ત થવા માટે તથા સમભાવને સિદ્ધ કરવા માટે અપૂર્વ ઉલ્લાસભાવે તીર્થંકરોની સ્તુતિ કરે છે. તીર્થંકરોની સ્તુતિ કે ભક્તિ કરવાથી સાધકની શ્રદ્ધા દઢતમ થાય છે તેમ જ સાધકનું લક્ષ નિશ્ચિત થાય છે. ભક્તિ કરતાં કરતાં ભક્તના અંતરમાં આધ્યાત્મિક બળનો સંચાર થાય છે અને તેના સહારે જ તે સાધનાના માર્ગમાં ગતિ અને પ્રગતિ કરી શકે છે. **લોગસ્સ:** બીજા આવશ્યકમાં ૨૪ તીર્થં કરોની સ્તુતિ રૂપ 'લો ગસ્સ'નો પાઠ છે. તેમાં ૨૪ તીર્થંકરોના નામસ્મરણ રૂપ સ્તુતિ છે. તીર્થંકરોના પવિત્ર નામસ્મરણ તેમના અનંત ગુણોની સ્મૃતિ કરાવે છે. નામસ્મરણનો અદ્ભુત મહિમા છે.

**★આવશ્યક-૩: વંદના:** આત્મવિશુદ્ધિની સાધનામાં આગળ વધતો સાધક તીર્થંકરોની સ્તુતિ પછી પોતાનો ભક્તિભાવ અનંત ઉપકારી ગુરુ પ્રતિ પ્રગટ કરે છે. તેથી ત્રીજું આવશ્યક 'વંદના' છે. વંદન કરવાથી વિનયધર્મની આરાધના થાય, સાધક સ્વચ્છંદ બુદ્ધિને રોકીને નમ્ર બને ત્યાર પછી જ તેનામાં પ્રતિક્રમણની યોગ્યતા પ્રગટ થાય છે. આ રીત પ્રથમ ત્રણ આવશ્યક પ્રતિક્રમણની પૂર્વભૂમિકા રૂપ છે.

**ઈચ્છામિ ખમાસમણો:** આ પાઠ દ્વારા સાધક બાર આવર્તનપૂર્વક ગુરુને વંદન કરીને, તેમની સંયમયાત્રાની સુખશાતા પૂછે છે તથા દિવસ દરમ્યાન થયેલી ગુરુની અશાતનાની ક્ષમાયાચના કરે છે.

**★ આવશ્યક-૪: પ્રતિક્રમણ:**

પ્રતિક્રમણ શબ્દ જૈનધર્મનો પારિભાષિક શબ્દ છે. પ્રતિક્રમણ એટલે પાછા ફરવું. વ્યક્તિ પોતાની મર્યાદાનું ઉલ્લંઘન કરીને, પોતાના સ્વભાવને છોડીને વિભાવમાં પ્રવૃત્તિ કરે છે, તેના પરિણામે પાપસેવન, કર્મબંધ અને ભવભ્રમણની પરંપરાનું સર્જન થાય છે. જ્યારે સ્વયંને પોતાની મર્યાદાના ઉલ્લંઘનનું ભાન થાય, ત્યારે સાધક તે પ્રવૃત્તિથી પાછો ફરી સ્વસ્થાનમાં સ્થિત થઈ શાંતિનો અનુભવ કરે છે. આ જ પ્રતિક્રમણની સાધના અને તેનું સુફળ છે. ચોથા પ્રતિક્રમણ આવશ્યકમાં સાધુને માટે પંચ મહાાત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ તથા શ્રાવકોને માટે બાર અણુાતરૂપ કરણીય કૃત્યોમાં લાગેલા અતિચારોનું નિરીક્ષણ કરી તેનાથી પાછા ફરવાનું છે.

આવશ્યક સૂત્રના ચોથા અધ્યયનમાં મહાાત કે અણુાતના સૂત્રપાઠ નથી. ભિન્ન ભિન્ન ગચ્છ પરંપરા અનુસાર આચાર્ય ભગવંતોએ અણુાત અને મહાાતના સૂત્રપાઠની રચના કરીને તેમાં સમ્મિલિત કર્યા છે તેથી તે સત્રપાઠમાં ભિન્નતા પ્રતીત થવા છતાં ભાવોમાં ઐક્યતા છે.

શ્રી આવશ્યક સૂત્રના ચોથા અધ્યયનમાં નવ પાઠનું કથન છે.

**૧. ચત્તારિ મંગલં**–તેમાં લોકમાં રહેલા ચાર મંગલ, ચાર ઉત્તમ અને ચાર શરણનું કથન છે. આ પાઠના ઉચ્ચારણપૂર્વક સાધક શ્રેષ્ઠ શરણનો સ્વીકાર કરી સાધનાના સામર્થ્યને પ્રાપ્ત કરે છે. **૨. ઈચ્છામિ ઠામિ**–આ સંક્ષિપ્ત પ્રતિક્રમણ સૂત્ર છે. તેમાં પ્રતિક્રમણના વિષયભૂત મહાવ્રત, સમિતિ, ગુપ્તિ, શ્રમણધર્મ, આદિ વિષયોની સંક્ષિપ્ત રૂપરેખા છે. **૩. ઇરિયાવહિયં**–આ પાઠમાં ગમનાગમન સંબંધી થયેલી વિરાધનાનું પ્રતિક્રમણ છે. **૪. શ્રમણ સૂત્ર પહેલું**–નિદ્રા સંબંધી દોષોના પ્રતિક્રમણનું વિધાન છે. **૫. શ્રમણ સૂત્ર બીજું** – ગૌચરી સંબંધિત દોષોના પ્રતિક્રમણનું વિધાન છે. **૬. શ્રમણ સૂત્ર ત્રીજું** – પ્રતિલેખન, સ્વાધ્યાય આદિ આવશ્યક કાર્યોમાં લાગેલા દોષોનું પ્રતિક્રમણ છે. **૭. શ્રમણ સૂત્ર ચોથું**–એક પ્રકારના અસંયમથી શરૂ કરીને તેત્રીશ પ્રકારની અશાતના સુધીના તેત્રીસ બોલમાંથી હેય, જ્ઞેય અને ઉપાદેયનો વિવેક કરી હેય–ત્યાગવા યોગ્ય બોલનો ત્યાગ અને ઉપાદેય સ્વીકારવા યોગ્ય બોલનો સ્વીકાર કરવાનો છે. **૮. શ્રમણ સૂત્ર પાંચમું** – આ સૂત્રમાં નિર્ગ્રંથ પ્રવચનની મહત્તા પ્રદર્શિત કરીને વિરાધના યોગ્ય આઠ બોલનો ત્યાગ કરીને આરાધના યોગ્ય આઠ બોલની આરાધનાનું કથન છે. **૯. 'ખામેમિ સવ્વે જીવા...'ના** પાઠથી જગતના સર્વ જીવો સાથે ક્ષમાનું આદાન-પ્રદાન થાય છે. પ્રતિક્રમણથી ભૂતકાલીન દોષોની શુદ્ધિ, વર્તમાનમાં સંવરની આરાધના અને ભવિષ્યકાળમાં પાપનું પુનરાવર્તન ન કરવા માટે સાધક પ્રતિજ્ઞાબદ્ધ થાય છે. આ રીતે પ્રતિક્રમણની આરાધનાથી ત્રૈકાલિક શુદ્ધિ થાય છે.

**★આવશ્યક-૫ : કાઉસગ્ગ :**

કાયોત્સર્ગ એટલે કાયાનો ઉત્સર્ગ અર્થાત્ ત્યાગ કરવો. આયુષ્ય પૂર્ણ ન થાય ત્યાં સુધી શરીરનો ત્યાગ શક્ય નથી પરંતુ કાયોત્સર્ગની સાધનાથી શરીરના મમત્વનો ત્યાગ કરવાનો છે. અતિચારોનું પ્રતિક્રમણ કર્યા પછી પાંચમા આવશ્યકમાં સાધક સૂક્ષ્મ દોષોનો નાશ કરી આત્માની વિશેષ શુદ્ધિ માટે કાયોત્સર્ગ કરે છે.

**કાયોત્સર્ગ પ્રતિજ્ઞાસૂત્ર:** તસ્સ ઉત્તરીકરણેણંના પાઠ દ્વારા સાધક

કાયોત્સર્ગની પ્રતિજ્ઞા કરે છે કે કાયોત્સર્ગના કાળ દરમ્યાન હું કાયાને સ્થિર રાખીશ, વચનથી મૌન રહીશ અને મનને અશુભ ધ્યાનથી મુ ક્ત કરીને શુભ ધ્યાનમાં એકાગ્ર બનાવીશ. તેમ જ મારા કષાયાત્મા અને યોગાત્માનો ત્યાગ કરીને હું શુદ્ધ જ્ઞાનદર્શન રૂપ ઉપયોગાત્મામાં સ્થિર થઇશ. આ રીતે કાયોત્સર્ગ આત્માનું અનુ સંધાન કરવા માટેની શ્રેષ્ઠતમ સાધના છે.

**★ આવશ્યક-૬ : પ્રત્યાખાન:**

પાપવૃ ત્તિના ત્યાગ માટે સમજણપૂર્વકના દૃઢ સંકલ્પને પ્રત્યાખ્યાન કે પચ્ચક્ખાણ કહે છે. શ્રી આવશ્યક સૂત્રમાં છઠ્ઠા પ્રત્યાખ્યાન આવશ્યકમાં દશ પ્રત્યાખ્યાનનું કથન છે. **૧. નવકારશી પચ્ચક્ખાણ**–સૂર્યોદય પછી એક મુહૂર્ત અર્થાત્ ૪૮ મિનિટ પર્યંત ભોજન, પાણી, મેવા મિઠાઈ તથા મુખવાસ, આ ચારે આહારનો ત્યાગ કરવો. **૨. પોરસી**–સૂર્યોદય પછી એક પ્રહર પર્યંત ચારે આહારનો ત્યાગ કરવો. **૩. બે પોરસી**–સૂર્યોદય પછી બે પ્રહર પર્યંત ચારે આહારનો ત્યાગ કરવો. **૪. એકાસણું**–દિવસમાં એક વાર એક આસને બેસીને ભોજન કરવું. ભોજન કર્યા પછી પાણીને છોડીને ત્રણ આહારનો ત્યાગ કરવો. **૫. એકટાણું**–દિવસમાં એક વાર એક આસને બેસીને ભોજન કરવું. ત્યાર પછી ચારે આહારનો ત્યાગ કરવો. **૬. આયંબિલ**–દિવસમાં એકવાર એક આસને બેસી ઘી, દૂધ, દહીં આદિ ગરિષ્ટ પદાર્થો રહિત રૂક્ષ, નીરસ, વિષય રહિત ભોજન લેવું. **૭. ઉપવાસ**–એક અહોરાત્ર પર્યંત ત્રણ અથવા ચારે આહારનો ત્યાગ કરવો. **૮. દિવસ ચરિમ પચ્ચાક્ખાણ**–દિવસના અંતે અર્થાત્ સૂર્યાસ્તથી બીજા દિવસના સૂર્યોદય સુધી ચારે આહારનો ત્યાગ કરવો.**૯. અભિગ્રહ**–પોતાનો સ્વીકારેલો સંકલ્પ સિદ્ધ ન થાય ત્યાં સુધી ચારે આહારનો ત્યાગ કરવો. **૧૦. નિર્વિકૃતિક-નીવિ**–દિવસમાં એકવાર વિગય રહિત ભોજન કરવું.

આ દરેક પચ્ચક્ખાણમાં અમુક આગાર છૂટ હોય તેનું કથન પણ શાસ્ત્રમાં કર્યું છે. આ રીતે છએ આવશ્યકની આરાધના દ્વારા સાધક આત્મ વિશુદ્ધિના લક્ષને સિદ્ધ કરી શકે છે.

**★અંતિમ મંગલ:** આવશ્યક સૂત્રના અંતિમ મંગલ રૂપે નમોત્થુણં સૂત્ર છે.

**નમોત્થુણં :** આ પાઠમાં સિદ્ધભગવંતો તથા અરિહંત ભગવંતોની ગુણસ્તુતિ છે. સાધનાની પૂર્ણતા પછી સાધક દેવાધિદેવ પ્રતિ કૃતજ્ઞતાનો ભાવ પ્રગટ કરી પાછા ફરે છે.

**આવશ્યક સૂત્ર પ્રમાણ:** આ સૂત્રના છ અધ્યયનો છ આવશ્યક રૂપે પ્રસિદ્ધ છે. તેમાં નિર્યુક્તિના સમયથી સર્વ પ્રથમ આદિ મંગલ રૂપે નમસ્કારમંત્રનો પાઠ છે. ત્યાર પછી પ્રથમ આવશ્યકમાં સામાયિકનો પ્રતિજ્ઞા પાઠ 'કરે મિ ભંતે' છે. બીજા આવશ્યકમાં'લોગસ્સ'નો પાઠ, ત્રીજા આવશ્યકમાં 'ઈચ્છામિ ખમાસમણો'નો પાઠ છે. ચોથા આવશ્યકમાં ૧. ચત્તારિ મંગલં, ૨. ઈચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં ૩. કુઈરિયાવહિયં, ૪.થી૮. પાંચ શ્રમણસૂત્ર, ૯. ખામેમિ સવ્વે જીવ–આ નવ પાઠ છે. પાંચમા આવશ્યકમાં કાઉસગ્ગનો પ્રતિજ્ઞાપાઠ 'તસ્સ ઉતરી'..નો પાઠ છે. છઠ્ઠા આવશ્યકમાં નવકારશી પચ્ચક્ખાણના દશ પાઠ છે. અને અંતિમ મંગલ રૂપે 'નમોત્થુણ'નો પાઠ છે. આ રીતે છ અધ્યયનના ૧+૧+૧+૯+૧+૧૦=૨૩ પાઠ અને આદિ તથા અંતિમ મંગલના એક એક પાઠની ગણના કરતા કુલ ૨૫ પાઠ છે અને તેનું પ્રમાણ ૧૨૫ અનુષ્ટુપ શ્લોક પ્રમાણ છે.

આવશ્યક સૂત્રમાં સાધુની પ્રધાનતાએ જ સર્વે પાઠ છે. શ્રાવકના પ્રતિક્રમણના પાઠોનું સંકલન ભાષ્ય, ટીકા આદિ વ્યાખ્યાગ્રંથોના આધારે પરિશિષ્ટ રૂપે થયું હોય તેવી સંભાવના છે. કાળક્રમે અનેક આચાર્યોએ વિવિધ આગમોના આધારે પ્રતિક્રમણ સંબંધિત વિવિધ પાઠોની સંકલના કરી છે. કેટલાક પાઠની ગદ્ય-પદ્યમાં હિન્દી, ગુજરાતી કે રાજસ્થાની આદિ લોકભાષામાં રચના કરી છે.

**વ્યાખ્યા સાહિત્ય:** આવશ્યક સૂત્રની મહત્તાને સ્વીકારીને પૂર્વાચાર્યોએ તેના પર નિર્યુક્તિ, ભાષ્ય, ટીકા, ચૂર્ણિ અને ટબ્બાની રચના કરી છે.

**નિર્યુક્તિ:** પદ્યરૂપ રચના છે. આગમના ભાવોને સ્પષ્ટ કરવા નિર્યુક્તિની રચના કરતા હોય છે. વર્તમાને આગમોની દશ નિર્યુક્તિઓ ઉપલબ્ધ છે. તેના કર્તા ચૌદ પૂર્વધારી શ્રી ભદ્રબાહુ સ્વામી છે. નિર્યુક્તિમાં અનેક મહત્ત્વપૂર્ણ વિષયોની ચર્ચા છે.

**ભાષ્ય:** આવશ્યક સૂત્ર પર ત્રણ ભાષ્યગ્રંથોની રચના થઈ છે. ૧. મૂળ ભાષ્ય. ૨. ભાષ્ય ૩. વિશેષાવશ્યક ભાષ્ય. પ્રથમ બે ભાષ્ય અત્યંત સંક્ષિપ્ત છે. વિશે ષાવશ્યક ભાષ્યની રચના શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણે કરી છે, તેમાં જૈનાગમ સાહિત્યના મહત્ત્વપૂર્ણ વિષયોનું સંકલન છે. આ ભાષ્યમાં પ્રથમ સામાયિક અધ્યયન પર વિસ્તૃત વિવેચન છે.

**ચૂર્ણિ:** નિર્યુક્તિ અને ભાષ્યની રચના પછી સંસ્કૃત મિશ્રિત પ્રાકૃત ભાષામાં આગમોના ગદ્યાત્મક વ્યાખ્યા સાહિત્યના લેખનનો પ્રારંભ થયો, તે ચૂર્ણિ રૂપે પ્રસિદ્ધ છે. ચૂર્ણિ સાહિત્યમાં જિનદાસ ગણિ મહત્તરનું નામ અગ્રસ્થાને છે. તેમણે સાત ચૂર્ણિઓની રચના કરી છે. તેમાં આવશ્યક ચૂર્ણિ તેમની મહત્ત્વપૂર્ણ રચના છે. તેમાં નિર્યુક્તિમાં સમાવિષ્ટ સર્વ વિષયો પર વિસ્તૃત વિવેચન છે.

**ટીકા:** નિર્યુક્તિમાં આગમોના શબ્દોની વ્યુત્પત્તિ અને વ્યાખ્યા છે. ભાષ્યમાં તે ભાવોનું વિસ્તૃત વિવેચન છે. ચૂર્ણિમાં તે ભાવોને લોકકથાના આધારે સમજાવ્યા છે. ટીકામાં તે જ ભાવોને દાર્શનિક દૃષ્ટિકો ણથી સમજાવ્યા છે. ટીકાકારોમાં શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ પ્રથમ ટીકાકાર છે. તેમણે પોતાના વિશેષાવશ્યક ભાષ્ય પર સ્વોપજ્ઞવૃત્તિ લખવાનો પ્રારંભ કર્યો પરંતુ પોતાના જીવનકાળમાં તે પૂર્ણ કરી શક્યા નહીં. તેમની અધૂરી ટીકા કોટ્યાચાર્યે પૂર્ણ કરી છે.

શ્રી હરિભદ્રસૂરિએ આવશ્યક સૂત્ર પર બે ટીકાની રચના કરી છે તેમાંથી એક ટીકા વર્તમાને ઉપલબ્ધ નથી. હરિભદ્રીયવૃત્તિ વર્તમાને ઉપલબ્ધ છે. શ્રી મલયગિરિ આચાર્યે આવશ્યક વૃત્તિની એક મહત્ત્વપૂર્ણ રચના કરી છે. અન્ય અનેક વિદ્વાનોએ પણ આવશ્યક સૂત્ર પર વૃત્તિની રચના કરી છે. છેલ્લે સં. ૧૯૫૮માં પૂ. ઘાસીલાલજી મહારાજે આવશ્યક સૂત્ર પર મુનિતોષિણી નામની વૃત્તિની રચના કરી છે.

**ટબ્બા:** ટીકાયુગ સમાપ્ત થયા પછી સામાન્ય જનસમાજને આગમોના શબ્દાર્થને સ્પષ્ટ કરતા સંક્ષિપ્ત વિવેચનનો પ્રારંભ થયો. તે ટબ્બાના નામથી પ્રસિદ્ધ છે. શ્રી ધર્મસિંહજી મુનિએ ૧૮મી શતાબ્દીમાં ૨૭ આગમો પર બાલાવબોધ ટબ્બાની રચના કરી છે. તેમાં આવશ્યક સૂત્ર પરનો ટબ્બો પણ ઉપલબ્ધ છે તે મૂળપાઠના અર્થને સ્પષ્ટ કરે છે.

**અનુવાદ:** ટબ્બા પછી અનુવાદ યુગનો પ્રારંભ થયો. પંડિત સુખલાલજી સિંઘવી, ઉપાધ્યાય શ્રી અમરમુનિ મ.સા. વિગેરે સંતોએ વ્યાખ્યા ગ્રંથોના આધારે હિન્દી અને ગુજરાતી ભાષામાં આવશ્યક સૂત્રનો વિવેચન સહિત અનુવાદ તૈયાર કર્યો છે. તે આવશ્યક સૂત્રના ભાવોને પૂર્ણતઃ પ્રકાશિત કરે છે.

આ રીતે આવશ્યક સૂત્રના વિશાળ વ્યાખ્યા સાહિત્યના આધારે આવશ્યક સૂત્રની મહત્તા તથા લોકોપયોગિતા સહજ રીતે સ્પષ્ટ થાય છે. ★

# જૈન આગમના સંદર્ભે વિજ્ઞાન મનોવિજ્ઞાન, શરીરવિજ્ઞાન, પર્યાવરણ અને યોગ

☐ શ્રી ગુણવંત બરવાળિયા

મનોવૈજ્ઞાનિકો, મનોચિકિત્સકો માનવીના મનની દશાનો અભ્યાસ કરી તેનું પૃથ્થકરણ કરી કેટલાંક તારણો કાઢે છે. મનોચિકિત્સકો દૈહિક અને મનોદૈહિક રોગોનો પોતાની કાર્ય પદ્ધિત દ્વારા ઉપચાર કરે છે. કોઈપણ શારીરિક માનસિક રૂગ્ણતા સાથે સંબંધ ધરાવે છે. મનોચિકિત્સકો મન અને શરીરશુદ્ધિ સુધીના મર્યાદિત ઉપચાર કરે છે જ્યારે દાર્શનિકોએ શરીરશુદ્ધિમાં અટક્યા વિના આત્મશુદ્ધિની ઉપચાર પ્રક્રિયાને અનિવાર્યપણે જોડી દીધી છે, કારણ કે વીતરાગ પરમાત્મા ભવરોગ નિવારણવાળા પરમ વૈદ્યરાજ છે.

ફ્રોઇડવાદમાં જેમ શુભ વિચાર વિગેરેને શુભ સંકલ્પમાં પરિવર્તિત કરવામાં આવે છે એવી જ રીતે જૈનદર્શનમાં ભાવનાઓ અને લેશ્યાનું વર્ણન થયું છે. કર્મવાદનાં ચિંતનમાં ઉદવર્તન, ઉદીરણાથી સંક્રમણ વિગેરે અવસ્થાઓમાં કર્મનિર્ઝરા થાય છે. દ્રવ્ય અથવા ભાવમન દ્વારા અજાણતા પાપોનું સેવન થઈ જાય, અજાણતા અથવા અજાગ્રત અવસ્થામાં, સ્વપ્નમાં પાપોનું સેવન થઈ જાય તેવા સૂક્ષ્મ પાપોના પ્રાયશ્ચિત્ત માટે પણ જૈન આગમોમાં આવશ્યક સૂત્રમાં વિસ્તારથી માર્ગ દર્શન આપવામાં આવ્યું છે.

ફ્રોઈડવાદના અચેતન મનની તુલના આપણે કાર્મણ શરીર સાથે કરી શકીએ. આપણા દમિત મન, વચન અને કાયાના વ્યાપારોનો સંબંધ કાર્મણ શરીર સાથે હોય છે. આજે મનોવિજ્ઞાનના ક્ષેત્રમાં જેટલાં પણ શોધકાર્યો થઈ રહ્યાં છે તે કાર્મણ શરીર સુધી જ સીમિત છે જ્યારે જૈનદર્શનના સૂત્રો અનુસાર ઔદારિક, તેજસ અને કાર્મણ શરીરથી આગળ છે જીવાત્મા–શુદ્ધાત્મા.

જૈનદર્શનમાં સંમોહનની વાત આવે છે પણ તે આદર્શ સંમોહનના રૂપમાં આવે છે. મનોચિકિત્સક રોગીના શરીરને શિથિલ કરી અચેતન મનમાં ઘર કરી ગયેલી ચિંતા અને વિકારની જડ સુધી પહોંચે છે. જૈન આગમમાં આવશ્યક સૂત્ર અને અંતરતપમાં કાર્યોત્સર્ગની વિધિ બતાવવામાં આવી છે. કાયોત્સર્ગ એટલે કાયાને શિથિલ કરવી. આત્મસંમોહનની ક્રિયા, ધ્યાન સાથેની આ ક્રિયા દ્વારા, નીડરતા, વ્યસનમુક્તિ, એકાગ્રતા સાથે નિર્ણયશક્તિનો વિકાસ થાય છે. લોગ્ગસ પણ મનોવૈજ્ઞાનિક પદ્ધતિ છે જે આત્માથી પરમાત્મા સુધી પહોંચવાની શુદ્ધિકરણની પ્રક્રિયા દર્શાવે છે. લોગ્ગસ આપણા અજાગૃત મનની શક્તિઓ જાગૃત કરી આધ્યાત્મિક ઊંચાઈએ પહોંચવામાં મદદ કરે છે.

જૈનોના અનુષ્ઠાનોમાં વંદનની ક્રિયા કરવાની હોય છે. જૈનાચાર્યોએ નમન કરવાનું કહ્યું છે તેની પાછળ શરીરવિજ્ઞાન, યોગવિજ્ઞાન અને મનોવિજ્ઞાનનાં પરિબળો કામ કરે છે.

નમવાથી આપણું પેટ દબાશે અને પેટ નીચેની પેન્ક્રિયાસમાંથી જે રસ ઝરશે જે તામસી તત્ત્વોને શાંત કરશે. આ શરીરવિજ્ઞાનની પ્રક્રિયા થઈ. સાષ્ટાંગ પ્રણામની સ્થિતિમાં વંદન કરવું એટલે સમગ્ર ક્રિયાથી સમથળ પૃથ્વીના સાન્નિધ્યે સમાંતરપણે આપણે દંડવત્ થઈએ ત્યારે વૈશ્વિક ચેતનાનું આપણી સાથે અનુસંધાન થતાં જગતની શક્તિનો સહજ પ્રવેશ થાય છે. બાહ્યકૃતિ સાથે આંતરપરિવર્તન થતા, પ્રણામ માટે આપણે જ્યારે નમીએ છીએ ત્યારે ભીતરસ્થિત અહંકાર પણ નમી જાય છે, ઝૂકી જાય છે. આપણામાંથી આપણી ચોપાસ સતત નીકળતું, સર્જતું અહમ્‌ની સુરક્ષાનું વર્તુળ ભાંગી પડે છે. આ મનોવૈજ્ઞાનિક પ્રક્રિયાથી આપણે રચેલ અહમ્ અને મમ્‌ની દીવાલોમાં તિરાડ પડે છે તે શરણાગતિના અભ્યંતરભાવોના પ્રવેશ માટે સહાયક બને છે. ભાવના અભિપ્રેત થતાં લોકોત્તર વંદનની યાત્રા શરણાગતિમાં પરિણમે છે. આગમના આવશ્યક સૂત્ર અને અન્ય આગમ ગ્રંથોમાં વંદના વિશે વિગતો જાણવા મળે છે.

આધુનિક મનોવિજ્ઞાનના નિરીક્ષણ પ્રમાણે કોઈપણ વ્યક્તિના ચિત્તની એ કાગ્રતા સામાન્ય સંજોગોમાં ૪૮ મિનિટથી વધુ ન રહી શકે. જૈન ધર્મના ગણધર ભગવંતોએ સામાયિક અનુષ્ઠાનની અવધિ બે ઘડી એટલે ૪૮ મિનિટ રાખી છે.

સૂત્રકૃતાંગ આગમમાં આર્દ્રક નામે અધ્યાય છે, જેમાં હસ્તિતાપસો એમ માને છે કે આહાર માટે અનેક વનસ્પતિ એકેન્દ્રીય જીવોની હિંસાની અપેક્ષાએ એક મહાકાય હાથી મારવો અલ્પહિંસા છે અને એ પ્રકારે તેઓ પોતાને અધિક અહિંસક સિદ્ધ કરે છે, પરંતુ જૈન મત અનુસાર હિંસા અહિંસાના વિવેકમાં કેટલાં પ્રાણીઓની હિંસા થઈ છે તે મહત્ત્વનું નથી, પરંતુ ક્યા પ્રાણીની હિંસા થઈ તે મહત્ત્વનું છે. ભગવતી સૂત્રમાં આ પ્રશ્ન વિશે છણાવટ કરતાં દર્શાવાયું છે કે સ્થાવર જીવોની અપેક્ષાએ ત્રસ જીવોની અને ત્રસ જીવોમાં મનુષ્યની અને મનુષ્યમાં ઋષિની હિંસા વિશેષ નિકૃષ્ઠ માનવામાં આવી છે. આગમ મનીષીઓએ પ્રાણીઓની પ્રાણસંખ્યા અર્થાત જૈવિકશક્તિના વિકાસનું વિશિષ્ટ સંશોધન રજૂ કરી હિંસા, આત્માની નહિ પ્રાણોની થાય છે તેનું પ્રતિપાદન કર્યું છે. આથી હિંસા-અહિંસાના વિવેકમાં સંખ્યાનું મહત્ત્વ નથી, મહત્ત્વ છે પ્રાણીની ઐન્દ્રિક અને આધ્યાત્મિક ક્ષમતાના વિકાસનું.

હિંસા-અહિંસાના વિવેકપૂર્ણ વ્યવહારમાં હિંસકભાવો, કષાયની તીવ્રતા, બાહ્ય ઘટના ઉપરાંત કર્તાની મનોવૃત્તિ પર હિંસાનો આધાર છે. આ વિશ્લેષણમાં સમાજચિંતન અને અનેકાંતવાદ અભિપ્રેત છે.

જૈન સૂત્રોએ તપને કર્મનિર્ઝરાના સાધન રૂપે જ ગણ્યું છે. છતાંય બાહ્યાભ્યંતર તપમાં વૈજ્ઞાનિક અભિગમને અવગણી શકાય નહીં. ઉપવાસ, ઉણોદરી કે આયંબિલ આરોગ્ય માટે પણ ઉત્તમ છે. ઉપવાસ દરમિયાન ભોજન ન લેવાથી સમગ્ર પાચનતંત્રને પાચનક્રિયાના કાર્યમાં ખંડસમયની મુક્તિ મળવાથી પાચનતંત્રમાં શુદ્ધિકાર્ય આરંભાય છે અને આખા શરીરમાં સ્વશુદ્ધિકરણની પ્રક્રિયા આરંભાય છે. શરીરમાં કોઈ જગાએ વિષદ્રવ્યનો જમાવ થયો હોય તો ઉપવાસ દરમિયાન તે ઓટોલિસિસની પ્રક્રિયા દ્વારા વિસર્જિત થવા માંડે છે. તેમનામાં રહેલો ઉપયોગી ભાગ શરીરના મહત્ત્વનાં અંગો હૃદય, મગજ વિગેરેને પોષણ આપવામાં કામ આવે છે. ઝેર શરીરમાંથી બહાર ફેંકાય છે. ગાંઠો અને ઓછી ઉપયોગી પેશીઓનું વિસર્જન થાય, શરીર નિર્મળ અને નીરોગી બને છે.

જૈન ધર્મમાં કરવામાં આવતાં અનુષ્ઠાનોનાં આસનો અને મુદ્રાઓમાં પણ વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ અભિપ્રેત છે.

નમ્મોથુણં, ઇચ્છામી ખમાસણા, ચત્તારી મંગલમ્ અને ખામણા બોલતી વખતે થતી મુદ્રા અને આસનોમાં એક્યુપ્રેસરની ક્રિયાઓ સહજ

રીતે થઈ જાય છે.

નમ્મોથુણં વખતની મુદ્રા અને આસનને કારણે થતી શારીરિક ક્રિયાઓ બ્રહ્મચર્ય પાલનમાં સહાયક બને છે.

દંડાપતિક આસન, ઉત્તાશયન આસન, અવમશયત આસન, ગૈદોહિ્કા આસન ધ્યાન અને નિર્જરામાં સહાયક છે. સાથે સાથે અંતઃસ્રાવથી ગ્રંથિના સંતુલન અને રૂધિરાભિષરણ માટે પણ ઉપકારી છે.

કંદમૂળમાં અનંતા જીવ છે તે વર્તમાન વૈજ્ઞાનિકોએ શોધ્યું છે, પરંતુ જૈન આગમોમાં હજારો વર્ષ પહેલાં એ જણાવાયું છે કે કંદમૂળમાં અનંત જીવો હોવાથી તે અભક્ષ્ય છે.

જૈન ધર્મ પ્રમાણે કોઈ પણ જીવનો જન્મ ત્રણમાંથી એક પ્રકારે થાય છે. (૧) સંમુર્ચ્છિમ જન્મઃ નર-માદાના સંબંધ વિના જ ઉત્પત્તિસ્થાનમાં જીવોની ઉત્પત્તિ થાય છે, જે વિજ્ઞાનીઓએ છેક ઈ.સ.ની ૧૮મી સદી અને ૧૯મી સદીમાં શોધ્યું અને બતાવ્યું કે નર-માદાના સંબંધ વિના પણ જીવો ઉત્પન્ન થઈ શકે છે, વંશવૃદ્ધિ થઈ શકે છે તેને અજાતીય પ્રજનન કહે છે. પરંતુ પ્રજનનનો અર્થ સજીવ પદાર્થમાંથી સજીવ પદાર્થનું ઉત્પન્ન થવું તે છે. જ્યારે જૈન ધર્મ પ્રમાણે તો ફક્ત જીવોની, કર્મ ફિલોસોફીના આધારે ઉત્પત્તિ જ થાય છે અને પ્રજનન એ પછીનું પગથિયું છે. (૨) ગર્ભ જ જન્મઃ આમાં સ્ત્રી-પુરુષ (નર-માદા)ના સંયોગ પછી ઉત્પત્તિસ્થાનમાં શુક્ર (વીર્ય) અને શોણિત (લોહી)ના પુદ્ગલોમાંથી જીવ ઉત્પન્ન થાય છે, પછી જુદા જુદા પ્રાણીઓના શરીરમાં જુદા જુદા સમય સુધીનો તેઓનો વિકાસ થાય છે અને યોનિ મારફતે જન્મ થાય છે જેને વિજ્ઞાની જાતીય પ્રજનન કહે છે. (૩) ઉપપાત જન્મઃ આવો જન્મ ફક્ત દેવો અને નારકીમાં જ થાય છે.

વૈજ્ઞાનિકોએ જે ૧૮-૧૯મી સદીમાં શોધ્યું તે વાત હજારો વર્ષ પહેલાં જૈનશાસ્ત્રોમાં અંકિત છે. સંમુર્ચ્છિમ જન્મ એટલે માતા-પિતા (નર-માદા)ના સંયોગ વગર જીવોનું ઉત્પન્ન થવું તે સંમુર્ચ્છિમ જન્મ એકેન્દ્રિય (પાંચ સ્થાવર) જીવો તથા હાલમાં ચાલતાં એટલે કે બે ઇન્દ્રિય, તે ઇન્દ્રિય,ચઉરેન્દ્રિય અને મનુષ્યોમાં પણ થાય છે.

બ્રહ્મચર્યપાલન માટે જૈન ધર્મમાં નિયમ બતાવેલ છે કે સાધુએ સ્ત્રી, નપુસંક અને તિર્યંચ (પશુ) રહિત વસ્તી અર્થાત ઉપાશ્રયોમાં વિગેરે સ્થાનોમાં રહેવાનું છે. આ નિયમ ખૂબ જ અગત્યનો તેમ જ વૈજ્ઞાનિક રહસ્યથી ભરપૂર છે.

દરેક જીવમાં સૂક્ષ્મ પ્રમાણમાં વીજશક્તિ (ઇલેક્ટ્રિસિટી) રહેલી છે. દા.ત. સમુદ્રમાં ઇલેક્ટ્રિકઈલ નામની માછલી હોય છે અને તે સારા પ્રમાણમાં વીજપ્રવાહ પેદા કરે છે. જ્યાં વીજશક્તિ હોય છે ત્યાં ચુંબકિયશક્તિ પણ હોય જ. આમ આપણા સૌમાં જૈવિક વીજ ચુંબકિયશક્તિ છે, તેથી દરેક જીવને પોતાનું જૈવિક વીજ ચુંબકિય ક્ષેત્ર પણ હોય છે. આ હકીકત પશ્ચિમના વિજ્ઞાનીઓએ સાબિત કરી છે અને ચુંબકનો એક સામાન્ય નિયમ છે કે તેમાં સમાન ધ્રુવો વચ્ચે અપાકર્ષણ થાય છે તથા અસમાન ધ્રુવો વચ્ચે આકર્ષણ થાય છે; પરંતુ જો તે એકબીજાના ચુંબકિય ક્ષેત્રમાં હોય તો.

આ કારણે જ બ્રહ્મચર્ય પાલનના નિયમમાં સ્ત્રીએ પુરુષના અને પુરુષે સ્ત્રીના નેત્ર, મુખ વિગેરે અંગો સ્થિર દૃષ્ટિએ ન જોવાં. સ્ત્રી પુરુષે એક આસન પર ન બેસવું. બ્રહ્મચારી પુરુષે ૪૮ મિનિટ સુધી સ્ત્રી બેસી હોય તે સ્થાને ન બેસવું અને સ્ત્રીએ પુરુષ બેઠો હોય તે સ્થાને એક પ્રહર (ત્રણ કલાક) ન બેસવું.

સમયના સાંપ્રત પ્રવાહમાં પર્યાવરણ અસંતુલન અને ગ્લોબલ વોર્મિંગ–વૈશ્વિક તાપમાન વિશ્વ માટે એક સમસ્યા બની ગઈ છે.

જૈન આગમોમાં પર્યાવરણ અંગે સીધા ઉલ્લેખો જોવા મળતા નથી, પરંતુ આગમમાં જે જૈન જીવનશૈલીનું નિરૂપણ થયું છે અને જૈન ધર્મનાં પાયાના અહિંસા, અપરિગ્રહ અને સંયમ માટે જે નિયમોનું નિર્દેશન કરવામાં આવ્યું છે તે પર્યાવરણ સંતુલન પોષક છે.

જૈન ધર્મે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિમાં જીવ છે તેમ સ્વીકાર્યું છે, તેનો વેડફાટ ન કરવા જણાવ્યું છે. તત્ત્વાર્થ સૂત્રમાં કહ્યું છે કે परस्परोपग्रह जीवानाम्। આ સૂત્ર દર્શાવે છે કે જીવોને જીવન જીવવા માટે એકબીજાના આલંબનની જરૂર પડે છે. આ સૂત્ર પર્યાવરણની રક્ષા માટે અતિઉપયોગી છે. 'ઇરિયાવહી સૂત્ર' જીવ વિરાધનાનું સૂત્ર છે, એટલે કે એમાં જાણતા– અજાણતા કોઈ જીવને પીડા ઉપજાવી હોય તો એની માફી માગવામાં આવે છે.

વધુ પડતો ભોગ-ઉપભોગ અને અસંયમ વિશ્વની કુદરતી સંપત્તિનો દુર્વ્યય કરે છે માટે જ જૈન ધર્મ ઉપભોગથી ઉપયોગની સંસ્કૃતિ તરફ વળવા જણાવે છે.

બેફામ ભોગ-ઉપભોગ વિશ્વમાં વધારાનો કચરો ઠાલવે છે તેથી વેસ્ટ મેનેજમેન્ટ એ સમગ્ર વિશ્વ માટે પીડાદાયક બન્યું છે. જૈન ધર્મમાં, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ રૂપ અષ્ટ પ્રવચનમાતાને દર્શાવવામાં આવી છે. તેમાં 'પારિષ્ઠવિનિકા સમિતિ' આજના સંદર્ભે નોંધપાત્ર છે, જે વધારાની વસ્તુ–કચરાનો નિકાલ એટલે કઈ રીતે પરઠવું તે સમજાવે છે.

આજે માનવ પ્રકૃતિથી બહુ દૂર થઈ ગયો છે તેથી તે પ્રકૃતિના સંદેશા ઝીલી શકતો નથી. થોડા વખત પહેલાં આવેલા વિનાશકારી સુનામીના મોજાની ઉત્પત્તિસ્થાનના ધરતીના ધબકારનો સંદેશ થાઈલેન્ડના હાથીઓને ક્યા ઇલેક્ટ્રિક ઉપકરણ દ્વારા સંભળાયો હશે ? પ્રકૃતિના સંદેશા ઝીલવા પ્રકૃતિએ જીવનની સાથે શરીરમાં ચેતના કે પ્રકૃતિના તાર જોડ્યા છે. ફોટો રિસેપ્ટીશ ગ્રંથિઓ માનવમાં નિર્બળ થતી જાય છે. ઉપાશ્રયની કોઈ એક નાનકડી ઓ રડીના એકાંતમાં, હિમાલયની કોઈ ગુફામાં કે પર્વતોની ટોચે એકાંતમાં સાધના કરતા સંતોએ ન તો સંદર્ભ માટે લાયબ્રેરી કે ગ્રંથાલયો ફંફોળ્યાં હતાં કે ન તો પ્રયોગશાળામાં પ્રયોગો કર્યા હતા. છતાંય સૃષ્ટિના કેટલાંય રહસ્યોનું ઉદ્ઘાટન કર્યું છે. જે ઊંડાણમાં અભ્યાસ કરીએ તો વિશ્વની કોઈપણ સમસ્યાનું સમાધાન આગમગ્રંથોમાંથી મળી રહે. જ્ઞાનનાં આવરણો દૂર કરનાર જ્ઞાનાવરણીય કર્મનો નાશ કરી અંતર્ચેતનામાં જ પ્રકૃતિનાં રહસ્યો ઉઘાડ્યાં છે. ભગવાન મહાવીરે આપેલા જ્ઞાનનો આજ વિશ્વના પ્રખ્યાત વૈજ્ઞાનિકો પણ આદર કરે છે. આઈન્સ્ટાઈન જેવા વૈજ્ઞાનિક એટલે જ કહે છે કે, 'જો મારો પુનર્જન્મ હોય તો હું ભારતમાં સંત બની આત્મતત્ત્વનું સંશોધન કરીશ.'

જૈન આગમોમાં પાંચ ભરત, પાંચ ઈરવત અને પાંચ મહાવિદેહ એમ ૧૫ ક્રમે ભૂમિના વર્ણનો મળે છે.

હિંદુસ્તાન ટાઈમ્સના ઓક્ટોબરના અંકમાં એક રશિયન વૈજ્ઞાનિકે લખ્યું છે કે-

'આપણે જે પૃથ્વી પર રહીએ છીએ, ને જાણીએ છીએ તેના કરતાં એક કરોડગણી વસ્તી વધુ છે.'

'ઈ.સ. ૧૯૬૫ના યુનાઈટેડ ઈન્ફર્મેશનમાં પણ કેટલાક

વૈજ્ઞાનિકોએ જણાવ્યું છે કે– 'આપણા બ્રહ્માંડ જેવું બીજું બ્રહ્માંડ અસ્તિત્વ ધરાવે છે, જેમાં અબજો લોકો વસે છે.'

એક રશિયન ખગોળાશાસ્ત્રીનું મંતવ્ય છે કે- 'અત્યારના પરિચિત ગ્રહો કરતાં બીજા સાત હજાર ગ્રહો પર બુદ્ધિશાળી માનવો વસે છે.'

ટૂંકમાં વિજ્ઞાનની જુદી જુદી શાખાઓ, જેવી કે ભૂસ્તરશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, જીવવિજ્ઞાન, પરમાણું વિજ્ઞાન, ભૂગોળ, ખગોળશાસ્ત્રના ભારતીય વિજ્ઞાનીઓએ , ભારતીય પ્રાચીન દાર્શનિક તેમ જ અન્ય ગ્રંથોનો ઊંડો અભ્યાસ કરી, તેના આધારે યોગ્ય સંશોધન કરવાની અનિવાર્ય જરૂરિયાત છે અને એ પ્રમાણે થશે તો ભારતે વિજ્ઞાનના ક્ષેત્રમાં અમૂલ્ય ભેટ આપી ગણાશે. છેલ્લા સૈકામાં રશિયાના કિર્લીયન દંપતી અને ભારતના ડો. દત્તએ ઓરા અંગે ફોટોગ્રાફ અને સંશોધન દ્વારા જણાવ્યું કે ૨૫૦૦ વર્ષ પહેલાં (ઓરા) આભામંડળની વાત ભગવાને કરી છે, જેમાં પ્રત્યેક પ્રાણી અને પદાર્થોના આભામંડળ વિશે કહેવાયું છે.

આજે સામાન્ય માનવી ભલે ભૌતિક વિજ્ઞાનની સિદ્ધિઓ જોઈને વિજ્ઞાનથી અંજાઈ જતો હોય અને સર્વ વિષયોમાં વિજ્ઞાનને જ પ્રમાણભૂત–ઓથોરિટી ગણીને પોતાના મંતવ્યો નક્કી કરતો હોય, પણ વિજ્ઞાન પોતે તો આધ્યાત્મિક જગત પ્રત્યે જિજ્ઞાસુભાવે મીટ માંડી રહ્યું છે અને આધ્યાત્મિક જગતના જ્યોતિર્ધરોનાં કથનોને તે પોતાની પ્રયોગાત્મક શૈલીથી ચકાસી જોવા ઉત્સુક છે. એ જિજ્ઞાસામાંથી જન્મેલાં સંશોધનો આજે વિજ્ઞાનજગતમાં એ સત્યને ગુંજતું કરી રહ્યા છે કે, 'શરીરના નાશ પછી પણ કંઈક કાયમ રહે છે.'

'ધ ફાઇન્ડિંગ ઓફ ધ થર્ડ આઈ'માં વેરા સ્ટેન્લી એલ્ડર (Vera stanley Alder) લખે છે કે, 'થોડા સંશોધનોએ શક્યતા ઊભી કરી દીધી છે કે વિજ્ઞાનની શોધો અને પૂર્વકાળના જ્ઞાની પુરુષોનાં વચનો એકબીજામાં સમાઈ જશે. એ બેમાં જે ફરક દેખાય છે તે માત્ર શાબ્દિક અને રજૂ આતનો જ છે.' પ્રાકૃતિક જગતનાં રહસ્યોનું જ્ઞાન પ્રાપ્ત કરીને તેના ઉપર માનવીનું પ્રભુત્વ સ્થાપિત કરતી વિજ્ઞાનની નિતનવી શોધખોળોથી પ્રભાવિત થઈ આજનો ભણેલોગણેલો ગણાતો માનવી જ્યારે આધ્યાત્મિક જગતથી દૂર ખસી રહ્યો છે, ત્યારે ઉપર્યુક્ત ઉદ્ગારો કોઈનું પણ ધ્યાન ખેંચે એ સહજ છે.

દાર્શનિકોએ આલેખેલાં સત્યો વિજ્ઞાનની કસોટી પર ચડાવી પાર ઉતારવાથી નવી પેઢીને ધર્મ-દર્શનમાં શ્રદ્ધા વધશે.

વિજ્ઞાનને એક ચણોઠી જેવું ગણીએ તો ધર્મ-દર્શન સુવર્ણ જેવું છે પરંતુ પૂર્વકાળમાં સુવર્ણનું વજન કરવા પણ ચણોઠીની મદદ લેવી પડતી હતી. આચાર્ય વિનોબા ભાવે કહેતા, વિજ્ઞાન જીવનની પ્રાણશક્તિ છે અને અધ્યાત્મ જીવનનું ચિત્ત છે. ધર્મ અને વિજ્ઞાનનો સમન્વય માનવજાતનું કલ્યાણ કરી શકે. અંધશ્રદ્ધાનો છેદ ઉડાડી વિવેકપૂર્ણ શ્રદ્ધાસહ ધર્મનું આચરણ જ આપણું કલ્યાણ કરી શકે.

જિનાજ્ઞા વિરૂદ્ધ કાંઈ લખાયું હોય, કે ઉત્સૂત્ર પ્રરૂપણા થઈ હોય તો ત્રિવિધે મિચ્છામિ દુક્કડં. ★

# પ્રગાઢ અંતરાય કર્મ

શ્રમણ શ્રેષ્ઠ ઢંઢણ મુનિ શ્રી નેમિનાથ પ્રભુના પવિત્ર હસ્તે દીક્ષા પામીને ઉત્તમ તપસ્વી બની ગયા. દ્વારિકાનરેશ શ્રી કૃષ્ણ અને રાણી ઢંઢણાના તેઓ સુપુત્ર હતા.

તપસ્વી ઢંઢણ મુનિ તપના પારણે ગોચરી અર્થે નીકળ્યા પણ તેમને સૂઝતો–પોતાને યોગ્ય નિર્દોષ આહાર ગોચરીમાં ન મળ્યો તેથી તેઓ પાછા વળ્યા. ઉપવાસ ચાલુ રહ્યા. બીજા દિવસે પણ એમ જ થયું. ઉપવાસની તપશ્ચર્યા આગળ વધતી રહી. આમ છ દિવસ ચાલ્યું. ઢંઢણ મુનિને થયું કે નક્કી મેં બાંધેલું આ કોઈ અંતરાયકર્મ છે, નહીં તો આમ ન બને. એમણે ભગવાનને કારણ પૂછ્યું.

ભગવાને કહ્યું કે, 'હે મુનિવર, પૂર્વજન્મના નિકાચિત અંતરાયકર્મના કારણે તને આહાર મળતો નથી. આજથી પૂર્વે ૯૯,૯૯,૯૯૯ ભવમાં તું વિંધ્યાચલ પ્રદેશમાં, હુણ્ડક ગ્રામમાં સોવિર નામે સમૃદ્ધ ખેડૂત હતો. ત્યાંના રાજા ગિરિસેને રાજ્યની તમામ જમીન તને ખેડવા આપી. તેં મજૂરો, બાળકો, હળવાહકો ભેગા કર્યા. જમીન ખેડાવવાનો અને વાવણીનો આરંભ કર્યો. ખૂબ ગરમીના એ દિવસો હતા. બપોર થઈ. સૌ ભૂખ્યા થયા હતા. ભોજન આવ્યું. બધા જમવા બેઠા ત્યારે તું બહાર ગયેલો. પાછો વળ્યો ત્યારે સહુ જમતા હતા. પણ તેં ક્રોધ કરીને કહ્યું કે હજી કામ બાકી છે, એક ચક્કર હજી વધુ માર્યા પછી જ જમવાનું છે. એ મણે તારી આજ્ઞા તો માની પણ એ મનું અંતર કકળતું હતું. એ સમયે તેં ગાઢ, નિકાચિત અંતરાયકર્મ ઉત્પન્ન કર્યું. ત્યાર પછી, અનેક જન્મ વીત્યા પછી, કોઈ મુનિનો તને મેળાપ થયો. તેમની ધર્મદેશના તેં સાંભળી. તને સમ્યક્ત્વ થયું. તેં દીક્ષા લીધી ને પછી દેવભવ મળ્યો. ત્યાંથી અવન પામીને તું રાણી ઢંઢણાની કુક્ષિએ જન્મ્યો. એ જન્મે બાંધેલું અંતરાયકર્મ તને આ ભવે, આ સ્વરૂપે ઉદયમાં આવ્યું છે તેથી નિર્દોષ ગોચરી મળતી નથી.' ઢંઢણ મુનિને ખૂબ પસ્તાવો જાગ્યો.

એમણે કહ્યું, 'હે ભગવંત, પૂર્વ નિયોજિત કર્મની નિર્જરા માટે હું અભિગ્રહ લઉં છું કે પરનિમિત્તે થનાર લાભને હું સ્વીકારીશ નહીં.'

ઢંઢણ મુનિ એ કઠોર અભિગ્રહ પછી ગોચરી નિમિત્તે જતા પણ નિર્દોષ આહાર મળતો નહીં. આમ છ મહિના થયા.

શ્રીકૃષ્ણએ એક વાર શ્રીનેમિનાથ પ્રભુને પૂછ્યું, 'ભગવંત, આપના સર્વસાધુગણમાં ઉગ્ર તપસ્વી સાધુ કોણ છે?'

પ્રભુ બોલ્યાઃ 'મારા શ્રમણસંઘમાં સર્વપ્રથમ મોક્ષગામી થનાર, દુષ્કર ક્રિયા કરનાર, ઉગ્ર તપસ્વી સાધુ ઢંઢણ મુનિ છે, જે તમારા પુત્રરત્ન છેઃ 'અત્યારે તે ગોચરી ગયા છે, તમને રસ્તામાં મળશે.'

શ્રીકૃષ્ણ ગજરાજ પર સવાર થઈ પાછા વળતા હતા ત્યારે ઢંઢણ મુનિને તેમણે જોયા. હાથી પરથી ઊતરીને ભાવથી વંદન કર્યું. નગરના એક શેઠે આ જોયું. તે સમજ્યા કે આ કોઈ મહામુનિ છે. તેમણે મુનિને ઘરમાં નિમંત્રીને મોદક વહોરાવ્યા. મુનિ સમજ્યા કે હાશ, આજે અંતરાયકર્મ તૂટ્યું! એ પ્રભુ પાસે ગયા. ગોચરીને પ્રભુને બતાવીને કહ્યું કે 'આજે મને નિર્દોષ આહાર મળ્યો લાગે છે!' પ્રભુએ 'ના' કહી. કહ્યું કે, 'આ આહાર શ્રીકૃષ્ણના નિમિત્તે થયેલો લાભ છે.' મુનિવર વિચારમાં ડૂબ્યાઃ મારા અભિગ્રહ મુજબ મને અન્ય નિમિત્તે મળે તો તે મારાથી લેવાય નહીં. એ મોદક પ્રાસુક જગ્યાએ પરઠવવા ગયા. મુનિ જમીનમાં મોદક પરઠવતા જાય છે ને તે સમયે શુક્લધ્યાનની ઉચ્ચત્તમ કક્ષાએ પહોંચી જાય છે; એ જ સમયે તેમને કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે! શ્રી ઢંઢણમુનિ કેવળજ્ઞાન પામીને ધર્મનો ઉપદેશ દેતા પૃથ્વી પર સર્વત્ર વિહરવા માંડ્યા.

**- આચાર્ય વાત્સલ્યદીપજી મ. સા.**

# આગમ મોક્ષમાર્ગનો નિર્દેશ કરે છે

☐ યુગદિવાકર પૂ. શ્રી નમ્રમુનિ મ. સા.

જ્યારે કોઈ દિશા, કોઈ ધ્યેય, લક્ષ્ય નક્કી થાય છે ત્યારે એ દિશામાં ગતિ અને પ્રગતિ સહજતાથી થવા લાગે છે, પણ જ્યાં સુધી દિશા નક્કી હોતી નથી ત્યાં સુધી વ્યક્તિનું મન વેવરીંગ હોય છે... ત્યાં સુધી તેની શક્તિઓ વપરાય છે ઓછી અને વેડફાય છે વધારે...!!

ભગવાન મહાવીર...મહાવીરના નામની આગળ 'ભગવાન' શબ્દ... શું આ શબ્દ જન્મોજન્મથી વપરાતો હશે કે પછી તેમની દિશા નક્કી થઈ, ગતિ નક્કી થઈ, પ્રગતિ શરૂ થઈ પછી વપરાવાની શરૂઆત થઈ?

આ જગતના મોટા ભાગના જીવો લક્ષ્ય વિહીન જ હોય છે, દિશા વગરની દોટવાળા હોય છે. સંસારમાં રહીને ગમે તેટલી ગતિ કરે કે પ્રગતિ...પણ એ ટેમ્પરરી જ હોય છે. કેમકે, લક્ષ્ય વિહીન હોય છે. જીવનની ગમે તેટલી દિશા નક્કી કરો, એના અંતે કોઈ પ્રાપ્તિ હોતી નથી.

જીવનમાં ધારેલી બધી જ દિશાઓ અવદશાનું કારણ હોય છે કે સત્‌દશાનું? જીવનમાં કરેલી બધી જ ગતિઓ સદ્‌ગતિનું કારણ હોય છે કે પછી...?

એટલે માનવીનું લક્ષ્ય જીવનને દિશા આપવાનું નહીં પણ જીવને દિશા આપવાનું હોવું જોઈએ. કેમકે, જીવન ટેમ્પરરી અને જીવ પરમેનન્ટ છે.

જીવનને દિશા આપનારા અનેક આત્માઓની વચ્ચે એક આત્મા હતો... જીવને દિશા આપનારો...! એ આત્માહતો ભગવાન મહાવીરનો...!!

એ ભગવાન મહાવીર...એમના નામની આગળ લાગતો શબ્દ 'ભગવાન' કંઈક અલગ જ સ્પંદન કરાવે છે, કંઈક અલગ જ ફીલીંગ્સ લાવે છે.

આપણા આત્મા અને ભગવાનના આત્મામાં કોઈ ફરક હોય કે પછી એક સરખા જ હોય...! શું મહાવીરના આત્મા પાસે વધારે જ્ઞાન હોય અને આપણા આત્મા પાસે ઓછું હોય એવું બને ખરું? શું મહાવીર પાસે સ્ટ્રોંગ બળ હોય અને આપણે નિર્બળ...એવું હોય ખરું?

ભગવાન કહે છે, બધાંનો આત્મા એક સરખો છે, એક સરખી ક્ષમતાવાળો છે. આત્માની દૃષ્ટિએ બધાં જ આત્મા એક સરખાં છે, કોઈ ફરક નથી, છતાં ઘણો ફરક છે.

બધાંના આત્મપ્રદેશો સરખાં, બધાંની આત્માશક્તિ સરખી, બધાંનું આત્મજ્ઞાન સરખું...છતાં એક કેવળજ્ઞાની, એક અલ્પજ્ઞાની અને એક અજ્ઞાની...આવું કેમ? આ ભેદ શા માટે? જો ભગવાનનો આત્મા અને આપણો આત્મા સરખો હોય તો તેઓ કેમ ભગવાન અને આપણે કેમ નહીં?

કેમકે, ભવોભવથી આપણે જીવનને દિશા આપતાં આવ્યાં છીએ જ્યારે ભગવાને તે ભવમાં જીવને દિશા આપી હતી.

જીવનની કોઈ પણ દિશા હોય, તે માત્ર આંખ ખુલ્લી હોય ત્યાં સુધી જ દેખાય છે, આંખ બંધ થાય પછી દેખાતી નથી. જીવનની દિશાઓ અને દશાઓ વારંવાર બદલાયા કરે છે. જ્યારે મહાવીરે જીવની દિશા નક્કી કરી, એ દિશા પણ એક જ હતી અને એની દશા પણ એક જ હતી...

મહાવીરે જે દિશા નક્કી કરી હતી, તે દિશા હતી... 'હું મને મળું.'

ઘણાંને એમ થાય, આપણે તો આપણને રોજ મળીએ જ છીએ ને...? પણ ના...!! હું જેને મળું છું તે હું છું જ નહીં, અને જેને મારે મળવાનું છે તેને હું આ જ સુધી મળ્યો જ નથી.

જે પોતાને મળે છે, તેને બીજાને મળવાનું રહેતું જ નથી. જે પોતામાંથી મેળવી લે છે તેને બહારથી કાંઈ મેળવવાનું રહેતું જ નથી. જે પોતાને મળતા નથી તે જગત આખાને મળવા જાય છે.

જે જગત આખાને મળે પણ પોતાને જ ન મળે તે ક્યારેય કાંઈ મેળવી શકતો નથી. કેમકે, જગતમાંથી જે કાંઈ મેળવીએ છીએ તે મેળવેલું હોય છે, અને મેળવેલું હંમેશાં ગુમાવવાનું જ હોય છે.

હું મને મળું, હું મારામાંથી કાંઈ મેળવું, હું મારા થકી કંઈક મેળવું અને એવું મેળવું, જેનાથી આખા જગતને પ્રકાશિત કરી શકું એવો બોધ જ્યાંથી મળે તે ગ્રંથનું નામ છે 'આગમ.'

ભગવાન મહાવીર પોતાને મળ્યાં અને પોતાને મળીને શું કર્યું? અને આપણે શું ન કર્યું?

ભગવાન મહાવીર અને આપણે બધાં અસંખ્ય આત્મપ્રદેશોવાળા છીએ. આપણા આત્માના અસંખ્ય નાના નાના પાર્ટીકલ્સ જેને આત્મપ્રદેશ કહેવાય તે અશુદ્ધ અવસ્થામાં છે. ભગવાને પોતાને મળીને એ અસંખ્ય પાર્ટીકલ્સને શુદ્ધ કર્યા, નિર્મૂળ કર્યા અને જ્યારે એમનો આત્મા સંપૂર્ણ શુદ્ધ થઈ ગયો ત્યારે તે 'ભગવાન' બન્યાં. તો પછી શું ભગવાન પાસે એ અસંખ્ય પાર્ટીકલ્સને શુદ્ધ કરવાની પ્રોસેસ છે અને આપણી પાસે નથી? શું ભગવાન પાસે એવી ક્ષમતા છે અને આપણી પાસે નથી? ના એવું નથી...!

અત્યારે પણ આપણા એ અસંખ્ય અશુદ્ધ પાર્ટીકલ્સની વચ્ચે, શરીરના મધ્યભાગમાં આઠ એવા પાર્ટીકલ્સ છે જે એકદમ પ્યોર છે, જે સિદ્ધ ભગવાન જેવા છે, જેમાં અનંતશક્તિ પણ છે, જેમાં કેવળજ્ઞાન અને કેવળદર્શન પણ છે. આત્માના પ્રદેશો જે અસંખ્ય કર્મોના આવરણથી અવરોધાયેલાં છે તેમાં માત્ર આ આઠ જ ઓપન છે. પણ અસંખ્ય અશુદ્ધ પાર્ટીકલ્સની સામે આઠ પાર્ટીકલ્સ નગણ્ય બની જાય છે.

જેમ એક તરફ હજારો માણસોનો અવાજ હોય અને એક તરફ આઠ માણસોનો અવાજ હોય, તો કોનો અવાજ વધારે સંભળાય? એ હજારોના અવાજમાં આઠનો અવાજ તો ક્યાંય દબાય જાય...!

માનો કે એક મોટી ગટર છે...એમાં એક માણસ ઊભો છે. એના હાથમાં એક ગુલાબનું ફૂલ આપી દ્યો... તે માણસને ગટરની ગંધ આવશે કે ગુલાબની સુગંધ?

તેમ અસંખ્ય અશુદ્ધ પાર્ટીકલ્સની વચ્ચે આ આઠ શુદ્ધ પાર્ટીકલ્સ ગુલાબના ફૂલ જેવાં છે.

આસપાસની અશુદ્ધિઓની વચ્ચે તેની શુદ્ધતાનું મૂલ્ય બહાર

આવતું નથી...આ આઠ પ્રદેશોને જે એક્ટીવ કરે છે તેનું નામ 'આગમ' છે.

ભગવાન મહાવીરે સાડાબાર વર્ષ સુધી એકાંત સાધના કરી, મૌન રહયાં અને અસંખ્ય આત્મ પ્રદેશોને શુદ્ધ કરતાં કરતાં એક પરમ 'સત્ય'ને પ્રાપ્ત કર્યું. એટલે જ જ્યારે ભગવાન મહાવીરે દેશના આપવાની શરૂઆત કરી...જ્ઞાનવાણી વહાવવાની શરૂઆત કરી ત્યારે જે શબ્દો એમના મુખમાંથી નીકળતાં હતાં તે માત્ર શબ્દો ન હતાં, સત્ય અને સત્ત્વ ભળે લો બ્રહ્મનાદ હતો, કેવળજ્ઞાન અને કેવળદર્શન રૂપી બ્રહ્મની પ્રાપ્તિ પછી જે નાદ નીકળતો હતો તે 'બ્રહ્મનાદ' હતો.

બ્રહ્મનાદ એને કહેવાય જે માત્ર કાન જ ન સાંભળે પણ હૃદય અને આત્માના એક એક પ્રદેશ સુધી પહોંચી જાય.

બ્રહ્મનાદ એને કહેવાય જેના દ્વારા આ આઠ પ્રદેશ એક્ટીવ થઈ જાય.

ભગવાનની દેશના સાંભળી હજારો લોકોના આ આઠ પ્રદેશ એક્ટીવ થવા લાગ્યાં હતાં. અશુદ્ધિના આવરણ દૂર થવા લાગ્યા હતાં.

જયારે શુદ્ધિ થવા લાગે છે ત્યારે સિદ્ધિ નજીકમાં આવી જાય છે.

સંસારમાં રહીને આપણે દરરોજ અશુદ્ધ પાર્ટીકલ્સને એક્ટીવ કરીએ છીએ કે શુદ્ધ પાર્ટીકલ્સને...? સંસારનું વાતાવરણ અશુદ્ધ પાર્ટીકલ્સને એક્ટીવ કરે છે, જ્યારે ભગવાનની વાણી આ આઠ પાર્ટીકલ્સને એક્ટીવ કરે છે.

'અગમ'ને એક્ટીવ કરે તેને **'આગમ'** કહેવાય. 'અગમ' એટલે ઈન્દ્રિયોથી જેને 'ગમ' ન પડે તે અને તે છે આ આઠ પાર્ટીકલેસ.

ભગવાન મહાવીરે કહ્યું છે,

'नो ईंदियगेज अमुत्तभावा.'

ઈન્દ્રિયો જેને ગ્રહણ ન કરી શકે તેવો સમૃતભાવ જેને એક્ટીવ કરે તેને **'આગમ'** કહેવાય.

આજ સુધી જેટલાં પણ પ્રખર અને જ્ઞાની પુરુષો થઈ ગયાં છે, જે ટલાં ધુરંધરો થઈ ગયાં...જેમણે જૈન શાસનની આ જ્યોતને અઢી હજાર વર્ષ સુધી પ્રજ્વલિત રાખી છે તે કો ના આધારે રાખી શક્યા છે ?

માત્ર **'આગમ'**ના આધારે જ...!!

એ સર્વ ધુરંધરો અને જ્ઞાનીજનો વહેતી ગંગા જેવા છે. જ્યારે એમનો આધાર ગંગોત્રી આગમ છે... **જો ગંગોત્રી જ ન હોય તો ગંગા ક્યાંથી હોય ?**

જ્ઞાનની એ ગંગોત્રીને **'આગમ'** કહેવાય છે.

**'આગમ' આપણને એક દિશા આપે છે... જે દિશા મોક્ષ સુધી લઈ જાય છે.** ★

## ક્ષમાનિધિ ગજસુકુમાર

ગજસુકુમાર મુનિ, તમે શ્રીકૃષ્ણ વાસુદેવ અને ભગવાન નેમિનાથના લઘુબંધુ હતા. ફક્ત ૧૨ વર્ષ ની જ ઉમર હતી. તમારી ને તે સમયે તમે સહસ્રાવનમાં ગયા હતા. ભગવાન નેમિનાથ સમવસરણમાં વૈરાગ્યપ્રેરક દેશના આપતા હતા તે તમે સાંભળી અને તમારો આત્મા જાગ્રત થઈ ગયો, સંસાર અસાર લાગ્યો, તમે તત્ક્ષણ પ્રભુના પાવન હસ્તે જ પ્રવજ્યા સ્વીકારી પ્રમાદનો અને પ્રમોદનો સંપૂર્ણ ત્યાગ કરીને તમે તપ, જપ આદર્યાં.

તમે ભગવાન નેમિનાથને થોડા સમય પછી પૂછ્યું: 'પ્રભુ, મને આજ ભવમાં મોક્ષપ્રાપ્તિ થાય તેવી આરાધના કહો!'

પ્રભુના સ્મિતમાં જાણે કલ્યાણની ફૂલમાળ રચાઈ રહી હતીઃ 'હે મુનિવર, તમે સ્મશાનમાં ધ્યાન ધરશો તો આજ ભવમાં મુક્તિસુખ પામશો.'

અને તમે ઊપડ્યા સ્મશાનમાં જવા. સુકુમાર તમારી કાયા, બાળ વયને વિસારીને તમે કાઉસગ્ગમાં સ્થિર થયા.

સોમલ બ્રાહ્મણને ખબર પડી આ વાતની. તેની સુંદર પુત્રી સાથે તમારી બાળવયમાં જ સગાઈ થઈ હતી. સોમલ રૂંવાડે રૂંવાડે ક્રોધથી કંપી રહ્યો. જેની સાથે પોતાની લાડલીનું સગપણ કર્યું હોય તે આમ વૈરાગી બની જાય તે કેમ સહન થાય? સોમલ પણ દીકરીનો બાપ હતો ને?

સોમલ તમને શોધતો સ્મશાનમાં આવી ચડ્યો. ગુસ્સાથી ધુંઆંપુંઆં થઈ ગયો હતો એ. એણે તમારા મુંડિત શિર પર ચીકણી માટીની વાડ કરી. પછી સુકાવા દીધી, ને પછી તેણે તેમાં સ્મશાનના ધગધગતા અંગારા ભર્યા! છતાં તમે તો શાંત જ ઊભા રહ્યા!

સોમલ શાંત થયો નહોતો, થતો નહોતો. એ ક્રોધથી કાંપતો હતો. મુનિના માથા પર બનાવેલી સગડીમાં એ અંગારા ઓરતો જ જતો હતો! તોય ગજસુકુમાર મુનિ! તમે તો શાંત જ ઊભા હતા. તમે સોમલ બ્રાહ્મણને ઓળખી ગયા હતા પણ તમે અંતરથી શ્રમણ હતા તે એ કયાં જાણતો હતો? તમે તો વિચારવા માંડ્યા હતા કે આવા શ્વસુર તો કોઈને જ મળતા હશે કે જે મોક્ષની પાઘડી પહેરાવે! ધન્ય રે મુનિવર, તમારી સમતાને!

સોમલ બ્રાહ્મણે તમારા માથા તરફ પવન નાંખ્યો, લાકડાં ભડભડ સળગ્યાં ને સોમલ નફ્ફટ બનીને પાછો વળી ગયો. તમને કારમી પીડા થતી હતી, માથામાં લાવા સળગતો હતો, શરીરમાં વેદનાના કાળોતરા ડંખ ઊભરાતા હતા!

બાર વર્ષનો એક સુકુમાર સાધુ! નવદીક્ષિત બાળમુનિ! મુખ પર હજી તો દૂધમલ આભા હતી ને આજે કાળઝાળ વેદના સહન કરવામાં શૂરવીર યોદ્ધા બની ગયા હતા! તમારું અંતરમન ચિંતવતું હતું:

સોમલ વિપ્ર તો ઉપકારી છે! સંસારની પાઘડી તો ક્ષણભર પણ ન ટકી હોત, આ મુક્તિ વરદાયિની પાઘડી તો અમર રહેશે! શાશ્વતકાલીન સુખ આપશે! રે જીવ, સોમલ વિપ્ર માટે કે કોઈના પણ માટે અશુભનો વિચાર ન કર, સૌનું કલ્યાણ વાંછ. આ તો કસોટીની ક્ષણ છે. આત્માના ધ્યાનમાં રમમાણ બન!

થોડીક જ ક્ષણનો ખેલ. શરીર ઢળી પડ્યું તમારો આત્મા મુક્તિપદ પામ્યો!

ગજસુકુમાર મુનિવર, તમે મુક્તિધામમાંથી પણ અમને નિહાળો છો ને તમારી અનન્ય સમતાસાધનાને ઉલ્લાસથી અમે સ્મરીએ છીએ તે પણ તમે જાણો છો. અમે એટલું જ માગીએ છીએ હે મહામુનિ! કે અમને પણ તમારા જેવી જ સમતા, સાધના અને સિદ્ધપદ મળજો!

**- આચાર્ય વાત્સલ્યદીપજી મ. સા.**

# આગમના રહસ્યો...સિક્રેટ્સ ઑફ આગમ...

☐ યુગદિવાકર પૂ. શ્રી નમ્રમુનિ મ. સા.

**જેમ ગીતા હિન્દુ ધર્મની, કુરાન મુસ્લિમ ધર્મની, બાઈબલ ક્રિશ્ચિયન ધર્મની ઓળખ છે તેમ 'આગમ' જૈન ધર્મની ઓળખ છે.**

**આગમ એટલે શું ?** જે આત્માની સમજ આપે, આત્માની ઓળખ કરાવે, તે **આગમ.**

**આગમ**-જેમાં છે પરમાત્માના મુખમાંથી વહેતી વાણી! ભગવાને મોક્ષમાં જતાં પહેલાં સર્વ જીવોના કલ્યાણ માટે આપેલી અંતિમ દેશના...!

ભગવાને જે વાણીમાં પ્રવચન આપ્યું હતું તે ભાષા અર્ધમાગધી હતી અને સાંભળનારા અલગ અલગ દેશના, અલગ અલગ પ્રકારના લોકો હતા...મનુષ્યોની સાથે અલગ અલગ પ્રકારના પશુઓ અને પક્ષીઓ પણ હતાં.

બધાં એને પોતપોતાની ભાષામાં સમજી શકતાં હતાં. એનો અર્થ એમ નથી કે ભગવાનની અર્ધ માગધી ભાષા ગુજરાતીને ગુજરાતીમાં સંભળાય અને મારવાડીને મારવાડીમાં સંભળાય. એનો ગુઢાર્થ એ છે ભગવાનની વાણી સાંભળી સહુ ભગવાનના ભાવોને સમજી જતાં હતાં. ભગવાન શું કહેવા માંગે છે તે વાત પોત પોતાની ભાષા રૂપે એમને સમજાઈ જતું હતું, કેમકે, તે દેવકૃત રચના હતી જેને જૈનધર્મમાં અતિશય કહેવાય છે.

**અતિશય એટલે આશ્ચર્ય...!!**

જેવો તારો જીવ છે તેવો જ તેનો જીવ છે. સર્વ જીવોને તું તારા આત્મા સમાન માનતો થઈ જા અને છકાયના જીવોની રક્ષા કર.

છકાયના જીવો એટલે ભગવાને છ પ્રકારના જીવો કહ્યાં છે. માટી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસકાય.

પાણીમાં જીવ છે એમ નહીં, પાણી જ જીવ છે. પાણીમાં તો જીવાત, માછલી હોય તે સામાન્ય વાત છે. પણ **પાણી પોતે જ જીવ છે.**

પાણીના એક ટીપામાં કોમ્પ્રેસ કરેલાં કેટલાં જીવો હોય છે, ખબર છે? બધાં જીવોને જો એક સામાન્ય માણસ જેવડાં બનાવી દઈએ તો આખા વિશ્વની બધી જ જગ્યા ખીચોખીચ ભરાય જાય તેના કરતાં પણ વધારે જીવ પાણીના એક ટીપામાં હોય છે...!!

હવે એક મગ પાણીથી તમે તમારું મોઢું ધુવો તો કેટલાં જીવો મરી જાય?

ભગવાને કહ્યું છે, જેમ કોઈ આંધળો, બહેરો, મૂંગો માણસ હોય તેને કોઈ બાંધે, મારે, કાપે અને છૂંદી નાંખે ત્યારે તેને જેટલી વેદના થાય તેટલી જ વેદના પાણી, માટી, અગ્નિ, વાયુ અને વનસ્પતિને થાય. તમારા શરીર પર કોઈ છરીથી ઘા કરે અને તમને જે વેદના થાય તેવી જ વેદના જ્યારે કોઈ વૃક્ષને કુહાડીથી કાપો ત્યારે થાય. છ કાયના જીવોમાં સંવેદના છે માટે વેદના છે. ઘણાંને ટેવ હોય હાલતાં ચાલતાં ઝાડના પાંદડાને તોડતાં જાય... ત્યારે તે પાંદડાને કેવું થાય ખબર છે? એક વિશાળકાય વિકરાળ રાક્ષસ તમારી બાજુમાંથી પસાર થાય અને તમારો કાન તોડીને જતો રહે ત્યારે તમને જેવું થાય!

ભગવાન કહે છે, **જેવો તારો જીવ છે તેવો જ તેનો જીવ છે,** અને તે આ જીવોની હિંસાથી પર થાય છે એટલે કે બચીને રહે છે, તે વહેલો મોક્ષમાં જાય છે.

અને જે આ હિંસાથી બચતો નથી તે અનંતકાળ સુધી સંસારમાં પરિભ્રમણ કરે છે. જગતના જીવોને પાપથી બચાવવા અને જીવોની રક્ષા કરવા ભગવાને કરૂણા કરી કેવા કેવા રહસ્યો સમજાવ્યાં !!!

**આત્મા રાઉન્ડ મારે...**

વિચાર કરો... તમે જીવી રહ્યા છો અને તમારો આત્મા તમારા શરીરની બહાર નીકળી એક રાઉન્ડ મારીને પાછો તમારા શરીરમાં આવી જાય. માનવામાં નથી આવતું ને?

ભગવાને કહ્યું, હા એ શક્ય છે. અને ભગવાને તેનું પણ રહસ્ય બતાવ્યું છે.

આત્માની એક વિશિષ્ટ શક્તિ છે, જેનું નામ સમુદ્ઘાત.

તમે જ્યારે એકદમ ગુસ્સામાં આવો, આવેગમાં આવો, ઉદ્વેગમાં આવો ત્યારે શું થાય? તમારા હાથ પગ ધ્રુજવા લાગે! તમે ક્યારેક અચાનક આશ્ચર્યજનક સમાચાર સાંભળો ત્યારે શું થાય? તમારા રૂંવાડા ઊભા થઈ જાય...! કોઈનો પગ અચાનક તમારા પગના અંગુઠા પર પડે ત્યારે શું થાય? તમારા મોઢામાંથી ચીસ નીકળી જાય...! ઘણીવાર સાંભળીએ છીએ કે કોઈ માજીને ડૉક્ટરે 'ડેડ' ડીકલેર કરી દીધાં હોય અને અર્ધા કલાક પછી પાછા નોર્મલ થઈ ગયા હોય, અને હાલવા ચાલવા લાગે.

તમને ખબર નથી પડતી આ બધું શું થાય છે. કેવી રીતે થાય છે? આ જે પણ ક્રિયા થાય છે તેની પાછળનું સિક્રેટ એ જ છે કે એક સેકંડ માટે તમારો આત્મા તમારા શરીરમાંથી બહાર નીકળી જાય છે. મૃત્યુ ન થયું હોવા છતાં પણ આત્માની શરીરમાંથી બહાર નીકળી જવાની પ્રોસેસ એટલે સમુદ્ઘાત...!

એ થોડી ક્ષણો માટે આત્મા રાઉન્ડ મારીને પાછો તમારા શરીરમાં આવી જાય-ક્યારેય કલ્પના કરી છે કે આવું પણ શક્ય છે?

ભગવાને આગમમાં આવા રહસ્યોનું ઉદ્ઘાટન કર્યું છે. ★

- પ્રવાસ માટે મોટર, રહેવા માટે એરકંડીશન્ડ મકાન, સૂવા માટે ગોળી, જાગવા માટે એલાર્મ, ભોજન માટે દવા, પચાવવા માટે ય દવા, વાળ ઓળવા અરીસો, સેટ કરવા મશીન, પાણી માટે નળ, ખોરાક માટે કૂકર, કપડા ધોવા વોશીંગ મશીન અરે! મર્યા પછી બળવા માટે ય ઈલેક્ટ્રીક સ્મશાન!! આમ, માનવીએ જીવન અને મરણ એવું પરાધીન બનાવી દીધું છે કે એના જીવન-મરણ પણ સ્વતંત્ર ન રહે

# આગમ એક અદ્‌ભુત જીવનકલા

☐ પૂ. ડૉ. તરુલતાબાઈ મહાસતીજી

જૈન દર્શનનો પ્રાણ આત્મા છે. જૈનાગમોમાં પ્રરૂપિત વિવિધ તત્ત્વોનાં કેન્દ્રમાં આત્મા છે–અધ્યાત્મ છે. તેથી જ સર્વવિદ્યાઓમાં અધ્યાત્મવિદ્યાનું સ્થાન સર્વોપરિ છે. કારણ કે અધ્યાત્મવિદ્યા સિવાય અન્ય કોઈ પણ લોક વિદ્યાની પાસે શાશ્વત સુખની ગેરેંટી નથી.

લોક વિદ્યાથી જે કાંઈ પ્રાપ્ત થાય છે, તે બધું જ આત્માની પરિધિથી બહાર છે. તેથી આત્મા તેનો ઉપભોગ કરી શકે જ નહીં. તેથી જ લોક વિદ્યા પાસે આત્મશાંતિનો કોઈ ઉપાય છે જ નહીં. આત્મશાંતિ અધ્યાત્મવિદ્યાનો સર્વથા સુરક્ષિત અધિકાર છે. અને એ અધ્યાત્મવિદ્યાનો પ્રારંભ થાય છે, તત્ત્વજ્ઞાનથી...!

આ તત્ત્વજ્ઞાન એટલે જ આગમ...! જે સર્વ જ્ઞ-સર્વ દર્શી જિનેશ્વર પરમાત્માના શ્રીમુખેથી પ્રસ્ફૂટિત થઈ,ગણધરો દ્વારા વિસ્તરિત થાય છે.

તીર્થંકર પરમાત્મા પ્રથમ દેશનામાં ચૌદપૂર્વના સારરૂપ ત્રિપદી પ્રકાશે છે–'ઉપન્નેઈ વા, વિગમેઈ વા, ધુવેઈ વા.' આ રહસ્ય પુરિત ત્રણ સૂત્રો કર્ણપટ દ્વારા અંતરમાં ઉતરી, જ્ઞાનનો પારાવાર ક્ષયોપશમ થઈ, દ્વાદશાંગી રૂપ વિસ્તાર જેનાં માનસમાં ઉભરે છે, તેવા મહા સામર્થ્યવાન આત્માઓ ગણધરપદનું બિરૂદ પામે છે, ત્યાં દ્વાદશાંગી રચાય છે, ચૌદ પૂર્વોનું જ્ઞાન તેમાં સમાવિષ્ટ હોય છે. આ રીતે તીર્થં કર પરમાત્મા માનવ જાતનાં હિતના કારણે જ્ઞાનનો ગૂઢ ખજાનો ખોલી આપે છે, તેને 'આગમ' કહો, કે કહો 'તત્ત્વજ્ઞાન'.

તત્ત્વજ્ઞાન સર્વ સમસ્યાઓનાં સમાધાનની એક અદ્‌ભુત જીવનકળા છે. એ જ જીવનનું સર્વ પ્રથમ કર્મ અને સર્વ પ્રથમ ધર્મ છે. તેના વિનાનું જીવન અપાર વૈભવની વચ્ચે પણ દરિદ્ર અને અશાંત છે. કિંતુ તત્ત્વજ્ઞાનની હાજરીમાં સર્વ જગતનાં વૈભવ વિના પણ તે એકલો પરમેશ્વર છે.

તત્ત્વજ્ઞાનની સંપૂર્ણ શક્તિ આત્માને માટે જ છે. કારણકે તે ખરેખર આત્માની જ પરિશુદ્ધ બોધાવસ્થા છે. તે આત્માના અનંત કષ્ટોનાં કારણોનું નિદાન કરી જીવનના શાંતિ નિકેતનનું ઉદ્‌ઘાટન કરે છે.

તે કહે છે કે આત્મા સદા અવિનાશી, અનંત શાંતિનિધાન, પરમ વીતરાગ, સર્વથી ભિન્ન, અનંત શક્તિપૂંજ, એક સંપૂર્ણ ચૈતન્ય સત્તા છે. પણ પોતે સ્વયં અનંત મહિમાવાન હોવા છતાં આત્માને પોતાનાં ગૌરવનો વિશ્વાસ અને બોધ નથી. માટે જ અનાદિથી તે દેહ અને દેહની આસપાસ અગણિત જડ પદાર્થોમાં પોતાની પ્રાણપ્રતિષ્ઠા કરતો રહ્યો છે.

એ કારણે જ અનંત કાળથી દુઃખોને ભોગવી રહ્યો છે. તત્ત્વજ્ઞાન–આગમ એક એવી શક્તિ છે કે જે આ દુઃખોનાં સદંતર પરિહારનો પથ પ્રદર્શિત કરે છે. આગમ કહે છે કે, સુખ અને શાંતિ આત્માનું જ સ્વરૂપ છે. તેથી અન્ય કોઈ પદાર્થ તથા ઈન્દ્રિય ભોગોને શાંતિનું સાધન માનીને પદાર્થોનો સંગ્રહ કરવાની ચેષ્ટા કરવી તે મહામૂર્ખતાપૂર્ણ અપરાધ છે. આ કારણે જ ભૌતિક ભાવોમાં ભમતો જીવ દુઃખ-પીડા તેમ જ કષ્ટ વેઠે છે.

તત્ત્વદૃષ્ટા જીવને દેહ હોય છે અને દેહની આસપાસ અગણિત ઈન્દ્રિય વિષયોનું સાનિધ્ય પણ હોય છે. એટલું જ નહીં, ક્યારેક વિષયોનું મનગમતું પરિણમન પણ થાય. પરંતુ સ્વ-પરનાં યથાર્થ ભેદ-વિજ્ઞાનનાં કારણે એ તત્ત્વદૃષ્ટા આ પરિસ્થિતિઓથી પ્રભાવિત થતો નથી.

તત્ત્વજ્ઞાન તત્ત્વદર્શીની પ્રયોગશાળા છે. તે આત્મા સાથે જોડાયેલ વિજાતીય પડોનું X-RAYનાં કિરણોની જેમ ત્યાં સુધી ભેદન કરતો રહે છે, કે જ્યાં સુધી તેને આનંદનિધાન ચૈતન્યનાં દર્શન ન થાય. કાયા અને કર્મની માયામાં તો તેના ચરણ રોકાતા જ નથી. કારણકે તેમાં તેને ચૈતન્યનો આભાસ પણ નથી મળતો. જડ-ચૈતન્યની અત્યંત વિભિન્નતાનું ભાન, તત્ત્વદર્શીને કાયમ હાજર હોય જ છે. તેથી તે આત્મા એ અનુભવમાં આળોટતો રહે છે.

જીવનમાં જેટલા સંયોગ-વિયોગ ચાલ્યા કરે છે, તેના વિષયમાં આગમ કહે છે કે તે આત્માના પુરુષાર્થથી ઊભા થયેલા નથી. પરંતુ કર્મ સાપેક્ષ છે. દૃષ્ટિશૂન્ય અજ્ઞાનીએ પોતે પ્રાપ્ત કર્યાં છે, એવી અસત્ માન્યતામાં રાચે છે અને તેથી જ પોતાનું સારું યે જીવન સંયોગોની સુરક્ષામાં નષ્ટ કરે છે. પણ જે તત્ત્વજ્ઞાની છે, તે ગમે તેવા સંજોગ-વિયોગમાં સમરસ જીવન જીવે છે.

તત્ત્વજ્ઞાન કષાયનાં શિખરો પર ઉલ્કાની જેમ પડે છે. જેનાં કારણે વ્યક્તિનાં પાપાચરણોની પરતોનો ધ્વંસ થઈ જાય છે. આજ સુધી ભયંકર પાપો દ્વારા આત્મા પર કર્મોનાં ગંજ ખડકાયાં હતાં, તે સાફ થઈ જાય છે. અને વ્યક્તિ તત્ત્વજ્ઞાન દ્વારા આત્મ વિશુદ્ધિની સ્થાયી સંપત્તિનો સ્વામિ બને છે.

આ રીતે આગમ કહો કે તત્ત્વજ્ઞાન કહો તે ચરમ પતનથી ચરમ ઉત્કર્ષ સુધી લઈ જવા માટેનો પ્રશસ્ત માર્ગ છે.

જૈન કૂળમાં જન્મ મળવાનાં કારણે આપણને સહજતા અને સરળતાથી પ્રાપ્ત થયેલાં આ આગમોનાં ઊંડા મર્મોને સમજી પ્રયોગમાં ઉતારીએ. આત્માથી આત્માનો અનુભવ કરીએ...!!!

★

## આગમ–વાણી

- જાણતાં કે અજાણતાં કોઈ અધર્મ કાર્ય થઈ જાય તો પોતાના આત્માને એમાંથી તરત હટાવી લેવો. ત્યાર પછી બીજી વાર એવું કાર્ય ન કરવું.
- ધર્મને સાંભળીને મનુષ્ય કલ્યાણકારી શું છે તે જાણે છે. વળી તે ધર્મને સાંભળીને પાપ શું છે તે જાણે છે. આમ ધર્મશ્રવણ દ્વારા તે બંનેને જાણીને જે શ્રેય હોય છે તેનું તેણે આચરણ કરવું.

# શ્વેતાંબર માન્ય જૈન અંગ આગમ સાહિત્યનો રચનાકાળ

☐ ડૉ. સાગરમલ જૈન ● સંક્ષિપ્ત અનુવાદ : ડૉ. મધુબેન બરવાળિયા

જૈન આગમ સાહિત્ય વિશાળ છે. જે મુખ્યત્વે બે વિભાગોમાં વહેંચાયેલું છેઃ ૧. અંગ પ્રવિષ્ટ (અંગસૂત્રો)–૨. અંગબાહ્ય. શ્રી નંદીસૂત્રમાં આ બંને વિભાગોના ૭૮ ગ્રંથોની નોંધ પ્રાપ્ત છે. આમાંથી લગભગ ૨૮ ગ્રં થો આજે ઉપલબ્ધ છે. અપ્રાપ્યગ્રંથોના રચનાકાળનો નિર્ણય કરવો મુશ્કેલ છે. એ વિશે આપણે એટલું જ કહી શકીએ કે એ ગ્રંથોનો નંદીસૂત્ર પહેલાં એટલે કે ઈસુના પાંચમા સૈકા પહેલાંનો સર્જનકાળ હોઈ શકે. શ્વેતાંબર પરંપરામાં તત્ત્વાર્થ ભાષ્ય અને દિગંબર પરંપરાના સર્વાર્થસિદ્ધ આદિ ગ્રંથોમાં ૧૨ અંગ અને ૧૪ અંગબાહ્યના ઉલ્લેખો મળે છે એમાંથી દૃષ્ટિવાદને છોડીને ૧૧ અંગ તથા અંગબાહ્ય આગમ ગ્રંથો આજે પણ શ્વેતાંબર પરંપરામાં ઉપલબ્ધ છે.

કોઈપણ ગ્રંથના રચનાકાળ, કે જેમાં લેખક કે રચના સંવતનો ઉલ્લેખ ન હોય તેનો રચનાકાળ નિર્ધારિત કરવા માટે કેટલાંક તથ્યો પર નિર્ભર થવું પડે છે.

(૧) એ ગ્રંથનો સર્વપ્રથમ ઉલ્લેખ ક્યા ગ્રંથમાં મળે છે. અને તે ગ્રંથનો રચનાકાળ શું છે? (૨) એ ગ્રંથની ભાષા કઈ છે અને એ ભાષાનું સ્વરૂપ ક્યા કાળમાં પ્રચલિત રહ્યું હતું? (૩) એ ગ્રંથ અથવા એ ગ્રંથની વિષયવસ્તુનો સંદર્ભ અન્ય ગ્રંથોના ક્યા કાળને મળતો આવે છે? (૪) ગ્રંથમાં નિરૂપણ થયેલ વિષયવસ્તુ અને દાર્શનિક ચિંતન ક્યા કાળનું છે કારણ કે ભારતની દાર્શનિક ચિંતનધારાનો કાળક્રમમાં વિકાસ થયો છે માટે તે ઉપસ્થિતિને આધારે કોઈ પણ ગ્રંથનું કાળ નિર્ધારણ સંભવી શકે. (૫) ક્યારેક ક્યારેક ગ્રંથમાંના વિશિષ્ટ મહત્ત્વપૂર્ણ સિદ્ધાંતો પણ કાળ નિર્ણયમાં સહાયક બની શકે છે. (૬) ક્યારેક એવું પણ બને કે સંપૂર્ણ ગ્રંથનો કાળ નિર્ણય કરવો શક્ય ન હોય ત્યારે ગ્રંથની વિષયવસ્તુને અલગ અલગ સ્તરમાં વિભાજીત કરવામાં આવે અને એ સ્તર પ્રમાણે કાળનિર્ણય કરવામાં આવે. (૭) ગ્રંથોમાં ઉલ્લેખ થયેલી ઐતિહાસિક વ્યક્તિઓ કે ઘટનાઓને આધારે પણ કાળનિર્ણય કરવામાં આવે છે. (૮) ગ્રંથમાં વર્ણન કરવામાં આવેલ તથ્યો અને ઘટનાઓ જે તે વિષયવસ્તુના સંદર્ભમાં તેનો અભ્યાસ અને તે કાળના અન્ય સંદર્ભો તપાસીને કાળનિર્ણય કરી શકાય છે. (૯) ગ્રંથના લેખક અને રચનાકાળ સંબંધી પરંપરાગત માન્યતાઓને લક્ષમાં લઈને કાળનિર્ણય કરી શકાય છે.

ઉપરોકત સમગ્ર મુદ્દાઓને લક્ષમાં રાખીને રચનાકાળ સંબંધી અનેક વિચાર કરવામાં આવે તો પણ તેમાં ઘણી મુશ્કેલીઓ છે કારણકે આગમના ભાષા સ્વરૂપમાં એકરૂપતા જોવા મળતી નથી.

આગમોમાં પ્રાચીન અને અર્વાચીન બંને શબ્દ રૂપો જોવા મળે છે. કાંઈક પ્રાચીન સ્તરના આગમોની ભાષા ધીરે ધીરે અર્વાચીન શબ્દ રૂપથી પ્રભાવિત થઈ બદલી ગઈ છે. આજે આગમોનું પ્રાચીન અર્ધ માગધી સ્વરૂપ સ્થિર રહ્યું નથી. કે ટલીક હસ્તપ્રતો અને ચૂર્ણિઓને છોડીને મહારાષ્ટ્રી પ્રાકૃત (મરાઠી)નો પ્રભાવ જોવા મળે છે.

વલ્લભી વાચનાના સમય અને ત્યાર પછી પણ વિષયવસ્તુ અને ભાષાના સ્વરૂપમાં પરિવર્તન દેખાય છે. એટલું તો ચોક્કસ છે કે ચૂર્ણિઓ વલ્લભી વાચના પછી જ રચાઈ છે. અંતિમ વલ્લભ વાચના પાંચમી સદીની છે અને ચૂર્ણિઓ લગભગ સાતમા સૈકામાં રચાઈ છે. દાખલા તરીકે સૂત્રકૃતાંગનો મૂળ પાઠ 'રામપુ તે' ચૂર્ણિમાં 'રામાઉત્તે' થઈ વર્તમાનમાં'રામગુત્તે' થયો છે. આ પાઠ પરિવર્તન પુનઃલેખન (પ્રતિલિપિ) સમયે થઈ ગયો હોય એવું જણાય છે. ગ્રંથોનું આધુનિક કાળમાં થયેલ સંપાદન પ્રકાશન હેમચંદ્રાચાર્યકૃત પ્રાકૃત વ્યાકરણને આધારે થયું છે. દાખલા તરીકે પૂ. પૂણ્યવિજયજી જેવા સંનિષ્ઠ સંપાદક દ્વારા પ્રાચીન અર્ધમાગધીરૂપ હસ્તપ્રતોમાં હોવા છતાં અર્વાચીન મરાઠી શબ્દરૂપનો પ્રયોગ કરવામાં આવ્યો છે. એમના દ્વારા સંપાદિત 'अंगविज्जि'ની આધારભૂત તાડપત્રીય પ્રતમાં 'नमो' પાઠ હોવા છતાં મહારાષ્ટ્રીય પ્રાકૃતમાં 'णमो' પાઠનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

એક રીતે જોઈએ તો આગમના રચનાકાળનો નિર્ણય મુશ્કેલ છે છતાં તાડપત્રીય અને હસ્તલિખીત ગ્રંથોના શબ્દરૂપોને જોઈને ચોક્કસ અનુમાન પર આવી શકાય. અંગ સાહિત્યનો પ્રથમ ગ્રંથ આચારાંગ સૂત્ર છે. આ ગ્રંથમાં બે શ્રુતસ્કંધ છે જેમાં પ્રથમ શ્રુતસ્કંધની પ્રાચીનતા નિર્વિવાદ છે. ગ્રંથ ગદ્યની સૂત્ર શૈલિનું અનુસરણ કરે છે. પદ્ય ભાગમાં પ્રાચીન ગાથા અને છંદ જોવા મળે છે. આત્માસંબંધી વિચારો ઉપનિષદો સમરૂપ છે. મુનિ આચાર સંબંધી વિચારો જોતાં ઈ.સ.પૂર્વે ચોથા સૈકાનો આ ગ્રંથ હોય તેવું પ્રતિપાદન થાય છે. વિદ્વાનોની માન્યતા પ્રમાણે આ એક માત્ર ગ્રંથમાં ભગવાન મહાવીરની મૂળ વાણી સુરક્ષિત છે.

શ્રી આચારાંગ દ્વિતીય શ્રુતસ્કંધ જે આચાર ચૂલાને નામે જાણીતો છે તેનો કાળ ઈ. સ. પૂર્વે ત્રીજી કે બીજી સદી માનવામાં આવે છે. પરંપરાગત માન્યતા પ્રમાણે તેના રચયિતા ભદ્રબાહુ પ્રથમ છે. જે ચંદ્રગુપ્ત મૌર્યના સમકાલીન હતા તો તેનો સત્તાકાળ ઈ. સ. પૂર્વે ત્રીજી સદી માનવામાં આવે છે. બીજું અંગસૂત્ર સૂત્રકૃતાંગ છે. આમાં પણ બે શ્રુતસ્કંધ છે. પ્રથમ શ્રુતસ્કંધ પ્રાચીન જણાય છે. તેમાં સૃષ્ટિ સંબંધી માન્યતાઓનો ઉલ્લેખ અથવા પંચરિતવાદ, ષષ્ઠ આત્મવાદ વિગેરેના ઉલ્લેખો ઉપનિષદ સમકાલીન જણાય છે. આમાં નમિઅસિત દેવલ નારાયણ દ્વાપાયન, ઉદક, બાહુક, વિગેરેનો ઉલ્લેખ છે. આ ઋષિઓ સંબંધી મૂળ ગ્રંથકારે ઉદાર દૃષ્ટિકોણ પ્રગટ કર્યો છે. આ ગ્રંથનો રચનાકાળ ઈ. સ. પૂર્વે ત્રીજી સદી માની શકાય.

ત્રીજું અંગસૂત્ર ઠાણાંગ છે. આ બૌદ્ધ ગ્રંથ 'અંગુતર નિકાય'ના સ્વરૂપ જેવું જ વિવિધ વિષયોના વર્ણનો પ્રસ્તુત કરે છે જેમાં સાત 'નિન્હવો'નો ઉલ્લેખ છે. જેમાં અંતિમ 'નિન્હવ' ભગવાન મહાવીર પછી ૫૮૪ વર્ષે થયા. ઉપરાંત તેમાં નવ ગણોનો ઉલ્લેખ છે. તેમાં અનેકોનો ઉલ્લેખ મથુરાના દુષાણ અને શકાલીન અભિલેખો ઉપરાંત કલ્પસૂત્ર સ્થિરવિરાવાલીમાં પણ છે. આ બંનેના આધાર પર તેમની રચનાકાળની અંતિમ સીમા ઈ.સ. બીજી કે ત્રીજી સદી સુધી ગણી શકાય.

અંગસાહિત્યનો ચોથો ગ્રંથ સમવાયાંગ સૂત્ર છે. તેમની શૈલી ઠાણાંગ સૂત્ર જેવી છે. પરંતુ આ ગ્રંથની વિષયવસ્તુ જૈન ધર્મદર્શનની સુવ્યવસ્થિત વિકસિત અવસ્થાનું નિરૂપણ કરે છે. આમાં જે વિષયવસ્તુનું વર્ણન છે તે ઠાણાંગ સૂત્ર પછીનું અને નંદીસૂત્ર પહેલાનું છે. દા. ત. શ્રી ઠાણાંગ સૂત્રમાં અંતકૃત દશાના દસ અધ્યયનો છે, જ્યારે સમવાયાંગમાં તેના સાત વિભાગોનો ઉલ્લેખ છે અને નંદીસૂત્રમાં તેના આઠ વિભાગોનો ઉલ્લેખ મળે છે. શ્રી સમવાયાંગમાં જીવસ્થાનના રૂપમાં

ગુણસ્થાનનો જે સંદર્ભ મળે છે તે ષટ્ખંડાગમના ગુણસ્થાન સંબંધી નિશ્ચિત રૂપમાં પહેલાની છે. આ બધા આધારો પર વિચારણા કરતાં સમવાયાંગના વર્તમાન સ્વરૂપનો સમય ઈસ્વીસનના ચોથા સૈકાની લગભગ નિશ્ચિત કરી શકાય.

પાંચમું અંગ ભગવતી સૂત્ર છે. આ સૂત્રની રચનાનો સમય નક્કી કરવો ઘણો કઠીન છે. આમાં એક પ્રજ્ઞાપના લગભગ પ્રથમ સદી, અનુયોગદ્વાર બીજી સદી, નંદીસૂત્ર પાંચમી સદી–આ રીતે અલગ અલગ કાળક્રમના ગ્રંથોનો ઉલ્લેખ છે. તો બીજી તરફ આ ગ્રંથમાં જૈન ધર્મના દર્શનની પ્રાચીન અવધારણાઓનો પણ ઉલ્લેખ છે. ઉદાહરણાર્થ ભગવતી સૂત્રમાં ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયનો અર્થ ગતિ અને સ્થિતિમાં સહાયક દ્રવ્યના રૂપમાં મળે છે. આવી જ રીતે કાળને સ્વતંત્ર દ્રવ્ય ન માનવાની પ્રાચીન માન્યતા અને કાળ સ્વતંત્ર દ્રવ્ય છે, એવી માન્યતા પણ આમાં ઉપલબ્ધ છે. સત્ય એ છે કે સ્થાનાંગ, સમવાયાંગ અને ભગવતી સૂત્રમાં વિભિન્ન વાચનાઓના સમયકાળ દરમ્યાન નવીન સામગ્રી ઉમેરાતી ગઈ છે અને એ પરિવર્તીત, પ્રકાશિત અને સંપાદિત થતી રહી છે. આમ ભગવતી સૂત્રના વિષયવસ્તુના અનેક સ્તર છે જેમાં ઈ. પૂ.થી લઈ ઈસ્વીસન પછીની સદીના વિષયવસ્તુના સંકેત છે.

ભગવતી સૂત્ર પછીનો ક્રમ છે જ્ઞાતાધર્મકથા. શ્વેતાંબર અને દિગંબર પરંપરાના પ્રતિક્રમણ સૂત્રમાં જ્ઞાતાધર્મ કથાના ૧૯ અધ્યયનોનો ઉલ્લેખ છે. જ્યારે સમવાયાંગ અને નંદીસૂત્રમાં એના બે શ્રુતસ્કંધોનો ઉલ્લેખ જોવા મળે છે. 'જ્ઞાતાધર્મકથા' એ નામથી જ એવું જણાય છે કે આ સૂત્રમાં જ્ઞાતવંશીય મહાવીર દ્વારા કથિત કથાઓનો સમાવેશ છે. આ પણ સત્ય છે કે કાચબા, મોરના ઈંડા આદિ બોધાત્મક કથા વિશેષ અતિપ્રાચીન છે; પણ આ કથાઓ શ્રી મહાવીર દ્વારા કથિત પણ હોઈ શકે છે. આ સૂત્ર ૧૯ અધ્યયન ઈ. પૂ.ની રચના હશે એવું નિશ્ચિત લાગે છે. આગમમાં સાતમું અંગ ઉપાસક અંગ દશાંગ છે. આ અંગમાં મહાવીરના સમકાલીન ૧૦ શ્રાવકોનું વર્ણન છે. આમાં એ શ્રાવકોના નગર, વ્યવસાય, પૂર્વ ધર્મગુરુ, એમની સંપત્તિ આદિનું જે વર્ણન છે એ મહાવીરના સમકાલિન છે. મહાવીરની પરંપરાના શ્રાવકોની જીવનચર્યાનું વર્ણન મળે એવો આ પ્રથમ ગ્રંથ છે. આ ગ્રંથમાં શ્રાવકાતોનું વર્ગીકરણ અણુાત અને શિક્ષાવ્રતમાં મળે છે. અને શ્રાવકોના બાર વ્રતો અને એમાં લાગતા અતિચારોનો પણ સમાવેશ છે. આ ગ્રંથ ઈ.પૂ. બીજી સદીનો લગભગ હોવો જોઈએ. આ ગ્રંથમાં ગોશાલક અને એની પરંપરા પ્રત્યે ઉદાર દૃષ્ટિકોણનો પરિચય આપવામાં આવ્યો છે.

આઠમું અંગસૂત્ર અંતગડ સૂત્ર છે. શ્રી ઠાણાંગ સૂત્રમાં આના દસ અધ્યયનોનો ઉલ્લેખ છે, જ્યારે વર્તમાન સમયમાં તેના આઠ વિભાગો અને ૯૦ અધ્યયન છે. આપણે જાણીએ છીએ કે શ્રી સમવાયાંગમાં તેના સાત વિભાગ અને દસ અધ્યયનોનો ઉલ્લેખ છે; જ્યારે નંદી સૂત્રમાં આઠ વિભાગો જ છે. તેનાથી એ નિશ્ચિત છે કે સમયાનુક્રમે આ વસ્તુમાં પરિવર્તન થતું રહ્યું છે; માટે આનો રચના સમય નિશ્ચિત કરવા માટે આપણે બે દૃષ્ટિથી વિચાર કરવો પડશે. પ્રાચીન દસ અધ્યયનવાળા સ્વરૂપની અપેક્ષા અને પછીથી સાત અથવા આઠ વિભાગની દૃષ્ટિથી. જ્યાં સુધી તેની પ્રાચીન વિષયવસ્તુનો પ્રશ્ન છે તે જોતાં ઈ.સ.પૂ. ત્રીજી અથવા બીજી સદી પહેલાંની એ રચના સંભવે છે. કારણકે ઠાણાંગ સૂત્રની રચના સમયે આનું અસ્તિત્વ જરૂર હશે જ. આ રચના ઋષિભાષિત અને સુયગડાંગની સમકાલિન હશે. રચનાકાળ ઈ.સ.પૂ. ત્રીજો સૈકો માનવો જોઈએ.

નવમું સૂત્ર અનુત્તરોવવાઈ દશા સૂત્ર.

ઠાણાંગ સૂત્રમાં તેના દસ અધ્યયનોનો ઉલ્લેખ છે . અનુત્તરોવવાઈ સૂત્રના ત્રણ વિભાગો ઉપલબ્ધ છે. તેમાં બીજા વિભાગમાં ઋષિદાસ, ધન્ય અને સુનક્ષત્ર આ ત્રણ અધ્યયનોમાં પ્રાચીન વિષયવસ્તુ છે. ઠાણાંગમાં ઉલ્લેખાયેલા બાકીના સાત અધ્યયનો વર્તમાન અનુત્તરોવવાઈ સૂત્રમાં ઉપલબ્ધ છે. શ્રી સમવાયાંગ અને શ્રી નંદીસૂત્રમાં એમાંના ત્રણ વિભાગોનો ઉલ્લેખ છે. એથી એ સાબિત થાય છે કે ઠાણાંગ પછી અને શ્રી સમવાયાંગ અને શ્રી નંદીસૂત્રની રચના પહેલાં તેના વિષયવસ્તુમાં પરિવર્તન થયું છે; એ આધારથી આપણે એમ કહી શકીએ કે ઠાણાંગમાં નિરૂપણ પામેલી વિષયવસ્તુ ઈ. સ. પૂર્વની છે અને સમવાયાંગ અને નંદીમાં ઉલ્લેખ પામેલ ત્રણ વિભાગો અત્યારે વર્તમાન સ્વરૂપે ઈ. સ. ત્રીજી કે ચોથી સદીના છે. પરંતુ એ યાદ રહે કે ઠાણાંગમાં સ્થાન પામેલા શાલિભદ્ર, કાર્તિક, આનંદ, તેતલીપુત્ર, અતિમુક્ત અને દશાણભદ્રના કથાનકો ભલે અનુત્તરોવવાઈથી અલગ કરી દીધા હોય છતાં આજે પણ તે આગમિક વ્યાખ્યાઓ અને સાહિત્યમાં જીવિત છે. માત્ર તેતલીપુત્રનો જ્ઞાતાધર્મકથામાં અને ઋષિભાષિતમાં, આનંદનો ઉપાસક દશામાં, આઈમુક્તાનો અંતગડ દશામાં ઉલ્લેખ મળે છે. આ પરિવર્તન સ્કંદિલ અથવા નાગાર્જુનના વાચના સમયે ચોથી સદીમાં થવાની સંભાવના જણાય છે.

દસમું અંગસૂત્ર પ્રશ્નવ્યાકરણ છે.

પ્રશ્નવ્યાકરણનો ઉલ્લેખ ઠાણાંગ, સમવાયાંગ, નંદીસૂત્ર અને નંદીચૂર્ણિમાં મળે છે. વર્તમાનમાં જે પ્રશ્નવ્યાકરણની વિષયવસ્તુ છે તે નંદીચૂર્ણિ સમરૂપ છે. નંદીચૂર્ણિની રચનાનો સમય સાતમી સદી છે તેથી વર્તમાન પ્રશ્નવ્યાકરણ વલભી વાચના પછી ને નંદીચૂર્ણિ પહેલાં લગભગ છઠ્ઠી સદીમાં રચાયાની સંભાવના છે. પરંતુ તેનો અર્થ એ વો કદાપિ ન કરી શકાય કે આના પહેલાં પ્રશ્નવ્યાકરણનું અસ્તિત્વ ન હતું. પ્રશ્નવ્યાકરણના અસ્તિત્વનો આચારાંગના પ્રથમ શ્રુતસ્કંધ અને ઋષિભાષિત સમકાલિન અર્થાત્ ઈ. સ. પૂર્વ ચોથી સદીથી સિદ્ધ છે; કારણકે ઋષિભાષિતના એકત્રીસમા અધ્યયનમાં તેનો સ્પષ્ટ ઉલ્લેખ છે. ઋષિભાષિતમાં પાર્શ્વ નામનું અધ્યયન છે અને પ્રશ્નવ્યાકરણમાં પણ પાર્શ્વ નામનું અધ્યયન છે. બંને અધ્યયનમાં પાઠ ભેદ છે. ઠાણાંગમાં જે અધ્યયનોનો ઉલ્લેખ જોવા મળે છે તેમાં મહાવીરભાષિત, ઋષિભાષિત આદિ પ્રશ્નોત્તર હોવાથી પ્રશ્નવ્યાકરણનું પ્રથમ સંસ્કરણ ઈ. સ. પૂર્વ પાંચમી–ચોથી સદીનું હોઈ શકે.

પ્રશ્નવ્યાકરણ સૂત્રના ચાર સંસ્કરણ થયા હોઈ તે ઈ. સ. પૂર્વ પાંચમી, બીજી, ત્રીજી, અને છઠ્ઠી સદીમાં રચાયા હોય તે સંભવ છે.

અંગ આગમનો અંતિમ ગ્રંથ વિપાક સૂત્ર છે. સમવાયાંગમાં તેમના બે શ્રુતસ્કંધ અને દસ અધ્યયનોનો ઉલ્લેખ છે. જો કે ઠાણાંગમાં વિપાક દશાના દસ અધ્યયનોનો ઉલ્લેખ છે. એમાં પણ મૃગાપુત્ર અને શકટ નામના બે અધ્યયન વર્તમાનના દુઃખવિપાક અંતર્ગત છે તેનાથી એવું સાબિત થાય છે કે પહેલાં દુઃખવિપાક જ વિપાક સૂત્રના નામથી હતું. તેમાં સુખવિપાક પાછળથી ઉમેરવામાં આવ્યું હોય. ઠાણાંગ અને સમવાયાંગમાં જે નામોના ભેદ છે તેનો પૂર્વભવ અને વર્તમાન જીવનના આધારે સમન્વય કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આના આધારે સ્પષ્ટ થાય છે કે તેનું પહેલું સંસ્કરણ ઈ. સ. પૂ. ચોથી સદીનું છે.

અંગ આગમોના રચનાના સમય સંબંધની વિવેકપૂર્ણ ચર્ચાને હવે વિરામ આપીએ છીએ. ★

# કર્મસમજ સુખની ચાવી

☐ ધનવંત શાહ

લગભગ છ-સાત વરસ પહેલાં કચ્છમાં જૈન જ્ઞાનસત્રમાંથી પાછા ફરતાં કચ્છ નાની ખાખરમાં બિરાજમાન 'સમણસુત્તં' ગ્રંથનું ગુજરાતી ભાષામાં અવતરણ કરનાર મહોપાધ્યાય પૂ. ભૂવનચંદ્રજી. મ.સા.ના દર્શને જવાનો ભાવ થયો. અમે ત્યાં ગયા, અને પૂજ્યશ્રી સાથે થોડી તત્ત્વ ચર્ચા થઈ. મારો પ્રશ્ન હતો કે આ કર્મવાદ અંતે તો નિયતિને જ શરણે છે. ગીતામાં પણ કૃષ્ણે કહ્યું છે કે કર્મ કર ફળની આશા ન રાખ. એમાં પણ પરિણામ માટે ગર્ભિત ધ્વનિ નિયતિનો જ દેખાય છે. થોડા સમય પહેલાં પૂ. સંત અમિતાભજીકૃત 'નિયતિ કી અમીટ રેખાએં'ને કેન્દ્રમાં રાખીને મેં નિયતિ વિશે 'પ્રબુદ્ધ જીવન'માં લેખ લખ્યો હતો, પૂજ્યશ્રી સાથેની અમારી એ ચર્ચામાં એનું અનુસંધાન હતું. મારા આ વિચાર સાથે પૂજ્યશ્રી સંમત ન હતા, અમારી વચ્ચે ખૂબ તાત્ત્વિક ચર્ચા થઈ.

મારો બીજો પ્રશ્ન એ હતો કે આ કર્મવાદ જેવું કાંઈ જ નથી. બૌદ્ધિકોએ ઉપજાવી કાઢેલો તર્ક છે જેથી સામાજિક નિયમો વ્યવસ્થિત રહે. આ કર્મવાદના વિચારને કારણે, એના 'ભય'ને કારણે કોઈ વ્યક્તિ સમાજને હાનિ થાય એવા ખોટા કામ ન કરે. ઉપરાંત જે ઘટનાનો તાર્કિક જવાબ નથી, એ ઘટના, એના કારણો અને એના પરિણામને આ સંત બૌદ્ધિકો પૂર્વ અને પુનઃ જન્મના ખાનામાં નાખી દે છે.

ઘણાં બૌદ્ધિકો પ્રશ્ન પૂછે છે કે કેટલીક વ્યક્તિઓએ જીવનમાં કાંઈ જ ખોટું ન કર્યું હોય, સંત જેવું જીવનમાં જીવ્યા હોય, છતાંય દુઃખમાં હોય, નાનું બાળક કે જેણે કોઈ જ અઘટિત પાપ કર્મ ન કર્યું હોય છતાં જીવલેણ રોગમાં સપડાઈ જાય છે, ઘણાં સંત મહાત્મા જે સર્વ માટે પૂજનીય અને જીવન આદર્શ હોય, એમને શા માટે જીવલેણ રોગો અને કષ્ટ? ઈશુને કેમ વધ સ્તંભ? સોક્રેટીસને અને મીરાંને કેમ ઝેરનો કટોરો અને ગાંધીને કેમ ગોળી?

ઉપરાંત જો પ્રત્યેક કર્મનો એવા જ કર્મથી ઉત્તર અને પરિણામ હોય, તો આત્માને પહેલું 'બીજ' કર્મ કોણે કરાવ્યું?

આવી બધી વિશદ ચર્ચા પૂજ્યશ્રી સાથે થઈ, પરંતુ સંતોષ એક જ શરતે થયો કે કર્મવાદમાં માનવું હોય તો પ્રથમ શરત એ કે આત્માના અસ્તિત્વમાં માનવું. જો આ માન્યતા સ્થિર થાય તો બધા જ પ્રશ્નોના સરળતાથી ઉત્તર મળી જાય.

આત્મા દૃશ્યમાન નથી, હવા અને અગ્નિનું આવવું જવું, એવું ઘણું દૃશ્યમાન નથી, છતાં એનું અસ્તિત્વ છે એવો અહેસાસ તો દરેકને થાય છે, પ્રત્યેક શરીરમાં કાંઈ તો 'એવું' છે કે જે ચાલ્યા જવાથી 'જડ' પડી રહે છે. જેને અગ્નિ અથવા ધરતીને સમર્પિત કરી દેવાય છે. એટલે આત્માના અસ્તિત્વને માનવું જ પડે.

કર્મ વિજ્ઞાન વિશે જાણવાની મારી જિજ્ઞાસા વધતી ગઈ.

વાચન યાત્રાનો પ્રારંભ કર્યો, ગણધરવાદ વાંચ્યો અને કર્મવાદ ઉપર જેમણે પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી 'કર્મતણી ગતિ ન્યારી' ભાગ ૧-૨, પૃષ્ટ-૬૦૦, બે ગ્રંથો લખ્યા છે એવા પ. પૂ. પંન્યાસ ડૉ. અરુણ વિજયજી મ. સા.ના એ ગ્રંથો વાંચ્યા, અન્ય વિદ્વાન મિત્રો સાથે ચર્ચા કરી અને સમાધાનો પ્રાપ્ત થયા.

અન્ય ધર્મો આ કર્મવાદ વિશે શું કહે છે એનો અભ્યાસ કરવાનો પ્રયત્ન કર્યો અને એટલું તો ફલિત થયું કે જૈન ધર્મે કર્મવાદ ઉપર જે સૂક્ષ્માતિસૂક્ષ્મ વિશ્લેષણ-પૃથ્થકરણ કર્યું છે એવું જગતના કોઈ ધર્મે નથી કર્યું. જીવ-આત્મા, નિગોદ, કર્મ બંધન, કર્મવર્ગણા, આશ્રવ, સંવર, કર્મ નિર્જરા, કર્મ ક્ષયનો ઉપાય, કર્મક્ષય અને પરિણામે કર્મશૂન્યથી મોક્ષ.

આ પ્રશ્નો અને સમાધાન 'પ્રબુ દ્ધ જીવન'ના વાંચકો સુધી પહોંચાડવાની ઈચ્છા થાય એ સ્વાભાવિક છે. પરંતુ આ ભગીરથ કાર્ય કેમ પાર પાડવું?

સંકલ્પ કરાય તો સંજોગો સામે આવીને ઊભા રહે; આ અનુભવ થયો. અને એ વિગત મેં આ સાથેના સંપાદિકાના પરિચય લેખમાં તેમ જ વિદુષી સંપાદિકાઓએ આ અંક માટે જે સંપાદન યાત્રા કરી એ લેખોમાં વર્ણવી છે. જિજ્ઞાસુ વાચક મિત્રોને એ બે પાના વાંચવા ખાસ વિનંતિ છે.

એક વખત આ કર્મની યાત્રા સમજાય જાય, પછી પ્રત્યેક દુઃખમાં કારણો સાથે દુઃખની સમજુતી મળે અને સુખમાં અહંના વિગલનની સમજ. એટલે જ જૈન ધર્મના આ કર્મ સિદ્ધાંતો એટલે બધાં દુઃખો અને સુખોના તાળાની ચાવી.

અત્યાર સુધી લગભગ બારેક વિશેષ અંકો 'પ્રબુદ્ધ જીવન'ના પ્રબુદ્ધ વાચકોને અમે સમર્પિત કર્યા છે, અને આનંદ-ગૌરવ છે કે કદરદાન વાચકો ની એ પ્રસંશા પામ્યા છે.

આ વધુ એક વિશિષ્ટ કર્મવાદ અંક પ્રબુદ્ધ વાચકોના કરકમળમાં સમર્પિત કરતા અમે આનંદ અનુભવીએ છીએ.

વિદુષી સંપાદિકાઓએ આ ગ્રંથ જેવો અંક ખૂબ જ પરિશ્રમથી તૈયાર કર્યો છે. જૈન તેમજ અન્ય ધર્મમાં કર્મવાદ વિશે તજજ્ઞો પાસેથી અભ્યાસપૂર્ણ લેખો નિમંત્રિત કરી અહીં પ્રસ્તુત કરી આ ગ્રંથ-અંકને વિશાળતા અર્પી છે. આ અંક વાંચ્યા પછી આદ્ય વિદુષી સંપાદિકાને અભિનંદન આપવા આપ થનગનશો એવી મને ખાત્રી છે.

જ્ઞાન પિપાસુ વાચકને મારી વિનંતિ છે કે આ અંકને સ્વસ્થતાપૂર્વક અને ધીરજથી વાંચે. અહીં કર્મ વિશેના ઘણાં ગ્રંથોનો 'અર્ક' છે જે આપણા સૌના આત્માને મઘમઘાવવા સમર્થ છે. અહીં કર્મના એક તાળાની ઘણી ચાવીઓ છે.

દુઃખના નિમિત્તને દોષ ન દઈએ અને સુખના કારણોની સમજ શોધીએ તો કર્મનિર્જરા છે અને પુણ્યકર્મની પ્રાપ્તિ પણ છે.

કર્મસમજ, કર્મનિર્જરા અને કર્મક્ષયથી મોક્ષ પ્રાપ્તિની ઊર્ધ્વગામી યાત્રાના સોપાનો અહીં પ્રસ્તુત છે.

વાચકને પ્રત્યેક પળે શુભકર્મના ભાવ જાગે અને પ્રત્યેક પળ કર્મ નિર્જરાની બની રહે એ જ અભ્યર્થના. ★

# જૈન દર્શન અને કર્મવાદ

□ ડૉ. પાર્વતી નેણશી ખીરાણી અને ડૉ. રતન ખીમજી છાડવા

**શું ઈશ્વર સુખદુઃખ આપે છે ?**

પ્રાયઃ પરંપરાથી લોકોક્તિ પ્રસિદ્ધ છે કે-□ઈશ્વરની મરજી વગર પાંદડું પણ હલતું નથી. અથવા તો ધાર્યું ધણી (ઈશ્વર)નું થાય. એનો અર્થ એ થયો કે જેટલી પણ ક્રિયા કરવામાં આવે છે તે ઈશ્વર જ કરાવે છે. અને તેનું ફળ ઈશ્વર જ આપે છે. એટલે આ બધામાં ઈશ્વરનો હાથ છે એમ માનવું પડે. ઈશ્વરથી પ્રેરિત જીવ ક્રિયા કરે છે અને તેના ફળ સ્વરૂપે સજા પણ ભોગવે છે. દા. ત. ઈશ્વર ચોર પાસેથી ચોરી કરાવે છે અને પછી ન્યાયાધીશ પાસેથી સજા પણ અપાવે છે. એમ માનીએ તો પ્રશ્ન થાય કે ઈશ્વર જ જો ચોરી કરાવે તો ચોર ચોરી કરવામાં સ્વતંત્ર નથી રહેતો તેથી તે નિર્દોષ ઠરે છે. તો શું ઈશ્વરનો દોષિત માનવા? વળી ઈશ્વરને તો સર્વ શક્તિમાન અને કૃપાસિંધુ, કરુણામય માનવામાં આવે છે. તો શા માટે કોઈને ચોરી, લૂંટ, ખૂન જેવી ક્રિયાઓ કરવાની પ્રેરણા આપે? તો પછી ચોરને ચોરી કરવા પ્રેરિત કરનાર કોઈક બીજું જ તત્ત્વ હોવું જોઈએ! એ તત્ત્વ કયું હશે? શું એ બહુચર્ચિત તત્ત્વ કર્મ હશે? તો ચાલો નીચેના ઉદાહરણથી જાણીએ.

## કર્મ પ્રકૃતિ

| નં. | કર્મનું નામ | ક્યા ગુણને રોકે ? | વિકૃતિ | ઉદાહરણ |
|---|---|---|---|---|
| ૧. | જ્ઞાનાવરણીય | અનંતજ્ઞાન | અજ્ઞાન, મુર્ખતા | આંખે પાટા બાંધ્યા જેવું |
| ૨. | દર્શનાવરણીય | અનંતદર્શન | અંધાપો, નિદ્રા | દ્વારપાળ જેવું |
| ૩. | વેદનીય | અવ્યાબાધ | સુખદુઃખ, સુખશાતા-અશાતા | મધથી લેપાયેલ તલવારની ધાર જેવું |
| ૪. | મોહનીય | વીતરાગતા | મિથ્યાત્વ, રાગદ્વેષ કષાય, અવિરતિ | દારૂડિયા જેવુ |
| ૫. | આયુષ્ય | અક્ષય સ્થિતિ | જન્મ-મૃત્યુ | બેડી જેવું. |
| ૬. | નામ | અરૂપીપણું | શરીર, ઈન્દ્રિય,વર્ણ ત્રસ-સ્થાવરપણું વિ. | ચિત્રકાર જેવું |
| ૭. | | ગોત્ર અગુરુલઘુ પણું | ઉચ્ચકુળ-નીચકુળ | કુંભાર જેવું |
| ૮. | અંતરાય | અનંતવીર્ય | કૃપણતા, દરિદ્રતા, | રાજાના ભંડારી જેવું પરાધીનતા. |

એક સુખી સંપન્ન ઘરમાં જોડિયા પુત્રીઓનો જન્મ થાય છે. એક પુત્રી એકદમ રૂપાળી છે, તો બીજી કદરૂપી છે. ધીરે ધીરે બન્ને (પુત્રી) કન્યાઓ મોટી થાય છે. કદરૂપી કન્યા ભણવામાં તેજસ્વી છે. છતાં તેને માન-પાન મળતાં નથી. જ્યારે રૂપાળી કન્યાને મા-બાપ ભણવામાં 'ઢ' હોવા છતાં વધુ લાડ-પ્યાર કરે છે. આમ મા-બાપનો પ્યાર એકતરફી રહેતા કદરૂપી કન્યા મનોમન હતાશા અનુભવે છે. ધીરે ધીરે આ હતાશા આક્રોશનું રૂપ ધારણ કરે છે. કન્યા મોટી થાય છે અને એક દિવસ જઈ ચડે છે કોર્ટમાં, અને મા-બાપ સામે કેસ કરે છે. કેસનો મુદ્દો હતો કે મા-બાપે મને આવું કદરૂપું શરીર શા માટે આપ્યું ? આ સાંભળી ન્યાયાધીશ પણ વિચારમાં પડી જાય છે. કાનૂની ભાષા કે કાયદા પ્રમાણે આ અપરાધ કોનો કહેવાય? ન્યાયાધીશ કાયદાના થોથા ફરીથી ઉથલાવે છે પરંતુ ક્યાંય તેનો જવાબ મળતો નથી.

છેવટે આરોપી તરીકે મા-બાપને કોર્ટમાં બોલાવે છે. મા-બાપ કોર્ટમાં હાજર થાય છે. ન્યાયાધીશ મુકદ્દમો લડતા જાત જાતના પ્રશ્નો મા-બાપને પૂછે છે. આ કેસ સાચો છે? શું તમે અપરાધી છો? તમે તમારી પુત્રીને આવું કદરૂપું શરીર શા માટે આપ્યું? હવે તેની સાથે પરણશે કોણ? તેણે જિંદગી શું આવી દુઃખમય જ પસાર કરવી?

ત્યારે મા-બાપ બહુ જ શાંતિથી જવાબ આપે છે કે ન્યાયાધીશ સાહેબ! આપણા ધર્મશાસ્ત્રોમાં તો કહ્યું છે કે આ તો બધું ઈશ્વરની (ઉપરવાળાની) મરજીથી જ થાય છે. એની મરજી વગર તો પાંદડું પણ હલતું નથી. તો પછી અમે ગુનેગાર કેવી રીતે ઠરીએ? તમારે કેસ ચલાવવો હોય તો ઈશ્વર ઉપર કેસ કરો.

આ સાંભળી ન્યાયાધીશ પણ સ્તબ્ધ થઈ ગયા. હવે શું કરવું? ઈશ્વરને કોર્ટમાં હાજર કેવી રીતે કરવા? અને સજા કેવી રીતે કરવી? આમ સાચો ઉકેલ શોધવામાં નિષ્ફળ ગયા. પરંતુ યુવતી તો મક્કમ હતી. તેણે ન્યાયાધીશને કહ્યું કે, મારો કેસ તો સાચો છે. પછી ભલે એ ઈશ્વરની સામે હોય. હવે તમારી ફરજ છે કે તમે એમના ઉપર સમન્સ કાઢીને હાજર કરો જેથી મારો મુકદ્દમો આગળ ચાલે. ત્યારે ન્યાયાધીશે કહ્યું કે, ઈશ્વરને હું હાજર કરી શકીશ નહિ અને તારો કેસ આગળ ચાલશે નહિ, માટે તું આ કેસ મૂકી દે. ત્યારે યુવતીએ જવાબ આપ્યો કે, તમે પણ સાવ નમાલા છો. મારે શું આખી જિંદગી આવી રીતે જ જીવવી? મને પરણશે કોણ? આ વિચાર શી રીતે પડતો મૂકાય? શું આનું સમાધાન તમારી પાસે છે? ત્યારે ન્યાયાધીશ બોલી ઊઠ્યાં કે હે ઈશ્વર! હવે તો તમે જ આનો ન્યાય કરો. ત્યાં તો ચારેબાજુ અજવાળું અજવાળું પથરાઈ ગયું અને કોર્ટમાં સાક્ષાત્ ઈશ્વર હાજર થયા. અચંબામાં પડેલા ન્યાયાધીશે કોર્ટની કાર્યવાહી આગળ ચલાવતા ઈશ્વરને પ્રશ્ન કર્યો કે, શું તમે આ યુવતીને કદરૂપું શરીર આપ્યું છે તેની જવાબદારી સ્વીકારો છો? ત્યારે ઈશ્વરે જવાબ આપ્યો કે, આ કદરૂપા શરીરની પ્રાપ્તિ તેને પૂર્વજન્મમાં બાંધેલ અશુભ નામકર્મને લીધે મળી છે.

તેણે પૂર્વભવમાં મન-વચનકાયયોગની વક્રતાને કારણે અશુભ નામકર્મનું બંધ કર્યું હતું. તેના ફળ સ્વરૂપે તેને આવું કદરૂપું શરીર મળ્યું છે. ત્યારે ઈશ્વરની આ દલીલ સાંભળીને ન્યાયાધીશે ચુકાદો આપ્યો કે, હે યુવતી! આ ન્યાયે તો તું જ દોષિત છો. પૂર્વે કરેલાં કર્મ અનુસાર જ તેની સજા રૂપે તને આવું શરીર મળ્યું છે. આ દૃષ્ટાંત ઉપરથી સિદ્ધ થાય છે કે કર્મસત્તા જ બળવાન છે.

તો કર્મ શું છે? તે કર્મ કેવી રીતે આવે છે? આવ્યા પછી તે કર્મનો બંધ કેવી રીતે થાય છે? વળી આ કર્મને આવતા કેવી રીતે અટકાવી શકાય? અને પૂર્વે બાંધેલા કર્મનો ક્ષય કેવી રીતે થાય?

જૈન પારિભાષિક શબ્દોમાં તેને આશ્રવ, બંધ, સંવર અને નિર્જરા કહે છે. આ ચાર શબ્દરૂપ ચોકડીની રમત દ્વારા કર્મનું ગણિત આપણે આગળ જાણીએ. ★

## કર્મયાત્રા

**ગણધરવાદ અને કર્મવાદ**

ભગવાન મહાવીરે અગ્નિભૂતિની 'કર્મ છે કે નહિ' આ શંકાનું સમાધાન કરતાં કર્મયાત્રાનું સ્વરૂપ ખૂબ જ સરળ, તર્કબધ્ધ અને સચોટ દૃષ્ટાંત સહિત સમજાવ્યું છે જે ગણાધરવાદ તરીકે વિશેષાવશ્યક ભાષ્યમાં દૃષ્ટિ ગોચર થાય છે. ભગવાન મહાવીર અને ગણધર અગ્નિભૂતિ વચ્ચે થયેલો કર્મવિષયક સંવાદ જાણવા જેવો છે, જે નીચે પ્રમાણે છેઃ

किं मन्ने अत्थि कम्र्म उयाहु नत्थि त्ति संसओ तुज्झं ।
वेयपयाण य अत्थं न याणसी तेसिमो अत्थो ।।१६१०।।

–વિશેષાવશ્યક ભાષ્ય

અર્થાત્ઃ હે અગ્નિભૂતિ! તું એમ માને છે કે 'કર્મ છે કે નહિ?' આવો તને સંશય છે, તેનું કારણ એ છે કે તું તે વેદ પદોનો અર્થ બરાબર જાણતો નથી. એટલે કે પરસ્પર વિરૂદ્ધ અર્થવાળા વેદના પદોને કારણે તારી મતિ મૂંઝાઈ ગઈ છે.

અગ્નિભૂતિઃ તો પછી એનું સમાધાન શું છે? એનું અર્થઘટન કેવી રીતે કરશો?

પ્રભુ મહાવીરઃ એ વેદના વાક્યો સાંભળ, અગ્નિભૂતિ!

'पुरुष एवेदंमग्नि सर्व यद् भूतं यच्च भाव्यम्ठ।'

અર્થાત્ પ્રત્યક્ષ જણાતું ચેતન–અર્થાત્ આત્મા જ છે. પરંતુ વેદમાં બીજા પદો પણ છે જેમ કે, 'पुण्यं पुण्येन कर्मणा, पापेन पापः कर्मणां।।'

(૪-૪૫ બૃહદારણ્યક ઉપનિષદ)

અર્થાત્ પુણ્યકર્મથી જીવ પવિત્ર થાય છે અને પાપકર્મથી અપવિત્ર થાય છે. આમ આ બંને પરસ્પર વિરોધી વાક્યથી તને મૂંઝવણ થઈ છે કે એકમાં આત્માને મહત્ત્વ આપવામાં આવ્યું છે, જ્યારે બીજામાં કર્મને. આથી તારા મનમાં શંકા ઊભી થઈ કે કર્મ છે કે નહિ? પરંતુ બંને વાક્યો સાપેક્ષ છે. એકમાં આત્માની સ્તુતિ કરવામાં આવી છે તેથી આત્મા સિવાયની બીજી વસ્તુ જગતમાં છે જ નહિ એમ નથી માનવાનું કારણ કે સ્તુતિમાં અતિરેક હોઈ શકે છે. જ્યારે બીજું વાક્ય પુરુષાર્થની પ્રધાનતા બતાવે છે. લોકો ભાગ્ય પર બધી વાત છોડીને ધર્મપુરુષાર્થમાં પાછા ન પડે માટે આ વાક્ય કહેવામાં આવ્યું છે. એનાથી કર્મ નથી એવું સિદ્ધ થતું નથી.

અગ્નિભૂતિઃ તો પછી આ કર્મ પ્રત્યક્ષ કેમ દેખાતા નથી? પ્રભુ મહાવીરઃ આ કર્મ પ્રત્યક્ષ ભલે ન દેખાતા હોય પણ એના વિપાકરૂપે સંસારમાં– વિવિધતાઃ વિવિધ રૂચિવાળા જીવો–કોઈને મીઠાઈ ભાવે તો કોઈને

ફરસાણ, કોઈને કાળો રંગ ગમે તો કોઈને સફેદ વગેરે રંગ ગમે છે. વિષમતાઃ કોઈ અમીર છે, તો કોઈ ગરીબ, કોઈક ઠોઠ છે તો કોઈ હોંશિયાર હોય છે. વિચિત્રતાઃ નશાનું દૂષણ જાણે છતાં નશો કરવા પ્રેરાય, ચોરી કરવી ગુનો છે છતાં બીજા નવા લોકો ચોરી કરે. આ રીતે સંસારમાં વિવિધતા, વિષમતા, વિચિત્રતા દેખાય છે.

અગ્નિભૂતિ : તો પછી આવા ત્રિવિધ સંસારના કર્તા કોણ?

પ્રભુ માહવીર : ઈશ્વરને કર્તા માનવાની ભૂલ તો કરાય નહિ.

ઈશ્વર નિરાકાર છે તો કર્મનો કર્તા કેમ મનાય? અને સાકાર માનીએ તો પણ આટલા બધા ભેદ-ભાવ, હિંસા-દુઃખાદિ શા માટે આપે? અને જો એમ માનીએ કે તેઓ પોતાની ઈચ્છાથી કાર્ય કરતા નથી, તો તો પછી તેઓ પરતંત્ર ગણાય. તો પછી જે શક્તિ એમની પાસેથી કાર્ય કરાવે તે ઈશ્વર ગણાશે. ઈશ્વરને કૃતકૃત્ય ગણીએ તો સંસારના કાર્યોમાં સંસારી જીવોની જેમ જ મોહજાળમાં ફસાઈને રહેવાવાળો સાધારણ પ્રાણી બની જશે. આમ અનેક દોષો આવી શકે માટે ઈશ્વર કર્મનો કર્તા નથી. કર્મનો કર્તા રાગદ્વેષ કરવાવાળો સંસારી જીવ જ છે અર્થાત્ આપણે પોતે જ છીએ.

અગ્નિભૂતિઃ આ કર્મની શરૂઆત ક્યારથી થઈ?

પ્રભુ મહાવીર : જીવ અને કર્મ બંને સંસારમાં અનાદિકાળથી અસ્તિત્વ ધરાવે છે. એ બંનેનો સંયોગ સંબંધ અનાદિનો છે. જેમ સોનું માટીની સાથે મિશ્રિત જ ખાણમાંથી નીકળે છે એમ જીવ પણ અનાદિકાળથી નિગોદમાં–અવ્યવહાર રાશિમાં કર્મ સહિત જ હોય છે. ત્યાં પણ જીવ કે કર્મ ઉત્પન્ન નથી થતા. પણ અનાદિકાળથી એમ જ છે. જેનો પણ પરસ્પર કાર્યકારણભાવ સંબંધ હોય છે તેની પરંપરા હંમેશાં અનાદિની હોય છે. દા. ત. જેમ ઇંડુ અને મરઘી, બીજ અને વૃક્ષનો કાર્યકારણભાવ-જન્ય જનકભાવ સંબંધ પરસ્પર છે. આ બંનેમાં કોણ પહેલું એ નિર્ણય થઈ શકે નહિ માટે એને અનાદિ જ માનવા પડે.

અગ્નિભૂતિઃ ત્યારે શંકા થાય છે કે આત્મા તો ચેતન છે અને કર્મ જડ છે. તો શું જડ કર્મો ચેતન આત્મા પર ચોંટી શકે? શું જડ ચેતનને અસર કરી શકે?

પ્રભુ મહાવીરઃ ત્યારે એમની શંકાનું નિરાકરણ કરતાં સમજાવ્યું કે, કર્મ કાર્મણવર્ગણાના પુદ્ગલ પરમાણુઓથી બન્યા છે. જેમ માટીમાંથી ઘડો બને છે તેમ. તેથી કર્મ જડ છે. અજીવ તત્ત્વના પેટાભેદ પુદ્ગલ પરમાણુમાં તેની ગણતરી થાય છે. આ જડ અને ચેતન દ્રવ્યોનો સંસારમાં સંયોગ-વિયોગ થતો હોય છે. જડ એવા દારૂની અસર ચેતન એવા મનુષ્ય પર થાય છે તે સુવિદિત છે. દારૂ પીએ એટલે કેટલીક અસર થાય છે. જેમ કે બકવાસ કરે, ચાલવાનું, બોલવાનું ભાન ન રહે, વગેરે જોઈને જ આપણે કહી શકીએ છીએ કે આ માણસે દારૂ પીધો છે. આમ જડ જેવા દારૂની અસર પણ પીનાર

ચેતન આત્મા ઉપર સ્પષ્ટ દેખાય છે. તે જ પ્રમાણે કર્મો જડ હોવા છતાં આત્મા પર ચોંટીને પોતાનો ભાગ ભજવે છે.

અગ્નિભૂતિ: પણ કર્મો તો અદૃષ્ટ છે? તો તેની સત્તા કેવી રીતે માનવી?

પ્રભુ મહાવીર: કર્મો તો અદૃષ્ટ છે છતાં કર્મની સત્તા માનવી જ પડે કારણ કે તે અત્યંત સૂક્ષ્મ પરમાણુરૂપે હોવાથી દૃષ્ટિગોચર થતાં નથી તેમ જ કોઈ પણ ઈન્દ્રિયથી ગમ્ય નથી. પરંતુ જે જે અદૃષ્ટ છે તે દેખાય નહિ એટલે ન માનવા એવો નિયમ નથી. એવો નિયમ હોય તો આત્મા, મન, કાળ વગેરે પણ દેખાતાં નથી. તો શું તેને ન માનવા? તેના માનવા માટે અનુમાન આદિ ઘણાં પરોક્ષ કારણ છે. વળી મને (સર્વજ્ઞ પ્રભુ) તો એ પ્રત્યક્ષ જ છે. હું જોઈ શકું છું. કોઈને પ્રત્યક્ષ ન હોય ને કોઈને પ્રત્યક્ષ હોય એટલે અદૃષ્ટ નથી. રણમાં રહેતી વ્યક્તિને દરિયો પ્રત્યક્ષ ન હોય તેથી શું એમ માની લેવું કે દરિયો નથી. દરિયા કિનારે રહેવાવાળાને તો તે પ્રત્યક્ષ જ હોય છે. વળી જેનો પ્રત્યક્ષથી અનુભવ થાય, પ્રતીતિ થાય તે પ્રત્યક્ષ પ્રમાણ છે. આમ પ્રત્યક્ષ પ્રમાણથી પણ કર્મની સિદ્ધિ થાય છે જેમ કે નાના મોટા દરેક જીવને સુખ-દુઃખનો અનુભવ તો થાય છે. સુખ-દુઃખ કાર્ય છે. કાર્ય હોય તો કારણ પણ અવશ્ય હોય. કારણ કે કારણ વિના કાર્ય સંભવે નહિ. જો સુખ–દુઃખનું કારણ ઈશ્વરને માનીએ તો આગળ કહ્યું તેમ કેટલાંક દોષો ઊભા થાય. માટે સુખ દુઃખનું કારણ કર્મને માનવું પડે.

અગ્નિભૂતિ: તો શું સંસારમાં વિચિત્રતા કરનાર કાળ, સ્વભાવ, નિયતિ આદિ કર્તા છે?

પ્રભુ મહાવીર: જો કે એમ માનવાથી પણ અનેક દોષો ઉત્પન્ન થાય છે. જેમ કે કાળ પણ જડ છે અને કાળ તો સર્વત્ર એક સરખો હોય તો પછી એક સુખી અને બીજો દુઃખી શા માટે હોય? જ્યોતિષ ચક્રના સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્રને પણ કારણ ન માની શકાય કારણ કે એક જ રાશિમાં જન્મેલો એક સુખી છે, તો બીજો દુઃખી. વળી સ્વભાવને કારણ ગણીએ તો વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વગેરે પુદ્‌ગલના સ્વભાવ છે તો પછી પુદ્‌ગલથી રચાયેલાં મોરના પીંછા અને ગુલાબની પાંખડીમાં વર્ણભેદ શા માટે? કમળ, જૂઈ આદિની સુગંધમાં ફરક શા માટે? કારેલું કડવું અને શેરડી મીઠી શા માટે? બધાનો સ્વભાવ એક સરખો કેમ નથી? કારણ કે આ બધામાં વિવિધતા જીવના કર્મના કારણે છે. એટલે સર્વદોષ રહિત પ્રબળ કારણ સિદ્ધ થતું હોય તો તે 'કર્મ' જ છે. શુભ-અશુભ કર્મોને કારણે જીવ સુખી-દુઃખી થાય છે. એટલે કાર્ય રૂપી દેખાતાં સુખદુઃખના કારણરૂપે શુભાશુભ કર્મને માનવા પડે. એટલે જ્યાં જ્યાં સુખદુઃખ રૂપ કાર્ય હોય ત્યાં ત્યાં કર્મ રૂપ કારણ અવશ્ય હોય એમ અનુમાન પ્રમાણથી પણ સિદ્ધ થાય છે. વળી સાક્ષાત્ કર્મની સત્તા પ્રતિપાદન કરનાર વેદ વાક્યો પણ છે જેમ કે,

'पुण्य पुण्येन कर्मणा, पापः पापेन कर्मणा।

'ठस्वर्गकामो अग्निहोत्रं जुहुयात्'।

વેદમાં કહ્યું છે કે, અગ્નિહોત્રનું અનુષ્ઠાન કરવાથી આત્મામાં એક અપૂર્વકર્મ ઉત્પન્ન થાય છે જેથી જીવ સ્વર્ગમાં જાય છે.

હે અગ્નિભૂતિ! આ રીતે કર્મ પ્રત્યક્ષ, અનુમાન અને આગમ (વેદ વાક્યો) પ્રમાણ કે જે તારા જ માન્ય પ્રમાણથી કર્મની સિદ્ધિ થાય છે.

અગ્નિભૂતિ: કર્મની સિદ્ધિ તો થઈ પણ કર્મ કેટલા પ્રકારે છે?

પ્રભુ મહાવીર: મુખ્યત્વે કર્મના બે પ્રકાર છે. દ્રવ્ય કર્મ અને ભાવકર્મ. જીવ રાગ-દ્વેષાદિથી જે કાર્મણસ્કંધોને ગ્રહણ કરીને કર્મરૂપે પરિણમાવે છે, તે દ્રવ્ય કર્મ કહેવાય. અને તે દ્રવ્યકર્મથી જે આત્મિક પરિણામ ઉત્પન્ન થાય છે તે ભાવકર્મ કહેવાય. એટલે દ્રવ્યકર્મ પુદ્‌ગલ સ્વરૂપ છે અને ભાવકર્મ રાગ-દ્વેષરૂપ આત્મિક પરિણામ સ્વરૂપ છે. જેમ કરોળિયો પોતાની જ પ્રવૃત્તિથી પોતે જ બનાવેલી જાળમાં ફસાય છે. તેમ જીવ પણ પોતાની અજ્ઞાનતાના કારણે રાગ-દ્વેષરૂપ પરિણામથી પૌદ્‌ગલિક કર્મની જાળ બનાવી તેમાં ફસાય છે.

દ્રવ્યકર્મની જાળનું કારણ રાગદ્વેષાત્મક ભાવકર્મ છે અને ભાવકર્મનું કારણ દ્રવ્યકર્મ છે. જ્યારે બાંધેલું દ્રવ્યકર્મ જીવને સુખદુઃખાદિના ફળનો અનુભવ કરાવે છે ત્યારે તેને શાસ્ત્રીય પરિભાષામાં 'કર્મોદય' કહેવાય છે. જીવને દ્રવ્યકર્મનો ઉદય થતાં જ રાગ-દ્વેષાત્મક પરિણામ ઉત્પન્ન થઈ જાય છે એટલે દ્રવ્ય કર્મોદયથી ભાવકર્મ ઉત્પન્ન થાય છે અને ભાવકર્મથી પાછા દ્રવ્યકર્મ બંધાય છે. આ રીતે દ્રવ્યકર્મ અને ભાવકર્મની પરસ્પર કાર્યકારણ ભાવની પરંપરા અનાદિકાળથી ચાલુ છે.

અગ્નિભૂતિ ગૌતમ: હે સ્વામી! કર્મ મૂર્ત છે કે અમૂર્ત?

પ્રભુ મહાવીર: હે ગૌતમ! કર્મ મૂર્ત છે. મૂર્ત એટલે મૂર્તિમાન રૂપી હોવું. કાર્ય મૂર્તિમાન હોવાથી કારણ પણ મૂર્તિમાન હોય છે. જેમ ઘડો મૂર્તિમાન છે તો તેના પરમાણુઓ પણ મૂર્તિમાન હોય. ઘટની જેમ શરીર પણ મૂર્ત છે. તો તે શરીર કાર્ય છે, અને કાર્ય જ્યારે મૂર્ત છે તો તેના કારણ પણ મૂર્ત જ હોવા જોઈએ. અર્થાત્ શરીર રચનાના કારણ રૂપે કર્મ પણ મૂર્ત જ છે.

અગ્નિભૂતિ: ભાવકર્મ અરૂપી છે. (અમૂર્ત છે.) અને દ્રવ્યકર્મ રૂપી (મૂર્ત) છે. તો પછી બન્નેનો સંબંધ કેવી રીતે થાય?

પ્રભુ મહાવીર: હે અગ્નિભૂતિ! જેમ ઘડો મૂર્ત હોવા છતાં પણ તેનો અમૂર્ત આકાશની સાથે સંબંધ થાય છે. કેમકે જ્યાં ઘડો પડ્યો છે ત્યાં આકાશ પણ હોય છે. અથવા તો શરીર મૂર્ત છે અને આત્મા અમૂર્ત છે. પરંતુ સ્થૂળ શરીરમાં અત્યારે પણ આત્મા રહ્યો છે. તો અમૂર્ત એવા આત્માનો મૂર્ત શરીરની સાથે સંબંધ થયો કે નહિ. વળી સંસારી આત્મા અનાદિકાળથી કર્મયુક્ત હોવાને કારણે કથંચિત રૂપી છે. આત્મા રાગદ્વેષના પરિણામો દ્વારા કાર્મણવર્ગણાને ગ્રહણ કરીને કર્મરૂપે પરિણમાવે છે. આ કર્મોનો પણ એક પિંડ બની જાય છે. તેનું નામ છે કાર્મણ શરીર. જીવ જ્યારે એક ભવમાંથી બીજા ભવમાં જાય છે ત્યારે કર્મથી બનેલું આ સૂક્ષ્મ કાર્મણ શરીર એની સાથે ને સાથે જ રહે છે. એને કારણે આત્મા કથંચિત રૂપી છે. માટે રૂપી આત્મા પર રૂપીકર્મનો પ્રભાવ પડવાથી બન્નેનો સંબંધ થાય છે.

અગ્નિભૂતિ: કર્મનું ફળ કેવી રીતે ભોગવે છે?

પ્રભુ મહાવીર: જીવ માત્ર સંસારના વ્યવહારમાં ક્રિયા કરે છે. આ ક્રિયા કરવા માટે સંસારી જીવોને મન, વચન અને કાયા–આ ત્રણ સાધનો મળ્યા છે. એના દ્વારા કરાયેલી ક્રિયાનું ફળ તો જીવને ભોગવવું જ પડે છે. કારણ કે ભવાંતરમાં બાહ્ય સ્થૂળ શરીર સાથે જતું નથી. કર્મ સહિતનો આત્મા એકથી બીજા ભવમાં જાય છે ત્યારે પોતાની ગતિ-જાતિ પ્રમાણે નવું સ્થૂળ શરીર ઉત્પન્ન કરે છે અને પછી તેના દ્વારા શુભાશુભ કર્મફળ ભોગવે છે. જેમ કે એક જીવે

આજે એક અશુભ કે શુભ હિંસા કે જીવરક્ષાની ક્રિયા કરી (એને જો કર્મ ન માનીએ તો) અને પછીના ભવમાં માનો કે તેણે તે કરેલી હિંસા કે જીવરક્ષા આદિનું ફળ મળવું જોઈએ. પણ થયેલી ક્રિયામાંથી કર્મ જેવું જો કાંઈ પણ બંધાઈને આત્મા સાથે રહ્યું જ નહિ હોય તો ફળ કેવી રીતે મળશે ? ફળ આપનાર ઈશ્વર આદિ તો છે જ નહિ. અને વળી કરાતી ક્રિયા વખતે જીવે ગ્રહણ કરેલી કાર્મણ- વર્ગણા તો ક્રિયાનું ફળ આપ્યા વગર તો એમને એમ ક્યાંથી ખરી પડે ? (જાય ?) આ કાર્મણવર્ગણાનું પિંડ તે જ કાર્મણ (સૂક્ષ્મ) શરીર જે આત્માની સાથે ઉત્કૃષ્ટપણે ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમ વર્ષના ગુણાંકમાં સતત બંધાયા કરે છે અને એ પ્રમાણે સાથે રહે છે. એના કારણે જ આત્માને ભવભ્રમણમાં સુખદુઃખનો અનુભવ કરવો પડે છે. કર્મનું ફળ ભોગવવું પડે છે.

આમ સર્વ સંસારી જીવોના સુખદુઃખ આદિની સ્થિતિ તેમ જ સંસારની વિષમતા, વિચિત્રતામાં કર્મસત્તા સબળ કારણ છે. કાળ, સ્વભાવ, નિયતિ, પુરુષાર્થ આદિ અન્ય કારણો સહકારી કારણો છે. આમ પ્રભુ મહાવીરે અગ્નિભૂતિને કર્મવાદનું રહસ્ય ખૂબ જ સચોટ અને તર્કબદ્ધ સમજાવ્યું, ત્યારે અગ્નિભૂતિએ પણ કર્મ સિદ્ધાંતની શ્રદ્ધા ધારણ કરી, કર્મ પદાર્થનું અસ્તિત્વ સ્વીકારી પ્રભુ મહાવીરના શરણે સંયમનો સ્વીકાર કર્યો.

★

# કર્મસ્રોત

**કર્મનો અર્થ**

આમ તો કર્મના અનેક અર્થ થાય છે. જેમ કે કર્તવ્ય, ફરજ, કાર્ય, ક્રિયા, આચાર, રોજગાર, પ્રવૃત્તિ, નસીબ, સંસ્કાર વગેરે. ભગવદ્ ગોમંડળમાં પાંત્રીસ મુખ્ય અર્થ છે. પેટા અર્થ તો જુદાં. પણ અહીં જે કર્મની વાત કરવાની છે તે 'કૃધાતુને 'મન્' પ્રત્યય લાગીને બનેલો 'કર્મન્'ની છે. મન્ પ્રત્યય ભાવે પ્રયોગમાં થયો છે. તે વખતે કર્મનો અર્થ ક્રિયા-કામ એટલોજ થાય. કૃધાતુનો કરવું એવો જ અર્થ થાય છે જે ભાવે પ્રયોગમાં યથાવત્ રહે છે. વાસ્તવમાં કર્મનો મૌલિક અર્થ તો ક્રિયા જ છે. ક્રિયા ત્રણ પ્રકારની છે–શારીરિક, માનસિક અને વાચિક. શાસ્ત્રીય ભાષામાં એને યોગ કહેવાય છે. પરંતુ જૈનદર્શનમાં આ ક્રિયાપરક અર્થ આંશિક વ્યાખ્યા જ પ્રસ્તુત કરે છે. અહીં તો ક્રિયાના હેતુ પર પણ વિચાર કરવામાં આવ્યો છે. તેથી કહ્યું પણ છે કે જીવની ક્રિયાનો જે હેતુ છે તે કર્મ છે. તેથી મિથ્યાત્વ-કષાય આદિ કારણોથી જીવ દ્વારા જે ક્રિયા થાય છે તે જ કર્મ કહેવાય છે. એટલે જૈનદર્શનમાં ક્રિયા પર પણ વિશદ વિચાર કરવામાં આવ્યો છે.

'करणम् इति क्रिया, क्रियते इति क्रिया'– જે કરવામાં આવે છે, જે કરાય છે તે ક્રિયા. કર્મબંધમાં કારણરૂપ ચેષ્ટા તે ક્રિયા. ક્રિયા સમગ્ર કર્મબંધનું મૂળ છે. સંસાર જન્મ-મરણની જનની છે. ક્રિયાથી કર્મબંધ અને કર્મબંધથી સંસાર પરિભ્રમણ થાય છે. જીવના ભવભ્રમણમાં ક્રિયા મુખ્ય કારણ હોવાથી આધ્યાત્મિક સાધનામાં ક્રિયા વિષયક જ્ઞાન તથા તેનો વિવેકપૂર્વક ત્યાગ કરવો અત્યંત જરૂરી છે. ક્રિયા હોય પણ આશ્રવ અને બંધ ન હોય એવું ક્યારેય બને જ નહિ. ક્રિયાથી આશ્રવ–આશ્રવથી ક્રિયા બંને એકબીજાના પૂરક છે. અને આ બે વગર કર્મબંધ થાય નહિ. ક્રિયા+આશ્રવ+બંધ=કર્મ. આ ત્રણેયના સમન્વયથી કર્મ સંપૂર્ણ અવસ્થાને પામે છે.

**કર્મનો પ્રકાર**

મુખ્યત્વે કર્મના બે પ્રકાર છે. દ્રવ્યકર્મ અને ભાવકર્મ. રાગદ્વેષ આદિ મનોભાવ ભાવકર્મ છે. અને કર્મપુદ્ગલ દ્રવ્યકર્મ છે. કર્મપુદ્ગલ ક્રિયાનો હેતુ છે અને રાગદ્વેષાદિ ક્રિયા છે. એટલે કે પુદ્ગલપિંડ દ્રવ્યકર્મ છે અને ચેતનાને પ્રભાવિત કરવાવાળી શક્તિ તે ભાવકર્મ છે. કર્મની યોગ્ય વ્યાખ્યા માટે કર્મના આકાર (Form) અને વિષયવસ્તુ (Matter) બંને સમુચિત હોવા જરૂરી છે. જડકર્મ પરમાણુ કર્મની વિષયવસ્તુ છે અને મનોભાવ એના આકાર છે. આપણા સુખદુઃખાદિ અનુભવો અથવા શુભાશુભ કર્મસંકલ્પો માટે કર્મપરમાણુ ભૌતિક કારણ છે અને મનોભાવ ચૈતિસક કારણ છે. આત્મામાં મિથ્યાત્વ કષાયરૂપ રાગદ્વેષાદિ ભાવ છે તે જ ભાવકર્મ છે, જેમાં દ્રવ્યકર્મ નિમિત્ત બને છે. ભાવકર્મ આત્માનો વૈભાવિક (દૂષિત) પરિણામ (વૃત્તિ) છે અને સ્વયં આત્મા જ એનો ઉપાદાન (આંતરિક કારણ) છે. એટલે ભાવકર્મનું આંતરિક કારણ આત્મા જ છે. જેમ ઘડો બનાવવામાં માટી ઉપાદાન કારણ છે. માટી વગર ઘડો ન બને પણ એને બનાવવા માટે કુંભાર પણ જરૂરી છે. જે નિમિત્ત કારણ કહેવાય. એમ દ્રવ્યકર્મ એ સૂક્ષ્મ કાર્મણજાતિના પરમાણુઓનો વિકાર છે અને આત્મા એનું નિમિત્ત કારણ છે. આમ ભાવકર્મમાં દ્રવ્યકર્મ નિમિત્ત છે અને દ્રવ્યકર્મમાં ભાવકર્મ નિમિત્ત છે. બન્નેનો આપસમાં બીજાંકુરની જેમ કાર્યકારણ ભાવનો સંબંધ છે.

ભાવકર્મ અરૂપી છે (અમૂર્ત છે) અને દ્રવ્યકર્મ રૂપી છે. છતાં બંનેનો સંબંધ થાય છે. કારણકે સંસારી આત્મા અનાદિકાળથી કર્મયુક્ત છે. એટલે આત્મા સર્વથા અરૂપી હોવા છતાં કથંચિત રૂપી છે, માટે રૂપી આત્મા પર રૂપી કર્મનો પ્રભાવ પડે છે. જે ક્ષેત્ર અવગાહીને આત્મા રહ્યો હોય છે તે જ ક્ષેત્ર અવગાહી (રોકી)ને કાર્મણ વર્ગણા પણ રહેલી હોય છે. જેમ લોહચુંબક લોખંડના કણિયાને આકર્ષિત કરે છે એમ આત્માના રાગદ્વેષરૂપી પરિણામોને કારણે કાર્મણવર્ગણાઓને આકર્ષિત કરતો રહે છે અને કર્મરૂપે પરિણમાવતો રહે છે. મુખ્ય સ્રોત રૂપ આ કાર્મણવર્ગણાનું સ્વરૂપ જાણવું પણ અત્યંત જરૂરી છે.

**વિશ્વનું સ્વરૂપ:** આ લોક (વિશ્વ-બ્રહ્માંડ-યુનિવર્સ)માં કુલ છ દ્રવ્યો છે. ભિન્ન ભિન્ન અવસ્થાઓમાં પરિવર્તિત થવા છતાં જેનું મૌલિક સ્વરૂપ તેમજ ક્ષમતા ક્ષીણ ન થાય તે દ્રવ્ય કહેવાય છે. ચૈતન્ય ગુણવાળો જીવાસ્તિકાય (soul) એક માત્ર ચેતન દ્રવ્ય છે. બાકીના પાંચ દ્રવ્ય જડ છે અને તે દરેક દ્રવ્ય સ્વતંત્ર અસ્તિત્વ ધરાવે છે માટે છ દ્રવ્ય થાય છે.

૧. ધર્માસ્તિકાયઃ આ દ્રવ્ય જીવ-પુદ્ગલોને ગતિ કરવામાં સહાય કરે છે જેને આજનું વિજ્ઞાન ઈથર નામથી ઓળખે છે.

૨. અધર્માસ્તિકાય આ દ્રવ્ય સ્થિર રહેવામાં સહાય કરે છે. જેને વિજ્ઞાનમાં 'એન્ટિ ઈથર' કહેવામાં આવે છે.

૩. આકાશાસ્તિકાયઃ આ દ્રવ્ય અવગાહના દાન (જગ્યા આપવાનું)માં સહાય કરે છે. એને વિજ્ઞાન 'સ્પેસ' કહે છે.

૪. કાળ: પરિવર્તનમાં સહાયક છે. નવાનું જૂનું, આજનું કાલનું ઈત્યાદિ પરિવર્તન એનાથી થાય છે, તે અપ્રદેશી છે માટે અસ્તિકાય કહેવાતું નથી.

૪. પુદ્‌ગલાસ્તિકાય: પુરણ-ગલન સ્વભાવવાળું આ દ્રવ્ય વર્ણગંધ-રસ-સ્પર્શવાળું એક માત્ર રૂપી દ્રવ્ય છે જે જગતમાં વિવિધ ચિત્રો રજૂ કરે છે.

ઉપરના છ દ્રવ્યોમાંથી કાળ માત્ર અઢી દ્વીપમાં પ્રવર્તે છે. આકાશાસ્તિકાય લોક અને અલોક બંનેમાં છે. બાકીના ચાર દ્રવ્યો આખા લોકમાં રહેલાં છે. આમાંથી જીવ અને પુદ્‌ગલ આ બે દ્રવ્યો પોતાના મૂળ સ્વભાવ છોડીને એકબીજાની સાથે સંયોજાય છે અને વિભાવદશાને પ્રાપ્ત કરે છે. બાકીના દ્રવ્યો પોતાના સ્વભાવમાં જ રહે છે. નિશ્ચયથી છએ દ્રવ્યો પોતપોતાની ક્રિયા કરે છે. વ્યવહારથી જીવ અને પુદ્‌ગલ ક્રિયા કરે છે, શેષ અક્રિય છે.

પુદ્‌ગલનું સ્વરૂપ: પુદ્‌ગલ જૈનદર્શન દ્વારા પ્રયોજાયેલો એક વિશેષ અર્થવાળો શબ્દ છે. જેનો ઉલ્લેખ માત્ર જૈનદર્શનમાં જ છે. જેને આધુનિક વિજ્ઞાન 'Matter' કહે છે. પુદ્‌ગલના બે સ્વરૂપ ૧. પરમાણુ (Atom) અને (૨) સ્કંધ (Molecule). બંને સ્વરૂપો લોકમાં સ્વતંત્ર અસ્તિત્વ ધરાવે છે. પરમાણુ- પરમ+અણુ . પરમ એટલે અંતિમ, અણુ એટલે અંશ. અર્થાત્ પુદ્‌ગલ દ્રવ્યનો એવો એક નાનો અંશ જેનો સમર્થ જ્ઞાનીઓ પણ બીજો ભાગ કલ્પી ન શકે, જેમાંથી બીજા વિભાગ ન થઈ શકે એવો અંશ પરમાણુ કહેવાય છે, જે આખા લોકમાં ફેલાઈને રહ્યાં છે. એ જ પરમાણુ જ્યારે બે ત્રણ-ચાર આદિ સંખ્યામાં જોડાઈને રહે ત્યારે તેને સ્કંધ કહેવામાં આવે છે. આ પણ આખા લોકમાં ફેલાઈને રહ્યાં છે.




**વર્ગણાનું સ્વરૂપ:** વર્ગના સમૂહને વર્ગણા કહેવાય છે. સંખ્યાની દૃષ્ટિએ સરખા પરમાણુવાળા પુદ્‌ગલ સ્કંધોના વર્ગને (સમૂહ) વર્ગણા કહે છે અથવા તો લોકમાં રહેલા વિશિષ્ટ પુદ્‌ગલોના વર્ગને વર્ગણા કહે છે. વર્ગણા અનંત પ્રકારની છે. લોકમાં એક એક છૂટા પરમાણુઓ અનંત છે. તે અનંત છૂટા પરમાણુઓના વર્ગને પહેલી વર્ગણા કહેવાય છે. એવી જ રીતે બે પરમાણુઓ જોડાઈને બનેલા દ્વિપ્રદેશી સ્કંધ પણ અનંતા છે તેને બીજી વર્ગણા કહે છે. આ રીતે ત્રણ-ચાર પાંચ યાવત્ સંખ્યાત પ્રદેશી, અસંખ્યાત પ્રદેશી, અનંત પ્રદેશી સ્કંધના વર્ગને ક્રમશઃ ત્રિપ્રદેશીને ત્રીજી વર્ગણા. એવી રીતે ચોથી, પાંચમી, સંખ્યાતમી, અસંખ્યાતમી, અનંતમી વર્ગણા કહે છે. પહેલી વર્ગણાથી માંડીને અનંતમી વર્ગણા સુધીની દરેક વર્ગણાને એક વિભાગમાં સમાવેશ કરીને તેને પ્રથમ મહાવર્ગણા કહે છે. પ્રથમ મહાવર્ગણામાં રહેલા સ્કંધો જીવને ઉપયોગી ન હોવાથી તેને અગ્રહણ યોગ્ય પ્રથમ મહાવર્ગણા કહે છે. મહાવર્ગણાની અંદર રહેલી અનંતીવર્ગણાને પેટાવર્ગણા કહે છે. પ્રથમ મહાવર્ગણાની છેલ્લી પેટા વર્ગણા જે અનંત પરમાણુની બનેલી અનંતપ્રદેશી છે એમાં એક પરમાણુ ઉમેરવાથી અનંત + ૧ તે બીજી મહાવર્ગણાની પ્રથમ પેટાવર્ગણા બને છે. એમાં પણ ક્રમશઃ અનંત + ૨ = બીજી વર્ગણા, અનંત + ૩ = ત્રીજી વર્ગણા યાવત્ અનંત + સંખ્યાત્, અનંત + અસંખ્યાત, અનંત + અનંત એમ સ્કંધોની બનેલી બીજી મહાવર્ગણા કહેવાય છે. જે ઔદારિક શરીર બનાવવાના કામમાં આવે છે તેને ઔદારિક ગ્રહણ યોગ્ય વર્ગણા કહેવાય છે . ત્યાર પછી બીજી મહાવર્ગણાની છેલ્લી પેટાવર્ગણામાં ૧ પરમાણુ ઉમેરતાં જે સ્કંધ બને છે તે ત્રીજી મહાવર્ગણાની પ્રથમ પેટા વર્ગણા છે. યાવત્ એવી જ રીતે ક્રમશઃ સોળ વર્ગણા બને છે. એમાંથી એકી નંબરની વર્ગણાઓ જીવ માટે અગ્રહણ છે અને બેકી નંબરની વર્ગણાઓ જીવ માટે ગ્રહણ યોગ્ય છે જે ક્રમશઃ આ પ્રમાણે છે– ઔદારિક, વૈક્રિય, આહારક, તેજસ, ભાષા, શ્વાસોચ્છ્વાસ, મન અને કાર્મણ. એ જ નામની આઠ અગ્રહણ વર્ગણા છે. આ બધી વર્ગણાઓ ક્રમશઃ સૂક્ષ્મથી સૂક્ષ્મ છે. એમાંથી સોળમી વર્ગણા એકદમ સૂક્ષ્માતિસૂક્ષ્મ છે. જે આત્મા પર ચોંટીને કર્મનું સ્વરૂપ ધારણ કરે છે. આ બધી વર્ગણાઓ આખા લોકમાં ઠાંસી ઠાંસીને ભરેલી છે. જે ઔદારિક શરીર આદિ બનાવવાના 'રૉ મટિરિયલ'-તરીકે છે. જે ક્ષેત્ર અવગાહીને જીવ હોય તે જ ક્ષેત્ર અવગાહીને આ વર્ગણાઓ પણ રહેલી હોય છે. એટલે જરૂરિયાત પ્રમાણે આત્મા ગ્રહણ કરતો જાય છે. જેમ કે ઔદારિક શરીર બનાવવું હોય તો તે ઔદારિક મહાવર્ગણા ગ્રહણ કરીને ઔદારિક શરીર રૂપે પરિણમાવે છે. એમ બીજી વર્ગણાઓ માટે સમજી લેવું. આ બધી વર્ગણાઓ વિશિષ્ટ જ્ઞાન વગર દેખાતી નથી. કાર્મણ વર્ગણા આપણે ઈન્દ્રિય કે યંત્રની મદદથી પણ જોઈ શકતા નથી. તેથી તેનું અસ્તિત્વ નથી એમ નહિ સમજવાનું. આપણે જ્યાં રહીએ છીએ ત્યાં આજુબાજુ કેટલાં બધા તરંગો (Waves) છે. પણ શું એ દેખાય છે ? દા. ત. આપણી ચારેબાજુ ધ્વનિ તરંગ (Sound Waves) છે પણ દેખાતાં નથી. જ્યારે આપણે રેડિયો ચાલુ કરીએ છીએ ત્યારે એમાં રહેલાં ટ્રાન્સમીટર એ ધ્વનિ તરંગોને ગ્રહણ કરીને એને અવાજમાં પરિવર્તિત કરી દે છે. જેથી રેડિયોમાં આપણને ગીત વગેરે સંભળાય છે. એ જ રીતે આપણામાં રહેલાં રાગદ્વેષરૂપી ભાવો ટ્રાન્સમીટર કાર્મણવર્ગણારૂપી વેવ્સ ગ્રહણ કરીને

કર્મ રૂપે પરિણમાવે છે જેને કારણે આ બધા વિવિધ રૂપો જોવા મળે છે.

બીજું દૃષ્ટાંત મોબાઈલનું લેવાથી વધુ સમજાશે. મોબાઈલ પણ નેટવર્કથી ચાલે છે. એ નેટવર્ક પણ ક્યાં દેખાય છે. એ બધા પણ પુદ્‌ગલની વર્ગણાના જ પ્રકાર છે. શબ્દ, રૂપ, ગંધ, રસ વગેરે રૂપે પરિણમે છે. માત્ર અનુભવાય છે. એમાં કાર્મણવર્ગણા તો અતિ સૂક્ષ્મ છે તો કેવી રીતે જોઈ શકાય! પણ દરેકના જુદાં જુદાં રૂપરંગ, ગમા-અણગમા, સુખ-દુઃખ વગેરેથી ખ્યાલ આવે છે કે કોઈક તત્ત્વ છે, જેનાથી આ બધા દૃશ્યો શક્ય બને છે.

જેમ રેડિયો ચાલુ કરીએ તો જ ટ્રાન્સમીટર વેવ્સને પકડે છે. તેમ આ કાર્મણવર્ગણા પણ એમને એમ ચોંટતી નથી, પણ મન-વચન કાયાની પ્રવૃત્તિ-ક્રિયાથી આત્મામાં એક કંપન અવસ્થા પેદા થાય છે. સ્પંદન થાય છે જેથી કાર્મણવર્ગણા આત્મા પાસે આવે છે, જેને આશ્રવ કહેવાય છે. એ આશ્રવનું સ્વરૂપ નીચે મુજબ છે.

**આશ્રવ**– આશ્રવ અર્થાત્ આ+શ્રવ. આ=આવવું, શ્રવ=શ્રવીને, સરકીને આવવું. જે ક્રિયાઓથી આત્મામાં કાર્મણવર્ગણા આવે છે તેને આશ્રવ કહેવાય. આશ્રવના મુખ્ય પાંચ દ્વાર ગણવામાં આવ્યા છે. (૧) ઈન્દ્રિયાશ્રવ (૨) કષાયાશ્રવ (૩) અવ્રતાશ્રવ (૪) યોગાશ્રવ અને (૫) ક્રિયાશ્રવ. આ આશ્રવોને નૌકામાં પડેલા છિદ્રોની ઉપમા આપી શકાય.

**(૧) ઈન્દ્રિયાશ્રવ :** ઈન્દ્રિયોની પ્રવૃત્તિ દ્વારા જે આશ્રવ થાય તે ઈન્દ્રિયાશ્રવ છે. તેના (ઈન્દ્રયોના) પાંચ ભેદ છે. (૧) સ્પર્શેન્દ્રિય (૨) રસેન્દ્રિય (૩) ધ્રાણેન્દ્રિય (૪) ચક્ષુન્દ્રિય અને (૫) શ્રવણેન્દ્રિય. આ પાંચ ઈન્દ્રિયોના અનુક્રમે ૮-૫-૨-૫-૩ વિષયો છે, જે કુલ મળીને ત્રેવીસ વિષયો થાય છે. સંસારમાં સર્વ જીવો સશરીરી છે. અને શરીર છે તો ઈન્દ્રિયો અવશ્ય હોય. કોઈને એક તો કોઈને બેત્રણ-ચાર કે પાંચ ઈન્દ્રિયો મળે. જીવ તેના માધ્યમથી તે તે વિષયોને ગ્રહણ કરે છે. જેમ કે સ્પર્શેન્દ્રિયથી આઠ પ્રકારના સ્પર્શને ગ્રહણ કરી શકાય. એથી આત્માને સ્પર્શાનુભવ જ્ઞાન થાય છે. એ રીતે પાંચે ઈન્દ્રિયો પોતપોતાના વિષયને ગ્રહણ કરે છે. તેમાં પણ રાગદ્વેષના ભાવ ભળે છે. જેમ કે સુગંધ પ્રિય લાગે છે. દુર્ગંધ અપ્રિય લીગે. મીઠો રસ પ્રિય હોય, કડવો રસ અપ્રિય લાગે. આ પ્રકારના રાગ-દ્વેષમાં ઈન્દ્રિયો નિમિત્ત હોવાથી આશ્રવ કહેવાય છે.

**(૨) કષાયાશ્રવ**– કષ+આય=કષાય. કષ=સંસાર અને આય =લાભ. અર્થાત્ જેનાથી સંસારનો લાભ થાય–સંસાર વધે તેને કષાય કહેવાય. મુખ્ય કષાય ચાર પ્રકારે છે. જેમ કે ક્રોધ, માન, માયા અને લોભ. આત્મા જ્યારે ક્રોધાદિ કષાયોને કારણે રાગ-દ્વેષાદિ ભાવોને આધીન થાય છે ત્યારે આત્માનો સંસાર વધે છે. માટે આ કષાય પણ આત્મામાં કાર્મણવર્ગણાના પુદ્‌ગલ પરમાણુઓને ખેંચીને લાવવાનું કાર્ય કરે છે. આથી ચાર પ્રકારના કષાય આશ્રવ કહેવાય છે.

**(૩) આતાશ્રવ**– અ+વ્રત=અવ્રત. અર્થાત્ વ્રતનો અભાવ. વ્રતથી વિપરીત ચાલવું એ અવ્રત કહેવાય. આત પાંચ છે જેમ કે, (૧) હિંસા (૨) જૂઠ (૩) ચોરી (૪) મૈથુન અને (૫) પરિગ્રહ વૃત્તિ. અહિંસા, સત્યાદિ પાંચ વ્રતો ધર્મ સ્વરૂપ છે. સતત એના આચરણથી કર્માશ્રવ થઈ શકતો નથી. પરંતુ જીવ જ્યારે હિંસા, જૂઠ, ચોરી, આદિ આતોનું આચરણ કરે છે ત્યારે આત્મામાં કાર્મણવર્ગણાનો આશ્રવ થાય છે માટે પાંચ પ્રકારના હિંસાદિ અવ્રત કહેવાય છે.

**(૪) યોગાશ્રવ**– મન, વચન અને કાયા (શરીર) ત્રણ યોગો છે. સંસારી જીવને આ ત્રણ સાધનોમાંથી કોઈને એક તો કોઈને બે કે ત્રણે સાધનો મળે છે. વળી પ્રત્યેક સંસારી જીવને શરીર તો અવશ્ય મળે છે. દ્વિન્દ્રિય અને ઉપરના જીવોને બીજો વચનયોગ મળે છે, તથા માત્ર સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને જ મન યોગ મળે છે. આ રીતે આ ત્રણ સાધનો જીવોને મળે છે. જેના આધારે જીવ કર્મબંધની પ્રવૃત્તિ કરે છે. (કર્મથી જોડાય છે.) અશુભ પાપકર્મ પણ આ ત્રણ યોગ દ્વારા જ થાય છે. અને શુભ પુણ્ય પણ આ ત્રણ દ્વારા જ થાય છે. જેને અનુક્રમે પાપાશ્રવ અને પુણ્યાશ્રવ કહે છે. માટે આ ત્રણ યોગને આશ્રવના કારણ ગણ્યાં છે.

**(૫) ક્રિયાશ્રવ**– સંસારી જીવ માત્ર વિવિધ પ્રકારી ક્રિયા કરે છે. સંસારી જીવ ક્રિયારહિત હોય નહિ. ગમન-આગમન ક્રિયા છે, તેમ રાગ-દ્વેષ કરવો કે હિંસા કરવી, આરંભ-સમારંભાદિ કરવા આ બધી ક્રિયાઓ જ છે. આવી પચ્ચીસ પ્રકારની મુખ્ય ક્રિયાઓ છે. જીવ જ્યારે આ પ્રકારની કોઈકને કોઈક ક્રિયાને આધીન થાય છે ત્યારે કાર્મણવર્ગણાનો આશ્રવ થાય છે. આથી જીવ કર્માણુઓથી લિપ્ત થાય છે. સિદ્ધ આત્મા જ માત્ર અક્રિય-નિષ્ક્રિય છે. સંસારી જીવ તો ક્રિયા સહિત હોવાથી કર્મો બાંધે છે. માટે પચ્ચીસ પ્રકારની ક્રિયાશ્રવ કહેવાય છે.

આમ આ પાંચ મુખ્ય આશ્રવ દ્વારોના પેટા વિભાગ બેતાલીસ થાય છે. આ ભેદો દ્વારા કાર્મણવર્ગણાનો આશ્રવ આત્મામાં પ્રવેશે છે. એને આત્મા ગ્રહણ કરે છે. ગ્રહણ કરીને બંધનકરણ દ્વારા કર્મરૂપે પરિણમાવે છે. જેવી રીતે રૂપિયાની નોટ છાપવા માટે પ્રથમ કાચામાલ તરીકે કાગળના રીમ હોય તે કાગળ તરીકે જ ઓળખાય છે. પણ જ્યારે એના પર રિઝર્વ બૅન્ક મહોર મારે છે ત્યારે એને રૂપિયા તરીકેની ઓળખ મળે છે. એમ કાર્મણવર્ગણા કર્મ માટેનું રૉ મટિરિયલ છે. જો કે તે એમ ને એમ તો કાર્મણવર્ગણા જ છે, પણ જ્યારે આત્મા એને ગ્રહણ કરીને બંધનકરણ દ્વારા મહોર મારી દે છે પછી તે આત્મા સાથે ક્ષીર-નીરની જેમ એકમેક થઈને બં ધાઈ જાય છે એ ટલે કર્મ ની ઓળખ પ્રાપ્ત થાય છે અથવા **આત્મારૂપી નૌકા વર્ગણારૂપ પાણીમાં તરે છે. આ નૌકામાં પાં ચ છિદ્રો દ્વારા કર્મા શ્રવ (કર્મરૂપી પાણી) આવે છે. આ છિદ્રોને બંધ કરીને પાણી આવતું અટકાવવું તે સં વર છે . અને આવી ગયે લા પાણીને બહાર કાઢવું તે નિર્જરા છે.** મિથ્યાત્વ આદિ આશ્રવને સમ્યક્ત્વ, વ્રત, અપ્રમાદ, અકષાય અને અજોગના બારણાથી બંધ કરી દેવાથી સંવર થાય. જ્યાં સુધી આ છિદ્રો ખુલ્લા છે ત્યાં સુધી આત્મા સમયે સમયે સતત સાત (આયુષ્ય કર્મ છોડીને) કે આઠ કર્મોનો બંધ કરતો રહે છે. તે આઠ કર્મો આ પ્રમાણે છેઃ (૧) જ્ઞાનાવરણીય કર્મ (૨) દર્શનાવરણી. કર્મ (૩) વેદનીય (૪) મોહનીય (૫) આયુષ્ય (૬) નામ (૭) ગોત્ર અને અંતરાય કર્મ. આ મૂળ કર્મોના અન્ય પ્રકારે બે ભેદ છે, જેમ કે (૧) ઘાતીકર્મ અને (૨) અઘાતી કર્મ.

**ઘાતીકર્મ**– જે કર્મ આત્માના જ્ઞાનાદિ મૂળ ગુણોનો ઘાત કરે છે (આવરણ કરે) તે ઘાતીકર્મ કહેવાય છે. ઘાતી કર્મ ચાર પ્રકારે છે. જેમ કે, જ્ઞાનાવરણીયકર્મ. દર્શનાવરણીય કર્મ, મોહનીય અને અંતરાય કર્મ. ઘાતી કર્મના પેટા ભેદ રૂપે બે ભેદ છે. (૧) **સર્વ ઘાતી :** જે કર્મ પોતાના ઢાંકવા યોગ્ય ગુણનો સંપૂર્ણ ઘાત (આવરણ) કરે છે તે સર્વઘાતી કહેવાય છે. સર્વઘાતીકર્મની કેવલ-જ્ઞાનાવરણીય, કેવલ દર્શનાવરણીય, પાંચ પ્રકારની નિદ્રા, પહેલા બાર કષાય અને મિથ્યાત્વ એમ કુલ વીસ પ્રકૃતિ છે. **(૨) દેશઘાતી :** જે કર્મ પોતાનાથી ઢાંકવા યોગ્ય ગુણનો કાંઈક

અંશે ઘાત (આવરણ) કરે છે તે દેશઘાતી કહેવાય છે. જેમ કે સૂર્ય વાદળાથી ઢંકાયેલો હોવા છતાં પણ દિવસ કે રાતનું જ્ઞાન થાય છે. તેમ કેવળજ્ઞાન ઘનઘાતી કર્મો દ્વારા ઢંકાયેલું હોવા છતાં પણ કેવળજ્ઞાનનો અનંતમો ભાગ આંશિકભાગ રૂપે ખુલ્લો રહેવાથી મતિ આદિ જ્ઞાનમાં વહેંચાઈ જાય છે. એટલે મતિઆદિ ચાર જ્ઞાન દેશઘાતી ગણાય છે. દેશઘાતીની મતિ જ્ઞાનાવરણીય આદિચાર, ચક્ષુદર્શનાવરણીય આદિ ત્રણ, સંજ્વલન કષાય–ચાર, નોકષાય-નવ અને અંતરાયપાંચ. આમ કુલ પચ્ચીસ પ્રકૃતિ છે.

**અઘાતીકર્મ** – જે કર્મ આત્માના જ્ઞાન આદિ મૂળ ગુણોનો ઘાત ન કરે તથા મૂળ ગુણોને પ્રગટ થવામાં બાધક બનતાં નથી તેને અઘાતી કર્મ કહે છે. તેના ચાર પ્રકાર છે. (૧) વેદનીય, (૨) આયુષ્ય, (૩) નામ અને (૪) ગોત્રકર્મ. અઘાતીકર્મ ની વે દનીય-બે , આયુષ્ય-ચાર-નામ-સડસઠ, ગોત્ર-બે. આમ કુલ પંચોતેર પ્રકૃતિ છે.

ઘાતી કર્મોનો નાશ થયા પછી અઘાતી કર્મો લાંબો સમય ટકતાં નથી. આયુષ્ય પૂર્ણ થતાં જ બાકીનાં ત્રણ ઘાતી કર્મોનો ક્ષય થાય છે. **તેથી જીવ કર્મરહિત બની સિદ્ધ થઈ જાય છે.**

આ રીતે કર્મસ્રોતનું મુખ્ય ઘટક કાર્મણવર્ગણા આશ્રવ દ્વારા આત્મામાં પ્રવેશીને બંધનકરણ વડે વિવિધ કર્મસ્વરૂપે સ્થાન પ્રાપ્ત કરે છે.

★

## કર્મબંધની પ્રક્રિયા

કર્મબંધની પ્રક્રિયા પણ જાણવી જરૂરી છે. જેમ મકાન બાંધતી વખતે સીમેન્ટ-રેતીમાં પાણી નાખીને જ મિશ્રણ કરવામાં આવે છે. આ મિશ્રણની પ્રક્રિયા તેના પદાર્થો ઉપર આધાર રાખે છે. તેમાં જો પાણી ઓછું હશે તો મિશ્રણ બરાબર થશે નહિ. એ જ રીતે રોટલી બનાવવા માટે લોટમાં પાણી નાખીને મિશ્રણ કરીને, મસળીને પિંડ બનાવવામાં આવે છે. એમાં પણ પાણીના વત્તાઓછા પ્રમાણ પર આધાર છે. એ જ રીતે આત્માની સાથે કર્મબંધમાં પણ કષાયાદિની માત્રા આધારભૂત પ્રમાણ છે. સીમેન્ટ, રેતી અને લોટમાં મિશ્રણ પાણી પર આધારિત છે તેમ આત્માની સાથે જડ કાર્મણસ્કંધોનું મિશ્રણ કષાય પર આધારિત છે. કષાય અહીં પણ પણ રસનું કામ કરે છે. એ જ કર્મબંધની પ્રક્રિયાનું માધ્યમ છે. જે રીતે પાણી વત્તુંઓછું હોય તો લોટમાં તથા સીમેન્ટના મિશ્રણ યા બંધનમાં ફરક પડે છે. એ જ રીતે કષાયોની તીવ્રતા અથવા મંદતા આદિના કારણે કર્મબંધનમાં શિથિલતા અથવા દૃઢતા આવે છે. આથી કર્મબંધની પ્રક્રિયા ચાર પ્રકારે બતાવી છે. જેમ કે,

**(૧) સ્પૃષ્ટ (શિથિલ) કર્મબંધ :** જેમ કે સૂકા કપડાં ઉપર લાગેલી ધૂળની રજકણ જે ખંખેરવા માત્રથી દૂર થઈ જાય છે, અથવા તો દોરામાં સામાન્ય ગાંઠ જે શિથિલ (ઢીલી) રીતે જ વાળવામાં આવી છે, એ સહજ પ્રયત્ન કરવાથી ખૂલી જાય છે. વિશેષ પ્રયત્ન કરવો પડતો નથી. એ જ રીતે સામાન્ય-અલ્પ માત્રાના કષાયાદિ કારણથી બાંધેલા કર્મ જો આત્મા સાથે સ્પર્શમાત્ર સંબંધથી ચોંટ્યા હોય તો સામાન્ય પશ્ચાતાપ માત્રથી દૂર કરી શકાય છે. એને સ્પૃષ્ટ-સ્પર્શબંધ કર્મ કહેવાય છે, જે નીચેના દૃષ્ટાંતથી જાણીએ.

**શ્રી પ્રસન્નચંદ્ર રાજઋષિ:**

પ્રભુ મહાવીરના સમયની આ વાત છે. પોતનપુર નગરના રાજાનું નામ પ્રસન્નચંદ્ર હતું. એક વાર પ્રભુ મહાવીર પોતનપુર પધાર્યા. તેમની દેશના સાંભળીને રાજા પ્રસન્નચંદ્ર સંસારથી ઉદ્વેગ પામ્યા અને પોતાના બાળકુમારને રાજગાદી ઉપર બેસાડી તેમણે પ્રભુ પાસે દીક્ષા લીધી.

ત્યારપછી પ્રભુ વિહાર કરતાં કરતાં રાજગૃહી પધાર્યા ત્યારે પ્રભુના દર્શન કરવા શ્રેણિક રાજા પોતાની સેના-પરિવાર સાથે નીકળ્યા. તેમણે રસ્તામાં તપ કરતાં ધ્યાનસ્થ પ્રસન્નચંદ્ર મુનિને જોયા. આથી દુર્મુખ નામનો સેનાપતિ બોલ્યો, 'અરે! આ તો પ્રસન્નચંદ્ર રાજા છે, જેમણે પોતાના રાજ્યનો બધો કારભાર પોતાના બાળકુમાર ઉપર મૂક્યો છે! આ તો કાંઈ ધર્મી કહેવાય? એના મંત્રીઓ રાજકુમારને રાજ્ય ઉપરથી પદભ્રષ્ટ કરશે.' આ પ્રકારના વચનો ધ્યાનસ્થ મુનિ પ્રસન્નચંદ્રે સાંભળ્યા અને મનથી ચિંતવવા લાગ્યા કે, 'ધિક્કાર છે મારા અકૃતજ્ઞ મંત્રીઓને! જો હું રાજ્ય સંભાળતો હોત તો તેઓને આકરી શિક્ષા કરત.' આવા સંકલ્પવિકલ્પોથી રાજર્ષી પોતાના ગ્રહણ કરેલા દીક્ષા ાતને ભૂલી જઈ મનથી મંત્રીઓ સાથે યુદ્ધ કરવા લાગ્યા. તેમના બધા આયુધો ખલાસ થતાં મસ્તક ઉપરના શિરસ્રાણથી શત્રુને મારું, એવું ધારી તેમણે પોતાનો હાથ માથા ઉપર મૂક્યો. ત્યાં તો માથે લોચ કરેલો છે, પોતે ાતમાં છે એ જાણી તરત જ પોતાના આત્માને નિંદવા લાગ્યા અને તેની આલોચના પ્રતિક્રમણ કરીને પાછા પ્રશસ્ત ધ્યાનમાં સ્થિર થઈ ગયા અને ક્ષપક શ્રેણીમાં ચડી જતાં કેવળજ્ઞાન પામ્યા.

આમ પ્રસન્નચંદ્ર રાજર્ષિના ધ્યાનમાં વિચારો બગડ્યા તેથી જે કર્મબંધ થયો એ શિથિલબંધ માત્ર જ હતો. બે ઘડીમાં પશ્ચાતાપથી કર્મક્ષય થઈ ગયો અને કર્મમુક્ત થઈને તેમનો મોક્ષ થયા

**(૨) બદ્ધ (ગાઢ) કર્મબંધ:** આ બંધ પહેલા કર્મબંધ કરતાં થોડો વધારે ગાઢ છે. વધારે મજબૂત છે. ભીના કપડાં ઉપર લાગેલી ધૂળ કાઢવા માટે વિશેષ પ્રયત્નો કરવા પડે છે. માત્ર ખંખેરવાથી નીકળે નહિ પરંતુ સાબુ આદિનો પ્રયોગ કરવો પડે અથવા તો દોરામાં ગાંઠ ખેંચીને સખત રીતે વાળી હોય તો તે ખોલવામાં મુશ્કેલી પડે છે. એવી જ રીતે આત્માની સાથે કર્મનો બંધ ગાઢ-મજબૂત થયો હોય તો તેને બદ્ધ કર્મબંધ કહેવાય છે. માત્ર પશ્ચાતાપથી આ બંધ છૂટતો નથી. એના ક્ષય માટે વિશેષ પ્રયત્નો કરવા પડે છે. પ્રાયશ્ચિત લેવું પડે છે. દા. ત. અઈમુત્તામુનિને પ્રાયશ્ચિત કરતાંજ કર્મક્ષય થઈ ગયો. આ બંધમાં કંઈક શિથિલ અંશ પણ હોય છે અને કંઈક ગાઢ અંશ હોય છે. જેનું દૃષ્ટાંત નીચે મુજબ છે.

**અઈમુત્તામુનિ :**

પ્રભુ મહાવીરના સમયની આ વાત છે. રાજગૃહી નગરીમાં ગૌતમસ્વામી ગોચરી લેવા નીકળ્યા છે ત્યારે રમતા અઈમુત્તા બાળકે મુનિને જોયા અને પોતાના મહેલે મુનિને ભિક્ષા લેવા માટે આવવા વિનંતી કરી. બાળકની ભાવના જોઈને ગૌતમ સ્વામી બાળકના મહેલે ગયા અને ભિક્ષા ગ્રહણ કરી. ત્યારે અઈમુત્તાએ સહજ

બાળભાવે ગૌતમસ્વામીને કહ્યું કે, લાવો, આ પાત્રા મને આપો. ભોજનનો ઘણો ભાર છે, હું ઉપાડું. ત્યારે ગૌતમ સ્વામીએ જવાબ આપ્યો, 'ના, ના. આ બીજા કોઈને ન આપાય. એ તો અમારા જેવા ચારિત્ર પાળતા સાધુ જ ઉપાડી શકે. આ સાંભળી અઈમુત્તાએ સાધુ થવાની હઠ લીધી. માતા પાસે યેનકેન પ્રકારે રજા મેળવી લીધી અને ગૌતમસ્વામી સાથે સમવસરણમાં આવી પ્રભુ પાસે દીક્ષા લીધી.'

એક વાર વૃદ્ધમુનિ સ્થંડીલ માટે વનમાં જતા હતા, તેમની સાથે અઈમુત્તા મુનિ ગયા. રસ્તામાં એક નાનું સરોવર આવ્યું. ત્યારે બાળ ભાવે અઈમુત્તામુનિએ નાનાં પાત્રાંની હોડી બનાવી તેમાં તરવા મૂકી. આ જોઈ વૃદ્ધમુનિએ સમજાવ્યું કે, આપણાથી આવું ન કરાય. આ પાણીની અંદર આવી રમતો કરીએ તો છકાયના જીવની વિરાધના થાય અને એના ફળરૂપે આપણો જીવ દુર્ગતિમાં જાય. આ સાંભળી બાળ મુનિને ઘણી લજ્જા આવી, ઘણો પસ્તાવો થયો. પોતાના કરેલા કાર્ય માટે સમવસરણમાં આવી 'ઈરિયા વહી પડિક્કમતા' શુકલધ્યાનમાં ચડી ગયા. શુદ્ધ ભાવથી કરેલ પાપનું પ્રાયશ્ચિત કરતાં કરતાં કેવળજ્ઞાન પામ્યા. આમ અઈમુત્તામુનિએ શુદ્ધભાવે પ્રાયશ્ચિત કરતાં જ કર્મનો ક્ષય કર્યો.

**(૩) નિધત્ત કર્મબંધ:** જેવી રીતે કપડાં પર લાગેલા કાદવના ડાઘ કાઢવા માટે માત્ર સાબુ આદિનો પ્રયોગ કામ આવે નહિ પરંતુ વિશેષ પદાર્થોનો તેમજ બ્રશ આદિથી ઘસવું પડે, અથવા તો રેશમી દોરામાં લગાવેલી પાકી ગાંઠ જે ખોલવી મુશ્કેલ જેવી જ થઈ ગઈ, એવી જ રીતે કર્મનો બંધ તીવ્ર કષાયની વૃત્તિમાં અતિ મજબૂત બની જાય છે ત્યારે આસાનીથી છૂટી શકતો નથી. આ નિધત્ત પ્રકારનો બંધ કહેવાય છે. પહેલાં બે બંધો કરતાં તે બમણો મજબૂત હોય છે. આ કર્મોનો ક્ષય, તપ-તપશ્ચર્યાદિ ધર્માનુષ્ઠાન વિશેષ રીતે કરીને કઠિનાઈથી થાય છે. અર્જુનમાળીએ વિશિષ્ટ તપશ્ચર્યા કરી કર્મક્ષય કર્યો, જેનું દૃષ્ટાંત નીચે મુજબ છે

**અર્જુનમાળી:**

રાજગૃહી નગરમાં અર્જુન નામે માળી રહેતો હતો. તેને બંધુમતી નામની સુંદર પત્ની હતી. અર્જુનમાળીનો નગર બહાર એક મોટો બગીચો હતો. ત્યાં મુદ્દગરપાણિ યક્ષનું એક મંદિર પણ હતું. અર્જુનમાળી મુદ્દગરપાણિ યક્ષનો ઉપાસક હતો.

એકદા તે નગરની 'લલિતા' નામની અપરાભૂત મિત્રમંડળી મુદ્દગરપાણી યક્ષના મંદિરમાં આમોદ-પ્રમોદ કરવા આવી. તે સમયે અર્જુનમાળી અને તેની પત્ની પણ પુષ્પો લઈ યક્ષના મંદિર તરફ ગયા. ત્યારે બંધુમતી 'લલિતા ટોળી'ની નજરે પડી. આથી અર્જુનમાળીને બાંધીને તેની પત્ની સાથે છ મિત્રો અનૈતિક વ્યવહાર કરવા લાગ્યા. આથી અર્જુનમાળી વિચારવા લાગ્યા કે, જો મુદ્દગરપાણી યક્ષ ખરેખર અહીં હાજર હોત તો શું મને આ પ્રકારની સ્થિતિમાં પડેલો જોઈ શકત? તે જ સમયે મુદ્દગરપાણી યક્ષે તેના શરીરમાં પ્રવેશ કર્યો અને બંધનોને તોડી છ પુરુષો અને બંધુમતીને મારી નાંખ્યા.

આ પ્રમાણે મુદ્દગરપાણી યક્ષથી આવિષ્ટ અર્જુનમાળી રાજગૃહીની આસપાસ રોજ છ પુરુષ અને એક સ્ત્રીની ઘાત કરતો. એકદા સુદર્શનશેઠે અર્જુનમાળીના આવિષ્ટ યક્ષને ભગાડ્યું. આથી અર્જુનમાળી પ્રભુ મહાવીર પાસેથી ધર્મોપદેશ સાંભળી સંયમ અંગીકાર કરીને તેમની પાસેથી યાવત જીવન છઠ્ઠના પારણે છઠ્ઠ તપસ્યાથી આત્માને ભાવિત કરવાની આજ્ઞા માંગી.

પ્રભુની આજ્ઞા મેળવી અર્જુનમુનિ છઠ્ઠના પારણે ગોચરી માટે જતા ત્યારે નગરના સ્ત્રી પુરુષો તેમને ધુત્કારતા, ગાળો આપતા, મારતા. આવી રીતે બધાંથી તિરસ્કૃત થવા છતાં અર્જુનમુનિ તેમના ઉપર દ્વેષભાવ કરતા નહિ અને સમતાભાવે સહન કરી છ માસ સુધી ચારિત્રનું પાલન કરી અર્ધમાસિકી સંલેખના કરી સિદ્ધ ગતિને પામ્યા.

આમ અર્જુનમુનિએ બાંધેલા કર્મોનો ક્ષય તપ-તપશ્ચર્યાદિ વિશેષ રીતે કરી મોક્ષગતિ મેળવી.

**(૪) નિકાચિત કર્મબંધ :** જેવી રીતે કપડાં પર લાગેલા ઓઈલના ડાઘ કાઢવા માટે સાબુ, વિશેષ દ્રવ્યો વાપરો તો પણ ડાઘ નીકળે નહિ. અથવા તો રેશમી દોરી ઉપર મજબૂત ગાંઠ મારી એની ઉપર મીણ લગાડ્યું હોય તો તે ખૂલવી અસંભવ બની જાય છે. એવી જ રીતે આત્માની સાથે તીવ્રતર-તીવ્રતમ કષાયાદિને કારણે એટલો ભયંકર ગાઢકર્મબંધ થઈ જાય છે કે તપશ્ચર્યાદિ અનુષ્ઠાનથી પણ ક્ષય થતો નથી, ભોગવવો જ પડે છે. કોઈ પણ સંજોગોમાં એ ફળ આપ્યા વગર છૂટતો નથી. એને નિકાચિત કર્મબંધ કહે છે, જેનું દૃષ્ટાંત નીચે મુજબ છે.

**શ્રેણિક રાજા :**

પ્રભુ મહાવીરના સમયની આ વાત છે. રાજગૃહી નગરીમાં મગધ દેશના રાજાનું નામ શ્રેણિક હતું. તેમને શિકાર કરવાનો ખૂબ શોખ હતો. એક દિવસ શ્રેણિક રાજા શિકાર કરવા જંગલમાં ગયા. તેમણે દૂરથી એક હરણીને જોઈ. તેમણે પોતાનો ઘોડો તે તરફ દોડાવ્યો. ધનુષ્ય પર બાણ ચડાવી બરાબર નિશાન તાકી રાજાએ તીર છોડ્યું. તીર હરણીના પેટમાં ખૂંપી ગયું. તેનું પેટ ફાટી ગયું. પેટમાંથી હરણીનું મરેલું બચ્ચું બહાર પડી ગયું અને હરણી પણ મરી ગઈ.

શ્રેણિક રાજા ઘોડા ઉપરથી ઉતરીને મરેલી હરણી પાસે આવ્યા. દૃશ્ય જોઈને એ ખૂબ જ ખુશ થયા. ગર્વથી બોલ્યા, 'મારા એક જ તીરથી બબ્બે પશુઓ મરી ગયા! હરણી અને તેનું બચ્ચું પણ! શિકાર આને કહેવાય!' શ્રેણિક રાજાનો આનંદ સમાતો નથી. હર્ષથી તેઓ ઝૂમી ઊઠ્યાં, આથી એમનું પહેલી નરક ગતિનું કર્મ બંધાઈ ગયું.

ત્યાર પછી કાળક્રમે અને ધીમે ધીમે જ્ઞાન પ્રાપ્ત થતાં ભગવાન મહાવીરના પરમ ઉપાસક બન્યા. એક વાર ભગવાનને પોતાની ગતિ વિષે પૂછતાં, ભગવાને જવાબ આપ્યો કે, 'શ્રેણિક મરીને તું પહેલી નરકે જઈશ, કારણ કે શિકાર કરીને તું ખૂબ ખુશ થયો હતો. આથી તારું નરક ગતિનું આયુષ્ય બંધાઈ ગયું છે. તારું આ પાપકર્મ નિકાચિત હતું. આથી આ કર્મ તારે ભોગવવું જ પડશે. અમે પણ તે અન્યથા કરવાને સમર્થ નથી.' આથી શ્રેણિક રાજા મરીને પહેલી નરકે ગયા.

આમ મગધના રાજા શ્રેણિકે શિકારમાં નિકાચિતકર્મ બાંધ્યું હતું કે જેને લીધે એમને નરકમાં જવું પડ્યું.

આવી રીતે જીવ પોતાના મંદ, તીવ્ર, તીવ્રતર, તીવ્રતમ પ્રકારના વિવિધ કષાયોના આધારે ઉપરોક્ત ચારમાંથી ભિન્ન ભિન્ન પ્રકારના કર્મ બાંધે છે. ★

## આઠ કર્મની ઉત્તર પ્રકૃતિ અને કર્મ વિપાકના પ્રકાર

| કર્મ | ઉત્તર પ્રકૃતિ | કર્મ વિપાકના પ્રકાર | સ્થિતિબંધ |
|---|---|---|---|
| ૧. જ્ઞાનાવરણીય | **૫**<br>(૧) મતિ જ્ઞાનાવરણીય (૨) શ્રુત જ્ઞાનાવરણીય (૩) અવધિ જ્ઞાનાવરણીય (૪) મન:પર્વય જ્ઞાનાવરણીય (૫) કેવળ જ્ઞાનાવરણીય | **૧૦**<br>(૧) શ્રોતાવરણ (૨) શ્રોત વિજ્ઞાનાવરણ (૩) નેત્રાવરણ (૪) નેત્ર વિજ્ઞાનાવરણ (૫) ઘ્રાણાવરણ (૬) ઘ્રાણ વિજ્ઞાનાવરણ (૭) રસેન્દ્રિયાવરણ (૮) રસેન્દ્રિય વિજ્ઞાનાવરણ (૯) સ્પર્શેન્દ્રિયાવરણ (૧૦) સ્પર્શેન્દ્રિય વિજ્ઞાનાવરણ | જઘન્ય અંતર્મુહૂર્ત ઉ. ૩૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૨. દર્શનાવરણીય | **૯**<br>(૧) ચક્ષુદર્શનાવરણીય (૨) અચક્ષુદર્શનાવરણીય (૩) અવધિ દર્શનાવરણીય (૪) કેવળ દર્શનાવરણીય (૪) નિદ્રા (૫) નિદ્રા નિદ્રા (૬) પ્રચલા (૭) પ્રચલા પ્રચલા (૮) થીણદ્ધિ નિદ્રા | **૯**<br>ઉત્તર પ્રકૃતિ પ્રમાણે | જઘન્ય અંતર્મુહૂર્ત ઉ. ૩૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૩. વેદનીય | **૨**<br>શાતાવેદનીય-અશાતાવેદનીય<br>શાતાવેદનીયના ૮ ભેદ (૧) મનોજ્ઞ શબ્દ (૨) મનોજ્ઞ રૂપ (૩) મનોજ્ઞ ગંધ (૪) મનોજ્ઞ રસ (૫) મનોજ્ઞ સ્પર્શ (૬) મનનું સુખ (૭) વચનનું સુખ (૮) કાયાનું સુખ .<br>અશાતાવેદનીયના ૮ ભેદ અમનોજ્ઞ શબ્દાદિ | **૨**<br>ઉત્તર પ્રકૃતિ પ્રમાણે | જઘન્ય અંતર્મુહૂર્ત ઉ. ૩૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૪. મોહનીય | **૨**<br>(૧) દર્શન મોહનીય (૨) ચારિત્ર મોહનીય (૧) દર્શન મોહનીયના ૩ ભેદ–સમ્યક્ત્વ મોહનીય, મિશ્ર મોહનીય, મિથ્યાત્વ મોહનીય.<br>(૨) ચારિત્ર મોહનીયના **૨૫** ભેદ.<br>કષાય મોહનીયના **૧૬** ભેદ-અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની, સંજ્વલન આ ચાર પ્રકારના ક્રોધ, માન, માયા, લોભ ૪X૪= ૧૬ કષાય<br>નોકષાય મોહનીયના ૯ ભેદ-હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસક વેદ | **૫**<br>દર્શન મોહનીયના ૩ ભેદ, ચારિત્ર મોહનીયના ૨ ભેદ. આ રીતે ૩+૨= ૫ ભેદ.<br>ચારિત્ર મોહનીયના ૨ભેદના ૨૫ પેટા ભેદ છે. | જઘન્ય અંતર્મુહૂર્ત ઉ. ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૫. આયુષ્ય | **૪**<br>નરકાયુ, તિર્યંચાયુ, મનુષ્યાયુ,દેવાયુ. | **૪**<br>ઉત્તર પ્રકૃતિ પ્રમાણે | જઘન્ય અંતર્મુહૂર્ત ઉ. ૩૩ સાગરોપમ |
| ૬. નામકર્મ | **૪૨**<br>૧૪ પિંડ પ્રકૃતિ +૮ પ્રત્યેક પ્રકૃતિ + ૧૦ ત્રસ દશક + ૧૦ સ્થાવર દશક અથવા<br>૯૩<br>૧૪ પિંડ પ્રકૃતિના ૬૫ ભેદ + ૮ પ્રત્યેક પ્રકૃતિ + ૧૦ ત્રસ દશક + ૧૦ સ્થાવર દશક | **૨**<br>(૧) શુભનામ (૨) અશુભનામ.<br>શુભનામના ૧૪ ભેદ (૧-૫) ઈષ્ટ શબ્દ, રૂપ,ગંધ, રસ, ઈષ્ટ સ્પર્શ (૬) ઈષ્ટ ગતિ (૭) ઈષ્ટ સ્થિતિ (૮) ઈષ્ટ લાવણ્ય (૯) ઈષ્ટ યશોકીર્તિ (૧૦) ઈષ્ટ ઉત્થાનાદિ (૧૧) ઈષ્ટ સ્વર (૧૨) કાંત સ્વર (૧૩) પ્રિય સ્વર (૧૪) મનોજ્ઞ સ્વર.<br>અશુભ નામના ૧૪ અનિષ્ટ શબ્દાદિ. | જઘન્ય આઠ મુહૂર્ત ઉ. ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૭. ગોત્રકર્મ | **૨**<br>(૧) ઊંચગોત્ર (૨) નીચગોત્ર.<br>(૧) ઊંચ ગોત્રના ૮ ભેદ. ઊંચ-શ્રેષ્ઠ જાતિ, કુળ, બળ, રૂપ, તપ, શ્રુત, લાભ અને ઐશ્વર્ય.<br>(૨) નીચ ગોત્રના ૮ ભેદ. નીચ જાતિ આદિ. | **૨**<br>ઉત્તર પ્રકૃતિ પ્રમાણે | જઘન્ય આઠ મુહૂર્ત ઉ. ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૮. અંતરાયકર્મ | **૫**<br>(૧) દાનાંતરાય (૨) લાભાંતરાય.<br>(૩) ભોગાંતરાય (૪) ઉપભોગાંતરાય<br>(૫) વીર્યાંતરાય. | **૫**<br>(૧) ઊંચગોત્ર (૨) નીચગોત્ર. | જઘન્ય અંતર્મુહૂર્ત ઉ. ૩૦ ક્રોડાક્રોડી સાગરોપમ |

## કર્મનું નેટવર્ક

કર્મનું નેટવર્ક સ્વયં સંચાલિત અને અદ્ભુત છે. જ્યાં સુધી મુક્ત ન થવાય ત્યાં સુધી ક્યારેય ન ખોરવાય એવું અવિરત ચાલ્યા જ કરે છે. **મન-વચન-કાયા રૂપ બેટરીને રાગ અને દ્વેષ ક્રિયા દ્વારા સતત રિચાર્જ કર્યા કરે છે. શરીરરૂપ મોબાઈલની બોડીમાં અનાદિકાળથી લેપાયેલ આત્મરૂપ સીમકાર્ડ છે અને સત્તારૂપ મેમરીકાર્ડ છે. કર્મનું નેટવર્ક બરાબર ચાલે એ માટે આખા વિશ્વમાં કાર્મણવર્ગણારૂપ તરંગો** (waves) **ફેલાયેલા છે.** કાર્મણવર્ગણારૂપ તરંગો આશ્રવ દ્વારા સીમકાર્ડમાં પ્રવેશે છે અને મોબાઈલનું નેટવર્ક એક્ટિવેટ થતું રહે છે. એક્ટિવેટ થતાં જ કર્મના નેટવર્કની અંતર્ગત વિવિધ અવસ્થાઓ અસ્તિત્વમાં આવે છે તેનું અહીં સંકલન કર્યું છે.

**(૧) બંધ–**

આશ્રવ દ્વારા કર્મયોગ્ય–કાર્મણ વર્ગણા કાર્મણ શરીરમાં (સીમકાર્ડ)માં આવે છે તથા આત્મા અને કાર્મણ વર્ગણાનું જોડાણ થાય તેને બંધ કહેવાય. અથવા આત્માની સાથે સંલગ્ન કર્મયોગ્ય વર્ગણા કર્મના રૂપમાં પરિવર્તિત થાય એ પ્રક્રિયાને બંધ કહે છે.

જીવ જેવો કાર્મણ વર્ગણા સાથે જોડાઈને કર્મબંધ કરે છે કે તરત જ ચાર વિભાગમાં વહેંચાઈ જાય છે. પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ અને અનુભાગ બંધ. જેમ ગાય ઘાસ ખાય છે ત્યારે તે ઘાસ દૂધ રૂપે પરિણમે છે. તે જ સમયે દૂધમાં (૧) મીઠાશ જેવો ગુણધર્મ નક્કી થાય છે, (૨) તે કેટલું દૂધ આપશે એનું પ્રમાણ નક્કી થાય છે, (૩) તે દૂધ કેટલો સમય ટકશે તેનો નિર્ણય થઈ જાય છે, (૪) તે દૂધમાં રસ-કસ ગુણવત્તા ઓછા કે વધુ તેનો નિર્ણય થઈ જાય છે એ જ રીતે કર્મબંધ ચાર પ્રકારમાં વહેંચાઈ જાય છે.

(૧) **પ્રકૃતિબંધ:** સ્વભાવનો નિર્ણય થવાપૂર્વક કર્મોનું આત્મપ્રદેશ સાથે એકાકાર થવું તે પ્રકૃતિબંધ (Nature). આત્માના જ્ઞાનાદિ આઠ ગુણને આવરવાની શક્તિ ઉત્પન્ન થાય છે તેને પ્રકૃતિ કહે છે. જેમ જુદા જુદા પશુઓના દૂધમાં જુદા જુદા સ્વભાવ હોય, જેમ કે ઊંટાટિયાના રોગમાં ઊંટડીનું દૂધ કામ આવે, ક્ષય જેવા રોગમાં બકરીનું દૂધ કામ આવે, કોલેસ્ટરોલને કાબૂમાં રાખવા ગાયનું દૂધ કામ આવે, શક્તિ માટે ભેંસનું દૂધ કામ આવે છે. એમ જીવની જુદી જુદી જાતની પ્રવૃત્તિને કારણે કાર્મણ સ્કંધમાં જુદી જુદી જાતના સ્વભાવનો અનુભવ કરાવી શકે એવી શક્તિ ઉત્પન્ન થાય છે. જેમ કે જ્ઞાન-જ્ઞાનીની આશાતના કરવાથી કાર્મણ સ્કંધોમાં અજ્ઞાની, મૂર્ખ બનાવવાની શક્તિ ઉત્પન્ન થાય તે તેનો સ્વભાવ છે. એમ આઠ કર્મોનો સ્વભાવ પ્રકૃતિવત્ જાણવો.

પ્રકૃતિબંધનું કારણ યોગ છે. જો શુભ યોગ હોય તો જીવ શુભપુણ્ય પ્રકૃતિને બાંધે છે. અશુભ યોગ હોય તો જીવ અશુભ-પાપ પ્રકૃતિ બાંધે છે. મૂળ પ્રકૃતિ આઠ પ્રકારે છે અને તેના આવાંતર ભેદોની સંખ્યા એકસો ને અઠ્ઠાવન (૧૫૮) છે. જે કોષ્ટકમાં બતાવવામાં આવી છે.

(૨) **પ્રદેશ બંધ :** (Quantity) પ્રકૃતિ અનુસાર દરેક વિભાગને ચોક્કસ પ્રમાણમાં પ્રાપ્ત થયેલ કર્મદલિકોનું આત્મા સાથે એકાકાર થવું તે પ્રદેશબંધ. જેમ જુદા જુદા પશુઓના દૂધનો જથ્થો ઓછો વધુ હોય છે. બકરીનું દૂધ ૧-૨ લીટર પ્રાપ્ત થાય. ગાયનું ૬-૮ લીટર, ભેંસનું દસ બાર લીટર મળે એમ દરેક કર્મને જુદો જુદો જથ્થો પ્રાપ્ત થાય છે. આ જથ્થો સાત કે આઠ વિભાગમાં વહેંચાતો રહે છે. એમાંથી સૌથી મોટો હિસ્સો વેદનીય કર્મને મળે છે કારણકે વેદનીયને અનુભવવા માટે સૌથી વધારે હિસ્સો જોઈએ છે. બાકીના કર્મોને સ્થિતિ પ્રમાણે જથ્થો મળે છે. મોહનીયની સ્થિતિ મોટી છે માટે એને બીજા ક્રમનો જથ્થો મળે છે એમ ક્રમશઃ સમજવું. દા. ત. ૬૪૦૦૦ જેટલા પ્રદેશનો જથ્થો મળ્યો એમાંથી ૪૮૦૦૦ વેદનીયને, ૧૨૦૦૦ મોહનીયને, ૧૦૦૦ જ્ઞાનાવરણીયને, ૧૦૦૦ દર્શનાવરણીયને, ૧૦૦૦ અંતરાયને, ૩૭૫ નામને, ૩૭૫ ગોત્રને અને સૌથી નાનો હિસ્સો ૨૫૦નો આયુષ્ય કર્મને મળે છે. આ રીતે પ્રદેશની વહેંચણી થઈ જાય છે.

પ્રદેશ બંધનું કારણ યોગ છે. જીવ યોગાનુસાર ઓછાવત્તા પ્રમાણમાં કાર્મણસ્કંધને ગ્રહણ કરે છે. જેમ કોઈ યાત્રી ધીમેથી ચાલે તો ઓછો રસ્તો કપાય અને ઝડપથી ચાલે તો વધુ રસ્તો કપાય છે એમ કોઈ જીવની મન-વચન-કાયાની પ્રવૃત્તિ ધીમી હોય તો થોડા અને પ્રવૃત્તિ ઝડપી હોય તો વધુ કાર્મણસ્કંધો ગ્રહણ થાય છે. એટલે જીવ યોગાનુસાર કાર્મણસ્કંધો ઓછા ગ્રહણ કરે તો દરેક કર્મના ભાગમાં થોડા કર્મદલિકો આવે અને વધુ ગ્રહણ કરે તો વધુ કર્મદલિકો મળે.

(૩) **સ્થિતિબંધ**– (Period) પ્રકૃતિને અનુરૂપ તે કાર્મણ સ્કંધોનું અમુક કાળ સુધી આત્મપ્રદેશોની સાથે એકાકાર થવું તે સ્થિતિબંધ. કાળ પૂરો થતાં કર્મ ખરતા જાય અને નવા કર્મ આવતા જાય. જેમ ગાય આદિનું દૂધ ઉનાળામાં જલ્દી બગડી જાય. શિયાળામાં ઠંડકમાં લાંબો સમય ટકે એ જ રીતે નામ ગોત્રના પુદ્ગલ વધુમાં વધુ (ઉત્કૃષ્ટ) ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમ સુધી આત્મપ્રદેશો ઉપર ચોંટી રહે છે. તેમ જ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, અંતરાય, એ ચાર કર્મના સ્કંધો વધુમાં વધુ ૩૦ ક્રોડાક્રોડી સાગરોપમ સુધી ટકે છે. મોહનીય કર્મના પુદ્ગલો વધુમાં વધુ ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમ સુધી ચોંટેલા રહે છે. સૌથી ઓછો સમય-આયુષ્ય કર્મના વધુમાં વધુ ૩૩ સાગરોપમ સુધી ચોંટી રહે છે. બધા કર્મોનો ઓછામાં ઓછો (જઘન્ય) કાળ અંતર્મુહૂર્તનો છે. એમાંય શાતા- વેદનીયનો કાળ તો માત્ર બે સમય સુધી ટકવાનો છે.

સ્થિતિબંધનું કારણ કષાય છે એટલે કષાયની માત્રા પ્રમાણે કાર્મણસ્કંધમાં સ્થિતિનો નિર્ણય થાય છે. જો કષાયની માત્રા વધુ હોય તો તે વખતે ગ્રહણ કરાતાં કાર્મણસ્કંધો આત્મપ્રદેશ પર વધુ અને જો કષાયની માત્રા ઓછી હોય તો ઓછો સમય ચોંટી રહે છે.

(૪) **અનુભાગ-રસબંધ** (Intensity-Quality): કર્મની તે પ્રકૃતિ ઓછા કે વધારે જુસ્સા-બળથી શુભારંભ કર્મનો અનુભવ કરાવે તે રસબંધ કહેવાય. જેમ કોઈ પશુના દૂધમાં મીઠાશ વધુ હોય, કોઈમાં ઓછી. વળી ઘનતા કે ચિકાશનું પ્રમાણ પણ ઓછું વધુ હોય. બકરીના દૂધમાં ચિકાશ ઓછી અને ભેંસના દૂધમાં વધુ હોય. એ જ દૂધને ઊકાળવામાં આવે તો ચીકાશ વધે છે અને પાણી નાખીએ તો ચીકાશ ઓછી થાય છે. એ જ રીતે કષાયની માત્રાનુસાર શુભાશુભ કર્મપ્રકૃતિમાં રસબંધ થાય છે. જેમ જેમ કષાયોની તીવ્રતા વધતી

જાય તેમ તેમ અશુભ કર્મોમાં રસનું પ્રમાણ વધતુ જાય અને શુભકર્મોમાં ઘટતું જાય એ જ રીતે કષાયોની માત્રા ઘટતી જાય તેમ તેમ શુભકર્મોમાં રસની વૃદ્ધિ અને અશુભમાં હાનિ થાય છે.

અહીં પ્રવૃત્તિ કરતાં વૃત્તિનું મહત્ત્વ વધારે છે. એક ગુંડો અને ડૉક્ટર બંનેના હાથમાં છરી છે. બંને છરીનો ઉપયોગ કરે છે પણ બંનેની વૃત્તિમાં આસમાન જમીનનો ફરક છે. એક વેદના આપે છે બીજો મટાડે છે એટલે કર્મના રસબંધમાં પણ ફરક પડી જશે.

કર્મ કરતી વખતે જીવાત્માનો ભાવ કેવો છે તેના પર રસબંધનો આધાર છે. એક જ કર્મ માણસ રસ રેડીને કરી શકે અને એ જ કર્મ રસ વગર પણ થઈ શકે છે. જો કોઈ કર્મ આપણે રસ વિના કર્યું હશે તો તે કર્મ ઉદયમાં આવશે ત્યારે એની તીવ્રતા-વેગ ઓછો હશે. રસપૂર્વક કર્યું હશે તો તીવ્ર-વેગ હશે. તેથી પુણ્યકર્મ રસપૂર્વક કરવું અને પાપકર્મ ઉદાસીનભાવે કરવું.

કોઈ વ્યક્તિને અસહ્ય વેદના થતી હોય ત્યારે સમજવું કે તેણે રસપૂર્વક કોઈને દુઃખ આપ્યું હશે. અને સરળતાથી સફળતાના પગથિયાં ચડતા જોઈને સમજવું કે તેણે રસ રેડીને પુણ્યકર્મ બાંધ્યા હશે.

આમ કાર્મણસ્કંધો બંધ સમયે ચાર વિભાગમાં વહેંચાઈ જાય છે એનું સ્વરૂપ બરાબર સમજાઈ જાય તો કેવા પ્રકારના બંધ થાય તે વિશે જાગ્રત થઈ શકાય અને ધીમે ધીમે હળવા કર્મબંધ કરીને સર્વથા મુક્ત પણ થઈ શકાય.

**(૨) સત્તા–**

કર્મોની આત્મપ્રદેશ પર હાજરી. બંધથી કાર્મણ વર્ગણા જે સમયે ચોંટે છે તે સમયથી માંડીને આત્માની સાથે જ્યાં સુધી રહે છે તેને સત્તા કહે છે. **અર્થાત્ કર્મ બંધાયા પછી સિલકમાં હોવું કર્મનું આત્મા ઉપર રહેવું. સત્તાનો અર્થ છે હોવાપણું. આત્માની બેંકમાં કર્મનું હોવાપણું.** દા. ત. આપણી પાસે કરોડો રૂપિયા છે પણ બેંકમાં જમા છે. હમણાં આપણા હાથમાં નથી. એમાંથી આપણે ભોગવવા હોય એટલા જરૂરિયાત મુજબ ઉપાડતા જઈએ છીએ. એમ કર્મો હમણાં ઉદયમાં ન હોય પણ આપણી આત્મબેંકમાં જમા (બેલેન્સ) પડ્યા હોય અને યથાસમયે ઉદયમાં આવતા જાય.

સત્તા બે પ્રકારની છે–સ્વરૂપ સત્તા અને પરરૂપ સત્તા.

**સ્વરૂપ સત્તા**–જે કર્મો પોતાના બંધ વખતે નક્કી થતાં મૂળ સ્વભાવને છોડ્યા સિવાય આત્માની સાથે રહે તેને **સ્વરૂપ સત્તા** કહેવાય.

**પરરૂપ સત્તા**–જે કર્મો અન્ય સજાતીય કર્મપ્રકૃતિમાં સંક્રમીને પોતાના મૂળ સ્વભાવને છોડીને પરરૂપ થઈને આત્માની સાથે રહે તેને **પરરૂપસત્તા** કહેવાય છે.

**(૩) અબાધાકાળ–**

અ =નહિ, બાધા = ફળનો ભોગવટો, પીડા (ઉદયરૂપ પીડા), કાળ = સમય. કર્મ બંધાયા પછીના પ્રથમ સમયથી જ્યાં સુધી એ અનુભવાય નહિ–એનું ફળ મળે નહિ એટલે ઉદયમાં ન આવે ત્યાં સુધીનો સમય તે અબાધાકાળ. એમાં પ્રદેશોદય કે વિપાકોદય બંને ન હોય.

કર્મ બંધાઈને સત્તામાં ગયા પછી કર્મ ફિક્ષ ડિપોઝીટની જેમ ફિક્ષ થઈ જાય છે અને એની મુદ્દત પાકતાં ઉદયમાં આવે છે. એને અભોગ્યકાળ કે અબાધાકાળ કહે છે. એને શાંતિકાળ પણ કહે છે. જેમ બેંકમાં પૈસા ભરવા ભેગા જ આપણને મળતા નથી પણ એની કેટલીક પ્રોસીજર થયા પછી મળે છે. એમ કર્મ બંધાયા પછી એ જ સમયે ઉદયમાં ન આવી શકે એ અવસ્થાને અબાધાકાળ કહેવાય છે. અથવા તો જેમ બીજને વાવતાં તુરત જ ફળ આપવાનું શરૂ થતું નથી. માટીમાં ધરબાય, પછી અંકુરિત બને, છોડમાંથી વૃક્ષ બને પછી જ ફળ આપે. એ વચ્ચેની અવસ્થા તે અબાધાકાળ.

અબાધાકાળ દરમિયાન કર્મ દલિક રચના ન કરે ને ફળ પણ ન આપે. એને સૂતેલા અજગર સમાન કહ્યું છે. જે કર્મની જેટલા ક્રોડાક્રોડી સાગરોપમની સ્થિતિ બંધાય તેટલા જ ૧૦૦ વર્ષનો અબાધાકાળ બંધાય છે. દા. ત. મોહનીય કર્મ ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમનું છે તો ૭૦x૧૦૦ = ૭૦૦૦ વર્ષ સુધી કર્મદલિક ઉદયમાં આવે નહિ. જે કર્મની સ્થિતિ એક ક્રોડાક્રોડી સાગરોપમની અંદર બંધાય છે તેનો અબાધાકાળ અંતર્મુહૂર્ત હોય છે.

કર્મને પાકવા માટે સમય જોઈએ છે એ સમજાઈ જાય તો કર્મના ઉદયમાં વર્તતી વિષમતા જાણીને વિચલિત નહિ થઈએ. આજે કુકર્મીઓને લહેર કરતા જોઈએ છીએ અને ધર્મીને દુઃખી થતા જોઈએ છીએ ત્યારે અબાધાકાળને સામે રાખશું તો કર્મના ફળ પ્રત્યે અશ્રદ્ધા નહિ થાય. પાપી હમણાં જે કર્મ બાંધે છે તેનો અબાધા ચાલુ છે અને પૂર્વે બાંધેલા પુણ્યકર્મનું ફળ ભોગવાઈ રહ્યું છે અને ધર્મી હમણાં જે દુઃખ ભોગવે છે તે  પણ પૂર્વકૃત જ છે. હમણાંનો ધર્મ ત અબાધામાં છે જે પાછળથી ઉદયમાં આવશે.

આપણે પણ અનેક જન્મોના કર્મો લઈને અહીં આવ્યા છીએ. એમાંય કોઈ અબાધા કાળમાં હશે તો કોઈ ઉદયમાં આવી રહ્યા છે.

**(૪) ઉદય–**

**કાલમર્યાદાથી કર્મોનું સ્વતઃ ફળ દેવું.** કર્મપુદ્‌ગલ કાર્ય કરવામાં જ્યારે સમર્થ થઈ જાય તેને ઉદય કહે છે અર્થાત્ કર્મોનો અબાધાકાળ પૂરો થતા કર્મની ભોગવવાની અવસ્થા. ઉદય બે રીતે થાય છે. (૧) પ્રાપ્તકાળમાં કર્મનો ઉદય એટલે અબાધાકાળ વિત્યા પછીનો ઉદય, જેને શુદ્ધોદય કહે છે. (૨) અપ્રાપ્તિકાળનો ઉદય–અબાધાકાળ વિત્યા પહેલાં ઉદીરણકરણથી થતો ઉદય, જેને અશુદ્ધોદય કહે છે.

કર્મનો અબાધાકાળ પૂરો થાય અને કર્મદલિકો ક્રમશઃ ગોઠવાઈને (નિષેક રચના) ફળ આપવાનું શરૂ કરે છે. તે ઉદય બે પ્રકારના છે. પ્રદેશોદય અને વિપાકોદય.

(૧) પ્રદેશોદય–જે કર્મનો ઉદય આત્મપ્રદેશે આવીને ખરી જાય છે પણ જીવને અનુભવમાં આવતો નથી તેને પ્રદેશોદય કહે છે. જેમ કે નજરકેદના કેદીને જેલની અનુભૂતિ ન થાય પણ કેદી તરીકેની સજા તો ભોગવી જ રહ્યો હોય છે. તેમ જ કેટલાક કર્મ પોતાની સજાતીય પ્રકૃતિના વિપાકોદયમાં ભળીને પણ ભોગવાઈ જાય તો તેને પણ પ્રદેશોદય કહેવાય છે.

(૨) વિપાકોદય–કર્મદલિકો પોતાના મૂળ સ્વરૂપે એટલે કે જે રીતે બંધાયા હોય એ જ રીતે ભોગવાય–અનુભવાય તેને વિપાકોદય કહે છે. જે કર્મ ઉદયમાં આવતા ફળની અનુભૂતિ કરાવીને નષ્ટ થાય, આત્મપ્રદેશોમાં અનુભવ કરાવીને ભોગવાઈ જાય તે વિપાકોદય છે. વિવિધ અથવા વિશિષ્ટ પ્રકારના ફળ આપવાની શક્તિને વિપાક કહેવાય છે.

અબાધાકાળ વિત્યા પછી કેટલાક કર્મ પ્રદેશોદયથી તો કેટલાક વિપાકોદયથી ઉદયમાં આવે છે. જિનનામકર્મ પ્રદેશોદયથી જ આવે

છે. આયુષ્ય કર્મ વિપાકોદયથી જ આવે છે એનો પ્રદેશોદય હોતો જ નથી. બાકીના કર્મ બંને પ્રકારે ઉદયમાં આવે છે. એ કર્મોનો જો વિપાકોદય થાય એવી પરિસ્થિતિ ન હોય તો પ્રદેશોદય તો અવશ્ય હોય જ છે. એટલે અબાધા વિત્યા પછી બેમાં એક ઉદય હોય જ.

કર્મનો પરિપાક અને ઉદય સહેતુક પણ થાય અને નિર્હેતુક પણ થાય એટલે સ્વયં પણ થાય અને બીજા દ્વારા પણ થાય. નિમિત્તથી પણ થાય અને નિમિત્ત વગર પણ થાય.

સહેતુકમાં પાંચ પ્રકારના હેતુ ભાગ ભજવે છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવ. દા. ત.

**દ્રવ્યથી** – કોઈએ આઈસ્ક્રીમ ખાધો ને એ દ્રવ્ય શરદી થવા માટે નિમિત્ત બન્યું. એનાથી અશાતાવેદનીયનો ઉદય થયો તેને દ્રવ્યહેતુ કહેવાય. દ્રવ્ય નિમિત્ત બન્યું.

**ક્ષેત્રથી**– હિમાલયની બરફમાળામાં ગયા અને શરદી થઈ તે ક્ષેત્રહેતુ કહેવાય.

**કાળથી**– ચોમાસાની ઋતુમાં ભીંજાયા અને શરદી થઈ તે કાળહેતુ કહેવાય.

**ભાવથી**– ક્રોધાદિના આવેશમાં ઝગડ્યા ને રડવું આવ્યું જેથી શરદી થઈ તે ભાવ હેતુ કહેવાય.

**ભવથી**- ભવ જ એવો મળ્યો કે સતત પાણીના સંપર્કમાં રહેવું પડે ને કાયમી શરદી રહે તે ભવહેતુ કહેવાય.

આમ ઉદયમાં હેતુ પણ મહત્ત્વનો ભાગ ભજવતા હોય છે.

**(૫) ઉદીરણા-**

અપરિપક્વકાળ ભોગવવો- નિયમ સમયથી પહેલાં કર્મનું ઉદયમાં આવવું કે ભોગવાવું તેનું નામ ઉદીરણા. વિશેષ અધ્યવસાયથી અથવા વિશેષ પ્રયત્નથી તપ વગેરે કરીને જે કર્મ હમણાં ઉદયમાં આવવાનું નથી પણ ભવિષ્યમાં ઉદયમાં આવવાનું છે તેની સ્થિતિનો ઘાત કરીને જલ્દીથી ઉદયમાં આવવા યોગ્ય બનાવી દેવા તેને ઉદીરણા કહે છે. ટૂંકમાં લાંબાકાળે ફળ આપવા યોગ્ય કર્મને શીઘ્ર ફળ આપવાની યોગ્યતાવાળા કરીને ઉદયમાં લાવવા તે ઉદીરણા. તે પ્રયત્નથી પણ થાય છે અને અપવર્તનાદિથી સ્વતઃ પણ થાય છે. ફીક્ષ ડિપોઝીટમાંથી મુદત પાક્યા પહેલાં પૈસા ઉપાડવા (પ્રીમેચ્યોર કાળમાં પૈસા લેવા). ઉદયમાં આવેલા અથવા જે કર્મ ઉદયાવલિકામાં (પાકી ગયા) આવી ગયા હોય તેની ઉદીરણા ન થાય. જેમ કે ફીક્ષ ડિપોઝીટની મુદત પાકી જાય પછી પ્રીમેચ્યોર ન કહેવાય. સહેજે પૈસા મળવાના જ છે. એમ ઉદયાવલિકાના કર્મ સહેજે ઉદયમાં આવવાના જ છે એના માટે કોઈ પુરુષાર્થ (પ્રયત્ન) કરવાની જરૂર નથી.

ઉદીરણાનો સામાન્ય નિયમ છે કે જે કર્મપ્રકૃતિનો ઉદય કે ભોગ થઈ રહ્યો હોય તે જ કર્મના સજાતીય પ્રકૃતિની ઉદીરણા થઈ શકે છે. દા. ત. શાતા વેદનીયનો ઉદય ચાલુ છે અને વિધિવત્ ઉપવાસ કરતા શરીરને કષ્ટ પડે, માથું દુઃખે, પિત્ત ચડે વગેરેથી અશાતાવેદનીયને ઉદયમાં લઈ આવ્યા તે અશાતા વેદનીયની ઉદીરણા કરી કહેવાય. આ રીતે સજાતીયમાં શુભ–અશુભ બંનેની ઉદીરણા થઈ શકે છે.

છઠ્ઠા ગુણસ્થાન પછી આયુષ્ય અને વેદનીય કર્મની ઉદીરણા થતી નથી. કારણકે અપ્રમત્ત અવસ્થામાં એના ઉદીરણા યોગ્ય અધ્યવસાયો હોતા નથી. બધા કર્મના ઉદયની જેમ ઉદીરણા પણ ચાલુ હોય છે. આયુષ્ય સિવાયના કર્મોની ઉદીરણા સમયે સમયે થાય છે. કોઈ પણ કર્મ છેલ્લી ઉદયવલિકામાં આવી જાય પછી માત્ર એનો ઉદય જ હોય છે ઉદીરણા ન થાય; કારણકે કર્મનો સ્ટોક જ ખતમ થવા આવ્યો. છેલ્લી ઉદયવલિકા પછી કોઈ કર્મદલિક જ નથી તો ઉદીરણા કેવી રીતે થાય. આયુષ્યકર્મની ઉદીરણા પ્રદેશથી જ થાય સ્થિતિ આદિથી ન થાય. બાકીનાની પ્રકૃતિ આદિ ચારે પ્રકારથી ઉદીરણા થઈ શકે. આમ ઉદીરણાથી કર્મ સમય પહેલાં પણ ભોગવાઈ શકે છે.

**(૬) સંક્રમણ-**

એક કર્મપ્રકૃતિનું પોતાની સજાતીય કર્મપ્રકૃતિમાં રૂપાંતર થવું તે સંક્રમણ કહેવાય. અર્થાત્ મતિજ્ઞાનાવરણીય પ્રકૃતિનું શ્રુતજ્ઞાનાવરણીય પ્રકૃતિમાં રૂપાંતર થવું. પણ વિજાતીયમાં રૂપાંતર ન થઈ શકે એટલે કે જ્ઞાનાવરણીય સિવાયની પ્રકૃતિઓમાં ટ્રાન્સફર ન થાય. મતિજ્ઞાનાવરણીય પ્રકૃતિ ચક્ષુજ્ઞાનાવરણીયમાં ટ્રાન્સફર ન થઈ શકે. તેમ જ આયુષ્ય કર્મની પ્રકૃતિઓ સજાતીય હોય તો પણ સંક્રમણ થતું નથી. એ જ રીતે દર્શન મોહનીયની પ્રકૃતિઓનું ચારિત્ર મોહનીયમાં સંક્રમણ નથી થઈ શકતું.

આ સંક્રમણ માત્ર સજાતીય પ્રકૃતિમાં થાય છે પણ એક કર્મનું બીજા કર્મમાં સંક્રમણ ન થાય. જ્ઞાનાવરણીય કર્મ દર્શનાવરણીય કર્મમાં ફેરવાઈ જાય નહિ.

સંક્રમણના ચાર પ્રકાર છે-પ્રકૃતિ-સ્થિતિ-અનુભાગ અને પ્રદેશ સંક્રમણ.

(૧) **પ્રકૃતિ સંક્રમણ**-એક સજાતીય પ્રકૃતિનું બીજી સજાતીયમાં સંક્રમણ થવું.

(૨) **સ્થિતિ સંક્રમણ**-દીર્ઘકાલીન કર્મસ્થિતિનું અલ્પકાલીન અને અલ્પકાલીન કર્મસ્થિતિનું દીર્ઘકાલીન રૂપે પરિવર્તન થવું.

(૩) **અનુભાગ સંક્રમણ**-આત્માના ભાવોમાં પરિવર્તન થવું. કર્મોની ફળ આપવાની તીવ્ર શક્તિનું મંદ શક્તિમાં અને મંદ શક્તિનું તીા શક્તિમાં પરિવર્તન થવું.

(૪) **પ્રદેશ-સંક્રમણ**-બહુપ્રદેશનું અલ્પપ્રદેશ રૂપે અને અલ્પપ્રદેશનું બહુપ્રદેશ રૂપે પરિવર્તન થવું તે પ્રદેશ સંક્રમણ કહેવાય.

સંક્રમણને મનોવિજ્ઞાનની ભાષામાં માર્ગાંતરીકરણ (Sublimation of Mental Energy) તથા ઉદ્દાતીકરણ કહેવામાં આવે છે.

સંક્રમણનો સિદ્ધાંત પ્રત્યેક વ્યક્તિ માટે એક આશાસ્પદ એવમ્ પુરૂષાર્થનો પ્રેરક છે. મનુષ્ય ભલે પાપોથી ઘેરાયેલો હોય પણ વર્તમાનમાં સદ્ભાવના– સદ્વૃત્તિથી યુક્ત થાય તો કર્મોના દુઃખદ ફળોથી છૂટકારો પણ મેળવી શકે છે.

**(૭) ઉદ્વર્તના–**

ઉદ્=વધારો, વર્તના=વર્તમાન કર્મ પ્રકૃતિની નિષેક રચના (કર્મોની ઉદયમાં આવવા માટેની ગોઠવણ). વર્તમાન કર્મપ્રકૃતિની થયેલી નિષેક રચનામાં આત્મપ્રયત્ન દ્વારા અનુભાગ અને સ્થિતિમાં વધારો કરવો તે ઉદ્વર્તના. તે જે કર્મપ્રકૃતિની હોય, તે પ્રકૃતિ બંધાતી હોય ત્યારે જ થઈ શકે છે. દા. ત. મતિજ્ઞાનાવરણીય કર્મની ઉદ્વર્તના મતિજ્ઞાનાવરણીય કર્મ જ્યાં સુધી બંધાતું હોય ત્યાં સુધી જ થઈ શકે છે. બંધ સમયે એકાદ માસ કે તેથી ઓછા સમયમાં ફળ આપવાની યોગ્યતાવાળા ગોઠવાયેલા કર્મદલિકો (કર્મપ્રદેશો)ને એકાદ વર્ષ પછી ફળ આપે તેવા કરવા. એટલે વિપાક આશ્રીત હીન શક્તિવાળા

કર્મદલિકોને અધિક શક્તિવાળા કરવા તે ઉદ્વર્તના કહેવાય છે. તે શુભ અશુભ બંને પ્રકૃતિમાં થઈ શકે. આત્મા માટે હિતકારી અને અહિતકારી પણ બની શકે. આયુષ્ય કર્મમાં ઉદ્વર્તના ન થાય. પ્રદેશ અને પ્રકૃતિમાં પણ ઉદ્વર્તના ન થાય.

**(૮) અપવર્તના–**

અપ =ઘટાડો, વર્તના=વર્તમાન કર્મ પ્રકૃતિની નિષેક રચના. વર્તમાન કર્મપ્રકૃતિની થયેલ નિષેક રચનામાં આત્મપ્રયત્ન દ્વારા અનુભાગ અને સ્થિતિમાં ઘટાડો કરવો તે અપવર્તના. વિપાક આશ્રી અધિક શક્તિવાળા કર્મ દલિકોને હીનશક્તિવાળા કરવા. સ્થિતિ અને રસની અપવર્તના તે કર્મના બંધ સાથે સંબંધિત નથી. જે કર્મ પ્રકૃતિની સ્થિતિ કે રસની અપવર્તના થાય, તે પ્રકૃતિ બંધાતી હોય કે ન બંધાતી હોય તો પણ થાય છે.

અપવર્તના શુભ કે અશુભ બંને પ્રકૃતિમાં થઈ શકે છે. આત્મા માટે હિતકારી અને અહિતકારી પણ બની શકે છે.

ઉદ્વર્તના અને અપવર્તના એટલે જે સ્વરૂપે કર્મ બાંધ્યા હોય એ સ્વરૂપે ઉદયમાં ન આવતા જીવના પરિણામનું નિમિત્ત પ્રાપ્ત કરીને એની સ્થિતિ અને અનુભાગમાં પરિવર્તન થઈ જવું.

**(૯) ઉપશમન–**

ઉપ=આત્મા સમીપે (આત્મા દ્વારા), શમન-ઢાંકવું આવરણ કરવું. જેમકે અંગારા પર રાખનું આવરણ કરવું તેમ સત્તામાં હોવા છતાં અબાધાકાળ પૂરો થતાં પ્રયત્ન વિશેષ કરીને કર્મને ઉદયમાં ન લાવવાની પ્રક્રિયાને ઉપશમન કહે છે. કર્મોની ઉદય, ઉદીરણા, નિદ્ધત અને નિકાચીત એ ચારે ક્રિયાઓને નિષ્ફળ કરી દેવી તે. કર્મની ફળ આપવાની શક્તિને થોડા સમય માટે દબાવી દેવી તે ઉપશમન. ઉપશમનથી કર્મની સત્તા નષ્ટ થતી નથી. માત્ર થોડા સમય માટે ફળ આપવામાં અક્ષમ બની જાય છે. ઉપશમનનો સીધો સંબંધ મોહનીય કર્મ સાથે છે માટે ઉપશમ માત્ર મોહનીય કર્મનો થાય છે.

**(૧૦) નિદ્ધત–**

કર્મોનું એક પ્રકારે આત્મા સાથે જોડાણ. કર્મનો બંધ તીવ્ર કષાયની વૃત્તિમાં અતિ મજબૂત બની જાય છે ત્યારે આસાનીથી છૂટી શકતો નથી. એવા બંધને નિદ્ધત બંધ કહેવાય છે. આ બંધમાં કર્મ એટલા દૃઢતર થઈ જાય છે કે તેની સ્થિતિ કે રસમાં વધ-ઘટ (ઉદ્વર્તના-અપવર્તના) થઈ શકે પરંતુ સંક્રમણ, ઉદીરણા વગેરે ન થઈ શકે તેને નિદ્ધતકરણ કહેવાય છે. એના ચાર પ્રકાર છે. પ્રકૃતિ નિદ્ધત, સ્થિતિ નિદ્ધત, અનુભાગ નિદ્ધત અને પ્રદેશ નિદ્ધત.

**(૧૧) નિકાચિત–**

કર્મબંધ વખતે તેને પ્રાયોગ્ય ઉત્કૃષ્ટ કક્ષાનો તીવ્રતાથી બંધ કરવો તે નિકાચિત બંધ કહેવાય છે. આ બંધ એટલો પ્રગાઢ હોય છે કે તેની કાળ-મર્યાદા અને તીવ્રતામાં કોઈ પરિવર્તન થઈ શકતું નથી અથવા સમયથી પહેલાં ફળ પણ ભોગવી શકાતું નથી. કર્મ જેવા રસે તીવ્રતાથી બાંધ્યા હોય એવા રસે જ ભોગવવા પડે છે . ભોગવ્યા સિવાય તેની નિર્જરા થતી નથી. કર્મની આ અવસ્થાનું બીજું નામ **'નિયતિ'** પણ છે. આમાં ઈચ્છા સ્વાતંત્ર્યનો સર્વથા અભાવ હોય છે. નિકાચીત કર્મમાં ઉદ્વતના, અપવર્તના, સંક્રમણ, ઉદીરણા, ઉપશમ આદિ કોઈ કરણ લાગુ પડતું નથી. વૈદિક દર્શનોમાં જેને પ્રારબ્ધ કર્મ કહે છે તેવા પ્રકારનું આ કર્મ સ્વરૂપ છે.

**(૧૨) ક્ષય–**

આત્મપ્રદેશથી કર્મ પુદ્ગલનું અલગ થવું તે ક્ષય. બંધાયેલા કર્મ જડમૂળથી નાશ થઈને ફરી ન બંધાય એ રીતે સત્તામાંથી આઠે કર્મનું સંપૂર્ણ નાશ થવું.

**(૧૩) ક્ષયોપશમ–**

જે કર્મ ઉદયમાં આવે તેને વિપાકોદયથી ભોગવી લેવા અને સત્તામાં પડેલા હોય તેનો ઉપશમ કરવો તે ક્ષયોપશમ માત્ર ચાર ઘાતી કર્મનો જ થાય છે.

આમ આ અવસ્થાઓથી કર્મનું નેટવર્ક વિવિધ રીતે કાર્યરત રહે છે. એની અંદર ડાઉનલોડ અને અપગ્રેડ થાય છે. બંધરૂપ કી પેડથી વિવિધ પ્રકારના બંધથી કર્મો સેવ થાય છે. થોડો સમય રહીને કેટલાક કર્મો મેમરીમાંથી આપોઆપ ડિલિટ થાય છે એની જગ્યાએ નવા કર્મો આવતા જાય છે. કેટલાક ડોરમન્ટ કે બ્લોક થાય છે. કેટલાક મીસ, ટ્રાન્સફર કે વેઇટીંગમાં જાય છે. કેટલાક કોન્ફરન્સ સીસ્ટમથી ઉદયમાં આવે છે. એકના એક મોબાઈલથી કંટાળીને નવા લઈએ એમ સીમકાર્ડ વિવિધ ગતિ અને જાતિવાળા મોબાઈલમાં ઈન્સર્ટ કરીએ છીએ. જ્યારે એમ લાગે કે હવે આ નેટવર્કથી ખરેખર ત્રાસ થાય છે ત્યારે સીમકાર્ડ ડીએક્ટીવ કરી નાંખીએ એમ કર્મલેપવાળા આત્મારૂપ સીમકાર્ડને ડીએક્ટીવ કરીએ એટલે એમાંથી કાર્મણ શરીર કાયમી વિદાય લઈ લે છે; જે થી આત્મા નેટવર્કથી મુક્ત થઈ જાય છે તે ફરીથી એક્ટિવ થઈ શકતો નથી અને સિદ્ધક્ષેત્રમાં જઈને સ્થિર થઈ જાય છે. સર્વથા પોતાની મસ્તીમાં લીન થઈ જાય છે. ★

### આત્મા દ્વારા કર્મોને ગ્રહણ કરવાની પ્રક્રિયા




આત્મા કાર્મણ વર્ગણાને ગ્રહણ કરે છે તે હકીકત પ્રસારણ કેન્દ્ર અને રેડીઓ દ્વારા સમજાવવામાં આવી છે. જેવી રીતે પ્રસારણ કેન્દ્ર સમાચાર પ્રસારિત કરે છે ત્યારે ધ્વનિ તરંગો ટ્રાન્સમીટ દ્વારા વિદ્યુત તરંગોમાં પરિવર્તિત થઈને આખા વિશ્વમાં ફેલાઈ જાય છે જે રેડીયોના યંત્રથી ફરી ધ્વનિરૂપે પરિવર્તીત થઈ જાય છે. એવી રીતે આખા વિશ્વમાં ફેલાયેલી કાર્મણ વર્ગણા આત્મા દ્વારા ગ્રહણ થઈને કર્મરૂપે પરિણત થઈ જાય છે. ('સૌજન્ય 'રે કર્મ ! તારી ગતિ ન્યારી.' )

# કર્મની કથની

***'રમત રમાડે કર્મરાયજી દાવ રમે છે સઘળા,***
***કોઈને બનાવે રંક તો કોઈને બનાવે રાજા'***

જૈનદર્શન અનુસાર મુખ્ય આઠ કર્મ છે. તેમાં કર્મ કેવા કેવા દાવ ખેલીને રમત રમાડે તેનું આલેખન, કર્મનું સ્વરૂપ વગેરેનું ચિત્રણ કથા સહિત અહીં પ્રસ્તુત છે.

**જ્ઞાનાવરણીય કર્મ :**

આત્માનો મુખ્ય ગુણ જ્ઞાન છે તે અનંત છે. જગતના અનંત જ્ઞેય પદાર્થોને પ્રકાશિત કરવા માટે સમર્થ છે. તેમ છતાં આજે આપણું જ્ઞાન અનંત જ્ઞેય પદાર્થોને પ્રકાશિત કરી શકતું નથી. જેમ સૂર્ય બધાને પ્રકાશિત કરી શકે તેવો શક્તિશાળી છે, છતાં જ્યારે તેના પર વાદળાં આવી જાય ત્યારે તે બધા પદાર્થોને પૂર્ણ પ્રકાશિત કરી શકતો નથી. એવી જ રીતે અનંત વસ્તુને જણાવનાર આત્માના જ્ઞાનગુણરૂપી સૂર્ય ઉપર જ્ઞાનાવરણીય કર્મરૂપી વાદળાં આવી જવાથી આપણને અનંત વસ્તુઓનું જ્ઞાન થતું નથી.

શાસ્ત્રકાર ભગવંતે જ્ઞાનાવરણીય કર્મને આંખે બાંધેલા વસ્ત્રના પાટાની ઉપમા આપી છે. જેમ કે કોઈ વ્યક્તિની આંખો પર કપડાંના ઘણાં પડવાળો પાટો બાંધવામાં આવ્યો હોય તો તે આંખો હોવા છતાં વસ્તુઓને સંપૂર્ણ રીતે જોઈ શકતો નથી. તેવી જ રીતે આપણે પણ અનંત જ્ઞાનની શક્તિ ધરાવતા હોવા છતાં જગતના પદાર્થોને પૂર્ણતઃ જાણી શક્તા નથી. જેમ જેમ આંખ ઉપરના (કપડાના) પાટાના પડ ખૂલતાં જાય તેમ તેમ વસ્તુને વધુ સારી રીતે જાણી શકાય છે. તેવી જ રીતે જ્ઞાનાવરણીય કર્મ જેમ જેમ ઓછું થતું જાય, તેમ તેમ આપણું જ્ઞાન વધુ ને વધુ વસ્તુઓને પ્રકાશિત કરી શકે છે.

જ્ઞાનાવરણીય કર્મની મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળજ્ઞાનાવરણીય આ પાંચે ઉત્તર પ્રકૃતિઓ છે.

**જ્ઞાનાવરણીય કર્મબંધના કારણો**

૧. જ્ઞાન કે જ્ઞાનીના અવર્ણવાદ અવગુણ બોલવા, નિંદા કરવી વગેરે.
૨. જ્ઞાન કે જ્ઞાનીને છુપાવવા, જેમ કે જેની પાસેથી જ્ઞાન મેળવ્યું હોય એનું નામ છુપાવીને કહે કે આ જ્ઞાન તો મેં મારી રીતે જ મેળવ્યું છે. આમ જ્ઞાનદાતાનું નામ છુપાવીને પોતાની મહત્તા વધારે.
૩. જ્ઞાન ભણતા હોય એને અંતરાય પાડે દા. ત. મમ્મી પોતે ઘરમાં આરામથી બેઠા હોય પણ બેલ વાગે કે ફોનની ઘંટડી વાગે તો પોતે ઊભા ન થાય પણ જે બાળક ભણતું હોય એને ઉઠાડીને બારણું ખોલવાનું કે ફોન લેવાનું કહે. વળી ભણનારના ચોપડા ફાડવા, સંતાડવા જેથી તે ભણી ન શકે. ભણતાં હોય ત્યાં મોટેથી અવાજ કરીને ખલેલ પાડે વગેરે.
૪. જ્ઞાન કે જ્ઞાની પર દ્વેષ કરે, ઈર્ષ્યા કરે. દ્વેષ બુદ્ધિથી ભણનારને હેરાન કરે વગેરે.
૫. જ્ઞાન કે જ્ઞાનીની આશાતના કરે. જ્ઞાનીનો વિનય ન કરે, બહુમાન ન કરે, એમની વાત ન માને. વગેરે.
૬. જ્ઞાની સાથે ખોટા વાદ-વિવાદ કરવાથી, એમને નીચા પાડવાની પ્રવૃત્તિ કરવાથી, ઝગડો-કલેશ કરવાથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે. આ કર્મને સમજવા માટે શાસ્ત્રોમાં માષતુષ મુનિનું ઉદાહરણ આપ્યું છે. ★

## માષતુષ મુનિનું દૃષ્ટાંત

પાટલીપુત્ર નગરમાં રહેતાં બે ભાઈઓ દીક્ષા લઈ જૈન સાધુ બન્યા. તેમાંથી એક ભાઈની બુદ્ધિ તેજ હોવાથી શાસ્ત્રોનો ગહન અભ્યાસ કરી બહુશ્રુત જ્ઞાની ગીતાર્થ બન્યા. ગુરુદેવે તેમને આચાર્યજીની પદવી આપી. જ્યારે બીજા ભાઈ મંદમતિવાળા હતા. આથી અભ્યાસમાં રુચિ જાગી નહિ. ગોચરી પાણી લાવીને ખાઈને મસ્ત રહી સૂતાં રહેતા. જ્યારે આચાર્યશ્રીનો આખો દિવસ પઠન-પાઠનમાં પસાર થઈ જતો. ક્યારેક તો ગોચરી કરવાનો સમય પણ માંડમાંડ મળતો હતો. એકવાર આચાર્યશ્રી પોતાના ભાઈને જોઈને વિચારવા લાગ્યા કે, અરે! આ કેટલા સુખી છે! ખાઈ-પીને સૂવું, ન કોઈ ચિંતા કે ચિંતન! ત્યારે મને તો સમય જ નથી મળતો. કાશ હું પણ વધુ ભણ્યો ન હોત તો? 'मूर्खत्वं हि सखे ममापि रुचितं' આવી દુર્મતિ આચાર્યશ્રીને સૂઝી. જ્ઞાન ઉપર દ્વેષભાવ લાવવાથી તેમનું જ્ઞાનાવરણીય કર્મ તો બંધાઈ ગયું. જોકે ત્યારબાદ તેમને ખૂબ પશ્ચાતાપ થયો અને પાછા પોતાના સ્વાધ્યાયમાં લીન બની ગયા.

આયુષ્ય પૂર્ણ કરી સ્વર્ગે ગયા. સ્વર્ગમાંથી ચ્યવીને પાછા એક ગોવાળને ઘરે પુત્રરૂપે જન્મ્યા. યુવાવસ્થામાં સાધુ-સંતનો સમાગમ પ્રાપ્ત થતાં દીક્ષા ગ્રહણ કરી સાધુ બન્યા. તેમની યાદશક્તિ એટલી સારી હતી કે રોજના ૫૦-૧૦૦ શ્લોકો કંઠસ્થ કરી લેતા હતા. પણ પૂર્વભવમાં બાંધેલું જ્ઞાનાવરણીય કર્મ આ ભવમાં ઉદયમાં આવ્યું. બન્યું એવું કે ગુરુદેવ પાઠ આપે પરંતુ તેમનાથી પાઠ યાદ રહે નહિ. બે દિવસ, ત્રણ દિવસ વીતી ગયા છતાં પાઠ યાદ રહ્યો નહિ. ત્યારે ગુરુજી સમજી ગયા કે પૂર્વભવમાં બાંધેલું જ્ઞાનાવરણીય કર્મ ઉદયમાં આવ્યું લાગે છે.આથી તેમણે 'मा रुष, मा तुष' અર્થાત્ કોઈની ઉપર દ્વેષ ન રાખ અને કોઈની ઉપર રાગ ન રાખ. આ બે શબ્દનું રટણ કરવાનું કહ્યું. પરંતુ જ્ઞાનાવરણીયકર્મના ઉદયને કારણે આ બે શબ્દ પણ તેમને યાદ રહેતાં નહિ, આથી તેઓ માષતુષ–માષતુષ બોલતા. લોકો પણ તેમના ઉપર હસતાં છતાં તેઓ સમતાભાવે સતત આ બે શબ્દનું રટણ કરતા જેથી તેમનું નામ માષતુષ મુનિ પડી ગયું.

'માષતુષ નો એક અર્થ લોકોએ એવો પણ કર્યો કે 'માષ' એટલે અડદ અને 'તુષ' એટલે ફોતરાં. અર્થાત્ અડદની ફોતરાવાળી દાળ એવો અર્થ કરીને લોકો તેમને અડદની દાળ જ વહોરાવતા હતા, જે એમના સ્વાસ્થ્ય માટે પ્રતિકૂળ હતી છતાં તેઓ તપોભાવમાં સ્થિર રહી ભિક્ષા ગ્રહણ કરતા હતા. આ પ્રમાણે બાર વર્ષ વીતી ગયા છતાં પણ જ્ઞાન ગોખવામાં કંટાળો લાવ્યા નહિ. અંતે જ્ઞાનાવરણીય કર્મનો સંપૂર્ણ ક્ષય થવાથી તેમને કેવળજ્ઞાન પ્રગટ થયું. આ રીતે જ્ઞાનાવરણીયકર્મનું વાદળ દૂર થવાથી કેવળજ્ઞાનરૂપી સૂર્ય પ્રગટ થયો. જ્ઞાનની આશાતનાથી જે જ્ઞાનાવરણીયકર્મ બાંધ્યું હતું તેનો ક્ષય જ્ઞાનની ઉપાસના કરીને અનંતજ્ઞાની બન્યા. જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય કરવા માટે જ્ઞાન-જ્ઞાનીની ઉપાસના જ સાચો માર્ગ છે. ★

## દર્શનાવરણીય કર્મ

અનંતદર્શન, આત્માનો ગુણ છે. દર્શન એટલે વસ્તુનો સામાન્ય બોધ. સંપૂર્ણ લોકાલોકમાં રહેલાં સર્વ દ્રવ્ય-પર્યાયોને એક સાથે દેખાડનારી આત્મશક્તિને અનંતદર્શન કહે છે. જીવ હંમેશાં દૃષ્ટા છે.

જોકે તે વિશ્વના સર્વ દ્રવ્ય-પર્યાયોને જોઈ શકતો નથી. જેમ સૂર્ય ઉપર વાદળ આવતાં તે બધા પદાર્થોને પૂર્ણ પ્રકાશિત કરી શકતો નથી તેમ દર્શનાવરણીયકર્મના આવરણથી જીવ સ્વલ્પ કે સંપૂર્ણ વિશ્વને જોઈ શકતો નથી. આ કર્મ એક છે છતાં પોતાની સાથે નવ નવ મદદગારોને તેણે પોતાનું કાર્ય કરવા રોકી લીધા છે. એટલે કે દર્શનાવરણીયકર્મની ઉત્તરપ્રકૃતિ નવ પ્રકારે છે. તેમાં ચાર પ્રકારે દર્શનનો આવરણ છે અને પાંચ પ્રકારે નિદ્રા બતાવી છે.

દર્શનાવરણીયકર્મને દ્વારપાળની ઉપમા આપવામાં આવી છે. જેમ કે કોઈ મનુષ્યને રાજાના દર્શન કરવા હોય પણ રાજમહેલમાં પ્રવેશતાં પહેલાં દ્વારપાળ તેને રોકે છે. તેની રજા વગર તે મનુષ્ય રાજાના દર્શન કરી શકતો નથી. તેવી જ રીતે આત્માની જોવાની શક્તિ અનંત છે. પરંતુ આ અનંતદર્શનશક્તિ ઉપર દ્વારપાળ જેવું દર્શનાવરણીયકર્મ આ ગુણને રોકી રાખે છે જેથી આત્મારૂપી રાજાના દર્શન થતાં નથી. પરિણામ સ્વરૂપ અનંતદર્શનશક્તિ હોવા છતાં પણ આત્મા બધું જોઈ શકતો નથી અથવા તો આત્માને નિદ્રાગ્રસ્ત કરીને સૂવડાવી દે છે. જેથી આત્મા કશું પણ જોઈ શકે નહિ. આત્મા ભાન ભૂલીને નિદ્રામાં પડી રહે છે.

**દર્શનાવરણીયકર્મ બંધનના કારણ**

૧. દર્શનના ધારકજનોની નિંદા કરે, દોષ બોલે, આ લોકો જૂઠાં છે વગેરે બોલવાથી.

૨. દર્શન કે દર્શનીના ઉપકાર ન માનવાથી, જેમ કે દર્શનીની પાસેથી ઉપદેશ સાંભળે, જ્ઞાન-શ્રદ્ધા વગેરે સ્વીકારે ત્યારપછી તેના તત્ત્વજ્ઞાનને છુપાવીને પોતાની બડાઈ હાંકે છે કે આ તો મને આવડતું હતું. વગેરે.

૩. દર્શની ભણતાં હોય એને અનંતરાય પાડે, તેમજ જીવ માત્ર દર્શન સહિત છે. એટલે એના કોઈપણ કાર્યમાં અંતરાય પાડવું તે વગેરે.

૪. દર્શન અને દર્શનીની આશાતના કરવી, દર્શનીનો વિનય ન કરવો, તેના ઉપકરણો, વસ્તુઓ વગેરેની આશાતના કરવી.

૫. દર્શન કે દર્શની પર દ્વેષ કરવો, અર્થાત્ તત્ત્વજ્ઞાનનું નિરૂપણ થતું હોય ત્યારે મનમાં એ તત્ત્વજ્ઞાન પ્રત્યે, તેના વક્તા પ્રત્યે કે તેના સાધનો પ્રત્યે ઈર્ષ્યા કરવી વગેરે.

૬. દર્શની સાથે ખોટા-વાદવિવાદ કરવા, તેની સાથે અસભ્યતા બતાવવી, એમને નીચા પાડવાની પ્રવૃત્તિ કરવાથી, ઝઘડો કરવાથી દર્શનાવરણીયકર્મ બંધાય છે.

## ભાનુદત્ત મુનિનું દૃષ્ટાંત

એક સમયની વાત છે. તે સમયે એક મહાન અને વિદ્વાન પૂજ્ય આચાર્યદેવ નામના એક ગુરુભગવંત હતા. તેમના એક શિષ્યનું નામ ભાનુદત્તમુનિ હતું. આચાર્યદેવના આ ભાનુદત્ત મુનિ મુખ્ય અને ખાસ શિષ્ય હતા. આથી આચાર્યદેવે તેમને ખૂબ પરિશ્રમ કરી ચૌદ પૂર્વોનો અભ્યાસ કરાવ્યો. શિષ્ય ભાનુદત્ત મુનિ પણ હોંશિયાર અને વિદ્વાન હતા. આથી થોડા જ વખતમાં ચૌદપૂર્વનું જ્ઞાન મેળવી લીધું. જેના કારણે તેઓ પણ ચૌદપૂર્વધારી કહેવાતા હતા.

નીતિકારો કહે છે કે ધન અને વિદ્યા મળ્યા પછી એ મને સંભાળવાનું અતિ દુષ્કર છે. ભલભલાને પણ લક્ષ્મી અને વિદ્યાનો મદ ચડતાં વાર લાગતી નથી. તેમાં પણ ભાનુદત્ત મુનિ ચૌદપૂર્વધારી મહાત્મા હતા. વિદ્યાનો મદ (ગર્વ ) વધતો ગયો. વળી પૂર્વે દર્શનાવરણીય કર્મબંધના છ કારણોમાંથી કોઈ પણ કારણ વડે દર્શનાવરણીયકર્મબંધ કર્યો હશે તેનો પણ ઉદય થયો. જેના કારણે પ્રમાદ અને નિદ્રાનો ઉદય વધતો ગયો જેના ફળ સ્વરૂપે સૂર્યાસ્ત થતાં જ આંખો ઘેરાવા લાગતી, ગુરુદેવ વારંવાર એમને જગાડવાનો પ્રયત્ન કરતાં પરંતુ તેમના માટે જાગવું મુશ્કેલ બનતું ગયું. છતાં ગુરુદેવ એમને જગાડીને સાવધાન કરતાં અને કહેતાં કે હે પૂર્વધર મુનિ! પૂર્વોની પુનરાવૃત્તિ કરી લો, નહીંતર ભૂલી જશો. પરંતુ નિદ્રાના ઉદયથી પ્રમાદગ્રસ્ત બનેલા ભાનુદત્ત મુનિ ગુરુની હિતશિક્ષા સાંભળવાને બદલે ક્રોધિત થઈ જતાં અને પૂર્વોની પુનરાવૃત્તિ આદિ કરતાં ન હતાં.

આ રીતે કેટલોક સમય વીતતો ગયો. શિષ્યને ક્રોધ કરતો જો ઈને ગુરુદેવે પણ હવે શિખામણ આપવાનું કે કહેવાનું બધું જ છોડી દીધું. હવે તેમને કોણ કહે ? કોણ જગાડે ? પ્રમાદ અને નિદ્રા એટલાં બધાં વધી ગયા કે આખું પ્રતિક્રમણ પણ નિદ્રામાં વિતાવવા લાગ્યા. ક્યારે પ્રતિક્રમણ શરૂ થયું અને ક્યારે પૂરું થયું ? કોણ, ક્યારે શું બોલ્યું ? વગેરે કશીજ ખબર ભાનુ દત્ત મુનિને રહે તી નહિ.

આમ દિવસ-રાત તેમનો સમય હવે નિદ્રા અને પ્રમાદમાં પસાર થવા લાગ્યો. જેથી તેમનું ચૌદ પૂર્વનું જ્ઞાન પણ ધીરે ધીરે ભૂલાવા લાગ્યું. આમ નિદ્રામાં ને નિદ્રામાં તેમનું ભણ્યું-ગણ્યું બધું જ નકામું ગયું. અંતે તેઓ બધું જ ભૂલી ગયા. અને મૃત્યુ પામીને દુર્ગતિમાં ગયા. એક નિદ્રાદર્શનાવરણીયકર્મને કારણે ચૌદ પૂર્વધારી મહાત્મા પણ દુર્ગતિમાં ગયા. ★

## વેદનીય કર્મ

વિશુદ્ધ સુખ, શાશ્વત સુખ, આત્માનો ગુણ છે. પુણ્યકર્મના ઉદયથી જે સુખ મળે તે પૌદ્‌ગલિક સુખ છે, દુઃખ સાપેક્ષ સુખ છે. જ્યારે સંપૂર્ણ કર્મનો ક્ષય થવાથી જે સુખ મળે છે તે આત્મિક સુખ છે. તેને અવ્યાબાધ સુખ કહે છે. અર્થાત્ દુઃખ-પીડા રહિતનું સુખ. આવા અવ્યાબાધ સુખને ઢાંકનારા કાર્મણસ્કંધોને વેદનીયકર્મ કહે છે. વેદનીય કર્મ જીવને શાતા અને અશાતા આપી તેના મૌલિક અને સાહજિક સુખને રોકે છે.

વેદનીયકર્મનો સ્વભાવ મધથી લેપાયેલી તલવારની ધારને ચાટવા જેવો છે. જેમ મધથી લેપાયેલી તલવારની ધારને ચાટતાં મધુ મીઠું લાગવાથી પ્રથમ સુખનો અનુભવ થાય છે. અને પછી મધની સમાપ્તિથી જીભ કપાઈ જતાં દુઃખનો અનુભવ થાય છે. તેવી જ રીતે જીવને મનગમતાં સાધનો મળતાં સુખનો અનુભવ થાય છે અને અણગમતા સાધનનો સંયોગ થતાં દુઃખનો અનુભવ થાય છે. એટલે વેદનીય કર્મ, જીવને સુખદુઃખનો અનુભવ કરાવતું હોવાને કારણે, શાતાવે દનીય અને અશાતાવેદનીય એમ ઉત્તરપ્રકૃતિ રૂપે બે પ્રકારે છે. વેદનીય કર્મને મધુલિપ્ત તલવારની ઉપમા આપવામાં આવી છે.

**વેદનીય કર્મબંધના કારણો**

ભગવતી સૂત્રમાં શાતાવેદનીય કર્મબંધના દસ કારણો તેમ જ અશાતાવેદનીય કર્મબંધના બાર કારણો બતાવ્યા છે. જેમ કે,

વિકલેન્દ્રિય જીવો, વનસ્પતિ જીવો, પંચેન્દ્રિય જીવો, ચાર સ્થાવર જીવોને દુઃખ ન આપવાથી, શોક ન કરાવવાથી, વિયોગ ન કરાવવાથી, ટપક-ટપક આંસુ ન પડાવવાથી, ન મારવાથી, તેમજ ત્રાસ ન આપવાથી શાતાવેદનીય કર્મબંધ થાય છે.

કોઈ એક પ્રાણીને, ભૂતને, જીવને, સત્ત્વને દુઃખ આપવું, શોક કરાવવો, તરફડાવવા, આંસુ પડાવવા, મારવા, ત્રાસ ઉપજાવવો. તેવી જ રીતે ઘણાં પ્રાણી, ભૂત, જીવ, સત્વને દુઃખ આપવું, શોક કરાવવો, તરફડાવવા, આંસુ પડાવવા, મારવા કે ત્રાસ ઉપજાવવાથી અશાતાવેદનીય કર્મબંધ થાય છે. ★

## મૃગાપુત્રનું દૃષ્ટાંત

પ્રભુ મહાવીરના સમયની આ વાત છે. એકવાર ગૌતમસ્વામી પ્રભુ મહાવીર સાથે વિચરતાં વિચરતાં મૃગાવતી નગરના ચંદનપાદય ઉદ્યાનમાં પધાર્યાં. પ્રભુના આગમનની વાત સાંભળી જનતા પ્રભુના દર્શનાર્થે નીકળી, ત્યારે એક દીન-હીન જન્માંધ પુરુષને પણ પ્રભુના દર્શન કરવાનું મન થાય છે. જેથી તે બીજા પુરુષના સહારે પ્રભુ દર્શને આવે છે. તેને જોઈ ગૌતમસ્વામી પ્રભુ મહાવીરને પૂછે છે કે, શું આનાથી વ ધુ બીજો કોઈ દીન-હીન જન્માંધ પુરુષ છે ? ત્યારે પ્રભુ મહાવીર જવાબ આપે છે કે, આ નગરના વિજયક્ષત્રિય રાજા અને મૃગાદેવી રાણીને મૃગાપુત્ર નામનો એક બાળક છે જે જન્મથી અંધ છે, તેમ જ હાથ, પગ, આંખ આદિ અંગ-ઉપાંગ વિનાનો છે. તેની માતા મૃગાદેવી તેનું લાલન-પાલન ગુપ્ત રીતે કરે છે. ત્યારે ગૌતમ સ્વામીને તે બાળકને જોવાની ઈચ્છા થઈ.

બીજે દિવસે પ્રભુ મહાવીરની આજ્ઞા લઈ તેઓ રાજમહેલમાં આવ્યા અને રાણી મૃગાવતીને ભોંયરામાં ગુપ્ત રીતે રહેલ બાળકને જોવાની ઈચ્છા દર્શાવી. ત્યારે મૃગાવતી પણ પ્રભુ મહાવીરના સર્વજ્ઞપણાથી પ્રભાવિત બન્યા.

ત્યારબાદ ખાવાપીવાની વિપુલ સામગ્રી લઈ, મુખ ઉપર વસ્ત્રિકા બાંધી ભોંયરા પાસે આવે છે. ગૌતમસ્વામીને પણ મુખ ઉપર કપડું ઢાંકવાનું કહે છે. તેમણે ભોંયરાનું દ્વાર ખોલ્યું. દ્વાર ખોલતાં જ અસહ્ય દુર્ગંધ આવી.

મૃગાવતી દેવીએ પોતાની સાથે લાવેલ વિપુલ આહાર પુત્રના મુખ કહી શકાય તેવા પિંડના છિદ્રોમાં નાખ્યો. તે આહાર તરત જ ખાઈ ગયો. અને તેનું તત્કાળ રસી અને લોહીના રૂપમાં પરિણમન પામીને બહાર આવ્યો. તેને પણ તે ચાટી ગયો. આવું દયનીય અને બીભત્સ દૃશ્ય જોઈ ગૌતમસ્વામી પાછા ફર્યાં અને પ્રભુને તેની આવી દુર્દશાનું કારણ પૂછ્યું, ત્યારે પ્રભુ મહાવીરે તેનો પૂર્વભવ બતાવ્યો.

'ભારતવર્ષના શતદ્વાર નામના એક નગરમાં ઈકાઈ નામનો રાષ્ટ્રકૂટ (રાઠોડ) રહેતો હતો. તેના તાબામાં પાંચસો ગામો હતા. તે અત્યંત દુરાચારી, અધર્મી, ઘાતકી અને વ્યસની હતો. તે પ્રજાજનો ઉપર અનેક અત્યાચારો ગુજારતો હતો. કરપીણ રીતે તે માણસોના આંખ, નાક, કાન આદિ અંગ-ઉપાંગો છેદી નાખતો હતો. કારમી પીડાથી આ માણસો ચીસો પાડતા ત્યારે તે ખૂબ ખુશ થતો. નિરપરાધ લોકો ઉપર જૂઠા આરોપ મૂકી તેમને પરેશાન કરતો. રાત-દિવસ પાપકૃત્યોમાં તલ્લીન રહે તો હતો. તેણે આવા ઘણાં ભયં કર પાપકર્મોનો સંચય કર્યો, પરિણામ અંત સમયે રિબાઈ-રિબાઈને મૃત્યુ પામ્યો. પાપના ફળરૂપે પહેલી નરકમાં ગયો. નરકમાં એક સાગરોપમનું લાંબું આયુષ્ય ભોગવીને આ ભવમાં તે મૃગાવતી રાણીની કૂખે ઉત્પન્ન થયો છે. આમ પૂર્વભવમાં ઘાતકી અને ક્રૂર કર્મોને કારણે તેણે અશાતાવેદનીયકર્મ બાંધ્યું હતું તેનો અત્યારે ઉદય પ્રવર્તે છે. તેથી તે અસહ્ય અને ભયંકર પીડા ભોગવી રહ્યો છે. આવા મહા દુઃખ ભોગવી છવ્વીસ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી નરકમાં ઉત્પન્ન થશે.

ત્યારબાદ દીર્ઘકાળ સુધી ભવભ્રમણ કરી અપાર વેદનાઓ ભોગવ્યા પછી તેને મનુષ્યભવની પ્રાપ્તિ થશે. ત્યાં સંયમની આરાધના કરી દેવલોકમાં જશે. ત્યાંથી ચ્યવી અનુક્રમે સિદ્ધ પદને પામશે. ★

## મોહનીય કર્મ

વીતરાગતા અને અક્ષયચારિત્ર આત્માનો ગુણ છે. શુદ્ધ જ્ઞાનોપયોગ, શુદ્ધ દર્શનોપયોગાદિ સ્વગુણમાં–સ્વભાવમાં રમવું તે અક્ષયચારિત્ર કહે વાય છે અને અક્ષયચારિત્ર ગુણને ઢાંકનારા કર્મને મોહનીયકર્મ કહે છે. આ કર્મ જીવને મુંઝાવે છે તેથી મોહનીય એવું તેનું નામ આપવામાં આવ્યું છે. આઠે કર્મમાં મોહ-કર્મ અગ્રભાગ ભજવે છે.

બીજા કર્મો તેની પાછળ રહી તેની પૂરવણી કરતા હોય છે. વીતરાગતાને ઢાંકનારા કાર્મણસ્કંધો બે વિભાગમાં વહેંચાતા હોવાથી મોહનીય ક્રમ બે પ્રકારે છે. ૧. દર્શનમોહનીય અને ૨. ચારિત્રમોહનીય કર્મ. મોહનીય કર્મનો સ્વભાવ મદિરાપાન કરેલા મનુષ્ય જેવો છે. જેમ મદિરા પીધેલો માણસ ભાન ભૂલી જાય છે અને ગમે તેમ બોલવા લાગે છે. બોલવાનો અને ક્રિયાનો વિવેક હોતો નથી. એ જ રીતે મોહનીય કર્મના ઉદયથી જીવનો અનંતચારિત્ર ગુણ ઢંકાઈ જાય જેને પરિણામે જીવ સ્વભાવને ભૂલી પરભાવમાં રમ્યા કરે છે. મમત્વ બુદ્ધિને કારણે પોતાનું નથી તેને પણ પોતાનું માને છે. આથી મોહનીય કર્મને મદિરાપાન સમાન કહ્યું છે. મોહનીયકર્મની અનુક્રમે ત્રણ અને પચ્ચીસ એમ કુલ અઠ્ઠાવીસ ઉત્તરપ્રકૃતિઓ છે.

**મોહનીય કર્મબંધના કારણ**

તીવ્ર ક્રોધ, માન, માયા, લોભ કરનારો, કલેશ-કષાયને કરનારો ચારિત્ર મોહનીય તથા હાસ્ય, ઠઠ્ઠા-મશ્કરી, ભય-શોકાદિને આધીન થયેલો જીવ નવ-નોકષાય મોહનીય કર્મ બાંધે છે. ખોટા માર્ગને સાચો અને સાચા માર્ગને ખોટો બતાવવો, જિન પરમાત્મા, સાધુ-મુનિરાજ તથા સંઘાદિની વિરૂદ્ધ જનાર દર્શનમોહનીય કર્મ બાંધે છે. અર્થાત્ દેવગુરુ-ધર્મના અવર્ણવાદ બોલવાથી, તીવ્ર રાગ કે છળકપટ કરવાથી, પાપ કર્મ કરવાથી, તીવ્ર કષાયાદિ કરવાથી જીવ મોહનીય કર્મ બાંધે છે. ★

## ચંડકૌશિકનું દૃષ્ટાંત

ધર્મઘોષ નામના એક વૃદ્ધ તપસ્વી હતા. તેમના બાળશિષ્યનું નામ દમદતં મુનિ હતું. એક વાર તેઓ ગોચરી લેવા જતા હતા ત્યારે તેમના પગ નીચે એક નાની દેડકી કચડાઈને મરી ગઈ. ત્યારે બાળમુનિએ ગુરુદેવને આલોચના કરવાનું કહ્યું. પંરતુ આ વાત ગુરુદેવને ગમી નહીં. સાંજના પ્રતિક્રમણ બાદ બાળમુનિએ પોતાના ગુરુદેવને સવારની વાત યાદ કરીને આલોચના કરી લેવાનું કહ્યું. પરંતુ ગુરુદેવ આ વાત સાંભળી ખૂબ જ ક્રોધિત થઈ ગયા. વારંવાર આ જ વાત યાદ કરાવવાથી તેમના ક્રોધે માઝા મૂકી અને તેને મારવા દોડ્યા. ક્રોધમાં અહિંસક પણ હિંસક બની જાય છે. અંધારું હોવાથી વચ્ચે આવતો થાંભલો દેખાયો નહિ, અને તેમનું માથું ભટકાયું અને સજ્જડ માર લાગ્યો. આથી તેમનું મૃત્યુ થયું. મરીને બીજા જન્મમાં કૌશિક ગોત્રવાળા તાપસ બન્યા, તેમજ વનખંડના સ્વામી થયા. બીજા તાપસોને આ વનખંડમાંથી ફળ કે ફૂલ તોડવા દેતા નહિ અને જો કોઈ ફળ-ફૂલ તોડે તો ક્રોધિત બની તેને મારવા દોડતા. એક દિવસ હાથમાં કુહાડો લઈ ફળ તોડતા એક રાજકુમાર પાછળ દોડ્યા. કર્મ સંજોગે ખાડામાં પગ પડતાં તે પડી ગયા અને હાથમાંનો કુહાડો માથામાં જોરથી વાગતાં તત્કાળ મૃત્યુ પામ્યા. આ જન્મમાં પણ અતિક્રોધી અને મારવાની દુર્બુદ્ધિમાં મૃત્યુ પામવાને કારણે તિર્યંચ ગતિમાં સાપ બન્યા.

પૂર્વજન્મના ક્રોધના સંસ્કારો ફરીથી સાપના જન્મમાં પણ ઉદયમાં આવ્યા. ચંડકૌશિક સાપ ભયંકર વિષધારી-દૃષ્ટિવિષ સર્પ બન્યો. તેના ફૂંફાડા માત્રથી પ્રાણીઓ વગેરે મરી જતા. શ્વેતાંબી નગરી તરફ જતા રસ્તામાં આ સર્પ રહેતો હતો. તેના દૃષ્ટિવિષને કારણે આ રસ્તો વેરાન બની ચૂક્યો હતો. આમ ક્રોધ કષાયને કારણે મોહનીયકર્મ બંધ થવાથી ચંડકૌશિકની મનુષ્યગતિ પણ બગડી અને તિર્યંચની દુર્ગતિમાં એને જન્મ લેવો પડ્યો.

પ્રભુ મહાવીરે જ્ઞાનથી આ ચંડકૌશિકના ભવો જાણીને તેને પ્રતિબોધવા ચંડકૌશિક રહેતો હતો તે વનમાં આવે છે. ચંડકૌશિકે પ્રભુને જોઈને જોરથી ફુંફાડો માર્યો પણ પ્રભુ ઉપર તેની કાંઈ અસર થઈ નહિ. આથી ક્રોધે ભરાઈ પ્રભુના ચરણકમલ પર ડસ્યો પણ રુધિરને બદલે દૂધની ધારા થઈ. આ જોઈ તે વિસ્મય પામ્યો. ત્યારે પ્રભુ બોલ્યાં કે, અરે ચંડકૌશિક બૂઝ! બૂઝ! ભગવાનના આવા વચન સાંભળતાં જ તેને જાતિ સ્મરણ જ્ઞાન થયું. તેથી પ્રભુને વંદન કરી મનોમન અનશન કરવાનો નિશ્ચય કર્યો.

હવે વધુ પાપથી બચવા રાફડામાં મોં રાખી હાલ્યા ચાલ્યા વિના તે અનશનધારી પડ્યો રહ્યો. લોકોની અવરજવર પણ શરૂ થઈ. અને આ સર્પ દેવતા હવે શાંત થયા છે તેથી તેની પૂજા કરતાં. કોઈ શરીરે ઘી છાંટતા, તો કોઈ દૂધ. દૂધ-ઘીની સુગંધથી અસંખ્ય કીડીઓ તેના શરીર ઉપર આવી ઘી ખાતાં ખાતાં કરડવા લાગી. આથી સર્પનું શરીર ચારણી જેવું થઈ ગયું. પણ સર્પ દુઃસહ વેદના સહન કરતો રહ્યો અને આ બિચારી અલ્પ બળવાળી કીડીઓ દબાઈ જાય નહિ એવું ધારી પોતાનું શરીર પણ હલાવ્યું નહિ. આ પ્રમાણે કરુણાભાવવાળો સર્પ એક પખવાડિયામાં મૃત્યુ પામી દેવલોકમાં દેવતા થયો. ★

# આયુષ્ય કર્મ

અક્ષયસ્થિતિ આત્માનો ગુણ છે. જેનો ક્ષય ન થાય તેવું જીવન અર્થાત્ જન્મ-મરણ વગરનું જીવન તેને અક્ષયસ્થિતિ કહેવાય. આ અક્ષયસ્થિતિ ગુણને ઢાંકનારા કર્મને આયુષ્ય કર્મ કહે છે. મુક્તાત્મા સિવાયના જેટલા જીવો આ સંસારમાં રહ્યા છે તે બધા આયુષ્યકર્મને વશ છે. શાસ્ત્રીય પરિભાષા પ્રમાણે નવા આયુષ્યનો ઉદય પ્રારંભ તે 'ઉત્પત્તિ' અને ચાલુ ભવના આયુષ્યના ઉદયની સમાપ્તિ તે 'મૃત્યુ' કહેવાય છે. ઉત્પત્તિથી માંડીને મરણ સુધીનો કાળ આયુષ્ય કહેવાય તેનું કારણ આયુષ્યકર્મ છે.

આયુષ્યકર્મ જીવને મર્યાદિત કાળ સુધી દેવાદિ ચાર અવસ્થામાં કેદ કરી દેતું હોવાથી બેડી સરખું કહ્યું છે. જેમ પોલીસ ચોરાદિને પકડી હાથકડી પહેરાવીને પૂરી દે છે ત્યારે તેને અપરાધની સજા ભોગવવા મર્યાદિત કાળ સુધી જેલમાં રહેવું પડે છે. તેમ આયુષ્યકર્મ અક્ષયસ્થિતિવાળા આત્માને પકડી શરીરરૂપી જેલમાં પૂરી દે છે. પછી જ્યાં સુધી આયુષ્યકર્મની મુદત પૂરી ન થાય ત્યાં સુધી જીવને શરીરમાં પૂરાઈ રહેવું પડે છે. એટલે આયુષ્યકર્મને બેડીની ઉપમા આપી છે. આયુષ્યકર્મની નરકાયુ, તિર્યંચાયુ, મનુષ્યાયુ અને દેવાયુ આ ચાર ઉત્તરપ્રકૃતિઓ છે.

**આયુષ્યકર્મબંધના કારણ**

નરક આયુબંધના મુખ્ય ચાર કારણ છે-(૧) મહા આરંભ કરે છે (૨) મહા પરિગ્રહ (૩) પંચેન્દ્રિય જીવોનો વધ કરવાથી તેમ જ (૪) મદ્ય-માંસ આદિના સેવનથી જીવો નરકમાં જાય છે. તિર્યંચ આયુબંધના પણ ચાર કારણ છે. (૧) માયા કરે, અર્થાત્ મનમાં જૂદું, બહાર અલગ. (૨) ગાઢ માયા કરે, છેતરપીંડી કરે. (૩) અસત્ય બોલે, સ્વાર્થ માટે જૂઠું બોલે અને (૪) પૈસા માટે ખોટા તોલ-માપ કરવા, ખોટાં ત્રાજવા (કાંટા) રાખવામાં તિર્યંચનું આયુષ્ય બંધાય છે. મનુષ્ય આયુબંધના મુખ્ય ચાર કારણ છે. (૧) ભદ્ર એટલે કે સરળ સ્વભાવ (૨) વિનયભાવ હોય (૩) દયાભાવ હોય અને (૪) તે જીવને ગર્વ ન હોય, અહંકાર રહિત હોય તે જીવ મનુષ્યનું આયુષ્ય બાંધે છે. દેવ આયુબંધના પણ ચાર પ્રકાર છે. (૧) રાગયુક્ત સંયમ પાળે (૨) સંયમ અને અસંયમ (શ્રાવકપણું) પાળે (૩) બાળ તપસ્યા કરે (અજ્ઞાન તપ) તેમ જ (૪) અકામ નિર્જરા અર્થાત્ ઈચ્છા વગરની નિર્જરા કરવાથી જીવ દેવનું આયુષ્ય બાંધે છે. ★

# નંદમણિયારનું દૃષ્ટાંત

પ્રભુ મહાવીરના સમયની આ વાત છે. રાજગૃહી નગરીમાં નંદ મણિયાર નામનો એક ધનાઢ્ય શ્રેષ્ઠિ રહેતો હતો. એકવાર પ્રભુ મહાવીર રાજગૃહી નગરીમાં પધારે છે. ત્યારે તેમની દેશના સાંભળી નંદ મણિયાર શ્રાવકવ્રતધારી બન્યો. એક વખત ઉનાળાના જેઠ મહિનામાં તેમણે ચૌવિહારો અઠ્ઠમતપ કર્યો અને સાથે પોષધવ્રત લઈ ઉપાશ્રયમાં રહ્યાં. એક તો જેઠ મહિનાની સખત ગરમી, વળી નિર્જલ ચૌવિહારો અઠ્ઠમ એટલે શેઠને ભારે તરસ લાગી. મનમાં પાણી...પાણી... યાદ આવે, વળી નજર સામે પાણીની વાવ અને કૂવા દેખાય. વળી વિચાર આવ્યો કે ખરેખર તો ધન્ય છે જે લોકો પાણીની વાવ કે કૂવાઓ બંધાવે છે. આમ પૌષધમાં શેઠના મનમાં પાણી, વાવ વગેરેના વિચારો ચિંતવ્યા.

બીજે દિવસે શેઠ પૌષધ પાળી ઘરે આવ્યા. યથા વિધિ પ્રમાણે જળપાન કરી ઉપવાસ છોડ્યા પણ વાવના વિચાર ન છુટ્યા. શેઠે એક મોટી વાવ નગરની બહાર બંધાવવાનું આયોજન કર્યું જોતજોતામાં નગરની બહાર એક વિશાળ વાવ બની પણ ગઈ. લોકો વાવનું મીઠું પાણી પીતા, પોતાનો થાક ઉતારતા અને વાવ બંધાવનાર શેઠના વખાણ કરતાં. નંદ મણિયાર શેઠ પણ વખાણ સાંભળીને ખૂબ રાજી થતા. આમ ધીરે ધીરે શેઠનો વાવના પાણી પ્રત્યે અને વાવ પ્રત્યે આસક્તિભાવ વધતો ગયો. વાવ પ્રત્યે તેમની માયા વધતી ગઈ. પરિણામે તેમના આયુષ્યનો બંધ પડ્યો અને તેઓ મૃત્યુ પામીને તેમણે જ બંધાવેલી વાવમાં દેડકા તરીકે ઉત્પન્ન થયા. આટલી તપશ્ચર્યા, પૌષધ વગેરેની આરાધના હોવા છતાં પણ પરિણામ બગડ્યા અને તેમને દેડકા તરીકે જન્મવું પડ્યું. નંદ મણિયાર શેઠનો જીવ જે દેડકો થયેલો હતો તે વાવને કાંઠે બેસી શેઠના વખાણ, વાવના વખાણ સાંભળતો. સાંભળતાં સાંભળતાં તેને એક દિવસ જાતિસ્મરણ જ્ઞાન થયું અને તરત જ પોતાનો પૂર્વભવ યાદ આવ્યો. તેને થયું અરેરે...મેં અમૂલ્ય એવો મનુષ્યભવ વાવની આસક્તિમાં ગુમાવી દીધો. પણ હવે હું ફરી આ ભવમાં ધર્મ-આરાધના કરું, પાછા વ્રત-નિયમ સ્વીકારું. એમ વિચારી દેડકાએ છઠ્ઠ-તપાદિ કરવાનો નિર્ણય કર્યો.

એકવાર શ્રેણિક મહારાજા પ્રભુ મહાવીરના દર્શન કરવા ત્યાંથી નીકળ્યા. સાથે ચતુરંગી સેના, અંતઃપુર વગેરે મોટો રસાલો હતો. ઘણાં લોકો પ્રભુના દર્શને જઈ રહ્યા હતા. ત્યાં તો પ્રભુના દર્શને જવાના...વગેરે શબ્દો દેડકાના કાને પડ્યા. તેને પણ પ્રભુના દર્શન કરવાની ભાવના થઈ. તે તૈયાર થઈ ગયો, છલાંગ મારી વાવની બહાર આવ્યો. ઉત્સાહમાં આવીને કૂદતો કૂદતો તે માર્ગ ઉપર દોડવા લાગ્યો. લોકોની નજરમાં આવે તેથી લોકો તેને પાછો લઈ જઈને વાવમાં નાંખે. પાછો બહાર આવે. આમ બે, ત્રણ વાર બન્યું. ત્યાં ફરી બહાર આવ્યો અને શ્રેણિક રાજાના ઘોડાના પગ નીચે કચડાઈ જવાથી મૃત્યુ પામ્યો. તે સમયે તેના મનમાં પ્રભુના દર્શનની, ધર્મ સાંભળવાની તીવ્ર ઈચ્છા હતી તેથી તે મૃત્યુ પામી દેવ બન્યો.

આમ જીવ જ્યાં પ્રીતિ કરે છે ત્યાં સ્વાભાવિક રીતે તેની આસક્તિ બંધાય છે. અને જો તે સમયે તેના આયુષ્યનો બંધ પડે તો ત્યાં જ તેની ઉત્પત્તિ થાય છે. ★

# નામ કર્મ

અરૂપી-અનામી આત્માનો ગુણ છે. જેમાં રૂપ, રસ, ગંધ, સ્પર્શ વગેરે હોય તે રૂપી અને જેમાં રંગ, રૂપ, ગંધ વગેરે ન હોય તે અરૂપી કહેવાય છે. આત્માના આ અરૂપી ગુણને ઢાંકનારા કર્મને નામકર્મ કહે છે. આત્મા પોતાના ગુણ-સ્વભાવ પ્રમાણે વર્તવા પૂરેપૂરો સ્વતંત્ર હોવા છતાં આ નામકર્મને લીધે તે જેમ દોરાવે તેમ દોરાવવું પડે છે. જેમ નચાવે તેમ નાચવું પડે છે. નાના, મોટા, પશુ-પક્ષી, વનસ્પતિ વગેરે અનેક સ્વરૂપમાં આત્માને પોતાની સ્વતંત્રતા છોડીને દરેક બાબતમાં નમતું આપવું પડે છે. માટે આત્માને નમાવનાર આ કર્મનું નામ 'નામકર્મ' રાખવામાં આવેલ છે.

નામકર્મ ચિત્રકાર સરખું છે. જેમ ચિત્રકાર રંગબેરંગી જુદી જુદી જાતના સારા-નરસા નિર્જીવ ચિત્રો બનાવે છે, તેવી જ રીતે અનામી-અરૂપી એવા આત્માને નામકર્મ એક શરીરના ઢાંચામાં ઢાળી તેના અંગઉપાંગ આકાર બનાવે છે. ગતિ-જાતિ આદિમાં મોકલે છે. કાળો-ગોરો રંગવાળો બનાવે છે. અનામીનો હવે નામ-વ્યવહાર બને છે તેથી નામકર્મને ચિત્રકારની ઉપમા આપી છે. આ નામ-કર્મના કાર્મણસ્કંધો જુદા જુદા વિભાગમાં વહેંચાઈ જતા હોવાથી નામકર્મ કુલ બેતાલીસ પ્રકારે થાય છે. તે ભેદો (નામકર્મ)ની ઉત્તર પ્રકૃતિઓ એકસો ને ત્રણ છે. જોકે શુભનામ કર્મ અને અશુભ નામકર્મ આ બે ભેદમાં તેના બધા જ પેટા ભેદોનો સમાવેશ થઈ જાય છે.

**નામકર્મબંધના કારણ**

શુભનામકર્મ બંધના મુખ્ય ચાર કારણ શાસ્ત્રોમાં બતાવ્યા છે. જીવ શુભ પ્રવૃત્તિ કરે તો શુભ આલેખન થાય છે જેમકે ૧. કાયાની સરળતા અર્થાત્ શરીરથી કોઈને અડચણ ન થાય તેમ બેસવામાં, જોવામાં, આપવામાં અથવા શરીરની જે જે પ્રવૃત્તિ થાય તેમાં સરળતા દેખાય, વક્રતા, પ્રપંચ ન જણાય તે કાયાની સરળતા છે. ૨. વચનની સરળતા અર્થાત્ વાણીથી બોલાય ત્યારે જેવું હોય તેવું સ્પષ્ટ કહે તે કોઈપણ સમજી શકે એટલે વાણીમાં વક્રતા ન હોય. ૩. મનની ઋજુતા (ભાવની સરળતા) એટલે મન પણ એવું સ્પષ્ટ ભાવે વર્તે. આંટીઘૂંટી, છેતરવાની કળા વગેરે મનમાં ન આવે. ૪. કોઈની પણ સાથે કંકાશ, ઝઘડો, વિવાદ, ખટપટ થાય તેવું ન કરે. આ ચાર પ્રકારે જીવ શુભનામ કર્મ બાંધે છે.

અશુભ નામ કર્મબંધના પણ મુખ્ય ચાર કારણ છે. ૧. કાયાની વક્રતા અર્થાત્ બીજા ઉપર હુમલો કરવો, મારવું વગેરેથી ૨. વચનની વક્રતા અર્થાત્ બીજાને વચનની વક્રતાથી છેતરવા, ચાલબાજી કરવી વગેરે. ૩. મનની વક્રતા અર્થાત્ મનમાં દ્વેષ હોય પરંતુ ઉપર ઉપરથી વહાલ બતાવવું, વગેરે. ૪. ગમે તેની સાથે સહજે સહજે લડાઈ કરવી. કંકાસ કરવો, ખટપટ કરવી. આ ચાર પ્રકારે જીવ અશુભ નામકર્મ બાંધે છે. ★

## નંદિષેણમુનિનું દૃષ્ટાંત

મગધ દેશમાં નંદી ગામમાં સોમીલ નામનો બ્રાહ્મણ રહેતો હતો. તેને સોમીલા નામે સ્ત્રી હતી. તેમને નંદિષેણ નામે પુત્ર થયો. દુર્ભાગ્યે તે કદરૂપો હતો. નાનપણમાં જ તેના માતા-પિતા મૃત્યુ પામ્યા એટલે મામાને ત્યાં જઈ રહ્યો. મામાએ તેને પોતાની સાત પુત્રીઓમાંથી એક પુત્રી સાથે પરણાવીશ એવું આશ્વાસન આપ્યું હતું. પરંતુ સાતે દીકરીઓએ કુરૂપ એવા નંદિષેણ સાથે પરણવાની ના પાડી દીધી. આથી નંદિષેણ ઘર છોડી રત્નપુર નગરમાં આવ્યો. ત્યાંના લોકોને સુખી જોઈને તેણે આપઘાત કરવાનો વિચાર કર્યો. આથી તે આપઘાત કરવા વનમાં ગયો. ત્યાં અચાનક રસ્તામાં તેને જૈનમુનિનો ભેટો થયો. મુનિએ તેને ધર્મ ઉપદેશ સંભળાવ્યો. અને આપઘાત કરવાથી થતાં ઘોર પાપોનું વર્ણન કર્યું. આથી નંદિષેણ વૈરાગ્ય પામી મુનિરાજ પાસે દીક્ષિત બન્યા. વળી તેમણે આજીવન છઠ્ઠને પારણે આયંબિલ અને લઘુ, વૃદ્ધ કે રોગવાળા સાધુઓની વૈયાવચ્ચ કર્યા પછી જ જમવું એવો અભિગ્રહ ધારણ કર્યો.

નંદિષેણ મુનિના વૈયાવચ્ચ ગુણથી આકર્ષિત બની ઈન્દ્ર મહારાજે દેવસભામાં તેમની ખૂબ પ્રશંસા કરી. આથી બે દેવો તેમની પરીક્ષા કરવા આવ્યા. એક દેવે રોગી સાધુનું રૂપ લીધું અને તે સાધુ રત્નપુર નગરની બહાર બેઠા. જ્યારે બીજા દેવ પણ સાધુનું રૂપ લઈ ઉપાશ્રયે આવ્યા. નંદિષેણ મુનિ છઠ્ઠના પારણાની તૈયારી કરતા હતા ત્યાં આવી રાડો પાડવા લાગ્યા કે ગામની બહાર બિમાર સાધુ દુઃખ ભોગવે છે અને તને ખાવા-પીવાનું સૂઝે છે! અને વળી વૈયાવચ્ચનો મોટો ઠેકો ધારવો છો! આવા આવા શબ્દો બોલવા લાગ્યા. આથી નંદિષેણ મુનિ ગોચરી પડતી મૂકી સેવા કરવા માટે શુદ્ધ પાણી વહોરવા ગયા. પરંતુ જ્યાં જાય ત્યાં દેવોની માયાથી દોષ દેખાય. માંડ માંડ થોડું શુદ્ધ પાણી મળ્યું તે લઈ નંદિષેણ મુનિ નગર બહાર રોગી સાધુ પાસે ગયા. ત્યાં જઈને પેલા રોગી સાધુના શરીરની નંદિષેણ મુનિએ સમતાભાવપૂર્વક પાણી વડે સાફસૂફી કરી. પણ જેમ જેમ સાફ કરતા જાય તેમ તેમ વધુ ને વધુ પરુ બહાર આવવા લાગ્યું. આથી તેમને પોતાના ખભા ઉપર બેસાડી ઉપાશ્રય લઈ જવા માટે ચાલવા લાગ્યા. રસ્તામાં આ સાધુ નંદિષેણ મુનિ ઉપર મળ-મૂત્ર કરે છે છતાં તેઓ પોતાની વૈયાવચ્ચની ભાવનાથી સહેજ પણ ચલિત થયા નહિ. ઉલટા એવો વિચાર કરવા લાગ્યા કે અરે રે! મારાથી આ સાધુને કેટલી બધી અશાતા થાય છે. રસ્તામાં નંદિષેણ મુનિની પીઠ ઉપર બેઠેલા મુનિ ખૂબ ગુસ્સો કરી ગાળો આપે છે, ધીરે ચાલવા, ઉતાવળે ચાલવા ધમકાવે છે. છતાં તેઓ ક્ષમા ધારણ કરી તેમની સેવામાં અપાર આનંદ માને છે. આખરે બંને દેવો પોતાની હાર માની પ્રગટ થઈ તેમની વૈયાવચ્ચની મુક્ત કંઠે પ્રશંસા કરી ક્ષમા માંગે છે.

નંદિષેણ મુનિએ સ્પૃહારહિત સરળ ભાવથી ધર્મી પુરુષ મુનિશ્રીની અનુપમ સેવા સત્કારના શુભભાવથી શુભનામકર્મ બાંધ્યું. અને અત્યંત રૂપ-સૌન્દર્યયુક્ત શરીરવાળા વાસુદેવ તરીકે આગળના ભવમાં ઉત્પન્ન થયા. ★

## ગોત્ર કર્મ

અગુરુલઘુ આત્માનો ગુણ છે. જેમાં ઊંચ-નીચનો ભેદ ન હોય તેને અગુરુલઘુ કહેવાય. દરેક વ્યક્તિનું આત્મત્વ એક સરખું જ છે. કોઈ પણ શુદ્ધ આત્મા ભારે નથી કે હલકો નથી, મોટો નથી કે નાનો નથી. ઊંચનીચના ભેદ નથી. અગુરુલઘુ ગુણવાળો છે. આત્માના આ ગુણને ઢાંકનારા કાર્મણસ્કંધોને ગોત્રકર્મ કહે છે. ગોત્ર એટલે નામ ઉપરાંત વિશેષ જેનાથી ઓળખી શકાય છે તે ગોત્ર છે. જેમ કોઈ શાહ, ઝાલા, ગોહિલ વગેરે અટકથી ઓળખાય છે તેમ જીવ ઉચ્ચ ગોત્રથી અને નીચ ગોત્રથી ઓળખાય છે.

ગોત્રકર્મને કુંભારની ઉપમા આપવામાં આવી છે. જેમ કુંભાર એક જ માટીમાંથી ઘડા બનાવતો હોવા છતાં કેટલાક ઘડા એવા સરસ બનાવે છે કે તે ઘડા મંગળ-કલશ આદિ તરીકે વપરાય છે. જ્યારે કેટલાક ઘડા એવા બનાવે છે કે તેનો ઉપયોગ મદિરાદિ ભરવા તરીકે વપરાય છે. આ રીતે ઉચ્ચ અને નીચ ઘડાની શ્રેણીની જેમ ગોત્રકર્મ પણ જીવને ઉચ્ચ–નીચ ગોત્રમાં લઈ જાય છે. કોઈને રાજકુળમાં જન્મ મળે છે તો કોઈને ચમાર આદિ કુળમાં જન્મ મળે છે. ઉચ્ચ ગોત્ર પૂજનીય ગણાય છે તો નીચ ગોત્ર નિંદનીય ગણાય છે. ગોત્રકર્મની (૧) ઉચ્ચ ગોત્રકર્મ અને (૨) નીચ ગોત્રક્રમ એમ બે ઉત્તરપ્રકૃતિ છે.

**ગોત્રકર્મ બંધના કારણ**

ઉચ્ચકુળમાં જન્મેલાં હોય છતાં તેમને જાતિ અને કુળનો મદ ન હોય, અદ્‌ભુત રૂપ હોય છતાં રૂપનો ગર્વ ન હોય, અજય બળ હોય છતાં બળનું અભિમાન ન હોય, ઇચ્છિત વસ્તુ મળે છતાં લાભનો ગર્વ ન હોય, અગાઢ શ્રુતજ્ઞાન હોવા છતાં શ્રુતનું અભિમાન ન હોય, તપનું અભિમાન ન હોય અને ઐશ્વર્યનું અભિમાન ન હોય તે ઉચ્ચગોત્રકર્મ બાંધે છે. તેવી જ રીતે જે જાતિ, કુળ, બળ, રૂપ, જ્ઞાન, તપ, લાભ અને ઐશ્વર્ય નો મદ કરે છે , અભિમાન કરે છે તે નીચગોત્રકર્મ બાંધે છે. તેમ જ સારી જાતિ મળવાથી જીવો ઉદ્ધતાઈથી માનના માર્ગે જાય તો નીચગોત્રકર્મ બંધાય. ★

## હરિકેશી મુનિનું દૃષ્ટાંત

કોઈ એક સમયે મથુરા નગરીના શંખરાજાએ સંસારથી વિરક્ત બની દીક્ષા ગ્રહણ કરી, ચારિત્ર ધર્મની આરાધના કરતા હતા. એકવાર તેઓ વિહાર કરતાં કરતાં હસ્તિનાપુર પધાર્યાં. ભિક્ષા માટે વિચરતા શંખમુનિ એક ગલીની નજીક આવ્યા. ત્યાં સૂનકાર જોતાં નજીકમાં રહેતાં સોમદત્ત પુરોહિતને માર્ગ પૂછ્યો. તે ગલીનું નામ ‘હુતવહ-રથ્યા’ હતું. તે ગ્રીષ્મઋતુના સૂર્યના તાપથી તપેલા લોઢાની સમાન અત્યંત ગરમ રહેતી હતી. જેથી આ માર્ગ ઉપર ઉઘાડા પગે ચાલવું કોઈપણ પુરુષ વ્યક્તિ માટે શક્ય ન હતું. પરંતુ સોમદત્તને મુનિઓ પ્રત્યે દ્વેષ હતો એટલે તેણે દ્વેષવશ સંતમુનિને તે જ હુતવહ રથ્યાનો ઉષ્ણમાર્ગ બતાવી દીધો. શંખમુનિ નિશ્ચલ ભાવથી ઈર્યા સમિતિપૂર્વક તે માર્ગ ઉપર ચાલ્યા. પરંતુ તેમના તપોબળના પ્રભાવથી જ ઉષ્ણમાર્ગ એકદમ શીતળ બની ગયો. શંખમુનિ ધીરે ધીરે તે માર્ગને આનંદપૂર્વક પાર કરી રહ્યાં હતાં.

આ જોઈને સોમદત્ત બ્રાહ્મણના આશ્ચર્યનો પાર ન રહ્યો. તે જ સમયે તેઓ નીચે આવ્યા અને એ જ માર્ગ ઉપર ઉઘાડા પગે ચાલ્યા. ત્યારે ગલીનો ચંદન સમાન શીતળ સ્પર્શ અનુભવી તેમના મનમાં ઘણો જ પશ્ચાતાપ થયો. શંખમુનિ પાસે આવી, તેમના ચરણોમાં પડી પોતાના અનુચિત કાર્ય બદલ ક્ષમા માગી. ત્યારે શંખમુનિએ તેમને ધર્મોપદેશ આપ્યો. ધર્મનો ઉપદેશ સાંભળીને સોમદેવ બ્રાહ્મણને વૈરાગ્ય ઉત્પન્ન થયો અને એમણે શંખમુનિ પાસે દીક્ષા ગ્રહણ કરી. સોમદત્ત મુનિએ ઘણાં વર્ષો સુધી ચારિત્ર તો પાળ્યું પણ તેઓ હંમેશાં બોલતાં કે હું બ્રાહ્મણ પુરોહિત છું, અમારી જાતિ જ શ્રેષ્ઠ ગણાય. બીજી બધી જાતિ તો હલકી ગણાય. હું ઉત્તમ કુળ જાતિવાળો છું. આમ જાતિમદ, રૂપમદ કરતા રહ્યા, જેના કારણે તેમણે નીચગોત્રકર્મ બાંધ્યું. ચારિત્રપાલનના કારણે તેઓ આયુષ્યકર્મ સમાપ્ત થયા બાદ સ્વર્ગમાં ગયા.

દેવ આયુષ્યપૂર્ણ કરી સોમદેવ મુનિ જાતિમદના કારણે બાંધેલા નીચગોત્ર કર્મના કારણે ગંગાને કિનારે હરિકેશ ગોત્રીય ચાંડાલોના અધિપતિ ‘બલકોટ્ટ’ નામના ચાંડાલની પત્ની ‘ગૌરી’ના ગર્ભમાં પુત્ર રૂપે ઉત્પન્ન થયા. તેનું નામ બલ રાખવામાં આવ્યું. વળી રૂપમદના કારણે એમનું શરીર સૌભાગ્ય રૂપરહિત હોવાને લીધે તેમના સગાંસંબંધીમાં ઘૃણાપાત્ર તેમ જ હાસ્યનું કારણ બનતું. જેમ જેમ મોટા થતા ગયા તેમ તેમ તેમનો સ્વભાવ ક્રોધી અને ઝઘડાખોર થતો ગયો. આથી તેમની સાથે કોઈ રમતું નહિ.

એકવાર બલ એકલો લાચાર અને દુ:ખી થઈ બેઠો હતો. એટલામાં ત્યાં એક કાળો વિષધર સાપ નીકળ્યો. ત્યારે ચાંડાલોએ તે દુષ્ટસર્પ છે એમ કહી તેને મારી નાખ્યો. થોડીવાર પછી અલશિક જાતિનો નિર્વિષ સાપ નીકળ્યો. લોકોએ તેને વિષરહિત છે કહીને છોડી દીધો. આ બંને ઘટના દૂર બેઠેલાં બલે (ચાંડાલપુત્ર) જોઈ. આ દૃષ્ય જોઈ તેણે ચિંતન કર્યું કે મારા બંધુજનો મારા દોષયુક્ત વ્યવહારને લીધે જ મને વિષસર્પની જેમ ધુત્કારે છે. જો હું પણ અલશિકની જેમ દોષરહિત હોત તો સહુનો પ્રિયપાત્ર હોત. આ પ્રકારની વિચારધારામાં નિમગ્ન થતાં તેને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. ત્યારે તેને પૂર્વભવમાં બાંધેલ જાતિમદના ફળ સ્વરૂપે હમણાં પ્રાપ્ત થયેલ નીચગોત્ર તેમ જ ભોગવી આવેલ દેવોચિત સુખોની વિનશ્વરતાના વિચારો આવ્યા. આવા આવા વિચારો આવતાં તેણે આ સંસારને તુચ્છ સમજીને વૈરાગ્યપૂર્વક દીક્ષાાત અંગીકાર કરી લીધું અને એ હરિકેશબલના નામથી સંસારમાં વિખ્યાત થયા. ★

## અંતરાય કર્મ

અનંતવીર્ય, અનંતશક્તિ આત્માનો ગુણ છે. આત્મા દાન, લાભ, ભોગ આદિ અનંતશક્તિનો માલિક છે. આત્માની આ અનંતશક્તિને ઢાંકનારા કાર્મણસ્કંધોને અંતરાયકર્મ કહે છે. જીવને અંતરાયકર્મ તેની સંપત્તિરૂપી અનંત શક્તિ ભોગવવા દેતો નથી. તે સર્વે લબ્ધિ શક્તિનું વર્ગીકરણ કરીને પાંચલબ્ધિમાં સમાવેશ કર્યો હોવાથી તેને ઢાંકનાર અંતરાયકર્મ પાંચ પ્રકારે કહ્યું છે.

અંતરાયકર્મને રાજાના ભંડારીની ઉપમા આપી છે. જેમ કે રાજા ભંડારીને આદેશ આપે કે તું યાચકાદિને દાનાદિ આપજે. પરંતુ ભંડારી યાચકને કહી દે કે અત્યારે મને સમય નથી, પછી આવજે, એમ બહાના બતાવી અંતે ના પાડી દે છે. એવી જ રીતે અંતરાયકર્મ એ વિઘ્નકર્તા છે. દાન, લાભ આદિ પ્રાપ્ત થયું હોય એમાં ભંડારીની જેમ વિઘ્ન નાંખવાનું કામ અંતરાય કર્મ કરે છે. જેના કારણે જીવ સુખ સગવડ, શારીરિક બળ આદિ પ્રાપ્ત કરી શકતો નથી. અંતરાયકર્મના ૧. દાનાંતરાય ૨. લાભાંતરાય ૩. ભોગાંતરાય ૪. ઉપભોગાંતરાય અને ૫. વીર્યાંતરાય એમ પાંચ ઉત્તરપ્રકૃતિઓ છે.

**અનંતરાયકર્મબંધના કારણ**

અંતરાયકર્મ બંધના મુખ્ય પાંચ કારણો છે. (૧) બીજાઓને દાન આપવામાં અંતરાય-વિઘ્ન નાંખવાથી, દાનધર્મની નિંદા કરવાથી દાનાંતરાયકર્મ બંધાય છે. (૨) બીજાને સુખ-સગવડના સાધનો મળતા હોય ત્યારે અંતરાય પાડવાથી લાભાંતરાયકર્મ બંધાય છે. (૩) એકવાર ભોગવી શકાય એવી વસ્તુ માટે બીજાના ભોગસુખમાં અંતરાય પાડવાથી ભોગાંતરાયકર્મ બંધાય છે. (૪) વારંવાર ભોગવી શકાય એવી વસ્તુ માટે પણ બીજાના ઉપભોગ સુખમાં વિઘ્ન નાંખવાથી ઉપભોગાંતરાયકર્મ બંધાય છે. (૫) તેમજ બીજાની વીર્ય શક્તિમાં અંતરાય પાડવો તથા પોતાની શક્તિ હોવા છતાં આળસ વગેરે કરવાથી વીર્યાંતરાયકર્મ બંધાય છે . ★

## ઢંઢણ મુનિનું દૃષ્ટાંત

શ્રીકૃષ્ણ વાસુદેવના સમયની આ વાત છે. શ્રીકૃષ્ણ વાસુદેવના પુત્ર ઢંઢણકુમારને શ્રી નેમિનાથની ધર્મદેશના સાંભળી વૈરાગ્યભાવ જાગ્યો. આથી તેમણે શ્રી નેમિનાથ પાસે દીક્ષા અંગીકાર કરી. સાધુ જીવનને અનુકૂળ હોય તે પ્રમાણે જે ગોચરી આદિની ગવેષણા કરી આહાર ગ્રહણ કરતા. આમ જે કાંઈ પ્રાસુક આહાર મળે તેનો આહાર કરતા. પણ પૂર્વ ભવમાં બાંધેલ અંતરાયકર્મનો ઉદય થયો એટલે જ્યાં જ્યાં ગોચરી માટે જાય ત્યાં ત્યાં શુદ્ધ ભિક્ષા મળે નહિ, એટલું જ નહીં પણ એમની સાથે જો કોઈ સાધુ હોય તો તેમને પણ ગોચરી ન મળે એવું બનવા લાગ્યું. સમય વીતતો ગયો ત્યારે બીજા સાધુઓએ શ્રી નેમિનાથ ભગવાનને પૂછ્યું કે, હે પરમાત્મા! તમારા શિષ્ય, શ્રીકૃષ્ણ વાસુદેવના પુત્ર, ધાર્મિક, ધનાઢ્ય અને ઉદાર ગૃહસ્થવાળી દ્વારકા નગરી છતાં શ્રી ઢંઢણમુનિને ગોચરી કેમ મળતી નથી? ત્યારે શ્રી નેમિનાથ ભગવાને તેમના પૂર્વભવનો વૃત્તાંત કહેતાં કહ્યું કે, ઢંઢણ મુનિનો આત્મા પૂર્વજન્મમાં મગધ દેશનો પારાસર નામનો બ્રાહ્મણ હતો. તે ગામના લોકો પાસેથી રાજ્યના ખેતરો ખેડાવતો હતો. દરરોજ ભોજન વેળા થાય અને બધાની ભોજન સામગ્રી આવી જાય તો પણ તે ભોજન કરવાની બધાને રજા આપતો ન હતો. પણ લોકો પાસેથી વધુ કામ કરાવવાના આશયથી ભૂખ્યા લોકો અને ભૂખ્ય બળદો પાસેથી હળ ખેડાવી ખેતરોમાં વધુ કામ કરાવતો. આ કાર્યથી પરાસર બ્રાહ્મણે અંતરાયકર્મ બાંધી લીધું હતું અને તે આ ભવમાં ઢંઢણમુનિને ઉદયમાં આવ્યું છે જેથી તેમને ગોચરી-પાણી સુઝતા મળતા નથી.

આ વાત બધા સાધુઓની સાથે ઢંઢણમુનિએ પણ સાંભળી. આથી તેમણે પ્રભુ પાસે અભિગ્રહ લીધો કે, આજથી હું મારી લબ્ધિ દ્વારા જ ભોજન મળશે તો તે વાપરીશ. પરલબ્ધિથી અથવા તો કોઈએ લાવેલી ગોચરી વાપરીશ નહિ. આ રીતે આહાર ન મળતાં ઢંઢણમુનિના છ મહિના વીતી ગયા.

એકવાર શ્રીકૃષ્ણ વાસુદેવે ભગવાન નેમિનાથને પૂછ્યું કે, તમારા સર્વ સાધુઓમાં દુષ્કર કાર્ય કરનાર કોણ છે? ત્યારે પ્રભુએ કહ્યું, બધા જ મુનિ દુષ્કર કાર્ય કરે છે. પણ ઢંઢણમુનિ સર્વથી અધિક છે. ત્યારબાદ શ્રીકૃષ્ણ પ્રભુને વંદન કરી પાછા ફરતા હતા ત્યારે તેમને માર્ગમાં ઢંઢણમુનિને ગોચરીએ જતા જોયા. આથી શ્રીકૃષ્ણ વાસુદેવે તેમને ભક્તિપૂર્વક વંદન કર્યા. ત્યારે એક ગૃહસ્થને ઢંઢણમુનિ માટે માન ઉપજ્યું. આથી તે મુનિ કેવા મહાન ચારિત્રશીલ હશે, એમ વિચારી પોતાના આવાસે લઈ જઈ બહુમાનપૂર્વક મોદક વહોરાવ્યા. ઢંઢણમુનિ પણ ગોચરી લઈ સ્વસ્થાનકે પાછા આવી પ્રભુને પૂછ્યું કે, આજે મને ગોચરી મળી છે. શું મારો અભિગ્રહ પૂરો થયો? ત્યારે નેમિનાથ પ્રભુએ જવાબ આપ્યો કે, હે ઢંઢણ! આ આહાર તો શ્રીકૃષ્ણ વાસુદેવની લબ્ધિને લીધે મળ્યો છે. તમારી સ્વલબ્ધિનો નથી.

આ જવાબ સાંભળી ઢંઢણમુનિ કે જેઓ રાગ આદિથી રહિત થયેલા છે, આ પરલબ્ધિનો આહાર છે, મને ન ખપે, એમ વિચારી જંગલમાં મોદક આદિ આહાર પરઠવા ગયા. લાડુનો ભુક્કો કરતાં કરતાં વિચારવા લાગ્યા કે, મારા આત્માએ કર્મ કરતાં કેમ વિચાર ન કર્યો? પૂર્વોપાર્જિત કર્મનો ક્ષય થવો મુશ્કેલ છે. એમ વિચારતા અને ધ્યાનમાં મગ્ન થઈ જતાં ઢંઢણમુનિને કેવળજ્ઞાન થયું. ★

# જૈન સાહિત્યમાં કર્મવાદ

જૈન સાહિત્યમાં મુખ્યત્વે બે ભેદ પાડી શકાય (૧) આગમ સાહિત્ય અને આગમેતર સાહિત્ય.

(૧) **આગમ સાહિત્ય**-રાગદ્વેષ વિજેતા જિન તીર્થંકર ભગવંતના તત્ત્વ-ચિંતનનું જેમાં વર્ણન છે તે આગમ છે. જેનાથી પદાર્થનું સંપૂર્ણ યથાર્થ જ્ઞાન પ્રાપ્ત થાય છે. આગમ અધ્યાત્મજ્ઞાનનો પવિત્ર તેમજ અક્ષયસ્રોત છે.

(૨) **આગમેતર સાહિત્ય**- આગમ સિવાયના સાહિત્યને આગમેતર સાહિત્ય કહે છે. આગમ સાહિત્યના ભાવ, રહસ્યની સરળ સાદી ભાષામાં સમજૂતી જેમાં આપવામાં આવી છે તેને આગમેતર સાહિત્ય કહે છે.

***આગમ સાહિત્યમાં કર્મવાદ***

**શ્રી ભગવતી સૂત્ર –**

દ્વાદશાંગી (૧૨ અંગ) સૂત્રમાંથી આ પાંચમું અંગસૂત્ર છે. આ સૂત્ર મહાસાગર જેવું વિશાળ છે. વિશ્વના તત્ત્વમાંથી કોઈ વિષય એવો નહિ હોય જેનું સમાધાન ભગવતીમાંથી ન મળે, એવું ગહન આ સૂત્ર છે. આ સમગ્ર શાસ્ત્ર પ્રશ્નોત્તરોનો વિશાળ રત્નભંડાર છે. પ્રભુ મહાવીર અને પ્રથમ ગણધર ગૌતમ સ્વામી વચ્ચે થયેલા ૩૬૦૦૦ પ્રશ્નોનું નિરાકરણ આ સૂત્રમાં છે. એના એક એક પ્રશ્ન, એક એક સિદ્ધાન્ત અને એક એક શાસ્ત્રનું ઉદ્ઘાટન કરે છે–આમ આ એક અલૌકિક સૂત્ર છે.

**ભગવતી સૂત્રમાં કર્મવાદ –**

આ સૂત્રમાં કર્મવાદનું સુંદર વિવેચન છે. જૈનદર્શનમાં કર્મવાદને પ્રધાનતા આપીને તેનું નખશિખ વર્ણન કરવામાં આવ્યું છે. જૈન તત્ત્વજ્ઞાનના કમ્મપયડી, ષટ્ખંડાગમ, ગોમ્મટસાર કે કર્મગ્રંથો આદિના અભ્યાસથી એ પૂરવાર થાય છે. કર્મસિદ્ધાંત માટે ભગવતી સૂત્રમાં જે ઊંડું તલસ્પર્શી સચોટ સ્પષ્ટીકરણ છે તે અન્ય સાહિત્યમાં મળવું મુશ્કેલ છે.

સામાન્ય રીતે જનસામાન્યની માન્યતા હોય છે કે ભાગ્યમાં જે લખ્યું હશે તે થશે. એ લોકો એ વાક્યમાં જ સમસ્ત કર્મવાદને સમાવી દે છે. પરંતુ ભગવતી સૂત્રમાં કર્મસિદ્ધાંતનું વિવેચન કરતાં સ્પષ્ટપણે કહ્યું છે કે કર્મોના બંધમાં અને ભાગ્યમાં લખાયેલા તત્ત્વોમાં ઘણું જ પરિવર્તન કરી શકાય છે. જેને કર્મવાદમાં સંક્રમણ (સજાતીય કર્મની પ્રકૃતિનું એકબીજામાં પરિવર્તન), ઉદ્વર્તન (કર્મસ્થિતિમાં વૃદ્ધિ), અપવર્તન (કર્મસ્થિતિમાં ઘટાડો) આદિ કહેવાય છે. જેનાથી કર્મમાં પરિવર્તન થઈ શકે છે. તેમાં આત્માના વિશષ પુરુષાર્થની જરૂર છે. માત્ર નિકાચિત કર્મોને છોડીને શેષ કર્મોની અવસ્થાઓમાં પરિવર્તન શક્ય છે એ વિષયમાં ભગવતી સૂત્રમાં વિશદ પ્રકાશ પાથરવામાં આવ્યો છે.

એમાંના કેટલાક વિશેષ અધિકારો ઉલ્લેખનીય છે, જેમ કે શતક પ્રથમમાં કાંક્ષા મોહનીયનો વિચાર, કર્મપ્રકૃતિ, જીવનું ઉપસ્થાન (ઊર્ધ્વગમન) અપક્રમણ (પતન), કર્મફળ ભોગનો સિદ્ધાંત વગેરે છે.

છઠ્ઠા શતકમાં-જીવ અને કર્મનો સંબંધ સ્વાભાવિક રૂપે થાય છે કે પ્રયત્નથી? તે મહત્ત્વના વિષયને વસ્ત્રના દૃષ્ટાંત દ્વારા સ્પષ્ટ કર્યો છે.

આઠમા શતકમાં ૮મા ઉદ્દેશામાં કર્મની ચૌભંગી (ચાર વિકલ્પ) છે. કર્મપ્રકૃતિ અને પરિષહ પણ છે. ૧૦મા ઉદ્દેશામાં આઠ કર્મમાં અન્ય કર્મ નિયમા કે ભજનાથી હોય તે બતાવ્યું છે.

વીસમા શતકમાં ૭મા ઉદ્દેશામાં ત્રણ પ્રકારના બંધ બતાવ્યા છે. આઠે પ્રકારના કર્મબંધમાં અને ઉદયકર્મમાં (૧) જીવ પ્રાયોગ્ય બંધ, અનંતર બંધ અને પરંપર બંધ–આ ત્રણે પ્રકારના બંધ હોય એવું વિવેચન છે. ઓગણત્રીસમા શતકના ૧૧મા ઉદ્દેશામાં પાપકર્મો વેદવા બાબતનું નિરૂપણ થયું છે.

અન્ય શતકના ઉદ્દેશાઓમાં પણ કર્મનું સ્વરૂપ કોઈને કોઈ રીતે જ છે. વિસ્તારભયના કારણે અહીં વિસ્તૃત આલેખન શક્ય નથી.

**શ્રી ઠાણાંગસૂત્ર –**

દ્વાદશાંગીનું ત્રીજું અંગસૂત્ર ઠાણાંગજી છે. એમાં એક સ્થાનથી એક એક વૃદ્ધિ કરીને દશ સ્થાન પર્યંતના ભાવોની વૃદ્ધિ કરવામાં આવી છે. આ ૧૦ સ્થાનમાં વિવિધ વિષયોનું સંકલન કરવામાં આવ્યું છે. આ સૂત્ર અનેક સંકેતો કરીને જીવને એનું સાચું સ્થાન બતાવે છે. પોતાનું સ્વરૂપ પ્રકાશિત કરવા માટેનું સાઈન બોર્ડ છે.

**ઠાણાંગસૂત્રમાં કર્મવાદ–**

આ સૂત્રમાં કર્મના ફોરા યત્રતત્ર જોવા મળે છે. જેમ કે બીજા ઠાણાના ત્રીજા ઉદ્દેશામાં પ્રદેશોદય એ વિપાકોદયનું સ્વરૂપ બતાવ્યું છે. જ્યારે ચોથા સ્થાનમાં કર્મ સંબંધી વિવિધ ચૌભંગીઓ છે. ૧લા ઉદ્દેશામાં અલ્પકર્મ–મહાકર્મની, બીજા ઉદ્દેશામાં કર્મબંધ અને ઉપક્રમ આદિની ૧૦ ચૌભંગી, ચોથા ઉદ્દેશામાં શુભાશુભ કર્મવિપાકની, બંધ વગેરેની અને ચારે ગતિના આયુબંધની ચૌભંગીઓ બતાવવામાં આવી છે. સાતમા ઉદ્દેશામાં પાપકર્મનો સંચય અને શાતા-અશાતા વેદયનીકર્મનું ફળ બતાવવામાં આવ્યું છે. આઠમા ઠાણામાં આઠ કર્મના નામ, ચય,ઉપચય વગેરે છે.

**શ્રી પન્નવણા-પ્રજ્ઞાપનાસૂત્ર–**

જેના મારફતે જીવ–અજીવ આદિ તત્ત્વ પ્રકર્ષરૂપે (શ્રેષ્ઠરૂપે) જણાવવામાં આવે છે તેને પ્રજ્ઞાપના કહે છે. બાર ઉપાંગમાં આ ચોથું ઉપાંગસૂત્ર છે. આ સૂત્રના રચયિતા કલિયુગમાં સતયુગ રચનાર, તીક્ષ્ણ મેધાવી, શ્રી સીમંધરસ્વામીના મુખે વિદેહ ક્ષેત્રમાં પણ જેમનું નામ લેવામાં આવ્યું એવા શ્રી શ્યામાચાર્ય છે.

આ સૂત્રમાં ૩૬ પદ છે. આ સૂત્રની રચના પ્રશ્નોત્તર રૂપે થઈ છે. આના પ્રત્યેક પદને અંતે પણ્ણવણાએ ભગવઈએ પાઠ આવે છે તેથી એમ સિદ્ધ થાય છે કે અંગસૂત્રોમાં જે સ્થાન ભગવતી સૂત્રનું છે તેવું જ વિશિષ્ટ સ્થાન ઉપાંગસૂત્રોમાં શ્રી પન્નવણાનું છે. પન્નવણાજીના કેટલાક પદોનો હવાલો શ્રી ભગવતી સૂત્રમાં આપવામાં આવ્યો છે પણ પન્નવણા સૂત્રમાં કોઈપણ સૂત્રનો હવાલો આપવામાં આવ્યો નથી તેમાં જે જે વિષયોનું નિરૂપણ કરવામાં આવ્યું છે તેમાં તે વિષયોનું સંપૂર્ણ કથન છે.

**પન્નવણામાં કર્મવાદ**

આ સૂત્રનું ૨૩મું પદ કર્મપ્રકૃતિનું છે તેના બે ઉદ્દેશા છે. **ઉદ્દેશક -૧**- આમાં પાંચ દ્વારોના માધ્યમથી ૨૪ દંડકવર્તી જીવો દ્વારા

કર્મસિદ્ધાંતની ચર્ચા કરી છે.

દંડક=જ્યાં જીવ ઉત્પન્ન થઈને કર્મના દંડ ભોગવે તેને દંડક કહે છે. તે તે પ્રકારના જીવોના સમૂહને ઓળખવાની સંજ્ઞાને દંડક કહે છે. દંડક ૨૪ છે. નારકી, ૧૦ ભવનપતિ, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, તિર્યંચ પંચેદ્રિય, મનુષ્ય, વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક.

**ઉદ્દેશક-૨-** આઠ કર્મની મૂળ અને ઉત્તરપ્રકૃતિઓના ભેદ-પ્રભેદનું વર્ણન, એકેન્દ્રિયથી લઈ સંજ્ઞી-અસંજ્ઞી-પંચેદ્રિય સુધીના જીવોમાં આઠ કર્મોના બંધની કાલમર્યાદા તથા આઠ કર્મોની જઘન્ય (ઓછામાં ઓછી - સૌથી અલ્પ) અને ઉત્કૃષ્ટ (સૌથી વધુ) સ્થિતિને બાંધનારા જીવોનું વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે. અબાધાકાળ-નિષેક કાળ આદિનું વર્ણન છે.

પન્નવણાના ૨૪ થી ૨૭ પદમાં અનુક્રમે કર્મબંધ, ક્રમબંધવેદન, કર્મવેદબંધ, અને કર્મવેદ-વેદક પદ–એમ ચાર પદમાં કર્મના બંધ અને વેદન તથા વેદન અને બંધનો પરસ્પર સંબંધ પ્રદર્શિત કર્યો છે.

આમ શ્રી પન્નવણાજીમાં કર્મ સંબંધી સુવિસ્તૃત વર્ણન મળે છે.

***જ્ઞાતાધર્મ કથાંગ –***

**છઠ્ઠું અંગસૂત્ર–** આના મૂળસૂત્રમાં ૫૫,૫૬,૦૦૦ પદોમાં સાડાત્રણ કરોડ ધર્મકથા હતી. હાલ ૫૫૦૦ ગાથા છે. જ્ઞાતા એટલે ઉદાહરણ પ્રધાન– એટલે જે અંગસૂત્રમાં ઉદાહરણ પ્રધાન ધર્મ-કથાઓ છે તે જ્ઞાતાધર્મકથાંગ. તત્ત્વજ્ઞાન કથામાં પીરસીને જ્ઞાનને રસાળ બનાવનાર સૂત્ર છે. એના છઠ્ઠા અધ્યયનમાં તુંબડાના દૃષ્ટાંતથી આઠ કર્મ બાંધવાનું અને છોડવાનું બતાવ્યું છે. અષ્ટકર્મબંધક ભારેકર્મી થઈ નરકગામી બને અને સાધના દ્વારા કર્મદોષ પલાળીને છુટા કરી દે તો કર્મબંધથી મુક્ત થઈને લોકગ્રે જઈને સિદ્ધ થઈ જાય.

**શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર–**

જૈન આગમગ્રંથમાં 'મૂળ સૂત્ર' તરીકે પ્રસિદ્ધ, સરળ, કથાત્મક, રોચક સંવાદ અને રસાળ રચના શૈલીને કારણે 'શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર' એક મહત્ત્વપૂર્ણ આગમ મનાય છે. મુનિની જીવનચર્યાના પ્રારંભમાં મૂળભૂત સહાયક બને છે તથા આગમોના અધ્યયનોની શરૂઆત એના પઠનથી થાય છે માટે તેને મૂળસૂત્ર કહેવાય છે. ભગવાન મહાવીરના કર્મવાદના મહત્ત્વના વિષયનું–૩૩મા અધ્યયન કમ્મપયડી–કર્મપ્રકૃતિમાં વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે. કર્મના ભેદ–પ્રભેદ, બંધ, બંધના પ્રકાર, બંધ હેતુ વગેરેનું વર્ણન પ્રાપ્ત થાય છે.

આમ આગમ સાહિત્યમાં કર્મવાદ વિશે સપ્રસંગ વિસ્તૃત વિચારણા થઈ છે.

***આગમેતર સાહિત્યમાં કર્મવાદ***

**પૂર્વાત્મક કર્મશાસ્ત્ર-** આ ભાગ સૌથી પ્રથમ અને મોટો છે. કારણ કે પૂર્વ વિચ્છેદન ગયા ત્યાં સુધી તેનું અસ્તિત્વ હતું. ભગવાન મહાવીર પછી લગભગ ૯૦૦ અથવા ૧૦૦૦ વર્ષ સુધી ક્રમશઃ હ્રાસ થતા થતા એક પૂર્વની વિદ્યા વર્તમાન રહી હતી.

ચૌદ પૂર્વમાંથી આઠમું કર્મપ્રવાદપૂર્વ આખું કર્મવિષયક હતું. જેમાં ૧૨૮ હાથી પ્રમાણ શાહીથી લખી શકાય એટલું અધ...ધ...ધ જ્ઞાન હતું જે આજે વિચ્છેદ (નષ્ટ) ગયેલું મનાય છે. તેના સિવાય બીજા નંબરના અગ્રાયણીય પૂર્વમાં એક વિષય કર્મપ્રાભૃત હતો જેમાં કર્મતત્ત્વનો વિચાર કરવામાં આવ્યો હતો. પૂર્વો તો વિચ્છેદ ગયા પણ એના આંશિક વિભાગો એમાંથી ઉધ્ધૃત થયેલા માની શકાય એવા અનેક ગ્રંથો શ્વેતાંબર અને દિગંબર બંને મતમાં આજે પણ જોવા મળે છે. એમાંના કેટલાકનો અહીં આંશિક પરિચય પ્રસ્તુત છે.

***શ્વેતાંબર મતમાં પ્રસિદ્ધ ગ્રંથો***

(૧) **કમ્મપયડિ - કર્મપ્રકૃતિ** - આ ગ્રંથના કર્તા પૂજ્ય આચાર્યશ્રી શિવશર્મસૂરિજી છે. જેઓ પ્રાયઃ ૧૦ પૂર્વધારી હતા. વિક્રમની શરૂઆતની સદીમાં થયા એમ મનાય છે. આ ગ્રંથ પ્રાકૃત ભાષામાં પદ્યરૂપે ૪૭૫ શ્લોક પ્રમાણ છે. જેમાં વર્ગણાનું સ્વરૂપ, પ્રકૃતિબંધ, પ્રદેશબંધ, સ્થિતિબંધ, અનુભાગબંધ, ધ્રુવબંધી–અધ્રુવબંધી આદિનું વિસ્તારથી વર્ણન છે. આ ગ્રંથ પર ૭૦૦૦ શ્લોક પ્રમાણ અજ્ઞાતકર્તૃક ચૂર્ણી છે. ૮૦૦૦ શ્લોક પ્રમાણ સંસ્કૃત ભાષામાં ગદ્યરૂપે પૂજ્ય મલયગિરીજીકૃત ટીકા છે. તેમ જ ૧૩,૦૦૦ શ્લોક પ્રમાણ પૂ. ઉપા. યશોવિજયજી મ. કૃત સંસ્કૃત ટીકા છે તથા પં. શ્રી ચંદુલાલ નાનચંદજી કૃત ગુજરાતી ટીકાનુવાદ પણ છે. આ બધાએ કર્મસ્વરૂપને સમજાવવા માટે ઊંડું ચિંતન કરીને ગહન વિષયને સરળ બનાવવાનો પ્રયત્ન કર્યો છે.

(૨) **પંચસંગ્રહ** – આ ગ્રંથના કર્તા શ્રી ચંદ્રર્ષિ મહત્તરાચાર્ય છે. ૯૬૩ શ્લોક પ્રમાણ આ ગ્રંથ છે. આ ગ્રંથકર્તા પાર્શ્વર્ષિના શિષ્ય હોય એમ લાગે છે. આ ગ્રંથ પર ૯૦૦૦ શ્લોક પ્રમાણ સ્વોપજ્ઞ અને ૧૮,૮૫૦ શ્લોક પ્રમાણ પૂજ્ય મલયગિરિજી કૃત સંસ્કૃત ટીકાઓ છે. આ પંચસંગ્રહના બે ભાગ છે. પ્રથમ ભાગમાં પાંચ દ્વારો છે–૧. યોગોપયોગ વિષય માર્ગણા ૨.બંધક ૩. બંધવ્ય ૪. બંધહેતુ અને ૫. બંધવિધિ--આ પાંચ દ્વારોનો સંગ્રહ હોવાથી પંચસંગ્રહ કહેવાય છે. બીજા ભાગમાં કર્મ પ્રકૃતિના અનુસારે આઠ કરણોનું વર્ણન છે. આ ગ્રંથની ટીકાનો ગુજરાતી અનુવાદ પં. શ્રી હીરાલાલ દેવચંદજીએ કરેલો છે તથા પં. શ્રી પુખરાજજી અમીચંદભાઈએ પુનઃ તેનું સંપાદન કરીને સાત સંગ્રહ કરેલ છે. આ પંચ સંગ્રહોમાં કર્મ સંબંધી ઘણા રહસ્યોદ્‌ઘાટન થયા છે. કર્મને વિશેષ સમજવા માટે ઘણા જ ઉપયોગી છે.

**પ્રાચીન કર્મગ્રંથ ષટ્ક** – શ્રી દેવેન્દ્રસૂરિજીના રચેલા કર્મગ્રંથો સરળ અને અર્વાચીન છે. તેથી તેની અપેક્ષાએ પૂર્વે રચાયેલા કર્મગ્રંથોને 'પ્રાચીન કર્મગ્રંથો' કહેવાય છે. એવા છ કર્મગ્રંથો છે જે ભિન્ન ભિન્ન કર્તાના બનાવેલા છે. પ્રાચીન અને અર્વાચીન બંનેના નામ સરખા છે.

(૧) **કર્મવિપાક** – આ પ્રથમ કર્મગ્રંથના કર્તા ગર્ગર્ષિમુનિ છે. તે ૧૬૮ શ્લોક પ્રમાણ છે. ઉદિત કર્મોના વિપાકનું (ફળનું) વર્ણન કરેલ હોવાથી નામ કર્મવિપાક રાખેલ છે. આ કર્મગ્રંથની રચના વિક્રમની ૧૦મી સદીમાં થઈ છે. તે ગ્રંથ ઉપર (૧) પરમાનંદસૂરિજી કૃત ટીકા (૨) ઉદય પ્રભ સૂરિજીકૃત ટિપ્પણક અને (૩) અજ્ઞાતકર્તૃક ટીકા છે. આ ટીકાઓ અને ટિપ્પણક પ્રાયઃ વિક્રમની બારમી-તેરમી સદીમાં થયેલ છે.

(૨) **કર્મસ્તવ** - આ બીજા કર્મગ્રંથના કર્તાનું નામ અનુપલબ્ધ છે. તે ૫૭ શ્લોક પ્રમાણ છે. તેના ઉપર બે ભાષ્યો અને બે સંસ્કૃત ટીકાઓ છે. બન્ને ભાષ્યોના કર્તા અજ્ઞાત છે. પરંતુ બન્ને ટીકાઓના કર્તા અનુક્રમે (૧) ગોવિન્દાચાર્ય અને (૨) ઉદયપ્રભસૂરિજી છે. આ બીજા કર્મગ્રંથનું 'બન્ધોદય-સદ્-યુક્ત સ્તવ' એવું બીજું નામ

પણ છે.

(૩) **બન્ધસ્વામિત્વ** – આ ગ્રંથના કર્તાનું નામ પણ અનુપલબ્ધ છે. આ ગ્રંથ ૫૪ શ્લોક પ્રમાણ છે. આ ગ્રંથ ઉપર એક સંસ્કૃત ટીકા છે, જે ટીકાના કર્તા પૂ. શ્રી હરિભદ્રસૂરિજી છે. આ હરિભદ્રસૂરિજી બૃહદ્‌ગચ્છના શ્રી માનદેવસૂરિજીના શિષ્ય હતા. તેથી યાકિની મહત્તરાસૂનુથી અન્ય છે. આ ટીકાની રચના વિ. સં. ૧૧૭૨મા વર્ષમાં- વિક્રમની ૧૨મી સદીમાં થઈ છે.

(૪) **ષડ્‌શીતિ** – આ ગ્રંથના કર્તા જિનવલ્લભગણિ છે. આ ગ્રંથ ૮૬ શ્લોક પ્રમાણ છે. તેથી જ તેનું નામ 'ષડશીતિ' રાખવામાં આવેલ છે. આ ગ્રંથની રચના વિક્રમની બારમી સદીમાં થઈ છે. આ ગ્રંથનું બીજું નામ 'આગમિક વસ્તુ વિચારસાર' પ્રકરણ છે. આ ગ્રંથ ઉપર અજ્ઞાતકર્તૃક બે ભાષ્યો છે જેની અનુક્રમે ૨૩ અને ૩૮ ગાથાઓ છે તથા ત્રણ સંસ્કૃત ટીકાઓ છે. (૧) શ્રી હરિભદ્રસૂરિજી કૃત ટીકા છે. (આ હરિભદ્રસૂરિ યાકિની મહત્તરાસૂનુથી જુદા છે.) (૨) પૂ જ્યશ્રી મલયગિરિજી કૃ ત ટીકા અને (૩) પૂ . શ્રી યશોભદ્રસૂરિજી કૃત ટીકા. આ ત્રણે ટીકાઓ વિક્રમની બારમી સદીમાં થઈ છે. આ ચોથા કર્મ ગ્રંથના કર્તા શ્રી જિનવલ્લભગણિ શ્રી જિનેશ્વરસૂરિજીના શિષ્ય હતા અને અભયદે વસૂરિજી પાસે વિદ્યાભ્યાસ કરતા હતા, ગ્રંથકર્તા વિ. સંવત ૧૧૬૭માં સ્વર્ગવાસી થયા છે.

(૫) **શતક**– આ પાંચમા કર્મગ્રંથના કર્તા પૂ. શ્રી શિવશર્મસૂરિજી છે. જેઓ કમ્મપયડિના પણ કર્તા છે. આ કર્મગ્રંથ ૧૦૦ શ્લોક પ્રમાણ છે તેથી જ તેનું નામ 'શતક' રાખેલ છે. આ કર્મગ્રંથ ઉપર ત્રણ ભાષ્યો, એક ચૂર્ણિ અને ત્રણ ટીકાઓ છે. ત્રણ ભાષ્યોમાંથી બે લઘુભાષ્યો છે જેની ૨૪-૨૪ ગાથાઓ છે. તેઓના કર્તા અજ્ઞાત છે. પરંતુ ત્રીજું બૃહદ્ ભાષ્ય છે. જેની ૧૪૧૩ ગાથા છે. વિક્રમ સં. ૧૧૭૯ માં રચાયું છે. તેના કર્તા શ્રી ચક્રેશ્વરજી છે તથા ચૂર્ણિના કર્તા અજ્ઞાત છે. ત્રણ ટીકાઓમાં પહેલી ટીકાના કર્તા મલધારી શ્રી હેમચંદ્રાચાર્યજી છે. બીજી ટીકાના કર્તા શ્રી ઉદયપ્રભસૂરિજી છે અને ત્રીજી ટીકાના કર્તા શ્રી ગુણરત્નસૂરિજી છે. આ ત્રણે ટીકાઓ વિક્રમની અનુક્રમે બારમી, તેરમી અને પંદરમી સદીમાં રચાઈ છે.

(૬) **સપ્તતિકા** – આ ગ્રંથના કર્તા ચંદ્ર મહત્તરાચાર્ય છે. (અથવા શિવશર્મસૂરિજી હોય એમ પણ પ્રાચીન ઇતિહાસ સંશોધકોનું માનવું છે.) આ ગ્રંથની ૭૦ ગાથા છે. તેથી જ તેનું સપ્તતિકા નામ રાખેલ છે. આ ગ્રંથનો કેટલોક વિષય કઠીન છે. તેની સરળતા માટે તેના ઉપર રચયેલા ભાષ્યમાંથી કેટલીક ગાથાઓ પ્રક્ષિપ્ત કરાઈ છે. જેથી હાલ ૯૧ ગાથા જોવા મળે છે. આ ગ્રંથ ઉપર શ્રી અભયદેવસૂરિજીકૃત ૧૯૧ ગાથાનું ભાષ્ય છે. અજ્ઞાત કર્તૃક ચૂર્ણિ છે. ચન્દ્રર્ષિ મહત્તરાચાર્યકૃત પ્રાકૃતવૃત્તિ છે. શ્રી મલયગિરિજીકૃત સંસ્કૃત ટીકા છે. મેરૂતુંગાચાર્યની વિક્રમ સંવત ૧૪૪૯ માં રચાયેલી ભાષ્યવૃત્તિ છે. તથા શ્રી ગુણરત્નસૂરિજીની વિક્રમની ૧૫મી સદીમાં રચાયેલી અવચૂરિ પણ છે.

**સાર્ધશતક** – કર્મગ્રંથના જ વિષયને સમજાવતો શ્રી જિનવલ્લભગણિજીનો બનાવેલો ૧૫૫ શ્લોક પ્રમાણ આ ગ્રંથ છે જેની રચના વિક્રમની ૧૨મી સદીમાં થઈ છે. તેના ઉપર અજ્ઞાતકર્તૃક ભાષ્ય છે તથા એક ચૂર્ણિ અને બે ટીકાઓ પણ છે. (૧) વિક્રમ સં વત ૧૧૭૦માં, શ્રી મુનિચંદ્રસૂરિજીકૃત ૨૨૦૦ શ્લોક પ્રમાણ ચૂર્ણિ છે. (૨) વિક્રમ સંવત ૧૧૭૧માં, શ્રી ધનેશ્વરસૂરિજીકૃત ૩૭૦૦ શ્લોક પ્રમાણ સંસ્કૃત ટીકા છે અને (૩) વિક્રમ સંવત ૧૧૭૯માં શ્રી ચક્રેશ્વરસૂરિજી કૃત ૧૪૦૦ શ્લોક પ્રમાણ વૃત્તિ ટિપ્પણક પણ છે.

**મન:સ્થિતિકરણ પ્રકરણ**– વિક્રમ સંવત ૧૨૮૪માં શ્રી મહેન્દ્રસૂરિજીએ ૧૬૭ શ્લોક પ્રમાણ આ ગ્રંથ, તથા ૨૩૦૦ શ્લોક પ્રમાણ તેના ઉપર સ્વોપજ્ઞ ટીકા તેઓએ જ બનાવી છે.

**સંસ્કૃત કર્મગ્રંથ ચાર**– વિક્રમની ૧૫મી સદીમાં કુલ ૫૬૯ શ્લોક પ્રમાણ, સંસ્કૃત ભાષામાં ચાર કર્મગ્રંથો શ્રી જયતિલકસૂરિજીએ બનાવ્યા છે.

**ભાવ પ્રકરણ** – વિક્રમ સંવત ૧૬૨૩માં શ્રી વિજય વિમલ ગણિજીએ ૩૦ શ્લોક પ્રમાણ 'ભાવ પ્રકરણ' નામનો ગ્રંથ તથા તેના ઉપર ૩૨૫ શ્લોક પ્રમાણ સ્વોપજ્ઞ સંસ્કૃત ટીકા બનાવી છે.

**બન્ધહેતુદય ત્રિભંગી** – વિક્રમની ૧૬મી સદીમાં શ્રી વિજયહર્ષકુલ ગણિજીએ ૬૫ ગાથા પ્રમાણ આ ગ્રંથની રચના કરી છે તથા તેના ઉપર જ ૧૧૫૦ શ્લોક પ્રમાણ સંસ્કૃત ટીકા વાનરર્ષિગણિજીએ ૧૬૦૨માં બનાવી છે.

**બન્ધો દયસત્તા પ્રકરણ** – વિક્રમની ૧૭મી સદીમાં શ્રી વિજયવિમલગણિજીએ ૨૪ ગાથા પ્રમાણ આ ગ્રંથની રચના કરી છે તથા આ જ ગ્રંથ ઉપર કર્તાએ પોતે જ ૩૦૦ શ્લોક પ્રમાણ સ્વોપજ્ઞ અવચૂરિ પણ બનાવી છે.

**કર્મસંવેધભંગ પ્રકરણ** – વિક્રમની ૧૭મી સદીમાં શ્રી દેવચંદ્રસૂરિજીએ ૪૦૦ શ્લોક પ્રમાણ આ ગ્રંથની રચના કરી છે જેમાં સપ્તતિકાના અનુસારે સંવેધ ભંગાઓનું જ વર્ણન છે.

**ભૂયસ્કરાદિ વિચાર પ્રકરણ** – શ્રી લક્ષ્મીવિજયજીએ ૬૦ શ્લોક પ્રમાણ આ ગ્રંથની રચના કરી છે જેમાં ભૂયસ્કાર-અલ્પતર-અવસ્થિત બંધ અને અવક્તવ્ય બંધનું સવિસ્તરપણે વર્ણન છે.

તથા પૂજ્ય આચાર્યદેવ શ્રી પ્રેમસૂરિશ્વરજી મ.સા.ના માર્ગદર્શન અને પ્રેરણાથી તેમના શિષ્ય -પ્રશિષ્યોએ (૧) બંધ વિદાણ મહાગ્રન્થ તથા (૨) ખવગસેઢી-ઉવસમસેઢી ઈત્યાદિ મૂળ ગ્રન્થો પ્રાકૃતમાં અને ટીકાઓ સંસ્કૃત ભાષામાં રચેલી છે.

તથા પૂજ્ય આચાર્યદેવ શ્રી પ્રેમસૂરીશ્વરજી મ. સા.ના માર્ગદર્શન અને પ્રેરણાથી તેમના શિષ્ય–પ્રશિષ્યોએ (૧) બંધ વિહાણ મહાગ્રંથ તથા (૨) ખવગસેઢી–ઉવસમસેઢી ઈત્યાદિ મૂળ ગ્રંથો પ્રાકૃતમાં અને ટીકાઓ સંસ્કૃત ભાષામાં રચેલી છે.

તથા વળી પૂજ્યગણિ શ્રી અભયશેખરવિજયજી મ. સાહેબકૃત કર્મપ્રકૃતિ પદાર્થ ભાગ-૧-૨, તથા કર્મપ્રકૃતિ પ્રશ્નોત્તરી ભાગ-૩ ઇત્યાદિ સાહિત્ય પણ કર્મ ઉપર સુંદર છણાવટપૂર્વક રચાયેલું જોવા મળે છે.

કમ્મપયડિ અને શતક નામના પાંચમા કર્મગ્રંથ ઉપર પૂજ્ય મુનિચન્દ્રસૂરિજી મ.સા.ની બનાવેલી વિષમપદા નામની ટિપ્પણી પણ છે.

**અર્વાચીન કર્મગ્રંથો – પાંચ.** પૂર્વે પ્રાચીન છ કર્મગ્રંથોનો ઉલ્લેખ છે તે તે જ નામ અને વિષયોને જણાવતા સરળ ભાષામાં પ્રાકૃત પદ્યમય લિપિમાં પૂ. શ્રી દેવેન્દ્રસૂરિજીએ નવા પાંચ કર્મગ્રંથો બનાવ્યા છે. હાલ આ જ કર્મગ્રંથો વધારે અધ્યયન અધ્યાપનમાં પ્રચલિત છે.

આ પાંચે કર્મગ્રંથો ઉપર ગ્રંથકર્તાની જ સ્વોપજ્ઞ ટીકાઓ છે. પરંતુ કોઈ અગમ્ય કારણસર ત્રીજા કર્મગ્રંથની ટીકા અનુપલબ્ધ છે.

આ પાંચે કર્મગ્રંથો ઉપર ૨૯૫૮ શ્લોક પ્રમાણ શ્રી મુનિ-શેખરસૂરિજીએ ટીકા બનાવી છે તથા પાંચે કર્મગ્રંથો ઉપર થઈને ૫૪૦૭ શ્લોક પ્રમાણ આ. ગુણરત્નસૂરિજીએ ટીકા બનાવી છે તથા કમલસંયમ ઉપાધ્યાયજીએ ૧૫૦ શ્લોક પ્રમાણ માત્ર બીજા કર્મસ્તવ પર ૧૫૫૯માં વિવરણ લખેલ છે તથા પાંચે કર્મગ્રંથો પર ત્રણ બાલાવબોધ લખાયેલ છે.(૧) વિક્રમની ૧૭મી સદીમાં શ્રી જયસોમસૂરિજીએ ૧૭,૦૦૦ શ્લોક પ્રમાણ. (૨) વિક્રમની ૧૭મી સદીમાં જ શ્રી મતિચંદ્રસૂરિજીએ ૧૨,૦૦૦ શ્લોક પ્રમાણ અને (૩) વિક્રમની ૧૯મી સદીમાં (સંવત ૧૮૦૩) શ્રી જીવવિજયજીએ ૧૦,૦૦૦ શ્લોક પ્રમાણ બાલાવબોધ લખેલ છે.

**પૂજા સાહિત્ય** – શ્રી વીરવિજયજી રચિત ચોસઠ પ્રકારી પૂજામાં આઠ કર્મ નિવારણની આઠ દિવસની પૂજાવિધિ બતાવી છે. પ્રત્યેક દિવસે એક કર્મની વિધિ સહિત પૂજા કરવાની એ રીતે આઠ કર્મની આઠ દિવસમાં પૂજા પૂરી થાય.

**દિગંબર મતમાં પ્રસિદ્ધ ગ્રંથો**

**(૧) ષટ્‌ખંડાગમ્** – આનું બીજું નામ સંતકમ્મપાહુડ છે. (સત્કર્મ પ્રાભુત) (ઈ. સ. પહેલી-બીજી શતાબ્દિમાં) ગિરનાર (ગુજરાત)ની ચંદ્રગુફામાં ધ્યાનમગ્ન આચારાંગના પૂર્ણજ્ઞાતા ધરસેન આચાર્યએ પોતાનું જ્ઞાન લુપ્ત ન થઈ જાય એ આશયથી આંધ્રપ્રદેશમાં સ્થિત પુષ્પદંત અને ભૂતબલિ નામના બે મુનિઓને બોલાવીને પોતાની પાસે રહેલું જ્ઞાન એમને પીરસ્યું. એમાંથી એ બંને મુનિઓએ ષડ્‌ખંડાગમની રચના કરી. પુષ્પદંતમુનિશ્રીએ ૧૭૭ સૂત્રોમાં સત્પ્રરૂપણા અને ભૂતબલિ મુનિશ્રીએ ૬,૦૦૦ સૂત્રોમાં શેષ ગ્રંથ લખ્યો. આ રીતે ૧૪ પૂર્વોની અંતર્ગત બીજા અગ્રાયણી પૂર્વના મહાકર્મ પ્રકૃતિ નામના ચોથા પ્રાભૃત અધિકારના આધારે ષટ્‌ખંડાગમના ઘણાખરા વિભાગ લખાણા છે. કર્મસ્વરૂપ સમજવા માટે ષટ્‌ખંડાગમ એક મહત્ત્વનો ગ્રંથ છે. એના ઉપર અનેક ટીકાઓ લખાઈ છે. એમાં છ ખંડ છે માટે એનું નામ ષટ્‌ખંડાગમ છે.

(૧) જીવઠાણ નામક-પહેલા ખંડમાં–સત્ સંખ્યા, ક્ષેત્ર, સ્પર્શન, કાળ, અંતર, ભાવ અને અલ્પબહુત્વ એ આઠ અનુયોગ દ્વાર છે અને નવ ચૂલિકાઓ છે. એમાં ગુણસ્થાન અને માર્ગણાઓનું વર્ણન છે.

(૨) બીજો ખંડ-ક્ષુલ્લક બંધ–એના ૧૧ અધિકાર છે. જેના દ્વારા કર્મબંધ કરવાવાળા જીવોના કર્મબંધના ભેદો સહિત વર્ણન છે.

(૩) ત્રીજો ખંડ-બંધસ્વામીત્વવિચય–કર્મ સંબંધી વિષયોનો કર્મબંધ કરવાવાળા જીવોની અપેક્ષાથી વર્ણન છે.

(૪) ચોથો ખંડ-વેદના–એમાં કૃત અને વેદના નામના બે અનુયોગ દ્વાર છે. એમાં વેદનાના કથનની પ્રધાનતા છે.

(૫) પાંચમો ખંડ-વર્ગણા–આ ખંડનો પ્રધાન અધિકાર બંધનીય છે જેમાં ૨૩ પ્રકારની વર્ગણાઓનું વર્ણન છે.

(૬) છઠ્ઠો ખંડ-મહાબંધ–ભૂતબલિમુનિ અને પુષ્પદંત મુનિરચિત સૂત્રોને મેળવીને પાંચ ખંડોમાં ૬૦૦૦ સૂત્રો રચ્યા પછી મહાબંધની ૩૦,૦૦૦ શ્લોક પ્રમાણ રચના કરી. આ ગ્રંથરાજને મહાધવલથી ઓળખવામાં આવે છે. એમાં પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશબંધનું ખૂબ જ વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે.

નેમિચંદ્ર સિદ્ધાન્ત ચક્રવર્તીએ ષટ્‌ખંડાગમને એના ખંડોના આધાર પર જીવકાંડ અને કર્મકાંડ નામના બે વિભાગોમાં વિભાજન કર્યું.

**(૨) કષાયપ્રાભૃત** – પહેલી કે બીજી શતાબ્દીમાં ગુણધર નામના આચાર્યને દ્વાદશાંગી શ્રુતનું કેટલુંક જ્ઞાન હતું. એમણે કષાયપ્રાભૃત નામના દ્વિતિય સિદ્ધાંત ગ્રંથની રચના જ્ઞાનપ્રવાદ નામના પાંચમા પૂર્વની દશમી વસ્તુમાંથી કરી. એમાં કર્મ અને કષાયના વિષયનું અતિશય વિસ્તારથી વર્ણન છે. ષટ્‌ખંડાગમ અને કષાયપ્રાભૃત ગ્રંથો આગમ જેટલા માનનીય અને વિસ્તૃત છે. આ ગ્રંથ પર ચાર ટીકાઓ છે. (૧) શામકુંડાચાર્યની (૨) તુંબૂલૂરાચાર્યની (૩) બપ્પ-દેવસૂરિજીની (૪) વીરસેનાચાર્યની ૬૦૦૦૦ શ્લોક પ્રમાણ જયધવલા નામની મહાટીકા છે.

**(૩) મહાબંધ** – મહાધવલના નામથી પણ ઓળખાય છે. આ ગ્રંથ ષટ્‌ખંડાગમનો જ છઠ્ઠો ખંડ છે. એમાં ૪૦ હજાર શ્લોક છે. સાત ભાગમાં વિભાજિત છે. (વિભાજન કર્યું છે.)

**(૧) પ્રકૃતિબંધ** – સર્વબંધ, નોસર્વબંધ, ઉત્કૃષ્ટ બંધ, અનુત્કૃષ્ટ બંધ આદિ અધિકારોનું પ્રરૂપણ છે.

**(૨) સ્થિતિબંધ** – એમાં મુખ્યત્વે મૂલપ્રકૃતિ સ્થિતિબંધ અને ઉત્તરપ્રકૃતિ સ્થિતિબંધ બે અધિકાર છે. મૂલપ્રકૃતિ બંધના મુખ્ય ચાર અતિચાર–(૧) સ્થિતિબંધ સ્થાન (૨) નિષેક (૩) અબાધાકંડક (૪) અને અલ્પબહુત્વ છે. આગળ વધીને અદ્ધાછેદ, સર્વબંધ, નોસર્વબંધ, ઉત્કૃષ્ટ બંધ, નોઉત્કૃષ્ટ બંધ આદિ અધિકારો દ્વારા મૂલપ્રકૃતિ સ્થિતિબંધનો વિચાર કર્યો છે. એ જ રીતે ઉત્તરપ્રકૃતિ સ્થિતિબંધનો પણ વિચાર કરવામાં આવ્યો છે.

**(૩) સ્થિતિબંધ** – નો શેષ વિભાગ છે. બંધ સન્નિકર્ષ વિવિધ જીવોની અપેક્ષાએ ભંગવિચય, ભાગાભાગપ્રરૂપણા, પરિમાણ પ્રરૂપણા, ક્ષેત્ર પ્રરૂપણા, સ્પર્શન પ્રરૂપણા, કાલ પ્રરૂપણા, ભાવ પ્રરૂપણા અને અલ્પબહુત્વ નામના અધિકાર દ્વારા વિષયનું વિવેચન કરવામાં આવ્યું છે.

**(૪) અનુભાગ બંધ** – મૂલપ્રકૃતિ અને ઉત્તર પ્રકૃતિનો નિષેક અને સ્પર્દ્ધક પ્રરૂપણા આદિ દ્વારા વિવેચન છે.

**(૫) અનુભાગ બંધ** – અધિકારનો શેષ વિભાગ-સન્નિકર્ષ, ભંગવિચય, ભાગાભાગ, પરિમાણ, ક્ષેત્ર સ્પર્શન આદિ પ્રરૂપણાઓ દ્વારા વિવેચન છે.

**(૬) પ્રદેશ બંધ** – પ્રત્યેક સમયે બંધને પ્રાપ્ત થવાવાળા મૂળ અને ઉત્તર કર્મોના પ્રદેશોના આશ્રયથી મૂળપ્રકૃતિ પ્રદેશબંધ અને ઉત્તરપ્રકૃતિ પ્રદેશબંધનો વિચાર કરવામાં આવ્યો છે. અનેક અનુયોગ દ્વારોથી એનું પ્રરૂપણ કરવામાં આવ્યું છે.

**(૭) પ્રદેશ** – અધિકારના શેષ ભાગનું નિરૂપણ છે. એમાં ક્ષેત્રસ્પર્શ -કાળ-અંતર-ભાવ-અલ્પબહુત્વ પ્રરૂપણા, ભુજગારબંધ, પદનિક્ષેપ, મુત્કીર્તના, સ્વામીત્વ, અલ્પબહુત્વ, વૃદ્ધિબંધ, અધ્યવસાન, સમુદાહાર અને જીવસમુદાહાર નામના અધિકારો દ્વારા વિષયનું પ્રતિપાદન કર્યું છે. આ રીતે સાત વિભાગમાં ચારે પ્રકારના બંધનું વિશદ વર્ણન આમાં જોવા મળે છે.

**(૪) ગોમ્મટસાર** - ના કર્તા ૧૧ મી સદીના દેશીયગણના નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી છે. સિદ્ધાંતશાસ્ત્રના અદ્વિતિય પંડિત હોવાને કારણે સિદ્ધાંત ચક્રવર્તીથી પ્રસિદ્ધ હતા. એમણે પોતે જ

લખ્યું છે કે જેમ કોઈ ચક્રવર્તી પોતાના ચક્ર દ્વારા પૃથ્વીના છ ખંડોને નિર્વિઘ્ન રૂપે પોતાને વશ કરી લે છે એમ મેં પણ મારા પોતાના મતિરૂપ ચક્ર દ્વારા પૃથ્વીના છ ખંડના સિદ્ધાંતનું સમ્યક્‌રૂપથી સંધાન કર્યું છે. એમણે પોતાના ગ્રંથની પ્રશસ્તિમાં વીરનન્દિ આચાર્યનું સ્મરણ કર્યું છે. ધવલાદિ મહાસિદ્ધાન્ત ગ્રંથોના આધારથી એમણે ગોમ્મટ-સારની રચના કરી છે. એનું બીજું નામ **પંચસંગ્રહ** (બંધ, બધ્યમાન, બંધસ્વામી, બંધહેતુ અને બંધભેદ આ પાંચ વિષયોનું વિવેચન હોવાને કારણે) ગોમ્મટસંગ્રહ અને ગોમ્મટસંગ્રહસૂત્ર પણ છે. એને પ્રથમ સિદ્ધાંતગ્રંથ કે પ્રથમ શ્રુતસ્કંધ પણ કહેવાય છે.

ગોમ્મટસાર બે વિભાગમાં વિભક્ત છે–જીવકાંડ અને કર્મકાંડ. (૧) **જીવકાંડમાં**–મહાકર્મપ્રાભૃતના સિદ્ધાંત સંબંધી જીવસ્થાન, ક્ષુદ્રબંધ, બંધસ્વામી, વેદનાખંડ અને વર્ગણાખંડ–આ પાંચ વિષયોનું વર્ણન છે. એમાં ગુણસ્થાન, જીવસમાસ, પર્યાપ્તિ, પ્રાણ, સંજ્ઞા, ૧૪ માર્ગણા અને ઉપભોગ એ ૨૦ અધિકારોમાં ૭૩૩ ગાથામાં જીવની અનેક અવસ્થાઓનું પ્રતિપાદન કર્યું છે.

**(૨) કર્મ કાંડમાં** – પ્રકૃતિસમુત્કીર્તન, બંધોદયસત્ત્વ, સત્ત્વસ્થાનભંગ, ત્રિચૂલિકા, સ્થાનસમુત્કીર્તન, પ્રત્યય, ભાવચૂલિકા, ત્રિકરણચૂલિકા અને કર્મસ્થિતિ રચના નામના નવ અધિકારમાં ૯૭૨ ગાથામાં કર્મોની અવસ્થાઓનું વર્ણન કરવામાં આવ્યું છે.

આમ કર્મ વિષે સમજાવતો આ એક ઉલ્લેખનીય ગ્રંથ છે. ગોમ્મટસાર માટે કહેવાય છે કે ગંગવંશીય રાજા રાયમલ્લના પ્રધાનમંત્રી ચામુંડારાય આ. શ્રી નેમિચંદ્રજીના પરમભક્ત હતા. એક દિવસ જ્યારે તેઓ આચાર્યશ્રીના દર્શનાર્થે આવ્યા ત્યારે આચાર્યશ્રી શાસ્ત્રનો સ્વાધ્યાય કરી રહ્યા હતા. ચામુંડારાયને જોતાં જ તેમણે એ શાસ્ત્ર બંધ કરી દીધું. આથી ચામુંડારાયે બંધ કરવાનું કારણ પૂછ્યું, ત્યારે કહ્યું કે આ શાસ્ત્ર વાંચવાના તમે અધિકારી નથી. ત્યારે એમની વિનંતીથી એના સંક્ષિપ્ત સાર રૂપ ગ્રંથની રચના કરી અને એને 'ગોમ્મટસાર' નામ આપ્યું. ચામુંડારાયે સુપ્રસિદ્ધ બાહુબલિ કે ગોમ્મટ (ચામુંડારાયનું ઘરનું નામ) સ્વામીની પ્રતિમા પ્રતિષ્ઠિત કરી હતી, એટલે એ ગોમ્મટરાય પણ કહેવાતા હતા. માટે આ ગ્રંથનું નામ ગોમ્મટસાર રાખવામાં આવ્યું હતું.

**(૫) ક્ષપણાસાર** – આચાર્ય નેમિચંદ્ર સિદ્ધાન્ત ચક્રવર્તી દ્વારા વિરચિત મોહનીય કર્મના ક્ષપણ (ક્ષય) વિષયક ૬૫૩ પ્રાકૃત ગાથાનો ગ્રંથ છે. એના આધાર પર માધવચંદ્ર વિદ્યદેવે એક સ્વતંત્ર ક્ષપણાસાર નામનો ગ્રંથ સંસ્કૃત ગદ્યમાં લખ્યો હતો. એની એક ટીકા પં. ટોડરમલજી (ઈ. સ. ૧૭૬૦)કૃત ઉપલબ્ધ છે.

**(૬) લબ્ધિસાર** – આચાર્ય નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી (ઈ. સ. ૧૧નો પૂર્વાર્ધ) દ્વારા વિરચિત મોહનીય કર્મના ઉપશમ વિષયક ૩૯૧ પ્રાકૃત ગાથા બદ્ધ ગ્રંથ છે. આ ગ્રંથની નેમિચંદ્રકૃત સંસ્કૃત સંજીવની ટીકા તથા પં. ટોડરમલ (ઈ. સ. ૧૭૩૬)કૃત ભાષા ટીકા પ્રાપ્ત છે.

**નિષ્કર્ષ** – આમ કર્મવાદ પર વિશદ વિચારણા જૈન સાહિત્યમાં મળે છે. જો કે વૈદિક તથા બૌદ્ધ સાહિત્યમાં પણ કર્મ સંબંધી વિચારણા જરૂર જોવા મળે છે. પરંતુ તે થોડા પ્રમાણમાં છે જ્યારે જૈનદર્શનનું

કર્મસાહિત્ય બેજોડ છે. જેથી સિદ્ધ થાય છે કે જૈનદર્શનમાં કર્મવાદ એક મહત્ત્વનો વિષય છે.

★

# કર્મગ્રંથનો સંક્ષિપ્ત પરિચય

જૈનદર્શનના વિશાળ કર્મસાહિત્યનો અભ્યાસ કરવાનું આપણું ગજું ન હોય તો માત્ર જેમાં કર્મવાદનો સંપૂર્ણ સાર આવી જાય છે એવા છ કર્મગ્રંથોનો અભ્યાસ કરીએ તો પણ આપણા સાતે કોઠે દીવા થઈ જાય એટલું વિલક્ષણ જ્ઞાન પ્રાપ્ત થઈ જાય છે.

એટલે જ કદાચ વિવિધ સાહિત્યના સર્જક જૈનેતર એવા ચંદ્રહાસભાઈ ત્રિવેદીએ એમના કર્મસંબંધી કર્મસાર પુસ્તકમાં લખ્યું છે કે-

'કર્મ જેવા ગહન અને જટિલ વિષયને હું સરળતાથી સ્પર્શી શક્યો છું તેનું એક કારણ કે કર્મને સમજાવવા મેં જે સિદ્ધાંતનો આશ્રય લીધો છે તે જૈન કર્મગ્રંથોમાંથી લીધેલ છે જે વિશિષ્ટ અને વૈજ્ઞાનિક છે.'

અમે જ્યારે કર્મવાદના લેખ માટે એમને ફોન કર્યો ત્યારે આ જ વાતનું પુનરુચ્ચારણ કરતાં કહ્યું કે જૈનદર્શનનું કર્મજ્ઞાન ખરેખર અદ્‌ભુત છે.

એ જ્ઞાનથી આપણે વંચિત રહીએ એ કેમ ચાલે ? તેથી અહીં એ છ કર્મગ્રંથોનો અછડતો પરિચય રજૂ કરીએ છીએ.

કર્મ સંબંધી જેમાં ગૂંથણી કરવામાં આવી છે તેને કર્મગ્રંથ કહે છે. એવા છ કર્મગ્રંથો છે. જે કર્મની ઝીણામાં ઝીણી વિગતોનું ઉદ્‌ઘાટન કરે છે. એનું અધ્યયન કરવાથી સમભાવની પ્રાપ્તિ થાય છે. જીવન જીવવાની ચાવી મળી જાય છે. આપણને જે કાંઈ સુખદુ:ખ પ્રાપ્ત થાય છે તે આપણે કરેલા કર્મબંધને કારણે જ છે એવું સમજાઈ જતાં આપણો જીવન માટેનો અભિગમ બદલાઈ જાય છે. પછી એવા કર્મ કરવા તત્પર થઈએ છીએ કે જેના ફળ આપણને અનુકૂળ બની રહે. જે કર્મોના ફળ માઠા મળે એવા કર્મોથી દૂર રહીએ છીએ અને કદાચ કરવા પડે તો એમાં રસ તો રેડતાં જ નથી. તેને કારણે આપણું જીવન શાંત સરળ વહે છે. જીવન જીવવાની કળા પ્રાપ્ત થાય છે અને જીવન ધન્ય બની જાય છે.

શ્રી ગર્ગર્ષિ વગેરે ભિન્ન ભિન્ન મુનિ ભગવંતોએ (૧) કર્મવિપાક (૨) કર્મસ્તવ (૩) બંધસ્વામીત્વ (૪) ષડશીતિ (૫) શતક (૬) સપ્તતિકા નામે પ્રાચીન છ કર્મગ્રંથો રચ્યા હતા એને જ સરળ ભાષામાં સમજાવીને અર્વાચીન પાંચ કર્મગ્રંથ પૂ. આ. શ્રી દેવેન્દ્રસૂરિજીએ રચ્યા છે.

**કર્તાનો પરિચય**

૧૩મી કે ૧૪મી સદીમાં થઈ ગયેલા પૂ. આ. શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી મ.સા.એ આ પાંચ કર્મગ્રંથોની રચના કરીને ભવ્ય જીવો ઉપર ઉપકાર કર્યો છે. તેમના ગુરુજીનું નામ શ્રી જગચ્ચંદ્રસૂરીશ્વરજી હતું. તેઓ સવિશેષ તપ આચરતા હોવાથી તેઓના તપ પ્રભાવથી પ્રસન્ન થઈ ચિત્તોડના મહારાજા જેત્રસિંહે તેમને 'તપા' બિરૂદ આપ્યું હતું. ત્યારથી આ ગચ્છ 'તપાગચ્છ'ના નામે પ્રસિદ્ધિ પામ્યો. ગ્રંથકર્તા વિ. સં. ૧૩૨૭માં સ્વર્ગવાસી થયા

હતા. તેઓનું **'ચંદ્રકુલ'** હતું. તેમણે આ પાંચ કર્મગ્રંથો ઉપરાંત શ્રાદ્ધદિનકૃત્યવૃત્તિ, સિદ્ધ પંચાસિકાવૃત્તિ, સુદર્શના ચરિત્ર, સિદ્ધદંડિકા આદિ અનેક ગ્રંથોની રચના કરીને ભવ્ય જીવો ઉપર ઉપકાર કર્યો છે. તેઓએ બનાવેલી ટીકા આદિ ગ્રંથોનું સંશોધન વિદ્વદ્રત્ન શ્રી ધર્મકીર્તિસૂરિજી તથા વિદ્યાનંદસૂરિજીએ કર્યું છે. શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજીના આ પાંચે ગ્રંથ પ્રાકૃત ભાષામાં રચાયેલા છે. પછી એનાં જરૂરિયાત પ્રમાણે ગુજરાતી, હિન્દી, સંસ્કૃત ભાષાંતર થયા છે. મુનિશ્રી નરવાહન વિજયજી, મુનિશ્રી મિશ્રીમલજી, પં. ભગવાનદાસજી, પં. સુખલાલજી, શ્રી સોમચંદ્ર શાહ, પં. શ્રી ધીરજલાલ મહેતા, સાધ્વી લલિતાબાઈ મ., વિદુષી સાધ્વી હર્ષગુણાશ્રીજી (રમ્યરેણુ) આદિએ ખૂબ પુરુષાર્થ કરીને એનું સુંદર વિવેચન કર્યું છે જે મનનીય છે.

આ છએ કર્મગ્રંથની વિષયવસ્તુ સાર રૂપે અહીં પ્રસ્તુત છે. **(૧) કમ્મવિવાગ**–કર્મવિપાક–પ્રાકૃત ભાષામાં ૬૧ ગાથા પ્રમાણ

રચાયેલો આ કર્મગ્રંથ કર્મશાસ્ત્રનું પ્રવેશદ્વાર છે. અહીંથી કર્મવાદની યાત્રા શરૂ થાય છે. જો એનું અધ્યયન બરાબર કરવામાં આવે તો આગળના કર્મગ્રંથો સમજવામાં સરળતા રહે છે. આ ગ્રંથની અનેક ટીકાઓ છે અને ભાષાંતરો છે.

એની પૂર્વભૂમિકામાં પ્રાયઃ બધા દર્શનોએ કર્મની માન્યતા સ્વીકારી છે એ બતાવીને વિવિધ દર્શનોના કર્મ-સ્વરૂપને બતાવ્યું છે. તેમ જ વર્ગણાનું સ્વરૂપ બતાવ્યું છે.

પછી પ્રથમ શ્લોકથી ભગવાન શ્રી મહાવીરને વંદન કરવારૂપ મંગલાચરણ કર્યું છે. પછી કર્મ કોને કહેવાય છે તે બતાવીને કર્મ કેવી રીતે બંધાય છે એ વિવિધ પ્રકારના મોદક (લાડુ)ના દૃષ્ટાંતથી સમજાવ્યું છે. પાંચજ્ઞાનનું સ્વરૂપ સમજાવીને જ્ઞાનાવરણીય આદિ કર્મનું ઉપમા સહિત અને એની પ્રકૃતિઓ સહિત વર્ણન કર્યું છે. જેનું કોષ્ટક અહીં આ અંકમાં અન્યત્ર મૂક્યું છે. આઠ કર્મ કઈ કઈ પ્રવૃત્તિથી બંધાય છે એનું પણ અહીં વિગતથી વર્ણન છે. ૧૫૮ પ્રકૃતિ અર્થ સહિત સમજાવી છે તથા આઠ કર્મ ઉપમા સહિત સમજાવ્યા છે.

આ ગ્રંથમાં કર્મની મૂળ અને ઉત્તર પ્રકૃતિઓના વિપાક (કર્મના ફળ) કેવા હોય એનું વિગતે વર્ણન છે માટે એનું નામ 'કર્મવિપાક' છે. આ ગ્રંથનો અભ્યાસ કર્યા સિવાય કર્મસ્તવાદિ બીજા ક્રમગ્રંથનો અભ્યાસ કરી શકાતો નથી. તેથી કર્મગ્રંથનો અભ્યાસ કરનાર કરાવનાર લોકો ઘણું કરીને આ ગ્રંથને 'પ્રથમકર્મગ્રંથ' કહે છે. કર્મને સમજવા અવશ્ય આ ગ્રંથનું અધ્યયન કરવું જ જોઈએ.

**(૨) કર્મસ્તવ** – પ્રાકૃત ભાષામાં ૩૪ ગાથા પ્રમાણ આ કર્મગ્રંથ અર્ક સમાન છે. આ ભવસાગરમાં જીવ અનાદિકાળથી ગમનાગમન કરતા કરતા થાકી જાય છે ત્યારે દુઃખથી મુક્ત થવા માટે કે શાશ્વત સુખ મેળવવા માટેના પ્રયત્નો કરતો જ હોય છે. એમાં ય કર્મવિપાકથી જીવ કયા કયા કર્મો દ્વારા કેવા કેવા પ્રકારના સુખદુઃખ અનુભવે છે એ જાણ્યા પછી સ્વાભાવિક જીજ્ઞાસા થાય છે કે કર્મક્ષયનો ઉપાય શું છે? ગુણસ્થાનનું સુપેરે સ્વરૂપ જાણીએ તો એ ઉપાય જાણી શકાય છે, માટે ગુણસ્થાનનું સ્વરૂપ તેમજ સકલકર્મક્ષયવિધિ આ ગ્રંથમાં બતાવી છે. આ સકલકર્મક્ષયવિધિ ગ્રંથકાર ભગવંત જાણે મહાવીર સ્વામીના અપાયાગમ અતિશય ગુણની સ્તુતિ (સ્તવના) કરતાં કરતાં આપણને બતાવી રહ્યા હોય એ રીતે કરવામાં આવી છે માટે આ કર્મગ્રંથનું નામ કર્મસ્તવ છે અને સ્તુતિનો વિષય સકલકર્મક્ષય છે.

આ ગ્રંથમાં કયા કયા ગુણસ્થાને કઈ કઈ કર્મપ્રકૃતિનો બંધ, ઉદય, ઉદીરણા અને સત્તાનો ક્ષય થાય છે એનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે. કર્મવિપાકમાં ૧૫૮ પ્રકૃતિનું સ્વરૂપ જાણ્યું એમાં બંધને યોગ્ય ૧૨૦, ઉદય-ઉદીરણા યોગ્ય ૧૨૨ અને સત્તાને યોગ્ય ૧૪૮ કે ૧૫૮ પ્રકૃતિઓ હોય છે. એનો સરળતાથી બોધ થઈ શકે માટે સર્વપ્રથમ કર્મવિપાક કહ્યો પછી કર્મસ્તવ કહ્યો છે.

સકલકર્મક્ષયનું કારણ સમ્યક્ત્વાદિ ગુણો છે તેથી સમ્યક્ત્વાદિ ગુણો પ્રાપ્ત કરવાનું લક્ષ્ય હોવું જોઈએ. જેથી મિથ્યાત્વાદિ દોષો નાશ થશે અને કર્મબંધની પ્રક્રિયા અટકશે. કર્મબંધની પ્રક્રિયા અટકતાં જ સત્તાનો પણ અંત આવશે. જેવો સત્તાનો અંત આવશે એવી જ ઉદય-ઉદીરણા પ્રક્રિયાનો પણ અંત આવી જશે. ઉદય-ઉદીરણાનું કારણ કર્મસત્તા, કર્મસત્તાનું કારણ કર્મબંધ અને કર્મબંધનું કારણ મિથ્યાત્વાદિ દોષો છે. જ્યારે જીવનું ગુણસ્થાન પર ચડાણ શરૂ થાય છે કે મિથ્યાત્વાદિ દો ષો ક્રમશઃ નાશ પામતા જાય છે સમ્યક્ત્વાદિ ગુણો પ્રાપ્ત થતા જાય છે. તેથી બંધાદિ પ્રક્રિયાનો પણ અંત આવે છે. એટલે સર્વપ્રથમ ગુણસ્થાનનું સ્વરૂપ બતાવ્યું છે.

**ગુણસ્થાન** – મોહ અને યોગના નિમિત્તથી જીવની શ્રદ્ધા અને ચરિત્રગુણોની થવાવાળી તારતમ્ય અવસ્થાઓને ગુણસ્થાન કહેવામાં આવે છે. એની સંખ્યા ૧૪ છે. જેનું આ અંકમાં અન્યત્ર વિવરણ છે. ત્યારબાદ આ દરેક ગુણસ્થાને કેટલી પ્રકૃતિનો બંધ, ઉદયઉદીરણા સત્તા હોય એનું વિસ્તૃત વર્ણન છે.

આમ આ કર્મગ્રંથમાં ગુણસ્થાન અને બંધાદિ પ્રકૃતિઓનું વિશ્લેષણ કરીને કર્મક્ષયસિદ્ધિ સમજાવી છે જે સમજ્યા પછી કર્મબંધ ઓછો કરવાનો પ્રયત્ન કરીએ તો સુખની પ્રાપ્તિ થાય છે. માટે આ કર્મગ્રંથનું અવશ્ય અધ્યયન કરવું જોઈએ.

**(૩) બંધસ્વામીત્વ** – ત્રીજો કર્મગ્રંથ સૌથી ઓછી ૨૪ ગાથામાં જ રચાયો છે. પ્રાકૃત ભાષામાં છે. આત્મા પરિણામી નિત્ય છે તેથી વિવિધ પર્યાયોમાં રૂપાંતરિત થયા કરે છે. ક્યારેક નારકી, ક્યારેક તિર્યંચ વગેરે ગતિમાં. વળી તિર્યંચમાં પણ પૃથ્વી, પાણી આદિ સ્થાવરમાં એકેન્દ્રિયપણે કે પછી બેઈન્દ્રિય, તેઈન્દ્રિય વગેરે જાતિમાં, ક્યારેક જ્ઞાની અજ્ઞાની, ક્યારેક સંજ્ઞી અસંજ્ઞી એમ અનેક પર્યાયોમાં પ્રવર્તે છે. એટલે કે એક જ ગુણસ્થાનમાં જુદી જુદી પર્યાયવાળા જીવો હોય છે. એ સર્વ જીવોનું વ્યક્તિગત બંધસ્વામીત્વ જાણવું છદ્મસ્થ જીવો માટે અશક્ય છે એટલે પ્રત્યેક ગુણસ્થાનમાં રહેલા અનંતાઅસંખ્યાતા કે સંખ્યાતા જીવો કેટલી કર્મપ્રકૃતિને બાંધી શકે છે એ સહેલાઈથી જાણી શકાય એ હેતુથી સિદ્ધાંતમાં એક સરખી પર્યાયવાળા જીવોનું વર્ગીકરણ કરીને તે સર્વેને કુલ ૧૪ ભાગમાં વહેંચી આપ્યા છે. એ વિભાગને શાસ્ત્રીય ભાષામાં માર્ગણા કહે છે. એના પેટા ભેદ ૬૨ છે.

બંધસ્વામીત્વમાં એ ૬૨ ભેદનું બંધનું સ્વરૂપ બતાવ્યું છે એટલે કે જીવ જે માર્ગણામાં હોય ત્યાં એને જે જે ગુણસ્થાન પ્રાપ્ત થતા હોય તે તે ગુણસ્થાને જેટલી પ્રકૃતિ બાંધી શકે એનું વર્ણન છે માટે એનું નામ બંધસ્વામીત્વ છે. એનાથી ખ્યાલ આવે છે કે આપણે કેટલી પ્રકૃતિ બાંધતા હશું. ઓછી પ્રકૃતિ બાંધવા શું કરવું એનો પણ ખ્યાલ આવે છે. મનુષ્ય ગતિમાં કુલ બધા ગુણસ્થાને મળીને ૧૨૦ પ્રકૃતિ બંધાય છે પણ તે બધા મનુષ્યનો સમુચ્ચય વિચાર કરીને થાય છે. પણ વ્યક્તિગત તો વધારેમાં વધારે ૭૩ થી ૭૪ પ્રકૃતિ જ બાંધી શકાય છે. એક વ્યક્તિ એક સાથે ૧૨૦ ક્યારે પણ ન બાંધી શકે એ રહસ્ય અહીં જાણવા મળે છે. ગતિ બદલાય એની સાથે જ કર્મનો બંધ, ઉદય,

ગુણસ્થાન વગેરે પણ બદલાઈ જાય છે એની સુવિસ્તૃત સમજણ આ કર્મગ્રંથથી પ્રાપ્ત થાય છે. જે તે ગુણસ્થાને આવ્યા પછી ત્યાં જેટલી પ્રકૃતિ બાંધી શકતો હોય એ કર્મપ્રકૃતિના બંધનો એને સ્વામી કહેવાય છે માટે આ ગ્રંથનું નામ બંધ સ્વામીત્વ રાખવામાં આવ્યું છે . આ ગ્રંથનો વિષય માર્ગણાને અનુસરીને છે માટે મંગલાચરણ પછી માર્ગણાની ગાથાથી શરૂઆત થઈ છે. માર્ગણાને પર્યાયબોધપીઠિકા પણ કહેવામાં આવે છે.

**માર્ગણા–**

गइ इन्दिए य काए, जोए वेए कसाय नाणे य।

संजम दंसण लेसा, भव सम्मे सन्नि आहारे ।।

ગતિ, ઈન્દ્રિય, કાય, યોગ, વેદ, કષાય, જ્ઞાન, સંયમ, દર્શન, લેશ્યા, ભવ્ય, સમ્યક્ત્વ, સંજ્ઞી અને આહારક એ ૧૪ માર્ગણા છે. તેના ૬૨ પેટાભેદ છે. જે નીચે મુજબ છે.

(૧) **ગતિ**-૪ (૨) **ઈન્દ્રિય**-૫. (૩) **કાય**-૬.(૪) **યોગ**-૩.(૫) **વેદ**-૩. (૬) **કષાય**-૪.(૭) **જ્ઞાન**-૮.(૫ જ્ઞાન+૩ અજ્ઞાન) (૮) **સંયમ**-૭. (૯) **દર્શન**-૪. (૧૦) લેશ્યા-૬. (૧૧) **ભવ્યાભવ્ય-૨.**

**(૧૨) સમ્યક્ત્વ**–૬. **(૧૩) સંજ્ઞી**–૨. **(૧૪) આહારક**–૨.

આ૧૪ માર્ગણાના કુલ પેટાભેદ ૬૨ થાય છે.

આ ૬૨ ભેદમાં જેને જે ગુણસ્થાન હોય એ દરેક ગુણસ્થાનમાં જેટલી કર્મપ્રકૃતિ બંધાય એનું સુપેરે વર્ણન આ કર્મગ્રંથમાં આવ્યું છે.

**(૪) ષડશીતિ**–ષટ્+અશીતિ ૬+૮૦=૮૬ ષડશીતિ એટલે કે જેમાં ૮૬ ગાથા છે તે ષડશીતિ નામનો ચોથો કર્મગ્રંથ છે. આ કર્મગ્રંથમાં સૂક્ષ્મદષ્ટિથી જીવસ્થાનકાદિ વિષયોની વિચારણા કરેલી હોવાથી આ ગ્રંથનું નામ **'સૂક્ષ્માર્થવિચાર'** પણ છે તેમ જ આ ગ્રંથમાં આગમમાં કરાયેલ પદાર્થની વિચારણાનો સાર હોવાથી બીજું નામ **'આગમિક વસ્તુ વિચાર સાર'** પણ છે.

આ ગ્રંથમાં કર્મના વિષય સાથે સંબંધ ધરાવતા અને કર્મનું જ્ઞાન પાકું થાય માટે કેટલાક પ્રકીર્ણ વિષયો ક્રમસર અને પદ્ધતિસર આપવામાં આવ્યા છે. જ્યારે પરિપક્વ બુદ્ધિવાળા સાધકને આગળના ગ્રંથોનો અભ્યાસ કર્યા પછી વધુ ને વધુ જાણવાની ઈચ્છા જાગે છે. ત્યારે તે આગળ વધતા ચોથા-પાંચમા-છઠ્ઠા કર્મગ્રંથોનો અભ્યાસ કરવા પ્રેરાય છે. સામાન્ય જાણકારી માટે પ્રથમના ત્રણ ગ્રંથો પૂરતા છે.

આ ગ્રંથમાં (૧) જીવસ્થાનક (જેમાં જીવો રહે છે તે) (૨) માર્ગણાસ્થાન (જીવાદિ પદાર્થોની વિચારણા જેમાં છે તે) (૩) ગુણસ્થાન (૪) ઉપયોગ (ચેતનની ક્રિયા) (૫) યોગ (૬) લેશ્યા (૭) બંધ (૮) અલ્પબહુત્વ (કોણ કોનાથી ઓછા વધુ છે એની વિચારણા) (૯) ભાવ (જીવ અને અજીવનું સ્વાભાવિક વૈભાવિક રૂપે પરિણમન) (૧૦) સંખ્યાતાદિ માપ (ડાલા-પાલાનું સ્વરૂપ) વગેરેની સૂક્ષ્મ વિચારણા રજૂ કરવામાં આવી છે માટે એને **'સૂક્ષ્માર્થવિચાર'** કહેવામાં આવે છે. જેનું સારી રીતે અધ્યયન કરવું જરૂરી છે.

**(૫) શતક** – ૧૦૦ ગાથા હોવાને કારણે પાંચમા ગ્રંથનું નામ શતક થયું છે. અવસર્પિણીકાળના પાંચમા આરામાં જીવો અલ્પાયુ અને મંદબુદ્ધિવાળા હોય છે. તેથી તે જીવોને ધ્રુવબંધી વગેરે વિષયનો બોધ સહેલાઈથી કરાવવા માટે આચાર્ય શ્રી દેવેન્દ્રસૂરિ મ. સા. કમ્મપયડીના બંધનકરણ અને શતક પ્રકરણમાંથી શતક નામના પાંચમા કર્મગ્રંથની રચના કરી છે. એના વિષયો ગહન છે છતાં સારી રીતે સમજીએ તો આનંદની અનુભૂતિ પણ થાય છે. કમ્મપયડી અને શતક પ્રકરણની રચના પૂ. શ્રી શિવસૂરિ મ.સા. અગ્રાયણીપૂર્વ અને બંધવિધાનમાંથી કરી છે. તેને સરળ કરીને પાંચમા કર્મગ્રંથની રચના કરી છે.

આ ગ્રંથમાં ધ્રુવબંધી (બંધહેતુ પ્રાપ્ત થતાં અવશ્ય બંધાય), અધ્રુવબંધી (અધ્રુવ=ભજના), ધ્રુવોદયી, અધ્રુવોદયી, ધ્રુવ (નિયમા) સત્તા, અધ્રુવ સત્તા, ઘાતી-અઘાતી, પરાવર્તનમાન, અપરાવર્તમાન, પુણ્ય-પાપ, જીવવિપાકી, ભવ વિપાકી, પુદ્ગલ વિપાકી, ક્ષેત્રવિપાકી, વગેરેની વ્યાખ્યા સહિત પ્રકૃતિઓ બતાવી છે. ભૂયસ્કાર આદિ ચારબંધનું સ્વરૂપ પ્રકૃતિબંધમાં બતાવ્યું છે. સ્થિતિબંધમાં મૂળ અને ઉત્તર પ્રકૃતિના જઘન્ય ઉત્કૃષ્ટ સ્થિતિબંધ બતાવ્યા છે. કોઈ પ્રકૃતિ સતત કેટલો કાળ બંધાય અને અબંધકાળ કેટલો વગેરે બતાવ્યું છે. રસબંધમાં–જીવને રહેવાનો કાળ, રસસ્થાનના છટ્ઠાણવડિયા, મંદ-તીવ્ર રસસ્થાન, જઘન્ય-ઉત્કૃષ્ટ રસબંધના સ્વામી વગરે બતાવ્યું છે. પ્રદેશબંધમાં–વર્ગણાનું સ્વરૂપ, કર્મ દલિકની વહેંચણી જઘન્ય-ઉત્કૃષ્ટ પ્રદેશબંધના સ્વામી અને ગુણશ્રેણીઓ, પલ્યોપમનું સ્વરૂપ, પુદ્ગલ પરાવર્તનું સ્વરૂપ, ક્ષપક = ઉપશમશ્રેણી ઘનીકૃત લોકાદિનું સ્વરૂપ વગેરે વિષયોનું આમાં વિવેચન છે.

**(૬) સપ્તતિકા** – છઠ્ઠો કર્મગ્રંથ અતિપ્રાચીન છે તે આ ગ્રંથ જોવાથી ખ્યાલ આવે છે. આ ગ્રંથમાં કર્મનું સર્વાંગી દૃષ્ટિએ વિવેચન થયું છે. જાણે સાગરને ગાગરમાં સમાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ પ્રાચીનગ્રંથના કર્તા કેટલા જ્ઞાની હશે તે આ ગ્રંથનું અવગાહન કરવાથી ખબર પડે છે. તીર્થંકર ભગવંતે જે અર્થદેશના આપી તેને ગણધર ભગવંતોએ સૂત્રરૂપે ગૂંથી જેને દ્વાદશાંગી કહેવાય છે. તેમાં ૧૨મા દૃષ્ટિવાદ સૂત્રના પાંચ વિભાગ છે. (૧) પરિકર્મ (૨) સૂત્ર (૩) પૂર્વગત (૪) અનુયોગ (૫) ચૂલિકા. એમાંથી પૂર્વગતમાં ૧૪ પૂર્વ છે તેમાં અગ્રાયણી નામના પૂર્વમાં ૧૪ વસ્તુ બતાવી છે. તેમાં ક્ષીણલબ્ધિ નામની પાંચમી વસ્તુમાં ૨૦ પ્રાભૃત બતાવ્યા છે. તેમાંથી ચોથા પ્રાભૃતનું નામ કર્મપ્રકૃતિ છે. તે સર્વે તીર્થંકરની વાણીરૂપ છે. તેનો જ અંશ એટલે છઠ્ઠો કર્મગ્રંથ. આ ગ્રંથમાં ૭૦ ગાથા છે માટે એનું નામ સપ્તતિકા છે. આ ગ્રંથના કર્તા પ્રાચીન આચાર્ય મહારાજ છે અને તેમણે સીધો જ બીજા અગ્રાયણી પૂર્વમાંથી એ ગ્રંથનો ઉદ્ધાર કર્યો જણાય છે. રચના ઘણી જ ગંભીર તથા પ્રસન્ન છે તે જ કાયમ રાખી છે. તે નવો રચવામાં આવેલ નથી. એમાં કર્મ પ્રકૃતિના બંધઉદય-ઉદીરણા તથા સત્તાના સંવેધનો વિચાર કરવામાં આવ્યો છે. સં+વેધ. સં=સમ્યક્ પ્રકારે, વેધ=ભેગા થવું. યથાયોગ્ય રીતે બંધ, ઉદય, સત્તાનું ભેગું થવું તેને બંધોદયસત્તાનો સંવેધ કહેવાય. જે ભાંગા કે વિકલ્પોના નામથી પણ ઓળખાય છે. આ ગ્રંથ સ્થિતિ વગેરેના સંવેધો સમજવાની ભૂમિકા રચી આપે છે. આ ગ્રંથમાં મૂળકર્મનો બંધોદયસત્તાનો સંવેધ, જીવસ્થાનકમાં મૂળકર્મનો સંવેધ, ગુણસ્થાનકમાં મૂળકર્મનો સંવેધ, ઉત્તરપ્રકૃતિનો બંધોદયસત્તાનો સંવેધ, માર્ગણાદિમાં ઉત્તરપ્રકૃતિનો સંવેધ તેમજ ઉપશમશ્રેણી અને ક્ષપકશ્રેણીનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે.

આમ ઉત્તરોત્તર છએ કર્મગ્રંથો શ્રેષ્ઠ છે. એનો અભ્યાસ કરવાથી જીવનનો ઉદ્ધાર થઈ જાય છે. જીવન જીવવાની કળા પ્રાપ્ત થાય છે અને જીવન ધન્ય બની જાય છે.

★

# અન્ય દર્શનોમાં કર્મવાદ

આ વિશ્વમાં વિવિધ દર્શનો છે. એ દરેક દર્શનોના પ્રત્યેક સિદ્ધાંતોમાં એકરૂપતા ન હોય એ સ્વાભાવિક છે. તો પણ કર્મ અને કર્મફળની માન્યતામાં સૌ પ્રાયઃ એકમત છે. જો કે એના નામ સ્વરૂપમાં ફરક જરૂર છે. પણ દરેક દર્શનોએ પોતાના શાસ્ત્રોમાં ભિન્ન ભિન્ન રીતે કર્મવાદ સમજાવ્યો છે. જેમકે-

**(૧) બૌદ્ધ દર્શન–**

તથાગત ગૌતમ બુદ્ધ આ દર્શનના સ્થાપક છે. એમની માન્યતા પ્રમાણે રાગ-દ્વેષ મોહાદિ કર્મબંધના કારણ છે. જીવ એને કારણે મન, વચન અને કાયા દ્વારા જે કાંઈ પ્રવૃત્તિ કરે છે તે પણ કર્મ કહેવાય છે. એ પ્રવૃત્તિના કારણે ચિત્તમાં જે કાંઈ સંસ્કાર પડે છે તે પણ કર્મ કહેવાય છે. તેમાં માનસિક ક્રિયાજન્ય સંસ્કારને 'વાસના' કહે છે. અને વચન તથા કાયાજન્ય સંસ્કારને અવિજ્ઞપ્તિ કહે છે. એટલે બૌદ્ધદર્શનમાં કર્મને 'વાસના' કે અવિજ્ઞપ્તિ કહે છે. કર્મ જ સંસાર પરિભ્રમણનું કારણ છે. તે કર્મના તેઓની દૃષ્ટિએ ચાર ભેદ છે. (૧) જનક (૨) ઉપસ્તંભક (૩) ઉપપીડક (૪) ઉપઘાતક.

**ન્યાય–વૈશેષિકદર્શ–**

નૈયાયિક દર્શનના સ્થાપક ગૌતમઋષિ છે. જ્યારે વૈશેષિક-દર્શનના સ્થાપક કણાદઋષિ છે. એ બંનેની કર્મની માન્યતામાં ભેદ નથી. બંનેના મતે જગત્કર્તા ઈશ્વર જીવોને તેમના શુભ-અશુભ કર્મ પ્રમાણે સુખીદુઃખી, રોગી-નિરોગી, રાજારંક બનાવે છે. ઈશ્વર જગત્કર્તા છે છતાં કર્મને તો માનવું જ પડે છે. જીવ રાગ-દ્વેષ અને મોહને કારણે જે કાંઈ પ્રવૃત્તિ કરે છે તેનાથી ધર્મ-અધર્મની ઉત્પત્તિ થાય છે. તેમાં સારી પ્રવૃત્તિ દ્વારા ધર્મ અને ખરાબ પ્રવૃત્તિ દ્વારા અધર્મની ઉત્પત્તિ થાય છે. એ ધર્મ -અધર્મ (પુ ણ્ય-પાપ) શબ્દાંતરથી કર્મ જ છે. તેનું બીજું નામ અદૃષ્ટ છે. તેમની માન્યતા પ્રમાણે ક્રિયા ક્ષણિક છે તો પછી તેનું ફળ જન્માંતરમાં કેમ મળે ? તે નું સમાધાન અદૃષ્ટની કલ્પનાથી કર્યું છે.

ક્રિયા દ્વારા આત્મામાં અદૃષ્ટ જન્મે છે. ક્રિયાજન્ય અદૃષ્ટ આત્મામાં પડ્યું રહે છે તે ક્રિયા અને ફળની વચ્ચે કડીરૂપ હોવાથી વિપાકકાળે સુખદુઃખ રૂપે ફળનો અનુભવ કરાવીને ચાલ્યું જાય છે. પરંતુ અદૃષ્ટ પોતે પોતાની મેળે કાંઈ કરી શકતું નથી. માટે અદૃષ્ટને આધારે ઈશ્વર કર્મફળ આપે છે. મિથ્યાજ્ઞાનને કર્મબંધનું કારણ માને છે.

**(૩) સાંખ્યદર્શન–**

કપિલઋષિ આ દર્શનના સ્થાપક છે. એમની માન્યતા પ્રમાણે આત્મા કૂટસ્થ (જેમાં ફેરફાર ન થાય એવો) નિત્ય છે. અકર્તા છે. અભોક્તા છે. પરંતુ પ્રકૃતિના સંસર્ગથી આત્માને સંસારમાં ભટકવું પડે છે. આંધળા અને લંગડાના ન્યાયે પંગુતુલ્ય આત્મા નિષ્ક્રિય છે પણ અંધતુલ્ય પ્રકૃતિના સંસર્ગથી તેના ખભા પર બેસીને સક્રિય બનીને સંસારમાં ભટકી રહ્યો છે. એમ પુરુષ અને પ્રકૃતિ બે જ તત્ત્વ છે એમાં પ્રકૃતિ જ સંસારલીલાની સર્જક છે. પ્રકૃતિના સંયોગથી સંસાર અને વિયોગથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. માટે પ્રકૃતિ જ 'કમ' છે. પુરુષ-પ્રકૃતિના અભેદજ્ઞાનને કર્મબંધનું કારણ માને છે. જ્યારે પુરુષને પ્રકૃતિ ભિન્ન છે એવું ભેદજ્ઞાન થાય છે કે પ્રકૃતિ એને મુક્ત કરી દે છે.

**(૪) યોગદર્શન–**

આ દર્શનના આદ્યપ્રણેતા પાતંજલઋષિ છે. તેમની માન્યતાનુસાર જીવ કલેશપૂર્વક જે કાંઈ પ્રવૃત્તિ કરે છે તેના સંસ્કાર ચિત્તમાં પડે છે તે સંસ્કારને કર્મ કહેવાય છે. તેમાં એક જન્મના સં ચિત કર્મ ને 'કર્માશય' અને અનેક જન્મ સંબંધી કર્મ સંસ્કારની પરંપરાને 'વાસના' કહે છે. માટે કર્માશય અને વાસના 'કર્મ' છે.

**(૫) મીમાંસાદર્શન–**

આ દર્શનના સંસ્થાપક જૈમિનિય છે. એમની માન્યતા પ્રમાણે મનુષ્ય જે કાંઈ યજ્ઞાદિ અનુષ્ઠાન કરે છે તે ક્રિયારૂપ હોવાથી ક્ષણિક છે તરત નાશ પામી જાય છે અને તેનું ફળ તો જન્માંતરમાં મળે છે. જ્યાંસુધી ફળપ્રાપ્તિ ન થાય ત્યાં સુધી અપૂર્વ નામનું તત્ત્વ અંદર જ રહે છે. જે કાલાંતરે ફળપ્રાપ્તિ કરાવે છે. તેથી અપૂર્વને કર્મ માને છે. વળી અવિદ્યાને પણ કર્મ તરીકે માને છે . વસ્તુ ના યથાર્થ સ્વરૂપનું અજ્ઞાન એ જ અવિદ્યા છે તે જ કર્મબંધરૂપ છે. માટે તે કર્મ છે.

**(૬) શીખધર્મ દર્શન–**

શીખધર્મ દર્શનના આદ્યપ્રણેતા ગુરુ નાનક છે. એમની માન્યતા અનુસાર માનવી સ્વયં કર્મનું બીજ વાવે છે અને તેનું ફળ ભોગવે છે. એમણે કર્મવાદને સ્વીકાર્યો છે પણ નિયતવાદને સ્વીકાર્યો નથી. નિયતવાદને બદલે માનવીની ઈચ્છા-સ્વાતંત્ર્યને સ્વીકાર્યુ છે. શીખ ધર્મના ચાર પાયા છે-કર્મ-સંસાર-જ્ઞાન-મુક્તિ. એ ચાર પાયામાંનો એક પાયો કર્મ છે. અર્થાત્ કર્મને કર્મ સ્વરૂપે જ સ્વીકાર્યું છે. પરંતુ કર્મ નિયામક તરીકે ઈશ્વરને માને છે.

**(૭) ઈસ્લામધર્મ –દર્શન–**

ઈસ્લામ ધર્મના પ્રવર્તક પયગમ્બર મોહંમદ સાહેબ છે, જે છઠ્ઠી, ૭મી શતાબ્દીમાં થઈ ગયા. એમના મતે ઈમાન (આસ્થા-વિશ્વાસ) અને આમાલ (કર્મ) દ્વારા માનવ માટે બનાવેલા પરમ લક્ષ્યને પ્રાપ્ત કરવું જોઈએ. ઈમાનના વિષયને વિશ્વાસ વચન કહી શકાય જે પાંચ કર્મકાંડો (Five Pillars) દ્વારા પ્રાપ્ત થાય છે. જે નીચે મુજબ છે-

(૧) ઈમાન-વિશ્વાસ વચનને અંગીકાર કરે.
(૨) નમાજ-દરરોજ પાંચ વખત નમાજ (પ્રાર્થના) પઢવી જોઈએ.
(૩) જકાત-પોતાની કમાણીનો ૪૦મો ભાગ અથવા અઢી ટકા સમાજ સેવામાં વાપરવો જેને દરિદ્ર સેવા ટેક્સ પણ કહેવાય છે.
(૪) રોજા-રમજાન મહિનામાં રોજા (ઉપવાસ) રાખવા.
(૫) હજ-સામર્થ્ય હોવા પર જીવનમાં એક વાર મક્કા-કાબાના દર્શનની યાત્રા કરવી. આ પાંચ સ્તંભ જ ઈસ્લામમાં કર્મકાંડ તરીકે ઓળખાય છે.

**(૮) પારસીધર્મ –દર્શન**

આ દર્શનના પ્રવર્તક અષો જરથુષ્ટ્ર છે. જે ઈ. સ. પૂર્વે ૭મી સદીમાં થયા. પારસીધર્મમાં મુક્તિમાર્ગ માટે કર્મકાંડોમાં વિશ્વાસ, દાન, પશ્ચાતાપ, તપ તથા કરૂણા પર બળ આપ્યું છે. જો કે સાથે સાથે દરેક વ્યક્તિના કર્મ જ ઉત્તરદાયી ગણાય છે. જાતિ કે કુળ

નહિ. પારસીધર્મમાં અહૂર મજદા (શુભ) અને અહરિમન (અશુભ) આ બંને તત્ત્વોને સ્વીકારીને અંતે અહિરમન પર વિજય મેળવવાનો હોય છે. પરંતુ પારસી ધર્મમાં કર્મવાદના સિદ્ધાંતનો અલગથી સ્વીકાર કરવામાં આવ્યો નથી. જો કે અનેક દુઃખો માનવોને પોતાના કરેલા કર્મ અનુસાર ભોગવવા પડે છે તે અનુસાર નરક અને સ્વર્ગની કલ્પના પણ કરવામાં આવી છે. એને માટે અહુર મજદા બધી વ્યક્તિને ઈચ્છા-સ્વાતંત્ર્યનું દાન કરે છે. અને ઈચ્છા દ્વારા થયેલા દરેક કર્મોનો જવાબદાર તે વ્યક્તિ પોતે જ હોય છે.

**(૯) ઈસાઈ ધર્મ –દર્શન (ખ્રિસ્તી ધર્મ )**

આ ધર્મના પ્રવર્તક ઈસુ ખ્રિસ્ત છે જે ઈ. સ. પૂર્વે ચોથી સદીમાં થઈ ગયા. એમનો મુખ્ય ધર્મગ્રંથ બાઈબલ છે. આ ધર્મમાં ઈશ્વરને નિમિત્ત અને ઉપાદાન કારણ માનવામાં આવ્યા છે. જો કે ઈશ્વર એક જ વાર સૃષ્ટિની રચના કરે છે. એટલે ઈસાઈ ધર્મમાં કેવળ એક જ જીવનના પાપફળ માટે પાપીને તેના પાપના નિમિત્ત પ્રતિકાર રૂપે દંડની વ્યવસ્થા કરી છે. જો કે તે અનંતકાળ સુધી ભોગવવું પડે છે. તેમના મતાનુસાર ઈશ્વરની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાથી જ સંસારમાં પાપ આવે છે અને ઈસુની ભક્તિથી પાપ દૂર થઈ શકે છે. જોકે ઈસાઈ ધર્મમાં પ્રારંભથી જ માનવ કલ્યાણ અને દુઃખ નિવારણ પર જોર આપવામાં આવ્યું છે.

આમ ઈસાઈધર્મમાં કર્મ નહિ પરંતુ ઈશ્વરીય પ્રેમ અને તેના અનુગ્રહ પર વિશ્વાસ કરવાથી ક્ષમા અને પાપમોચન થઈ શકે એવું બતાવ્યું છે. તેમ જ અશુભ સમસ્યાનું સમાધાન ધાર્મિક રીતથી થઈ શકે છે.

**(૧૦) પાશ્ચાત્યદર્શન**

આ દર્શનમાં કર્મવાદનું સ્પષ્ટ વિવેચન નથી પણ પાશ્ચાત્યદર્શન આચારદર્શનમાં સુખવાદી દાર્શનિક કર્મની ફળશ્રુતિના આધાર પર એમની શુભાશુભતાનો નિશ્ચય કરે છે. જ્યારે માર્ટિનન્યૂ કર્મપ્રેરક ઉપર એમની શુભાશુભતાનો નિશ્ચય કરે છે. તેમજ સામાજિક જીવનમાં બીજાઓ પ્રતિ વ્યવહારનો દૃષ્ટિકોણ સ્વીકૃત છે. જેવો વ્યવહાર તમે તમારા માટે ઈચ્છો છો તેવો બીજાઓ માટે કરો.

કાણટે પણ કહ્યું છે કે કેવલ એ નિયમ અનુસાર કામ કરો જેને તમે એક સાર્વભૌમ નિયમ બનાવવા માંગતા હો. પ્રત્યેક પાશ્ચાત્ય વિચારકોએ નૈતિક જીવનની પૂર્ણતા માટે શુભાશુભથી પરે જવાનું જરૂરી માન્યું છે કારણકે આત્મપૂર્ણતાની વ્યવસ્થામાં શુભ કે અશુભનો વિરોધ પણ રહેતો નથી. માટે પૂર્ણ આત્માના સાક્ષાત્કાર માટે શુભ-અશુભથી ઉપર ઉઠવું જરૂરી છે.

★

---

# ઉપસંહાર

य : कर्त्ता कर्म भेदानां, भोक्ता कर्म फलस्य च ।

संसर्ता – परिनिर्वाता संह्यात्मा नान्यलक्षणः ।।

**ભાવાર્થ :** જે કર્મનો કર્તા છે અને કર્મફળનો ભોક્તા પણ છે તે જ સંસારી આત્મા-સંસારની ચારેય ગતિઓના ચક્રમાં પરિભ્રમણ કરતો જ રહે છે. જીવોના સંસરણશીલ સ્વભાવના કારણે જ સંસાર છે. જીવોને જ સંસાર હોય છે. અજીવ-જડને સંસાર ન હોય, તે સુખીદુઃખી પણ ન થાય કે કર્મ પણ બાંધે નહિ. કર્મ તો માત્ર જીવ જ બાંધે છે અને તે કર્મોના ઉદયથી સુખીદુઃખી થાય છે.

पुनरपि जन्मं पुनरपि मरणं, पुनरपि जननि जठरे शयनम् ।

इह संसारे खलु दुस्तार....

અર્થાત્- ફરી ફરીને જન્મ, ફરી ફરી મૃત્યુ અને ફરી ફરી માતાની કુક્ષિમાં ઉત્પત્તિ એ જ સંસારનું ખરૂં દુઃખ છે.

न सा जाइ, न तत् जोणी, न तत् कुलं, न तत्त ठाणं ।

तज्थ जीवो अणंतसो, न जम्मा, न मूआ।।

ભાવાર્થ – એવી કોઈ જાતિ નથી, એવી કોઈ યોનિ નથી, એવું કોઈ સ્થાન નથી કે જ્યાં જીવ અનંતવાર જન્મ્યો ન હોય. મર્યો ન હોય. પણ જ્યાં સુધી કર્મની પરંપરા છે ત્યાં સુધી જન્મ-મરણની પરંપરા પણ ચાલુ જ રહે છે. એ જ વાત પ્રભુ મહાવીરે અંતિમ દેશના આપતી વખતે ઉત્તરાધ્યયનના ચોથા અધ્યયનમાં કરી છે કે-'कडाण कम्माण न मोक्ख अत्थि।' અર્થાત્ જે કર્મો કર્યા છે (બાંધ્યા છે) તે ભોગવવા જ પડે છે. કર્મ ભોગવ્યા વગર છૂટકારો (મોક્ષ) નથી.

શાશ્વત નિયમ એ છે કે કરેલા પાપકર્મો ઉદયમાં આવે અને તેના વિપાકે જીવો દુઃખ અનુભવે તેમ જ કરેલા પુણ્યકર્મો ઉદયમાં આવે એના વિપાકે જીવો સુખ-શાંતિ અનુભવે છે. બસ આટલો સાદો સિદ્ધાન્ત જીવમાત્ર સમજી જાય તો સંસારમાં સુખ કે દુઃખ રહે નહિ. પરંતુ વિપરીત જ્ઞાનને લીધે જીવ હમેશાં સુખને ઝંખે છે અને સુખને મેળવવા તે વધુ ને વધુ સંસારની પરંપરામાં અટવાતો જાય છે. જેમ કરોળિયો પોતે જ પોતાની જાળમાં ફસાઈ જાય છે તેમ જીવ પણ સુખની ભ્રમણામાં પોતે જ ફસાતો જાય છે અને ચારે ગતિના ચક્રમાં ફર્યા કરે છે. પરંતુ જો આપણે કર્મવાદનો સિદ્ધાંત બરાબર જાણી લઈએ તો જરૂર એમાંથી છૂટવા પ્રયત્ન કરશું. કર્મબંધન છે તો કર્મમુક્તિનો ઉપાય પણ બતાવ્યો છે જે આપણને કર્મવાદથી જાણવા મળે છે.

કર્મવાદ એક વિશાળ અને ગહન વિષય છે. એમાંય જૈનદર્શનનો કર્મવાદ પાતાળી ગંગા જેવો ઊંડો અને ગહન છે. તેને ૨૫-૫૦ પાનામાં સમાવવો એટલે ગાગરમાં સાગર સમાવવા જેવું કાર્ય છે. છતાંય ગંગા નદીના પાણીનું આચમન પવિત્ર બનાવે છે એમ કર્મવાદની થોડી-સી છાલક અનાદિકાળથી મૂર્છામાં પડેલા આત્માને જાગૃત કરી દેશે.

સત્યનો અહેસાસ કરાવી દેશે. અપાર એવા કર્મવાદના સિદ્ધાંતોનો પાર તો ક્યાંથી પમાય પણ સાર પામીએ તો પણ અસાર સંસારમાંથી પાર પડી જવાય.

આ સાર પ્રાપ્ત કરવા ખૂબ મનોમંથન કરીને કેટલાય પુસ્તકોનો અભ્યાસ કરીને અહીં એની થોડી ઝલક આપી છે. એમાં પણ અમારી છદ્મસ્થતાને કારણે કોઈ ક્ષતિ રહી ગઈ હોય તો વિદ્વાનોને ધ્યાન દોરવા નમ્ર વિનંતી છે. જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ પણ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્.

## સંદર્ભ સૂચિ


૧. કર્મ તણી ગતિ ન્યારી–ભાગ-૧-૨, પં. અરુણવિજય મહારાજ
૨. રે કર્મ તારી ગતિ ન્યારી-પૂ. આચાર્ય ગુણરત્નસૂરીશ્વરજી મ.સા.
૩. કર્મપ્રકૃતિ અને ગુણ (જીવ) સ્થાનક-મુનિ મહારાજ શ્રી હર્ષચંદ્રજી
૪. કર્મગ્રંથ-ભાગ ૧ થી ૬ - રમ્યરેણુ
૫. જૈન કર્મ સિદ્ધાંત કા તુલનાત્મક અધ્યયન-ડૉ. સાગરમલ જૈન
૬. વિપાક સૂત્ર-શ્રી ગુરુ પ્રાણ ફાઉન્ડેશન
૭. ઉત્તરાધ્યયન સૂત્ર-શ્રી ગુરુ પ્રાણ ફાઉન્ડેશન અને ધીરજમુનિ
૮. ભગવતી સૂત્ર-શ્રી ગુરુ પ્રાણ ફાઉન્ડેશન અને ધીરજમુનિ
૯. સ્થાનાંગ સૂત્ર-શ્રી ગુરુ પ્રાણ ફાઉન્ડેશન અને ધીરજમુનિ
૧૦. પત્રો દ્વારા કરણાનુયોગ પરિચય-ડૉ. સૌ. ઉજ્જવલા દિનેશચંદ્ર શહા
૧૧. કર્મસાર-ચંદ્રહાસ ત્રિવેદી
૧૨. કર્મવાદના રહસ્યો-ચંદ્રહાસ ત્રિવેદી
૧૩. કર્મનો સિદ્ધાંત-હીરાભાઈ ઠક્કર
૧૪. બંધન અને મુક્તિ-પૂ. મુનિરાજ શ્રી હરીશભદ્ર વિજયજી મ.
૧૫. કર્મગ્રંથ-ભાગ-૧ થી ૬-ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા
૧૬. બારતીય તત્ત્વદર્શન-ડાહ્યાલાલ શાસ્ત્રી
૧૭. પ્રશ્નોત્તરી-પ. પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી (પંડિત મ.સા.)
૧૮. કર્મસિદ્ધિ-શ્રી દામજી પ્રેમજી વોરા
૧૯. તત્ત્વાર્થ સૂત્ર-પંડિત સુખલાલજી
૨૦. જૈન પાઠાવલી–૧ થી ૪-શ્રી બૃહદ્ મુંબઈ વર્ધમાન સ્થા.જૈન મહાસંઘ
૨૧. કર્મગ્રંથ ભાગ ૧ થી ૬-જીવવિજયજી મ.સા.
૨૨. કર્મગ્રંથ ભાગ-૧,૨,૩-પંડિત સુખલાલજી અનુ.- લલિતાબાઈ મહા.
૨૩. સૂત્રકૃતાંગ-શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન
૨૪. પ્રજ્ઞાપના સૂત્ર-શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન
૨૫. જ્ઞાતાધર્મકથા સૂત્ર-શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન
૨૬. ચોસઠ પ્રકારની પૂજા-શ્રી ગુરુપ્રાણ વીર વિજયજી
૨૭. પાંત્રીસ બોલની વાંચણીની બુક-ચંદ્રકાંતભાઈ
૨૮. કમ્મપયડિ (કર્મપ્રકૃતિ) આચાર્ય શિવશર્મસૂરિજી
૨૯. જૈનેન્દ્ર સિદ્ધાંતકોષ-ક્ષુ. જિનેન્દ્રવર્ણી
૩૦. ભગવદ્ ગોમંડળ-પ્રવીણ પ્રકાશન
૩૧. હું – શ્રમિક સ્વામી યોગેશ્વર
૩૨. કંકણનો બોધ-આત્માની શોધ–ધીર ગુરુ


## પારિભાષિક શબ્દો

૧. કર્મબંધ : કર્મ રૂપે બનેલા કાર્મણ સ્કંધો આત્મપ્રદેશોની સાથે એકમેક થઈ જાય તેને કર્મબંધ કહે છે.

૨. પ્રકૃતિબંધ : સુખ દુઃખાદિ આપવાની જે શક્તિ-સ્વભાવ ઉત્પન્ન થાય છે, તે પ્રકૃતિ કહેવાય. સ્વભાવનો નિર્ણય થવા પૂર્વક કર્મોનું આત્મપ્રદેશ સાથે એકાકાર થવું તે પ્રકૃતિબંધ કહેવાય છે.

૩. સ્થિતિબંધઃ તે તે સ્વભાવનો અમુક સમય સુધી કર્મદલિકોમાં રહેવાનો નિર્ણય થવા પૂર્વક કર્મોનું આત્મપ્રદેશની સાથે એકાકાર થવું તે સ્થિતિબંધ કહેવાય છે.

૪. રસબંધઃ ઓછા-વધતાં પ્રમાણમાં શુભાશુભ ફળ આપવાની શક્તિનો નિર્ણય થવા પૂર્વક કર્મોનું આત્મપ્રદેશોની સાથે એકાકાર થવું તે રસબંધ કહેવાય છે.

૫. પ્રદેશબંધઃ સ્વભાવદીઠ દરેક વિભાગને ચોક્કસ પ્રમાણમાં મળેલા કર્મદલિકોનું આત્મપ્રદેશની સાથે એકાકાર થવું, તે પ્રદેશબંધ કહેવાય છે.

૬. યોગઃ મન, વચન, કાયા દ્વારા થતી પ્રવૃતિ યોગ એટલે આત્મપ્રદેશનું કંપન.

૭. ઉત્કૃષ્ટકાળઃ મોટામાં મોટો કાળ (સમય)

૮. જઘન્યકાળઃ સૌથી ઓછું, અલ્પતમ કાળ

૯. અંતમુર્હૂતઃ ૧ મુર્હૂત (૪૮ મિનિટ) કરતાં કાંઈક ઓછો સમય.

૧૦. સ્કંધઃ કોઈ પણ અખંડ મૂલ્યને સ્કંધ કહેવાય. સ્કંધને જ આજનું વિજ્ઞાન molecule કહે છે.

૧૧. કર્મદલિકોઃ કર્મના પ્રદેશો.

૧૨. સત્તા-કર્મોનું આત્માની ઉપર રહેવું સત્તા કહેવાય છે.

૧૩. અબાધાકાળ-જેટલી સ્થિતિમાં તથાસ્વભાવે જ ભોગવવા યોગ્ય કર્મદલિકો ગોઠવાતા નથી તેટલી સ્થિતિને અબાધાકાળ (બાધાસ્થિતિ) કહે છે.

૧૪. સ્વરૂપ સત્તા-જે કર્મ પોતાના મૂળ સ્વભાવને છોડ્યા સિવાય આત્માની સાથે રહે તે સ્વરૂપ સત્તા કહેવાય.

૧૫. પરરૂપ સત્તા-જે કર્મોનું અન્ય સજાતીય કર્મ પ્રકૃતિમાં સંક્રમીને (પોતાના મૂળ સ્વભાવને છોડીને) પરરૂપે થઈને આત્માની સાથે રહે તે પરરૂપ સત્તા કહેવાય.

૧૬. પ્રદેશોદયઃ કર્મના ફળનો સ્પષ્ટ અનુભવ ન કરાવે તેને

પ્રદેશોદય કહેવાય છે.

૧૭. વિપાકોદયઃ કર્મદલિકોને સ્વસ્વરૂપે (પોતાના મૂળસ્વભાવે) ભોગવવા તે વિપાકોદય કહેવાય છે.

૧૮. ઉદયઃ કર્મના ફળનો અનુભવ કરવો તે ઉદય કહેવાય.

૧૯. નિષેકઃ કર્મદલિકની સ્થાપના 'નિ-સિખ્ખ' ધાતુનો અર્થ સ્થાપવું થાય છે.

૨૦. ઘાતીકર્મઃ જે કર્મ આત્માના મૂળભૂત ગુણને આવરે તેને ઘાતીકર્મ કહે છે. ઘાતીકર્મના બે પ્રકાર છે. સર્વઘાતી અને દેશઘાતી. સર્વઘાતીઃ જે પ્રકૃતિ પોતાનાથી ઢાંકવા યોગ્ય મૂળ ગુણનો (યોગ્ય ગુણનો) સંપૂર્ણ ઘાત કરે છે તે સર્વઘાતી.

દેશઘાતી : જે પ્રકૃતિ પોતાનાથી ઢાંકવા યોગ્ય ગુણનો કાંઈક અંશે ઘાત કરે છે, તે દેશઘાતી કર્મ કહેવાય છે.

૨૧. અઘાતીકર્મ : જે કર્મ પ્રકૃતિ પોતાનાથી ઢાંકવા યોગ્ય ગુણનો કાંઈક અંશે પણ ઘાત કરતી નથી, તે અઘાતી કર્મ કહેવાય છે.

૨૨. ધ્રુવોદયી : જે પ્રકૃતિનો વિપાકોદય પોતાના ઉદયવિચ્છેદ સ્થાન સુધી દરેક જીવોને સતત હોય, તે પ્રકૃતિ ધ્રુવોદયી કહેવાય છે.

૨૩. અધ્રુવોદયી : જે પ્રકૃતિનો વિપાકોદય પોતાના ઉદય વિચ્છેદ સ્થાન સુધી ક્યારેક હોય અને ક્યારેક ન હોય, તે પ્રકૃતિ અધ્રુવોદયી કહેવાય છે.

૨૪. ધ્રુવસત્તાક : જે પ્રકૃતિની સત્તા સમ્યક્ત્વાદિ વિશિષ્ટ ગુણો પ્રાપ્ત ન કર્યા હોય એવા દરેક જીવોને સતત હોય, તે પ્રકૃતિ ધ્રુવ સત્તાક કહેવાય છે.

૨૫. અધ્રુવસત્તાક : જે પ્રકૃતિની સત્તા સમ્યક્ત્વાદિ વિશિષ્ટ ગુણો રહિત જીવોને કયારેક હોય અને ક્યારેક ન હોય, તે પ્રકૃતિ અધ્રુવસત્તાક કહેવાય છે.

૨૬. જીવ વિપાકી : જે પ્રકૃતિ પોતાના ફળનો અનુભવ જીવને કરાવે છે, તે જીવ વિપાકી કહેવાય છે.

૨૭. ભવ વિપાકી : જે પ્રકૃતિ પોતાનું ફળ નર-નારકાદિ ભવમાં જ બતાવે છે, તે ભવ વિપાકી કહેવાય છે.

૨૮. ક્ષેત્ર વિપાકી : જે પ્રકૃતિ પોતાનું ફળ આકાશમાં (વિગ્રહગતિમાં) બતાવે છે, તે ક્ષેત્રવિપાકી કહેવાય છે.

૨૯. પુદ્ગલ વિપાકી : જે પ્રકૃતિ પોતાનું ફળ શરીર રૂપે પરિણમેલા પુદ્ગલ પરમાણુમાં બતાવે છે, તે પુદ્ગલવિપાકી કહેવાય છે.

૩૦. આલોચના-માફી માગવી, ક્ષમા માંગવી.

૩૧. અવ્યાબાધ સુખ-બાધા, પીડા, કષ્ટ ન પહોંચે તેવું. એટલે શાશ્વત સુખ.

૩૨. અગુરુલઘુ-હલકું પણ નહિ અને ભારે પણ નહિ.

૩૩. અરૂપી-અનામી-જેમાં રૂપ, રસ, ગંધ વગેરે હોય તે રૂપી અને જેમાં રૂપ, રસ, ગંધ, સ્પર્શ વગેરે ન હોય તે અરૂપી-અનામી કહેવાય છે.

૩૪. અનંતજ્ઞાન-સંપૂર્ણ લોકાલોકમાં રહેલાં સર્વદ્રવ્યના સર્વ પર્યાયોને એકી સાથે જણાવનારી આત્મશક્તિને અનંતજ્ઞાન કહે છે.

૩૫. અનંતદર્શન-સંપૂર્ણ લોકાલોકમાં રહેલાં સર્વદ્રવ્યના સર્વ પર્યાયોને એકી સાથે દેખાડનારી આત્મશક્તિને અનંતદર્શન કહે છે.

૩૬. અક્ષયસ્થિતિ-સદાકાળને માટે જીવવું, અથવા જન્મ મરણ રહિત જીવન.

૩૭. અક્ષય ચારિત્ર-શુદ્ધ જ્ઞાનોપયોગ, શુદ્ધ દર્શનોપયો ગાદિ સ્વગુણમાં, સ્વભાવમાં રમવું તે અક્ષયચરિત્ર કહેવાય છે.

૩૮. સમ્યક્ત્વ-નવતત્ત્વની યથાર્થ શ્રદ્ધા હોય તે, સાચી માન્યતા, વસ્તુને વસ્તુ તરીકે ઓળખવી તેનું નામ સમ્યક્ત્વ છે.

૩૯. ગુણસ્થાન-કષાય અને યોગના કારણે આત્માના જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ ગુણોની વધ-ઘટવાળી અવસ્થા જ્ઞાનાદિ ગુણોનું સ્થાન તે ગુણસ્થાન છે.

૪૦. પર્યાપ્તિ-આહાર આદિના પુદ્ગલોને ગ્રહણ કરીને શરીર, ઈન્દ્રિય આદિમાં પરિણમાવવાની જીવની પૌદ્ગલિકશક્તિ વિશેષ.

૪૧. ગણધર-તીર્થંકરના મુખ્ય દ્વાદશાંગી (બાર અંગ સૂત્ર) રચનારા શિષ્યો. ગણ-સમૂહ, ધર-ધારક ઘણાં શિષ્ય સમૂહના ધારક.

૪૨. પુદ્ગલ દ્રવ્ય-જે રૂપ, રસ, ગંધ અને સ્પર્શવાળું હોય તે પુદ્ગલ દ્રવ્ય કહેવાય છે.

૪૩. વર્ગણા–સંખ્યાની દૃષ્ટિએ સરખા પરમાણુવાળા કાર્મણાદિ સ્કંધોના સમૂહ (વર્ગ)ને વર્ગણા કહે છે. કાર્મણ વર્ગણા–કર્મનો કાચો માલ, કર્મનું રૉ-મટીરીયલ.




સ્કંધ : અખંડ પદાર્થ

દેશ : સ્કંધ સાથે જોડાયેલો અપૂર્ણ હિસ્સો

પ્રદેશ : સ્કંધ સાથે જોડાયેલો પણ જેના કેવળી ભગવંત પણ બે વિભાગ ન કરી શકે એવો પુદ્ગલદ્રવ્યનો છેલ્લામાં છેલ્લો વિભાગ તે પ્રદેશ

૪૪. પરમાણુ-જેના કેવળી ભગવંત પણ બે વિભાગ ન કરી શકે એવો પુદ્ગલદ્રવ્યનો છેલ્લામાં છેલ્લો વિભાગ (અંશ) જે પરમઅણુ હોય પરંતુ જે સ્કંધથી છૂટો પડેલો હોય

તેને પરમાણુ કહેવાય.

૪૫. સંખ્યાતો કાળ-અંતમૂર્હુતથી પૂર્વક્રોડસુધીનો કાળ

૪૬. અસંખ્યાતો કાળ-પૂર્વ ક્રોડ ઝાઝેરાની સંખ્યા, પલ્યો પમ, સાગરોપમ વગેરે.

અનંત કાળ-અસંખ્યાતાકાળ પછીનો કાળ અનંતકાળ કહેવાય. અનાદિકાળ-જેની આદિ નથી તે અનાદિકાળ કહેવાય.

૪૭. ઘનીકૃત લોક-કોઈ પણ સંખ્યાને ત્રણ વાર સ્થાપીને પરસ્પર ગુણવાથી જે સંખ્યા આવે છે તે ઘન કહેવાય. દા. ત. અસત્ કલ્પનાથી લોકને ડબાના આકારમાં ગોઠવતા લોક ૭ રાજ લાંબો, ૭ રાજ પહોળો અને ૭ રાજ જાડો થાય છે માટે તે ઘની-કૃત લોક કહેવાય છે.




૪૮. પરાવર્તમાન-જે પ્રકૃતિ પોતાના બંધ કે ઉદય અથવા બંધોદય વખતે બીજી સજાતીય પ્રકૃતિના બંધ કે ઉદય અથવા બંધોદય અટકાવે છે તે પરાવર્તમાન કહેવાય છે.

૪૯. અપરાવર્તમાન-જે પ્રકૃતિ પોતાના બંધ કે ઉદય અથવા બંધોદય વખતે બીજી સજાતીય અપરાવર્તમાન પ્રકૃતિના બંધ કે ઉદય અથવા બંધોદયને અટકાવતી નથી તે અપરાવર્તમાન કહેવાય છે.

૫૦. પલ્યોપમ-પલ્ય-પાલો. એક વિશેષ પ્રકારનું માપ. તેની ઉપમા દ્વારા જે સમયની ગણના કરવામાં આવે છે તેને પલ્યોપમ કહેવાય છે.

૫૧ સાગરોપમ- સાગરની ઉપમા દ્વારા જે સમયની ગણના કરવામાં આવે છે તેને સાગરોપમ કહેવાય છે. દસ ક્રોડાક્રોડી પલ્યોપમનો એક સાગરોપમ થાય. ક્રોડાક્રોડી એટલે ક્રોડને ક્રોડ વડે ગુણવું.

૫૨. મિથ્યાત્વ-આધ્યાત્મિક અજ્ઞાન, માયા, અવિદ્યા, તત્ત્વજ્ઞાનનો અભાવ વગેરે મિથ્યાત્વના અર્થ થાય છે. તત્ત્વવિષયક યથાર્થ શ્રદ્ધાનો અભાવ અને તત્ત્વની અયથાર્થ શ્રદ્ધા મિથ્યાત્વ કહેવાય.

૫૩. માર્ગણા-જીવાદિ પદાર્થોની વિચારણાને માર્ગણા કહે છે.

૫૪. આશ્રવ-જેનાથી નવા કર્મોની આવક થાય તે.

૫૫. સંવર-આવતા કર્મોને ાત પચ્ચક્ખાણ આદિ દ્વારા રોકવા તે.

૫૬. નિર્જરા-આત્માના પ્રદેશથી બાર પ્રકારના તપથી કર્મનું ઝરીને દૂર થવું.

૫૭. ઈરિયાવહિયા-રસ્તામાં આવતાં જતાં (લાગેલા દોષનું પ્રાયશ્ચિત) ★

## વિવેક અને અવિવેકના કારણે કર્મમુક્તિ અને બંધ

*જે આસવા તે પરિસ્સવા, જે પરિસ્સવા તે આસવા । જે અણાસવા તે પરિસ્સવા, જે અપરિસ્સવા તે અણાસવા ।*

*શ્રી આચારાંગ સૂત્ર, અધ્યયના-૪ ઉદ્દેશા-૨.*

ભાવાર્થ :

(૧) જે આશ્રવોનું સ્થાન છે, તે જ ક્યારેક પરિસ્રવ–કર્મનિર્જરાનું સ્થાન બની જાય છે. (૨) જે પરિસ્રવનું સ્થાન છે તે ક્યારેક આસ્રવ બની જાય છે. (૩) જે અનાસ્રવ–વ્રતવિશેષ છે, તે પણ ક્યારેક પ્રમાદના કારણે અપરિસ્રવ-કર્મનિર્જરાનું સ્થાન ન બને. અને (૪) જે અપરિસ્રવ-કર્મનિર્જરાનું સ્થાન નથી તે પણ ક્યારેક પરિણામોની વિચિત્રતાથી અનાસ્રવ–કર્મબંધના કારણ બનતાં નથી.

**વિવેચન :**

આ સૂત્રમાં કર્મબંધ અને કર્મનિર્જરાના વિષયમાં અલગ અલગ ચાર વિકલ્પોનું સ્પષ્ટીકરણ કર્યું છે. બંધ અને નિર્જરાનો મુખ્ય આધાર અધ્યવસાય છે. બાહ્ય કારણો ગૌણ છે. વ્યક્તિની સાવધાની, વિવેકબુદ્ધિ જાગૃત હોય તો તે સફળતા મેળવી શકે છે, અથવા અવિવેકના કારણે અસફળતા. તે આ વાત અહીં કરી છે.

# વિલક્ષણ બેન્ક કર્મ

☐ પૂ. અભયશેખર સૂરિ

● સમસ્ત વિશ્વવ્યાપી છે એક 'બેન્ક'...

● ખૂબ જ ન્યારી અને ખૂબ જ નિરાળી...

● લેણુ માફ કરવા બેસે ત્યારે **ઉદારતા-દયાળુતા** પણ એવી...

● લેણુ વસુલ કરવા બેસે ત્યારે **ક્રૂરતા-કઠોરતા** પણ એવી...

● પોતાની પાસે જમા-ઉધારની કોઈ નોંધ રાખે નહીં....

● પાસબૂકો ખાતેદાર પાસે જ રહે...

● ખાતેદારે સ્વયં એમાં જમા-ઉધારની નોંધ કરવાની....

● આની વિશિષ્ટતા એ જ છે કે, **બીજાના ખાતે જમા થયેલી રકમ પોતાના ખાતે જમા કરી શકે...છતાં બીજાના જમા ખાતેથી એ ઓછી ન થાય...અને બીજાના ખાતે ઉધરાયેલી રકમ પોતાના ખાતે ઉધારી પણ શકે છતાં બીજાના ખાતે ઉધારાયેલી રકમ ઓછી ન થાય.**

● પોતાના ખાતે કો'ક નવી રકમ જમા કરાવો એટલે **જૂની ઉધારાયેલી રકમમાંથી કેટલીક રકમ જમામાં ટ્રાન્સફર થઈ જાય. એ જ રીતે, નવી રકમ ઉધારતી વખતે જૂની જમા રકમમાંથી કેટલી રકમ ઉધારમાં ટ્રાન્સફર થઈ જાય.**

● જે કાંઈ રકમો ઉધારાઈ હોય તે ખાતેદાર ચાહે તો ભૂંસી શકે..પણ એને ભૂંસતા આવડવું જોઈએ...તો ઉધાર પાસાની બધી જ નોંધ ગાયબ થઈ જાય..બીજી રીતે કહીએ તો આ બેન્કજ સામેથી ખાતેદારોને કહે છે કે માત્ર પાંચ-પચ્ચીસ હજારની રકમ નહીં પણ **કરોડો કે અબજોની રકમ અમારે લેણી નીકળતી હશે તો પણ જ્યાં સુધી એ Due નહીં થાય. અને બેન્ક વસૂલાત કરવાનું ચાલુ નહીં કરે ત્યાં સુધીમાં ખાતેદાર જો યોગ્ય રીતે અરજી કરે તો ભારે ઉદારતાપૂર્વક બેન્ક એ બધું લેણું માફ કરી દેશે..એક પૈસો પણ ચૂકવવો નહીં પડે...પણ જો ખાતેદાર એમ કરવામાં નિષ્ફળ રહે અને બેન્ક વસૂલાત ચાલુ કરી દે...તો પછી એક પાઈ માફ કરવામાં નહીં આવે. પૂરેપૂરા લેણાની વસૂલાત માટે જે કાંઈ કઠોરતા, કડકાઈ, ક્રૂરતા અપનાવવા પડે, એ બધું જ આ બેન્ક અપનાવી શકે છે.** ખાતેદારને એક નહીં...અનેક કરુણ મોત આવે તો પણ આ બેન્ક જરાય દયા દાખવતી નથી. દાખવશે પણ નહીં. **હવે આપણે પણ આવી બેન્કના એકાઉંટ હોલ્ડર હોઈએ તો શું કરીએ...**

● આ 'નોખી' અને સાવ 'અનોખી' બેન્કનું નામ છે **'કર્મસત્તા'....**

● સંસારના સમસ્ત જીવો એના ખાતેદાર છે. ખાતુ ખોલાવવા માટે કોઈ ફોર્મ ભરવાનું નહીં કે, કોઈની ભલામણની જરૂર નહીં, કારણ કે કોઈએ ખાતુ ખોલાવ્યું જ નથી **અનાદિકાળથી બધા ખાતેદાર જ છે.**

● ખાતેદારે જ બધી નોંધ કરવાની...**'જે કાંઈ સારું કામ કર્યું એ આત્માની પાસબૂકમાં પુણ્યરૂપે જમા થઈ ગયું' અને 'જે કાંઈ ગલત પ્રવૃત્તિ કરી તે પાપરૂપે ઉધરાઈ જાય...'**

● 'બીજાઓ સુકૃત કરીને જે કાંઈ પોતાના ખાતે જમા કરાવે...એને પોતે અનુમોદના દ્વારા પોતાના ખાતામાં જમા પણ કરી શકે.' અને 'બીજાઓ હિંસા વગેરે પાપ કરીને, જે કાંઈ પોતાના ખાતે ઉધારે...એને પોતે અનુમોદના દ્વારા પોતાના ખાતામાં પણ ઉધારી શકે.'

● જ્ઞાનીઓ કહે છે **જીવ શુભભાવમાં રહીને જ્યારે શાતાવેદનીય વગેરે પુણ્યકર્મ બાંધે છે ત્યારે પૂર્વે અશુભભાવથી બાંધેલું અશાતાવેદનીય વગેરે કેટલુંક પાપકર્મ પણ શાતાવેદનીય વગેરે પુણ્યકર્મમાં ટ્રાન્સફર થઈ જાય છે.**

● હિંસા વગેરે દુષ્ટ પ્રવૃત્તિ દ્વારા બંધાયેલા પાપો તરત ઉદયમાં નથી આવતા...એટલે કર્મસત્તા નામની એક જીવને ચાન્સ એ આપે છે...**જો એ વસુલાત ચાલુ થવા પૂર્વે પશ્ચાત્તાપપૂર્વક આલોચના, પ્રાયશ્ચિત્ત રૂપે જીવ અરજી કરે તો આ કર્મસત્તાની બેન્ક બધું જ દેવું માફ કરી દે છે.** પણ જો જીવ નફિકરો બની આ બાબતની ઉપેક્ષા દાખવે છે, તો આ બેન્ક જીવની કલ્પના પણ ન હોય એટલી કડક રીતે પઠાણી વ્યાજ સાથે પાઈએ પાઈની વસુલાત કરે છે. જીવના વિવિધ પ્રકારના સુખ પર ટાંચ આવે ને આફતોની વણઝાર ઉતરી પડે...અને તેથી જીવ રોવા બેસે, આક્રંદન કરે, કરુણવિલાપ કરે. આ પદ્ધતિથી થતી વસુલીમાંથી પોતાને મુક્ત કરવા હવે ગમે તેટલું કરગરે..આજીજી કરે...દીનતા દાખવે...પણ કશું જ વળતું નથી. તે વખતે ભારે મજબૂરીથી પણ બધો જ હિસાબ ચોક્ખો કરવો પડે છે...

● આ જીવડો પણ આજની ભારત સરકાર જેવો જ મૂઢ છે. જેમ આજની સરકાર લોન અને લોનના વ્યાજની ચૂકવણી માટે નવું મોટું દેવું કરતી રહે છે. તેમ આ જીવડો જૂનો હિસાબ ચોક્ખો કરતા કરતા ભારે હાયવોય વગેરે કરીને નવું ગંજાવર દેવું ઉભું કરી દે છે. એટલે અનાદિકાળથી 'દેવું', 'કડક વસુલાત', 'નવું દેવું' આ પરંપરા ચાલતી જ રહે છે...

● સાવ ચિત્ર અને વિચિત્ર જણાતી આ **'કર્મસત્તા નામની બેંકના આપણે સહુ પણ એકાઉનટ હોલ્ડરો જ છીએ.'** બેન્કની ઉદારતાનો લાભ ઉઠાવી લેવો કે અનાદિકાળથી એની કઠોરતાનો ભોગ બની રહ્યા છીએ એ જ પરંપરા ચાલુ રાખવી એ આપણી મરજીની વાત છે.

● જેઓ બેન્કની કરુણાનો લાભ ઉઠાવતા શીખી જાય છે તેઓ એ દ્વારા ક્રમશઃ એક દિવસ બધો જ હિસાબ ચૂકતે કરી દે છે ને એ જ ક્ષણે એનું ખાતું ક્લોઝ થઈ જાય છે...ને જીવ કર્મબેન્કના ક્રૂર સકંજામાંથી મુક્ત થાય છે.

● **શું આવી નિરાળી બેંકના ખાતેદાર હોવું એ અનિચ્છનીય છે કે જેથી એમાંથી મુક્ત થવાની વાત કરો છો ?**

● હા...અત્યંત અનિચ્છનીય છે. આ બેંકે કાંઈ મફતમાં જીવોને પોતાના ખાતેદાર નથી બનાવી દીધા... **'જીવના અનંત સુખને ડીપોઝીટ તરીકે રાખીને ખાતેદાર બનાવ્યા છે.'** એટલે તો આગળ કહી ગયા કે એ કોઈની ભલામણ ચીઠ્ઠી પણ માગતી નથી. અબજો રૂપિયથી પણ જેનું મૂલ્યાંકન ન થઈ શકે એવી પોતાની કેવળજ્ઞાન, શાશ્વતસુખ વગેરે મૂડી જીવે ડીપોઝીટ કરાવી રાખી હોય પછી બેન્ક અન્યની ભલામણ માગે પણ શા માટે ?

● આટલી જંગી બેલેન્સની સામે આ બેન્ક જીવને જે ક્રેડીટ આપે છે

એનો વિચાર જો કરવામાં આવે તો જીવડાની મૂર્ખામી ભાસ્યા વગર ન રહે...અબજોની સામે ખાલી પાંચ-પચ્ચીસ રૂપિયા જેટલી લોન પણ આ બેન્ક સીધે સીધી નથી આપતી. એના કાંઈક સુકૃતને ગીરવે મૂકાવીને જ આપે છે. અને પાછી એ પાંચ-પચ્ચીસ રૂપિયાની વસુલાત કેવી રીતે કરે છે? એ જાણવું છે?

● મારું શાશ્વતસુખ બેન્કમાં બેલેન્સ પડેલું છે–ડીપોઝીટ રૂપે રહેલું છે. મારે એ પોતાનું (આત્મિક) સુખ જ ઉપાડવું જોઈએ–માણવું જોઈએ આ વાતને આ જીવડો સાવ ભૂલી ગયો છે...ગમાર છે ને? વળી, આ બેન્કને આ મહત્ત્વની વાત ભૂલાયેલી રહે એમાં જ રસ છે, એટલે પછી જીવડો પૌદ્ગલિક સુખ માટે બેન્ક પાસે હાથ લંબાવે છે.

**● સંભૂતિમુનિએ આત્મિકસુખ માંગી લેવાને બદલે ચક્રવર્તીના સ્ત્રીરત્નનું પૌદ્ગલિક સુખ માંગ્યું. બેન્કે કહ્યું... લોન એમ ને એમ નહીં મળે..ગીરવે શું મૂકે છે?**

● બેંકની દાદાગીરી તે જુઓ... અનાદિ શાશ્વત સુખ દબાવીને બેઠી છે એને યાદ પણ નથી કરતી...અને આ જીવડો થોડું પણ માંગે તો પૂછે છે કે બોલ ગીરવે શું મૂકે છે? અને આ બેન્કની કુટિલતા પણ કેવી છે કે એ જે સુકૃતને ગીરો તરીકે લે છે એ, લોનની વસૂલાત કર્યા પછી પણ પાછી આપવાની તો વાત જ નથી કરતી.

**● સંભૂતિમુનિએ નિર્મળ સંયમ પાલન, અદ્ભુત ત્યાગ, કઠોર તપશ્ચર્યા, દીર્ઘકાલીન જ્ઞાન–ધ્યાનની સાધના... આ બધું જ ગીરવે મૂક્યું એટલે થોડાં વર્ષો માટે લોન મળી ગઈ. અને પછી વસુલાત શરૂ કરી...વસુલાત પેટે બે આંખો જ લઈ લીધી. એટલું જ નહીં છ ખંડનું સામ્રાજ્ય છીનવી લીધું, અતિદુર્લભ એવું મનુષ્યપણું ઝૂંટવી લીધું અને ૩૩ સાગરોપમના જંગી કાળસુધી હવા પાણીનું સુખ પણ ન માણી શકે એવા બેહાલ કરી દીધા.**

● રૂપસેને સુનંદાના રૂપદર્શનના સુખની લોન માંગી...અને વસુલાત માટે સાત સાત ભવ કરવા પડ્યા. દરેક વખતે અકાળે મરવું પડ્યું...

● આર્યમંગુએ સ્વાદનો આસ્વાદ માંગવાનું કર્યું...અને વસુલાત માટે વૈમાનિક દેવલોકની અદ્ભુત સમૃદ્ધિ છીનવાઈ ગઈ...નગરની દુર્ગંધ ભરેલી ગટરના અધિષ્ઠાયક યક્ષ બનવું પડ્યું...

● મરીચિએ કુલના અહંકારનું સુખ લીધુ... અને વસુલાત માટે નીચકુળમાં ઉત્પન્ન થવું પડ્યું...એ પણ ચૂકવણી કરતાં કરતાં થોડું બાકી રહી ગયું એ ટલે પ્રભુ મહાવીરના ભવમાં ૮૨ દિવસ સુધી નીચકુળમાં રહેવું પડ્યું આ બેન્ક તો કહે છે કે અનંતકાળે થનાર અચ્છેરું મને માન્ય છે, પણ દેવાનો હાથી નીકળી ગયો છે માત્ર પૂછડું રહી ગયું છે. એટલું પણ માફ કરી દેવું મને માન્ય નથી.

● શું એમ નથી લાગતું કે આ બેન્કની ચૂંગાલમાંથી શીઘ્રાતિશીઘ્ર છૂટી જવું જોઈએ? જો કર્મસત્તા નામની બેન્કમાંથી છૂટવું હોય તો એ બેન્કના બધા કારનામા જાણવા જોઈએ. એ બેન્કે જીવડાની કેવી કેવી લખલૂંટ સમૃદ્ધિ જપ્ત કરી લીધી છે, એ સમજવું જોઈએ... વસુલાત કરવાની એની વિવિધ નિર્દય પદ્ધતિઓને પિછાણી લેવી જોઈએ.

● મન-વચન અને કાયાની કેવી કેવી પ્રવૃત્તિઓ કરવાથી શાતાવેદનીય વગેરે શુભનામકર્મ રૂપે શું જમા થાય છે? અને એનાથી વિપરીત કેવી કેવી પ્રવૃત્તિઓ કરવાથી અશાતાવેદનીયાદિ અશુભનામ કર્મરૂપે શું શું ઉધાર થાય છે? આ જમા કે ઉધાર થયેલી રકમમાં શી રીતે ફેરફાર થાય છે? છેવટે આ બેન્કની ભેદી જાળમાંથી છૂટકારો મેળવવા માટે શું કરવું જોઈએ? એ બાબતોને ઝીણવટથી કર્મવાદ સમજાવે છે.

★

# ચરાચર વિશ્વરૂપ આ સંસારનું સ્વરૂપ

***વિષમતા :***

આ સંસારમાં ક્યાંય સમાનતા જોવા મળતી નથી. એકના જેવા ગુણધર્મો બીજામાં ન હોય તે વિષમતા. આવી વિષમતા સંસારમાં ડગલે ને પગલે જોવા મળે છે. જેમ કે માતા જેવી પુત્રી ન હોય અને પિતા જેવો પુત્ર ન હોય. એક માતાના ચાર સંતાનો પણ સરખા હોતા નથી. એક સુખી હોય તો એક દુઃખી. વળી તેમના વિચારો, ગુણધર્મો, સ્વભાવમાં પણ ભિન્નતા જોવા મળે છે.

***વિવિધતા :***

એ જ પ્રમાણે સંસારમાં વિવિધતા પણ ઘણી છે. એક શ્રીમંત છે તો બીજો નિર્ધન, એક માલિક છે તો બીજો નોકર છે, એક ઉચ્ચ કુળમાં જન્મે છે તો બીજો નીચ કુળમાં જન્મ લે છે. એક સોનાના પારણે ઝુલે છે, તો બીજાને ફાટેલી ગોદડી પણ દુર્લભ છે. એકને ખાવા બત્રીસ પકવાન છે, તો બીજાના દ્વારે રાબના પણ ઠેકાણાં નથી. એકને પહેરવા હીર-ચીર છે તો બીજાને તન ઢાંકવા પૂરતા કપડા પણ નથી. એકને વગર શ્રમે બધું મળે છે જ્યારે બીજાને મહેનત કરવા છતાં મુશ્કેલથી થોડું ઘણું મળે છે. આમ વિષમતા અને વિવિધતાથી આ સંસાર દૃષ્ટિગોચર થાય છે.

***વિચિત્રતા :***

આ સંસાર વિષમતા, વિવિધતાની સાથે ચિત્ર- વિચિત્ર પણ છે. સંસારમાં જે બનવાની શક્યતા કે સંભાવના વિચારી પણ ન શકાય તેવી ઘટનાઓ બને છે. તેનું નામ છે વિચિત્રતા. રોજ કેટલાય ચોરી કરીને પકડાઈ જાય છે, સજા પણ ભોગવે છે છતાં પણ નવા લોકો ચોરી, ખૂન કે બળાત્કાર જેવા પાપો છોડી શકતા નથી. દારૂ, સિગારેટ, બીડી, તમાકુને લીધે કેન્સર જેવા જીવલેણ રોગો થાય છે. કેટલાય મરણને શરણ થઈ જાય છે. છતાં આ વ્યસનો છોડી શકતા નથી. એક યુવાવયે મરણ પામે છે તો કોઈક મરવાને વાંકે રોગથી પીડાઈ પીડાઈને જીવે છે. આવા વિચિત્ર સંસારની વિચિત્રતાનો કોઈ પાર નથી. આવું ત્રિવિધરૂપે આ સંસારનું સ્વરૂપ જોવા મળે છે. તેનું ખરૂં કારણ એકમાત્ર કર્મ જ છે. દરેક જીવના કર્મ અનુસાર જ તેને વિવિધતા, વિષમતા અને વિચિત્રતા પ્રાપ્ત થાય છે.

# આગમમાં કર્મનું સ્વરૂપ

☐ ડૉ. ઉત્પલાબેન કાંતિલાલ મોદી

કરમનો રે કોયડો અલબેલો (૨)
હે જી એને સંભળાવવો નથી, સહેલો, કરમનો રે...
એક માતાને પુત્ર બે એમાં એક ચતુર એક ઘેલો,
હે...જી, એકને માંગતા પાણી ન મળતું,
બીજાને દૂધનો રેલો...કરમનો રે... (૧)
ચંદનબાળા રાજકુમારી, ધરમ એને વરેલો,
હે...જી કંચનકાયા એની ચૌટે વેચાણી,
ત્યારે આતમ એનો રડેલો...કરમનો રે...(૨)
કરમને નહિ શરમ આવે ભલે તું ભણેલો,
હે...જી ગુરુનું કર્યું ગુરુજી ભોગવે,
ચેલાનું ભોગવે ચેલો..કરમનો રે...(૨)

ઉપરના કાવ્યમાં કર્મનો સાર સમજાઈ જાય છે. કાવ્યમાં બતાવેલા વિષમભાવોનું કારણ એક જ છે–જીવે પોતે બાંધેલા કર્મો! જો કે વિશ્વમાં અનંતાનંત જીવો છે તેના બે વિભાગ છે(૧) સિદ્ધ–જે સંપૂર્ણ કર્મથી મુક્ત છે. (૨) સંસારી–જે કર્મથી બંધાયેલો છે. કર્મથી બદ્ધ જીવો આ સંસારમાં વિવિધ ગતિ-યોનિમાં વારંવાર જન્મ-મરણ કરીને દુઃખ પામે છે. કોઈ પણ શુભ કર્મનો ઉદય થાય તો તે દેવલોકમાં દેવપણે અવતરે છે. કોઈપણ અશુભ કર્મોના ઉદયથી નરક-તિર્યંચાદિમાં પણ જન્મ લે છે. જ્યાં સુધી તે કર્મના સ્વરૂપને સમજતો નથી, અને તેમાંથી મુક્ત થવા પુરુષાર્થ કરતો નથી, ત્યાં સુધી તે સંસારમાં પરિભ્રમણ કર્યા કરે છે. પોતાના કર્મથી જ તે સુખી-દુઃખી બને છે. આ રીતે કર્મનો કર્તા અને ભોક્તા જીવ સ્વયં છે. જૈનદર્શન કર્મપ્રધાન છે અને કર્મની સર્વોપરી સત્તામાં માને છે. એનું સ્વરૂપ આગમોમાં યથાર્થ જોવા મળે છે. એમાંના કેટલાંક આગમોમાં આવતું કર્મનું સ્વરૂપ અહીં આલેખ્યું છે.

જૈન આગમ સાહિત્યમાં પવિત્ર માનવામાં આવેલા અને શ્રી મહાવીર પ્રભુની અંતિમ દેશના રૂપ શ્રી ઉત્તરાધ્યયનસૂત્રના ૩૩મા કર્મપ્રકૃતિ નામના અધ્યયનમાં ૮ કર્મોની મીમાંસા કરવામાં આવી છે.

अट्ठ कम्माइं वोच्छामि, आणुपुव्विं जहाक्कम्मं ।
जेहिं बद्धे अयं जीवे, संसारो पूरिकतए ।। १ ।।
नाणस्सावरणिज्जं, दंसणावरण तहा ।
वेयणिज्जं तहा मोहिं, आउकम्मं तहेव य ।। २ ।।
नाणकम्मं च गोअं च अन्तराय तहेव य ।
उवमेयाइ कम्माइं, अट्ठेव य समासओ ।। ३ ।।
(उत्तरा. अ. – ३३ श्लो १–३)

ઉપર આપવામાં આવેલા શ્લોકોમાં પ્રથમ જ ૮ કર્મોનો નામોલ્લેખપૂર્વક નિર્દેશ કરવામાં આવ્યો છે. 'अट्ठं कम्माई वोच्छामि, आणुपव्विं जहाक्कम्मं' આ પ્રથમ પંક્તિમાં જ કહેવામાં આવ્યું છે કે આઠ કર્મોને–જેમ આનુપૂર્વી ક્રમ છે એમ કહું છું-એવું કહીને આઠે ય કર્મોના નામ આગળ બે શ્લોકોમાં ગણાવ્યા છે. જેનો ક્રમ આ પ્રમાણે છે. (૧) જ્ઞાનાવરણીય કર્મ, (૨) દર્શનાવરણીય કર્મ, (૩) વેદનીય કર્મ, (૪) મોહનીય કર્મ, (૫) આયુષ્ય કર્મ, (૬) નામ કર્મ, (૭) ગોત્ર કર્મ, (૮) અંતરાય કર્મ. આ રીતે આઠેય કર્મોના નામ જણાવ્યા છે અને એમનો ક્રમ આ રીતે રાખવામાં આવ્યો છે. પ્રાયઃ અન્ય પણ નાના મોટા શાસ્ત્રોમાં અને ગ્રંથોમાં આ જ ક્રમ રાખવામાં આવ્યો છે. ઉદાહરણ તરીકે 'પ્રશમરતિ' પ્રકરણ ગ્રંથ, કર્મગ્રંથ, નવતત્ત્વ પ્રકરણ અને 'તત્ત્વાર્થ ધિંગમ સૂત્ર'માં આ જ ક્રમ રાખવામાં આવ્યો છે. તથા આ પ્રકારના ક્રમના આધારે શ્રી વીર વિજયજી મહારાજે ચોસઠ પ્રકારી પૂજા પણ બનાવી છે.

જે નાગમમાં 'ઉત્તરાધ્યન' સૂત્રમાં ત્રણ વાત કર્મને સ્પષ્ટ સમજાવનારી છે.

(૧) अज्झत्थ हेउं निययस्स बंधो। –જીવના પોતાના જ પરિણામથી કર્મ બંધાય છે.

(૨) कत्तारमेव अणुजाइ कम्मं । –કર્મ કર્તાને જ અનુસરે છે.
(૩) कडाण कम्माण न मोक्ख अत्थि । –કરેલા કર્મ ભોગવ્યા

વિના જીવનો તેનાથી છૂટકારો થતો નથી. કર્મનો કર્તા અને ભોકતા જે રીતે જીવ છે તેમ કર્મનો સંહર્તા (નાશ કરનાર) પણ જીવ જ છે. માટે કર્મથી મુક્ત થવા માટે મુમુક્ષુએ કર્મ પ્રકૃતિઓને, અને કેવી રીતે કર્મનું બંધન થાય છે તેના સ્વરૂપને જાણવું જરૂરી છે.

કર્મના અચળ કાયદાથી પુનર્જન્મનો સ્વીકાર, જડ, માયા કે કર્મથી સંડોવાયેલું ચૈતન્ય જે જે જાતની ક્રિયા કરે છે તેનું ફળ તેને પોતાને જ ભોગવવું પડે છે.

કર્મનો કાયદો જ એવો છે કે જ્યાં સુધી બીજ બળી ન જાય ત્યાં સુધી શુભ કે અશુભરૂપે પરંપરાગત પરિણમન થતું રહેવાનું. અને જ્યાં સુધી કર્મથી સંબંધ રહે ત્યાં સુધી તે જીવાત્માના ભિન્ન ભિન્ન સ્થાને યોજાવાનાં નિમિત્ત બનવાના અને પુનરાગમન થતું જ રહેવાનું.

કર્મ એ આખા જગતનો અચળ કાયદો છે. આ કાયદાને વશ આખું જગત પ્રવર્તી રહ્યું છે. આ કાયદો જુગજુગ જૂનો છે. તેમાં પરિવર્તન થતાં જ નથી. ગમે તેવું સમર્થ બળ ભલેને હો! પરંતુ તેના પર તેનું ચાલી શકતું નથી.

અનેક સમર્થ શૂરવીરો, યોગી પુરુષો અને ચક્રવર્તીઓ થઈ ગયા પણ તે કાયદાને વશ તો તેમને રહેવું જ પડ્યું. અનેક દેવો, દાનવો, રાક્ષસો, વગેરે પાક્યા. પણ અહીં તો તેમને મસ્તક નમાવવું જ પડ્યું.

આ કર્મની રચના ગંભીર છે. કર્મને આધીન થયેલું ચૈતન્ય પોતાનું સ્વરૂપ સાથે હોવા છતાં તેને ભૂલી જાય છે. જડના ઘર્ષણથી વિવિધ સુખદુઃખના અનુભવ કરે છે અને તન્મય બની જઈ અનેક ગતિઓમાં જડની સાથે ને સાથે પરિભ્રમણ કરે છે.

કર્મ એક છતાં ભિન્ન ભિન્ન પરિણામોની અપેક્ષાએ તેના આઠ વર્ગ છે. સૌથી પ્રબળ સત્તા, પ્રબળ સામર્થ્ય, પ્રબળ કાળસ્થિતિ અને

પ્રબળ રસસંવેદન કેવળ મોહનીય કર્મના મનાય છે. મોહનીય એટલે ચૈતન્યની ભ્રાંતિથી ઉત્પન્ન થયેલું કર્મ. આઠ કર્મોનો સર્વોપરિ નૃપતિ છે. આ નૃપતિને જીત્યા પછી બીજા સામંતો વશ થઈ શકે છે.

આ બધાં કર્મોના પુદ્ગલ પરિણામ, તેની કાળસ્થિતિ તેને અંગે ચૈતન્યના થતાં પરિવર્તન, કામ, ક્રોધ, લોભ, મોહ વગેરે શત્રુઓના પ્રચંડ પ્રકોપ વગેરે અધિકારો ઉત્તરાધ્યયન સૂત્રના તે તેત્રીસમા અધ્યયનમાં બહુસ્પર્શી વર્ણવ્યા છે. આવા ચિંતનથી જીવન પર થતી કર્મની અસરથી ઘણે અંશે છૂટી જવાનું બની શકે છે.

જીવ સ્વયં ચૈતન્ય સ્વરૂપી શુદ્ધ, બુદ્ધ અજર-અમર છે, પરંતુ સોનાની ખાણમાં સોનું અને માટી જેમ સહજ રીતે મિશ્રિત થયેલા હોય છે, તેજ રીતે જડ કર્મો અને જીવ પણ અનાદિકાળથી એકમેક રૂપે રહેલાં છે. જડ કર્મના સંયોગે જીવ પોતાનો સ્વભાવ છોડીને વિકાર ભાવને પ્રાપ્ત થાય છે. તે સ્વયં વીતરાગ સ્વરૂપ શુદ્ધ હોવા છતાં કર્મ સંયોગે રાગ-દ્વેષાદિ વિકારી ભાવો કરે છે. રાગદ્વેષથી કર્મબંધ અને કર્મબંધથી જન્મમરણ થાય છે. જન્મ-મરણ કરતાં કરતાં જીવ કર્મોના ઉદયને ભોગવે, તેમાં પુનઃ રાગ-દ્વેષાદિ ભાવો કરે અને કર્મ પુનઃ કર્મબંધ કરે છે. આ રીતે જીવ કર્મના કારણે જન્મ-મરણના ચક્રમાં પરિભ્રમણ કર્યા કરે છે. જ્યાં સુધી કર્મરૂપ વિકારી તત્ત્વનો સંયોગ રહે છે ત્યાં સુધી જીવનું પરિભ્રમણ ચાલુ જ રહે છે. આ રીતે જીવના સંસાર પરિભ્રમણનું મૂળભૂત કારણ કર્મનો સંયોગ છે.

કષાય અને યોગના નિમિત્તથી કાર્મણ વર્ગણાના પુદ્ગલોનું લેશ્યાના સંયોગે ક્ષીર અને નીરની જેમ આત્મ-પ્રદેશોમાં એકમેક થઈ જવું, તેને કર્મબંધ કહે છે.

આ લોકમાં આઠ પ્રકારની વર્ગણાના પુદ્ગલો ભર્યા છે. તેમાં એક કાર્મણવર્ગણા–કર્મ યોગ્ય પુદ્ગલો છે. તે પણ સમગ્ર લોકમાં વ્યાપ્ત છે. કષાય અને યોગના નિમિત્તથી આત્મપ્રદેશોમાં કંપન થાય છે. તે કંપન દ્વારા આત્મપ્રદેશો પર રહેલા કાર્મણવર્ગણાના પુદ્ગલો આત્મા સાથે એકમેક થઈને સંયોગ સંબંધથી બંધાઈ જાય છે. કાર્મણવર્ગણાના પુદ્ગલો જ્યાં સુધી જીવે ગ્રહણ કર્યા ન હોય, ત્યાં સુધી તે કર્મ કહેવાતા નથી. પરંતુ જીવ જ્યારે પોતાના વિકારી ભાવોથી તે પુદ્ગલોને ગ્રહણ કરીને આત્મા સાથે એકમેક કરે ત્યારે જ તે કર્મનું રૂપ ધારણ કરે છે.

**કર્મબંધના ચાર પ્રકાર**

કર્મ બંધાય તે પૂર્વે કાર્મણવર્ગણામાં જ્ઞાનાવરણીય આદિ આઠ પ્રકારનું કે અન્ય કોઈ પણ પ્રકારનું વિભાજન હોતું નથી. પરંતુ કર્મબંધ થાય તે જ સમયે તેના ચાર પ્રકાર થાય છે–(૧) કર્મોની પ્રકૃતિ (૨) કર્મોની સ્થિતિ (૩) કર્મોનો અનુભાગ–ફળ આપવાની તરતમતા (૪) કર્મવર્ગણાના પુદ્ગલોનો જથ્થો. તેને જ ચાર પ્રકારનો બંધ કહેવાય છે.

પૂર્વાચાર્યોએ ચાર પ્રકારના બંધની પ્રક્રિયાને મોદકના દૃષ્ટાંતથી સમજાવી છે. યથા-

(૧) પ્રકૃતિ બંધ : સૂંઠ, સાકર, ઘી વગેરે અનેક દ્રવ્યોનો સંયોગ કરીને મોદક બનાવ્યો હોય. તેમાં જો સૂંઠની પ્રધાનતા હોય, તો તે વાયુનો નાશ કરે, જીરું વગેરે ઠંડા પદાર્થોની પ્રધાનતા હોય, તો તે પિત્તનો નાશ કરે. આ રીતે મોદકમાં જે દ્રવ્યની પ્રધાનતા હોય, તે પ્રમાણે તેનો સ્વભાવ હોય. તે જ રીતે ગ્રહણ કરેલા કર્મ પુદ્ગલોનો સ્વભાવ કેવો થશે ? તે જ્ઞાનને આવરણ કરશે ? દર્શનનો આવરણ કરશે ? વગેરે તેના સ્વભાવાનુસાર તેનું કાર્ય નિશ્ચિત થાય છે; તેને પ્રકૃતિબંધ કહે છે. તેના મૂળ આઠ પ્રકાર છે -જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય.

(૨) સ્થિતિ બંધઃ મોદકની કાળમર્યાદા ભિન્ન ભિન્ન હોય છે. કેટલાક મોદક પંદર દિવસ સુધી રહે છે, કેટલાક આઠ દિવસમાં ખરાબ થઈ જાય છે. તે જ રીતે બંધાયેલા કર્મો આત્મા સાથે કેટલો સમય રહેશે તેની કાળમર્યાદા નિશ્ચિત થવી, તેને સ્થિતિ બંધ કહે છે. આઠે કર્મોની સ્થિતિ ભિન્ન ભિન્ન હોય છે.

(૩) અનુભાગ બંધઃ મોદકમાં સ્વાદની તીવ્રતા અને મંદતા હોય છે. જેમ કે કોઈ મોદક અત્યાધિક મીઠો હોય અથવા કોઈ ઓછો મીઠો હોય. કોઈ મોદક અલ્પ મેથીના કારણે અલ્પ કડવો હોય, કોઈ અધિક મેથીના કારણે અધિક કડવો હોય છે. તે જ રીતે બંધાયેલા કર્મોની ફળ આપવાની શક્તિ, કર્મનો ઉદય તીપણે થશે કે મંદપણે થશે તે નિશ્ચિત થાય, તેને અનુભાગ બંધ કહે છે.

(૪) પ્રદેશ બંધઃ મોદકના પ્રમાણમાં નાના મોટાપણું હોય છે. તે રીતે બંધાયેલા કર્મ પ્રદેશોના જથ્થાને પ્રદેશબંધ કહે છે.

આ ચાર પ્રકારના બંધમાં પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ યોગના આધારે થાય છે તથા સ્થિતિબંધ અને અનુભાગબંધ કષાયના આધારે થાય છે.

**આઠ કર્મોની પ્રકૃતિનો સ્વભાવ :**

(૧) જ્ઞાનાવરણીય–જેના દ્વારા પદાર્થોનું સ્વરૂપ વિશેષ–વિશેષ રૂપે જાણવામાં આવે, તેનું નામ જ્ઞાન છે. જ્ઞાનોપયોગને ઢાંકનાર કર્મનું નામ જ્ઞાનાવરણીય કર્મ છે. જેમ વાદળાંઓ સૂર્યને ઢાંકે તેમ જ્ઞાનાવરણીય કર્મ આત્માના જ્ઞાન ગુણને ઢાંકે છે.

(૨) દર્શનાવરણીય–જેના દ્વારા પદાર્થોનું સ્વરૂપ સામાન્ય રીતે જોવામાં આવે અર્થાત્ પદાર્થનો સામાન્ય બોધ થાય, તે દર્શન ગુણ છે. આત્માના દર્શનોપયોગ ગુણને ઢાંકનાર કર્મનું નામ દર્શનાવરણીય કર્મ છે. જેવી રીતે દ્વારપાળ રાજાના દર્શન કરવા ન દે તેવી રીતે દર્શનાવરણીય કર્મ આત્માને પદાર્થોના દર્શન ન થવા દે. સંક્ષેપમાં આત્માનો દર્શનગુણ પોતાના વિષય પ્રમાણે પદાર્થોનું સામાન્ય રીતે દર્શન કરાવે છે. તત્સંબંધી અન્ય વિવિધ વિશેષતાઓનો બોધ જ્ઞાનગુણથી થાય છે. આ રીતે આત્મામાં સદા સહવર્તી આ બંને ગુણો મળીને પદાર્થોનો સમ્યક્બોધ કરાવે છે. તે બંને મુખ્ય ગુણોને આવર્તીત કરનાર બે કર્મોને આઠ કર્મોમાં અગ્રસ્થાન આપ્યું છે.

(૩) વેદનીય કર્મ–આત્માને ઈન્દ્રિયજન્ય સુખ અને દુઃખનો અનુભવ કરાવે, તેનું નામ વેદનીય કર્મ છે. જેવી રીતે મધ લગાડેલી તલવાર ચાટવા જતાં જીભ કપાઈ જાય છે, સાથે મધનો સ્વાદ પણ આપે છે, તેવી રીતે વેદનીય કર્મ દ્વારા આત્માને શારીરિક–માનસિક સુખ અને દુઃખનો અનુભવ થાય છે.

(૪) મોહનીય કર્મ–જે કર્મના પ્રભાવથી આત્મા મૂઢ બની

જાય છે, જેને મોહનીય કર્મ કહે છે. જેવી રીતે મદિરાના નશામાં માણસ કર્તવ્યાકર્તવ્યનું ભાન ભૂલી જાય છે, તેવી રીતે કષાય કે વેદ જેવા મોહનીય કર્મના પ્રભાવથી આત્માને હેય–ઉપાદેયનું ભાન રહેતું નથી.

(૫) આયુષ્ય કર્મ–જે કર્મના ઉદયથી જીવ એક ગતિમાં અથવા એકભવમાં પોતાની નિયત સમય મર્યાદા સુધી રોકાઈ રહે, તેને આયુષ્ય કર્મ કહે છે. જેવી રીતે જેલમાં રહેલા માણસના પગમાં બેડીનું બંધન, તેને નિયત સમય પહેલાં જેલની બહાર જવા દેતું નથી, તેવી રીતે આયુષ્યકર્મ જીવને નિયત સમય પહેલાં બીજી ગતિમાં જવા દેતું નથી.

(૬) નામ કર્મ–જે કર્મના ઉદયથી જીવના શરીર, અંગોપાંગ આદિની રચના થાય, તેને નામ કર્મ કહે છે. જેવી રીતે ચિત્રકાર અનેક પ્રકારના નાના-મોટા ચિત્રો બનાવે છે, તેવી રીતે નામ કર્મના પ્રભાવે જીવ શરીર, અંગોપાંગ આદિની વિવિધ પ્રકારની આકૃતિ વગેરેની રચના કરે છે.

(૭) ગોત્ર કર્મ–જે કર્મના ઉદયથી જીવાત્મા ઊંચ-નીચ સંજ્ઞાથી સંબોધિત થાય છે, તે ગોત્ર કર્મ છે. જેવી રીતે કુંભાર માટીને ઘીના ઘડા, મદિરાના ઘડા વગેરે ઊંચ-નીચ રૂપમાં પરિણત કરે છે; તેવી રીતે ગોત્ર કર્મ જીવને જાતિ, કુળ આદિની ઉચ્ચ-નિમ્ન અવસ્થાઓને પ્રાપ્ત કરાવે છે.

(૮) અંતરાય કર્મ–જે કર્મ દાન-ભોગ આદિમાં અંતરાય-વિઘ્ન ઉપસ્થિત કરે છે, દેનારની દેવાની અને લેનારની લેવાની ઇચ્છા હોવા છતાં બંનેની ઈચ્છા પૂર્ણ ન થવા દે, તેને અંતરાય કર્મ કહે છે. જેવી રીતે રાજા દ્વારા ભંડારીને કોઈને દાન દેવાનો આદેશ આપવામાં આવે, તો પણ ભંડારી પોતાની પ્રકૃતિ અનુસાર ઉક્ત વ્યક્તિને દાન દેવામાં અંતરાયરૂપ બને છે. તેવી રીતે અંતરાય કર્મ આત્માને દાનાદિ કરવામાં વિઘ્નકારક બને છે.

કર્મોના ઉદય સમયે પ્રકૃતિ બંધ– આત્માના ગુણને આવૃત કરે છે. સ્થિતિ બંધ– કર્મ પ્રકૃતિ અનુસાર નિયત કાળ સુધી ફળ આપે છે. અનુભાગ બંધ– કર્મ પ્રકૃતિ અનુસાર તીા અથવા મંદરૂપે ફળ આપે છે. અર્થાત્ અનુભાગ બંધ પ્રમાણે જીવ સુખ અને દુઃખનો અનુભવ કરે છે. પ્રદેશબંધ– આત્મ પ્રદેશોમાં કર્મ પુદ્ગલોનો અનુભવ કરાવે છે.

આઠ કર્મોની ઉત્તર પ્રકૃતિ : જ્ઞાનાવરણીય કર્મના પાંચ પ્રકાર છે. શ્રુતજ્ઞાનાવરણીય, અભિનિબૌધિક (મતિ), જ્ઞાનાવરણીય, અવધિજ્ઞાનાવરણીય, મનઃપર્યવજ્ઞાનાવરણીય અને કેવળ-જ્ઞાનાવરણીય. શાસ્ત્રો વાંચવા અને સાંભળવાથી જે અર્થજ્ઞાન થાય તેને શ્રુતજ્ઞાન કહે છે. અથવા મતિજ્ઞાન થયા પછી જેમાં શબ્દ અને અર્થની પર્યાવલોચના થાય તે શ્રુતજ્ઞાન છે. શ્રુતજ્ઞાનને આવરણ કરનાર કર્મ શ્રુતજ્ઞાનાવરણીય કર્મ કહે વાય છે. આભિનિબોધિક જ્ઞાનાવરણીય–ઈન્દ્રિય અને મન દ્વારા સન્મુખ આવેલા પદાર્થોનું જે જ્ઞાન થાય, તેને આભિનિબોધિક (મતિજ્ઞાન) કહે છે. મતિજ્ઞાનને આવરણ કરનાર કર્મને મતિજ્ઞાનાવરણીય કર્મ કહે છે. અવધિજ્ઞાનાવરણીય–ઈન્દ્રિયો અને મનની સહાયતા વિના સાક્ષાત્ આત્માથી અમુક અવધિ કે મર્યાદામાં રહેલા રૂપી પદાર્થોનું જ્ઞાન થાય, તેને અવધિજ્ઞાન કહે છે. તેને આવરણ કરનાર કર્મ અવધિજ્ઞાનાવરણીય કર્મ કહેવાય છે. મનપર્યવજ્ઞાનાવરણીય–ઈન્દ્રિય અને મનની સહાયતા વિના સાક્ષાત્ આત્માથી અઢી દ્વિપ ક્ષેત્રમાં રહેલા સંજ્ઞી જીવોના મનોગત વિચારોને જાણી લેવા, તે મનઃપર્યવજ્ઞાન છે. તેને આવરણ કરનાર કર્મ મનઃપર્યવ જ્ઞાનવરણીય કર્મ કહેવાય છે. કેવળ જ્ઞાનાવરણીય-વિશ્વના ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાલીન સમસ્ત પદાર્થોને એક સમયમાં જાણે, તેને કેવળજ્ઞાન કહે છે. તે જ્ઞાનને આવરણ કરનાર કર્મ કેવળજ્ઞાનાવરણીય કર્મ કહેવાય છે.

દર્શનાવરણીય કર્મની ઉત્તર પ્રકૃતિઓ જેમાં નિદ્રા, નિદ્રા નિદ્રા, પ્રચલા, પ્રચલા પ્રચલા અને સ્ત્યાનગૃદ્ધિ. ઉદયરૂપે દર્શન ગુણનો વિઘાત કરે છે અને શેષ ચાર ભેદ ચક્ષુદર્શ નાવરણીય, અચક્ષુદર્શનાવરણીય, અવધિદર્શનાવરણીય અને કેવળદર્શનાવરણીય આવરણ રૂપે દર્શન ગુણનો વિઘાત કરે છે. આ રીતે દર્શનાવરણીય કર્મની ૫+૪=૯ પ્રકૃતિ છે. જે કર્મના ઉદયથી જીવ સુખપૂર્વક સૂવે અને સુખપૂર્વક જાગી જાય તે નિદ્રા છે. જે કર્મના ઉદયથી જીવને મુશ્કેલીથી ઊંઘ આવે અને મુશ્કેલીથી જાગે તે નિદ્રા નિદ્રા છે. જે કર્મના ઉદયથી જીવને બેઠા-બેઠા કે ઊભા-ઊભા પણ ઊંઘ આવી જાય તે પ્રચલા નિદ્રા છે. જે કર્મના ઉદયથી જીવને ચાલતાં-ચાલતાં પણ ઊંઘ આવી જાય, તે પ્રચલા પ્રચલા નિદ્રા છે. જે કર્મના ઉદયથી જીવ દિવસે ચિંતવેલું કાર્ય રાત્રે ઊંઘમાં કરી લે, તેવી ગાઢતમ નિદ્રા સ્ત્યાનગૃદ્ધિ નિદ્રા છે. તેવી ગાઢ નિદ્રામાં જીવને ઉત્કૃષ્ટ વાસુદેવનું અર્ધું બળ આવી જાય છે. જઘન્ય અને મધ્યમ બળમાં અનેક પ્રકારે હીનાધિકતા હોય છે. આ રીતે પાંચ પ્રકારની નિદ્રામાં આત્મા ક્રમશઃ ગાઢ, ગાઢતર અને ગાઢતમ બેભાન થતો જાય છે. પાંચે પ્રકારની નિદ્રામાં આત્માનો દર્શન ગુણ અવરુદ્ધ થઈ જાય છે. તેથી તેનો સમાવેશ દર્શનાવરણીય કર્મમાં થાય છે. ચક્ષુદર્શનાવરણીય કર્મ–ચક્ષુ દ્વારા ચક્ષુ વિષયગત પદાર્થોનું સામાન્ય બોધરૂપ દર્શન થાય તેને ચક્ષુદર્શન કહે છે. તે ગુણને આવરણ કરનાર કર્મને ચક્ષુદર્શનાવરણીય કર્મ કહેવાય છે. અચક્ષુદર્શનાવરણીય કર્મ–આંખ સિવાયની ચાર ઈંદ્રિયો અને મનથી પદાર્થોનું સામાન્ય બોધરૂપ જે પરોક્ષદર્શન થાય તેને અચક્ષુદર્શન કહે છે. તેનું આવરણ કરનાર કર્મ અચક્ષુદર્શનાવરણીય કર્મ કહેવાય છે. અવધિદર્શનાવરણીય કર્મ–ઈન્દ્રિય અને મનની સહાયતા વિના અવધિદર્શનના વિષયભૂત રૂપી પદાર્થોનું સામાન્ય બોધરૂપ દર્શન થાય, તેને અવધિદર્શન કહે છે. તેને આવરણ કરનાર કર્મને અવધિદર્શનાવરણીય કર્મ કહેવાય છે. કેવળદર્શનાવરણીય કર્મ–સંસારના રૂપી અને અરૂપી સંપૂર્ણ પદાર્થોનું સામાન્ય બોધરૂપે દર્શન થાય, તેને કેવળ દર્શનાવરણીય કર્મ કહેવાય છે.

વેદનીય કર્મના બે પ્રકાર છે-(૧) શાતા વેદનીય (૨) અશાતા વેદનીય. જે કર્મના ઉદયથી જીવાત્માને પાંચેય ઈન્દ્રિય વિષય સંબંધી સુખની તેમ જ શારીરિક, માનસિક કે સાંયોગિક સર્વ પ્રકારની અનુકૂળતાની પ્રાપ્તિ થાય તે શાતાવેદનીય કર્મ છે અને જે કર્મના ઉદયથી જીવાત્માને ઈષ્ટ વિયોગ અને અનિષ્ટ સંયોગનું દુઃખ અનુભવવું પડે તેમ જ શારીરિક, માનસિક, સાંયોગિક સર્વ પ્રકારની

પ્રતિકૂળતાની પ્રાપ્તિ થાય, તે અશાતાવેદનીય કર્મ છે.

મોહનીય કર્મના બે ભેદ છે–દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય.

**દર્શન મોહનીય**-તત્ત્વાર્થ શ્રદ્ધાન અથવા તત્ત્વની અભિરૂચિને સમ્યગ્દર્શન કહે છે; તેનો ઘાત કરનાર કર્મ, દર્શન મોહનીય કહેવાય છે. દર્શન મોહનીય કર્મના ત્રણ ભેદ છે-સમ્યક્ત્વ-મોહનીય-જે કર્મના ઉદયથી આત્માને જીવાજીવાદિ પદાર્થોમાં શ્રદ્ધા હોય, તત્ત્વરૂચિ હોય પરંતુ તેમાં કંઈક મલિનતા હોય, તેને સમ્યક્ત્વ મોહનીય કહે છે; જે રીતે ચશ્મા આંખોને આવરણરૂપ હોવા છતાં જોવામાં પ્રતિબંધક થતા નથી. તે જ રીતે સમ્યક્ત્વ મોહનીય કર્મ આત્માના સમ્યગ્દર્શન ગુણના આવરણરૂપ હોવા છતાં, વિશુદ્ધ હોવાના કારણે તે તત્ત્વાર્થ શ્રદ્ધાનું વિઘાતક થતું નથી.

સમ્યક્ત્વ મોહનીયના ઉદયથી આત્માને ક્ષાયિક-સમ્યક્ત્વની પ્રાપ્તિ થતી નથી, તેમ જ તેના પ્રભાવથી સમ્યક્ત્વમાં થોડી મલિનતા થાય છે. તેથી સૂક્ષ્મ તત્ત્વોની વિચારણા કરવામાં અનેક પ્રકારના સંશય થાય છે અને અલ્પ સમયમાં જ તે નષ્ટ થઈ જાય છે. મિથ્યાત્વ મોહનીય કર્મના શુદ્ધ થયેલા દલિકો જ સમ્યક્ત્વ મોહનીય કહેવાય છે.

**મિથ્યાત્વ મોહનીય :** જે કર્મના ઉદયથી આત્માને પદાર્થોનું યથાર્થ દર્શન ન થાય, પદાર્થોના સ્વરૂપને વિપરીત રૂપે જાણે, હિતને અહિત અને અહિતને હિત સમજે, તે કર્મનું નામ મિથ્યાત્વ મોહનીય છે. મિથ્યાત્વ મોહનીય કર્મ અશુદ્ધ દલિક રૂપ છે.

**મિશ્ર મોહનીય:** જે કર્મના ઉદયથી આત્માને તત્ત્વ કે અતત્ત્વ બંને પ્રત્યે સમાન રીતે તત્ત્વ બુદ્ધિ થાય, જિનધર્મ કે અન્ય ધર્મોમાં સમાનતા લાગે, સર્વ ધર્મોને સત્યરૂપ સમજે, આ પ્રકારની મિશ્રાવસ્થા, મિશ્ર મોહનીય કર્મના ઉદયથી થાય છે. મિશ્ર મોહનીય કર્મ મિથ્યાત્વ મોહનીય કર્મના શુદ્ધાશુદ્ધ દલિક રૂપ છે.

**ચારિત્ર મોહનીય:** આત્માના ચારિત્ર ગુણના વિઘાતક કર્મને ચારિત્ર મોહનીય કહે છે. જે કર્મના ઉદયથી આત્મા ચારિત્રના ફળને જાણવા છતાં ચારિત્ર ગ્રહણ કરી શકતો નથી, ચારિત્ર વિષયક મૂઢતાને પ્રાપ્ત થઈ જાય તેનું નામ ચારિત્ર મોહનીય કર્મ છે. તેના બે પ્રકાર છે-કષાય ચારિત્ર મોહનીય અને નોકષાય ચારિત્ર મોહનીય.

**કષાય ચારિત્ર મોહનીય :**-કષ એટલે સંસાર અને તેની આય એટલે પ્રાપ્તિ. જેના દ્વારા સંસારની પ્રાપ્તિ થાય તેને કષાય કહે છે; સંસારની પ્રાપ્તિરૂપ ભવભ્રમણના કારણને કષાય કહે છે ક્રોધ, માન, માયા અને લોભ ચાર કષાય છે. જે કર્મના ઉદયથી જીવ આ ચાર કષાયમય બની જાય છે. ક્રોધાદિ કષાય રૂપે જેનું વેદન થાય, તેને કષાય ચારિત્ર મોહનીય કર્મ કહે છે. ક્રોધ, માન, માયા અને લોભ તે ચાર મૂળ કષાય છે. તે દરેકની તીવ્રતા, મંદતાના આધારે તેના અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાનાવરણ અને સંજ્વલન, એમ ચાર ચાર ભેદ થાય છે. જેમ કે અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભ; અપ્રત્યાખ્યાની ક્રોધ, માન, માયા અને લોભ, પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ, માન, માયા, અને લોભ; સંજ્વલન ક્રોધ, માન, માયા અને લોભ આ રીતે કષાયના ૧૬ ભેદ થાય છે.

**અનંતાનુબંધી કષાય:** અનંત સંસારનો અનુબંધ કરાવનાર કષાય. જે કષાયની પરિણામ ધારાનો અંત દેખાતો નથી, જેની કોઈ સીમા કે મર્યાદા હોતી નથી તે અસીમ, અમર્યાદીત અંત વિનાના કષાયને અનંતાનુબંધી કહે છે. આ કષાયના પ્રભાવથી જીવાત્મા અનંતકાળ સુધી સંસારમાં ભ્રમણ કરતો રહે છે. તે આત્માના સમ્યક્ત્વગુણનો ઘાત કરે છે. **અપ્રત્યાખ્યાની કષાય-** જે કષાયના ઉદયથી જીવને કોઈ પણ પ્રકારના પ્રત્યાખ્યાનની પ્રાપ્તિ થતી નથી, તે અપ્રત્યાખ્યાની કષાય છે. **પ્રત્યાખ્યાનાવરણ કષાય-**જે કષાયના ઉદયથી સર્વવિરતિરૂપ પ્રત્યાખ્યાન પ્રાપ્ત થઈ શકતા નથી, તેને પ્રત્યાખ્યાનાવરણ કષાય કહે છે. **સંજ્વલન-**જે કષાય આત્માને વારંવાર ક્ષણિકરૂપે સંજ્વલિત કરતો રહે છે, તેને સંજ્વલન કષાય કહે છે. જે કષાય, અનુકૂળ-પ્રતિકૂળ સંયોગ-વિયોગના પ્રસંગે મુનિઓને કિંચિત્માત્ર સંજ્વલિત કરે છે, તેને સંજ્વલન કષાય કહે છે; તેમજ જે કષાયનો ઉદય યથાખ્યાત ચારિત્રની પ્રાપ્તિમાં બાધક થાય, તે સંજ્વલન કષાય છે.

**નોકષાય ચારિત્ર મોહનીય**-(૧) જે ભાવો ક્રોધાદિરૂપે ન દેખાતા છતાં સંસારવર્ધક હોય છે, જે સ્વયં કષાયરૂપ ન હોય પરંતુ કષાયની ઉત્પત્તિમાં નિમિત્ત બને, કષાયના સહચારી હોય, તેને નોકષાય ચારિત્ર મોહનીય કહે છે. જેમ એક વ્યક્તિનું હાસ્ય બીજા વ્યક્તિના ક્રોધનું કારણ બને છે. હાસ્ય સ્વયં કષાય નથી પરંતુ હાસ્યના નિમિત્તથી ક્રોધ ઉત્પન્ન થાય છે. તેથી તેને નોકષાય કહે છે. (૨) જે મોહ, કષાયરૂપ નથી પણ કષાયથી ભિન્ન ચારિત્ર મોહનીય કર્મનું જ એક રૂપ છે, તે નોકષાય ચારિત્રમોહ છે. સંક્ષેપમાં કર્મનું જ એક રૂપ છે, તે નોકષાય ચારિત્રમોહ છે. સંક્ષેપમાં ચારિત્રગુણને આવરિત કરનાર કર્મના બે રૂપ છે-કષાય અને નોકષાય. નોકષાયના સાત અથવા નવ ભેદ છે-હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા અને વેદ, તે સાત ભેદ છે. વેદના પુરુષવેદ, સ્ત્રીવેદ અને નપુંસકવેદ એમ ત્રણ ભેદ કરવામાં આવે તો (૬ અ૩) કુલ નવ ભેદ થાય છે.

આ ૧૬+૯=૨૫ પ્રકૃતિઓના ઉદયથી જીવાત્માનો ચારિત્રધર્મમાં અંતરાય અથવા સ્ખલના ઉત્પન્ન થાય છે.

**આયુષ્ય કર્મ**

આયુષ્ય કર્મની ઉત્તર પ્રકૃતિઓ ચાર છે-(૧) દેવાયુ (૨) મનુષ્યાયુ (૩) તિર્યંચાયુ (૪) નરકાયુ. પૂર્વ જન્મમાં જીવ જેટલું આયુષ્ય બાંધીને આવ્યો હોય તેટલો કાળ જીવને તે તે ભવમાં રહેવું પડે છે. નરકગતિમાં રોકી રાખનાર કર્મ નરકાયુ છે. તે જ રીતે ચારે પ્રકારના આયુષ્ય સમજી લેવા જોઈએ.

**નામ કર્મ**

તેના મુખ્ય બે ભેદ છે–શુભ નામ કર્મ અને અશુભ નામકર્મ. (૧) શુભ નામ-જે નામ કર્મના ઉદયથી શ્રેષ્ઠ શરીરની રચના થાય, સુંદર, મનોહર, સર્વજનોને પ્રિય શરીરાદિ પ્રાપ્તિ થાય, તેને શુભ નામ કહે છે. (૨) અશુભ નામ-જે નામ કર્મના ઉદયથી હીન, સર્વજનોને અપ્રિય એવા શરીરાદિ પ્રાપ્ત થાય તેને અશુભ નામ કર્મ કહે છે.

પ્રજ્ઞાપના સૂત્રમાં નામ કર્મના શુભ, અશુભ બે ભેદ ન કરતાં સામાન્ય રીતે ૯૩ ભેદ કરીને તત્સંબંધી નિરૂપણ કરવામાં આવ્યું છે.

**ગોત્ર કર્મ**

તેના બે ભેદ છે-ઉચ્ચ ગોત્ર અને નીચ ગોત્ર. (૧) ઉચ્ચ ગોત્રજે કર્મના ઉદયથી ઉચ્ચકુળમાં જન્મ થાય તેમજ શ્રેષ્ઠ જાતિ આદિ પ્રાપ્ત થાય, તેને ઉચ્ચગોત્ર કહે છે. તેના આઠ ભેદ છે-(૧) ઉચ્ચ જાતિ, (૨) ઉચ્ચ કુળ, (૩) શ્રેષ્ઠ બળ, (૪) શ્રેષ્ઠ રૂપ, (૫) શ્રેષ્ઠ તપ, (૬) શ્રેષ્ઠ ઐશ્વર્ય, (૭) શ્રેષ્ઠ શ્રુત, (૮) શ્રેષ્ઠ લાભ. (૨) નીચ ગોત્ર-જે કર્મના ઉદયથી જીવને હલકી જાતિ, કુળ આદિ પ્રાપ્ત થાય, તેને નીચ ગોત્ર કહે છે. તેના પણ આઠ ભેદ ઉચ્ચ ગોત્રની સમાન છે- (૧) હીન જાતિ, (૨) હીન કુળ, (૩) હીન બળ, (૪) હીન રૂપ, (૫) હીન તપ, (૬) હીન ઐશ્વર્ય, (૭) હીન શ્રુત, (૮) હીન લાભ. ઉક્ત આઠ પ્રકારે ઉચ્ચ ગોત્રનું ફળ ભોગવતાં તેનો મદ-ઘમંડ ન કરવાથી ઉચ્ચ ગોત્રનો બંધ થાય છે અને મદ કરવાથી નીચ ગોત્રનો બંધ થાય છે.

**અંતરાય કર્મ**

તેના પાંચ ભેદ છે-(૧) **દાનાંતરાય :** જે કર્મના પ્રભાવથી જીવને, દાનની ચીજો વિદ્યમાન હોવા છતાં, યોગ્ય પાત્ર ઉપસ્થિત હોવા છતાં અને દાનના ફળને જાણવા છતાં દાન કરવાનો ઉત્સાહ ન થાય તેને દાનાંતરાય કહે છે. (૨) **લાભાંતરાય :** જે કર્મના પ્રભાવથી, પદાર્થોના લાભમાં અંતરાય આવે, દાતામાં ઉદારતા હોય, દાનની વસ્તુ પાસે હોય અને યાચનામાં કુશળતા હોય તો પણ લાભ ન થાય, તેને લાભાંતરાય કહે છે. (૩) **ભોગાંતરાય :** જે કર્મના પ્રભાવથી જીવની પાસે સાધન-સામગ્રી હોવા છતાં રોગાદિના કારણે ભોગ્ય પદાર્થોને ભોગવી શકે નહીં, તે ભોગાંતરાય કર્મ છે. (૪) **ઉપભોગાંતરાય :** જે કર્મના ઉદયથી ઉપભોગની સામગ્રી પાસે હોય, તેને ત્યાગ પણ ન હોય, તેમ છતાં ઉપભોગ્ય વસ્તુઓનો ઉપભોગ ન કરી શકે, તેને ઉપભોગાંતરાય કર્મ કહે છે. જે પદાર્થ એકવાર ભોગવાય તેને ભોગ્ય કહે છે, જેમ કે ખાવાપીવાની વસ્તુઓ. જે પદાર્થ વારંવાર ભોગવાય તેને ઉપભોગ્ય કહે છે. જેમ કે પહેરવાઓઢવાની વસ્તુઓ, વસ્ત્ર, મકાન, આભૂષણ આદિ. (૫) **વીર્યાંતરાય :** વીર્યનો અર્થ છે સામર્થ્ય–શક્તિ. જે કર્મના પ્રભાવથી જીવ બળવાન, શક્તિશાળી હોવા છતાં તે કોઈ સાધારણ કામ પણ કરી શકે નહીં, તેમ જ જે કર્મના ઉદયથી સામર્થ્ય કે શક્તિની પ્રાપ્તિ થતી નથી તેને વીર્યાંતરાય કર્મ કહે છે.

કર્મબંધના કારણોનું કથન શ્રી ભગવતી સૂત્રમાં છે, અન્ય વિસ્તૃત વર્ણન શ્રી પ્રજ્ઞાપના સૂત્રમાં છે તથા કર્મ સંબંધી સાંગોપાંગ વર્ણન કમ્મપયડી ગ્રંથમાં અને કર્મગ્રંથના છ ભાગોમાં છે.

જીવ સમયે-સમયે કષાય અને યોગના નિમત્તથી અનંત-અનંત કાર્મણવર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરે છે. દ્રવ્યથી-એક સમયમાં ગ્રહણ થતાં તે અનંત-અનંત કાર્મણવર્ગણાના પુદ્‌ગલો અભવ્ય જીવોથી અનંતગણા હોય છે અને અનંતાસિદ્ધના જીવોથી અર્થાત્ સિદ્ધોની સંખ્યાથી અનંતમાં ભાગે ન્યૂન હોય છે. ક્ષેત્રથી–જે રીતે અગ્નિ સ્વયં જે ક્ષેત્રમાં હોય, તે ક્ષેત્રમાં રહેલા પદાર્થોને અગ્નિરૂપ પરિણત કરે છે. તે જ આકાશ પ્રદેશો પર અવગાહિત કર્મ પુદ્‌ગલોને ગ્રહણ કરે છે. ગ્રહણ કરાયેલા તે કર્મ પુદ્‌ગલો ક્ષીર-નીરની જેમ આત્મા સાથે એકમેક થઈ જાય છે અર્થાત્ તેનો બંધ સર્વાત્મ પ્રદેશોમાં થઈ જાય છે.

જ્ઞાનાવરણ આદિ કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીસ ક્રોડાક્રોડી સાગરોપમની છે અને જઘન્ય સ્થિતિ અંતર્મહૂર્તની છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અને અંતરાયકર્મની સ્થિતિ પણ સરખી છે. મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ સિત્તેર ક્રોડાક્રોડી સાગરોપમની છે અને જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની છે. આયુષ્ય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીસ સાગરોપમની છે અને જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની છે. નામ અને ગોત્રકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ વીસ ક્રોડાક્રોડી સાગરોપમની છે અને જઘન્ય સ્થિતિ આઠ મૂહૂર્તની છે.

કર્મની ફળ આપવાની શક્તિને અનુભાગબંધ કહે છે. બંધનકાળમાં તેના કારણભૂત કાષાયિક અધ્યવસાયના તીવ્રમંદભાવ અનુસાર પ્રત્યેક કર્મમાં તીા-મંદ ફળ દેવાની શક્તિ ઉત્પન્ન થાય છે. તે જ અનુભાગ બંધ છે. બંધનકાળમાં તેના કારણભૂત કાષાયિક અધ્યવસાયોના તીવ્ર-મંદ ભાવ અનુસાર પ્રત્યેક કર્મમાં તીવ્ર-મંદ ફળ દેવાની શક્તિ ઉત્પન્ન થાય છે. તે જ અનુભાગબંધ છે.

પ્રત્યેક કર્મ પોતાનું ફળ કર્મદલિકો દ્વારા જ પ્રગટ કરે છે. જીવોના અધ્યવસાય સ્થાનો અસંખ્યાત છે. પરંતુ એક એક અધ્યવસાયસ્થાન દ્વારા અનંતાનંત કર્મદલિકો ગ્રહણ થાય છે અને અનંતાનંત દલિકો એક સાથે પોતાનું સામર્થ્ય પ્રગટ કરે છે.

એક સમયમાં અનુભવાતા કર્મ દલિકો અભવ્ય જીવોથી અનંતગુણા અને સિદ્ધોથી અનંતભાગે ન્યૂન હોય છે. પરંતુ સર્વ અનુભાગ સ્થાનના કર્મદલિકો સર્વ જીવોથી અનંતગુણા અધિક હોય છે. કારણકે અનંત સંસારી જીવો સમયે-સમયે અનંતાનંત કર્મદલિકો ગ્રહણ કરે છે. તેથી તે દલિકો સર્વ જીવોથી અનંતગુણા અધિક થઈ જાય છે.

ज्ञानस्य फलं विरतिः જ્ઞાનનું ફળ વિરતિ છે. કર્મબંધના વિજ્ઞાન દ્વારા જીવ કર્મબંધથી વિરામ પામી સંવર અને નિર્જરા તત્ત્વની આરાધના કરે છે. કર્મના પરિણામ તીવ્ર ભયંકર છે. કર્મનો સિદ્ધાંત અટલ છે. જે વ્યક્તિ જેવા પરિણામથી કર્મોનો બંધ કરે છે, તેવા ફળ તેને ભોગવવા પડે છે. શુભ કે અશુભ બંને પ્રકારના કર્મો જીવને બંધનરૂપ છે, સંસારરૂપ છે. આ પ્રકારે કર્મ સિદ્ધાંતની અચલતાને જે જાણે છે અને તે આ ભવમાં નવા કર્મબંધ ન થાય તેના માટે સાવધાન રહે છે. તે ધર્મ પુરુષાર્થથી પૂર્વકૃત કર્મોનો ક્ષય કરીને આત્મશુદ્ધિ કરે છે.

આવી રીતે શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના તેત્રીસમાં 'કર્મ પ્રકૃતિ' નામના અધ્યયનમાં કર્મનું ભેદ-પ્રભેદ સહિત વિસ્તૃત સ્વરૂપ બતાવવામાં આવ્યું છે.

**શ્રી જ્ઞાતાધર્મકથા**

શ્રી જ્ઞાતાધર્મકથા સૂત્રના છઠ્ઠા અધ્યયનમાં તુંબડાના દૃષ્ટાંતથી જીવનું ભારેપણું અને હળવાપણું સિદ્ધ કર્યું છે.

ભગવાન મહાવીર સ્વામી રાજગૃહ નગરના ગુણશીલ ઉદ્યાનમાં બિરાજમાન હતા ત્યારે ગૌતમસ્વામીએ ભગવાનને પ્રશ્ન પૂછ્યો કે જીવ ગુરુ-ભારે કેમ થાય છે અને લઘુ-હળવો કેમ થાય છે? જીવ ગુરુતા અને લઘુતાને કેવી રીતે પામે છે?

પ્રભુએ તુંબડાના દૃષ્ટાંતથી સમજાવ્યું કે તુંબડાનો સ્વભાવ

પાણી ઉપર તરવાનો છે. પરંતુ તેના ઉપર ઘાસ અને માટીના લેપ કરવામાં આવે તો તે ભારે બની જાય છે અને પાણીમાં ડૂબી જાય છે. તેમ પ્રાણાતિપાતાદિ પાપોના સેવનથી આઠ કર્મના લેપથી યુક્ત જીવ ભારે બને છે અને સંસારમાં ડૂબી જાય છે. અને જેમ તે લેપ દૂર થતાં તુંબડું હળવું બની પાણી ઉપર તરે છે તેમ આઠ કર્મના લેપથી રહિત થવાથી જીવ હળવો બનીને લોકાગ્રે પહોંચી, મોક્ષમાં બિરાજે છે.

આ દૃષ્ટાંત દ્વારા સાધકોને એ સમજવાનું છે કે જીવ ગમે તેટલો ભારે કર્મી હોય, અનંત સંસારમાં પરિભ્રમણ કરતો હોય, પણ જો તે સંયમ અને તપ દ્વારા કર્મક્ષય માટે પુરુષાર્થ કરે, તો તે આઠેય કર્મ કરી, હળવો ફૂલ બની સિદ્ધ બની લોકાગ્રે સિદ્ધક્ષેત્રમાં પહોંચી જાય છે.

શ્રી ભગવતી સૂત્રમાં કાંક્ષામોહનીય કર્મનું વિસ્તૃત વિવેચન છે. કાંક્ષા એટલે અન્ય દર્શનની અભિલાષા. તે સમકિતનો અતિચાર છે. પરંતુ કાંક્ષામોહનીય શબ્દપ્રયોગ મિથ્યાત્વ મોહનીયના પર્યાય અર્થમાં પ્રયુક્ત છે. મિથ્યાત્વાભિમુખ થવામાં 'કાંક્ષા' મુખ્ય દ્વાર છે કારણકે શંકા અથવા અન્યમતના પરિચય આદિથી જ્યારે જીવ સ્વમતની શ્રદ્ધાથી ચલિત થાય અને પરમતની શ્રદ્ધામાં ખેંચાય કે તે ની આકાંક્ષાવાળો થાય ત્યારે તેને મિથ્યાત્વનો ઉદય થાય છે. કાંક્ષા દ્વારા આત્મપરિણામોમાં મિથ્યાત્વ મોહનો ભાવ જાગૃત થાય છે તેથી 'કાંક્ષા'ની સાથે મોહનીય શબ્દ જોડી મિથ્યાત્વ મોહનીયને કાંક્ષામોહનીય કર્મ કહ્યું છે.

કાંક્ષામોહનીય કર્મનો બંધ સર્વથી સર્વ થાય છે. અર્થાત્ સમસ્ત આત્મ પ્રદેશથી એક સમયમાં ગ્રહણ કરવા યોગ્ય સમસ્ત કર્મદલિકોને જીવ એક સાથે ગ્રહણ કરે છે અને તેનો બંધ પણ સમસ્ત આત્મપ્રદેશોમાં થાય છે. આત્મા એક અખંડ દ્રવ્ય છે. તેથી તેની કોઈ પણ ક્રિયા સર્વાત્મપ્રદેશથી થાય છે બંધ આદિ પ્રત્યેકના ત્રૈકાલિક આલાપક થાય છે. કાંક્ષામોહનીય કર્મનો બંધ પ્રમાદ અને યોગથી થાય છે. પ્રમાદ યોગથી ઉત્પન્ન થાય, યોગ વીર્યથી, વીર્ય શરીરથી અને શરીર જીવથી અને જીવ ઉત્થાનાદિ દ્વારા આ સર્વ ક્રિયા કરે છે તેથી જીવના ઉત્થાનાદિની સહજ સિદ્ધિ થઈ જાય છે.

સામાન્ય અપેક્ષાએ કાંક્ષામોહનીય કર્મનો સમાવેશ મોહનીય કર્મની ઉત્તર પ્રકૃતિદર્શન મોહનીયના એક ભેદ સમ્યક્ત્વ મોહનીયમાં થઈ શકે છે અને ઉત્કૃષ્ટતાની અપેક્ષાએ મિથ્યાત્વ મોહનીયમાં તેનો સમાવેશ થાય છે. કાંક્ષામોહનીય કર્મના નાશનો સચોટ ઉપાય છે શ્રદ્ધા. જે પદાર્થો કે વિષયો, તર્કગમ્ય, બુદ્ધિગમ્ય, ઈન્દ્રિયગમ્ય કે છદ્મસ્થ ગમ્ય ન હોય તેવા વિષયમાં तमेव सच्चंणिसंकं जं जिणेहिं पवेइयं । જિનેશ્વરે જે પ્રરૂપ્યું છે તે જ સત્ય છે. આ પ્રકારની દૃઢ શ્રદ્ધા રાખવાથી કાંક્ષામોહનીય કર્મનો નાશ થાય છે અને દૃઢ શ્રદ્ધાપૂર્વક આરાધના કરનાર જીવ આરાધક બને છે. સાધક કોઈ પણ નિમિત્ત સમયે શ્રદ્ધાને દૃઢ ન રાખે તો ક્રમશઃ તે સમ્યગ્દર્શનનું વમન કરી, મિથ્યાત્વી બની જાય છે.

'સમવાયાંગ સૂત્ર'માં નામકર્મ બેતાલીસ પ્રકારે જણાવ્યા છે. કર્મવિપાક સૂત્ર (કર્મના શુભાશુભ ફળ બતાવનાર અધ્યયન)ના તેંતાલીસ અધ્યયન કહેલા છે. ત્રીસમાં સમવાયમાં મોહનીયકર્મ બાંધવાના કારણભૂત ત્રીસ સ્થાન કહેલ છે.

શ્રી પ્રજ્ઞાપના સૂત્રના ત્રેવીસમાં પદમાં કર્મસિદ્ધાંતની સંખ્યા, ૨૪ દંડકવર્તી જીવોમાં તેના સદ્ભાવની પ્રરૂપણા, સમુચ્ચય જીવ તથા ૨૪ દંડકવર્તી જીવો, આઠ કર્મોની પરંપરાનું સર્જન કેવી રીતે કરે છે તેનું વર્ણન છે. એક કે અનેક સમુચ્ચય જીવો તથા ૨૪ દંડકવર્તી જીવોમાં મૂળભૂત કારણરૂપ રાગ અને દ્વેષનું નિરૂપણ છે. તદ્ઉપરાંત ૨૫ પ્રકારના જીવો એકત્વ કે બહુત્વની અપેક્ષાએ આઠ કર્મોથી ક્યા ક્યા કર્મોનું વેદન કરે છે તેનું કથન છે. આઠ કર્મની વિપાક યોગ્ય પ્રકૃતિઓનું વર્ણન છે. આઠ કર્મોની મૂળ અને ઉત્તર પ્રકૃતિઓના ભેદ-પ્રભેદોનું નિરૂપણ છે અને ભેદ પ્રભેદોની સ્થિતિનું વર્ણન છે. આ રીતે કર્મબંધના કારણ, કર્મ પરંપરા તથા આઠ કર્મની પ્રકૃતિ, સ્થિતિ અને અનુભાગ (વિપાક) બંધ વગેરે કર્મ સિદ્ધાંતોનું વિશદ વિશ્લેષણ છે.

આ રીતે જુદાં જુદાં આગમોમાં કર્મ સંબંધી માહિતી પ્રાપ્ત થાય છે. ★

## જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મના ક્રમનું પ્રયોજન

જીવનું લક્ષણ ઉપયોગ છે. ઉપયોગ બે પ્રકારે–જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ છે. તેમાં જ્ઞાનોપયોગ મુખ્ય છે. કારણ કે સકળ શાસ્ત્રની વિચારણા જ્ઞાન દ્વારા જ થાય છે. સર્વ લબ્ધિઓ પણ જ્ઞાન દ્વારા જ પ્રાપ્ત થાય છે અને મોક્ષની પ્રાપ્તિ સમયે પણ જ્ઞાનનો જ ઉપયોગ હોય છે. માટે જ્ઞાન ગુ ણને પ્રધાન ગુણ ગણીને તેને ઢાંકનારું જ્ઞાનાવરણીય કર્મ પ્રથમ ગણાયું છે. જીવ જ્ઞાનોપયોગમાંથી અવશ્ય દર્શનોપયોગમાં જાય છે. જ્ઞાન ઉપયોગ પૂર્ણ થતાં તરત જ દર્શનનો ઉપયોગ હોય તેથી જ્ઞાનાવરણીય કર્મ પછી દર્શન ગુણને ઢાંકનારું દર્શનાવરણીય કર્મ કહ્યું છે. આ બન્ને કર્મના ક્ષયોપશમની હીનાધિકતાને કારણે જીવને સુખ-દુઃખનો અનુભવ થતો હોવાથી ત્રીજું વેદનીય કર્મ કહ્યું છે. વેદનીય કર્મના ઉદયથી જીવને સુખદુઃખ રૂપે રાગ-દ્વેષ થાય છે, એટલે રાગ-દ્વેષરૂપ મોહનીય કર્મનું કારણ વેદનીય કર્મ છે. તેથી વેદનીય કર્મ પછી ચોથું મોહનીય કર્મ કહ્યું છે. મોહનીય કર્મના ઉદયથી મૂઢાત્મા આરંભ અને પરિગ્રહાદિમાં આસક્ત થઈ ઊંચ-નીચ ગતિમાં આયુષ્યનો બંધ કરે છે. એટલે આયુષ્ય કર્મનું કારણ મોહનીય કર્મ છે. તેથી મોહનીય કર્મ પછી પાંચમું આયુષ્યકર્મ કહ્યું છે. નરકાદિ આયુષ્યનો ભોગવટો શરીર વગર થઈ શકતો નથી. એટલે નામકર્મનું કારણ આયુષ્યકર્મ છે. તેથી આયુષ્ય કર્મ પછી છઠ્ઠું નામકર્મ કહ્યું છે. નામકર્મનો ઉદય થયા પછી જીવમાં ઉચ્ચ-નીચનો વ્યવહાર થાય છે. એટલે નામકર્મ પછી ગોત્ર કર્મ સાતમું કહ્યું છે. ગોત્રકર્મના ઉદયથી દાન, લાભ, ભોગ આદિની પ્રાપ્તિ અને વિયોગ થાય છે. એટલે અં તરાયકર્મનું કારણ ગોત્રકર્મ છે . તેથી ગોત્રકર્મ પછી આઠમું અંતરાયકર્મ કહ્યું છે. આમ દરેક કર્મને પૂર્વ-પૂર્વ કારણને અનુરૂપ ક્રમ આપ્યો છે તે એકદમ સચોટ અને મનનીય છે. ★

# ગુણસ્થાનક અને કર્મ

☐ ડૉ. કેતકી યોગેશ શાહ

*[ડૉ. કેતકીબહેને મુંબઈ યુનિવર્સિટીમાંથી 'ગુણસ્થાનક' જેવા ગહન વિષય ઉપર પીએચ.ડી. પદવી પ્રાપ્ત કરેલ છે. તેઓ કવયિત્રી તથા સંગીતજ્ઞ છે. તેઓ જૈન તત્ત્વજ્ઞાનના ઊંડા અભ્યાસી છે.[*

જગતમાં દેખાતી વિષમતા અને વિચિત્રતાનું કારણ કર્મ છે. એક જ માના બે દીકરા હોવા છતાં એક વિદ્વાન અને એક મૂર્ખ હોય. એક જ સરખી મહેનત કરવા છતાં એક ધનવાન અને એક નિર્ધન હોય. આવી વિભિન્નતા અને વિવિધતાનું કારણ દાર્શનિક જગતમાં પૂર્વકૃત કર્મ છે.

આત્માનું વાસ્તવિક સ્વરૂપ શુદ્ધ જ્ઞાનમય અને પરિપૂર્ણ સુખમય છે પણ રાગ અને દ્વેષ આદિના કારણે કાર્મણ વર્ગણાના પુદ્ગલો આત્મા સાથે ચોંટી જાય છે, તે કર્મ છે. આ કર્મના કારણે આત્માનું સ્વરૂપ મલિન બને છે. જેમ કોઈ પ્રકાશિત રત્ન ઉપર ધૂળ છાંટવામાં આવે ને જો ધૂળનું પ્રમાણ વધુ હોય તો રત્નનો પ્રકાશ ઝાંખો લાગે છે અને જેમ જેમ ધૂળનું પ્રમાણ ઓછું થતું જાય તેમ તેમ રત્ન વધુ પ્રકાશિત લાગે છે. તેવી રીતે કર્મનો જથ્થો આત્મા પર વધુ લાગતા આત્મસ્વરૂપની ઝલક ઝાંખી પડે છે અને જેમ જેમ કર્મનો જથ્થો આત્મા પરથી દૂર થતો જાય તેમ તેમ આત્મા વધુ ને વધુ ઊજળો લાગે છે.

શ્રી જ્ઞાતાધર્મકથા સૂત્રના અધ્યયન-૬ માં ભગવાન કહે છે કે માટીના લેપથી ભારે થઈ ગયેલું તુંબડું પાણીના તળિયે બેસી જાય છે. તે જ તુંબડું માટીના લેપથી મુક્ત થઈ જતાં હળવું થઈને પાણી ઉપર તરવા લાગે છે. તેવી જ રીતે આત્મા પર લાગેલાં કર્મોના લેપથી ભારે થયેલો આત્મા સંસારરૂપ ભવસાગરમાં ડૂબવા લાગે છે પણ પોતાના પુરુષાર્થથી અને સતત જાગૃતિથી તે કર્મોના લેપથી મુક્ત થઈ હળવો બનીને લોકાગ્રે પહોંચી, મોક્ષમાં બિરાજે છે.

કર્મથી લેપાયેલા અશુદ્ધ આત્માને કર્મમુક્ત શુદ્ધ આત્મા બનવા માટે ભિન્ન ભિન્ન અવસ્થાઓમાંથી પસાર થવું પડે છે. જેમ કોઈ ચોક્કસ મુકામે જતાં રસ્તામાં સ્ટેશનો આવે છે, જેમ અમુક માળ ઉપર પહોંચવા માટે પગથિયાં ચડવા પડે છે તેવી જ રીતે મુક્તિરૂપી અચલ સ્થાને પહોંચવા જે અવસ્થાઓમાંથી જીવ પસાર થાય છે તે સર્વ અવસ્થાઓ જાણવી–સમજવી મુશ્કેલ હોવાથી તીર્થંકર ભગવંત તથા જૈન ધર્માચાર્યોએ એને સંક્ષેપમાં ૧૪ વિભાગમાં વર્ગીકૃત કરી 'ચૌદ ગુણસ્થાનક'ની સંજ્ઞા આપી છે.

આચાર્ય નેમિચંદ્રદેવ 'ગોમ્મટસાર'ની ગાથા ૩ અને ૮માં કહે છે–મોહ અને યોગના નિમિત્તથી જીવની શ્રદ્ધા અને ચારિત્ર ગુણોની થવાવાળી તારતમ્યરૂપ અર્થાત્ હીનાધિક અવસ્થાઓને ગુણસ્થાનક કહે છે. ટૂંકમાં આત્મવિકાસની ક્રમિક અવસ્થાઆ– Stages of Spiritual Development એટલે ગુણસ્થાનક. આત્મિક વિકાસક્રમ–ગુણસ્થાનકનો મુખ્ય આધાર કર્મપ્રકૃતિ પર અવલંબે છે. જીવ જેમ જેમ કર્મપ્રકૃતિનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ કરતો જાય તેમ તેમ ક્રમશઃ ગુણસ્થાનકના એક એક પગથિયાં ચઢતો જાય છે. કર્મના બંધનમાંથી છૂટવાની પ્રક્રિયા ગુણસ્થાનકમાં રહેલી છે. ગુણસ્થાનકમાંથી જો કર્મનો છેદ કરવામાં આવે તો ગુણસ્થાનકમાં શેષ કાંઈ બચતું નથી અને કર્મમાંથી છૂટવા ગુણસ્થાનક સિવાય બીજો કોઈ રસ્તો નથી.

જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ આત્માના સ્વાભાવિક ગુણો છે. તે ગુણો આવશ્યક કર્મોથી દબાયેલા છે. પહેલે ગુણસ્થાનકે આવરક કર્મો વધારે પ્રમાણમાં હોવાથી અશુદ્ધિ વિશેષ હોય છે ત્યારે જ્ઞાનાદિ ગુણો અલ્પ પ્રમાણમાં પ્રગટ થયેલાં હોય છે અને ઉપર ઉપરના ગુણસ્થાનકે પૂર્વ ગુણસ્થાનકની અપેક્ષાએ શુદ્ધિ વધારે વધારે હોવાથી જ્ઞાનાદિ ગુણો વધારે પ્રમાણમાં પ્રગટ થયેલા હોય છે.

આત્માના સમગ્ર વાસ્તવિક સ્વરૂપને પ્રગટ કરવામાં જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મ અવરોધક બને છે. આ આઠ કર્મમાં મોહનીય કર્મ સૌથી વિશેષ બળવાન છે. જ્યાં સુધી મોહનીય કર્મનું આવરણ સઘન છે ત્યાં સુધી આત્માના ઉત્કર્ષ તરફ ગતિ નથી. જેમ જેમ આવરણ દૂર થાય છે તેમ તેમ જીવની ગતિ શુદ્ધિ તરફ વધતી જાય છે અને રાગદ્વેષજનિત મોહ સર્વથા ક્ષીણ થઈ જાય છે ત્યારે આત્મા પૂર્ણ શુદ્ધ દશાને પામી જાય છે.

શ્રી સમવાયાંગ સૂત્રના ૧૪મા સમવાયમાં ચૌદ ગુણસ્થાનક (જીવસ્થાનક) નામ છે તે આ પ્રમાણે છેઃ

(૧) મિથ્યાત્વ ગુણસ્થાનક
(૨) સાસ્વાદન સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનક
(૩) મિશ્ર (સમ્યગ્મિથ્યાદૃષ્ટિ) ગુણસ્થાનક
(૪) અવિરત સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનક
(૫) દેશવિરતિ ગુણસ્થાનક
(૬) પ્રમત્તસંયત ગુણસ્થાનક
(૭) અપ્રમત્તસંયત ગુણસ્થાનક
(૮) નિવૃત્તિ બાદર ગુણસ્થાનક
(૯) અનિવૃત્તિ બાદર ગુણસ્થાનક (૧૦) સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક
(૧૧) ઉપશાંત મોહનીય ગુણસ્થાનક
(૧૨) ક્ષીણમોહનીય ગુણસ્થાનક
(૧૩) સયોગીકેવળી ગુણસ્થાનક
(૧૪) અયોગી કેવળી ગુણસ્થાનક

કર્મબંધના પાંચ કારણ છે, તે મિથ્યાત્વ, આત, પ્રમાદ, કષાય અને યોગ છે. તેના પ્રતિપક્ષી સમ્યક્ત્વ, વિરતિ, અપ્રમાદ, અકષાય અને અયોગ છે. તેની પ્રાપ્તિ અનુક્રમે જેમ જેમ થતી જાય તેમ તેમ જીવ તે ગુણસ્થાનક છોડીને ઉપર ઉપરના ગુણસ્થાનકે જાય છે. **મિથ્યાત્વ** છૂટતા જીવ પહેલું ગુણસ્થાનક છોડી ચોથે ગુણસ્થાનકે જાય છે. **આત** છૂટતા જીવ ચોથું ગુણસ્થાનક છોડી પાંચમે-છઠ્ઠેસાતમે ગુણસ્થાનકે જાય છે. **પ્રમાદ** છૂટતા જીવ છઠ્ઠું ગુણસ્થાનક છોડી સાતમા ગુણસ્થાનકે જાય. **કષાય** છૂટતા જીવ દશમું ગુણસ્થાનક છોડી, ૧૧, ૧૨, ૧૩ મે ગુણસ્થાનકે જાય છે. **યોગ** છૂટતા જીવ ૧૩મું ગુણસ્થાનક છોડીને ૧૪મે ગુણસ્થાનકે જઈને ત્યાંથી પછી મોક્ષમાં જાય. જ્યાં જીવને કર્મ બાંધવાના કોઈ કારણ ઉપસ્થિત નથી. કર્મ ન હોવાના કારણે શરીર નથી, જન્મમરણ નથી, રોગ નથી, શોક નથી, દુઃખ નથી. તે આત્મા

અનંત આત્મિક સુખમાં વિચરે છે.

**પહેલું મિથ્યાત્વ ગુણસ્થાનક**–'યથા નામ તથા ગુણ'ના ન્યાયે આ ગુણસ્થાનકે મિથ્યાત્વ મોહનીય કર્મના ઉદયને કારણે જીવ કુદેવમાં દેવ, કુગુરુમાં ગુરુ અને કુધર્મમાં ધર્મ માને છે. દેવ, ગુરુ અને ધર્મના સત્ય સ્વરૂપથી અજાણ એવા જીવની અહીં પ્રારંભિક અજ્ઞાત અવસ્થા હોય છે. જેમ જન્માંધ મનુષ્ય જન્મથી જ કોઈ વસ્તુનું દર્શન નહીં કરવાથી તેનું સ્વરૂપ યથાતથ્ય જાણી શકતો નથી તેમ આ ગુણસ્થાનકે વર્તતો મિથ્યાત્વી જીવ નવ તત્ત્વોને જાણતો નથી. અને જો કોઈ જાણે તો પણ જેમ ધતુરાપાન કરવાથી અથવા કમળાના રોગથી ઘેરાયેલો મનુષ્ય વસ્તુને વિપરીત યા અન્ય રીતે દેખે છે તેમ મિથ્યાત્વની દૃષ્ટિ અવળી–વિપરીત હોય છે.

જેમ મણ દૂધમાં રતિ જેટલું ઝેર પણ હાનિકારક અને આરોગ્ય માટે બાધક છે તેમ મિથ્યાત્વનો ઓછામાં ઓછો અંશ પણ પહેલું ગુણસ્થાનક છોડવા દેતો નથી. મદિરા જેવું મોહનીય કર્મ આ ગુણસ્થાનકે ગાઢું હોવાથી સર્વજ્ઞ ભગવંતે જે વસ્તુ જેવા સ્વરૂપે કહી છે, તે વસ્તુ તેનાથી વિપરીત સ્વરૂપે સ્વીકારે કે માને છે.

અનાદિકાળથી મિથ્યાત્વ મોહનીય કર્મથી બંધાયેલો જીવ જો અભવ્ય (મોક્ષ પામવાની યોગ્યતા ધરાવતો ન હોય) હશે તો આ ગુણસ્થાનકમાં જ રાચ્યા કરશે. આવા જીવો દ્રવ્યથી ચારિત્ર પાળીને તેના પુણ્યોદયે નવ ગ્રૈવેયક સુધી પહોંચી શકે છે. પણ ભાવચારિત્રનો સ્વીકાર કર્યો ન હોવાથી તેમનો નિસ્તાર અશક્ય બની જાય છે.

જે જીવો મુક્તિપદ પામવાની યોગ્યતાવાળા છે તેવા ભવ્ય જીવો આ ગુણસ્થાનકના અંતે મિથ્યાત્વ મોહનીય કર્મથી છૂટવાનો પ્રયત્ન કરે છે. 'નદી ઘોલ પાષાણ ન્યાયે' એટલે જેમ નદીના પ્રવાહમાં તણાઈ રહેલો પથ્થર પોતાની મેળે જ લીસો બની જાય છે તેમ સાહજિક રીતે જ આયુષ્ય સિવાયની સાતે કર્મની દીર્ઘ સ્થિતિની સત્તા કપાઈને અંતઃ ક્રોડાકોડી સાગરોપમ થઈ જાય તેવું **યથાપ્રવૃત્તકરણ** થાય છે. ત્યારે જીવ ગ્રંથિદેશે-ગ્રંથિ પાસે આવ્યો કહેવાય છે.

જૈનદર્શનમાં અનાદિકાળથી જીવને વળગેલાં રાગદ્વેષના ગાઢ પરિણામને 'ગ્રંથિ' કહે છે. જ્યારે એ તીવ્રપરિણામરૂપ દુર્ભેદ્ય ગાંઠને તોડી (ભેદી) નાંખે છે ત્યારે 'ગ્રંથિભેદ' કર્યો કહેવાય છે.

અભવ્ય જીવો ઘણીવાર ગ્રંથિદેશે આવીને પાછા ફરી જાય છે. ગ્રંથિદેશે આવેલા બધા ભવ્ય જીવો ગ્રંથિભેદ કરે તેવું નથી કારણ કે ગ્રંથિભેદ કરવા માટે અત્યંત વીર્યોલ્લાસ ફોરવવો પડે છે. જે જીવમાં આધ્યાત્મિક વિકાસ સાધવાની યોગ્યતા પ્રગટી છે તેવા આસન્નભવ્ય જીવો દુર્ભેદ્ય કર્મગ્રંથિરૂપ મહાબળવાન પર્વતનો ગ્રંથિભેદ કરે છે. અપૂર્વકરણ રૂપ તીક્ષ્ણ ભાવ-વજ્રથી ભેદી નાંખે છે. જેમ જન્માંધ પુરુષને શુભ પુણ્યનો ઉદય થતાં ચક્ષુનો લાભ થતાં દૃષ્ટિ મળે છે




તેવો આત્મિક તાત્ત્વિક આનંદ ઉપજે છે. જે જીવને પૂર્વે ક્યારેય નહીં આવેલો એવો જે વિશુદ્ધ અધ્યવસાય ઉત્પન્ન થાય છે તેવા અપૂર્વકરણ પછી ઉત્તરોત્તર વિશુદ્ધ અધ્યવસાય રૂપ **અનિવૃત્તિકરણ** છે, જે સમક્તિ પ્રાપ્ત કરાવ્યા વગર અટકતું નથી.

આ અનિવૃત્તિકરણ સુધી મિથ્યાત્વ મોહનીય કર્મના દલિકો ઉદયમાં છે. અનિવૃત્તિકરણ અંતર્મુહૂર્ત પ્રમાણ છે. તે સ્થિતિમાં જ્યારે સંખ્યાતમો ભાગ બાકી રહે છે ત્યારે અંતઃકરણની ક્રિયા શરૂ થાય છે. આ ક્રિયામાં જીવ મિથ્યાત્વ મોહનીય કર્મ જે ઉદયમાં આવવાનાં છે તેને આગળ-પાછળ કરી દે છે. કારણ કે જ્યાં સુધી મિથ્યાત્વના દલિકો એકસરખા ઉદયમાં ચાલુ જ હોય ત્યાં સુધી સમ્યક્ત્વની પ્રાપ્તિ થતી નથી. જો મિથ્યાત્વના દલિકોનો ઉદય અટકે તો જ સમકિતની પ્રાપ્તિ થઈ શકે. જેમ ખેતરમાં બધે જ એકસરખું ઘાસ પથરાયેલું હોય અને તેમાં જો કોઈ એક સ્થળે આગ લાગે તો તે આગ જ્યાં ઘાસ છે ત્યાં ત્યાં બધે જ ફેલાઈ જાય; પરંતુ વચ્ચે ક્યાંક જો ઘાસ વગરની જગ્યા હોય તો ત્યાં આગ રોકાઈ જાય છે.

અંતઃકરણની ક્રિયા પછી પહેલા જ સમયે જીવને સમકિતની પ્રાપ્તિ થાય છે. મિથ્યાત્ત્વના ઘરમાં રહીને મિથ્યાત્વને હટાવીને જીવ અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ચોથા ગુણસ્થાનકમાં પ્રવેશ કરે છે. અહીંથી જીવ મોક્ષમાર્ગની તૈયારી કરે છે. **મોક્ષનો માર્ગ એ મોહનીય કર્મના વિજયનો માર્ગ છે.** જેવી રીતે નવી ખરીદેલી ઘડિયાળમાં કાંટા ગોઠવ્યા ન હોય તો દરેક સમયે સમય ખોટો બતાવે છે. ઘડિયાળ ચાલે છે પણ સમય ખોટો. તેમ મિથ્યાત્વ મોહનીય કર્મના કારણે કલાકના કાંટારૂપ કાયા, મિનિટના કાંટારૂપ વચન અને સેકન્ડના કાંટારૂપ મન ચાલે તો છે પણ જિંદગીના, માનવભવના બધા સમય ખોટા પૂરવાર થાય છે. જ્યાં સુધી મોહનો પાવર ચાલુ હોય ત્યાં સુધી ચાર ગતિના પાંખિયાવાળો સંસારનો પંખો ચાલુ જ રહે છે.

મિથ્યાત્વ દશામાં એક પણ વાસ્તવિક ગુણ પ્રગટેલો ન હોવા છતાં તેને પ્રથમ ગુણસ્થાનક કહ્યું કારણ કે જીવની અશુદ્ધ માન્યતાવાળી સૌથી નીચલી કક્ષા બતાવવાની અપેક્ષાએ અને જીવનો વિકાસ જ્યાંથી શરૂ થાય છે તે શરૂઆત દર્શાવવા મિથ્યાત્વની ભૂમિકાને ગુણસ્થાનક કહ્યું. ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમ સુધીના કર્મ બાંધનાર જીવ અંતો ક્રોડાક્રોડી સાગરોપમ કર્મબંધ સુધી આવે પછી જ સમકિત પામી શકે છે એ જીવનો વિકાસ આ ગુણસ્થાનકે થાય છે.

**અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકે** જીવ અનંતાનુબંધી ચતુષ્ક (ક્રોધ, માન, માયા, લોભ) અને દર્શન મોહનીયની ૩ પ્રકૃતિ (મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય, સમકિત મોહનીય) એમ દર્શન સપ્તકનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ કરે છે. છતાં કોઈ પણ પ્રકારના વ્રત-નિયમાદિ ધારણ કરી શકતો નથી. કારણ કે હજુ ચારિત્ર મોહનીય કર્મના ગાઢ આવરણ છે. તે જીવ પાપને પાપરૂપે જાણે છે, સ્વીકારે છે, માને છે પણ તે પાપકર્મનું આચરણ રોકી શકતો નથી.

જે જીવને ઉપશમ સમકિતની પ્રાપ્તિ થઈ ગઈ હોય અર્થાત્ અનંતાનુબંધી ચતુષ્ક અને દર્શનમોહનીય ક્રર્મની ત્રણ પ્રકૃતિનો ઉપશમ કર્યો હોય તે જીવને કોઈ નિમિત્ત મળતાં અનંતાનુબંધી કષાયનો ઉદય થાય તો તે સમકિતથી પતન પામે પરંતુ હજુ મિથ્યાત્વના પરિણામને પ્રાપ્ત થયો નથી તે **બીજા સાસ્વાદન ગુણસ્થાનકે** આવે છે. જેમ ખીરનું ભોજન કર્યા પછી વમન (ઊલટી) થઈ ગયું ત્યારે માત્ર ખીરનો સ્વાદ રહ્યો તે સમાન સાસ્વાદન સમકિત છે. જેમ ઘંટાનો નાદ, પહેલો જોરથી થયો, પછી રણકો રહી ગયો. જોરથી અવાજ થયો તે સમાન ઉપશમ સમકિત ગયું, રણકો રહી ગયો તે સમાન સાસ્વાદન સમક્તિ રહ્યું. આ ગુણસ્થાનક ઉપશમ

સમકિતથી પાછાં ફરતા જીવને આવે છે. પ્રથમ ગુણસ્થાનકથી ચડતા પ્રાપ્ત ન થાય કારણ કે અનાદિકાળનો મિથ્યાત્વી જીવ પ્રથમ વાર સમકિત પ્રાપ્ત કરે ત્યારે પહેલે ગુણસ્થાનકથી ચોથે ગુણસ્થાનકે જાય. બીજા ગુણસ્થાનકેથી જીવ અવશ્ય પહેલે ગુણસ્થાનકે જાય.

અનાદિનો મિથ્યાત્વી જીવ ૧લે ગુણસ્થાનકેથી બીજે ગુણસ્થાનકે જતો નથી તેમ ૧લે ગુણસ્થાનકેથી ત્રીજે ગુણસ્થાનકે પણ જતો નથી. ત્રીજા ગુણસ્થાનકે મિશ્ર મોહનીય કર્મના ઉદયના કારણે પૂરેપૂરી સમ્યક્ત્વની શુદ્ધિ પણ નથી કે પૂરેપૂરી મિથ્યાત્વની અશુદ્ધિ પણ નથી. જેમ દહીંમાં સાકર ભેળવીને શ્રીખંડ બનાવતા તેમાં એકલા દહીંનો સ્વાદ પણ નથી અને એકલી સાકરનો સ્વાદ પણ નથી. તેમ તેને જિનવચન પ્રત્યે રુચિ કે અરુચિનો ભાવ હોતો નથી. તેને ગુણ પણ ગમે છે અને દોષ પણ ગમે છે. સંસાર પણ ગમે છે અને મોક્ષ પણ ગમે છે. અહીં દૃષ્ટિ હોય છે પણ નીર અને ક્ષીર વચ્ચેનો વિવેક કરવા જેટલી તે સ્પષ્ટ હોતી નથી.

ત્રીજા ગુણસ્થાનકની અપેક્ષા ચોથા ગુણસ્થાનકમાં જીવને સુસ્પષ્ટ થઈ જાય છે કે સાચું શું અને ખોટું શું ? અહીં સુધીના ગુણસ્થાનકોમાં દર્શન મોહનીય કર્મ સાથેનો સંઘર્ષ હતો. પણ આનાથી આગળના ગુણસ્થાનકોમાં ચારિત્ર મોહનીય કર્મ સાથેનો સંઘર્ષ છે.

આત્મ વિકાસના ક્રમમાં આગળ વધતો જીવ દર્શનસપ્તક કર્મનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ કરે અને અપ્રત્યાખ્યાનાવરણીય કષાય ચતુષ્ક કર્મનો ક્ષયોપશમ કરે અર્થાત્ તે એક નાનું પણ ।તપચ્ચક્ખાણ ધારણ કરે **ત્યારે પાંચમા દેશવિરતિ ગુણસ્થાનકે** આવે તેવા જીવની દૃષ્ટિ સ્પષ્ટ થઈ, માર્ગ દેખાયો પણ પૂરેપૂરું ચલાય નહીં. તેનું કારણ ચારિત્ર મોહનીય કર્મ છે. જેમ અફીણને ઝેર માનતી વ્યસની વ્યક્તિ અફીણનું સેવન કરે છે તેમ આ ગુણસ્થાનકે વર્તતો શ્રાવક પણ આરંભ અને પરિગ્રહને ખોટા માનતો હોવા છતાં આત્મકાર્ય સાધતો મર્યાદાની અંદર પ્રવૃત્તિ કરે છે. અપ્રત્યાખ્યાનાવરણીય કષાય ચતુષ્કના ક્ષયોપશમના કારણે દેશ-અંશથી વિરતિને સ્વીકારે છે અને સાધુ બનવાના મનોરથ સેવે છે.

**છઠ્ઠા સર્વવિરતિ ગુણસ્થાનકે** જીવ દર્શન સપ્તક કર્મનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ કરે તથા અપ્રત્યાખ્યાનાવરણીય અને પ્રત્યાખ્યાની કષાય ચતુ ષ્કનો ક્ષયો પશમ કરે છે. પ્રત્યાખ્યાની કષાય ચતુ ષ્કના ક્ષયોપશમના કારણે પાપ વ્યાપારથી વિધિપૂર્વક સર્વથા નિવૃત્તિ લઈ, સંયત (સાધુ) બની પાંચ મહાાત, ૧૦ યતિધર્મ, અષ્ટ પ્રવચનમાતાનું પાલન કરે છે. તેમ છતાં યોગ ચપળ, કષાય ચપળ, વચન ચપળ અને દૃષ્ટિમાં ચપળતાનો અંશ રહેવાથી પ્રમાદપણાના કારણે આ ગુણસ્થાનકને પ્રમત્ત સંયત ગુણસ્થાનક કહે છે.

છઠ્ઠા અને સાતમા ગુણસ્થાનકની ક્ષય, ઉપશમ અને ક્ષયોપશમની પ્રકૃતિ સરખી છે પણ **સાતમા અપ્રમત્ત સંયત ગુણસ્થાનક**ના સાધકે પાંચ પ્રમાદ (મદ્ય, વિષય, કષાય, નિદ્રા અને વિકથા) પૂર્ણપણે ખંખેરી નાંખ્યા હોય છે. ધ્યાન અને અનુષ્ઠાનમાં અપ્રમત્તપણે ઉદ્યત રહેતા શુભલેશ્યામાં જ રહે છે. આ ગુણસ્થાનકનો કાળ, કે વળ અંતર્મુહૂર્તનો છે પણ બહુ Critical- નાજુક છે. જો એ બે ઘડી સચવાઈ ગઈ તો મોક્ષ હાથવેંતમાં અને જો એ બે ઘડી વેડફાઈ ગઈ તો પાછાં ગબડી જવાય.

સાતમા ગુણસ્થાનક સુધી દૃષ્ટિ કરતાં પ્રતીત થાય છે કે દર્શન મોહનીય કર્મ અને ચારિત્ર મોહનીય કર્મ–એ બંનેને પરાસ્ત કર્યા વગર આગળ વધી જ ન શકાય. મોહનીય કર્મ જ સૌથી વધારે પ્રબળ છે. બીજાં બધાં જ કર્મો તો તેની છાયામાં જ પાંગર્યા હોય છે. એક વાર મોહનીય કર્મનું તોતિંગ વૃક્ષ પડ્યું કે પછી બીજાં કર્મો તો આપોઆપ સૂકાઈ જવાનાં કે તેના ભારથી જ કચડાઈ જવાનાં. મોહનીય કર્મનો જેમ જેમ પરાજય થતો જાય તેમ તેમ અન્ય કર્મો જીર્ણક્ષીર્ણ થઈને પાતળાં પડતાં જાય છે.

**આઠમું નિવૃત્તિ બાદર સંપરાય અથવા અપૂર્વકરણ ગુ ણસ્થાનક છે.** खविता पुव्व कम्माइं, संजमेण तवेण य–પૂર્વ સંચિત કર્મનો ક્ષય સંયમ અને તપ દ્વારા થાય છે. તપમાં પણ શ્રેષ્ઠ એવું શુક્લધ્યાન છે. તે શુક્લધ્યાનની પ્રાપ્તિ જીવ આ ગુણસ્થાનકે કરીને મોક્ષે જવાની શ્રેણી માંડે છે. પ્રતિસમય અનંત ગુણ વિશુદ્ધિના પરિણામથી કર્મનો સ્થિતિઘાત, રસઘાત, ગુણ શ્રેણી, ગુણસંક્રમણ, સ્થિતિબંધ–એ પાંચ અપૂર્વકરણના કાર્યો કરે છે.

સમ્યક્ત્વની પ્રાપ્તિ સમયે અપૂર્વકરણ થયું હતું તેના કરતાંય અપૂર્વ કાર્ય અહીં થાય છે. આ શ્રેણીનું અપૂર્વકરણ છે કારણ કે જીવ અહીંથી ઉપશમશ્રેણી કે ક્ષપકશ્રેણી ઉપર ચડે છે. ઉપશમશ્રેણીવાળો જીવ મોહનીય કર્મ પ્રકૃતિનાં દળનો ઉપશમ કરતો ૯મે, ૧૦મે થઈ ૧૧મે ગુણસ્થાનકે જાય છે. ક્ષપકશ્રેણીવાળો જીવ મોહનીય કર્મ પ્રકૃતિનાં દળનો ક્ષય કરતો ૯મે, ૧૦મે થઈ ૧૨મે ગુણસ્થાનકે જાય છે.

**નવમા અનિવૃત્તિ બાદર સંપરાય ગુણસ્થાનકે** ક્ષપક શ્રેણીવાળો જીવ સંજ્વલનના લોભ સિવાયની નવ નોકષાય (હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, દુર્ગંચ્છા, સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ), સંજ્વલન ક્રોધ, સંજ્વલન માન, સંજ્વલન માયા એ ૧૨ પ્રકૃતિ અને પૂર્વેની ૧૫ પ્રકૃતિ એમ કુલ મોહનીય કર્મની ૨૭ પ્રકૃતિનો ક્ષય કરે છે. ઉપશમ શ્રેણીવાળો જીવ એ ૨૭ પ્રકૃતિનો ઉપશમ કરે છે. સંજ્વલનનો લોભ–જે મોહનીય કર્મની એક માત્ર પ્રકૃતિ રહી છે, જે લોભ પણ અત્યંત કૃશ બની ગયો છે.

**દશમું સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનક**માં માત્ર સંજ્વલનના લોભ કષાયનો સૂક્ષ્મ ઉદય હોય છે, જ્યાં સૂક્ષ્મ, થોડીક, પાતળી સંપરાય (કષાય) ક્રિયા રહી છે. સંજ્વલનના લોભ સિવાયની મોહનીય કર્મની ૨૭ પ્રકૃતિનો ક્ષય કરતો હોય તેવો જીવ દશમેથી બારમે ગુણસ્થાનકે જાય છે અને ઉપશમ કરતો હોય તેવો જીવ દશમેથી અગિયારમે ગુણસ્થાનકે જાય છે.

**અગિયારમા ઉપશાંત મોહ ગુણસ્થાનક**ના પ્રથમ સમયે સંજ્વલનના લોભનો ઉપશમ કરે છે. મોહનીય કર્મની સર્વ ૨૮ પ્રકૃતિઓનો ઉપશમ હોય છે. ઉપશાંત એટલે પાણી દ્વારા સંપૂર્ણ અગ્નિ બુઝાવ્યાની જેમ નહીં પણ રાખ વડે ઢાંકેલ અગ્નિની જેમ મોહનીય કર્મની ૨૮ પ્રકૃતિને સર્વથા ઉપશાંત કરી છે.

જીવ રાગ-દ્વેષ આદિ વિભાવિક પરિણામથી ચાર કષાય દ્વારા કર્મ બાંધે છે. તેમાં દ્વેષના ઘરના ક્રોધ અને માન નવમા ગુણસ્થાનકે ગયા. રાગના ઘરના માયા લોભ છે તેમાં માયા નવમા ગુણસ્થાનકે ગઈ અને લોભ તે આ ગુણસ્થાનકે ગયો. રાગના ઘરનો લોભ ગયો હોવાથી અગિયારમા ગુણસ્થાનકે જીવ રાગદ્વેષથી રહિત થઈને 'વીતરાગી' બને છે પરંતુ જ્ઞાનાવરણીયાદિ ઘાતી કર્મોનો ઉદય હોવાથી 'છદ્મસ્થ' કહેવાય છે.

અગિયારમે ગુણસ્થાનકે મોહનીય કર્મ પાણીમાં તળિયે પડેલી અશુદ્ધિ જેવા હોય છે, દબાયેલી સ્પ્રિંગ સમાન હોય છે માટે આ ગુણસ્થાનકેથી જીવ અવશ્ય નીચે ઉતરે છે, ચડતા નથી.

**બારમા ક્ષીણ મોહ ગુણસ્થાનક** જીવ મોહનીય કર્મની ૨૮ પ્રકૃતિનો ક્ષય કરવાથી પામે છે. જેમ સમુદ્રમાં સ્વયંભૂરમણ સમુદ્ર સર્વથી મોટો છે તેમ કર્મમાં મોટો મોહનીય કર્મ રૂપ સમુદ્ર પાર કરીને જીવ આ ગુણસ્થાનકે પાણીથી અગ્નિ બુઝાવે છે તેમ મોહનીય કર્મનો સર્વથા ક્ષય કરે છે. આ ગુણસ્થાનકે આવેલો જીવ અવશ્ય તે જ ભવમાં મોક્ષ પામે છે.

મોહનીય કર્મ નામનો સેનાપતિ હવે હારી ગયો એટલે બીજા ત્રણ ઘાતી કર્મની સેના પણ હારી જવાની. **તેરમા સયોગી કેવળી ગુણસ્થાનક**ના પ્રથમ સમયે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય કર્મની પ્રકૃતિનો ક્ષય થતા, જીવને કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રગટે છે. સાધનાકાળની સર્વોત્કૃષ્ટ અવસ્થા અને દરેક જ્ઞાની આત્માના ધ્યેય સમાન કેવળજ્ઞાનની પ્રાપ્તિ જીવને મોક્ષ સમીપ લાવી દે છે.

આ ગુણસ્થાનકે જે જીવે પૂર્વના ત્રીજા ભવમાં વિશષ આરાધનાના બળ વડે તીર્થંકર નામ કર્મ બાંધ્યું હોય તેવા જીવોને તીર્થંકર નામ કર્મનો ઉદય થાય છે. તે તીર્થંકર કહેવાય છે. સર્વોત્તમ અને પરમોત્કૃષ્ટ પ્રકૃતિના ઉદયના કારણે તેઓ ભગવંત બની પૂજાય છે.

અહીં બિરાજિત કેવળી ભગવંતને હજુ શરીરનો યોગ હોવાથી વેદનીય, આયુષ્ય, નામ એ ગોત્ર–આ ચાર અઘાતી કર્મ બળેલી સિંદરી જેવા વિદ્યમાન છે. સિંદરી બળી ગયા પછી તેનો વળ, આકૃતિ દેખાય છે, પરંતુ તેમાં બળ નથી, રાખ છે તેવા અઘાતી કર્મો બની ગયાં છે.

જે કેવળી ભગવંતોની આયુષ્ય કર્મની સ્થિતિ કરતાં શેષ ત્રણ કર્મોની સ્થિતિ વધુ હોય તે 'કેવળી સમુદ્‌ઘાત' નામની પ્રક્રિયા કરી ચારે ય કર્મોની સ્થિતિ સમાન કરી દે છે. જેથી આયુષ્ય પૂરું થાય ત્યારે કર્મનો એક પણ અંશ બાકી રહે નહીં.

કર્મ મુખ્યત્વે યોગ અને કષાયના કારણે બંધાય છે. દશમા ગુણસ્થાનકે કષાયને દૂર કર્યા પણ હજુ રહેલા યોગનો નિરોધ જીવ આ તેરમા ગુણસ્થાનકના અંતિમ ભાગમાં કરે છે.

મન, વચન, કાયાના સૂક્ષ્મ કે સ્થૂળ કોઈ પણ પ્રકારના યોગના અભાવથી શૈલેશીકરણ કરી આત્માની મેરુ જેવી નિષ્કંપ અવસ્થા જ્યાં હોય છે તેવું **ચૌદમું અયોગી કેવળી ગુણસ્થાનક** હોય છે. પાંચ હ્રસ્વ સ્વરોના ઉચ્ચારણ કરતાં જેટલો સમય લાગે તેટલા સમયમાં આત્મા સર્વ કર્મરહિત થઈને કર્મના આશ્રયસ્થાન સમા દેહને છોડીને મોક્ષને પ્રાપ્ત કરીને દેહાતીત થઈ જાય છે, ગુણસ્થાનકાતીત થઈ જાય છે. ચૌદમા અયોગી કેવળી ગુણસ્થાનકને છોડ્યા પછી તત્કાળ આત્મા લોકાકાશના અગ્રભાગે સિદ્ધ બનીને વિરમે છે.

નવકારમંત્રના બીજા સિદ્ધપદના ૮ ગુણ છે. ૮ કર્મના ક્ષયથી તે ૮ ગુણ પામે છે.

જ્ઞાનાવરણીય કર્મના ક્ષયથી કેવળજ્ઞાન પામે છે.
દર્શનાવરણીય કર્મના ક્ષયથી કેવળદર્શન પામે છે.
વેદનીય કર્મના ક્ષયથી અવ્યાબાધ આત્મિક સુખ પામે છે.
મોહનીય કર્મના ક્ષયથી વીતરાગતા પામે છે.
આયુષ્ય કર્મના ક્ષયથી અક્ષય સ્થિતિ પામે છે.
નામ કર્મના ક્ષયથી અમૂર્ત ગુણ પામે છે.
ગોત્ર કર્મના ક્ષયથી અગુરુલઘુ ગુણ પામે છે.
અંતરાય કર્મના ક્ષયથી અનંત વીર્ય પામે છે.

પ્રાયઃ બધા ધર્મ દર્શનો કર્મને માન્ય કરે છે. પણ કર્મમુક્તિનો વ્યવસ્થિત પગથિયાં રૂપ પ્રવાસ ફક્ત જૈન ધર્મ દર્શનમાં મળે છે. આ ગુણસ્થાનકની અવધારણા આત્માની કર્મોના નિમિત્તથી થતા બંધનથી તેની વિમુક્તિ તરફ જતી યાત્રાને પ્રકાશિત કરે છે.

ગુણસ્થાનક સાપસીડીની રમત જેવું છે. ક્યારેક જીવ પોતાના સમ્યક્ પુરુષાર્થથી કર્મના સવળાં પાસાં ફેંકીને ગુણસ્થાનકની સીડી ચડી જાય છે. તો ક્યારેક જીવ મિથ્યાપરાક્રમથી કે અપ્રમત્તતાથી કર્મનાં અવળાં પાસાં પાડીને ગુણસ્થાનક રૂપ સાપમાં નીચે ઊતરી જાય છે.

કર્મનો સિદ્ધાંત અનુકૂળપ્રતિકૂળ સંયોગોમાં સમાધાન આપી શાંતિ-સમતાને સ્થાપે છે, સામાજિક જીવનને તંદુરસ્ત બનાવે છે તો આધ્યાત્મિક જીવનને ફળદ્રુપ બનાવે છે. સાધક આત્માને પાપભીરુ અને ભવભીરુ બનાવવામાં સહાયક થાય છે. ભવભીરુ બનેલો સાધક જન્મ મરણના ફેરામાંથી, કર્મના વિષચક્રમાંથી છૂટવા મોક્ષ તરફનો સંવેગ વધારી, સંસાર પ્રત્યે નિર્વેદ ભાવ કેળવી, ગુણસ્થાનકના સોપાનમાં આગેકૂચ કરે છે. પહેલા ગુણસ્થાનકના અંતે જીવ કર્મ રૂપી મહાપર્વ તને સમ્યક્ત્વરૂપ સુરંગથી ભેદી નાંખે છે. ચોથા ગુણસ્થાનકે તેના મોટા મોટા ટુકડાઓ દૂર કરે છે, આઠમા ગુણસ્થાનકે તેનાથી પણ નાના નાના ટુકડાઓ દૂર કરે છે, દશમા ગુણસ્થાનકે નાની નાની કાંકરીઓ દૂર કરે છે, બારમા ગુણસ્થાનકે ઝીણી બારીક રેતી બનાવી દે છે. ચૌદમા ગુણસ્થાનકે તેને પણ દૂર કરીને ચોખ્ખો બનીને મોક્ખો (મોક્ષ) પ્રાપ્ત કરી લે છે.

જીવના ઉત્થાન અને પતન માટે જીવનાં કર્મો જ જવાબદાર છે. માટે મોક્ષમાર્ગમાં પ્રસ્થાન કરનાર જીવે કર્મને જ પોતાનું નિશાન બનાવીને તીર તાકવાનું છે. **કર્મ સાથે સંઘર્ષનો માર્ગ, એ જ મોક્ષ માર્ગ છે, એ જ ગુણસ્થાનક છે.** એ મોક્ષના સોપાનરૂપ ગુણસ્થાનકમાં અનુક્રમે પસાર થતા થતા જ કર્મરહિત અવસ્થા પ્રાપ્ત થાય છે. જેમ સાગરખેડુઓ પોતે સાગરમાં ક્યા અક્ષાંશ અને રેખાંશ ઉપર છે તેનું સતત ધ્યાન રાખે છે તેમ સાધકે પોતે સાધનાપથ ઉપરના પોતાના સ્થાનથી સતત માહિતગાર રહેવું જોઈએ.

ભગવાન મહાવીર કુશળ સાર્થવાહક અને કુશળ ઉપદેષ્ટા છે. તેમણે પોતે સાધનાપથ ચાતરીને, તેના ઉપર ચાલીને, પાછળ આવનારાઓ માટે સીમાના પથ્થરો– milestone મૂક્યાં છે. ખુદ ભગવાન મહાવીરને પણ પૂર્વકૃત કર્મોએ છોડ્યાં નથી. તેમણે તે પ્રચુર કર્મોમાંથી છૂટવા જે પુરુષાર્થ કર્યો છે તે નાથી લગભગ દરેક જૈની માહિતગાર છે.

તો ચાલો ...આપણે પણ અનાદિકાળના જથ્થાબંધ કર્મોથી છૂટવા, આસ્રવનો માર્ગ ત્યાગી, સંવર-નિર્જરાના માર્ગે મોહનીય કર્મ સામે જંગનું એલાન છેડી, ગુણસ્થાનકના પગથિયાં ચઢવા આત્માને કટિબદ્ધ કરીએ ...તો શુભસ્ય શીઘ્રમ.... ★

૫/૫, સ્વામી લીલા શાહ સોસાયટી, ગાર્ડન લેન,
સંઘાણી એસ્ટેટ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૬
મોબાઈલઃ ૯૩૨૩૫૬૮૯૯૯. ફોનઃ ૦૨૨-૨૫૦૦૪૦૧૦

# ચોસઠ પ્રકારી પૂજામાં કર્મનું આલેખન

□ ડૉ. અભય દોશી

*[વિદ્વાન લેખક મુંબઈ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના સહયોગી અધ્યાપક, પીએચ.ડી.ની ઉપાધિ માટેના માર્ગદર્શક, જૈનધર્મ વિષયક પુસ્તકોના કર્તા, શોધનિબંધ 'ચોવીશી સ્વરૂપ અને સાહિત્ય'ના લેખક તેમજ પ્રભાવક વક્તા છે.]*

મધ્યકાળના અંતિમ કાળખંડમાં થયેલા પંડિત વીરવિજયજીએ અનેક પૂજાઓ, રાસાઓ, સ્તવન, ચૈત્યવંદન આદિ કૃતિઓ રચી છે. આ સર્વમાં તેમની લયમધુર પૂજાઓ ભવ્યજીવોને માટે વિશેષ આકર્ષણનો વિષય બની રહી છે. વિક્રમની ઓગણીસમી સદીના પૂર્વાર્ધમાં બ્રાહ્મણ કુટુંબમાં તેમનો જન્મ થયો હતો. જૈન મુનિ શુભવિજયજીના સંપર્કે વૈરાગ્યવંત બની દીક્ષા ધારણ કરી હતી.

તેમણે રચેલી અનેક પૂજાઓમાં ચોસઠપ્રકારી પૂજાનું સ્થાન વિશિષ્ટ છે. વાસ્તવમાં ચોસઠપ્રકારી પૂજા એક પૂજા નથી, પરંતુ આઠ પૂજાઓનો સમૂહ છે. આ ચોસઠપ્રકારી પૂજા કર્મસુદનતપના ઉજમણામાં મુખ્યરૂપે ભણાવવાની હોય છે. જે પૂજા આઠ દિવસ સુધી ચાલે છે. આ કર્મસુદનતપ અષ્ટકર્મના વિચ્છેદ કરવાના આશય સાથે કરવામાં આવતું હોય છે. એમાં એક એક કર્મને આશ્રીને ૧ ઉપવાસ, ૧એકાસણું, ૧ એકસીક્થ, ૧ એકલઠાણું, ૧ એકદન્તી, ૧ નીવી, ૧ આયંબિલ, ૧ અષ્ટકવલનો તપ કરવામાં આવતો હોય છે. આમ આઠ કર્મ માટે કુલ ૬૪ દિવસના તપની પૂર્ણાહુતિ થયે ઉદ્યાપનરૂપે આ પૂજા કરવાનું વિધાન છે. આ પૂજાઓની સુગેયતા તેમજ મંત્રાત્મકતાને લીધે અંતરાય તેમ જ વેદનીય કર્મની પૂજા વિશેષરૂપે સ્વતંત્ર ભણાવવાનું ચલણ રહ્યું છે.

કવિએ આ પૂજામાં આ આઠે કર્મોની સ્થિતિ, તેનો ઉદય, બંધ આદિનું કર્મગ્રંથમાં વર્ણિત તત્ત્વજ્ઞાનને રસિક રીતે વર્ણવવાનો ઉપક્રમ કર્યો છે. વળી, કવિની દૃઢ શ્રદ્ધા છે કે, આ જગતની સૌ સત્તા કરતાં કર્મસત્તા શક્તિશાળી છે, પરંતુ આ કર્મસત્તા કરતાં પણ ધર્મસત્તા વિશેષ શક્તિશાળી છે. કર્મના મર્મને ભેદવા માટે ધર્મથી વિશેષ સામર્થ્ય આ જગતમાં કોઈ પણ પદાર્થનું નથી. આથી આ ધર્મસત્તાના ભંડાર સમા પ્રભુની ભક્તિ માટેના વિવિધ દ્રવ્યોથી કર્મના નાશનું આલેખન કવિએ ભાવપૂર્ણ શૈલીમાં કર્યું છે. કવિએ આઠેય કર્મ માટે આઠ-આઠ ઢાળ અષ્ટપ્રકારી પૂજાને સંદર્ભે ફાળવી છે.

પ્રથમ જ્ઞાનાવરણીય કર્મ પૂજાનો પ્રારંભ કવિ પોતાના પરમ આરાધ્યદેવ શંખેશ્વર પાર્શ્વનાથ, સરસ્વતી દેવી તથા ગુરુ શુભવિજયજીને પ્રણામ કરી આચારદિનકર ગ્રંથ અનુસાર કર્મસુદન તપની વિધિ દર્શાવી છે.

જ્ઞાનાવરણીયકર્મસુદન પૂજાની પ્રથમ પૂજામાં પરમાત્માને જળઅભિષેક દ્વારા અજ્ઞાન દૂર કરવાનો માર્ગ દર્શાવ્યો છે. બીજી પૂજામાં જ્ઞાનાવરણીય કર્મની વિવિધ પ્રકૃતિઓની વિશેષતા ચર્ચી છે. ત્રીજી પૂજામાં પુષ્પ દ્વારા શ્રુતજ્ઞાનાવરણીય કર્મને દૂર કરવાની વાત આલેખી છે. કવિએ આ વાતને મનોહર ધ્રુવપંક્તિ દ્વારા અભિવ્યક્ત કરી છે. સમવસરણે શ્રુતજ્ઞાન પ્રકાશે, પૂજે સુરવર કૂલની રાશે સ્વામિ! કૂલની રાશે.

ચોથી પૂજામાં ધૂપ દ્વારા અવધિજ્ઞાન પાંચમીમાં દીપક દ્વારા મનઃપર્યવજ્ઞાનને પ્રાપ્ત કરવાની વાત આલેખી છે.

છઠ્ઠી પૂજામાં અક્ષતપદ પ્રાપ્તિ માટે અક્ષતપૂજાને આલેખી છે. અહીં પરમાત્માને થતાં કેવલજ્ઞાનનું ચિત્તહારી વર્ણન કરવામાં આવ્યું છે.

ત્રિશલનંદન નિહાળીએ, બાર વરસ એક ધ્યાન.
નિંદ સ્વપ્ન જાગર દશા, તે સવિ દૂર હોય.
દેખે ઉજાગર દશા, ઉજ્જવલ પાયા દોય.
લહી ગુણઠાણું તેરમું, ધુર સમયે સાકાર.
ભાવ જિનેશ્વર વંદીએ, નાઠા દોષ અઢાર.

પુનઃ સાતમી અને આઠમી પૂજામાં જ્ઞાનગુણનો મહિમા ગાવામાં કવિ જ્ઞાનમહિમાને બળદના દૃષ્ટાંતથી રજૂ કરે છે;

તેલી બળદ પરે કષ્ટ કરે, જીઉવિણ શ્રુતલહેર;
નિશદિન નયન મીંચાણે, ફરતો ઘેરનો ઘેર.

તેલીનો બળદ રાતદિવસ ફરે, કષ્ટ સહન કરે, પણ એ ઘરમાં ને ઘરમાં જ હોય એમ જીવો સમ્યક્ શ્રુતજ્ઞાનની લહેર વિના સંસાર સાગરનો પાર પામી શકતા નથી. એમના તપ, જપ, ક્રિયા આદિ નિષ્ફળ રહે છે.

કવિ જ્ઞાનાવરણીય કર્મ બાદ બીજે દિવસે કરવાની દર્શનાવરણીય કર્મ સુદનાર્થ પૂજા આલેખે છે. કવિ દર્શનાવરણીય કર્મના બંધના મુખ્ય કારણ રૂપે જિનાગમ અને જિનમૂર્તિના દર્શનમાં વિઘ્નકાર્યને ગણાવે છે. કવિ ચક્ષુ વડે પ્રભુદર્શનનો ઉલ્લાસ દર્શાવતાં કહે છે;

*તુજ મૂરતિ મોહનગારી, રસિયા, તુજ મૂરતિ મોહનગારી.*
*દ્રવ્ય ગુણ પરજાય ને મુદ્રા, ચઉગુણ પડિમા પ્યારી.*

તારી મૂર્તિ મોહનગારી છે. આ મૂર્તિ નિમિત્ત તીર્થંકર પ્રભુના દ્રવ્ય, ગુણ પર્યાય અને મુદ્રા સાથે અનુસંધાન રચાય છે, માટે આ ચાર ગુણવાળી પ્રતિમા મનોહારી છે. આ પૂજામાં ચાર પ્રકારના દર્શન આચરણ તેમજ પાંચ પ્રકારની નિદ્રા અંગેના શાસ્ત્રની વિવિધ દૃષ્ટાંતોની રસિક શૈલીમાં રજૂઆત કરી છે,

દ્વાદશાંગી ગણિરૂપ પેટી રે, મુનિવયણે નિદ્રા લપેટી રે.
પૂરવધર પણ શ્રુતમેટી રે, રહ્યા નિગોદમાં દુઃખ વેંઢી રે.

કર્મસુદન તપના ઉદ્યાપનમાં ત્રીજે દિવસે વેદનીયકર્મ નિવારણ પૂજા ભણાવવામાં આવે છે. સ્વતંત્ર રીતે જે પૂજાઓ ભણાવવામાં આવે છે, તેમાં વેદનીયકર્મ નિવારણ પૂજાનો પ્રચાર વિશેષ છે. એની પ્રથમ ઢાળમાં કવિએ લયાત્મક રીતે પરમાત્માના જન્મમહોત્સવનું આલેખન કર્યું છે;

ન્હવણની પૂજા રે, નિરમલ આતમારે.
તીર્થોદકનાં જળ મેલાય, મનોહર ગંધે તે ભેળાય. ન્હવણ.૧.

પહેલી ઢાળને અંતે કવિ એક માર્મિક વાત આલેખે છે;

'વેદની વિઘટે મણિ ઝલકંત.'

આત્માના શુદ્ધ સ્વરૂપના દર્શનમાં ઘાતી-અઘાતી બન્ને કર્મો

અવરોધક છે. એમ છતાં ઘાતિ ક્ષય થયા પછી પણ, અઘાતિનો સંપૂર્ણપણે ક્ષય ન થાય, ત્યાં સુધી આત્મા સિદ્ધ સ્વરૂપ બની શકતો નથી. આ અઘાતિમાં વેદનીય કર્મ પ્રધાન હોવાથી, કવિ વેદનીયકર્મ વિઘટે ત્યારે શુદ્ધ આત્મસ્વરૂપ મણિ ઝળકે છે, એમ જણાવે છે. આ પૂજાની ચોથી ઢાળમાં પ્રભુભક્તિ દ્વારા શુત શાતાવેદનીય કર્મ બાંધનારા અને બારમા દેવલોકે જનારા જીરણશેઠનું દૃષ્ટાંત આલેખ્યું છે. આ ઢાળ સ્વતંત્ર સ્તવનરૂપે પણ પ્રચલિત છે. પાંચમી ઢાળમાં લવસતમ મુનિઓ સર્વાર્થસિદ્ધ વિમાનમાં કેવું દિવ્ય-સંગીતનું સુખ અનુભવે છે, તેનું આલેખન કરવામાં આવ્યું છે. છઠ્ઠી ઢાળમાં અશાતાવેદનીય કર્મબંધના કારણો આલેખ્યા છે. સાતમી ઢાળમાં કર્મક્ષય અર્થે વિષય-વિકારનો ત્યાગ કરવાની વાત પરદેશી રાજાના દૃષ્ટાંતથી આલેખી છે. આઠમી ઢાળમાં પ્રભુ મહાવીરનું ચરિત્ર સંક્ષેપમાં આલેખી શાતાવેદનીય-અશાતાવેદનીય કર્મ હટાવવા માટે આત્મિક વીર્ય ફોરવવાની વાત આલેખી છે.

ચોથી મોહનીયકર્મ નિવારણપૂજામાં પણ મોહનીયકર્મની વિવિધ પ્રકૃતિઓના બંધ-ઉદય આદિના કારણો દર્શાવી નિવારણ માટે પ્રભુ ભક્તિનો માર્ગ દર્શાવ્યો છે.

કવિ પાંચમી આયુષ્યકર્મ નિવારણ પૂજાનો પ્રારંભે આયુષ્યકર્મનું સ્વરૂપ સ્પષ્ટ કરતાં કહે છે;

'પંચમકર્મતણી કરું, પૂજા અષ્ટપ્રકાર;
મોહરામ દરબારમાં, જીવિત કારાગાર.'

કવિએ વિવિધ આયુષ્યના બંધના કારણો તથા તે-તે આયુષ્યના નિવારણના ઉપાયો રસિક રીતે પૂજામાં આલેખ્યા છે. દા. ત. માયા અને અવિવેકથી તિર્યંચ આયુષ્ય બંધાય; એની વાત આલેખતાં કહે છે;

થઈ ધીરોલી સાધવી, શેઠ સુંદર હો વંદન મણિયાર કે,
એવિવેકે પરભવ લહે, ગોહજાતિ હો દેડક અવતાર કે.

એક સાધ્વીએ દીક્ષા બાદ માયાપૂર્વક કિંમતી રત્નને સાચવી રાખ્યું. અનેક તપશ્ચર્યા બાદ આયુષ્ય પૂર્ણ થયે એ સાધ્વીનો જીવ રત્નની બાજુમાં ગરોળીનો અવતાર પામ્યો. એ જ રીતે નંદન મણિયારે અવિવેકથી વાવડી-સરોવર વગેરેમાં આસક્તિ રાખી, માટે બીજા અવતારે દેડકાનો ભવ મળ્યો.

આમ, વીર વિજયજીએ કર્મગ્રંથના કઠિન વિષયને પણ કથા-દૃષ્ટાંતો તેમજ રસભરી ઢાળની ધ્રુવપંક્તિઓ દ્વારા યથાશક્ય રસિક બનાવવાનો પ્રયત્ન કર્યો છે.

છઠ્ઠી નામકર્મની પૂજામાં નામકર્મની અનેક શુભ-અશુભ પ્રકૃતિઓ છે, આથી આ પૂજામાં કર્મગ્રંથમાં આલેખાયેલ પ્રકૃતિનું આલેખન પ્રધાનરૂપે આલેખાય છે. એ જ રીતે સાતમી ગોત્રકર્મની પૂજામાં શુભ-અશુભ ગોત્ર કયા કર્મોથી આત્મા પામે છે, તેનું આલેખન કરવામાં આવ્યું છે.

આઠમી અંતરાયકર્મ નિવારણ પૂજા જૈનસંઘમાં સવિશેષ પ્રચલિત છે. આ પૂજામાં પંડિત વીરવિજયજીનું દાર્શનિક તત્ત્વ તેમજ કવિત્વ પણ સવિશેષ ખીલ્યું છે.

અંતરાયકર્મની પૂજાને પ્રારંભે કવિ શંખેશ્વર પાર્શ્વનાથાય પ્રભુનું સ્મરણ તેમજ ગુરુદેવનું સ્મરણ કરે છે. કવિ અંતરાયકર્મની વ્યાખ્યા કરતાં કહે છે; એ ભંડારી સમાન છે. રાજા પ્રસન્ન થઈ આપવા ઈચ્છે, પણ ભંડારી નારાજ હોય તો કોઈ ને કોઈ પ્રકારે અવરોધ ઊભો કરે એ રીતે અંતરાયકર્મ આત્માના શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિમાં અવરોધ ઊભો કરે છે.

કવિ પ્રથમ પૂજામાં અંતરાયકર્મ બાંધવાના કારણો વર્ણવે છે. તેમાં ઉત્તર ગુજરાતની બોલીની છાંટ જોવા મળે છે;

પંજરીયે પોપટ દીધ, કેતી વાત કહું ઘણી રે.
અંતરાયકરમ ચમ કીધ, તે સવિ જાણો છો જગધણી રે.
(૧, ૮).

બીજી પૂજામાં દાનાંતરાયકર્મની વાત કરવામાં આવી છે. અહીં પ્રારંભે જ શાસ્ત્રપ્રસિદ્ધ શ્રેણિકરાજાની કપિલા દાસીનું દૃષ્ટાંત મૂક્યું છે. દાનાંતરાયકર્મના ઉદયવાળા કૃપણ જીવ પોતાની પાસે ઘણું ધન હોવા છતાં, અન્યને આપી શકતા નથી. અરે, પોતાની તો વાત જવા દો, અન્યની વસ્તુનું પણ તેની આજ્ઞા હોવા છતાં દાન આપી શકતા નથી. આવા કૃપણો સંસારમાં સન્માન પામી શકતા નથી. આ વાત રજૂ કરતાં કવિ કહે છે;

કરપી લક્ષ્મીવંતને રે, મિત્ર સજ્જન રહે દૂર,
અલ્પધની ગુણ દાનથી રે, વંછે લોક પંડુર.

ત્રીજી પૂજામાં કવિએ લાભાંતરાય કર્મની વાત રસિક રીતે વિવિધ દૃષ્ટાંતોના માધ્યમથી રજૂ કરી છે. રાજગૃહી નગરીમાં એક ભિક્ષુક ભોગાંતરાય કર્મથી પીડાતો હતો, તે આવી સમૃદ્ધ નગરીમાં ભિક્ષા માટે ફરતો હોવા છતાં, અંતરાયકર્મના ગાઢ ઉદયને કારણે માંડ પેટ ભરીને ભોજન મેળવવા સમર્થ થતો હતો. લોકોની કૃપણવૃત્તિ પર ચીડાયેલો, પોતાના કર્મને ન જાણતો ક્રોધિત થઈ લોકો પર શીલા પાડવાનું વિચારે છે. પરંતુ, એ શીલા પાડવામાં પોતે જ મરણ પામી સાતમી નરકે જાય છે. શ્રીકૃષ્ણના પુત્ર ઢંઢણ અણગાર પણ અંતરાયકર્મના ઉદયથી ભિક્ષા પામતા નથી. ભોજન સમયે પશુઓ દ્વારા અંતરાય પામ્યા હતા. પરંતુ, તેઓ જિનવાણીના જ્ઞાતા હોવાથી કર્મ ઉદયને સમભાવે સહન કરી કેવળજ્ઞાનને પ્રાપ્ત કરનારા બન્યા. આમ, પરિસ્થિતિ એક જ હોવા છતાં, મનુષ્યનો એ પરિસ્થિતિ પ્રત્યેનો દૃષ્ટિકોણ બદલાઈ જતાં, પરિણામ કેટલું બદલાય છે, તેનું હૃદયસ્પર્શી ચિત્રણ આલેખાયું છે. ઋષભદેવ પ્રભુને પણ દીક્ષા લીધા બાદ એક વર્ષ સુધી ભોજન ન મળ્યું, પ્રભુએ સમતાભાવ ધારણ કર્યો. વર્ષાન્તે શ્રી શ્રે યાં સકુ માર દ્વારા ઈક્ષુ રસનું ભોજન પ્રાપ્ત થયું. આમ, લાભાંતરાય કર્મના ઉદય સમયે જિનવાણીને સમજેલા લોકો સમતા ધારણ કરે છે અને સર્વ કર્મોનો ક્ષય કરી મોક્ષાધિકારી બને છે.

કવિ ચોથી પૂજામાં ભોગાન્તરાય કર્મની વાત કરે છે. જે વસ્તુ એક જ વાર વાપરી શકાય તે ભોજન, વિવિધ પીણાંઓ તેમજ વિલેપન આદિ ભોગ કહેવાય. જ્યારે એ વસ્તુઓ વારંવાર વાપરી શકાય, ત્યારે તેને ઉપભોગ કહેવાય. દાગીના, વસ્ત્રો આદિ પદાર્થો ઉપભોગમાં ગણાય છે. આ ભોગાંતરાય કર્મના દૃષ્ટાંત રૂપે શ્રીપાલ રાસમાં આવતી મયણાની બહેન સુરસુંદરીનું દૃષ્ટાંત

રજૂ કરે છે. રાજકુળમાં પરણેલી હોવા છતાં, અંતરાયકર્મના ઉદયે નટડી બની નાચવું પડ્યું. અહો કર્મની ગતિ! આથી જ કવિ સુંદર ધ્રુવપંક્તિ દ્વારા આ વાત સમજાવે છે;

બાજી બાજી બાજી ભૂલ્યો બાજી, ભોગ વિઘનઘન ગાજી.

કવિ શાસ્ત્રપ્રસિદ્ધ દૃષ્ટાંતની સાથે જ આ ઢાળમાં એક રસિક લોકકથા પણ ગૂંથે છે. નાના ગામમાં એક વેપારી રહેતો હતો. એની પાસે એક બાલિકા ખરીદી કરવા આવી. બાલિકા જાણી તેને કિંમતમાં છેતરી. આજે વધુ નફો થયો એથી પત્નીને ઘરે ઘેબર બનાવવાનો સંદેશો મોકલાવ્યો. પત્નીએ ઘેબર બનાવ્યા, પણ અચાનક જમાઈરાજ પધારવાથી એ ઘેબર તો જમાઈના ભોજનમાં વપરાઈ ગયા. પતિ ઘરે આવ્યો, ત્યારે તો સાદું જ ભોજન મળ્યું. આ કન્યા ગામના કોટવાલની દીકરી હતી, આથી કોટવાલે ભાવની તપાસ કરતાં, પોતાની દીકરી છેતરાયાની ખબર પડતાં વેપારીને જેલમાં નાખ્યો. આમ, સંસારી મનુષ્ય પોતાના સુખ-ભોગ માટે વધુ ધન કમાવવા ઈચ્છે છે. પરંતુ, પ્રાપ્ત થયેલું ધન તો કોઈ અન્ય ભોગવી લે છે, અને સંસારી જીવે તો તેની સજા જ ભોગવવી પડે છે. વીરવિજયજીએ આ રસિક કથાને ટૂંકાણમાં આલેખી છે.

નૈગમ એક નારી ધૂતી પણ, ઘેબર ભૂખ ન ભાગી; જમી જમાઈ પાછો વળિયો, જ્ઞાનદશા તવ જાગી. (૪,૩)

ઉપભોગાંતરાયકર્મ નિવારણ માટેની પાંચમી પૂજામાં અંજના સતી, દમયંતી, સીતા આદિના દૃષ્ટાંતો વર્ણવ્યા છે. અંજના સતી બાવીસ વર્ષ સુધી પતિ વિયોગમાં ઝૂરી, સીતાએ છ માસ સુધી અશોકવનમાં પતિવિયોગમાં આક્રંદ કર્યું, એ જ રીતે દમયંતીને પણ વન-વન ભટકવાનું થયું. આવા ભયાનક કર્મને સમજી, આ કર્મ નિવારણના માર્ગરૂપ શ્રી જિનેશ્વરદેવની ઉત્કૃષ્ટ ભાવભક્તિથી ઉપાસના કરવાનું કહે છે. કવિ ઉપભોગાંતરાય કર્મ સંદર્ભે મમ્મટ શેઠનું દૃષ્ટાંત રસિક રીતે ટૂંકાણમાં આલેખે છે;

મુનિવરને મોદક પડિલાભી, પછી કરી ઘણી નિંદના રે;

શ્રેણિક દેખે પાઉસ નિશિયે, મમ્મણ શેઠ વિડંબના રે. (૫,૪)

પૂર્વભવમાં મમ્મણ શેઠના જીવે મુનિભગવંતને મોદક વહોરાવ્યા બાદ, પોતે કરેલા દાનની ઘણી નિંદા કરી. દાનને પરિણામે, બીજા ભવે ઘણો ધનિક બન્યો, પણ નિંદાને લીધે બંધાયેલા ઉપભોગાંતરાયકર્મને લીધે અતિકૃપણ બન્યો. એણે મહામૂલા રત્નોથી બળદની જોડ બનાવવાનું વિચાર્યું. આ રત્નો ભેગા કરવા દિવસ-રાત પરિશ્રમ કરવા લાગ્યો. કડકડતી ઠંડી પડતી હોય, એવી વરસાદી રાતે નદીમાંથી તણાઈને આવતા લાકડા લેવા નદીમાં પડ્યો. શ્રેણિકરાજા પોતાની પ્રજાને દુ:ખી જાણી, દુ:ખનિવારણ માટે ત્યાં પહોંચ્યા. પણ શેઠની અતિધનિક અવસ્થા અને બળદના શિંગડાના રત્નો માટેના આ પુરુષાર્થ સાંભળી, કર્મની વિચિત્ર ગતિના દર્શન કરી ચૂપ રહ્યા. આમ, જીવને ઘણુ ધન હોવા છતાં પણ ભોગવી ન શકે, એ ઉપભોગાંતરાય કર્મનું પરિણામ છે.

એ જ રીતે, આત્મા અનંત શક્તિનો ભંડાર છે. પરંતુ વીર્યાંતરાય કર્મના ઉદયથી આત્માની શક્તિ રૂંધાયેલી છે. આ અંગે દૃષ્ટાંત આપતા કવિ કહે છે;

વીર્ય વિઘન ઘન પડલસેં, અવરાણું રવિ તેજ;

કાલ ગ્રીષ્મ સમ જ્ઞાનથી, દીપે આતમ સતેજ. (૬, દુહા-૧)

વીર્યાંતરાય કર્મરૂપ વાદળોના પડળથી આત્માનું તેજ અવરોધ પામે છે. ગ્રીષ્મઋતુ સમાન તેજસ્વી જ્ઞાનથી આત્માનું તેજ પ્રગટ થાય છે. કવિ આ પૂજામાં ચક્રવર્તીથી વિશેષ બળવાન બાહુબલિ તેમ જ રાવણથી વિશેષ બળવાન વાલીકુમારનું દૃષ્ટાંત રજૂ કરે છે. આ પૂજામાં ક્ષાયિકભાવે આત્મગુણોના અનુભવને કવિ ભાવપૂર્વક યાચે છે.

સાતમી પૂજામાં પંચ-અંતરાયકર્મના વિનાશે પ્રગટેલ શુદ્ધ સિદ્ધસ્વરૂપનું આલેખન કર્યું છે. કવિ પૂજાની ઢાળને પ્રારંભે જ મનોહારી ધ્રુવપંક્તિથી રસિકજનોના મનને આકર્ષે છે.

'અખિયનમેં અવિકારા, જિણંદા તેરી અખિયનમેં અવિકારા.' કવિ આ અવિકારીદશાનું રહસ્ય દર્શાવતાં કહે છે;

'શાંતરુચિ પરમાણુ નિપાયા, તુજ મુદ્રા મનોહારા.'

આ પછી, કવિ સિદ્ધના ૩૧ ગુણોનું વર્ણન કરે છે. આઠમી ફળપૂજામાં પણ બારમા ગુણઠાણામાં સાધક કઈ રીતે અંતરાયકર્મનો ક્ષય કરે છે, તેની પ્રક્રિયા વર્ણવી છે. અંતે, પ્રભુ મહાવીરના સ્મરણ સાથે પૂજા પૂર્ણ કરી છે. કવિએ ગુરુપરંપરાનું સ્મરણ કર્યું છે, તેમજ રાજનગર (અમદાવાદ)માં સં. ૧૮૭૪માં આ પૂજા રચી છે. એમ કળશમાં જણાવ્યું છે.

કવિએ કર્મનું દાર્શનિક જ્ઞાન ખૂબ સુંદર રીતે પૂજાના માધ્યમથી રસિક રીતે આલેખ્યું છે. જે કઠિન તત્ત્વજ્ઞાન છે, તે પણ કવિએ કુશળતાથી કાવ્યના માધ્યમે શક્ય એટલું સરળ બનાવી પીરસ્યું છે. આ કર્મનું તત્ત્વજ્ઞાન આત્મા માટે કેટલું આવશ્યક છે, એ વાત પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ પોતાની માર્મિક શૈલીમાં જણાવે છે;

'કર્મના સ્વરૂપનું જ્ઞાન થતાંની સાથે જ જીવ નમ્ર બની જાય છે. એ નમ્રતા, જ્યાં સુધી જીવ કર્મથી સર્વથા મુક્ત ન થાય, ત્યાં સુધી ટકી રહે છે. મુક્તિ પર્યંત નમ્રતા પેદા કરનાર તત્વજ્ઞાન ન મળે, તો આત્મા કર્મનો ક્ષય કરનાર તાત્ત્વિક ધર્મને પામી શકતો નથી.'

આવા તાત્ત્વિક ધર્મને અપાવનાર કર્મના તત્ત્વજ્ઞાનને સરળ-રસાત્મક રીતે પૂજા અને ભક્તિના માધ્યમથી પીરસનાર કવિ વીરવિજયજીનો જૈનસંઘ પર અપાર ઉપકાર છે.

★

આ લેખમાં ઉપયોગમાં લેવાયેલ સંદર્ભ : ૧. વિવિધ પૂજા સંગ્રહ (પૂજાના સર્વ અવતરણો માટે)

ભાગ ૧ થી ૭, પ્રકાશક-જૈન પ્રકાશન મંદિર, અમદાવાદ ૨. અજાત શત્રુની અમરવાણી : લે. પં. શ્રી ભદ્રંકરવિજયજી મ.સા.

સં. પૂર્ણચંદ્રવિજયજી મ. સા. પૃ. ૭૭. (પ્રકરણ-૨૮) પ્ર. જૈન ધાર્મિક તત્ત્વજ્ઞાન પાઠશાળા, અંધેરી, મુંબઈ.

# જાતિસ્મરણ જ્ઞાન અને કર્મવાદ

☐ ડૉ. રશ્મિ ભેદા

*[શ્રાવિકા ગૃહિણી ડૉ. રશ્મિ ભેદા જૈન તત્ત્વજ્ઞાનના અભ્યાસી છે. 'અમૃત યોગનું પ્રાપ્તિ મોક્ષની'એ વિષય પર શોધ પ્રબંધ લખી તેમણે મુંબઈ યુનુવર્સિટમાંથી પીએચ. ડી.ની પદવી પ્રાપ્ત કરી છે. આ શોધ પ્રબંધ પુસ્તક આકારે પ્રગટ થયો છે અને ટૂંક સમયમાં તેની બે આવૃત્તિ પણ થઈ છે.]*

'હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું? કોના સંબંધે વળગણા છે? રાખું કે એ પરિહરું? એના વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે જો કરે, તો જાતિસ્મૃતિજ્ઞાનથી તે પૂર્વ ભવને અનુભવે.'

જાતિસ્મૃતિ જ્ઞાન એટલે જીવનો પૂર્વ પર્યાય કે પર્યાયોનું જ્ઞાન. પૂર્વભવ અથવા ભવોના પ્રસંગો આદિની સ્મૃતિ થવી તેને જાતિસ્મરણ જ્ઞાન કહે છે. જૈન દર્શનમાં જ્ઞાનના પાંચ ભેદ બતાવ્યા છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન. પ્રથમ ભેદ મતિજ્ઞાનાવરણીય કર્મમાં નિર્મળતા આવવાથી આ જ્ઞાન પ્રગટ થાય છે . નિર્મ ળતાનું ન્યુ નાધિકપણું અહંતા, મમતા અને પશ્માં સુખબુદ્ધિના ત્યાગ પર અવલંબિત છે. મતિજ્ઞાનના મુખ્ય ચાર ભેદો છે. એમાં ધારણા નામના ભેદમાં આ જ્ઞાન સમાય છે. મતિજ્ઞાનના મુખ્ય ચાર ભેદો નીચે પ્રમાણે છે.

(૧) અવગ્રહ–ઇંદ્રિય સાથે વિષયનો સંબંધ થતાં 'કંઈક છે' એવો અવ્યક્ત બોધ થાય છે. આ અવ્યક્ત બોધને અવગ્રહ કહેવાય છે.

(૨) ઇહા–'કંઈક છે' એવો બોધ થયા બાદ 'તે શું છ' એવી જિજ્ઞાસા થાય છે. તેનો નિર્ણય કરવા માટે થતી વિચારણા તે ઇહા છે.

(૩) અપાય–વિચારણા થયા બાદ 'આ અમુક વસ્તુ છે' એવો જે નિર્ણય તે અપાય.

(૪) ધારણા–નિર્ણય થયા બાદ તેનો ઉપયોગ ટકી રહે તે ધારણા.

ધારણાના અવિચ્યુતિ, વાસના અને સ્મૃતિ એમ ત્રણ ભેદો છે.

અવિચ્યુતિ– નિર્ણય થયા બાદ તે વસ્તુનો ઉપયોગ ટકી રહે તે અવિચ્યુતિ ધારણા.

વાસના– અવિચ્યુતિ ધારણાથી આત્મામાં તે વિષયના સંસ્કાર પડે છે. આ સંસ્કાર એ જ વાસના ધારણા.

સ્મૃતિ– આત્મામાં પડેલા જ્ઞાનના સંસ્કારો નિમિત્ત મળતા જાગૃત બને છે. તેથી આપણે પૂર્વાનુભૂત વસ્તુને કે પ્રસંગને યાદ કરી શકીએ છીએ. એનું કારણ ધારણાનો બીજો ભેદ વાસના ધારણા છે. જેનાથી આત્મામાં એ વિષયના સંસ્કાર પડે છે. જેના સંસ્કાર આત્મામાં ન પડ્યા હોય તેનું કદી સ્મરણ થતું નથી. જાતિસ્મૃતિ કે જાતિસ્મરણ પણ આ સ્મૃતિ ધારણાનો જ ભેદ છે.

જીવના ભવોભવના ભ્રમણ દરમ્યાન તેણે જે જે સાંભળ્યું હોય, વાંચ્યું હોય, જાણ્યું હોય, અનુભવ્યું હોય તે સર્વ મતિજ્ઞાનમાં આવે છે. આ બધામાંથી જે વિષયોની ઊંડી છાપ, ઊંડા સંસ્કાર આત્મામાં પડ્યા હોય તે સર્વ સંસ્કાર મતિજ્ઞાનના 'ધારણા' ભેદમાં આવે છે. દરેક જીવ પોતાનું વર્તન પૂર્વના સંસ્કાર અને અન્ય જીવો સાથેના સંબંધના આધારિત કરે છે. કેટલીક વખત આ પૂર્વના સંસ્કાર એટલા ગાઢ બને છે તે સ્મૃતિ પટ પર અંકાઈ જાય છે, અથવા તો કોરાઈ જાય છે અને વર્તમાન પ્રસંગ કે વર્તનાની કડી ભૂતકાળના કોઈ ભવમાં મળી આવે છે. એની સ્મૃતિ થવી તે જાતિસ્મરણ જ્ઞાન છે. જેનાથી પાછલા ભવ જાણી શકાય છે. આ જ્ઞાન જ્યાં સુધી પાછલા ભવમાં અસંજ્ઞીપણું ન આવ્યું હોય ત્યાં સુધી આગળ ચાલી શકે છે. આ જ્ઞાન મનુષ્ય, દેવ, નારક અને સંજ્ઞી તિર્યંચ એમ ચાર ગતિના જીવોને થઈ શકે છે.

આ જાતિસ્મરણ જ્ઞાન કોઈ વિરલા જીવોને જ થઈ શકે છે. પૂર્વભવનું, પૂર્વભવના જ્ઞાનનું સ્મરણ દરેકને થતું નથી. પૂર્વભવમાં ગમે એટલું જ્ઞાન સંપાદન કર્યું હોય તે છતાં એ ભવ પૂરો થઈ બીજા ભવમાં તેની વિસ્મૃતિ થાય છે. પૂર્વભવની આ વિસ્મૃતિ થવાનું કારણ જ્ઞાન ઉપર કર્મનું ગાઢ આવરણ આવી જાય છે. જે નિમ્ન કારણોથી છે.

(૧) પૂર્વદેહ છોડતા જીવનો ઉપયોગ દેહ અને બાહ્ય પદાર્થોમાં આસક્ત રહે અને એ સ્થિતિમાં જ દેહ ત્યાગ કરે અને નવો દેહ પામી એમાં જ આસક્ત રહે.

(૨) ગર્ભાવાસનું વેદન આસક્તિપૂર્વક થવું.

(૩) દેહ તે હું એ ભાવનું નિરંતર સ્મરણ.

એટલે જેટલા અંશે દેહાસક્તિપણું તીવ્ર હોય તેટલું જ્ઞાન પરનું આવરણ ગાઢ હોય છે, એનાથી ઉલ્ટું જેટલા અંશે દેહાસક્તિ મંદ હોય તેટલું જ્ઞાનાવરણ ઓછું હોય છે.

એટલે પૂર્વભવની સ્મૃતિ નીચેના કારણો હોય તો આવી શકે છે– પૂર્વદેહ છોડતા એટલે મરણ સમયે જીવનો ઉપયોગ દેહમાં તીવ્રપણે ન હોય, દેહાસક્તિની પ્રબળતા મંદ થઈ હોય તેમ જ નવો દેહ ધારણ કરી ગર્ભાવાસમાં રહેતા તથા જન્મ થતા દેહાસક્તિ જે અંશે મંદ હોય ત્યારે એ પ્રમાણમાં જાતિસ્મૃતિ જ્ઞાન પ્રગટવાની શક્યતા હોય. આ જ્ઞાન જો સાત વર્ષની ઉંમરના પહેલા થયું હોય તો તેની વિસ્મૃતિ થોડા જ કાળમાં થાય છે. જ્યારે સાત વર્ષ પછી આ જ્ઞાન થાય તો તે જ્ઞાન ટકી રહે તેમ જ આગળ વધી એ વ્યક્તિ કે જીવને આત્મજ્ઞાન પણ થઈ શકે છે.

આવી રીતે સમકિતી જીવોના ભાવો દેહત્યાગને અવસરે ધર્મમય અને પ્રભુમય હોય છે, દેહાત્મભાવ હોતો નથી. તેથી તેમનું જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મ હળવું થાય છે. જેટલી જ્ઞાન અને સ્વભાવદશા ઊંચી તેટલી પૂર્વભવની સ્મૃતિ જલ્દી આવે છે. અર્થાત્ જ્ઞાની પુરુષોને જાતિસ્મરણ જ્ઞાન થાય છે. જો કે ક્યારેક મિથ્યાત્વસહિત અજ્ઞાન દશા હોય તો પણ પૂર્વોક્ત કારણસર જાતિસ્મરણ જ્ઞાન થઈ શકે છે. આપણે શ્રીમદ્ રાજચંદ્રનું ઉદાહરણ જોઈએ. શ્રીમદ્ રાજચંદ્ર સાત વર્ષના હતા ત્યારે એક પરિચિતની બળતી ચિતા જોઈને તેમને વિચાર આવ્યો કે આમ શા માટે કરતા હશે? શા માટે આ માણસને બાળતા હશે... વગેરે. ઊંડી વિચારણામાં ઉતરી ગયા. એ વખતે જ્ઞાન પરનું આવરણ તૂટી જતા તેમને જાતિસ્મરણ જ્ઞાન થયું. પૂર્વજન્મની ખાતરી આપતું એક પદ્ય તેમણે વિ.સં. ૧૯૪૫માં લખ્યું છે-

*'લઘુ વયથી અદ્‌ભુત થયા, તત્ત્વજ્ઞાનનો બોધ;*
*એ જ સૂચવે એમ કે ગતિ આગતિ કાં શોધ?*
*જે સંસ્કાર થવો ઘટે અતિ અભ્યાસે કાંય,*
*વિના પરિશ્રમે તે થયો, ભવશં કાશી ત્યાં?'*

**જાતિસ્મરણ જ્ઞાનના પ્રકારો**

આ જ્ઞાનના સામાન્ય અને મુખ્ય એમ બે પ્રકારો છે.

સામાન્ય જાતિસ્મરણજ્ઞાનમાં આવેલ સ્મૃતિની અસર ઉપર ઉપરની, આછી અને તરત ચાલી જાય તેવી હોય છે. એનું કારણ ઘણી વખત જાતિસ્મરણ થાય ત્યારે તેના પર ધ્યાન દેવામાં આવતું નથી. તેના પ્રત્યે દુર્લક્ષ અપાય છે. આથી તે જ્ઞાનનો વિકાસ થતો અટકે છે. આપણે એના દૃષ્ટાંત જોઈએ તો કોઈ વખત કોઈ વ્યક્તિ તદ્દન નવા સ્થળે ફરવા ગઈ હોય, એ સ્થળની સુંદરતા માણતી હોય અને અચાનક એ સ્થળની જગ્યા, કોઈ રસ્તો પરિચિત ભાસે છે, ત્યાં પહેલા ગયા હોઈએ, આ દૃશ્ય પહેલા પણ જોયું છે એવું ભાસે છે, એવો સ્મૃતિમાં ઝબકારો થાય છે. ત્યારે 'ક્યાં' અને 'કેવી રીતે' જોયું છે એ જિજ્ઞાસાથી ઉહાપોહ થવાનો સંભવ હોય છે. ત્યારે જો જ્ઞાનાવરણીય કર્મ મંદ થયું હોય તો પૂર્વની સ્મૃતિ, પૂર્વનું દૃશ્ય સામે આવે છે પણ જો એ વખતે એવી વિશેષ વિચારણા ન કરતા તે સ્મૃતિની ઉપેક્ષા પણ કરાય છે. એવી જ રીતે કોઈ વખત રસ્તામાં જતા તદ્દન અજાણી વ્યક્તિ મળે છે ત્યારે તેનો ચહેરો પરિચિત લાગે છે, એને ક્યાંય પણ જોયો હોય તેવી ઝાંખી થાય છે, તે પૂર્વ પરિસ્થિતિની ઝાંખી પણ જાતિસ્મૃતિનો એક પ્રકાર છે. પરંતુ એ વખતે તેમને ક્યાંક જોયા હશે પણ યાદ રહેતું નથી અથવા સમાન મુખાકૃતિવાળા પણ ઘણા હોય છે, એમ વિચારી એ પ્રસંગની ઉપેક્ષા કરે છે અને તે પ્રસંગને વિસ્મૃત કરે છે. આ પૂર્વભવના પ્રસંગની ક્ષણિક સ્મૃતિ છે. જાતિસ્મરણ જ્ઞાનનો સામાન્ય પ્રકાર છે. આવી રીતે સામાન્ય જાતિસ્મરણ જ્ઞાન એટલે પૂર્વે જોયેલ સ્થળ અથવા દૃશ્ય, પૂર્વે સાંભળેલ વાત અથવા પ્રસંગકથા આદિ બીજા ભવમાં પુનઃ અનુભવમાં આવવા. એના પ્રત્યે દુર્લક્ષ ન કરતા તે પ્રત્યે ઉપયોગ દેવામાં આવે, અનુભવી, જ્ઞાની પુરુષ પાસેથી માર્ગદર્શન મેળવી યોગ્ય દિશામાં પ્રયત્ન થાય તો તે જ્ઞાન વિકસિત કરી શકાય અને સત્ય જીવન તરફ પ્રયાણ કરી શકાય. જાતિસ્મરણ જ્ઞાનનો બીજો પ્રકાર છે મુખ્ય જાતિસ્મરણ જ્ઞાન.

આ પ્રકારના બે વિભાગ થઈ શકે છે

(૧) આત્મજ્ઞાન પહેલાનું જાતિસ્મૃતિ જ્ઞાન

(૨) આત્મજ્ઞાન પછીનું જાતિસ્મૃતિ જ્ઞાન.

આત્મજ્ઞાન પહેલાનું જાતિસ્મરણજ્ઞાન સાત વર્ષની ઉંમર પહેલં થયું હોય, તે વય સુધીમાં પૂર્વ ભવની સ્મૃતિમાં પોતાનું જન્મસ્થળ, નામ, પોતાના કુટુંબીજનો વગેરેનું જ્ઞાન થાય છે, પણ તે ભૂલી જવાય છે. સાત વર્ષ પછી પ્રાપ્ત થયેલ જાતિસ્મરણજ્ઞાન આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે અત્યંત ઉપકારી થાય છે. કારણ પ્રથમ જણાવ્યું તેમ આ જ્ઞાન જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય કર્મ મંદ થવાથી થાય છે. એટલે આ જ્ઞાનના પ્રભાવથી પૂર્વે પોતે હતો, વર્તમાનમાં છે એમ જણાવાથી આત્માના અસ્તિત્વ અને નિત્યત્વની પ્રતીતિ થાય છે. વિશેષ વિચારથી પોતાને થતા શુભ, અશુભ ભાવો તેમ જ સુખ દુઃખનું વેદન જોતા પોતે જ કર્મોનો કર્તા ભોક્તા છે એમ શ્રદ્ધા થાય છે. આ જ ચિંતન આગળ વધતા આ શુભાશુભ ભાવોનો ક્ષય થઈ શકે છે એટલે મોક્ષ છે એવો શ્રદ્ધાભાવ આવે છે. એ માટે તપ, સંયમ, ધ્યાન દ્વારા સિદ્ધ પદ અર્થાત્ મોક્ષ મળી શકે છે. આ રીતે આત્માના છ પદ પર શ્રદ્ધા દૃઢ થતાં આત્મજ્ઞાન અને આત્મસ્વરૂપની પ્રાપ્તિ માટેનો માર્ગ સ્પષ્ટ થાય છે અને પુરુષાર્થ કરતા સહજ રીતે એ માર્ગ પર આગળ વધી શકે છે.

**જાતિસ્મરણ જ્ઞાન થવાના નિમિત્તો**

સામાન્ય જાતિસ્મરણ જ્ઞાન તો સામાન્ય નિમિત્તો જેવા કે પૂર્વે જોયેલ સ્થળ અથવા દૃશ્ય, અથવા કોઈ વ્યક્તિ વગેરે જોવાથી થઈ શકે છે. (પૂર્વ ભવ યાદ આવી શકે છે.) જ્યારે મુખ્ય જાતિસ્મૃતિ જ્ઞાન ઉદ્‌ભવવાના નિમિત્ત કારણો છે– ઉત્કૃષ્ટ સંવેગ, જ્ઞાનયોગ અને સત્સંગ.

(અ) સંવેગ–એટલે આત્માના શુદ્ધ સ્વરૂપની અર્થાત્ મોક્ષપ્રાપ્તિની પ્રબળ ઈચ્છા. સંવેગ, નિર્વેદ આવવાથી પ્રાપ્ત થાય છે. નિર્વેદ એટલે આ સંસાર અને સંસારના વિષયોમાંથી મનનું ઉઠી જવું. જ્ઞાનીના વચનોથી આ સંસારનું અનિત્યપણું અને અશરણપણું સમજાય છે અને સાથે જ અનંતકાળથી આ સંસારચક્રમાં રખડતા આત્માને એનું સહજાત્મસ્વરૂપ પ્રગટ કરવાની જીજ્ઞાસા, તાલાવેલી જાગે છે. એ જ ભાવમાં એ ચિંતન કરતાં કરતાં હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરૂં? એ વિચારણા સતત ચાલે છે અને એક સુભગ પળે જાતિસ્મરણ જ્ઞાન પ્રગટ થાય છે.

(બ) જ્ઞાનયોગ – જ્ઞાન એટલે આત્મજ્ઞાન અને યોગ એટલે જોડાવું.

જ્ઞાનયોગ એટલે પોતાનું જે શુદ્ધ આત્મસ્વરૂપ છે તેમાં જ રમણતા કરવી, તેની સાથે એકરૂપ થવું. જ્ઞાનયોગની પ્રાપ્તિ માટેનો જે પુરુષાર્થ છે તે પણ જ્ઞાનયોગમાં જ સમાય છે. જ્ઞાનયોગમાં ધ્યેય શુદ્ધાત્માની પ્રાપ્તિનું છે અને અવલંબન પણ શુદ્ધાત્માનું જ છે. એ માટેની સાધના કરતા જ્યાં ચિત્ત શાંત થાય છે ત્યારે ક્યારેક પૂર્વ ભવ અથવા ભવોનું સ્મરણ થાય છે.

(ક) સત્સંગ – જાતિસ્મરણ જ્ઞાનપ્રાપ્તિનું ત્રીજું નિમિત્ત કારણ છે સત્સંગ. સત્સંગનું મહાત્મ્ય અપાર છે. સત્પુરુષ કે જ્ઞાનપુરુષના પવિત્ર સત્સંગનો અપૂર્વ યોગ પ્રાપ્ત થવો એ દુર્લભ છે તો પણ કોઈ મહાન પરમાર્થ પુણ્યના ઉદયે તેવો યોગ થાય ત્યારે પૂર્વભવની સ્મૃતિ થવી સુલભ બને છે. જ્યારે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય કર્મ હળવા થયા હોય અને એવી પળે જ્ઞાની પુરુષના સત્સંગથી ચિત્ત શાંત થાય છે, રાગદ્વેષની પરિણતિરૂપ સાંકળ તૂટે છે, ચિત્ત એકાગ્ર અને સ્થિર થતાં પૂર્વભવનું જ્ઞાન પ્રગટ થાય છે.

આવી રીતે જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મ, જે બાંધવાનું મૂળ કારણ છે જીવની આસક્તિ તેમ જ પરપદાર્થમાં મોહ અને સુખબુદ્ધિ. આ દોષો જેમ જેમ ઘટતા જાય, ઓછા થતા જાય તેમ જીવની વૃત્તિ પોતાના શુદ્ધ આત્મસ્વરૂપ તરફ વળે છે. જ્ઞાનનો ઉઘાડ થતો જાય છે. દોષોની ન્યૂનતા અને ક્ષીણતા થવા માટેના નિમિત્ત કારણો છે સત્શ્રુત, સદ્‌વિચાર, સ્વાધ્યાય, સત્સંગ અને જ્ઞાની પુરુષનો સમાગમ યોગ. આ છેલ્લું કારણ સૌથી પ્રધાન નિમિત્ત

કારણ છે. સદાચારનું હૃદયથી સેવન અને પૂર્વ ભવ જાણવાની વારંવારની પરમ જીજ્ઞાસા હોય ત્યારે જાતિસ્મરણજ્ઞાન પ્રગટ થાય છે. **જાતિસ્મરણ જ્ઞાન ચારે ગતિમાં થાય છે**

આ જ્ઞાન દેવ, નારકી મનુષ્ય અને તિર્યંચગતિના સંજ્ઞી જીવોને થઈ શકે છે. પણ બીજી ગતિની અપેક્ષાએ આ જ્ઞાન મનુષ્ય ગતિમાં વિશેષપણે અને સુલભતાથી થઈ શકે છે. કારણ મનુષ્યને આ જ્ઞાન પોતા થકી કે પરના નિમિત્તથી થઈ શકે છે, જ્યારે સંજ્ઞી તિર્યંચ જીવોમાં આ જ્ઞાન અધિકાંશપણે પરના બોધ અને આલંબનથી થાય છે. ક્યારેય કોઈ જ્ઞાની સત્પુરુષ પોતાના અદ્ભુત વચનોથી કોઈ સંજ્ઞી તિર્યંચને બોધ આપી તેના પૂર્વભવની સ્મૃતિ કરાવે છે અને એના આત્મકલ્યાણમાં સહાયભૂત થાય છે. જૈન ઈતિહાસમાં આપણને દૃષ્ટાંતો મળી આવે છે. મનુષ્યને પરના નિમિત્તથી જ્ઞાન પ્રાપ્ત થવા માટે મહાવીરસ્વામી અને મેઘકુમારનું દૃષ્ટાંત છે જ્યાં મહાવીરસ્વામીએ મેઘકુમારને એનો હાથીનો પૂર્વભવ યાદ કરાવી એને સંયમમાં સ્થિર કર્યો. જ્યારે સંજ્ઞી તિર્યંચના દૃષ્ટાંત માટે મહાવીર પ્રભુ અને ચંડકૌશિક સર્પનું ઉદાહરણ લઈ શકાય. દેવગતિના સર્વ જીવોને જન્મથી જ સહજ અવધિજ્ઞાન હોય છે એટલે એ જીવો પોતાના પૂર્વભવ જાણી શકે છે. એવી જ રીતે નારકીના જીવોને પણ અવધિજ્ઞાન દ્વારા પૂર્વભવનું જ્ઞાન થાય છે. પરંતુ આ જ્ઞાન તેમને પરમાર્થ માટે, આત્મકલ્યાણ માટે ઉપયોગી થતું નથી. કારણ એમને એ જ્ઞાન સહજ છે, એના માટે તેમને ઊંડા ચિંતનમાં નથી જવું પડતું કે કોઈ જીજ્ઞાસા કે ઉહાપોહ થતો નથી જે મનુષ્યને જાતિસ્મરણ જ્ઞાન પ્રગટ થતાં પૂર્વે હોય છે. અધિકાંશપણે દેવગતિ અને નારકીના જીવોમાં વૈરાગ્યની ઝલક હોતી નથી તેથી અવધિજ્ઞાનથી પૂર્વભવ જાણવા છતાં તે પ્રસંગોથી આત્મા પર કોઈ વૈરાગ્યભાવની અસર થતી નથી.

પૂર્વે કહ્યું તેમ જાતિસ્મૃતિજ્ઞાન એ મતિજ્ઞાનની નિર્મળતા થવાથી પ્રગટ થાય છે. પૂર્વ ભવો જાણવાની એની પણ મર્યાદા હોય છે. પૂર્વ ભવોમાં જ્યાં સુધી સંજ્ઞીપણું હોય ત્યાં સુધી જ તે ભવો દેખાય છે . અસંજ્ઞીનો ભવ આવવાથી જાતિસ્મરણ જ્ઞાન થતું નથી.

આવી રીતે જ્ઞાનાવરણીય કર્મની મંદતાથી પ્રગટ થતા જાતિસ્મરણ જ્ઞાનથી વ્યક્તિના વિચારમાં, આચારમાં કલ્યાણકારી પરિવર્તન આવી શકે છે. એને પરમાર્થ માર્ગે ગતિ કરવામાં આ જ્ઞાન ઉપયોગી થાય છે.

★

## જૈનીઝમના અહિંસા અને હિન્દુ ધર્મનો કર્મનો સિદ્ધાંત સર્વશ્રેષ્ઠ છે

જૈનીઝમના જીવદયા અને અહિંસાના સિદ્ધાંતો અને હિંદુઈઝમના કર્મના સિદ્ધાંતો માનસિક શાંતિની પ્રાપ્તિ માટે અને એક ઉત્તમ માનવી તરીકેનું જીવન જીવવા માટે સમગ્ર વિશ્વમાં શ્રેષ્ઠ છે. માનસિક શાંતિની સંપત્તિ જ સાચી મૂડી છે. બાકી ભૌતિક સુખો તો માત્ર સ્થુળ સંપત્તિ સમા છે. આ કથન કોઈનું નહીં પરંતુ અમેરિકાના વિખ્યાત એકેડેમીશીયન પ્રોફેસર ડૉ. ક્રિસ્ટોફર ક્રેય ચેપલનું છે. ડૉ. ચેપલ અત્યારે લોસએન્જલસની લોયોલો મેરીમાઉન્ટ યુનિવર્સિટીના એકેડેમીક વાઈસ પ્રેસિડન્ટ છે અને વિખ્યાત હારવર્ડ યુનિવર્સિટીની કલ્ચર અને રીલીજીયસ સ્ટડીની કમિટિના સૌથી સિનિયર સભ્ય છે. તેઓ ભારતીય સંસ્કૃતિ અને ભારતીય ધર્મોના ઊંડા ચાહક બની ગયા છે. તેઓ કહે છે. 'ભારત જેવી પવિત્ર ભૂમિની સંસ્કૃતિ પાંચ હજાર વર્ષ જુની છે જ્યારે અમેરિકાની સંસ્કૃતિ તો માત્ર ૨૦૦ વર્ષ જૂની છે. આ બન્ને સંસ્કૃતિની કોઈ હિસાબે સરખામણી ન થઈ શકે.'

જૈનીઝમ, ઉપનિષદ, મહાભારત અને રામાયણનો ઊંડો અભ્યાસ કરનાર ડૉ. ચેપલે કર્મના સિદ્ધાંતો ઉપર અનેક લેખો લખ્યા છે અને તેઓ સમગ્ર વિશ્વમાં ભારતીય ધર્મોની શ્રેષ્ઠતા વિષે પ્રચાર કરવાનું કદી ચૂકતા નથી.

ડૉ. ચપલ જૈનીઝમથી બહુ જ પ્રભાવિત થયા છે. તેઓ સ્પષ્ટ પણે કહે છે કે જે અહિંસાની વાત અત્યારના છીછરા રાજકારણીઓ પોતાના સ્વાર્થ ખાતર કરે છે તે વાત સોના જેવા સાચા અર્થમાં ભગવાન મહાવીર સ્વામીએ ૨૪૦૦ વર્ષ પહેલાં કરી હતી. જૈનીઝમના જીવદયા અને અહિંસાના ગુણો તો માણસને પાપ મુક્ત કરનાર છે.

હિંદુઈઝમના કર્મના સિદ્ધાંતો વિષે ડૉ. ચેપલ કહે છે. અત્યારની ફાસ્ટ લાઈફમાં બહુ જુજ વ્યક્તિઓ જીવનના કર્મોના સિદ્ધાંતોને સમજે છે. હિંદુ ધર્મમાં કર્મ વિષે જે ભગવાન રામ અને કૃષ્ણએ હજારો વર્ષો પહેલાં કહ્યું છે તે આજના ભૌતિક સુખોથી ખરડાયેલા જીવનમાં પણ બહુ જ સબલ રીતે લાગુ પડે છે. ડૉ. ચેપલના કહેવા પ્રમાણે અમેરિકામાં એક બાજુ યુવા વર્ગે ભૌતિક સુખોનો આનંદ માણવા દોટ મુકી છે. જ્યારે બીજી બાજુ 'વોર કલ્ચર'નો સાપ ફુંફાડા મારી રહ્યો છે.

ડૉ. ચેપલે સ્પષ્ટપણે કહ્યું કે અત્યારે અમેરિકામાં લગભગ ૫૦ ટકા લોકો યુદ્ધની વિરૂદ્ધ થઈ ગયા છે અને તાજેતરમાં ઠેર ઠેર હજારો લોકોએ 'વોર કલ્ચર'ની વિરૂદ્ધ બેનરો સાથે ભારે દેખાવો કર્યા હતા. અમેરિકામાં મોટા ભાગના એકેડેમીશીયનો, ડૉક્ટરો, વકીલો, વિજ્ઞાનીઓ અને સ્ટુડન્ટો વોરની વિરૂદ્ધ થઈ ગયા છે. વોર કલ્ચરે સોશિયલ ફેબ્રિકનો નાશ કરી નાખ્યો છે. અમેરિકામાં લોકોને હવે માનસિક શાંતિની ભારે ઝંખના છે. તેથી કરીને જ ઘણાં ઘણાં અમેરિકનો ભારતીય ધર્મો તરફ આકર્ષાયા છે.

સૌથી રસપ્રદ વાત એ છે કે **ડૉ. ચેપલ વેજીટેરીયન છે અને ભાગ્યે જ કાંદા કે લસણ ખાય છે.** તેઓ સાત્વિક શાકાહારી ભોજન લેવામાં જ માને છે અને નિયમિત યોગાસનો કરે છે.

તેમના પત્ની મૌરીન પણ એકેડેમીશીયન છે અને રસપ્રદ વાત એ છે કે મૌરીન ભારતીય સ્ટાઈલમાં સાડી પહેરે છે અને ઘરે આવેલા મહેમાનોની ભારતીય પ્રથા પ્રમાણે આગતા સ્વાગતા કરે છે. A true American Indian academic couple par ex-cellence.

★

# કર્મફળનું વિશ્વવ્યાપી સ્વયંસંચાલિત અદ્‌ભુત ન્યાયતંત્ર

❑ ગુણવંત બરવાળિયા

*[લેખક વ્યવસાયે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે. ચાલીસ પુસ્તકોના લેખક, સંપાદક છે, વિશ્વવાત્સલ્ય તેમજ અન્ય સામયિકોના ભૂતપૂર્વ તંત્રી છે, પ્રખર વ્યાખ્યાતા છે ને પર્યુષણ વ્યાખ્યાનમાળાના સંયોજક છે. હાલમાં તેઓએ જૈન વિશ્વકોશનું વિરાટ કાર્ય હાથ ધર્યું છે. ]*

જૈનદર્શનનો કર્મવાદ અદ્‌ભુત અને વિશિષ્ટ છે. કર્મનું ગણિત ચોક્કસ અને પારદર્શક છે.

કર્મસત્તાનું એક સુપર કૉમ્પ્યુટર છે જે જીવાત્માના સારા કે નરસા કર્મોનો હિસાબ રાખે છે અને આ અદૃશ્ય કૉમ્પ્યુટર સ્વયંસંચાલિત છે, જેને જૈનદર્શનનું કર્મવિજ્ઞાન કહે છે. આ કૉમ્પ્યુટર કર્મના હિસાબમાં કદી ભૂલ કરતું નથી.

વ્યક્તિને સારાં કે નરસાં કર્મનું ફળ અચૂક મળે જ છે. વ્યક્તિ દુષ્ટ કર્મ કરે તે ક્ષણે જ અચૂક તેની સજા નક્કી થઈ જાય છે. નિર્જરા થઈ શકે તેવું કર્મ હોય તો તેની સજામાં બાહ્યાભ્યાંતર તપના પુરુષાર્થ દ્વારા સજામાં ફેરફાઈ થઈ શકે છે એ પણ એટલું જ નિશ્ચિત છે. અને જો કર્મ નિકાચિત હોય તો નક્કી થયેલી સજા અવશ્ય ભોગવવી જ પડે છે. જૈન દંડનીતિ એ કર્મસિદ્ધાંતનું જ સંતાન છે. જૈનદર્શનની દંડનીતિનો અર્થ છે કર્મપ્રતિના યુદ્ધમાં વ્યૂહરચના.

સત્‌યુગમાં કર્મયુગના શૈશવકાળની વાત છે. યુગલિક યુગના અસ્તાચળના સમયે યુગલમનુષ્યો સુખરૂપ જીવન પસાર કરતાં હતાં. માનવજીવનમાં અપરાધભાવનો ઉદય થયો ન હતો. ઈર્ષા, નિંદા, ચોરી, હિંસા, લડાઈ, ઝઘડા ન હતા.

કાળચક્ર વીતતા કલ્પવૃક્ષની શક્તિ ક્ષીણ થવા લાગી. પરિવર્તન, કુદરતનો નિયમ છે. સંક્રાંતિકાળ પછી કુલકર વ્યવસ્થાનો વિકાસ થયો. કુળના રૂપમાં સંગઠિત સમૂહના નેતાને કુલકર કહેતા. આ અવસ્થામાં ત્રણ પ્રકારની દંડનીતિ પ્રચલિત હતી.

કુલકર વિમલવાહનના સમયમાં ‘હકાર’ નીતિનો પ્રયોગ થતો હતો. એ સમયે માનવ ઊંચ નીતિમત્તાવાળો અને લજ્જાળુ હતો. તેં આમ કર્યું ? બસ આટલું કહેવું તે જ ઉચ્ચ પ્રકારનો દંડ હતો. આટલું સાંભળવું પડે તે પરિસ્થિતિ જ માનવ માટે અસહ્ય હતી. માનવી આવા ઋજુ હૃદયનો હતો.

યશસ્વી અને અભિચંદ્રકુલકરના સમયમાં નાના અપરાધ માટે હાકાર અને મોટા અપરાધ માટે માકાર એટલે આવું ન કરો એટલું કહેવું તે જ દંડ હતો.

પ્રસેનજિત, મરુદેવ અને નાભિ કુલકરના સમયમાં ધિક્કાર નીતિ ચાલી. નાના અપરાધ માટે હાકાર, મધ્યમ અપરાધ માટે માકાર અને મોટા અપરાધ માટે ધિક્કાર નીતિનો પ્રયોગ થતો હતો. એ સમયનો માનવી, સમાજ અને રાજ્યના નિયમોમાં રહેનારો, મર્યાદાપ્રિય અને ઋજુ હતો. બે શબ્દો દ્વારા તેમણે કરેલા અયોગ્ય કાર્યનું દુઃખ પ્રદર્શન કે ધિક્કાર તેને માટે મૃત્યુદંડ સમાન હતું.

જૈનોના પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ જ્યારે રાજ્ય સંભાળતા હતા ત્યારે સમાજજીવન, રાજ્યવ્યવસ્થા અને સુરક્ષાવ્યવસ્થામાં ક્રાંતિકારી પરિવર્તનો કર્યાં. એ સમયમાં અપરાધીને ઠપકો આપવો, નજરકેદ કરવો એટલે નકકી કરેલા ક્ષેત્રની બહાર જવા પર પ્રતિબંધ અને બંધન તથા દંડો ઉગામવા સુધીની દંડનીતિનો વિસ્તાર થયો હતો. આ નીતિ ડૉક્ટર દ્વારા પ્રસ્તાવેલી ઔષધિ જેવી છે.

શ્રી સોમદેવસૂરિજીના મતે–**દંડ આપવાનો હેતુ અપરાધીનું વિશુદ્ધિકરણ એટલે કે દોષમુક્તિ હોઈને તે પર્યાપ્ત માત્રામાં જેમ ઔષધિ લેવામાં આવે તેમ જ આપવો જોઈએ,** તેથી લાગે છે કે પૂર્વે દોષમુક્તિ માટેના અધિકારનું સામર્થ્ય એ માત્ર દંડ માટેનું પ્રયોજન ન હતું. ભગવાન ઋષભદેવે સામ-દામ-દંડ-ભેદ આ ચાર પ્રકારે રાજનીતિની સ્થાપના કરી જે જગતના ચાર માર્ગોનું મિલનસ્થાન કે સંગમસ્થાન હતું.

જૈનદર્શનના કર્મવાદ અને તેના ફળને સચોટ રીતે, જૈન આગમ ગ્રંથો વિપાક સૂત્ર, દુઃખવિપાક અને સુખ વિપાક રજૂ કરે છે. ઉંબટદત, સોટીરયદત, અંજુશ્રી, મૃગાપુત્ર, દેવદતા, સુબાહુકુમાર, જિનદાસ વિગેરે કથાઓનો અભ્યાસ કરવો જોઈએ.

સમાજજીવન સુચારુ રીતે ચાલે અને રાજ્યકારભાર વ્યવસ્થિત ચાલે, ગુનાઓનું સામ્રાજ્ય ન છવાઈ જાય માટે માનવીઓએ કાયદા ઘડ્યા. દરેક વ્યક્તિને ન્યાય મળે અને ગુનેગારોને સજા મળે તેથી ન્યાયાધીશ અને ન્યાયાલય દ્વારા ન્યાયતંત્રની રચના કરી.

કાયદાની કલમ દ્વારા અપરાધીને ગુનેગાર ઠરાવી સજા કરાવી શકાય. આ સજા થવાના અને સમાજમાંથી પ્રતિષ્ઠા જવાના ડરે કેટલીક વ્યક્તિઓ ગુના આચરતી અટકી જાય છે. એવા ઉમદા હેતુથી ન્યાયતંત્રની પ્રતિષ્ઠા કરવામાં આવે છે.

પ્રાચીન ભારતમાં ન્યાયતંત્ર પર લોકોને પૂર્ણ વિશ્વાસ હતો. કાઝી, રાજ્યો કે રાજાઓને નીમેલા ન્યાયાધીશો ઝડપી અને યોગ્ય ન્યાય પ્રજાને આપતા. કેટલાક ન્યાયપ્રિય રાજાઓ એ ગુનેગાર જણાતા પોતાના પુત્ર કે પરિવારજનોને પણ આકરી સજાઓ કરી અને પ્રજાને ન્યાય આપ્યો છે તેવા અસંખ્ય પ્રસંગો ભારતના ઇતિહાસમાંથી આપણને મળશે.

સાંપ્રત સમાજજીવન સંકુલ અને વિષમ બની ગયું છે. અપરાધ અને આતંકની દુનિયાનો બેહુદો વિસ્તાર થયો છે. ગુનાખોરીએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે.

સાંપ્રત સમાજજીવન સંકુલ અને વિષમ બની ગયું છે. અપરાધ અને આતંકની દુનિયાનો બેહુદો વિસ્તાર થયો છે. ગુનાખોરીએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે.

કાયદા એટલા બધા વધી ગયા છે કે દરેક પ્રવૃત્તિ અને સમગ્ર

જીવનનું જાણે કાયદા દ્વારા નિયમન કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

નીચલી અદાલતથી માંડીને સર્વોચ્ચ અદાલત અને આંતરરાષ્ટ્રીય ન્યાયાલયો સુધી વિશ્વમાં ન્યાયતંત્રનો વિસ્તાર થયો છે. કોર્ટ, વકીલ અને કાયદાની કલમોના જંગલમાં અથડાતા-કૂટાતા માનવી માટે ન્યાય મેળવવો ખર્ચાળ અને વિલંબિત બની ગયો છે.

જૈનદર્શનના કર્મવિજ્ઞાનના સંદર્ભે દંડનીતિ સમજવી માનવજીવન માટે કલ્યાણકારક છે. દાર્શનિક કર્મવિજ્ઞાનના મતે, જેમ સમાજ અને રાજ્યના સ્તરે કાઝી, મુખી, ન્યાયનું પંચ, લોકઅદાલત કે સરકારનું ન્યાયતંત્ર લોકોને ન્યાય આપવા કાર્યરત છે તેમ એક વિશ્વવ્યાપી અદ્ભુત સ્વયંસંચાલિત કર્મની કોર્ટ છે. આપણી તમામ કોર્ટમાં હજી કૉમ્પ્યુટર આવ્યાં નથી, પરંતુ કર્મની કોર્ટ ક્ષતિરહિત સુપર કૉમ્પ્યુટરથી સ્વયં સંચાલિત, વાયરસ કે સદી પરિવર્તનના ભય વિના અનાદિથી ચાલી રહી છે અને અનંત ચાલશે.

સંસારની કોર્ટમાં તો જે ગુનેગાર પ્રત્યક્ષ દેખાતો હોય, ગુનો દેખનાર સાક્ષી મળે, પ્રત્યક્ષ કે સાંયોગિક પુરાવા ઉપલબ્ધ હોય તો જ ગુનેગારને સજા થઈ શકે છે.

સાંયોગિક પુરાવાને કારણે નિર્દોષને દંડાઈ જવાનો પણ ભય રહે છે. ખોટા સાક્ષી, કપટ કે ષડયંત્રના ભોગે નિર્દોષને પણ દોષી ઠેરવી શકાય છે.

એક શ્રીમંત યુવાન ખૂનના કેસમાં સપડાઈ ગયો. એણે ઊંચી ફી આપીને બાહોશ વકીલ રાખ્યો. કેસ ચાલ્યો. સામા પક્ષના ધારાશાસ્ત્રીએ બધી દલીલ કરી. ન્યાયાધીશે પેલા વકીલને કહ્યું કે હવે તમે દલીલ કરો, પણ આશ્ચર્ય! એણે દલીલ જ ન કરી. છેવટે ન્યાયાધીશે ચુકાદો આપ્યો કે 'હેન્ગ હીમ'. પેલા વકીલે મલકાઈને પોતાના અસીલના કાનમાં કહી દીધું કે ચિંતા ન કરીશ. તને બચાવી લઈશ. ફાંસીનો માંચડો તૈયાર થયો. યુવાનના ગળામાં દોરડું ભરાવાયું અને સહેજ જ પાટિયું ખસ્યું કે તરત જ દોરડું ખેંચનારને અટકાવી દઈને વકીલ બોલ્યોઃ સજામાં માત્ર 'હેન્ગ હીમ' આ જ આદેશ છે. મારો અસીલ એ સજા અત્યારે પૂરી કરી ચૂક્યો ગણાય, માટે એને છોડી મૂકો. કાયદા મુજબ એક જ સજાનો અમલ બીજી વાર ન કરી શકાય! ત્યાર પછી ન્યાયતંત્રના કાયદાઓમાં સુધારો કરવો પડ્યો કે, 'હેન્ગ હીમ ટીલ ડેથ' એટલે કે મૃત્યુ પામે ત્યાં સુધી લટાકવી રાખો. આમ બુદ્ધિના આટાપાટાથી દોષી પણ છૂટી ગયાના દાખલા છે.

કાયદાની આંટીઘૂંટી, લાંચરુશ્વત કે બુદ્ધિના વ્યભિચારથી ગુનેગારો પણ આબાદ બચી જતા હોય છે. પરંતુ એકાંતમાં, ગુપ્ત રીતે ગુનો કરનારને કર્મની કોર્ટ તો સજા આપી દે છે. જાણે કર્મની કોર્ટને કરોડો આંખો ન હોય!

અહીં બાહોશ વકીલ, પૈસાનું જોર કે લાગવગ કામ કરતાં નથી, અહીં શંકાને જોરે શંકાને છૂટી જવાતું નથી. કર્મના કાનૂનથી ચાલતા ન્યાયતંત્રનો વહીવટ સ્વચ્છ, સ્પષ્ટ, પારદર્શક અને સમયાનુચિત છે.

કર્મની કોર્ટમાં સજા માટે એક ક્ષણનો પણ વિલંબ નથી. જેવો ગુનો આચર્યો તેવી તે જ ક્ષણે સજા એ કર્મનો કાનૂન છે. કર્મ કરનારનો સાક્ષી તો તેનો પોતાનો આત્મા સદાકાળ તેની સાથે જ છે. અહીં ગુનો પુરવાર કરવા માટે કોઈ સાક્ષી કે પુરાવાની જરૂર નથી. બીજા શબ્દોમાં કહીએ તો કર્મબંધ એજ સજા છે. માનવી મન, વચન કે કાયા વડે કોઈ પણ ગુનો કરે તો તેને તે પ્રમાણે કર્મબંધ થાય છે. કર્મના કર્તાએ કર્મ ભોગવવું જ પડે છે.

સંસારના ન્યાયાલયોમાં અપરાધીને સજા ગુનો થયા પછી ચોક્કસ કાનૂની પ્રક્રિયા બાદ ગુનો સાબિત થાય ત્યારે થાય છે. આરોપી ન્યાયાલયમાં અરજી કરે તો સજા મોકૂફ રહે અને ઉચ્ચ ન્યાયાલય એ સજાને માન્ય રાખ ત્યારે સજાનો અમલ થાય છે.

પરંતુ કર્મની કોર્ટમાં ગુનો સાબિત કરવાનો પ્રશ્ન જ નથી. મનથી હત્યાનો ક્રૂર વિચાર કર્યો કે, 'હું તને મારી નાંખીશ, છોડીશ નહીં' એવાં ક્રૂર રીતે ક્રોધપૂર્ણ વચનો કહ્યાં હોય. આત્માની પરિણામ ધારા ને ભાવ પ્રમાણે કર્મના કાનૂનમાં એને ગુનો ગણી લેવામાં આવે છે અને તે પ્રમાણે કર્મબંધ થાય છે. આ કર્મબંધ તે જ સજા છે. હા, સત્તામાં પડેલા કર્મો ઉદયમાં ન આવે તે કાળને દાર્શનિક પરિભાષામાં અબાધાકાલ કહેવાય છે.

સજા ભોગવવાનો કર્મોદય તત્કાળ પણ હોઈ શકે. આ જન્મમાં હોય કે જન્માન્તરે પણ હોય શકે છે. સંસારના ન્યાયતંત્રમાં વીશ વર્ષની સજા પામેલી વ્યક્તિ એક-બે વર્ષમાં જ મૃત્યુ પામે તો બાકીની સજા તેને ભોગવવાની રહેતી નથી. કર્મના કાનૂનમાં આ સજા, પછીના ભવે પણ ભોગવવી પડે છે.

સેંકડો માણસની હત્યા કરનાર વ્યક્તિને સંસારની કોર્ટ એક જ મૃત્યુદંડ દઈ શકે તે તેની મર્યાદા છે. જ્યારે કર્મનો કાયદો તે જીવને નારકીની દુઃખકારક યોનિમાં હજારો વાર મૃત્યુની વેદના આપી શકે અને હજારો વર્ષ સુધીનું ત્યાંનું આયુષ્ય આપી શકે છે. સારી વર્તણૂંકને કારણે રાજ્યના ન્યાયતંત્ર દ્વારા સજા હળવી બની શકે છે.

કર્મસત્તાના ન્યાયતંત્રની કરામતને એક પ્રસંગ દ્વારા સમજીએ. જિલ્લા કોર્ટના એક ન્યાયાધીશ તે જિલ્લાથી ૨૫-૩૦ કિલોમીટરને અંતરે આવેલા પોતાના મૂળ ગામમાં વેકેશન ગાળવા આવ્યા. પોતાના વતનના આ નાનકડા ગામમાં રોજ સવારે તે નદીકિનારે ફરવા જાય. નદીતટના વૃક્ષોના ઝૂંડ પાછળ શૌચક્રિયાનું કામ પણ પતાવી લે.

એક દિવસ એણે શૌચક્રિયા દરમિયાન જોયું કે એક માણસે ખંજરથી બીજા માણસની હત્યા કરી. હત્યારો ભાગી છૂટ્યો. જજસાહેબે ખૂનીને આંખોઆંખ બરાબર જોયો હતો.

આ અંગેનો કેસ એમની જ અદાલતમાં આવ્યો. આરોપી હાથમાં ન આવતાં પોલીસે ભળતા માણસને આરોપી તરીકે ઊભો કરી દીધો! ન્યાયાધીશે તેનો ચહેરો જોઈને જ નક્કી કરી લીધું કે હત્યારો તો આ નથી, પરંતુ પોલીસે પોતાની ઈજ્જત બચાવવા માટે ભળતા માણસને મારી-પીટીને ખૂની તરીકે કબૂલાત કરાવીને પાંજરામાં ઊભો કરી દીધો છે.

વળી, વકીલ પણ એવો બાહોશ નીકળ્યો કે તેણે પોતાનું

બધું જ બુદ્ધિકૌશલ વાપરીને તે માણસને ખૂની તરીકે સાબિત કરી દીધો.

જજ તો સ્તબ્ધ થઈ ગયા. આંખો ના પાડે છે કે આ વ્યક્તિ હત્યારો નથી, કાયદો કહે છે કે હત્યારો જ છે. નિર્દોષ ઉપર સજાનું જજમેન્ટ લખતા જજ ત્રાસી ગયા, પરંતુ ન્યાયાધીશને ધર્મમાં શ્રદ્ધા હતી. તે જાણાત હતા કે મનુષ્ય ભૂલ કરે પરંતુ કર્મસત્તાનું સુપર કૉમ્પ્યુટર કદી ભૂલ ન કરે.

તેઓ પેલા આરોપીને ચેંબરમાં લઈ ગયા. સાચી હકીકત જણાવવાનું કહેતા તે રડી પડ્યો. પોતાની નિર્દોષતા અને પોલીસના દમનનું વર્ણન કર્યું. જજે પૂછ્યું, આ પૂર્વે તેં કોઈનું ખૂન કરેલ? આરોપીએ કહ્યું હા. મેં બે ખૂન કરેલાં, પરંતુ હોંશિયાર વકીલને કારણે હું નિર્દોષ છૂટી ગયો. આ સાંભળી જજના મનને શાંતિ થઈ. સાથે વિશ્વના અદૃશ્ય અદ્‌ભુત કર્મના સ્વયંસંચાલિત ન્યાયતંત્ર પરત્વે શ્રદ્ધા દૃઢ બની.

ડૉ. રમેશ લાલને જૈનદર્શનના કર્મવાદ સંદર્ભે દંડનીતિ અંગે કેટલાક ચિંતનસભર મુદ્દાઓ ટાંક્યા છે.

- જૈન આગમો બધા ગુનાશાસ્ત્રીઓ અને દંડનીતિકારોને ઉપયોગી પદાર્થો પૂરું પાડે છે.
- જૈન શાસ્ત્રો દંડનીતિનો ઉદ્‌ગમ અને વિકાસ સાત દંડનીતિમાંથી કરે છે.
- જૈન પુરાણોમાં દંડનીતિનો વિકાસ સાત દંડનીતિ ઉપરાંત વિવિધ પ્રકારના ગુનાઓ અને કસોટીની સાથે સજાઓથી શોધી શકાય છે.
- જૈન શાસ્ત્રોની કથાઓ અને દૃષ્ટાંતો દ્વારા અનંતા જન્મો સુધી ચાલતી વ્યક્તિગત જવાબદારીઓ અને પ્રતિકૂળ બાબતોને કર્મસિદ્ધાંતની પ્રતિક્રિયાના પરિણામરૂપી દર્શાવી છે.
- ગુનેગારોને નાથવા માટે અપાતા સજાના પ્રકાર અને સ્વરૂપ તથા નરકની યાતનાઓનું જેલની યાતનાઓ સાથેના સાદૃશ્યતાનું વર્ણન, ગુનો તથા સજાની અસરની માહિતી મેળવવા સતત પ્રેરે છે અને કદાચ સજાની નાબૂદી માટે જોરદાર દલીલ તરફ દોરે;
- કર્મ, જીવ જેવું કરે તેવું પામે એ ભૂમિકા ઉપરાંત ગુનાના કારણ માટે યથાર્થ સ્પષ્ટીકરણ પૂરું પાડે છે.
- ધર્મ, વ્યક્તિને પાંચ મહાાતો કે અણુાતો દ્વારા સંવરને ધારણ કર્યા પછી તેને જાળવવામાં લાગતા અતિચાર અને દોષોની શુદ્ધિ માટે પ્રાયશ્ચિત એ એક શક્તિશાળી પ્રક્રિયા છે.

આ મુદ્દાઓના પરિપ્રેક્ષ્યમાં જૈન દંડનીતિના યથાર્થ ફાળાનું મૂલ્યાંકન કરતા એ વાત સ્પષ્ટ હોવી જોઈએ કે આ સિદ્ધાંત કેવળ તત્ત્વજ્ઞાન નથી, પરંતુ તે કર્મની ઉત્પત્તિ અને પરિણામની ભયાનકતા સામે યુદ્ધ કરવા માટે વ્યવહારમાં મૂકી શકાય એવો માર્ગ બતાવે છે.

રાજ્ય અને સમાજ દ્વારા ચાલતા ન્યાયાલયો જરૂરી છે જ, પણ જ્યારે તેમાં ન્યાય ન મળે ત્યારે. એ ચિંતન કરવાનું કે સર્વોપરી અદાલતો કર્મના કાનૂનની છે. આ વિચારધારા નિમિત્તને દોષ ન દેતા કર્મોદયને દોષી ગણાશે. એથી આર્તધ્યાન અને રૌદ્રધ્યાનથી બચી શકશો. સંયોગોથી સ્વભાવ પર દૃષ્ટિ જશે તેથી મનને શાંતિ મળશે.

ભાલનળકાંઠા વિસ્તારમાં એક રાજકીય આગેવાનો સમાજસેવકની હત્યા થઈ, તે વખતે સાંપ્રત દંડનીતિ પરત્વે મુનિશ્રી સંતબાલજીએ વ્યથા વ્યક્ત કરી હતી કે ખૂનીઓને કોર્ટ પૂરેપૂરી તહોમતદાર ઠરાવે તો શારીરિક સજા સિવાય કોર્ટ બીજું શું કરવાની છે? એ થાય તોય અમારા જેવાને તો રોવાનું છે, કારણ કે શારીરિક સજાથી ગુનેગાર સુધરતો નથી અને હિંસા થાય છે. જો શંકાનો લાભ આપી છોડી મૂકે તો સમાજમાં એ પ્રત્યાઘાત પડવાનો છે કે આવા મોટા માણસનું ધોળે દહાડે ખૂન કરનાર પણ છૂટી જઈ શકે છે. આમાં પ્રથમ કરતાં બીજામાં વધુ ભયંકર હિંસા છે, કારણ કે તેમાં ખૂની સ્થૂળ રીતે સજા નથી ભોગવતો, પણ અભિમાની અને સમાજઘાતક દિશામાં આગળ ધપવાનું-વધવાનું એને કારણ મળે છે તેથી મહાન હિંસા બને છે. સમાજમાં ઘણાં અનિષ્ટો એમાંથી પાંગરે છે.

આચાર્ય મહાપ્રજ્ઞજી આ સંદર્ભે હૃદયપરિવર્તન પર ભાર મૂકે છે. અનુશાસન કેવળ દંડશક્તિ દ્વારા વ્યવસ્થાપરિવર્તનની વાત કરે છે. આ દંડશક્તિ દ્વારા કરવામાં આવી રહેલું આ વ્યવસ્થાનું પરિવર્તન અંતે સફળતામાં પરિણમશે નહીં કે સ્થાયી પણ બની શકે નહીં. એક સીમા સુધી દંડશક્તિ અને તેની સાથે સાથે હૃદયપરિવર્તન લક્ષણ અને બન્ને સાથે સાથે ચાલે ત્યારે વ્યવસ્થામાં આમૂલ પરિવર્તન થઈ શકશે. વ્યવસ્થા બદલવાની સાથે વ્યક્તિનું હૃદય બદલવાની ક્રિયા સંયુક્ત રીતે ચાલે ત્યારે પરિવર્તનની ભાવના સાકાર થઈ શકે.

અધ્યાત્મયોગિની પૂ. લલીતાબાઈ મહાસતીજીએ પ્રાયશ્ચિતના ભાવો સમજાવતાં કહ્યું છે કે, ગુરુ કે પરમાત્માની સાક્ષીએ દોષદર્શન, પાપનું પ્રક્ષાલન, ગુના અને કર્મોની કબુલાત અને તે પાપોનું પુનરાવર્તન ન થાય. તેના નિર્મળ હૃદયથી પ્રત્યાખ્યાન પ્રતિજ્ઞા માનવીને પ્રાયશ્ચિતની પુનિતગંગામાં સ્નાન કરાવી પાવન કરે તે જ, સાચું પ્રતિક્રમણ છે. જે રાજ્ય દંડ, ભય અને લાલચથી ન થઈ શકતું હોય તે અંતઃકરણના અનુશાસનને અનુસરવાથી સહજ બને છે.

સ્વવિકાસ માટે અનુશાસન જરૂરી છે. ગિરી પ્રવચનમાં ઈશુએ દસ આજ્ઞાઓ કરી...જો કોઈ એક તમાચો તારા ગાલ ઉપર મારે તો બીજો ગાલ તું ધરજે...! એનો અર્થ એ કે જનસમાજમાં મોટા ભાગે એવા માનવીઓ હતા કે એક તમાચો મારવા જેટલી જ ભૂલ કરી શકે. પેલી વ્યક્તિ સજા માટે ગાલ ધરે પરંતુ સામેવાળો બીજો તમાચો મારવા જેટલી હિંમત ન કરે. આ હતી એ સમયના માનવીના હૃદયની ઋજુતા.

કોઈ પણ ગુનાહિત કૃત્ય આચરતાં પહેલાં જાગૃતિ રહે કે કર્મબંધ એ જ સજા છે. એક વિશ્વવ્યાપી, સ્વયંસાચલિત અદ્‌ભુત કાયદાનું ન્યાયતંત્ર અસ્તિત્વમાં છે તેનું સ્મરણ રહે તો જીવનમાં નિર્મળતા વધે અને કર્મના અટલ કાયદામાં શ્રદ્ધા જાગે તો આપણાં હૃદયમાં કરુણાના ભાવ પ્રગટાવશે અને સહજ બનશે.

★

# કર્મ નિર્જરાનો હેતુ પરીષહ

☐ પ્રજ્ઞા બિપિનચંદ્ર સંઘવી

*[લેખિકા 'જૈન સિદ્ધાંત આચાર્ય', એમ. એ. (સંસ્કૃત), શ્રી રાજેમતી મહિલા મંડળમાં તત્ત્વજ્ઞાન અને સંસ્કૃતના માનદ શિક્ષિકા છે, જૈન સાહિત્ય સમારોહ માટે સંશોધન પત્ર લખે છે, જૂની લિપિ ઉકેલી લિપ્યાંતર કરવામાં કૌશલ્ય ધરાવે છે. ]*

પરીષહ અને કર્મ પરસ્પર સંકળાયેલા છે. કર્મના ઉદયથી સાધકના જીવનમાં પરીષહ આવે છે. જો સાધક પરીષહને જીતી જાય તો તેના અનંત કર્મોની નિર્જરા થાય છે. નવા કર્મ બંધાતા નથી અને મોક્ષ નજીક થાય છે. પરંતુ જો તે પરીષહોથી પરાભૂત થાય તો ચતુર્વિધ સંસારના ચક્રથી બચી શકતા નથી. આ પરીષહ શું છે?

**પરીષહનું સ્વરૂપ**

પરીષહ જૈન પારિભાષિક શબ્દ છે. પરીષહ શબ્દ સંસ્કૃત परि+षह પરથી આવ્યો છે. परि એટલે ચારે બાજુ અથવા વિશેષપણે અને સહ એટલે સહન કરવું. परि+षहની સંધિ થતાં परिषह થાય છે. વિકલ્પે પરીસહ, પરિષહ કે પરિસહ પણ લખાય છે. परिसह्यते इति परिषह । સમ્યગ્દર્શનાદિ રત્નત્રય સ્વરૂપ મોક્ષમાર્ગમાં સ્થિર રહેવા અને કર્મ નિર્જરાના હેતુથી તીર્થંકર તેમ જ ગણધરાદિ સાધકાત્માઓ દ્વારા જે સહન કરવામાં આવે છે તેનું નામ પરીષહ છે. બીજા શબ્દોમાં જેના નિમિત્તથી ધર્મારાધનામાં – મોક્ષમાર્ગના સાધનમાં તથા કર્મોની નિર્જરાના ઉપાયભૂત તપશ્ચરણમાં વિઘ્ન ઉપસ્થિત કરી શકે એવા કષ્ટ વિશેષને પરીષહ સમજવો જોઈએ. આ કર્મ શું છે?

**કર્મનું સ્વરૂપ**

વ્યવહારિક ભાષામાં વપરાતો શબ્દ 'પ્રારબ્ધ' તેમાં કોઈક નિયમ પ્રવર્તતો હોય છે તે છે કર્મસિદ્ધાંત. જૈન ધર્મ કર્મવાદમાં માને છે. क्रियते इति कर्मः। જીવ દ્વારા થતી મન, વચન અને કાયાની પ્રવૃત્તિનું ફળ તે કર્મ. જીવ જ્યારે રાગદ્વેષ કરે છે ત્યારે આત્મપ્રદેશોમાં થતાં સ્પંદનો થી આકર્ષા ઈને કાર્મ ણવર્ગ ણાના અનં ત અનંતસ્કંધો આત્મપ્રદેશો સાથે ચોંટી જાય છે, તેને કર્મ કહે છે. તે શુભ અને અશુભ એમ બે પ્રકારના હોય છે. તેનો ઉદય થાય ત્યારે તેને તેવા સ્વરૂપે ભોગવવા જ પડે છે.

હકીકતમાં રોગ, વ્યાધિ કે ઈજા થઈ હોય ત્યારે આપણે ઇંજેક્શન લેતાં, દવા પીતાં કે ઓપરેશન સમયે મન મજબૂત રાખીને મનેકમને સહન કરતા આવ્યા છીએ. પણ અહીં વાત થાય છે સ્વેચ્છાએ રાજીખુશીથી થોડા કે વધુ સમય માટે અચાનક આવી પડેલા કષ્ટને જરાપણ ઉચાટ કર્યા વગર સ્વાભાવિક્તાથી, સ્થિરતાથી સહન કરવાની. આવા પરીષહની વાત જૈન ધર્મમાં સાધક આત્માઓ-સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાને લક્ષમાં રાખીને કહેવામાં આવી છે.

શ્રી ભગવાન મહાવીર સ્વામીએ કેવળજ્ઞાન દ્વારા સાક્ષાત્ કરીને કહ્યું છે કે આ જિનશાસનમાં નિશ્ચયથી ૨૨ પરીષહો છે. તેમાં સર્વ પ્રકારના સહન કરવા યોગ્ય કષ્ટો - પરીષહોનો સમાવેશ થઈ જાય છે. આના વિષે શ્રી ઉત્તરાધ્યયનમાં બીજા અધ્યયનમાં ફરમાવેલું છે. આ ૨૨ પરીષહોનો નામોલ્લેખ કરતું સૂત્ર આચાર્ય ઉમાસ્વાતિ રચિત તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં નવમા અધ્યયનમાં નીચે પ્રમાણે આપેલ છે. 'क्षुत्पिपासा शीतोष्णदंशमशकनागन्या रतिस्त्रीचर्यानिषद्याशय्याक्रोश–वधयाचनालाभरोगतृष्णस्पर्शमलसत्कारपुरस्कारप्रज्ञाज्ञानादर्शनानि।।'

કર્મની નિર્જરા હેતુ આ બધા પરીષહોને સહન કરવા જોઈએ એવો ઉપદેશ જિનશાસનમાં જ છે. અન્યત્ર નથી.

**પરીષહ અને કર્મનો સંબંધ**

આ ૨૨ પરીષહોને ધર્માચરણમાં વિઘ્ન ઉપસ્થિત કરવાનું કારણ શું? તો કહે છે કે જ્ઞાનાવરણીય, વેદનીય, મોહનીય અને અંતરાય કર્મની પ્રકૃતિનો ઉદય જ એનું અંતરંગ કારણ છે. જેમ કે,

(૧) જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી ૧) પ્રજ્ઞા અને ૨) અજ્ઞાન પરીષહ

(૨) વેદનીય કર્મના ઉદયથી ૧) ક્ષુધા=ભૂખ, ૨) પિપાસા=તરસ, ૩) શીત=ઠંડી, ૪) ઉષ્ણ=ગરમી, ૫) દંશમશક, ૬) ચર્યા, ૭) શય્યા,૮) વધ, ૯) રોગ, ૧૦) તૃણસ્પર્શ, ૧૧) મલ એમ ૧૧ પરીષહ

(૩) મોહનીય કર્મના ઉદયથી ૧) અચેલ ૨) અરતિ ૩) સ્ત્રી ૪) નિષધા=બેસવાનો, ૫) આક્રોશ, (૬) યાચના, (૭) સત્કાર પુરસ્કાર એ ૭ પરીષહો ચારિત્ર મોહનીય કર્મના ઉદયથી અને (૮) દર્શન પરીષહ દર્શન મોહનીય કર્મના ઉદયથી.

(૪) અંતરાય કર્મના ઉદયથી ૧) અલાભનો પરીષહ

આ ૨૨ પરીષહોમાંથી કેટલાક શારીરિક છે. કેટલાક માનસિક છે. કેટલાક અનુકૂળ પરીષહ છે તો કેટલાક પ્રતિકૂળ છે. જે અનુકૂળ પરીષહ હોય તે અનુકૂળતા કરીને કે પ્રમાદી ચિત્તમાં ગમવાનો ભાવ ઉત્પન્ન કરીને સાધુને સંયમ માર્ગથી ચલિત કરાવનાર છે. જે પ્રતિકૂળ પરીષહ હોય તે કષ્ટો આપીને ચલિત કરાવનાર છે, પરંતુ કોઈપણ પરીષહથી વિચલિત ન થવું અને સંયમમાર્ગમાં દૃઢ રહેવું તે જ સાધકનું કર્તવ્ય છે. તેથી પરીષહોને સમભાવથી સહન કરવા જોઈએ. પરીષહ સાધકાત્માની કસોટી છે. તેના દ્વારા કસાયા પછી સાધુ મોક્ષમાર્ગથી ચલિત નથી થતા અને વિર્યોલ્લાસ પ્રગટ કરીને કર્મોની નિર્જરા કરીને પોતાનું કલ્યાણ કરે છે.

**જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી આવતા પરીષહ**

(૧) જ્ઞાન, જ્ઞાની અથવા જ્ઞાનીના સાધનો સંબંધી દૂષિત પરિણામો થવા, (૨) જ્ઞાન પાસે હોવા છતાં ભણાવવાનું ટાળવું, ગુરુનું નામ છુપાવવું, (૩) ઇર્ષ્યાભાવથી બીજાને ન ભણાવવું કે ન ભણવા દેવું, (૪) જ્ઞાનાભ્યાસમાં વિઘ્ન ઊભું કરવું, (૫) જ્ઞાનીનો અસત્કાર, અનાદર કરવો. સાચા જ્ઞાનીનું જ્ઞાન પ્રગટ થતું અટકાવી દેવું. (૬) પ્રશસ્તજ્ઞાનમાં પણ દૂષણ લગાવવું, આળસ કરવી. આ તથા એ વા અન્ય કારણો થી જ્ઞાનાવરણીય કર્મ બં ધાય છે . સાધકાત્માને સાધના દરમ્યાન આ કર્મના ઉદયથી પરીષહ આવે તો બે પ્રકારના આવે.

(૧) **પ્રજ્ઞા પરીષહ** : જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ વધુ હોય તો પ્રગટ થયેલ બુદ્ધિ વિશેષને પ્રજ્ઞા કહે છે. જે સમયે આત્મામાં પ્રજ્ઞાની હીનતા હોય ત્યારે સાધુને એવો વિચાર આવે કે હું કાંઈ

જાણતો નથી, મૂર્ખ છું, મારો પરાભાવ થાય છે. તે પ્રજ્ઞા પરીષહ છે. અથવા શ્રુતજ્ઞાનની વિશિષ્ટતા આત્મામાં થવાથી તે સમયે તે સાધુને તેનો મદ થાય કે હું વિશિષ્ટ જ્ઞાનસંપન્ન છું. પ્રત્યેક વ્યક્તિ મારી પાસે પોતપોતાની જિજ્ઞાસાનું સમાધાન કરવા આવે છે. તે પ્રજ્ઞા પરીષહ છે. આ રીતે પ્રજ્ઞાનો ઉત્કર્ષ અને અપકર્ષના ભેદથી આ પરીષહ બે પ્રકારનો છે. પ્રજ્ઞાનો અપકર્ષ હોય ત્યારે સાધુ એવું વિચારે કે મારા જ્ઞાનાવરણીયાદિક કર્મોનો કેટલો તીવ્ર ઉદય છે કે જ્ઞાનના સાધન હોવા છતાં પણ મને જ્ઞાનની પ્રાપ્તિ થઈ શકી નથી. મારા જ કરેલાં કર્મ છે એથી મારે જ ભોગવવા પડશે. આવી પરિણતિથી આત્મા પ્રજ્ઞાપરીષહને ધૈર્યપૂર્વક સહન કરી શકે છે. પ્રજ્ઞાનો પ્રકર્ષ હોય ત્યારે એમ વિચારે કે જે જ્ઞાન પ્રાપ્ત થયું છે તે જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી પ્રાપ્ત થયેલ છે. જો તેનો મદ કરીશ તો નવા જ્ઞાનાવરણીયાદિ કર્મોનો બંધ થશે અને એનો જ્યારે ઉદય થશે ત્યારે યથાર્થ જ્ઞાનથી પણ હું વંચિત થઈ જઈશ. મતિશ્રુતરૂપ પરોક્ષ જ્ઞાનને આશ્રિત આ બંને પ્રકારના પરીષહોને સાધુએ સહન કરવા આવશ્યક છે.

જેવી રીતે પુષ્પદંતાચાર્યના ભદ્રમતિ નામના મંદમતિ શિષ્યને એકની એક ગાથા ગોખતાં વર્ષો વીતી ગયા છતાં તેઓએ ખેદ કર્યા વગર ધૈર્યપૂર્વક પ્રજ્ઞાપરીષહ સહન કરતાં કરતાં પ્રશસ્ત ધ્યાનથી ક્ષપક શ્રેણી પર આરુઢ થઈ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.

**(૨) અજ્ઞાન પરીષહ :** અવધિજ્ઞાન આદિ પ્રત્યક્ષ જ્ઞાન છે તેના અભાવ રૂપ આ પરીષહ છે. મુનિએ પોતાના આત્મા માટે એવો વિચાર કરી ખેદ ન પામવું જોઈએ કે હું મોક્ષમાર્ગમાં જ વિચરણ કરી રહ્યો છું છતાં મને હજી સુધી અવધિ, મનઃપર્યવ રૂપ પ્રત્યક્ષ જ્ઞાનની પ્રાપ્તિ થઈ નથી તો આ ધર્માચરણ કરવાથી મને શું લાભ થયો? અથવા અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન તો થયું પણ હજી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. જ્ઞાનની પ્રાપ્તિના અભાવમાં વિષાદ ન કરવો જોઈએ. આનું જ નામ અજ્ઞાન પરિષહને જીતવો એ છે. **વેદનીય કર્મના ઉદયથી આવતા પરીષહ**

(૧) દુઃખ=પીડારૂપ પરિણામ, (૨) શોક=ઇષ્ટ વસ્તુનો વિયોગ થવાથી થતો ખેદ, (૩) તાપ=કોઈ અનુચિત કાર્ય થઈ ગયા પછી જ્યારે નિંદા આદિ થાય અથવા એનો ભય રહે તો સંતાપ થવો, (૪) આક્રંદન= અશ્રુપાત કરવો, (૫) વધ=દશ પ્રકારના પ્રાણોમાંથી કોઈના એકપણ પ્રાણ નષ્ટ કરવાની પ્રવૃત્તિ, (૬) પરિદેવન=જોર જોરથી રડવું. આ છએ કારણ ત્રણ પ્રકારે થાય. સ્વને વિષે, પરને વિષે તથા ઉભયને વિષે. તેમ થવાથી અશાતાવેદનીય કર્મ બંધાય છે. સાધના દરમિયાન આ કર્મના ઉદયથી પરીષહ આવે તો ૧૧ પ્રકારના આવે.

**(૧) ક્ષુધા પરીષહ :**

‘પથિકને માટે જરા સમાન કોઈ દુઃખ નથી,
ગરીબી જેવો કોઈ અનાદર નથી,
મરણ સમાન કોઈ ભય નથી અને
ક્ષુધા સમાન કોઈ વેદના નથી.’

ભૂખ રૂપનો નાશ કરે છે, સ્મૃતિનો ધ્વંશ કરે છે. પાંચ ઇંદ્રિયોની શક્તિઓને ક્ષીણ કરે છે. ક્લેશના પરિણામોને જાગ્રત કરે છે. ધૈર્યને જડમૂળથી ઉખેડી નાખે છે. છેલ્લે છેલ્લે આ ભૂખ પ્રાણીઓના પ્રાણોનું પણ હરણ કરે છે. સઘળા સદગુણોનો નાશ કરે છે.

સમસ્ત પરીષહોમાં ક્ષુધા પરીષહ સૌથી દુષ્કર છે. (સાધુ) ભિક્ષુ ક્ષુધા સંતોષવા માટે ગૌચરીએ જાય ત્યારે શાસ્ત્રમાં બતાવેલ ૪૨ દોષરહિત એવી ભિક્ષા ગ્રહણ કરે. કોઈ વખત અંતરાય કર્મના ઉદયે શાસ્ત્રાજ્ઞાનુસાર નિર્દોષ ગોચરી પ્રાપ્ત ન થાય ત્યારે વેદનીય કર્મના ઉદયથી ક્ષુધાપરીષહ સહન કરવો પડે છે. તે સમયે ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને દોષિત ગોચરી ગ્રહણ ન કરે. ભૂખથી પીડાવા છતાં સાધુ એષણા સમિતિમાં દોષ ન સેવે કિન્તુ દીન બન્યા વિના અપ્રમત્તપણે નિર્દોષ આહારાદિ માટે ફરે.

‘પહેલા આદિ જિનેશ્વર સમરીએ વર્ષ એક ફર્યા નિત્ય ગોચરીએ,
નહિ ભોજન જલ મલિયું જરીએ, જુઓ અનંતરાય કર્મની એવી ગતિ.’

સાધકાત્મા મનમાં ખિન્નતા ન આણે પરંતુ એવો ભાવ કરે કે જો યોગ્ય ગોચરી મળશે તો સંયમની વૃદ્ધિ અને જ્ઞાનની આરાધના થશે અને જો નહિ મળે તો તપની વૃદ્ધિ અને ક્ષુધાવેદનીય કર્મનો ક્ષય થશે.

**(૨) તૃષા પરીષહ :** ક્ષુધા શાંત કરવા આહાર કર્યા પછી તરસ લાગે. તરસને સહન કરવી જોઈએ. ગામાકર, નગર વગેરેથી બહારના રસ્તા ઉપર વિચરતા સાધુને માર્ગમાં તરસ લાગે ત્યારે સાધુ ભગવંત દોષરહિત અચેત પાણી જ વાપરે. તે ન મળે તો તૃષા સહન કરે પરંતુ ગમે તેટલી તીવ્ર તરસ લાગી હોય તો પણ દોષથી યુક્ત કે સચિત્ત કે અચેત હોવા છતાં અદત્ત પાણી વાપરે નહિ. અદીન બની રહે. પરંતુ એ પાણી વાપરવાની મનમાં ઈચ્છા પણ સેવે નહિ.

**શીત પરીષહ :** જ્યારે શીતકાળ એટલે કે હેમંત અને શિશિર ઋતુ હોય ત્યારે ખૂબ ઠંડી પડે છે, ત્યારે દુર્બળ શરીરવાળાને, સ્નિગ્ધાહાર, તૈલમર્દન આદિના ત્યાગથી ધૂસર શરીરવાળા મુનિને ઠંડીથી બહુ પીડા થાય છે. ઠંડા પવનના સ્પર્શથી શીતપરીષહ આવે છે. ત્યારે સાધકાત્માઓ ઠંડીથી બચવા માટે પોતાના વસ્ત્રની મર્યાદા ઉપરાંત વધુ વસ્ત્રો, કામળા, કામળી રાખે નહિ કે અકલ્પનીય વસ્ત્રો ગ્રહણ કરે નહિ. અગ્નિની સહાય પણ ન લે. પોતાના મનને સ્થિર અને સ્વસ્થ રાખીને શીત પરીષહનો પ્રબળતાપૂર્વક સામનો કરે.

**(૪) ઉષ્ણ પરીષહ :** ગ્રીષ્મ જ્યારે સૂર્યના પ્રખર કિરણોથી પ્રબળ તાપની વર્ષા વરસે છે ત્યારે તેનાથી તપી ગયેલી ધૂળ અને પાષાણવાળી ભૂમિ પર ચાલવાથી થતા કષ્ટથી, ગરમ થયેલા વાયુની લૂથી, અથવા દાહજવર આદિથી થનાર આંતરિક તાપથી અને અત્યંત ગરમીથી અતિશય પીડિત સાધુ ગભરાય નહિ. શીતળ પવન આદિનો સંયોગ મળવાથી શાંતિ થાય એવા ભાવ ન કરે, કે ન તે ભીના કપડાંથી લૂંછે. શરીર ઉપર વીંઝણા વગેરેથી પવન પણ ન નાખે. પરંતુ તેનાથી ગભરાયા વગર સમભાવે ઉષ્ણ પરીષહ સહન કરે.

**(૫) દંશમશક પરીષહ :** ચોમાસાના સમયમાં ડાંસ, મચ્છર, માખી, માકડ વગેરેની ઉત્પત્તિ થાય છે. તે શરીર પર બેસીને પીડા કરે છે. વેદનીય કર્મનો ઉદય હોય ત્યારે સાધક આત્મા તેના દ્વારા પીડિત થાય છે છતાં સમભાવથી સહન કરી લે. કષાયભાવ ન લાવે ચિત્તમાં ઉદ્વેગ ન લાવે. એક સ્થાનથી બીજે સ્થાન ન જાય. ડાંસ મચ્છરને પોતાના શરીર પરથી હટાવે નહિ. તેના કરડવાથી મનને કલુષિત કરે નહિ. અને વચનાદિકને પણ પ્રદુષ્ટ ન કરે. અને તે જીવો વિષે મનથી પણ અશુભ ન ચિંતવે. માધ્યસ્થભાવ રાખે.

**(૬) ચર્યા પરીષહ :** ગ્રામાનુગ્રામ વિહાર કરવો તેનું નામ ચર્યા છે. ચર્યા સાધુનો કલ્પ છે. પણ આ કલ્પ કષ્ટદાયી હોવાથી સહન કરવો પડે છે. ચાતુર્માસ કલ્પને છોડીને મુનિ માટે એક સ્થળે સ્થિર રહેવું જૈનશાસનની આજ્ઞાથી બહાર છે. પ્રાસુક એષણીય આહારથી પોતાનો

નિર્વાહ કરવાવાળા મુનિ ક્ષુધા, તૃષા આદિ પરીષહોને જીતતા રાગદ્વેષથી રહિત બનીને ગામ નગર નિગમમાં સમુદાય સાથે કે એકાકીપણે વિચરે છે. પોતાના કલ્પનું પ્રમાદથી આચરણ ન કરવું તે પરીષહજનિત પરાજય છે માટે પ્રમાદનો ત્યાગ કરીને અનિયતવાસ કરવાવાળા અપ્રતિબંધ વિહારી મુનિ આસક્તિરહિત બનીને વિચરવારૂપ ચર્ચા કરવાથી ચર્ચા પરીષહ જીતે છે.

**(૭) શય્યા પરીષહ :** વિહારમાં કે ચાતુર્માસ દરમ્યાન પોતાને બેસવા કે સૂવા માટે મળેલી જગ્યા (શય્યા) ઊંચીનીચી હોય, બહુ તડકો, તાપ, ટાઢ કે પવનવાળી જગ્યા હોય તો પણ તે માટે મનમાં જરાપણ ઉદ્વેગ ન આણવો અને ભગવાનની આજ્ઞા પ્રમાણે પ્રસન્નચિત્તથી તેનો સ્વીકાર કરી લેવો તે શય્યા પરીષહ છે. અનુકૂળ કે પ્રતિકૂળ સ્થાનમાં રાગદ્વેષ કરે છે તે પાપદૃષ્ટિ મુનિ સમતાભાવ રૂપ, મર્યાદાનો નાશ કરીને સંયમથી પતિત થઈ જાય છે. માટે મુનિ સમભાવે શય્યા પરીષહ સહન કરે.

**(૮) વધ પરીષહ :** વધ-તાડન, તર્જન, હનન કોઈ દુષ્ટ વ્યક્તિ આવેશમાં આવીને મુનિરાજને લાકડી આદિનો પ્રહાર કરીને, માર મારીને, ગદડાપાટુ કરીને તાડન કરે ત્યારે મુનિ ક્રોધથી તપી ન જાય, મનને દૂષિત પણ ન કરે. પરંતુ તે સાધુ ઉત્તમ ક્ષમાદિરૂપ કર્તવ્યનો તથા આત્મસ્વરૂપનો વિચાર કરે કે ક્ષમા એ જ ધર્મ છે. આ તો મને પૂર્વોપાર્જિત કર્મોનું ફળ મળી રહ્યું છે. એમાં એ બિચારાનો કોઈ જ દોષ નથી. આમ પ્રતિકારની ભાવના ન રાખે પણ તેના માટે કરુણા ઉપજે કે આજે મને નિમિત્ત બનાવીને તે કર્મોનો ઉપચય કરે છે. મુનિ વિચારે કે આ શરીર પુદ્ગલનું છે મારો આત્મા તેનાથી ભિન્ન છે. તે અજર અમર છે.

**(૯) રોગ પરીષહ:** વાત, પિત્ત અને કફ એ ત્રણની વિષમતાથી થતા રોગ તેમ જ વેદનીય કર્મના ઉદયથી શ્વાસ આદિ ૧૬ પ્રકારના રોગ સંબંધી દુઃખ ઉત્પન્ન થાય છે. તેને સાધકાત્મા શાંતિપૂર્વક સહન કરે. તે એવી રીતે કે હું આ સમયે જે વ્યાધિથી પીડિત થઈ રહ્યો છું એ મારા પૂર્વ ભવના કરેલાં કર્મનો બદલો છે. અશુભ કર્મોનું ફળ છે. તેને સહન કરે. નિરવદ્ય ચિકિત્સા ઈચ્છે તો કરાવે અને ન ઈચ્છે તો ન કરાવે. કદાચ ઔષધ કરે તો ય સંયમના જ ધ્યેયથી કરે. પોતાના અશુભ કર્મ ભોગવાઈ રહ્યા છે એમ ચીંતવી રોગ સહન કરી લેવો જોઈએ.

**(૧૦) તૃણસ્પર્શ પરીષહ :** મુનિને તેલ આદિનું માલીશ કરવાનું વર્જિત હોવાથી અને અનશન આદિ તપ કરવાનું હોવાથી તેમનું શરીર રૂક્ષ અને કૃશ થઈ જાય છે. રૂક્ષ શરીરમાં લોહી ઓછું હોવાથી દર્ભાદિક તૃણના આસન અથવા પથારીમાંની ઘાસની અણીઓ વાગે અથવા સૂતાં બેસતાં ખરબચડી જમીનનો કઠણ સ્પર્શ થાય ત્યારે વેદના થાય છે. તથા ગરમીના કારણે શરીરમાં જે પરસેવો થાય છે તે તૃણસ્પર્શથી ઉત્પન્ન થયેલા ઘાવમાં લાગે ત્યારે અધિક વેદના થાય છે. ત્યારે સાધુનું કર્તવ્ય છે કે તેણે ચિત્તમાં સમતા, સ્વસ્થતા, ધારણ કરવી જોઈએ કે જેથી નવા અશુભ કર્મ બંધાય નહિ અને ઉદયમાં આવેલ અશુભ કર્મો ભોગવાઈ જાય તે સિવાય અન્ય અનંત કર્મોની નિર્જરા થાય.

**(૧૧) મેલ પરીષહ :** મેલ એ તો સાધુની શોભા છે, કારણકે સ્નાન પરિત્યાગ રૂપ મર્યાદામાં મુનિ રહે છે. ઉનાળાની ઋતુમાં તથા શરદકાળ અને વર્ષાકાળમાં ઉષ્ણ સ્પર્શ દ્વારા ઉત્પન્ન થયેલા પરસેવાથી શરીરનો મેલ ઢીલો પડે છે અને શરીરથી છૂટો પડે છે. ફરી એ જ સ્થળે ઉડતી રજ આવીને ચોંટે છે. તેનાથી શરીરમાં આકુળતા થતી રહે છે. છતાં પણ મારા આ મેલનું નિવારણ કેમ અને ક્યારે થશે એવો વિચાર કરી વિલાપ ન કરે. પણ એવું ચિંતવન કરે કે આ શરીર તો અશુચિથી ભરેલું–અશુચિનું જ બનેલું છે. તો હજારોવાર સ્નાન કરવા છતાં પણ એમાં નિર્મળતા આવવાની નથી તો એવી સાવદ્ય ક્રિયાઓની અભિલાષા શા માટે રાખવી? વળી હું – આત્મા તો સદાને માટે પવિત્ર જ છું. શરીર અને આત્મામાં અંતર છે તો હું સ્નાનાદિથી મેલ કાઢી કોની શુદ્ધિ કરું. આત્મા પવિત્ર હોવાથી એની શુદ્ધિ કરવાનો પ્રયાસ વ્યર્થ છે. હા, આત્મા કર્મથી મલિન થાય છે તો તે મલિનતા દૂર કરવા ઉદયમાં આવેલા કર્મને ભોગવીને દૂર કરું અને સમભાવે સહન કરીને અનંત કર્મની નિર્જરા કરું.

**મોહનીય કર્મના ઉદયથી આવતા પરીષહ**

સર્વ કર્મનો રાજા મોહનીય કર્મ છે. જે કર્મ આત્માને મોહિત કરે છે અર્થાત્ સારા નરસાના વિવેકથી શૂન્ય બનાવી દે છે તે મોહનીય કર્મ. તેના મુખ્ય બે ભેદ છે. દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય. કેવળી ભગવાન, શ્રુત, ચતુર્વિધ સંઘ, પંચમહાતોના ત્યાગ રૂપ ધર્મ અને ચાર પ્રકારના દેવ–આ બધાના અવર્ણવાદ એટલે કે અસદ્ભૂત દોષોનું આરોપણ કરાવવાળા જે ભાવ થાય તે તીવ્ર પરિણામ કહેવાય. તેનાથી દર્શનમોહનીય કર્મનો બંધ થાય છે. (૧) જે કર્મ તત્ત્વ રુચિરૂપ સમ્યક્ત્વમાં બાધક તો ન હોય પરંતુ આત્મ સ્વભાવરૂપ ઔપશમિક અને ક્ષાયિક સમ્યક્ત્વ થવા ન દે, જેનાથી સૂક્ષ્મ પદાર્થોનું સ્વરૂપ વિચારવામાં શંકા ઉત્પન્ન થાય, સમ્યક્ત્વમાં મલિનતા આવી જાય, ચલ મલ અગાઢ દોષ ઉત્પન્ન થઈ જાય તે સમ્યક્ત્વ મોહનીય કર્મ. (૨) જેના ઉદયથી જીવને તત્ત્વના યર્થાથ સ્વરૂપની રુચિ ન થાય, તત્ત્વ પર શ્રદ્ધા ન થાય તે મિથ્યાત્વ મોહનીય કર્મ (૩) જિન પ્રણિત તત્ત્વમાં રુચિ પણ ન હોય અને અરુચિ પણ ન હોય, શ્રદ્ધા ન હોય અને અશ્રદ્ધા પણ ન હોય તે મિશ્ર મોહનીય કર્મ. રાગદ્વેષ અથવા ક્રોધ, માન, માયા, લોભ આદિથી વશીભૂત થઈને જીવના એવા પરિણામ થઈ જાય છે કે જેનાથી તે ધર્મ કે ધર્મના સાધનોને પણ નષ્ટ કરવા લાગે છે અથવા એમાં અંતરાય ઉત્પન્ન કરે છે. ાતપાલનમાં શિથીલ બનાવી દે છે. આવા ભાવને તી પરિણામ કહેવાય છે. તેનાથી ચારિત્ર મોહનીય કર્મનો બંધ થાય છે. આ ચારિત્ર મોહનીય કર્મના ઉદયથી સાધકને ૭ પરીષહ આવે છે.

**(૧) અચેલ પરીષહ :** જિનકલ્પી સાધુ અને દિગંબર સાધુ નિર્વસ્ત્ર જ હોય છે. બાકીના સાધુઓ પ્રમાણોપેત તથા અલ્પમૂલ્યવાળા વસ્રોને ધર્મબુદ્ધિથી જ પરિધાન કરે છે, મૂર્છા ભાવથી નહિ. તેથી તે અચેલક તુલ્ય જ છે. સાધુના વસ્રો જીર્ણ શીર્ણ થઈ ગયા હોય કે ચોર વગેરે કોઈ ઉઠાવી ગયા હોય ત્યારે તે લજ્જા, ચિંતા, ખેદ કરે નહિ. મનમાં ક્ષોભ કે હીનતાનો ભાવ આવવા દે નહિ. જે પરિસ્થિતિ ઊભી થાય છે તે પૂર્વે બાંધેલ કર્મનુ ંજ ફળ હોય છે માટે રાગદ્વેષ ન કરે કે કુવિકલ્પ ન કરે.

**(૨) અરતિ પરીષહ:** સંયમ વિષયક અપ્રીતિનું નામ અરતિ છે. મોહનીય કર્મના ઉદયથી થનારી સંયમ અરુચિરૂપ આત્મ પરિણતિનું ફળ ચીકણા કર્મબંધ રૂપ છે. તેનાથી જીવનું ચતુર્ગતિ રૂપે સંસારમાં પરિભ્રમણ થાય છે એમ સમજીને આ અરતિને સાધુએ મનથી પણ હટાવવી જો ઈએ અને સ્વાધ્યાય અને શુ ભ ધ્યાનમાં પો તાની આત્મપરિણાતિને જોડવી જોઈએ. અરતિ પરીષહ જીતવાની યોગ્યતા પ્રાપ્ત કર્યા વગર મુનિ અવસ્થા આવતી નથી.

**(૩) સ્ત્રી પરીષહ :** સ્ત્રી પર્યાય નિંદનીય, પરાધીન પર્યાય છે. બ્રહ્મચર્યનો ભંગ કરવા આદિની અપેક્ષાથી દુરાચારી છે. સ્ત્રી તરફના રાગપૂર્વક ગમન, વિલાસ, હાસ્ય, ચેષ્ટા તથા ચક્ષુનો વિકાર, કટાક્ષ આદિના અવલોકનથી પુરુષોમાં વિષયાસક્તિ રૂપ રાગ ઉત્પન્ન થાય છે. તે વિષયરાગ ઉત્પન્ન થવાથી પુરુષ તેને વશીભૂત બની જાય છે. ચારિત્રની મર્યાદામાં રહેવાવાળા મુનિ બ્રહ્મચર્ય રૂપ આરામ ઉદ્યાનમાં જ વિચરણ કરે. બ્રહ્મચર્ય વ્રતનું નવવાડથી રક્ષણ કરવું જોઈએ. આ સ્ત્રી પરિષહ અનુકૂળ પરીષહ છે. આ પરીષહથી ન આકર્ષાતા ચિત્તને દૃઢતાથી ચારિત્રશુદ્ધિમાં એકાગ્ર કરી દેવું જોઈએ અને સ્ત્રી પરીષહને જીતવો જોઈએ.

**(૪) નિષદ્યા પરીષહ :** પાપકર્મોની અને ગમનાદિ ક્રિયાઓની નિવૃત્તિરૂપ નિષેધ જેનું પ્રયોજન હોય તે નૈષેધિકી છે અથવા નિષદ્યા. એ કાયોત્સર્ગની ભૂમિ સ્વરૂપ કે સ્વાધ્યાયની ભૂમિ સ્વરૂપ હોય. એટલે કે સ્વાધ્યાય કરવા માટે અથવા કાયોત્સર્ગ કરવા માટે સ્ત્રીપશુ-પંડક રહિત સ્મશાન આદિને આસન માનીને નિર્ભયતાપૂર્વક શરીરના મહત્ત્વ રહિત તે મુનિ ત્યાં રહે અને ઉપસર્ગ વગેરે સઘળું સહે. પરંતુ એક સ્થાનથી બીજા સ્થાન પર ન જાય. ઉપસર્ગ મારું શું કરી શકવાના છે? નિશ્ચલ ચિત્તે એવો વિચાર કરી સહન કરે.

**(૫) આક્રોશ પરીષહ :** આક્રોશવચન એટલે અસભ્ય વચન. સાધુ ભગવંતોનો વેશ એવો છે કે તે જોઈને જ કૂતરા ભસે. અજ્ઞાનીઓ અપમાન કરે, પરધર્મી મનુષ્યો કઠોર વચન કહે. કોઈ તુચ્છકારે, કોઈ આળ ચઢાવે કે અપશબ્દ બોલે, કોઈ દંભી, પાખંડી કહી ગુસ્સો કરે. આવા દુર્વચનો કે જે ક્રોધરૂપી અગ્નિ ઉત્પન્ન કરનાર હોય છે, તે સાંભળી તેનો પ્રતિકાર કરવામાં સમર્થ હોય પણ મુનિ પોતાના અશુભ કર્મનો ઉદય છે એમ સમજીને પોતાના હૃદયમાં ક્રોધને સ્થાન ન આપે. સમભાવથી સહન કરી લે. તેથી આક્રોશ પરીષહ પર વિજય પ્રાપ્ત કરે છે

**(૬) યાચના પરીષહ :** ગૃહરહિત અણગારની સમસ્ત વસ્તુઓ યાચિત જ હોય છે. માટે સંયમ જીવન ઘણું દુષ્કર છે. સાધુજીવનમાં ગોચરી, ઔષધ, ઉપકરણ વગેરેની યાચના કરવાના પ્રસંગે અભિમાન, ક્ષોભ કે લજ્જાનો ભાવ આણવો ન જોઈએ. વિનમ્રતાથી યાચના કરવી જોઈએ. વળી આવશ્યકતા વિના માગવાના સ્વભાવવાળા પણ ન બની જવું જોઈએ. એથી આત્માનું સત્ત્વ હણાય છે. તૃષ્ણા કે વાસના વધે છે. સંયમશીલ સંકોચ ચાલ્યો જાય છે. માગવામાં શરમ આવવાથી ગૃહસ્થાશ્રમને સારો માને તો તે પણ ઠીક નથી, કારણકે ગૃહસ્થાશ્રમ ઘણા સાવદ્ય કર્મોથી ભરેલ છે.

**(૭) સત્કાર પુરસ્કાર પરીષહ:** અન્ય દ્વારા વસ્ત્રપાત્રાદિના આપવારૂપ સત્કાર અને અભ્યુત્થાન, આસન પ્રદાન તથા વંદના આદિ કરવા રૂપ પુરસ્કાર. આ બન્ને પ્રકારનો પરીષહ છે. સાધુને સત્કાર પુરસ્કારની પ્રાપ્તિ હોવાથી ગૃદ્ધિ અને તેના અભાવમાં દ્વેષ ન કરવો જોઈએ. વસ્ત્રપાત્રાદિકનો લાભ હોય અગર ન હોય, કોઈ વંદના આદિ કરે કે ન કરે એ તરફ લક્ષ ન આપવું અથવા આ વિષયમાં હર્ષ વિષાદ ન કરવો. સ્વાગત માટે કોઈ ન આવે તો ખેદ ન થવો જોઈએ અને બહુ બધા આવે તો ગર્વ ન કરવો જોઈએ. ગમો અણગમો થાય નહિ તો તે બન્ને પ્રકારના પરીષહને જીતી શકાય.

દર્શન મોહનીય કર્મના ઉદયથી સાધુ જીવનમાં ૧ પરીષહ આવે છે

**(૧) દંસણ પરીષહ:** દંસણ પરીષહને સમ્યક્ત્વ પરીષહ પણ કહે છે અને અદંસણ પરીષહ પણ કહેવાય છે. તેનો અર્થ થાય છે શ્રદ્ધામાંથી ચલાયમાન કરવા માટેનો પ્રયત્ન. શરીર અને મનનું બળ કેળવેલું હશે તો ગમે તે વ્યક્તિ કે પ્રસંગ ઊભો થાય તો પણ સુદેવ, સુગુરુ, સુધર્મમાં રહેલી શ્રદ્ધા ડગે નહિ. દેવતાના ડગાવ્યા ડગે નહિ. ચળાવ્યા ચળે નહિ. ક્રિયાવાદી આદિ અનેકવિધ સિદ્ધાંતોને શ્રવણ કરવાથી તર્કવિતર્ક ઉભા થાય પરંતુ અડગ શ્રદ્ધા ધરાવનારને સમકિતીને- સાધક આત્માને તર્કવિતર્ક થાય નહિ અને પોતાની શ્રદ્ધામાં દૃઢ રહે.

આ ૨૨ પરીષહોને સાધક આત્મા સહન કરીને, કર્મોની નિર્જરા કરીને પોતાનું કલ્યાણ કરે છે. જ્યારે પરીષહ આવી પડે ત્યારે તેની પ્રત્યે મિત્રબુદ્ધિથી જુએ અને પોતાના ઉપર ઉપકાર થઈ રહ્યો છે એવી ઉપકારબુદ્ધિથી વિચરે.

અંતરાય કર્મના ઉદયથી ૧ પરીષહ આવે છે. તે છે

**(૧) અલાભ પરીષહ:** સાધુ જ્યારે ગૃહસ્થના ઘરે જાય અને આહારાદિકની યાચના કરે તો લાભાંતરાય કર્મનો ઉદય હોય તો સાધુને આહારનો લાભ ન થાય ત્યારે તે પોતાના આત્માને કલુષિત ન કરે. અભિલાષિત વસ્તુની અપ્રાપ્તિથી મનમાં વિકૃતિ લાવે નહિ. સમચિત બની રહે તેનાથી અલાભ પરીષહ જીતી જવાય છે.

ધર્મપ્રાપ્તિમાં મોટામાં મોટી દખલગીરી રૂપ કોઈ કર્મ હોય તો તે મિથ્યાત્વ મોહનીય કર્મ જ છે. જીવ ખૂબ માર ખાઈને તડકા તાપ વેઠીને નરકના ઘોર દુ:ખો ભોગવીને બાળતપ વગેરે કરીને ગમે તે રીતે મોહનીય કર્મની સ્થિતિ કપાઈને અંતઃ ક્રોડા ક્રોડી સાગરોપમની સ્થિતિ થાય ત્યારે જ સમ્યક્ત્વભાવ થાય છે. આ સ્તરે પહોંચતા જે કષ્ટ સહન કર્યા તે કષ્ટો જ કહેવાશે પરીષહ નહિ કહેવાય. જ્યારે જીવ મોક્ષ માર્ગની સાધના શરૂ કરશે ત્યાર પછી જ કર્મોના ઉદય પ્રમાણે પરીષહરૂપ કસોટી થાય છે. અને કર્મોની નિર્જરા થાય છે અને નવા કર્મ બંધાતા નથી.

**ગુણસ્થાનવર્તી જીવોના પરીષહો**

**૧થી ૪ ગુણસ્થાનવર્તી :** આ જીવોને ૨૨ પરીષહો હોય પણ તે દુ:ખરૂપ હોય છે નિર્જરારૂપ નહિ.

**૫થી ૯ ગુણસ્થાનવર્તી :** બાદર કષાયયુક્ત આ જીવો અષ્ટવિધ કર્મબંધક હોય કે સપ્તવિધ બંધક હોય, ઉપશમક હોય કે ક્ષપક હોય તેઓને ૨૨ પરીષહોનો સંભવ છે. એક કાળમાં એક જીવ અધિકમાં અધિક **૨૦ પરીષહ**નું વેદન કરી શકે છે કારણકે પરસ્પર વિરોધી એવા શીત અને ઉષ્ણમાંથી એક અને ચર્યા અને શય્યા પરીષહમાંથી એકનું જ વેદન થાય છે.

**૧૦, ૧૧, ૧૨ ગુણસ્થાનવર્તી :** જ્યાં લોભ કષાય અત્યંત મંદ છે અથવા મોહનીય કર્મ શાંત અથવા ક્ષીણ થઈ ગયું છે તે જીવોને મોહનીય કર્મ નિમિત્તના **૮ પરીષહો** વર્જીને ૧૪ પરીષહ લાભે છે.

**૧૩, ૧૪ ગુણસ્થાનવર્તી :** માત્ર વેદનીય કર્મના નિમિત્તવાળા ૧૧ પરીષહ લાભે અને એક સમયે વધુમાં વધુ ૮ પરીષહો વેદે.

સાધુ ભગવંતોએ બધા પરીષહો સમભાવપૂર્વક મધ્યસ્થતાથી સહન કરી લેવા જોઈએ. તેમને માટે પરીષહ આર્ત કે રૌદ્રધ્યાનનું નિમિત્ત ન બનવા જોઈએ. જેમ જેમ દેહ ઉપરની મમતા ઓછી થતી જાય તેમ તેમ પરીષહ પરનો વિજય સરળ થતો જાય. વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમથી મન વચન કાયાનું બળ મળે અને તેનાથી પરીષહને જીતી લે.

★

# જૈન ધર્મનો કર્મવાદ અને પુનર્જન્મ

☐ ડૉ. મધુ જી. બરવાળિયા

[ડૉ. મધુબેન બરવાળિયા હિંદી સાહિત્યમાં એમ. એ., પીએચ. ડી. છે. મહિલા મંડળ આદિનું નેતૃત્વ કરે છે અને જૈન સાહિત્ય સમારોહમાં સંશોધનપત્ર રજૂ કરે છે.]

કર્મવાદ અને પુનર્જન્મ પર દરેક દર્શન, વૈજ્ઞાનિકો, ફિલોસોફર, આધ્યાત્મિક ગુરુ, સંતો, વિચારકો દ્વારા પ્રાચીન સમયથી આજ દિન સુધી નવા નવા વિચારો, સંકેતો મળતા રહ્યા છે. પુનર્જન્મ જેની સાથે જોડાયેલો છે તેવા અસીમ તત્ત્વ આત્માને વિષે તર્કવિતર્ક થયા જ કરે છે. એ અગોચર આત્માતત્ત્વ દરેક દર્શનમાં અનુભવાયું છે, દૃષ્ટિમાન થયું નથી. ગીતામાં આત્માની સાબિતી આપતા શ્લોક છે.

'विनाशमन्ययस्यास्य न कश्चित कर्तुं मर्हति ।'

અવિનાશીનો વિનાશ કરવા કોઈ શક્તિમાન નથી. ચેતના એ આત્માનું લક્ષણ છે. જડ પદાર્થથી અને જીવ ચેતન તત્ત્વથી ઓળખાય છે. ચૈતન્યમય આત્મા છે તેનો કદી નાશ થતો નથી.

'नेनं छिदन्ति शस्त्राणि, नैनं दहति पावकः
नचैनम् कलेन्दयन्त्यापः, न शोषयति मारुतः'

આત્માને કોઈ પણ શસ્ત્ર છેદી શકતાં નથી, અગ્નિ આત્માને બાળી શકતો નથી, પાણી ભીંજવી શકતું નથી, પવન તેને સુકવી (શોષી) શકતો નથી.

શરીર જેને જૈનદર્શનની પરિભાષામાં પુદ્‌ગલનો પિંડ કહીએ છીએ એ નાશ પામે છે, પણ તેની સાથે રહલું આત્મતત્ત્વ જેને અજર-અમર-અવિનાશી કહેવાય છે તેનો જ કર્માનુસાર પુનર્જન્મ થયા કરે છે. જ્યાં સુધી તે કર્મમુક્ત થતો નથી ત્યાં સુધી જન્મમરણ થયા જ કરે છે. 'अजो नित्यः शाश्वतो यं पुराणः।' અર્થાત્ મનુષ્યનો આ આત્મા જન્મરહિત, મૃત્યુરહિત શાશ્વત અને નિત્ય છે.'

આત્મતત્ત્વ એ દરેક શરીરથી ભિન્ન અને અમર છે. તે સિદ્ધાન્ત વૈદિક પરંપરામાં પણ વિશેષ વ્યાપક થયો છે. પુનર્જન્મ વિશે હિન્દુ તત્ત્વવેત્તાઓ કહે છેઃ આત્મા ભૌતિક દૃષ્ટિએ જુદા જુદા દેહમાંથી પસાર થતો હોય છે અને આધ્યાત્મિક દૃષ્ટિથી કહીએ તો જુદી જુદી માનસિક ભૂમિકાઓમાંથી તે પસાર થતો હોય છે. વસ્તુતઃ નવો જન્મ લેતાં પ્રાણીઓ અને જીર્ણ થઈને મૃત્યુને વશ થતાં પ્રાણીઓને જોતાં પુનર્જન્મ જેવું ભાસિત થાય છે. જૈન સિદ્ધાન્તની દૃષ્ટિએ જન્મનું પ્રમાણ મૃત્યુના પ્રમાણની સાથે હંમેશાં મેળ રાખે છે, તેથી સર્વ સ્થળે જન્મ અને મૃત્યુની વૃદ્ધિ હ્રાસ હંમેશાં સમતોલ પ્રમાણમાં રહે છે. કહે છે સમગ્ર લોકમાં એક પણ જીવ વધતો નથી, એક પણ જીવ ઘટતો નથી. માત્ર પર્યાય બદલાય છે.

જૈનદર્શન કર્મવાદને વધુ મહત્ત્વ આપે છે. કર્મ પ્રમાણે આત્માની ગતિ બદલાતી જાય છે. આત્મા દેહથી ભિન્ન એક સ્વતંત્ર વસ્તુ છે અને **'તે નિત્ય'** છે. આવો આત્મા **'કર્મનો કર્તા'** પણ છે. કર્મની રજકણો સમગ્ર લોકમાં ઠાંસીઠાંસીને ભરી છે જેને આત્મા પોતાના મન, વચન, કાયાના ઉપયોગ દ્વારા સતત ગ્રહણ કરતો રહે છે. રાગાદિ ભાવોના ચુંબકીય તત્ત્વ દ્વારા કર્મરૂપી રજકણો આત્માને સતત ચોંટતા રહે છે. આ રજકણો કર્મના પરિપાક રૂપે આત્મા ભોગવ્યા જ કરે છે. પુનર્જન્મ થયા જ કરે છે. જ્યાં સુધી તે કર્મરહિત થઈ સિદ્ધગતિ પ્રાપ્ત ન કરે. ફલિત એ થાય છે કે આત્મ કર્મને (રજકણો ને ) પોતાના પર ચોંટાડવાની ક્રિયા કરતો હોવાથી (વિભાવમાં રહેવાથી) તે કર્મનો કર્તા છે અને જ્યારે એ રજકણો એના ફળ આપે ત્યારે આત્મા ભોગવે પણ છે માટે એ **કર્મનો ભોકતા** પણ છે.

કર્મવાદની જંજીરમાંથી મુક્ત થવાના જૈનદર્શનમાં ઉપાય પણ સચોટ બતાવ્યા છે. જેમ આત્મા કર્મનો કર્તા છે, ભોકતા છે, તો કર્મબંધનથી મુક્તિ થવાના અને **મોક્ષપ્રાપ્તિના ઉપાય** પણ છે. કર્મથી મુક્ત થવાનો માર્ગ જિનેશ્વર ભગવંતો એ પ્રરૂપેલો છે. એ છે સમ્યક્‌દર્શન, સમ્યક્‌જ્ઞાન, સમ્યક્‌ચારિત્ર. આ ત્રણ અગ્નિની ભઠ્ઠી સમાન છે, જેમાં આત્મા સુવર્ણ કર્મરજથી છૂટો થઈ એકદમ શુદ્ધ બની જાય છે અને એ આત્માનો મોક્ષ સહજ થઈ જાય છે. આચાર્ય ઉમાસ્વાતિના ગ્રંથ તત્ત્વાર્થસૂત્રના પહેલા અધ્યયનમાં જ એમણે મોક્ષનો માર્ગ પ્રશસ્ત કરતાં કહ્યું છે-

'सम्यग्दर्शन ज्ञान चारित्राणि मोक्ष मार्गः'

સમ્યગ્‌દર્શન, સમ્યગ્‌જ્ઞાન, અને સમ્યગ્‌ચારિત્ર એ આત્માનો મોક્ષ માર્ગ છે, એટલે મોક્ષનો ઉપાય છે અને અંતે આત્મા અખંડ અવ્યાબાધ સુખને પ્રાપ્ત કરે છે. આમ જૈનદર્શનમાં આત્મા અને કર્મવાદ અંગે આ છ પદ બતાવ્યાં છે. શ્રીમદ્ રાજચન્દ્રની આત્મસિદ્ધિમાં, તત્ત્વાર્થ સૂત્રમાં આગમ ગ્રંથોમાં બતાવ્યું છે કે આત્મા છે, નિત્ય છે, કર્મનો કર્તા છે, કર્મનો ભોકતા છે. કર્મમુક્ત થવાના ઉપાયો છે અને આત્માનો મોક્ષ છે.

જિનેન્દ્ર પ્રભુએ વિશ્વદર્શનમાં સર્વે જીવાત્માઓનું દર્શન કર્યું. પોતે જે ઉચ્ચત્તમ આત્મસ્થિતિ પ્રગટ કરી એ જ સ્થિતિ દરેક જીવાત્માઓમાં અપ્રગટ રૂપે પડેલી છે. દરેક જીવાત્મા શુદ્ધ સ્વરૂપ પરમાત્મા જ છે, પરંતુ કાર્મિક રજકણોથી તેનું સ્વરૂપ ઢંકાઈ ગયું છે. એના જ કારણે જીવાત્મા ભવભ્રમણમાં ભટક્યા કરે છે.

- હૃદયમાં સત્ય પ્રત્યેના કટ્ટર પક્ષપાતનો અભાવ (મિથ્યાત્વ).
- જીવમાં સત્યના જીવંત આચરણનો અભાવ (અવિરત).
- જીવાત્મામાં ઉત્પન્ન થતાં રહેતાં અતંદુરસ્ત ખળભળાટ (કષાય).
- મન, વચન અને કાયાની પ્રવૃત્તિઓ (યોગ).

અનંત કરુણાના કરનારા જિનેશ્વર દેવોએ કર્મમુક્તિનો ઉપાય પણ બતાવ્યો છે અને તે છે સુધર્મનું આચરણ.

જૈન દર્શનનો કર્મવાદ માને છે કે જીવાત્મા પર લાગેલાં કર્મો જ્યાં સુધી ભોગવાઈ ન જાય, કર્મોની નિર્જરા ન થાય ત્યાં સુધી એ જન્મ જન્માંતર આત્મા સાથે જ ચોંટેલા રહે છે. આમ જૈનદર્શનનો કર્મવાદ પુનર્જન્મને સ્વીકૃતિ આપે છે.

જૈનધર્મના ચોવીસ તીર્થંકરોના ચરિત્ર સહિત

ત્રિષષ્ટિશલાકામાં પુરુષના ચરિત્રોમાં આ મહાપુરુષોના અનેક ભવની વાત આવે છે. ઉપરાંત જૈન કથાનુયોગમાં પુનર્જન્મને સાંકળતી અનેક કથાઓ અંકિત છે. જૈનદર્શન સ્પષ્ટ કહે છે કે,

- જ્ઞાનનો આધાર દેહ નથી.
- દેહથી પોતાનું સ્વતંત્ર તત્ત્વ ધરાવનાર કોઈ જુદું તત્ત્વ દેહમાં છે (આત્મા).
- દેહના નાશ સાથે એ તત્ત્વનો નાશ થતો નથી.

ગત જન્મોની સ્મૃતિ હકીકત આ ત્રણ વાત પુરવાર કરે છે. જૈનદર્શન આવી સ્મૃતિને જાતિસ્મરણ 'જ્ઞાન' કહે છે.

જૈન ધર્મ આત્મવાદી ધર્મ છે. આત્માને તે શાશ્વત માને છે, આથી પુનર્જન્મમાં તેને દૃઢ વિશ્વાસ છે.

પુનર્જન્મ એટલે આત્મા સાથે જ્યાં સુધી કર્મોથી સંલગ્ન છે ત્યાંસુધી આત્માનું પુનઃ પુનઃ દેહધારણ થયા કરે છે. મતલબ કે ફરી જનમ, ફરી મરણ. વારંવાર જન્મ-મરણ એટલે પુનર્જન્મ, ભવભ્રમણ.

નવજાત શિશુને સ્તનપાન કરવાનું કોણ શીખવે છે? કોઈ જ નહીં, છતાં ગતજન્મની આહારસંજ્ઞાના પ્રભાવે શિશુ ધાવણ માટે વલખે છે. પૂર્વજન્મની સંસ્કારજન્ય સ્મૃતિનું પરિણામ છે. તાજા જન્મેલા બાળકને સુખ-દુઃખની અનુભિતિ થાય છે, તે પણ તેના જન્મજન્માંતરના સંસ્કારને આભારી છે.

પુનર્જન્મ એ કર્મબદ્ધ જીવાત્માની અવસ્થાનું પરિવર્તન છે. આત્મા ક્યારેય મરતો નથી, મરે છે તેનો માત્ર દેહ. દેહ મરતા આત્મા એના સૂક્ષ્મ શરીર સાથે, પોતાના કર્માનુસાર બીજો જન્મ લેવા પ્રયત્નશીલ બને છે અને નવો જન્મ ધારણ કરી લે છે.

એવો એકાંતિક નિયમ નથી કે આ જન્મમાં કરેલા શુભ-અશુભ કર્મના ફળ આ જીવાતા જીવનમાં જ મળે. તેના ફળ તેને બીજા ભવોમાં પણ મળતાં હોય છે. કરેલાં કર્મના ફળ ભોગવવાં જ પડે છે. તે માટે પુનર્જન્મ થતો જ રહે છે.

પરલોક-પુનર્જન્મ આજના વિજ્ઞાનીઓ માટે સજ્જડ પુરાવાઓ સાથે પડકાર બન્યા છે. આ માટે આધુનિક વિજ્ઞાનીઓ પાસે પરામાનોવિજ્ઞાન Para Psychology નામનું વિશિષ્ટ વિજ્ઞાન છે. ભારતમાં અને વિદેશોમાં આ વિષય પર વિશદ અને મહત્ત્વપૂર્ણ સંશોધન થયાં છે, થઈ રહ્યાં છે અને ઘણા વિજ્ઞાનીઓ જાહેરમાં પુનર્જન્મનો સ્વીકાર કરી રહ્યા છે.

પુનર્જન્મની યાદના અનેક કિસ્સાઓ બન્યા છે. પુનર્જન્મની સત્ય ઘટનાઓ નોંધપાત્ર સંખ્યામાં બની છે. પૂર્વજન્મોની ઘટનાઓ આ જન્મમાં યાદ આવવી તેને જૈનદર્શન 'જાતિસ્મરણ જ્ઞાન' કહે છે. આ જ્ઞાનના હજારો પ્રસંગો ધર્મગ્રંથોમાં અને આજના અખબારો અને સામયિકોમાં ગ્રંથસ્થ થયાં છે.

જ્યૉર્જ બર્નાડ શૉ પ્રખર બુદ્ધિવાદી હતા. જગવિખ્યાત બ્રિટિશ નાટ્યકાર હતા. મહાત્મા ગાંધીજીના પુત્ર દેવદાસ ગાંધીની સાથેના એક વાર્તાલાપમાં એમણે કહ્યું હતું કે, 'મારી ભાવના આવતા ભવે ભારતના કોઈ જૈન પરિવારમાં જન્મ લેવાની છે.' આ વાર્તાલાપમાં પુનર્જન્મનો સિદ્ધાંત દૃષ્ટિગોચર થાય છે.

અમુક દેશમાં, અમુક ગામ, અમુક ઘેર પૂર્વ દેહ ધારણ થયો હોય અને તેનાં ચિન્હો બીજા જીવને જણાવવાથી તે દેશાદિનું અથવા તેના નિશાનાદિનું કંઈ પણ વિદ્યમાનપણું હોય તો બીજા જીવને પણ પ્રતીતિનો હેતુ સંભવે છે; અથવા જાતિસ્મૃતિજ્ઞાનવાન કરતાં જેનું વિશેષ જ્ઞાન છે તે જાણે; અથવા જેને જાતિસ્મૃતિજ્ઞાન છે, તે પુરુષના (અથવા સ્ત્રીના) સંબંધમાં કોઈ જીવ પૂર્વભવે આવ્યો છે, વિશેષ કરીને આવ્યો છે તેને સંબંધ જણાવતાં કંઈ પણ સ્મૃતિ થાય તો તેવા જીવને પણ પ્રતીતિ આપે.

જે પુરુષો યોગધ્યાનાદિકના અભ્યાસબળ વડે સ્થિત હોય તેમાંના ઘણા પુરુષો ભવાંતર જાણી શકે છે, અને એમ બનવું એ કાંઈ કલ્પિત પ્રકાર નથી. જે પુરુષને આત્માનું નિશ્ચયાત્મક જ્ઞાન છે, તેને ભવાંતરનું જ્ઞાન ઘટે છે, હોય છે. કવચિત્ જ્ઞાનના તારતમ્ય ક્ષયોપશમ ભેદે તેમ નથી પણ હોતું; તથાપિ જેને આત્માનું પૂર્ણ શુદ્ધપણું વર્તે છે, તે પુરુષ તો નિશ્ચય તે જ્ઞાનને જાણે છે, ભવાંતરને જાણે છે. આત્મા નિત્ય છે, અનુભવરૂપ છે, વસ્તુ છે. ભગવતી સૂત્રમાં ભવાંતરનું વર્ણન કર્યું છે.

મતિની નિર્મળતાને કારણે પાછળના અને પછીના ભવનું જ્ઞાન સંભવી શકે છે તેમ બની શકે છે. વાદળાં વગેરેનાં ચિન્હો પરથી વરસાદનું અનુમાન થાય છે, તેમ આ ભવની ચેષ્ટા પરથી તેના પૂર્વકારણ કેવાં હોવાં જોઈએ એ પણ સમજી શકાય; થોડે અંશે વખતે સમજાય તેમ જ ચેષ્ટા ભવિષ્યમાં કેવું પરિણામ પામશે તે પણ તેના સ્વરૂપ ઉપરથી જાણી શકાય; અને તેને વિશે વિચારતાં કેવો ભવ થવો સંભવે છે, તેમ જ કેવો ભવ હતો, તે પણ વિચારમાં સારી રીતે આવી શકવા યોગ્ય છે.

નવજાત, શિશુના હાસ્ય, કંપ અને રુદનના કાર્યો તેના વર્તમાન જીવનના કોઈ પણ શિક્ષણ કે અનુભવ વિના પણ થતાં જોવામાં આવે છે. આ કાર્યો તેનામાં ઉત્પન્ન થયેલાં હર્ષ, ભય અને શોકને પ્રદર્શિત કરે છે. જો અમુક અનુભવ પૂર્વનો ન માનીએ તો અનુકૂળ સંજોગોમાં હર્ષ, મોટો અવાજ આદિ થતાં, ભય અને ભૂખ લાગતાં શોકનો અનુભવ તેને ક્યાં કારણોથી સમજી શકાય? સ્તનપાન કરવાની ઈચ્છાથી પ્રેરાઈને જ તે શિશુ ભૂખની નિવૃત્તિ અર્થે સંકલ્પપૂર્વક પ્રવૃત્તિ કરે છે, જેથી આ કાર્ય ભૂખનિવર્તક છે એમ તેને પૂર્વ અનુભવ હોવો જોઈએ તેમ સાબિત કરે છે. આવા પૂર્વસંસ્કાર આ જન્મમાં તો પ્રાપ્ત થયા નથી, તે પૂર્વજન્મમાં પ્રાપ્ત થયા હોવા જોઈએ એમ સ્વીકારતાં પૂર્વજન્મ સાબિત થાય છે અને તેથી પુનર્જન્મ પણ આપોઆપ સાબિત થઈ જાય છે.

**પુનર્જન્મ દર્શાવતાં જીવનવૃત્તાંતો**

પુનર્જન્મને દર્શાવતા અને પૂર્વભવનું સ્મરણ થયું હોય તેવા મનુષ્યોને લગતી અનેક વાતો અવારનવાર પ્રગટ થતી રહે છે અને માનસશાસ્ત્રીઓ Psychologists તથા વર્ત માનપત્રોના સંવાદદાતાઓ અનેક પ્રસંગોને રજૂ કરે છે. અહીં તો આપણે ત્રણ મનુષ્યોના જીવનપ્રસંગોનો ટૂંકમાં વિચાર કરીશું. જેઓની પ્રસિદ્ધિ પોતપોતાના ક્ષેત્રમાં, ભારતના જ નહિ પણ સમસ્ત વિશ્વના પ્રથમ પંક્તિના પુરુષોમાં થયેલી છે.

**પુનર્જન્મનાં વિશિષ્ટ દૃષ્ટાંતો**

વિક્રમના સોળમાં સૈકામાં બિહારમાં શંકર મિશ્ર નામના એક વિદ્વાન કવિ થઈ ગયા. તેમના બાળપણનો આ પ્રસંગ છે.

એક વાર તેમના ગામ પાસેથી ત્યાંના રાજાની સવારી પસાર થઈ. સામાન્ય રીતે રાજાની સવારી જોવા સૌ માણસો જાય તેવો તે વખતે રિવાજ હતો એટલે તે પણ ગામની ભોગાળે જઈને ઊભો રહ્યો. તે વખતે શંકરની ઉંમર પાંચ વર્ષની હતી, પરંતુ શરીર ખૂબ સ્વરૂપવાન હતું. હાથી પર બેઠેલા રાજાની દૃષ્ટિ આ બાળક પર પડી. રાજાએ તે બાળકને સંસ્કૃતમાં પૂછ્યું, 'વત્સ! કેમ, એકાદ કવિતા સંભળાવી શકીશ?' બાળકે ઉત્તર આપ્યો, 'રાજન! મેં પોતે રચેલી સંભળાવું કે અન્યની રચેલી?' રાજાએ કહ્યું, 'તને કવિતા રચતાં પણ આવડે છે?' બાળકે ઉત્તર આપ્યો,

'बालोऽहं जगदानन्द न मे बाला सरस्वती ।
अपूर्णे पंचमे वर्षे वर्णयामि जगत्त्रयम् ।।'

'અર્થાત્ જગતને આનંદ આપનાર હે નરેશ! હું બાળક છું, પણ મારી વિદ્યા કાંઈ બાળક નથી. હજુ તો મને પાંચમું વર્ષ પણ પૂરું થયું નથી, પરંતુ હું ત્રણે લોકનું વર્ણન કરી શકું છું.'

આ શ્લોક સાંભળી હર્ષિત થયેલા રાજાએ બાળકને અન્ય દ્વારા રચાયેલું પદ સંભળાવવા કહ્યું. તે વખતે શંકર મિશ્ર, વેદની એક ઋચા બોલ્યો અને તેના પૂર્વાર્ધમાં સુંદર પદ રચી રાજાની સ્તુતિ કરી. પાંચ વર્ષની ઉંમર પૂરી થયા પહેલાં વેદની ઋચાનું જ્ઞાન અને સંસ્કૃત ભાષામાં ઉત્તમ કવિત્વ તેને કેવી રીતે પ્રાપ્ત થયું ? વર્તમાન જીવનમાં તેવા પ્રકારના શિક્ષણના અભાવમાં પૂર્વભવના સંસ્કાર વડે જ તે પ્રાપ્ત થયું એમ ન્યાયથી માનવું પડે છે.

ગઈ સદીમાં આપણા દેશના મદ્રાસ રાજ્યમાં શ્રીનિવાસ રામાનુજમ્ નામના એક મહાપુરુષ થઈ ગયા. તેમનો જન્મ ઈ. સ. ૧૮૮૭માં થયો હતો. અત્યંત નાની વયથી જ ગણિત પ્રત્યે તેમને અગાધ રુચિ હતી અને સૂઝ પણ અસામાન્ય હતી. પ્રસિદ્ધ અંગ્રેજ વૈજ્ઞાનિક જુલિયન હક્સલે (Jullian Huxely)એ તેમને આ સદીના સૌથી મહાન ગણિતકાર તરીકે બિરદાવ્યા છે. ભારતીય ગણિતજ્ઞ સોસાયટી સમક્ષ તેમણે રજૂ કરેલા સાઠ પ્રશ્નોમાંથી વીસ પ્રશ્નો હજુ અણઊકલ્યા જ રહ્યા છે. તેઓ ત્રીસ વર્ષના થયા ત્યારે ઈ. સ. ૧૯૧૭માં તેમને ઈંગ્લૅન્ડમાં Fellow of Royal Society માનદ્ બિરુદ એનાયત કરવામાં આવ્યું હતું.

કોઈ પણ પ્રકારની કેળવણી આ જન્મમાં પ્રાપ્ત કર્યા વગર પોતાની આગવી બુદ્ધિપ્રતિભાથી સમસ્ત વિશ્વના ગણિતજ્ઞોમાં સર્વશ્રેઠ પદવી પ્રાપ્ત કરનાર આ પુરુષનું જીવન તેના અદ્ભુત પૂર્વસંસ્કાર અને પૂર્વાભ્યાસને સ્વયં સિદ્ધ કરી દે છે.

મહાત્મા ગાંધીજીએ પોતાના આધ્યાત્મિક માર્ગદર્શક તરીકે ગણેલ શ્રીમદ્ રાજચંદ્રજી (કવિ રાયચંદભાઈ) પણ એક મહાસમર્થ પુરુષ થઈ ગયા છે. સાત વર્ષની ઉંમરે તેમને જાતિસ્મરણ જ્ઞાન (આગલા ભવોનું સ્પષ્ટ સ્મરણ) થયેલું. તેમણે દસ વર્ષની ઉંમરે લખેલી 'મોક્ષમાળા' મોટા મોટા પંડિતોના ગર્વને પણ ગાળી નાખે તેવા જ્ઞાનનો , નીતિનો , ન્યાયનો , સિદ્ધાં તનો , ભાષાસૌષ્ઠવનો , કવિત્વનો, વચનાતિશયનો, વિચારગાંભીર્યનો અને પૂર્વભવમાં તેમણે સાધેલી સાધનાનો સ્પષ્ટ પરિચય કારવી દે છે. તેઓએ પોતે જ કરેલાં કેટલાંક વિધાનો આપણને પુનર્જન્મની સ્પષ્ટ પ્રતીતિ કરાવે છે.

વર્તમાનમાં આપણે જે દેહમાં રહીએ છીએ તે દેહની અવધિ પૂરી થયે આપણું અસ્તિત્વ નષ્ટ નથી થતું અર્થાત્ આ શરીર છોડીને પણ બીજું શરીર ધારણ કરવું પડે છે એ હકીકતનો જે સ્વીકાર કરે છે તેને આસ્તિક કહેવામાં આવે છે અને પુનઃ દેહધારણરૂપ જે અવસ્થા તેને પુનર્જન્મ કહેવામાં આવે છે. ચાર્વાક (નાસ્તિક) દર્શન સિવાયના બધા જ આર્યદર્શનકારોએ એકમતે પુનર્જન્મ સિદ્ધાંતને સ્વીકારીને પોતપોતાના દર્શનોમાં તેની પુષ્ટિ કરી છે.

એક જ માતા-પિતાના જુદાં જુદાં બાળકોનું બાહ્યાંતર વ્યક્તિત્વ જુદું જુદું સ્પષ્ટપણે દેખાય છે. બધાયનો ઉછેર, કેળવણી અને સંયોગો સરખા હોવા છતાં એક હોંશિયાર અને એક ઠોઠ હોય છે, એક ગોરો અને એક કાળો હોય છે, એક લૂલો, લંગડો, બહેરો કે એકાદ અંગ વગરનો હોય છે, તો બીજો સૌમ્ય, સુંદર અને સર્વાંગસંપૂર્ણ હોય છે.

એક જ વર્ગના એ જ શિક્ષકો અને એ જ વિદ્યાર્થીઓ હોવા છતાં એક વિદ્યાર્થી ઊંચા ગુણ મેળવી ઉત્તીર્ણ થાય છે, જ્યારે બીજો ત્રણ વર્ષ થવા છતાં પણ ઉત્તીર્ણ થઈ શકતો નથી.

પશુઓમાં અનેક પ્રકારનું જન્મજાત વેર જોવામાં આવે છે. ઉંદરબિલાડી, સાપ-નોળિયો, મોર-સાપ વગેરે પ્રાણીઓ સામા પક્ષના પ્રાણીઓને જોતાંવેંત જ કોઈ પણ પ્રકારની બાહ્યચેષ્ટા કે કારણ વગર સામા પ્રાણી સાથે વેરભાવથી પ્રેરાઈને લડવા લાગી જાય છે.

જન્મથી જ અતિશય વિચક્ષણ બુદ્ધિ ધારણ કરનારા મનુષ્યો ઇતિહાસપ્રસિદ્ધ પણ છે અને નજીકના ભૂતકાળમાં પણ થયેલા દેખાય છે. જે પ્રકારની અને જે પ્રમાણની બુદ્ધિ અમુક વયમાં કે અમુક સંજોગોમાં સંભવી જ ન શકે તેવી અતિ વિરલ અને અતિ વિશિષ્ટ પ્રજ્ઞાસંપન્નતા દેખી આપણે આશ્ચર્યચકિત થઈ જઈએ છીએ. આનાં દૃષ્ટાંત હવે પછી આપણે જોઈશું.

કોઈક વ્યક્તિને આગનો ભયંકર ડર લાગે તો કોઈકને ઊંડા પાણીનો ખૂબ જ ભય લાગે.

વશીકરણના વિદેશી નિષ્ણાત એલેકઝાંડર કેનોને વશીકરણના ઘણા પ્રયોગો કર્યા. તેમણે 'ધ પાવર વીધીન' નામનું પુસ્તક લખ્યું છે.

તેમણે કરેલા પ્રયોગો પરથી જણાય છે કે ઊંડા વશીકરણના પ્રયોગથી પૂર્વજન્મની સ્મૃતિ થઈ શકે છે અને તે પુનર્જન્મને સિદ્ધ કરે છે. એલેકઝાંડરે તેના ગ્રંથમાં અનેક ઘટનાઓ નોંધી છે, તેમાંથી બે ઘટના જોઈશું.

એક માણસ લિફ્ટનો ઉપયોગ ન કરે. તેને લિફ્ટ પડી જવાનો ડર લાગતો. તે હિપ્નોટિસ્ટની પાસે ગયો. ઊંડા વશીકરણ દ્વારા પૂર્વજન્મની સ્મૃતિ જગાડતાં તેણે કહયું કે, તે ચાઈનીઝ જર્નલ હતો. ઊંચા મકાનથી અકસ્માતે પડી જતાં ખોપરી ફાટતાં મૃત્યુ થયું હતું. પૂર્વજન્મના પડી જવાના દૃઢસંસ્કારે તેને લિફ્ટથી

ભયભીત કર્યો હતો. એક સ્ત્રી પાણીથી ડરે. હિપ્નોટિસ્ટે ઊંડા વશીકરણ દ્વારા તેની

પૂર્વની સ્મૃતિ જાગૃત કરી. પૂર્વે તે પુરુષગુલામ રોમ દેશમાં હતી. અપરાધને કારણે સાંકળ બાંધી તેને ઊંડા પાણીમાં ઉતારવામાં આવતાં ગૂંગળામણથી મૃત્યુ થયેલું. આ સંસ્કારનું સંક્રમણ થયેલું.

આ ઉપરથી ફલિત થાય છે કે જૈનદર્શન માટે ભૂતપૂર્વ જન્મ વગેરેની સ્મૃતિની વાત જરાય આશ્ચર્યજનક નથી.

પરંતુ આધુનિક વૈજ્ઞાનિક માનસ આ વાતોને સાંભળતાં જ ચમકી ઊઠે છે. 'અસંભવ' કહી દેવા ઉતાવળું થઈ જાય છે, કેમકે વિજ્ઞાન એ ઘણું કરીને જડનું વિજ્ઞાન છે. એણે જડ પરમાણુ વગેરેના સંબંધમાં કેટલુંક સંશોધન કરીને એ વિષયમાં જ કેટલીક કહેવાતી પ્રગતિ સાધી છે. વિજ્ઞાન એ તત્ત્વજ્ઞાન નથી, વિજ્ઞાન તો માત્ર જડનું એક વિષયનું–વિસ્મૃત કહી શકાય તેવું જ્ઞાન છે. તત્ત્વજ્ઞાનના જડ અને ચેતન તત્ત્વના તમામ પાસાંઓને સાંભળતાં જ આજનો વૈજ્ઞાનિક મૂંઝાઈ જાય તે તદ્દન સહજ છે.

આવી મૂંઝવણમાંથી જ કેમ જાણે; આજના વૈજ્ઞાનિકોએ આ વિષયમાં પણ સંશોધન-કાર્ય આરંભ્યું છે.

આ વિષયમાં પદ્ધતિસરનું સંશોધન કરવા માટે ભારત સરકારે પણ આ પ્રયત્નો આદર્યા છે. એવા પ્રયત્નોના એક ફળરૂપે જયપુરમાં આવે લી રાજસ્થાન યુ નિવર્સિ ટીમાં પેરા-સાયકો લો જી વિભાગ ખોલવામાં આવ્યો છે. તે વિભાગમાં પુનર્જન્મની માહિતીનું સંશોધન કરવા માટે ડૉ. એચ. એન. બેનરજીએ રોકવામાં આવ્યા છે. ઘણાં વર્ષોથી ડૉ. બેનરજી પુનર્જન્મની માન્યતાની સત્યતા અંગે ભારે જહેમત ઉઠાવી રહયા છે.

તેમણે આજ સુધીમાં પુનર્જન્મની સ્મૃતિ થઈ હોય તેવી લગભગ ૫૦૦ વ્યક્તિઓ તપાસી છે. જ્યાં ક્યાંય પણ કોઈને પુનર્જન્મની સ્મૃતિ થયાની વાત તેમને જાણવા મળી જાય કે તરત જ તેઓ ત્યાં દોડી જાય છે. વિશ્વના ખૂણેખૂણામાં ફરીવળીને આ માન્યતાનું સત્ય પામવા તેઓ સાબદા બન્યા છે.

જો કે હજુ સુધી ડૉ. બેનરજીને કશોયે અંતિમ ઉત્તર પ્રાપ્ત થયો નથી. છેલ્લાં બાર-બાર વર્ષની સાધના પછી પણ તેઓ હજી આ પ્રશ્ન અંગે મથામણ જ અનુભવી રહ્યા છે, પરંતુ તેમ છતાં તેઓએ એવો નિર્ણય તો નથી લીધો કે હવે, 'માનવી એ કેવળ જડયંત્ર છે કે પછી આધ્યાત્મિક શક્તિઓ ધરાવતો ઉચ્ચ આત્મા છે?' એવા જુગજૂના વિવાદ અંગેનું સત્યાન્વેષિત્વ ત્યાગી જ દેવું! ના, હજી તેમનું મંથન અને મથામણ બેય ચાલુ જ છે. તેમની સામે ઘણાં તોફાનો પણ ઊભાં થાય છે, પરંતુ હજુ સુધી તેઓ જાણે કે એક કર્મયોગીની અદાથી કામ કરી જ રહ્યા છે.

રાજસ્થાનના આ મનોવૈજ્ઞાનિક સમક્ષ જે સમસ્યા આવી ઊભી છે તે એ છે કે કોઈ ઉચ્ચકક્ષાના સ્મૃતિકોષોની કાર્યવાહીની કે મસ્તિષ્કની કોઈ અચેતન પ્રક્રિયાની વૈજ્ઞાનિક સમજૂતી શી રીતે આપવી? અને આ સમજૂતી પૂર્વાનુમાનોની ઉપેક્ષા કર્યા વગર કેમ રજૂ કરવી?

જેમનામાં પરોક્ષ દર્શન કરવાની શક્તિની કે વિચારસંક્રમણ (Telepathy) કરવાની શક્તિ સાંભળવા મળી કે તરત જ બેતાલીસ વર્ષના આ પ્રાધ્યાપક એ વ્યક્તિની રૂબરૂ મુલાકાત લેવા ઊપડી જ ગયા હોય.

કેટલાક તો એવા પણ કિસ્સા તેમણે સાંભળ્યા હતા કે જે સાંભળવા માત્રથી માની જ ન શકાય, પરંતુ જ્યારે તેમણે જાતતપાસ કરી ત્યારે તેઓ વિમાસણમાં મુકાઈ ગયા હતા કેમકે એવી જાતિસ્મૃતિ જેમને થઈ હતી તેમણે ભૂતપૂર્વ જીવનના પ્રસંગોને બહુ ચોકસાઈથી રજૂ કર્યા હતા.

વિદ્યાભૂષણ શ્રીરશ્મિ પોતે આ વિષયમાં શું કહે છે તે જોઈએ. તેઓ કહે છે કે, 'મૃત્યુ આપણું શરણ શોધે છે. તમે કદાચ આ વાતને સાવ નકારી દઈને કહેશો કે એવું તે શી રીતે બને? મૃત્યુ ક્યાં આપણું શરણ શોધે છે? પણ હું વિનમ્રપણે કહીશ કે તમે અહીં જરાક ભૂલ્યા છો કેમકે ખરી રીતે મૃત્યુ જ તમારી પાસે આશ્રય માગે છે. અસંખ્ય વર્ષોથી સતત પ્રયત્નશીલ રહેવા છતાં એ તમનેતમારા આત્માને જાણી શક્યું નથી. સમયના આટલા લાંબા ગાળામાં પણ એ એક આત્માનો નાશ કરવામાં સફળ થઈ શક્યું નથી. તો પરાજય કોનો? તમારો કે મૃત્યુનો? પહેલાં પાશ્ચાત્ય જગત માનતું હતું કે મૃત્યુની સાથે જ જીવનનો અંત આવી જાય છે–જીવન ઉપર મૃત્યુનો વિજય થાય છે–પણ હવે એ કહેવા લાગ્યું છે કે, 'જીવન અપરાજેય છે. મૃત્યુ પછી પણ જીવન હયાત રહે છે- તે ક્યારેય મરતું નથી.'

ખ્રિસ્તી લોકોને માન્ય બાઈબલમાં પુનર્જન્મની વાતોને નકારી નાખવામાં આવી છે. આમ છતાં અદ્યતન ખ્રિસ્તી જગતના વિખ્યાત ધર્મપ્રચારક, નોર્મન વિન્સેન્ટ પીલનું કહેવું છે કે, પચાસ વર્ષ દરમિયાન જીવન-મરણની સમસ્યાઓને ઉકેલવાનો પ્રયત્ન કરતાં મને જે અનુભવો થયા છે તેના આધારે હું કહી શકું છું કે, **'મૃત્યુ એ જીવનની સમાપ્તિ નથી પરંતુ વધુ મોટા વિસ્તારની ઉપલબ્ધિ છે; મૃત્યુ તો માત્ર બે જીવન વચ્ચેની સીમારેખા જ છે.'**

જાણીતા માનસશાસ્ત્રી ડૉ. કેનેથ વોકર કહે છે કે, 'પ્રાણી ફરી ફરી જન્મે છે. પુનર્જન્મનો અસ્વીકાર નહીં કરી શકાય, પણ મૃત્યુ અને પુનર્જન્મ વચ્ચે જે તૂટેલી કડી છે તેનું રહસ્ય જ્યાં સુધી વૈજ્ઞાનિકો નહીં પામી શકે ત્યાં સુધી પુનર્જન્મના બધા પાસા સ્પષ્ટ નહીં થાય.'

માનસશાસ્ત્રી ગણાતા ફ્રોઈડ કહે છે કે, 'જન્મ સમયની વ્યથા અને યંત્રણા એટલી બધી તીવ્ર હોય છે કે એને કારણે માનસપટ હંમેશને માટે શૂન્ય થઈ જાય છે. જન્મવેળાની આ વેદના માનસશાસ્ત્રીય વિશ્લેષણમાં ઘણીવાર ઉપર આવે છે. આ જ રીતે યુવાવસ્થામાંથી પ્રૌઢાવસ્થામાં થતો પ્રવેશ પણ અતિ કપરો હોય છે. કેટલાક એવા આઘાત-પ્રત્યાઘાતો આવે છે, જેના કારણે પહેલાની ઘણી વાતો સ્મૃતિમાંથી સરી પડે છે.'

'જનશક્તિ'દૈ નિકમાં પ્રગટ થયેલો શેઠ કૃષ્ણગોપાલના પુનર્જન્મનો કિસ્સો રસપ્રદ છે.

બરેલીના કાયસ્થ સજ્જન શ્રી બદામીલાલ સક્સેનાને ત્યાં સુનીલ નામનો ચાર વર્ષનો એમને પુત્ર હતો. ચાર વર્ષે પણ બોલતાં ન શીખ્યો એટલે માતા-પિતા તેને બહેરો અને મૂંગો

સમજવા લાગ્યા.

એક વાર પિતાએ સુનીલને કોઈ કામ સોંપ્યું. તેણે તરત કહ્યું, 'મારા નોકરને બોલવો, હું કામ નહીં કરું.'

સુનીલને એકાએક આ રીતે બોલતાં સાંભળીને સહુ આશ્ચર્ય સાથે આનંદ પામી ગયાં. પણ સાથે એ વિશેષ કુતૂહલ પણ થયું કે ઘરમાં એક પણ નોકર ન હોવા છતાં સુનીલે નોકરની શી વાત કરી?

જ્યારે તેણે પોતાની વાત કરી ત્યારે પણ તેણે જણાવ્યું કે, 'હું મારી પોતાની નિશાળમાં જ ભણીશ.' પિતાએ ગુસ્સામાં કહ્યું, 'તારા બાપની નિશાળ ક્યાં છે? હું તો ગરીબ છું અને સાધારણ નોકરી કરું છું.'

સુનીલ તરત બોલ્યો, 'તમારી નિશાળ ન હોય તો કાંઈ નહીં, પણ મારી પોતાની નિશાળ બદાયુમાં છે. હું સુનીલ નથી પણ બદાયુના જાણીતા ધનવાન શેઠ શ્રી કૃષ્ણગોપાલ છું. મારી બે નિશાળો અને શ્રીકૃષ્ણ ઈન્ટર કૉલેજ છે, ત્યાં પ્રિન્સિપાલ ડૉ. પાઠક છે.'

આ બધી વાત સાંભળીને તેના પિતા ખૂબ આશ્ચર્ય પામ્યા. તેમણે સ્વજન-સંબંધીઓને બોલાવ્યા. ગામનો કેટલોક અધિકારી વર્ગ પણ બોલાવ્યો. તેમની સમક્ષ સુનીલે ફરી બધી વાત કરી.

ત્યાર બાદ બે-ત્રણ લબ્ધપ્રતિષ્ઠ ગૃહસ્થોની સાથે સુનીલને બદાયુ લઈ જવામાં આવ્યો.

કૉલેજ પાસે આવતાં જ સુનીલ અંદર દોડી ગયો અને પ્રિન્સિપાલની ખુરશી ઉપર પાઠકને બદલે બીજા કોઈને જોતાં જ તે હેબતાઈ ગયો. તેણે કહ્યું, 'આ પ્રિન્સિપાલ નથી.'

સુનીલના પિતાએ તે ભાઈને પૂછ્યું કે, 'શ્રી પાઠક ક્યાં છે?' ત્યારે તે નવા પ્રિન્સિપાલે કહ્યું કે, 'હું તો બે વર્ષથી જ અહીં નિયુક્ત થયો છું. મારી પહેલાં પ્રિન્સિપાલ પાઠક હતા. તેમણે આ કૉલેજમાં ૩૧ વર્ષ સુધી કામ કર્યું હતું. આ કૉલજના સ્થાપક શેઠ શ્રી કૃષ્ણગોપાલ યુવાનીમાં જ હાર્ટફેઈલ થતાં મૃત્યુ પામ્યા હતા. તેઓ સંતાનહીન હોવાથી તેમના પત્નીએ એક છોકરો દત્તક લીધો છે, જે બધો વહીવટ સંભાળે છે.'

ત્યાર પછી બાળકને પહેલાના પ્રિન્સિપાલના ઘેર લઈ જવામાં આવ્યો. પ્રિન્સિપાલને જોતાં જ સુનીલ તેમને વળગી પડ્યો. પછી કૉલેજની વ્યવસ્થા અને ફેરબદલીની બાબતમાં કેટલીક મહત્ત્વપૂર્ણ ચર્ચા કરી. બાળકના મોઢેથી આ બધી વાતો સાંભળીને લોકો દંગ થઈ ગયા.

પછી બાળકને તેની પૂર્વજન્મની પત્ની પાસે લઈ જવામાં આવ્યો. ત્યાં બાળકે પત્ની, સગાંઓ અને નોકરોને ઓળખી કાઢ્યા. બે વર્ષ પહેલાં જ મૃત્યુ પામેલા ડ્રાઈવર વફાતની બાબતમાં પણ ઝીણી પૂછપરછ કરી.

જૈન ધર્મના દાર્શનિક કર્મવાદના સિદ્ધાંતો દ્વારા પુનર્જન્મ સિદ્ધ થાય છે. માત્ર ભારતીય દાર્શનિકો જ નહીં પરંતુ વિશ્વની અન્ય દાર્શનિક પરંપરાઓ પણ હવે માને છે કે પુનર્જન્મ છે.

હિપ્નોટિઝમ અને અન્ય વૈજ્ઞાનિક પ્રયોગો દ્વારા પુનર્જન્મને નક્કર પુષ્ટિ પ્રાપ્ત થાય છે.

ત્રિષષ્ટિશલાખા પુરુષ, જૈન આગમોની કથાઓ પુનર્જન્મને પુષ્ટિ આપે છે. પ્રથમ તીર્થંકર ઋષભદેવના સમયમાં ભગવાન મહાવીરનો જીવ ત્રિદંડી રૂપે હતો એ જ જીવ પરમ તીર્થંકર રૂપે પ્રગટે છે. આ ઘટના કરોડો વર્ષના કાળચક્ર કર્મ અને પુનર્જન્મના અનુબંધને સિદ્ધ કરે છે. ★

## કર્મનું નેટવર્ક સમજાવતું આંશિક રૂપક

૧. **બંધ :** રમેશભાઈને શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મંત્રીના ટેલિફોન નંબર સેવ કરવા હતા. તે તેમણે મોબાઈલ નેટવર્ક એક્ટીવ કરી કીપેડ દ્વારા સેવ કર્યા. તે બંધ.

૨. **સત્તા :** એ નંબર મેમરી કાર્ડમાં જમા થયા તે સત્તા.

૩. **અબાધાકાળ:** જ્યાં સુધી એ નંબરનો ઉપયોગ ન થઈ શકે ત્યાં સુધી અબાધાકાળ એટલે કે સેવ કરેલાં નંબર રાત્રે ઑફિસ બંધ હોતા ન જોડી શકાય તે અબાધાકાળ.

૪. **ઉદય :** બીજે દિવસે ઑફિસ સમયે નંબર જોડીએ તે ઉદય.

૫. **ઉદીરણા :** પરંતુ મંત્રીશ્રીનું અર્જન્ટ કામ હતું માટે એમના ઘરનો નંબર મેળવીને સમય પહેલાં સંપર્ક કર્યો તે ઉદીરણા.

૬. **સંક્રમણ :** પછી ખબર પડી કે એમના કાર્ય માટે મંત્રીની નહિ પણ પ્રમુખશ્રીની જરૂર છે માટે એ નંબરની જગ્યાએ પ્રમુખશ્રીના નંબર સેવ કર્યા તે સંક્રમણ.

૭. **ઉદ્વર્તના :** પ્રમુખશ્રીના બીજા પણ બે નંબર સેવ કર્યા તે ઉદવર્તના.

૮. **અપવર્તના :** પછી ખ્યાલ આવ્યો કે આ નંબર પણ કામના નથી, એટલે તેમાંથી એક નંબર રાખી બીજા નંબર ડિલીટ કર્યા તે અપવર્તના.

૯. **નિધ્ધત :** પ્રમુખશ્રીના નંબર ન લાગતાં ઑફિસ મારફત કૉન્ફરન્સ દ્વારા કોન્ટેક (સંપર્ક) કર્યો, પણ તેમણે જાતે મળવાનું કહ્યું તે નિધ્ધત.

૧૦. **નિકાચિત :** જાતે જ મળીને કોન્ટેક્ટ કરવો પડે તે નિકાચિત..

૧૧. **ઉપશમન :** એ નંબરને બ્લોક કર્યા તે ઉપશમન.

૧૨. **ક્ષયોપશમ :** એમાંથી કેટલાંક નંબર ડીલીટ કર્યા અને કેટલાંક બ્લોક કર્યાં તે ક્ષયોપશમ.

૧૩. **ક્ષય :** હવે તેમના નંબર જરૂરી ન હતા માટે ડીલીટ કર્યાં તે ક્ષય.

# કર્મવાદ અને વિજ્ઞાન

❑ ડૉ. રશ્મિ ઝવેરી

*[વ્યવસાયે C.A. થયેલાં રશ્મિભાઈ ઝવેરીએ પાંસઠ વર્ષની ઉંમરે જૈનોલોજીમાં M.A. કર્યું અને ત્યારબાદ 'પ્રેક્ષાધ્યાન' ઉપર શોધ પ્રબંધ લખી પીએચ.ડી.ની ઉપાધિ ગ્રહણ કરી. જૈન જગત, મંગલયાત્રા અને શ્રી જીવદયાના એક સમયે તંત્રી, આચાર્ય મહાપ્રજ્ઞના સૂત્રકૃતાંગના ગુજરાતી અનુવાદક, જૈન પ્રચાર ક્ષેત્રે વિદેશોમાં જૈન ધર્મનાં આરાધક, પ્રેક્ષાધ્યાનના સંચાલક અને પ્રચારક તેમજ જૈન ધર્મના વિવિધ વિષયો ઉપરના પ્રભાવક વક્તા અને ઊંડા તત્ત્વચિંતક છે.]*

વિશ્વના બહુમતી ધર્મો-ઈસાઈ, ઈસ્લામ, વેદાંત, આદિ -- ઈશ્વર કર્તૃત્વવાદમાં માને છે. તેઓ ઈશ્વરને જગતનો કર્તા, હર્તા, નિયંતા માને છે. જૈન દર્શન ઈશ્વર કર્તૃત્વવાદનો સ્વીકાર નથી કરતું. એ આત્મકર્તૃત્વવાદ, પુરુષાર્થવાદ અને કર્મવાદનો સ્વીકાર કરે છે. આચાર્ય હરિભદ્ર 'શાસ્ત્રવાર્તા સમુચ્ચય'માં કહે છે કે, 'આત્મામાં પરમ ઐશ્વર્ય અને અનંત શક્તિ છે, એટલે એ જ ઈશ્વર છે અને એ જ કર્તા છે.'

વિજ્ઞાન પણ 'ઈશ્વર' નામના કોઈ તત્ત્વનો સ્વીકાર નથી કરતું, પરંતુ વિશ્વના વૈજ્ઞાનિકો, ગણિતશાસ્ત્રીઓ અને ખગોળશાસ્ત્રીઓ વિશ્વની ઉત્પત્તિ, એનો આકાર, આદિ વિષયો પર અવારનવાર શોધખોળ કરતા રહ્યા છે. 'કર્મવાદ' એ વિજ્ઞાનનો વિષય નથી; એ દર્શનનો વિષય છે. છતાં પણ વિજ્ઞાનના સિદ્ધાંતો કર્મવાદના સિદ્ધાંતોને સમજવામાં સહાયરૂપ બને છે. આ લઘુ-શોધ લેખમાં આ વિષયની ચર્ચા કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

શ્રી ભગવતી સૂત્ર, શ્રી પન્નવણા સૂત્ર, શ્રી રાયપ્રશ્નીય સૂત્ર, આદિ જૈનાગમોમાં વિજ્ઞાનની અનેક શાખાઓનું વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે. લોક (universe), આકાશ (space), કાળ (time), પુદ્‌ગલ (matter), જીવ વિજ્ઞાન (biology), આદિ પર વિશદ ચર્ચા કરવામાં આવી છે. પુદ્‌ગલના પ્રકાશ (light), ધ્વનિ (sound), પરમાણુ (atom), આદિ metaphysical વિષયો પર પણ ગહન ચિંતન આમાં જોવા મળે છે.

ભગવતીસૂત્ર (૧/૬/૩૧૨-૩૧૩)માં જીવ અને કર્મ (પુદ્‌ગલ)ના સંબંધમાં વિશદ ચર્ચા છે. જીવ અને કર્મ બંનેમાં અત્યંતાભાવ છે. જીવ ચેતન છે; કર્મ પુદ્‌ગલ છે, અચેતન છે. બંનેના અસ્તિત્વની ત્રૈકાલિક સ્વતંત્રતા છે, કારણ ચેતન કયારેય પણ અચેતન નથી થતું અને અચેતન ક્યારે પણ ચેતન નથી થતું. તો પછી આ બંનેનો સંબંધ કેમ અને કેવી રીતે થઈ શકે ? ભગવાને કહ્યું છે કે સંસારી જીવ અને પુદ્‌ગલ (કર્મ) પરસ્પર બદ્ધ, સ્પૃષ્ટ, અવગાઢ, સ્નેહપ્રતિબદ્ધ અને એક ઘટકમાં રહે છે. દૂધ અને પાણીની જેમ પરસ્પર ઓતપ્રોત રહે છે. આ સંબંધ ભૌતિક છે. ભગવતી સૂત્ર અનુસાર આ સંબંધ કેવળ જીવ અથવા કેવળ પુદ્‌ગલની (કર્મ)ની તરફથી જ નથી થતો, પણ બંને બાજુથી થાય છે.

આ સિદ્ધાંત હવે વૈજ્ઞાનિક દૃષ્ટિએ જોઈએ. આ સંબંધને 'સ્નેહ- પ્રતિબદ્ધ' કહેવાય છે. જીવમાં સ્નેહ (ચીકણાપણું) છે–આશ્રવ. પુદ્‌ગલમાં સ્નેહ છે–આકર્ષિત થવાની યોગ્યતા. બે ભિન્ન તત્ત્વો (elements)નો પરસ્પરમાં સંબંધ (fusion) થઈ શકે છે. તેવી જ રીતે જીવ અને કર્મ પરસ્પરમાં દૂધ-સાકરની જેમ એકાકાર બની શકે છે.

વિજ્ઞાન 'આત્મા' નામના તત્ત્વનું સ્વતંત્ર અસ્તિત્વ સ્વીકારતું નથી. વિજ્ઞાન ગૂઢવાદ (mysticsm) કે ઈશ્વરકર્તૃ ત્વવાદ (theology)નો સ્વીકાર નથી કરતું. વિજ્ઞાન તો માત્ર પ્રયોગોથી સિદ્ધ થયેલા સિદ્ધાંતોને જ માન્યતા આપે છે. વિશ્વના પ્રખ્યાત વૈજ્ઞાનિકો અને દાર્શનિકોએ વિશ્વની ઉત્પત્તિ, આત્મા, કર્મવાદ, ઈશ્વરકર્તૃત્વવાદ, આદિ વિષયો પર ચિંતન કર્યું છે. પ્રસિદ્ધ વૈજ્ઞાનિક સ્ટીફન હોકીંગે (Stephen Hawking) એના બે વિશ્વવિખ્યાત પુસ્તકો–'અ બ્રીફ હિસ્ટ્રી ઓફ ટાઈમ' (A Brief History of Time) અને સાંપ્રત પ્રકાશિત 'ધ ગ્રાંડ ડિઝાઈન' (The Grand Design)માં વિશ્વની ઉત્પત્તિ વગેરે વિષયો પર ગંભીર ચર્ચા કરી છે. એમણે 'વિશ્વની ઉત્પત્તિ કેમ અને ક્યારે થઈ? કોઈ ઈશ્વરે એને બનાવ્યું છે? તો પછી ઈશ્વરને કોણે બનાવ્યો? આપણે આ વિશ્વમાં ક્યાંથી આવ્યાં?' આદિ પ્રશ્નોની ચર્ચા કરી છે. આ બધાં પ્રશ્નો કર્મવાદ અને વિજ્ઞાનની સમીક્ષા કરવા પ્રેરે છે.

આ પુસ્તકોમાં એમણે ગ્રીક ફિલોસોફર એરિસ્ટોટલ (Aristotle340 B.C.), ટોલેમી, (Ptolemy-2nd century A.D.), પોલીશ પાદરી નિકોલસ કોપરનીક્સ (Nicholas Copurnicus-1514), ઈટલીનો ગેલિલીયો (Galileo Galilei 1600), બ્રિટનનો સર આઈઝેક ન્યૂટન (Sir Issac Newton 1687), ઈમેન્યુએલ કાંટ (Immanual Kant 1781), અલ્બર્ટ આઈન્સ્ટીન (Albert Einstein 1905) વગેરે પ્રસિદ્ધ વિજ્ઞાનીઓના વિચારોની છણાવટ કરી છે. એમણે તારણ કાઢ્યું છે કે સમય જતાં એક પછી એક ધુરંધર વિજ્ઞાનીઓની ધારણાઓ આંશિક અથવા સમગ્રપણે ખોટી પડતી ગઈ છે. અર્થાત્ વિજ્ઞાન પણ કોઈ અંતિમ સત્યની સ્થાપના કરવા અસમર્થ છે. આની સામે જૈન દર્શનનો કેવળજ્ઞાનનો સિદ્ધાંત દૃઢતાપૂર્વક કહે છે કે કેવલજ્ઞાની–સર્વજ્ઞ સમગ્ર સત્યને જોઈ શકે છે. એટલે જ એમણે રચેલા શાસ્ત્રો કોઈ પ્રયોગો પર આધારિત નહીં પણ આત્માના નિરાવરણ–પરમ વિશુદ્ધ જ્ઞાનના આધારે રચાયેલાં છે. આ ચર્ચાના આધારે કર્મવાદ અને વિજ્ઞાનની સમીક્ષા આ લેખમાં કરવામાં આવી છે.

શ્રી ભગવતી સૂત્ર (૨૫/૧/૧૭)માં જણાવ્યું છે કે જીવ પુદ્‌ગલને (matter) ભોગવે છે, નહીં કે પુદ્‌ગલ જીવને. પણ પુદ્‌ગલ (કર્મ)થી જીવ પ્રભાવિત થાય છે. જીવ અને પુદ્‌ગલની આ અરસપરસની અસર માત્ર દાર્શનિક દૃષ્ટિથી જ નહીં પણ આધ્યાત્મિક દૃષ્ટિથી પણ અગત્યની છે. અનંત શક્તિમાન આત્મા પોતાના 'અકર્મવીર્ય'થી કર્મની શક્તિ ઉપર વિજય મેળવી શકે છે. આત્માની આ શક્તિ જાગૃત કરવા માટે આધ્યાત્મિક

અનુષ્ઠાનોની સાથે સાથે વિજ્ઞાનની કેટલીક શાખાઓનો અભ્યાસ પણ આવશ્યક છે. શરીર-વિજ્ઞાન (Anatomy), મગજ (Brain-neuroscience), અં તસ્રાવી ગ્રંથિતંત્ર (Endocrine-System), એનો મગજ સાથેનો સંબંધ (Neuro Endocrine-System), પરિધિગત નાડી સંસ્થાન (Peripheral Nervous System) , સ્વતઃ સંચાલિત નાડી-સંસ્થાન (Autonomous Nervous System), જૈવિક વિજ્ઞાન (Genetics Science) આદિનો ઊંડો અભ્યાસ કરવાથી આધુનિક વિજ્ઞાન અને કર્મવાદની તુલનાત્મક સમીક્ષા થઈ શકે છે.

દર્શન અને વિજ્ઞાન વચ્ચે હંમેશાં મોટી ખાઈ રહેતી આવી છે. કારણકે વિજ્ઞાન માત્ર પ્રયોગોથી સિદ્ધ થયેલાં સિદ્ધાંતો જ માન્ય રાખે છે. જ્યારે દર્શન જ્ઞાનીઓના વચનોને શ્રદ્ધાથી સ્વીકારી લે છે. દર્શ નશાસ્ત્રીઓ અને વૈ જ્ઞાનિકો જો એ કબીજાના સિદ્ધાં તો ને સમજવાનો પ્રામાણિક પ્રયત્ન કરે તો વિશ્વના ઘણાં પ્રશ્નોના હલ થઈ શકે છે.

બીજી દૃષ્ટિએ જોઈએ તો વિજ્ઞાન પાસે માનવના સર્વાંગીણ યોગક્ષેમ માટે કોઈ અસરકારક ઉપાયો નથી. કારણ વિશ્વની પ્રત્યેક ક્રિયા કેવી રીતે (How) થાય છે, તે જ વિજ્ઞાન જણાવી શકે છે. જ્યારે કર્મવાદ આ ક્રિયાઓ શા માટે (Why) થાય છે તે સમજાવી શકે છે. આ બંને સિદ્ધાંતોને– 'કેવી રીતે' (How) અને 'શા માટે' (Why) એકબીજાના પૂરક બનાવીએ (Supplementary and Complementary) તો જ કર્મવાદના ગહન સિદ્ધાંતો સહેલાઈથી સમજી શકાશે.

દશવૈ કાલિક સૂત્રના ચતુર્થ 'ષડ્જિવનિકાય' અધ્યયનમાં ભગવાને કહ્યું છે કે 'પ્રથમ જ્ઞાન પછી દયા (આચરણ).' એમાં આગળ કહ્યું છે કે જે માણસ જીવ કોને કહેવાય અને અજીવ કોને કહેવાય એ નથી જાણતો તે સંયમનું પાલન કેવી રીતે કરી શકે ? અહિંસાના પાલન માટે જીવ, જીવની જાતો, જીવની ખાસિયતો, આદિ માટે જીવવિજ્ઞાનનો અભ્યાસ કરવો આવશ્યક છે. શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર (ભાગ/૨ અધ્યયન ૩/૪), શ્રી જીવાજીવાભિગમ સૂત્ર (૧/ ૧૦) આદિ આગમોમાં પણ સૂક્ષ્માતિસૂક્ષ્મ એકેન્દ્રિય (સ્થાવર)થી લઈને પંચેન્દ્રિય સુધીના જીવોનું વિશદ્ વર્ણન છે. આને માટે આધુનિક વિજ્ઞાનના વિષયો -પ્રાણીશાસ્ત્ર (Zoology), વનસ્પતિશાસ્ત્ર (Botany), અને સૂક્ષ્મજીવશાસ્ત્ર (Microbiology) આદિનો અભ્યાસ ઉપયોગી થઈ શકે છે. જૈન દર્શનના કર્મવાદના સિદ્ધાંતની અને આધુનિક જીવવિજ્ઞાનની ગંભીર સમીક્ષા 'Jain Biology' માં (લેખક-સ્વ. જેઠાભાઈ ઝવેરી અને મુનિ મહેન્દ્રકુમાર) કરવામાં આવી છે.

**નિશ્ચય નયમાં કર્મવાદ**

નિશ્ચય નયની દૃષ્ટિએ આત્મા અને કર્મ બંને તદ્દન ભિન્ન તત્ત્વો છે. શુદ્ધાત્મા કર્મનો કર્તા પણ નથી અને ભોક્તા પણ નથી. વ્યવહાર નયની દૃષ્ટિથી સંસારી આત્મા કર્મનો કર્તા કહેવાય છે. તેનું મૂળ પણ અજ્ઞાન જ છે. શ્રી સમયસારમાં કુન્દકુન્દાચાર્ય સ્પષ્ટ કહે છે કે આત્મા પુદ્ગલકર્મનો નિમિત્ત નૈમિત્તિક ભાવથી પણ કર્તા નથી. કર્મ પુદ્ગલ દ્રવ્ય છે, જડ છે, અચેતન છે; જ્યારે આત્મા ચેતન તત્ત્વ છે અને જ્ઞાન એનો સ્વભાવ છે. આ બંને પર દ્રવ્યોને પરસ્પર કર્તૃકર્મભાવ નથી.

**વિજ્ઞાનથી (કર્મબંધનમાંથી આત્માની) વિમુક્તિ**

કર્મ શબ્દ ભારતીય દર્શનનો બહુ જાણીતો શબ્દ છે. જૈન, બૌદ્ધ અને વૈદિક–બધા દર્શનો દ્વારા એ માન્ય કરવામાં આવ્યો છે. આ ક્રિયાની પ્રતિક્રિયા છે; તેથી તેનો અસ્વીકાર પણ કરી શકાતો નથી. પ્રસ્તુત લેખમાં જૈન દર્શનમાં કર્મની જે વિલક્ષણ વ્યાખ્યા છે તેની અને આધુનિક વિજ્ઞાનની તુલનાત્મક સમીક્ષા કરવામાં આવી છે.

કર્મ શબ્દ એ જૈન દર્શનનો પારિભાષિક શબ્દ છે, જે એક વિશિષ્ટ અર્થમાં વપરાયો છે. વાચક ઉમાસ્વાતિજીએ કર્મની પરિભાષા કરી છે–'સકષાયત્વાજ્જીવઃ કર્મણો યોગ્યાન્ પુદ્ગલનાદત્તે' (૮/૨). અર્થાત્ કષાયયુક્ત જીવ જે કર્મવર્ગણાનાં પુદ્ગલોને ગ્રહણ કરે છે, તેને કર્મ કહેવાય છે. આચાર્ય તુલસીજીએ જૈન સિદ્ધાંત દીપિકામાં એની વ્યાખ્યા કરી છે–'આત્મપ્રવૃત્ત્યાકૃષ્ટાસ્તત્પ્રાયોગ્ય પુદગલાઃ કર્મઃ' (૪/૧). અર્થાત્ આત્માની (સત્-અસત્, શુભ-અશુભ) પ્રવૃત્તિથી કર્મના બંધને યોગ્ય જે પુદ્ગલોને આકર્ષે છે તેને કર્મ કહેવામાં આવે છે. આમ કર્મવર્ગણાનાં વિશિષ્ટ પુદ્ગલો જ્યારે આત્મા દ્વારા આકર્ષાય છે, ત્યારે તે કર્મ કહેવાય છે. ગીતામાં કર્મ શબ્દ પ્રવૃત્તિ માટે વપરાયો છે. બૌદ્ધ દર્શનમાં એને વાસના અથવા સંસ્કાર કહેવામાં આવે છે.

કર્મવર્ગણાને યોગ્ય પુદ્ગલો સમસ્ત લોકમાં ફેલાયેલા છે. સામાન્ય પુદ્ગલ-સ્કંધ આઠ સ્પર્શયુક્ત હોય છે, પણ કર્મવર્ગણાનાં પુદ્ગલ-સ્કંધો માત્ર ચાર સ્પર્શ જ ધરાવે છે–સ્નિગ્ધ/ રૂક્ષ અને શીત/ ઉષ્ણ. તે ચતુઃસ્પર્શી હોવાથી અતિસૂક્ષ્મ છે અને ચર્મચક્ષુથી કે અન્ય સાધનથી જોઈ શકાતા નથી. પણ એમાં સ્નિગ્ધ અને રૂક્ષ સ્પર્શ હોવાથી તે શક્તિ (Charge) ઉત્પન્ન કરી શકે છે. લોકમાં રહેલાં આ પુદ્ગલો ન્યુટ્રલ (Neutral) હોય છે, પણ જ્યારે તે આત્મા દ્વારા આકર્ષાય ત્યારે એ શક્તિશાળી બને છે, Charge થાય છે અને આત્માને શુભ-અશુભ ફળ આપે છે.

સંસારી આત્માની ત્રણ જાતની પ્રવૃત્તિઓ હોય છે–મનની, વચનની અને કાયાની. આ ત્રણ પ્રવૃત્તિઓને જૈન પરિભાષામાં 'યોગ' કહેવાય છે–મનયોગ, વચનયોગ અને કાયાયોગ. યોગની પ્રત્યેક ક્રિયા વખતે કર્મનો બંધ થાય છે. આત્મા અને કર્મનો સંબંધ થાય તેને બંધ કહેવામાં આવે છે. કર્મ આકર્ષતી વખતે જીવના જેવા ભાવ હોય–ભાવના હોય તે પ્રમાણે કર્મની પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશ બને છે. આમ બંધના આ ચાર ભેદ છે. પ્રકૃતિ કર્મનો પ્રકાર, સ્થિતિ એની સમયમર્યાદા, અનુભાગ એની તીતા/મંદતા અને પ્રદેશબંધ કર્મસમૂહની રાશિ (સમૂહ) નિશ્ચિત કરે છે.

કર્મોની મૂળ જ્ઞાનાવરણીય આદિ આઠ પ્રકૃતિઓ, કર્મોની સ્થિતિ, કર્મોનો અનુભાગ અને કર્મોના પ્રદેશાગ્ર માટે ઉત્તરાધ્યાન સૂત્રનું તેંત્રીસમું અધ્યયન અને કર્મોની વિવિધ ઉત્તર પ્રકૃતિઓ માટે પ્રજ્ઞાપના સૂત્રનું પદ ૨૩ પઠનીય છે.

હવે આપણે આ કર્મ–બંધ–ઉદય–પ્રવૃત્તિ–પુનઃબંધના વિષચક્રની વ્યવસ્થાને દાર્શનિક–વૈજ્ઞાનિક રૂપે જોઈએ.

આઠેય કર્મોમાં વૃત્તિ અને પ્રવૃત્તિ કરાવનાર કર્મ છે–ચારિત્ર મોહનીયકર્મ. મોહનીયકર્મ તો બાકીના સાતેય કર્મોનો રાજા છે. એના મુખ્ય બે ભેદ છે–દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય. દર્શન મોહનીયના ઉદયથી આત્મા મૂઢ બની જાય છે. પોતાનું ભાન ભૂલી જાય છે. પોતે અનંત જ્ઞાન, દર્શન, આનંદ અને શક્તિનો માલિક છે તે વીસરી જાય છે. કર્મની આ પ્રકૃતિ આત્માને આત્માનું દર્શન કરવામાં જ અંતરાય પાડે છે. પણ આત્માની વૃત્તિ અને પ્રવૃત્તિ માટે તો જવાબદાર છે–ચારિત્ર મોહનીયકર્મ. એનો ક્રમ આ પ્રમાણે છે–

પૂર્વજનિત ચારિત્ર મોહનીયકર્મનો ઉદય પ્રત્યેક ક્ષણે થતો રહે છે અને પ્રત્યેક ક્ષણે એ આત્મામાં સૂક્ષ્મતમ સ્પંદન ઉત્પન્ન કરે છે. આ કર્મનો ઉદય એના બંધની સ્થિતિ પૂરી થવાથી (અબાધાકાળ પૂરો થવાથી) અથવા નિમિત્ત મળવાથી થાય છે. ઉદય થતાં જ તે શુભ-અશુભ અધ્યવસાયરૂપી સંદેશ આપી આત્માથી અલગ થઈ જાય છે, લોકના અન્ય કર્મવર્ગણા યોગ્ય પુદ્‌ગલો સાથે મળી જાય છે.

ચારિત્ર મોહનીયકર્મોનો ઉદય આત્મામાં રાગ-દ્વેષના સંદેશ આપે છે. જે અધ્યવસાયના રૂપમાં ચાર કષાય અને નવ નોકષાયના રૂપે પરિણમે છે. ચાર કષાય છે–ક્રોધ, માન, માયા અને લોભ. નવ નોકષાય છે–હાસ્ય, શોક, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદ.

હવે આ કષાય–નો કષાયો (સૂક્ષ્મ સ્પંદનરૂપમાં) વિવિધ ભાવોનો–ભાવનાઓનો નિર્દેશ આપે છે, જેનું તેજસ્ શરીર (BioElectric Body) દ્વારા લેશ્યામાં રૂપાંતરણ થાય છે. આ તેજસ્ શરીર પણ અતિસૂક્ષ્મ છે અને એ કષાયાદિના ભાવોનું રંગના તરંગોમાં રૂપાંતરણ કરે છે. એ મીડિયા બોડી (Media Body) છે જે વિદ્યુત્–ચુંબકીય ક્ષેત્ર (Electro-Magnetic Field)ના કિરણો (Radiation) દ્વારા કર્મજનિત સંદેશને આગળ વધારે છે, જેનું લેશ્યાના (Aura) રૂપમાં પ્રગટીકરણ (Manifestation) થાય છે. આ લેશ્યાઓના એના રંગ અનુસાર છ ભેદ બતાવવામાં આવ્યા છે. કૃષ્ણ, નીલ, કાપોત–આ ત્રણ અશુભ–માઠી લેશ્યાઓ છે અને પદ્‌મ, તેજસ્ અને શુકલ લેશ્યાઓ શુભ લેશ્યા છે. અશુભ અધ્યવસાયોનું કાળા–ગંદા રંગોમાં અને શુભ સકારાત્મક અધ્યવસાયોનું ચમકતા તેજસ્વી સુંદર રંગોમાં રૂપાંતર થાય છે. માણસના શરીરના આભામંડળ પરથી–એના રંગો પરથી એ માણસની ભાવનાઓ પારખી શકાય છે.નરી આંખે ન જોઈ શકાતા આ રંગો– તરંગો–ક્રિલિયન કેમરા વડે જોઈ શકાય છે.

હવે આ સૂક્ષ્મ રંગ–તરંગ રૂપી સંદેશ (લેશ્યા) વ્યક્તિના ભાવતંત્રને પ્રભાવિત કરે છે અને એની ભાવનાઓનું નિર્માણ કરે છે, વૃત્તિઓ પેદા કરે છે.

બે સગા ભાઈઓમાં આનુવંશિક સિદ્ધાંત અનુસાર માતા-પિતાના જીન (genes)નો વારસો, ક્રોમોસોમ (૨૩ માતાના અને ૨૩ પિતાના) વગેરે એકસરખા હોઈ શકે છે, જેમાં એમના માટે રાસાયણિક ભાષામાં સંદેશાઓ ડીએનએ (DNA)ના રૂપમાં લખાયેલા હોય છે. આનાથી એમનો દેખાવ, શરીરની રચના આદિમાં ઘણું સામ્ય હોય છે. પણ બન્નેનું વ્યક્તિત્વ, સ્વભાવ, વૃત્તિઓ, આદિ અલગ અલગ હોય છે. આ ભેદનું ઉપાદાન કારણ છે–બન્નેએ કરેલાં પોતપોતાના કર્મ જે એમની ભાવધારાઓ અને લેશ્યા માટે જવાબદાર છે, જેમાંથી એમનો સ્વભાવ, વૃત્તિઓ આદિ ઉત્પન્ન થાય છે.

**કર્મ અને ન્યૂરોસાયન્સ**

અત્યાર સુધી સૂક્ષ્મ જગતમાં જ બધી ક્રિયાઓ થઈ છે. હવે આ વૃત્તિઓ, ભાવનાઓ, આવેશો, આવેગો, ઉત્તેજનાઓ (Urges, Impulses) સ્થૂળ જગતમાં પ્રવેશે છે, અને મગજની મધ્યમાં આવેલા અત્યંત શક્તિશાળી સુપર કૉમ્પ્યુટર (Super Computer)ને સક્રિય કરી એને નિર્દેશ (Command) આપે છે. આ આપણી મષ્તિસ્કીય વ્યવસ્થા મગજની મધ્યમાં આવેલી લિમ્બિક સિસ્ટમ (Limbic Sys-tem) કહેવાય છે.

હવે જે લાગણીઓ–વૃત્તિઓ (feelings-emotions-passions) ઉત્પન્ન થાય છે, એ આપણા ગ્રંથિતંત્રને (neuroendocrine system) સક્રિય કરે છે. વૃત્તિઓનું હવે રાસાયણિક ભાષામાં રૂપાંતરણ થાય છે, જે આપણી અંતઃસ્રાવી ગ્રંથિઓમાંથી નીકળતા સ્રાવો દ્વારા મોટર નર્વસ (motor nerves)ને પહોંચાડે છે, જે આપણી અદ્‌ભુત નર્વસ સિસ્ટમ (નાડીતંત્ર) દ્વારા શરીરના ચોક્કસ અવયવને પ્રવૃત્તિ કરવાનો આદેશ આપે છે. આમ વૃત્તિઓનું પ્રવૃત્તિઓમાં રૂપાંતરણ થાય છે. યોગની પ્રવૃત્તિ શરૂ થાય છે. અને નવા કર્મોને બંધ થાય છે. એ સમયે કષાયાદિની તીવ્રતા–મંદતાના આધારે નવા કર્મોની પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને બંધ થાય છે. આ નવા કર્મનો અબાધાકાળ પૂરો થતાં કે નિમિત્ત મળતાં પાછાં ઉદયમાં આવે છે, વૃત્તિ ઉત્પન્ન કરે છે, જે પ્રવૃત્તિમાં પરિણમે છે અને નવા કર્મો બંધાય છે. આમ કર્મનું વિષચક્ર ચાલુ રહે છે. જીવને સંસારમાં જન્મ–મૃત્યુના ચક્કરમાં રખડાવે છે, નચાવે છે, એના પ્રોગ્રામ મુજબ સુખ–દુઃખનો અનુભવ કરાવે છે.

હવે આ લેખમાં આત્માના શુદ્ધિકરણની પ્રક્રિયા વિશે ચર્ચા કરવામાં આવી છે. આમાં પણ વિજ્ઞાનની વિવિધ શાખાઓનું જ્ઞાન ઉપયોગી છે. આપણાં શરીરમાં બે પ્રકારની નાડીઓ છે–જ્ઞાનવાહી નાડી (Sensory Nerves) અને ક્રિયાવાહી નાડી (Motor Nerves). જ્ઞાનવાહી નાડીઓ આપણી પાંચ ઈન્દ્રિયોથી ગ્રહણ કરેલા સંદેશા મગજ (Brain)ને પહોંચાડે છે. જેનાથી મગજમાં વૃત્તિઓ ઉત્પન્ન થાય છે. તે ઉપરાંત મનની અંદર પણ સતત ચાલતા ચિંતન– મનન–સ્મૃતિ–કલ્પના આદિ પણ મગજમાં વૃત્તિઓ ઉત્પન્ન કરે છે. આ વૃત્તિઓ પ્રમાણે મગજ ક્રિયાવાહી નાડીઓ (Motor Nerves) ને પ્રવૃત્તિ કરવાનો આદેશ આપે છે. હવે જો અશુભ વૃત્તિ થાય પણ અશુભ પ્રવૃત્તિ ન થાય તો નવું કર્મબંધન પણ નથી થતું. આ કેવી રીતે શક્ય છે? એને માટે આત્માના શુદ્ધિકરણની પ્રક્રિયા આ પ્રમાણે છે.

આત્માના શુદ્ધિકરણની પ્રક્રિયા એટલે જે કારણોથી કર્મબંધ થાય છે એ જ કારણોને વિપરીત દિશામાં ફેરવી નાખવાની પ્રક્રિયા. ભગવાને કહ્યું છે, 'જે આસવા તે પરિસવા, જે પરિસવા તે આસવા.' એટલે કે જે આશ્રવ છે–કર્મબંધનું કારણ છે, તે જ પરિશ્રવ પણ છે. કર્મ રોકવાનું પણ એ જ કારણ બની શકે છે. કર્મબંધન માટે મુખ્ય કારણ છે મન–વચન–કાયાની પ્રવૃત્તિ. તો એને તોડવા માટે પણ આ ત્રણ યોગની પ્રવૃત્તિનો જ ઉપાય બતાવવામાં આવ્યો છે. ફેર માત્ર એટલો છે કે જે હવે આ પ્રવૃત્તિઓનો એક માત્ર ઉદ્દેશ હશે– આત્માનું શુદ્ધિકરણ, કર્મબંધન રોકવું અને કૃત કર્મને તોડવા.

હવે આપણે શુદ્ધિકરણની પ્રક્રિયાના ક્રમની ચર્ચા કરીએ. સર્વપ્રથમ પગલું છે–સામાયિક. સામાયિકમાં સંકલ્પ કરવાનો છે કે 'સાવજ્જં જોગં પચ્ચખામિ.' સર્વ પ્રકારના સાવદ્ય યોગોનો હું ત્યાગ કરું છું અર્થાત્ ચોક્કસ સમય (૪૮ મિનિટ) સુધી હું કોઈપણ પ્રકારની પાપકારી પ્રવૃત્તિ નહીં કરું. મારા મનથી, વચનથી અને કાયાથી પાપ કરીશ નહીં અને અન્ય કોઈ પાસે કરાવીશ નહીં. અકુશળ મન, વચન અને કાયાની પ્રવૃત્તિનો નિરોધ કરી માત્ર કુશળ મન, વચન અને કાયાની પ્રવૃત્તિ જ કરીશ. આ ત્રણેય યોગની પ્રવૃત્તિ ઉદિત કર્મના એકપણ આદેશ મુજબ નહીં કરું. આ આત્માનો પુરુષાર્થ છે જે જૈન ધર્મનો પાયો છે.

બીજું પગલું છે–કાયોત્સર્ગ. શરીરને શાંત સ્થિર અને શિથિલ કરીને, મનને એકાગ્ર કરીને હવે બહિર્ત્માંમાંથી અંતર્ત્માંમાં પ્રવેશ કરવો. ચિત્તની ચેનલ ચેન્જ કરી એને અંતર્મુખ બનાવો. શરીરના ગ્રંથિતંત્ર અને આત્માના ચૈતન્ય કેન્દ્રો પર ધ્યાન એકાગ્ર કરવા ચિત્તને ત્યાં લઈ જાઓ.

**ગ્રંથિતંત્ર અને ચૈતન્ય કેન્દ્રોના સ્થાન**

(Endocrine Gland)

| **ચૈતન્યકેન્દ્ર** | **ગ્રંથિતંત્ર** | **સ્થાન** |
|---|---|---|
| હાયપોથેલોમસ | (Hypothelemus) | મસ્તકનો ઉપરનો ભાગ |
| જ્યોતિ કેન્દ્ર | પિનિયલ (Pineal) | લલાટની મધ્યમાં |
| દર્શન કેન્દ્ર | પિચ્યુટરી (Pituitary) | બે ભ્રુકુટિઓની વચ્ચે |
| વિશુદ્ધિ કેન્દ્ર | થાઈરોઈડ (Thyroid) | ગળું-કંઠ |
| આનંદ કેન્દ્ર | થાઈમસ (Thymus) | છાતીની મધ્યમાં |
| તેજસ્ કેન્દ્ર | એડ્રીનલ (Adrenal) | નાભિની પાછળ |
| શક્તિ કેન્દ્ર | ગોનાડ્સ (gonads) | કરોડરજ્જુનો અંતિમ ભાગ |

પ્રત્યેક ગ્રંથિમાંથી ચોક્કસ પ્રકારના હોર્મોન્સનો અવિરત પ્રવાહ વહેતો હોય છે. જે આપણાં નાડીતંત્ર (nervous System)ને વિવિધ પ્રકારના રાસાયણિક સંદેશાઓ આપી પ્રવૃત્તિઓ કરાવે છે. આ સંદેશાઓ મુજબ મધ્ય-મગજમાં રહેલી લિમ્બિક સિસ્ટમ (Central limbic system) મોટર નાડી દ્વારા અલગ અલગ અંગોમાં અલગ અલગ જાતની પ્રવૃત્તિ કરાવે છે. જો ગ્રંથિતંત્ર પર એકાગ્રચિત્તે વિધાયક શુભ ભાવનાઓનું ધ્યાન કરવામાં આવે તો હોર્મોન્સમાં રાસાયણિક પરિવર્તન આવે છે. અશુભ ભાવનાઓનું રૂપાંતરણ શુભ સંદેશાઓમાં થઈ જાય છે અને અશુભ પાપકારી ક્રિયાઓ પર અંકુશ આવી જાય છે . આમ પ્રભાવશાળી Counter Command દ્વારા અશુ ભ કર્મમાંથી બચી શકાય છે. કર્મનું વિષચક્ર નબળું પડે છે. આજનું વિજ્ઞાન આ વાત સિદ્ધ કરે છે કે અવચેતન મન (Sub-Conscious Mind) ને પ્રભાવિત કરી નકારાત્મક વૃત્તિ અને ભાવનાઓમાંથી મુક્તિ મેળવી શકાય છે.

અત્યાર સુધી આપણે સ્થૂળ જગતમાં જ પ્રયોગો કર્યા છે. હવે બહુ અગત્યનો પ્રયોગ છે. સ્થૂળમાંથી સૂક્ષ્મની યાત્રા. એ છે આભામંડળના શુદ્ધિકરણની પ્રક્રિયા. ત્રણ માઠી લેશ્યાના અશુભ રંગોનું શુભ પ્રકાશિત રંગોમાં રૂપાંતરણ કરવાની પ્રક્રિયા છે–લેશ્યા ધ્યાન. ગંદા રંગો પર શુભ પવિત્ર રંગના પ્રભાવશાળી પ્રતિ તરંગનું (Counter Waves) ધ્યાન કરવાથી આભામંડળના રંગોના તરંગોનું રૂપાંતરણ કરી શકાય છે. આભા મંડળની શુદ્ધિ થવાથી ભાવતંત્રની શુદ્ધિ થાય છે. આ એક પરિવર્તન (Transformation)ની પ્રક્રિયા છે. અલગ અલગ શુભ રંગોના તરંગોને સક્રિય કરવા નીચેના વૈજ્ઞાનિક પ્રયોગો કરવા જેવા છે.

લલાટના મધ્યભાગથી મસ્તિષ્કના મધ્યભાગ સુધી ચિત્તને લઈ જઈ, જ્યોતિકેન્દ્રમાં એકાગ્ર કરી, ત્યાં જો પૂર્ણિમાના ચન્દ્રમા જેવા ચમકતા સફેદ રંગનું ધ્યાન કરવામાં આવે–પૂરા આભામંડળમાં ચમકતા સફેદ રંગના પરમાણુઓના તરંગો બનાવી–ધ્યાનની પ્રક્રિયા દ્વારા વિકૃત ભાવો (Psychological Distortions)ને, જેવા કે ક્રોધ, માન, માયા, લોભ તથા ઈર્ષ્યા અને વેરની વૃત્તિઓને– શાંતિ, ક્ષમા, મૃદુતા, સરળતા, સંતોષ તથા મૈત્રીના શુભ ભાવોમાં પરિવર્તન કરી શકાય છે.

★

**સંદર્ભ ગ્રંથ સૂચિ :**


૧. કર્મવાદ–આચાર્ય મહાપ્રજ્ઞ (જૈન વિશ્વભારતી, લાડનૂ)
૨. ધ્યાન ચિકિત્સા પદ્ધતિ–અરુણ અને મયૂરી ઝવેરી (અર્હમ્ સેન્ટર, મુંબઈ)
3. Scientific Vision of Lord Mahaveera (Dr. Samani Chaitanya Pragya)
4. A Briaf History of Time' and 'The Grand Design'- Stephen Hawking (Bantam Books -- New York)
5. (i) 'Neuro Science and Karma -Jain Doctrine of Psycho-Physical Force' (ii) Microcosmology : Atom in Jain 'Philosophy and Modern Science' (iii) Jain Biology .
All by - Late Jethalal S. Zaveri and Prof. Muni Mahendra Kumar (Jain Vishva Bharti Institute, Ladnu)
6. An Enigma of an Universe Prof. Muni Mahendra Kumar (Jain Vishva Bharti Institute, Ladnu)

# કર્મ વિષેની સજ્ઝાય

☐ પ. પૂ. આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી મહારાજ

જૈનદર્શનમાં કર્મનું તત્ત્વજ્ઞાન અજોડ છે. આ બંને સજ્ઝાયનો મર્મ જીવનમાં પરિવર્તન લાવવા સમર્થ છે, સદ્ગતિ આપવા સમર્થ છે.

કર્યાં કર્મ ભોગવવા જ પડે, એમાં કોઈનું ન ચાલે. કર્મ વિષયક આ સજ્ઝાય છે. યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીની આ કૃતિમાં કર્મનું વરદાન ક્ષણમાં આવી પડશે તેમ કહે છે. કર્મનું એવું જ છે. વરદાન કે અભિશાપ કેવા રૂપે આવી ટપકશે, કંઈ કહેવાય નહિ. પણ આવી તો પડે જ. સુખ, દુઃખ ભોગવવા જ પડે. સારું કે ખોટું જે કંઈ બાંધ્યું હશે, અચૂક તે આવી પડશે અને ભોગવવું પડશે. એ મિથ્યા નહિ થાય.

પ્રત્યેક પરિસ્થિતિનું અંતિમ સ્મિત દૈવાધીન, કર્માધીન છે. પ્રત્યેક ઈચ્છાનો અંતિમ પ્રત્યુત્તર કર્માધીન હોય છે.

નસીબના ખેલ ગજબ છે. બિલ ગેટ્સ કે ધીરુભાઈ અંબાણી કે એવા અનેકનામો આપણી આસપાસના વિશ્વમાં ઉપલબ્ધ છે જ. ગઈકાલ એમની શૂન્ય હતી, એમની પાસે કંઈ જ નહોતું. આજે વિશ્વભરના લોકોમાં એમનું નામ છે. એવાંય ઘણાં નામ છે કે જે ગઈકાલે સમગ્ર વિશ્વમાં છવાયાં હતાં, આજે કોઈ જ જાણતું નથી : એક જૂની કડી યાદ આવે છેઃ સગાં દીઠાં મેં શાહ આલમના, ભીખ માંગતાં શેરીએ. કિસ્મતના ખેલ નિરાળા છે. કવિ કહે છે : કરોડો રૂપિયા કમાવાની આશાથી વહાણ લઈને પરદેશ ખેડવા જાય, એ વહાણ જ સમુદ્રમાં અર્ધ રસ્તે બેસી જાય છે, ત્યાં જ વ્યક્તિનું મરણ થાય. એક જ માતા-પિતાના બે પુત્રો હોય. બંને સાથે જન્મ્યા, ભણ્યા અને મોટા થયા. એક જ્ઞાની થાય, બીજો નિરક્ષર રહે! નસીબ પોતાના ખેલનું રહસ્ય કદીય કોઈને કહેતું નથી.

સફળતા મળતાં વર્ષો થાય છે, નિષ્ફળતા પળમાં છાતી પર ચઢી બેસે છે. વૃક્ષને પાંગરતાં વર્ષો જાય છે. પણ પળમાં ખરી પડે છે. કિસ્મતની આખીય લીલા અકળ છે. કવિ આ સજ્ઝાયની ચોથી કડીમાં ગાથામાં વર્ણવે છેઃ

લુમ્બ આંબા કેરી લેવા, કોઈક ઝાડે ચડે,<br>
આયુષ્ય અવધિ આવી હોય તો પલક માંહિ પડે.

આંબાની ડાળ પર મધુર ફળ લેવા ચડે ને એ જ વખતે જો આયખું પૂરું થતું હોય તો એ જ ઢળી પડે. જે કર્મમાં છે તે અચૂક થાય છે.

પણ તેની ચિંતા કરીને હેરાન થવાની જરૂર નથી. કવિ યોગનિષ્ઠ આચાર્યશ્રીની આતમવાણી સીધી છેઃ જે થવાનું હોય તે થવા દો. તેની ચિંતા જ શા માટે કરવી? અંતિમ પંક્તિમાં કવિ ધર્મનો સાર આપી દે છેઃ નિરર્થક મહેનત કરવી નહિ અને જે થવાનું હોય તે થાય, ફોગટ ચિંતા પણ કરવી નહિ. આપણે તો આતમધ્યાનમાં રહેવું. સારું કાર્ય કરવું અને જો કર્યું હશે તો જ ઈચ્છીશું તે થશે. સારા કર્મના કરનારને દુઃખ, આપત્તિ આવી પડતાં નથી, મૂળમાં ક્ષતિ સત્કર્મની છે. કલ્યાણનો કરનાર કદી દુર્ગતિમાં જતો નથી, એ ધર્મવચન ભૂલવા જેવું નથી. ફૂલનો છોડ વાવ્યો હશે તો સુગંધ જરૂર મળશે.

સંતનું કાર્ય વડના વૃક્ષની જેમ સૌને શાંતિ આપવાનું હોય છે, સંતનું કાર્ય પરબની જેમ સૌને શીતળતા આપવાનું હોય છે, સંતનું કાર્ય સૌને ફૂલની જેમ સુગંધ આપવાનું હોય છે. કર્મ વિશેની આ સજ્ઝાયમાં સંતોના એ સત્કાર્યની સૌરભ પ્રાપ્ત થાય છે. કવિ દાનમુનિ આ સજ્ઝાયમાં જીવનમાં આવી પડતાં દુઃખ કે કલેશથી મૂંઝાઈ ન જઈએ પણ આપણે જ બાંધેલા કર્મનો પ્રસાદ છે તેમ સમજીએ તેવો મીઠપભીનો ઉપદેશ આપે છે. વિદ્યમાન વિશ્વમાં એક પણ વ્યક્તિ એવી નથી કે જેણે નાનું અથવા મોટું સુખ કે દુઃખ જોયું ન હોય. એવા સમયે સ્વસ્થતા જાળવી રાખવી અને મનમાં નિરાશા પ્રવેશવા ન દેવી તે ડહાપણનું કામ છે.

સુખ, શાંતિ કે સમૃદ્ધિ પ્રાપ્ત થાય કે દુઃખ, આપત્તિ કે વિરોધ આવી પડે ત્યારે હરખાઈ જવા જેવું નથી કે પરેશાન થઈ જવા જેવું નથી. બીજાનું સુખ જોઈને મનમાં રોષ કે ઈર્ષ્યા પ્રગટવા ન દેવાય. આ સમયે મનમાં વિષાદ ધરવો ન જોઈએ પણ સમજવું જોઈએ કે આ કર્મનો પ્રસાદ છે, કર્મનો ખેલ છે.

આ જગતમાં કર્મથી કોણ મુક્ત રહ્યું છે? બાર બાર વર્ષ સુધી રામ વનમાં ફળાહાર કરીને જીવ્યા, સીતાને રાવણ ઉપાડી ગયો. આ બધું કેમ થયું? આ બધાં કર્મના વિકટ કાર્ય છે.

જંગલમાં મુકુંદનું એકલા રહેવું, વૃક્ષ વૃક્ષ ભટકવું તથા હરિશ્ચંદ્રનું નીચના ઘરમાં જળ ભરવા રહેવું અને નીચે મુંડીએ જીવવું, નળરાજાએ રાત્રિના સમયમાં દમયંતિને પહિહરી અને નામ, ઠામ, કુળ ગોપવીને રાજા નળે સમય વિતાવવો પડ્યોઃ આ બધું કોણે કર્યું? કર્મનો જ એ બધો ખેલ છે.

જગતમાં સૌથી રૂપવાન ચક્રવર્તી સનતકુમારની વાત જાણો છો? રૂંવાડે રૂંવાડે સાત પ્રકારની પીડા જાગી ને સાતસો વરસ એ વેદના તેમણે ભોગવી! દેવ જેવા રૂપાળા, રાજકુમારને વળી પરાક્રમી પાંચે પાંડવ બંધુઓઃ વન વન ભટક્યા, ભુખ્યા-તરસ્યા રખડ્યા! આ બધું કેમ થયું? કર્મના જ કડવા કામ!

જેની હંમેશાં દેવો, મનુષ્યો સેવા કરે છે, પૂજે છે, સર્વત્ર ખમ્મા ખમ્મા થાય છે અને ત્રિભુવનપતિ છે, વિખ્યાત છે એવા મહાપુરુષોને પણ કર્મની વિટંબણા સહન કરવી પડી છે, તેમને પણ કર્મોએ છોડ્યા નથી તો સામાન્ય માનવીની શું વિસાત?

જિંદગીમાં દુઃખ આવી પડે ત્યારે કોઈને દોષ ન અપાય. બીજાં સૌ તો નિમિત્ત છે. સાચો દુઃખનો દેનાર તો છે કર્મ. આવા સમયે કોઈને દોષ આપવા કરતાં, ધર્મના શરણે જવું જોઈએ. સાચું સુખ તો ધર્મના શરણમાંથી જ સંપ્રાપ્ત થશે.

દુઃખથી અકળાતા અને પળવારમાં સૌને દોષ દેતા માનવીને લગામ તાણતી આ સજ્ઝાય છે. આ આણે કર્યું અને આ તેણે કર્યાની વાત રટતા માનવીને કવિ સમજાવે છે કે જે કંઈ થયું તે કોઈએ કર્યું નથી પણ આપણે જ બાંધેલા કર્મથી થયું છે! કર્મ કોઈને છોડતું નથી. પરમાત્માને પણ નહિ અને પામર જીવને પણ નહિ. સૌને જ્યારે તેનો સમય આવે ત્યારે ભોગવવું જ પડે. એ સમયે દલીલ ન ચાલે. એ સમયે ફક્ત એક જ ઉપાય છે. ધર્મનું શરણ. ધર્મ એવું કલ્પવૃક્ષ છે જ્યાં વિપત્તિ અને વિષાદ નાશ પામે છે, સંપત્તિ અને શાંતિ આવી મળે છે, સુખ અને સમૃદ્ધિ વધે છે. ★

# કોણ ચડે ? આત્મા કે કર્મ ?

☐ પૂ. રાજહંસ વિજયજી મ. સા.

આ સંસારમાં એક પ્રશ્ન અનાદિકાળથી ચાલ્યો આવે છે. અને આવનારા અનંતાનંત કાળ સુધી આ પ્રશ્ન ચાલતો જ રહેવાનો છે...

અનંતકાળ વીતી ચૂક્યો છે અને અનંતકાળ હજુ વીતી જવાનો...પણ આ પ્રશ્ન અનુત્તર જ રહ્યો છે...

આ પ્રશ્ન છે–'પહેલું કોણ ? મરઘી કે ઈંડું ?'

આ સંસારમાં સર્વપ્રથમ શું આવ્યું ? પહેલાં મરઘી આવી કે પહેલાં ઈંડું આવ્યું ?

જવાબમાં જો 'મરઘી' કહે તો પ્રશ્ન એ ઊઠે કે ઈંડા વિના મરઘી આવી શી રીતે ? અને જો 'ઈંડુ' જવાબ તરીકે રજૂ કરે તો પ્રશ્ન ઉઠે કે મરઘી વિના ઈંડું આવ્યું શી રીતે ?

સરવાળે 'પહેલું કોણ ? મરઘી કે ઈંડું ?' પ્રશ્ન અનુત્તર જ રહે છે.

આધ્યાત્મિક જગતનો પણ આવો જ એક પ્રશ્ન છે–આ સંસારમાં પહેલાં કોણ આવ્યું ? આત્મા કે કર્મ ?... પહેલાં આત્મા આવ્યો કે પહેલાં કર્મ આવ્યું ?...

જો એમ કહેવામાં આવે કે પહેલાં આત્મા આવ્યો તો પ્રશ્ન એ ઉઠે કે કર્મ વિના આત્મા આ સંસારમાં પરિભ્રમણ કરે જ શી રીતે ?

અને જો એમ કહે કે પહેલાં કર્મ આવ્યું તો પ્રશ્ન એ છે કે આત્મા વિના કર્મનું સર્જન થયું શી રીતે ?

સરવાળે આ પ્રશ્ન પણ અનુત્તર જ ફર્યા કરે છે...

જગતમાં જે કંઈ પણ થાય છે, તે બધું જ ઈશ્વરકૃત છે. આવી એક માન્યતા જગતમાં જોર-શોરથી પ્રવર્તે છે...

જગત ઈશ્વરસર્જિત હોય તો જ ઉપરોક્ત પ્રશ્ન ઊભો થાય છે...કારણ કે જે નવસર્જન પામ્યું હોય, એની Birth date હોય અને જ્યાં Birth date હોય ત્યાં જ પ્રશ્ન થાય કે પહેલું કોણ ? પહેલું કોણ જન્મ્યું–પહેલું કોણ સર્જન પામ્યું ? અને પછી ઊભી થાય તેના આનુષંગિક પ્રશ્નોની બોછાર!!...

છેવટની પરિસ્થિતિ એ આવે કે એ પ્રશ્ન નિરુત્તર જ રહે!!...

આ આખુંય જગત અનાદિ છે...આજે જે રીતે આ જગત શ્વસી રહ્યું છે, તે જ રીતે તે અનંતકાળ પૂર્વે પણ શ્વસી રહ્યું હતું અને અનંતકાળ પછી પણ ધબકતું જ રહેશે... આ જગતની કોઈ આદિ નથી, અને ક્યારેય તેનો અંત નથી... અનાદિ-અનંત છે આ જગત!!

કોઈ વસ્તુની આદિ હોય તો Birth dateનો પ્રશ્ન અને 'પહેલું કોણ'નો પ્રશ્ન માથામાં વાગે...પણ જ્યારે આદિ જ ના હોય, અનાદિરૂપેણ તે પ્રવાહિત જ હોય તો આવા વાહિયાત પ્રશ્નો ઊભા થાય ક્યાંથી ?

અનેકાંતવાદની આ જ વિશેષતા છે... ત્યાં સમસ્યા ક્યારેય નિરુત્તર ન રહે...સમસ્યાનું સમાધાન કરે તેનું નામ જ છે – સ્યાદ્‌વાદ, અનેકાંતવાદ...

અનેકાંતવાદ પાસે સમાધાન છે, જ્યારે એકાંતવાદ પાસે સમસ્યા છે... જ્યાં માત્ર એકાંતે સમસ્યા છે તે એકાંતવાદ...

અને જ્યાં સમસ્યા સાથે સમાધાન પણ છે તેનું નામ છે– અનેકાંતવાદ....

આવા અનેકાંતવાદની શૈલીમાં આગળ વધીએ...

આ સિલસિલામાં એક નવો પ્રશ્ન છે–કોણ ચડે ? આત્મા કે કર્મ ?... કોણ બળવાન ? કોની તાકાત વધારે–આત્માની કે કર્મની ?

અનંતજ્ઞાનનો માલિક છે આત્મા...

અક્ષય શક્તિનો સ્રોત છે આ આત્મા...

અક્ષય સુખનો ભંડાર છે આત્મા...

આત્મા લોકને અલોકમાં અને અલોકને લોકમાં ફેરવી નાખવાની શક્તિ ધરાવે છે....

માત્ર લોકાકાશમાં જ નહિ, અનંત અલોકમાં પણ જોવાનું સામર્થ્ય ધરાવે છે આ આત્મા...

આવી અંશમાત્ર પણ અંત વિનાની અનંત શક્તિ ધરાવતો આત્મા બળવાન જ હોય ને!!...

સામા પક્ષે કર્મની તાકાત પણ કાંઈ ઓછી ન આંકી શકાય... અનંતજ્ઞાનના માલિક આ આત્માને પણ કર્મસત્તા નીચે દબાયો હોવાને કારણે બારાખડી શીખવી પડે છે...દરેક ભવે નવેસરથી ભણવું પડે છે...

અનંત શક્તિનો સ્રોત ગણાતો આ જીવ કર્મસત્તાની એડી નીચે કચડાયેલો હોવાથી માયકાંગળો બની ગયો છે...થોડુંક વજન ઊંચકતા તેની કમર લચકી જાય છે...જરાક વાગી જતાં ફેક્ચર થઈ જાય છે...

અવ્યાબાધ સુખનો ભોક્તા ગણાતો આત્મા કર્મવશ દુઃખી દુઃખી થઈ જાય છે. પેટમાં દુઃખે છે... B.P., ડાયાબિટીસ જેવા રોગોથી ઘેરાઈ જાય છે...

આત્માના પ્રદેશ–પ્રદેશ પર કર્મસત્તાએ પોતાનો અડ્ડો જમાવ્યો છે...આત્માના એક–એક પ્રદેશ પર અનંતાનંત કર્મપ્રદેશોનો ખડકલો થઈ ગયો છે.

આત્માના એક એક પ્રદેશને અનંત–અનંત કર્મપ્રદેશોએ ઘેરી લીધો છે...

આત્માના અસંખ્ય પ્રદેશો સામે કર્મના અનંતાનંત પ્રદેશો ખડે પગે ઊભા છે.

આત્માના એક પ્રદેશ પર અનંતાનંત કર્મ પ્રદેશોની સત્તા ધરાવનાર કર્મ બળવાન ગણાય જ ને!!

હવે વિચારણા એ મુદ્દે આવે છે કે વધુ બળવાન કોણ ? આત્મા કે કર્મ ?

પહેલી નજરે જોતાં લાગે છે કે કર્મ વધુ બળવાન છે!! આત્માના એક એક પ્રદેશ સામે કર્મના અનંતાનંત પ્રદેશો ચોકી પહેરો ભરે છે!!

પણ જરા ઊંડાણથી વિચારશો તો સમજાશે કે કર્મ નહીં, પણ આત્મા જ બળવાન છે...

આત્માને એક પ્રદેશને બંધક બનાવવા કર્મના અનંતાનંત પ્રદેશોને કામે લાગવું પડે છે...કર્મના અનંતાનંત પ્રદેશો ભેગા થાય ત્યારે આત્માના એક પ્રદેશને વશીભૂત કરી શકે!

તાત્યા ટોપે, મંગલ પાંડે જેવા એક ક્રાંતિકારીને પકડવા માટે

અંગ્રેજ લશ્કરને સેંકડો નહિ, હજારોની પલટન ખડી કરવી પડી હતી...હજારોની પલટન ભેગી થયા પછીયે, દગાથી જ્યારે એક ક્રાંતિકારી પકડાતો, ત્યારે અંગ્રેજ ગવર્નરને પણ કહેવું પડતું કે અમારા અંગ્રેજો કરતાં આ ભારતીય ક્રાંતિકારીઓ હજારો ગણી શક્તિ ધરાવે છે...અંગ્રેજના બળ અને બુદ્ધિ કરતાંયે ભારતીઓનાં બળ અને બુદ્ધિ અનેકગણી વધુ શક્તિ ધરાવતા હતા.

આત્માના એક પ્રદેશને બંદી–બંધક બનાવવા કર્મ સત્તાને પોતાના અનંતાનંત પ્રદેશને કામે લગાડવા પડે છે...

આ વાત એ જ જણાવે છે કે આત્માની શક્તિ કર્મ કરતાં અનંતાનંત ગણી વધારે છે....અનંતાનંત શક્તિનો ધણી છે આ આત્મા...

અનંત શક્તિનો ધણી આત્મા જ્યારે શક્તિ ફોરવવા માંડશે ત્યારે કર્મસત્તા ધમધણી ઉઠશે...

આત્મા જ્યારે પોતાની શક્તિનો પરચો બતાવવાની શુભ શરૂઆત કરશે, ત્યારે કર્મસત્તાના અનંતાનંત પ્રદેશોના ફુરચેફુરચા ઊડી જશે...

આત્મા જ્યારે પોતાની શક્તિને કામે લગાડશે, ત્યારે કર્મસત્તાના કોઈ પ્રદેશો તેને બંધક નહીં બનાવી શકે...

આ આત્મા અનાદિકાળથી કર્મ પ્રદેશોથી જકડાયેલો છે...કર્મોએ તેને ક્યારેય શરૂઆતથી નથી જકડ્યો...

મુક્ત આત્માની તાકાત સામે કર્મ લાચાર છે...કર્મ ગમે તેટલા ધમપછાડા મારે તો ય મુક્ત આત્માને તે પછાડી શકે તેમ નથી...

અનાદિકાલીન કર્મ બંધનમાં બંધાયેલ આત્મા પણ કર્મ ની તાકાતને તોડી શકે તેમ છે, તો મુક્ત આત્માની તો વાત જ શી કરવી?!

આ વાત પણ આત્માની પડખે ઊભી રહીને કર્મસત્તાને કમજોર સાબિત કરે છે!

વળી, અનાદિકાળથી કર્મના બંધનમાં જકડાયેલ આત્માના તમામે તમામ પ્રદેશોને બંધક બનાવવાની તાકાત કર્મસત્તા નથી ધરાવતી...

તે ગમે તેટલું જોર કરે તો ય આત્માના આઠ રૂચક પ્રદેશોને કદી દબાવી શકે તેમ નથી...

આત્માના આ આઠ રૂચક પ્રદેશો અનાદિકાળથી કર્મમુક્ત છે...તે કોઈ કાળે કર્મના બંધનમાં બંધાયા નથી... બંધાતા ય નથી અને બંધાશે પણ નહીં...

અને માટે જ તો આત્મા પોતાનું આત્મત્વ ટકાવી શક્યો છે...

આ આઠ રૂચક પ્રદેશોના કારણે જ તો શાસ્ત્રમાં કહેવાયું છે કે– अक्खरस्स अनंतमो भागो निच्चं उग्घाडिओ चिढई । અક્ષરનો અનંતમો ભાગ તો હંમેશ ઉઘાડો રહે છે... કર્મ ગમે તેટલું જોર કરે તો ય આત્મા આગળ કમજોર જ રહે છે. આ આઠ રૂચક પ્રદેશો મગરોલીયા પથ્થરની જેમ ક્યારેય કર્મબંધનના સકંજામાં આવતા નથી...

જ્ઞાનાવરણી કર્મ ગમે તેટલું ભયંકર હોય તો ય અક્ષરનો અનંતમો ભાગ તો સદાકાળ માટે ઉઘાડો જ રહે છે...આત્માને જ્ઞાનનો પ્રકાશ તે આપતો જ રહે છે...

આ પણ આત્માની બળવતર વાતને જ પુરવાર કરે છે...

આત્માના દબાયેલા જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય, ઉપયોગ ફરી પ્રકાશિત થઈ શકે છે. સીમિત જ્ઞાનાદિને અસીમ–નિઃસીમ બનાવતા કોઈ રોકી શકે તેમ નથી....આત્માની અનંતતા સામે કર્મસત્તા વામણી પૂરવાર થાય છે.

આત્માની તાકાત સામે તે (કર્મ) નિર્બળ છે...

આત્માની લાયકાત સામે તેની (કર્મની) કોઈ ઔકાત જ નથી. અને એટલે જ તો અનંતા સિદ્ધો અત્યારે વિદ્યમાન છે... દરેક કાળચક્રે અનેકાનેક આત્માઓ સિદ્ધત્વદશાને પામે છે. અનાદિકાલીન કર્મબંધનદશાથી મુક્તિ મેળવે છે...

આત્મપદ - 'કર્મ છો રહ્યો બહુ મોટો રોગ, પણ તેને કાઢી, તું આત્મત્વ આરોગ...'

★

## અન્ય દર્શનોમાં કર્મવાદ

કર્મબંધ થવા માટે કંઈ ને કંઈ કારણ હોય છે. કારણ વગર કાર્ય થાય નહિ. આ કારણને હેતુ કહેવામાં આવે છે. ભારતીય દર્શનોમાં હેતુનું સ્વરૂપ નીચે મુજબ છે.

૧. જૈન દર્શનમાં કર્મબંધનું કારણ મુખ્યત્વે મિથ્યાત્વ, આત, પ્રમાદ, કષાય અને યોગ છે.

૨. બૌદ્ધ દર્શનમાં કર્મબંધનું કારણ રાગ-દ્વે ષ, મોહાદિને માનવામાં આવે છે.

૩. સાંખ્ય-યોગ દર્શનમાંઃ પ્રકૃતિ પુરુષના અભેદજ્ઞાનને કર્મબંધનું કારણ માન્યું છે.

૪ ન્યાય વૈશેષિક દર્શનમાંઃ કર્મબંધનું કારણ મિથ્યાજ્ઞાનને કહ્યું છે.

૫. વેદાંત આદિમાંઃ કર્મબંધનું કારણ અવિદ્યા બતાવ્યું છે. આમ અન્ય દર્શનો પણ હેતુને માને છે. જ્યારે જૈનદર્શન હેતુ સાથે ક્રિયા પર પણ ભાર મૂકે છે.

## શ્રેણી આરૂઢ થવાનો ક્રમ

અનાદિનો મિથ્યાત્વી આયુષ્ય સિવાયના ૭ કર્મ અંતક્રોડાક્રોડી બાંધવાનું શરૂ કરી એમાંથી પણ પલ્યનો અસંખ્યાત્મો ભાગ અને એ અંતર્મુહૂર્ત હીન બાંધવા માંડે ત્યારે એને સમકિતની પ્રાપ્તિ થાય છે. પછી એમાંથી પણ બેથી નવ પલ્યોપમ હીન બાંધે ત્યારે શ્રાવકપણું પ્રાપ્ત થાય. પછી એમાંથી પણ સંખ્યાતા સાગરોપમ ક્ષીણ થાય ત્યારે સર્વવિરતિ પ્રાપ્ત કરે. પછી પૂર્વેમાંથી પણ પાછા સંખ્યાતા સાગરોપમ ક્ષીણ થાય ત્યારે અપ્રમત્તપણું પ્રાપ્ત થાય. પાછું એમાંથી પણ પાછા સંખ્યાતા સાગરોપમ ક્ષીણ થાય ત્યારે ઉપશમ શ્રેણી આરૂઢ થાય.પાછા સંખ્યાતા સાગરોપમ ક્ષીણ થાય ત્યારે ક્ષપક શ્રેણી આરૂઢ થાય.પાછા સંખ્યાતા સાગરોપમ ક્ષીણ થાય ત્યાર પછી મોક્ષે જાય.

# સમુદ્ઘાત-કર્મો પર ઘાત કરવાની પ્રક્રિયા

## પન્નવણાના ૩૬મા પદને આધારે સમુદ્ઘાતનું સ્વરૂપ

□ ડૉ. પાર્વતી નેણશી ખીરાણી અને ડૉ. રતન ખીમજી છાડવા

જેમ કોઈ પક્ષીની પાંખો પર અત્યંત ધૂળ છવાઈ ગઈ હોય ત્યારે તે પક્ષી પોતાની પાંખ ફેલાવી (ફફડાવી) તેના પર છવાયેલી ધૂળને ખંખેરી નાંખે છે તેમ આત્મા પણ બદ્ધ કર્મના અણુઓને ખંખેરવા માટે સમુદ્ઘાત નામની ક્રિયા કરે છે.

આત્મપ્રદેશોમાં સંકોચ-વિસ્તારનો ગુણ હોય છે. તેથી જ સામાન્ય રીતે આત્મા પોતાના નામકર્મના ઉદયથી પ્રાપ્ત થયેલા નાના-મોટા શરીર પ્રમાણે સ્થિત થઈ જાય છે. તેમ છતાં ક્યારેક, કેટલાક કારણોથી, અલ્પ સમય માટે પ્રદેશોને શરીરની બહાર ફેલાવે છે અને પાછા સંકોચી લે છે. આ ક્રિયાને જ જૈન પરિભાષામાં સમુદ્ઘાત કહે છે. વેદનીય અને કષાય સમુદ્ઘાતમાં શરીરની અંદરના પોલાણમાં જ આત્માના પ્રદેશો બહાર નીકળે છે. બાકીનામાં શરીરની બહાર.

**સમુદ્ઘાત**

(૧) વિશેષ પરિસ્થિતિમાં પોતાના આત્મપ્રદેશોનું બહાર પ્રક્ષેપણ કરવું તે ક્રિયાને સમુદ્ઘાત કહે છે. (૨) સમ=એકી સાથે, ઉદ્=ઉત્કૃષ્ટપણે, ઘાત=કર્મોનો ઘાત. જે ક્રિયામાં એકી સાથે ઉત્કૃષ્ટપણે કર્મોનો ઘાત-ક્ષય થાય તે ક્રિયાને સમુદ્ઘાત કહે છે તેનું સ્વરૂપ આ પ્રમાણે છે-

**(૧) વેદના સમુદ્ઘાત :** વેદનાના નિમિત્તે જે સમુદ્ઘાત થાય તેને વેદનાસમુદ્ઘાત કહે છે. તે અશાતાવેદનીય કર્મજન્ય છે. જ્યારે જીવ વેદનાથી અત્યંત પીડિત થાય ત્યારે તે અનંતાનંત (અશાતા વેદનીય) કર્મ સ્કંધોથી વ્યાપ્ત પોતાના આત્મપ્રદેશોને શરીરની બહારના ભાગમાં ફેલાવે છે. તે મુખ, ઉદર આદિ પોલાણને તથા કાન અને ખભાની વચ્ચેના અંતરાલોને ભરી દઈને, લંબાઈ અને પહો ળાઈમાં શરીર પ્રમાણ ક્ષેત્રમાં વ્યાપ્ત થાય છે. જીવ એક અંતર્મુહૂર્ત પર્યંત આ અવસ્થામાં રહે છે. આ ક્રિયાનું નામ વેદના સમુદ્ઘાત છે. તે અંતર્મુહૂર્તમાં અશાતાવેદનીય કર્મના ઘણા પુદ્ગલો વેદન થઈને ક્ષય પામે છે. શાતાવેદનીય સમુદ્ઘાત ન થાય.

**(૨) કષાય સમુદ્ઘાત:** ક્રોધાદિ કષાયના કારણે થતા સમુદ્ઘાતને કષાય સમુદ્ઘાત કહે છે. તે મોહનીય કર્મને આશ્રિત છે. તીવ્ર કષાયના ઉદયમાં જીવ જ્યારે ક્રોધાદિયુક્ત બને છે ત્યારે આત્મપ્રદેશોને બહાર ફેલાવીને, મુખ, ઉદર આદિ શરીરગત પોલાણ તથા કાન અને ખભાની વચ્ચેના ભાગમાં વ્યાપ્ત કરે છે. વ્યાપ્ત થઈને આત્મપ્રદેશો શરીરપ્રમાણ લાંબા-પહોળાં ક્ષેત્રમાં અંતર્મુહૂત પર્યંત સ્થિર રહે છે. આ ક્રિયા કષાય સમુદ્ઘાત છે. તે સમયમાં કષાય મોહનીય કર્મના પુદ્ગલો વેદન થઈને ક્ષય પામે છે. આ સમુદ્ઘાતનો સંબંધ કષાય સાથે હોવાથી ચારિત્ર મોહનીય કર્મમાં જ થાય છે.

**(૩) મારણાંતિક સમુદ્ઘાત :** મૃત્યુ સમયે, આયુષ્યકર્મને આશ્રિત જે સમુદ્ઘાત થાય તેને મારણાન્તિક સમુદ્ઘાત કહે છે. આયુષ્યકર્મ ભોગવતાં ભોગવતાં જ્યારે અંતર્મુહૂત પ્રમાણ શેષ રહે ત્યારે જીવ પોતાના આત્મપ્રદેશોને ફેલાવીને શરીરમાં મુખ, ઉદર વગેરે પોલાણ તથા શરીરની બહાર કાન અને ખભાની વચ્ચેના આકાશપ્રદેશો પર તે આત્મપ્રદેશને ફેલાવી પહોળાઈ અને જાડાઈમાં શરીર પ્રમાણ અને લંબાઈમાં જઘન્ય અંગુલનો અસંખ્યાત્મો ભાગ અને ઉત્કૃષ્ટ એક જ દિશામાં જ્યાં ઉપજવાના છે તે નવા સ્થાન સુધી અસંખ્યાત યોજનમાં વ્યાપ્ત થઈને, અંતર્મુહૂર્ત સુધી તે જ અવસ્થામાં સ્થિત રહે છે. આ ક્રિયાને મારણાન્તિક સમુદ્ઘાત કહે છે. તે સમયે આયુષ્ય કર્મના પુદ્ગલો વેદન થઈને ક્ષય પામે છે.

આ સમુદ્ઘાત એક ભવ દરમિયાન વધારેમાં વધારે બે વખત થઈ શકે. પ્રથમ વખતની સમુદ્ઘાતમાં મરણ પામે અથવા પાછો આવે તો પછીના અંતર્મુહૂતમાં સ્વાભાવિક રીતે અવશ્ય મૃત્યુ પામે અથવા બીજી વખતે મારણાંતિક સમદ્ઘાત કરીને તેમાં અવશ્ય મરણ પામે. એક વખત આ સમુદ્ઘાત થાય પછી વધારેમાં વધારે અંતર્મુહૂતથી વધારે વખત જીવ તે ભવમાં ન રહે અવશ્ય મૃત્યુ પામે. સમુ.માં મરણ પામે તેને સમોહિયા મરણ કહેવાય. આયુષ્યનો બંધ નિયમા સમુદ્ઘાત પહેલા પડી ગયેલો હોય તો જ આ સમુ. થાય. આયુષ્ય કર્મના દલિકો આયુ.ની સ્થિતિ કરતાં વધારે હોય તો જ આ સમુ. થાય છે. મરણનો અંત બાકી રહે ત્યારે જ આ સમુ. થાય માટે મારણાંતિક સમુ. કહેવાય છે.

**(૪) વૈક્રિય સમુદ્ઘાત :** વૈક્રિય શરીર બનાવવાના પ્રારંભ સમયે વૈક્રિય શરીર નામકર્મને આશ્રિત જે સમુદ્ઘાત થાય તેને વૈક્રિય સમુદ્ઘાત કહે છે. વૈક્રિય લબ્ધિ સંપન્ન જીવ પોતાના જીર્ણ શરીરને પુષ્ટ અને સુંદર બનાવવા માટે અથવા વિવિધ રૂપોની વિકુર્વણા કરવા માટે પોતાના આત્મપ્રદેશોને એક દંડના આકારે બહાર કાઢે છે. તે દંડની પહોળાઈ અને જાડાઈ શરીર પ્રમાણ અને લંબાઈ સંખ્યાત યોજનની હોય છે. એક અંતર્મુહૂર્ત પર્યંત આ અવસ્થામાં સ્થિત રહીને વૈક્રિય શરીર બનાવવા યોગ્ય સૂક્ષ્મ પુદ્ગલોને ગ્રહણ કરે છે. આ વૈક્રિય સમુદ્ઘાત છે.

**(૫) તૈજસ સમુદ્ઘાત :** તેજોલબ્ધિના પ્રયોગ સમયે તેજોલબ્ધિ સંપન્ન પુરુષ પોતાના આત્મપ્રદેશોનું શરીરની બહાર પ્રક્ષેપણ કરે છે, તેને તૈજસ સમુદ્ઘાત કહે છે. તે પહોળાઈ અને જાડાઈમાં શરીર પ્રમાણ અને લંબાઈમાં સંખ્યાત યોજન પ્રમાણ દંડાકારે આત્મપ્રદેશોને ફેલાવે છે અને તદ્યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરીને, તેજોલેશ્યાનો પ્રયોગ કરે છે. તેનો ઉદ્દેશ્ય અનુગ્રહ (સંરક્ષકશીતળતા) અને નિગ્રહ, (બાળવું-સંહારક) આ બંને પ્રકારનો સંભવે છે . અનુગ્રહને માટે શીત તેજોલેશ્યા અને નિગ્રહ માટે ઉષ્ણ તેજોલેશ્યાનો પ્રયોગ થાય છે. આધુનિક વિજ્ઞાન પરમાણુ શક્તિનો ઉપયોગ નિર્માણ અને ધ્વંસ બંને માટે કરે છે. તે જ રીતે તેજોલબ્ધિનો પ્રયોગ પણ નિર્માણ અને ધ્વંસ બંને માટે થાય છે. આ સમુ.નો સીધો સંબંધ તૈજસ શરીર નામકર્મ સાથે છે. આ સમુ.ને તેજોલેશ્યા સાથે કોઈ સંબંધ નથી. (૭ થી ૧૨ દેવલોકના દેવો તેજોલેશ્યા ન હોવા છતાં તૈજસ સમુ. કરી શકે છે જ્યારે યુગલિક તેજોલેશ્યા હોવા છતાં સમુ.

ન કરી શકે.)

**(૬) આહારક સમુદ્‌ઘાત :** ચૌદ પૂર્વધારી સાધુ આહારક શરીર બનાવે છે. આહારક લબ્ધિના પ્રયોગ સમયે થતાં સમુદ્‌ઘાતને આહારક સમુદ્‌ઘાત કહે છે. આહારક લબ્ધિધારી સાધુ આહારક શરીર બનાવવાની ઈચ્છા કરીને, પહોળાઈ અને જાડાઈમાં શરીર પ્રમાણ અને લંબાઈમાં સંખ્યાત યોજન પ્રમાણ આત્મપ્રદેશોને દંડાકારે શરીરમાંથી બહાર કાઢે છે અને તે ક્ષેત્રમાં સ્થિત આહારક શરીર બનાવવા યોગ્ય પુદ્‌ગલોને ગ્રહણ કરે છે, તે આહારક સમુદ્‌ઘાત છે.

**કેવલી સમુદ્‌ઘાતનું સ્વરૂપ**




**(૭) કેવલી સમુદ્‌ઘાત:** અંતર્મુહૂર્તમાં જ મોક્ષ પ્રાપ્ત કરનારા કેવલી ભગવાન જે સમુદ્‌ઘાત કરે તેને કેવલી સમુદ્‌ઘાત કહે છે. વેદનીય, નામ, ગોત્ર આ ત્રણ કર્મોની સ્થિતિને આયુષ્ય કર્મની સમાન કરવા માટે આ સમુદ્‌ ઘાત કરે છે, જેમાં કેવલ આઠ સમય જ થાય છે.

પ્રથમ સમયમાં કેવલી ભગવાન આત્મપ્રદેશોના દંડની રચના કરે છે. તે દંડ પહોળાઈ અને જાડાઈમાં શરીર પ્રમાણ અને લંબાઈમાં ઊર્ધ્વલોકાંતથી અધોલોકાંત પર્યંતનો વિસ્તૃત હોય છે. બીજે સમયે તે દંડને (પૂર્વ-પશ્ચિમ અને ઉત્તર-દક્ષિણમાં ફેલાવે છે. જેથી તે દંડ લોકપર્યંત ફેલાયેલા બે કપાટનો આકાર ધારણ કરે છે. ત્રીજા સમયે કપાટને લોકાંતપર્યંત ફેલાવીને તે જગ્યાને પૂરિત કરે છે. ત્યારે તે જ કપાટ, પૂરિત મંથનનો આાકર ધારણ કરે છે. આમ કરવાથી લોકનો અધિકાશ ભાગ આત્મપ્રદેશોથી વ્યાપ્ત થઈ જાય છે. પરંતુ માત્ર લોકાંતના ખૂણાના પ્રદેશ ખાલી રહે છે. ચોથા સમયે તેને પણ પૂર્ણ કરી સમસ્ત લોકાકાશને આત્મપ્રદેશોથી વ્યાપ્ત કરે છે, કારણ કે લોકાકાશના અને જીવના પ્રદેશ તુલ્ય છે. પાંચમા, છઠ્ઠા, સાતમા અને આઠમા સમયે વિપરીત ક્રમથી આત્મપ્રદેશોનો સંકોચ કરે છે અને શરીરસ્થ થાય છે. આઠ સમયમાં આ ક્રિયા પૂરી થતાં નવમા સમયે આત્મા શરીરસ્થ બની જાય છે.

**કેવલી સમુદ્‌ઘાત :** જેમને નિર્વાણથી છ મહિના પૂર્વે કેવળજ્ઞાન થયું હોય એવા જીવોના આયુષ્યકર્મની સ્થિતિ કરતાં નામ-ગોત્રવેદનીયની સ્થિતિ વધારે હોય તેને સમ કરવા માટે નિર્વાણથી અંતર્મુહૂર્ત પહેલા આ સમુદ્‌ઘાત કરે. આ પ્રક્રિયામાં નામ-ગોત્રવેદનીયના કર્મોનો ક્ષય થાય છે. માટે એ ત્રણ કર્મ આશ્રી છે.

- પ્રથમ પાંચ સમુદ્‌ઘાતમાં મરણ થઈ શકે છે. શેષ બેમાં નહિ.
- મારણાંતિક અને કેવળ વર્જીને શેષ પાંચ સમુદ્‌ઘાતમાં આયુષ્યનો બંધ થઈ શકે છે.
- પ્રથમ ત્રણ સમુદ્‌ઘાત ઈરાદાપૂર્વક કરી શકાતી નથી. શેષ ચાર સમુદ્‌ઘાત સ્વેચ્છાએ કરે છે.
- ઔદારિક શરીરવાળા કેટલાક જીવો ભવ દરમિયાન એકેય સમુદ્‌ઘાત ન કરે એવું પણ બની શકે છે.
- પહેલી પાંચ સમુ. મિથ્યાત્વી અને સમકિતી બંને કરી શકે છે. છેલ્લી બે સમકિતી જ કરી શકે છે. ★

## કર્મના ચાર બંધ સ્થાન

એક સાથે બંધાતા કર્મના સમૂહને 'બંધસ્થાન' કહે છે.

**(૧) આઠ કર્મનો બંધ :** ત્રીજું ગુણસ્થાનક વર્જીને એકથી સાત ગુણસ્થાનક સુધી આઠ કર્મનો બંધ થઈ શકે છે. એક ભવમાં આઠ કર્મબંધની સ્થિતિ જઘ. ઉત. અંતર્મુહૂર્તની જ હોય છે.

**(૨) સાત કર્મનો બંધ (આયુષ્ય વર્જીને) :** ત્રીજા, આઠમા અને નવમા ગુણસ્થાનકે એકાંત સાત કર્મનો જ બંધ થાય છે. સાત કર્મબંધની સ્થિતિ સમયે સમયે હોય છે. નિરંતર સાત કર્મબંધની સ્થિતિનો ઉત.કાળ ક્રોડપૂર્વનો ત્રીજો ભાગ અને છ મહિના ન્યૂન ૩૩ સાગર હોય છે.

**(૩) છ કર્મનો બંધ (આયુષ્ય, મોહનીય વર્જીને) :** દસમા ગુણ સ્થાનકે ફક્ત છ કર્મનો જ બંધ થાય છે. નિરંતર છ કર્મબંધની સ્થિતિ જઘ., ઉત. અંતર્મુહૂર્તની હોય છે. એક ભવ આશ્રી છ કર્મનો બંધ, ઉત.ચાર વખત, ઉપશમશ્રેણી આશ્રી થઈ શકે છે.

**(૪) એક કર્મનો બંધ (શાતાવેદનીય) :** ૧૧, ૧૨, ૧૩મા ગુણસ્થાનકે એક શાતાવેદનીય કર્મ અને તે પણ ફક્ત બે સમયની સ્થિતિનો જ બંધાય છે. એક કર્મનો બંધ છદ્મસ્થ આશ્રીને એક ભવમાં ઉત. બે વખત, ઘણાં ભવ આશ્રી પાંચ વત નિરંતર અંતર્મુહૂર્ત બંધાય છે. એક કર્મનો બંધ કેવળી આશ્રી જઘ. અંતર્મુહૂર્ત, ઉત. દેશે ઉણા ક્રોડપૂર્વ સુધી બંધાય છે.

# કર્મવાદ અને મોક્ષ

☐ ચંદ્રહાસ ત્રિવેદી

*[લેખક અર્થકારણ અને રાજકારણમાં એમ. એ. થયેલા છે, અધ્યાપક, આકાશવાણી પર ઉદ્‌ઘોષક, વિવિધ સાહિત્યના સર્જક અને 'ગુજરાત સમાચાર'માં 'અગમ-નિગમ' સ્તંભ અને 'ધર્મલોક'માં 'વિમર્શ' સ્તંભના લેખક છે. સંસ્કૃત, ગુજરાતી અને અંગ્રેજી સાહિત્યનું પરિશિલન કરનાર અને વિવિધ ધર્મોના પ્રખર ઊંડા અભ્યાસી છે.]*

ભારતીય ધર્મધારાઓમાં મોક્ષની વાત કરવામાં આવે છે અને તેને ચરમ લક્ષ્ય માનવામાં આવે છે. વિવિધ ધર્મોએ મોક્ષ અંગે જે વિચાર કર્યો છે તેમાં થોડીક ભિન્નતા દેખાય છે પણ એક વાતનું તો સામ્ય છે કે મોક્ષ એ કૃતકૃત્ય અવસ્થા છે. તે પ્રાપ્ત થયા પછી જીવે બીજું કંઈ પ્રાપ્ત કરવાનું રહેતું નથી. મોક્ષના વિચારને સમજવા માટે કેટલાક વિચારકોએ તેને ભૌગોલિક સ્થળ તરીકે સ્થાપ્યો જ્યાં જીવને માત્ર સુખાનુભવ જ રહે. મોક્ષ ભૌગોલિક સ્થાન છે કે નહીં એની ચર્ચામાં આપણે ન પડીએ તો પણ આપણે એક વાત તો સ્વીકારવી પડશે કે મોક્ષ મુક્ત થવાની વાત કરે છે. મોક્ષ શબ્દનો અર્થ જ મુક્તિનો દ્યોતક છે. જ્યાં બંધન છે ત્યાં સુખાનુભવ કેવો? મુક્ત શેમાંથી થવાનું? મુક્ત કોણે થવાનું? મોક્ષની અભિલાષા, મોક્ષનું લક્ષ્ય એ વાતનો નિર્દેશ કરે છે કે આપણે ક્યાંક બંધાયેલા છીએ અને તેમાંથી આપણે મુક્ત થવાનું છે.

આમ, કર્મવાદ મોક્ષ સાથે ગાઢ રીતે સંલગ્ન છે. જીવ કર્મથી બંધાયેલો છે. જ્યાં સુધી કર્મ છે ત્યાં સુધી બંધન છે અને બંધન છે ત્યાં દુઃખ છે, વેદના છે, પરાધીનતા છે. કર્મનું એવું ચક્કર ચાલ્યા જ કરે છે કે તે ક્યાંય અટકતું નથી. પૂર્વકર્મ ભોગવાતાં જાય અને નવાં બંધાતાં જાય. આમ, કર્મનો સ્ટોક ક્યારેય ખાલી થતો નથી. કર્મ માત્ર બંધન છે, કારણ કે તેમાં પરાધીનતા છે છતાંય આપણને પુણ્યકર્મ ગમે છે કારણ કે તેમાં સુખાભાસ થાય છે. તત્ત્વજ્ઞોએ તો પુણ્યકર્મને પણ બંધન ગણ્યું છે અને તેનાથી પણ મુક્ત થવાની વાત કરી છે. સુખાનુભવ મુક્તિમાં છે. સુખાભાસમાં નહીં. આ વાતને ધીરજથી સમજવાની છે. પુણ્યકર્મનો એમાં નિષેધ નથી કારણ કે પુણ્યકર્મને સહારે મનુષ્ય પાપકર્મોને હઠાવે છે. પણ પુણ્યકર્મ અંતે તો છોડી દેવા જેવું છે. કારણ કે તે પણ બંધન તો છે જ. જેમ ઉપર ચડનાર માણસ દોરડાનો સહારો લે પણ નિસરણી ચડી ગયા પછી દોરડું છોડી દે છે, તેને પકડી રાખતો નથી તેમ છેવટે પુણ્યકર્મ પણ છોડી દેવાનું છે. આ બહુ સૂક્ષ્મ વાત છે. રેશમની દોરીથી બાળકને બાંધો કે લોખંડની સાંકળથી બાંધો પણ બંધન એ બંધન એમાં કોઈ શંકા નથી. **પુણ્યને પણ છોડવાની વાત સાધનાના છેલ્લા પગથિયે છે નહીં કે પહેલે પગથિયે.** ઘણીવાર મોટા મોટા ચિંતકોએ પણ આ બાબતે ઉતાવળે અભિપ્રાય આપ્યા છે જેથી તે અંગે ઘણી ગેરસમજ પ્રવર્તે છે.

આમ, મોક્ષ જીવ માત્રનું ચરમ લક્ષ્ય હોવું જોઈએ કારણ કે તેમાં અનંત સુખાનુભવ છે. મોક્ષની નિષેધાત્મક કલ્પના આપણને માન્ય નથી. જો મોક્ષ કંઈ જ ન હોય તો પછી મેળવવા જેવું શું રહ્યું? હવે જો મોક્ષની પ્રાપ્તિ કરવી હોય તો કર્મના બંધનમાંથી છૂટવું જોઈએ. જો આપણને કોઈએ બાંધ્યા હોય તો તે કર્મ. કર્મનું બંધન તૂટતાં જ હંસલો મુક્ત થઈને માનસરોવરને કાંઠે બેસી ક્ષીરનું અમૃતનું પાન કરવાનો.

**માટે જ કોઈ વિચાર, ભાવ કે ક્રિયા કર્મના વિષચક્રને તોડે તે સાધના છે.** કર્મવાદનો અભ્યાસ આપણને કર્મના કોઠાઓનું જ્ઞાન આપે છે કે જેને સહારે આપણે સાતેય કોઠા જીતી બહાર આવી જઈ શકીએ. આપણે કર્મબંધ વિષે જાણ્યું, કર્મના ભોગવટાનો વિચાર કર્યો, નિમિત્તોની પ્રબળતા સમજ્યા, કર્મનો વિપાકોદય અને પ્રદેશોદય ચર્ચી ગયા એ બધાનો સાર એટલો જ છે કે કર્મ બાંધો થોડાં, પણ તોડો ઘણાં. સાધનાનો અર્થ એટલો જ છે કે ઉદયમાં આવેલાં કર્મોને નિષ્ફળ બનાવો, નવાં કર્મોને આવવા ન દો, બાંધેલાં કર્મોને ખંખેરી નાખો, ઝાટકી નાખો. ગમે તેમ કરી કર્મને કાઢો. છેવટે ભોગવીને પણ કર્મને કાઢો.

તેથી ઘણી વાર આરાધકો સામે ચાલીને નિમિત્તો આપીને કર્મોને ખેંચી લાવી ભોગવવાનું પસંદ કરે છે. કર્મનું દેવું ચૂકવ્યા વિના કોઈ તેના સામ્રાજ્યની સરહદ ઓળંગી શકે તેમ નથી. તેથી જ્યારે મનુષ્યભવ મળ્યો છે, ધર્મની અનુકૂળતા છે, દેવ-ગુરુની નિશ્રા સુલભ છે ત્યારે કર્મનો હિસાબ ચોખ્ખો કરી નાખો. પણ અહીં એક વાતે સાવધ રહેવાનું છે કે સામેથી કર્મને ખેંચી લાવી ભોગવવાની પ્રક્રિયા ધર્મશૂરાઓએ કરવા જેવી છે, સામાન્ય જીવોએ નહિ, કારણ કે વગર તાકાતે આ પ્રયોગ કરનાર ઊલટાનો કુટાઈ જાય.

જો કર્મ ભોગવીને કાઢવાનાં હોય તો તો કરોડો વર્ષો તો શું કરોડો જન્મો જોઈએ. વળી કર્મના ભોગવટા વખતે નવાં કર્મ બંધાતા જાય તેનું શું? તેથી સાધના એનું નામ કે જે કરોડો વર્ષ ચાલે એટલાં કર્મનો સ્ટોક બે-ત્રણ જન્મમાં ખતમ કરી નાખે અને મુક્ત થઈ જાય.

આમ જોઈએ તો કાળ ઉપર આપણો બહુ કાબૂ નથી પણ સાધનામાં કાળ બહુ જાગતી ચીજ છે. સાધનામાં તો કર્મની સ્થિતિનેમુદતને ઉત્તરોત્તર તોડીને ટૂંકી કરવાની છે. કર્મની સ્થિતિ જેટલી તૂટે એટલી પ્રગતિ, એટલી ગુણપ્રાપ્તિ વધારે. સાધનામાં જ્યારે પ્રવેગની– એક્સીલરેશનની સ્થિતિ સર્જાય છે તેને ક્ષપકશ્રેણી કહેવામાં આવે છે તે કાળનો ઘાત કરીને જ મંડાય છે. તે સમયે કરોડો વર્ષે કે જન્મે જેનો ભોગવટો થઈ શકે તેવાં કર્મોની સ્થિતિ–કાળમર્યાદા, લાખ્ખો નહિ, હજારો નહિ, અરે, સેંકડો નહિ પણ છેવટે બે-ત્રણ ઘડી સુધી આવી જાય છે. ઉત્કૃષ્ટ આરાધના કરનાર તો કર્મોને એક જ જન્મમાં પૂરાં કરી નાખવાની પેરવી કરે છે. આત્માના ગુણો પ્રગટ થતા જાય તેમ કર્મની સ્થિતિ તૂટતી જાય. કર્મની સ્થિતિ તૂટે એટલે તેનો ભોગવટાકાળ તૂટે, પણ તેના પરમાણુઓ તો એટલા ને એટલા જ રહે. જે કર્મ-પરમાણુઓ લાંબા કાળમાં ભોગવવાના હોય તે પછી અલ્પકાળમાં પ્રદેશો દયથી ભોગવાઈ જાય. કર્મ-પરમાણુઓ જીવ સાથે ચોંટેલા હોય છે જે બે રીતે તેનાથી વિમુક્ત થાય. એક તો કર્મ ભોગવાય એટલે તે ખરી પડે. બીજી રીત છે પ્રદેશોદયની. જેમાં કર્મની અસર ન વર્તાય અને તે ખરી પડે.

કરેલાં કર્મો અવશ્ય ભોગવવાં પડે એમ જે કહેવાય છે તે કર્મના પરમાણુઓની અપેક્ષાએ જપ-તપ-વ્રત-દાન-ધર્મ-સદાચાર-ધ્યાનયોગ-ભક્તિ બધાંનો ગૂઢાર્થ એ છે કે કર્મને તોડો-ખંખેરી નાખો. આ બધાં અનુષ્ઠાનો કર્મની સ્થિતિ અને રસને તોડી નાખવામાં સહાય કરે છે. કર્મનો રસઘાત થતાં કર્મ તાકાત વગરનાં બની જઈને ખરવા લાગે છે. રસઘાતની પ્રક્રિયા તો સ્થિતિઘાત કરતાંય ઝડપી હોય છે. સાધનાની અંતિમ કક્ષાએ સાધક બધા જ કર્મદલિકોને પ્રદેશોદયથી સૂકવીને, તપ્ત કરીને ખંખેરી નાખે છે જેને કેળવી **સમુદ્‌ઘાત**ને નામે ઓળખવામાં આવે

છે – બસ ત્યાર પછી જીવ મુ ક્ત થઈ જાય છે– કર્મથી મુક્ત થઈ જાય છે અને અનં ત સુખાનુભવમાં તેની સ્થિતિ થઈ જાય છે.

બીજી એક મહત્ત્વની બાબત છે ચૈતન્યની સત્તાની. આપણે જોઈ ગયા કે આમ તો કર્મ એક જડ પદાર્થ છે. પદાર્થમાં અનર્ગળની શક્તિ રહેલી છે તો સામે ચૈતન્યમાં અનંત શક્તિ રહેલી છે. કર્મની શક્તિ એટલે જડની શક્તિ. જે ચૈતન્યમાં અનંત શક્તિને આવરીને–દબાવીને બેઠી છે અને તેનો આ સંસાર છે. પણ એ બાબત નિર્વિવાદ છે કે **જડ ક્યારેય ચૈતન્ય બની શકતું નથી અને ચૈતન્ય ક્યારેય જડ બની જતું નથી. છતાંય બન્નેનો એકબીજા ઉપર પ્રભાવ છે.** કર્મની જે કંઈ જંજાળ છે, તેનો જે કંઈ વિસ્તાર છે તે જડ અને ચેતનના પરસ્પર થતા સંબંધોને કારણે. કર્મની હાજરીમાં ચૈતન્ય અમુક રીતે વર્તે છે પણ જો કર્મ નષ્ટ થઈ જાય, ચેતનને જડ એવાં કર્મોનો સંસર્ગ ન રહે, તો પછી ચૈતન્ય શુદ્ધ સ્વરૂપે વિલસી રહે છે. જડને પોતાનો સ્વભાવ છે અને તેની આગવી શક્તિ છે તો ચૈતન્યને પણ પોતાનો વિશિષ્ટ સ્વભાવ છે અને તેની પાસે વિશિષ્ટ શક્તિ છે. આમ તો ચૈ તન્યની તાકાત, જડની તાકાત કરતાં અનેકગણી છે. પણ ગમે તેવી તાકાતવાળો જંગલને ધ્રુજાવનાર સિંહ પાંજરે પુરાયો હોય તો પછી તેની તાકાત ક્યાં રહી ? **આપણું ચૈતન્ય કર્મરૂપી પાંજરામાં પુરાયેલું છે તેથી અસહાય બનીને કર્મ આપે છે એટલું લે છે અને કર્મ નચાવે તેમ નાચે છે.** પણ એક વાર ચૈતન્ય જાગી ઊઠે, આળસ ખંખેરીને પૂર્ણ બળથી, પૂર્ણ શ્રદ્ધાથી પાંજરાને તોડીને બહાર આવી જાય તો પછી તે પોતાના સ્વભાવમાં આવી જઈ શકે છે. મૂળ વાત છે ચૈતન્ય એવા જીવ અને જડ એવા કર્મના સંબંધોને તોડવાની.

ઘણા લોકો એમ કહે છે કે ચૈતન્ય શુદ્ધ-બુદ્ધ છે. તેને જડ એવાં કર્મ કંઈ કરી શકે નહિ. આ વાત સાંભળવામાં સારી લાગે છે, સાંભળવી ગમે તેવી છે પણ વાસ્તવિક્તા ઊલટી છે. જો ચૈતન્ય ઉપર કર્મનો પ્રભાવ ન પડતો હોય તો મદારી જેમ રીંછને નચાવે તેમ ચૈતન્ય એવા આપણે, સંસારમાં કર્મના નચાવ્યા કેમ નાચ્યા કરીએ છીએ? જેમ ગળે સાંકળ બાંધેલ કૂતરો, સાંકળની ઢીલ પ્રમાણે ફરતાં ફરતાં કહે કે હું સ્વતંત્ર છું તેના જેવી આ વાત લાગે છે. જો જીવ સ્વતંત્ર છે તો પછી તેને આ સંસાર કેમ? આ પરાધીનપણું, આ અસહાયતા કેવી? મૂળ વાત છે જીવે કર્મની ચુંગાલ ફગાવી દઈને સ્વતંત્ર થવાનું છે. **સ્વભાવથી આત્મા શુદ્ધ-બુદ્ધ અને અનંત સામર્થ્યવાળો છે પણ તેના તે ગુણો કર્મથી આવૃત્ત છે**–ઢંકાયેલા છે, કર્મથી દબાયેલા છે જે તેણે પ્રગટાવવાના છે. આ ગુણોનો આવિર્ભાવ કરવા માટે જીવે પુરુષાર્થ કરવાનો છે.

કરોડોની સંપત્તિનો માલિક જ્યાં સુધી પોતાની સંપત્તિથી અજાણ હોય કે જ્યાં સુધી તે મેળવી ન શકે ત્યાં સુધી તો તે દરિદ્ર જ છે. આપણો ઘાટ આના જેવો છે. આપણે અનંતના સ્વામી છીએ પણ અત્યારે તો કર્મના માર્યા અને દોર્યા સંસારમાં અથડાઈએ છીએ – કુટાઈએ છીએ. જ્યાં સુધી કર્મનો ધ્વંસ નહિ કરીએ ત્યાં સુધી આપણા ભાગ્યમાં કુટાવાનું જ છે. પણ આશા એટલી છે કે **ચૈતન્યમાં અનંત શક્તિ છે અને જો તેને જગાડવાનો, જીવ પુરુષાર્થ કરે તો જડ એવા કર્મનો પરાભવ કરીને પોતે અવશ્ય મુક્ત થઈ જાય.**

ઘણા લોકો તો ઠેરથી જ વાત કરે છે કે જડ એવું કર્મ ચૈતન્યને અસર ન કરી શકે. અરે, જડ એવી દવાઓનું સેવન કરવાથી આપણા ઉપર કેટલી બધી અસર થાય છે ? દારૂ જડ છે અને બ્રાહ્મી પણ જડ છે;પણ એક બુદ્ધિને ભ્રમિત કરે છે તો બીજું બુદ્ધિને સચેત કરે છે. જડ એવા પદાર્થો ઉપર ચેતનાથી ધબકતો જીવ કેટલી આસક્તિ રાખે છે ? જડ પદાર્થો ઉપર જીવ નભે છે અને તેને મેળવવા જીવનભર દોડ્યા કરે છે. મંગળ અને ગુરુના ગ્રહો ઉપર જ્યાં જીવન નથી ત્યાં જડનું અસ્તિત્વ તો છે પણ કોઈ મારામારી નથી, કોઈ સંસાર મંડાયો નથી. **જ્યાં જડ છે અને ચેતન છે ત્યાં જ સંસાર છે. સંસાર એટલે જડ અને ચેતનની રમત.** ત્યાં જડની અસર ચેતન ઉપર ન થાય એ વાત ગળે કેમ ઊતરે ?

પણ હા, આપણે એટલું અવશ્ય સ્વીકારવું જ રહ્યું કે જડ એ જડ છે, તે ક્યારેય ચેતન બની શકે નહીં. ચેતન એ ચેતન છે તે ક્યારેય જડ બની શકે નહીં. ચેતન એ ચેતન છે તે ક્યારેય જડ બનવાનું નથી. બંનેને પોતપોતાની શક્તિ છે તો બંનેને પોતપોતાની મર્યાદા પણ છે. જડનું સંસાર ઉપર સાર્વભૌમત્વ નથી તો ચેતનનું પણ સાર્વભૌમત્વ નથી. બંને પોતપોતાની સીમામાં રહીને જ કામ કરે છે અને પરસ્પરને અસર કરે છે. કોઈ વખત આપણે જડ એવાં કર્મોની વધારે અસર નીચે આવી જઈએ છીએ તો કોઈ વખત ચેતનાના ગુણોનો પ્રભાવ વધી જાય છે. જડ પાસે પુરુષાર્થની શક્તિ નથી, જે ચેતન પાસે છે. જો ચેતના જાગી ઊઠે અને પુરુષાર્થ આદરે તો આજે નહીં તો કાલે, આ ભવે નહીં તો આવતે ભવે જડ કર્મોને ફગાવી દઈને પોતાના શુદ્ધ-બુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરી અનંત સુખમાં સ્થિત થઈ શકે છે.

આ પુરુષાર્થ જગાવવા માટે અને પુરુષાર્થ ક્યાં કરવાનો છે, કેવી રીતે થઈ શકે તે જાણવા માટે તો કર્મની વ્યવસ્થા–સિદ્ધાંત સમજવાનો છે. કર્મના સિદ્ધાંતોનું રહસ્ય સમજીને, તેનો ભેદ જાણીને, તેનો ઘાત કરીને ચૈતન્ય સ્વભાવમાં આવી જવાનું છે. નવાં કર્મોને ન બાંધવાં, બાંધેલા કર્મો તોડવાં તથા ઉદયમાં આવેલાં કર્મોને નિષ્ફળ કરવાં એ જ મોક્ષમાર્ગનો પુરુષાર્થ છે. અહીં ભાગ્યને આધીન નથી રહેવાનું– પ્રચંડ પુરુષાર્થ કરવાનો છે. **આ પ્રક્રિયા ત્રણ રીતે થાય છે.** એક તો કર્મ સમતાથી ભોગવી લેવાં, ઉદયમાં ન આવ્યાં હોય તેને પણ ખેંચી લાવીને નિર્જરવાં – ખંખેરી નાખવામાં આવે છે **ક્ષાયિક ભાવ** જેમાં કર્મોનો ક્ષય થાય છે. બીજો ભાવ છે **ઔપશમિક ભાવ.** જેમાં કર્મોનું શમન કરી દેવાનું. તેને ટાઢાં પાડી દેવાનાં. આ અવસ્થા લે ણદારને સમજાવી– મુ દ્દત પાડી પાછો કાઢવા જે વી છે. આજે તો લેણદાર પાછો વળ્યો પણ આગળ ઉપર દેવું તો ઊભું જ છે. ત્રીજો માર્ગ, વચલો માર્ગ છે જેમાં કર્મના રસને તોડતાં જવાનો, કર્મની સ્થિતિનો – મુદ્દતનો ઘાત કરતા જવાનો અને કર્મના દલિકોને – પરમાણુઓને નિર્જરતા જવાના– ખેરવતા જવાના અને તેમનું શમન પણ કરતા જવાનું. આ છે **ક્ષાયો પશમિક ભાવ.** જ્યારે **ઔદાયિક ભાવમાં** એટલે કર્મના ઉદયથી પ્રવર્તનાર ભાવમાં તો કર્મને આધીન થવાનું. એમાં તો જીવ ઊંઘતો જ ઝડપાઈ જાય છે. કર્મ જે માગે તે બધું સામે ધરી દેવાનું. પછી ગમે તેટલા રડો કે કકળો તેની કર્મસત્તાને કંઈ પડી નથી. આમ, ક્ષાયિકભાવ અને ક્ષાયો પશમિક ભાવ આરાધનાના ઘરના છે. ઔપશમિક ભાવમાં આરાધના ખરી પણ તે પ્રશ્નનું નિરાકરણ ન લાવે, ફક્ત તાત્કાલિક સમાધાન કરાવે પણ પ્રશ્ન તો ઊભેલો જ રહે ; જ્યારે ઔ દાયિક ભાવ તો શરણાગતિનો ભાવ છે.

આમ, કર્મસિદ્ધાંતનો અભ્યાસ, કર્મ વ્યવસ્થાની સમજણ આ ભવ અને પરભવ બંનેને સુધારી લેવાનો તેમ જ ભવભ્રમણમાંથી બહાર નીકળી જઈને અનંત સુખમાં જવાનો માર્ગ બતાવે છે. તેનું પ્રાથમિક લક્ષ્ય છે – કર્મથી બચો, અને કર્મ બાંધો તો સારાં – શુભ કર્મો જ બાંધો અને અંતિમ લક્ષ્ય છે કર્મનુ ઉપાર્જન બંધ કરો અને બાંધેલાં કર્મોને ખંખેરી નાખી – નિર્જરી, સ્વરૂપમાં આવી જાવ અને સ્વભાવમાં રમણ કરો.

★

# કર્મયોગનું વિજ્ઞાન

☐ ભાણદેવજી

[અધ્યાત્મપથના પથિક વિદ્વાન લેખક યોગાચાર્ય છે. યોગ અને તત્ત્વજ્ઞાનના પ્રચાર અર્થે વિદેશ ભ્રમણ કર્યું છે. લગભગ ૩૫ પુસ્તકોના કર્તા છે. સૌરાષ્ટ્રમાં મોરબી પાસે તેમના આશ્રમમાં સ્થાયી છે.]

**૧. પ્રસ્તાવ**

कर्मणोह्यपि बोद्धव्यं बोद्धोव्यं च विकर्मणः ।
अकर्मणश्च बोद्धव्यं गहनी कर्मणो गतिः ।

–શ્રીમદ્ ભગવત્ ગીતા ૪–૧૭.

'કર્મનું સ્વરૂપ જાણવાયોગ્ય છે. વિકર્મનું સ્વરૂપ પણ જાણવાયોગ્ય છે અને અકર્મનું સ્વરૂપ પણ જાણવાયોગ્ય છે. કર્મની ગતિ ગહન છે.'

જે શબ્દ સતત કાને પડતો હોય, જેના સંપર્કમાં આપણે સતત રહેતા હોઈએ તેની ગહનતા અંગે આપણે બેપરવાહ બની જઈએ છીએ. અતિ પરિચયને લીધે તેની ગહનતા તરફ આપણું ધ્યાન જતું નથી. કર્મ આપણા જીવન સાથે ગાઢ રીતે એકરસ થઈ ગયું છે. જીવવું અને કર્મો કરવા બન્ને સાથે સાથે જ છે.

न हि कश्चित्क्षणमपि जातु तिष्ठत्यकर्मकृत् (ગીતા–૩–૫)

'કોઈ પણ જીવ ક્ષણ માટે પણ કર્મ કર્યા વિના રહેતો નથી.'

કર્મ માનવજીવન સાથે આટલું ઓતપ્રોત થયેલું છે. છતાં આપણે કર્મના યથાર્થ સ્વરૂપને ન જાણતા હોઈએ એમ બની શકે; એટલું જ નહિ પણ તેને લીધે આપણને કર્મના રહસ્ય અંગે જાણવાની ઈચ્છા પણ ન થાય એમ પણ બની શકે! કર્મની ગહનતાનો ખ્યાલ પણ ન આવે!

**૨. કર્મ એટલે શું?**

કર્મનો શાબ્દિક અર્થ તો સૌ જાણે છે. કર્મ=કૃ (કરોતિ) કરવું તે = To do. પણ આટલાથી કર્મનો અર્થ જાણી ગયા એવું નથી. કર્મના પર્યાયવાચક શબ્દો જાણવા, તેની વ્યુત્પત્તિ જાણવી અને તેના યથાર્થ રહસ્યને આત્મસાત્ કરવું તે બંને અલગ અલગ બાબતો છે.

કર્મ એટલે મહાચૈતન્યની અભિવ્યક્તિ (Manifestation)ની ઘટના. સૃષ્ટિના પ્રારંભે મૂલ પ્રકૃતિ (ગતિહીન શાંત પ્રકૃતિ) તરફ મહાચૈતન્યની દૃષ્ટિ પડતાં મૂલ પ્રકૃતિમાં ચૈતન્ય પ્રગટે છે. મૂલ પ્રકૃતિની ત્રિગુણાત્મિકા સમુતાલાનો ભંગ થાય છે. ગતિહીન પ્રકૃતિમાં ગતિ પ્રગટે છે. આ પ્રથમ ગતિ એ જ આદિ કર્મ છે. કર્મની આ સાંકળ ચાલુ જ રહે છે. સર્ગ પ્રક્રિયા એટલે શું? સર્ગ એટલે ચૈતન્યની અભિવ્યક્તિની પ્રક્રિયા. જેમ જેમ સર્ગક્રમ વિકસતો જાય છે તેમ તેમ સૃષ્ટિમાં પરમાત્મા વધુ ને વધુ અભિવ્યક્ત થતો જાય છે. આખો સર્ગક્રમ કર્મની જ પ્રક્રિયા છે તેથી મૂલત કર્મ મહાચૈતન્યની અભિવ્યક્તિની ઘટના છે. સામાન્યતઃ આપણે કર્મના યથાર્થ સ્વરૂપના અનુસંધાનને ચૂકી જતા હોઈએ છીએ પણ એ અનુસંધાન પુનઃ જોડી શકાય તેમ છે અને એ જ કર્મયોગની ચાવી. કર્મમાત્ર ચૈતન્યના ધક્કાથી પ્રગટે છે. અચેતન દ્વારા કર્મ પ્રગટી શકે નહિ, તેથી કર્મનું ચૈતન્ય સાથે અનુસંધાન છે જ. કર્મ કરતી વખતે કર્મ જે મહાચૈતન્યના ધક્કાથી પ્રગટે છે તેની સાથેના અનુસંધાન અંગે જાગૃત રહી શકાય તો કર્મનું કર્મયોગમાં રૂપાંતર થાય છે. કર્મયોગનું આ રહસ્ય છે.

**(૩) કર્મનાં સ્વરૂપો**

**(૧) સાધન કર્મ:** દરેક અધ્યાત્મ પ્રણાલિમાં બહિરંગ સાધનપદ્ધતિ હોય છે. તેને જ સાધનકર્મો કહે છે. તેને જ ક્રિયાકાંડ, ક્રિયાયોગ કે બહિરંગ યોગ પણ કહે છે. યજ્ઞયાગ, પૂજાપાઠ, નામજપ, પ્રાણાયામ, પ્રણવોપાસના, સ્તોત્રપાઠ આદિ સાધનકર્મો છે. સાધનકર્મોને કર્મયોગનું સ્વરૂપ આપવું, તેમને અધ્યાત્મપ્રેરક રૂપ આપવું સરળ છે. કેમકે તેવાં કર્મો મૂલતઃ અધ્યાત્મના સાધનો છે. તેમનું સ્વરૂપ જ એવું છે કે તેમનું મુખ મહાચૈતન્ય તરફ છે. સાધનકર્મના અનુષ્ઠાનથી જીવનમાં જ્ઞાનભક્તિ પ્રગટે છે. સાધનકર્મો ચિત્તશુદ્ધિ અને અધ્યાત્મપ્રાગટ્યના ઉત્તમ સાધનો બની શકે તેવી તેમાં ક્ષમતા છે.

**(૨) સેવાકર્મ:** કોઈ પણ વ્યક્તિ કે સમૂહના કલ્યાણ માટે, બદલાની અપેક્ષા વિના થતા કર્મને સેવાકાર્ય કહે છે. સેવા માનવી કે માનવેતર પ્રાણીની પણ હોઈ શકે છે. સેવાકાર્યો પણ ચિત્તશુદ્ધિનું સાધન બની શકે છે. સેવાકર્મોને પણ સાધનાનું સ્વરૂપ આપી શકાય તેમ છે. નિષ્કામભાવે અન્યને ઉપયોગી થવા માટે થતાં કર્મો વ્યક્તિના વિકાસનું માધ્યમ બની શકે તેમ છે.

**(૩) ભગવત્પ્રીત્યર્થકર્મ:** એક એવી અવસ્થાએ સાધક પહોંચે છે જ્યાં તેના બધા કર્મો ભગવત્પ્રીત્યર્થ થાય છે. તે અવસ્થામાં કોઈ પણ કર્મ તેના માટે ભાગવત સેવાકાર્ય બની જાય છે. આ અવસ્થામાં સાધકના ચિત્તમાં કર્મનું મૂળ અનુસંધાન પ્રગટે છે અને તેના ચિત્તમાં કર્મના યથાર્થ સ્વરૂપનું ઉદ્‌ઘાટન થાય છે.

**(૪) ભાગવતકર્મ:** વિરલ પ્રસંગમાં ભાગવતચેતના વ્યક્તિ પાસે કર્મ કરાવે છે. વ્યક્તિ ભગવાનના કાર્યોનું વાહક બને છે. આવાં કર્મોને ભાગવતકર્મો કહે છે. ભગવાન પોતે જ કોઈ કર્મ વ્યક્તિ દ્વારા કરાવે ત્યારે તે વ્યક્તિ ધન્ય બને છે. ભાગવત કર્મોના સાધન બનવું પરમ સદ્‌ભાગ્ય છે, પણ એમ બનવું એ ભગવતકૃપા પર અવલંબે છે. પોતાની પસંદગી કે પુરુષાર્થથી મેળવી શકાય તેવી સિદ્ધિ નથી. કોઈ પણ કર્મ નિષ્કામભાવથી અને ભગવત્ સમર્પણભાવે કરીએ તો તેવાં કર્મો ભાગવતકર્મો ગણાય કે નહિ? ના. એ બધાં કર્મો ભાગવતકર્મો ન ગણાય. ભગવાન પોતે જ પોતાના કાર્ય માટે વ્યક્તિને પસંદ કરે અને તેની પાસે કર્મ કરાવે તે જ ભાગવતકર્મો ગણાય. એમ થયા વિના સત્કર્મો, સાધનકર્મો, નિષ્કામકર્મો, ભગવત્પ્રીતિકર્મો પણ ભગવતકર્મો ગણાય નહિ. પણ બધાં જ કર્મો ભગવાનના જ કર્મો છે એમ ન ગણાય? એમ કોઈ પૂછે તો તેનો જવાબ શો? પરોક્ષ રીતે, પ્રકૃતિ દ્વારા બધાં કર્મો ભગવાન કરાવે છે એ સાચું, પણ

સાક્ષાત્ અને અપરોક્ષ ભાગવત્કર્મોની તો કક્ષા જ જુદી છે.

નિષિદ્ધકર્મોનો સમાવેશ આપણે ઉપરોક્ત વર્ગીકરણમાં કર્યો નથી કેમ કે નિષિદ્ધકર્મો સાધન કર્મો બની શકે નહિ. તેમનું સ્વરૂપ જ એવું છે કે તેનો ત્યાગ જ ઈષ્ટ છે. જેમ કે વ્યભિચાર, લૂંટ, ખૂન, ચોરી વગેરે કર્મોનો ત્યાગ જ ઈષ્ટ છે.

તે જ રીતે ભોગકર્મોનો સમાવેશ પણ ઉપરોક્ત વર્ગીકરણમાં નથી. કેમ કે સાધનાના અર્થમાં ભોગકર્મોને કર્મો ગણી શકાય નહિ. બધાં ભોગ કર્મો પાપકર્મ કે નિષિદ્ધકર્મ હોતાં નથી. છતાં ભોગ માનવીને બાંધે જ છે, તેથી ભોગકર્મોનો સમાવેશ કર્મયોગમાં ન કરી શકાય.

વળી કામ્યકર્મ પણ વ્યક્તિને બાંધે છે અને તેથી મુક્તિ કે આધ્યાત્મિક વિકાસનું સાધન આવાં કામ્યકર્મો બની શકે નહિ. તેથી કામ્યકર્મોને પણ કર્મયોગ ગણી શકાય નહિ. સત્કર્મો પણ જો કામ્યકર્મો હોય તો તેમાંથી કામનાનો અંશ જાય પછી તે સાધનકર્મ બની શકે છે. ક્રમ બાંધતું નથી, કામના બાંધે છે, તેથી કામનાથી દૂષિત થયેલું કર્મ બહિરંગ દૃષ્ટિએ ગમે તેટલું મહાન સત્કર્મ હોય તો પણ તે વ્યક્તિના આધ્યાત્મિક ઉત્કર્ષનું સાધન બની શકે નહિ.

**૪. કર્મ દ્વારા ચિત્તશુદ્ધિ કર્મ**

કર્મને ચિત્તશુદ્ધિનું સાધન ગણવામાં આવે છે. કર્મ દ્વારા ચિત્તશુદ્ધિ કેવી રીતે થાય છે તે આપણે આધુનિક મનોવિજ્ઞાનની પરિભાષામાં સમજવા પ્રયત્ન કરીએ.

(૧) કર્મ દ્વારા વ્યક્તિ લઘુતાગ્રંથિમાંથી મુક્ત થાય છે. નાના સરળ કાર્યોમાંથી મોટાં કઠિન કાર્યો તરફ જવાય છે. અને વ્યક્તિ પુરુષાર્થ દ્વારા કર્મના ક્ષેત્રમાં જેમ જેમ વિકસતી જાય છે તેમ તેમ તેનો આત્મવિશ્વાસ વધતો જાય છે. પરિણામે લઘુતાગ્રંથિની પકડ તેના ચિત્ત પરથી ખસવા લાગે છે. (૨) કર્મ દ્વારા વ્યક્તિ પાપગ્રંથિમાંથી પણ મુક્ત થઈ શકે તેવી સંભાવના છે. પાપગ્રંથિ એટલે પોતે પાપી છે, ગુનેગાર છે તેવો ભાવ. કર્મ દ્વારા વ્યક્તિના ચિત્તમાં કંઈક સારું કર્યાનો સંતોષ, કંઈક બીજાને ઉપયોગી થયાનો સંતાષ ઉત્પન્ન થાય છે. પરિણામે વ્યકિતના ચિત્ત પરની પાપગ્રંથિની પકડ ઢીલી પડવા લાગે છે. સેવાકર્મો કે સત્કર્મો-પુણ્યકર્મોમાં પાપગ્રંથિમાંથી છોડાવાની ક્ષમતા વધુ છે. કારણ પુણ્યકર્મોના અભ્યાસથી વ્યક્તિને પોતે સારું કર્યાનો સંતોષ વધુ વધુ મળે છે જે પાપગ્રંથિના બોજને હળવો કરે છે.

(૩) કર્મ વ્યક્તિને વૈફલ્યમાંથી મુક્ત થવામાં મદદ કરે છે. વૈફલ્ય એટલે હતાશાની સ્થિતિ. કર્મ દ્વારા વ્યક્તિમાં આત્મવિશ્વાસ, આશા, સફળતાનો સંતોષ, નવું સાહસ કરવાની વૃત્તિ આદિ પ્રગટે છે જે વ્યક્તિને વૈફલ્યમાંથી મુક્ત થવામાં મદદ કરે છે.

(૪) કર્મ વ્યક્તિને સાર્થકતાનો અનુભવ આપે છે. પોતે ઉપયોગી છે, બોજારૂપ કે નિરર્થક નથી, એવો સંતોષ વ્યક્તિને કર્મ દ્વારા મળે છે. કર્મ દ્વારા વ્યક્તિના જીવનને કંઈક અર્થ, કંઈક ગતિ, કંઈક દિશા મળે છે. આ સાર્થકતાનો અનુભવ વ્યક્તિના મનોસ્વાસ્થ્ય માટે બહુ મૂલ્યવાન છે.

(૫) કર્મ વ્યક્તિને સ્વાશ્રયી બનાવે છે. જે કંઈ કરતો નથી તેને પોતાના જીવનવહન માટે પરાશ્રયી રહેવું પડે છે. વ્યક્તિના મનોસ્વાસ્થ્ય માટે, મનની પ્રસન્નતા અને સ્વતંત્રતા માટે સ્વાશ્રયી હોવું એ બહુ મૂલ્યવાન પરિબળ છે.

(૬) કર્મ પોતાની જાતને જોવાના અરીસાનું કામ આપી શકે છે. પલંગમાં સૂતા સૂતા વ્યક્તિને પોતાના ચિત્તમાં શું ભરેલું છે તેની જાણકારી ન મળે તેવો સંભવ છે, પરંતુ વ્યક્તિ જ્યારે કર્મના ક્ષેત્રમાં ઊતરે ત્યારે ચિત્તની પ્રક્રિયાઓને જાણવાની-સમજવાની તક મળે છે. જાગૃત વ્યક્તિ કર્મને પોતાની જાતને જોવાના અરીસા તરીકે લઈ શકે અને એ રીતે કર્મ ચિત્તશુદ્ધિનું સાધન બની શકે છે. પોતાના ચિત્તને જાણવું એ ચિત્તશુદ્ધિ માટે ઘણું મૂલ્યવાન પરિબળ છે.

(૭) કર્મ દ્વારા વ્યક્તિની અનેકવિધ ક્ષમતાઓ વિકસે છે. અને જે વ્યક્તિના વિકાસની પ્રક્રિયા ચાલુ છે તેવું મનોસ્વાસ્થ્ય જળવાઈ રહે છે. જે વ્યક્તિના જીવનવિકાસની પ્રક્રિયા બંધ પડી જાય તેનું જીવન બંધિયાર બની જાય છે અને બંધિયાર જીવન ગંધિયાર બને છે. એવો સિદ્ધાંત છે કે જેનો ઉપયોગ થાય તે શક્તિનો વિકાસ થાય અને જેનો ઉપયોગ ન થાય તે શક્તિ અદૃશ્ય થાય છે. કર્મ જીવનવિકાસની ગતિને સહાય કરે છે અને એ રીતે ચિત્તશુદ્ધિની પ્રક્રિયામાં સહાયક બને છે. દરેક વ્યક્તિમાં શક્તિનો ઝરો છે. કર્મના અભાવમાં આ ઝરો બંધિયાર બની જાય તેવું જોખમ છે. કર્મ આ ઝરાને વહેતો રાખે છે. મન અને શરીરના સ્વાસ્થ્ય માટે આ ઝરાનું વહેવું બહુ ઉપયોગી છે. કર્મ દ્વારા વ્યક્તિની શકિતના પ્રવાહો મુક્ત થાય છે. તેથી કર્મ દ્વારા શક્તિના પ્રવાહોની રચના, પદ્ધતિ અને ગતિ તંદુરસ્ત રહે છે અને બને છે.

(૮) કર્મ દ્વારા અકર્મણ્યતા, પ્રમાદ, જડતા, દીર્ઘસૂત્રીપણું આદિ તમોગુણની અવસ્થાઓનું ભેદન કરી શકાય છે. તમો ગુણ અધ્યાત્મપથમાં બાધારૂપ છે. કર્મ દ્વારા તમોગુણનું ભેદન થતાં વ્યક્તિની અધ્યાત્મયાત્રા સુકર બને છે.

**૫. કર્મ દ્વારા આધ્યાત્મિક વિકાસ**

(૧) કર્મ સમર્પણનું માધ્યમ બની શકે છે. અધ્યાત્મપથ પર ભગવત્ સમર્પણનું મૂલ્ય આંકીએ તેટલું ઓછું છે, પણ સમર્પણનું પણ કોઈક માધ્યમ હોઈ શકે છે. કર્મ સમર્પણનું માધ્યમ બનીને સાધનાનું સ્વરૂપ ધારણ કરે એવી તેમાં ક્ષમતા છે.

(૨) પ્રકૃતિગત રીતે વ્યક્તિ સ્વકેન્દ્રી હોય છે. સ્વકેન્દ્રીપણું એ બહારથી અંદર લેવાનું મનોવલણ છે. સ્વકેન્દ્રીપણામાં આપવાની નહિ લેવાની મનોવૃત્તિ હોય છે. કર્મ એ અંદરથી બહાર જવાની ઘટના છે. તેથી કર્મયોગના અનુષ્ઠાનથી સ્વકેન્દ્રીપણું તૂટે છે. આ રીતે કર્મ વ્યક્તિને સ્વકેન્દ્રીપણામાંથી મુક્ત થવા માટે સહાય કરે છે.

(૩) કર્મના માધ્યમથી વ્યક્તિ ચેતનાનાં ઉચ્ચત્તર સ્તરો સાથે અનુસંધાન કરી શકે છે. કર્મનો ધક્કો ચેતનાના ઉચ્ચત્તર સ્તરોમાંથી આવે છે, તેથી કર્મનું જોડાણ ચેતનાના ઉચ્ચતર સ્તરો કે સત્ત્વો સાથ હોય છે. જાગૃત સાધક ઉપયુક્ત અભિગમ રાખે તો કર્મના માધ્યમથી ચેતનાના ઉચ્ચત્તર સ્તરોના સંપર્કમાં આવી શકે છે.

(૪) કર્મના માધ્યમથી વ્યક્તિ દ્વારા ઉચ્ચતર ચેતનાનાં પરિબળોની અભિવ્યક્તિ થાય એવી સંભાવના છે. દૃશ્યમાન જગત

અસ્તિત્વની ઈતિશ્રી નથી. દૃશ્યમાન જગત કરતાં અદૃશ્ય જગત ઘણું મોટું છે. આ અદૃશ્ય જગતમાંનું ઘણું આ દૃશ્યમાન જગતમાં અભિવ્યક્ત થવા આતુર હોય છે. કર્મ આ અભિવ્યક્તિનું સાધન બની શકે છે. એટલું જ નહિ પણ વ્યક્તિની પોતાની ચેતનાની અભિવ્યક્તિ માટે પણ કર્મ માધ્યમ બની શકે તેવી કર્મમાં ક્ષમતા છે. અભિવ્યક્તિ એ જીવનની ઉચ્ચત્તર પ્રેરણા છે. આ પ્રેરણાની પરિતૃપ્તિ જીવનવિકાસમાં સહાયક છે અને કર્મ તેનું માધ્યમ છે.

**૬. સાધનકર્મની આધ્યાત્મિક વિશિષ્ટતા**

જો ઉપયુક્ત મનોવલણપૂર્વક કરવામાં આવે તો બધાં કર્મો ચિત્તશુદ્ધિ અને આધ્યાત્મિક વિકાસમાં સહાયક બની શકે છે, પરંતુ આ બંને હેતુની સિદ્ધિ માટે સાધનકર્મોનું વિશિષ્ટ પ્રદાન છે. સાધનકર્મોનું વિશિષ્ટ આધ્યાત્મિક સ્વરૂપ છે. તેમનું પ્રયોજન જ ચિત્તશુદ્ધિ અને આધ્યાત્મિક વિકાસ છે. તેથી સાધનકર્મોની વિશિષ્ટ મહત્તાનો સ્વીકાર કરવો જોઈએ. એટલું જ નહિ, સાધનકર્મોના અનુષ્ઠાનથી અન્ય કર્મોનું અનુષ્ઠાન સાધનભાવે કરવાની કળા હાથ લાગે છે અને તેમ કરવાની સાધકની યોગ્યતા સાધનકર્મોના અનુષ્ઠાનથી કેળવાય છે. દૃષ્ટાંતઃ વિષ્ણુસહસ્રનામનો પાઠ, દરદીની સેવા અને ખેડૂતનું ખેતીકાર્ય–આ ત્રણ કર્મો છે. પ્રથમ કર્મ સાક્ષાત્ સાધનકર્મ છે. બીજું કર્મ સેવાકર્મ છે. ત્રીજું કર્મ સ્વધર્મરૂપકર્મ છે. દ્વિતીય અને તૃતીય કર્મ નિષ્કામભાવે અને ભગવત્પ્રીત્યર્થ કરી શકાય તેવી શક્યતા છે અને તેમ થાય તો તેઓ બંને સાધનકર્મો બની જાય તેવી સંભાવના છે, પરંતુ કર્મ તો સાક્ષાત્ સાધનકર્મ છે. સ્વરૂપતઃ જ સાધનકર્મ છે. તેથી આધ્યાત્મિક દૃષ્ટિથી તેનું વિશિષ્ટ પ્રદાન અને મહત્ત્વ છે. એટલું જ નહિ પણ દ્વિતીય અને તૃતીય કર્મ આધ્યાત્મિક સ્વરૂપ ધારણ કરે તે માટે પ્રથમ કર્મ સહાયક બની શકે છે. એટલે સાધકે સાક્ષાત્ સાધનકર્મો ના અનુ ષ્ઠાનની કદી ઉપે ક્ષા કરવી નહિ. સાક્ષાત્ સાધનકર્મો એ આધ્યાત્મિક જીવનનો આધાર છે અને એ જ સાધનકર્મની આધ્યાત્મિક વિશિષ્ટતા છે.

**અધ્યાત્મપથનાં ત્રણ સોપાન છે, ત્રણ તબક્કા છે.**

| | | |
|---|---|---|
| ૧. કર્મકાંડ | -બહિરંગ સાધના | યજ્ઞ, પૂજા, પાઠ, જપ, પ્રાણાયામ વગેરે |
| ૨. ઉપાસનાકાંડ | -અંતરંગ સાધના | ચિંતન, માનસજપ, ધ્યાન વગેરે |
| ૩. જ્ઞાનકાંડ | -સાક્ષાત્કારની અવસ્થા. | |

એ સમજવું આવશ્યક છે કે આ સોપાન શ્રેણી વિશેષતઃ સાધનકર્મોને ખ્યાલમાં રાખીને બતાવવામાં આવે છે. તેથી સેવાકર્મ કે સ્વધર્મકર્મ સાથે સાધનકર્મનું અનુષ્ઠાન અવશ્ય કરવું જોઈએ. માત્ર કર્મો કરવાથી કર્મયોગ બની જાય છે એવું નથી. કર્મ અને કર્મયોગ બંને એક નથી. ગમે તેવા મહાન સત્કર્મો પણ સાધનકર્મ ન બને તેમ બની શકે છે. સેવા કે સ્વધર્મને નામે સાધકે સાધનામાંથી કદી વિમુખ ન થવું. અન્યથા કર્મનો વેગ માયાનો વેગ બની શકે છે. ગહના કર્મણો ગતિઃ ।

**૭. નિષ્કામ કર્મ :**

સામાન્યતઃ એમ મનાય છે કે કર્મનો જન્મ કામનામાંથી થાય છે એટલે કે નિષ્કામ કર્મ શક્ય નથી. આ વિધાન પ્રાકૃત દૃષ્ટિથી થયેલું વિધાન છે. આધ્યાત્મિક દૃષ્ટિથી વિચારીએ તો દર્શન જુદું છે. એ વાત સાચી છે કે કર્મ અકારણ હોતું નથી. પણ એ કારણ કામનામય જ હોય એવું નથી. કારણ અને કામના પર્યાયવાચક નથી. તેથી નિષ્કામ કર્મ પણ શક્ય છે. અંગત એષણા કે ઇચ્છા વિના કર્મ શક્ય બની શકે છે. જો નિષ્કામ કર્મ શક્ય જ ન હોય તો કર્મબંધનમાંથી મુક્તિ શક્ય જ ન બને કેમ કે કામના બાંધે છે, કર્મ નહિ. જે કોઈ કર્મ કામનાથી થાય છે તે કર્મ તેની સાથે રહેલી કામનાને લીધે બંધનનું કારણ બને છે. કર્મ વિના જીવન શક્ય નથી અને કામના વિના કર્મ શક્ય જ નથી, કેમ કે કામના-કર્મ-કર્મફળ-બંધન-કામના-આ સાંકળ તો અખંડ ચાલુ જ રહે. પરંતુ આ સાંકળને ભેદવાનો ઉપાય પણ છે. કેમ કે સદ્‌ભાગ્યે કામના વિના કર્મ શક્ય છે અને જેમ કામ્યકર્મો બંધનનું કારણ બને છે તેમ નિષ્કામ કર્મો મુક્તિનું કારણ બને છે. કેમ કે કામના નીકળી જતાં કર્મ ભિન્ન સ્વરૂપ ધારણ કરે છે. નિષ્કામતાને લીધે કર્મમાં નવું પરિમાણ ઉમેરાય છે.

હવે પ્રશ્ન એ છે કે કામના વિના કર્મ શક્ય બને કેવી રીતે? કર્મનું યથાર્થ સ્વરૂપ જોઈએ તો કર્મનો કર્તા અને કર્મનો માલિક ભગવાન છે. વ્યક્તિ પોતાને કર્તા માને છે તે અજ્ઞાનજન્ય અહંકારયુક્ત દૃષ્ટિને લીધે. બધાં કર્મો પરમાત્મામાંથી નીકળે છે. વ્યક્તિ નિમિત્ત બને છે. તેથી વ્યક્તિ નાહં કર્તા હરિઃ કર્તા। આ સત્યનું દર્શન કરે તો કર્મ સાથે કામના જોડ્યા વિના કર્મ શક્ય બને છે. કામના વિનાનું કર્મ જ યથાર્થ કર્મ છે. કર્મ સત્ય છે, મહાચૈતન્યની લીલાનો ભાગ છે. કામના અજ્ઞાનને કારણે ઊભું થયેલું ભ્રામક જોડાણ છે. એ જોડાણ છૂટી જતાં કર્મ એના યથાર્થ સ્વરૂપે પ્રગટ થાય છે, જે વ્યક્તિને ભગવાન તરફ દોરી જાય છે.

**૮. કામનાનાં ભિન્ન ભિન્ન સ્વરૂપો :**

**(૧) બહિરંગ ફળની કામના:** ખેડૂત ખેતી કરે અને પાકની સ્પૃહા રાખે તો તે કર્મ બહિરંગ–સ્થૂળ–પ્રથમદર્શી ફળની સ્પૃહા છે. સામાન્યતઃ કર્મ તેના આ દેખીતા સ્થૂળ પરિણામ માટે કરવામાં આવતું હોય છે અને તેના સ્થૂળ ફળને પામવાની સ્પૃહાને વાજબી–વ્યાવહારિક રીતે વાજબી ગણવામાં આવે છે. તેવી કામના પણ કામના તો છે જ.

**(૨) સફળતાની કામના :** કર્મના બહિરંગ કે સ્થૂળ ફળની કામના ન હોય તો પણ સફળાતની કામના પણ હોઈ શકે છે. સફળતાની કામના એ માનસિક ફળની કામના છે, સૂક્ષ્મફળની કામના છે. દૃષ્ટાંતતઃ એક ખેલાડીને ખેલમાં વિજય મેળવીને ધનની સ્પૃહા ન હોય તેમ બની શકે છે, પણ સફળ થવાની સ્પૃહા હોઈ શકે છે. સફળતા અહંની તૃપ્તિ માટે હોઈ શકે છે.

**(૩) કોઈને ખુશ કરવાની કામના :** વ્યક્તિને કર્મ દ્વારા ભૌતિક રીતે કશું મેળવવું ન હોય છતાં કોઈ અન્ય વ્યક્તિને ખુશ કરવા, તેની કૃપાદૃષ્ટિ મેળવવાની કામના, તેના કર્મ પાછળ હોય તેમ બની શકે છે. એક પ્રધાનની કૃપાદૃષ્ટિ મેળવવા માટે કોઈ વ્યક્તિ કર્મ કરે ત્યાં આ પ્રકારની–અન્યને ખુશ કરવાની કામના હોઈ શકે છે.

**(૪) પદ કે પ્રતિષ્ઠાની પ્રાપ્તિની કામના :** ઘણી વાર એવું

જોવામાં આવે છે કે વ્યક્તિમાં કર્મના બહિરંગ ફળની કામના ન હોય પણ કોઈ પદ કે પ્રતિષ્ઠા માટે કર્મ થતું હોય છે. આવા કર્મ પણ નિષ્કામ કર્મ ન ગણાય. કેમ કે પદ-પ્રતિષ્ઠાની કામના પણ કામના તો છે જ.

**(૫) આંતરિક અભાવપૂર્તિની કામના :** વ્યક્તિ પોતાના આંતરિક અભાવની પૂર્તિ માટે કર્મ કરે તેવું પણ બની શકે છે. કર્મના બાહ્ય ફળની ભલે સ્પૃહા ન હોય પણ આંતરિક અભાવની પૂર્તિની કામના પણ કામના તો છે જ. તેથી આવા કર્મ પણ નિષ્કામ કર્મ ન ગણાય.

**(૬) પુણ્યપ્રાપ્તિની કામના :** પુણ્યપ્રાપ્તિ, સ્વર્ગપ્રાપ્તિ કે એવા પારલૌકિક લાભ મેળવવાની ઇચ્છાથી કર્મ થતાં હોય તેમ પણ બને છે. આવા કર્મો પણ નિષ્કામ કર્મો નથી, કેમ કે તેમાં પણ કામના તો છે જ.

**(૭) સલામતીની કામના :** ભયને લીધે પોતાના જીવનની સલામતી માટે પણ વ્યક્તિ કર્મો કરે તેમ પણ બની શકે છે. સલામતીની કામના પણ એક કામના જ છે. તેથી આવાં કર્મો પણ સકામકર્મોની કક્ષામાં જ આવશે.

**(૮)** આધિપત્ય જમાવવાની વૃત્તિમાંથી પણ કર્મો આવતાં હોય એમ બની શકે છે. કર્મ દ્વારા સત્તા કે આધિપત્ય જમાવી દેવાની ગણતરીથી કર્મો થાય તો તે કર્મો પણ કામનાજન્ય કર્મો જ ગણાય.

**(૯)** કેટલીક વાર પરિસ્થિતિની વિંટબણાને કારણે કર્મોમાંથી પાછા હઠી શકાય તેમ જ ન હોય એટલે વ્યક્તિ નછૂટકે, લાચારીપૂર્વક કર્મો કરે તેમ બની શકે છે. આવા કર્મો પણ સકામ કર્મો ગણાય કેમ કે નછૂટકે લાચારીપૂર્વક કરેલા કર્મ પાછળ પણ કોઈક કામના જ કામ કરી રહી હોય છે. આવાં કર્મો નિષ્કામ કર્મો ગણાય નહિ.

**(૧૦)** કેટલીક વાર એવું જોવામાં આવે છે કે વ્યક્તિ કર્મ દ્વારા કશું મેળવવા ઈચ્છતી ન હોય પણ કર્મની જ આસક્તિ હોય. કર્મફળની આસક્તિ ન હોય પણ કર્મની આસક્તિ હોઈ શકે. કર્મફલાસક્તિ અને કર્માસક્તિ બંનેમાં કામના તો છે જ. તેથી કર્માશક્તિને પણ કામનામાં જ ગણવી જોઈએ.

આ સિવાય અન્ય પણ સ્થૂળ-સૂક્ષ્મ કામનાઓ હોઈ શકે છે જે જાણ્યેઅજાણ્યે કર્મ પાછળ કામ કરતી હોય છે. નિષ્કામ કર્મ સહેલી વાત નથી અને કામનાઓનાં પ્રગટ કે છદ્મ સ્વરૂપ હોઈ શકે છે.

**૯. કર્મ અને કર્મયોગ**

કોઈ પણ કર્મ કર્મયોગ ક્યારે બને ?

(૧) કર્મમાંથી કર્મયોગ નિષ્પન્ન થવા માટે પહેલી આવશ્યકતા એ છે કે કર્મો આસક્તિયુક્ત ન હોવાં જોઈએ. આસક્તિથી કરેલું કર્મ બાંધે છે અને તેવું કર્મ મુક્તિમાં સહાયક બની શકે નહિ, તેથી કર્મયોગ નિષ્પન્ન થવા માટે કામનામાંથી મુક્ત થવું જોઈએ.

(૨) કર્મ ભગવત્પ્રીત્યર્થ થાય, ભગવત્સમર્પણભાવથી થાય તો જ કર્મો કર્મયોગ બની શકે છે. કર્મો ઓછાં થાય તેનો વાંધો નહિ. જેટલાં કર્મો થાય તેટલાં કરવાં પણ ભગવાનને સમર્પિત થઈને કર્મ કરવામાં આવે ત્યારે તેવાં કર્મોને કર્મયોગ સંજ્ઞા મળી શકે છે.

(૩) કર્મયોગ નિષ્પન્ન થવા માટે ત્રીજી આવશ્યકતા છે–કર્મ દરમિયાન ચૈતસિક અનુસંધાન જળવાઈ રહેવું જોઈએ. આ ચૈતસિક અનુસંધાનને લીધે કર્મ નવું જ પરિમાણ ધારણ કરે છે.

(૪) કર્મોયોગનો પથિક-સાધક જાગરૂક હોય એ આવશ્યક છે. આ સતત વહેતું જાગૃતિનું ઝરણું સાધકની રક્ષા કરે છે. બેભાન અવસ્થામાંથી પાપ નીકળે છે અને અવધાનયુક્ત જીવનપદ્ધતિમાંથી અધ્યાત્મ સંપ્રસાદ ઉત્પન્ન થાયછે.

(૫) કર્મોમાંથી કર્મયોગ નિષ્પન્ન થાય એ માટે એ બહુ આવશ્યક છે કે સાધક જપ, ધ્યાન, પૂજા આદિ સાધનોનું અનુષ્ઠાન પણ કરે. કેમ કે આવાં સાધનો દ્વારા સાધકના ચિત્તને સાધનપ્રવણ ભૂમિકા ઊભી થવામાં સહાયતા મળે છે. આવા સાધનકર્મોનું અનુષ્ઠાન કર્મોનું કર્મયોગમાં રૂપાંતર કરવામાં ઘણું ઉપયોગી છે.

**૧૦. કર્મ માર્ગ ની મર્યાદા**

(૧) કર્મ સ્વયંપર્યાપ્ત સાધન નથી. કર્મને જ્ઞાન અને ભક્તિના પુટ આપવા જોઈએ. જ્ઞાન અને ભક્તિની ઉપેક્ષા કરીને માત્ર કર્મયોગમાં જ રમમાણ રહીએ તો કર્મ માર્ગની અનેક મર્યાદાઓ ઊભી થાય છે.

(૨) કર્મ ઘણું મૂલ્યવાન સાધન છે. છતાં કર્મ એ જીવનની ઈતિશ્રી નથી. સત્કર્મો કે સાધનકર્મો પણ જીવનની ઇતિશ્રી નથી. ભગવત્પ્રાપ્તિ એ પરમ ધર્મ છે અને એની તુલનાએ અન્ય ધર્મો ગૌણ ધર્મો છે. કર્મ ચિત્તશુદ્ધિમાં સહાયક છે, કર્મ આધ્યાત્મિક વિકાસમાં પણ સહાયક છે, કર્મજીવનની અભિવ્યક્તિ છે, છતાં કર્મ જીવનની પરમકૃતાર્થતા નથી. કર્મ જીવનનો અંતિમ ઉદ્દેશ નથી. જીવન માત્ર કર્મો કરવા માટે જ નથી.

(૩) બધા માણસોનો જીવનમાર્ગ કર્મપરાયણ જ હોય એવું નિશ્ચિત નથી. પ્રકૃતિ ભેદે કર્મનું પ્રમાણ અને સ્વરૂપ ભિન્નભિન્ન રહેવાના જ. ગાંધીજી કર્મપરાયણ જીવન જીવ્યા. રમણ મહર્ષિના જીવનમાં આવી કર્મપરાયણતા જોવા મળતી નથી, તેથી રમણ મહર્ષિની જીવનપદ્ધતિ ગલત ગણી શકાય નહિ.

(૪) સાધનાના કોઈ તબક્કે કર્મોનો ત્યાગ કરવાનું આવશ્યક બને તો સાધકે તેમ કરતાં અચકાવું ન જોઈએ. જેમ કર્મ કરવાની શક્તિ જરૂરી છે તેમ કર્મત્યાગની શક્તિ પણ જરૂરી છે. કર્મ-ફલાસક્તિનો ત્યાગ આવશ્યક છે તેમ કર્માસક્તિનો ત્યાગ પણ આવશ્યક છે.

(૫) કર્મમાત્રની એક મર્યાદા એ છે કે વ્યક્તિ કર્મની જાળમાં ફસાતી જાય છે અને કર્મયોગ બનતો નથી. માત્ર કર્મોની જંજાળને જ કર્મયોગ જાહેર કરી દેવાની વૃત્તિ સર્વત્ર જોવા મળે છે અને કર્મ જંજાળીઓને કર્મયોગીનું પ્રમાણપત્ર આપવામાં આવે છે. કર્મો કરવાં અને કર્મયોગનું અનુષ્ઠાન કરવું તે બંને એક નથી. માનવસહજ નબળાઈને લીધે તે કર્મમાં જ રમમાણ રહે છે અને યથાર્થ કર્મયોગ બાજુએ રહી જાય છે.

જ્યારે આં તરચેતનામાં પ્રભુનો સ્પર્શ મળે ત્યારે જ વ્યક્તિના જીવનમાં કર્મ યો ગની ઘટના ઘટી શકે છે.

★

# કર્મયોગનું અર્થઘટન– શ્રીમદ્ ભગવદ્ ગીતાના સંદર્ભે

☐ ડૉ. નિરંજન એમ. પંડ્યા

*[અર્થશાસ્ત્રમાં Pd. D.ની પદવી પ્રાપ્ત કરી. ૨૦૦૧માં મ. સ. યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિષયના પ્રોફેસર અને અધ્યક્ષ તરીકે નિવૃત્તિ. અત્યારે ગ્રાહકોના પ્રશ્નો અંગે કામ કરતી સંસ્થામાં કાર્યરત છે. એક સહકારી બેન્કમાં ચેરમેન છે.]*

ભારતે, વિશ્વને આપેલો તત્ત્વચિંતનનો શ્રેષ્ઠ ગ્રંથ છે 'શ્રીમદ્ ભગવદ્ ગીતા'. ગાંધીજીએ કહ્યું છે કે દુનિયાનાં બધાં પુસ્તકોમાંથી મને કોઈ એક શ્રેષ્ઠ પુસ્તક પસંદ કરવાનું કહે તો હું નિઃસંકોચપણે શ્રીમદ્ ભગવદ્ ગીતાને પસંદ કરું. આપણા દેશમાં સેંકડો વર્ષોથી પોતાના અસ્તિત્વનાં મૂળિયાં શોધવાની અને માનવજીવનનો ઉદ્દેશ તેમ જ સાર્થકતા જાણવા– સમજવાની મથામણ ઋષિમુનિઓ દ્વારા થતી રહી છે. એ મૂળભૂત બ્રહ્મજિજ્ઞાસામાંથી જે સમૃદ્ધ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થયું તેનો સાર એટલે મહર્ષિ વ્યાસ દ્વારા રચાયે લા મહાભારતમાં સમયને સ્થગિત કરી દઈને ભગવાન શ્રીકૃષ્ણના સ્વમુખે અર્જુનને ઉપદેશરૂપે કુરુક્ષેત્રની યુદ્ધભૂમિ પર આપવામાં આવેલું ગીતાજ્ઞાન.

મહાભારતના મહાસંહાકર યુદ્ધના આરંભની ક્ષણોમાં, સામે પક્ષે ભીષ્મ પિતામહ, ગુરુ દ્રોણ તેમ જ કૃપાચાર્ય જેવા સ્વજનો અને વડીલોની સાથે યુદ્ધ માટે પ્રતિબદ્ધ બંને પક્ષના લાખો સૈનિકોને જોઈને અર્જુન ઊંડો વિષાદ અનુભવે છે. યુદ્ધને અંતે થનારા વિનાશ અને તેને આનુષંગિક ઉદ્ભવતાં સામાજિક દુષણોના વિચારથી તે અત્યંત ખિન્ન બને છે. તે શ્રીકૃષ્ણને કહે છે – 'કુળનો નાશ થતાં સનાતન કુળધર્મો નષ્ટ થઈ જાય છે અને ધર્મ નાશ પામતાં સમસ્ત કુળમાં પાપ ફેલાઈ જાય છે. (અધ્યાય ૧, શ્લોક ૪૦). હે કૃષ્ણ! પાપ ઘણું વધી જતાં કુળની સ્ત્રીઓ અત્યંત દૂષિત થઈ જાય છે અને હે વાર્ષ્ણેય! જ્યારે સ્ત્રીઓ દૂષિત થાય છે ત્યારે વર્ણસંકર પ્રજા જન્મે છે. (અધ્યાય ૧, શ્લોક ૪૧). અર્જુન આવું દુઃખદ પરિણામ ઈચ્છતો નથી. આમ અર્જુન વિષાદ યોગથી ગીતાનો આરંભ થાય છે. વડીલો, ગુરુજનો તેમ જ લાખો સૈનિકોના સંહારને અંતે પ્રાપ્ત થનારા વિજય અને હસ્તિનાપુરના સિંહાસનનું અર્જુનને કોઈ આકર્ષણ નથી. શસ્ત્રો હેઠાં મૂકી યુદ્ધ નહીં કરવાના નિર્ણય સાથે હતાશ થઈને રથમાં બેસી જતો અર્જુન, પોતાના સારથિપદે સ્થિત શ્રીકૃષ્ણને પ્રશ્નો અને પરિપ્રશ્નો કરતો રહે છે. એના પ્રત્યુત્તરમાં માનવ જીવનને ઊર્ધ્વગામી કે નિમ્નગામી બનાવતાં સર્વ પરિબળોને સમાવી લેતો શ્રીકૃષ્ણનો ઉપદેશાત્મક સંવાદ છે શ્રીમદ્ ભગવદ્ ગીતા.

ન કાઙ્ક્ષે વિજયં કૃષ્ણ ન ચ રાજ્યં સુખાનિ ચ।
કિં નો રાજ્યેન ગોવિન્દ કિં ભોગૈર્જીવિતેન વા।।

નથી હું ઈચ્છતો જીત, નહીં રાજ્ય, નહીં સુખો;
રાજ કે ભોગ કે જીવ્યું, અમારે કામનું શું?

અધ્યાય ૧, શ્લોક ૩૨

આવી ઘેરી હતાશાની પરિસ્થિતિમાંથી અર્જુનને બહાર કાઢીને, સમજણપૂર્વક યુદ્ધ માટે તૈયાર કરવા શ્રીકૃષ્ણે કુલ અઢાર અધ્યાયના ૭૦૦ શ્લોકો દ્વારા, અર્જુનના નિમિત્ત દ્વારા સમસ્ત માનવજાતને જ્ઞાન આપ્યું છે. આ ઉપદેશથી અર્જુનના મનનું સમાધાન થાય છે, મોહ દૂર થાય છે અને સ્વધર્મનું જ્ઞાન થતાં અંતે 'કરિષ્યે વચનં તવ' કહી શસ્ત્ર ગ્રહણ કરે છે.

કોઈને પણ પ્રશ્ન થાય કે આવા ભયાનક સંહારક યુદ્ધના આરંભમાં ગૂઢ જ્ઞાનોપદેશ માટે આટલો બધો સમય શી રીતે ફાળવી શકાય? વ્યાસ મુનિએ કૃષ્ણ-અર્જુન સંવાદ દ્વારા આ તત્ત્વજ્ઞાનને પ્રત્યેક માનવ સુધી પહોંચાડવાનું ઉચ્ચ કોટિનું નિમિત્ત ઊભું કર્યું છે. બીજી રીતે જોઈએ તો દરેક વ્યક્તિ અને દરેક સમાજમાં ઈષ્ટ અને અનિષ્ટ, શુભ અને અશુભ તેમ જ મંગળ અને અમંગળ વચ્ચે સદાય તુમુલ યુદ્ધ ચાલતું જ હોય છે. પોતાના દ્વારા થતી ભૂલો અને તેનાથી આગળ વધીને સંપૂર્ણ ગણતરી તેમ જ સમજ સાથે થતાં પાપો સામે માનવનું આંતરિક મન વિરોધ કરે છે અને એ વિરોધને ધ્યાનમાં લઈને અધ્યાત્મ વિકાસના માર્ગે જેટલો આગળ વધે તે પ્રમાણે પોતાના જીવનમાં ઉપકારક ગણાય તેવું પરિવર્તન લાવે છે અને જીવનને ઉર્ધ્વગામી બનાવવા પ્રયત્નશીલ રહે છે. આનાથી વિપરીત, મોટા ભાગના માણસો આંતરમન દ્વારા થતા વિરોધને અવગણીને કે દબાવી દઈને, ખરાબ પ્રકારના અંગત સ્વાર્થ માટે થતાં કાર્યોમાં પ્રવૃત્ત રહે છે. દુનિયામાં આવા બે પ્રકારના માણસો વસે છે. ભગવદ્ગીતા એમને યોગી અને સામાન્યજન એમ બે વિભાગમાં વહેંચે છે.

યા નિશા સર્વભૂતાનાં તસ્યાં જાગર્તિ સંયમી।
યસ્યાં જાગ્રતિ ભૂતાનિ સા નિશા પશ્યનો મુનેઃ।।

નિશા જે સર્વ ભૂતોની, તેમાં જાગ્રત સંયમી,
જેમાં જાગે બધા ભૂતો, તે જ્ઞાની મુનિની નિશા.

(અધ્યાય - ૨, શ્લોક ૬૯)

ગીતાના રચનાર શ્રીકૃષ્ણને આ શ્લોકનો સૂક્ષ્મ અર્થ અભિપ્રેત છે. આ બંને પ્રકારના લોકોના માર્ગો ભિન્ન છે કારણકે જીવનના ધ્યેય અંગેની એમની સમજણ તદ્દન જુદી જુદી છે. જે મોક્ષમાર્ગનો યાત્રી છે તે ખૂબ સમજણપૂર્વક અને તેથી સંભાળપૂર્વક જીવન જીવે છે. પંચેન્દ્રિયો કહે તે પ્રમાણે કર્મો કરવાને બદલે, ઇન્દ્રિયોને વશમાં રાખીને, પરમાત્માની પરમકૃપાથી મળેલા આ માનવ જીવનને મોક્ષગામી બનાવવા માટે જરૂરી એવાં કર્મોમાં જ રચ્યાપચ્યા રહે છે. શ્રીમદ રાજચંદ્ર તો હીરાનો વેપાર કરતા હતા છતાં સરોવરમાં ખીલેલું કમળ જેમ જળથી અસ્પૃશ્ય રહે છે તે પ્રમાણે તેમણે સ્વધર્માચરણનાં કર્મોથી જરાપણ દૂષિત થયા વગર, અધ્યાત્મ ક્ષેત્રે એટલી પ્રગતિ કરી કે મહાત્મા ગાંધીજીને પણ હિંદુધર્મ અંગે કેટલાક મૂળભૂત પ્રશ્નો ઊભા થયા તેમનું શ્રીમદે સારી રીતે સમાધાન કરી આપ્યું. આથી વિરુદ્ધ, મોટા ભાગના લોકો પંચેન્દ્રિયોના વશમાં રહીને, અત્યંત સ્વાર્થમય જીવન જીવ્યા કરે છે. આ બધા લોકો ગીતાના શ્લોકમાં બતાવેલા સર્વભૂતાનામ અથવા ભૂતાનિમાં આવી જાય છે. આમ બંનેનું ધ્યેય જુદું એટલે માર્ગ જુદા અને ધ્યેય સિદ્ધિ માટેનાં સાધનોની ગુણવત્તા પણ તદ્દન ભિન્ન. યોગીનાં સાધનો અત્યંત સાત્વિક વૃત્તિથી, નિષ્કામ ભાવથી થયેલાં કર્મો છે. જ્યારે સર્વભૂતાનામ એટલે સામાન્યજનોનાં કર્મો, રજસ અને તમસ્ ગુણો દ્વારા આચરાયેલાં કર્મો છે જેનાથી આવા માનવોને જીવનની અંતિમ અવસ્થામાં વૈફલ્યની તીવ્ર લાગણી થાય છે. એમનાં જીવનકર્મોથી સમગ્ર માનવજાતને કે

એના નાના સમૂહને ફાયદો થવાનો તો પ્રશ્ન જ રહેતો નથી.

આપણા દેશમાં સર્વસામાન્ય માન્યતા એવી છે કે ઈશ્વરપ્રાપ્તિ માટે ત્રણ માર્ગો છે – ભક્તિમાર્ગ, કર્મમાર્ગ અને જ્ઞાનમાર્ગ. અનન્ય ભક્તિ અને સંપૂર્ણ શરણાગતિ દ્વારા ઈશ્વર પ્રાપ્તિનાં કેટલાંક જ્વલંત ઉદાહરણો આપણે જાણીએ છીએ. મીરાંબાઈ, નરસિંહ મહેતા, સુરદાસ, તુલસીદાસ અને અન્ય ભક્તોએ ઉત્કૃષ્ટ ભક્તિ દ્વારા ઈશ્વર પ્રાપ્તિ કરી. જ્ઞાનમાર્ગ દ્વારા ઈશ્વર પ્રાપ્તિનાં જ્વલંત ઉદાહરણોમાં અદ્વૈત તત્ત્વચિંતનના સમર્થ ઉદ્‌ગાતા શંકરાચાર્ય અને તે પછી મધ્યયુગમાં થયેલા તેજસ્વી તત્ત્વચિંતકો જેવા કે મધ્વાચાર્ય, રામાનુજાચાર્ય તેમજ વલ્લભાચાર્યને ગણી શકાય. આ બધા તત્ત્વચિંતકોમાં જ્ઞાન ઉપરાંત ભક્તિ અને સંપૂર્ણ શરણાગતિનું ઊર્ધ્વગામી તત્ત્વ તો ખરું જ. એથી પણ આગળ ઈ.સ. પૂર્વે છઠ્ઠી સદીમાં સ્થપાયેલા બૌધ્ધધર્મના પ્રવર્તક ગૌતમ બુદ્ધ અને જૈનધર્મના પ્રવર્તક મહાવીર સ્વામીના પ્રેરણાદાયી જીવનમાં ભક્તિ, કર્મ અને જ્ઞાનનો સુભગ સમન્વય આપણે જોઈ શકીએ છીએ. ગાંધીજીની ગણના વિશ્વભરમાં મહાન કર્મયોગી તરીકે થાય છે, પરંતુ સાથે સાથે ઈશ્વરની એટલી જ અવિચળ ભક્તિ એમનામાં હતી. શ્રી રમણ મહર્ષિ અને શ્રી અરવિંદો ગાંધીજીની જેમ કર્મયોગના યાત્રી નહીં, પરંતુ જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગના અનન્ય પ્રવાસીઓ હતા. (શ્રી રમણ મહર્ષિનું સમગ્ર વેદાંતનું ચિંતન માત્ર ત્રીસ શ્લોકોમાં સમાવી લેતું નાનું પુસ્તક ઉપદેશસાર જોવા જેવું છે.)

ગીતામાં કર્મયોગ અત્યંત મહત્ત્વનું સ્થાન એટલા માટે ધરાવે છે કે અર્જુન યુદ્ધ ન કરવાની વાત કરીને, એનું સહજ કર્મ કરવાની ના પાડે છે. શ્રી કૃષ્ણને સહજ કર્મમાંથી પાછા હટી જવાની આ વાતમાં ક્ષત્રિયને ન શોભતી કાયરતા જણાય છે. આ ઉપરાંત, પોતાના સ્વજનો તરફની આસક્તિમાંથી જન્મેલો મોહ આ માટે કારણભૂત છે. અર્જુનનું આ મોહનિરસન થાય તે માટે શ્રીકૃષ્ણ ભગવદ્‌ગીતા આપે છે.

ઇતિ તે જ્ઞાનમાખ્યાતં ગુહ્યાદ્‌ગુહ્યતરં મયા।
વિમૃ શ્યૈ તદશે ષે ણ યથે ચ્છસિ તથા કુ રુ।।

આમ આ ગોપનીયથી ય અતિ ગોપનીય જ્ઞાન મેં તને કહી દીધું; હવે આ રહસ્યયુક્ત જ્ઞાન વિષે પૂરું મનન કર અને પછી તું જેમ ઈચ્છે એમ જ કર.

(અધ્યાય ૧૮, શ્લોક ૬૩)

આ પછીના એમના ઉપદેશના છેલ્લા શ્લોકમાં શ્રીકૃષ્ણ પૂછે છે–હે પાર્થ! શું આ ગીતાશાસ્ત્રને તેં એકાગ્રચિત્તે સાંભળ્યું ? અને હે ધનંજય! શું તારો અજ્ઞાનમાંથી ઉપજેલો મોહ નાશ પામ્યો ?

(અધ્યાય ૧૮, શ્લોક ૭૨)

અર્જુનને પોતાની દલીલોમાં રહેલી વિસંગતતાની પ્રતીતિ થઈ એટલે શ્રીકૃષ્ણને કહે છે-

નષ્ટો મોહઃ સ્મૃતિર્લબ્ધા ત્વત્પ્રસાદાન્મયાચ્યુ ત।
સ્થિતોડસ્મિ ગીતસન્દે હઃકરિષ્યે વચનં તવ।।

હે અચ્યુત! આપની કૃપાથી મારો મોહ નષ્ટ થઈ ગયો અને મેં સ્મૃતિ મેળવી લીધી છે. હવે હું સંશયરહિત થઈને સ્થિત છું, માટે આપની આજ્ઞાનું પાલન કરીશ.

(અધ્યાય ૧૮, શ્લોક ૭૩)

આપણે સામાન્ય રીતે સમજીએ છીએ તે પ્રમાણે કર્મકાંડ એટલે યજ્ઞયાગાદિ માટે જરૂરી પૂજન કર્મો. શ્રીકૃષ્ણ કર્મકાંડના આ મર્યાદિત અર્થને છોડીને કર્મયોગને ઘણું ઊંચું સ્થાન આપે છે. આ દૃષ્ટિએ જોઈએ તો કર્મ એ કર્મયોગ નથી. આપણે રોજબરોજની પ્રવૃત્તિના ભાગરૂપે અનેક કાર્યો કરીએ છીએ. આ બધાં કામોને કર્મયોગ એવું ઉચ્ચકોટિનું નામ ન આપી શકાય. આમ જુદાં જુદાં કર્મો–કાર્યો અને કર્મયોગ વચ્ચે કોઈ સામ્ય નથી. કર્મયોગની સમજણ આપતો શ્લોક આ પ્રમાણે છે-

કર્મણ્યે વાધિકારસ્તે ના ફલે ષુ કદાચન।
મા કર્મફલહેતુર્ભૂર્મા તે સઙ્ગોડસ્ત્વકર્મણિ।।

તને તારું નિયત કર્મ કરવાનો અધિકાર છે, પરંતુ કર્મના ફળમાં કદાપિ નહિ. માટે તું પોતાની જાતને કદાપિ પોતાનાં કર્મોનાં ફળોનું કારણ માનીશ નહિ અને સાથે સાથે સ્વકર્મ ન કરવામાં પણ કદી તારી આસક્તિ ન હો.

(અધ્યાય ૨, શ્લોક ૪૭)

મોટા ભાગના માણસોની બાબતમાં તેમણે કરેલાં કર્મોને કર્મયોગ ન બનવા દેવામાં સૌથી મુખ્ય અને પ્રારંભિક બાધા તેમના દ્વારા કર્મોના ફળમાં રખાતી આસક્તિ છે. પરંતુ ગીતાકાર તો આથી પણ એક ડગલું આગળ જઈને એમ કહે છે કે આસક્તિનો ત્યાગ કરવા માત્રથી એ કર્મયોગ બનતો નથી. બીજી રીતે કહીએ તો નિષ્કામ કર્મ અને કર્મયોગ પણ સમાનાર્થી શબ્દો નથી. આમ નિષ્કામ કર્મ પણ કર્મયોગ બને એટલા માટે હજુ થોડા પગથિયાં અધ્યાત્મ માર્ગે આગળ વધવાનાં છે.

કર્મફળ સાથે જોડાયેલી આસક્તિનો ત્યાગ કર્યા પછીનું બીજું પગથિયું છે–બધાં જ કર્મો ઈશ્વરને સમર્પણ કરવાં. શ્રીકૃષ્ણ કહે છે-

મયિ સર્વાણિ કર્માણિ સંન્યસ્યાધ્યાત્મચેતસા ।
નિરાશીર્નિર્મમો ભૂત્વા યુધ્યસ્વ વિગતજવરઃ ।।

અંતર્યામી પરમાત્મામાં સંલગ્ન ચિત્ત રાખીને, બધાં જ કર્મો મને સમર્પીને, ઈચ્છા વિનાનો અને મમત્વ વિનાનો થઈને તું યુદ્ધ કર.

(અધ્યાય ૩, શ્લોક ૩૦)

આપણે કરેલાં બધાં જ નિષ્કામ કર્મો પણ ઈશ્વરને અર્પણ કરી દેવાનાં છે. ઈશ્વર સમર્પણભાવથી કર્મનું સ્વરૂપ બદલાઈ જાય છે અને સાથે સાથે કર્મ કરનારની ચેતના પણ બદલાઈ જાય છે. ભગવદ્ સમર્પણ ભાવથી કર્મમાં ભક્તિનો ઉમેરો થાય છે. કર્મ એકનું એક હોવા છતાં ભાવનાના ભેદને લીધે ફરે પડે છે. સંસારી જીવનું કર્મ આત્માને બાંધનારું બને છે. જ્યારે સંતનું, પરમાર્થી માણસનું કર્મ આત્મવિકાસ કરનારું સાબિત થાય છે. કોઈ કર્મયોગી ગોરક્ષાનું કામ કરે તો એની દૃષ્ટિ કેવી હશે ? ગાયની સેવા કરવાથી ગામનાં અન્ય કુટુંબોને દૂધ પૂરું પાડી શકાશે, ગૌસેવાના કર્મની સાથે સાથે આખી પશુસૃષ્ટિ સાથે પ્રેમનો સંબંધ કેળવી શકાશે. આમ ભગવાન સમર્પિત કર્મયોગી ગૌસેવકને અન્ય ગૌસેવકની જેમ પગાર તો મળશે પરંતુ એને મળતા આનંદમાં પરમાર્થની દિવ્યભાવના ઉમેરાય છે. આસક્તિ વિનાના કર્મયોગમાં પણ ઈશ્વરને ફળ સમર્પણ કરવાની ભાવનાની ભીનાશ હોવી જોઈએ. આપણા બૃહદ્ સમાજમાં એક બીજો ખ્યાલ પણ ખૂબ પ્રચલિત થઈ ગયો છે. તે એ કે પરમાર્થીએ, સાધુસંતોએ કોઈ સામાન્ય માણસ જેવું કામ

કરવાનું રહેતું નથી. એટલે સામાન્ય લોકો સ્વાભાવિક રીતે એવો પ્રશ્ન પૂછે છે કે જે ખેતી કરે, ગૌસેવા કરે, ખાદી કાંતે અને વણે તેને કેવી રીતે સાધુ કહેવાય? પરંતુ આપણે ત્યાં તો સંતોએ મહાન કર્મયોગી શ્રીકૃષ્ણની મૂર્તિ ઊભી કરી છે. તે તો મોરલી વગાડતો વગાડતો ગાયો ચારતો હોય, ઘોડાની ચાકરી કરતો હોય, યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં એઠાં પતરાળાં ઊંચકતો હોય અને મહાભારતના યુદ્ધમાં અર્જુનના સારથિ તરીકેનું કામ કરતો હોય, તેવી છે. તે જ પ્રમાણે જે સંતોને પોતાનાં આસક્તિરહિત ઈશ્વરસમર્પિત કર્મોથી ઈશ્વર પ્રાપ્તિ થઈ હોય એમાંના કોઈ સંત દરજીકામ, તો કોઈ કુંભારકામ, તો કોઈ મરેલાં ઢોર ખેંચી જનારા ખાલપાનું કામ કરતા હોય છે. વિનોબાજી જ્યારે ગાંધીજીને એમના અમદાવાદ આશ્રમમાં પહેલી વાર મળ્યા ત્યારે ગાંધીજીને શાક સમારતા જોઈને એમને આશ્ચર્ય થયેલું.

દિવ્ય કર્મયોગના માર્ગ પરથી પણ કોઈકવાર સાધુસંતોની પતનના માર્ગે ચાલ્યા જવાની શક્યતા રહે છે. તેના મૂળમાં આપણી ઇન્દ્રિયોનો ખાસ સ્વભાવ છે. ખાસ કરીને સતત વિચારતું અને વિહરતું રહેતું માનવમન રાગદ્વેષના દ્વંદ્વમાં રોકાયેલું હોય છે. જે વ્યક્તિ કે વિચાર આપણને ગમે તે માટે તીા રાગ અને ન ગમે તેના તરફ એટલો જ તીવ્ર તિરસ્કાર અને દ્વેષ હોય છે. ઈશ્વર સમર્પણયુક્ત, નિષ્કામ કર્મયોગ તો દિવ્ય આનંદની અનુભૂતિ કરાવનારો હોય છે, પરંતુ રાગદ્વેષના ચક્કરમાં સપડાઈને આપણે તે ગુમાવી બેસીએ છીએ. શ્રીકૃષ્ણ નીચેના શ્લોક દ્વારા આપણને સજાગ– સતર્ક થવાનું કહે છે –

ઈન્દ્રિયસ્યેન્દ્રિયસ્યાર્થે રાગદ્વેષૌ વ્યવસ્થિતૌ।
તયોર્ન વશમાગચ્છેન્તૌ હ્યસ્ય પરિપન્થિનૌ।।

પ્રત્યેક ઈન્દ્રિયના વિષયમાં રાગ અને દ્વેષ છુપાઈને રહેલા છે પરંતુ મનુષ્યે ઈન્દ્રિયોના વિષયોના નિયંત્રણમાં આવવું જોઈએ નહીં કારણકે તે બંને આત્મસાક્ષાત્કારના કલ્યાણ માર્ગમાં વિઘ્નો ઊભા કરનારા મહાશત્રુઓ છે –આ માર્ગમાં અવરોધક છે.

(અધ્યાય ૩, શ્લોક ૩૪)

કર્મયોગની વધારે વિસ્તૃત ચર્ચા શ્રીકૃષ્ણ 'જ્ઞાનકર્મસંન્યાસ યોગ' નામના ચોથા અધ્યાયમાં આગળ ચલાવે છે. અહીં કર્મ, વિકર્મ અને અકર્મના સ્વરૂપની સમજણ આપવામાં આવી છે.

કર્મણો હ્યપિ બોદ્ધવ્યં, બોદ્ધવ્યં ચ વિકર્મણઃ।
અકર્મણશ્ચ બોદ્ધવ્યં ગહના કર્મણો ગતિઃ।।

કર્મ, વિકર્મ અને અકર્મનું સ્વરૂપ જાણવું જોઈએ કારણ કે કર્મની ગતિ અતિ ગહન છે.

(અધ્યાય ૪, શ્લોક ૧૭)

કેટલાક શબ્દો આપણે રોજબરાજના જીવનમાં સાંભળતા હોઈએ છીએ પરંતુ એના ગહન અર્થનો ખ્યાલ હોતો નથી. કર્મ પણ આવો જ એક શબ્દ છે જે જન્મથી મૃત્યુ પર્યંત માનવજીવન સાથે ગાઢ રીતે સંકળાયેલો છે. આમ હોવાથી જીવન જીવવું અને વિવિધ કર્મો કરવાં એ બંને એકબીજા સાથે અભિન્ન રીતે જોડાયેલાં છે.

કર્મોનું વર્ગીકરણ– સાધન કર્મ, સેવા કર્મ, ભગવત્પ્રીત્યર્થ કર્મ, ભાગવતકર્મ – આ રીતે કરવામાં આવ્યું છે. સર્વ પ્રકારનાં કર્મોમાં ભાગવતકર્મનું મૂલ્ય સૌથી વધારે ઊંચું ગણાયું છે. ઈશ્વર સ્વયં પોતાના કાર્ય માટે કોઈ વ્યક્તિની પસંદગી કરે અને તેની પાસે માનવજીવન ઊર્ધ્વગામી બને તેવું કર્મ કરાવે તે ભાગવતકર્મ. મહાત્મા ગાંધીજી, શ્રી અરવિંદ, રમણ મહર્ષિ દ્વારા સ્વયં ઈશ્વરે જે કામો કરાવ્યાં તે ભાગવતકર્મ ગણાય. રામકૃષ્ણ પરમહંસનું જીવન વાંચતાં આપણે જોઈએ છીએ કે ઘણા પ્રસંગોએ એમણે સ્વામી વિવેકાનંદને કહ્યું છે કે આ હું ક્યાં બોલું છું? કાળીમાતા બોલાવે છે તે પ્રમાણે હું બોલું છું. એ જ પ્રમાણે સ્વામી વિવેકાનંદનું વિશ્વધર્મ પરિષદમાં જવું અને હિંદુ ધર્મની ઊંડી સમજણ ધરાવતું વક્તવ્ય આપવું એ આ પ્રકારનું ભાગવતકર્મ ગણાય.

માનવ જીવનમાં કેટલાંક ન કરવા યોગ્ય અનીતિપૂર્ણ અને અપ્રમાણિક્તા પ્રચુર કાર્યો થતાં આપણે જોઈએ છીએ. તેમને વિશે વાંચીએ છીએ અને સાંભળીએ છીએ ત્યારે આપણે ખિન્નતા અને નિરાશા અનુભવીએ છીએ. રોજબરોજ દૈનિકપત્રોમાં ખૂન, ચોરી, લૂંટ, વ્યભિચાર વગેરે અંગેના સમાચાર વાંચીએ છીએ. જે નિષિધ્ધકર્મો ગણવામાં આવ્યા છે અને ઉપરના વર્ગીકરણમાં સ્થાન પામતાં નથી. નિષિધ્ધકર્મોની જેમ ભોગકર્મોનો સમાવેશ પણ ઉપરોક્ત વર્ગીકરણમાં થતો નથી. નિષિધ્ધકર્મોની સરખામણીમાં ભોગકર્મો ઓછાં અનિષ્ટપૂર્ણ હોવા છતાં, સાધનાના ઊર્ધ્વગામી માર્ગ પર પ્રગતિ કરનાર માટે વર્જ્ય છે. આ જ પ્રમાણે દરેક પ્રકારની ઈચ્છાઓ અને કામનાઓ, પાપકર્મો અને નિષિધ્ધકર્મો જેટલી હાનિકારક ન હોવા છતાં એમાંથી અહંકાર, રાગ, દ્વેષ જેવાં તત્ત્વો નીકળી જાય પછી જ સાધન કાર્ય બને છે. નિષ્કામ કર્મ બાંધતું નથી. પરંતુ કામનાઓ પૂર્ણ કરવા માટે થયેલાં કર્મો બાંધે છે અને સમાધનમાર્ગમાં અવરોધક બને છે.

આપણું કર્મ નિષ્કામ રહે એટલા માટે સ્વધર્મના આચરણની ખૂબ આવશ્યક્તા રહે છે પરંતુ સ્વધર્મનું આચરણ પણ સકામ હોય એમ બને. કોઈ વ્યક્તિ બહારથી અહિંસક દેખાતી હોય પરંતુ મનની અંદર હિંસક હોઈ શકે કારણકે હિંસા મનનો ધર્મ છે. આમ હોવાથી બાહ્ય દૃષ્ટિએ હિંસા કર્મ ન કરનાર વ્યક્તિ અહિંસામય બની ગઈ છે એમ માનવું અત્યંત ભૂલભરેલું છે. બાહ્ય દૃષ્ટિએ કોઈ વ્યક્તિનું કર્મ કામભાવનાથી પ્રેરિત ન હોવાનું દેખાતું હોવા છતાં, મનની અંદર કામભાવના પ્રજ્વલિત હોઈ શકે છે. માટે જ કામદેવને મનસિજ માનવામાં આવે છે. આમ નિષ્કામતા મનનો ધર્મ હોવાથી સ્વધર્મના આચરણની સાથે સાથે સૂક્ષ્મ આત્મપરીક્ષણ દ્વારા મનનો મેલ કાઢી નાખવો ખૂબ જરૂરી છે. ગીતામાં કર્મનો અર્થ સ્વધર્માચરણનો કરવામાં આવ્યો છે. પરંતુ સ્વધર્માચરણ રૂપી કર્મને નિષ્કામ કર્મ સુધી લઈ જવા માટે રાગદ્વેષ, કામક્રોધને જીતવાની આવશ્યક્તા છે. આમ આત્મપરીક્ષણ અથવા ચિત્તના સંશોધન માટે જે કર્મ કરવાનું છે તેને ગીતામાં વિકર્મ ગણવામાં આવ્યુ છે. થોડા પુનરાવર્તનના ભોગે એમ કહેવું જરૂરી છે કે બાહ્ય સ્વધર્માચરણની સ્થૂળ ક્રિયા તે કર્મ પરંતુ એને મનના ઊંડાણમાંથી સંપૂર્ણ રીતે સ્વચ્છ કરવું, રાગદ્વેષથી મુક્ત કરવું તેનું નામ વિકર્મ. ગાંધીયુગની આપણા દેશને મળેલી આધ્યાત્મિક ક્ષેત્રની એક મૂલ્યવાન દેણ તે વિનોબા ભાવે. તેઓ લખે છે, 'બહારથી શંકરના લિંગ પર એકસરખી ધાર કરી હું અભિષેક કરું છું, પણ પાણીની એ ધારની સાથે સાથે માનસિક ચિંતનની અખંડ ધાર ચાલતી નહીં હોય તો એ અભિષેકની કિંમત શી? પછી તો સામેનું શિવનું લિંગ એ એક પથ્થર ને હું પણ પથ્થર.

પથ્થર સામે પથ્થર બેઠો છે એટલો જ અર્થ થાય. બહારના કર્મની સાથે અંદરનું ચિત્તશુદ્ધિનું કર્મ જોડાય તો જ નિષ્કામ કર્મયોગ પ્રાપ્ત થાય. (ગીતા પ્રવચનો, પરંધામ પ્રકાશન, પવનાર, પાન ૩૪) આમ હોવાથી, નિષ્કામ કર્મમાં કર્મ શબ્દ કરતાં નિષ્કામ શબ્દ વધારે મહત્ત્વનો છે. તેથી માત્ર સ્વધર્માચરણનું કર્મ કરવા સાથે નિષ્કામ મન, રાગદ્વેષ રહિત મન, કામક્રોધરહિત મનનું વિકર્મ જોડાયેલું નહીં હોય તો એક માત્ર કર્મમાં મોટું જોખમ રહેલું છે. એ કર્મયોગના અભ્યાસીએ સમજી લેવાની ખૂબ આવશ્યક્તા છે.

એટલા માટે બાહ્યકર્મમાં હૃદયની ભીનાશ ઉમેરાય તો સ્વધર્માચરણ ભારરૂપ બનતું નથી. કોઈ માણસ માંદાની સારવાર કરવાનું કામ હાથમાં લે પરંતુ આ સેવાકાર્ય સાથે મનનો સાચો સેવાભાવ ન હોય, કોમળ દયાભાવ ન હોય તો સેવા કરનારને આ કામ કંટાળારૂપ લાગશે અને સામા પક્ષે રોગીને પણ એ ભારરૂપ લાગશે. મનની ઊંડી સમજણ અને પ્રતીતિ વગરની સેવામાંથી અહંકાર પણ પેદા થઈ શકે. ઉપરાંત એ રોગી પાસેથી ભવિષ્યમાં આપણી સેવા એણે કરવી જોઈએ એવો સ્વાર્થભાવ પણ મનમાં જાગે. વિનોબાજી તુલસીદાસ કૃત રામાયણનો એક પ્રસંગ ટાંકે છે.-

'રાક્ષસો સાથે લડ્યા પછી વાનર પાછા આવે છે. તે બધા જખમી થયેલા હોય છે. તેમના શરીરમાંથી લોહી વહેતું હોય છે. પણ પ્રભુ રામચંદ્રે તેમના તરફ પ્રેમપૂર્વક જોયું તેની સાથે તે બધાયની વેદના શાંત થઈ ગઈ. તે વખતે રામે ઉઘાડેલી આંખનો ફોટો પાડી લઈ તે પ્રમાણે બીજું કોઈ પોતાની આંખ ઉઘાડે તો એવી અસર થાય ખરી કે? એવું કોઈ કરે તો હસવાનું થાય.' (ગીતા પ્રવચનો, પાન ૩૭)

આમ કર્મની સાથે વિકર્મ જોડાવાથી શક્તિ સ્ફોટ થાય છે અને તેમાંથી અકર્મ પેદા થાય છે. આનો અર્થ એમ કરી શકાય કે કર્મ કર્યાનો કોઈ ભાર લાગતો નથી અને મનની શુદ્ધિને લીધે કર્મનું કર્મપણું નીકળી જાય છે. અનાસક્ત ભાવે ચિત્તશુદ્ધિથી કરેલું કર્મ સર્વબંધનોથી કર્મ કરનારને મુક્ત રાખે છે અને પાપ કે પુણ્ય કશું જ બાકી રહી જતું નથી. કર્મમાં વિકર્મ ભેગું થતાં કોઈ રાસાયણિક કે અધ્યાત્મિક ક્રિયાથી અકર્મ થઈ જાય છે તે સમજાવતાં ઘણાં ઉદાહરણો આપ્યા પછી પણ, સંતોષ ન થતાં, શ્રીકૃષ્ણ અર્જુનને નીચે પ્રમાણે કહે છે.

તદ્વિદ્ધિ પ્રણિપાતે ન પરિપ્રશ્ને ન સેવયા<br>ઉપદેક્ષ્યન્તિ તે જ્ઞાનં જ્ઞાનિનસ્તત્ત્વદર્શિનઃ।।

સદ્‌ગુરુને શરણે જઈને સત્યને જાણવાનો પ્રયાસ કર, એમને યોગ્ય રીતે દંડવત્ પ્રણામ કરવાથી, એમની સેવા કરવાથી તેમ જ કપટ છોડીને સરળ ભાવે પ્રશ્ન પૂછવાથી તે પ્રબુદ્ધ મહાત્માઓ તને જ્ઞાનોપદેશ કરી શકશે કારણકે તેમણે સત્યનું દર્શન કર્યું છે.

(અધ્યાય ૪, શ્લોક ૩૪)

આવો જ ભાવ પ્રદર્શિત કરતું શ્રીમદ રાજચંદ્રનું એક કથન છેઃ

'લોકો ત્રિવિધ તાપથી આકુળ વ્યાકુળ છે. ઝાંઝવાનાં પાણી લેવા દોડાદોડી કરી તૃષા છિપાવવા ઈચ્છે છે. અજ્ઞાનને લીધે સ્વરૂપનું વિસ્મરણ થવાથી પરિભ્રમણ પ્રાપ્ત થયું છે.'

'આવા અશરણવાળા આ જગતને એક સત્પુરુષ જ શરણ છે. સત્પુરુષની વાણી વિના તે તાપ કે તૃષા છેદાય તેમ નથી.'

(શ્રીમદ્ રાજચંદ્ર-૧, ૮મી આ. પણ ૨૬)★

## ઉપમા સહિત કષાયની સમજણ

**૧૬ પ્રકારના કષાયને ચાર વિભાગમાં વહેંચવામાં આવ્યા છે જે નીચે મુજબ છે:**

(૧) અનંતાનુબંધી- જેની સ્થિતિ જીવન પર્યંતની છે. ગતિ નરકની કરાવે અને સમકિત ન થવા દે (૨) અપ્રત્યાખ્યાની- જેની સ્થિતિ એક વર્ષની છે. ગતિ તિર્યંચની કરાવે અને શ્રાવક ન થવા દે. (૩) પ્રત્યાખ્યાની- જેની સ્થિતિ ચાર મહિનાની છે. ગતિ મનુષ્યની કરાવે અને સાધુ ન થવા દે. (૪) સંજ્વલન- જેની સ્થિતિ ૧૫ દિવસની છે. ગતિ દેવની કરાવે અને વિતરાગી ન થવા દે.

**આ ચાર વિભાગના ૧૬ પ્રકાર છે જેને ઉપમા સહિત સમજાવ્યા છે**

(૧) અનંતાનુબંધી ક્રોધ–પર્વતમાં પડેલી તિરાડ સમાન–જે ક્યારેય પૂરાય નહિ એમ આ ક્રોધ કોઈપણ રીતે શાંત ન થાય. (૨) અનંતાનુબંધી માન–પથ્થરના સ્તંભ સમાન–સેંકડો ઉપાય કરવા છતાં વળે નહિ–એમ આ માનવાળો ક્યારેય નમે નહિ. (૩) અનંતાનુબંધી માયા–વાંસના મૂળ સમાન-અત્યંત વક્રતા અગ્નિમાં બળે છતાં છૂટે નહિ એમ કોઈ પણ ઉપાયથી સરળતા આવે નહિ. (૪) અનંતાનુબંધી લોભ–કરમજીના રંગ સમાન–વસ્ત્ર ફાટે તો પણ રંગ નીકળે નહિ એમ અનેક પ્રયત્નથી પણ દૂર ન થાય એવો લોભ. (૫) અપ્રત્યાખ્યાની ક્રોધ–તળાવની તિરાડ સમાન–દુષ્કાળમાં સુકાયેલ તળાવમાં વર્ષ પછી વરસાદ પડતા તિરાડ પૂરાઈ જાય એમ મહામુશ્કેલીથી શાંત થાય એવો ક્રોધ, વર્ષભર રહે એવો ક્રોધ. (૬) અપ્રત્યાખ્યાની માન–હાડકાના સ્તંભ સમાન–મહામુશ્કેલીથી વાળી શકાય એમ વર્ષ ભર રહે એવો માન. (૭) અપ્રત્યાખ્યાની માયા-ઘેંટાના શિંગડા સમાન–મહામુશ્કેલીથી સીધા થાય એમ વર્ષ ભર રહે એવી માયા. (૮) અપ્રત્યાખ્યાની લોભ-નગરની ગટરના કાદવ સમાન મુશ્કેલીથી કેમિકલ વગેરેથી ડાઘ દૂર થાય એમ વર્ષ ભર રહે એવો લોભ (૯) પ્રત્યાખ્યાની ક્રોધ–રેતીમાં પડેલી લીટી સમાન–રણના વળાંકવાળા ઢુવાને કારણે જે લીટીઓ દેખાય છે તે ચાર મહિને પવનની દિશાથી બદલાઈ જાય એમ થોડા પ્રયત્ને શાંત થતો ક્રોધ. (૧૦) પ્રત્યાખ્યાની માન–લાકડાના સ્તંભ સમાન–પાણીમાં પલાળીને મુશ્કેલીથી વાળી શકાય એમ થોડા પ્રયત્ને નમે. (૧૧) પ્રત્યાખ્યાની માયા–ગોમુત્રિકા સમાન–રસ્તામાં ચાલતી ગાયની વાંકીચૂકી પડતી મૂત્રરેખા તડકાદિથી દૂર થઈ જાય એમ થોડા પ્રયત્નથી માયા દૂર થઈ સરળતા આવી જાય. (૧૨) પ્રત્યાખ્યાની લોભ–ગાડાના ખંજન (ગ્રીસ) સમાન–એના ડાઘ સાબુથી દૂર થાય એમ થોડા પ્રયત્ને દૂર થાય એવો લોભ. (૧૩) સંજ્વલનનો ક્રોધ–પાણીની લીટી સમાન–ભરતીથી કિનારે પાણીની લીટી રહી જાય જે પંદર દિવસે ફરીથી ભરતી આવે ત્યારે દૂર થાય એમ જલ્દીથી શાંત થાય એવો ક્રોધ. (૧૪) સંજ્વલનનો માન–નેતરના સ્તંભ સમાન–સહેલાઈથી વળી જાય, એમ જલ્દીથી દૂર થાય એવો માન (૧૫) સંજ્વલનની માયા–વાંસની છોઈ સમાન–જે સરળતાથી સીધી થઈ જાય એમ જલ્દીથી દૂર થાય એવી માયા. (૧૬) સંજ્વલનનો લોભ–હળદરના રંગ સમાન–જે ધોવાથી નીકળી જાય એમ જલ્દીથી નાશ પામે એવો લોભ. ★

# અન્ય દર્શનોની ભૂમિકામાં બૌદ્ધદર્શનમાં કર્મસિદ્ધાંત

☐ ડૉ. કલા શાહ

*[ડૉ. કલાબેન શાહ મુંબઈ યુનિવર્સિટીના જૈન ધર્મ અને ફિલોસોફી વિભાગ માટે નિયુક્ત ગાઈડ છે. ધર્મ, તત્ત્વજ્ઞાન અને અધ્યાત્મ વિષયક ઘણાં પુસ્તકો પ્રગટ થયા છે. તેઓ જૈન ધર્મ વિષયક લેખો લખે છે. તેમના માર્ગદર્શન હેઠળ ૨૨ વ્યક્તિઓએ પીએચ. ડી. કર્યું છે, જે ગૌરવ લેવા જેવી બાબત છે. ]*

**ભગવાન બુદ્ધ : (૫૬૦ થી ૪૮૦ ઇ.સ.પૂ.)**

બુદ્ધના પિતાનું નામ શુદ્ધોધન અને માતાનું નામ માયાદેવી હતું. શુદ્ધોધન ઈક્ષ્વાકુ વંશના શાક્ય શાખાના એક શાસક હતા. તેઓનું નાનપણનું નામ સિદ્ધાર્થ હતું અને તેમણે 'બોધિજ્ઞાન' પ્રાપ્ત કર્યા પછી લોકો તેમને 'બુદ્ધ'ના નામથી સંબોધવા લાગ્યા.

યુવાન થતાં તેમણે બીમાર, વૃદ્ધ અને મૃતને જોયા અને માનવની આ ત્રણ દશા તેમને દુઃખમય લાગી. અને તેઓએ પોતાની પત્ની યશોધરા અને પુત્ર રાહુલને ત્યજીને ગૃહત્યાગ કર્યો અને આ દુઃખોમાંથી મુક્તિ પ્રાપ્ત કરવાનો માર્ગ શોધવા ચાલી નીકળ્યા. સંન્યાસ ધારણ કરીને તેમણે આલાર કલામના ગુરુત્વમાં શિક્ષણ પ્રાપ્ત કર્યું. ત્યારબાદ ગુરુ ઉદક રામપુત્ર પાસે ગયા. તેમણે ગૌતમ બુદ્ધને તપસની શિક્ષા આપી અને ગૌતમે ગયાનગરના વટવૃક્ષ નીચે એવું જ્ઞાન પ્રાપ્ત કર્યું જેના દ્વારા મુક્તિ પ્રાપ્ત થઈ શકે.

તે સમયે શ્રમણ પરંપરાની બે શાખાઓ અસ્તિત્વમાં હતી. આ બે વિશાળ શાખાઓ– જૈન અને બૌદ્ધ ધર્મમાં આશ્ચર્યજનક સામ્ય પ્રતીત થયું. તેથી એક જ નદીની બે ધારાઓ વહી રહી છે તેવો અનુભવ થવા લાગ્યો.

ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધ બન્ને શ્રમણ, તીર્થ તથા ધર્મચક્રના પ્રવર્તક, લોકભાષાના પ્રયોક્તા અને દુઃખમુક્તિની સાધનાના સંગમસ્થાન હતા.

ભગવાન મહાવીર કઠોર તપશ્ચર્યા અને ધ્યાન દ્વારા કેવલી બન્યા. મહાત્મા બુદ્ધ છ વર્ષની કઠોર તપશ્ચર્યાથી સંતુષ્ટ ન થયા ત્યારે તેઓ ધ્યાનમાં લીન થયા અને તેમને સંબોધિ લાભ પ્રાપ્ત થયો. કેવળજ્ઞાન પ્રાપ્ત થયા બાદ મહાવીરે જે કહ્યું તે દ્વાદશાંગ ગણિપિટકમાં ગૂંથાયું છે.

બોધિજ્ઞાન પ્રાપ્ત થયા પછી મહાત્મા બુદ્ધે જે કહ્યું તે **ત્રિપિટક**માં ગૂંથવામાં આવ્યું છે.

ભગવાન બુદ્ધના મત મુજબ દુઃખ, દુઃખસમુદય, નિરોધ, માર્ગ આ ચાર આર્યસત્યો છે. જન્મ લેવો એ દુઃખ છે, વૃદ્ધ થવું દુઃખ છે, વ્યાધિ દુઃખ છે અને મરવું એ પણ દુઃખ છે.

ભગવાન બુદ્ધે બૌદ્ધ ધર્મની સ્થાપના કરી અને તેનો પ્રચાર કર્યો. બૌદ્ધ ધર્મ લગભગ ૧૨મી શતાબ્દી સુધી ભારતમાં અસ્તિત્વમાં હતો પણ હવે બૌદ્ધ ધર્મ મોટે ભાગે તિબેટ, ચીન, જાપાન, થાઈલેંડ, સિલોન વગેરે દેશોમાં છે. બૌદ્ધોએ ભારતમાં નાલંદા, વિક્રમશીલ, તક્ષશિલા વગેરે મોટા મોટા વિશ્વવિદ્યાલયોની સ્થાપના કરી. આ વિદ્યાલયોમાં રહેલી કૃતિઓ પરથી ખ્યાલ આવે છે કે બૌદ્ધધર્મના સાહિત્યનો ભંડાર બહુ વિશાળ હતો.

**ધર્મશાસ્ત્ર :** બૌદ્ધ ધર્મશાસ્ત્ર લગભગ ૧૨મી શતાબ્દી સુધી ભારતમાં હતો. બૌદ્ધોએ ભારતમાં મોટા મોટા વિદ્યાલયોની સ્થાપના કરી. આ વિદ્યાલયોમાં ધર્મસાહિત્યનો ભંડાર બહુ વિશાળ હતો. ભગવાન બુદ્ધે પોતાના જીવનકાળ દરમ્યાન કોઈ પણ બુદ્ધવચન સંભવતઃ નથી લખ્યા. પરંતુ તેમના મૃત્યુ બાદ રાજગૃહમાં ૪૭૭ ઇ.સ. પૂ.માં એક સભા ભરાઈ હતી જેમાં બુદ્ધ પ્રવચનોને લિપિબદ્ધ કરવામાં આવ્યા હતા. ત્યાર પછી સો વર્ષ બાદ ૩૭૭ ઇ.સ.પૂ.માં વૈશાલીમાં સભા થઈ. ત્રીજી સભા ૩૪૧ ઇ.સ.પૂ.માં પાટલીપુત્રમાં થઈ જેમાં ધર્મશાસ્ત્રોની પ્રામાણિક્તા સ્થિર કરવામાં આવી. જેને **ત્રિપિટક** એટલે ત્રણ બોક્સ (પેટી) કહેવામાં આવ્યા. ત્યાર બાદ તેને હીનયાન તથા થોરાવાદિયાનના ધર્મપુસ્તક માનવામાં આવ્યા અને મહાયાનોના વૈપુલ્ય સૂત્ર તથા ત્રિલિન્દ પ્રશ્ન મુખ્ય પુસ્તકો છે. તે ઉપરાંત ત્રિપિટક, વિનયપિટક, મુત્તપિટક અને અભિધર્મપિટક છે.

**બૌદ્ધધર્મમાં કર્મસિદ્ધાંત**

સર્વપ્રથમ ભારતીય દર્શનમાં કર્મસિદ્ધાંતની રૂપરેખા તપાસીએ તો જણાય છે કે ભારતીય જન-જીવનમાં કર્મ શબ્દ બાળક, યુવાન અને વૃદ્ધ બધાંની જીભ પર રહેલો હોય છે. ભારતના વિચારકો, દાર્શનિકો, મનોવૈજ્ઞાનિકો, તત્ત્વચિન્તકો વગેરે બધાં કર્મને એક અથવા બીજા રૂપે માને છે.

'કર્મ' શબ્દ ભારતમાં બધાં આસ્તિક ધર્મગ્રન્થો, દર્શનો અથવા ધર્મશાસ્ત્રોમાં યોજાયેલ છે. ભારતના બધાં આસ્તિક દર્શનો અને ધર્મોએ 'કર્મ' અથવા તેના જેવી એક એવી સત્તાનો સ્વીકાર કર્યો છે જે આત્માની વિભિન્ન શક્તિઓના ગુણો અથવા શુદ્ધત્તાને પ્રભાવિત, આવૃત્ત અને કુંઠિત કરી દે છે. કર્મના સ્થાન પર આ ધર્મદર્શનોએ તેના વિભિન્ન નામો આપ્યા છે.

**વેદાન્તદર્શન** તેને 'માયા' અથવા 'અવિદ્યા' કહે છે. સાંખ્યદર્શન તેને 'પ્રકૃત્તિ' અથવા સંસ્કારની સંજ્ઞા આપે છે. યોગદર્શનમાં તેને માટે 'કર્મ-આશય' અથવા 'ક્લેશ' વગેરે શબ્દો પ્રયોજાયા છે.

**ન્યાય દર્શનમાં** 'અદષ્ટ' અને 'સંસ્કાર' શબ્દ વપરાયો છે. બૌદ્ધદર્શનમાં કર્મને 'વાસના' અને 'અવિજ્ઞપ્તિ' કહ્યો છે. વૈશેષિક દર્શનમાં 'ધર્માધર્મ' શબ્દ છે. જૈન દર્શનમાં 'કર્મ' શબ્દ વપરાય છે. જૈન દર્શનમાં, જૈનાગમોમાં કર્મની સાથે કર્મમલ, કર્મરજ વગેરે શબ્દપ્રયોગો થયેલા જોવા મળે છે.

**વેદોમાં કર્મસિદ્ધાન્ત :** ઋગ્વેદમાં કેટલાંક સ્થળો પર 'કર્મ'નો અર્થ છે ધાર્મિક કૃત્ય (યજ્ઞ, દાન વગેરે). વૈદિક પરંપરામાં વેદોથી લઈને બ્રાહ્મણ સુધી યજ્ઞ-યાગ અને નિત્ય-નૈમિત્તિક ક્રિયાઓ કર્મ કહેવાય છે.

વૈદિક ધર્મમાં કર્મને ત્રણ પ્રકારમાં વિભાજિત કર્યો છે. (૧) સંચિત કર્મ (૨) પ્રારબ્ધ અને (૩) ક્રિયમાણ (સંચીયમાન)

**સંચિતકર્મઃ** આ કર્મ અતીતના અસ્તિત્વના કર્મના યોગફળ છે. જેના પ્રતિફળની અનુભૂતિ અત્યારે કરી શકાતી નથી.

**પ્રારબ્ધઃ** પ્રારબ્ધ કર્મ એ છે કે જે વર્તમાન જીવનમાં શરૂ થયા પહેલાં પૂર્વસંચિત કર્મોમાં સર્વથી પ્રબળ હતા અને જેનાથી એવું પરિકલ્પન કરવામાં આવ્યું છે કે તેના આધાર પર વર્તમાન જીવન નિશ્ચિત થાય છે.

**ક્રિયમાણ :** વર્તમાન જીવનમાં વ્યક્તિ જે કંઈ સંગ્રહિત કરે છે તે ક્રિયમાણ કર્મ છે. આગળ આવનાર જીવન સંચિત અને ક્રિયમાણના ભેગા કરેલા કર્મોમાં અત્યંત પ્રબળ કર્મ દ્વારા નિર્ધારિત અને નિશ્ચિત હોય છે.

**પાતંજલ યોગદર્શનમાં કર્માશયઃ** મહર્ષિ પતંજલિ લખે છે– 'ક્લેશમલ, કર્માશય–કર્મ સંસ્કારોના સમુદય વર્તમાન અને ભવિષ્ય બન્ને જન્મોમાં ભગોવવા પડે છે.'

કર્મોના સંસ્કારોનું મૂળ– જડ, અવિદ્યા, અસ્મિતા, રાગદ્વેષ અને અભિનિવેશ– આ પાંચ ક્લેશ છે. આ ક્લેશમૂલક કર્માશય જે પ્રકારે આ જન્મમાં દુઃખ આપે છે એ પ્રકારે ભવિષ્યમાં થનાર જન્મોમાં પણ દુઃખ આપે છે.

જ્યારે ચિત્તમાં કલેશોના સંસ્કાર જામેલા હોય ત્યારે તેનાથી સકામ કર્મ ઉત્પન્ન થાય છે. રજોગુણ વિના કોઈપણ ક્રિયા થતી નથી. આરજો ગુણનો જ્યારે તમોગુણમાં મેળ થાય છે ત્યારે અજ્ઞાન, અધર્મ, અવૈરાગ્ય અને ઐશ્વર્યના કર્મોમાં પ્રવૃત્તિ થાય છે. આ બન્ને પ્રકારના કર્મ શુભઅશુભ, પાપ-પુણ્ય અથવા શુકલ-કૃષ્ણ કહેવાય છે.

કર્મ વાદ અને જન્માન્તર અનુસાર મહર્ષિ પતંજલિ લખે છે, 'કર્મ અને ભોગની સાથે સેંકડો –હજારો જાતિઓ દૂરદૂરના દે શો અને કરોડો કલ્પ સમયનું અંતર રહી જાય છે, પરંતુ તેનાથી તેના આનંતર્યમાં કોઈ નુકસાન થતું નથી. તેનું સામંજસ્ય બની રહે છે કારણકે સ્મૃતિ અને સંસ્કાર એક જેવા બની રહે છે.'

**ઉપનિષદ્‌માં કર્મઃ** મનુષ્યો પોતાના કર્મો એટલે કે પોતાનાન આચરણ વડે પોતાનું ભવિષ્ય બનાવે છે. જેવું આચરણ કરે છે તેવું ફળ પામે છે. સારા કર્મો કરનાર સારો જન્મ મેળવે છે. દુષ્ટ કર્મો કરનારા ખરાબ જન્મ પામે છે. પુણ્યકર્મોથી વ્યક્તિ પવિત્ર થાય છે અને દુષ્કર્મોથી દુષ્ટ-ખરાબ થાય છે.

શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં ફલાકાંક્ષા રહિત થઈને નિષ્કામ ભાવે અથવા સમર્પણ ભાવથી કરેલ કર્મ અથવા સહજકર્મ, જ્ઞાનયુક્તકર્મ, કર્મકૌશલ વગેરે સર્વ-પ્રકારના ક્રિયા વ્યાપારો વ્યાપક અર્થમાં કર્મ કહેવાય છે.

**યોગવશિષ્ઠમાં કર્મફળ :**

યોગવશિષ્ઠમાં લખ્યું છેઃ- 'એવો કોઈ પર્વત નથી, એવું કોઈ સ્વર્ગ નથી જ્યાં આપણે કરેલા કર્મનું ફળ ન મળતું હોય. એમ કહેવાય છે કે મનના સ્પંદન જ કર્મરૂપી વૃક્ષનું બીજ છે. અને જાતજાતના ફળવાળી વિવિધ ક્રિયાઓ તેની શાખા છે. પરબ્રહ્મથી બધા જીવ અકારણ જ ઉદિત થાય છે. પછી તેનાં કર્મ, તેના સુખ દુઃખનું કારણ બની જાયછે. બધી ક્રિયાઓકામનારહિત થવાથી ફળ-દાયિની–બંધકારક નથી હોતી. તે અશુભ ફળ આપવાવાળી કેમ ન હોય? જે રીતે ફળ આપનારી લતાઓ પણ સીંચવાથી દોષ મનાય છે. કારણ કે મોહના લીધે જ અવિદ્યા, રાગ અને દ્વેષ ઉત્પન્ન થાય છે. જેથી દેહાદિ અનાત્મક વસ્તુઓમાં આત્માની પ્રતીતિ થવા લાગે છે.'

વૈશષિક દર્શનમાં અવિદ્યાના ચાર મરણ બતાવ્યા છે. સંશય, પિપર્થય, અનવધ્યાવસવ અને સ્વપ્ન.

**યોગદર્શનમાં કર્મબંધનું કારણ :**

યોગદર્શન અનુસાર ક્લેશ સંસારનું અર્થાત બંધનું મુખ્ય કારણ છે. બધાં ક્લેશનું મૂળ અવિદ્યા છે. સાં ખ્યદર્શ નમાં જે ને વિપર્ય ય કહેવામાં આવ્યું છે. યોગદર્શનમાં તેને ક્લેશ કહ્યો છે.

**બૌદ્ધધર્મમાં કર્મસિદ્ધાંત**

બૌદ્ધ દર્શનમાં શારીરિક, વાચિક અને માનસિક આ ત્રણ પ્રકારની ક્રિયાઓના અર્થમાં કર્મ શબ્દનો પ્રયોગ થયો છે. ત્યાં કેવળ ચેતનાને એ ક્રિયાઓમાં પ્રમુખતા આપી છે. 'ચેતના'ને કર્મ કહીને ભગવાન તથાગત બુદ્ધે કહ્યું છે,

'ભિક્ષુઓ, ચેતના જ કર્મ છે.' એવું હું કહું છું. ચેતના દ્વારા જ (જીવ) કર્મને વાણી દ્વારા, કાયા દ્વારા, અથવા મનથી કરે છે . અર્થાત્ ચેતનાના હોવાપણાથી જ બધાં કર્મ-ક્રિયાઓ સંભવ છે.

**કર્મના પ્રકારો :**

કર્મના મુખ્યત્વે બે પ્રકાર છે. (૧) ચિત્તકર્મ – માનસિક કર્મ (૨) ચૈતસિક કર્મ – (કાયા અને વચનથી ઉત્પન્ન થતાં કર્મ)

આમાં પણ ચિત્તકર્મ પ્રધાન છે. કર્મ પ્રથમ 'કૃત' હોય છે અને પછી 'ઉપચિત' હોય છે. કર્મ કરવાની પૃષ્ટભૂમિમાં ચિત્તભાવનાનો આધાર હોય છે.

કર્મ એ જ પુનર્જન્મનું મૂળ કારણ છે, સદ્‌ગતિ અને અસદ્‌ગતિનો આધાર કર્મને જ માનવામાં આવે છે. એ જ તેનો વિપાક છે.

બૌદ્ધદર્શનમાં અન્ય રીતે પણ ત્રણ પ્રકારના કર્મ દર્શાવ્યા છે.

(૧) અવ્યક્ત અથવા અશુક્લ અકૃષ્ણ (૨) કુશલ અથવા શુકલ કર્મ (૩) અકુશલ અથવા કૃષ્ણકર્મ એટલે કે અનૈતિક નૈતિક અને અતિનૈતિક કર્મને ક્રમશઃ અકુશલ, કુશલ અને અવ્યક્ત કર્મ કહ્યા છે.

**અકુશલકર્મ :** પાપનું વર્ગીકરણ– બૌદ્ધ દર્શનના મતાનુસાર કાયિક, વાચિક અને માનસિક આધાર પર નીચેના દસ પ્રકારના અકુશલ કર્મો અથવા પાપોનું વર્ણન મળે છે.

**(ક) કાયિક પાપ :** (૧) પ્રાણાતિપાત (૨) અદત્તાદાન (ચોરી), (૩) કામેસુમિચ્છાચાર (કામભોગ સંબંધી દુરાચાર)

**(ખ) વાચિક પાપ :** (૪) મૃષાવાદ (અસત્ય ભાષણ), (૫) પિશુનાવાચા (પિશુનવચન), (૬) ફરુસાવાચા (કઠોર વચન), (૭) સપ્રમાપ (વ્યર્થ આલાપ)

**(ગ) માનસિક પાપ :** (૮) અભિજજા (લોભ), (૯) વ્યાપાદ (માનસિક હિંસા), (૧૦) મિચ્છા દિટ્ઠી (મિથ્યા દૃષ્ટિ)

તેમજ 'અભિધમ્મત્થસંગહો'માં ચૌદ અકુશલ ચૈતસિક કર્મ બતાવ્યા છે, જેમ કે (૧) મોહ (૨) પાપકર્મમાં ભય ન માનવો (૩) ચંચળતા (૪) તૃષ્ણા (લોભ), (૫) નિર્લજ્જતા (૬) મિથ્યાદૃષ્ટિ (૭) અહંકાર (૮) દ્વેષ (૯) ઈર્ષ્યા (૧૦) માત્સર્ય

(૧૧) કૃતઅકૃતના વિષયમાં પશ્ચાતાપ ન થવો (૧૨) થીન (૧૩) મિદ્ધ (આળસ) અને (૧૪) વિચિકિત્સા (સંશય).

**બૌદ્ધદર્શનમાં કુશલકર્મ**

'સંયુક્ત નિકાય'માં કહેવાયું છે કે અન્ન, વસ્ત્ર, શય્યા, આસન અને ચાદરના દાની પંડિત પુરુષમાં પુણ્યની ધારાઓ વહે છે. તેવી જ રીતે 'અભિધમ્મત્થસંગહો'માં કુશલ ચૈતસિક બતાવ્યા છે; જેમ કે (૧) શ્રદ્ધા (૨) અપ્રમત્તતા (સ્મૃતિ) (૩) પાપકર્મ પ્રત્યે લજ્જા (૪) પાપકર્મ પ્રત્યે ભય (૫) અલોભ (ત્યાગ) (૬) અદ્વેષ (મૈત્રી) (૭) સમભાવ, (૮) મનની પવિત્રતા (૯) શરીરની પ્રસન્નતા (૧૦) મનનું હળવાપણું (૧૧) શરીરનું હળવાપણું(૧૨) મનની મૃ દુ તા (૧૩) શરીરની મૃ દુ તા (૧૪) મનની સરળતા (૧૫) શરીરની સરળતાને પણ ચૈતસિક કહ્યા છે.

**અવ્યક્ત-કર્મ – અનુપચિત-કર્મ**

જેવી રીતે જૈનદર્શનમાં જે ક્રિયાઓ સંવર અને નિર્જરાના હેતુ છે તે અકર્મ છે. જેને ઇર્યાપથિક ક્રિયા પણ કહે છે. અકર્મ એટલે રાગદ્વેષ તેમ જ મોહરહિતથી કર્તવ્ય અથવા તો શરીર નિર્વાહ માટે કરેલું કર્મ. એવી જ રીતે બૌદ્ધદર્શનમાં પણ તેને અનુપચિત અવ્યક્ત અથવા અકૃષ્ણ- અકુશલ કર્મ કહે છે. તેવી જ રીતે આસક્ત વ્યક્તિની ક્રિયાઓ જે બંધનકારક છે તેને ઉપચિત કર્મ અથવા કૃષ્ણ-કુશલ કર્મ કહે છે. ઉપચિત કર્મ સંચિત થઈ ફળ આપવાની ક્ષમતા યો ગ્ય હો ય છે . જૈ ન પરં પરાના વિપાકો દયીકર્મ ની બૌ દ્ધદર્શ નના અનુ ચિતકર્મ સાથે તે મ જ જૈનપરંપરાના પ્રદેશોદયકર્મની બૌદ્ધદર્શનના ઉપચિત કર્મ સાથે સરખામણી કરી શકાય.

**કર્મની ઉત્પત્તિનો હેતુઃ** મહાત્મા બુદ્ધે કહ્યું છે, 'ભિક્ષુઓ કર્મોની ઉત્પત્તિના ત્રણ હેતુ છે.'

લોભ કર્મોની ઉત્પત્તિનો હેતુ છે. દ્વેષ કર્મોની ઉત્પત્તિના હેતુ છે. મોહ કર્મોની ઉત્પત્તિનો હેતુ છે. જો મૂર્ખ કોઈ પણ કર્મ કરે છે જે લોભ, દ્વેષ અથવા મોહથી પ્રેરાયેલ હોય તો તે તેને ભોગવવું પડે છે. એટલે બુદ્ધિશાળી ભિક્ષુએ લોભ, દ્વેષ અને મોહનો ત્યાગ કરીને વિદ્યા પ્રાપ્ત કરીને સર્વ દુર્ગતિમાંથી મુક્ત થવું જોઈએ.

**કર્મનું સ્વરૂપઃ** બુદ્ધની દૃષ્ટિએ કર્મ એક ચિત્ત સંકલ્પ છે તેઓ ન તો તેને વૈદિક સિદ્ધાન્ત અનુસાર અદૃષ્ટ શક્તિ માને છે કે જૈનોની જેમ પૌદ્ગલિક શક્તિ માને છે.

બૌદ્ધો કર્મને અનાદિ અને અવિચ્છિન્ન પરંપરામાં ઘટિત ઘટના માત્ર માને છે. તેઓના મતાનુસાર સ્વકૃત કર્મોના ફલનો ભોક્તા પ્રાણી સ્વયં હોય છે. અન્ય કોઈ નહીં. ફળ ભોગવવાની બાબતમાં બુદ્ધ કહે છે, 'મેં એકાવન કલ્પ પહેલાં એક પુરુષનો વધ કર્યો હતો. એ કર્મના ફળરૂપે મારા પગ બંધાઈ ગયા છે. હું જે સારા અથવા ખરાબ કર્મ કરું છું તે સર્વનો હું ભાગીદાર છું. સમગ્ર પ્રાણી કર્મની પાછળ ચાલે છે. જેવી રીતે રથ પર ચઢેલ વ્યક્તિ રથની પાછળ ચાલે છે.'

કર્મ સંસરણનું મૂળ કારણ છે. સંસરણનો અર્થ છે સંસારમાં જન્મમરણ ગ્રહણ કરવા. ભગવાન બુદ્ધના શિષ્યોને પુનર્જન્મના વિષયમાં જ્ઞાન હતું. તેમનું આ જ્ઞાન સ્વયં સંવેદ્ય અનુભવનું પરિણામ હતું.

**જૈન અને સમ્મત બૌદ્ધ કર્મસિદ્ધાંતની તુલના**

બૌદ્ધ ધર્મની કુશલ અને અકુશલ કર્મની તુલના જૈન ધર્મમાં વર્ણિત પાપ પુણ્ય સાથે કરવામાં આવે છે. જૈન દર્શનમાં બંધનું કારણ જડ અને ચેતન બંને છે. બૌદ્ધ દર્શનમાં બંધનું કારણ ચેતન છે. જૈન દર્શનમાં મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ એ કર્મબંધનના મુખ્ય કારણ છે. બૌદ્ધ દર્શનમાં પણ અવિદ્યા, વાસના, તૃષ્ણા, આસક્તિ વગેરે ચૈતસિક તત્ત્વો ઉપરાંત ક્રોધ, દ્વેષ અને મોહને પણ બંધનના કારણ જણાવ્યા છે. આમ બંનેમાં સમાનતા છે. બન્ને દર્શનોમાં આશ્રવને બંધનનું કારણ માનવામાં આવ્યું છે. બૌદ્ધોમાં આશ્રવના ત્રણ ભેદ છે. (૧) કામ, (૨) ભવ (૩) અવિદ્યા. 'અંગુત્ત નિકાય'માં 'દૃષ્ટિ'ને પણ આશ્રવ કહેવામાં આવે છે. 'ધમ્મપદ'માં પ્રમાદને આશ્રવ કહ્યો છે. આમ બંને દર્શનોમાં પ્રમાદ પણ આશ્રવ છે.

**કર્મ-મુક્તિઃ** આત્માના અનંત જ્ઞાન, અનંત દર્શન અને અનંત વીર્યશક્તિ વગેરે ગુણોને જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને વેદનીય અને મોહનીય આદિ કર્મો આવૃત્ત કરે છે.

જૈન દર્શન પ્રમાણે સમગ્ર કર્મનો ક્ષય મોક્ષ છે. આત્માનું શુદ્ધ સ્વરૂપ જો કર્મોદ્ધાર આવૃત્ત હોય, કર્મક્ષય થઈ જાય પછી તે પ્રગટ થાય છે. આ આત્માની અનંત જ્ઞાનમય, અનંત દર્શનમય, અનંત સુખમય અવસ્થા છે. જૈન દર્શન અનુસાર મુક્તાવસ્થાનો આનંદ શાશ્વત, નિત્ય, નિરુપમ, નિરતિશય અને વિલક્ષણ છે.

મોક્ષપ્રાપ્તિના બે ઉપાય છે. (૧) સંવર દ્વારા નવા કર્મોનો નિરોધ તથા (૨) નિર્જરા દ્વારા પૂર્વસંચિત કર્મોનો ક્ષય કરવો. ઉદાહરણ તરીકેઃ

એક નાવ છે. તેની વચમાં કાણું છે. તેથી તેમાં પાણી ભરાયા કરે છે. જો કાણાને બંધ કરી દેવામાં આવે તો પાણી ન ભરાય. એ જ રીતે માનસિક, વાચિક અને કાયિક પ્રવૃત્તિ વગેરે આશ્રવો દ્વારા નિરોધ કરી દેવાથી જીવમાં કર્મોનો પ્રવેશ નથી થતો. પ્રવેશ અટકી જવાથી નવો સંચય નથી થતો. સંચિત કર્મો તપ દ્વારા જીર્ણ થાય છે. એ જીવની મુક્તાવસ્થા અથવા સિદ્ધાવસ્થા છે.

બંધનથી મુક્તિની બાબતમાં જૈન, બૌદ્ધ તથા અન્ય પરંપરાઓએ શ્રદ્ધા, જ્ઞાન અને આચરણને મુક્તિના માર્ગરૂપે સ્વીકાર કર્યા છે. વૈદિક પરંપરામાં તેને મનોયોગ, ભક્તિયોગ અને કર્મ યોગ કહેવામાં આવ્યા છે. બૌદ્ધ પરંપરામાં તેને શ્રદ્ધા, પ્રજ્ઞા અને શીલના રૂપમાં ઓળખાય છે. જૈન દર્શનમાં તેને સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ દર્શ ન અને સમ્યગ્ ચરિત્રના રૂપમાં શ્રદ્ધા અને ભક્તિને પ્રધાનતા આપી છે. બૌદ્ધ દર્શનમાં પ્રજ્ઞાને પ્રધાનતા આપી છે. જૈનોએ ત્રણેયના સમન્વયને મુક્તિમાર્ગ માન્યો છે. આમ જૈન અને અન્ય પરંપરાઓમાં આંશિક સમાનતા અને વિષમતા છે.

★

# ન્યાયદર્શન અને વૈશેષિક દર્શનમાં કર્મનો ખ્યાલ

☐ ડૉ. નરેશ વેદ

*[વેદ અને હિન્દુ શાસ્ત્રોના અભ્યાસી , પ્રખર ચિંતક, પ્રભાવક વક્તા ડૉ. નરેશ વેદે ગુજરાત યુનિવર્સિટી તેમ જ ભાવનગર યુનિવર્સિટીનું ઉપકુલપતિ પદ શોભાવ્યું છે. પોતાની ૪૫ વર્ષની શૈક્ષણિક કારકીર્દિમાં ગુજરાતની કૉલેજોમાં પ્રાધ્યાપક તરીકે, સરદાર પટેલ યુનિવર્સિટીના અધ્યક્ષ તરીકે અને ગુજરાતની એકેડેમિક સ્ટાફ કૉલેજના ડાયરેક્ટર તરીકે સેવા આપી છે.]*

ભારતીય તત્ત્વચિંતકોએ પિંડ અને બ્રહ્માંડ, સત્ અને અસત્, ઈશ્વર અને અવતારો, પાપ અને પુણ્ય, બંધન અને મોક્ષ, જન્મ અને પુનર્જન્મ, દૈવીતત્ત્વ અને દુરિતતત્ત્વ જેવી કેટલીક મહત્ત્વની દાર્શનિક સમસ્યાઓઉપર મનનચિંતન કરીને સૈદ્ધાન્તિક વિચારણા રજૂ કરી છે, તેમ કર્મ અને પ્રારબ્ધ જેવી સમસ્યા વિશે પણ વિચારણા રજૂ કરી છે. એવી વિચારણા કરતાં એમણે કર્મ એટલે શું ? કર્મનો કર્તા કોણ છે ? કર્મની અવસ્થા કેવી હોય છે ? જીવ અને કર્મનો શો સંબંધ છે ? કર્મના આકર્ષણના હેતુઓ ક્યા છે ? કર્મબંધનાં કારણો ક્યાં છે ? કર્મ કેટલા પ્રકારના છે ? કર્મનાશના ઉપાયો ક્યા છે ? કર્મ અને પુનર્જન્મ વચ્ચે શો સંબંધ છે ? –એમ આ વિષયની વિશદ અને વ્યવસ્થિત વિચારણા કરી છે.

ભૌતિક જગતમાં આપણો અનુભવ છે કે કારણ વગર કોઈ કાર્ય થતું નથી. એ બાબત લક્ષમાં લઈને ભારતીય દાર્શનિકોએ એ વાત ઉપર ચિંતન મનન કર્યું કે આ જગતમાં જીવોની ઉત્પત્તિ થાય છે, આ જીવોત્પત્તિ જો કાર્ય છે તો એનું કોઈ કારણ હોવું જોઈએ, એ કારણ શું છે ? વળી, એ જીવ પોતાના જીવનમાં સફળતાનિષ્ફળતા અને સુખ-દુઃખનો અનુભવ કરે છે એનાં કારણો ક્યાં છે ? જન્મતા, જીવતા કે મરતા જીવાત્માના જીવનમાં જે કાંઈ બને છે એ શા કારણે બને છે, એના વિશે વિચાર કરતાં એમને જે કાંઈ તાર્કિક ખુલાસો મળ્યો, એનું નિરૂપણ એક સિદ્ધાન્તરૂપે એમણે કર્યું છે. એ સિદ્ધાન્તને કર્મનો સિદ્ધાન્ત કહીને ઓળખાવવામાં આવ્યો છે. એ સિદ્ધાન્ત એવું સમજાવે છે કે જીવ જેવાં કર્મો કરે, તેવાં તેમનાં ફળ પામતો રહે. જેવું વાવો તેવું લણો, જેવું કૃત્ય કરો તેવું પરિણામ પામો એવો ભારતીય જીવન દર્શનનો એક મૂળભૂત ખ્યાલ એની પાછળ પીઠિકારૂપે રહેલો છે. આવો સૈદ્ધાન્તિક ખ્યાલ ભારતીય દર્શનગ્રંથોમાં પડેલો છે.

આપણા દેશમાં જેમ જગતના બાર પ્રમુખ ધર્મો વિદ્યમાન છે, તેમ ધર્મતત્ત્વ દર્શનો પણ બાર છે. એ છેઃ (૧) ચાર્વાકદર્શન (૨) જૈનદર્શન (૩) વૈભાષિકદર્શન (૪) સૌત્રાંતિકદર્શન (૫) યોગાચારદર્શન (૬) માધ્યમિકદર્શન (૭) સાંખ્યદર્શન (૮) યોગદર્શન (૯) ન્યાયદર્શન (૧૦) વૈશેષિકદર્શન, (૧૧) મીમાંસાદર્શન અને (૧૨) વેદાન્તદર્શન. આ બારેય દર્શનોમાં થી અપવાદરૂપે એક ચાર્વાકદર્શનને બાદ કરતાં બાકીના બધાં દર્શનોએ કર્મનો સિદ્ધાન્ત સ્વીકારીને તેના વિશે વિચારણા કરીને માર્ગદર્શન આપ્યું છે.

ભારતીય દર્શનોમાં રજૂ થયેલા આ કર્મસિદ્ધાન્તની શાસ્ત્રીય અને સાંગોપાંગ ચર્ચા ઘણી રસપ્રદ અને ઉપયોગી બને પણ એમ ન કરતાં, મને સોંપાયેલી કામગીરી અનુસાર હું અહીં ન્યાયદર્શન અને વૈશેષિકદર્શન આ વિષયની વિચારણા કઈ બાબતો પર પ્રકાશ ફેંકે છે તેની હું સંક્ષેપમાં વાત કરીશ. ન્યાય અને વૈશેષિક એ બે દર્શનોના પ્રણેતાઓ હતા ગૌતમઋષિ અને કણાદઋષિ. આ બે દાર્શનિકોની અને તેથી તેમના દર્શનની વિશેષતા એ છે કે અન્ય દાર્શનિકોએ જ્યારે જગતની ઉત્પત્તિમાં પ્રકૃતિ અથવા પ્રકૃતિથી વિશિષ્ટ પરમાત્માને કારણરૂપ માન્યા હતા, ત્યારે આ બે દાર્શનિકોએ જગતની રચના પ્રકૃતિથી નહીં પણ પરમાણુઓથી થયેલી છે એમ જણાવીને આ ખ્યાલને વૈજ્ઞાનિક ધરાતલ ઉપર મૂકી આપ્યો હતો. આ બે દર્શનો વિશે અત્યંત સંક્ષેપમાં ખ્યાલ આપવો હોય તો એમ કહેવાય કે આત્મા અને અનાત્માના વિશેષ ધર્મો નક્કી કરનાર દર્શન તે વૈશેષિક દર્શન અને તે માટે જોઈતા અનુમાન વગેરે પ્રમાણની યોજના આપનાર દર્શન તે ન્યાયદર્શન. આ બે દર્શનોએ આ રીતે પ્રમેય અને પ્રમાણની યોજના ઘડી આપી તેથી તેમનું દાર્શનિક ચિંતનધારામાં ઘણું અગત્યનું સ્થાન છે. શાસ્ત્ર પ્રતિપાદનોને પણ તર્ક, બુદ્ધિ, વાદ-વિવાદ વગેર કસોટીએ ચઢાવી તેમની તર્કશુદ્ધતા ચકાસવાનો આ બે દર્શનોએ મહત્ત્વનો ઉદ્યમ કર્યો છે. તેથી તેમનું મહત્ત્વ પણ ઘણું છે.

આ બંને દર્શનો જણાવે છે કે મનુષ્ય શરીરથી, મનથી અને વાણીથી જે ક્રિયાઓ કરે છે એને એની પ્રવૃત્તિ કહેવાય. મનુષ્ય આવી જે પ્રવૃત્તિ કરે છે તેના સંસ્કાર તેના ચિત્તમાં પડે છે. આમાંથી જે અનુભવજન્ય સંસ્કાર છે તે વાસના છે અને પ્રવૃત્તિજન્ય સંસ્કાર છે તે કર્મ છે. માણસની પ્રવૃત્તિ બે જાતની હોય છેઃ (૧) સત્પ્રવૃત્તિ અને (૨) અસત્પ્રવૃત્તિ. સત્પ્રવૃત્તિ એટલે સારું કર્મ અને અસત્પ્રવૃત્તિ એટલે ખરાબ કર્મ. આવી સત્‌અસત્ પ્રવૃત્તિના ફળ રૂપે પુણ્યપાપ કે ધર્માધર્મ રચાય છે. આ ધર્માધર્મના સમૂહને 'અદૃષ્ટ' કહેવામાં આવે છે. આ અદૃષ્ટને કારણે મનુષ્યને સારું કે નઠારું શરીર પ્રાપ્ત થાય છે. જ્યાં સુધી જીવની પ્રવૃત્તિના સંસ્કારો જીવીત રહે ત્યાં સુધી જીવે કર્મફળ ભોગવવા માટે શરીર ધારણ કરવું પડે. એ રીતે જન્મપુનર્જન્મનું ચક્ર ચાલ્યા કરે. જીવનો જન્મ થાય એટલે ફરી પ્રવૃત્તિઓ થવાની, તેથી ફરી કર્મો કર્યા કરવાના, તેથી તેના અદૃષ્ટમાં ઉમેરો થતો રહેવાનો. જ્યાં સુધી જીવનો વાસનાક્ષય ન થાય ત્યાં સુધી આમ ચાલ્યા જ કરે. વાસના જાય તો અદૃષ્ટમાં થતી વૃદ્ધિ અટકે. પરંતુ બધાં કર્મો ભોગવાઈ ન જાય ત્યાં સુધી જીવે સંસારમાં રહેવું પડે. જીવનું સર્જન ભલે પરમાણુમાંથી થાય, ભલે એનો કર્તા ઈશ્વર હોય, પણ ઈશ્વરેય જીવનું સર્જન એના અદૃષ્ટ મુજબ જ કરે. મતલબ કે જીવસર્જન કર્માનુસાર છે. જીવસર્જન થાય ત્યારે દરેક જીવાત્માને પોતપોતાના અદૃષ્ટ અનુસાર પોતાનાં કર્મફળ ભોગવવાની અનુકૂળતા રહે એવો દેહ મળે. અદૃષ્ટનું બંધન ઈશ્વરની સર્જનશક્તિને પણ સાંકળે છે. તેથી જીવને નિર્લેપ એવો આત્મા મળે પણ સાથોસાથ અણુપરમાણુ વડે મન પણ મળે અને દરેકને આત્મા એકસરખો મળે પણ મન અલગ અલગ મળે.

આ બંને દર્શનો આત્માને નિત્ય અને અનાદિ ગણે છે. મતલબ કે આત્મા નાશ પામતો નથી. એ માણસના જન્મ પહેલાં અને મૃત્યુ પછી પણ અસ્તિત્વ ધરાવે છે. એટલે કે મનુષ્યને પૂર્વજન્મ અને

પુનર્જન્મ બંને છે. જીવના પૂર્વજન્મને પુરવાર કરવા આ દર્શનો એક સચોટ ઊદહરણ આપે છે. કોઈ અબુધ શિશુના ચહેરા ઉપર ક્યારેક હાસ્ય તો ક્યારેક ડર અને રુદનના ભાવો જણાય છે. આવું એ કારણે બને છે કે એની સામે પોતાના પૂર્વજન્મનું કોઈ ઈષ્ટ કે અનિષ્ટ વિષયનું સ્મરણ ઊભરી આવે છે. આવું સ્મરણજ્ઞાન પૂર્વ જન્મના કોઈ અનુભવોને કારણે આવે છે. પૂર્વેના એવા અનુભવોના સંસ્કારો એ જીવના આત્મામાં પડ્યા હોય છે, તે જ આ શિશુને સ્મરણભાન આપે છે. અન્યથા આવું નાનું અને અબુધ બાળક વિષયને ઈષ્ટ કે અનિષ્ટ કેવી રીતે સમજી શકે ? બાળક એ સમજી શકે છે એનું કારણ આ જન્મમાં નહિ પરંતુ ગત જન્મોમાં ક્યારેક એવો અનુભવ થયેલો હોય. એ અનુભવના પૂર્વજન્મના સંસ્કાર આ બાળકમાં હોવાથી એ હસે અથવા રડે છે. બાળકના આ ઉદાહરણથી એ સિદ્ધ થાય છે કે પૂર્વજન્મ છે. જો પૂર્વજન્મ સાબિત થાય છે તો પુનર્જન્મ પણ પુરવાર થાય છે. કારણ કે જન્મમરણનો પ્રવાહ તો નિત્ય અને અનાદિ છે.

અહીં કોઈના મનમાં શંકાપ્રશ્ન ઉદ્ભવી શકે જો આવો જન્મપ્રવાહ નિત્ય અને અનાદિ હોય તો તે જીવે અસંખ્ય વખત મનુષ્ય, પશુ, પંખી કે જંતુનો જન્મદેહ ધારણ કર્યો હોવો જોઈએ અને એ બધા જન્મોના સંસ્કાર પણ તેનામાં હોવા જોઈએ. એ બધા સંસ્કારો જીવાત્માના ચાલુ (વર્તમાન) જન્મમાં જાગવા જોઈએ. એને પરિણામે એ જીવને અન્ન, ઘાસ, ચણ કે જીવડાં તરફ પણ અનુરાગ થવો જો ઈએ, પરંતુ ખરેખર એમ થતું નથી એનું કારણ શું ? આ દાર્શનિકોનો ઉત્તર છે કે જીવ જ્યારે નવો દેહ ધારણ કરે છે તે દેહ (જાતિ)ને અનુરૂપ કર્મોનો જ વિપાક થાય છે. તેથી તેના વર્તમાન દેહ (જાતિ)ને અનુરૂપ સંસ્કારો જ જાગ્રત થાય છે, બાકીના અભિભૂત રહે છે. જો માનવાવતાર પછી ફરી પશુસૃષ્ટિમાં જીવનો જન્મ થાય તો પશુને અનુરૂપ કર્મસંસ્કારો ઉદ્બુદ્ધ થાય, બાકીના અભિભૂત રહે. મતલબ કે જીવમાં જે રાગદ્વેષ જન્મે છે એનું કારણ પૂર્વજન્મના સંસ્કારો છે અને એ સંસ્કારોની જાગૃતિનું મુખ્ય કારણ જાતિ (મનુષ્ય, પશુ, પંખી, જંતુ) છે.

વળી, જીવોનાં જાતજાતનાં શરીરો, જાતજાતના સ્વભાવો અને જુદી જુદી જાતની શક્તિઓનું જીવોમાં વૈચિત્ર્ય દેખાય છે, એનું શું કારણ હોઈ શકે ? એનો ઉત્તર આ દાર્શનિકો આ રીતે આપે છેઃ એનું કારણ જીવે પૂર્વજન્મમાં કરેલાં જુદી જુદી જાતનાં કર્મો છે. જીવ જીવ વચ્ચે જે ભેદ જણાય છે તેનો ખુલાસો પૂર્વજન્મના એ જીવોનાં વિચિત્ર કર્મોને માન્યા-સ્વીકાર્યા વિના થઈ શકતો નથી. એક માબાપના એકસમાન પરિસ્થિતિમાં ઉછરેલાં જોડિયા બાળકોનું ઉદાહરણ જુઓ. એ બંને વચ્ચે કેટલી ભિન્નતા દેખાય છે ! એનું કારણ એ બંને જીવોના પૂર્વજન્મમાં એમણે કરેલાં કર્મો અને એની આ જન્મમાં પડતી અસરો સિવાય બીજું કાંઈ નથી.

કોઈને એવો પણ પ્રશ્ન થાય કે પૂર્વજન્મ છે એ સ્વીકારીએ તો પૂર્વજન્મના અમુકતમુક વિષયનું જ વર્તમાન જીવનમાં સ્મરણ કેમ થાય છે, બધા વિષયોનું સ્મરણ કેમ થતું નથી.? મતલબ કે, પૂર્વજન્મમાં પોતે કોણ હતો, ક્યાં હતો, કેવો હતો વગેરે વાતોનું સ્મરણ વર્તમાન જીવનમાં કેમ થતું નથી? એનો ઉત્તર આપતાં આ દર્શનો એમ કહે છે કે આત્મગત જે સંસ્કારો આ જન્મમાં ઉદ્બુદ્ધ થાય તે સંસ્કારો જ સ્મૃતિ ઉત્પન્ન કરે. જે સંસ્કારો અભિભૂત રહે છે તે સ્મૃતિ જન્માવતા નથી. સંસ્કાર હોય એટલે સ્મૃતિ થાય જ એવું નથી. સ્મૃતિ-સ્મરણ થવા માટે પૂર્વસંસ્કારની જાગૃતિ થવી જરૂરી છે. દા. ત. બાળપણમાં અનુભવેલ બધી ઘટનાઓનું સ્મરણ આ જન્મમાં પણ, વૃદ્ધાવસ્થામાં આપણને ક્યાં થાય છે ? જેમ દુઃખના ઓથારથી કેટલીક પરિચિત વ્યક્તિને કેટલીક વ્યક્તિ ભૂલી જાય છે તેમ. દુઃખના ઓથારે તે પરિચિત વ્યક્તિ વિશેના સંસ્કારો તિરોહિત કરી દીધા હોય છે. જેમ દુઃખ તેમ મૃત્યુ પણ જીવના અનેક સંસ્કારોને તિરોહિત કરી દે છે. તેથી વર્તમાન જીવનમાં પુર્વાવતારોમાં પોતે કોણ, કેવો, ક્યાં હતો તેનું સ્મરણ થતું નથી. પૂર્વજન્મમાં પોતે કોણ હતો, કેવો હતો, ક્યાં હતો એ બધી વાતની સ્મૃતિને જાતિસ્મરણ કહે છે. આવું જ્ઞાન કોઈકને જ થાય છે અને જેને થાય છે તેના સંસ્કાર ઉદ્બોધકરૂપે ધર્મકામ કરતો હોય છે.

સંસ્કાર ઉદ્બુદ્ધ કરનાર ઉદ્બોધકમાં એક છે ધર્મ અને બીજો છે જે જાતિમાં થાય તે જન્મ. જીવ જે જાતિ (મનુષ્ય, પશુ, પંખી, જંતુ)માંજન્મ પ્રાપ્ત કરે તેને અનુરૂપ જ સંસ્કારો જાગૃત થાય.

કોઈને એવો પ્રશ્ન પણ થાય કે જીવના મૃત્યુ સાથે આત્માનું મૃત્યુ અને એના જન્મ સાથે આત્માનો જન્મ થતો હોય છે કે એમ નથી હોતું ? આ દર્શનો આ અંગે સ્પષ્ટ છે. એ કહે છે જો શરીરની ઉત્પત્તિ અને નાશ સાથે આત્માની ઉત્પત્તિ અને નાશને સ્વીકારીએ તો આખી વિચારણામાં બે દોષ આવે. એ છે કૃતહાન અને અકૃતાભ્યાગમ્. શરીર સાથે જો આત્માનોય નાશ થઈ જતો હોય તો જીવને તેણે કરેલાં કર્મોનું ફળ ભોગવવા મળે નહિ. અને જો શરીર સાથે આત્મા ઉત્પન્ન થતો હોય તો જે ભોગવશે તે તેના પોતાના કર્મોનું ફળ કેવી રીતે ગણી શકાય ?

જીવનો જન્મ કેમ થાય છે ? દેહોત્પત્તિનું કારણ શું છે ? આ દર્શનો સ્પષ્ટ કહે છે, પૂર્વ શરીરમાં કરેલાં કર્મોના ફળરૂપ ધર્માધર્મ જ જન્મ અને દેહોત્પત્તિનું કારણ છે. ધર્માધર્મરૂપ અદૃષ્ટથી પ્રેરાઈને ભૂતોમાંથી દેહ ઉત્પન્ન થાય છે, ભૂતો પોતે દેહને ઉત્પન્ન કરતાં નથી. જો કોઈ ભૌતિકવાદી દૃષ્ટિબિંદુ ધરાવનાર એમ કહે કે સ્ત્રીપુરૂષના દેહમિલનથી થતાં શુક્રશોણિત સંયોગને પરિણામે દેહ ઉત્પન્ન થાય છે તો તે વાત પણ પૂર્ણ સત્ય નથી. એવા સંયોગથી હંમેશાં ગર્ભાધાન અને દેહોત્પત્તિ થતી નથી. માટે બરાબર સમજવું જોઈએ કે શુક્રશોણિત સંયોગ દેહોત્પત્તિનું એક માત્ર નિરપેક્ષ કારણ નથી. કોઈ બીજા કારણની પણ એમાં અપેક્ષા રહે છે, અને એ બીજું કારણ છે પૂર્વકર્મ. પૂર્વકર્મ વિના શુક્રશોણિત સંયોગ શરીરોત્પત્તિ માટે સમર્થ બનતો નથી. એટલું જ નહીં, સ્ત્રી-પુરુષ, વ્યંઢળ એવા શરીરભેદનો ખુલાસો પણ પૂર્વજન્મ કર્મોને માનવાથી જ મળે છે. પૂર્વકર્મને ન માનીએ તો અમુક આત્માને પુરુષનું, અમુકને સ્ત્રીનું તો અમુકને વ્યંઢળનું શરીર એવી જે વ્યવસ્થા દેખાય છે એનું માનસિક સમાધાન કેવી રીતે થશે ? પૂર્વકર્મને માનીએ તો જ આ વ્યવસ્થાનું તંત્ર સમજી સ્વીકારી શકાય. કહેવાનો મતલબ એ છે કે દેહોત્પત્તિમાં જીવનાં કર્મોને નિમિત્તકારણરૂપ માનવા જોઈએ.

રાગદ્વેષપૂર્વક કરાતી ક્રિયા અથવા પ્રવૃત્તિ પોતાનું ફળ આપે જ છે. અહીં કોઈને પ્રશ્ન થાય કે ક્રિયા તો શરીર કે મન કરે છે પણ અદૃષ્ટ અને તેનું ફળ આત્મામાં ઉત્પન્ન થાય છે, એમ શા કારણે ? આ દર્શનો કહે છે, અદૃષ્ટની ઉત્પત્તિમાં ક્રિયા કારણરૂપ નથી, કારણરૂપ છે રાગદ્વેષ. આ રાગદ્વેષનો આશ્રય આત્મા છે, અદૃષ્ટ પણ આત્મામાં જ ઉત્પન્ન થાય છે અને એનું ફળ સુખદુઃખ પણ આત્મામાં

જ ઉત્પન્ન થાય છે. માણસ પાસે તર્કબુદ્ધિ, સારાસાર વિવેક અને ઔચિત્યભાન બધું છે. તેથી પોતાને કર્મ કરવા માટે મળેલી સ્વતંત્રતાનો ઉપયોગ ક્યાં, કેવી રીતે, કેટલો કરવો તે મનુષ્યે ખુદે નક્કી કરવું જોઈએ. ઈશ્વરે મનુષ્યને કર્મો કરવા માટે શરીર, ઈન્દ્રિયો અને અંતઃકરણ આપ્યાં, વિવેકબુદ્ધિ આપી, કર્મ કરવાની સ્વતંત્રતા આપી તો પછી મનુષ્ય જે કર્મો કરે છે તેની જવાબદારી તેની ખુદની રહે છે. ઈશ્વર નામક કોઈ સત્તા ન્યાયાધીશ થઈ તેનાં સદ્કૃત્યો દુષ્કૃત્યો અનુસાર એને સજા કે શરપાવ આપતો નથી. ઈશ્વર મનુષ્યનાં કર્મોના લેખાજોખાં કરી એનો ન્યાય તોળનારો ન્યાયાધીશ નથી. એનો ન્યાયાધીશ એનો અંતરાત્મા જ છે. મનુષ્ય પોતાના કર્મોના જે ફળ પામે છે તે તેના રાગદ્વેષના પરિણામરૂપ હોય છે. જે મનુષ્ય રાગ-દ્વેષ વગેરે દોષોથી મુક્ત થઈ જીવનપ્રવૃત્તિ કરે છે તે જીવનમુક્ત બને છે.

સારામાઠાં કર્મોના ભોગવટાથી કર્મોનો ક્ષય થતો જાય છે, પણ કર્મક્ષય માટે આટલી સમયાવધિ હોવી જોઈએ. એવો કોઈ નિયમ નથી. પૂર્વેના અનંત જન્મોમાં જેમ કર્મોનો સંચય થતો જાય છે તેમ જન્મજન્માંતરમાં એના ભોગથી તેમનો ક્ષય પણ થતો રહેતો હોય છે. મનુષ્ય સમજપૂર્વક રાગદ્વેષ જેવા દોષોથી અલિપ્ત રહી નવા કર્મો બાંધવામાંથી મુક્ત થતો જઈ શકે અને બાકી રહેલાં કર્મોનો સમજપૂર્વક ભોગવટો કરી કર્મફળના પરિણામરૂપ જન્મમરણના ફેરામાંથી મુક્તિ પણ મેળવી શકે. જ્યારે જ્ઞાની યોગીઓ પોતાની યોગસિદ્ધિના બળે પોતાના છેલ્લા જન્મમાં અનેક શરીરો નિર્માણ કરી પૂર્વકર્મોના વિપાકોને ભોગવી લઈને જીવનમુક્ત બની જાય છે.

કોઈ એમ માને છે કે કર્મ અને કર્મફળ વચ્ચે કોઈ નિયત સંબંધ નથી. ફળ કર્મ ઉપર નહીં પણ ઈશ્વર ઉપર આધાર રાખે છે તેનો આ દર્શનના પ્રણેતાઓ વિરોધ કરીને જણાવે છે કે કર્મની બાબતમાં ઈશ્વર ફક્ત ઉપદ્દષ્ટા, માર્ગદર્શક અને કર્મફળના નિયત સંબંધનું જ્ઞાન કરાવનાર છે. ઈશ્વર ક્યાં કોઈ પાસે બળજબરીથી કોઈ કાર્ય કરાવે છે ? જેમ વૈદ્ય માત્ર દવા બતાવે છે છતાં આપણે એમ કહીએ છીએ કે વૈદ્યે રોગ મટાડ્યો, તેમ ઈશ્વર પણ રાગ-દ્વેષ વગેરે રોગનો ઈલાજ બતાવનાર છે, છતાં આપણે કહીએ છીએ ઈશ્વરે ફળ આપ્યું. આટલા મર્યાદિત અર્થમાં જ ઈશ્વર ફળનો કર્તા કે ફળનો સંપાદક છે. **વાસ્તવમાં કર્મ અને એનાં ફળનો કર્તા અને ભોક્તા તો જીવ પોતે જ છે.**

આમ, આ બે દર્શનોમાં કર્મવિચારણા ઘણી વિશદ અને વ્યવસ્થિત રૂપે થયેલી છે. એ જેટલી રોચક છે એટલી જ દ્યોતક છે.

★

આ લેખમાં આ વિષયના પ્રબુદ્ધ વિદ્વાનો–સ્વામીશ્રી કાશીકાનંદગિરિ, શ્રી નગીનભાઈ શાહ અને શ્રી જયંતભાઈ ઠાકરનાં લખાણોનો મેં આધાર લીધો છે. એ સૌનો હું ઋણભાર સ્વીકારું છું.

## જાતિ સ્મરણના કારણો

કોઈક મનુષ્યોને નિમિત્ત પ્રાપ્ત થતાં જાતિસ્મરણ જ્ઞાન થાય છે તેમાં કેટલાંક કારણો મહત્ત્વનો ભાગ ભજવે છે, જેમ કે – (૧) મોહનીય કર્મનો ઉપશમ (૨) અધ્યવસાય શુદ્ધિ અને (૩) ઈહા, અપોહ, માર્ગણા અને ગવેષણા કરવાથી.

**(૧) ઉપશાંતમોહનીય :** શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના નવમા અધ્યયન 'નમિ પ્રાજ્યા'માં મોહનીય કર્મનો ઉપશમ થતાં નમિરાજાને જાતિસ્મરણ જ્ઞાન થયું.

चइऊण देवलोगाओ, उववन्नो माणुसम्मि लोगम्मि।
उवसन्तमोहणिज्जो, सरई पोराणियं जाइं ।। १ ।।

**ભાવાર્થ:** નમિરાજા દેવલોકથી ચ્યવીને આ મનુષ્યલોકમાં ઉત્પન્ન થયા અને મોહનીયકર્મના ઉપશાંત થવાથી એમને પોતાના પાછલા જન્મનું સ્મરણ થયું.

અર્થાત્ પોતાના પૂર્વજન્મનું સ્મરણ કરવા માંડ્યા. આનાથી સિદ્ધ થાય છે કે જે જીવનું મોહનીયકર્મ ઉપશાંત થઈ જાય છે એ આત્મા પોતાના પાછલા જન્મો-ને જ્ઞાન દ્વારા જોઈ લે છે. પરંતુ જે જીવના મોહનીયકર્મનો ઉદય થાય છે એ પાછલા જન્મને તો શું, આ જન્મના કરેલાં કાર્યોને પણ ભૂલી જાય છે.

**(૨) અધ્યવસાન શુદ્ધિ :** શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ઓગણીસમા અધ્યયન 'મૃગાપુત્ર'માં સાધુના દર્શન થવાથી, મોહનીય કર્મ દૂર થવાથી તેમ જ અધ્યવસાન શુદ્ધિ થતાં મૃગાપુત્રને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું.

साहुस्स दरिसणे तस्स, अज्जवसाणंमि सोहणे ।
मोह गयस्स सन्तस्स, जाईसरमं

*ભાવાર્થ :* દર્શન થયા બાદ, મોહકર્મ દૂર થવાથી અંતઃકરણમાં અધ્યવજ્ઞાનની શુદ્ધિ થતાં મૃગાપુત્રને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થઈ ગયું.

**(૩) ઈહા, અપોહ, માર્ગણા અને ગવેષણા કરવાથી**–શ્રી જ્ઞાતાધર્મકથા સૂત્રના પ્રથમ અધ્યયન 'મેઘકુમાર'માં મેઘકુમાર ભગવાન મહાવીર પાસેથી પૂર્વભવ સાંભળી, તેનું ચિંતન કરતાં તેમને જાતિ સ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું હતું.

तए णं तस्स मेहस्स अणगारस्स, समणस्स जावओ महावीरस अंतिए

हयमट्ठं सोच्चा णिसम्म सुभेहिं परिणामेहिं, पसत्थेहिं अज्झवसाणेहिं,

लेस्साहिं विसुज्झमाणीहिं, तयावरणिज्जाणं कम्माणं खओपसमेणं ईहा पोह–मग्गण–गवेसणं करेमाणस्स सण्णिपुव्वे जाइसरणे समुरप्पण्णे, एयमट्ठं–सम्मं अभिसमेइ ।

**ભાવાર્થ :** ત્યારપછી શ્રમણ ભગવાન મહાવીર પાસેથી આ વૃત્તાંત સાંભળીને હૃયમાં ધારણ કરીને મેઘકુમાર અણગારને શુભ પરિણામો, પ્રશસ્ત અધ્યવસાયો, વિશુદ્ધ લેશ્યાઓ અને જાતિસ્મરણને આવૃત્ત કરનારા જ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમના કારણે ઈહા, અપેહ, માર્ગણા અને ગવેષણા કરતાં, સંજ્ઞી જીવોને પ્રાપ્ત થતું જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું અને જાતિસ્મરણ જ્ઞાન દ્વારા મેઘમુનિએ પોતાના પૂર્વભવની જીવન ઘટનાને સમ્યક્ પ્રકારે જાણી લીધી.

**- સંપાદિકાઓ**

# ઉપનિષદમાં કર્મવિચાર

□ ડૉ. નરેશ વેદ

ઉપનિષદો જીવનવિજ્ઞાનના ગ્રંથો છે, એટલે મનુષ્યનાં જન્મ, આયુષ્ય અને તેની સ્થિતિ-ગતિનો વિચાર પણ કરે છે. મનુષ્યને ક્યા સ્થળ-કાળમાં, કઈ જાતિમાં, ક્યા માતા-પિતાને ત્યાં શા કારણે જન્મ મળે છે, પોતાના આયુષ્યકાળ દરમ્યાન એ જે કાંઈ કર્મો કરે છે તે શા કારણે કરે છે, એ કર્મોને કારણે એણે પોતાના જીવન દરમ્યાન સુખ-સુઃખના વારાફેરા કેમ અનુભવવા પડે છે, એના જીવનકર્મો એને ક્યા માર્ગે કઈ યોનિમાં લઈ જાય છે અથવા એને મુક્તિ અપાવે છે– એ બધી બાબતોનો વિચાર કરવાનું પણ ઉપનિષદના સ્રષ્ટાઓએ ટાળ્યું નથી. એક ચાર્વાક દર્શન સિવાય બાકીના લગભગ બધાં ભારતીય દર્શનોએ જે રીતે કર્મના સિદ્ધાન્તનો વિચાર અને સ્વીકાર કર્યો છે, તેમ ઉપનિષદોએ પણ કરેલો છે. જોકે ઉપનિષદો કોઈ એક ઋષિમુનિનું સર્જન નથી, અનેક ઋષિઓ દ્વારા એમની રચના થયેલી છે અને એ બધાને મુખ્ય પ્રતિપાદ્ય વિષય તો અધ્યાત્મ અને બ્રહ્મવિદ્યા હતી તેથી અન્ય વિષયોની માફક કર્મસિદ્ધાન્તની ચર્ચા પણ ઉપનિષદમાં સળંગ, સાંગોપાંગ રૂપે મળતી નથી, મુખ્ય વિષયની ચર્ચાના અનુષંગે અને અનુસંધાને થયેલી છે. એટલે કર્મસિદ્ધાન્તની વિચારણા અશેષ અને પૂર્ણરૂપે એમાં મળતી નથી, પણ જેટલી મળે છે તેટલી પણ ઘણી રોચક અને દ્યોતક છે. કર્મ વિશેની આ વિચારણા મુખ્યત્વે ઈશ, પ્રશ્ન, મુંડક, છાંદોગ્ય, મૈત્રાયણી, કૌષીતકી વગેરે ઉપનિષદોમાં થયેલી છે.

તેમનું માનવું છે કે જન્મ લઈને કોઈ પણ મનુષ્ય કર્મ કર્યા વિના રહી શકતો નથી. જેમ આ દુનિયામાં લોકો જે જગ્યા કે ખેતર રાખે તેની ઉપર તે રાજશાસનના હુકમ પ્રમાણે જ ભોગવટો કરી શકે છે, તેમ માણસને પણ ભગવાનના નિયમ પ્રમાણે પોતે જે કાંઈ કર્મો કરે તેનાં ફળો ભોગવવા પડે છે. મનુષ્ય આત્મા જેવું કર્મ કરે છે, જેવું આચરણ કરે છે તેવો તે બને છે. જો જીવનમાં તે સત્કર્મો કરે છે તો સારો બને છે, પાપ કર્મો કરે છે તો પાપી બને છે, પુણ્ય કર્મ કરે છે તો પુણ્યશાળી બને છે. મનુષ્ય જેવી ઈચ્છા કરે છે તે મુજબ તેનો સંકલ્પ થાય છે. જેવો સંકલ્પ તે કરે છે તે અનુસાર એનું કર્મ થાય છે અને જેવું કર્મ તે કરે છે તે અનુસાર તે ફળ પામે છે. પરંતુ ઋષિઓનું કહેવું છે કે ફળની ઈચ્છા રાખ્યા વિના પોતપોતાનાં કર્મો કરતા રહીને જ મનુષ્યે સંસારમાં સો વર્ષ જીવવાની આશા રાખવી જોઈએ. એના કરતાં એના માટે બીજો કોઈ સારો માર્ગ નથી. મતલબ કે કર્મસિદ્ધાન્ત સ્વીકારીને જ મનુષ્યે પોતાની અભિલાષાઓની સિદ્ધિ માટે શતાયુ બનવું જોઈએ. વળી, જો તે પોતાને પ્રાપ્ત ભોગોનો ઉપભોગ, જે ભોગો પણ ધર્મયુક્ત કર્મોને કારણે પ્રાપ્ત થયાં હોય, અનાસક્તિપૂર્વક કરે તો તેના ઉપર કર્મનું બંધન ચડતું નથી. પણ મનુષ્યે એટલું સમજી લેવું જોઈએ કે પોતાના પૂર્વભવના પૂર્વકર્મોને પાછાં વાળી શકાતાં નથી. જીવાત્મા સત્ અને અસત્ કર્મોનાં સત્ અને અસત્ ફળરૂપી પાશથી બંધાયેલો છે. મતલબ કે તે કર્મ કરવામાં સ્વતંત્ર છે પણ તેના ફળ ભોગવવામાં કોઈ કેદીની જેમ અસ્વતંત્ર છે.

આગળ ચાલતાં તેઓ કહે છે, આ સંસારમાં બે પ્રકારનાં કર્મો છેઃ એક અમૃત કર્મ અને બીજું સત્ય કર્મ. જે મનુષ્યનાં કર્મ (વાસના) અમૃત (મરે નહિ તેવાં) છે તેને લોકો ત્રાસ આપે છે, પરંતુ જે વ્યક્તિ સત્યકર્મી છે (એટલે કે જે વ્યક્તિ વાસનાથી પ્રેરાઈને નહિ, પણ સત્યની પ્રાપ્તિને માટે કર્મ કરે છે) તેનું અસ્તિત્વ અખંડ રહે છે.

કર્મોનું બીજી રીતે વર્ગીકરણ કરીને તેઓ અન્ય બે જાતના કર્મોની વાત કરે છે. (૧) ઈષ્ટ કર્મો અને (૨) આપૂર્ત કર્મો. ઈષ્ટ કર્મો એટલે માણસ પોતાની ભલાઈ માટે જે લૌકિક શુભકર્મો કરે છે તે. જેમકે, અગ્નિહોત્ર, તપશ્ચર્યા, સત્ય આરાધના, અહિંસા પાલન, અતિથિ સત્કાર, ઈષ્ટદેવની ઉપાસના વગેરે. જ્યારે આપૂર્તકર્મો એટલે બીજાની ભલાઈને માટે મનુષ્ય જે લૌકિક શુભકર્મો કરે છે તે. જેમ કે, વાવ, કૂવા, તળાવ ખોદાવીને બંધાવા, દેવમંદિરો અને ધર્મશાળાઓ બાંધવી, સદાતો ચલાવવા, જાહેર જનતા માટે બાગબગીચા બનાવવા વગેરે. આવાં ઈષ્ટ અને આપૂર્ત કર્મોને જ શ્રેષ્ઠ માનનારા લોકો મૂઢ છે. કેમકે તે કર્મો સિવાય જીવનમાં એમને બીજું કાંઈ શ્રેય દેખાતું નથી. જે લોકો આવાં કર્મોની પાછળ જ મંડ્યા રહે છે, તેઓ દક્ષિણાયન દ્વારા ચંદ્રલોકમાં જાય છે અને તેઓ અહીં જ પુનર્જન્મ લઈને પાછા આવે છે. તેઓ સ્વર્ગલોકમાં પોતાનાં સત્કર્મોનાં ફળ ભોગવીને આ મનુષ્યલોકને અથવા તેનાથી પણ નીચા એવા કોઈ લોકને પામે છે. બધાય લોક (સ્વર્ગ વગેરે) કર્મ વડે મેળવાય છે એમ સમજીને જે લોકો બ્રહ્મજ્ઞાની છે તેઓએ વૈરાગ્યવાળા થવું અને એમ સમજવું જોઈએ કે અકૃત (એટલે કે કર્મથી ઉત્પન્ન ન થનારા) એવા બ્રહ્મને કર્મ વડે પહોંચાતું નથી. આ સત્ય છે જે કર્મોને મંત્રો દ્વારા મહર્ષિઓએ જોયાં તે કર્મોનો ત્રણ વેદોમાં (અથવા ત્રેતાયુગમાં) અનેક પ્રકારે વિસ્તાર થયો છે. એ કર્મોનું મનુષ્યે આચરણ કરવું જોઈએ. સત્કર્મથી મેળવાતા બ્રહ્મલોકમાં જવાનો એ જ માર્ગ છે. જેમનું અગ્નિહોત્ર પૂનમ-અમાસ-ચાતુર્માસ અને આગ્રયણ નામની ઈષ્ટિઓ (યાગો) વિનાનું રહે છે, તેમિ જ અતિથિ વિનાનું, હોમ વિનાનું, વિશ્વદે વના બલિ વિનાનું અથવા અવધિપૂર્વકની આહુતિવાળું રહે છે, તેના સાતેય લોકનો એ અગ્નિહોત્ર નાશ કરે છે. મતલબ કે કાળની કાલી, કરાલી, મનોજવા, સુલોહિતા, સુધૂમ્રવર્ણા, સ્ફુર્લિંગની અને વિશ્વરૂપા જિહ્‌વાના કોળિયા થઈ જાય છે. પરંતુ જે મનુષ્યો સમજદાર થઈને કાળજિહ્‌વાને સમયસર યથાયોગ્ય આહુતિઓ આપીને જીવન ગુજારે છે, તેને એ બ્રહ્મલોકમાં લઈ જાય છે.

આ ઉપરાંત અઢાર જાતના એક અવરકર્મની વિચારણા પણ આ ઋષિઓએ કરી છે. એ અઢાર જાત એટલે યજ્ઞકર્મ (જેમાં યજ્ઞ કરાવનારા ૧૬ ઋત્વિજો હોય અને યજમાન તેમ યજમાનપત્ની હોય) અથવા અઢાર ગ્રંથો (એટલે મંત્ર, બ્રાહ્મણ અને સૂક્ત એમ ત્રણ ભાગ સાથેના ચાર વેદો અને છ વેદાંગો હોય) અથવા અઢાર

પ્રકારના યજ્ઞો. આવું અવર જાતનું કર્મ કરનારાએ એ સમજવું જોઈએ કે આ બધા તરાપાઓ પણ અસ્થિર છે. કેવળ મૂઢ લોકો જ એમાં કલ્યાણ સમજે. આવું અવરકર્મ કરનાર ફરીવાર ઘડપણ અને મરણને આધીન થાય છે. અવિદ્યાની વચમાં રહેનારા અને પોતાને બુદ્ધિમાન અને પંડિત માનનારા મૂઢો આંધળા વડે દોરાયેલા આંધળાની જેમ અહીંથી તહીં ભટકતા ફરે છે. અનેક પ્રકારની અવિદ્યામાં રહેલા અને બાળકબુદ્ધિવાળા મૂઢો 'અમે કૃતાર્થ છીએ' એમ ફાંકો રાખે છે. પરંતુ આવા કર્મના અનુયાયીઓ આસક્તિને લીધે જ્ઞાન મેળવી શકતા નથી, અને તેથી જ કર્મ વડે મેળવેલા સ્વર્ગ વગેરે લોકમાં તેમનો નિવાસ પૂરો થતાં તેઓ આકુળવ્યાકુળ બનીને નીચે પડે છે.

અહીં ખાસ જોવાનું એ છે કે બ્રહ્મ ઉર્ફે આત્મા જ એક સત્ તત્ત્વ છે એવું માનનારા ઉપનિષદના ઋષિઓનો દૃષ્ટિકોણ વ્યવહારુ છે. તેઓ વ્યવહારુ ભૂમિકાએ જગતને, જીવનવ્યવહારોને અને એ નિમિત્તે કરવા પડતાં કર્મોને સાવ અસત્ કહેવા કે માનવાનું પસંદ કરતા નથી. તેઓ તો એમ માને છે કે જ્યાં સુધી જગત છે, સંસાર છે, જીવનવ્યવહારો છે ત્યાં સુધી કર્મો છે જ. એ કર્મો ખરેખર તો જ્ઞાનની ઉચ્ચોચ ભૂમિકાએ પહોંચાડનારા સોપાનો છે. તેથી જ કર્મો કરતાં કરતાં જ સો વર્ષ જીવવાની આશા રાખવી એવી ભલામણ તેમણે કરી છે.

તેમનું તો સ્પષ્ટ મંતવ્ય છે કે જેઓ માત્ર અવિદ્યારૂપ કર્મની ઉપાસના કરે છે, મતલબ કે જેઓ અણસમજુ અને અવિવેકી થઈને કર્મમાં જ રચ્યાપચ્યા રહે છે તેઓ ગાઢ અંધકારમાં જાય છે અને જેમને માત્ર વિદ્યામાં જ રસ પડે છે તેઓ તો વળી વધારે ગાઢ અંધકારમાં ઊતરે છે. પરંતુ જેઓ અવિદ્યારૂપ કર્મ અને વિદ્યારૂપ જ્ઞાન એ બંનેને એકી સાથે જાણેસમજે છે, તે અવિદ્યા વડે મરણને તરી જઈને વિદ્યા વડે અમરપણું મેળવે છે.

આના અનુસંધાનમાં ઋષિઓએ જીવાત્માની મૃત્યુ પછી બે માર્ગોએ ગતિ કલ્પી છેઃ (૧) પિતૃયાન અને (૨) દેવયાન. કર્મો અને યજ્ઞોનું સામર્થ્ય જીવને પિતૃયાનને માર્ગે પિતૃલોકમાં લઈ જવા જેટલું જ છે, દેવલોકમાં જીવાત્માને લઈ જવા તે સમર્થ નથી. તેથી યજ્ઞ વગેરે ક્રિયાકાંડો અને વિધિવિધાનો કરવાવાળા મનુષ્યો પિતૃયાનને માર્ગે ચંદ્રલોકમાં પહોંચી, પોતાનાં સત્કૃત્યોના સુખપ્રદ ફળ ભોગવી, ફરી પાછા કર્મશેષ મુજબ ઊંચી યા નીચી મનુષ્યયોનિમાં અવતરે છે; પણ જેમણે જ્ઞાન માર્ગનો આશ્રય લઈ, શ્રદ્ધાપૂર્વક તપસ્યા અને વિધિવત્ ઉપાસના કરી હોય એવા જીવાત્મા દેવયાનના જ્યોતિર્મય માર્ગે થઈ બ્રહ્મલોકમાં જાય છે અને ક્રમમુક્તિ પામે છે.

આખી ચર્ચાના સારરૂપે છાંદોગ્ય ઉપનિષદના ઋષિ કહે છેઃ આ જગતમાં જેનાં આચરણ પવિત્ર અને સારાં હોય છે, તેઓ ફરીથી બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય વગેરેને ઘરે પવિત્ર અને સારે ઠેકાણે જન્મે છે. જેના આચરણ કૂડાં અને નઠારાં હોય છે, તેઓ ભૂંડ, કૂતરા કે ચાંડાળનો અવતાર પામે છે. જે મનુષ્ય પશુ જેવું ઈન્દ્રિયપરાયણ જીવન જિવતાં જિવતાં અશુભ અને અમંગળ કર્મો કરે છે તેઓ ઉપર નિર્દેશ કર્યો એવા પિતૃયાન કે દેવયાન માર્ગોમાંથી કોઈપણ માર્ગે જતા નથી, તેઓ ચાંચડ, માંકડ, મચ્છર વગેરે જીવજંતુઓનો અવતાર પામે છે અને તેઓ જન્મ-મરણ પામ્યા જ કરે છે. જીવાત્માની આ, પેલી બે ઉપરાંત, ત્રીજી ગતિ છે. આ ત્રીજી ગતિના જીવાત્માઓને કારણે જ પરલોક ભરાઈ જતો નથી.

ભૌતિક જગતમાં જેવો કારણ-કાર્યનો સિદ્ધાન્ત કામ કરે છે તેવો નૈતિક જીવનમાં કર્મ અને તેનાં ફળનો નિયમ કામ કરે છે. જનસામાન્યની સાધારણ સમજ મુજબ કતૃમ્, અકતૃમ, સર્વથા કતૃમ્ ઈશ્વર જીવાત્માને એના સારાં-માઠાં કર્મોનું ફળ આપવા એનાં જે તે કર્મોની પુરાંત જોઈને ન્યાય તોળે છે. પરંતુ ઉપનિષદો એમાં ઈશ્વરનું કોઈ કતૃત્વ નિહાળતાં નથી. ઈશ્વર મનુષ્યોનાં સત્કૃત્યો અને દુષ્કૃત્યોનાં લેખાંજોખાં કરી ન્યાય તોળનારો આવો કોઈ ન્યાયાધીશ નથી. નથી કોઈ ચિત્રગુપ્ત નામનો કોઈ દેવઅધિકારી, જે જીવાત્માઓના કર્મોની નોંધ પોતાના ચોપડામાં કર્યા કરતો હોય. વાસ્તવમાં એ ચિત્રગુપ્ત નથી પણ ગુપ્તચિત્ર છે, જે પ્રત્યેક મનુષ્યના અંતરમાં પડતું હોય છે. મનુષ્ય ઈચ્છે કે ન ઈચ્છે પણ એના અંતરાત્મામાં જે તે વ્યક્તિનાં શુભ-અશુભ કર્મોની નોંધ થયા કરતી હોય છે. જેવું વાવો, તેવું લણો, જેવું કરો, તેવું પામો– એ સનાતન નિયમ એટલે જ કર્મનો સિદ્ધાંત. એની આછીપાતળી જે ચર્ચાવિચારણા ઉપનિષદોમાં થઈ છે તે એટલી સૂચક અને દ્યોતક છે કે એ ક્યારેય અપ્રસ્તુત કે અપ્રાસંગિક નહીં જણાય. જીવનવિજ્ઞાનની સમજ આપતાં એના એક ભાગરૂપે જીવનના સનાતન નિયમની સમજૂતી આપવી પણ આવશ્યક હોઈ, ઉપનિષદોમાં કર્મસિદ્ધાન્તની, આ રીતે, ખપપૂરતી વિચારણા થયેલી છે. ★

## કર્મ જ અંતિમ સમયે સાથે આવે છે

પ્રાચીન ભારતમાં એક વ્યક્તિને ચાર પત્ની હતી. એક વખત તે ગંભીર રીતે બિમાર પડીને મરણપથારીમાં પડ્યો. તેણે પ્રથમ પત્નીને પોતાની સાથે બીજી દુનિયામાં આવવા કહ્યું. પ્રથમ પત્નીએ કહ્યું કે, તમે મને હંમેશાં પ્રેમ આપ્યો છે, પરંતુ હવે વિખુટા પડવાનો સમય આવી ગયો છે. બીજી પત્નીએ કહ્યું કે, જ્યારે પહેલી નથી આવતી તો હું શા માટે આવું. ત્રીજી પત્નીએ આંખમાં આંસુ સાથે કહ્યું કે, મારા પ્રિય પતિ, મારી તમારા પ્રત્યે પૂરેપૂરી સહાનુભૂતિ છે. હું તમારી સાથે સ્મશાન સુધી ચાલી શકું છું. જે મારી અંતિમ ફરજ છે. ચોથીની સાથે તેણે હંમેશાં ગુલામો જેવો વ્યવહાર કર્યો હતો. તેને એમ હતું કે આ તો ના જ પાડશે. ચોથીએ જવાબ આપ્યો, મારા પ્રિય, હું તમારી સાથે જરૂર આવીશ. મેં તમારી સાથે રહેવાની પ્રતિજ્ઞા લીધી છે. હું તમારાથી વિખૂટા પડી શકું નહિં.'

ભગવાન બુદ્ધે આ કથાનો સાર સમજાવતાં કહ્યું, પ્રથમ પત્ની શરીર છે, બીજી પત્ની ધન, સંપત્તિ, પદ પ્રતિષ્ઠા છે, ત્રીજી પત્ની સાંસારિક સંબંધો છે અને ચોથી પત્ની આપણા કર્મ છે.

**–સંપાદિકાઓ**

# સાંખ્ય-યોગ દર્શન-કર્મવાદ

☐ ડૉ. કોકિલા હેમચંદ શાહ

*[વિદુષી લેખિકા જૈન ધર્મના અભ્યાસી, પીએચ.ડી. વિદ્યાર્થીઓના માર્ગદર્શક પ્રાધ્યાપિકા અને પ્રભાવક વક્તા છે. જૈન સાહિત્ય સમારોહમાં ઉત્સાહપૂર્વક ભાગ લે છે.]*

ભારતની પવિત્ર ભૂમિ દર્શનોની જન્મભૂમિ છે. જેમાં આધ્યાત્મિક ચિંતન અને દાર્શનિક વિચારધારાની પ્રધાનતા છે. ભારતના દરેક દર્શનકારે એક અથવા બીજા રૂપે કર્મના વિષય પર વિચાર કર્યો છે. કર્મનો વિષય ઘણો વિશાળ છે. ભારતીય દર્શનો જે આત્માના અસ્તિત્વમાં માને છે તે બધાએ જ કર્મની સત્તાનો સ્વીકાર કર્યો છે, અલબત્ત કર્મ અને આત્માના સંબંધ વિષે ભિન્ન ભિન્ન વિચારધારા જોવા મળે છે. ભારતના છ દર્શનો છે-ન્યાય, વૈશેષિક, સાંખ્ય, યોગ, મીમાંસા અને વેદાંત. આ આસ્તિક દર્શનો ઉપરાંત ચાર્વાક, બૌદ્ધ અને જૈન દર્શન નાસ્તિક દર્શનો છે કારણકે તેઓ વેદઉપનિષદોની સત્તાનો સ્વીકાર કરતા નથી. તેમનું તત્ત્વજ્ઞાન તેઓના પોતાના સ્વતંત્ર શાસ્ત્રો પર આધારિત છે. દર્શનોમાં ચાર્વાક દર્શન સિવાય લગભગ બધા જ દર્શનો અધ્યાત્મવાદી છે. તેમાં આત્મા, પરમાત્મા, જીવ અને કર્મ સંબંધી ગંભીર અધ્યયન અને સૂક્ષ્મ વિવેચન કરવામાં આવ્યું છે. કર્મવાદનું એમાં વિશિષ્ટ સ્થાન છે. કર્મ જ આત્માને પરતંત્ર બનાવે રાખે છે. કર્મ અને પુરુષાર્થને સીધો સંબંધ છે.

જેમ ભૌતિક જગતમાં કાર્યકારણનો નિયમ કાર્ય કરે છે તેમ નૈતિક જગતમાં પણ કાર્યકારણનો નિયમ વ્યાપ્ત છે જેને આપણે કર્મસિદ્ધાંત કહીએ છીએ. આ કર્મનો નિયમ સર્વવ્યાપી છે. કર્મ એટલે ક્રિયા. કર્મવાદ પ્રમાણે દરેક ક્રિયાને તેનું ફળ હોય છે. 'જેવું કરશો તેવું પામશો'-આ નિયમ છે. કર્મસિદ્ધાંતની પાયાની વાત આ જ છે. પરંતુ આ સિદ્ધાંત કેવી રીતે કામ કરે છે તે સમજવું જરૂરી છે. કાર્યનું ફળ મળે જ છે-આ જન્મમાં નહીં તો પછીના જન્મમાં. કેટલાક કર્મો આ જન્મમાં ફળે છે, કેટલાક પછીના જન્મમાં. કરેલું કોઈ પણ કર્મ ફળ આપ્યા વિના રહેતું નથી-આ કર્મવાદનો નિયમ જન્મજન્માંતર સુધી વિસ્તરે છે. તેમજ આ જ નિયમ આપણા ભૂત, ભાવિ અને વર્તમાનને સમજાવે છે.

આમ કર્મનો સિદ્ધાંત પુનર્જન્મના સિદ્ધાંત સાથે સંકળાયેલો છે. પુનર્જન્મ હકીકત છે.

**સાંખ્યદર્શનમાં કર્મવાદ**

ભારતીય ષડ્દર્શનોમાં સાંખ્ય-યોગનું વિશિષ્ટ સ્થાન છે. સાંખ્યયોગ બંને વાસ્તવવાદી દર્શનો છે. સાંખ્યના તત્ત્વજ્ઞાનને યોગ સ્વીકારે છે. સાંખ્ય ભારતીય દર્શનોમાં મહત્ત્વનું દર્શન છે જેના પ્રવર્તક દાર્શનિક મહર્ષિ કપિલ માનવામાં આવે છે. સાંખ્ય શબ્દનો અર્થ છે. જ્ઞાન અર્થાત્ પ્રકૃતિ, પુરુષ અને એના ભેદોનું યથાર્થ જ્ઞાન એટલે સાંખ્ય. સાંખ્ય દ્વૈતવાદી દર્શન છે. પુરુષ અને પ્રકૃતિ બે તત્ત્વો છે. પુરુષ ચેતન છે જ્યારે પ્રકૃતિ જડ છે. પણ મહત્ત્વનું તત્ત્વ છે. શબ્દાન્તરથી એ જ કર્મ છે. સાંખ્યનો અર્થ છે વિવેકજ્ઞાન. પ્રકૃતિ તથા પુરુષના વિષયમાં અજ્ઞાન હોવાથી આ સંસાર છે અને જ્યારે તે બન્નેની ભિન્નતા સમજાય છે-જડ અને ચેતન તત્ત્વો ભિન્ન છે ત્યારે મોક્ષપ્રાપ્તિ થાય છે. સાંખ્ય દ્વૈતવાદી દર્શન છે કારણકે આ બંને તત્ત્વોને તે મૂળ તત્ત્વો માને છે જેના પરસ્પર સંબંધથી આ જગતનો આવિર્ભાવ થાય છે. પ્રકૃતિ જડ તથા એક છે જ્યારે પુરુષ ચેતન તથા અનેક છે. જગતના બીજા પદાર્થો મન, શરીર, ઈન્દ્રિય, બુદ્ધિ આદિની ઉત્પત્તિ પ્રકૃતિમાંથી થાય છે. પ્રકૃતિ ત્રિવિધ ગુણાત્મક છે. આ દર્શનમાં સમસ્ત જગતનું મૂળ ઉપાદાન કારણ પ્રવૃત્તિ માનવામાં આવે છે. સત્ત્વ, રજસ અને તમસ આ ત્રણ ગુણોની સામ્યાવસ્થાનું નામ પ્રકૃતિ છે. આ સાંખ્યનું વિશિષ્ટ પ્રદાન છે-ત્રણ ગુણો જે પ્રકૃતિનું સ્વરૂપ છે. પ્રકૃતિ એક છે પણ તેના વિકાર અનેક છે. અહંકાર બુદ્ધિ વગેરે.

ભૌતિક સૃષ્ટિનો કોઈપણ પદાર્થ આ ત્રણ ગુણોનો બનેલો છે. એટલે તે ત્રણ પ્રકારની વૃત્તિ ઉત્પન્ન કરે છે-સુખ, દુઃખ અને મોહની. પ્રત્યેક કાર્યનું કારણ હોય છે અને પ્રકૃતિ મૂળ કારણ છે. બધી જ બૌદ્ધિક પ્રક્રિયાનો આધાર બુદ્ધિ તત્ત્વ છે. તે સાત્ત્વિક હોવાથી પુરુષનું પ્રતિબિંબ ગ્રહણ કરી શકે છે. બુદ્ધિમાં જ્યારે ઈચ્છાશક્તિ પ્રવેશ કરે છે ત્યારે તે અહંકાર બને છે. અહંકાર અકર્તા પુરુષમાં કર્તાપણાના અધ્યવસાયનું આરોપણ કરે છે.

અન્ય દર્શનમાં જેને જીવ કહે છે તે પ્રાણશક્તિ સાંખ્યદર્શનમાં કોઈ અલગ તત્ત્વ નથી. પરંતુ મન, બુદ્ધિ અને અહંકાર એ ત્રણ અંતઃકરણની વૃત્તિઓ છે. ચિત્ત એટલે મન, બુદ્ધિ અને અહંકાર તે પરિણામશીલ છે. પુરુષ મૂળથી શુદ્ધ, ચૈતન્યરૂપ તથા શરીર-મનના બંધનોથી સ્વતંત્ર છે. પરંતુ અજ્ઞાન દશામાં ચિત્તથી તે સંબંધિત રહે છે. ચિત્ત વાસ્તવમાં પ્રકૃતિથી ઉત્પન્ન થયું હોવાથી અચેતન તત્ત્વ છે, પરંતુ પુરુષનું પ્રતિબિંબ પડવાથી ચેતન લાગે છે. હકીકતમાં, સુખદુઃખ ભોગવે છે બુદ્ધિ જ પરંતુ પુરુષ એના સાન્નિધ્યમાં રહીને પોતાને સુખોનો તથા દુઃખોનો ભોક્તા માને છે. તે તો ફક્ત જ્ઞાતા, દૃષ્ટા જ છે. આખી સૃષ્ટિનો વ્યાપાર પુરુષ માટે છે. તે ચૈતન્ય છે, નિષ્ક્રિય છે. પ્રકૃતિની લીલાનો તે કેવળ સાક્ષી અથવા ભોક્તા જ છે. એનું પ્રતિબિંબ જડ બુદ્ધિને પ્રકાશિત કરે છે, જેથી બુદ્ધિ ક્રિયાવાન બને છે. પુરુષ અકર્તા અને કેવળ દૃષ્ટા છે અને તે બુદ્ધિ દ્વારા ભોક્તા બને છે.

પુરુષ સ્વયં શુદ્ધ ચૈતન્ય છે. જ્યારે પુરુષ પ્રકૃતિથી અલગ છે એ જ્ઞાન થાય છે એ જ મહત્ત્વનો પુરુષાર્થ છે. મોક્ષ એ જ પરમ ધ્યેય છે. બુદ્ધિમાં રહેલ જ્ઞાનરૂપ ભાવ દ્વારા વ્યક્તિને મોક્ષની પ્રાપ્તિ થાય છે. મોક્ષ એટલે પૂર્વકૃત કર્મોના ક્ષય બાદ અનન્તર શરીરપાત થવાથી જ્ઞાનીનું સૂક્ષ્મ શરીર પુનઃ નવું શરીર ધારણ નથી કરતું-બીજા શબ્દોમાં સંશરણ નથી કરતું પણ પોતાના મૂળ કારણ પ્રકૃતિમાં લય થઈ જાય છે અને પુરુષ પોતાના મૂળ આત્મ સ્વરૂપમાં અવસ્થિત થઈ જાય છે. તે જ કૈવલ્ય છે. આમ જ્ઞાન એ જ મોક્ષનું કારણ છે.

આમ, સાંખ્ય તત્ત્વોના ચિંતનથી સાધકને સ્વયં કર્તા, ભોકતા નથી એવો અનુભવ થવો એ જ અનુભૂતિ વિવેકજ્ઞાનની ઉત્પત્તિ કરાવે છે-ત્યારે પ્રકૃતિ પોતાના સમગ્ર વ્યાપારોને સમેટી લે છે.

ભાવો બુદ્ધિને આશ્રય છે. ધર્માદિ ભાવકરણ દ્વારા ઉર્ધ્વગતિ અને અધર્મથી અધોગતિ મળે છે. ભાવો બુદ્ધિસ્થિત છે. બુદ્ધિમાં સ્થિત ધર્મ પ્રભાવથી વ્યક્તિ એવું કાર્ય કરે છે કે તેને ઉર્ધ્વગતિ પ્રાપ્ત થાય છે અને બુદ્ધિસ્થિત અધર્મના પ્રભાવથી વ્યક્તિ એવું કાર્ય કરે છે જે થકી તેને અધોગતિની પ્રાપ્તિ થાય છે. કલેશથી બુદ્ધિમાં કર્મબોજ ઉત્પન્ન થાય છે.

હકીકતમાં સુખદુઃખને ભોગવે છે બુદ્ધિ જ. પરંતુ પુરુષ એની સાન્નિધ્યમાં રહીને પોતાને સુખોનો તથા દુઃખોનો ભોક્તા માને છે. તે તો ફક્ત જ્ઞાતા, દૃષ્ટા જ છે. સાંખ્ય-યોગદર્શન પ્રમાણે જીવ જે પ્રવૃત્તિ કરે છે તેના સંસ્કાર ચિત્તમાં પડે છે જેને કર્મ કહેવામાં આવે છે. યોગદર્શન સાંખ્યદર્શનની તત્ત્વમીમાંસા સ્વીકારે છે. **યોગદર્શનમાં કર્મવાદ**

પાતંજલ યોગદર્શનમાં બંધન અને દુઃખના મૂળ કારણરૂપ પાંચ કલેશ કહ્યા છે–અવિદ્યા, અસ્મિત, રાગ, દ્વેષ અને અભિનિવેશ. (પાતંજલ યોગદર્શન-૨૩). સાંખ્યદર્શનમાં આ પાંચે તમસ, મોહ, મહામોહ, તામસ્ત્ર અને અંધતામિસ્ત્રને નામે ઓળખાય છે. મહર્ષિ પાંતજલિ અનુસાર કલેશમૂલક કર્માશય–કર્મસંસ્કારો વર્તમાન અને ભવિષ્ય બંને જન્મમાં ભોગવવાના હોય છે. યોગદર્શનમાં ભવબંધનું સર્વપ્રથમ કારણ છે અવિદ્યા. અવિદ્યા એટલે અનિત્યમાં નિત્યનું જ્ઞાન, દુઃખમાં સુખનું જ્ઞાન, જડમાં ચેતનનું જ્ઞાન. પાતંજલના મત પ્રમાણે સુખને ભોગવવાની ઈચ્છા એટલે રાગ. જ્યારે દુઃખના અનુભવ પછી જે ઘૃણાની વાસના ચિત્તમાં રહે છે તેને દ્વેષ કહે છે. અર્થાત્ જેનાથી દુઃખની પ્રાપ્તિ થાય તે દ્વેષ છે.

આમ, કર્મબંધનું કારણ કલેશ છે. જે યોગીઓમાં કલેશ નથી તેમને માટે કર્મ એ કર્તવ્ય માત્ર છે. તેથી તેને કર્મનું ફળ ભોગવવું પડતું નથી. જ્યારે કલેશોના સંસ્કાર ચિત્તમાં જન્મ લે છે ત્યારે એનાથી સકામ કર્મ ઉત્પન્ન થાય છે. યોગદર્શન પ્રમાણે એ કલેશમૂલક કર્માશય જન્મ, આયુ અને ભોગ-સુખ-દુઃખ ફળને આપનારું છે. કારણકે તેનું પુણ્યકર્મ અને પાપકર્મ બંને કારણ હોય છે.

મહર્ષિ, પાતંજલિએ કહ્યું છે યોગ ચિત્તવૃત્તિ નિરોધઃ (યોગદર્શન ૧-૨). અર્થાત્ ચિત્તની વૃત્તિઓને રોકવી તે યોગ છે. ચિત્તની વૃત્તિઓ જે બાહ્ય તરફ જાય છે–તે બહિર્મુખી વૃત્તિઓને સાંસારિક વિષયો પરથી હટાવીને અંતર્મુખ કરીને ચિત્તમાં લીન કરવી તે યોગ છે. સમાધિની સાધના માટે યોગના આઠ અંગ સહાયક બને છે. (૧) યમ (૨) નિયમ (૩) આસન (૪) પ્રાણાયમ (૫) પ્રત્યાહાર (૬) ધારણા (૭) ધ્યાન (૮) સમાધિ. યોગદર્શનમાં પાંચ યમ છે. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ. જે જૈનદર્શનમાં પાંચ અણુ વ્રત અને મહાાત છે. આ અષ્ટાં ગયો ગથી અશુદ્ધિનો નાશ થાય છે, જ્ઞાનનો પ્રકાશ થાય છે અને વિવેકજ્ઞાન પ્રગટે છે, જે સંસાર સમુદ્રથી તારે છે. સમાધિના ફલસ્વરૂપ પુરુષ સ્વરૂપમાં પ્રતિષ્ઠિત બનીને કૈવલ્યની પ્રાપ્તિ કરે છે. આ પ્રમાણે બંધ હેતુઓનો અભાવ અને નિર્જરાથી કર્મોનો આત્યંતિક ક્ષય થાય છે ત્યારે સંપૂર્ણ કર્મોનો ક્ષય થાય છે અને તે જ મોક્ષ છે.

યોગદર્શનના પ્રણેતા મહર્ષિ પતંજલિ સાંખ્ય દર્શનની દાર્શનિક વિચારધારા સ્વીકારે છે. સાંખ્ય જે પચ્ચીસ તત્ત્વોને સ્વીકારે છે તે જ તત્ત્વોને યોગદર્શન પણ માને છે–પુરુષ અને પ્રકૃતિના ભેદજ્ઞાન માટે યોગ આવશ્યક છે. સાંખ્ય નિરીશ્વરવાદી છે. જ્યારે યોગદર્શન સમાધિની સિદ્ધિ માટે ઈશ્વરને માને છે.

જીવોને પ્રાપ્ત સુખ અને દુઃખ સ્વકૃત કર્મફળથી અતિરિક્ત બીજું કંઈ નથી. આમ કર્મવાદની પ્રસ્થાપનામાં ભારતના સર્વદર્શનોએ પોતાનો દૃષ્ટિકોણ રજૂ કર્યો છે. ★

**સંદર્ભ સૂચિ:** આચાર્ય હરિભદ્રસૂરિ-ષડ્દૃષ્ટિ સમુચ્ચય.

મોબાઇલ નંબર : ૯૩૨૩૦૭૯૯૨૨.

## કર્મ

| | | | |
|---|---|---|---|
| સંચિત : | પૂર્વ જન્મજન્માંતરમાં થયેલાં કર્મો તે પૈકીમાંથી તેના નહિ ભોગવાયેલા ફળ તે બાકી રહેલા કર્મ | | ભાવમાં થયેલાં કર્મો |
| ક્રિયામાણ કર્મ : | વર્તમાન શરીર વડે નવા થતાં કોઈ પણ કર્મ | કર્મ યોગ : | પૂણ્ય કર્મો |
| પ્રારબ્ધ કર્મ : | સંચિત કર્મો પૈકીમાંથી વર્તમાન શરીરથી ભોગવવા માટે ફાળવેલ કર્મો | ઈચ્છિત કર્મ : | આસક્તિ ભાવે સંકલ્પથી કરેલા કર્મો |
| પ્રકૃતિજન્ય કર્મ : | પ્રકૃતિ દ્વારા ઉપસ્થિત થતાં | અનિચ્છિત કર્મ : | ઈચ્છા ન હોવા છતાં સંકલ્પથી કરવા પડેલ કર્મો |
| કર્મો અંતઃકરણ જન્ય કર્મ : | અહંકાર અને મન દ્વારા ઉપસ્થિત થતાં કર્મો | પરેચ્છિત કર્મ : | અન્યની ઈચ્છાથી કરેલાં કર્મો– આ કર્મો સંકલ્પરહિત થયાં તે |
| નિષેધ કર્મ : | શાસ્ત્રએ અમાન્ય કરેલાં કર્મો | સ્માર્ત કર્મ : | વર્ણાનુસાર બ્રાહ્મણાદિને સ્વધર્માનુસાર થયેલાં કર્મો |
| વિહિત કર્મ : | શાસ્ત્રએ માન્ય કરેલાં કર્મો | શ્રોત કર્મ : | શાસ્ત્રો અનુસાર યજ્ઞયાગ વગેરે પૂણ્ય કર્મો કરવામાં આવે તે. |
| સામાન્ય કર્મ : | શાસ્ત્રએ માન્ય કરેલા પરંતુ તે હું કર્તા | કામ્ય કર્મ : | ફળની ઈચ્છા રાખીને કરેલા પૂણ્ય કર્મો |
| | | નિષ્કામ કર્મ : | ફળની ઈચ્છા રાખ્યા વગર કરેલ પૂણ્ય કર્મો-'**હું**' |

# હિંદુ પૂર્વ-મીમાંસામાં કુમારિલ ભટ્ટ અને પ્રભાકરનો કર્મવાદ

☐ ડૉ. હંસા એસ. શાહ

*[ડૉ. હંસાબેન એસ. શાહે તત્ત્વજ્ઞાન-ફિલોસોફિના વિષયમાં પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરેલ છે. તેઓ જ્ઞાનસત્ર સાહિત્ય સમારોહમાં અભ્યાસપૂર્ણ નિબંધો રજૂ કરે છે. જૈન તત્ત્વજ્ઞાન તથા સાહિત્ય ક્ષેત્રે તેઓ વિદેશમાં પણ સંશોધનકાર્ય તથા જૈનદર્શનની પ્રભાવના કરે છે.]*

**પરિચય:** વેદની ઋચાઓની અસ્પષ્ટતાઓને સ્પષ્ટ કરવા જે દર્શનો રચાયા તેમનાં નામ પૂર્વ-મીમાંસા તથા ઉત્તર-મીમાંસા પડ્યાં. કર્મકાંડને લગતી શ્રુતિઓના સમાધાન માટે પૂર્વ મીમાંસા તથા જ્ઞાન ઉપાસનાને લગતી શ્રુતિઓ માટે ઉત્તરમીમાંસા રચાયાં. અહીં આપણે પૂર્વ મીમાંસાનો વિચાર કરીએ. એના માટે હવે માત્ર મીમાંસા અને તેને માનનારને મીમાંસકો કહીશું.

'મીમાંસા' શબ્દનો અર્થ કોઈ વસ્તુ કે સ્વરૂપનું યથાર્થ વર્ણન. વેદના બે ભાગ છે-કર્મ કાંડ અને જ્ઞાન કાંડ. યજ્ઞયાગાદિની વિધિ તથા અનુષ્ઠાનનું વર્ણન કર્મકાંડનો વિષય છે. એમાં મુશ્કેલીઓ દેખાઈ આવે તો વિરોધોને દૂર કરવા એ મીમાંસકોની પ્રવૃત્તિ છે. મીમાંસા બે પ્રકારની છે -કર્મ મીમાંસા અને જ્ઞાન-મીમાંસા. કર્મવિષયક વિરોધોનો પરિહાર કરે છે તે કર્મ મીમાંસા અને જ્ઞાન વિરોધોનો પરિહાર કરે છે તે જ્ઞાન-મીમાંસા. કર્મ મીમાંસા કે પૂર્વ મીમાંસાના નામથી ઓળખાતું દર્શન તે મીમાંસા કહેવાય છે. જ્ઞાન મીમાંસા અને ઉત્તર મીમાંસાના નામથી ઓળખાતું તે પ્રખ્યાત દર્શન 'વેદાન્ત' કહેવાય છે. 'મીમાંસા'નું મુખ્ય તાત્પર્ય સમીક્ષા છે અને આ તત્ત્વ પૂર્ણતયા વૈદિક છે. સંહિતા, બ્રાહ્મણ તથા ઉપનિષદમાં એવું વર્ણન મળે છે કે કોઈ વૈદિક તથ્ય ઉપર સંદેહ થયો હોવાથી ઋષિઓએ યુક્તિઓ અને તર્કોના સહારાથી ઉચિત વસ્તુનો નિર્ણય કર્યો હતો. મુખ્યતઃ આ પુરોહિત બ્રાહ્મણોનું શાસ્ત્ર છે. પરસ્પરમાં વિરોધી હોય અથવા વૈકલ્પિક હોય તેવી બધી શ્રુતિઓનો સમન્વય કરી કર્મકાંડને નિશ્ચિત કરવું તે તેનું લક્ષ્ય છે. યજ્ઞ, હોમ, વગેરે અનેક લાંબા તથા જટિલ કર્મો, તેના કર્તા, તેના અધિકારી, તેનો કાળ, વગેરે બાબતોના નિર્ણય માટે આ શાસ્ત્ર રચાયું છે. આ શાસ્ત્ર કર્મકાંડી પુરોહિતો સિવાય બાકીના સમાજને ખાસ સ્પર્શતું નથી. બ્રાહ્મણ ધર્મના અધિકારવાદનું આમાં મૂળ છે અને 'સ્વાહા...સ્વાહા' કરતાં જ જીવન પૂરું કરવું જોઈએ તેવા કર્મવાદનું તે આગ્રહી છે. 'याज्जीवेत अग्निहोत्रम् जुहुयात्' અર્થાત્ જ્યાં સુધી જીવો ત્યાં સુધી રોજ અગ્નિહોત્ર કર્યા જ કરો.

મીમાંસાશાસ્ત્રના કર્તા મહર્ષિ જૈમિનિ છે પરંતુ પ્રવર્તક નહીં. ક્લેવરની દૃષ્ટિએ આ દર્શન સહુથી મોટું છે. તેનું વિશાળ કદ સોળ અધ્યાયોમાં વહેંચાયેલું છે. જેમાં પ્રથમ ૧૨ અધ્યાય 'દ્વાદશલક્ષણી'ના નામથી અને અંતિમ ૪ અધ્યાય 'સંકર્ષણ કાંડ'ના નામથી પ્રખ્યાત છે. 'उदति होतव्यम्, अनुदति होतव्यम'.

હોમના વિષયમાં કૌષીતકી બ્રાહ્મણ પ્રશ્ન ઉઠાવીને તેના સમીક્ષકજનોને નિર્દેશ કરે છે. 'મીમાંસતે' ક્રિયાપદ અને 'મીમાંસા' સંજ્ઞાપદ- બન્નેનો પ્રયોગ બ્રાહ્મણ તથા ઉપનિષદ ગ્રંથોમાં મળે છે. તેથી મીમાંસા દર્શનની ઉત્પત્તિ પ્રાચીન કાળથી સિદ્ધ થઈ ગયેલી પ્રતીત થાય છે.

**કર્મકાંડનો સિદ્ધાંત:** દર્શન ઉપર ધર્મ પ્રતિષ્ઠિત રહે છે. વૈદિક કર્મકાંડ પોતાની સત્તા અને સ્થિતિ ટકાવી રાખવા ક્યારેક સિદ્ધાંતોને માન્યતા આપે છે. આત્માના અમરત્વની ભાવના એવી જ છે. મૃત્યુની પછી પણ આત્મા વિદ્યમાન રહે છે અને પોતે કરેલા શુભ કર્મોનું ફળ સ્વર્ગમાં ભોગવે છે. કર્મના ફળને સુરક્ષિત રાખવાવાળી શક્તિમાં વિશ્વાસ, બીજો માન્ય સિદ્ધાંત છે. વેદ વિદ્યાને સનાતન માની અપૌરુષેય કહી છે. વેદ રચનાનો સમય અજ્ઞાત છે. પણ જગત વસ્તુતઃ સત્ય છે. આ તથ્યમાં પૂર્ણ વિશ્વાસ તથા માનવ જીવનને માર્મિક નહીં માનીને નિતાન્ત સત્ય-યથાર્થ માનવો એવો સિદ્ધાંત છે જેના ઉપર કર્મકાંડનો પૂરો મહેલ ઊભો છે.

મીમાંસકો ઈશ્વર વિષે અસ્પષ્ટ છે અર્થાત્ ઈશ્વર છે જ તેવો તેમનો આગ્રહ જણાતો નથી. બહુદેવવાદના તેઓ સંરક્ષકો છે. જુદાં જુદાં દેવો, ગ્રહો, યક્ષો, રાક્ષસો, ભૂત પ્રેતો, વગેરેને વિવિધ કર્મકાંડ દ્વારા પ્રસન્ન કરવાં, તેઓને બલિ આપવા અને તેમની નડતર દૂર કરવી એ વાતમાં તેઓ માને છે. તેત્રીસ કરોડ દેવો હોવાની હિંદુ સમાજમાં જે માન્યતા છે તે મૂળમાં મીમાંસકોએ જગાડેલી છે. પ્રત્યેક વિશેષ દેવ વિશેષ કાર્ય કરવાનું સામર્થ્ય ધરાવે છે અને કોઈ વિશેષ કાર્ય પૂરું કરવા તે તે દેવની અમુક વિધિઓ દ્વારા ઉપાસના કરી તેને પ્રસન્ન કરવાની રીતો તેમણે બતાવી છે. કર્મ વિચારણામાં વૈદિક મતે યજ્ઞ કર્મમાં તેના ફળ માટે પ્રથમ દેવની અપેક્ષા હતી. પણ પછી તો એ દેવતાઓને મંત્રમયી સ્વીકારવામાં આવ્યા. અને તેથી કર્મનું ફળ વાસ્તવિક દેવતાને આધીન ન રહ્યું પણ મંત્રને આધીન રહ્યું આથી મંત્રના જ્ઞાતાનું મહત્ત્વ વધ્યું અને તેઓ જ સર્વ શક્તિમાન મનાવા લાગ્યા. આમ મીમાંસકો એકેશ્વરવાદી ન રહેતા બહુ દેવવાદી બન્યા. તેથી યજ્ઞો પુરોહિતના આશ્રય કે સહાય વગર થાય નહીં. તેઓએ અનેક મંદિરો-પૂજા આદિ ભક્તિ નિમિત્તે ઉભાં કર્યાં. તેમાં બિરાજમાન ભગવાન ભક્તની ભક્તિથી પ્રસન્ન થાય અને અભક્તિથી નારાજ થાય. ઈશ્વર બીજાનું કલ્યાણ કરવા કે તેને દંડ દેવા શક્તિમાન છે. તેમના આશીર્વાદ સિવાય કશું થાય નહીં એ વિશ્વાસ લોકોમાં જગાવ્યો. આજે ધર્માચરણમાં યજ્ઞોના અનુષ્ઠાનમાંથી હિંસા લગભગ નિરસ્ત થઈ ગઈ છે. ઉપર જોયું તેમ મીમાંસાશાસ્ત્ર કર્મવાદી શાસ્ત્ર છે. કર્મનું ફળ અવશ્ય ભોગવવું પડે છે એ વાતને તેઓ ચોક્કસપણે માને છે. તેઓ માને છે કે કર્મ થાય તેવું અદૃષ્ટ બને છે અને અદૃષ્ટ સમય આવ્યે ફળ આપે છે. આચાર્ય બાદરાયણ ઈશ્વરને કર્મના ફલદાતા માને છે, પરંતુ આચાર્ય જેમિની, જે મીમાંસા દર્શનના આદિ આચાર્ય છે તે કર્મને જ ફલદાતા માને છે-યજ્ઞથી જ તત્કાલ ફળની ઉત્પત્તિ થાય છે. અનુષ્ઠાન અને ફળના સમયમાં વ્યવધાન દૃષ્ટિગોચર થાય છે. કર્મનું અનુષ્ઠાન આજ થઈ રહ્યું છે પણ તેના સ્વર્ગાદિની પ્રાપ્તિ કાલાન્તરમાં સમ્પન્ન થાય છે. આ વૈષમ્યને દૂર કરવા માટે મીમાંસા દર્શનમાં 'અપૂવ' નામનો સિદ્ધાંત પ્રતિપાદિત છે. કર્મથી ઉત્પન્ન થાય છે અપૂર્વ (પુણ્ય અથવા અપુણ્ય) અને અપૂર્વથી ઉત્પન્ન થાય છે ફળ. આ પ્રમાણે અપૂર્વ જ કર્મ અને કર્મફળને બાંધવાવાળી શ્રૃંખલા છે. વેદ નિત્ય છે અને તેને સિદ્ધ કરવા માટે મીમાંસાએ અનેક યુક્તિઓ આપી છે. તેથી જ ફળ નિયામક ઈશ્વર

હોવાની તેમને જરૂર લાગતી નથી. કર્મનું ફળ સુખ હોય અથવા દુઃખ હોય. વે દવિહિત (મીમાંસકોની દૃષ્ટિ પ્રમાણે ) કર્મ સુખ આપે અને વેદનિષિદ્ધ કર્મ તે પાપ છે અને દુઃખ આપે. સુખ ભોગવવાના સ્થળનું નામ સ્વર્ગ અને દુઃખ વિશેષ ભોગવવાનું સ્થળ તે નર્ક. આના પણ સાત પ્રકાર પાડવામાં આવ્યા છે, જેમાં સામાન્ય, મધ્યમ, તીા, અતિતીા સુખદુઃખ ભોગવી શકાય છે. આમ મીમાંસકોના મતે આ લોક સિવાય પણ સ્વર્ગ, નર્ક જેવા પરલોક છે; પણ મોક્ષ જેવી કોઈ વસ્તુ જ નથી. તેઓ માને છે કે કોઈ પણ આત્માનો કદી પણ મોક્ષ થતો નથી. કારણકે જે આત્માઓ સ્વર્ગાદિમાં જાય છે તે તેમના કર્મના કારણે જ જાય છે. કર્મનું ફળ અનંત હોઈ શકે જ નહિ–લાંબા સમય પછી પણ ફળ પૂરું તો થાય જ. ફળ ભોગ પૂર્ણ થયા પછી જીવાત્મા પાછો અન્ય ભોજ્ય કર્મો પ્રમાણે જન્મ ધારણ કરતો રહે. આમ મીમાંસકોના મતે કોઈપણ જીવાત્માનો કાયમના માટે મોક્ષ થતો નથી. સ્વર્ગાદિમાં અમુક સમય પુરતું જ જવાય છે. મીમાંસકોએ તો માત્ર કર્મવાદના કારણે જ મોક્ષને માન્યો નથી.

કર્મ અને જ્ઞાનના વિષયમાં કર્મ મીમાંસા અને વેદાન્તે વિભિન્ન દૃષ્ટિકોણ અપનાવ્યો છે. વેદાન્ત અનુસાર કર્મ ત્યાગ પછી જ આત્મા જ્ઞાનની પ્રાપ્તિનો અધિકારી થાય છે. કર્મથી કેવળ ચિત્ત-શુદ્ધિ થાય છે. મોક્ષની પ્રાપ્તિ તો જ્ઞાન દ્વારા જ થાય છે, પરંતુ કર્મ મીમાંસા અનુસાર 'कुर्वनेवेह कर्माणजिजिविषिच्छतं समा' મંત્રોનું કુળ મુમુક્ષુ જનોએ પણ કરવું જોઈએ. પરંતુ કર્મ અને તેના ફળની ચર્ચા અત્યંત ગૌણ હતી, એટલે જ કર્મ સિદ્ધાંતની ચર્ચા ઉપનિષદ સુધી તો ગુહ્ય વિદ્યા બની રહી. જેની ચર્ચા સહુ સમક્ષ નહીં પણ એકાંતમાં કરવી પડતી. પણ વેદવિહિત કર્મોના અનુષ્ઠાનથી કર્મ બંધન સ્વતઃ સમાપ્ત થઈ જાય છે. તેથી કર્મોનું અનુષ્ઠાન અભિષ્ટ છે. કર્મનો પરિત્યાગ નહીં. મીમાંસાનો આ નિશ્ચિત મત છે. આમ વૈદિક દર્શનનો મુખ્ય પ્રાણ મીમાંસા દર્શન છે.

મીમાંસકો સંન્યાસને પણ આવશ્યક માનતા નથી. સંન્યાસ જ્ઞાન માટે છે અને જ્ઞાન મોક્ષ માટે છે. આ બંને વાતો તેમને નિરર્થક લાગે છે. તેઓ કહે છે કે શાસ્ત્રમાં એટલે વેદોમાં જે વિધિ-નિષેધાત્મક વાક્યો છે તેટલા જ પ્રમાણભૂત વાક્યો છે. બાકીના (વિધિ-નિષેધ વિનાનાં) જે છે તે માત્ર અર્થવાદ છે, તેની વિશેષ મહત્તા નથી. ખૂબીની વાત તો એ છે કે વેદાન્તીઓ જેને મહાવાક્ય તરીકે માને છે તેવા વાક્યો મીમાંસકોના મતે માત્ર અર્થવાદ છે અને મીમાંસકો જેને પ્રમાણભૂત વાક્યો માને છે તેને વેદાન્તીઓ અજ્ઞાનીઓ માટેના અંતઃકરણની શુદ્ધિ માટેનાં વાક્યો માને છે.

આમ પૂરું જીવન અગ્નિહોત્રાદિમાં વ્યતીત કરવાનું હોવાથી અને સંન્યાસમાં અગ્નિહોત્રાદિ કર્મ થતાં ના હોવાથી મીમાંસકો સંન્યાસનો સ્વીકાર કરતાં નથી. ગૃહસ્થાશ્રમી રહીને સ્વર્ગ પ્રાપ્તિ માટે યજન કરતા જ રહેવું જોઈએ. સ્વર્ગ જ પરમ પુરુષાર્થ છે એમ તેઓ માને છે.

મીમાંસાનો વિષય ધર્મનું વિવેચન છે. 'धरमाख्यम वषियं मीमासायाः प्रयोजनम' (શ્લોકવાર્તિક શ્લોક ૧૧). વેદના વિરોધીઓના પ્રબળ પ્રહારોથી બચાવવું, એ જ મીમાંસકોનું મુખ્ય કાર્ય રહ્યું છે. પોતાના સિદ્ધાંતોની રક્ષા કરવા માટે તથા તેની પ્રમાણિકતા બતાવવા માટે મીમાંસકોએ પોતાના માટે એક નવીન પ્રમાણશાસ્ત્ર બનાવી રાખ્યું છે જે ન્યાયના પ્રમાણશાસ્ત્રથીય અનેક બાબતોમાં વિલક્ષણ તેમજ સ્વતંત્ર છે. એના પ્રતિષ્ઠાયક તથા વ્યાખ્યાતા આચાર્યોની એક દીર્ઘ પરમ્પરા છે. મીમાંસાનું પ્રાચીન નામ 'ન્યાય' છે. મીમાંસક લોકો જ પ્રથમ નૈયાયિક છે.- તર્ક દ્વારા વિષયનો નિર્ણય કરવાવાળું દાર્શનિક.

મીમાંસા દર્શનની ત્રણ ધારાઓ માનવામાં આવે છે. ત્રણે પ્રવર્તકોના નામ છેઃ કુમારિકલ ભટ્ટ, પ્રભાકર મિશ્ર અને મુરારિ. **કુમારિલ ભટ્ટ**

કુમારિલ ભટ્ટનું નામ મીમાંસાના ઇતિહાસમાં મૌલિક સૂઝ, વિશદ વ્યાખ્યા તથા અલૌકિક પ્રતિભાના કારણે હંમેશ માટે સ્મરણીય રહેશે. આદ્ય શંકરાચાર્ય પહેલા કુમારિલ ભટ્ટે જૈન અને બૌદ્ધો સામે વિરોધનો ઝંડો ફરકાવેલો અને બૌદ્ધોને સખ્ત પરાજય આપી વૈદિક ધર્મની મર્યાદાનું સંરક્ષણ કર્યું. કુમારિલ ભટ્ટની જે વ્યવહારિત માન્યતાઓ છે તેને વેદાન્તીઓ પણ લગભગ સ્વીકારે છે. 'व्यवहारे भाट्टनयः' તેમના શાબર ભાષ્ય પર વૃત્તિરૂપ ત્રણ ગ્રંથો પ્રખ્યાત છે (૧) કારિકાબદ્ધ વિપુ લકાય 'શ્લોકવાર્તિક'; (૨) ગદ્યાત્મક 'તંત્રવાર્તિક'; (૩) ટુપ્ટીકા. પાંડિત્યની દૃષ્ટિથી પ્રથમ બંને વાર્તિક અસાધારણ વિદ્વત્તાના પરિચાયક છે જેમાં બૌદ્ધોના સિદ્ધાંતોનું માર્મિક ખંડન અને વેદ ધર્મના તથ્યોનું માર્મિક મંડન છે. સમય સાતમી સદીનો અંત (૬૫૦-૭૨૫ ઈ.).

કુમારિલ ભટ્ટ મેથિલી બ્રાહ્મણ હતા. મીમાંસા વિદ્વાન અસામમાંથી બન્યા અને કુમારિલ ભટ્ટા તરીકે ઓળખાયા. એક માન્યતા પ્રમાણે ભટ્ટ નાલંદામાં બુદ્ધવાદ ભણવા એટલા માટે ગયા હતા કે બુદ્ધના સિદ્ધાંતોનો વેદના ધાર્મિક કર્મકાંડના સિદ્ધાંતો દ્વારા વિરોધ કરી શકે. અને કહેવાય છે કે તેમણે ત્યાં જઈ ત્યાંના શિક્ષક ધરમકીર્તિ સામે વિરોધ કર્યો અને વૈદિક કર્મકાંડનું મહત્ત્વ બતાવ્યું. કહેવાય છે કે તેમને મહાવિદ્યાલયના ટાવર પરથી ફેંકી દેવામાં આવ્યા. પણ તેમને આંખમાં ઈજા થઈ અને બચી ગયા.

બીજી માન્યતા પ્રમાણે તેમને કહેવામાં આવ્યું કે તમને જો વેદમાં શ્રદ્ધા છે તો એ બતાવવા વેદનું શરણું લઈ નામ બોલતાં બોલતાં ડુંગર પરથી કુદકો મારો. તમને કંઈ પણ ઈજા નહીં થાય. તેમણે કુદકો મારી બતાવ્યો. જરાપણ ખરચ ન આવી પણ તેમની એક આંખમાં ઈજા થઈ.

આ પછી તેમણે નાલંદા છોડ્યું અને પ્રયાગ (આજના અલ્હાબાદ) માં ઠરીઠામ થયા. ભટ્ટ ઘણાં રાજ્યોમાં ફર્યા અને બુદ્ધના પંડિતો સાથે ધર્મની બાબતમાં ખૂબ ચર્ચાઓ કરી. જે કોઈ ચર્ચામાં જીતી જાય, તો તે રાજ્યના રાજાએ તથા પ્રજાએ એ ધર્મનો સ્વીકાર કરવો પડે.

કહેવાય છે કે ભટ્ટનું મૃત્યુ વારાણસીમાં તેમના ૮૦મા વર્ષે થયું.

**પ્રભાકર મિશ્રઃ** ગુરુમતના સંસ્થાપક પ્રભાકર મિશ્રનો કાળ તથા વ્યક્તિત્વના વિષયમાં આલોચકોમાં એક મત નથી. કેટલાંક તેને કુમારિલના શિષ્ય માને છે, પણ અન્ય આલોચક એને નવીન સંપ્રદાયના સંસ્થાપકના રૂપમાં કુમારિલથી પ્રાચીન માને છે. ભાટ્ટમત તથા ગુરુમતમાં સિદ્ધાંત અનેક મૌલિક મળી આવે છે. એમણે શાબર ભાષ્ય પર બે ટીકાઓ લખી છે - (૧) બૃહતી (બીજું નામ 'નિબંધન') તથા લઘ્વી (બીજું નામ 'વિવરણ'). આ બન્નેમાં 'બૃહતી' પ્રકાશિત છે, 'લઘ્વી' આજ સુધી પ્રકાશિત નથી થયું. એમની વ્યાખ્યા સરળ, સુબોધ તથા ભાષ્યાનુંસારિણી છે. કુમારિલની જેમ ભાષ્યની વિષય આલોચના અહીંયાં નથી.

**મુરારિ મિશ્રઃ** 'મુરારેસ્તૃતીય પન્થાઃ' મુરારિ મિશ્રને મીમાંસાના ત્રીજા સંપ્રદાયના પ્રવર્તક હોવાનું અલૌકિક ગૌરવ પ્રાપ્ત થયું છે. મુરારિએ ભવનાથ (૧૦ શતક)ના મતનું ખંડન કર્યું છે તથા પ્રખ્યાત ગંગેશ ઉપાધ્યાય અને તેનો આત્મજ વર્ધમાન ઉપાધ્યાય દ્વારા ઉધ્ધૃત કર્યા છે. આમ એમનો સમય ૧૨મી શતાબ્દીનો પ્રતીત થાય છે. એમના ગ્રંથો લુપ્તપ્રાય છે.

**મીમાંસક અચારમીમાંસાઃ** આપણે ઉપર જોયું તેમ મીમાંસા દર્શનનો પ્રધાન ઉદ્દેશ્ય ધર્મની વ્યાખ્યા કરવાનો છે. જૈમીનીએ ધર્મનું લક્ષણ આપ્યું છે. 'ચોદનાલક્ષણોऽअर्थों धरमः।' 'ચોદના' દ્વારા લિખિત અર્થ ધર્મ કહેવાય છે. ચોદનાનો અર્થ છે–ક્રિયાનું પ્રવર્તક વચન, અર્થાત્ વેદનું વિધિ વાક્ય. ચોદના ભૂત, ભવિષ્ય, વર્તમાન, સૂક્ષ્મ, વ્યવહિત અથવા વિપરીત પદાર્થોને બતાવવામાં જેટલું સામર્થ્ય છે તેટલું સામર્થ્ય ન તો ઈન્દ્રિયોમાં છે ના કોઈ અન્ય પદાર્થમાં. મીમાંસકોની માનવીય સંમતિમાં ભગવતી શ્રુતિનું તાત્પર્ય ક્રિયા પ્રેરક છે. વિધિનું પ્રતિપાદન જ વેદવાક્યોનું મુખ્ય તાત્પર્ય છે. તેથી જ્ઞાનપ્રતિપાદક વાક્ય ક્રિયાની સ્તુતિ અથવા નિષેધનું પ્રતિપાદન કરવાનું કારણ પરંપરાગત ક્રિયાકારક છે. તેને સામાન્યતઃ 'અર્થવાદ' કહે છે. એટલે કોઈ પ્રયોજનના ઉદ્દેશ્યથી વેદ દ્વારા વિહિત યાગાદિ અર્થ 'ધર્મ' કહેવાય છે. આ અર્થોનું વિધિવત્ અનુષ્ઠાન કરવાથી પુરુષને નિઃસંદેહ દુઃખોથી નિવૃત્તિ કરવાવાળી સ્વર્ગ ની ઉપલબ્ધિ મળે છે . યથા 'સ્વર્ગકામો યજેત' (સ્વર્ગની કામનાવાળા પુરુષ યજ્ઞ કરે). આ વાક્યમાં 'યજેત' ક્રિયાપદ દ્વારા 'ભાવના' શબ્દની ઉત્પત્તિ મનાય છે.

વેદવિહિત કર્મોના ફળોના વિષયમાં મીમાંસકોમાં બે મત પ્રવર્તે છે. એ ખરું જ છે કે દુઃખની નિવૃત્તિ અને સુખની પ્રાપ્તિ પ્રત્યેક પ્રાણીનું લક્ષ્ય હોય છે. પ્રાણીઓની કર્મવિશેષ અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ ત્યારે થાય છે જ્યારે તેનાથી કોઈ ઈષ્ટ, અભિલક્ષિત પદાર્થ સિદ્ધ થવાનું જ્ઞાન થાય છે. આમ કુમારિલની દૃષ્ટિએ ધાર્મિક કૃત્યોનું અનુષ્ઠાન 'ઈષ્ટસાધનતાજ્ઞાન' કારણ છે. પરંતુ પ્રભાકર 'કાર્યતાજ્ઞાન'ને કારણ તરીકે અપનાવે છે. અર્થાત્ વેદવિહિત કૃત્યોનું અનુઠાન કર્તવ્યબુદ્ધિથી કરવું જોઈએ એનાથી ન સુખ પામવાની આશા રાખે, ન અન્ય ફળ પામવાની ચાહ રાખે. કુમારિલનું કથન છે કે કામના કર્મ વિશેષ ઈચ્છાની સિદ્ધિ માટે કરવામાં આવે છે, પણ પ્રભાકરનો મત છે કે કામના કર્મમાં કામનાનો નિર્દેશ સાચ્ચા અધિકારીની પરીક્ષા કરવા માટે છે. આવી કામના કરવાવાળો પુરુષ એ કર્મનો સાચો અધિકારી સિદ્ધ થાય છે.

કુમારિલ ભટ્ટ અને પ્રભાકર મિશ્ર, એ બંનેના નિત્ય કર્મ વિષયમાં મત મતાંતર એકદમ સ્પષ્ટ છે. કુમારિલના મતમાં નિત્યકર્મ (જેમ સંધ્યા વંદન આદિ)ના અનુષ્ઠાનથી પાપનો નાશ થાય છે, અને અનુષ્ઠાનના અભાવમાં પાપ ઉત્પન્ન થાય છે, પરંતુ પ્રભાકરની સંમતિમાં નિત્યકર્મોનું અનુષ્ઠાન વેદવિહિત હોવાને કારણે જ કર્તવ્ય છે. વેદની અનુલંઘનીય આજ્ઞા છે કે 'અહરહઃ સંધ્યામુપાસિત' એટલે કે દિન પ્રતિદિન સંધ્યાની ઉપાસના કરવી જોઈએ. આ ઉદ્દેશ્યથી, કર્તવ્ય કર્મની કરવાની દૃષ્ટિથી આ કૃત્યોનું સંપાદન કરવું જોઈએ. નિષ્કામ-કર્મ -યો ગની દૃષ્ટિએ કાર્યો કરવા પાછળની ભાવના નિસ્પૃહતાથી થાય તે પ્રભાકરને માનનીય છે.

**કર્મના પ્રકાર**

વેદ પ્રતિપાધ્ય કર્મ ત્રણ પ્રકારનું છે-(ક) કામ્ય-કોઈ કામના વિશેષ માટે કરવાનું કાર્ય જેમ કે, 'સ્વર્ગ કામો યજે ત'; (ખ) પ્રતિષિદ્ધ–અનર્થ ઉત્પાદક હોવાથી નિષિદ્ધ જેમ કે, (ઝેરથી ભરેલાં શસ્ત્રોથી મરેલા પશુનું માંસ નહીં ખાવું જોઈએ); નિત્ય નૈમિત્તિક– અહેતુક કરણીય કર્મ, જેમ સંધ્યા વંદન નિત્યકર્મ છે અને અવસર વિશેષ પર અનુષ્ઠેય શ્રદ્ધાદિ કર્મ નૈમિત્તિક. અનુષ્ઠાન કરતાં જ ફળની નિષ્પત્તિ જલ્દી નથી મળતી, કાલાન્તરમાં મળે છે. હવે સવાલ એ થાય છે કે ફળ-કાળમાં કર્મના અભાવમાં એ ફળ કેવા પ્રકારનું હોય છે? મીમાંસકોનું કહેવું છે કે 'અપૂર્વ'થી. દરેક કર્મોમાં અપૂર્વ (પુણ્યાપુણ્ય) ઉત્પન્ન કરવાની શક્તિ હોય છે. કર્મથી થાય છે અપૂર્વ અને અપૂર્વથી ફળ થાય છે. 'અપૂર્વ' કલ્પના મીમાંસકોની કર્મ વિષયક એક મૌલિક કલ્પના મનાય છે. કર્મ મીમાંસાનો મુખ્ય ઉદ્દેશ એ છે કે વેદ દ્વારા પ્રતિપાદિત અભિષ્ટ સાધક કર્મોમાં લાગ્યો રહે અને પોતાનું વાસ્તવિક કલ્યાણ સંપાદન કરતો રહે. યજ્ઞ યાગાદીમાં કોઈ દેવતા વિશેષ (જેમ કે ઈન્દ્ર, વિષ્ણુ, વરૂણ આદિ)ને લક્ષ્ય કરીને આહુતિ દેવાય છે. વેદમાં આ દેવોના સ્વરૂપનું પૂરું વર્ણન મળી આવે છે. પરંતુ મીમાંસાને મતે દેવતા સંપ્રદાનકારક સૂચક પદમાત્ર જ છે. એનાથી વધીને એની કોઈ સ્થિતિ નથી. દેવતા મંત્રાત્મક હોય છે અને દેવતાઓની પૃથક સત્તા આ મંત્રોને છોડીને અલગ નથી હોતી, જેના દ્વારા તેમના માટે હોમનું વિધાન છે. ત્યારે પ્રશ્ન એ થાય છે કે વૈદિક કર્મનું અનુષ્ઠાન શા માટે કરવું જોઈએ? સામાન્ય મત એ છે કે કોઈ કામનાની સિદ્ધિ માટે, પણ વિશેષ મત એ છે કે કોઈ પણ કામના વગર જ આપણે વૈદિક કર્મોનું અનુષ્ઠાન કરવું જોઈએ. ઋષિઓને દીવ્ય ચક્ષુઓથી દેખાતું વૈદિક મંત્રોમાં ગૂઢ રહેલો ધર્મ લોકોના કલ્યાણ માટે છે. તેથી લો કો એ કો ઈપણ અનુ ષ્ઠાન સિદ્ધિના પ્રયો જન વગર સ્વયં કરતાં જ રહેવું જોઈએ. આ પ્રકારે નિષ્કામ કર્મ અનુષ્ઠાનની શિક્ષા દેવી તે મીમાંસાના કર્તવ્યશાસ્ત્રનો ચરમ ઉદ્દેશ્ય છે. જર્મન તત્ત્વજ્ઞ કાંટ પણ કર્તવ્યના વિષયમાં મીમાંસા મતની સમાન જ મત રાખે છે. એનું કહેવાનું છે કે પ્રાણીઓએ કર્તવ્યનું સંપાદન સ્વાર્થ બુદ્ધિથી નહીં કરીને નિરપેક્ષ બુદ્ધિથી કરવું જોઈએ. આ બંનેમાં થોડું અંતર છે. જ્યાં કાંટના મતમાં કર્મના ફળનો દાતા ઈશ્વર છે, ત્યાં મીમાંસક કર્મમાં જ ફળ દેવાની યોગ્યતા છે એમ માને છે. કાંટની દૃષ્ટિએ ઈશ્વર જ માનવને કર્તવ્ય કરવા માટે પ્રેરિત કરે છે, પરંતુ મીમાંસામાં કર્તવ્યનો મૂળ સ્રોત અપૌરુષેય વેદ જ છે. એ જ લોકોને નિષ્કામ કર્મ કરવાનો આદેશ આપે છે અને આપણે તેની આજ્ઞાનું પાલન કર્તવ્ય બુદ્ધિથી કરવું જોઈએ.

આ દાર્શનિક વિવેચનના અનુશીલનમાં મીમાંસાની દાર્શનિકતામાં કોઈ પ્રકારનો સંદેહ નથી રહે તો. મીમાંસાનો મુખ્ય અભિપ્રાય યજ્ઞ યાગાદિ વૈદિક અનુષ્ઠાનોની તાત્ત્વિક વિવેચના છે, પણ આ વિવેચનની ઉત્પત્તિ માટે એણે જ સિદ્ધાન્તોને શોધી કાઢ્યા છે તે અત્યંત મહત્ત્વપૂર્ણ છે. મીમાંસકોએ અને કમૌલિક સિદ્ધાંતોનું વર્ણન કર્યું છે, જેનો ઉપયોગ સ્મૃતિગ્રંથોના અર્થ નિર્ણય કરવામાં કરાય છે. સ્મૃતિઓનું ક્ષેત્ર વિશાળ છે તથા એમાં નાના પ્રકારના વિરોધસૂચક સિદ્ધાંત ઊભા થાય છે. દેખાવમાં આ વિરોધ ખૂબ જ માર્મિક પ્રતીત થાય છે, પરંતુ મીમાંસાની વ્યાખ્યા શૈલીનો ઉપયોગ કરવાથી આ વિરોધોનો પરિહાર સારી રીતે થઈ શકે છે. એટલે સ્મૃતિના મર્મજ્ઞાન માટે 'કર્મ મીમાંસા'નો ઉપયોગ ખૂબજ કરાય છે. તેથી જ મીમાંસાનું અનુશીલન નિઃસંદેહ વૈદિક ધર્મ ની જાણકારી માટે અત્યંત આવશ્યક છે. કુમારિલનું આ કથન યથાર્થ છે- 'धरमाख्यं वाषियं वसतु मीमासायाः परयोजनमः।।' ★

# ઈસ્લામ અને કર્મવાદ

☐ **ડૉ. મહેબૂબ દેસાઈ**

*[ડૉ. મહેબૂબ દેસાઈ ગુજરાત વિદ્યાપીઠના ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગમાં પ્રોફેસર અને અધ્યક્ષ છે. ૫૫ જેટલા ઈતિહાસ, સાહિત્યઅને આધ્યાત્મિક વિષય પરનાં તેમના પુસ્તકો પ્રકાશિત થયેલ છે. શ્રી મુંબઈ યુવક સંઘની પર્યુષણ વ્યાખ્યાનમાળાના વક્તા છે. ગુજરાતમાં બિનસાંપ્રદાયિક વિચારક, વક્તા અને લેખક તરીકે જાણીતા છે.]*

*'કર્મ તેરે અચ્છે હૈ તો, કિસ્મત તેરી દાસી હૈ*
*નિયત તેરી અચ્છી હૈ, તો ઘરમેં મથુરા કાશી હૈ.'*

શાયરીના પ્રથમ મત્લામાં કર્મની વાત છે. સારા કર્મ કરનાર માટે નસીબ તેની દાસી સમાન બની રહે છે. અર્થાત્ તે નસીબનો બળવાન હોય છે. ઈશ્વર તેના પર ખુશ રહે છે. તે ઈશ્વર પાસે જે માગે છે તે પ્રાપ્ત કરે છે. જો કે આ માન્યતા દરેક ધર્મમાં જુદા જુદા સ્વરૂપે જોવા મળે છે.

દરેક ધર્મમાં કર્મનો સિદ્ધાંત નૈતિક મૂલ્યોના પાયા પર આધારિત છે. સેવાકીય અને સદ્‌કાર્યો તંદુરસ્ત વ્યક્તિ અને સમાજ માટે અનિવાર્ય છે. એટલે જ ઈસ્લામ અને હિંદુ બંને ધર્મમાં કર્મનો સિદ્ધાંત સ્વીકારવામાં આવ્યો છે. ઈસ્લામમાં માનવીના કર્મના આધારે જ જન્નત અને દોઝખનો વિચાર કુરાને શરીફમાં આપવામાં આવ્યો છે. એ જ રીતે હિંદુધર્મમાં પણ સ્વર્ગ અને નર્કની પરિકલ્પનાના મૂળમાં પણ કર્મનો સિદ્ધાંત પડેલો છે. આ જ વિચારને આધ્યાત્મિક અભિગમથી ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણએ સમજાવ્યો છે. ગીતાના ૧ થી ૬ અધ્યાયમાં કર્મયોગ તરીકે તેનું વિસ્તૃત આલેખન થયું છે. કર્મના સિદ્ધાંતને સાકાર કરતો જે શ્લોક વિશ્વભરમાં પ્રસિદ્ધ છે તે ગીતાનો, બીજા અધ્યાયનો ૪૭મો શ્લોક છે. તેમાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે.

*'કર્મણ્યેવાધીકારસ્તે મા ફલેષુ કદાચન,*
*મા કર્મફલહેતુર્ભુમા તે સંગોડસત્વકર્મણી.'*

આ એક શ્લોકમાં શ્રીકૃષ્ણ ચાર બાબતો તરફ નિર્દેશ કરે છે.

૧. કર્મ કરવા તું સ્વતંત્ર છે.
૨. પરંતુ તેનું ફળ ભોગવવા તું પરતંત્ર છે.
૩. ફળનો હેતુ જ લક્ષમાં રાખીને કર્મ ના કરીશ.
૪. તારો અકર્મમાં સંગ ના થશો.

અર્થાત્ ફળની અપેક્ષા રાખ્યા વગર કર્મ કર્યે જા. કારણ કે સારા કે ખરાબ કર્મ કરવાનું તારા હાથમાં છે. તેનું ફળ તારા હાથમાં નથી. તને તારા કર્મનું ફળ તારા ફળને અનુરૂપ જ ઈશ્વર આપશે.

ઈસ્લામમાં કર્મને **'આમાલ'** કહેલ છે. કુરાને શરીફમાં વારંવાર **'આમાલનામા'** શબ્દ વપરાયો છે. **'આમાલનામા'**નો અર્થ થાય છે 'કર્મપત્રિકા'. દુનિયામાં આપણે જે કંઈ સારા નરસા કર્મો કરીએ છીએ તેની નોંધ ખુદાને ત્યાં રાખવામાં આવે છે. એ નોંધ મુજબ જ વ્યક્તિના કર્મોનો ઈન્સાફ થાય છે. કુરાને શરીફમાં કહ્યું છે.

'કયામતને દિવસે લોકો જુદી જુદી સ્થિતિમાં કબરોમાંથી નીકળશે અને તેમને દરેકને તેમના આમાલનામા બતાવવામાં આવશે.'

કુરાને શરીફમાં આ વાતને વિસ્તૃત રીતે સમજાવતાં કહેવામાં આવ્યું છે.

'જેનું આમાલનામું તેના જમણા હાથમાં આપવામાં આવશે તે લોકો ખુશ હશે. તેમને જન્નતમાં મનમાની મોજ પ્રાપ્ત થશે. જન્નતના બાગો તેમના માટે ખુલ્લા હશે. તેમાં મીઠા મેવા તેમને આપવામાં આવશે. આ તમામ તેમના સદ્‌કાર્યોનો બદલો છે. જે તેમણે દુનિયામાં કર્યા છે.'

કુરાને શરીફમાં એક અન્ય વાક્યનો પણ વારંવાર ઉલ્લેખ છે. **'અલ્ આમલો બિન્ નિય્યતે'** અર્થાત્

'કર્મનું ફળ તેના સંકલ્પ પર આધારિત છે' અથવા

'સદ્‌કાર્યોનો વિચાર માત્ર પુણ્ય છે.'

દા. ત. મારી પાસે જે થોડાં નાણાં છે તે મારી જરૂરિયાત માટે છે. પણ જો તેની મારે જરૂરત ન હોત અથવા તે મારી જરૂરત કરતાં વધારે હોત તો હું તે જરૂરતમંદને અવશ્ય આપી દેત. આવો વિચાર માત્ર પુણ્ય-સવાબ છે. એ જ રીતે અન્ય એક શબ્દ પણ કુરાને શરીફમાં અનેક વાર વપરાયો છે. તે છે **'ફી સબીલિલ્લાહ'** અર્થાત્ **'ખુદાના માર્ગે કર્મ કર.'**

આમાલ અર્થાત્ કર્મ મુખ્યત્વે કરીને ઈમાન અર્થાત્ વિશ્વાસ સાથે સંકળાયેલ છે. ઈમાન એ ખુદા પરના વિશ્વાસને કહે છે. જેને ખુદામાં વિશ્વાસ છે તેને ખુદાના આમાલ કે સદ્‌કાર્યોના આદેશમાં પણ વિશ્વાસ છે. ખુદાએ દરેક મુસ્લિમને ત્રણ પ્રકારના સદ્‌કાર્યો કરવાનો આદેશ આપ્યો છે. જકાત (ફરજીયાત દાન) અને ખેરાત અને સદકો (મરજિયાત દાન). આ ત્રણે દાનના માર્ગો ઈસ્લામના કર્મવાદના સિદ્ધાંતને સ્પર્શે છે. દરેક મુસ્લિમ ઈસ્લામના પાંચ સ્તંભોને માને છે. ઈમાન, નમાઝ, રોઝા, ઝકાત અને હજ્જ. આ પાંચે સિદ્ધાંતોને તે ફરજીયાત રીતે અનુસરે છે. ઝકાત તેમાંનો એક સ્તંભ છે. દરેક મુસ્લિમ માટે તે તે ફરજીયાત છે. પોતાની સ્થાવર જંગમ મિલકતના અઢી ટકા રકમ દરેક મુસ્લિમ દર વર્ષે ગરીબો, અનાથો કે જરૂરતમંદો માટે ફરજીયાત કાઢે છે. તેને ઝકાત કહેવામાં આવે છે. આ સ્તંભ સાથે કર્મવાદનો સિદ્ધાંત સંકળાયેલો છે. ઈસ્લામના કર્મવાદની સૌ પ્રથમ શરત ખુદા પરનું ઈમાન છે. ઈમાન એટલે વિશ્વાસ, શ્રદ્ધા, આસ્થા. જેને ખુદા અને તેના અસ્તિત્વમાં આસ્થા છે, વિશ્વાસ છે, શ્રદ્ધા છે તેને જ તેના સદ્‌કાર્યોના આદેશમાં વિશ્વાસ છે. સદ્‌કાર્યોની બીજી કપરી શરત તેની ગુપ્તતા છે. તેમાં દાન કે સદ્‌કાર્યોની અભિવ્યક્તિને ઝાઝું પ્રાધાન્ય નથી. દાન કે સદ્‌કાર્યોની અભિવ્યક્તિ કોઈ મુસ્લિમ કરે તો તે ગુનોહ નથી પણ તેનો દેખાડો જરૂરી નથી. કુરાને શરીફમાં કહ્યું છે.

**'તમારા દાનને ઉપકાર જતાવી કે દુઃખ આપીને વ્યર્થ ન કરો. જે પોતાનો માલ લોકોને દેખાડવા માટે ખર્ચે છે, તેને ખુદા પર વિશ્વાસ નથી. અને અંતિમ ન્યાયના દિવસનો પણ તેને ડર નથી.'**

હઝરત મહંમદ પયગમ્બર સાહેબે ફરમાવ્યું છે.

'તે માણસના ખુદાના પડછાયા નીચે છે, જેણે એટલી

ગુપ્તતાથી દાન કર્યું કે તેના ડાબા હાથને પણ તેની જાણ ન થઈ.'

**'જો તમે જાહેરમાં દાન કરો તો તે સારી વાત છે. પણ જો તમે અત્યંત ખાનગીમાં દાન કરો તો તે અતિ ઉત્તમ છે.'**

**'ત્રણ પ્રકારના કૃત્યો તમારા મૃત્યુ પછી પણ તમારી સાથે રહે છે. એ ત્રણમાં પ્રથમ છે વ્યક્તિએ કરેલ દાન-સખાવત. તેનો લાભ મૃત્યુ પછી પણ મળતો રહે છે.'**

ઈસ્લામમાં લાભની પ્રાપ્તિ કે ફળની પ્રાપ્તિ માટે કરેલા દાનને પણ ઝાઝું સ્થાન નથી. એક કરોડપતિ બે લાખનું દાન કરે છે પણ તે બે લાખનું દાન મૂડી રોકાણના હેતુથી કરે અથવા આર્થિક લાભ માટે કરે તો તે એ દાનના અધ્યાત્મિક લાભથી વંચિત રહે છે. અર્થાત્ સદ્‌કાર્યો બદલાની અપેક્ષા વગર નિજાનંદ માટે કરો. ફળની અપેક્ષાએ કરવામાં આવેલ સદ્‌કાર્યોનું આધ્યાત્મિક મૂલ્ય અવશ્ય નહીંવત્ હોય છે. કુરાને શરીફમાં આ અંગે કહ્યું છે.

**'અને જે શખ્સ દુનિયામાં પોતાના કર્મોનો બદલો ચાહે છે તેને અમે તેનો બદલો અહિંયા જ આપીએ છીએ . અને જે શખ્સ આખિરતમાં પોતાના કર્મોનો બદલો ઈચ્છે છે, અમે તેને તેનો બદલો ત્યાં જ આપીશું. અને જે લોકો પોતાના કર્મોના બદલા માટે માત્ર અલ્લાહના શુક્રગુઝાર છે, તેમને અમે તેનો તુરત બદલો આપીશું.'**

**'જે કોઈ એક નેકી (સદ્‌કાર્યો) લાવશે તેને તેથી દસ ગણું મળશે. અને જે કોઈ એક એક બદી (અપકૃત્યો ) લાવશે, તેને તેના પ્રમાણમાં સજા મળશે. પણ તેના ઉપર ઝુલ્મ કરવામાં આવશે નહિં.'**

**'એ લોકોને એવો જ બદલો આપવામાં આવશે જેવા કામતેમણે કર્યા હશે.'**

ગીતામાં આજ વાતને વ્યક્ત કરતાં કહેવામાં આવ્યું છે.

'આ લોકમાં કર્મના ફળ ઈચ્છનારાઓ દેવતાઓને પૂજે છે, કેમ કે મનુષ્યલોકમાં કર્મથી ઉત્પન્ન થનારી સિદ્ધિ તરત પ્રાપ્ત થાય છે.'

ઈસ્લામ અને હિન્દુ ધર્મના ઉપરોક્ત આદર્શોને જીવનમાં સાકાર કરનાર મહાનુભાવો બન્ને ધર્મમાં થયા છે. મહંમદ સાહેબે પોતાના સમગ્ર જીવન દરમિયાન સદ્‌કાર્યોની સુવાસ દ્વારા અરબસ્તાનની જંગલી પ્રજામાં ઈસ્લામનો પ્રચાર-પ્રસાર કર્યો હતો. એ યુગમાં અરબસ્તાનમાં બાગાયતની જમીન અને મિલકત દુર્લભ ગણાતા. મખૈરિક નામના એક ધનવાને હઝરત મહંમદ સાહેબને પોતાની જમીનમાંથી સાત બગીચા ભેટ આપ્યા. મહંમદ સાહેબે એ તમામ બગીચા **'વકફ'** કરી દીધા. અર્થાત્ તે તમામ બગીચા લોકહિતાર્થે અર્પણ કરી દીધા. અને એ બાગોની તમામ ઉપજ ગરીબો અને હાજતમંદોની ઉન્નતિ માટે ઉપયોગમાં લેવાનો આદેશ કર્યો. **એકવાર મુસાફરીમાં મહંમદ સાહેબના જોડાનો પટ્ટો તૂટી ગયો. એક સહાબીએ કહ્યું, 'લાવો, હું તે સાંધી આપું.'**

આપે ફરમાવ્યું, 'એ તો વ્યક્તિ પૂજા થઈ, તે મને પસંદ નથી.'

મહંમદ સાહેબની વફાત (અવસાન) પછી ઈસ્લામના ચારે ખલીફાઓએ પણ તેમના આવા ઉત્તમ આદર્શોને જીવનમાં સાકાર કર્યા હતા. ઈસ્લામના બીજા ખલીફા હઝરત ઉમરનું જીવન સદ્‌કાર્યોના બોધ સમાન હતું. લોકોના સુખદુઃખ જાતે જાણવા રાત્રે શહેરમાં ગુપ્ત વેશે ફરતા. દુષ્કાળમાં લોકોને ભોગવવી પડતી તંગીને ધ્યાનમાં રાખી પોતે પણ ઘી-દૂધનો ત્યાગ કરી સૂકી રોટી ખાતા. ગુલામોને પણ પોતાના જેવું જ ભોજન, વસ્ત્રો અને સવારી આપતા. તેમની સાથે જ ભોજન લેતા. પરધર્મીઓને રાજ્યમાં રક્ષણ આપતા. પોતાના ખર્ચનો બોજો રાજ્ય પર ન નાખતા અને કુરાને શરીફની નકલો કરી પોતાનું ગુજરાન ચલાવતા. આવા સદ્‌કર્મો જ.

'કર્મ તેરે અચ્છે હૈ તો, કિસ્મત તેરી દાસી હૈ,
નિયત તેરી અચ્છી હૈ, તો ઘરમેં મથુરા કાશી હૈ'

ઉક્તિને સાચી ઠેરવવા અનિવાર્ય છે. ★

## ઈશ્વર કે કર્મ – મોટું કોણ?

એકવાર વિષ્ણુ ભગવાન અને લક્ષ્મીજી પૃથ્વીની પરિક્રમા કરવા નીકળ્યા. ફરતાં ફરતાં એક નગરના પાદરે આવ્યા ત્યારે તેમણે રસ્તામાં એક ગરીબ કઠિયારાને જોયો. આ કઠિયારો વિષ્ણુ ભગવાનનો ભક્ત હતો. રોજ સવારે પૂજા-પાઠ કરે, વિષ્ણુ ભગવાનની સ્તુતિ આદિ કરીને પછી જ પોતાનું કામ શરૂ કરતો હતો. ત્યારે લક્ષ્મીજીને આ ગરીબ કઠિયારા ઉપર દયા આવી. તેમણે વિષ્ણુ ભગવાનને કહ્યું કે, આ તો તમારો ભક્ત છે, તો શું તમારા ભક્તની આવી દશા! ત્યારે વિષ્ણુ ભગવાન મલક મલક હસવા લાગ્યા. પરંતુ લક્ષ્મીજી તેનો મર્મ સમજી શક્યા નહિ. તેમણે તો વિષ્ણુ ભગવાનને કઠિયારાને મદદ કરવાનું સૂચન કર્યું. ભગવાન પણ લક્ષ્મીજીની ઈચ્છાનો અનાદર કરી શક્યા નહિ. આથી વિષ્ણુ ભગવાને એક રત્નની પોટલી કઠિયારો જતો હતો એ રસ્તા પર મૂકી દીધી. પરંતુ એ જ વખતે કઠિયારાને કુબુદ્ધિ સૂઝી, વિચાર્યું લાવ જોઉં કે જો હું આંધળો હોત તો મને રસ્તો દેખાય છે કે નહિ? આમ વિચારી આંખો બંધ કરી ચાલવા લાગ્યો અને રત્નોની પોટલી રસ્તામાં હોવા છતાં તેને મળી નહિ.

બીજે દિવસે ફરી વિષ્ણુ ભગવાને કઠિયારો જે ઝાડ કાપતો હતો તે ઝાડને ચંદનનું ઝાડ બનાવી દીધું. કઠિયારો તો લાકડા કાપી તેનો ભારો બનાવી બજારમાં આવ્યો પણ તે દિવસે તેનો ભારો વેચાયો નહિ. લાકડાનો ભારો લઈ ઘરે આવ્યો. ઘરે બીજા લાકડાં હતાં નહિ આથી રસોઈ કરવા માટે તે જ લાકડાં બાળી નાખ્યાં. આમ બીજો દિવસ પણ નકામો ગયો.

લક્ષ્મીજીના આગ્રહથી વિષ્ણુ ભગવાને એક મોકો વધુ આપ્યો. તેમણે એક પારસમણિ કઠિયારાને આપ્યો. કઠિયારો તો ખુશ ખુશ થઈ ગયો. લાકડાં કાપવાનું કામ બાજુ ઉપર મૂકી ઝાડ નીચે સૂઈ ગયો. પરંતુ ઝાડ ઉપર બેઠેલો કાગડો કા...કા... કરી તેની ઊંઘ બગાડતો હતો. આથી ચીડાઈને કઠિયારાએ તે કાગડાને હાથથી ઊડાડવાનો પ્રયત્ન કર્યો પણ કાગડો ઊડ્યો નહિ ત્યારે તેણે ભગવાને આપેલ પેલો પારસમણિ તેની પાસે હતો તેનો જ છૂટો ઘા કર્યો. કાગડો તો ઊડી ગયો પરંતુ પારસમણિ ક્યાં પડ્યો તે ખબર ન પડી. કઠિયારો પારસણિને આમ તેમ શોધવા લાગ્યો પણ તેને પારસમણિ મળ્યો નહિ. ત્યારે વિષ્ણુ ભગવાને હસતાં હસતાં કહ્યું કે, મેં તો તેને આપ્યું પરંતુ તેના કર્મમાં હતું જ નહિ માટે તેને કાંઈ પણ મળ્યું

**–સંપાદિકાઓ**

# ખ્રિસ્તી ધર્મમાં કર્મનો સિદ્ધાંત

□ ડૉ. થોમસ પરમાર

*[અમદાવાદના પીએચ. ડી.ના ગાઈડ. એમણે ગુજરાતના મંદિરો-સ્થાપત્ય પર પીએચ. ડી. કર્યું છે. એચ. કે. આર્ટ્સ કૉલેજના પૂર્વ પ્રોફેસર, ગુજરાતી વિશ્વકોશ અને જૈન વિશ્વકોશ સાથે સંકળાયેલા, અષ્ટાપદ સંશોધન સમિતિમાં કાર્યરત. એમના ૧૧ પુસ્તકો પ્રકાશિત થયા છે.]*

પશ્ચિમ એશિયામાં ઉદ્‌ભવેલા યહૂદી ધર્મ, ખ્રિસ્તી ધર્મ અને ઈસ્લામ ધર્મ સેમેટીક રીલીજિયન્સ તરીકે ઓળખાય છે. આ ત્રણે ધર્મોની ઘણીખરી માન્યતાઓ અને સિદ્ધાંતો વચ્ચે સામ્ય જોવા મળે છે. આ ત્રણેય સેમેટીક ધર્મો ભારતીય ધર્મો-હિંદુ ધર્મ, જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મના સિદ્ધાંતોથી ઘણાં જુદાં પડે છે. આમાંનો એક સિદ્ધાંત છે કર્મનો સિદ્ધાંત. ભારતીય દાર્શનિક પરંપરામાં કર્મનો સિદ્ધાંત ઘણો અગત્યનો છે. જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મ તો કર્મપ્રધાન ધર્મ છે. માણસે કર્મ કરવું જ પડે છે અને એ કર્મના ફળ ભોગવવા જ પડે છે. કર્મના ફળ સારાં કે ખોટાં ભોગવવા ફરીથી જન્મ લેવો પડે છે . કર્મના બંધનને કારણે માણસે જન્મ અને મરણના ચકરાવામાં ફરરવું જ પડે છે. આમ કર્મની સાથે પુનર્જન્મની માન્યતા સ્વીકારેલ છે. ભગવદ્ ગીતાના બીજા અધ્યાયમાં નિષ્કામ કર્મ પર ભાર મૂકવામાં આવ્યો છે. માણસે ફળની અપેક્ષા રાખ્યા વિના કર્મ કરવું જોઈએ.

ખ્રિસ્તી ધર્મમાં ભારતીય પરંપરા પ્રમાણેનો કર્મનો સિદ્ધાંત પ્રત્યક્ષ સ્વરૂપે જોવા મળતો નથી. ખ્રિસ્તી ધર્મના પવિત્ર ગ્રંથ બાઈબલમાં કર્મ વિશેના અનેક ઉલ્લેખ આવે છે. પણ ત્યાં જન્મ અને મૃત્યુને કર્મ સાથે કોઈ સંબંધ નથી. બાઈબલ અંતર્ગત જૂનો કરાર (Old Testament) અને નવો કરાર (New Testament)માં કર્મ અને તેનાં ફળ વિશે નીચે પ્રમાણેના ઉલ્લેખો જોવા મળે છે.

**કર્મનું મહત્ત્વ:**

ખ્રિસ્તી ધર્મમાં કર્મનું મહત્ત્વ સ્વીકારવામાં આવ્યું છે. જીવન દરમ્યાન સતત કર્મ કરવાનું જણાવવામાં આવ્યું છે. બાઈબલમાં જણાવ્યું છે કે, ‘કામ કરતાં કરતાં ઘરડો થા’ (ઉપદેશમાળા, ૧૬:૧૪). ઈશાવસ્ય ઉપનિષદનો મંત્ર कुर्वन्नेह कर्माणि जिजिविशेत शतम् समाः (માણસે કર્મ કરતાં કરતાં સો વર્ષ જીવવાની આશા રાખવી જોઈએ.)ને બાઈબલનું આ વાક્ય પ્રતિબિંબિત કરતું જણાય છે. માણસે કર્મ કરવું જોઈએ એટલું પૂરતું નથી, તેણે તેના કર્મોનું પરીક્ષણ પણ કરવું જોઈએ તેવો આગ્રહ રાખવામાં આવ્યો છે. આ માટે બાઈબલમાં વિધાન છે કે, ‘દરેક માણસે પોતાના કર્મોનું પરીક્ષણ કરવું; તો તે પોતાની યોગ્યતા જોરે ગૌરવ લઈ શકશે.’ આવી પડેલા કર્તવ્યો નિષ્ઠાપૂર્વક અને કોઈપણ પ્રકારની ફરિયાદ વિના બજાવવા જોઈએ. એમ કરવાથી ઈશ્વરના નિષ્કલંક સંતાન બની શકાય છે અને જીવનનો સંદેશ વિશ્વમાં પ્રસારી શકાય છે. આ અંગે બાઈબલ જણાવે છે કે, ‘કોઈપણ જાતના બબડાટ કે આનાકાની વગર બધાં કર્તવ્યો કર્યે જજો, તો જ તમે આ કુટિલ અને આડા લોકો વચ્ચે નિર્દોષ, સરળ અને ઈશ્વરના નિષ્કલંક સંતાન બની રહેશો અને જીવનનો સંદેશ આગળ ધરીને વિશ્વમાં જ્યોતિની જેમ પ્રકાશશો.’ (ફિલિપ્પી, ૨: ૧૪-૧૫). વધુમાં જણાવ્યું છે કે, ‘પ્રત્યેક સત્કાર્ય માટે તૈયાર રહેવું. કોઈનું ભૂંડું બોલવું નહિ, ઝઘડો કરવો નહિ, દિલ મોટું રાખવું અને સઘળા માણસો પ્રત્યે સતત નમ્ર વ્યવહાર કરવો. (તિતસ, ૩:૨). કર્મના આનંદનો સ્વીકાર કરવામાં આવ્યો છે, જેમકે; ‘માણસ પોતાના કામમાં આનંદ માણે એના જેવું સુખ બીજું એકે નથી. (તત્ત્વદર્શી, ૩:૩૨). માણસ જે કંઈ કરે છે તે ઈશ્વરના ધ્યાનમાં છે.’ બાઈબલ જણાવે છે કે, ‘માણસ જે કંઈ કરે છે તે બધું પ્રભુની આગળ દીવા જેવું સ્પષ્ટ હોય છે અને તે સતત તેમના કાર્યો ઉપર નજર રાખ્યા કરે છે.’ (ઉપદેશમાળા, ૧૭:૧૯). જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મમાં ઈશ્વરના અસ્તિત્વનો સ્વીકાર ન હોવાથી માણસના કર્મની ઉપર દેખરેખ રાખવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. ખ્રિસ્તી ધર્મમાં શ્રદ્ધા કરતાં પણ કાર્યને મહત્ત્વ આપવામાં આવ્યું છે. શ્રદ્ધાની સાથે કાર્યનો આગ્રહ રાખવામાં આવ્યો છે. બાઈબલમાં જણાવ્યું છે કે, ‘માણસ કાર્યોથી પુણ્યશાળી ઠરે છે, કેવળ શ્રદ્ધાથી નહિ.’ (યાકોબ, ૨:૨૪) વધુમાં જણાવે છે, ‘કાર્યો વગરની શ્રદ્ધા પણ મરેલી છે.’ (યાકોબ, ૨:૨૬)

**કર્મનું ફળ:**

બાઈબલમાં કર્મ ના ફળની પણ વાત કરવામાં આવી છે . ઉપદેશમાળામાં સ્પષ્ટ જણાવ્યું છે કે, ‘દરેક માણસને તેના કર્મનું ફળ મળે જ છે.’ (ઉપ. ૧૬:૧૪). હઝકિયેલમાં પણ જણાવ્યું છે કે, ‘કરે તે ભોગવે’ (હઝકિયેલ, ૩૩:૧૦-૨૦). હઝકિયેલમાં જ આગળ નોંધ્યું છે કે, પુણ્યશાળી માણસ પોતાના પુણ્યકર્મોનાં અને ભૂંડો માણસ પોતાની ભૂંડાઈના ફળ ભોગવશે (હઝકિયે લ, ૧૮:૨૦). ‘પુણ્યશાળી માણસ ધર્મનો રસ્તો છોડીને ભૂંડા માણસની જેમ અધમ કૃત્ય કરે તો તેણે પહેલાં કરેલાં પુણ્યકર્મો લક્ષમાં લેવામાં નહિ આવે.’ (હઝ:૧૮:૨૪) અર્થાત્ પાછળના ભૂંડા કર્મો પ્રમાણે જ બદલે મળશે. બીજી રીતે કહીએ તો ભૂંડા કર્મોની અગાઉ કરેલાં પુણ્યકર્મોના ફળનો લોપ થાય છે. ‘તારા ઘૃણાજનક કૃત્યોના ફળ તારે ભોગવવા પડશે.’ (હઝ. ૭:૪). કર્મના ફળને ઈશ્વરની બક્ષિસ માનવામાં આવી છે. ‘ખરેખર માણસ ખાય, પીએ અને પોતાના કામના ફળ ભોગવે એ જ તેને મળેલી ઈશ્વરની બક્ષિસ છે.’ (તત્ત્વદર્શી ૩:૧૩) આમ **ખ્રિસ્તી ધર્મમાં કર્મના ફળની માન્યતાનો પણ સ્વીકાર કરવામાં આવ્યો છે.** કર્મનું ફળ એની મેળે મળતું નથી પરંતુ ફળ આપનાર ઈશ્વર છે. જેમ કે , ‘હું તમારા દુષ્કર્મોનો હિસાબ માંગનાર છું. તમારા દુષ્કર્મોની હદ્દ તમને સજા કરનાર છું.’ દુષ્કર્મનું ફળ એ ઈશ્વરની સજા છે, જ્યારે પુણ્યકર્મનું ફળ એ ઈશ્વરની બક્ષિસ છે. ટૂંકમાં બંને પ્રકારના કર્મનું ફળ આપનાર ઈશ્વર છે. માણસે જીવન દરમ્યાન કરેલાં સારાં કે ખોટાં કર્મોનો ન્યાય ઈશ્વર તરફથી છેલ્લા દિવસે કરવામાં આવશે. આ દિવસને Day of Judgement-ન્યાયનો દિવસ અથવા છેલ્લો દિવસ માનવામાં આવે છે. ત્યારે ઈશ્વર પોતે આ પૃથ્વી પર પધારશે. આકાશ તેજોમય થઈ જશે અને આકાશમાં ઈશ્વરના દેવદૂતો રણશિંગા વગાડશે અને મૃત્યુ પામેલાં સૌ માનવીઓ ફરી પાછા સજીવ થશે. તેઓ પુનરુત્થાન પામશે અને ઈશ્વર સૌના કાર્યોનો ન્યાય તોળશે . (પી તર, ૧:૧૭) સારાં કાર્ય કરનારને સદાકાળ સ્વર્ગનું સુખ મળશે અને દુષ્કર્મો કરનારને સદાકાળ નરકના અગ્નિમાં તપવું પડશે. આ પુનરુત્થાન એ પુનર્જન્મ નથી. કર્મને કારણે વ્યક્તિ પુનરુત્થાન પામતી નથી બલ્કે કર્મોના ન્યાય માટે ઈશ્વરની ઈચ્છાથી તે પુનરુત્થાન પામે છે. અહીં પણ આપણે જોઈ શકીએ છીએ કે માણસના કર્મ નું ફળ આપોઆપ મળતું નથી પરંતુ ઈશ્વર દ્વારા મળે છે . આમ ખ્રિસ્તી ધર્મમાં કર્મનો સિદ્ધાંત છે પરંતુ જૈન અને બૌદ્ધ ધર્મની જેમ તેમાં પુનર્જન્મનો સિદ્ધાંત સંકળાયેલો નથી. ★

# શીખ ધર્મ અને કર્મવાદ

☐ વર્ષા શાહ

*[વિદુષી લેખિકા કે. જે. સોમૈયા સેન્ટર ફોર સ્ટડીઝ ઈન જૈનિઝમ-મુંબઈમાં રીસર્ચ આસિસ્ટન્ટ અને જૈનોલોજી કોર્સના પ્રાધ્યાપિકા છે.]*

**મધ્યકાલીન યુગ અને શીખ ધર્મની ઉત્પત્તિ**

૧૫મી-૧૬મી શતાબ્દી ક્રાન્તિઓનો યુગ હતો. ક્રાન્તિ એટલે આમૂલ પરિવર્તન અર્થાત્ વસ્તુ કે વસ્તુજનિત પરિસ્થિતિએ સર્જેલાં નવાં મૂલ્યાંકનો. માનવજીવન ઘણાં પાસાવાળું હોવાથી વિવિધ ક્ષેત્રે ક્રાન્તિ થયેલી જેવી કે વૈજ્ઞાનિક ક્રાન્તિ, રાજનૈતિક ક્રાન્તિ, સામાજિક ક્રાન્તિ ઇત્યાદિ. આવી જ રીતે ધાર્મિક ક્ષેત્રે પણ વિશ્વમાં ઘણી વિભૂતિઓ થઈ ગઈ જેમણે અજ્ઞાન, કુરિવાજો, મિથ્યા આચાર, ખોટી પ્રણાલિકાઓ, ધર્માંધતા, નૈતિક પતન અને તેને પરિણામે સમાજમાં પેસી ગયેલો સડો દૂર કરવા ભગીરથ પુરુષાર્થ કરી માનવજાતને સુખ અને શાંતિનો સાચો રાહ બતાવ્યો છે. જે ક્રાન્તિથી માનવજાતની સુખ અને શાંતિ વધે તે જ શ્રેષ્ઠ ક્રાન્તિ કહેવાય. આજથી ૫૦૦ વર્ષ પહેલાં શીખ ધર્મનો ઉદય શ્રી ગુરુ નાનકદેવની શિક્ષાઓ (બોધ) સાથે થયો છે. ગુરુ નાનકદેવનો જન્મ ઈ.સ. ૧૪૬૯ લાહોરના તલબંડી (હાલે નાનકના સાહિબ)માં થયો હતો. જે સત્ય તત્કાલીન રાજનીતિક, ધાર્મિક અને સામાજિક રૂઢિઓ અને કુસંસ્કારો રૂપી અંધકારમાં ડૂબેલું હતું તેને ગુરુ નાનકદેવ પોતાના અંતરંગમાં ઉદિત જ્ઞાન પ્રકાશથી બહાર કાઢ્યું છે. વર્ણભેદ, મૂર્તિપૂજા, અવતારવાદ, જેવા ક્રિયાકાંડમાં ધર્મ મનાઈ રહ્યો હતો ત્યાંથી લોકોને છોડાવી સત્યના પંથે વાળ્યા છે. તેઓ નારીને સન્માનથી જોતા હતા. સતી પ્રથા, પડદા જેવા રિવાજોનો વિરોધ કર્યો. ગુરુ નાનક એક સારા કવિ પણ હતા. એમની વાણી 'વહેતા નીર' હતી જેમાં ફારસી, મુલ્તાની, પંજાબી, સિંધી, ખડીબોલી, અરબી, સંસ્કૃત અને વ્રજ ભાષા સમાઈ ગઈ હતી. તેઓ પંજાબ, મક્કા, મદીના, કાબુલ, સિંહલ, કામરુપ, પુરી, દિલ્લી, કાશ્મીર, કાશી, હરિદ્વાર જેવા સ્થળો પર જઈને લોકોને ઉપદેશ આપવા લાગ્યા. અધ્યાત્મિક તેમ જ સ્વાનુભાવથી ઓતપ્રોત વાણીથી લોકો આકર્ષિત થતા ગયા. ગુરુ નાનકનું કહેવું હતું કે હિન્દુ-મુસ્લિમ અલગ નથી અને બધા લોકોને એક જ ભગવાને બનાવ્યા છે.

ઈશ્વરનો સાક્ષાત્કાર બાહ્ય સાધનોથી નહીં પણ આંતરિક (ક્રોધ, મોહ, કામ, અહંકાર પર વિજય) સાધનથી સંભવ થઈ શકે. ગુરુનાનક સર્વેશ્વરવાદી હતા. મૂર્તિપૂજાને તેઓ નિરર્થક માનતા હતા. એકેશ્વરવાદની શિક્ષા આપતા ગુરુનાનક આ પ્રમાણે કહે છે–

'(     ) ઈક ઓંકાર સતનામ કરતા પુરખ
અકાલ મૂરત નિરભઉ નિરવૈર અજૂની સૈભં ગુરુ પ્રસાદિ.'

જેનો શબ્દાર્થ આ પ્રકારે છે-

ઈક ઓંકાર – ઈશ્વર એક છે
સતનામ – એમનું નામ જ સત્ય છે.
કરતા પુરખ – બધાને બનાવનાર
અકાલ મૂરત – નિરાકાર
નિરભઉ – નિર્ભય
નિરવૈર – કોઈના દુશ્મન નહીં
અજૂની – જન્મ-મરણથી પર
સૈભં – પોતાની સત્તા કાયમ રાખનારા
ગુરુ પ્રસાદિ – ઈશ્વરની કૃપાનું પ્રાપ્ત થવું.

આમ ઈશ્વરને નિર્ગુણ, દયાળુ, કૃપાળુ અને જગતના કર્તા તરીકે સ્વીકાર્યા છે. આ શ્લોક શીખોનો મૂળમંત્ર છે જેમાં પરમાત્માનું વર્ણન છે. જપુજી/ જપ(ઉ)જીમાં મૂળમંત્ર અથવા મહામંત્રનું વિસ્તૃત વિવેચન છે. શીખોનું દૈનિક પઠન નિતનેમ ૫ વિભાગોમાં વિભાજીત છે. તેમાં પહેલો દૈનિક પઠન જપ(ઉ)જી છે.

**ગુરુ નાનકનો સ્વભાવ** – તેઓ કોમળ, માધ્યસ્થ, ન્યાય, અવિરુદ્ધ, વિશાળ, નિઃસ્પૃહ, નિડર, ભાવના, તથા ભક્તિથી ભીંજાયેલું અતંરપટ ઇત્યાદિ અનેક ગુણોથી સુશોભિત સુધારક હતા.

શીખ ધર્મમાં ગુરુને આદરભાવથી જુવે છે-

गुरु गोविंद दूनयँ खडे काके लागुं पाई
बनिहारी गुरु  आपणै निमि गोविंद दिया दिखाई।।

શીખ ધર્મનો મર્મ સમજાવવાનું અનેરું કાર્ય એમના ૯ શિષ્યોએ કર્યું જેઓ ગુરુ નાનકની યશકલગી સમાન હતા.

**૧૦ ગુરુઓના નામ ક્રમથી આ પ્રમાણે છે.**

ગુરુ નાનક (સન ૧૪૬૯ - ૧૫૩૯)
ગુરુ અંગદ (સન ૧૫૦૪ - ૧૫૫૨)
ગુરુ અમરદાસ (સન ૧૪૭૯ - ૧૫૭૪)
ગુરુ રામદાસ (સન ૧૫૩૪ - ૧૫૮૧)
ગુરુ અર્જન (સન ૧૫૬૩  - ૧૬૦૬)
ગુરુ હરગોબિન્દ (સન ૧૫૯૫ - ૧૬૪૫)
ગુરુ હર રાય (સન ૧૬૩૧ - ૧૬૬૧)
ગુરુ હર કૃષ્ણ (સન ૧૬૫૬ - ૧૬૬૪)
ગુરુ તેગબહાદુર (સન ૧૬૨૨ - ૧૬૭૫)
ગુરુ ગોવિન્દ સિંહ (ડિસે. ૨૬, ૧૬૬૬- ઑક્ટોબર ૭. ૧૭૦૮)

ગુરુ ગોવિન્દસિંહે સંત અને સિપાહી બન્નેના રુપ ધારણ કરી ભક્તિ અને શક્તિ (ખાલસા)નું સૃજન કરી ભારતીય ચિંતન અને યુદ્ધ કૌશલમાં એક અપૂર્વ યોગદાન આપ્યું.

**શીખોનું ચિન્હ**

વચ્ચે અકાલ પુરખ અને બન્ને બાજુ તલવાર છે. એક તરફ તલવાર પીરી (ધર્મ-રક્ષા) અને બીજી તરફ તલવાર નીરી (રાજનીતિક લક્ષથી રક્ષા) વચ્ચે ચક્ર છે.

**શીખના બે પ્રકાર**



(૧) **અમૃતધારી (દીક્ષિત)** શીખ, પાંચ ક્કાર હંમેશાં પોતાની સાથે રાખે છે. ૫ ક્કાર છે. (૧) કેશ (વાળ) (૨) કંઘા (કાંસકી) (૩) કડા, (૪) કછહિરા (એક જાતનો શાહી પોશાક), (૫) કૃપાણ (તલવાર)

**(૨) સહેજધારી શીખ** પાંચ ક્કારમાં નથી માનતા. શીખ દેહધારી ગુરુમાં  વિશ્વાસ નથી કરતા. ગુરુ  ગ્રંથસાહિબ (ગુરુવાણી)ને ગુરુ તરીકે સ્વીકારે છે. ગુરુ નાનકના વિવિધ લખાણોનું ક્રમબદ્ધ સંકલન

કરનાર પાંચમા ગુરુ અર્જુનદેવ હતા.

**ગ્રંથસાહિબ**

૧૪૩૦ પૃષ્ઠોનો આ બૃહદ ગ્રંથ ૫૮૬૭ શબ્દોમા ૫ ગુરુના લખાણ સાથે નામદેવ, મીરાબાઈ જેવા ભક્તો, કબીર જેવા સૂફી, સંતો, ભંટ્ટોની કવિતાઓથી સભર છે. આ બૃહદ ગ્રંથ મૂળ પંજાબી ભાષામાં ગુરુમુખી લિપિમાં લખાયો છે. આ ગ્રંથસાહેબને ગુરુદ્વારા, શીખમંદિર તથા શ્રીમંત શીખોના ઘરોમાં સ્થાપિત કરાય છે. સિદ્ધાન્ત અને ક્રિયાત્મક રૂપથી શીખના બધા જ સાંસારિક અને અધ્યાત્મિક કાર્યો ગુરુદ્વારામાં સંપન્ન થાય છે. ગુરુદ્વારાનો અર્થ થાય છે ગુરુનું દ્વાર અથવા ઘર જ્યાંથી વાહિગુરુનું દર્શન થઈ શકે છે. અમૃતસરમાં શીખોનો પ્રમુખ પવિત્ર ગુરુદ્વારા છે. દરેક ઉત્સવ પછી લંગરથી કાર્યક્રમ સંપન્ન થાય છે. લંગર એટલે ભેદ-ભાવ વિના સામૂહિક ભોજન ગ્રહણ કરવું. શીખોનું મુખ્ય કર્તવ્ય છે નિઃસ્વાર્થભાવે સેવા, લંગર અને સંગત (સત્સંગ)

'वाहेगुरुजी का खालसा वाहेगुरुजी की फतहि.'

આ વાક્યથી શીખભાઈ આપસમાં એકબીજાને સંબોધે છે. શીખ પરમાત્મા-શક્તિને તર્ક અને પ્રમાણનો આધાર લઈને સમજાવવાનો પ્રયત્ન નથી કરતા. પણ પરમાત્મામાં રહેલા અલૌકિક, અનાદિ સત્ય ઉપસ્થિતિનો જાતઅનુભવ કરે છે. એટલા માટે વાહે ગુરુજી... ફતહિ ઉદ્‌ગાર સરી પડે છે.

**શીખમત (ગુરુમત) હુકમ – કર્મ સિદ્ધાન્ત**

ગુરુ ગ્રન્થ સાહિબના જપુ જી અધ્યયનમાં કર્મ (અવિદ્યા), સંસાર પરિભ્રમણ (આવાગમન), જ્ઞાન (ભક્તિ) અને મોક્ષ આ ચતુષ્પદી સ્તંભનો તાત્ત્વિક દૃષ્ટિએ ઉલ્લેખ કર્યો છે. ચેતન સત્તા સર્વવ્યાપી છે. માયા અને અજ્ઞાનના કારણે ચરાચર સૃષ્ટિમાં દ્વંદ્વ અને સર્વત્ર ભેદ દેખાય છે. અહમ્‌ના કારણે જીવાત્મા અલગ વ્યક્તિત્વ ધારણ કરી પોતાને કર્તૃત્વ માને છે. પરિણામે કર્મ બંધન કરે છે. જેના કારણે વિવિધ જન્મ-મરણ ધારણ કરે છે. જે જીવો પર ગુરુ અને વાહિગુરુની કૃપા (નદરે-કરમ) રહે છે તેઓના સંસાર પરિભ્રમણ મટી જાય છે.

ગુરુમત અનુસાર નિમિત્ત અને ઉપાદાન કારણ પરમાત્મા જ છે, એટલા માટે એ સર્વવ્યાપક, સર્વજ્ઞ અને સર્વશ્રેષ્ઠ છે. કાર્ય-કારણવાદ સિદ્ધાન્તમાં 'હુકમ'ને પ્રધાનતા આપી છે. 'હુકમ' ફારસી શબ્દ છે. જેનો અર્થ થાય છે ઈશ્વરીય--દિવ્ય--ડિવાઇન આદેશ, દિવ્ય ફરમાન, રઝા, ભાણા, કુદરત ઇત્યાદિ શબ્દ વ્યાપક અર્થમાં પ્રયુક્ત થાય છે. કર્મનો સિદ્ધાન્ત પણ હુકમના સિદ્ધાન્તમાં સમાઈ જાય છે. હુકમને કારણોના કારણ પણ કહી શકાય.

जो धुरि लिखिआ लेखु से करम कमाइसी ।।

(ગૂજરીવાર મહલા-રૂ. પૃ. ૫૧૦)

**ભાવાર્થઃ** હુકમની પરિધિમાં કર્મ કરવાની સ્વતંત્રતા મળે છે. જેમ માછલી નદીની સીમામાં રહીને સ્વતંત્ર રીતે તરી શકે છે તેમ હુકમમાં રહીને જીવાત્માને વિવેકબુદ્ધિથી કર્મ કરવાની સ્વતંત્રતા છે.

શીખ ધર્મ મનુષ્ય જન્મને શ્રેષ્ઠ માને છે કારણ આત્મિક વિકાસની ક્ષમતા એનામાં જ છે.

મનુષ્ય ચાર પ્રકારના કર્મ કરે છે. સ્વાર્થ માટે, કર્તવ્ય સમજીને, નિષ્કામ કર્મ (સે વા-ભક્તિ), વ્યર્થ કર્મ –ચોરી, જુગારાદિ વ્યસનમાં પડવું.

जेहा बीजै सो लुणै करमा संदड़ा खेतु।।

(બારહ માહા, પૃ. ૧૩૪)

**ભાવાર્થ :** માનવ દેહ! શરીર ખેતર સમાન છે. જેવું વાવેતર (કર્મ) કરવામાં આવે તેવું ફળ પાક (ફસલ) મળે છે.

સારા કર્મ કરવાથી ફક્ત માનવ શરીર મળે છે પણ લેખ લખનારા વિધાતા જ છે. અહમ્ વિસર્જન અને પ્રભુ સ્મરણ (સુમિરન)થી જ મુક્તિ મળે છે. શ્રી ગુરુ નાનક અનુસાર સારા કર્મ સામાજિક અને નૈતિક જીવનનો આધાર મનાય છે. શુભ-સારા કર્મ થકી મનુષ્યના હૃદયમાં શુદ્ધતા-પવિત્રતા આવે છે જેના કારણે સ્વસ્થ અને સારા સમાજની સ્થાપના થાય છે.

ददै दोसु न देऊ किसै दोसु करंमां आपणिआ।

जो मैं कीआ सौ मै पइआ दोसु न दीजे अवर जना।।

(આસા મહલા, પૃ. ૪૩૩)

**ભાવાર્થઃ** પોતાના કર્માનુસાર ફળ મળે છે, બીજાને દોષ આપવો વ્યર્થ છે. આ છટકબારી નિષ્ક્રિયતાની સૂચક છે.

'હું કંઈક છું'માંથી 'હું કંઈ જ નથી'ના ભાવો સર્જાય છે ત્યારે જ હુકમના ચરણમાં સ્થાન મળે છે. નમ્રતાના ભાણામાં રહીને અકાલ પુરખની કૃપા અથવા અનન્ય પ્રેમની દિવ્ય અનુભૂતિ જીવાત્માને થાય છે ત્યારે જ એનું અસ્તિત્વ ઓગળવાની શરૂઆત થવા લાગે છે.

उतम से दरि ऊतम कहीआही नीच करम बहि रोई।

(સિરી રાગુ મહલા-૧, પૃ. ૧૫)

**ભાવાર્થ** – ઈશ્વરના દરબારમાં નીચ કર્મ કરનાર રડે છે. જે લોકો અકાલ પુરખની આજ્ઞાથી વિરુદ્ધ કાર્ય કરે છે તેઓને ભવ પરિભ્રમણના ચક્કરમાં ૮૪ યોનિઓમાં ભટકવું પડે છે. એને જ ગુરુમત નર્ક કહે છે.

સ્વર્ગ-નર્કની ઈચ્છા કરવી અહમ્‌ને પોષણ આપવા બરાબર છે. શીખ ધર્મમાં સ્વર્ગ–નર્ક માટે કોઈ સ્થાન નથી. બન્ને બંધનરૂપ છે. કર્તૃત્વ ભાવનો ત્યાગ કરી વાહિગુરુ સાથે લીન થવું એ જ સ્વર્ગ છે અને હુકમ આજ્ઞા વિરુદ્ધ અશુભ કર્મ કરવાથી ૮૪ યોનિઓમાં પરિભ્રમણ (આવાગમન) કરવું એ જ નર્ક છે.

મધ્યકાલીન યુગમાં ભક્તિમાર્ગમાં પેસેલા ક્રિયા-કાંડ, અંધશ્રદ્ધા, નિષ્ક્રિયતા જેવા દોષોનો અંત કરવા શીખોને ત્રણ જીવન-સૂત્રો અર્પણ કર્યા છે.

नाम जपणा', ठकिरत करनी' અને ઠवंड छवणा.

નામ જપણા એટલે પ્રભુ સ્મરણ– ખાલી શબ્દ ઉચ્ચારણ નથી. સતનામ સ્મરણમાં અંતર્ગામી તત્ત્વ સમાયેલ છે. જે જડ-પૂજાથી પર આત્માભિમુખ ધ્યાન આકર્ષિત કરીને સત્ કર્મ કરવાની પ્રેરણા આપે છે. સંસારથી અલિપ્ત રહીને સંસારની જવાબદારીઓને સફળતાથી પાર પાડવાની એ કળા છે. શીખ સંન્યાસ ગ્રહણ, યાત્રા, ઇત્યાદિ બાહ્યાચાર માન્ય કરતા નથી કારણ અમુક સદ્‌કર્મોથી અહંની પુષ્ટી થાય છે.

'કિરત કરના' - શારીરિક અને માનસિક શક્તિથી ધન ઉપાર્જન કરવું. સ્વાવલંબી જીવન જીવવું.

'વંડ છકણા' - સ્વકમાણીનો દસમો ભાગ જનકલ્યાણ માટે ખર્ચ કરવો.

અહમ્ (કર્તૃત્વભાવ) ત્યાગ કરી પરોપકાર હેતુ જીવન અર્પણ

કરીને લક્ષ તરફ આગળ વધવાનું અને વાહે ગુરુ સાથે એક થવું એ જ શીખધર્મ બોધ આપે છે.

શીખ ધર્મે મોક્ષ-માર્ગની સાધના માટે વિવેકબુદ્ધિપૂર્વક ભક્તિમાર્ગને મહત્ત્વ આપ્યું છે કારણ શરણાગતિ ને સમર્પણના ભાવો ભક્તિમાં સમાયેલા છે.

हुकमि रजाई चलणा नानक लिखिआ नालि।।

और प्रेमपूर्वक वचन कियाः जाइ पुछहु सोहागणी

શીખમત (ગુરુમત)નો કર્મ-હુકમ સિદ્ધાંત

वाहे किनी बाती सहु पाईऔ?

एक कहाहि सोहागणी भैणे इनी बाती सहु पाईऔ।

आपु गवईऔ ता सहु पाईऔ अउरु कैसी चतुराई।।

(તિલંગ મહલા-૧, પૃ. ૭૨૨)

**ભાવાર્થઃ** પ્રસ્તુત પદમાં જીવાત્માનું પરમાત્મા સાથે મધુર મિલનનું ચિત્રણ કર્યું છે.

ગુરુ નાનક 'હુકમ'ને વિસ્મય-આશ્ચર્ય સ્વરૂપ બતાવીને પ્રેમિકાને પૂછે છે કે તારા પ્રેમીને કેવી રીતે મેળવી લીધો. પ્રેમિકા જવાબમાં કહે છે મારા અસ્તિત્વને પ્રેમીમાં સમર્પિત કરી નાખીને મેળવી લીધો. અર્થાત્ વિભાવ જ્યારે સદ્ભાવમાં પરિવર્તિત થાય છે ત્યારે જ સતના સાંનિધ્યને માણી શકાય છે. જે પરમાત્મા પ્રત્યે ભક્તિરસમાં ભીંજાય છે તેના આત્મગુણો સ્વયં ખીલવા લાગે છે.

સચખંડની અવસ્થા સ્વરૂપનું વર્ણન કરતાં ગુરુ ગ્રન્થસાહિબ કહે છેઃ

'सुख सहज आनंद भवन साथ संगी गुण गावाहि

तह रोग सोग नहीं जनम मरण'।।

(રામકલી મહલ-૫, પૃ ૮૮૮)

એવી કોઈ અલગ જગ્યા નથી જ્યાં આત્મા (રુહ--ઋણ્દ્રણ્દ) રહે છે. જીવાત્મા તુરિયા અવસ્થાને પ્રાપ્ત કરે જ્યાં રોગ-શોક જન્મ-મરણથી પર સહુજાનંદ સ્વરૂપમાં રમણા હોય છે.

જપુજીના અંતમાં ધર્મખંડ, જ્ઞાનખંડ, સરમખંડ, કર્મખંડ બતાવીને છેલ્લે સચખંડ બતાવ્યું છે. સચખંડ એ આત્મા-વિકાસની ચરમ અવસ્થા છે.

સ્થૂળ રીતે બન્ને સિદ્ધાન્ત 'કર્મ' અને 'હુકમ' પરસ્પર વિરોધી પ્રતીતિ થાય છે. જો બધું ઈશ્વરીય આદેશ અનુસાર થતું હોય તો પછી શુભ કાર્ય કરવાનો ઉત્સાહ રહેતો નથી અને જો કેવલ કર્મ સિદ્ધાન્ત માન્ય કરવામાં આવે તો પછી ઈશ્વરીય શક્તિનું શું પ્રયોજન? ગુરુ નાનકજી બન્ને સિદ્ધાન્તનો સમન્વય કરીને કહે છે હુકમનું રહસ્ય જાણવાથી સત્યનો સાક્ષાત્કાર થાય છે. માનવ જન્મ, કર્મફલનો નિયમ, સંસાર સ્વરૂપ (અનંત પ્રસાર) અને રહસ્યને સમજવા એ જ શીખ માટે પુરુષાર્થ છે.

**સંદર્ભ સૂચિઃ**


૧. શીખ ધર્મ ફિલો સફી- ભાગ-૫, શીખ મિશનરી કૉલેજ લુધિયાના, ૨૦૦૦

૨. ઇસ્સન્સ ઓફ વર્લ્ડ રિલીજીયનસ્, સંપાદક પ્રવીણભાઈ શાહ, જૈન સ્ટડી સેન્ટર, નોર્થ કેરોલીના, ૧૯૯૪

૩. શ્રી ગુરુ ગ્રન્થસાહિબ, સંપાદક મેદસિંહ, શીખ હેરિટેજ પબ્લિકેશન, પટીયાલા, ૨૦૧૧

૪. રીલીજીયન્સ ઓફ ઇન્ડિયા, સંપાદક પ્રો. રમેશચન્દ્ર, કોમનવેલ્થ પબ્લીકેશન, દિલ્હી, ૨૦૦૪

૫. સેક્રડ નિતનેમ, હરબન સિંહ ડાઉબીયા (ઊંષ્ટ્રક્રણ્ટ્ર) સિંહ બ્રધર્સ, અમૃતસર, ૨૦૧૪

૬ તુલનાત્મક ધર્મ-દર્શન (શીખ ધર્મ)

૭. http://www.sikhiwiki.org/index.php/karma


★

## લાલચ બૂરી ચીજ છે!

એક ન્યાયાધીશ, ઘણાં પવિત્ર અને પરોપકારી. વેકશનનો સમય આવ્યો અને ફરવા જવાનું મન થયું. પરિવાર સહિત શેઠ ફરવા ગયા. ફરીને પાછા આવતા સ્ટેશન ઉપર ઉતર્યાં. ગામથી થોડે દૂર તેમનું ઘર હતું. એક ઘોડાગાડીને ઊભી રાખી. પત્ની તથા બાળકોને બેસાડ્યાં અને પોતે પ્રભાતનો સમય છે સ્ફૂર્તિવાળું હવામાન છે, તેથી ચાલતા ચાલતા આગળ વધે છે. ઘોડાગાડી આગળ ચાલવા લાગી. રસ્તામાં વાડીઓ આવી. એ વાડીના છેડે ઝાડમાં લટકતી કેરીઓ જોઈને શેઠાણીને મોંમાં પાણી આવી ગયું. ઉનાળાનો સમય છે, અથાણું કરવા કામ લાગશે, તેમ વિચારી ઘોડાગાડીવાળાને ઊભો રાખ્યો.

ગમે તેવા પૈસાદાર હોય, તેને મફતનું મળે તો મૂકે ખરા? માણસનું મન સદાય અતૃપ્ત જ છે. કેરી જોઈને શેઠાણીનું મન લલચાયું. ઘોડાગાડીવાળો કહેઃ 'શેઠાણીબા, કેરી જોઈતી હોય તો ચાબૂક મારીને ઉતારી દઉં?' શેઠાણી તો ખોળો પાથરીને બેસી ગયાં. કેટલીય કેરી ભેગી થઈ, પણ હજુ શેઠાણી ના નથી પાડતા. એક કેરી જોરથી પછડાઈને શેઠાણીના હાથમાં રહેલી બંગડી ઉપર પડી. તે બંગડીમાંથી હીરા છૂટા પડી વેરાઈ ગયા અને કાંટાની વાડમાં ફસાઈ ગયા. હવે હીરા કેમ વીણી શકાય? શેઠાણીનું મોંઢું ઢીલું થઈ ગયું.

ઘોડાગાડીમાં બેસી માંડ માંડ ઘેર પહોંચ્યાં. ન્યાયાધીશ તો આનંદમાં છે. પણ શેઠાણી બહુ ઉદાસ છે. પૂછે છેઃ 'કેમ આજે તમારું મોંઢું પડી ગયું છે? મુસાફરીનો બહુ થાક લાગ્યો છે?'

'ના...ના...' શેઠાણીએ બધી વાત કરી. શેઠ કહેઃ 'તારું મન બગડ્યું તેનો જ આ દંડ છે.' જ્ઞાની કહે છેઃ 'જો જો, ખોટામાં ક્યાંય લલચાશો નહિ. જો લલચાશો તો ક્ષણિક આનંદ આવશે, પણ તમારું મન બગડ્યું અને તેનાથી જે કર્મ બંધાયાં તેનો દંડ પણ તમારે ભોગવવો પડશે. સરકારી માણસો ધાડ પાડવા આવ્યા અને માણસને એમ થાય કે-'કોઈને ખબર ન પડી. બધું સગેવગે થઈ ગયું અને બચી ગયા,' પરંતુ અન્યાય, અનીતિથી ઉપાર્જન કરેલી સંપત્તિ અંતે ખોટે રસ્તે જ ચાલી જાય છે.

ખોટા રસ્તે જે આવે રકમ, ખોટા રસ્તે તે ચાલી જવાની ટીપે ટીપે તિજોરી ભરી, ખોબે ખોબે એ ખાલી થવાની...

*'કંકણનો બોધ–આત્માની શોધ'માંથી ઉધ્ધૃત*

# જરથોસ્તી ધર્મના મૂળભૂત સિદ્ધાંતો અને કર્મવાદ

□ શ્રી બરજોર. એચ. આંટિયા

[પ્રતિષ્ઠિત મુલ્લા એન્ડ મુલ્લા કુંપનીના પાર્ટનર શ્રી બરજોર એચ. આંટિયા ગુજરાતમાંથી કરીને બોમ્બે હાઈકોર્ટમાં એડવોકેટ કરીકે જોડાઈ ઈ. સ. ૧૯૬૨માં સોલિસીટર બન્યા. તેઓ ગોલ્ડ મેડાલિસ્ટ છે. પારસી ધર્મનો તેમણે ઊંડો અભ્યાસ કર્યો છે અને તેના પર એક વિશદ પુસ્તક પણ બહાર પાડ્યું છે.]

**(૧) દુનિયાનો સૌથી જૂનો ધર્મ : (૬૦૦૦ વર્ષ જૂનો)**

રાજ્યો અને શહેરો નાશ થયા. રાજકીય વિચારો બદલાયા. સંસ્કૃતિઓ નાશ પામી, પણ ધર્મના સિદ્ધાંતો આજ સુધી ટક્યા છે મહાન વિદ્વાન Victor Hugo ના કહેવા પ્રમાણે જરથોસ્તી ધર્મનો પ્રભાવ બીજા ધર્મો પર પડ્યો. (Judaism & Christainity), જરથોસ્તી શબ્દનો અર્થ-સોનેરી પ્રકાશ કે સોનેરી તારા થાય. જરથોસ્તી ધર્મએ એના જમાના અને પછીના આવનારા જમાનામાં આધ્યાત્મિક પ્રકાશ ફેલાવ્યો.

**(૨) જરથોસ્ત સાહેબના સિદ્ધાંતો**

જરથોસ્ત સાહેબના સિદ્ધાંતો તેમણે રચેલા ગાથામાંથી મળે છે. જેમ હિંદુભાઈઓનું ધાર્મિક પુસ્તક ગીતા છે. તે પ્રમાણે જરથોસ્તી માટે ગાથા છે.

(A) જરથોસ્ત સાહેબ જન્મ્યા ત્યારે લોકો જાદુ અને મૃગાદેવીની પૂજા કરતા હતા. તેથી જરથોસ્ત સાહેબે ગાથામાં શીખવ્યું કે ફક્ત એક જ અદામાં માનવું અને એનું નામ પાડ્યું અહુરા મજદા એટલે ડહાપણના સૂ ત્રધાર. જરથો સ્તી ધર્મ પ્રમાણે દુનિયાને ચલાવનાર, નિભાવનાર, પાલનહાર, રક્ષણ કરનાર અને તેનો નાશ કરનાર પણ ખુદા છે. જરથોસ્તી ધર્મ પ્રમાણે ખુદા બધું જાણે છે. અને તેઓ બધે હાજર છે. એક ખુદામાં માનવું એ જરથોસ્તી ધર્મનો પહેલો સિદ્ધાંત છે.

(B) બીજો અને અગત્યનો સિદ્ધાંત એ અશોઈ છે. અશોઈ એટલે ફક્ત પવિત્ર જ નહીં પણ સચ્ચાઈ, સંયમ અને ઈન્સાફ છે. જે અશોઈનું પાલન કરે છે તે ખુદાને પહોંચે છે.

(C) જરથોસ્તી ધર્મ મહેનત અને મજૂરીને ઘણું વજન આપે છે. જરથોસ્ત સાહેબના વખતના ઈરાનીઓની કફોડી સ્થિતિ જોઈને સખત મહેનતથી જીવન જીવવું જરૂરી બન્યું. અને તેથી જરથોસ્તી ધર્મ ખેતીવાડી અને મહેનતને જરૂરી ગણે છે. વંદીદાદ (૩-૩૦૩૧) જરથોસ્ત સાહેબ સવાલ પૂછે છે કે, જરથોસ્તી ધર્મ કેમ ખીલે છે? એનો જવાબ એ છે કે જે ખેતી કરે છે તે અશોઈનું પાલન કરે છે.

(D) જરથોસ્તી ધર્મના સિદ્ધાંતો પ્રમાણે દરેક માનવીનું ભવિષ્ય એના કાર્યો પર રચાય છે. સુખ કે દુઃખ માનવીના વિચારો, વચનો અને કાર્યો પર રચાય છે. સુખ કે દુઃખ માનવીના વિચારો, વચનો અને કાર્યો પર આધાર રાખે છે અને એ આધારે માનવીને મળે છે. ટૂંકમાં જરથોસ્તી ધર્મનું શિક્ષણ છે કે તમે જેવું વાવશો તેવું લણશો. આ સિદ્ધાંતને ધ્યાનમાં રાખી, જરથોસ્તી ધર્મ દરેક માનવીને મહાન અને સમાજને ઉપયોગી કામ કરતા શીખવે છે. ભલાને ભલું, બુરાને બૂરું.

(E) જરથોસ્તી ધર્મની બીજી ખૂબી એ છે કે માનવીને દુનિયામાં રહીને દુનિયાને આબાદ બનાવવા કહે છે અને એક બાલકને નાનપણથી એની ફરજો જે બજાવવાની છે તેની કેળવણી આપે છે. વંદીદાદે કહ્યું છે કે જે માનવી પોતાની ફરજો નહીં બજાવે તે ફરજનો ચોર ગણવામાં આવશે. જરથોસ્તી કુટુંબી જીવન પસંદ કરે છે કે તેથી દાદાર હોરમજદ જરથોસ્ત સાહેબને કહે છે કે હું કુંવારા કરતાં બાળબચ્ચાંવાળાને વધુ પસંદ કરું છું.

(F) જરથોસ્તી ધર્મ પ્રમાણે દુનિયા અને દુનિયાની દરેક વસ્તુ પ્રગતિ કરે છે. જરથોસ્તી ધર્મ પ્રમાણે દુનિયાની પ્રગતિના છ તબક્કા છે અને છેલ્લા તબક્કે માનવી આવે છે તેની પહેલા ઝાડ-પાન, પ્રાણી, ધરતી, પાણી, આકાશ અને પ્રગતિના તબક્કામાં માનવી છેવટે આવે છે. માનવી પોતાની અક્કલ હોંશિયારીથી બાકીના પાંચ તત્ત્વોની સારી રીતે વ્યવસ્થા કરી શકે છે. જરથોસ્તી ધર્મના સિદ્ધાંત પ્રમાણે દુનિયા પ્રગતિ તરફ આગળ વધે છે.

(G) જરથોસ્તી ધર્મ કહે છે કે દુનિયામાં બે શક્તિઓ છે. (ભલી અને બૂરી). સ્પેનતા અને અંગ્રેજ મેઈન્યુ એ બે શક્તિઓ વચ્ચે હંમેશાં ઝગડા ચાલ્યા કરે છે. અને આખરમાં માનવીની ભલી શક્તિ જ બૂરી શક્તિ પર વિજય મેળવી, સારા કાર્યો કરી અંતે દુનિયા અને પોતાના આત્માનું કલ્યાણ કરે છે. દા. ત. ૨૦ મી સદીમાં માનવીઓએ ટેલીફોન, Fax, Computer અને Internet ની શોધ કરી જેથી દુનિયા એક નાના ગામડા જેવી થઈ ગઈ છે અને ચંદ્ર પર પહોંચ્યા જેવી અદ્‌ભુત સિદ્ધિઓ પણ મેળવી. જે કામના ૨૦૦ થી ૩૦૦ વર્ષ પહેલાં મહિનાઓ લાગતા હતા તે માત્ર એક મિનિટમાં થવા લાગ્યા. એવી મહાન સિદ્ધિઓ માનવીએ ૨૦મી સદીમાં પ્રાપ્ત કરી પણ એની સાથે બૂરી શક્તિનું પણ સંશોધન થયું અને એકબીજાને હરાવવાની અને થોડા કલાકમાં દુનિયાનો નાશ થાય એવી બુરી શક્તિની પણ શોધ થઈ. દુનિયા ભલાઈ અને બુરાઈથી ભરેલી છે. ૩૦૦૦ વર્ષ પહેલાંનો જરથોસ્તી ધર્મ કહે છે કે તમે તમારી ફરજ સમજો અને તમને જે વ્યાજબી લાગે તે અપનાવજો. ભલાઈનો રસ્તો અપનાવશે. તેનું પોતાનું અને બીજા સૌનું ભલું થશે, અને તે વૈકુંઠ પામશે, અને જો બુરાઈ તરફ જશો તો નરક પામશો. જરથોસ્ત સાહેબે ગાથામાં આ બે શર્તો ઉપર વાત કરી છે. અને એમના પછીના ધર્મો દા. ત. ઈસાઈ અને જગુડા ધર્મે અપનાવી છે.

**(૩) એક સંપૂર્ણ નૈતિક ધર્મ છે :**

જરથોસ્તી ધર્મ માનવીને નૈતિક રીતે જીવતા શીખવે છે. જરથોસ્તી ધર્મ માનવીને પવિત્ર અને પરોપકારી બનવા માટે

શીખવે છે કે જેથી એ પ્રગતિ પામે; અને દુનિયામાં પવિત્ર બનવા જરથોસ્તી ધર્મ ત્રણ મુખ્ય શિખામણો આપે છે. હુ:ખત, હુ:ખત, હુ:વશ્ત-સારા વિચારો, સારા વચનો અને સારા કાર્યો, જરથોસ્તી ધર્મ મનની શક્તિ પર ખાસ ભાર મૂકે છે; કારણ કે મનના વશથી માનવી એની જીંદગીનું કોઈ પણ શિખર કબજે કરી શકે છે. મન એના વિચારોથી બહેરાત કે દોજખ પામે છે. વંદીદાદ એટલે બુરાઈની સાથેનો કાયદો છે. ૨૦મી સદીના કોઈપણ સંસ્કૃતિ પામેલા દેશના કાયદામાં જે લખેલું છે તે જરથોસ્ત ધર્મના ૩૦૦૦ વર્ષ જૂના વંદીદાદમાં કહેલું છે. જેમકે ખૂન, ચોરી, માલનું વજન કરવામાં ગોટાળો, ખોટા વચનો આપવા, કોઈની બદબોઈ કરવી, લાંચ લેવી, કામદારોના પગાર નહીં ચુકવવા, જૂઠું બોલવું, કોઈના પૈસા ખાઈ જવા, ગેરઅહેવાલ કરવો અથવા સંસ્થાના પૈસા ગેરવ્યાજબી રીત વાપરવા. આ બધી વાતો વંદીદાદમાં નોંધાયેલ છે.

ધર્મની નજરે નીચે જણાવેલા કર્મો પણ એક ગુનો છે. દા. ત. એક બૈરી પોતના ધણીને તરછોડે અથવા એક બાપ પોતાની ઓલાદને પોતાના છોકરા તરીકે કબુલ નહીં રાખે અથવા એક રાજા પોતાની રૈયત પર ક્રૂરતા બતાવે, લાલચ, અદેખાઈ, રાખેઆ રીતે પોતાના વંદીદાદ એક સંપૂર્ણ નૈતિક કાયદો છે. વધુમાં જરથોસ્તી ધર્મ પ્રાણી પર દયા રાખતા શીખવે છે. આ રીતે Society for prevention to Animals ના ધ્યેયોને આ ધર્મે ૩૦૦૦ વર્ષ પૂર્વે અપનાવ્યા છે.

**(૪) જરથોસ્ત એક પર્યાવરણના હિમાયતી :**

૨૦મી સદીમાં ગ્રામ પંચાયત કે પશ્ચિમના દેશો પર્યાવરણ અને પ્રદૂષણ પર ભાર મૂકે છે; ત્યારે આપણા પૂજ્ય પયગમ્બર જરથોસ્તસાહે બે ૩૦૦૦ વર્ષ પૂર્વે કુદરતી સત્ત્વો જેવાં કે પાણી, હવા, આકાશને સાચવી રાખવા અને તેને માન સાથે પૂજવાનું શીખવ્યું છે. ગ્રીકના ફિલસૂફો જેવા કે હીરો દોતસ, સ્ટોલે, પલુગરદે લખ્યું છે કે જરથોસ્તીઓ સૂરજ, આકાશ, પાણી, જમીન, હવા અને અગ્નિની આરાધના કરતા હતા એ પાણીમાં નહાતા ન હતા. થૂંકતા ન હતા કે કપડાં ધોતા ન હતા. એ જ રીતે ચેપી રોગથી દૂર રહેવાના કાયદાઓ વંદીદાદમાં હજારો વર્ષ પહેલા લખ્યા છે કે એક માણસના મરણ પશ્ચાત પાંચ કલાકમાં એના શરીરમાંથી રોગો બહાર આવે છે. અને તેથી મરેલા માણસના શરીરને જો હાથ લગાડે તો સ્નાન કરવું જોઈએ. આ જ સિદ્ધાંત વીસમી સદીમાં પણ અપનાવ્યો છે કે જે માનવી પીળીયોના દેશમાંથી આવે છે, જેવા કે આફ્રિકાના દેશમાંથી આવે છે અને એની પાસે પ્રમાણ પણ નીહં હોય તો ૯ દિવસ જુદો રાખવામાં આવે છે. જરથોસ્તી ધર્મ અશોઈ પર રચાયો છે. તેની મહત્ત્વતા નીચેની લીટીઓમાંથી માલુમ પડશે.

- જો તમારા જીવનમાં સચ્ચાઈ હશે, તો તમારી વર્તણુંક સારી બનશે.
- જો તમારી વર્તણૂંક સારી હશે, તો તમારા ઘરમાં સલાહસંપ વધશે.
- જો તમારા ઘરમાં સલાહસંપ હશે તો દેશમાં શિસ્ત આવશે અને જો તમારા દેશમાં શિસ્ત હશે તો વિશ્વમાં શાંતિ આવશે.

**(૫) જરથોસ્તી ધર્મ અને કર્મવાદ**

જરથોસ્તી ધર્મ કર્મવાદના સિદ્ધાંતોને માન્ય રાખે છે, જરથોસ્તી જરથોસ્તી ધર્મનું પુસ્તક ગાથા છે જે જરથોસ્ત સાહેબની વાણી છે. અહુનપંદ ગાથાના ત્રીસમા હાના અગિયારમા ફકરામાં દાદર અહરમનદ જરથોસ્ત સાહેબને કહે છે કે જેઓ સચ્ચાઈના (અષોઈ) માર્ગ પર ચાલશે તેનું કલ્યાણ થશે અને જેઓ સચ્ચાઈનો માર્ગ છોડશે તેઓ લાંબા સમય સુધી અહેરાન થશે. ટુંકમાં જેઓએ આ જગતમાં સુખી થવું હોય તો સચ્ચાઈનો માર્ગ પકડી રાખવો જોઈએ.

**કર્મવાદને માટે જરથોસ્તી ધર્મમાં બીજા ધાર્મિક સુચનો નીચે જણાવ્યા પ્રમાણે છે.**

(૧) 'અશેમ વોહુ વહિશ્તેમ અસ્તી ઉશ્તા અસ્તી' યાને અશોઈની બક્ષેશ એ ઉત્તમમાં ઉત્તમ ન્યામત છે; અને તેમાં જ ખરૂં સુખ સમાયું છેઃ- તેથી અશોઈનો નિયમ (Law of Righteousness) આદમીને સીધે માર્ગે દોરવી તેના આત્માને આનંદ આપે છે.

(૨) 'અકેમ અકાઈ વં ધહુઈમ અશીમ વં ધહવે' જે ભુંડાઈ કરશે તેનું ભુંડું થશે અને જે ભલાઈ કરશે તેને ભલા આશીર્વાદ મળશેઃ As you sow, so shall you reap કરેગા સોહી પાવેગા! માટે ભલાઈની ખેતી કરો તો ભલાઈ પામો, અને બીજાનું ભુંડું કરો તો તમારી જ જીંદગીમાં અણગમતો નતીજો આવી ઊભો રહેશે. ભુંડાઈ કરી કોઈ સુખી થનાર નથી.

(૩) 'વીસ્પ દુશ્મત, વીસ્પ દુઝુખ્ત વીસ્પ દુઝવર્શ્ત નોઈત બઓધો વર્શ્ત... અચીશ્તેમ અં ધુહીમ અશએત'... યાને આદમી જે કાંઈ ખરાબ વિચાર, વચન અને કામો કરે તેનું મૂળ કારણ તેનું અજ્ઞાન (Ignorance) છે, અને તેના પરિણામે દોઝખ યાને બહુ કંગાલ હાલત તરફ આપણો ઘસડાઈ જઈએ છીએ. દોજખ તો જીવતાં જીવત તેમજ મરણ બાદ થતી દુઃખી હાલતનું નામ છે.

(૪) 'ઉશ્તા અહ્માઈ યહ્માઈ ઉશ્તા કહમાઈ ચીત'...યાને તમોને સુખ જોઈતું હોય તો બીજા કોઈને પ્રથમ સુખ આપો; અને પરોપકાર વડે તમોને પોતાને સુખ પણ મળશે.

(૫) 'અશ વહીશત અશ.સ્ત્રએશ્ત દરેસામ થ્વા...હમેમ થ્વા હખ્મ' ય્યાને અશોઈનો ઉત્તમ સુંદર નીયમ પાલ્યે તો ખુદાનાં દર્શન થાય અને તે પછી પરવરદેગાર ના દોસ્ત બનીને તેમની અંદર સમાઈ જઈએ.

ટુંકમાં જરથોસ્તી ધર્મ દુનિયાના લોકોને સલાહ આપે છે કે 'જીવનનો સરવાળો એવી રીતે ગણો કે મરણનો જવાબ સાચો આવે'

તથાસ્તુ !

★

# કર્મસિદ્ધાંત-જીવનનો ઉજાગર દૃષ્ટિકોણ

☐ છાયા શાહ

*[ડૉ. છાયાબેન પી. શાહે પંડિત પ્રભુદાસ બેચરદાસના જીવન ઉપર પીએચ. ડી કર્યું છે. ગુજરાત વિદ્યાપીઠના જૈન કેન્દ્રમાં સેવા આપી રહ્યા છે. પર્યુષણમાં યોજાતી વ્યાખ્યાનમાળામાં પ્રવચન આપે છે. સારા કવયિત્રી છે. તેમના બે કાવ્ય સંગ્રહ પ્રગટ થયા છે.સારા લેખક છે  તેમજ જૈન ધર્મના અભ્યાસુ છે.]*

દરેક ભારતીય દાર્શનિક અને નૈતિક વિચારધારાએ કર્મવાદને એક યા બીજી રીતે સ્વીકાર્યો છે. વેદ તેને માયા કહે છે. વૈશેષિક તેને અદૃષ્ટ કહે છે. બૌદ્ધ દર્શન તેને વાસના કે અવિજ્ઞપ્તિ કહે છે. દરેકે પોતાની રીતે કર્મવાદનું પૃથ્થકરણ કર્યું  છે. જૈનદર્શને કર્મસિદ્ધાંતનું તદ્દન આગવી શૈલીથી નિરૂપણ કર્યું છે. જૈન દર્શને કર્મ સિદ્ધાંતનું સૂક્ષ્મ કાંતણ કર્યું છે. આથી ઈતર દર્શનો પણ કોઈ મત-મતાંતર વગર એ વાત સ્વીકારે છે કે જૈન દર્શને કર્મ સિદ્ધાંતની જે બુદ્ધિગમ્ય, હૃદયસ્પર્શી અને ન્યાયપુરઃસર સમાલોચના કરી છે તે અન્ય ક્યાંય નથી.

આમ તો જૈન દર્શનના આ કર્મ સિદ્ધાંતને સમજવો હોય તો પાત્રતા પામવી પડે, આરાધના કરવી પડે અને ઉપાસના આદરવી પડે. પરંતુ આ લેખમાં માત્ર એક સીમિત દૃષ્ટિકોણ રાખી આ કર્મ સિદ્ધાંતની સમજ રોજીંદા જીવનમાં કેવી રીતે ઉપયોગી છે ? જીવનની વિવિધ શંકાઓ અને સમસ્યાઓનું સમાધાન કેવી રીતે કરે છે ? જીવનના મૂલ્યો કેવી રીતે સમજાવે છે, ઉન્નતિનો માર્ગ કેવી રીતે બક્ષે છે તેની વાત કરવી છે. કર્મ સિદ્ધાંતની વાસ્તવિકતાને સ્પર્શવી છે.

જૈન દર્શન અનુસાર ‘કર્મ’ એટલે કોઈ કર્તવ્ય, ક્રિયા કે પુરુષકૃત પ્રયત્ન નહીં, પરંતુ કર્મ એટલે માત્ર ‘પુદ્‌ગલ પરમાણુઓનો પિંડ’, માત્ર ભૌતિક પુદ્‌ગલોનો જથ્થો, જે આત્માની શક્તિઓને આવરી લે છે. આચ્છાદિત કરે છે અને તેના વિપાકો ભોગવવા મજબૂર કરે છે. કર્મ સિદ્ધાંતની આ વ્યાખ્યા ધ્યાનમાં રાખીને એ સિદ્ધાંત વાસ્તવિક રીતે કેવી રીતે સાંપ્રત સમયમાં ઉપયોગી છે, તેની ચર્ચા કરીશું.

સાંપ્રત સમય માત્ર ભૌતિક પ્રગતિને પોતાનું લક્ષ્યાંક માને છે. તેની આડઅસર રૂપે માનવી કેટલીક સમસ્યાનો ભોગ બન્યો છે.

પહેલી સમસ્યા છે ‘નિષ્ફળતા’. સાંપ્રત સમયમાં ભૌતિક સુખો પામવાની ઘેલછામાં વ્યક્તિ શક્તિથી ઉપર પામવાનો પ્રયત્ન કરે છે. પરિગ્રહ તેને અંધ બનાવે છે. ગજા ઉપરાંત પામવાની ઘેલછા તેને ક્યારેક નિષ્ફળ બનાવે છે. વ્યક્તિને જ્યારે નિષ્ફળતા મળે છે ત્યારે તે બધી રીતે ભાંગી પડે છે. તેની પ્રવૃત્તિ નિષ્પ્રાણ બની જાય છે. પોતાની જાતે જ આશાના દ્વાર બંધ કરી દઈ, નિરાશાના બંધ બારણે તદ્દન એકલો બની જઈ ગુંગળામણ અનુભવે છે. આવા સમયે કર્મ સિદ્ધાંતની સમજ તેને હાથ પકડીને બહાર લાવે છે. તેને સમજાવે છે કે તેને મળેલ નિષ્ફળતા એ પોતે જ બાંધેલા કર્મોનો વિપાક છે. ઉદયમાં આવેલા કર્મોનો બીજો કોઈ પ્રત્યાઘાત આપવાને બદલે તેને સમતા અને સ્થિરતાથી સહન કરી લેવાનું કહે છે. પૂર્વે બાંધેલા કર્મને, સત્કૃત્યોના આચરણથી નિર્જરીત કરી શકાય છે. એ રીતે આ નિષ્ફળતાને સફળતામાં ફેરવવી એ તારા હાથમાં જ છે. કર્મ સિદ્ધાંતની આ સમજથી પેલી વ્યક્તિમાં નવી આશાનો સંચાર થાય છે. જેમ જેમ આ મળેલી સમજ અનુસાર સત્કૃત્યોના આચરણ દ્વારા પૂર્વબદ્ધ કર્મોને નિર્જરીત કરતો જાય છે તેમ તેમ તેના સફળ પરિણામો પ્રાપ્ત કરતો જાય છે. અંતે નિષ્ફળતાની વેદનામાંથી સંપૂર્ણ પણે મુક્ત થઈ આનંદના આકાશમાં વિહરણ કરે છે.

વર્તમાન સમયમાં માનવી વધુ ને વધુ એકલો થતો જાય છે. આ યોગીની એકલતા નથી. મૉબાઈલ, કૉમ્પ્યુટર વગેરેના અતિરેકથી માનવી તદ્દન એકલો થતો જાય છે. માનવી સામાજિક પ્રાણી છે તે વાત ભૂલાતી જાય છે. અમુક હદ પછીની એકલતા અનેક અનર્થો ઊભા કરે છે. તે ભયભીત બનતો જાય છે. લઘુતાગ્રંથિથી પીડાય છે. ગુંગળામણ અનુભવે છે. દુઃખી બનતો જાય છે. અહીં કર્મ સિદ્ધાંતની સમજ આખી બાજી પલટાવી શકે છે.  કર્મ સિદ્ધાંત આવી વ્યક્તિ સામે આત્મશક્તિનું દર્પણ ધરી દે છે. આ દર્પણમાં તે વ્યક્તિને તેનું શક્તિમય સ્વરૂપ બતાવે છે. તેને પ્રતીતિ કરાવે છે કે તું કોઈ સામાન્ય પ્રાણી નથી. તારી અંદર રહેતો આત્મા અનંત શક્તિનો માલિક છે. તને જો અવધિજ્ઞાન થાય તો તારો આત્મા ત્રણેય લોકમાં રહેલા રૂપી (પુદ્‌ગલ) પદાર્થોને જોઈ શકે છે. તને જો મનઃપર્યવજ્ઞાન થાય તો તારો આત્મા અઢી દ્વીપના સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના સમગ્ર મનોગત ભાવોને જાણી શકે છે. અંતે જો કેવળજ્ઞાન પ્રાપ્ત થાય તો તે સર્વ ક્ષેત્ર, દ્રવ્ય અને કાળ એક સાથ સામટું ગ્રહી શકે છે. તારો આત્મા અનંત શક્તિનો માલિક છે. તો પછી તું આવી માનસિક પીડાઓ શા માટે ભોગવે છે ? તારી અંદર રહેલા આત્મામાં તો ત્રણેય ભુવન પર સામ્રાજ્ય કરવાની શક્તિ રહેલી છે. માટે ‘ઊઠ’, ઊભો થા. શાસ્ત્રકારોએ બતાવેલો પુરુષાર્થ આદરી પૂર્વબદ્ધ કર્મોને નિર્જરીત કર, શુભકર્મો બાંધી આત્મશક્તિને જાગૃત કર.

દર્પણમાં પોતાના આત્માનો આવો વૈભવ જોઈ પેલી વ્યક્તિને પ્રથમવાર આનં દની પ્રતીતિ થાય છે. તે પોતાની એકલતાને આત્મશક્તિ જાગૃત કરવામાં પલટાવી નાખે છે. કર્મસિદ્ધાંત એને સમજાવી દે છે કે તારું હિત તારા હાથમાં જ છે. આવી સમજ પ્રાપ્ત થયા પછી તે વ્યક્તિ આત્મશક્તિ પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ કરવા માંડે છે. જેમ જેમ આત્મશક્તિઓ પ્રાપ્ત થતી જાય છે તેમ તેમ બધી જ માનસિક પીડાઓમાંથી બહાર નીકળતો જાય છે અને નિજાનંદમાં મસ્ત બનતો જાય છે.

કર્મસિદ્ધાંતની સમજ વ્યક્તિને અંધશ્રદ્ધાના વમળમાંથી બહાર કાઢે છે. વ્યક્તિ પોતાના વિઘ્નો, સમસ્યા, મુસીબતો વગેરેથી મુક્તિ પામવા ક્યારેક ચમત્કાર, દોરા, ધાગા, ભોગ વગેરે અંધશ્રદ્ધાના રવાડે ચઢી જાય છે. તેમાં ક્યારેક પૈસા, પ્રતિષ્ઠા ગુમાવે છે તો ક્યારેક નિર્દોષ જીવોનો ભોગ આપે છે. આવી વ્યક્તિ જો કર્મસિદ્ધાંત સમજે તો આ અંધશ્રદ્ધાનો ભોગ બને જ નહીં. પોતે જ બાંધેલા ક્રમ પોતે ભોગવી રહ્યો છે, એટલું જ નહીં પણ સત્કૃત્યો કરીને પૂર્વબંધકૃત કર્મોને તે શુભકર્મમાં પરિવર્તીત કરી શકે છે. એ રીતે પોતાના વિઘ્નોને પોતે જ સફળ રીતે દૂર કરી શકે છે. આવી સમજ મળતા તે સ્વયં જ જાગૃત થઈ જાય છે.

વિશ્વમાં કોઈ દુ:ખી, કોઈ સુખી, કોઈ બુદ્ધિશાળી તો કોઈ અજ્ઞાની, કોઈ રોગી તો કોઈ સ્વસ્થ–આવી વિવિધ તરતમ્યતાઓ છે. આનું કારણ શું ? ઈતર ધર્મો ઈશ્વરને એ જવાબદારી સોંપે છે. ઈશ્વરેચ્છા પ્રમાણે બધું થાય છે. જ્યારે જૈન ધર્મનો આ કર્મ સિદ્ધાંત ઈશ્વરને 'સૃષ્ટિનો બનાવનાર નહીં પરંતુ સૃષ્ટિનો બતાવનાર' તરીકે બતાવે છે. જે તરતમત્યાઓ અને વૈવિધ્યતાઓ છે તે માત્ર અને માત્ર કર્મને જ આભારી છે. સ્વકૃત કર્મ જ બધી વ્યવસ્થા ચલાવે છે. આનો અર્થ એ થયો કે વ્યક્તિને ઈશ્વરની મહેરબાની કે ઈશ્વરના પ્રકોપના ભોગ બનવાની મજબૂરી છે જ નહીં. વ્યક્તિ સ્વપુરુષાર્થ કરી પોતાનું કલ્યાણ કરી શકે છે. આ સ્વપુરુષાર્થ કરી શકવાની શક્યતા વ્યક્તિને નવું જોમ આપે છે. પોતે શુભ કર્મો કરી સ્વ-પર કલ્યાણ કરી શકે છે તે વિચાર તેને ઉત્સાહ આપે છે ને તેથી જ જેને આ કર્મ સિદ્ધાંત સમજાયો છે તેવા અનંતા આત્માઓ સ્વપુરુષાર્થ દ્વારા પોતાનું કલ્યાણ કરી ગયા છે અને બીજાને પ્રેરણા આપતા ગયા છે. આ રીતે કર્મ સિદ્ધાંત વ્યક્તિને સ્વપુરુષાર્થ કરવાની પ્રેરણા આપી જીવનને નંદનવન સમું બનાવી શકે છે.

અંતમાં જેને સ્વયંકૃત કર્મોને સંપૂર્ણપણે નિર્જરીત કરી નાખ્યા છે અને જેઓ મુક્તાત્મા બની ગયા છે એવા આત્માઓનું શરણ લેવાથી, એમની ભક્તિ કરવાથી જીવનમાં શાંતિ, સૌભાગ્ય અને સુખની પ્રાપ્તિ થાય છે.

આમ કર્મ સિદ્ધાંત વાસ્તવિક જીવનને સ્પર્શી જીવનનો ઉજાગર દૃષ્ટિકોણ બને છે. ★

## *તથાગત બુદ્ધ અને માણવક વચ્ચેનો સંવાદ*

જગતની વ્યવસ્થા-નિયમના રૂપમાં બુદ્ધ સ્પષ્ટરૂપથી કર્મ સિદ્ધાંતનો સ્વીકાર કરે છે. સુત્તનિપાતમાં સ્વયં બુદ્ધ કહે છે કે, કોઈનું કર્મ નષ્ટ થતું નથી. કર્તા એને (કર્મને) પ્રાપ્ત કરે જ છે. પાપકર્મ કરવાવાળો પરલોકમાં પોતાને દુખમાં પડેલો જુએ છે. સંસાર કર્મથી ચાલે છે. પ્રજા કર્મથી ચાલે છે. રથનો ચક્ર જેવી રીતે (ધરી) અણીથી બંધાયેલો રહે છે એવી રીતે પ્રાણી કર્મથી બંધાયે લો રહે છે. વિશ્વની વિચિત્રતા ઈશ્વરકૃત નથી પરંતુ લોક વિચિત્ર્ય કર્મ જ છે. આ વિષય પર તથાગત બૌદ્ધ સાથે શુભ માણવક થયેલો વાર્તાલાપ મનનીય છે. જેમ કે,

શુભ માણવકઃ હે ગૌતમ, શું હેતુ છે ? શું પ્રત્યય છે, કે મનુષ્ય હોવા છતાં પણ મનુષ્ય રૂપમાં હીનતા અને ઉત્તમતા જોવા મળે છે ? વળી અહીં મનુષ્ય અલ્પાયુ જોવા મળે છે, તો કોઈ દીર્ઘાયુ પણ, બહુ રોગી તો અલ્પરોગી પણ, કુરૂપ તો કોઈ સ્વરૂપવાન પણ, માટે હે ગૌતમ, શા કારણથી આ પ્રાણીઓમાં આટલી હીનતા અને ઉત્તમતા દેખાય છે ? તથાગતબુદ્ધ : હે માણવક ! પ્રાણી કર્મસ્વયં (કર્મ જેના પોતાના) કર્મવાદ, કર્મયોનિ, કર્મબન્ધ અને કર્મપ્રતિશરણ છે. કર્મ જ પ્રાણીઓને તે હીનતા અને ઉત્તમતામાં વિભક્ત કરે છે. કર્મના કારણે જ આચાર, વિચાર તે મજ સ્વરૂપની આ વિવિધતા છે.

આ પ્રકારે બૌદ્ધ ધર્મના કારણે માનીને પ્રાણીઓને હીનતા તેમજ ઉત્તમતાનો ઉત્તર ઘણો જ સુંદર રીતે સ્પષ્ટ રૂપમાં આપ્યો છે.

## ઈશુના 'ગિરિપ્રવચન :'

જગતને ખૂણે ખૂણે ખ્રિસ્તીધર્મ ફેલાયો છે. કદાચ વિશ્વમાં સૌથી મોટી સંખ્યામાં આ ધર્મના અનુયાયીઓ હશે. ખ્રિસ્તી ધર્મના સ્થાપક ઈસુ ખ્રિસ્ત છે. ઈસુને 'માનવ પુત્ર' અને 'ઈશ્વર પુત્ર' ગણવામાં આવે છે. જો કે ખ્રિસ્તી ધર્મમાં કર્મનો સિદ્ધાંત સાંગોપાંગો જોવા મળતો નથી. તે મ છતાં **'ગિરિ પ્રવચન' ઇસુ ના ઉપદે શો માં શિરોમણિરૂપ છે, તેમાં અત્ર, તત્ર નૈતિકતાની દૃષ્ટિએ કર્મ સિદ્ધાંત જોવા મળે છે.**

### ઈસુનો ઉપદેશ :

૧. આ સંસારમાં જેઓ નમ્ર, સદાચારી, દયાળુ, પવિત્ર અને સંપ તથા શાંતિને વધારનાર છે, તેઓ ધન્ય છે.
૨. જ્યારે લોકો તમારી નિંદા કરે, જુલમ કરે ત્યારે તમે તમારી જાતને નસીબદાર સમજો, કારણ કે તેથી તમારું કલ્યાણ જ થવાનું છે.
૩. પૈસા તમને શાંતિ નહિ આપે, એનું બળ નહીં માનો. એ જશે ત્યારે તમને સંતાપ થશે.
૪. તમે તમારા શત્રુ ઉપર પણ પ્રેમ કરજો, કદી કોઈનો દોષ તો કરશો જ નહિ, જે તમને હેરાન કરે તેમનું હિત ઈચ્છજો.
૫. તમે પોતાને દીન કે દયા પાત્ર માનશો નહિ, તમે તો આ દુનિયાનું નૂર છો, જગતનો પ્રાણ છો.
૬. તમારા કર્મ અને વાણી તમારા હૃદયનું પ્રતિબિંબ છે.
૭. તમે તમારા પરસેવાની રોટી ખાજો. કાલની ફિકર કરશો નહિ. શ્રદ્ધાપૂર્વક પ્રભુને ચરણ જીવન અર્પણ કરજો. હૃદયથી ઈશ્વરભજન કરવું એ જ પ્રભુપ્રાપ્તિનો સાચો માર્ગ છે.

બાઈબલમાં શ્રદ્ધા, આશા અને ઉદારતા આ ત્રણ બાબત ઉપર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. તેમજ મૂસાના જૂના કરારોની દશ આજ્ઞાઓમાં પણ હિંસા, ચોરી, વ્યભિચાર, જૂઠ આદિને નિંદનીય માન્યા છે. ઈસાઈઓ માટે પ્રલોભનોમાં ન પડે. તથા પરીક્ષામાં નાપાસ ન થાય તે માટે પ્રાર્થના બતાવવામાં આવી છે કે જેનાથી મનની શાંતિ અને શુદ્ધિ પ્રાપ્ત કરી શકે. શ્રીમંત અને ગરીબ વચ્ચેના ભેદભાવ વગર સર્વને સમાન ગણ્યાં છે. સહુ ઈસાઈ પોતાની સ્વતંત્ર ઈચ્છાને ઈશ્વરની આજ્ઞાઓને લગાવી દે, જેથી ઈશ્વર સમાન પવિત્ર અને સત્ય-સંકલ્પી થઈ જવાય અને ઈશ્વરની સહભાગ્યતાના અધિકારી થઈ શકાય. તેથી દરેક વ્યક્તિએ ન્યાય, દાન, પ્રામાણિકતા, નૈતિક મૂલ્યો અને સદાચારી જીવન જીવવા માટે પુરુષાર્થ તેમજ સારા શુભ કર્મો કરવા જોઈએ. આ તેમના મૂળભૂત સિદ્ધાંતો છે.

**–સંપાદિકાઓ**

# Thus He was Thus He Spake: The Karma

☐ Reshma Jain

***'Even chance meetings are the result of karma… Things in life are fated by our previous lives. That even in the smallest events there's no such thing as coincidence'-***

The above line is written by prominent Japanese writer Haruki Murakami but a thought which most constantly stays with me in all my vulnerable moments is my **Guru Shrimad Rajchandra's …' je pan thaychey ae vyavasthit kaaran na lidhej thay chey- Each moment , event, good or disaster is perfect as is..'**

Karma is the most quoted word in the Indian subcontinent- more misquoted also. So as I dwell into my obsession with everything karmic, I would like to share the personal views of my two best friends' on what Karma means to them. The three of us really are chalk and cheese yet love each other to death and constantly try to strive to be good, better human beings.

**Lina Mathias** is a Catholic, steers clear from concepts like rebirth, yet occasionally ponders over concepts like Karma.

**Alpana Lath Sawai** grew up with stories of Hindu mythology, was deeply moved by her Buddhist Vipassana experiences but has chosen to be an agnostic- she cannot bear it if people don't take complete responsibility for their actions, no solace of "Karma thinking" for her.

I on the other hand - live, drink, breathe, quote Karma in all the situations of life. My conscious, subconscious all constitute the branches and balances of Karmic debts.

**Lina Mathias expresses her views on Karma:** "As somene who was born into a Roman Catholic family and grew up in a totally Hindu-dominated neighbourhood, participating in all the Hindu festivals and religious ceremonies, my spiritual knowledge is a rich mixture of felt and read content from both these religions.

The word 'Karma' has so many meanings for different people conjuring up words and images like rebirth, fruit of one's actions, what goes around comes around etc For me, primarily Karma would mean "action", what I do and why I do it. Even though Christianity does not believe in rebirth and neither do I, I do believe that what you do and say does have ripple effects far beyond and more significant than merely the immediate consequence. For example, while I might not think of it consciously, the Biblical line "The sins of the fathers are visited upon the children" would be at the back of my mind when I wonder if a certain unkind action of mine would rebound on my son especially if I have been impatient and intolerant of a young person.

While I am definitely not qualified to comment upon Christian theology, I do believe that Christianity is an outward looking religion. In the sense, that it is your actions, your deeds, what you do, that take on great importance and though Christian mystics are venerated, it is the saints who went out and worked among the lepers and the sick and the widows and orphans who are the most worshiped.

Christ said **"Whatsoever you do unto the least of my brethren, you do unto me"** Meaning that what you do for the lowliest of the low is actually what you do for me. I would like to think that that i s a form of karma— what you do for the marginalised and the underprivileged actually bears fruit as your worship of Christ

So even if I do not believe in rebirth and heaven and hell are concepts that might seem rather far away in the hurly-burly of life, what would motivate me to act justly, kindly and truly reach out to anyone in need, not just a friend or relative or acquaintance. For me, it would definitely be another line from the Bible—"**Much has been given unto you, much is expected of you."** As usual there are many interpretations of this but I think it means that not using the gifts and talents given to you for the greater good and happiness of those in need, is the big sin. Not using let's say, your intelligence, your linguistic skill, your gift for music or cooking or organising for others —is being selfish.

**So, my concept of Karma is when I act, when I reach out, think of what to support, what to protest against, it would be a mixture of all of the above that would propel me."**

●●●

**Alpana Lath Sawai's view on Karma**

"Karma has got a bad name. Most people associate it with a sense of inevitability, like it's as bad as death. But karma is what you make of it. Nothing is inevitable, not even death, because who's to say what dies and what remains?

Karma is simply an interpretation we give to things that we find hard to understand or deal with. Like children suffering — people who don't understand Hinduism or karma always throw this in our face - how can children have done anything to warrant the kind of suffering they experience? I know how karma would explain it. But, I think we use karma to shield ourselves from the randomness of our existence. Our suffering is random. No one's sitting up there picking us off one by one. No

one keeps a record of our good or bad deeds and punishes or rewards us. It's all clever ruses to make us behave. We came from animals and often behave like them. The concept of punishment for bad deeds whether in this life, another life or in hell — is all to terrorise us into behaving.

How much simpler it would be if we taught our children to be kind because that is the right thing to do — not just to avoid bad punishment afterwards...

I don't think we were built for a higher purpose. I think we came into being — it took millions of years for bacteria to evolve into us and we cannot process or handle the fact that it was all a random series of occurrences. We have a need to make our life something. So we endow it with a God, a divine maker, who was so bored that he needed a playground to reflect his existence and to entertain and validate him. Or we say that there is continuity to our spirit. What that is, is a scientific fact. The amount of mass in this world does not increase or decrease. Which means, we will remain here in one form or another... we simply get recycled.

Karma is a way of trying to make us behave. But it's negative reinforcement. We should do what's right because it is right. Not because we don't want punishment.

Importantly, I think I only have this one life. The key word is 'I'. The 'I' that exists right now with all my thoughts and the essence of me — that will anyway change even if I am born again, so then how will it be 'I' who is born again? The creature born again is not me. It's someone or something else. So I only have this life to love myself, love life and the people around me — in that order. Only this life has "me" as me — no other. Only this life to do what's right. There is no karma; there is only now. This does not mean the 'now' is important. If we came into being in such a random manner, we are nothing. But I am going to live it the best I can. Without too much of a fuss."

XXX

The three of us; we have been together for several years through life's journey as fellow travellers with our own concepts and views on life, religion, politics and the world at large and yet we are together and with each other – what better proof that we are held by a deep karmic bond.

It is all a swing between destiny and free will and that combination for me is Karma. The thoughts I have, these words I write, the steps that I take, everything is propelled by and constitutes of Karma.

The law is simple – each experience is repeated or suffered till you experience it properly and fully and learn the full impact.

And yet....It is all beautiful because it is all perfectexactly the way it was meant to be.

★

# KARMAVAD AND GOD

The celebrated and British theoretical physicist and cosmologist STEPHEN HAWKING has asked a question in his best-seller book, 'A brief History of Time'--'Where did we come from? Why is the universe the way it is?'

He has also challenged the theory that God created Universe by stating that 'the universe is governed by a set of rational laws.'

In his conclusion he writes (Pg. 190-191) 'Upto now, most scientists have been too occupied with the development of new theories that describe **what** the universe is to ask the question **why.** On the other hand, the people whose business it is to ask **why,** the philosophers, have not been able to keep up with the advance of scientific theories.In the eighteenth century, philosophers considered the whole human knowledge, including science, to be their field and discussed questions such as : did the universe have a beginning? However, in the nineteenth and twentieth centuries, science became too technical and mathematical for the philosophers, or anyone else except a few specialists. Philosphers reduced the scope of their inquiries so much that Wittgenstein, the most famous philosopher of this

century, said, 'The sole remaining task for philosophy is the analysis of language.' What a comedown from the great tradition of philosophy from Aristotle to Kant !'

In 2010, he has again set off 'Science v/s Religion' debate by dismissing the role of God as Creator of Universe, by publishing his book 'The Grand Design'. In this book he has said (Pg. 171-172). 'The laws of nature tell us **how** the universe behaves, but they don't answer **why?**

1. Why is there something rather than nothing?
2. Why do we exist?
3. Why this particular set of laws and not some other?

Some would claim the answer to these questions is that there is a God who chose to create the universe that way. It is reasonable to ask who or what created the universe, but if the answer is God, then the question is merely been deflected to that of **who created God.** We claim, however, that it is possible to answer these questions purely within the realm of science, and without invoking any divine beings.'

★

# KARMAVAD:
# THE JAIN DOCTRINE OF KARMA

□ *Dr. Kokila Hemchan Shah*

The doctrine of Karma has been widely accepted in Indian thought. It occupies a significant position in Jainism. It provides a rational explanation to the appearently inexplicable phenomena of birth & death, happiness & misery, inequalities in existence of different species of living beings. The doctrine of Karma is the key that unlocks all the riddles of apparently unintelligible world.

Karma literally means deed or action, Philosophically, it signifies the action & the result of action -the two being inseparable. Karma as a doctrine means the law of cause & effect, the law of retribution. Our actions are the causes that produce proper effects at proper time. This is the eternal & universal law. None can escape the effects of their own past Karmas. Further, this effect does not continue itself only to the present life, but continues beyond it, it destines the state after death. Hence doctrine of Karma is related to Rebirth. Jaina Scriptures like Sthananga Sutra, Uttaradhyayana Sutra, Bhagvati Sutra, etc. contain general outline of the doctrine & the details have been, worked out in Karmagranthas. Lord Mahavira has said just as a sprout has a seed for its cause, there is a cause for happiness & misery.

Jain doctrine is unique. In Jainism, Karma is a kind of matter-- the subtle matter gets transformed into different kinds of actions producing effects & it defies the soul.

Karmic matter flows into the soul & binds it through activities of body, mind & speech. Thus the doctrine presupposes the following principles (1) the existence of soul (2) soul is eternal (3) soul is the doer of action (4) soul is the enjoyer of the fruits of actions (5) There is liberation of the soul from karmic matter, that is called Moksa (6) There are means for liberation.

The soul is pure intrinsically. Soul's pure nature is observed by karmas & soul is in the state of bond- age.

In Jainism the doctrine is discussed in details -- with Its reference to nine fundamentals--Navtattvas.It explains, bondage of the soul through inflow of karmas, stoppage of karmas, shedding of karmas and liberation of soul. on the basis of nature, karmas are of 8 types.

(1) Jnanavarniya -- Knowledge obscuring karma
(2) Darsanavarniya -- Intuition obscuring karma
(3) Vedaniya -- Feeling producing karma
(4) Deluding karma - - Mohaniya Karma
(5) Ayu Karma -- Age determining Karma
(6) Nam Karma -- Physique-making Karma
(7) Gotra Karma -- Heredity determining Karma
(8) Antaraya Karma -- Power hindering Karma

Our activites & passions -- kasayas lead to the influx of Karma. Once the Karmic particles are attracted by the soul, they remain with the soul & give their fruits. This is known as the bondage of Karmas. Jainism has worked out in detail mechanism of Karmas -- the causes of bondages & how through spiritual pratices -- sadhana, one can attain liberation. Karms do not generate new karmas when their fruits are experienced with equanimity (samata) .

The most effective step for subduing the forces of Karmas is conquest of passions. If one is liberated from kasayas one is truly liberated. Jain mythology is full of stories demonstrating the power of Karmas. Indeed, soul is subject to karmas in worldly life (meJJes peerJee keÀcceLeJee). A living being is free in accumulating the Karmas, but Karmas once accumulated it is beyond his power to control their fruition. However, in Jain scriptures certain principles are described through which effects of Karmas can be reduced or transferred. The intensity of certain Karmas can be increased or decreased. etc. It is possible for an individual to evade the effects of certain Karmas by extraordinary exertions, penance, meditation etc.

It is clear that doctrine of Karma is not only an ethical principle but a cosmic law. Howeever, one chief point is that Karmavada is not Fatalism. It is not Niyativada. Along with this doctrine, one must understand the doctrine of Samvayas -- the five associated causes. There are five factors working together. They are nature-Svabhava, Kala-time, Niyatidestiny, Purvkarma & Purusartha--efforts. Jain Karmavada clearly declares that man is the master of his destiny. The doctrine implies freedom of responsiblility. Doing harm to others is doing harm to oneself. There is no predestination. Another significant feature of Karma doctrine in Jainism is its emphasis on self-reliance. No one can interfere in the working of law of Karm. There is no place for grace of God. However concept of God in Jainism is important for an aspirant to become like him.

According to Karmas, man takes rebirth in any, four states of existence and goes to higher state due to impact of conduct; that is meritorious Karma (1) Naraki-Hell (2) Tiryanca-Subhuman (3) ManusyaHuman (4) Deva-Celestial. The final one is Moksa - Liberation. The key concept is one has to be careful to avoid influx of Karma so that final destination is reached. The path prescribed is three jewels-Ratnatrayi--Soul is essentially enlightened. The process of sheddhing off Karmas is of great importance to become Parmatma Though a soul's state is determined by various kinds of Karmas, there is, yet in him infinite power by which he can overcome all Karmas & get liberated enjoying infinite bliss. When Mohaniya Karma is destroyed, discriminative knowledge of soul & body arises & soul attains the state of super-soul. This is essence of religion--to become a spiritual conquerer or the Jina. 'Salutation to Jinas'. ★

**(પ્રબુદ્ધ જીવનના અંકમાં શ્રી ધનવંતભાઈ શાહે લખેલી પ્રસ્તાવના)**

# વિશ્વશાંતિ માટેનો અજોડ વિચાર અનેકાંતવાદ

☐ *સ્વ. ધનવંત શાહ*

'પ્રબુદ્ધ જીવન'ના વિશિષ્ટ અંકો- ઑગસ્ટનો 'કર્મવાદ' અને ઑક્ટોબરનો 'જૈન તીર્થ વંદના' વાંચી વ્યવસાયે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને સામાજિક કાર્યકર, સાહિત્યપ્રેમી અને તત્ત્વજિજ્ઞાસુ મારા મિત્ર શ્રીકાંત વસાએ નવેમ્બરના પ્રથમ સપ્તાહમાં એ અંકો માટેનો પોતાનો રાજીપો વ્યક્ત કરી 'જૈન ધર્મ અને અનેકાંતવાદ' વિષે એવો જ દળદાર અંક પ્રકાશિત કરવાનું મને પ્રેમભર્યું સૂચન કર્યું અને સાથોસાથ આ અંકનું સૌજન્ય સ્વીકારવાની ભાવના પણ વ્યક્ત કરી. ઉપરાંત એવી પણ ઈચ્છા વ્યક્ત કરી કે આ ગહન વિચારની પ્રસ્તુતિ વાચકો સમક્ષ સરળ ભાષામાં બાળ જિજ્ઞાસુઓને સમજાય એ રીતે થાય.

મેં આનંદ અને ઉત્સાહપૂર્વક આ મિત્રની ઈચ્છા અને સૂચનો સ્વીકારી લીધા.

બાવીસમા જૈન સાહિત્ય સમારોહની એક બેઠકનું સફળતાપૂર્વક કરેલ સંચાલન અને ૮૦મી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં 'નય પ્રમાણથી મન પ્રમાણ સુધી' જેવા ગહન વિષય ઉપર સરળતાથી પોતાનું વકતવ્ય પીરસનાર અને સર્વ જિજ્ઞાસુ શ્રોતાઓને પ્રભાવિત કરનાર ડૉ. સેજલ શાહ મારા મનમાં ગોઠવાઈ ગયા હતા અને મનોમન હું એમની પ્રતિભાનો 'પ્રબુદ્ધ જીવન' માટે ક્યાંક ઉપયોગ કરવાનો વિચાર કરતો હતો ત્યાં મિત્ર શ્રીકાંતભાઈનું આ સૂચન- આમંત્રણ મળ્યું એટલે આ ગહન ચિંતનાત્મક વિષયના અંકના સંપાદન માટે મને ડૉ. સેજલનો વિચાર આવે એ સ્વાભાવિક છે, અને બહેન સેજલને મેં સીધો 'આદેશ' જ કરી દીધો, અને 'હા-ના મારાથી આવા ગહન વિષયને ન્યાય નહિ અપાય' વગેરે વગેરે ઘણી ચર્ચા- દલીલો અમારા વચ્ચે થઈ અને અંતે મારા પ્રેમાગ્રહની જીત થઈ. બહેન સેજલ શાહ પાસે ત્રણ મહિનાનો સમય હતો, વિષય ગહન હતો અને તજજ્ઞ વિદ્વાનો પાસે આ વિષયના જુદાં જુદાં પાસાં ઉપર લખાવડાવવાનું હતું. હું તો સાવ અળગો થઈ ગયો હતો અને બહેન સેજલને એકલે હાથે મહાસાગર ખેડવાનો હતો. પરંતુ પોતે સંશોધનનાં વિદ્યાર્થિની. કૉલેજ અને પ્રાધ્યાપન દરમિયાન આવા ઘણાં પ્રકલ્પ- પ્રોજેક્ટો એમણે કર્યા હતાં. ઉપરાંત આ વિષયની ઊંડાણપૂર્વકની એમને સૂઝ હતી, કેટલાંક લેખો ન મળ્યા તો પુસ્તકો- ગ્રંથોનું અધ્યયન કરી એ વિચારોનું સંકલન કર્યું, આમ અતિ પરિશ્રમથી ડૉ. સેજલે આ જ્ઞાનસમૃદ્ધ અંક તૈયાર કર્યો.

મિત્ર શ્રીકાંતભાઈએ મને ખાસ કહ્યું હતું કે, આ ગહન વિષયને સરળ ભાષામાં સમજાવવો, પણ એ શક્ય ખરું?

અનેકાંતવાદ એ વિશ્વને જૈનધર્મની અમૂલ્ય- અજોડ ભેટ છે. આ વિચાર સાથે સ્વાદ્‌વાદ અને સાપેક્ષવાદ પણ સંકળાયેલા છે.

આ વિષય ઉપર આ અંકના તજજ્ઞ વિદ્વાનોએ ઊંડાણપૂર્વક ચર્ચા- વિચારણા કરી છે. વાચક જેમ એ લેખોમાં પ્રવેશશે તેમ તેમ આ વિષયની સમજ એમને પ્રાપ્ત થતી જશે, એ સમજ જિજ્ઞાસુ વાચકને પોતાના વ્યવહાર જીવનમાં ઉપયોગી થશે, અને તેથી જીવનમાં શાંતિ અને સમજની સ્થાપના કરી શકશે, ઉપરાંત આ સમજ થકી મોક્ષ માર્ગની યાત્રાના સોપાનોનું પણ આરોહણ કરી શકશે.

અનેકાંતવાદની ખૂબ જ સાદી સમજ એ કે વ્યક્તિએ અન્ય વ્યક્તિના દૃષ્ટિકોણને સમજવો, એ અન્ય વ્યક્તિના સ્થાને પોતે બિરાજી એ વ્યક્તિની દૃષ્ટિથી તત્ત્વને અને વિચારને સમજવો. પ્રત્યેક પાસે પોતાનું સત્ય હોય છે. એ સત્યને સમજવું, પોતાના સત્યનો દુરાગ્રહ રાખ્યા વગર.

ચાર અંધજનને હાથી પાસે લઈ જઈને પૂછ્યું કે હાથી કેવો છે? તો જેના હાથમાં સૂંઢ આવી, જેના હાથમાં પૂંછ આવી, જેના હાથમાં પગ આવ્યા, જેના હાથમાં જે આવ્યું એવો હાથી છે એવું એ દરેક કહેશે. એ બધાંનું પોતાનું સત્ય છે, પણ એ એકબીજાના સત્યથી જુદું છે છતાં જે જે જે કહે એ સત્ય છે જ. અહીં એક અંત નથી, અનેક અંત છે, આ અનેકાંત વાદ.

બીજો દાખલો, એક વ્યક્તિ એક વ્યક્તિનો પિતા છે, બીજીનો પતિ છે, ત્રીજીનો ભાઈ છે અને ચોથાનો પુત્ર છે. સંબંધમાં આ બધાંને પોતપોતાના સત્ય છે, પણ વ્યક્તિ તો એક જ છે. કોઈ એમ નહિ કહી શકે કે મારો પિતા છે એટલે તારો પતિ કે ભાઈ નથી.

ભગવાન મહાવીરે આ સિદ્ધાંત- વિચાર આપ્યો. આ દૃષ્ટિથી બધા એક બીજાને જુએ તો દુરાગ્રહને તિલાંજલિ અપાય અને પોતાના મતાગ્રહ માટે હિંસાનો પ્રારંભ ન થાય. આવી જ રીતે પ્રત્યેક ધર્મ અન્ય ધર્મની દૃષ્ટિ, એ ધર્મના આસન પાસે બેસીને એ ધર્મની સમજ કેળવે તો જગતમાં ધર્મના કોઈ ઝઘડા ન થાય.

'મારી વાત સાચી છે, પણ તમારી વાત પણ સાચી હોઈ શકે,' એના સ્થાને 'મારી વાત જ સાચી છે, અને તમારી વાત મારે સમજવી જ નથી.' તો અંતે તો મતભેદથી મનભેદ અને હિંસાનો પ્રારંભ.

'તું પણ તારી રીતે સાચો હોઈ શકે અને હું પણ મારી રીતે સાચો હોઈ શકું.'

વાચકને આ અંકના મુખપૃષ્ટ અને એની નીચે આપેલા સંસ્કૃત શ્લોકની સમજને ધ્યાન અને ચિંતનની દૃષ્ટિથી જોવા વિનંતી કરું છું. અનેકાન્તવાદના હાર્દને સ્પષ્ટતાથી સમજી શકાશે.

આવી રીતે જ જગતના રાજકારણીઓ એકબીજાના સત્યને સમજવાની કોશિશ કરે તો લડાઈનો પ્રારંભ જ ન થાય.

એટલે જ અનેકાંતવાદ એ વિશ્વશાંતિનો અજોડ અને અમૂલ્ય વિચાર છે.

માનવી પોતાની દૃષ્ટિ છોડી બીજાની દૃષ્ટિથી પણ એના સત્યને જોશે અને મંથન કરશે તો એને બીજાનું સત્ય પણ કદાચ સત્ય લાગશે,

આવું સ્વીકારવાથી પૂરું જગત શાંત થઈ જશે.

મૂળ વસ્તુ એકની એક હોવા છતાં જુદા જુદા સ્વરૂપો જુદા જુદા નામથી ઓળખાય છે. આ જુદા જુદા સ્વરૂપે પાછાં પરસ્પર વિરોધી ગુણોવાળા હોય છે. જેમ કે મૂળ લોખંડ છે, એમાંથી મારવાની તલવાર અને બચાવવાની ઢાલ પણ બને, જુદા કરવાની કાતર બને અને ભેગા કરવાની સોય પણ બને. ઝેર મરણ બને છે તો એ જ ઝેર ઔષધ રૂપે જીવન પણ બને છે.

અનેકાંતવાદની પૂર્વ શરત એ છે કે વ્યક્તિએ સર્વ પ્રથમ અહં અને પૂર્વગ્રહ મુક્ત થવું, તો જ સત્ય પાસે પહોંચી શકાય, કારણ કે પ્રત્યેક વસ્તુમાં એક નહિ અનેક ધર્મો હોય છે. આ બધા ધર્મોને એના પરિમાણ- એન્ગલથી સમજવા એ જ અનેકાંતવાદ.

પરંતુ આ અનેકાંતવાદ સમજવો એટલો જ સરળ નથી. આ વિચાર ઉપર જૈનાચાર્યો અને વિદ્વદ્‌જનોએ મહાગ્રંથો લખ્યા છે અને આ વિચારની વિશદ ભાષ્ય છણાવટ કરી છે. આ પ્રતીતિ આ અંકના અંદરના પૃષ્ઠો વાચકને અવશ્ય થશે.

આ અનેકાંતવાદ સાથે 'નય' શબ્દ જોડાયો છે. નય એટલે દૃષ્ટિ, વિચાર, વિચારક્રમ. આ 'નય'ની પણ આ અંકમાં વિશદ ચર્ચા છે.

એક વ્યક્તિ બીજી વ્યક્તિના વિચાર પાસે જાય તો સર્વપ્રથમ તો તેનો 'દ્વેષ'નો છેદ ઊડી જાય છે, જેવો આ કષાય મંદ પડ્યો એટલે નવા કર્મોના પ્રવેશનો નિષેધ થયો. મન જેવું રાગ- દ્વેષથી મુક્ત થવું તેવું જ એના માટે મોક્ષનું દ્વાર ખૂલી ગયું સમજવું. આ મોક્ષ માર્ગ આગળ વધવા માટે સાત નયોને સમજવા જરૂરી છે. જેને સપ્તભંગી કહે છે. ઘડો માટીમાંથી બને છે. જો આ ઘડો તૂટી જાય તો માટી તો હજુ ઉપસ્થિત છે એટલે ઘડો નથી, તો પણ ઘડો છે જ, આવા સાત નયો વ્યક્તિને આત્મજ્ઞાન પાસે લઈ જાય છે.

આ વિષય ઉપર હવે વધુ ચર્ચા નથી કરતા. જિજ્ઞાસુ વાચકને આ અંકની અંદર ઘણું વાંચવાનું છે. ચિંતન કરવાનું છે.

જિજ્ઞાસુને વિનંતી છે કે ધીરજપૂર્વક આ અંકની અંદરના લેખો વાંચે, મન સાથે ચર્ચા-ચિંતન કરશે તો એમને શ્રદ્ધા છે કે જિજ્ઞાસુને મોક્ષની ચાવી અવશ્ય મળી જશે.

ગાંધીજી વિશેના વિશિષ્ટ દળદાર અંક પછી તરત જ આવો બીજો અંક તૈયાર કરતી વખતે મોરપિચ્છ જેવી અમારી ટીમે ખૂબ જ પરિશ્રમ ઊઠાવ્યો છે એ સર્વનો હૃદયથી આભાર માનું છું. ઉપરાંત મિત્ર શ્રીકાંત વસા અને શ્રીમતી ઈન્દુમતિબેનનો ખાસ. એમની પ્રેરણા અને સહકાર વગર આ અંક શક્ય ન બનત.

અને બહેન સેજલનો તો 'ગણ્યા ગણાય નહિ, વીણ્યા વીણાય નહિ' એટલા અભિનંદન.

આ અનેકાંતવાદની સમજ જીવનમાં અવશ્ય શાંતિ લાવશે, એક જીવનની શાંતિ એ એક પરિવારની શાંતિ છે. એક પરિવારની શાંતિ સમગ્ર સમાજ અને રાષ્ટ્રની શાંતિ છે, અને રાષ્ટ્રની શાંતિ જગતની શાંતિ છે.

'અહો કિંચિત્ જ્ઞાનિ અબુધ મનમાં ગર્વ ધરતો,
બધું હું જાણું છું, અવલ મુજને એમ ગણતો,
પરંતુ જે વારે, પરિચય થયો સંત જનનો,
ખૂલ્યાં ચક્ષુ ત્યારે સમજ પડી કે મૂર્ખ હું તો.'

ભર્તૃહરિ નીતિશતકમાં લખાયેલું આ કથન સહજ જ યાદ આવ્યું. આજે ૨૧મી સદીમાં જ્ઞાનવિસ્ફોટ થયો હોય એવું લાગી રહ્યું છે. 'ગુગલદેવ'ને હાથમાં લઈ સહુ પોતાને જ્ઞાની સમજવા માંડ્યા છે, જ્ઞાન એટલે જાણે એક 'ક્લીક'ની રમત. અને આ વમળમાં મન ફસાય એ પહેલાં ગુરુ હાથ ઝાલીને કહે છે કે 'ફર ઘડી તારી જાત ભણી, તારામાં કેટલું ઠર્યું છે, એ જો તો ઘડી.' અને અંદરનું પાત્ર સાવ ખાલી લાગે છે. ત્યારે અચાનક જ જૈન તત્ત્વદર્શન ભણી નજર દોડે છે અને એના વિશાળ સમુદ્રમાંથી અનેક પથ અને દૃષ્ટિ પ્રાપ્ત થાય છે. મનને ઝળહળાં કરી દે એવી એક દૃષ્ટિ છે 'અનેકાંતવિચાર/ વાદ'. અનેકવાર જે કહેવાઈ ગયું છે કે જૈન ધર્મ એ માત્ર સંપ્રદાય નહીં પરંતુ સમૃદ્ધ જીવન જીવવાની એક શૈલી આપે છે. એના અગાધ તત્ત્વદર્શનના વિચારો સમજવા સમય ખૂટી પડે એવું લાગે છે.

કવિ રાજેન્દ્ર શાહની એક પંક્તિ છે, 'ભઈ રે, આપણા દુઃખનું કેટલું જોર, નાની અમથી જાતક વાતનો મચવીએ નહીં શોર...', અને પોતાના કેન્દ્રથી સૃષ્ટિ તરફ દોરી જવાની વાત તો થઈ પણ જે ઘડીએ જે પમાય છે એનો એ રીતનો સ્વીકાર મનુષ્યને કેટલો હળવો અને સહજ બનાવી દે છે. 'ઝીલાય તેમ ઝીલતો, સૃષ્ટિના સહુ રંગ...' જે જે રૂપે મળે તેનો વિરોધ ન કરતા, તેનો સ્વીકાર કરવાની વૃત્તિ. ટૂંકમાં અનેક વિરોધાભાસોની વચ્ચે સમન્વય સાધવાની વાતનો તંતુ મળે છે 'અનેકાંતવાદ'માં. વિસંવાદમાં સંવાદ સાધવાની ગુરુ ચાવી છે અહીં. આવી કંઈક સમજ કેળવાઈ હતી ત્યાં શ્રી ધનવંતભાઈ શાહે પર્યુષણ વ્યાખ્યાનમાળામાં અનેકાંત વિશે બોલવાનું નિમંત્રણ આપ્યું અને એમના પ્રોત્સાહનથી બોલવાનું સ્વીકાર્યું. વધુ ઊંડાણપૂર્વક આ વિશે અભ્યાસ કરવાનો મોકો મળી ગયો.

વ્યાખ્યાન પછી ફરી એ નોટ્સ અને પુસ્તકો ખૂણે મૂકાઈ ગયા. ત્યાં જ ફરી ધનવંતભાઈએ 'પ્રબુદ્ધ જીવન'નો વિશેષાંક 'અનેકાંતવાદ' પર પ્રગટ કરીએ એવું સૂચવ્યું. ખૂબ જ ગહન વિષય અને મારી પ્રત્યેક મર્યાદા સ્વીકારી મેં ના પાડી. પરંતુ એમના વિશ્વાસ અને શ્રદ્ધાએ મને તૈયાર કરી. આ વિષય માત્ર ધાર્મિક નહીં પરંતુ તાત્ત્વીક પણ છે, એની પૂરતી જાગૃતિ સાથે 'અનેકાંતવાદ'ને પાર પાડવાનું બીડું ઝડપ્યું. અને આજે હાજર છે આપની સમક્ષ પરિણામ. અહીં મારે થોડીક સ્પષ્ટતા કરવી જોઈએ કે આ વિષયનું કેન્દ્ર એક જ છે અને જેની સાથે અનેકતા જોડાયેલી છે. એટલે એને દરેક પરિમાણથી લખતી વખતે એકબીજાનો આધાર લેવો પડે. ઘણીવાર અમુક લેખ વાંચતા એવી અનુભૂતિ થશે કે આ વાત તો અમને કહી છે, પરંતુ આગળ વાંચતા ખ્યાલ આવશે કે એ લેખની ગતિ કોઈ નવી દિશા તરફ દોરી રહી છે.

અનેકાંતની ભૂમિકા દરેક વસ્તુના સ્વીકાર અને અન્યના આદરની રીતિ શીખવાડે છે. આ અંકનો વિસ્તાર હજુ અનેક રીતે થઈ શકે, કારણ દરેક અંત સાથે નવો આરંભ જોડાયેલો જ છે, પણ અત્યારે આ ક્ષણે, આટલું પૂરતું છે. આપણે સૌ સાથે મળી આ વિશ્વમાં પ્રવેશીએ. પછી દરેક પોતપોતાની રીતે એના વિકાસ તરફ જશે, તો એ ફળશ્રુતિ ગણાશે.

★

# અનેકાન્ત જીવન તરફ

☐ ડૉ. સેજલ શાહ

શ્રી આચારાંગ સૂત્રમાં એક વાત આવે છે કે 'સત્યની આજ્ઞા ઉપર ઊભેલો બુદ્ધિમાન, મૃત્યુને પણ તરી જાય છે.' પરંતુ સત્ એટલે શું ? સત્ નિત્ય છે કે અનિત્ય, એક છે કે અનેક, વાચ્ય છે કે અવાચ્ય જેવા અનેક પ્રશ્નો જોડાયેલા છે. આ સત્‌ના સ્વરૂપ વિશે વૈદિક યુગમાં માન્યતા હતી, વેદમાં કહેવાતું, एकं सत् विप्रा बहुधा वदन्ति -અર્થાત્ એક જ સત્‌ને પંડિતો ભિન્ન ભિન્ન રીતે રજૂ કરે છે. સત્‌ના અનેક પાસા હોઈ, તે અંગે વિચાર કરી, સત્યની પ્રાપ્તિ કરી શકાશે. આ દૃષ્ટિકોણ અનેકાન્તવાદી છે. અનેકાન્તનો અર્થ થાય છે વિચારોના દ્વાર ખુલ્લા રાખવા. આમ કરવાથી બધા વિચારોમાંથી સત્ય પ્રાપ્ત થાય છે.

જૈન સાહિત્યના બે બહુ જ મહત્ત્વના મંડાણ જો કોઈ હોય તો તે છે અહિંસા અને અનેકાંત. જૈન આચાર અને સંપ્રદાયની વિશેષતા આ બે બાબતોથી બતાવી શકાય છે. એક તરફ જે. કૃષ્ણમૂર્તિની વાત યાદ આવે છે કે સત્ય સતત બદલાય છે. બીજી તરફ પંડિત સુખલાલજી કહે છે તે મુજબ સત્ય ખરેખર એક જ હોય છે, પણ મનુષ્યની દૃષ્ટિ તેને એક રીતે ગ્રહણ કરી શકતી નથી જ. અને તેથી જ સત્યના દર્શન માટે મનુષ્યે પોતાની દૃષ્ટિમર્યાદા વિકસાવવી જોઈએ. અને તેનાં સત્યગ્રહણની સંભવિત બધી જ રીતોને સ્થાન આપવું જોઈએ. આ ઉદાત અને વિશાળ ભાવનામાંથી અનેકાંતની વિચારસરણીનો જન્મ થયેલો છે. અનેકાંત વિચારસરણીનો ખરો અર્થ એ છે કે સત્યદર્શનને લક્ષમાં રાખી તેના બધા અંશો અને ભાગોને એક વિશાળ માનસવર્તુળમાં યોગ્ય રીતે સ્થાન આપવું.

સમ્યગ્‌જ્ઞાન મેળવવાના અનેક માર્ગો શોધાયા છે. કોઈકે એક પર કોઈકે બીજા પર ભાર આપ્યો. એમાંથી વાડા બની ગયા. એટલું જ નહિ પરંતુ ઘણીવાર શાબ્દિક યુદ્ધને કારણે એકબીજાના ખંડનમાં પણ ઉતરી ગયા અને દૃષ્ટિની વિશાળતા, આત્મશુદ્ધિ સાધવાનો મુખ્ય ઉદ્દેશ આમાં વિસરાઈ ગયો. આમ જે આધ્યાત્મિક સાધના માટે પરંપરા ઊભી થઈ હતી તે જ એકદેશીય અને દુરાગ્રહી બની ગઈ. આવા સમયે સત્યને ક્યાં અને કંઈ રીતે શોધવું એ મૂળભૂત પ્રશ્ન સામાન્ય માણસને મૂંઝવે, ત્યારે એનો જવાબ અનેક અનેકાંતવાદમાંથી મળે છે. અનેકાંતવાદ અને સ્યાદ્વાદ એ જૈન તત્ત્વજ્ઞાનની ઉચ્ચત્તમ પરિશીમા છે. એના પાયામાં મૂળ બાબત છે કે કોઈપણ એક જ દૃષ્ટિબિંદુથી કોઈપણ વાતનો વિચાર ન કરો. જે બાબતોનો વિચાર કે નિર્ણય કરવાનો હોય તે અંગે અનેક બાજુથી વિચારવું. અનેકાંતવાદ માત્ર શાસ્રીય વાદોને જ નથી સમાવતા પરંતુ જીવનના પ્રત્યેક ક્ષેત્રને સ્પર્શે છે. વ્યવહારુ જીવનની દરેક બાજુને અવિવેકી આત્યંતિકતા તરફ ઢળતાં રોકવી એ જ સાચી અનેકાન્તદૃષ્ટિ છે. બહુ સરળ કરીને વાતને કહેવી હોય તો એમ કહી શકાય કે એક ખૂબ જ્ઞાની અને બુદ્ધિશાળી વ્યક્તિ છે, જેને જીવનના બધા જ તત્ત્વોને પોતાની રીતે સિદ્ધ કર્યા છે. એ વ્યક્તિને અચાનક યુરોપના કોઈ એક એવા દેશમાં મૂકી દેવામાં આવે છે જ્યાંની ભાષા તેને સમજાતી નથી. તો આ વ્યક્તિ માટે બહુ જ જ્ઞાન નકામું નીવડશે કારણ જો ભાષા જ નહીં જાણતો હોય તો કઈ રીતે સંવાદ કરશે અને માટે એ વ્યક્તિનું જ્ઞાન એટલા સમય પૂરતું એ કાળ અને ક્ષેત્રમાં તત્પૂરતું નકામું બની જશે. એનો અર્થ એ નથી કે એ વ્યક્તિની બૌદ્ધિક ક્ષમતા સામે કોઈ પ્રશ્ન છે કે એ ઉપયોગી નથી. એક મનુષ્યની અંદર અનેક મનુષ્ય ભરેલા પડ્યા છે અને પ્રત્યેક સમયે તે જુદો સંવાદ ઊભો કરે છે. એટલે જ્યારે તે જેટલો વ્યક્ત થાય છે તે પૂર્ણ નથી. એ સિવાય પણ એમાં હજી બાકી છે. એ વિચાર સ્વીકારવો જોઈએ.

અનેકાંતવાદની વિચારધારાનો મૂળ આધાર ભગવાન મહાવીરના સંદેશામાં જોવા મળે છે, જેમાં એક તરફ વાસ્તવને વિનાશી, વિકારી, પરિણામી માને છે, તો બીજી તરફ વાસ્તવને અવિનાશી, નિર્વિકાર પણ માને છે. આ બે વિરોધી વિચારોમાંથી અનેકાન્ત, સ્યાદ્‌વાદ અને નયવાદનું વિપુલ સાહિત્ય પ્રાપ્ત થાય છે.

સંપૂર્ણ સત્ય અંગેનું પૂરેપૂરું જ્ઞાન એ મનુષ્ય માટે એક જટિલ પ્રશ્ન રહ્યો છે. અપૂર્ણ દ્વારા પૂર્ણને જાણવાનો પ્રયાસ દ્વારા આંશિક સત્ય સુધી પહોંચી શકાય. પરંતુ મુશ્કેલી ત્યારથી શરૂ થાય છે જ્યારે માની લેવાય છે કે અપૂર્ણ સત્ય જ પૂર્ણ સત્ય છે અને અહીંથી વિવાદ અને વૈચારિક સંઘર્ષોનો જન્મ થાય છે. સત્ય માત્ર એટલું જ નથી જેટલું આપણે જાણીએ છીએ, એ એક વ્યાપક પૂર્ણ છે. એને તર્ક, વિચાર, બુદ્ધિ અથવા વાણીનો વિષય ન બતાવી શકાય. કઠોપનિષદમાં કહ્યું છે. 'સત્ય'ને બુદ્ધિ અને તર્કથી પર મનાય છે. મુણ્ડકોપનિષદમાં એને મેઘા અને શ્રુતિથી અગમ્ય કહેવાયું છે અને એના તથ્યને સ્પષ્ટ કરાયું છે. આચારાંગ સૂત્રમાં એને શબ્દ, વાણી, અગોચર કહેવાયું છે. બૌદ્ધ વિચારક ચન્દ્રકીર્તિએ 'પરમાર્થો હિ આર્યાણા તૃષ્ણીભાવ' કહી એનું તથ્ય વ્યક્ત કર્યું છે. પશ્ચિમી વિચારક લાંક, કાન્ત, બ્રેડલ, બર્ગસા વગેરેએ 'સત્ય'ને વિચારની કોટિથી ઉપર ગણ્યું છે. આપણી ઈન્દ્રિયક્ષમતા, તર્કબુદ્ધ, વિચાર ક્ષમતા, વાણીભાષા એટલા અપૂર્ણ છે કે એનામાં સંપૂર્ણ સત્યની અભિવ્યક્તિની ક્ષમતા નથી.

જ્યારે આપણે અપૂર્ણ છીએ, ત્યારે આપણું જ્ઞાન પણ અપૂર્ણ છે અને પ્રાપ્ત થયેલું સત્ય પણ આંશિક છે, અને આમ પણ જે કંઈ પ્રાપ્ત થાય છે તે બધું જ અપૂર્ણ છે. એના આધાર પર જ વૈજ્ઞાનિક સંશોધન સતત થાય છે. કારણ વિજ્ઞાનમાં એક મુખ્ય બળ જે સંશોધન કરાવે છે તેમાં વ્યક્ત થયું છે કે જે કંઈ જડ્યું છે તેનાથી ય વિશેષ કંઈક છે.

અનેકાંત શબ્દને જરા સમજીએ તો અન+એક+અંત= અર્થાત્ જેનો અંત એક નથી, એટલે અનેકાંત. એક ઝાડ શબ્દ સાથે કેટલા બધા અર્થ છે, થડ, મૂળ, ફળ, પાન વગેરે. આમ આપણી વિચાર શક્તિમાં એક શબ્દ દ્વારા અનેક અર્થો જન્મતા હોય છે. જૈન તત્ત્વજ્ઞાનમાં ચાર સાધનો કહ્યા છે-૧. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ. આ ચાર દૃષ્ટિકોણથી વસ્તુ જોવી. જૈન દાર્શનિકોએ અનેકાંત દૃષ્ટિ અંગે કહ્યું છે કે 'જે વસ્તુ તત્ત્વસ્વરૂપ છે, તે અતત્ત્વસ્વરૂપ પણ છે જે વસ્તુ સત્ છે, તે જ અસત્ પણ છે, જે એક છે તે અનેક પણ છે, જે નિત્ય છે, તે અનિત્ય પણ છે, આમ પ્રત્યેક વસ્તુ પરસ્પર વિરોધી એવા ગુણ ધર્મોથી ભરેલી છે. ઉદા. તરીકે એક દવા એક માણસ માટે કામની છે. જ્યારે અન્ય માટે નકામી છે, આમ વિરોધી તત્ત્વ બને છે. એકનું અસ્તિત્વ

બીજા પર આધારિત બને છે. અનેકાંત અનેક નિષ્કર્ષોમાંથી જન્મેલો સિદ્ધાંત છે. આ અનેકાંતને Logically રજૂ કરવા માટેની રીત એટલે સ્યાદ્વાદ છે. સ્યાત્ એટલે નિશ્ચિત એવો અર્થ થાય છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ સ્યાત્ શબ્દ એક નિશ્ચિત સ્થિતિ અથવા અવસ્થા સૂચવે છે.

'સ્યાદ્વાદ'ને અનેકાંતવાદ અથવા સાપેક્ષવાદ નામથી પણ ઓળખવામાં આવે છે. પરંતુ અનેકાંતવાદના તત્ત્વજ્ઞાનની રજૂઆત કરવા માટેની સ્યાદ્વાદ એક પદ્ધતિ છે. અનેકાંત તથા સ્યાદ્વાદનો સંબંધ 'વાચ્ય-વાચક' જેવો અથવા 'સાધ્ય-સાધક' જેવો પણ મનાય છે. ઉપમાની દૃષ્ટિએ વાત કરીએ તો અનેકાંતને સુવર્ણની અને સ્યાદ્વાદને કસોટીની, અથવા અનેકાંતને કિલ્લાની અને સ્યાદ્વાદને એ કિલ્લા તરફ દોરી જતા વિવિધ માર્ગો બતાવતા નકશાની સાથે સરખાવી શકાય છે. આપણે સાથે એ પણ સ્પષ્ટ સમજી લઈએ કે અનેકાંતવાદ અને સ્યાદ્વાદ, એક જ તત્ત્વવિજ્ઞાનના અંગ હોઈ વસ્તુતઃ એક જ છે. સ્યાત્ અને વાદ એમ શબ્દોના સમુચ્ચયથી બનેલા પ્રથમ શબ્દ 'સ્યાત્'નો અર્થ કવચિત્ કોઈ એક પ્રકાર-In some respect- એવો થાય છે. આમાં જે પ્રકાર શબ્દ છે તે કોઈ એક અવસ્થા, સ્થિતિ, સંયોગ દર્શાવે છે. ગુજરાતના પ્રસિદ્ધ વિદ્વાન સ્વ. પ્રોફેસર આનંદશંકર ધ્રુવ સાહેબે પોતાના એક વખતના વ્યાખ્યાનમાં સ્યાદ્વાદ સિદ્ધાંત વિષેનો તેમનો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો, 'સ્યાદ્વાદ, એકીકરણનું દૃષ્ટિબિંદુ અમારી સામે ઉપસ્થિત કરે છે. શંકરાચાર્ય સ્યાદ્વાદ ઉપર જે આક્ષેપ કર્યો છે, તે મૂળ રહસ્યની સાથે સંબંધ રાખતો નથી. એ નિશ્ચિત છે કે વિવિધ દૃષ્ટિબિંદુઓ દ્વારા નિરીક્ષણ કર્યા વગર કોઈ વસ્તુ સંપૂર્ણ સ્વરૂપે સમજવામાં આવી શકે નહિ. આ માટે સ્યાદ્વાદ ઉપયોગી તથા સાર્થક છે.'

દ્રવ્ય-ક્ષેત્ર-કાળ- ભાવની અપેક્ષાએ આ 'સ્યાત' શબ્દ એક નિશ્ચિત સ્થિતિ અથવા અવસ્થા સૂચવે છે. સપ્તભંગીમાં આ 'સ્યાત્' શબ્દની સાથે એવ 'એવ' શબ્દનો જે પ્રયોગ કરવામાં આવે છે, તે એના ચોક્કસ (નિશ્ચિત) પ્રકારનું સ્પષ્ટ સૂચન કરવા માટે જ કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે જોઈએ તો એક ક્રિકેટરને ચંદ્રક મળે છે. જે માત્ર એમને સારી બોલિંગ કરી કે પછી અન્યે ખરાબ બોલિંગ કરી, એવું નથી પરંતુ એ સ્થળે એમને જે બોલિંગ કરી, તેને કારણે ભારતને વિજય પ્રાપ્ત થયો, તે વિજયને અનુલક્ષીને ચંદ્રક પ્રાપ્ત થયો છે.

આ બાબત સ્પષ્ટ કરે છે કે તેમને મળેલું માન પેલા વિજયની અપેક્ષાએ- 'સ્યાત્' હતું.

એક ક્રિકેટરને ચંદ્રક મળ્યો- તો માત્ર સારી બોલિંગ માટે નહીં, કે અન્યે ખરાબ બોલીંગ કરી છે એવું પણ નહીં- પરંતુ એ સ્થળે એમને સારી બોલીંગ માટે ભારતને વિજય પ્રાપ્ત થયો માટે પદ્મશ્રીનો ઈલ્કાબ અપાયો. કોઈપણ વસ્તુનો નિર્ણય કરતી વખતે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને ધ્યાનમાં રાખવા પડે. સ્યાદ્વાદ એક સ્વરૂપનું દર્શન અનેક દૃષ્ટિબિંદુથી કરશે. આ જ સ્યાત્‌ની વાત પછી આપણે નયની વાત કહી- નય અર્થાત્ Knowledge.

અનેકાંત અનેક નિષ્કર્ષોમાંથી જન્મેલો સિદ્ધાંત છે. સ્યાદ્વાદ સપ્તભંગી એ અનેકાંતના જ રૂપ છે. સ્યાદ્વાદ એ અભિવ્યક્તિની એક રીત છે. સ્યાદ્ શબ્દ અપેક્ષા અથવા આંશિક સત્યનું સૂચન કરે છે. અનેકાન્ત દ્વારા જૈન અનંતધર્મનો બોધ થાય છે. કોઈ એક ધર્મના વિચારને અન્યધર્મને અવરોધ કર્યા વગર રજૂ કરવો એ જ સ્યાદ્વાદ છે. આપણે 'આમ જ' કરવું એમ કહીએ છીએ ત્યારે એમાં આગ્રહ હોય છે પરંતુ 'આમ પણ' કહી શકાય એમાં વિરોધ વગર પોતાની વાત રજૂ કરવાની રીત છે. આમ કરવાથી જગતની વિષમતા દૂર કરી શકાય છે.

જૈન દાર્શનિકાઓ પાંચ કારણો બતાવ્યા છેઃ

**(૧) કાળઃ** વસ્તુ અથવા કાર્યની પરિપક્વ કે અપરિપક્વ સમય એવો અર્થ. આ કાળ કારણમાં સમજવાનો છે.

**(૨) સ્વભાવઃ** અહીં સ્વ-ભાવ એવી વ્યુત્પત્તિ છે . એટલે માણસનો કે જાનવરનો સ્વભાવ નહીં પણ પ્રત્યેક વસ્તુનો પોતાનો સ્વભાવ, આપણે એને 'સહજધમ' આ નામે ઓળખીશું.

**(૩) ભવિતવ્યતાઃ** આનું નિયતિને એવું બીજું નામ પણ છે. આનો અર્થ કર્મ દ્વારા ઘડાયેલું પ્રારબ્ધ એવો થતો નથી. આ એક અનાદિ-અનંત અને સ્વતંત્ર કારણ છે.

**(૪) પ્રારબ્ધઃ** આનું કર્મ એવું બીજું નામ પણ છે. વ્યક્તિગત અને સામુદાયિક કર્મો દ્વારા જે ઘડાય છે તે પ્રારબ્ધ.

**(૫) પુરુષાર્થઃ** આને માટે 'ઉદ્યમ' એવું બીજું નામ પણ છે. જીવ-ચૈતન્ય જે ઉદ્યમ અથવા પુરુષાર્થ કરે છે તે.

જ્યાં સુધી આ પાંચ કારણો ભેગા થતાં નથી, ત્યાં સુધી કશુંય કાર્ય બનતું નથી.

કોઈપણ એક કારણથી બધું જ બને છે. એમ કહેવું તે 'એકાંતસૂચક' છે. એકાંત મિથ્યાત્વ છે અને અનેકાંત એ સમ્યક્ત્વ છે. પાંચ આંગળીઓ અથવા બે હાથ ભેગા મળે છે, ત્યારે જ કાર્ય થાય છે. હાથ વિના કંઈ પકડી શકાતું નથી, તો પગ વિના ચાલી શકાતું નથી. બે હાથ વિના તાળી પડતી નથી. આગ્રહમાં આવી જઈને કોઈપણ એક જ વસ્તુ યા કારણને મહત્ત્વ આપવાથી કશો અર્થ સરતો નથી. જેમ યુદ્ધમાં સેનાપતિને મહત્ત્વ હોય છે પરંતુ સેનાપતિ એકલો કંઈ જ ન કરી શકે. સેનાપતિની યુદ્ધ કુશળતા, સૈન્યનું શિસ્ત- શક્તિ સાધન-સામગ્રીઓ વગેરે જેવી અનેક બાબતો ભાગ ભજવતી હોય છે. એમ કહી શકાય કે 'ભવિતવ્યાથી જીવ, નિગોદમાંથી બહાર નીકળે છે. સ્વભાવ અનેક કાળના સહકારથી ચરમાવર્તમાં આવે છે. ચરમાવર્તમાં કર્મ વડે ધર્મ પુરુષાર્થ માટેની પંચેન્દ્રિયપણું વગેરે આવશયક સામગ્રી તેને પ્રાપ્ત થાય છે. અને આ સામગ્રી વડે યુક્ત થયેલો આત્મા હવે પંચમકારણ પુરુષાર્થ દ્વારા જ મોક્ષમાર્ગની સાધના કરે છે, એ માર્ગે પ્રયાણ કરે છે.' આમ આપણે જોઈ શકીએ છીએ કે એક કારણથી જીવ નિગોદમાંથી બહાર આવે છે ત્યારે બીજા કારણે તે મનુષ્યભવ મેળવે છે. જ્યારે સ્વગુણ અને સ્વભાવને કારણે પોતાના કર્મમળને બાંધે છે. પુરુષાર્થ દ્વારા કર્મમુક્ત પણ થાય છે, આમ અનેક કારણોથી આ પ્રવાહ આગળ વધે છે. આ વાતને ઉદાહરણથી સમજીએ.

એક કાપડની મિલ ઊભી કરવાની છે. પ્રારબ્ધની લક્ષ્મી તો પ્રાપ્ત થઈ છે. મહેનતથી યોજના તૈયાર કરાય છે અને ઉદ્યોગના સંચાલનને સમજી શકે એવા ગુણ- સ્વભાવવાળા ટેકનિશિયનો લેવાય છે. કાપડને તૈયાર થતાં જે સમય લાગે તે મુજબ સમય પ્રમાણે એટલા કાળમાં કપડું તૈયાર થાય છે. બધી અનૂકૂળ બાબતો હોય પરંતુ જો ભવિતવ્યતાનો સહકાર ન હોય તો ખેલ બગાડવાની શકયતા રહે છે. ટૂંકમાં જ્યાં સુધી સહકાર ન મળે ત્યાં સુધી કપાસમાંથી કાપડ, ઘાસમાંથી દૂધ, ઘઉંમાંથી રોટલી, ડાંગરમાંથી ભાત, શેરડીમાંથી સાકર બનતા નથી. આ પાંચ કારણો પછી આપણે નય તરફ આગળ વધીએ.

નય એટલે કોઈપણ વસ્તુના એક ગુણ, ધર્મ કે સ્વરૂપને સમજાવે.

નયના બે ઉપયોગ છે, એક તો પોતાને સમજવા માટે, એને 'જ્ઞાનાત્મક' કહે છે અને બીજો અન્યને સમજવા માટે 'વચનાત્મક' કહે છે. નય સાત છે સાતે નય પ્રત્યેક વસ્તુ માટે પોતપોતાના અભિપ્રાયો ધરાવે છે. સાત નયના અભિપ્રાયો પરસ્પરથી ભિન્ન હોવા છતાં તે એકઠાં મળીને સ્યાદ્‌વાદ શ્રુતરૂપી આગમનો જ ભાગ છે. કોઈ પણ વસ્તુનું જ્ઞાન બે રીતે થાય છે. એક 'પ્રમાણ'થી અને બીજું 'નય'થી. પ્રમાણ એટલે સાબિતી- Proof. જેના વડે વસ્તુ નિઃસંદેહ અને બરાબર સમજાય છે.

ન્યાયદર્શનમાં ચાર પ્રમાણ કહ્યા છેઃ (૧) પ્રત્યક્ષ પ્રમાણ (૨) અનુમાન પ્રમાણ (૩) ઉપમાન પ્રમાણ (૪) આગમ પ્રમાણ.

આ ચાર પ્રમાણને વિસ્તારથી સમજીએ.

(૧) પ્રત્યક્ષ પ્રમાણ- આપણી પાંચ ઈન્દ્રિયો આંખ, કાન, નાક, જીભ અને ત્વચાથી જેનો બોધ થાય છે તે પ્રત્યક્ષ પ્રમાણ છે. દૂરથી કોઈ મનુષ્ય જેવી આકૃતિ દેખાય, જે અસ્પષ્ટ ભાસ હોય તો 'અવગ્રહ' છે. નજીક આવતા સ્ત્રી છે કે પુરુષ છે તે અંગે આછું દર્શન થાય તે 'ઈહ.' છે અને પછી નિર્ણય અપાય છે. ભવિષ્યમાં એ જ વ્યક્તિને સ્મરણથી ઓળખીશું.

(૨) અનુમાન પ્રમાણ- કોઈ એક વસ્તુ દ્વારા બીજી વસ્તુનું જે જ્ઞાન થાય તે 'અનુમાન પ્રમાણ' છે. ઉદા. તરીકે ચોક્કસ પ્રકારની વાત આવતાં કશુંક બળે છે, એવો નિર્ણય આપણે જે કરીએ છીએ તે અનુમાન પ્રમાણ છે. બંબાનો અવાજ સાંભળતા આગ લાગવાનો કે શરણાઈનો અવાજ સાંભળી ઉત્સવનું અનુમાન લગાડીએ છીએ.

(૩) ઉપમાન પ્રમાણ- સાદૃશ્યના જ્ઞાન વડે થતું જ્ઞાન તે ઉપમાન પ્રમાણ છે. કોઈને કોઈના જેવું... હોવાની ઉપમા આપવી. જેમ કે કોઈ મહેમાન આપણાં ઘરે આવે અને આપણને કહે કે અહીં જે ગાય નામનું જે પ્રાણી છે તેને તેમના પ્રદેશમાં રોઝ કહે છે. આપણે ત્યાં જઈને જોઈએ છીએ ત્યારે ખબર પડે છે કે એ ભાઈના પ્રદેશમાં 'ગાયના જેવું રોઝ પ્રાણી છે.'

(૪) આગમ પ્રમાણઃ આપ્ત (જેમનામાં શ્રદ્ધા રાખી શકાય તેવા) શ્રદ્ધેય અને પ્રમાણિક) પુરુષોના વચન, કથન કે લેખનથી જે બોધ આપણને થાય છે તે આગમ પ્રમાણ કહેવાય છે. આગમોની બાબતમાં એક મહત્ત્વની વાત હોય છે કે પ્રત્યક્ષ તથા અનુમાન વગેરે પ્રમાણોથી વિરુદ્ધમાં તેમાં કશું હોતું નથી અને તેમાં આલેખાયેલા વચનો, આત્મવિકાસ તથા તેના માર્ગ પર સાચો પ્રકાશ નાખનારા અને શુદ્ધ તત્ત્વના પ્રરૂપક હોય છે.

નય વિચારમાં ઉપર દર્શાવેલા પ્રમાણોના વિષયના અંશને નયગ્રહણ કરે છે. કોઈ એક અંતથી નિર્ણય કરીને, વસ્તુના બીજા સ્વરૂપોનો સ્વીકાર કરવાનો જો ઈન્કાર કરીએ તો તે એકાંત અથવા મિથ્યાજ્ઞાન બને પરંતુ નય વિષયમાં એવું નથી. એક નય જ્યારે વસ્તુના એક જ સ્વરૂપને ગ્રહણ કરે છે, ત્યારે બીજા નય અનુસાર જણાવવામાં આવતા વસ્તુના બીજા સ્વરૂપનો ઈન્કાર કરતા નથી. બીજા નય દ્વારા રજુ થતી બાબતમાં પ્રથમ સ્વરૂપ કરતાં વિરોધ હોય છતાં એ બીજા સ્વરૂપને અમુક સંદર્ભોથી સ્વીકારે છે, તેથી નયજ્ઞાન મિથ્યા કરતું નથી. બીજી એક વાત પણ યાદ રાખવી પડે કે આ બધા નયો, સ્યાદ્‌વાદના એક અંગ અથવા અવયવ જેવા હોઈ, તે 'સ્યાત્' શબ્દની છત્રછાયામાં કાર્ય કરે છે.

'સ્યાત્' શબ્દનું પ્રયોજન જ નયોની સાપેક્ષતા સૂચવવા માટે છે. આ સાત નયને શાસ્ત્રકારોએ બે ભાગમાં વહેંચ્યા છે.

(૧) દ્રવ્યાર્થિક- અહીં 'દ્રવ્ય' શબ્દનો અર્થ સામાન્ય (General) એવો કરવાનો છે. ઉદા. માણસ તો એમાં સ્ત્રી, પુરુષ, બાળક સૌ કોઈ આવી જાય. (૧) નૈગમનય (૨) સંગ્રહનય (૩) વ્યવહારનય. આ ત્રણે નયો વસ્તુના સામાન્ય અર્થને અનુસરે છે. સામાન્ય અર્થની સમજણ આપે છે.

(૨) પર્યાયાર્થિક નય-અહીં પર્યાય શબ્દનો અર્થ વિશેષ એમ કર્યો છે. દ્રવ્ય એ વસ્તુ અર્થાત્ છે. Substance છે. જ્યારે 'પર્યાય' એ વસ્તુની ભિન્ન અવસ્થા છે. ઉદા. તરીકે માણસ એ એક સામાન્ય છે જ્યારે એ વિશેષ અર્થમાં રજૂ થાય. ઉદા. તરીકે વ્યાખ્યાન આપતો હોય ત્યારે તે 'વકતા' એવા વિશેષ અર્થમાં રજૂ થાય છે. (૪) ઋજુસૂત્ર, (૫) શબ્દ (૬) સમભિરૂઢ અને (૭) એવંભૂત એ ચાર નયો પર્યાયાર્થિક નયોના નય છે.

આપણે કોઈ પણ વસ્તુનું Analysis કરીએ છીએ. પૃથ્થકરણ દ્વારા એમાં શું છે એ સમજીએ છીએ એ જ રીતે નય દ્વારા વસ્તુના ભિન્ન અંગોને જાણીએ છીએ. આ એક Analytical Process છે. આ દૃષ્ટિથી પ્રથમ ત્રણ નયઃ નૈગમ, સંગ્રહ અને વ્યવહાર- સામાન્યાર્થિક નય તરીકે ઓળખાય છે. છેલ્લા ચાર નયઃ ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત એ વિશેષાર્થિક નય તરીકે ઓળખાય છે.

આગળ આપણે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એ અપેક્ષા ચતુષ્ટયની–ચાર આધારોની વાત કરી ગયા છીએ. એવી જ રીતે, અહીં નયો વિચાર કરવામાં ચાર શબ્દો ધરાવતી 'નિક્ષેપ' બાબતને પણ સમજીએ. (૧) નામ નિક્ષેપ (૨) સ્થાપના નિક્ષેપ (૩) દ્રવ્ય નિક્ષેપ (૪) ભાવ નિક્ષેપ.

નિક્ષેપ એટલે વિભાગ. કોઈપણ શબ્દના ચાર વિભાગ પડે છે. એક તો 'સંજ્ઞા' અથવા નામ. બીજો 'આકૃતિ', ત્રીજો 'દળ' અને ચોથો 'ભાવ' એટલે ગુણધર્મ અને આચાર. આ પૈકી કોઈ એકનો તે વસ્તુ સાથે સંબંધ જોડવો તે 'નિક્ષેપ' કર્યો. એમ કહેવાય છે. કોઈપણ એક શબ્દમાં જ્યારે અમુક અર્થનો આપણે સંબંધ જોડીએ છીએ, અથવા કોઈ અર્થમાં અમુક શબ્દનો સંબંધ આપણે જોડીએ છીએ, ત્યારે તેને 'નિક્ષેપ' શબ્દથી જૈન તત્ત્વવેત્તાઓ ઓળખાવે છે. કોઈપણ પદાર્થનું આપણે કંઈ નામ આપીએ, એને ઓળખવાની કંઈક સંજ્ઞા નક્કી કરીએ, અને પછી એના મૂળ શબ્દ સાથે જે સંબંધ જોડીએ તેને 'નામવિક્ષેપ કર્યો' એમ કહેવામાં આવે છે. તેને 'Naming a substance' એમ કહેવામાં આવે છે.

(૧) નામ નિક્ષેપઃ- કોઈએ વસ્તુને સમજવા જે ચોક્કસ નામ અપાય છે તે નામ નિક્ષેપ છે. વ્યક્તિને ઓળખવા માટે જે ચોક્કસ નામ અપાય છે તે નામ નિક્ષેપ છે. આ નામને અર્થ કે ભાવ સાથે કોઈ સંબંધ નથી. ઉદા. હનુમાનજીનું બીજું નામ 'બજરંગબલી' કહેવાય તો તેમના વિશિષ્ટ ગુણોને કારણે એટલે તે નામ નિક્ષેપમાં નહીં આવે.

(૨) સ્થાપના નિક્ષેપઃ- કોઈપણ એક વસ્તુમાં બીજી વસ્તુની સ્થાપના કરી, એ નામ દ્વારા ઓળખાવવું એ 'સ્થાપના નિક્ષેપ' છે. અહીં 'તદાકાર સ્થાપના' અને 'સ્થાપના નિક્ષેપ' છે. અહીં 'તદાકાર સ્થાપના' અને 'અતાદાકાર સ્થાપના' બે ભેદ છે. પથ્થરમાંથી મૂર્તિ બનાવી એને એક નામ આપવું એ 'તદાકાર સ્થાપના' છે. જ્યારે 'ચેસની રમત રમતી વખતે આપણે મ્હોરાને જુદાં જુદાં નામથી ઓળખીએ છીએ. હાથી, ઘોડા વગેરે. અહીં આકાર ન હોય તોય એ રીતે

ઓળખાવાય છે. આ છે 'અતદાકાર સ્થાપના'.

(૩) દ્રવ્ય નિક્ષેપઃ- ભૂતકાળ તથા ભવિષ્યકાળ સાથે સંબંધ ધરાવતી વિવક્ષિત વસ્તુ અથવા વ્યક્તિના મૂળ સ્વરૂપનો, તે નામથી વર્તમાનકાળમાં ઉલ્લેખ કરવો અને 'દ્રવ્ય નિક્ષેપ' કહેવાય છે. ભારત લોકશાહી દેશ છે. અહીં રાજા નથી પરંતુ પહેલાં તેઓ રાજા હતા તો આજે તેઓ રાજા નથી છતાં એમને રાજા તરીકે ઓળખાવાય છે, તે છે દ્રવ્ય નિક્ષેપ. વસ્તુ અથવા વ્યક્તિ વિશે એના ભૂતકાળ અથવા ભવિષ્યકાળને લક્ષમાં રાખીને કોઈ શબ્દનું આરોપણ આપણે વર્તમાનમાં કરીએ તે 'દ્રવ્ય નિક્ષેપ' થાય છે.

(૪) ભાવ નિક્ષેપઃ- કોઈ પણ વસ્તુ યા વ્યક્તિને, તેવી વર્તમાન વ્યવસ્થા વિષે અથવા વર્તમાન ગુણધર્મ અનુસાર સંબોધવી એને ભાવનિક્ષેપ કહે છે. દાન આપનારને દાતા, રાજ્ય કરનારને રાજા, કુસ્તીબાજને પહેલવાન, કાવ્ય લખનારને કવિ, સંઘ કાઢી લઈ જનારને સંઘવી વગેરે તરીકે ઓળખાવીએ એ 'ભાવનિક્ષેપ' છે.

નય અને વિક્ષેપને સંબંધ સમજીએ તો 'નય' દ્વારા આપણે વસ્તુનું જ્ઞાન મેળવીએ છીએ અને નિક્ષેપ અર્થાત્મક છે. શબ્દ અને અર્થનો સંબંધ છે, 'ક્ષેય-જ્ઞાયક'નો સંબંધ છે, ટૂંકમાં શબ્દ, અર્થ, તેવી સમજણ, માહિતી સુધી પહોંચી શકાય છે. હવે આપણે 'સાત નય' સમજીએ.

(૧) નૈગમનય- અર્થાત્ વસ્તુના સામાન્ય તથા વિશેષ એમ ઉભય સ્વરૂપને માને પરંતુ અલગ- અલગ માને તે નૈગમ- Figurative Knowledge.

આ 'નૈગમ'માં મૂળ શબ્દ છે, નિગમ. न+एक+गम=नैगम આમાં જે નિગમ શબ્દ છે તેનો અર્થ 'સંકલ્પ' (નિર્ણય) એવો થાય છે. આ નિગમ શબ્દનો 'કલ્પના' એવો અર્થ પણ થાય છે. કલ્પનાથી થતો વ્યવહાર તે નૈગમ કહેવાય છે. અહીં કલ્પના એટલે કોઈ અર્થાત્ કાલ્પનિક ધર્મની સ્ફુરણા નથી સમજવાની. પણ સત્ વાસ્તવિક ધર્મની સ્ફૂરણા લેવાની છે. આ નયમાં બે વાત ખાસ છે કે ભૂત, ભવિષ્ય અને વર્તમાન ત્રણયને આ નય 'વર્તમાનવત્' બતાવે છે. સાથે અહીં સંકલ્પની વાત પણ આવે છે.

કોઈ એવી વાત જે વર્તમાનવત્ કહેવાઈ છે પણ કાં તો તે ભૂતકાળ બની ગઈ. અથવા ભવિષ્યમાં બનવાની છે. તેને નૈગમ કહેવાય. ઉદા. રૂપાલી અમેરિકા જવાની છે પણ જ્યારે એ બોલે છે ત્યારે ભારતની ભૂમિ પર ઊભા રહીને કહે છે કે હું અમેરિકા જાઉં છું ત્યારે આપણે તેની વાતનો વિરોધ નથી કરતાં કારણ જવું તેનો સંકલ્પ છે અને તે વાતને સ્વીકારી વર્તમાનમાં એ રીતે રજૂ કરી છે.

મેડિકલના સ્ટુડન્ટને ડૉક્ટર કહેવું કે પછી મકાનનો કોઈ ભાગ પડી જાય તો પણ મકાન પડી ગયું એમ કહેવું કે પછી અરિહંત સિદ્ધ છે- તેમાં ભૂતકાળ, ભવિષ્યકાળ બંનેની વાત આવી જાય છે. ભૂતકાળ કે ભવિષ્યકાળની અપૂર્ણ ઘટનાને વર્તમાનવત્ બનાવી દઈએ છીએ. વસ્તુનું સામાન્ય અને વિશેષ- સ્વરૂપાત્મક અને લક્ષણાત્મક વર્ણન જેમાં સમાવિષ્ટ છે તે નૈગમનય છે.

(૨) સંગ્રહનય- જેને Collective અથવા Synthetic Approach કહેવાય છે. આ નય વસ્તુના સામાન્ય સ્વરૂપનો પરિચય આવે છે. આ નય વસ્તુને કેવળ સામાન્ય ધર્મવાળી જ માનીએ એ રીતે તેનો પરિચય આપણને આપે છે- સંગ્રહનયમાં વસ્તુને વ્યાપક અને સાધારણ દૃષ્ટિથી આપણે જોઈએ છીએ. ઉદા. નખ-આંગળીથી જુદાં નથી- આંગળી હાથથી જુદી નથી. એ હાથ શરીરથી ભિન્ન નથી. અહીં સર્વના રૂપે જોવાય છે. આ સંગ્રહનયમાં પરસંગ્રહ અને અપરસંગ્રહ એવા બે બતાવ્યા છે.

આ બંને શબ્દો 'સામાન્ય' અર્થના જ સૂચક હોવા છતાં એકમાં 'મહાસામાન્ય' અને બીજામાં 'અવાંતર સામાન્ય'નો નિર્દેશ કરાયો છે.

વસ્તુના કોઈપણ વિશેષભાવને આ નય સ્વીકારતો નથી. ઉદા. તરીકે કબાટમાં કોટ, સાડી, ટાઈ વગેરે અનેક કપડાં પડ્યા હોવા છતાં આ નય તેનો જુદો જુદો પરિચય નહિ આપે. માત્ર કબાટમાં કપડાં છે કે પ્રાણીબાગમાં પ્રાણીઓ છે એમ જ કહેશે, પણ ક્યાં ક્યાં પ્રાણીઓ, એ અંગે વિશેષતા વ્યક્ત નહીં કરે. ટૂંકમાં સંગ્રહનય વસ્તુના સામાન્ય સ્વરૂપને જ માત્ર ઓળખાવે છે.

(૩) વ્યવહાર નય- આ નય વસ્તુના માત્ર વિશેષ સ્વરૂપને જ માને છે. Practical, Individual Analytical approach આને કહે છે. વ્યવહાર નય વસ્તુને વિશેષ ધર્મવાળી જ માને છે. એના મતે જ્યાં સુધી વિશેષ ન આવે ત્યાં સુધી અર્થ પકડાય નહીં. ઉદા. જનાવર તો ક્યું- પૂંછડાવાળું- પૂંછડાં વગરનું, શીંગડાવાળું- શીંગડા વગરનું વગેરે. અહીં વિશેષ પર્યાયથી જ કાર્ય થાય છે. આ ત્રણ નયો સામાન્ય અને વિશેષ સ્વરૂપની વાત કરી પરંતુ એથી સૂક્ષ્મ દૃષ્ટિકોણ હવેના ચાર નયોમાં છે- પર્યાયાયિક નયોમા.

(૪) ઋજુસૂત્ર નય- આ નય સ્થૂળ અને સૂક્ષ્મ પ્રકારે વસ્તુની વર્તમાન અવસ્થાને બતાવે છે. ગ્રહણ કરે છે- અંગ્રેજીમાં તેને The king in its present condition- વસ્તુ પોતાની વર્તમાન અવસ્થામાં એમ કહી શકાય.

આ નય વસ્તુની ભૂત તથા ભાવિની અવસ્થાને નથી માનતો પરંતુ વસ્તુના પોતાના વર્તમાન પર્યાયને જ માને છે. વર્તમાન કાળના જે સૂક્ષ્મ અને સ્થૂળભેદ ઋજૂસૂત્ર નય સ્વીકારે છે. જે વર્તમાનકાળમાં છે તે જ આપણને ઉપયોગી છે. અન્ય ઉપયોગમાં નથી આવતા માટે આ નય એનો સ્વીકાર નથી કરતો. ઉદા. હાથી અત્યારે છે- તો એનો સ્વીકાર પરંતુ પછી આવવાનો છે તો નય એનો સ્વીકાર નથી કરતો.

(૫) શબ્દ નય-વસ્તુ વિશે વપરાતા શબ્દના, લિંગ, વચન, કાળ, સંખ્યા વગેરે વ્યાકરણ ભેદે થતા અર્થોને જુદા જુદા તરીકે જાણે અને બતાવે તે શબ્દ નય. આ નય અનેક શબ્દો વડે ઓળખાતા. એક પદાર્થને એક જ માને છે. આ નય Grammatical approach ધરાવે છે. અર્થાત- ચોક્કસ વસ્તુ માટે ચોક્કસ શબ્દ પ્રયોગ કરવો એવું માને છે. મનુષ્યને બદલે 'નર' અથવા 'નારી' એવા જ શબ્દોનો પ્રયોગ કરશે. શબ્દ નય લિંગ, વચન, કાળ વગેરે દ્વારા વસ્તુના અર્થમાં જે ફેરફાર થાય છે તે મુજબના અર્થમાં બતાવે છે. અહીં મુખ્યત્વે ભાષાનું વ્યાકરણ મહત્ત્વનો ભાગ ભજવે છે. આપણે એને વ્યાકરણવાદી, અંગ્રેજીમાં 'Gramatical Aproach' કહી શકાય.

(૬) સમભિરૂઢ નય- શબ્દભેદે અર્થભેદે માને, તે સમભિરૂઢ નય- એક જ વસ્તુને જુદાં જુદાં શબ્દો વડે જ્યારે ઓળખવામાં આવે ત્યારે તે શબ્દો પર્યાય બને છે- અર્થાતે જ્યારે શબ્દનય એમ કહે કે- કુંભ, કળશ, ઘડો, આદિ જુદા શબ્દોની ઓળખાતા પદાર્થ એક જ છે. જ્યારે સમભિરૂઢ નય કહે છે કે આ ત્રણેય પદાર્થો અલગ અલગ છે.

આ નય માને છે કે વસ્તુનું નામ બદલાતા વસ્તુના અર્થમાં પણ ભેદ પડે છે. આ નય Specific Knowledgeમાં માને છે. શ્રીકૃષ્ણના અનેક નામ હોય પરંતુ દરેક નામ સાથે જુદાં સંદર્ભો રહેલા છે. આમ

દરેક ચોક્કસ નામનો અર્થ હોય છે તેમ તે સ્વીકારે છે.

(૭) એવંભૂત નય- આ નય ક્રિયાશીલ Active નય છે. શબ્દના ક્રિયાત્મક અર્થને તે ગ્રહણ કરે છે. જે વખતે તે ક્રિયા થતી હોય તે જ વખતે તેજ અર્થમાં શબ્દને સ્વીકારે છે- ટૂંકમાં જે ક્રિયા અત્યારે ચાલુ છે તેના જ અર્થમાં તેનો સ્વીકાર કરવો. આ નય ક્રિયાભેદે અર્થભેદ બતાવે છે. શબ્દના અર્થમાં ઉલ્લેખાયેલી ક્રિયા જે વખતે ન થતી હોય તે વખતે એ અર્થમાં આ નય કબૂલ રાખતો નથી. ઉદા. 'ગાયક' શબ્દનો અર્થ 'ગીત ગાનાર' એવો થાય છે. અવંભૂત નય એને સર્વકાળે ગાયક તરીકે નહીં સ્વીકારે. એ માણસ જ્યારે ગીત ગાવા રૂપી ક્રિયા કરતો હશે ત્યારે જ એને ગાયક તરીકે સ્વીકારાશે. આમ જ 'પૂજારી' જ્યારે પૂજા ક્રિયા કરતો હશે ત્યારે જ 'પૂજારી' અન્યથા નહીં.

આમ આપણે સાત નયો જોયા. જે આપણને મનોગત સમજણ પૂરી પાડે છે- જે સ્વતંત્ર છે અને નથી પણ. આધારિત છે અને નથી પણ. સાતે સાત નયો વધુ ને વધુ શુદ્ધ અર્થ આપે છે. નયોનો વિષય સૂક્ષ્મ છે. એક જ વસ્તુને જોવાની- સમજવાની આ ભિન્ન ભિન્ન બાજુઓ છે. આ સાતેય બાજુઓ મળીને સંપૂર્ણ ખ્યાલ આવે છે. આ સાતે નય મળીને જે શ્રુત બતાવે છે તે 'પ્રમાણશ્રુત' કહેવાય છે. આ બધા નયો પરસ્પર સાપેક્ષ હોય તો જ સત્ય છે. અન્યથા મિથ્યા છે. દુર્નય છે, પોત પોતાના સ્થાને અમુક નિશ્ચિંત વસ્તુ બતાવે છે.

આ રીતે નયો કે સાત પરિમાણ જેવા છે જે એ સંપૂર્ણ ચિત્ર રજૂ કરવાનો પ્રયાસ કરે છે. એકબીજાનું ખંડન નથી કરતા પરંતુ ખંડન કર્યા વિના પોતાની માન્યતાને સ્વીકારે છે. બીજા નયને સાપેક્ષ રહીને, બીજી અપેક્ષાઓને આધીન રહીને વસ્તુનું યથાર્થ સ્વરૂપ બતાવે છે ત્યારે જ તેની ગણના 'સ્યાદ્વાદ શ્રુત'માં થાય છે.

બે બાબતોને આપણે સમજી લઈએ. પરસ્પર વિરુદ્ધ એવા ધર્મોનો એક જ વસ્તુમાં સ્વીકાર કરવો, પૂરી સમજણથી સ્વીકાર કરવો. અને (૨) વસ્તુ એક જ હોવા છતાં એના ભિન્ન ભિન્ન સ્વરૂપો બુદ્ધિમાં ઉદ્ભવે જ છે અને આ ભિન્ન ભિન્ન પ્રકારની બુદ્ધિને આપણે 'નય' બુદ્ધિ કહીશું.

પ્રત્યેક વસ્તુ અનેક ગુણ ધર્માત્મક છે. નયની સહાયથી, ભિન્ન ભિન્ન ગુણધર્મોને જાણવાનું થતું જ્ઞાન જે છે, તે પણ ભિન્ન ભિન્ન છે. દરેક વ્યક્તિ પોત પોતાની શક્તિ અને સમજણ અનુસાર Caliber & Catagery મુજબ સમજી શકે છે. વસ્તુને અંશથી જ્યારે જોવાય ત્યારે મતભેદ ન સ્યાત્ રહે છે. આ મતભેદોને નિવારવાનું સાધન તે આ 'નય-જ્ઞાન' છે.

આજે અનેક વસ્તુનો અનેક રીતે સ્વીકાર કરતા આ નય શીખવે છે. ધર્મના આચરણમાં જૈન દાર્શનિકોએ બે નય કહ્યાં છે. (૧) વ્યવહાર નય (૨) નિશ્ચય નય. વ્યવહાર-સાધન અને નિશ્ચય એ સાધ્ય-સાધનો વડે સાધ્ય સિદ્ધ થાય છે. સાધનો વ્યવહારના ક્ષેત્રમાં આવે અને સિદ્ધ થનારું સાધ્ય અને નિશ્ચયના ક્ષેત્રમાં આવે છે. ધ્યાન દ્વારા આત્માનો વિકાસ થાય ત્યાં ધ્યાન એ સાધન છે અને વિકાસ એ સાધ્ય છે.

આજે આજ નય દ્વારા આપણે મનને તપાસીએ છીએ. મન દૂષિત છે એ એ જ જુએ છે જેમાં એને સુખ મળે છે. પરંતુ મનનો નિશ્ચય એ આનંદ છે અને એ માટે એને વ્યવહારને બદલવાનો છે.

જ્યારે વ્યવહારમાં આચરણની વાત આવે ત્યારે નિશ્ચય નયને નજર સામે રાખીને જ આપણો વર્તમાન Code of Conduct- આપણે નક્કી કરવો પડે. નિશ્ચય દૃષ્ટિ તત્ત્વ સ્પર્શી પવિત્ર જ્ઞાનની દૃષ્ટિ છે. આપણા વ્યવહારમાં દાખલ થઈ જતી અશુદ્ધિઓને દૂર કરવાનું અને અટકાવવાનું કામ તે કરે છે. માણસે પોતાનું આંતરિક અને બાહ્ય બંને પ્રકારનું જીવન શુદ્ધ રાખવું જોઈએ.

ઘણીવાર એવું બનતું હોય છે કે કોઈક કારણોસર કેટલીક વ્યક્તિઓ આપણને નથી ગમતી ત્યારે આપણે આપણા અંગત પ્રતિભાવથી એ વ્યક્તિના સમગ્રતા પર આઘાત પહોંચાડતા હોય છે. કારણ એ જ વ્યક્તિ આપણા માટે ન ગમતી અને અન્ય માટે અતિપ્રિય હોઈ શકે તો પછી એવા સમયે એ વ્યક્તિને એ એકમાત્ર દૃષ્ટિકોણથી માપવામાં આપણને કોઈ અધિકાર નથી. જે સત્ય આપણને પ્રાપ્ત થયું છે તે પૂર્ણ નથી અને સમજણ સ્વીકાર point of viewમાં પડી ગયા છીએ. દરેકને પોતાના point of view સિદ્ધ કરવા છે અને તેને કારણે અનેક ટાપુઓમાં સહુ વિભાજીત થઈ ગયા છે. જૈન ધર્મમાં અનેક ફાંટા જોઈને આનંદઘનજીએ પણ આંસુ વહાવતા ગાયું છેઃ

'ગચ્છના બહુભેદ નયને નિહાળતા
*તત્ત્વની વાત કરતા તમે, લાજ નૈ આવે?'*

તત્ત્વના નામે ભેદ ન હોય તો એ સમન્વયની ભૂમિકા છે, દર્શનની ભૂમિકા છે. સાક્ષાત્કારની ભૂમિકા છે. આપણે એ જ તત્ત્વના નામે જુદા પડી ગયા છીએ. એક વ્યક્તિ એકવાર નદીમાં ડૂબતો હતો, એને લાકડાનું પાટિયું મળી ગયું એના સહારે નદી તરી ગયો અને બહાર આવી ગયો. હવે એ વ્યક્તિએ એ લાકડું છોડી દેવું પડશે. કંઈ એ લાકડાને લઈને જમીન પર નહીં ઊડી શકે, એ લાકડું એટલા સમય પૂરતું જ મર્યાદીત હતું. એમ જ દરેક ક્ષણનું સત્ય જુદું હોય છે. અને એ ક્ષણે ક્ષણે બદલાય છે. એની સાથે માણસે પણ બદલાવું પડે. આપણી નજર નિશ્ચિત હોવા છતાં વ્યવહારને આપણે શુદ્ધ ન રાખીએ અથવા વ્યવહાર શુદ્ધ હોય પરંતુ આપણું ધ્યાન નિશ્ચય પરથી ખસેડી નાખીએ તો તે બંને કાર્ય આપણા માટે નુકસાનકારક છે. જ્ઞાન અને વિવેક બંનેમાંથી એકનો પણ અભાવ ન ચાલે. જ્ઞાન અને વિવેક બંનેને જરૂરી છે. શાસ્ત્રકારોએ કહ્યું જ છે કે-

'જે આસવા તે પડિસ્સવા,
*જે પડિસ્સવા તે આસવા.'*

અર્થાત્ આત્માને કર્મબંધ કરાવનારા સ્થાનો કર્મમાંથી છોડાવે અને કર્મમાંથી છોડાવનારા સ્થાનો કર્મનો બંધ કરાવે છે. એનો અર્થ એવો છે કે જે પ્રવૃત્તિથી અજ્ઞાન અને અવિવેકીના કર્મબંધન થાય એ જ પ્રવૃત્તિ જ્ઞાન અને વિવેકી સજ્જન માટે કર્મમાંથી મુક્તિ અપાવનારી બને. ઉદા. જે જ્ઞાની અને વિવેકી છે તેનાથી માનવ સમાજનું સારું કાર્ય થાય તો પણ તે નમ્રતાપૂર્વક વર્તશે અને કર્મબંધન નહીં કરે જ્યારે એ જ કાર્ય અજ્ઞાની અને અવિવેકીથી થશે તો તેના મનમાં અહંકાર આવશે અને કર્મબંધનનો ભોગ બનશે.

આમ સમજણ ભેદ બહુ મોટો ભાગ ભજવે છે.

આજે આપણે ધર્મ અને તત્ત્વજ્ઞાનને જુદા જોઈએ છે. પરંતુ નયપ્રમાણમાં બંને સાથે જ છે. તત્ત્વજ્ઞાન આપણને સદ્વિચાર આપે છે અને ધર્મ આપણને આચરણ શીખવે છે. સારો વિચાર અને સારા આચાર, આ બંને પરસ્પર સંકળાયેલા અને મહત્ત્વ ધરાવનારા છે. સુવિચાર એ નિશ્ચયદૃષ્ટિ છે અને સદાચાર એ વ્યવહાર દૃષ્ટિ છે.

આજે જીવનના દરેક પગલે નિશ્ચય અને વ્યવહાર નય આવશ્યક છે. આપણા પ્રત્યેક કાર્ય વખતે આપણી દૃષ્ટિ સદ્વિચાર કે ધર્મ પર હોય તો એ મુજબ આચરણ કરવું જોઈએ. જ્યારે કોઈ એક વસ્તુનો નિર્ણય લેવો હોય ત્યારે તેને અનેક બાજુથી જોઈ તપાસીને સમજવાનો

પ્રયત્ન કરવો જોઈએ. તો જ આપણે સત્યની નિકટ પહોંચી શકીશું અન્યથા નહીં.

અનેકાંતવાદના સિદ્ધાંતમાં અપેક્ષાભાવ, સાપેક્ષતા ખૂબ જ ક્રિયાશીલ- Active અને મહત્ત્વનો ભાગ ભજવે છે. આ અપેક્ષાવાદ કે સ્યાદ્‌વાદ એ માત્ર અમુક પ્રકારની ચર્ચા, વ્યવહાર કે બુદ્ધિવૈશધા કરવા માટે જ છે એવું નથી, પરંતુ વસ્તુ માત્ર વાસ્તવમાં પોતે જેવી અનેક ધર્માત્મક છે, તેવું તેનું દર્શન કરાવનાર આ અપેક્ષાવાદ-સ્યાદ્‌વાદ છે. એનાથી જ વસ્તુના સમગ્ર સ્વરૂપોને સમજી શકાય છે. આમ સાપેક્ષ યા સ્વાદ્‌વાદની દૃષ્ટિ વસ્તુમાં કંઈ નવું સર્જતી નથી. અથવા તેમાં કોઈ આરોપણ કરતી નથી પરંતુ ભોમિયોની જેમ વસ્તુમાં જે છે, તે ખલ્લું કરીને બતાવે છે. રામ એ પિતા છે, અને પુત્ર પણ છે, એ ભાવ લવકુશની અને દશરથની અપેક્ષાથી સ્પષ્ટ થાય છે.

નિશ્ચય નય અને વ્યવહાર નયમાં સ્યાદ્વાદ એ Balance જેવો છે. કર્મબદ્ધ થયેલા સંસારી જીવને નિશ્ચય જાળવી રાખવા માટે મુશ્કેલીનો સામનો કરવાનો હોય છે. માટે જ વ્યવહારમાં ‘ઉત્સર્ગ’ અને ‘અપવાદ’ એવા બે વિભાગો દર્શાવ્યા છે. ઉત્સર્ગ એટલે નિશ્ચય તરફ દોરી જતો Right Royal Highway જ્યારે અપવાદ એટલે મૂળ માર્ગના રક્ષણ માટે ઉપયોગમાં લેવાતો પેટા માર્ગ Diversion તે પેલા મૂળ માર્ગના રક્ષણ માટે અને સફળ રસ્તામાં રીપેરીંગ કાર્ય ચાલતું હોય ત્યારે ‘હાઈ-વે’ છોડીને અન્ય રસ્તે જઈએ ત્યારે આપણી મૂળ નજર તો મૂળ રસ્તા પર પાછા ફરવાની જ હતી.

નયદૃષ્ટિ માણસનું અજ્ઞાન દૂર કરે છે, એમ કરવાથી કલ્યાણ જ થાય છે.

જેમ સાત નય જોયા તેમ સપ્તભંગી પણ રસપ્રદ છે. સપ્તભંગી એ કસોટીપત્ર છે. કશું પણ જાણવા માટે માણસને પ્રથમ જિજ્ઞાસા થાય છે. આ જીજ્ઞાસાનું બીજ છે સંશય... સંશય સાત પ્રકારના હોય છે. ઘર બંધ કરીને, તાળું મારીને, સપરિવાર યાત્રા કરવા માટે બહારગામ ગયા. ત્યાં સમાચાર મળ્યા કે ગામમાં ચોરીનો ઉપદ્રવ શરૂ થયો છે. ત્યારે આપણે અસ્વસ્થ થઈએ- અને સાત સંશયો જન્મે

(૧) મારા ઘરમાં શું ચોરી થઈ છે?
(૨) ચોરી નથી થઈ?
(૩) ચોરી થઈ હશે કે નહિ થઈ હોય?
(૪) શું કહી શકાય?
(૫) થઈ હશે પણ શું કહી શકાય?
(૬) નથી થઈ પણ શું કહી શકાય?
(૭) થઈ છે, નથી થઈ, પણ શું કહી શકાય?

જૈન દાર્શનિકોએ ઘડાનું ઉદાહરણ છે. આવા પ્રશ્નો પૂછ્યા છે-

(૧) શું ઘડો છે?- અમુક અપેક્ષાએ ઘડો છે.
(૨) શું ઘડો નથી?- અમુક અપેક્ષાએ ઘડો નથી.
(૩) શું ઘડો છે અને નથી- અમુક અપેક્ષાએ છે અને નથી.
(૪) શું ઘડો આવચ્ય છે- અવાચ્ય અર્થાત્ વાણી યા શબ્દ દ્વારા જેનું વર્ણન ન થઈ શકે તેવો.
(૫) શું ઘડો છે અને અવાચ્ય છે?
(૬) શું ઘડો નથી અને અવાચ્ય છે?
(૭) શું ઘડો છે, નથી અને અવાચ્ય છે?

આ સાત સિવાય આઠમો પ્રશ્ન કદી પૂછતો નથી.

પહેલા વાક્યમાં છે પછી નથી. ત્રીજામાં છે અને નથી સુધી સમજ્યા પછી ઘડો અવાચ્ય છે. અર્થાત્ ઘણીવાર કેટલીક લાગણીઓને વ્યક્ત કરવા શબ્દ નથી. પહેલાં ત્રણ વાક્યો સ્પષ્ટ છે. ઘડો અમુક પરિસ્થિતિમાં છે, અમુકમાં નથી જ અને પછી સાપેક્ષ છે અને નથી. હવે ચોથા વાક્યમાં શબ્દ દ્વારા જ્યાં વર્ણન શક્ય નથી તેની વાત આવે છે. વર્ણન કરવાની અશક્તિમાંથી નેતિ નેતિ (નથી, નથી) શબ્દો પ્રગટ થયા. આમ જ ચોથા ભંગમાં અવક્તવ્ય શબ્દ અમુક સાપેક્ષતાનો સૂચક હોઈ શકે. ત્યાર બાદ પાંચમી- ઘડો છે અને અવકતવ્ય છે. અહીં વસ્તુના અસ્તિત્વના સ્વીકાર પછી અવકતવ્ય કહે છે. જમીનની નીચે પાણી છે. એ વાસ્તવિકતા છે પણ કુવો ખોદવા માટે કોઈ પૂછે તો કહેવું પડે છે, કે છે, પણ કહી શકાય નહીં.

છઠ્ઠી ભંગીમાં-

કવચિત ઘડો નથી અને અવક્તવ્ય છે.

એટલે જમીનને ઊંડે ખોદી પણ પાણી નીકળતું નથી એટલે જમીનની નીચે પાણી નથી. એટલે જમીન નીચે પાણી છે વાસ્તવિકતા છતાં અહીંથી પાણી ન મળ્યું.

અને છેલ્લે ઘડો છે, નથી અને અવ્યક્તવ્ય છે. એક કુવામાં પાણી છે, બીજામાં નથી, બંનેનું ખોદાણ એક સરખું જ હતું. પણ બીજામાં ન મળ્યું અને એનું કારણ કહી શકાય એમ નથી. (મૂડી છે, નથી, ભવિષ્યથી થશે કે નહીં ખબર નથી.)

આમ સાત ભંગ દ્વારા વસ્તુના સાત જુદા જુદા નિર્ણયો પ્રાપ્ત થાય છે.

પોટેશિયમ સાઈનાઈટ જે કાતિલ ઝેર પરંતુ ઈન્ડસ્ટ્રીમાં તેનો ઉપયોગ કેવો થાય એ રહસ્ય જ.

જ્ઞાન છેવટે તો શ્રદ્ધા અને બુદ્ધિના સમન્વયથી ખીલે છે. સોક્રેટીસની એક કથા બહુ પ્રચલિત છે. કેટલાક લોકોએ એવી આકાશવાણી સાંભળી કે આ યુગમાં સૌથી શાણો અને ડાહ્યા માણસ સોક્રેટીસ છે. આ સાંભળીને લોકો સોક્રેટીસ પાસે ગયા અને પૂછયું કે આ વાત સાચી છે, ત્યારે થોડીવાર વિચારીને પછી સોક્રેટીસે જવાબ આપ્યો, એ જવાબ બહુ સૂચક છે. ‘હા એ વાત સાચી છે, કારણ કે હું કશું જાણતો નથી એ વાત હું જાણું છું.’

આમ જે માણસ જાણે છે કે એ અજ્ઞાની છે તે જ મહા જ્ઞાની છે. જેમ કબીરે યોગ્ય ગુરુ શોધવા કહ્યું હતું તેમ સાચું સ્થાન પણ પામવું પડે. જ્ઞાન અને સાચા જ્ઞાન માટે તો માર્ગ અનેકાંતવાદમાં છે- ‘બાબાવાક્ય પ્રમાણમ્’ જેવી વાત ન હોવી જોઈએ.

ટૂંકમાં જૈનદર્શન પ્રતીતિ અને સાક્ષાત્કારની અવસ્થાએ મનુષ્યને લાવીને મૂકે છે. અંતે આપણે સહુ એક જ સત્ય અને આત્માને પામવાનો પ્રયત્ન કરીએ છીએ ત્યારે અનેકાંતવિચાર આપણે વિચાર સમૃદ્ધિ આપે છે. અનેકાંતવાદ આપણને બીજાની જગ્યાએ ઊભા રહીને વિચાર કરતા શીખવે છે- ત્યાંથી સમન્વયની શરૂઆત થાય છે અને આત્માર્થની સીડી ચઢાય છે.

વિશ્વ સમન્વય અનેકાન્ત પથ,
સર્વોદય કા પ્રતિપલ ગાન!
મૈત્રી કરુણા સર્વ જીવો પર,
જૈન ધર્મ જગ જ્યોતિ મહાન!

★

# અનેકાંતવાદ : સમસ્યામય જીવનમાં સમન્વયનું મેઘધનુષ

❑ પદ્મશ્રી કુમારપાળ દેસાઈ

*[પદ્મશ્રી સન્માનથી એમને સન્માનીત કરાયા છે. જૈન દર્શનના તજજ્ઞ વિદ્વાનની ખ્યાતિ આંતરરાષ્ટ્રીય સ્તરે જાણીતી છે. સર્જક, વ્યાખ્યાતા, વક્તા એવા કુમારપાળ દેસાઈએ અનેક ક્ષેત્રોમાં પોતાનું પ્રદાન આપ્યું છે. જૈન દર્શનની સાથે ગુજરાતી સાહિત્યમાં મોખરાનું સ્થાન ધરાવતા આ સર્જક પ્રસ્તુત લેખમાં અનેકાંતવાદનો વિચાર સમષ્ટિમાં શાંતિ અને સુખનું નિર્માણ કરવામાં કઈ રીતે ઉપયોગી છે, તે રજૂ કરે છે. જીવનની સાથે જોડી તાત્ત્વિક વિચારણાને એમને સરળતાથી રજૂ કરી છે.]*

જીવનના ધરાતલમાંથી જાગેલા ચિંતનથી પ્રગટે છે તત્ત્વજ્ઞાન. તત્ત્વજ્ઞાનના એ વિચારની પાછળ અખિલાઈથી જોવાયેલા જીવનનો અર્ક અને મર્મ હોય છે. જો એ તત્ત્વજ્ઞાન સાથે જીવનની ભાવના જોડાયેલી ન હોય, તો સમય જતાં એ ખોખલું, ચીલાચાલુ અને સર્વથા અપ્રસ્તુત બની જાય છે. એવું તત્ત્વજ્ઞાન વ્યક્તિ, સમાજ કે સાધકને દિશાદર્શન કરાવવાને બદલે સમાજ પર ભારરૂપ બને છે અને તેને પરિણામે કેટલીય ભ્રાંત માન્યતાઓ, જડતા, મૂઢતા, દ્વિધા અને શંકા જાગે છે. જીવનના સ્પર્શ વિનાનું તત્ત્વજ્ઞાન એ માત્ર એક તરંગ બનીને અટકી જાય છે.

તત્ત્વદર્શન જ્યારે પ્રગટે છે, ત્યારે માનવીના સમગ્ર જીવનદર્શનમાંથી પ્રગટતું હોય છે. માનવીની વૃત્તિ, વાણી અને વ્યવહાર એની સાથે અનુસ્યૂત હોય છે. એની પાછળ મનુષ્યજીવની ઊર્ધ્વતા કે માનવકલ્યાણનો આશય રાખવામાં આવ્યો હોય છે. આવું તત્ત્વજ્ઞાન એ એવી વિચારશૈલી ધરાવે છે કે જેનાથી માનવી માનસિક, ચૈતસિક કે આધ્યાત્મિક શાંતિ કે પરમ કલ્યાણ કે મુક્તિની પ્રાપ્તિ કરી શકે.

આ સંદર્ભમાં જૈનદર્શનની જગતને સર્વોચ્ચ ભેટ સમાન અનેકાંતવાદનો વિચાર કરીએ. અત્યંત વિલક્ષણ લાગે એવું આ તત્ત્વદર્શન છે, કારણ કે સામાન્ય રીતે માનવી પોતાની રીતે કે પોતાની દૃષ્ટિને અનુકૂળ હોય તે રીતે વિચારે છે. પોતે જે વિચારે છે, એને સર્વથા અને સંપૂર્ણ સત્ય છે એમ માને છે અને એ પછી વળગી રહે છે. આને કારણે જગતમાં વિચારોની સાઠમારી થાય છે. સામસામી પક્ષાપક્ષી થાય છે. આગ્રહોનું સમરાંગણ ખેલાય છે. એકબીજા પર આક્ષેપો- પ્રતિઆક્ષેપો થતા હોય છે અને સામાની વાતને સદંતર નકારવાનો પ્રયાસ થતો હોય છે. 'મારું જ સાચું' એમ આગ્રહપૂર્વક કહેવામાં આવે છે અને બીજાને વિચાર-યુદ્ધમાં પરાજિત કરીને વ્યક્તિ આનંદિત બનતી જાય છે. કોઈને વાદમાં પરાજિત કરીને પોતાની જાતને એ વિદ્વાન વિજેતા માનતો હોય છે અને પરાજિત થનારને ધુત્કારતો હોય છે. આ રીતે 'મારો જ મત સાચો' એવી જગતની શૈલી છે, ત્યારે ભગવાન મહાવીરે પ્રબોધેલો અનેકાંતવાદ એ 'સાચું જ મારું'નું મૌલિક દર્શન છે.

આગ્રહ અને અહંકારમાં રહેલી વ્યક્તિ સદૈવ પોતાની વાત, મત, અભિપ્રાય કે માન્યતાને માને છે, પણ હકીકતમાં તો એની પાસે પૂર્ણ સત્ય હોતું નથી. સત્યનો એક અંશ એ અપૂર્ણ સત્ય છે. બધા અંશો ભેગા થાય, તો પૂર્ણ સત્ય પ્રાપ્ત થઈ શકે. આ સંદર્ભમાં એક પ્રસિદ્ધ ઉદાહરણ જોઈએ.

બે વ્યક્તિઓ નૃત્ય જોવા ગઈ. એક વ્યક્તિ અંધ અને બીજી બધિર હતી. નૃત્ય સાથે ગાનનો કાર્યક્રમ હતો. કાર્યક્રમ પૂર્ણ થતાં અંધ વ્યક્તિએ કહ્યું, 'વાહ, ગીત કેવું સુંદર હતું ? આવું મધુર ગીત મેં જિંદગીમાં ક્યારેય સાંભળ્યું નથી.'

ત્યારે બધિરે કહ્યું, 'અરે ! ક્યાં કોઈ ગીત જેવી વાત જ હતી. મંચ પર તો કેવળ નૃત્ય હતું. ગીત નહીં.' અને પછી બંને વચ્ચે કલહ જાગ્યો. આમ એકાંત દૃષ્ટિએ વિચારનાર આગ્રહમાં સરી પડે છે. એ પોતાની વાતને વળગી રહે છે, એથી ય વિશેષ સામાની વાતનો સર્વથા, સર્વ પ્રકારે અસ્વીકાર કરે છે. જ્યારે જૈનદર્શનનો અનેકાંતવાદ એ 'જ' કારને બદલે 'પણ' કારનો સિદ્ધાંત છે. એ કહે છે કે કોઈપણ પદાર્થને એક દૃષ્ટિબિંદુથી જોવાને બદલે સર્વાંગી દૃષ્ટિએ જોવો જોઈએ. આને માટે બીજાની વાત સાંભળો અને બીજાના દૃષ્ટિબંદુને સાંકળો. દરેક વસ્તુની અનંત બાજુ (ધર્મ) હોય છે અને એ રીતે સંસાર અનંતધર્મા છે.

કોઈ કવિને આકાશમાંથી રૂપેરી ચાંદની રેલાવતો શરદ પૂર્ણિમાનો પૂર્ણરૂપે ખીલેલો ચંદ્ર એ પ્રિયતમાના સુંદર મુખ જેવો લાગે, કોઈને વળી પ્રિયમતની રાહ જોતી બારણામાંથી સહજ ડોકિયું કરતી નારીના સુંદર મુખ જેવો લાગે, તો કોઈને ચંદ્રની ચાંદની પરુ જેવી અને એની આસપાસના તારાઓ બણબણતી માખી જેવા પણ લાગે. એક જ ઘટનાના કેવા ભિન્ન ભિન્ન પ્રતિભાવ પણ હોય છે !

અનેકાંતમાં બે શબ્દ છે અને તે છે અનેક અને અંત. અનેક એટલે ઘણા અથવા તો અધિક અને અંત એટલે ધર્મ કે દૃષ્ટિ. આ રીતે કોઈપણ વસ્તુતત્ત્વનું ભિન્ન ભિન્ન દૃષ્ટિએ પર્યાવલોકન કરવું તે અનેકાંત છે. આને 'અંધહસ્તીન્યાય' કહેવામાં આવે છે. સાત અંધજનો હાથીને જુએ છે. એના જુદા જુદા અંગને સ્પર્શે છે, અને જે કાનને સ્પર્શે છે, એને હાથી સૂપડા જેવા લાગે છે. જે પગને સ્પર્શે છે એને હાથી થાંભલા જેવો લાગે છે. જે પૂંછડીને સ્પર્શે છે, એને હાથી દોરડા જેવો લાગે છે. એ પછી મહાવત આ બધાને હાથથી આખાય હાથીનો સ્પર્શ કરાવીને એના સમગ્ર આકારનો ખ્યાલ આપે છે અને એ રીતે એ ખંડદર્શનને બદલે અખંડદર્શન પામે છે.

અનેકાંતદર્શન કહે છે કે સત્ય એક જ છે, એનું સ્વરૂપ અનેક હોઈ શકે. એ સત્યનું જુદી જુદી અપેક્ષાએ દર્શન કરવું જોઈએ. સાદી રીતે વિચારીએ તો એક જ વ્યક્તિ કોઈનો પિતા હોય છે. કોઈનો મિત્ર હોય છે, તો કોઈનો પતિ હોય છે. અને તેથી જ એ પોતાની પ્રત્યેક જવાબદારીમાં જુદો જુદો દેખાતો હોય છે. પોતાના મંતવ્યને તટસ્થાથી વિચારવું અને વિરોધીના મંતવ્યોની આદરપૂર્વક વિચારણા કરવી એ અનેકાંતનો પાયો છે.

ભગવાન મહાવીર અને એમના શિષ્યો વિરોધી મતવાળાને સ્નેહથી પોતાનો મત સમજાવતા હતા. હકીકતમાં જૈનદર્શનની સૌથી મહાન ઘટના ગણધરવાદમાં અગિયાર ગણધરોને ભગવાન મહાવીરે દેવયોનિ શું ? નરકગતિ શું ? કર્મ છે કે નહીં ? જીવ અને શરીર એક છે કે જુદાં ? એ શંકાઓનું નિવારણ આપ્યું, ત્યારે એમણે વેદના વાક્યોનો જ નવો અર્થ તારવી આપ્યો હતો. એમની વાતને અસત્ય કહેવા કે ઠેરવવાને

બદલે એ જ વાક્યોનું જૂદું અર્થઘટન આપીને સમજાવે છે.

મહાત્મા ગાંધીએ કહ્યું છે કે, 'મારા જેવા આલ્પાત્માને માપવા સારું સત્યનો ગજ કદી ટૂંકો ન થાય.' એવા આ સત્યના ગજને પામવાની પ્રક્રિયા એટલે અનેકાંતવાદ. એક અર્થમાં કહીએ તો અનેકાંત દ્વારા પૂર્ણ સત્યનું જ્ઞાન થાય છે. વિરોધી દેખાતા વિચારોમાં વાસ્તવિક અવિરોધનું મૂળ તપાસનાર અને તેમ કરીને તેવા વિચારોનો સમન્વય કરનાર શાસ્ત્ર તે અનેકાંતવાદ.

આપણે જાણીએ છીએ કે મનુષ્યજાતિએ છેલ્લા પાંચ હજાર વર્ષમાં ઓછામાં ઓછા પંદર હજાર યુદ્ધો કર્યા છે અને આ યુદ્ધનાં કારણોમાં મતાંધતા, આગ્રહ અને અહંકાર છે. આજે તો ધર્મ કે સંપ્રદાયના ઝનૂની આગ્રહ કે આવેશે વિશ્વ પર સંહારક આતંકનું રૂપ લીધું છે. આવે સમયે વિશ્વને મૌલિક અને સંવાદી દર્શન અનેકાંતવાદ આપી શકે તેમ છે. એ દૃષ્ટિએ જૈનદર્શને સંપૂર્ણ જ્ઞાનને પામવા માટે આપેલું આ આગવું અને વિશિષ્ટ દર્શન છે. આ દર્શન એ સ્યાદ્વાદ કે અનેકાંતવાદને નામે ઓળખાય છે અને સ્યાદ્વાદનો અર્થ થાય છે 'અપેક્ષાપૂર્વક કથન કરવું.' એનો અર્થ એ કે અન્ય વ્યક્તિનું દૃષ્ટિબિંદુ જોવું અને જાણવું જરૂરી છે. 'મારું તે સાચું' નહીં, પણ 'સાચું તે મારું' એવું ઝંખનાથી અનેકાંતવાદના માર્ગે ચાલી શકે.

માનવીના અહંકારનું વિષનિર્મૂળ કરવાનું અમૃત છે અનેકાંતવાદ. જૈનદર્શનની વ્યાપક દૃષ્ટિ આમાં પ્રગટ થાય છે. એ અન્ય દર્શનોના વિચારો તરફ પૂર્વગ્રહયુક્ત વિરોધનો ભાવ રાખતું નથી, બલ્કે અપેક્ષા વિશેષે તેને પણ સત્ય માને છે અને એ રીતે કોઈ પણ વસ્તુ કે પદાર્થનું સાંગોપાંગ જ્ઞાન કરાવે છે. આને પરિણામે તો જૈનદર્શન અન્ય દર્શનોના સિદ્ધાતને સમાદર આપે છે અને માધ્યસ્થભાવે સંપૂર્ણ વિરોધોનો સમન્વયે કરે છે. આથી તો શ્રી સિદ્ધસેન દિવાકર, શ્રી હરિભદ્રસૂરિજીની, પં. આશાધર, રાજશેખર, ઉપાધ્યાય યશોવિજયજી જેવા જૈન સાધુઓએ વૈદિક અને બૌદ્ધ ગ્રંથો પર સુંદર વિવેચન લખ્યું છે અને એ રીતે પોતાની ગુણગ્રાહિતા, હૃદયની વિશાળતા અને સમન્વયવૃત્તિનો પરિચય આપ્યો છે.

સામી વ્યક્તિનું દૃષ્ટિબિંદુ જોવાનું શીખવતો સ્યાદ્વાદ આજે અનેક વિરોધો અને વિવાદોમાં ખૂંપેલા જગતને અત્યંત ઉપયોગી બને તેવો છે. મહાત્મા ગાંધીજીએ કહ્યું હતું કે જ્યારે હું સ્યાદ્વાદ શીખ્યો ત્યારે મુસલમાનોને મુસલમાની દૃષ્ટિથી અને પારસીને પારસીની દૃષ્ટિથી જોતાં શીખ્યો. ન્યાયાધીશ જેમ વાદી- પ્રતિવાદીની જુબાની સાંભળીને અને તેમના દૃષ્ટિબિંદુ સમજીને કેસનો ફેંસલો આપે છે, એ રીતે સ્યાદ્વાદમાં માનનારો વિરોધીઓના દૃષ્ટિબિંદુ અવલોકીને તેમાંથી સાર ખેંચી વસ્તુસ્થિતિનો નિર્ણય કરે છે. વળી એમાં સમન્વય કરાવીને ન્યાયાધીશથી એક ડગલું આગળ પણ વધે છે.

સ્યાદ્વાદ દૃષ્ટિ વસ્તુના તમામ ધર્મો તપાસે છે અને જુદી જુદી અપેક્ષાએ તમામ વસ્તુને નિહાળે છે અને ત્યાર બાદ જ તેનો ખ્યાલ બાંધે છે. આ રીતે વિવિધ દૃષ્ટિબિંદુઓ જાણીને વિરુદ્ધ દેખાતા મતોની સમુચિત સંગતિ કરાવે છે. આવો સિદ્ધાંત વ્યક્તિના અંગત જીવનમાં આવે તો એ અન્યના દૃષ્ટિબિંદુને સમજી શકે અને પરસ્પરના આગ્રહો, પૂર્વગ્રહો ઓછા થાય. કુટુંબ અને સમાજમાં આવે તો કેટલાય વિવાદો અને કલહો શમી જાય. જગતના ઝઘડાઓનું મૂળ પણ મતભેદ છે. મતભેદથી મનભેદ થાય છે અને તેમાંથી ભય અને અશાંતિ જાગે છે. આવા સમયે વિરોધી તત્ત્વોમાંથી અવિરોધી મૂળ શોધી કાઢીને સમન્વય કરાવનારો સ્યાદ્વાદ જગતના કલ્યાણનું કારણ બને તેવો છે.

આજનો માનવી અત્યંત ટેન્શન (તનાવ)માં રહે છે એ સંદર્ભમાં જોઈએ તો જો વ્યક્તિ અનેકાંતવાદની ઉચ્ચ ભાવના જાણે અને પછી એ અનુપમ ધર્મભાવનાને પોતાના વ્યવહારજીવનમાં ધબકતી કરે, તો એની વૈચારિક અને વાસ્તવિક દુનિયા પલટાઈ જાય છે. એ પહેલા માત્ર પોતાની દૃષ્ટિએ વિચારતો હોય છે. પોતીકા સ્વાર્થને જોતો હોય છે. પોતાના સંજોગો અને પરિસ્થિતિ પ્રમાણે નિર્ણય લેતો હોય છે અને પોતાના વિચારો માટે તીવ્ર આગ્રહ સેવે છે. બીજાની પરિસ્થિતિનો લેશમાત્ર વિચાર કર્યા વિના એ અન્ય પર પોતાના વિચાર લાદે છે અને એ વિચાર મુજબ બીજાએ જીવવું જ જોઈએ એવો આગ્રહ સેવે છે અથવા તો પોતે ચડિયાતો હોય તો એને એ રીતે જીવવા માટે કોઈપણ રીતે મજબૂર કરે છે.

જો જીવનમાં અનેકાંતદૃષ્ટિએ આવે, તો વ્યક્તિ સામી વ્યક્તિનો મનોભાવ સમજવાની કોશિશ કરશે. એની પરિસ્થિતિને જાણવાનો, પામવાનો કે આત્મસાત કરવાનો પ્રયત્નકરશે. એના સંજોગોને જુએ છે અને એના મનમાં આવેલો વિચાર કે એણે કરેલા કાર્ય વિશે એની દૃષ્ટિએ ચિંતન કરે છે. સીધી-સાદી વાત કરીએ તો જો આપણા સમાજમાં પિતાએ પુત્રની દૃષ્ટિએ વિચાર્યું હોત, તો કેટલો બધો સંવાદ સધાયો હોત. આજની વાત જવા દઈએ, પરંતુ અગાઉના જમાનામાં સાસુએ પોતે પણ ક્યારેક વહુ હતી, એ રીતે વિચાર્યું હોત તો હિંદુ-સમાજના કેટલાય કૌટુંબિક કલહો અને આઘાતોનું નિવારણ થઈ શક્યું હોત.

ક્યારેક એવું પણ લાગે કે જે તત્ત્વજ્ઞાનનું આપણે ગ્રંથોમાં વાચન કરીએ છીએ કે સંતો પાસેથી શ્રવણ કરીએ છીએ તે તત્ત્વજ્ઞાન માત્ર સાત્વિક વિચાર રહે છે, પણ તે જીવનનો સાત્વિક આચાર બને છે ખરું ? અનેકાંતવાદ એ જૈનદર્શનની વિશ્વને મહાન ભેટ છે એ સાચું, પરંતુ એમાં જેની વાત કરવામાં આવી છે એ અનેકાંતદૃષ્ટિ વિશે તો ભારતના પ્રાચીનતમ વેદો અને ઉપનિષદોમાં પણ ઉલ્લેખ મળે છે. જૈનદર્શનના આ મુખ્ય સિદ્ધાંતની એના આગમોમાં ચર્ચા નથી, પરંતુ એને વિશે 'શ્રી ભગવતીસૂત્ર' ગ્રંથમાં ચર્ચા મળે છે. ભગવાન મહાવીરને એમના મુખ્ય શિષ્ય ગણધર શ્રી ગૌતમસ્વામી પ્રશ્નો પૂછે છે અને ભગવાન મહાવીર એનો અનેકાંતદૃષ્ટિથી ઉત્તર આપે છે.

આ અનેકાંતદૃષ્ટિમાં એક પ્રકારની વ્યાપકતા છે. વિવેક અને સમજણ છે. જીવનનું સત્ય હોય કે અધ્યાત્મનું સત્ય હોય, પણ એને પામવાની ચાવી અહીં છે. એમાં પોતાના મંતવ્યની તટસ્થાથી ચકાસણી કરવામાં આવે છે અને વિરોધીઓના મંતવ્યોની આદરપૂર્વક વિચારણા કરવામાં આવે છે. એમાં પોતાના સિદ્ધાંતને આદરથી જોવામાં આવે છે, પણ સાથોસાથ બીજાના ધર્મસિદ્ધાંતોને પણ સન્માનદૃષ્ટિએ વિચારવામાં આવે છે.

એક અત્યંત સાંકડા પુલ પરથી બે બકરાં પસાર થતા હતા. બંને પુલના જુદા જુદા છેડેથી એમાં દાખલ થયા. મુશ્કેલી એ હતી કે પુલનો માર્ગ એટલો સાંકડો કે એમાંથી માત્ર એક જ બકરો પસાર થઈ શકે. જો બંને સામસામા આવીને અથડાયા હોત, તો બંને પુલ પરથી નીચે પડીને નદીમાં ડૂબી ગયા હોત. પરંતુ એક બકરો નીચે બેઠો અને તેના પર પગ મૂકીને બીજો બકરો પસાર થઈ ગયો, જેને પરિણામે બંને હેમખેમ રહ્યા.

આ સામાન્ય કથા એમ સમજાવે છે કે સામેની વ્યક્તિને એના વિચાર કે મનોભાવને આદર આપવો જોઈએ. જો માળાના ૧૦૮ મણકા

ખૂણે ખાંચરે વેરાયેલા હોય, તો માળા ન રચી શકાય, પણ એ બધા મણકા ભેગા કરીએ તો જ માળા રચાય. આ રીતે અનેકાંત કહે છે કે આપણે જે જોઈએ છીએ, તે અનંત સત્ય નથી. એ તો સત્યનું એક સ્ફુલ્લિંગ કે કિરણ છે. એ બધાં કિરણો ભેગા કરીએ ત્યારે પૂર્ણ અનંત સત્ય પ્રાપ્ત થાય.

આનો સરળ અર્થ એ છે કે તમે નીરખ્યું તે જ સત્ય એવો એકાંત આગ્રહ નહીં, પરંતુ મારી નજરનું સત્ય અને તેના પરની મારી શ્રદ્ધા અને બીજાની નજરનું સત્ય અને તે અંગેની તેની શ્રદ્ધા વિશેની વિચારણા- એવો સર્વ દૃષ્ટિને સમાવતો અનેકાંત છે. આલ્બર્ટ આઈન્સ્ટાઈને આ ભૌતિક જગતને સાપેક્ષવાદ (થિયરી ઑફ રીલેટીવિટી) આપ્યો, જ્યારે ભગવાન મહાવીરે ૨૫૦૦ વર્ષ પહેલાં અનેકાંતદૃષ્ટિ દ્વારા વ્યવહારજીવનનો સાપેક્ષતાવાદ બતાવ્યો.

અનેકાંત કહે છે કે તમારે સહપ્રતિપક્ષનો વિચાર કરવો જોઈએ. કોઈપણ વસ્તુ વિશે એક રીતે જ વિચારવું એ યોગ્ય નથી. બીજાના દૃષ્ટિબિંદુને પણ લક્ષમાં લેવું જોઈએ. આ રીતે અનેકાંતવાદનો મહેલ એવો છે કે જેમાં બધાં દર્શનો વિશે વિચારી શકાય. આને માનવપ્રજ્ઞાની શ્રેષ્ઠ નિષ્પત્તિ ગણી શકાય.

આપણે જે વાત કરવી છે તે તો એ છે કે આજના અત્યંત ટેન્શનયુક્ત વ્યસ્ત જીવનમાં મને અનેકાંત કંઈ રીતે મદદ કરી શકે? કઈ રીતે અનેકાંત દૃષ્ટિથી હું મારા જીવનને સુખી કરી શકું? આનું પહેલું પગથિયું એ છે કે તમે જે બાબતથી ટેન્શનમાં રહો છો, એના મૂળ કારણનો વિચાર કરો. ટેન્શનના કારણોના મૂળમાં વ્યક્તિ ભાગ્યે જ જતી હોય છે. માત્ર એની પ્રક્રિયા કે પરિણામમાં જ ગૂંચવાતી હોય છે.

ઘણીવાર ટેન્શનનું મુખ્ય કારણ વ્યક્તિની પ્રકૃતિ, આદતો, સ્વભાવ અને વૃત્તિ હોય છે. ઘણાં માણસો સતત ટેન્શનમાં રહેતા હોય છે, કારણ કે એ પોતે જ પોતાના જીવનને યોગ્ય રીતે પરિમિત કે વ્યવસ્થિત કરવાને બદલે ઘણાં કામોમાં ગૂંથાઈ જાય છે. એક સાથે એ સઘળાં કામોને ક્યાંથી ન્યાય આપી શકે? આથી બને એવું કે એ એક કામને ન્યાય આપે છે, પણ ત્યાં બીજું કામ ઉપેક્ષા પામે છે અને એ ઉપેક્ષા પામેલું કામ એના ચિત્તમાં 'ટેન્શન'નું રૂપ ધારણ કરે છે. કાં તો એને સતત વસવસો રહે છે કે પોતે બીજું કામ કરી શકતો નથી અથવા તો એ બીજું કામ એની ઉપેક્ષાને પરિણામે નવી સમસ્યાઓ સર્જતું હોય છે. અનેકાંત કહે છે કે મધ્યસ્થતાથી વિચારો. આ માધ્યસ્થ જરૂરી છે.

ટેન્શનનું બીજું કારણ ટેવો અને આદતો છે અને વ્યક્તિ એની આદતને કારણે ટેન્શનનો ભોગ બનતી હોય છે. ખૂબ મોડેથી ઊઠનારી સૂર્યવંશી વ્યક્તિઓ હંમેશા કામના બોજ હેઠળ દબાયેલી હોય છે. ક્યારેક ટેન્શનનું કારણ વ્યક્તિનો કટુસ્વભાવ કે અકારણ ક્રોધ હોય છે. એના નકારાત્મક સ્વભાવને કારણે એના મનને ક્યાંય મજા આવતી નથી. એનું મન મુક્ત ઉલ્લાસ અનુભવતું નથી અને સાચા દિલથી હસી શકતું નથી. વળી નકારાત્મકતાને કારણે એ એના પરિવારજનો તરફ કટુતા રાખતો હશે અને વિચારતો હશે કે ક્યાં આવો પરિવાર મળ્યો અને એ જ નકારાત્મકતાને કારણે વ્યક્તિ એમ પણ વિચારે કે ક્યાં આવા અવ્યવસ્થા અને ભ્રષ્ટાચારથી ભરેલા દેશમાં મારો જન્મ થયો!

આજના સમયના ટેન્શનનું એક કારણ માનવીની વૃત્તિ છે. માણસ વધુને વધુ ભૌતિક સુખો તરફ દોડી રહ્યો છે અને એ ભૌતિક સુખો એનામાં સંતોષ જગાડવાને બદલે વધુ ને વધુ અસંતોષ જગાડે છે. જે કંઈ પ્રાપ્ત થયું છે, એનો એને આનંદ નથી, પણ જે કંઈ પ્રાપ્ત થયું નથી એનો વસવસો છે. એની વૃત્તિઓ જ એના ટેન્શનનું કારણ બનતી હોય છે અને આવા સમયે અનેકાંતવાદની મધ્યસ્થા વ્યક્તિને મદદરૂપ બને છે.

અનેકાંતવાદનો બીજો અર્થ છે પરસ્પર વિરોધી વિચારધારાઓનો સમન્વય. જૈન દર્શનની માફક 'બૃહદારણ્યક ઉપનિષદ'માં પણ આવા પરસ્પર વિરોધી ગુણધર્મોનો સંકેત મળે છે. એમાં ઉપનિષદનો ઋષિ કહે છે કે એ 'સ્થૂળ પણ નથી, સૂક્ષ્મ પણ નથી'અને એ જ રીતે 'તૈતરિયે ઉનિષદ'માં કહેવાયું છે,

'એ પરમ સત્તા મૂર્ત-અમૂર્ત, વાચ્ય- અવાચ્ય, વિજ્ઞાન (ચેતન)- અવિજ્ઞાન (જડ) અને સત્- અસત્ રૂપ છે.' અનેકાંતવાદ આને વસ્તુની અનંત ધર્માત્મકતા તરીકે ઓળખાવે છે. એટલે કે એ વસ્તુમાં માત્ર જુદા જુદા ગુણધર્મો છે એટલે જ નહીં પરંતુ એ જ વસ્તુમાં પરસ્પર વિરોધી ગુણધર્મો પણ હોય છે.

આ અનંતધર્માત્મકતાને જોઈએ એટલે જીવનના ઘણાં દુઃખો ઓછા થાય. જેમ કે એક યુવતીનો મૃતદેહ પડ્યો હોય તો એના પિતા પોતાની મૃત પુત્રીને જોઈને જોનારનું કાળજું કપાઈ જાય એવું આક્રંદ કરશે. જો કોઈ કામી પુરુષ એ યુવતીનો મૃતદેહ જુએ તો વિચારશે કે આવી યુવતી જીવતી હોત અને એની સાથે ભોગ ભોગવવા મળ્યો હોત, તો કેવું સારું! કોઈ સોની અહીંથી પસાર થશે, તો એની નજર યુવતીના ઘરેણાંની ડિઝાઈન પર પડશે અને કોઈ ચોર પસાર થશે તો એને એવો વસવસો થશે કે પોતે જો અહીં વહેલો આવ્યો હોત, તો આ બધા ઘરેણાં ચોરી લેવા મળત. આમાંથી દરેકના વિચારો એમના સંબંધ કે પ્રકૃતિ અનુસાર છે. કોઈ એકને તમે ખોટો કહી શકશો નહીં.

જરા જુદી રીતે વિચારીએ તો એમ કહી શકાય કે વ્યક્તિ જગતમાં જે કંઈ વસ્તુઓ વિશે વિચાર છે, જે કંઈ સંબંધોના સરવાળા માંડે છે, એ બધાની પાછળ એની રાગદ્વેષની વૃત્તિ કામ કરતી હોય છે. જેના તરફ રાગ હશે, તેના તરફ નજર બદલાઈ જશે અને એ જ વ્યક્તિ તરફ જો દ્વેષ હશે, તો વાત સાવ જુદી બનશે. આમ સંક્ષેપમાં અનેકાંતવાદ અને અનંત ગુણાધર્માત્મક દૃષ્ટિનું દૃષ્ટાંત બની રહે છે.

આનો અર્થ એ કે વસ્તુતત્ત્વ અનંતધર્મા હોય છે અથવા તો બહુઆયામી હોય છે, અને તેથી દરેક પક્ષની સંભાવનાઓનો સ્વીકાર કરવો જરૂરી બને છે. આવી સર્વાંગી દૃષ્ટિથી આપણે આપણું ટેન્શન ઓછું કરી શકીએ. છીએ. સામાન્ય રીતે આપણે વસ્તુનો એક જ પાસાને જોઈએ છીએ અને તે પણ આપણા ચશ્માથી. આપણે જે ચશ્મા પહેરીએ છીએ, તે ગમતા- અણગમતાની ફેક્ટરીમાં બનેલા છે. ગમતી વાત હોય તો તરત દોડી જઈશું. ગમતા માનવીની ભૂલ ભૂલ નહીં લાગે અને અણગમતા માનવી નવી નાનકડી ભૂલ હિમાલય જેવડી ભૂલ લાગશે. માનવી એની જિંદગીમાં ગમા-અણગમાનો ખેલ ખેલતો હોય છે અને એની ગમતી વ્યક્તિ એક કામ કરે અને એ જ કામ એની અણગમતી વ્યક્તિ કરે, તો બંને કાર્ય પ્રયત્નો એનો પ્રતિભાવ જુદા હોય છે.

ગમતી વ્યક્તિના એ કામમાં એ એના વ્યક્તિત્વની વિશેષતા જોશે અને અણગમતી વ્યક્તિના એ કાર્યમાં એની મર્યાદાઓ શોધશે. રાગ અને દ્વેષના પડળ આપણી આંખે બાઝી ગયા હોય છે. આ રાગદ્વેષને જુદી દૃષ્ટિએ પણ વિચારવા જેવા છે. આપણને રાગ છે આપણા અવગુણો તરફ અને આપણને દ્વેષ છે બીજાના ગુણો તરફ. આપણા અવગુણોને આપણે આપણી ખૂબી કે વિશિષ્ટતા તરીકે જોઈએ છીએ.

કોઈ વ્યશન કરતું હોય તો એ વ્યસનને પોતાની વિશેષતા તરીકે ખપાવે છે. પોતાના પુત્ર પરીક્ષામાં ઓછા ગુણ લાગે તો પેપર અઘરું હોવાનું કહેવાય છે અને બીજાનો પુત્ર જો ઓછા ગુણ લાવે, તો એ અભ્યાસમાં નબળો, અક્કલમાં સામાન્ય અને આવડતમાં મીંડું છે એમ કહેવાય છે.

આ રાગ અને દ્વેષ જ આપણા જીવનમાં 'ટેન્શન' ઊભા કરે છે અને એવે સમયે એક જ ઘટનાને ચોપાસથી જોવી જોઈએ. એક જ બનાવને સામે પક્ષે જઈને પણ વિચારવો જોઈએ. આને માટે પ્રતિપક્ષનો વિચાર કરવો જોઈએ. જો સહપ્રતિપક્ષનો વિચાર કરવામાં આવે, તો તેની સમગ્રતાનો ખ્યાલ આવે. જેમ કે કોઈ ઈશ્વરને સાકાર કહે, તો કોઈ ઈશ્વરને નિરાકાર કહે છે. કોઈ મનુસ્મૃતિનો સ્વીકાર કરે છે, તો કોઈ મનુસ્મૃતિનો ઈન્કાર કરે છે. આ રીતે બંને પક્ષ એક સાથે અસ્તિત્વમનાં હોય છે.

વર્તમાન યુગમાં વિરોધી ભાવનાઓનો મેળો જોવા મળે છે. એક વ્યક્તિ એક નેતાને ટેકો આપે, તો બીજી વ્યક્તિ એના વિરોધી નેતાને ટેકો આપે છે. એક સાશક પક્ષને ટેકો આપે, તો બીજો વિરોધ પક્ષને ટેકો આપે છે. એકને આ વિશ્વ દીર્ઘકાળ સુધી જીવવા જેવું લાગે છે અને બીજો સતત એમ કહેતો ફરે કે હું તો આવી કઠોર દુનિયાથી છૂટકારો મેળવવા માટે વહેલું મૃત્યુ ઈચ્છું છું.

રળિયામણી પ્રકૃતિ હોય, તો વૃક્ષપ્રેમી એમાં વૃક્ષ વાવવાનો વિચાર કરે, પર્યાવરણપ્રેમી હરિયાળી જાળવવાનો વિચાર કરે. નગરપાલિકા એમાં બગીચો બનાવવાનો વિચાર કરે અને કોઈ બિલ્ડર એ જમીન હડપ કરીને એના પર ગગનચૂંબી ફ્લટો બાંધવાનો વિચાર કરે. એક જ બાતતમાં તદ્દન વિરોધી ધારણાઓ જોવા મળે છે અને એ વિરોધી ધારણાને કારણે મનમાં 'ટેન્શન' ઊભું થાય છે.

વ્યક્તિ એક ધારણાનો સ્વીકાર કરી બીજી ધારણાનો સમૂળગો ઈન્કાર કરે છે. એક વાતનો સ્વીકાર કરી, વિરોધી વાતનો અસ્વીકાર કરે છે. એક પક્ષનો સ્વીકાર કરી બીજા પક્ષને હડધૂત કરે છે. આવો વિવાદ એ અશાંતિ સર્જતો હોય છે. એક પક્ષનો નેતા પ્રતિપક્ષનો અસ્વીકાર જ નહી, બલ્કે એનો પ્રખર વિરોધ કરે છે અને આવો વિરોધ સમય જતાં વિવાદ ખડો કરે છે અને એમાંથી 'ટેન્શન' ઊભું થાય છે. નાનકડો વિવાદ સમય જતાં વિકરાળ રૂપ લે છે અને પછી તો બંને પક્ષ પોતાના વિરોધી પર કૌરવ-પાંડવની માફક સામસામે તૂટી પડે અને કલહ, કંકાસ કે યુદ્ધનું મહાભારત રચાય છે.

આવે સમયે કોઈ આ વિરોધી વિચારધારાઓની વચ્ચે સમન્વય સ્થાપના પ્રયાસ કરે તો કેવું ? બે દેશો વચ્ચે સરહદો સતત સળગતી હોય, ત્યારે એમની વચ્ચે સમન્વયની ભૂમિકા રચવાની જરૂર પડે છે. આપણા રોજિંદા જીવનથી માંડીને આપણા તાત્ત્વિકદર્શન અને જીવન-આચાર સુધી આવા સમન્વયની આવશ્યકતા છે. માણસ અંતિમ છેડે રહેવાનું પસંદ કરતો હોય છે અને એને કારણે એ એકબીજા સાથે લડ્યા જ કરે છે. પરિણામે એમની વચ્ચે ક્યારેય સંવાદિત સધાતી નથી, જ્યારે અનેકાંત એ સમન્વયની ખોજ છે. જગતના મહાન પ્રશ્નોનો ઉકેલ એકાંતઆગ્રહથી નહીં, પરંતુ આ પ્રકારના અનેકાંતવાદી સમન્વય- ચિંતન દ્વારા આવી શકે છે.

સમન્વયનો શોધક એ પોતાના પક્ષ અને પ્રતિપક્ષ બંનેનો વિચાર કરે છે અને આપણે એ સમજવું જોઈએ કે જો વિરોધ કે વિવાદ ન હોય, તો ન ચાલે, વિકાસને માટે એ જરૂરી છે. જેમ લોકશાહીમાં વિવાદનો સૂર હોવો જરૂરી છે. જો એવો સૂર ન હોય અથવા એને ગૂંગળાવી દેવામાં આવે, તો ખુદ લોકશાહી ગૂંગળાઈ મરે છે. આથી વિરોધ ન હોય તો વિકાસ નથી, કારણ કે ઊંચું હોય તો જ નીચું પણ હોય, મૃત્યુ હોય તો જ જીવન હોય અને એ રીતે જ વ્યક્તિએ પ્રતિપક્ષનો પૂરો વિચાર કરીને સમન્વય સાધવાનો વિચાર કરવો જોઈએ. જગતના વિરલ પુરુષોએ પછી તે ભગવાન બુદ્ધ કે મહાવીર હોય અથવા તો મહાત્મા ગાંધીજી કે નેલ્સન મંડેલા હોય એમણે એમના પ્રતિસ્પર્ધીઓની સાથે કેવો મેળાપ રચ્યો છે ! સમાજમાં જેઓ પરિવર્તનનો શંખનાદ ફૂંકે છે, તેઓ વિરોધીપક્ષને પોતાની નજીક લાવે છે, એનો નાશ કરતા નથી.

અનેકાંતવાદ એક ત્રીજી વાત એ પણ કહે છે કે વસ્તુ એક હોય છે, પણ એના અનેક ધર્મો હોય છે. એટલે કે એક વસ્તુતત્ત્વમાં અનંતગુણો હોય છે અને તે સમયે પ્રગટ થતાં હોય છે. જેમ કે એક બાળકમાં જેટલી બુદ્ધિ હોય છે, એ જ એના જીવનભરનો માપદંડ બની રહેતી નથી. એની ઉંમર જેમ વધતી જાય, એમ એની બુદ્ધિ અને સમજ વિકસતી જાય છે. કાચું કેળું ઘણું કડક હોય છે અને પાકું કેળું પોચું હોય છે. આ રીતે એક જ વસ્તુ સમયે સમયે જુદા જુદા ગુણધર્મ પ્રગટ કરતી હોય છે.

એક વ્યક્તિમાં એક આવડત ન હોય, પણ સમય જતાં એ શીખીને એ આવડત મેળવી શકતા હોય છે. માનવીનો જ વિચાર કરો ને ? એનામાં કેટલી બધી અનંત શકયતાઓ અને સંભાવનાઓ પડેલી છે. ક્યારેક તો એવું પણ બને કે તદ્દન વિરોધી લાગતા ગુણધર્મો એક જ વસ્તુમાં હોય. જેમ કે કાચી કેરી ખાટી હોય છે, અને પાકી કરી અત્યંત મધુર અને મિષ્ટ હોય છે.

આ રીતે બે તદ્દન વિરોધી બાબતો પણ વ્યક્તિમાં હોય છે. અને એથી જ એક વ્યક્તિનો વિચાર કરીએ, ત્યારે એને વિશે માત્ર સારો કે ખોટો ખ્યાલ રાખ્યો ન ચાલે. એ સારા હોય છતાં એ સંપૂર્ણ સારો ન હોય, એનામાં ઉમદા ગુણો હોય છતાં થોડીક માનવીય મર્યાદાઓ પણ હોય. અથવા સામે પક્ષે એમ પણ કહી શકાય કે જે વ્યક્તિના હૃદયમાં શેતાન વસતો હોય, ત્યાં ક્યાંક માનવતાનો અંશ પણ વસેલો હોય છે.

આમ તદ્દન વિરોધી બાબતો એક સાથે વસતી હોય એવો વિચાર કરીએ તો આપણે મનુષ્યને સાચી રીતે ઓળખી શકીએ છીએ. આવી રીતે જીવનના દરેક ક્ષેત્રમાં અનેકાંતવાદનો દૃષ્ટિકોણ અપનાવવામાં આવે તો એક નવી દૃષ્ટિ, નવો અભિગમ અને નવો સંવાદ રચી શકાય, કારણ કે અનેકાંતના આકાશમાં તમે સમન્વયનું મેઘધનુષ સર્જી શકો છો. પરંતુ આજના ટેન્શનભર્યા યુગમાં અનેકાન્તને સમજવો કઈ રીતે અને એની સમન્વય સાધના કરવી કઈ રીતે ?

આજે આપણે જાણીએ છીએ કે મોટા ભાગના માણસો ટેન્શનથી ગ્રસ્ત હોય છે. કોઈને આર્થિક તંગીને કારણે આજીવિકાનું ટેન્શન હોય છે. તો કોઈને નજીક જઈને પૂછો તો કહશે કે પુત્રીના વિવાહ અંગે કે પુત્રના વર્તન અંગે મન ટેન્શનમાં રહે છે. સામાન્ય માનવીને પોતાની રોજિંદી જિંદગી સારી રીતે ગાળવા માટેનું ટેન્શન હોય છે અને સત્તાધારી નેતાને પોતાની સત્તા જાળવવા કે વિસ્તારવા ટેન્શન હોય છે. ટેન્શન વિનાનો માણસ તમને જોવા મળે તો એને તમારું મોટું સદ્ભાગ્ય માનજો. આ ટેન્શનના અનેક પ્રકારો હોય છે, ત્યારે એમાંથી આપણી જીવનને માગદર્શક કોણ બની શકે ?

તમને આશ્ચર્ય થશે, પરંતુ આની ચાવી ઉદાર વ્યક્તિત્વ, ગહન ચિંતનશક્તિ અને ઉત્કૃષ્ટ દાર્શનિક વિચારો આપનારા દિગ્ગજ વિદ્વાન શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિના 'સન્મતિ-તર્ક-પ્રકરણ' (૩/૭૦)માં આલેખાયેલી છે. એમાં આ ઉચ્ચ કોટિના વિદ્વાન અને સાહિત્યકાર કહે છે.

'જગતના એકમાત્ર ગુરુ એવા અનેકાંતવાદને નમસ્કાર છે, જેમના વિના સંસારનો વ્યવહાર પણ અસંભવ છે.'

આનો અર્થ એ થયો કે ગુરુ જેમ વિદ્યા અને માર્ગદર્શન આપે છે, એ જ રીતે જીવન જીવવા અને અનેકાંતવાદ માર્ગદર્શન આપે છે. વ્યક્તિ જેમ ગુરુ પાસેથી શિક્ષા મેળવીને પોતાનું જીવન ઉજાળે છે, એ જ રીતે એ અનેકાંતવાદને સમજીને એનું જીવન ઊજળું બનાવી શકે છે. વ્યવહારજગતમાં આ અનેકાંતવાદ કઈ રીતે ઉપયોગી બની શકે? આને માટે આપણે એ વિચારવું જોઈએ કે આ જગતમાં જે વસ્તુ તમને 'ટેન્શન' આપતી હોય છે, એ જ તમને 'ટેન્શન'માંથી મુક્ત પણ કરી શકતી હોય છે. જેમ કે કોઈ નેતા ચૂંટણીમાં વિજય મેળવવા માટે પુષ્કળ પ્રયત્ન કરે, રાતદિવસ પ્રચાર કરે, જીતશે કે નહીં એની ચિંતા સેવે. મતદાનના દિવસે તો પોતાની જાતને નિચોવી નાખે અને પછી પરિણાંમ આવે ત્યારે એ 'ટેન્શન' અનુભવતા હોય છે, પણ જે સત્તાપ્રાપ્તિની પ્રક્રિયા 'ટેન્શન' જગાવનારી હતી, તે જ વ્યક્તિને સત્તાપ્રાપ્તિ થતાં 'ટેન્શન' મુક્ત કરી દે છે. આનો અર્થ એ થયો કે સત્તા એ 'ટેન્શન' સર્જી શકે છે અને સત્તા એ 'ટેન્શન' મુક્ત પણ કરી શકે છે. ધનપ્રાપ્તિ આપણને તનવામુક્ત કરી શકે છે અને એ જ ધનની પ્રાપ્તિ આપણને તનાવગ્રસ્ત પણ કરી શકે છે.

આમ જીવનમાં સાપેક્ષ દૃષ્ટિની આવશ્યકતા રહે છે. અનેકાંતવાદ એ સાપેક્ષદૃષ્ટિ તરફ આંગળી ચીંધીને કહે છે, કે જો તમે સાપેક્ષ દૃષ્ટિથી વિચારશો, તો વિરોધી લાગતી બાબતો પણ વિરોધી નહીં લાગે અને એ રીતે સામસામો તીવ્ર વિરોધ દૂર થઈ જશે, જેથી સમન્વય સાધનાનો માર્ગ વધુ ખુલ્લો થઈ જશે. આ વિશે 'શ્રી ભગવતી સૂત્ર' આગમગ્રંથમાં ભગવાન મહાવીર સ્વામીને જયંતિ નામની શ્રાવિકાએ પૂછેલા પ્રશ્નનો વિચાર કરીએ.

એણે ભગવાન મહાવીર સ્વામીને પૂછ્યું કે માણસ જાગતો સારો કે માણસ ઉંઘતો સારો?

ત્યારે ભગવાન મહાવીરે એમ કહ્યું કે 'કેટલાક માણસ જાગતા સારા અને કેટલાક માણસ ઉંઘતા સારા.'

એમ અહીં એમણે સાપેક્ષ દૃષ્ટિએ વાત કરી છે અને પછી એ સાપેક્ષ દૃષ્ટિ બતાવતા એમણે કહ્યું, 'ધાર્મિક માણસો જાગતા સારા અને પાપીઓ ઉંઘતા સારા.'

આ રીતે અનેકાંત વિચારધારા અપનાવવાથી જે બાબત સાવ વિરોધી લાગે છે, તે સમન્વયી લાગવા માંડશે, જેમ કે એક પિતા એ કોઈનો પુત્ર હોય છે, કોઈનો ભાઈ હોય છે, કોઈનો ભત્રીજો હોય છે, કો કોઈનો વેવાઈ હોય છે. આમ એક જ વ્યક્તિ એ જુદી જુદી રીતે કાર્ય કરતી હોય છે અને એટલે જ એ વ્યક્તિ તરફ એના પુત્રની જેવી અપેક્ષા હશે, એવી અપેક્ષા એના કાકાની નહીં હોય. એ વ્યક્તિ વિશે કોઈ એક અભિપ્રાય આપી શકાય નહીં. કારણ કે એ દરેક તબક્કે વિભિન્ન વર્તન કરતો હોય છે. એક વ્યક્તિ એના નોકરચાકર સાથે જે રીતે વર્તતી હોય છે, એ રીતે પોતાના બૉસ સાથે કે તપાસ માટે આવેલા ઈન્કમટેક્સ અધિકારી સાથે વર્તતી નથી. વ્યક્તિ તો એક હોય છે, પણ એના વર્તનમાં પરિવર્તન હોય છે અને આવી પરિવર્તનશીલતાને કારણે અથવા તો વ્યવહારજીવનની સાપેક્ષતાને કારણે એ વ્યક્તિ વિશે કોઈ એક નિર્ણય લઈ શકાય નહીં. દાદા તરીકે એ પોતાના પૌત્ર તરફ જે દૃષ્ટિ ધરાવતો હશે, તે પિતા તરીકે પોતાના પુત્ર તરફ અથવા માલિક તરીકે પોતાના નોકર તરફ જુદી જ દૃષ્ટિ ધરવાતો હશે. આથી અનેકાંતવાદ કહે છે કે આમાં કોઈ એકાંતરૂપે નિર્ણય કરી શકાય નહીં.

જો અનેકાન્તવાદની સાપેક્ષદૃષ્ટિ અપનાવવામાં આવે, તો વ્યક્તિ વિરોધી બાબતો વિશે સાચી સમજ કેળવી શકે, વિરોધી મતો વચ્ચે સમન્વય સાધી શકે, વિરોધી વિચારો અંગે એકત્વ પામી શકે. સુંદરીના કંઠે બિરાજેલો અત્યંત સુંદર સુવર્ણનો કલામય હાર એ સુંદરીને એક પ્રકારનું સૌંદર્ય બક્ષે છે. એ જ હાર કોઈ સુવર્ણકારની દૃષ્ટિએ ચડશે તો એ એમાંનું કલાત્મક ઘડામણ જોશે, એ જ હાર કોઈ અન્ય સ્ત્રી જોશે તો એનામાં ઈર્ષ્યાને કારણે દ્વેષ પેદા કરશે, અને એ જ હાર એનો પતિ જુએ તો એ પત્નીના સૌંદર્યમાં થયેલી વૃદ્ધિનો અનુભવ કરશે.

આ રીતે એક જ વસ્તુ, વ્યક્તિ કે પરિસ્થિતિના અનેક પ્રકારે પડઘા પડતા હોય છે. જે એકને ગમે તે બીજાને નાપસંદ હોય. જે એકને સુંદર લાગે, તે બીજાને અસુંદર લાગે. આનો અર્થ એ થયો કે કોઈપણ સ્થિતિ કે વ્યક્તિને અનેક દૃષ્ટિકોણથી આપણે જોવી જોઈએ. એક સ્ત્રીનું સૌંદર્ય એના પતિને આકર્ષણ કરનારું બને, તો એ જ સ્ત્રીનું સૌંદર્ય બીજી સ્ત્રીને ટેન્શનગ્રસ્ત કરે છે.

જીવનમાં ડગલે ને પગલે સંઘર્ષો આવતા હોય છે. વિવાદો થતા હોય છે. સાસુ અને વહુની જુદી જુદી પરિસ્થિતિ, સંજોગ અને સમયને કારણે એમની વચ્ચે પ્રબળ ઘર્ષણો જાગતા હોય છે. આ સમયે જો બંને એકબીજાની દૃષ્ટિએ વિચાર કરે, તો એ ઘર્ષણોની સમાપ્તિ થઈ જાય. પરસ્પરની સમજવાની સાચી દૃષ્ટિ મળે, અને જીવન વધુ સમતાયુક્ત બને.

અનેકાંતવાદ વ્યક્તિના અંગત જીવનથી માંડીને એના વ્યવહારજીવન અને અને વિચારસૃષ્ટિ બધે જ ઉપયોગી બની શકે. માણસ મોટે ભાગે મતાંધતામાં જીવતો હોય છે. એ પોતના મતને એટલો બધો દૃઢપણે વળગી પડ્યો હોય છે કે એના બીજાં પાસાંનો વિચાર જ કરતો નથી. પ્રાચીન ગ્રીસનો મહાજ્ઞાની એરિસ્ટોટલ એમ માનતો હતો કે પુરુષો કરતાં સ્ત્રીઓના મુખમાં ઓછા દાંત હોય છે. એણે એની આ માન્યતાને ચકાસવાનો ક્યારેક પ્રયત્ન કર્યો નહીં અને એ જ રૂઢ માન્યતચાને આધારે એ વિચારતો રહ્યો.

માણસ આગ્રહ કે વિગ્રહ કદાચ છોડી શકે છે, પરંતુ પૂર્વગ્રહ છોડી શકતો નથી. આ પૂર્વગ્રહને પરિણામે એ માણસ અમુક વ્યક્તિ, સમાજ, જ્ઞાતિ, કે કોમ પ્રત્યે સૂગ, ધૂત્કાર કે ઉપેક્ષાનો ભાવ વધતો હોય છે. એની વાત આવતાં જ એ તરત જ પોતાનો અભિપ્રાય વ્યક્ત કરી દેશે. જો એનો વિરોધ હશે તો એની શક્ય એટલી નિંદા કરશે. કોઈ અન્ય વ્યક્તિએ એની ટીકા કરી હશે, તો એને વિશે ઘણો નિમ્ન અભિપ્રાય ધરાવશે. પરંતુ એ ટીકામાં કંઈ તથ્ય છે કે નહીં કે પછી એનો સ્વભાવ જ ટીકાખોર છે અથવા તો આવી ટીકાઓ પર ધ્યાન આપવું એ પોતાને માટે જરૂરી નથી એમ સામે છેડે જઈને વિચાર કરશે, તો એના જીવનમાંથી અનેક બાબતોના ટેન્શન ઓછા થશે અને એ રીતે અનેકાંતવાદ દ્વારા વ્યક્તિ ટેન્શનમુક્તિનો અનુભવ કરી શકશે. ★

# અનેકાન્તવાદ સૈધ્ધાંતિક પક્ષ

☐ ડૉ. નરેશ વેદ

*(વેદ અને હિન્દુ શાસ્ત્રોના અભ્યાસી, પ્રખર ચિંતક, પ્રભાવક વક્તા ડૉ. નરેશ વેદ વિદ્વાન અધ્યાપક છે. ઉપરાંત ભાવનગર યુનિવર્સિટીમાં ઉપકુલપતિ પણ હતા. શૈક્ષણિક ક્ષેત્રે અનેક સિદ્ધિઓ હાંસિલ કરી છે. પ્રસ્તુત લેખમાં તેમણે સરળ શબ્દોમાં અનેકાંતવાદનો સૈદ્ધાંતિક પણ સમજાવ્યો છે.)*

કોઈપણ વિશિષ્ટ દર્શન હોય કે ધર્મપંથ હોય, એના આધારરૂપ એના મૂળ પ્રવર્તકની એક ખાસ દ્દષ્ટિ હોય છે. જેમ કે શંકરાચાર્યની પોતાના મતનિરૂપણમાં 'અદ્વૈતદ્દષ્ટિ' અને ભગવાન બુદ્ધની પોતાના ધર્મપથ પ્રવર્તનમાં 'મધ્યપ્રતિપદા દ્દષ્ટિ' એ પણ દૃષ્ટિઓ છે.જૈન દર્શન ભારતીય દર્શનોમાં એક વિશિષ્ટ દર્શન છે; સાથે સાથે વિશિષ્ટ ધર્મપંથ પણ છે.તેથી એના પ્રવર્તક અને પ્રચારકોની એક ખાસ દ્દષ્ટિ એના મૂળમાં હોવી જ જોઈએ, અને એ છે પણ ખરી. આ દ્દષ્ટિ જ 'અનેકાન્તવાદ' છે. જૈન તત્ત્વવિચાર હોય કે આચારવ્યવહાર હોય - એ બધુંય અનેકાન્તદ્દષ્ટિને આધારે યોજવામાં આવે છે અથવા એમ પણ કહી શકાય કે અનેક પ્રકારના વિચારો અને આચારોમાંથી જૈન વિચાર અને જૈન આચાર શું છે; એ કેવા હોઈ શકે એ નક્કી કરવાની અને એની આકારણી કરવાની એકમાત્ર કસોટી પણ અનેકાન્તદ્દષ્ટિ જ છે.

તીર્થંકરોએ પ્રવર્તાવેલ જૈન ધર્મ અને દર્શનનું હાર્દ છેઃ અહિંસા, આ અહિંસા આચાર અને વિચાર એમ બંનેમાં હોવી જોઈએ. આચારમાં અહિંસાના બે રૂપો છે. (૧) સંયમ અને (૨) તપ. સંયમમાં 'સંવર' એટલે કે સંકોચ આવે છે - શરીરનો, મનનો અને વાણીનો. જીવ આવા સંયમને કારણે નવા બંધનોમાં પડતો નથી. પણ જૂનાં બંધનોનું શું ? જૂના ઉપાર્જિત બંધનો જીવ 'તપ'થી કાપી નાખે છે. મતલબ કે માત્ર અહિંસાના પાલનથી મનુષ્ય મુક્તિ મેળવી શકે છે.

જીવનમાં અહિંસાનું પૂરેપૂરું પાલન કરવું હોય તો વિચારમાં અનેકાંતને અપનાવ્યા વિના ચાલે જ નહિ. આથી અહિંસાના ખ્યાલમાંથી જ જૈન ધર્મનો દાર્શનિક સિદ્ધાન્ત અનેકાન્ત ફલિત થયો છે. જૈન ધર્મ સહિષ્ણુતાને અને દરેક દૃષ્ટિબિંદુને માન આપે છે. આપણે જાણીએ છીએ કે દરેક દૃષ્ટિબિંદુ આંશિક સત્ય છે.આવા આંશિક સત્યને પૂર્ણ સત્ય માની લેવાની ભૂલ કરનાર વાસ્તવમાં અસહિષ્ણુતા અને હિંસક બની બેસે છે, પરંતુ બધા દૃષ્ટિબંદુઓમાં રહેલા આંશિક સત્યોને સ્વીકારી તેમનો સમન્વય કરવામાં સહિષ્ણુતા અને સહૃદયતા રહેલી છે. વિચારોનાં દ્વાર ખુલ્લા રાખો, તમને બધાના વિચારોમાંથી સત્યાંશો પ્રાપ્ત થશે અને એનો સમન્વય કરતાં તમને સત્ય મળી આવશે - આ છે અનેકાન્તનો અર્થ. સત્યના આગ્રહી માટે સૌપ્રથમ પોતાનોલ એ કદાગ્રહ કે 'મારો વિચાર, મારું દ્દષ્ટિબિંદુ તે જ સાચો અને બીજાં બધાં જૂઠાં' એ છોડવો જ પડે. આવો કદાગ્રહ એ ન છોડે ત્યાં સુધી તે બીજાને અન્યા જ કરશે અને એ જ તો હિંસા છે. આથી, અહિંસક રહેવા માટે અનેકાંતવાદી થવું અનિવાર્ય છે. અહિંસામાંથી અનેકાંતદ્દષ્ટિ સ્ફુરે છે અને અનેકાંતદ્દષ્ટિના યોગથી અહિંસા જાગ્રત અને પુષ્ટ થાય છે. આમ, અહિંસાઅને અનેકાંતદ્દષ્ટિ એ બંને અન્યોન્યને ઉપકારક છે.

અનેકાન્તદૃષ્ટિનું સ્વરૂપ સમજવા આપણે એની વિદ્વાનો દ્વારા અપાયેલી કેટલીક વ્યાખ્યા જોઈએઃ

(૧) વસ્તુ અથવા વિચારનું જુદા જુદા દ્દષ્ટિબિંદુઓઈ અવલોકન કરવું કે કથન કરવું એને સ્યાદ્‌વાદ કે અનેકાન્તવાદ કહે છે. બીજી રીતે કહીએ તો એક વસ્તુ કે વિચારમાં ભિન્નભિન્ન દ્દષ્ટિએ સંગત થઈ શકે એવા ભિન્નભિન્ન ગુણધર્મોનો સમન્વય કરવો એટલે સ્યાદ્‌વાદ અથવા અનેકાન્તાવાદ છે. (૨) વસ્તુનું સ્વરૂપ અમુક જ પ્રકારનું છે અને બીજી રીતનું ન જ હોઈ શકે એવો નિર્ણય તેનું નામ એકાંતવાદ. દ્દષ્ટિભેદને અનુસરતું વસ્તુનું સ્વરૂપ છે એવો નિશ્ચય કરવો તે અનેકાન્તવાદ. (૩) કોઈ પણ વિષય, વિચાર, વસ્તુ, પરિસ્થિતિ ઈત્યાદિને વધુમાં વધુ દ્દષ્ટિકોણથી, વધુમાં વધુ વિગતોથી અને વધુમાં વધુ ઊંડાણથી તપાસવા અને એમાં દેખાતા પરસ્પર, વિરોધી એવા તત્ત્વો/વિચારો/દ્દષ્ટિબિંદુઓનો સમન્વય કરીને તેમાંથી સત્ય તારવવું તે અનેકાન્તવાદ. સત્ય એક છે, પરંતુ તેના સ્વરૂપો અનંત હોઈ શકે છે. એ સ્વરૂપોનું જુદી જુદી અપેક્ષઆએ દર્શન કરવું તે અનેકાન્તવાદ. (૪) વસ્તુને એક દૃષ્ટિથી, એક બાજુથી જોવી, એ થઈ એકાન્તદૃષ્ટિ, મતલબ કે અપૂર્ણ દૃષ્ટિ. જ્યારે વસ્તુને અનેક બાજુથી, ભિન્નભિન્ન દૃષ્ટિબિંદુઓથી નિહાળતી દૃષ્ટિ, એ થઈ અનેકાન્તદૃષ્ટિ; એટલે કે વિશાળ કે વ્યાપક દૃષ્ટિ. (૫) સામાન્યતયા આપણી દૃષ્ટિ એકાંગી હોય છે. આપણે કોઈ પણ વસ્તુ, વિચાર કે પરિસ્થિતિને એક સાથે બધી બાજુથી જોઈ અને સમજી શકતા નથી. તેથી તેમના વિશેનું આપણું જ્ઞાન જે તે સ્થળકાળ અને દૃષ્ટિબિંદુથી મર્યાદિત હોય છે. એને બદલે કોઈ પણ વસ્તુ, વિચાર કે પરિસ્થિતિને જુદી જુદી દૃષ્ટિના સહારે જાણવી અને સ્વીકારવી અને એમ કરવામાં વૈચારિક જાગૃતિ અને બૌદ્ધિક ઉદારતા કેળવવી એનું નામ અનેકાન્તવાદ. (૬) સર્વ પદાર્થો પ્રથમ દર્શન એકરૂપના જણાય છે અથવા સમજાવાય છે, તો પણ બીજા રૂપમાં અથવા અંશમાં ભાવરૂપે, અભાવરૂપે અથવા અનિર્વચનીય રૂપે ગુંચવાયેલા હોવાથી સર્વે પદાર્થો અનેકાંતિક ગણવા ઘટે છે. (૭) બધા દ્દષ્ટિબિંદુઓમાં રહેલાં આંશિક સત્યોને સ્વીકારી તેમનો સમન્વય કરવો તે જ અનેકાન્ત છે. સ્યાદ્‌વાદ યા અનેકાન્તવાદ એ એક વિશાળ દ્દષ્ટિ છે જે વસ્તુનું ભિન્નભિન્ન દ્દષ્ટિકોણોથી અવલોકન કરે છે. આ વ્યાપક દ્દષ્ટિના અવલોકને એક દ્દષ્ટિબદ્ધ વિચારો સંકુચિત અને અધૂરા સાબિત થાય છે અને ભિન્નભિન્ન દ્દષ્ટિબિંદુ સંગત ભિન્નભિન્ન અને વિરોધી જણાતા વિચારો પણ માળામાં મૌક્તિકોની જેમ સમન્વિત બની જાય છે.

આ બધી વ્યાખ્યાઓ જોતાં એમ સમજાય છે કે અનેકાન્ત એક જાતની વિચારપદ્ધતિ છે. કહો કે બધી બાજુઓથી, બધી દિશાઓ તરફનું ખુલ્લું માનસ (open mindedness) છે. જ્ઞાનના, વિચારના અને આચરણના કોઈપણ વિષયને તે માત્ર એક ખંડિત કે અધૂરી બાજુથી કે દૃષ્ટિથી જોવાની ના પાડે છે અને શક્ય હોય તેટલી વધારેમાં વધારે વિગતોથી અને વધારેમાં વધારે ઊંડાણથી સર્વ કાંઈ જોવા, વિચારવા અને કરવાની વાત તરફ પક્ષપાત ધરાવે છે. તેનો આ પક્ષપાત પણ માત્ર સત્યના પાયા ઉપર જ બંધાયેલા છે. જૈનોના આ અનેકાન્તવાદને આપણે અપ્રત્ય અને પાશ્ચાત્ય બેઉ તત્વદૃષ્ટિઓથી પણ સમર્પિત કરી શકીએ એમ છીએ. ભારતીય તત્ત્વચિંતકોએ આપણું માનસ ખુલ્લું

રાખી નવા વિચારો, નવી શોધખોળો, નવા સંશોધન તરફ અભિમુખ રહી જ્ઞાનમાં શુદ્ધિવૃદ્ધિ કરતા રહેવા ઉપર ભાર મૂકતા આપણને શીખ આપેલીઃ 'आनो भद्राः क्रतवो यन्तु विश्वतः।'જ્યોર વર્ષો સુધી પશ્ચિમી ફિલસૂફીએ uni-diemensional approach સ્વીકારી કામ કર્યા કર્યું. પરંતુ લાંબા અનુભવે અમને સમજાયું કે એમનો આ foundational concept જ ભૂલ ભરેલો હતો. વસ્તુનું કે ઘટનાનું પૂર્ણ અને યથાર્થ દર્શન કરવું હોય, એમાંથી પૂર્ણ જ્ઞાન કો સત્ય પામવા હોય તો ખંડદર્શનથી નહીં મળે; અખંડ દર્શનથી જ મળે. એટલે multidimentional એવો holistic approach એમણે સ્વીકાર્યો. 'દશેય દિશાઓમાંથી અમને શુભ વિચારો પ્રાપ્ત થાવ' એવી પ્રાર્થના અનેકાન્તવાદનો જ પ્રતિઘોષ છે.

**અનેકાન્તવાદ અને સ્યાદ્વાદ :**

એમ કહેવાય છે કે સ્યાદ્વાદનું જ બીજું નામ અનેકાંતવાદ છે. આ વાત બરાબર સમજવા આપણે બંને શબ્દોના ઘડતર અને અર્થને સ્પષ્ટ કરી લઈએ. 'સ્યાદ્વાદ' સામાસિક શબ્દ છે. 'સ્યાત્' અને 'વાદ' એ બે શબ્દોથી બનેલો સમાસ છે. 'સ્યાત્' એટલે અમુક અપેક્ષાએ કે અમુક દૃષ્ટિકોણથી. જ્યારે 'વાદ' એટલે વિચારસરણી. 'અનેકાન્ત'માં 'અનેક' અને 'અંત' એમ બે શબ્દો છે. તેમાં 'અનેક'નો અર્થ તો એકથી વધારે, બહુ એવલો સ્પષ્ટ છે પણ 'અંત'નો અર્થ છેઃ ધર્મ, દૃષ્ટિ, દિશા, અપેક્ષા બાજુ વગેરે. એ ઉપરથી 'સ્વાદ્વાદ'નો અર્થ થાય અમુક અપેક્ષાવાળી અમુક દૃષ્ટિકોણ ધરાવતી વિચારસરણી. 'અનેકાન્ત'નો અર્થ થાય અનેક દૃષ્ટિઓથી વિવિધ દિશાઓથી, ભિન્નભિન્ન અપેક્ષાથી વસ્તુનું અવલોકન કે કથન કરવું. આમ 'સ્યાદ્વાદ' અને 'અનેકાન્તાવાદ' બંને સંજ્ઞાઓ સમાન ખ્યાલ રજૂ કરતી જણાય છે.

કેટલાક વિદ્વાનોએ આ વાતુ જુદી રીતે પણ સમજાવી છે. એમના મત મુજબ અનેકાન્તવાદ માટેનો પારિભાષિક શબ્દ 'સ્યાદ્વાદ' છે. 'સ્યાત્' એટલે 'કથચિંત્' મતલબ કે કેટલુંક જાણવા મળ્યું છે, પરંતુ ઘણું જાણવાનું બાકી છે. એટલે અનેકાન્તવાદ સિદ્ધાન્ત છે અને એ સિદ્ધાન્તને અમલમાં મુકવાની રીતિ, પદ્ધતિ કે શૈલી તે સ્યાદ્વાદ છે.

**અનેકાન્તાવાદ વિશે બે પ્રશ્નોઃ**

પહેલો પ્રશ્ન છે કે અનેકાન્તવાદ કલ્પના છે કે હકીકત? તો કહેવું જોઈએ કે તત્ત્વચિંતકોએ કરેલી હોવાથી એ ધારણાયુક્ત કલ્પના છે. પણ એ માત્ર કલ્પના નથી, વ્યવહાર જગતમાં એનું આચરણ કરતાં એ સ્વતઃસિદ્ધ થયેલી છે. એટલે એમ કહેવું જોઈએ કે ભલે એ કલ્પના હોય પણ હકીકતે સત્યસિદ્ધ થયેલી હોવાથી એ તત્ત્વજ્ઞાન છે તેમ વિવેકી આચરણનો વિષય હોવાથી ધર્મ પણ છે. બીજો પ્રશ્ન છે કે અનેકાન્તવાદનું જીવિતપણું શામાં છે? અનેકાંતનું જીવિતપણું એમાં છે કે તે જેમ બીજા વિષયોને બધી બાજુથી તટસ્થપણે જોવા-વિચારવા પ્રેરે છે તેમ એ પોતાના સ્વરૂપ અને જીવિતપણા વિશે પણ ખુલ્લા મનથી વિચાર કરવા અનુરોધ કરે છે. જેટલું આપણું વિચારનું ખુલ્લાપણું, સ્પષ્ટપણું અને તટસ્થપણું તેટલું અનેકાંતનું બળ અને જીવન.

**અનેકાન્તવાદ અને સાપેક્ષવાદઃ**

પ્રથમ દર્શને એકાંતરૂપવાળો પદાર્થ અધિક વિચારથી અનેકાંતિક છે એવી સમજણ ધરાવનારાને એકાન્તિક ગ્રહ વળગતો નથી. મતલબ કે એ મતાગ્રહી થતા નથી. વસ્તુના સ્વરૂપ નિર્ણય પ્રસંગે અમુક મુદ્દામાં તે નિર્ણય એકાંત ગણી વ્યવહાર થાય છે, પરંતુ વસ્તુવિચારથી તે વસ્તુ બીજારૂપે પણ સમજાય છે. આથી મતભેદને હંમેશાં અવકાશ હોય છે. આજની ભાષામાં કહીએ તો સત્ય હંમેશાં સાપેક્ષ હોય છે. કારણ કે વાસ્તવ હંમેશાં નિરીક્ષક અને પરિવેશ અનુસાર, નિકટતા કે દૂરતા અનુસાર, અંગત કે બિનઅંગતપણે અર્થ ધારણ કરે છે. વ્યક્તિ, વસ્તુ, વિચાર પરિસ્થિતિને જોનાર કોણ છે એ કેટલા અંતરથી, કેવી દૃષ્ટિથી, કેવા સંજોગોમાંથી નિહાળે છે એના ઉપર એના અર્થઘટનનો આધાર રહે છે. જીવનમાં દુઃખ છે એ હકીકત છે. પણ કોઈના મત મુજબ એ તૃષ્ણાને કારણે, કોઈના મત મુજબ અહંતા - મમતા - અભિમાનને કારણે, અવિદ્યાને કારણે - એમ મતમતાંતરો હોઈ શકે. ત્યારે સત્યને પામવા ઉદાર મતવાદી થવું પડે. આવો ઉદારમતવાદ સપ્તભંગી નયમાં સમાયેલો છે. સત્ય 'એક'માં નહીં 'અનેક'માં રહેલું છે એ સ્પષ્ટ કરતો આ અનેકાન્તવાદ કે સ્યાદ્વાદ. આ દૃષ્ટિએ, આજના વૈજ્ઞાનિક સાપેક્ષવાદ (theeory of relativity)નું પુરાતન રૂપ છે.

**અનેકાન્તવાદ શા માટે ?**

નિરપેક્ષ એકાંત, નૈગમનય, સંગ્રહનય કે વ્યવહારનય જગતના વિચિત્ર અનુભવોને જેવો જોઈએ તેવો ખુલાસો કરી શકતા નથી. આ કારણથી જૈનદર્શનના વિચારકો વસ્તુનું સ્વરૂપ અનેકાંત માને છે. પહેલી નજરે આ આનેકાંતવાદ 'હસવું અને લોટ ફાંકવો' જેવો લાગે છે. એક જ પદાર્થમાં અનેક વિરોધી ગુણનો આશ્રય શી રીતે હોય? તે પદાર્થનું નિશ્ચિત એક પ્રકારનું રૂપ હોવું જોઈએ એવું આપણું સ્વાભાવિક મંતવ્ય હોય છે. પણ વધારે ઊંડી સમજણ કેળવીને જોઈશું તો આપણને જૈનોનું આ મંતવ્ય ખરું લાગ્યા વિના નહીં રહે.

**અનેકાન્તવાદની સ્વીકાર્યતાઃ**

જેઓ એકાંતવાદી છે તેમને પણ પ્રકારાન્તે જાણ્યે - અજાણ્યે આ અનેકાન્તવાદ સ્વીકારવો પડ્યો છે. ઉદાહરણ તરીકે હિન્દુ ધર્મના ષડ્દર્શનો તેમ બૌદ્ધ ધર્મદર્શન. જુઓ-

(૧) સાત્ત્વિક, રાજસી અને તામસી એવા ત્રણ ગુણોના સામ્ય ભાવવાળી પ્રકૃતિમાં પ્રસાદ, સંતોષ, દૈન્ય વગેરે અનેક ધર્મોનો એકાશ્રયમાં સ્વીકાર સાંખ્ય વિચારકોને કરવો પડ્યો છે. (૨) નૈયાયિકો પણ દ્રવ્ય, ગુણ અને કર્મ એ ત્રણ પદાર્થો સામાન્ય તથા વિશેષરૂપ છે એમ માને છે. (૩) પૂર્વમીમાંસકોએ પ્રમાતા, પ્રમેય અને પ્રમિતિના જ્ઞાનને એકરૂપ માન્યું છે. (૪) બ્રહ્મવસ્તુ અંતર્ગત માયાશક્તિના પ્રભાવથી એકી વખતે અનેકાકાર થઈ જગતનો વિભ્રમ પેદા કરે છે એવું માનનાર વેદાંતીઓ પણ અનેકાન્તવાદી છે. (૫) બૌદ્ધોએ પણ પાંચ વર્ણવાળા રત્નને 'મેચક' કહીને ચિત્રજ્ઞાનને સ્વીકાર વિજ્ઞાનવાદમાં કર્યો છે. આટલા વૃત્તાંતથી સમજાશે કે અન્ય વિચારસરણી ધરાવનારા વિચારકોએ પણ ન્યાય દૃષ્ટિથી આ અનેકાન્તવાદનો જાણ્યે-અજાણ્યે સ્વીકાર કરવો પડ્યો છે.

**અનેકાન્તવાદની ઉપકારકતાઃ**

હિન્દુ અને બૌદ્ધ દર્શનોની માફક જૈન દર્શનપણ મૈત્રી, કરુણા, મુદિતા અને માધ્યસ્થ વૃત્તિ કેળવવા પર ભાર મૂકે છે. એ ચાર પૈકીની માધ્યસ્થ વૃત્તિ કેળવવામાં જૈનદર્શનની આ દૃષ્ટિ વિચારકોને ઉપયોગી થાય તેવી છે. મનુષ્યજાતિના રાગદ્વેષોનું આવરણ ખસેડવામાં તત્ત્વજ્ઞાનના અભ્યાસીઓએ તટસ્થતા કેળવવી જરૂરી છે. આવી કેળવણી કે આવો સંસ્કાર આપવામાં તત્ત્વજ્ઞાનની અનેક પદ્ધતિઓમાં જૈનોની અનેકાન્તવાદની આઈ પદ્ધતિ ઘણી ઉપકારક છે. કેમ કે અનેકાન્તવાદ વસ્તુતઃ સમન્વયકળા છે. તેનું પરિણામ અધૂરી કે એકાંગી દૃષ્ટિઓથી ઊપજતા કલહો અને કલેશોને શમાવી સમભાવ સર્જવામાં છે. પરસ્પર સૌમનસ્ય સાધવનો માર્ગ. માનવજાવ માટે અને અનેકાન્તદૃષ્ટિને સહારે સરળ થાય એમ છે. ★

# જૈન દર્શનમાં નય

☐ ડૉ. જિતેન્દ્ર શાહ

*[ડૉ. જિતેન્દ્ર બી. શાહ ભારતીય દર્શનોના પ્રકાંડ વિદ્વાન, મર્મજ્ઞ અને જૈન દર્શનના વિશેષ અભ્યાસી છે. વિદ્યા ક્ષેત્રે અને સંશોધન ક્ષેત્રે તેમણે અનેક ઉપલબ્ધીઓ હાંસિલ કરી છે. આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય પ્રાદેશિક સ્તરે ભારતીય દર્શનોના અને જૈન વિદ્યાના વિવિધ સેમિનારોમાં તેઓ ભાગ લે છે. હાલમાં તેઓ એલ. ડી. ઈન્સ્ટિટ્યૂટ અ. ઇન્ડોલોજીના ડાયરેક્ટર છે. પ્રસ્તુત લેખમાં જૈન દર્શનમાં નય અંગે થયેલી વિશદ અને વિશાળ ચર્ચાનો ખ્યાલ આવે માટે લેખકના પુસ્તકમાંથી અમુક જ અંશ પસંદ કરી અહીં મૂકવામાં આવ્યા છે.]*

નય એ જૈન દર્શનનો વિશિષ્ટ સિદ્ધાંત છે. સામાન્ય રીતે નય એટલે દૃષ્ટિ. પદાર્થ અથવા પરિસ્થિતિને મૂલવવાની વિભિન્ન દૃષ્ટિઓ એટલે જ નય અને આ તમામ દૃષ્ટિઓનો સમન્વય એટલે સ્યાદ્‌વાદ. અનેકાન્તવાદને સમજવા પણ નયસિદ્ધાંત સમજવો આવશ્યક છે. નયો વિશે આગમ સાહિત્યમાં પ્રચુર ચિંતન ઉપલબ્ધ થાય છે. ત્યારબાદ નયસિદ્ધાંત દાર્શનિક રીતે પણ મૂલવવામાં આવ્યો. એટલું જ નહીં જૈન દાર્શનિકોએ નયસિદ્ધાંતને તાર્કિક કસોટીથી કસ્યો અને તેનું મહત્ત્વ પણ સ્થાપિત કર્યું. ઉમાસ્વાતિ, સિદ્ધસેન, પૂજ્યપાદ અને સમન્તભદ્ર જેવા સમર્થ દાર્શનિકોએ તેની આવશ્યકતા પણ પ્રમાણિત કરી. ત્યારબાદ તો નયો ઉપર સ્વતંત્ર ગ્રંથોની રચના પણ થઈ. આચાર્ય દેવસેને નયચક્ર નામક ગ્રંથમાં નયો વિશે વિશેષ ચિંતન કર્યું છે. તેની સમાલોચના ઉપાધ્યાય યશોવિજયજીએ દ્રવ્ય - ગુણ - પર્યાયના રાસમાં અનેક શાસ્ત્રીય પ્રમાણો આપીને કરી છે. આચાર્ય દેવસેને તો સંસ્કૃત તો સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં ગ્રંથો રચ્યા છે. આચાયર્જા દેવસેને વિક્રમની ૧૦મી શતાબ્દીમાં થઈ ગયા છે. તેમણે દર્શનસાર, આરાધનાસાર, તત્ત્વસાર, નયચક્ર અને આલાપ પદ્ધતિ આદિ ગ્રંથોની રચના કરી છે. દર્શનસાર ઈતિહાસ વિષયક ગ્રંથ છે. તેમાં વિભિન્ન દશ મતોની ઉત્પત્તિની ચર્ચા કરવામાં આવી છે. આચાર્ય દેવસેન જૈન દર્શનના પ્રમુખ સિદ્ધાંત 'નય સિદ્ધાંત'ના પારગામી વિદ્વાન હતા.

દર્શનસારની અંતિમ ગાથાઓમાં જણાવ્યા અનુસાર તેમણે દર્શનસાર ગ્રંથની રચના ધારાનગરીમાં આવેલા પાર્શ્વનાથના ચૈત્યમાં રહીને કરી હતી. તેટલી જ માહિતી તેમના સ્થળ વિષે પ્રાપ્ત થાય છે તેને આધારે તેઓ ધારાનગરની મધ્ય પ્રદેશની આસપાસના ક્ષેત્રમાં વિહરતા હશે તેનું અનુમાન કરી શકાય.

**નયચક્ર:**

નયચક્રને લઘુ નયચક્રના નામથી ઓળખવામાં આવે છે. તેના કર્તા આચાર્ય દેવસેન છે. પ્રાકૃત ભાષા નિબદ્ધ ૮૭ ગાથાઓમાં નયોનું સ્વરૂપ વર્ણવવામાં આવ્યું છે. નવ એ જૈન ધર્મનો વિશિષ્ટ સિદ્ધાંત છે. દિગંબર પરંપરામાં નયોનું સ્વતંત્ર વર્ણન કરતો આ સર્વપ્રથમ ગ્રંથ છે. નયોનું વર્ણન કરતા આચાર્ય દેવસેને નયોની મહત્તા પણ દર્શાવી છે.

जह्मा णएण विणा होइ ण णरस्य सियवायपडिवत्ती।
तह्मा सो बोहव्वो एयंत हंतुकामेण ।।૧૭૪।।

નયના જ્ઞાન વિના મનુષ્યને સ્યાદ્વાદનો બોધ થતો નથી. માટે એકાન્તનો વિરોધ કરવાની ઈચ્છા હોય તેણે નયનું જ્ઞાન મેળવવું જોઈએ.

जह सत्थाणं माई सम्पतं जह तवाइगदुणणिलए।
घाउवए रसो तह णयमूलं अणेयंते ।।૧૭૫।

જેવી રીતે શાસ્રનું મૂળ અકારાદિ વર્ણ છે. તપ આદિ ગુણોના ભંડાર સાધુમાં સમ્યક્ત્વ અને ધાતુવાદમાં પારો છે તેવી રીતે અનેકાન્તવાદનું મૂળ નયવાદ છે.

जे णयदिट्ठिविहीण ताण व वत्थूसहावउलद्धि।
वत्थुसहावविहूणा सम्मादिट्ठि कहं हुंति ।। ૧૮૧ ।।

જે વ્યક્તિ નયદૃષ્ટિથી વિહીન છે તેને વસ્તુના સ્વરૂપનું જ્ઞાન નથી થતું અને વસ્તુના સ્વરૂપને ન જાણનાર સમ્યક્દૃષ્ટિ કેવી રીતે હોઈ શકે.

धम्मविहीणो सोक्खं तह्णाछेयं जलेण जह रहिदो।
तह इह वछंड् मूढो णवरहिओ दव्यणिच्छित्ती ।।૬।।

જેવી રીતે મનુષ્ય ધર્મ વિના સૌમ્ય પામવાની ઈચ્છા કરે અને જળ વગર તૃષ્ણા નાશકરવાની ભાવના રાખે તો તે ફળીભૂત થાય નહીં તેવી જ રીતે નયજ્ઞાન વગર જો દ્રવ્યોનું જ્ઞાન પામવાની ઈચ્છા કરે તો તે નિરર્થક છે.

जह ण विभुंजह रज्जं राओ गहभेयणेण परिणीणो।
तह झादा णायव्यो दवियणिछित्तीहिं परिहीणो ।।૭।।

જે રીતે રાજા જુદા જુદા ખાતાઓની વહેંચણી કર્યા વગર રાજ કરી શકતો નથી તેવી જ રીતે મનુષ્ય નય જ્ઞાન વિના જ દ્રવ્યનું જ્ઞાન મેળવવા ઈચ્છે છે નિરર્થક છે.

આમ નયની મહત્તા દર્શાવતી ગાથાઓ દર્શાવી છે. ત્યારબાદ દ્રવ્યાર્થિક, પર્યાયાર્થિક આ બે નયોને સાત નયમાં ઉમેરી નવ નય અને ત્રણ ઉપનયો સાથે બાર નયની વ્યાખ્યા સાથે ચર્ચા કરી છે.

**જૈન દર્શનમાં નય**

નિર્ગ્રન્થ દર્શનમાં વસ્તુતત્ત્વને અનન્તધર્માત્મક માનેલ છે. પ્રત્યેક વસ્તુ અનેકાનેક ભાવાત્મક અને અભાવાત્મક ગુણધર્મોથી યુક્ત હોય છે. એટલું જ નહીં પરંતુ વસ્તુમાં પરસ્પર વિરોધી ગુણધર્મ પણ એકસાથે જોવા મળે છે. વસ્તુની આ અનન્તધર્માત્મકતા જ અનેકાન્તવાદનો તાત્વિક આધાર છે. વસ્તુમાં અનેક ગુણધર્મો હોવા છતાં પણ જ્યારે એનું કથન કરીએ છીએ ત્યારે કોઈ એક ધર્મને કોઈ એક અપેક્ષાએ મુખ્ય બનાવીને કથનકરવામાં આવે છે. જ્યારે કોઈ એક વસ્તુનો વિવિધ પક્ષોના અંતર્ગતના કોઈ એક પક્ષને ધ્યાનમાં રાખીને કથન કરવામાં આવે છે ત્યારે વસ્તુતઃ અન્ય પક્ષ કે ગુણ ધર્મનો અભાવ થઈ જતો નથી. આ અનંતધર્માત્મક વસ્તુની કોઈ એક એવી કથનશૈલીની જરૂરિયાત છે જે વસ્તુના કોઈ એક ગુણધર્મનું

વિધાન કરે ત્યારે અન્ય ગુણધર્મોનો નિષેધ ન થાય. બીજા શબ્દોમાં કહીએ તો વસ્તુના સંબંધમાં સાપેક્ષિત કથન કરવામાં આવે છે તે કોઈ અભિપ્રાયવિશેષ કે દૃષ્ટિકોણવિશેષને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે. વક્તાનો આ અભિપ્રાયવિશેષ અર્થાત્ દૃષ્ટિકોણવિશેષ એ જ નય કહેવામાં છે. તદુપરાંત જે અપેક્ષાના આધારે વસ્તુના અનન્ત ગુણધર્મો પૈકી કોઈ એક ગુણધર્મનું વિધાન કે નિષેધ કરવામાં આવે છે તે નય કહેવાય છે. નયનો સંબંધ વસ્તુની અભિવ્યક્તિની શૈલી સાથે છે. માટે જ આચાર્ય સિદ્ધસેને સન્મતિ પ્રકરણ (પ્રાયઃ ઈસ્વીસનની પાંચમી સદીનો પૂર્વાર્ધ)માં કહ્યું છે કેઃ

जावइया वयणवहा तावइया चेव होंति णयवाया।

जावइया णयवाया तावइया चेव परसमया ।।

અર્થાત્ કથનની જેટલી શૈલી કે જેટલા વચન પદ હોય છે તેટલા નયવાદ હોય છે તથા જેટલા નયવાદ છે તેટલા પર-સમય અર્થાત્ પરદર્શન હોય છે. આ આધાર પરથી સિદ્ધ થાય છે કે નયોની સંખ્યા અનંત છે કારણ કે વસ્તુના અનંત ગુણધર્મોની અભિવ્યક્તિ માટે વિવિધ દૃષ્ટિકોણોની સહાય લેવી પડે છે. આ બધા દૃષ્ટિકોણ નય આશ્રિત જ હોય છે. જૈન દર્શનમાં નયોની ચર્ચા વિભિન્ન રૂપોમાં કરવામાં આવી છે. સર્વપ્રથમ આગમ યુગમાં દ્રવ્યાર્થિક અને પર્યાપાર્થિક દૃષ્ટિથી વસ્તુનું વિવેચન જોવા મળે છે. વસ્તુના દ્રવ્યાત્મક કે નિત્યત્વને જે પોતાનો વિષય બનાવે છે તેને 'દ્રવ્યાર્થિક-નય' કહેવામાં આવે છે. એનાથી વિરુદ્ધ પરિવર્તનશીલ પક્ષને જે નય પોતાનો વિષય બનાવે છે તે નય 'પર્યાયાર્થિકનય' કહેવાય છે. તેમ જ પ્રમાણ અને યથાર્થતાના આધાર પર પણ પ્રાચીન આગમોમાં બે પ્રકારના નયોનો ઉલ્લેખ મળે છે. જે નય વસ્તુના મૂળભૂત સ્વાભાવિક સ્વરૂપને પોતાનો વિષય બનાવે છે તે 'નિશ્ચયનય' અને જે નય વસ્તુના પ્રમાણજન્ય વિષયને પોતાનો વિષય બનાવે છે તે 'વ્યવહારનય' કહેવાય છે.

પ્રાચીન આગમોમાં મુખ્યતઃ આ બે પ્રકારના નયોની ચર્ચા કરવામાં આવી છે. ક્યારેક વ્યવહારનય કે દ્રવ્યાર્થિક નય અથવા અવ્યુચ્છિત્તિ-નય તેમજ પર્યાયાર્થિક-નય કે નિશ્ચયનયને વ્યચ્છિત્તિનય કહેવામાં આવે છે. નયોના આ બે પ્રકારના વિવેચન ઉપરાંત આપણને તેના અન્ય વર્ગીકરણ પણ ઉપલબ્ધ થાય છે. ઉમાસ્વાતિએ તત્ત્વાર્થાધિગમસૂત્ર (પ્રાયઃ ઈસ્વી. ૩૫૦)માં નૈગમાદિ પાંચ મૂળ નયોનો ઉલ્લેખ કર્યો છે. સિદ્ધસેન દિવાકરે સન્મત્તિપ્રકરણમાં નૈગમનય છોડીને બીજા છ નયોની ચર્ચા કરી છે. તત્ત્વાર્થસૂત્રના દિગંબર ટીકાકાર તેમ જ કેટલાય અન્ય સાત નયોની ચર્ચા કરે છે. દ્વાદશાર નવચક્રના ગ્રંથકર્તા મલ્લવાદી (ઈસ્વી. ૫૫૦-૬૦૦)એ નૂતન દૃષ્ટિકોણોનો આધાર લઈ ભાર નયોની ચર્ચા કરી છે. નયચક્રના ઉલ્લેખ પરથી કહી શકાય કે વિભિન્ન દૃષ્ટિકોણના આધાર પર નયોનું સાતમો રૂપોમાં વિભાજન કરવામાં આવતું હતું, પરંતુ વર્તમાન યુગમાં નયોના વર્ગીકરણની સંક્ષિપ્ત અને મધ્યમ શૈલી જ પ્રચલિત છે.

**જૈન દર્શનમાં નયની વ્યાપકતા**

અનેકાન્તાવાદના આધારભૂત નયવાદની મહત્તા આગમકાળમાં સ્થપાઈ ચૂકી હતી, જે પછીના કાળમાં ઉત્તરોત્તર વધતી જ ગઈ હતી. જૈન દર્શનમાં પ્રત્યેક પદાર્થને નયદૃષ્ટિથી મૂલવવાની પદ્ધતિ પણ પ્રાચીન છે. આગમના પ્રત્યેક સૂત્રને વિભિન્ન મૂલવવાની પદ્ધતિ પણ પ્રાચીન છે. આગમના પ્રત્યેક સૂત્રને વિભિન્ન નયથી વિચારવા અને શ્રોતા અનુસાર તેનું કથન કરવાની પ્રણાલી હતી તેથી નયના ભેદપ્રભેદની સંખ્યા પણ વધતી જ ગઈ હતી. આવશ્યકનિર્યુક્તિમાં જણાવેલા નયોના સાતમો કે પાંચસો ભેદ આ વાતની પુષ્ટિ કરે છે. જૈન દર્શનના પ્રત્યેક સૂત્રો પણ નયને આધારે કહેવાય છે. આમ નયની સર્વવ્યાપકતા જૈન દર્શનમાં જોવા મળે છે. આવશ્યકનિર્યુક્તિમાં/વિશેષાવશ્યભાષ્યમાં તો એટલે સુધી કહેવામાં આવ્યું છે કે-

नात्थि नएहिं विहुणं, सुत्तं अत्थो य जिणमए किंचि।

आसज्ज उ सोयारं, ने नयविसारओ बूआ ।। २२७७।।

અર્થાત્ જૈન દર્શનમાં નયરહિત કોઈ સૂત્ર કે અર્થ નથી, તેથી નયવિશારદ (નયમાં નિષ્ણાતગુરુ) યોગ્ય શ્રોતા મળતા નયનું વિવિધ પ્રકારે વિર્ણન કરે. આથછી જ પછીના કાળમાં પ્રત્યેક જૈન દાર્શનિકોએ નય અંગે ઊંડું ચિંતન કર્યું છે અને તેના વિશે લખ્યું છે.

શ્વેતામ્બર અને દિગમ્બર પરંપરામાં નયવિષયક વિપુલ સાહિત્ય ઉપલબ્ધ થાય છે. નયના વિશદ વર્ણન કરતાં ગ્રંથોની સંખ્યા અલ્પ છે, પરંતુ દર્શનના ગ્રંથમાં યત્ર તત્ર નયની ચર્ચા થયેલી છે. તેમાં નયના લક્ષણની પણ ચર્ચા થયેલ છે. વિભિન્ન ગ્રંથોમાં નયોનુંલક્ષણ ભિન્નભિન્ન જોવા મળે છે. અનુયોગદ્વારવૃત્તિમાં નયનું લક્ષણ આપતા જણાવ્યું છે કે-

सर्वात्रानन्तधर्माध्यासिते वस्तुतनि एकांसग्राहको बोधो नयः।।

અર્થાત્ અનન્તધર્માત્મક વસ્તુના એક અંશને ગ્રહણ કરનાર બોધ તે નય છે.

ન્યાયવતાર (શ્લોક ૨૯)ની ટીકામાં સિદ્ધર્ષિ નયની વ્યાખ્યા કરતાં જણાવે છે કે-

अनन्तधर्माध्यासितं वस्तुप स्वाभिप्रेतैकधर्मविशिष्टं नयति–प्रापयति संवेदन–मारोहयतीति नयः।

અર્થાત્ અનંતધર્મોથી વિશિષ્ટ વસ્તુને પોતાને અભિમત એવા એક ધર્મથી યુક્ત બનાવે છે તે નય છે. દિગમ્બર પરંપરામાં નયનું લક્ષણ જણાવતાં કહ્યું છે.

ज्ञातुरभिप्रायः श्रुतविकल्पो वा नयः ।।

અર્થાત્ જ્ઞાતાનો અભિપ્રાય અથવા શ્રુત વિકલ્પ નય છે.

આ ઉપરાંત યશોવિજયજીએ સપ્તભંગી નયપ્રદીપમાં અન્ય લક્ષણો પણ નોંધ્યા છે.

नानास्वभावेभ्यो व्यावृत्तयैकस्मिन् सवभावे वस्तु नयति–प्राप्नोतीति नयः।।

વિવિધ સ્વભાવોમાંથી કોઈ એક સ્વભાવયુક્ત વસ્તુનું જ્ઞાન કરાવે તે નય છે.

प्रमाणेन संगृहीतार्थकांशो नयः।

પ્રમાણ દ્વારા સંગ્રહીત કરવામાં આવેલ ધર્મોમાંથી કોઈ એક અંશે ગ્રહણ કરવો એ નયનું લક્ષણ છે.

તત્ત્વાર્થરાજવાર્ત્તિકમાં નયનું લક્ષણ નીચે પ્રમાણે જણાવ્યું છેઃ-

प्रमाणृ– प्रकाशितोऽर्थ विशेषप्ररुपको नयः।।

અર્થાત્ પ્રમાણ વડે પ્રકાશિત અર્થના પર્યાયોની પ્રરૂપણા કરનાર નય છે. પ્રમાણનયત્ત્વલોકાલંકાર સૂત્રમાં નયની વ્યાખ્યા કરતાં જણાવ્યું છે કે:-

नीयते येन श्रुताख्य प्रमाणविषयीकृतस्यार्थस्यांशस्तदितरांश

औदासीच्यतः स प्रतिफ्तुरभिप्रायविशेषो नयः।

અર્થાત્ સિદ્ધાન્તમાં કહેલા, પ્રમાણના વિષયરૂપ, પદાર્થના અંશરૂપ, અન્ય અંશો તરફ ઉદાસીનતાપૂર્વકનો અભિપ્રાય તે નય છે.

ઉપર જણાવેલ તમામ લક્ષણોમાં સહુથી વધુ પરિષ્કૃત લક્ષણ પ્રમાણનયતત્ત્વલોલંકારનું છે. તેમના અનુસાર અનન્તધર્માત્મક વસ્તુ જે નો અને પ્રમાણનો વિષય છે. તે અનન્તાધર્માત્મક વસ્તુના  કોઈ એક અંશને મુખ્ય કરીને બાકીના તમામ અંશો તરફ ઉદાસીન ભાવ રાખવા પૂર્વક અર્થાત્ ગૌણ ગણીને વકતાનો અભિપ્રાય વિશેષ એ નય છે. આ વાતને અન્ય શબ્દોમાં કહીએ તો કોઈ એક વસ્તુ સંબંધી જુદી જુદી દૃષ્ટિએ- અપેક્ષાએ વિચાર કરવાથી જે જુદા-જુદા યથાર્થ અભિપ્રાયો બાંધવામાં આવે છે તે બધા નય કહેવાય છે.

**મુખ્ય બે ભેદઃ**

નયોની અનન્તતા હોય તો તેનો બોધ થઈ જ ન શકે. નયનો બોધ ન થાય તો નય દ્વારા અનેકાન્તની સિદ્ધિ ન શઈ શકે. આમ નથી પરંતુ જગતમાં કોઈ પણ વ્યક્તિ પદાર્થનો બોધ કરવાની શરૂઆત કરે છે ત્યારે તે પદાર્થને ભેદદૃષ્ટિથી કે અભેદદૃષ્ટિથી જોવાનો પ્રયાસ કરે છે. આ દ્વારા જ તે બોધ પ્રાપ્ત કરે છે. ભેદદૃષ્ટિ તે વિશેષ દૃષ્ટિ છે અને અભેદગામી દૃષ્ટિ તે સામાન્ય દૃષ્ટિ છે. ભેદગામી અને અભેદગામી દૃષ્ટિમાં જ બાકીની અનન્ત દૃષ્ટિનો સમાવેશ થઈ જાય છે. આથી મૂળમાં તો બે જ દૃષ્ટિ રહેલી છે. અને આ ભેદગામી દૃષ્ટિને જ પર્યાર્થિક નય છે અને અભેદગામી દૃષ્ટિ તે દ્રવ્યાર્થિક નય છે. આથી અસંખ્ય નયોને આ બે ભાગમાં વહેંચી શકાય. કહ્યું છે કે-

निथ्थयर वयण संग्रह विसेस पत्थार मूलबागण्णी

दव्वट्टयो य पज्जवणओ य सेस्सा वियप्पा सिं ।।१–३।।

અર્થાત્ તીર્થંકરોનાં વચનોના સામાન્ય અને વિશેષ રૂપ રાશિઓના મૂળ પ્રતિપાદક દ્રવ્યાર્થિક અને પરમાર્થિક નય છે. બાકીના એ બેના જ ભેદો છે.

આ વાતને આચાર્ય દેવસેને નયચક્રમાં નીચે પ્રમાણે જણાવી છે.

दो चेव मूलिमयणाी भणिया दव्वत्थ पज्जयतगया

अण्णं असंख्य संखा ते तब्भेया मुणेयव्वा ।।...।।

અર્થાત્ બે જ મૂળ નયો દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક છે. બાકીના અસંખ્ય નયો તો આ બેના જ ભેદો છે.

**દ્વાદશાર નયચક્રગત નિયમોનું વિભાજનઃ**

સમગ્ર જૈન દાર્શનિક પરંપરામાં દ્વાદશાર નયચક્ર એક વિલક્ષણ દાર્શનિક ગ્રંથ છે. દ્વાદશાર નયચક્રમાં આગમપ્રસિદ્ધ નયોના દ્વિવિધ વર્ગીકરણનો સ્વીકાર કરીને તેમાં દર્શન યુગના સાત નયોનો સમાવેશ તો કર્યા છે પરંતુ તે સિવાય જૈન દર્શનનાં અન્યત્ર અનુપલબ્ધ એવા વિધિ, નિયમ, વિધિ-વિધિ જેવા બાર નયોનોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેમના દ્વારા આ નય દ્વાદશવિધ નય વર્ગીકરણ ક્યા પ્રકારે દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એવા દ્વિવિધ અને નૈગમ આદિ સાત નયોમાં વિભાગીકરણ થાય છે તે નીચે જણાવેલ કોષ્ટક પરથી સાબિત થાય છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | विधि | द्रव्यार्थिक | व्यवहार |
| ૨. | विधिविधः | द्रव्यार्थिक | संग्रहनय |
| ૩. | विध्युभयम् | द्रव्यार्थिक | संग्रहनय |
| ૪. | विधिनियमः | द्रव्यार्थिक | संग्रहनय |
| ૫. | उभयम् | द्रव्यार्थिक | नैगमनय |
| ૬. | उभयविधिः | द्रव्यार्थिक | नैगमनय |
| ૭. | उभयोभयम् | पर्यायार्थिक | ऋजुसूत्र |
| ૮. | उभयनियमः | पर्यायार्थिक | शब्दनय |
| ૯. | नियमः | पर्यायार्थिक | शब्दनय |
| ૧૦. | नियमविधि | पर्यायार्थिक | समभिरुढ |
| ૧૧. | नियमोभयम् | पर्यायार्थिक | समभिरुढ |
| ૧૨. | नियमनियमः | पर्यायार्थिक | एवंभूतनय |

ઉપર્યુક્ત બાર 'અર' દ્વાદશાર- નયચક્રની સ્વયં વિશેષતા છે. વિધિ અને નિયમ શબ્દનો અર્થ અનુક્રમે સત્નો સ્વીકાર અને અસ્વીકાર છે. આ બે શબ્દોના સંયોજનથી જ બાર ભેદ કરાયા છે. તેમાં તે યુગના સમગ્ર ભારતીય દર્શનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રથમ ચાર અરમાં સત્ને નિત્ય માનતા દર્શનોનો સમાવેશ કરાયો છે. ઉભયાદિ ચાર અરમાં સત્યને નિત્યા- નિત્યાત્મક માનતા દર્શનોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ પ્રમાણે જૈન દર્શનમાં નયોનો ક્રમિક વિકાસ થયો છે પરંતુ દ્વાદશાર- નયચક્રમાં પ્રયોજાયેલ શૈલી તેમજ નયોનાં નામ નયચક્રના પૂર્વવર્તી કે પરાવર્તી સાહિત્યમાં ઉપલબ્ધ થતાં નથી. ★

## અસ્તિત્વ

**અસ્તિત્વ શાશ્વત છે.**

તે ગઈકાલે પણ હતું, આજે પણ છે, આવતીકાલે પણ હશે.

અસ્તિત્વ નિરંતર અસ્તિત્વમાં પરિણમન કરતું રહે છે, તેથી તેનું ક્યારેય નાસ્તિત્વ થતું નથી.

એનો અર્થ છે - અસ્તિત્વ અજર-અમર છે.

એક માણસ જન્મે છે, મૃત્યુ પામે છે પરંતુ આત્માનું અસ્તિત્વ ટકી રહે છે.

જન્મ અને મૃત્યુની પરંપરાથી પર છે આત્માનું અસ્તિત્વ.

આજે એક પુસ્તક છે. આવતીકાલે તે નાશ પામી શકે છે, પરંતુ પરમાણુનું અસ્તિત્વ ક્યારેય નાશ પામતું નથી.

# શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રમાં અનેકાન્તવાદ

☐ *પ્રતાપકુમાર ટોલિયા*

*[પ્રતાપકુમાર ટોલિયાએ ગુજરાત અને બેંગલોરમાં અંગ્રેજી અને હિન્દીના પ્રચારક તરીકે કામ કર્યું છે. તેઓ પ્રિન્સીપાલ હતા. સપ્તભાષી આત્મસિદ્ધિશાસ્ત્રનો સાત ભાષામાં અનુવાદ તેમજ સંપાદન કાર્ય કર્યું છે. જ્ઞાન સાથે સંગીતને મુકવાની તેમની વિશેષ શૈલીના ફળ સ્વરૂપ આપેલ સંગીતમય કાર્યક્રમો અને સી.ડી. તેમની પાસેથી મળ્યા છે. અહીં તેમણે આત્મસિદ્ધિશાસ્ત્રના સંદર્ભે અનેકાન્તવાદ સમજાવ્યો છે.]*

આત્મજ્ઞાનના શૈલશિખર, ગ્રંથકાર, ચૌદ પૂર્વના સારરૂપ સાતમા 'આત્મપ્રવાહ' પૂર્વના કથન-સંક્ષેપ અને વિશ્વધર્મ- સ્વરૂપે મહાન જૈનદર્શનને સુસ્પષ્ટપણે, સરળ ભાષામાં, સર્વ ગ્રાહ્ય- સર્વ સ્વીકાર્ય ક્ષમતાપૂર્વક પ્રસ્તુત કરતા વિશ્વગ્રંથ શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રની મહાનતા તેમજ સર્વોપરિતા માટે શું શું કહીએ?

અનેક મહાન મનીષીઓએ, અનેક મહાપ્રાજ્ઞ પુરુષોએ, અનેક તત્ત્વચિંતકોએ સિદ્ધ કરી દીધું છે. અનેક સાધકોએ આ આત્મસાત્ કરી લીધું છે.

શ્રી આત્મસિદ્ધિમાં નિહિત આત્મ- ત્તત્વદર્શન જૈનદર્શનને તેનો નામોલ્લેખ પણ કર્યા વિના એવી કુશળતાથી, એવી સમગ્રતાથી, એવી સહજતાથી, એવી અપૂર્વતાથી પ્રસ્તતુ કરે છે કે આશ્ચર્યચકિત થઈ જવાય!

સર્વ વિશ્વમતોથી ઉપરે, સર્વ દૃષ્ટિઓને- નયોને પોતાનામાં સમાવી લેતું આ આત્મ  તત્ત્વદર્શનબહુ સૂક્ષ્મતાથી, ઊંડાણથી અવગાહવા, સમજવા ને માણવા જેવું છે. જૈનદર્શન કથિત, 'આત્મ' સ્વરૂપના સર્વોચ્ચ દર્શનને રજૂ કરતાં આત્મસિદ્ધ શાસ્ત્ર, જિનવાણીના મહત્ત્વપૂર્ણ નિરૂપક 'અનેકાન્તવાદ'ને અદ્ભુત રીતે વણી લે છે અને વ્યક્ત કરે છે. એમ જ લાગે જાણે સર્વજ્ઞ તીર્થંકર ભગવંત મહાવીરની અને તેને ઝીલતા-ગુંથતા જ્ઞાની ગણધરોની વાક્ગંગા જ જાણે તેમાં ન વહી રહી હોય!

આ મહાન પ્રાક્-વાક્- ગંગાને વર્તમાનકાળમાં ઝીલીને વહાવતા શ્રીમદ્ રાજચંદ્રજી જેવા જ્ઞાનાવતાર, પચ્ચીસસો વર્ષ પૂર્વે જાણે ભગવંત મહાવીર પ્રભુના શ્રીચરણે બેસીને એ દિવ્ય સમવરણમાંથી 'ગણધરવાદ'ની પરિચર્યાને અપૂર્વ દત્ત-ચિત્ત પણ સુણતા હોય, અંતરઊંડે સંઘરતા હોય અને અહીં એ મહાશ્રવણને પુનઃ વ્યક્ત કરતા હોય એમ પ્રતીત નથી થતું? જાણે તેમનું ચૈતન્ય- તેમાં Srore અને Save કરેલાં તત્ત્વો તથ્યોનું Opening અર્થાત્ કૉમ્પ્યુટર જ રહસ્યોદ્દ્ઘાટન નથી આપતું? જાણે તેમનું અંદરનું 'ટેઈપ રેકોર્ડર' (Recorder) આ અનેકાંત તત્ત્વ પચ્ચીસસો વર્ષ પૂર્વનું સ્વસ્થ તત્ત્વ શ્રવણ પુનઃ (Replug) શ્રવણ નથી કરાવતું? અસ્તુ.

આ પૂર્વ પરમશ્રુતના પુનઃ શ્રવણમાં જાણે તેમનો અનેકાંતવાદનો અભિગમ શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં યત્ર-તત્ર સહજપણે વ્યક્ત થઈ જાય છે. આ સર્વનું અનુચિંતન કરતા એ નિમ્ન સાતેક સ્વરૂપો અને સ્થાનોમાં દેખાય છેઃ

વૃત્તિ અને વ્રતઃ દ્રવ્ય અને પર્યાય, નિત્યાનિત્ય વિવેક, નિશ્ચય અને વ્યવહાર, ઉપાદાન અને નિમિત્ત, વાણી અને વિચાર, અંતઃકરણ અને આચરણ.

આ સર્વનું એક પછી એક ઉધ્ધરણ સહ અધ્યયન કરીએ. સર્વત્ર તેમાં અનેકાંતવાદ ઝળકતો દેખાશે. તદ્દન સ્પષ્ટ તરી આવશે.

- **વૃત્તિ અને વ્રતઃ**

'લહ્યું સ્વરૂપ ન વૃત્તિનું, ગ્રહ્યું વ્રત-અભિમાન;
ગ્રહે નહીં પરમાર્થને, લેવા લૌકિક માન.' (ગાથા-૨૮)

- **દ્રવ્ય અને પર્યાયઃ**

'આત્મા દ્રવ્યે નિત્ય છે, પર્યાયે પલટાય;
બાળાદિ વય ત્રણ્યનું, જ્ઞાન એનકે થાય.' (૬૮)

- **નિત્યાનિત્ય વિવેકઃ ષટ્પદનામકથનઃ**

'આત્મા છે', 'તે નિત્ય છે', છે કર્તા નિજકર્મ;
છે ભોક્તા વળી 'મોક્ષ' છે, 'મોક્ષ ઉપાય સુધર્મ.' (૪૩)

અહીં આત્માના અસ્તિત્વ સાથે જ **નિત્યત્વ**ની સ્પષ્ટતા છે, સ્ફટિક શી સ્પષ્ટતા છઠે. અહીં તેમાં લેશ પણ સંશય કે સંદેહ નથી. ઉપરની ગાથામાં જ તેને અનેકાંતવાદથી **દ્રવ્યે નિત્ય** અને **પર્યાયે અનિત્ય** સૂચવી નિત્યાનિત્યાતાનો વિવેક કરી દીધો છે. અહીં વેદાંત- દર્શનના સૂચવા નિત્યાનિકત્યતાના વિવેક કરી દીધો છે. અહીં વેદાંત-દર્શનના **'કૂટસ્થ નિત્ય'** કહેનવારા એકાંતવાદનો અને બૌદ્ધદર્શનના ક્ષણિકવાદનો આબાદ છેદ ઉડાવાયો છે. પરોક્ષપણે, કષાય દર્શન નામો ભણી અંગુલિનિર્દેશ કર્યા વિના! 'એકાંતવાદ' એ સંશયવાદ છે એમ આરોપણ મિથ્યા-પ્રરૂપણ કરનાનારાઓને બહુ સહજ અને સ્વસ્થપણે જડબાતોડ જવાહ અપાયો છે. જૈનદર્શન- 'જિનદર્શન'ના સમગ્રતાસભર સત્યવાદનો જયજયકાર કરાયો છે અને કે કશાય મંડન- ખંડન અને વાદ- પરંપરાનો આશ્રય લીધા વગર! અહીં આમ વ્યક્ત થતા અનેકાંતવાદની આ કોઈ નાનીસૂની સિદ્ધિ નથી.

**નિશ્ચય અને વ્યવહારઃ**

નિશ્ચયદષ્ટિ વ્યવહારદષ્ટિ બંનેનું સંતુલનભર્યું અનેકાંતિક નિરૂપણ તો શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં ઠેર ઠેર જોવા મળે છે. ઉદા.

પ્રથમોક્ત 'વૃત્તિ અને વ્રત'ની ગાથાના અનુસંધાનમાં જ આ પછીની ગાથા, કેવળ નિશ્ચયનયને અપનાવનારા અને વ્યવહારનયને લોપનારા સામે કેવો લાલબત્તીભર્યો બોધ કરે છે,

'અથવા નિશ્ચય નય ગ્રહે, માત્ર શબ્દની માંય;
લોપે સદ્વ્યવહારને સાધન રહિત થાય.' (ગાથા ૨૯)

પુનઃ આ સદ્બોધ આગળ સ્પષ્ટ થાય છેઃ

નિશ્ચયવાણી સાંભળી, સાધન તજવાં નો'ય;
નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવા સોય. (૧૩૧)
નિય નિશ્ચય એકાંતથી, આમાં નથી કહેલ;

એકાંતે વ્યવહાર નહિ, બન્ને સાથે રહેલ. (૧૩૨)

અનેકાન્તવાદનું આવું સરળ, મનોરમ ચિત્રણ અન્યત્ર ક્યાં મળશે ?

**● ઉપાદાન અને નિમિત્તઃ ચૈતન અને જડઃ**

જડ અને ચૈતન્યની ભિન્નતા દર્શાવી ચેતનની પ્રેરણાની મહત્તા દર્શાવતાં શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર નિરૂપે છે,

'હોય ન ચેતનપ્રેરણા, કોણ ગ્રહો તો કર્મ ?
જડ સ્વભાવ નહીં પ્રેરણા, જુઓ વિચારી ધર્મ.' (૭૫)
'જો ચેતન કરતું નથી, નથી થતાં તો કર્મ;
તેથી સહજ સ્વભાવ નહિ, તેમજ નહિ જીવધર્મ.' (૭૫)

અગીં જડ-ચેતનના વિવેક ભણી આંગળી ચીંધી છે. તે જ રીતે નિમિત્ત અને ઉપાદાન બંનેનું પણ અનેકાંતિક સમાન મહત્ત્વ અને સ્થાન બતાવાયું છે આ ગાથામાં-

ઉત્પાદાનનું નામ લઈ, એ જે તજે નિમિત્ત;
પામે નહિ સિદ્ધત્વને, રહે ભ્રાંતિમાં સ્થિત.' (૧૩૬)

**● વાણી-વિચારઃ અંતઃકરણ અને આચરણઃ**

'मनस्य अन्यद् वचस्य अन्यद् कार्य अन्य्' એવા વિપરીત મન-વાણી- વ્યવહાર ને અંતઃકરણ- આચાર ભિન્નતાભર્યા ઉપદેશકો- તથાકથિત ધાર્મિકજનોને ઢંઢોળતી આત્મસિદ્ધિની વાણીમાં પણ, ત્રિવિધ યોગોની એકતામાં પણ, અનેકાંતવાદ જ નથી ભર્યો ? ઉદા.

'મુખથી જ્ઞાન કથે અને, અંતર છૂટ્યો ન મોહ;
તે પામર પ્રાણી કરે, માત્ર જ્ઞાનીનો દ્રોહ.' (૧૩૭)

આમ આત્માની સમગ્ર સિદ્ધિ કરનારા આ પરમશ્રુતની અપૂર્વ વાણીમાં, જૈનદર્શનનો અનેકાંતવાદ સજગ સંશોધકોને સર્વત્ર પ્રાપ્ત થયા વિના રહેશે નહીં.

વસ્તુનું વસ્તુસ્વરૂપ યથાતથ્ય, જેમ છે તેમ અને અનેક નયનિક્ષેપો સહ સમાગ્રતામાં (In Totality) (સંતુલન અને સમન્વયપૂર્વક અહીં જે દર્શાવાયું છે તે સાધકને શ્રી જિનકથિત મોક્ષમાર્ગ આરુઢ કરાવનારું છે. આ વસ્તુસ્વરૂપ દર્શનમાં અનેકાંતવાદ સુસ્પષ્ટ થયો છે. જિનવાણીને, જિન-દર્શન, જૈન દર્શનને, પચ્ચીસસો વર્ષ પૂર્વેના રૂપે પ્રતિધ્વનિત કરતા આ આત્મસિદ્ધિ શાસ્ત્રની કેટકેટલી અનુમોદના, અભિવંદના, સ્તવના, આરાધના કરીએ ? તેમાંની જ 'અનંત અનંત ભાવભેદો ભરી' અનેકાંતિક શૈલીની કેટલી ભજના કરીએ ? શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રના રચયિતાની આ જિનેશ્વરવાણીનો મહિમા જાણે આ આત્મસિદ્ધિ નિહિત અનેકાંતિક વાણીને પણ લાગુ પડે છેઃ

'અનંત અનંત ભાવ ભેદથી ભરેલી ભલી,
અનંત અનંત નય નિક્ષેપે વ્યાખ્યાનની છે, અનંત અનંત...'

આ મહિમામયી અનંત-વાણીને, તેના ઉદ્ગાતાને અભ્યંતરાઃ નમસ્કાર કરીને, આ વાણીના માધ્યમ દ્વારા, આપણે પણ એના આદિ મહાઘોષક મહાવીર પ્રભુના શ્રીચરણ પહોંચી જઈએ એ દિવ્ય સમવરણમાં અને શ્રવણ કરી ધન્ય થઈએ- ગણધરવાદની એ પરમ પ્રબોધક, સ્વપર- પ્રકાશક જિનવાણી.

'દેહ છતાં જેની દશા વર્તે દેહાતીત,
તે જ્ઞાનીના ચરણમાં હો વંદન અગણિત!'
।। ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ।।

★

## આત્માના 'ષડ્‌રિપુ'

જૈન દર્શનકારોએ, આત્માના 'ષડ્‌રિપુ' નામથી ઓળખાતા છ શત્રુઓ બતાવ્યા છે. એ આત્મશત્રુઓના નામ છેઃ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર. આધ્યાત્મિક વિકાસમાં અડચણ કરનારા આ છ દુશ્મનો, ભૌતિક વિકાસમાં પણ એવા જ અને એટલા જ અડચણકર્તા છે. આ વાત બરાબર યાદ રાખવા જેવી છે. એ બહુ મોટા અવગુણો છે. વ્યવસ્થિત જીવનના વિકાસમાં આ અવગુણો બાધક તત્ત્વો 'Blocking elements' છે. 'અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ' એ પાંચ મિત્રોની સહાયતા લઈને આ છ શત્રુઓનો પરાભવ કરવા માટે રણે ચડવું એ પ્રત્યેક વિવેકપૂર્ણ મનુષ્યનો પ્રાથમિક પુરુષાર્થ છે. આ વાતને ઉંચી મૂકીનેજીવન જીવવાનો માર્ગ નક્કી થાય જ નહિ. એને લક્ષ્યમાં રાખીને આપણે જે જીવન જીવીએ, એ 'વિશુદ્ધ આમોદપ્રમોદકારક નંદનવન છે.' એને બાદ કરીને ચાલીએ તો જીવન એક ઝંઝટ છે, મહાઝંઝટ છે.

એ મહાઝંઝટમાંથી છૂટવા માટે સ્યાદ્‌વાદ શ્રુતધારક અનેકાન્તવાદના અદ્‌ભુત તત્ત્વવિજ્ઞાનનો આશ્રય લેવાની અનિવાર્ય આવશ્યકતા રહે જ છે.

## દીર્ઘદષ્ટા સિદ્ધસેન દિવાકરજી

શ્રી સિદ્ધસેન દિવાકરજીના જીવન સંબંધી અનેક કિવદંતીઓ જાણવા મળે છે. એમાંની એક થોડી અલગ પ્રકારની છે. આ વાર્તા મુજબ તેઓ એકવાર વિહાર કરતા ચિત્તોડગઢ પહોંચ્યા. દેરાસરના પ્રાંગણમાં આવેલ એક સ્તંભ ઉપર એમની નજર પડી. આ સ્તંભ થોડા અલગ પ્રકારનો એમને જણાયો. તેમણે પાસેના જંગલમાંથી થોડી વનસ્પતિઓ મંગાવી. તથા એમાંથી એક લેપ તૈયાર કરી સ્તંભ ઉપર એને ધીરેથી વિધિસર લગાવ્યો. એમના આશ્ચર્ય વચ્ચે એ સ્તંભ કમળફૂલની જેમ ખુલ્યો, એમાં ઘણાં પુસ્તકો સંગ્રહિત થયેલા હતા. દીવાકરશ્રીએ એમાંથી બે પુસ્તકો જોયા અને તરત જ એક દૈવી ધ્વનિ સંભળાયો કે એ સ્તંભ ખોલવા માટેનો ઉચિત સમય હજી પાક્યો નથી. દીવાકરશ્રીજીએ સ્તંભને પુનઃ એ જ સ્થિતિમાં ગોઠવ્યો. તેમણે એમાંથી જે બે વિદ્યા ગ્રહણ કરી તે-

૧. લશ્કર ઉત્પન્ન કરવા માટેની 'સરસપ' વિદ્યા. આ વિદ્યાને આજના સમયના રૉબો સાથે સરખાવી શકાય.

૨. સ્વર્ણ સિદ્ધિ મંત્ર-આપણે ત્યાં 'પારસ પત્થર'ની ઘણી વાર્તાઓ છે. ઉપરાંત દેદાશાહ અને ત્યારબાદ આનંદઘનજીના સમયમાં પણ એક સંન્યાસીએ આવો રસ તૈયાર કર્યો હતો.

# અનેકાન્તદર્શન : તત્ત્વ અને તંત્ર

☐ ડૉ. બળવંત જાની

*[ડૉ. બળવંત જાની સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ અધ્યક્ષ અને વાઈલ ચાન્સેલર હતા. ધર્મચિંતન અને બીજા અનેક વિષયો પર દેસ-વિદેશમાં એમણે વ્યાખ્યાનો આપ્યા છે. જ્ઞાની વકતા અને સંશોધન ક્ષેત્રે આગવું પ્રદાન કરનાર આ વિદ્વાને પ્રસ્તુત લેખમાં અનેકાન્ત દર્શનઃ તત્ત્વ અને તંત્રની તાત્વીક ભૂમિકા સમજાવી છે.]*

અનેકાન્તવાદ માટે મને 'અનેકાન્તદર્શન' સંજ્ઞા પ્રયોજવાનું ગમે છે. અહીં આ દર્શનના તત્ત્વની અને તંત્રની વિગતો ટૂંકમાં નિર્દેશવા ધાર્યું છે.

આપણે આપણી ધર્મશાસ્ત્ર પરંપરાની ચર્ચા કરીએ ત્યારે પરિભાષા સંદર્ભે સજાગ રહેવું જોઈએ. અર્વાચીન સમયમાં પશ્ચિમની અંગ્રેજી પરિભાષાઓના ગુજરાતી કે ભારતીય સંદર્ભમાં પ્રયોજવાનું આરંભાયું. એમાં આવી સમાનતા જાગૃતિ અનેક સ્થાને નથી રખાઈ એવું મને મારા અભ્યાસ દરમ્યાન જણાયું છે. આપણે જાણીએ છીએ કે પશ્ચિમમાં ધર્મ માટે 'રેલીજીયન' સંજ્ઞા છે. અને ગ્રીસમાં દર્શનશાસ્ત્ર માટે 'ફિલોસોફી' સંજ્ઞા છે. આપણે ત્યાં ધર્મદર્શન એક સાથે છે. પશ્ચિમમાં ધર્મ-ખ્રિસ્તીધર્મ- એમ સ્વાયત્ત સંજ્ઞા છે. એમાં ફિલોસોફી સંમિલિત નથી. એ જ રીતે ગ્રીસમાં ફિલોસોફી છે, જેમાં ધર્મ ભળેલ નથી. આપણી અખંડ સાયુજ્યની સંકલ્પના છે. એ જ રીતે આપણે વાદ-પ્રતિવાદને બદલે સંવાદ, ચર્ચા-વિમર્શ, ગોષ્ઠિના ઉપાસક છીએ. અનેકાન્ત સંજ્ઞામાં વાદને સાંકળવાથી અર્થસંકોચ થાય છે. અનેકાન્ત દર્શન છે. વિચાર છે, વિચારધારા છે. એની સાથે 'વાદ' વિશેષણ ભળી ગયું છે. એમાં કારણભૂત પરિસ્થિતિ તો મહાવીરકાલીન દર્શન વિભાવના છે. તત્કાલીન ક્રિયા- અક્રિયાવાદ, વિનયવાદ, અજ્ઞાનવાદ અને નમસ્કારવાદ એમ ચાર પ્રકારમાં પ્રચલિત દર્શનોને વિભાજિત કે વર્ગીકૃત કરાતા. એનાથી પર અને સર્વાશ્લેષી- સર્વભાવને સ્વીકારવાના વલણવાળી વિચારધારા એટલે અનેકાન્તવાદ. એમ સંજ્ઞા પ્રચલિત થઈ અને પ્રસ્થાપિત થઈ જણાય છે.

અનેકાન્તદર્શન અને મહાવીર વિચારધારા, વ્યવહાર અને કથનનું પ્રાપ્તવ્ય છે. આગમોની રચના થઈ, એમ જ સુધર્માસ્વામી ગણધરે મહાવીરસ્વામી સાથે ત્રીસ વર્ષ સુધી સાક્ષાત્ સ્વરૂપે વિહાર-વિચરણ કરેલું. સુધર્માસ્વામીના પટ્ટશિષ્ય ગણાય છે જંબુસ્વામી. જંબુસ્વામીના વાર્તાલાપ સ્વરૂપે, સંવાદ સ્વરૂપે શ્રીસૂગડાંગસૂત્ર (સૂત્રકૃતાંગ સૂત્ર) છે. એમાં છઠ્ઠું અધ્યન પુચ્છિસ્સૂણં અર્થાત્ 'વીરસ્તુતિ' છે. એમાં માત્ર ઓગણીસ ગાથા છે. ભગવાન મહાવીર વિશે જે કંઈ સાંભળ્યું છે તે કહો, આવા પ્રશ્નના ઉત્તરમાં જંબુસ્વામીએ કહેલ વિગતોનું આ કાવ્ય અર્ધમાગધીમાં આજથી ૨૫૦૦ વર્ષ પહેલાં રચાયેલી રચના છે. આ રચનાની ૨૭ની ગાથામાં અનેકાન્ત દર્શનનો ઉલ્લેખ અને આલેખ છે, નિર્દેશ છેઃ

કિરિયાકિરિયં વેણઈયાણુવાયં, અણ્ણાણિયાણં પડિયચ્ચ ઠાણં।

એ સવ્વયાયં ઈઈ વેયઈત્તા, અવાઠ્ઠિએ સંજમ દિહરાયં।।

અર્થાત્ ક્રિયાવાદ, અક્રિયાવાદ, વિનયવાદ અને અજ્ઞાનવાદ- આ ચાર એકાન્તોને (પરિપૂર્ણ ન માનતા તેમનો સાપેક્ષભાવે સ્વીકાર કરે છે. સાપેક્ષભાવોનો સ્વીકાર કરવાથી વાદ-વિવાદાનો સાગર તરી શકાય છે. વિશિષ્ટ શૈલીથી સાપેક્ષભાવે સમજીને, તેઓ સંયમનો અર્થાત્ સાધનાનો અનેકાન્તદર્શનનો આરંભ થયો.

અનેકાન્ત દર્શનને સમજાવવાના ખૂબ પ્રયત્નો પંડિતોએ કર્યા છે. અનેકાન્ત અર્થાત્ એક જ દ્રવ્યમાં અનેક ધર્મો, લક્ષણ, ગુણો, અવસ્થાઓનું કથન, વિરોધી લક્ષણોનો સમન્વય મુખ્યતયા ગૌણાત્વની અપેક્ષાએ હોય છે. જે રીતે આત્મા સ્વભાવતી નિત્ય અને શુદ્ધ છે, જન્મ અને મૃત્યુની અવસ્થા અનિત્ય છે, રાગાદિને કારણે શુદ્ધ છે- આવું કથન કેવળ કલ્પના નથી કારણ કે, આ કથન સત્ય આધારિત છે. કોઈ એક પુરુષ કોઈનો મિત્ર છે, કોઈનો પતિ છે, કોઈનો પિતા છે. એક પુરુષમાં આવી વિવિધ અવસ્થિતિઓનું હોવું સત્ય છે અને સંભવિત પણ છે. એમ અનેકાન્તમાં શંકા- સંશય નથી પરંતુ અપેક્ષિત કથન હોય છે. અપેક્ષારહિત કથન મિથ્યા હોય છે. અનેકાન્ત અનેકાન્તકથન આવી શકે. પરંતુ એકાન્તમાં અનેકાન્તનો નિર્દેશ ન થઈ શકે.

અજ્ઞજનોના જ્ઞાનસ્વરૂપ આત્માના ઉપદેશ માટે, તેની અનેક શુદ્ધ અવસ્થાઓના જ્ઞાન માટે તત્ત્વના હેય અને ઉપાદેયના વિવેક માટે, અનેકાન્તદૃષ્ટિથી યોગ્યતાની પ્રસિદ્ધિ માટે અનેકાન્ત છે. વિધિ અને નિષેધની યોગ્યતાની પ્રસિદ્ધિ માટે અનેકાન્ત છે. અનેકાન્તના બે ભેદ છે. સમ્યગ્ અનેકાન્ત અને મિથ્યા અનેકાન્ત.

અનેકાન્ત એટલે કે વિવિધ દષ્ટિબિંદુથી અવલોકવું- સ્વીકારવું. સત્ય એક જ છે એ હક્કીત છે પણ તેમ છતાં એના અનંતસ્વરૂપો શક્ય છે. આવા સ્વરૂપોનું વિવિધ દષ્ટિએ દર્શન કરવું કે અવલોકવું એટલે અનેકાન્ત.

અનેકાન્તદર્શનમાં વિરોધી કે અન્ય મતવાદીના મતનો- વિચારનો પુરા આદર સાથે સ્વીકાર કરવામાં આવે છે. કોઈનો નકાર, કોઈ પરત્વે અસંમતિ દર્શાવવામાં પણ સૂક્ષ્મ અહિંસા રહેલી છે. જૈન દર્શનની અહિંસાની વિભાવના અનેકાન્તદર્શનના ઉદ્ભવ પાછળ કારણભૂત જણાય છે.

સામાન્ય વ્યવહારમાં અનેકાન્તદર્શન હકારાત્મક વાતાવરણનું નિર્માણ કરે છે, જ્ઞાનની ક્ષિતિજ વિસ્તારે છે અને તમામને સ્વીકારવાનું વલણ સંવાદિતા સર્જે છે. આમ, વિસંવાદમાં કે વિભિન્ન મતવાદીઓ વચ્ચે સંવાદિતા સ્થાપિત કરનારું ઘટક અનેકાન્ત છે. સર્વ વસ્તુમાં સર્વધર્મને જોવાથી અને સ્વીકારવાથી અર્થાત્ એની દરેક અપેક્ષાઓ વસ્તુ સ્વરૂપનિર્ણિત કરતું હોઈને આ દર્શન માટે 'અનેકાન્તદર્શન' એવી સંજ્ઞા સમુચિત રીતે પ્રયોજાઈ છે.

સપ્તભંગી, નય, નિક્ષેપ અને પ્રમાણ જેવી જૈનદર્શનની સંજ્ઞાઓથી અનેકાન્તને વધુ સ્પષ્ટ, સુરેખ રીતે સમજી શકાય છે કે સમજાવી શકાય છે. સપ્તભંગીના સાત રૂપો, નયના સાત રૂપો, નિક્ષેપના ચાર રૂપો અને પ્રમાણના બે રૂપો અને એના પેટા ભેદરૂપોની, એના સ્વરૂપની, અર્થસંદર્ભની વિગતે વાત અને વિભાવનાને સમજવાથી અનેકાન્તદર્શન સુસ્પષ્ટ બની રહે છે. મૂળે તો મહાવીરે પુરોગામીઓની પરંપરાને પોતીકા વ્યવહાર, વર્તન અને વાણીથી જૈનદર્શનના ખરા પરિચાયક અનેકાન્તદર્શનને વિગતે વિચાર્યું એનો ઘણો મહિમા એ કારણે પણ સ્થિર થયો, સ્થાપિત થયો. અનેકાન્તદર્શનને સમજનારા અને સમજાવનારાઓ પણ તિથિ અને તીર્થસ્થાનો સંદર્ભે એકમત નથી. જડતા, રૂઢિદાસ્ય અને પરંપરાને માટે દુરાગ્રહીપણું અનેકાન્તના ઉપાસકો દ્વારા પ્રગટે ત્યારે આ દર્શન અને પરંપરા પરત્વે, એમાં સાધકો- ઉપાસકો પરત્વે અહોભાવ પ્રગટતો અટકે છે.

અનેકાન્તવાદ સંજ્ઞા ભલે પ્રચલિત હોય કે પ્રસ્થાપિત હોય પણ વાદ-વિવાદમાંથી આ સંજ્ઞા જન્મી નથી કે સંજ્ઞા માટે કોઈ વાદ-વિવાદ નથી. વાદ એ ઈઝમ-ismનો ગુજરાતી અનુવાદ છે. અંગ્રેજી અર્થચ્છાયા પણ પ્રતિબદ્ધતાની પરિચાયક છે. અનેકાન્ત દર્શન એ જીવન- વ્યવહાર- વર્તનની શૈલી છે, જૈન મતાનુસારી જીવનપદ્ધતિનું એક લક્ષણ છે.

આગમના સૂત્રો, મહાવીર અનુપ્રાણિત સાહિત્યનું અધ્યયન અને પંડિતો સાથેના વિમર્શમાંથી પ્રાપ્ત પરિચયને પ્રસ્તુત કરવાનું બન્યું, એ નિમિત્તે ધર્મલાભ રળવાનું બન્યું એની પ્રસન્નતા સાથે.

★

## પૂર્વગ્રહ

વ્યક્તિ સંબંધી માન્યતા- 'આ તો આવા જ છે. ખોટા કામ જ કરતા હોય છે. તેને ધર્મ ગમતો જ નથી.' આમ સાચી વાત જાણ્યા-સમજ્યા વિના કોઈના માટે ગ્રંથિ બાંધી બેસીએ છીએ, પણ ભાઈ કાલની ખરાબ વ્યક્તિ આજ સુધરી પણ શકે છે. શું તમે બધા સારા જ છો? તમારામાં કોઈ દોષ-દુર્ગુણ નથી? હોય, કોઈનાથી બે ભૂલ થાય તો કોઈનાથી એક.

જો વ્યક્તિ ક્યારેય સુધરી શકતી ન હોય તો કોઈનો મોક્ષ થાય જ નહિ, માટે ખોટા સર્ટિફિકેટ આપવાનું છોડી દો. તમે તમારી જાતને સુધારવા માંડો. અર્જુનમાળી રોજની સાત હત્યા કરનાર સુધરી ગયા છે કે નહિ? જીવન બદલાવવા માટે વર્ષોની કે મહિનાની જરૂર નથી, પણ ઘડી-બેઘડી કાફી છે.

*'એક ઘડી આધી ઘડી, આધી મેં પુની આધ*
*તુલસી સંગત સાધુ કી, કટે કોટી અપરાધ.'*

બસ, જાગ્યા ત્યારથી સવાર. ચેતી જશો તો કર્મબંધથી અટકી જશો. તીવ્રરસ રેડશો તો નિકાચિત કર્મ બંધાશે. પછી જેવા રસે કર્મ બાંધ્યું હશે, તેવા રસે ભોગવવું પડશે. એની કોઈ દવા નથી. દૂધ-પાણી એક થઈ ગયા. એ ગમે તે રીતે ઉદયમાં આવે. 'ઉગ્રગતાથી નિકાચિત કર્મ ખપી શકે.' એક કર્મગ્રંથકારક કહે છે.

મેતાર્યમુનિ આદિ મહાપુરુષોને કર્મો ઉદયમાં આવ્યા છતાં પણ તે સ્થિતપ્રજ્ઞ રહ્યા. ફક્ત સાક્ષીભાવ રાખતા શીખી જાઓ. માનો કે તમારા ઉપર ૫૦૦૦ રૂપિયાની ચોરીનું આળ આવ્યું. તમે રહી શકશો શાંતિથી? તમે નથી લીધા તો યે કેમ મૂંઝવણ થવા લાગી? તમને ખાતરી છે કે- 'તમે નથી લીધા. તમને તમારા પર પૂરો વિશ્વાસ છે, તો પછી બીજા ભલેને ગમે તે બોલે!' પૂર્વે મેં આળ ચડાવાવનું કર્મ બાંધ્યું. તે ઉદયમાં આવ્યું. બે-ચાર દિવસમાં સત્ય વાત બહાર આવે. સામેવાળા માફી માંગવા આવે કે- 'મારી ભૂલ થઈ ગઈ તમારા ઉપર ખોટો આક્ષેપ મૂક્યો.' પણ તમે બે દિવસ અર્તધ્યાન કર્યું. ખોટા વિચાર કરી કેવા કર્મ બાંધ્યા! મનથી તમે પણ વિચારી લીધું- 'હું પણ એના પર આળ ચડાવી બદલો લઈશ.' અરે! કયારેક એવા નસીપાસ થઈ જાય તો આપઘાત કરવાના પણ વિચાર આવે ને?

કષાયનો અભાવ હોય અને માત્ર યોગ હોય તો એક સમયનો કર્મબંધ થાય. કષાયો યોગમાં ન ભળે તો કેટલી શાંતિ રહે! કષાયો આવે તો આપણે સામેવાળા સાથે ઝઘડો કરીએ, બોલાચાલી કરીએ. કષાય ન આવે તો વિચારીએ- 'એ એના રસ્તે હું મારા રસ્તે.' સમભાવ ભીતરમાં છે. પાતાળકૂવો છે એમાંથી પાણી ફૂટ્યા જ કરશે. નીકળ્યા જ કરશે. કુદરતની કરામત એવી કે નારિયેળનાં મૂળમાં પાણીમાં રેડો, પણ નારિયેળમાંથી પાણી નીકળે. નીચેનું પાણી ઉપર ચઢે.

તમે એક ડાયરી બનાવો. દરરોજ કેટલી વાર કષાય આવ્યો? કયુ નિમિત્ત હતું તે બધું લખો. આઠમે દિવસે ડાયરી વાંચો તો તમને ખબર પડશે કે આપણા જેવો મૂર્ખ કોઈ નથી!

તમે તમારા ભાવમાં રહો, એટલે કાંઈ પણ કર્યા વિના પુણ્યબંધન ચાલુ. પુણ્યબળ પ્રબળ બનશે. કર્મનિર્જરા થશે.

(સુપર ડુપર આત્મા- ચાતુર્માસ વ્યાખ્યાન સંગ્રહ)માંથી ★

# જીવનના વ્યવહારમાં અતિશય ઉપયોગી અનેકાન્તવાદ... સ્યાદ્વાદ... અને નયવાદ

☐ પંન્યાસ ડૉ. અરુણવિજય મ.

*[આચાર્ય શ્રી પ્રેમસૂરિ મહારાજના ભાઈ આચાર્ય શ્રી સુબોધસૂરિ મહારાજના શિષ્ય શ્રી અરુણવિજયજીએ 'ઈશ્વર સૃષ્ટિના કર્તા છે કે નહીં?' જેવા તત્ત્વજ્ઞાનના ગહન વિષય પર પીએચ.ડી. કર્યું છે. આ વિષય પરના તેમના બે પુસ્તકો ઉપરાંત અધ્યાત્મ અને તત્ત્વજ્ઞાનની સરળ ચર્ચા કરતા તેમના બીજા ગ્રંથો વાચકની જ્ઞાનતૃષાને સંતોષે છે. પ્રસ્તુત લેખમાં અનેકાન્તવાદ, સ્યાદ્વાદ અને નયવાદની તાત્ત્વિક ભૂમિકા સમજાવતાં તેમણે વ્યવહારિક સ્પષ્ટતા આપી છે.]*

સંપૂર્ણ જૈન ધર્મની જ્ઞાનગંગાની મૂળ ગંગોત્રી એક માત્ર તીર્થંકર ભગવંતો જ છે. તેમને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થયા પછી કેવળજ્ઞાન કલ્યાણકની ઉજવણી કરવા દેવતાઓ આવીને સમવસરણની રચના કરે છે. સર્વજ્ઞપ્રભુ આવા Congrigation place- સમવસરણમાં દેશના આપે છે. અર્થથી તત્ત્વની અપાતી દેશના શ્રવણ કરીને ગણધર ભગવંતો સૂત્રબદ્ધ રચના કરે છે. તે જ કાળાન્તરે આગમ શાસ્ત્ર સ્વરૂપે પ્રસિદ્ધિ પામે છે.

સર્વજ્ઞ પ્રભુનું કેવળજ્ઞાન- કેવળદર્શન સર્વવ્યાપી હોય છે. અહીંયા સર્વ શબ્દને દ્રવ્ય-ક્ષેત્ર- કાળ- ભાવ- ભવાદિ નિક્ષેપાઓની સાથે જોડીને જોઈએ તો સર્વદ્રવ્ય, સર્વક્ષેત્ર, સર્વકાળ, સર્વભાવ, સર્વભવાદિ અર્થમાં વ્યાપક જ્ઞાન-દર્શન થાય છે. આ રીતે સર્વ નિક્ષેપાઓથી વિચારીએ.

**૧. સર્વદ્રવ્યઃ** સર્વ શબ્દ સમસ્ત- સંપૂર્ણવાચી છે, સંખ્યાવાચી પણ છે. પ્રમાણ-માપવાચી પણ છે. સમસ્ત દ્રવ્યોને અને તેમના સર્વાંગીણ સંપૂર્ણ સ્વરૂપને સર્વજ્ઞ કેવલી પોતાના અનન્તદર્શન વડે આત્મપ્રત્યક્ષથી જુએ છે અને અનન્તજ્ઞાન વડે જાણે છે. એવા સર્વ દ્રવ્યો જે અસ્તિત્વ ધરાવે છે, તે માત્ર પાંચ જ છે. અસ્તિકાયાત્મક અસ્તિત્વ ધરાવતા હોવાથી સંખ્યાવાચી પાંચ શબ્દ સાથે જોડીને સંખ્યાવાચી પાંચ શબ્દ સાથે જોડીને પંચાસ્તિકાય તેની સંખ્યા અપાઈ છે.

**પંચાસ્તિકાયાત્મક પાંચ દ્રવ્યો**

૧. જીવાસ્તિકાય ૨. ધર્માસ્તિકાય ૩. અધર્માસ્તિકા.ય ૪. આકાશાસ્તિકાય ૫. પુદ્ગલાસ્તિકાય.



આ પંચાસ્તિકાયાત્મક પાંચેય પદાર્થોના સમ્મિલિત- સમૂહાત્મક સંયુક્ત સ્વરૂપને જ જગત્- વિશ્વ એવી સંજ્ઞા આપવામાં આવી છે. આ રીતે આખું બ્રહ્માંડ- જગતને એ બીજું કંઈ જ નથી પરંતુ માત્ર અસ્તિત્વ ધરાવતા એવા અસ્તિકાયાત્મક પાંચ પદાર્થોનુ સમૂહાત્મક સ્વરૂપ જ છે. અસ્તિત્વ જ ત્રિકાળ નિત્ય- શાશ્વત સ્વરૂપે છે. શાશ્વતનો અર્થ જ છે અનાદિથી અસ્તિત્વ ધરાવે છે અને અનન્ત કાળ સુધી એકધારું અસ્તિત્વ ટકી રહે છે. માટે જ આ સર્વ પદાર્થો અનુત્પન્ન- અવિનાશી કક્ષાના છે. જ્યારે ક્યારેક ઉત્પન્ જ ન થાય, બની જ ન શકે તેને અનુત્પન્ન કહેવાય. આવા જ પદાર્થો ત્રિકાળ- નિત્ય- ત્રૈકાલિક શાશ્વત હોય છે.

આવા નિયમની કસોટી ઉપર અસ્તિકાયાત્મક- પાંચેય પંચાસ્તિકાયોના પદાર્થોને ચકાસવામાં આવે તો તે બધા આવા જ પદાર્થો છે. આ સિદ્ધાન્તાનુસાર આખું સંપૂર્ણ જગત- વિશ્વ ત્રિકાળ નિત્ય શાશ્વત જ છે. મૂળમાં પદાર્થો જ જ્યારે ઉત્પન્ન થવાના સ્વભાવવાળા જ નથી તો પછી તેમના સંમિશ્રણની સંમ્મિલિત કક્ષાવાળા વિશ્વની ઉત્પતિ માનવી તે પણ અસ્થાને છે. પદાર્થો જ મૂળમાં ઉત્પત્તિશીલ- ઉત્પન્ન થવાના સ્વભાવવાળા જ નથી તેથી આ પંચાસ્તિકાયાત્મ જગત- વિશ્વ પણ સોત્પન્ન કક્ષાનું નથી. અને જે જે ઉત્પત્તિશીલ જ નથી તે તે વિનાશી પણ નથી. અનુત્પન્ન પદાર્થો અને તેની સંમ્મિલિત અવસ્થાવાળું વિશ્વ પણ અવિનાશી જ છે. જે જે અનુત્પન્ન- અવિનાશીની કક્ષાવાળું હોય તે તે ત્રિકાળનિત્ય ત્રૈકાલિક શાશ્વત જ હોય છે. માટે આ સમગ્ર બ્રહ્માણ્ડરૂપ જગત ક્યારેય નષ્ટ થવાનું જ નથી.

માટે આવા બ્રહ્માણ્ડરૂપ સંપૂર્ણ વિશ્વને ઉત્પન્ન- નિર્માણ કરનારને સર્જક અને તેનો પ્રલય કરનારાને વિસર્જક- પ્રલયકર્તાદિ રૂપે માનવા અને તેને સૃષ્ટિના સર્જનહાર- વિસર્જનહારની ઉપમાઓથી નવાજીને ઈશ્વર- પરમેશ્વરના બિરૂદથી સંબોધીને સદા તેની તેવા જ સ્વરૂપે સ્તુતિ- સ્તવના કરતા રહેવાની પ્રવૃત્તિ સર્વથા મિથ્યા છે.

**ગુણ-પર્યાયાત્મક પદાર્થ સ્વરૂપ**

સંસારના પંચાસ્તિકાયાત્મક પાંચેય પદાર્થો મૂળમાં ગુણપર્યાત્મક દ્રવ્યો છે. ગુણ- પર્યાયાવદ્ દ્રવ્યનું તત્ત્વાર્થનું સુત્ર આ સ્વરૂપને સ્પષ્ટ કરે છે. એક પણ દ્રવ્ય ગુણ વગરનો નથી, હોઈ જ ન શકે. એવી જ રીતે પર્યાય વગરના પણ નથી. ૧. આકાશ દ્રવ્ય અવકાશ પ્રદાન ગુણવાળો છે. ૨. ધર્માસ્તિકાય દ્રવ્ય ગતિસહાયક ગુણવાળો, ૩. અધર્માસ્તિકાય દ્રવ્ય સ્થિતિ સહાયક, ૪. પુદ્ગલ દ્રવ્ય વર્ણ- ગંધ-રસ-સ્પર્શાદિ ગુણવાળો અને ૫. જીવાસ્તિકાય દ્રવ્ય જ્ઞાન-દર્શનચારિત્ર- તપ- વીર્ય- ઉપયોગાદિ ગુણવાળો દ્રવ્ય છે. આવી રીતે બધા જ દ્રવ્યો પોતપોતાના ગુણોવાળા છે. ગુણરહિત એક પણ નથી. અને એક દ્રવ્યના ગુણોને બીજા દ્રવ્યમાં સંક્રમિત થતા નથી. સ્વદ્રવ્યને છોડીને ગુણો પર (અન્ય) દ્રવ્યમાં જતા નથી. તેથી દ્રવ્ય પરગુણરૂપે રહેતું નથી. ગુણો ભેદક છે. એકથી બીજાને જુદા પાડવાવાળા છે. ગુણો વડે જ તે દ્રવ્યનું મૂળ સ્વરૂપ ઓળખાય છે. દ્રવ્યાનુયોગના આવા પાયાભૂત સિદ્ધાન્તોનું જ્ઞાન ખૂબ જ અગત્યનું- અનિવાર્ય છે.

**પર્યાય સ્વરૂપઃ**



પર્યાય- આકાર- પ્રકાર સ્વરૂપે છે. પ્રત્યેક દ્રવ્યની પોતાની પર્યાયો છે. આત્મા- આકાશાદિ અમૂર્ત દ્રવ્યો છે. જ્યારે એકમાત્ર પુદ્ગલજ મૂર્ત દ્રવ્ય છે. આકાશ અનન્ત છે. અમાપ છે અને અસમી છે. જ્યારે ધર્માસ્તિકાય-



અધર્માસ્તિકાય બન્ને દ્રવ્યોની પર્યાય વિષ્કંભાકાર- ચતુર્દશ રજવાત્મક લોકપુરુષાકાર છે. આવી એમના પર્યાય છે. બન્ને દ્રવ્યો અમૂર્ત છે. અરૂપી- અદૃશ્ય છે. અને આ બન્ને દ્રવ્યો સર્વાંશે સમાન્તર છે. સમાન સ્વરૂપે ચે. માપ-પ્રમાણ તેમજ આકાર- પ્રકારાત્મક પર્યાયરૂપે પણ સમાન છે. એક સરખા જ છે. સમક્ષેત્રી છે. માત્ર ગુણ ભેદે જ ભિન્ન છે. ગતિસહાયક ગુણ વડે જ ધર્માસ્તિકાય સ્વથી ભિન્ન પર એવા અધર્માસ્તિકાય દ્રવ્યથી સર્વથા ભિન્ન છે. એવી જ રીતે અધર્માસ્તિકાય દ્રવ્ય સ્થિતિસહાયક એવા સ્વગુણ વડે પર દ્રવ્ય સ્વરૂપ ધર્માસ્તિકાય આદિથી સર્વથા ભિન્ન સ્વતંત્ર છે.

**જીવાત્મા અને પુદ્ગલ દ્રવ્યઃ**

પંચાસ્તિકાયાત્મક પાંચેય પદાર્થોમાં એક માત્ર જીવાત્મદ્રવ્ય અને પ્રદ્ગલ આ બંને દ્રવ્યો જ પરસ્પરે મળે છે અને છૂટા પડે છે. સંયોગ-વિયોગ થતા જ રહે છે. પુદ્ગલ દ્રવ્યના પરમાણુઓ ગ્રહણ કરીને તેને દેહ બનાવીને તેમાં દેહાકાર પર્યાય ધારણ કરીને જીવાત્મા પોતાના આયુષ્ય કર્મની કાળાવધિ સુધી રહે છે. તે સમાપ્ત થયા તે પુગલાત્મક દેહ છોડીને જીવાત્મા જાય છે અને સ્વકર્માનુસાર બીજો દેહ બનાવીને તેમાં રહે છે- તે ધારણ કરે છે. જે વખતે જેવો દેહ ધારણ કરીને રહે છે તે વખતે જીવાત્મા તેવી પર્યાયવાળા તરીકે ઓળખાય છે. તેવી નામદિની સંજ્ઞા વડે વ્યવહારમાં ઓળખાય છે. પદાર્થના મૂળ સ્વરૂપનું આ ભેદજ્ઞાન સાચા અર્થમાં સમજી લેવું જોઈએ. પુદ્ગલનો બનેલો દેહ અને તેમાં રહેતા ચેતન આત્માને તે દેહાકાર પર્યાયમાં રહેવાથી અભિન્ન- એક સ્વરૂપે માની લેવાની જે ભક્તિ-ભ્રમણા જીવ કરી લે છે.... બસ આ અજ્ઞાન દશા જ જીવને દુઃખી કરી મૂકે છે. માટે જ બન્નેમાં ભેદબુદ્ધિ કરવાની વાત અધ્યાત્મ શાસ્રો સમજાવી છે. અધ્યાત્મ શાસ્ર વડે ભેદજ્ઞાન કરીને સ્વથી સર્વથા ભિન્ન પર એવા પુદ્ગલ દ્રવ્યને ઓળખી લેવામાં આવે અને તેના વર્ણ-ગંધ-સ્પર્શાદિ ગુણોમાં જીવાત્મા આકર્ષાય નહીં. મોહિત ન થાય તો જ જીવાત્માનું કલ્યાણ થાય તેમ છે. અન્યથા સંભવ જ નથી. પર એવા પુદ્ગલ દ્રવ્યમાં પોતાપણાની સ્વબુદ્ધિ કઈ લઈને પોતાને દેહાકાર માની લઈને અભેદભાવે જીવો જે વ્યવહાર કરે છે તે વડે જ મિથ્યારૂપે દુઃખી થાય છે.

જીવ-પુદ્ગલ દ્રવ્યોની સંયોગ- વિયોગરૂપે પર્યાયો બદલાતી જ રહે છે. બસ આ પ્રક્રિયા જ ઉત્પાદ- વ્યયરૂપે ઓળખાય છે. જો બન્નેમાંથી એક પણ દ્રવ્યના ગુણો એક-બીજામાં જતા નથી. એ પ્રમાણે ચેતન જીવાત્માના જ્ઞાન- દર્શનાદિ ગુણો સ્વદ્રવ્ય આત્માને છોડીને પરદ્રવ્ય પુદ્ગલમાં જતા જ નથી. પુદ્ગલરૂપે થતા જ નથી. દ્રવ્યનું પરદ્રવ્યરૂપે પરિવર્તન કે પરિણમન થતું જ નથી. એવી જ રીતે ગુણોનું પણ પરદ્રવ્યના ગુણરૂપે પરિવર્તન કે પરિણમન સંભવ જ નથી. પરંતુ આ જીવ- પુદ્ગલ બન્ને દ્રવ્યોની સંમ્મિલિત અવસ્થામાં જે અભેદ બુદ્ધિ જીવાત્મામાં આવી જાય છે તે તેની અજ્ઞાનદશાના કારણે છે. પરંતુ જીવ જો તેને જ સાચું માની લે તો આ ભ્રાન્તિ જ મિથ્યાત્વ છે. આવી મિથ્યા-ભ્રાન્ત ધારણા-માન્યતામાંથી બહાર નીકળવા જીવે મથવું જોઈએ. અને તે માટે સર્વજ્ઞવચન ને સારી રીતે સમજી વિચારીને સાચું સમ્યગ્જ્ઞાન મેળવવું જોઈએ અને સમ્યગ્દર્શન તરફ વળવું જોઈએ.

**અનેકાન્તવાદ- સ્યાદ્વાદ- નયવાદનું ઉદ્ગમઃ**

આ ત્રણેય વાદોનો મૂળ આધાર પદાર્થ સ્વરૂપ છે. પદાર્થો પોતાના મૂળભૂત દ્રવ્ય સ્વરૂપે ત્રિકાળ નિત્ય શાશ્વત છે. જ્યારે ગુણ- પર્યાય સ્વરૂપે ઉત્પાદ- વ્યયાત્મક સ્થિતિવાળા છે. પદાર્થોના મૂળભૂત સ્વરૂપના આધારે જ સંપૂર્ણ જોવું- જાણવું- અનેક સ્વરૂપે તેની જાણી-જોઈને વિચારવું, તેનું સ્વરૂપ બીજાને જણાવવા કહેવું અને દૃષ્ટિ વિશેષથી આંશિર રૂપે કહેવું આદિ વ્યવહારોના કારણે અનેકાન્તવાદ, સ્યાદ્વાદ, નયવાદ આદિ ત્રણેય વાદો- વ્યવહારમનાં આવે છે. અનેકાન્તવાદ વધારે ચિંતન- મનના સ્તરનું છે. જેમાં પદાર્થોના દ્રવ્ય સ્વરૂપને ધ્રુવ- નિત્ય સ્વરૂપે, ગુણ- પર્યાયના ઉત્પાદક- વ્યયાત્મક પરિવર્તનશીલ સ્વરૂપને જાણવા- સમજવા- વિચારવાનું હોય છે. જ્યારે સ્યાદ્વાદ ભાષા વ્યવહાર વડે તેને બીજાને જણાવવા કહેવા માટે ઉપયોગી બને છે. એનાથી પણ વધારે કોઈ ખાસ દૃષ્ટિ વિશેષ વડે તેના આંશિક સ્વરૂપને કહેવા- બોલવાદિ વ્યવહાર માટે નયવાદની ભાષા પદ્ધતિ વપરાય છે. આ રીતે આ ત્રણેય વાદો પોતપોતાના સ્વરૂપે વ્યવહારમાં છે. પરંતુ તે ત્રણેયનું મૂળ ઉદ્ગમ પદાર્થજ્ઞાન ઉપર આશ્રિત- આધારિત છે. જો પદાર્થ જ્ઞાનનો પાયો સુવ્યવસ્થિત મજબૂત નહીં હોય તો તેને વિચારવા- કહેવાની- બોલવાની ભાષા પદ્ધતિમાં પણ ભૂલો થવાની સંભાવના ઘણી વધારે રહેવાની. મૂળ પાયામાં જૈન સિદ્ધાન્તાનુસાર પદાર્થોનું સ્વરૂપ જ ત્રિપદીમય- ત્રિપદાત્મક જ છે- 'उत्पाद- व्यय- ध्रौव्यात्मकं सत्-' તત્ત્વાર્થાધિકારે પૂ. વાચકમૂખ્યજી ઉમાસ્વાતિ મહારાજ જેમણે જિનાગમોના દોહનરૂપે આવી સૂત્ર રચના કરીને પદાર્થ સ્વરૂપ સ્પષ્ટ કરતાં જણાવ્યું છે કે ગુણ- પર્યાયવાળું દ્રવ્ય- ઉત્પાદક- વ્યય- ધ્રુવ સ્વરૂપે છે. પદાર્થ- દ્રવ્ય માત્ર ગુણ-પર્યાયવાળું જ છે. ગુણ-પર્યાય વગરનું એક પણ દ્રવ્ય જ નથી. દ્રવ્યને છોડીને ગુણો કયાંય અન્યત્ર રહી શકે તેમજ નથી. અને એવી જ રીતે ગુણો વિના દ્રવ્ય રહી શકે જ નહીં. એવી જ રીતે પર્યાયની બાબતમાં પણ સમજવું જરૂરી છે. આવા ગુણ-પર્યાયવાળા પંચાસ્તિકાયાત્મક પાંચેય પદાર્થો જે દ્રવ્ય સ્વરૂપે ધ્રુવ- ત્રિકાળ નિત્ય જ છે અને નિત્ય શાશ્વત હોવા છતાં પણ તેમના ગુણો અને પર્યાયો ઉત્પન્ન- નષ્ટ થવાવાળા હોવાથી પરિવર્તનશીલ સ્વભાવે છે. ઉત્પાદ-વ્યય થવાને કારણે ગુણો પણ બદલાય છે અને પર્યાયો પણ બદલાય છે. પરંતુ આશ્ચર્યની વાત તો એ છે કે ઉત્પાદ-વ્યય થવા છતાં પણ મૂળ દ્રવ્ય સ્વરૂપ જે સર્વથા અવિનાશી નિત્ય જ રહે છે. આવું પેચીદું પદાર્થ સ્વરૂપ જેમને પણ સ્પષ્ય થતું નથી તેઓ સ્યાદ્વાદ- નવયાદની ભાષા પદ્ધતિ પણ સમજી શકતા નથી.

**સ્યાદ્વાદ- નયવાદની ભાષા પદ્ધતિઃ**

૧. સંપૂર્ણ સત્ય...... પ્રમાણ....... ૨. આંશિક સત્ય
સપ્તભંગી પ્રાણે                    સત્ય નય પ્રકમાણે

સર્વજ્ઞ- સર્વદર્શી ભગવંતે પોતાના અનન્તદર્શનમાં જોયા પ્રમાણે.... અને અનન્તજ્ઞાનમાં જાણ્યા પ્રમાણે... જે રીતે સંપૂર્ણ સત્ય

ને સ્યાદ્વાદની ભાષા પદ્ધતિથી જગત સમક્ષ જણાવ્યું છે તેમાં તે તે દ્રવ્યના એક-એક ગુણ-ધર્મને સ્યાદ્ શબ્દ જોડીને એક-એક વાક્યનું કથન કરતાં સાત જ ભાંગા થાય છે. સ્વ અને પર એમ બન્ને અપેક્ષાથી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ- ભાવની અપેક્ષાએ સાત ભાંગા થાય છે. એક વધારે એટલે આઠ પણ નહીં, અને એક ઓછું એમ છ પણ ભાંગા નથી થતા. થઈ થઈને ફક્ત સાત જ ભાંગા થાય છે. આ ભાંગા એટલે વાક્ય કથન. સ્વદ્રવ્ય જે લીધું હોય તેની પોતાની દ્રવ્ય-ક્ષેત્ર- કાળ- ભાવની અપેક્ષાએ એક ગુણ ધર્મની અપેક્ષા વિચારવી અને એવી જ રીતે સ્વથી ભિન્ન પરની એવી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ- ભાવની બધી અપેક્ષાથી એક- એક-ગુણ- ધર્મ વિશે કથન કરવા જતા- અર્થાત્ કહેવા જતા સાત- સાત ભાંગા જ થાય છે. માટે સપ્તભંગી એવી સંજ્ઞા અપાઈ છે. ગણિતીય નિયમ પ્રમાણે દ્વિસંયોગી અસ્તિ- નાસ્તિ અને અવકતવ્ય સંબંધી સાત જ ભાંગા થાય છે. ઓછા-વધારે થઈ જ ન શકે, તે આ પ્રમાણે-

૧. સ્યાદસ્તિ આત્મા– કંથચિદ્ આત્મા છે. અર્થાત્ સ્વ દ્રવ્ય, ક્ષેત્ર-કાળ- ભાવની અપેક્ષાએ આત્મા છે.

૨. સ્યાન્નાસ્તિ આત્મા– પર દ્રવ્ય- ક્ષેત્ર- કાળઃ ભાવની અપેક્ષાએ આત્મા નથી. સ્વ. થી આત્મ દ્રવ્ય પોતે. તે વખતે- તે કાળે તે દેહ ક્ષેત્રમાં જ્ઞાન- દર્શનાદિનો વ્યવહાર કરતો આત્મા છે. પરંતુ જે વખતે સ્વ. આત્મ દ્રવ્યથી છે તે જ વખતે સ્વ થી ભિન્ન પર એવા જડ પુદ્ગલ દ્રવ્યરૂપે તે આત્મા નથી. અર્થાત્ જડ શરીર એ આત્મા નથી. દ્રવ્યથી પણ નથી. ક્ષેત્રથી તે શરીર આત્મા નથી. કાળથી તે વખતે પણ નથી અને ભાવથી તે જ્ઞાન- દર્શનાદિ વ્યવહર્તા પણ નથી.

૩. સ્વાદાસ્તિનાસ્તિ ચ આત્મા– પ્રથમ બન્ને ભંગ ભેગા કરતા સ્વ દ્રવ્ય- ક્ષેત્ર- કાળ- ભાવથી આત્મા હોવા છતાં તે જ વખતે પર દ્રવ્યાદિ સ્વરૂપે તે નથી.

૪. સ્વાદવક્તવ્ય– એક પણ શબ્દ એવો નથી કે જેના વડે હોવા છતાં નથી તે વ્યક્ત કરી શકે. માટે અવકતવ્ય છે.

૫. સ્યાદાસ્તિ ચ અવ્યક્તવ્યમાત્મા– બન્ને અસ્તિ- નાસ્તિની સંમ્મિલિત અવસ્થામાં હોવા છતાં કહી શકાતું નથી.

૬. સ્યાન્નાસ્તિ ચ અવક્તવ્યમાત્મા– બન્ને અસ્તિ-નાસ્તિની સંમ્મિલિત અવસ્થામાં એકલુ નથી એમ પણ કહી શકાય નહીં.

૭. સ્યાદાસ્તિ–નાસ્તિ ચ અવક્તવ્યોઽયમાત્મા– અસ્તિ- નાસ્તિપણું બન્ને અવસ્થાને એકી સાથે એક શબ્દથી વાચ્ય કરી શકાતું નથી.

આ રીતે સાતેય ભાંગાઓ વડે એક ધર્મ 'અસ્તિ'- હોવાપણાની અપેક્ષા લઈને તે દૃષ્ટિએ કથન કરતા તેની જ વિપરીતચ ન હોવાપણાની દૃષ્ટિ (અપેક્ષા)થી એમ ઉભય રીતે વિચારણા કરવાથી એક દ્રવ્યના સર્વાંગીણ સ્વરૂપની એક ધર્મ 'અસ્તિ'ની વિવક્ષા થાય છે. એવી એક-એક ધર્મની અપેક્ષાથી તેના વિરોધી ધર્મની અપેક્ષાથી વાદ કથન થાય છે. તેથી વધુ સ્પષ્ટ થાય છે. આવી રીતે દ્રવ્યગત અનેક ધર્મો છે. બધા ધર્મોની અપેક્ષાથી વિવક્ષા કરીને એક દ્રવ્ય સંબંધી વાદ-કથન કરતા પરને બોધ કરાવી શકાય છે. એક દ્રવ્ય વિષે પ્રરૂપણા કરી શકાય છે. તો જ એક દ્રવ્ય વિષેનું સંપૂર્ણ જ્ઞાન થઈ શકે. અસ્તિથી હોવાપણું, અને નાસ્તિથી ન હોવાપણું એમ પરસ્પર વિરુદ્ધ ગુણધર્મો બોધ સ્પષ્ટ થાય છે. પછી શંકા ને અવકાશ રહેતો જ નથી. આ રીતે સ્વાદ્વાદ ભાષા પદ્ધતિ પરિપૂર્ણ સંપીૂર્ણ સત્ય શોધક છે. સ્યાદ્ શબ્દ કથંચિત અર્થમાં હોઈને બીજા ભંગની અપેક્ષા દર્શાવે છે. તેથી જ સ્વ અપેક્ષાથી વિવશ કરવા છતાં તે જ વખતે પર દ્રવ્યાદિની અપેક્ષાને પણ પહેલાથી જ અભિપ્રેત કરે છે. આ રીતે સ્પષ્ટ થાય છે કે સ્યાદ્વાદ એ સંશયવાદ નથી. પરંતુ તે સત્ય શોધકવાદ છે. એક દ્રવ્યના એક-ગુણઃધર્મની વિવક્ષા કરીને તે જ વખતે તેના પરસ્પર વિરોધી ગુણ-ધર્મની પર રૂપે અપેક્ષા કરીને વાદ-કથન કરવાની કહેવાની ભાષા પદ્ધતિમાં કંઈ જ સંશય ન રહેતા તે અધૂરી પણ નથી તેમજ શંકાસ્પદ, સંશયાત્મક પણ નથી. આ રીતે મૂળમાં જ પદાર્થ સ્વરૂપ અને સ્યાદ્વાદની પદ્ધતિ ન સમજી શકનારા પૂર્વગ્રહગ્રસ્ત એવા કહેવાતા આદ્ય શંકારાચાર્ય અને તેમના અનુયાયી એવા રાધાકૃણન જેવા પણ સ્યાદ્વાદને સંશયવાદ કહીને પોતાની અજ્ઞાનતા વ્યકત કરે છે. સર્વજ્ઞ ભગવંતોએ પ્રરૂપેલા મૂળભૂત પદાર્થ સ્વરૂપને દ્રવ્ય-ગુણ- પર્યાયાત્મક અને ઉત્પાદ- વ્યય-ધ્રૌવ્યની ત્રિપદી સ્વરૂપે જાણી સમજીને એક એક ગુણધર્મની અપેક્ષાએ એક-એક સપ્તભંગીથી અનેકાન્ત રૂપે વિચારતા અને સ્યાદ્વાદની ભાષા પદ્ધતિથી જણાવતા પ્રમાણરૂપ- પ્રામાણિક વ્યવહાર થાય છે.

**નયવાદઃ**

જેઓ અપેક્ષા સહિત- સાપેક્ષ સ્વરૂપે પદાર્થગત ગુણધર્મોને કથન નથી કરતા. નિરપેક્ષભાવે એક અંશવિશેષ્યનું આંશિક કથન કરવાની ભાષા પદ્ધતિ એ નયવાદ છે. 'वक्तुरभिप्राय विशेष्यो नयः 'કહેનાર વક્તાઓ એક અભિપ્રાય વિશેષ્ય કહેવાય છે. કહેનાર વકતા બીજા કોઈએ અથવા બીજો નય શું કરે છે તેની દરકાર ન કરતા, તેની અપેક્ષા ન સમજતા પોતાને એક દૃષ્ટિકોણથી જે કહેવાનું છે તે જ કહે છે માટે નયો નિરપેક્ષ છે. જ્યારે સ્યાદ્વાદ સાપેક્ષ છે. ૧. નૈગમ, ૨. સંગ્રહ, ૩. વ્યવહાર ૪. ઋજુ સૂત્ર, ૫. શબ્દનય, ૬. સમભિરૂઢ અને ૭. એવંભૂત. આ સાત મુખ્ય નયો છે. ફક્ત ગચ્છતિ ઈતિ ગૌ- ચાલતી- જતી હોય તો ગાય કહેવી પરંતુ બેઠી કે ખાતી-પીતી હોય તો ગાય ન કહેવી. એવી દૃષ્ટિવાળા અલગ- અલગ નયો છે. એક નય એક જ દૃષ્ટિથી બોલે છે. તે સાપેક્ષભાવે બીજાની અપેક્ષાનો વિચાર સુદ્ધા કરવા તૈયાર નથી. માટે નયવાદ અપ્રમાણિક છે. એક નયથી એક પણ પદાર્થ દ્રવ્યનું સર્વાંગીણ- સંપૂર્ણ સત્ય સ્વરૂપ જાણી શકાય નહીં, સમજી શકાય નહીં. જ્યારે સર્વ ભાંગાઓની અપેક્ષાનો સામટો વિચાર કરીને કથન કરવાથી (વાદ) સ્યાદ્વાદ એ ભાષા કથનની પ્રમાણિક પ્રક્રિયા છે. એના વડે પદાર્થ- દ્રવ્યના એક- એક ગુણ ધર્મનો સાચો બોધ થાય છે. એમ કરતાં જો પદાર્થના બધા જ ગુણ-ધર્મનો સાત- સાત ભંગો વડે સાચું સ્વરૂપ સમજવામાં આવે તો પદાર્થનું સર્વાંગીણ- સંપૂર્ણ સ્વરૂપ જાણી શકાય.

સંસારના રોજીંદા વ્યવહારમાં નયવાદ જ મોટા પ્રમાણમાં લોકો વાપરે છે. સ્યાદ્વાદની ભાષા પદ્ધતિ સમજનારા- બોલનારા આદિ તો વિરલા છે. નયવાદની ભાષામાં આશય જ જો ન સમજાય, અને બીતા નયને પણ શું કહેવું છે તે પણ જો ન સમજાય તો કલેશ-કષાય અને કલહનું પ્રમાણ વધે. આ સમજીને સૌએ નયોનો આશય સમજવો તેમજ સ્યાદ્વાદ તરફ વળવું હિતાવહ છે. ★

# અનેકાન્તવાદ સિદ્ધાંત ઔર વ્યવહાર

☐ ડૉ. સાગરમલ જૈન

*[જૈન દર્શનના અતિ વિદ્વાન તેજસ્વી શ્રી સાગરમલજી જૈન પાર્શ્વનાથ શોધ સંસ્થાન, બનારસના પૂર્વ ડાયરેક્ટર છે. તેમના સૌથી વધુ પુસ્તકો, શોધ-નિબંધો, લેખો વગેરે પ્રકાશિત થયા છે. વર્તમાનમાં તેમણે પોતે સ્થાપિત કરેલ સંસ્થા 'પ્રાચ્ય વિદ્યાપીઠ', શાજાપુર (મધ્ય પ્રદેશ)માં કાર્યરત છે. પ્રસ્તુત અંકમાં તેમનો અનેકાંતવાદના વિકાસનો ઈતિહાસ અંગેનો લેખ પ્રગટ કરેલ છે. તેમના લેખમાં સંશોધન દૃષ્ટિની નિપુણતા જોવા મળે છે.]*

દર્શન કા જન્મ માનવીય જિજ્ઞાસા સે હોતા હૈ. ઈસા પૂર્વ છઠી શતી મેં મનુષ્ય કી વહ જિજ્ઞાસા પર્યાપ્ત રૂપ સે પ્રૌઢ હો ચુકી થી. અનેક વિચારક વિશ્વ કે રહસ્યોદ્‌ઘાટન કે લિએ પ્રયત્નશીલ થે. ઇન જિજ્ઞાસુ ચિન્તકોં કે સામને અનેક સમસ્યાએં થીં, જૈસે- ઇસ દૃશ્યમાન વિશ્વ કી ઉત્પત્તિ કૈસે હુઈ, ઇસકા મૂલ કારણ ક્યા હૈ? વહ મૂલ કારણ યા પરમતત્ત્વ જડ હૈ યા ચેતન? પુનઃ યહ જગત્ સત્ સે ઉત્પન્ન હુઆ હૈ યા અસત્ સે? યદિ યહ સંસાર સત્ સે ઉત્પન્ન હુઆ તો વહ સત્ યા મૂલ તત્ત્વ એક હૈ યા અનેક. યદિ વહ એક હૈ તો વહ પુરુષ (બ્રહ્મ) હૈ યા પુરુષેતર (જડતત્ત્વ) હૈ. યદિ પુરુષેતર હૈ તો વહ જલ, વાયુ, અગ્નિ, આકાશ આદિ મેં સે ક્યા હૈ? પુનઃ યદિ વહ અનેક હૈ તો વે અનેક તત્ત્વ કૌન સે હૈં? પુનઃ યદિ યહ સંસાર સૃષ્ટ હૈ તો વહ સ્રષ્ટા કૌન હૈ? ઉસને જગત્ કી સૃષ્ટિ ક્યોં કી ઔર કિસસે કી? ઇસકે વિપરીત યદિ યહ અસૃષ્ટ હૈ તો ક્યા અનાદિ હૈ? પુનઃ યદિ યહ અનાદિ હૈ તો ઇસમેં હોન વાલે ઉત્પાદ્, વ્યય રૂપી પરિવર્તનોં કી ક્યા વ્યાખ્યા હૈ, આદિ. ઇસ પ્રકાર કે અનેક પ્રશ્ન માનવ મસ્તિષ્ક મેં ઉઠ રહે થે. ચિન્તકોં ને અપને ચિન્તન એવં અનુભવ કે બલ પર ઇનકે અનેક પ્રકાર સે ઉત્તર દિયે. ચિન્તકોં યા દાર્શનિકો કે ઇન વિવિધ ઉત્તર યા સમાધાનોં કા કારણ દોહરા થા, એક ઔર વસ્તુતત્ત્વ યા સત્તા કી બહુઆયામિતા ઔર દૂસરી ઔર માનવીય બુદ્ધિ, ઐન્દ્રિક અનુભૂતિ એવં અભિવ્યક્તિ સામર્થ્ય કી સીમિતતા. ફલતઃ પ્રત્યેક ચિન્તક યા દાર્શનિક ને સત્તા કો અલગ- અલગ રૂપ મેં વ્યાખ્યાયિત કિયા.

**અનેકાન્તવાદ કે વિકાસ કા ઇતિહાસ**

ભારતીય સાહિત્ય મેં વેદ પ્રાચીનતમ હૈ. ઉનમેં ભી ઋગ્વેદ સર્વાધિક પ્રાચીન હૈ ઉસકે નાસદીયસૂક્ત (૧૦:૧૨:૨) મેં પરમતત્ત્વ કે સત્ યા અસત્ હોને કે સમ્બન્ધ મેં ન કેવલ જિજ્ઞાસા પ્રસ્તુત કી ગઈ, અપિતુ અન્ત મેં ઋષિ ને કહ દિયા કિ ઉસ પરસત્તા કો ન સત્ કહા જા સકતા હૈ ઔર ન અસત. ઇસ પ્રકાર સત્તા કી બહુઆયામિતા ઔર ઉસમેં અપેક્ષા ભેદ સે પરસ્પર વિરોધી ગુણ ધર્મોં કી ઉપસ્થિતિ કી સ્વીકૃતિ વેદકાલ મેં ભી માન્ય રહી હૈ ઔર ઋષિયોં ને ઉસકે વિવિધ આયામોં કો જાનને-સમઝને ઔર અભિવ્યક્ત કરને કા પ્રયાસ ભી કિયા હૈ. માત્ર યહી નહીં ઋગ્વેદ (૧:૧૬૪:૪૬) મેં હી પરસ્પર વિરોધી માન્યતાઓં મેં નિહિત સાપેક્ષિક સત્યતા કો સ્વીકાર કરતે હુએ યહ ભી કહા ગયા હૈ-**એકં સદ્ વિપ્રાઃ બહુધા વદંતિ** – અર્થાત્ સત્ એક હૈ વિદ્વાન્ ઉસે અનેક દૃષ્ટિ સે વ્યાખ્યાયિત કરતે હૈં.

ઇસ પ્રકાર હમ દેખતે હૈં કિ અનેકાંતિક દૃષ્ટિ કા ઇતિહાસ અતિ પ્રાચીન હૈ. ન કેવલ વેદોં મેં અપિતુ ઉપનિષદોં મેં ભી ઇસ અનૈકાંતિક દૃષ્ટિ ઉલ્લેખ કે અનેકોં સંકેત ઉપલબ્ધ હૈ. ઉપનિષદોં મેં અનેક સ્થલોં પર પરમસત્તા કે બહુઆયામી હોને ઔર ઉસમેં પરસ્પર વિરોધી કહે જાને વાલે ગુણધર્મોં કી ઉપસ્થિતિ કે સંદર્ભ મિલતે હૈં. જબ હમ ઉપનિષદોં મેં અનૈકાન્તિકદૃષ્ટિ કે સન્દર્ભોં કી ખોજ કરતે હૈં તો ઉનમેં હમેં નિમ્ન તીન પ્રકાર કે દૃષ્ટિકોણ ઉપલબ્ધ હોતે હૈં–

(૧) અલગ-અલગ સન્દર્ભોં મેં પરસ્પર વિરોધી વિચારધારાઓં કા પ્રસ્તુતીકરણ.

(૨) એકાન્તિક વિચારધારાઓં કા નિષેધ.

(૩) પરસ્પર વિરોધી વિચારધારાઓં કે સમન્વય કા પ્રયાસ.

સૃષ્ટિ કા મૂલતત્ત્વ સત્ હૈ યા અસત્ હમ ઇસ સમસ્યા કે સન્દર્ભ મેં હમે ઉપનિષદોં મેં દોનોં હી પ્રકાર કી વિચારધારાઓં કે સંકેત ઉપલબ્ધ હોતે હૈં. તૈત્તિરીય ઉપનિષદ (૨.૭) મેં કહા ગયા હા કિ પ્રારમ્ભ મેં અસત્ હી થા ઉસી સે સત્ ઉત્પન્ન હુઆ. ઇસી વિચારધારા કી પુષ્ટિ છાન્દોગ્યોપનિષદ્ (૩/૧૯/૧) મેં ભી ઉપલબ્ધ હોતી હૈ. ઉસમેં ભી કહા ગયા હૈ કિ સર્વપ્રથમ અસત્ હી થા ઉસસે સત્ હુઆ ઔર સત્ સે સૃષ્ટિ હુઈ. ઇસ પ્રકાર હમ દેખતે હૈં કિ ઇન દોનોં મેં અસત્‌વાદી વિચારધારા કા પ્રતિપાદન હુઆ, કિન્તુ ઇસી કે વિપરીત ઉસી છાન્દોગ્યોપનિષદ્ (૬:૨:૧,૩) મેં યહ ભી કહા ગયા કિ પહલે અકેલા સત્ હી થા, દૂસરા કુછ નહીં થા, ઉસી સે યહ સૃષ્ટિ હુઈ હૈ. બૃહદારણ્યકોપનિષદ્ (૧:૪:૧-૪) મેં ભી ઇસી તથ્ય કી પુષ્ટિ કરતે હુએ કહા ગયા હૈ કિ જો કુછ ભી સત્તા હૈ ઉસકા આધાર લોકાંતીત સત્ હી હૈ. પ્રપંચાત્મક જગત્ ઇસી સત્ સે ઉત્પન્ન હોતા હૈ.

ઇસી તરહ વિશ્વ કા મૂલતત્ત્વ જડ હૈ યા ચેતન ઇસ પ્રશ્ન કો લેકર ઉપનિષદોં મેં દોનોં હી પ્રકાર કે સન્દર્ભ ઉપલબ્ધ હોતે હૈં. એક ઔર બૃહદારણ્યકોપનિષદ્ (૨:૪:૧૨) મેં યાજ્ઞવલ્ક્ય, મૈત્રેયી સે કહતે હૈં કિ ચેતના ઇન્હીં ભૂતોં મેં સે ઉત્પન્ન હોકર ઉન્હીં મેં લીન હો જાતી હૈ તો દૂસરી ઓર છાન્દોગ્યોપનિષદ (૬:૨:૧,૩) મેં કહા ગયા હૈ કિ પહલે અકેલા સત્ (ચિત્ત તત્ત્વ) હી થા દૂસરા કોઈ નહીં થા. ઉસને સોચા કિ મૈં અનેક હો જાઉં ઔર ઇસ પ્રકાર સૃષ્ટિ કી ઉત્પત્તિ હુઈ. ઇસી તથ્ય કી પુષ્ટિ તૈત્તિરીયોપનિષદ્ (૨:૬) સે ભી હોતી હૈ. ઇસ પ્રકાર હમ દેખતે હૈં કિ ઉપનિષદો મેં પરસ્પર વિરોધી વિચારધારાયેં પ્રસ્તુત કી ગયી હૈં. યદિ યે સભી વિચારધારાયેં સત્ય હૈ તો ઇસસે ઔપનિષદિક ઋષિયોં કી

અનેકાન્ત દૃષ્ટિ કા હી પરિચય મિલતા હૈ. યદ્યપિ યે સભી સંકેત એકાન્તવાદ કો પ્રસ્તુત કરતે હૈં, કિન્તુ વિભિન્ન એકાન્તવાદોં કી સ્વીકૃતિ મેં હી અનેકાન્તવાદ કા જન્મ હોતા હૈ, અતઃ હમ ઇતના અવશ્ય કહ સકતે હૈં કિ ઔપનિષદિક ચિન્તનોં મેં વિભિન્ન એકાન્તવાદોં કો સ્વીકાર કરને કી અનૈકાન્તિક દૃષ્ટિ અવશ્ય થી. ક્યોંકિ ઉપનિષદોં મેં હમે ઐસે **અનેક સંકેત મિલતે હૈં જહાં એકાન્તવાદ કા નિષેધ કિયા ગયૌ હૈ. બૃહદારણ્યકોપનિષદ્** (૩:૮:૮) મેં ઋષિ કહતા હૈ કિ 'યહ સ્થૂલ ભી નહીં હૈ ઔર સૂક્ષ્મ ભી નહીં હૈ. વહ હ્રસ્વ ભી નહીં હૈ ઔર દીર્ઘ ભી નહીં હૈં. ઇસ પ્રકાર યહાઁ હમેં સ્પષ્ટતયા એકાન્તવાદ કા નિષેધ પ્રાપ્ત હોતા હૈ. એકાન્ત કે નિષેધ કે સાથ-સાથ સત્તા મેં પરસ્પર વિરોધી ગુણધર્મોં કી ઉપસ્થિતિ કે સંકેત ભી હમેં ઉપનિષદોં મેં મિલ જાતે હૈં. તૈત્તિરીયોપનિષદ્ (૨:૬) મેં કહા ગયા હૈ કિ વહ પરમ સત્તા મૂર્ત-અમૂર્ત, વાચ્ય-અવાચ્ય, વિજ્ઞાન (ચેતન)–અવિજ્ઞાન (જડ), સત્–અસત્, રૂપ હૈ. ઇસી પ્રકાર કઠોપનિષદ્ (૧:૨૦) મેં ઇસ પરમ સત્તા કો અણુ કી અપેક્ષા ભી સૂક્ષ્મ વ મહત્ કી અપેક્ષા ભી મહાન કહા ગયા હૈ. યહાં પરમ સત્તા મેં સૂક્ષ્મતા ઔર મહત્તા દોનોં હી પરસ્પર વિરોધી ધર્મ એક સાથ સ્વીકાર કરને કા અર્થ અનેકાન્ત કી સ્વીકૃતિ કે અતિરિક્ત ક્યા હો સકતા હૈ ? પુનઃ ઉસી ઉપનિષદ્ (૩:૧૨) મેં એક ઔર આત્મા કો જ્ઞાન કા વિષય બતાયા ગયા હૈ વહીં દૂસરી ઓર ઉસે જ્ઞાન કા અવિષય બતાયા ગયા હૈ. જબ ઇસકી વ્યાખ્યા કા પ્રશ્ન આયા તો આચાર્ય શંકર કો ભી કહના પડા કિ યહાં અપેક્ષા ભેદ સે જો અજ્ઞેય હૈ ઉસે હી સૂક્ષ્મ જ્ઞાન કા વિષય બતાયા ગયા હૈ. યહી ઉપનિષદ્કારોં કા અનેકાન્ત હૈ. ઇસી પ્રકાર શ્વેતાશ્વતરોપનિષદ્ (૧.૭) મેં ભી ઉસ પરમ સત્તા કો ક્ષર એવં અક્ષર, વ્યક્ત અવં અવ્યક્ત ઐસે પરસ્પર વિરોધી ધર્મોં સે યુક્ત કહા ગયા હૈ. યહાં ભી સત્તા યા પરમતત્ત્વ કી બહુઆયામિતા યા અનૈકાન્તિકા સ્પષ્ટ હોતી હૈ. માત્ર યહી નહીં યહાઁ પરસ્પર વિરુદ્ધ ધર્મો કી એક સાથ સ્વીકૃતિ ઇસ તથ્ય કા પ્રમાણ હૈ કિ ઉપનિષદકારોં કી શૈલી અનેકાન્તાત્મક રહી હૈ. યહાં હમ દેખતે હૈં કિ ઉપનિષદોં કા દર્શન જૈનદર્શન કે સમાન હી સત્તા મેં પરસ્પર વિરોધી ગુણધર્મોં કો સ્વીકાર કરતા પ્રતીત હોતા હૈ. માત્ર યહી નહીં ઉપનિષદોં મેં પરસ્પર વિરોધી મતવાદોં કે સમન્વય કે સૂત્ર ભી ઉપલબ્ધ હોતે હૈં જો યહ સિદ્ધ કરતે હૈં કી ઉપનિષદકારોં ને ન કેવલ એકાન્ત કા નિષેધ કિયા, અપિતુ સત્તા મેં પરસ્પર વિરોધી ગુણધર્મોં કો સ્વીકૃતિ ભી પ્રદાન કી. જબ ઔપનિષદિક ઋષિયોં કો યહ લગા હોગા કિ પરમતત્ત્વ મેં પરસ્પર વિરોધી ગુણધર્મોં કી એક હી સાથ સ્વીકૃતિ તાર્કિક દૃષ્ટિ સે યુક્તિસંગત નહીં હોગી તો ઉન્હોંને ઉસ પરમતત્ત્વ કો અનિર્વચનીય યા અવક્તવ્ય ભી માન લિયા. તૈત્તરીય ઉપનિષદ્ (૨) મેં યહ ભી કહા ગયા હૈ કિ વહાઁ વાણી કી પહુંચ નહીં હૈ ઔર ઉસે મન કે દ્વારા ભી પ્રાપ્ત નહીં કિયા જા સકતા. **(યતો વાચો નિવર્તન્તે અપ્રાપ્યમનસા સહ)**. ઇસસે ઐસા લગતા હૈ કિ ઉપનિષદ્ કાલ મેં સત્તા કે સત્, અસત્, ઉભય ઔર અવક્તવ્ય/અનિર્વચનીય-યે ચારોં પક્ષ સ્વીકૃત હો ચુકે થે. કિન્તુ ઔપનિષદિક ઋષિયોં કી વિશેષતા યહ હૈ કિ ઉન્હોંને ઉન વિરોધોં કે સમન્વય કા માર્ગ ભી પ્રશસ્ત કિયા. ઇસકા સબસે ઉત્તમ પ્રતિનિધિત્વ હમેં ઈશાવસ્યોપનિષદ્ (૪) મેં મિલતા હૈ. ઉસમેં કહા ગયા હૈ કિ-

**'અનેજદેકં મનસો જવીયો નૈનદ્દેવા આપ્નુવન્પૂર્વમર્ષત્'**

અર્થાત્ વહ ગતિરહિત હૈ ફિક ભી મન સે એવં દેવોં સે તેજ ગતિ કરતા હૈ. 'તદેજતિ તન્નૈજતિ તદ્દૂરે તદ્વન્તિકે અર્થાત્ વહ ચલતા હૈ ઔર નહીં ભી ચલતા હૈ, વહ દૂર ભી હૈ, વહ પાસ ભી હૈ. ઇસ પ્રકાર ઉપનિષદોં મેં જહાં વિરોધી પ્રતીત હોને વાલે અંશ હૈ, વહીં ઉનમેં સમન્વય કો મુખરિત કરને વાલે અંશ ભી પ્રાપ્ત હોતે હૈં. પરમસત્તા કે એકત્વ, અનેકત્વ, જડત્વ-ચેતનત્વ આદિ વિવિધ આયામોં મેં સે કિસી એક કો સ્વીકાર કર ઉપનિષદ કાલ મેં અનેક દાર્શનિક દૃષ્ટિયોં કા ઉદય હુઆ. જબ યે દૃષ્ટિયાં અપને-અપને મન્તવ્યોં કો હી એકમાત્ર સત્ય માનતે હુએ, દૂસરે કા નિષેધ કરને લગીં તબ સત્ય કે ગવેશકોં કો એક ઐસી દૃષ્ટિ કા વિકાસ કરના પડા જો સભી કી સાપેક્ષિક સત્યતા કો સ્વીકાર કરતે હુએ ઉન વિરોધી વિચારોં કા સમન્વય કર સકે. યહ વિકસિત દૃષ્ટિ અનેકાન્ત દૃષ્ટિ હૈ જો વસ્તુ મેં પ્રતીતિ કે સ્તર પર દિખાઈ દેને વાલે વિરોધ કે અન્તસ્ મેં અવિરોધ કો દેખતી હૈ ઔર સૈદ્ધાન્તિક દ્વન્દ્વોં કે નિરાકરણ કા એક વ્યાવહારિક એવં સાર્થક સમાધાન પ્રસ્તુત કરતી હૈ. ઇસ પ્રકાર અનેકાન્તવાદ વિરોધોં કે શમન કા એક વ્યાવહારિક દર્શન હૈ. વહ ઉન્હેં સમન્વય કે સૂત્ર મેં પિરોને કા સફલ પ્રાયસ કરતા હૈ.

ઈશાવાસ્ય મેં પગ-પગ પર અનેકાન્ત જીવન દૃષ્ટિ કે સંકેત પ્રાપ્ત હોતે હૈં. વહ અપને પ્રથમ શ્લોક મેં હી **'ત્યેન ત્યક્તેન ભુઞ્જીથા મા ગૃધઃ કસ્યસ્વિદ્ધનમ્'** કહ કર ત્યાગ એવં ભોગ-ઇન દો વિરોધી તથ્યોં કા સમન્વય કરતા હૈ એવં એકાંત ત્યાગ ઔર એકાન્ત ભોગ દોનોં કો સમ્યક્ જીવન દૃષ્ટિ કે લિએ અસ્વીકાર કરતા હૈ. જીવન ન તો એકાન્ત ત્યાગ પર ચલતા હૈ ઔર ન એકાન્ત ભોગ પર, બલ્કિ જીવનયાત્રા ત્યાગ ઔર ભોગરૂપી દોનોં ચક્રોં કે સહારે ચલતી હૈ. ઇસ પ્રકાર ઈશાવાસ્ય સર્વપ્રથમ અનેકાન્ત કી વ્યાવહારિક જીવનદૃષ્ટિ કો પ્રસ્તુત કરતા હૈ. ઇસી પ્રકાર કર્મ ઔર અકર્મ સમ્બન્ધી એકાન્તિક વિચારધારાઓં મેં સમન્વય કરતે હુએ ઈશાવસ્ય (૨) કહતા હૈ કિ **'કુર્વન્નેવેહ કર્માણિ જિજીવિષેચ્છતાઁ સમાઃ'** અર્થાત્ મનુષ્ય નિષ્કામ ભાવ સે કર્મ કરતે હુએ સૌ વર્ષ જીયે. નિહિતાર્થ યહ હૈ કિ જો કર્મ સામાન્યતયા સકામ યા સપ્રયોજન હોતે હૈં વે બન્ધનકારક હોતે હૈં, કિન્તુ યદિ કર્મ નિષ્કામ ભાવ સે બિના કિસી સ્પૃહા કે હોં તો ઉનસે મનુષ્ય લિપ્ત નહીં હોતા, અર્થાત્ વે બન્ધન કારક નહીં હોતે. નિષ્કામ કર્મ કી યહ જીવનદૃષ્ટિ વ્યાવહારિક જીવન-દૃષ્ટિ હૈ. ભેદ- અભેદ કા વ્યાવહારિક દૃષ્ટિ સે સમન્વય કરતે હુએ ઉસી મેં આગે કહા ગયા હૈ કિ–

યસ્તુ સર્વાણિભૂતાન્યાત્મન્યેવાનુપશ્યતિ।
સર્વભૂતેષુચાત્માનં તતો ન વિજુગુપ્સતે ।। (ઈશા. ૬)

અર્થાત્ જો સભી પ્રાણિયોં મેં અપની આત્મા કો ઔર અપની આત્મા મેં સભી પ્રાણિયોં કો દેખતા હૈ વહ કિસી સે ઘૃણા નહીં કરતા. યહાં જીવાત્માઓં મેં ભેદ એવં અભેદ દોનોં કો એક સાથવ સ્વીકાર કિયા ગયા હૈ. યહાં ભી ઋષિ કી અનેકાન્તદૃષ્ટિ હી પરિલક્ષિત હોતી હૈ જો સમન્વય કે આધાર પર પારસ્પરિક ઘૃણા કો સમાપ્ત

करने की बात कहती है.

एक अन्य स्थल पर विद्या (अध्यात्म) और अविद्या (विज्ञान) (ईशा.१०) में तथा सम्भूति (कार्यब्रह्म) एवं असम्भूति (कारणब्रह्म) (ईशा. १२) अथवा वैयक्तिकता और सामाजिकता में भी समन्वय करने का प्रयास किया गया है. ऋषि कहता है कि जो अविद्या की उपासना करता है वह अन्धकार में प्रवेश करता है और विद्या की उपासना करता है वह उससे भी गहन अन्धकार में प्रवेस करता है (ईशा-९) और वह जो दोनों को जानता है या दोनों का समन्वय करता है वह अविद्या से मृत्यु पर विजय प्राप्त कर विद्या से अमृत तत्त्व को प्राप्त करता है (ईशा.११). यहां विद्या और अविद्या अर्थात् अध्यात्म और विज्ञान की परस्पर समन्वित साधना अनेकान्त दृष्टि के व्यावहारिक पक्ष को प्रस्तुत करती है. उपरोक्त विवेचन से यह स्पष्ट है कि सत्ता की बहुआयामिता और समन्वयवादी व्यावहारिक जीवन दृष्टि का अस्तित्व बुद्ध और महावीर से पूर्व भी था, जिसे अनेकान्त दर्शन का आधार बना जा सकता है.

अनेकान्तवाद का मूल प्रयोजन सत्य को उसके विभिन्न आयामों में देखने, समझने और समझाने का प्रयत्न है. यही कारण है कि मानवीय प्रज्ञा के विकास के प्रथम चरण से ही ऐसे प्रयास परिलक्षित होने लगते हैं. भारतीय मनीषा के प्रारम्भिक काल में हमें इस दिशा में दो प्रकार के प्रयत्न दृष्टिगत होते हैं- (क) बहुआयामी सत्ता के किसी पक्ष विशेष की स्वीकृति के आधार पर अपनी दार्शनिक मान्यता का प्रस्तुतीकरण तथा (ख) उन एकपक्षीय (एकान्तिक) अवधारणाओं के समन्वय का प्रयास. समन्वयसूत्र का सृजन ही अनेकान्तवाद की व्यावहारिक उपादेयता को स्पष्ट करता है. वस्तुतः अनेकान्तवाद का कार्य त्रिविध है–प्रथम, तो यह विभिन्न एकान्तिक अवधारणों के गुणदोषों की तार्किक समीक्षा करता है, दूसरे वह उस समीक्षा में यह देखता है कि इस अवधारणा में जो सत्यांश है वह किस अपेक्षा से है, तीसरे, वह उन सापेक्षिक सत्यांशों के आधार पर, उन एकान्तवादों को समन्वित करता है.

इस प्रकार अनेकान्तवाद मात्र तार्किक पद्धति न होकर एक व्यावहारिक दार्शनिक पद्धति है. यह एक सिद्धान्त मात्र न होकर, सत्य को देखने और समझने की पद्धति (method system) विशेष है, और यही उसकी व्यवहारिक उपादेयता है.

★

## મોક્ષમાર્ગના દ્વારમાં પ્રવેશ કોને મળે ?

મોક્ષ દ્વારે મોટી ભીડ જામી હતી. મહામાનવ સમુદાયમાંના પ્રત્યેક માનવને મોક્ષમાં જવું હતું. દિગંતમાં જવું હતું. દિગંત એટલે જ્યાં દશે દિશાઓ વલય પામે તે સિદ્ધાલય, પરંતુ દિગંતના માર્ગે જવાનું દ્વાર ખુલતું ન હતું. દ્વારપાળ દ્વાર ખોલતો નહોતો. કેટલાક પંડિતોએ- વિદ્વાનોએ આગળ આવીને કહ્યું, 'એમ જ્ઞાની છીએ, અમે હજારો શાસ્ત્રો વાંચ્યા છે. લાખો લોકોને ધર્મોપદેશ આપ્યો છે, અમારે મોક્ષમાં જવું છે, દ્વાર ખોલી નાખો !'

દ્વારપાળે કહ્યું, 'અહીં શાસ્ત્રોનું મૂલ્ય નથી. સ્વાનુભૂતિનું મૂલ્ય છે. જનોપદેશની કિંમત નથી. ઉપદેશનું મૂલ્ય છે- તમને મોક્ષમાં પ્રવેશ નહીં મળે.'

ભીડમાંથી કૃશકાય, તપસ્વી, મુનિ, સંન્યાસીઓ આગળ આવ્યા અને તેઓએ કહ્યું કે, 'અમે ઘોર તપસ્યા કરી છે. કેટલાય ઉપવાસ કર્યા છે, કષ્ટદાયી વ્રત- નિયમોનું પાલન કર્યું છે. અમારે માટે મોક્ષનું દ્વાર ખોલો.'

દ્વારપાળે કહ્યું કે, 'આ વ્રત-નિયમોનું પાલન અને તપ-ત્યાગ તમે કઈ ભાવનાથી કર્યું હતું તે જાણવું પડશે... હા તમે તે યશ- પ્રતિષ્ઠા માટે માન-સન્માન પામવાની ઈચ્છાથી અને સ્વર્ગના સુખો પામવાની ઈચ્છાઓથી આ બધું કર્યું હતું. માત્ર તપ-ત્યાગ અનો વ્રતનિયમોનું પાલન કરનારાઓ માટે મોક્ષદ્વારમાં પ્રવેશ નથી મળતો. બાહ્યતપ સાથે અંતરતપની જરૂર હતી. કામેચ્છારહિત તપની જરૂર હતી. તમે ધર્મક્રિયાઓ કરી હતી, પરંતુ ધર્મધ્યાન કર્યું ન હતું માટે અહીં પ્રવેશ ન મળે. અહીંથી પાછા જાઓ.'

ભીડ કંઈક ઓછી થઈ તો કેટલાક લોકો આગળ આવ્યા અને બોલ્યા, 'અમે સમગ્ર જીવન પરોપકારમાં વ્યતીત કર્યું છે, દાન કર્યું કર્યું છે માટે અમનો પ્રવેશ મળવો જોઈએ.' દ્વારપાળ કહે, 'તમારા દાન પાછળ પ્રચ્છન્ન અહંકાર અને પરોપકાર પાછળ પ્રતિષ્ઠા પામવાની ઈચ્છા છૂપાયેલી હતી. શુદ્ધ ભાવના વગર કરેલા જીવોપકારની અહીં કશી જ કિંમત નથી!'

'હા, કોઈ જીવ સાથે શત્રુતા ન હતી. કોઈને હું નડ્યો નથી. સૌને માટે મારા હૃદયમાં પ્રેમ છે. મૈત્રીભાવનું ગાન મારા હૃદયમાં સતત ગુંજન કરે છે. કોઈને દુઃખી જોઈ મારા નયનો કરુણાજળથી છલકાઈ ઊઠતા. સંતો અને સજ્જનોને જોતાં મારું હૃદય પ્રમોદભાવથી પુલકિત થતું. મારા પ્રત્યે અયોગ્ય વર્તન કરનાર પરત્વે મને દ્વેષ ન આવતો પણ માધ્યસ્થ ભાવ વડે હું તેમની ઉપેક્ષા કરતો, પરંતુ આટલા માત્રથી મોક્ષ માર્ગે જવાની, પ્રવેશદ્વારમાં પ્રવેશની મારી યોગ્યતા પ્રાપ્ત થતી નથી, માટે હું પણ પાછો વળું છું.' પરંતુ તેના આશ્ચર્ય વચ્ચે દ્વારપાળે તેને માટે મોક્ષમાર્ગનું દ્વાર ખોલી નાખ્યું હતું.

આ એક ઉપનય કથા છે. વાસ્તવમાં મોક્ષદ્વારેથી આપણે કરોડો જોજન દૂર છીએ. આપણે સૌ એ માર્ગે જવા તત્પર છીએ એટલે આ દૃષ્ટાંતકથાનું ચિંતન કરતા જીવનમાં મોક્ષમાર્ગે જવાના ગુણોનું સ્પષ્ટીકરણ થશે.

માત્ર જ્ઞાની કે પંડિત થવાથી એ માર્ગે જઈ શકાશે નહીં. જ્ઞાન સાથે ભાવયુક્ત ક્રિયા ભળે તો મોક્ષદ્વારે જઈ શકાશે.

**- ગુણવંત બરવાળિયા★**

# દર્શનોનું દર્શન : અનેકાન્ત

☐ *ભાણદેવજી*

*[અધ્યાત્મપથના આ વિદ્વાન લેખક યોગાચાર્ય છે. યોગ અને તત્વજ્ઞાનના પ્રચાર અર્થે વિદેશભ્રમણ કર્યું છે. અંદાજે પાંત્રીસ પુસ્તકોના કર્તા છે. સૌરાષ્ટ્રમાં મોરબી પાસે તેમના આશ્રમમાં સ્થાયી છે. અહીં તેમણે બે લેખો દ્વારા વિષયને ન્યાય આપ્યો છે.]*

આધુનિક યુગના એક મહાન મનીષી શ્રી જે. કૃષ્ણમૂર્તિ કહે છે-

The Life is greater than Philosophy.

'જીવન તત્ત્વજ્ઞાન કરતાં ઘણું મહાન છે.'

જીવન અને અસ્તિત્વ એટલું મહાન અને એટલું વ્યાપક છે કે તે કોઈ તત્ત્વજ્ઞાનમાં સમાઈ શકે તેમ નથી. જીવન અને અસ્તિત્વ અનંત છે અને તત્ત્વજ્ઞાન સીમિત છે. સીમિતમાં અસ્તિત્વ કેવી રીતે સમાઈ શકે? વ્યાપકમાં વ્યાપક તત્ત્વજ્ઞાન પણ જીવન અને અસ્તિત્વના એક અંશને જ અભિવ્યક્ત કરી શકે છે.

સત્ય સાકરનો પહાડ છે. જ્ઞાનીઓ કીડીઓ છે. આ કીડીઓ સાકરના પહાડમાંથી સાકરના થોડાં કણ પોતાના દરમાં લઈ જઈ શકે, પરંતુ સાકરના આખા પહાડને કોઈ લઈ જઈ શકે નહિ.

એક મહાન ભવનના, દશ અલગ અલગ સ્થાને ઊભા રહીને દશ ફોટોગ્રાફ્સ લેવામાં આવે તો દશેય ફોટોગ્રાફ્સ અલગ અલગ બનશે. કયો ફોટોગ્રાફ સાચો? દશેય સાચા છે, પરંતુ એકેય પૂર્ણ નથી. પ્રત્યેક ફોટોગ્રાફ ભવનના એક એક અંશને અભિવ્યક્ત કરે છે, પરંતુ કોઈ ફોટોગ્રાફમાં ભવન પૂર્ણતઃ આવી જતું નથી. આ ફોટોગ્રાફ્સની જેમ આપણાં તત્ત્વજ્ઞાનની પ્રત્યેક શાખા પણ આંશિક દર્શન રજૂ કરે છે. પ્રત્યેક તત્ત્વજ્ઞાન સાચું છે, પરંતુ પૂર્ણદર્શન એકેય નથી.

માનવ ચેતનામાં જીવન અને અસ્તિત્વનું પૂર્ણજ્ઞાન, પૂર્ણદર્શન સમાઈ ન શકે.

આપણે આપણાં આંશિક દર્શનને પૂર્ણ દર્શન માની લેવાની ભૂલ ન કરીએ, તે માટે સાવધાન કરનાર કોઈ દર્શન છે? દર્શનોનું દર્શન કરાવનાર તે દર્શન છે–અનેકાન્ત દર્શન.

માનવદર્શનની આ મર્યાદા અને જીવન ગહન રહસ્યમયતાને અનેકાન્તવાદ એક ઘણી વિશિષ્ટ રીતે અભિવ્યક્ત કરે છે.

અનેકાન્તવાદ અર્થાત્ સ્યાદ્‌વાદ વસ્તુતઃ કોઈ વાદ નથી, પરંતુ સર્વ વાદોની મર્યાદા અભિવ્યક્ત કરનાર એક ઘણું વિશિષ્ટ દર્શન છે અને તેથી તે દર્શનોનું દર્શન છે.

તત્ત્વજ્ઞાનીઓ તત્ત્વજ્ઞાનની રચના કરે છે. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો

આપે છે, પરંતુ દૃષ્ટાઓ, સૂરિઓ તત્ત્વજ્ઞાનની રચના નથી કરતા. તેઓ તો આમ કહે છે-

'અમને આમ દેખાય છે, પરંતુ અમારું દર્શન અંતિમ કે પૂર્ણ નથી અને અમને જે દેખાય છે, તે પણ બુદ્ધિપૂર્વક અને ભાષાના માધ્યમથી અભિવ્યક્ત કરી શકાય તેમ નથી.'

અને આટલું કહીને તેઓ મૌન થઈ જાય છે. પરંતુ તેમને બહુ આગ્રહ કરીને કહેવામાં આવે છે-

'પણ તમે કાંઈક તો કહો!'

ત્યારે તેઓ કહે છે-

'પણ ભાઈ! સત્યને અનેક રીતે અભિવ્યક્ત કરી શકાય છે અને આ રીતો પ્રથમ દૃષ્ટિએ પરસ્પર વિરોધી પણ લાગી શકે અને તેથી અમારે જે કહેવું છે, તે છે–અનેકાન્તવાદ!'

આમ અને આટલું કહીને સૂરિઓ મૌન થઈ જાય છે. તેમના આ દર્શનનો આધાર લઈને 'અનેકાન્તવાદ' આ નામ અને સિદ્ધાંતની રચના તો આપણે કરી છે, સૂરિઓ તો આટલું કહીને મૌન થઈ ગયા છે!

અનેકાન્તવાદ વસ્તુતઃ વાદ નથી, પરંતુ સર્વ વાદોથી પર થઈને કરેલું દર્શન છે. અનેકાન્તવાદમાં પ્રયુક્ત 'વાદ' ગેરમાર્ગે દોરનારો છે. આ અનેકાન્તવાદ નથી, પરંતુ અનેકાન્તદર્શન છે, તેમ કહેવું વધુ સાચું છે.

જૈન આચારમાં પ્રધાન તત્ત્વ 'અહિંસા' છે. જૈન આચારના પ્રધાન અંગો મહદ્ અંશે 'અહિંસા'ને કેન્દ્રમાં રાખીને, અહિંસાની આજુબાજુ ગોઠવાયેલાં છે. આચારનું આ મુખ્ય તત્ત્વ અહિંસા 'વિચાર' સુધી પહોંચે અને વિચારણાને પણ પ્રભાવિત કરે તો? તો તેમાંથી અનેકાન્તવાદ કે સ્યાદ્‌વાદ નિષ્પન્ન થાય છે અને તેમ જ થયું છે. જ્યારે આપણે કોઈ એકદેશીય દર્શનને જ પકડીને તેને જ સત્ય ગણવાનો દુરાગ્રહ રાખીએ છીએ ત્યારે તેમાં સૂક્ષ્મ સ્વરૂપે અર્થાત્ વૈચારિક ભૂમિકા પર હિંસા થાય છે. જૈનદર્શનને આવી સૂક્ષ્મ કે વૈચારિક હિંસા પણ માન્ય નથી અને તેમાંથી અનેકાન્તવાદ નિષ્પન્ન થાય છે.

આ પૃથ્વી પર અગણિત દર્શનો પ્રગટ્યા છે અને વિકસ્યા છે. અનેકાન્તવાદનું જે સ્પષ્ટ દર્શન જૈન દર્શનમાં છે, તેટલું સ્પષ્ટ અને નિશ્ચયાત્મક દર્શન અન્ય દર્શનોમાં જોવા મળતું નથીઅ. તેથી જ અનેકાન્તવાદ કે અનેકાન્તદર્શન જૈન દર્શનનું વિશિષ્ટ અને મૌલિક પ્રદાન ગણાય છે.

આમ છતાં આપણે સ્વીકારવું જોઈએ અને કહેવું જોઈએ કે જૈનેતર દર્શનમાં પણ અનેક સ્થાને કોઈ ને કોઈ રૂપે, ભલે 'અનેકાન્તવાદ' શબ્દનો પ્રયોગ કર્યા વિના પણ અનેકાન્તવાદના તત્ત્વો જોવા મળે છે. અહીં આપણે થોડાં દૃષ્ટાંતો જોઈએ.

**૧. વેદાંતમાં માયાનું સ્વરૂપ**

અદ્વૈત વેદાંતમાં 'માયા'ની ધારણા ઘણી મહત્ત્વપૂર્ણ અને ચાવીરૂપ ગણાય છે. આ જગતના કોયડાને અદ્વૈતવેદાંતદર્શન માયાવાદ દ્વારા સમજાવે છે.

માયા થકી જ આ જગત પ્રતીત થાય છે. આ જગત સત્ નથી અને છતાં માયાને કારણે સત્ જેવું જણાય છે. હવે પ્રશ્ન એ થાય છે કે અદ્વૈતવાદી વેદાંત દર્શનમાં બ્રહ્મને જ એકમેવાદ્વિતીય

તત્ત્વ ગણવામાં આવે છે, તો માયને ક્યાં મૂકશો?

ઉત્તર છે-માયા અનિર્વચનીય છે.

હવે પ્રશ્ન છે-અનિવર્ચનીય એટલે શું?

ઉત્તર છે-માયા સત્ નથી, માયા અસત્ નથી, માયા સત્ અને અસત્ પણ નથી, માયા સત્ અસત્‌થી વિલક્ષણ પણ નથી. તો માયા કેવી છે! કોઈ શબ્દ દ્વારા કહી શકાય તેમ નથી, તેથી માયાને અનિવર્ચનીય ગણવામાં આવેલ છે.

જુઓઅહીં કોઈને કોઈ રૂપે અનેકાન્તવાદનું તત્ત્વ છે જ!

**૨. વૈષ્ણવદર્શનોમાં પરમાત્માનું સ્વરૂપ**

વૈષ્ણવદર્શનોમાં પરમાત્માના સ્વરૂપ વિશે આમ કહેવાય છે-

પરમાત્મા સગુણ છે, નિર્ગુણ પણ છે.

પરમાત્મા આકાર છે, નિરાકાર પણ છે.

પરમાત્મા કર્તા છે, અકર્તા પણ છે.

સગુણ અને નિર્ગુણ, સાકાર અને નિરાકાર, કર્તા અને અકર્તા- આ પરસ્પર વિરોધી તત્ત્વો છે, તો આ તત્ત્વો પરમાત્મામાં એક સાથે કેવી રીતે સંભવે?

વૈષ્ણવદર્શનો આ ઉત્તર આ પ્રમાણે આપે છે-

પરમાત્મા અનંત છે અને જે અનંત હોય તે પરસ્પર વિરોધી ગુણોનું આશ્રયસ્થાન હોય છે. તેથી પરમાત્મામાં આ સર્વ પરસ્પર વિરોધી લાગતાં ધર્મો સંભવી શકે છે.

જુઓ! આ વૈષ્ણવદર્શનોમાં આવેલો અનેકાન્તવાદ જ છે.

**૩. ઉપનિષદમાં અનેકાન્તવાદ**

तदेजति तन्नेजति तद् दूरे तद्वन्तिके ।

तदन्तरस्य सर्वस्य तद् सर्वस्यास्य बाह्यतः।।

ईशावास्योपनिषद्–५

'તે ચાલે છે, તે ચાલતો નથી. તે દૂર છે અને તે અત્યંત નજીક પઉણ છે. તે સમસ્ત જગતની અંદર પણ છે અને તે સમસ્ત જગતની બહાર પણ છે જ.'

ઉપનિષદના આ મંત્રમાં પરમાત્માના સ્વરૂપનું કથન થયું છે. અહીં પણ પરમાત્મા માટે પરસ્પર વિરોધી જણાય તેવા ગુણોનું કથન થયું જ છે. તે ચાલે છે અને ચાલતો નથી, તે દૂર પણ છે અને અત્યંત નજીક પણ છે જ. તે જગતની અંદર પણ છે અને બહાર પણ છે જ!

અનેકાન્તવાદને સ્વવિરોધી સિદ્ધાંત કહેનારા દાર્શનિકો! સાંભળો! અહીં ઉપનિષદના ઋષિ શું કહે છે? અહીં એક સ્વરૂપે અનેકાન્તવાદ છે જ!

**૪. સિદ્ધત્વમપિ સાપેક્ષ**

ભગવાન શંકરાચાર્યકૃત બ્રહ્મસૂત્ર ભાષ્યમાં એક સુંદર પ્રસંગ આવે છે. અદ્વૈતવાદની પ્રતિષ્ઠા સિદ્ધ કરવા માટે ભગવાન શંકરાચાર્ય સાંખ્યદર્શનના દ્વૈતવાદનું ખંડન કરે છે. તે વખતે પૂર્વપક્ષ આમ કહે છે-

ભગવાન શ્રીકૃષ્ણ શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાન કપિલને સિદ્ધોમાં પણ સર્વ શ્રેષ્ઠ કહે છે-

सिद्धानां कपिलो मुनिः ।

गीता; १०–२६

''(હે અર્જુન!) સિદ્ધોમાં હું કપિલ મુનિ છું.''

આમ ભગવાન શ્રીકૃષ્ણ કપિલમુનિને પોતાની વિભૂતિ ગણાવે છે અને સિદ્ધોમાં સર્વશ્રેષ્ઠ ગણાવે છે. આવા સિદ્ધોમાં પ્રધાન કપિલમુનિ પ્રણિત સાંખ્યદર્શનને ખામીયુક્ત અને તેથી ખંડનપાત્ર કેવી રીતે ગણી શકાય?

પૂર્વ પક્ષની આ દલીલના ઉત્તરમાં ભગવાન શંકરાચાર્ય લખે છે-

सिद्धत्वमपि सापेक्षं।

'સિદ્ધત્વ પણ સાપેક્ષ છે.'

આનો અર્થ એમ કે સિદ્ધોનું સિદ્ધત્વ પણ સાપેક્ષ છે. અહીં કોઈ નિરપેક્ષ સિદ્ધ નથી કે કોઈ સિદ્ધનું વિધાન નિરપેક્ષ કે પૂર્ણ સત્ય છે, એમ ન કહી શકાય.

અહીં સાપેક્ષતાનું કથન આ વાતને અનેકાન્તવાદ તરફ લઈ જાય છે.

**૫. આલ્બર્ટ આઈન્સ્ટાઈનનો સાપેક્ષવાદ**

અરે! જુઓ! જુઓ! આ અનેકાન્તવાદ તત્ત્વજ્ઞાનના સીમાડા ભેદીને હવે વિજ્ઞાન સુધી પહોંચી ગયો છે. માત્ર તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ જ આ જગતનું જ્ઞાન સાપેક્ષ (સ્યાદ્‌વાદ) છે, તેમ નથી. હવે વૈજ્ઞાનિક દૃષ્ટિથી પણ આ જગતને, આ જગતના સ્વરૂપને, આ જગત વિષયક આપણાં દર્શનને સાપેક્ષ સિદ્ધ કરવા સુધી આપણે પહોંચી ગયા છીએ. આનો અર્થ એમ થયો કે અનેકાન્તવાદનો વિજ્ઞાનમાં પ્રવેશ થયો છે.

આ સૃષ્ટિ વિશેના વિજ્ઞાનના દર્શનને, આ સૃષ્ટિના સ્વરૂપને, ગતિને, સૃષ્ટિના સંચાલનને પ્રક્રિયાને–આમ સર્વત્ર સાપેક્ષવાદ સિદ્ધ કરીને વિશ્વના મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈન અનેકાન્તવાદનો વિજ્ઞાન ક્ષેત્રમાં પ્રવેશ કરાવે છે. ભલે, તેમણે જૈનદર્શનનો અભ્યાસ ન કર્યો હોય કે ભલે તેઓએ 'અનેકાન્તવાદ' શબ્દ સાંભળ્યો પણ ન હોય!

**૬. ભગવાન બુદ્ધનું મૌન**

જીવન અને અસ્તિત્વનું સ્વરૂપ એવું અને એટલું અગાધ અને રહસ્યપૂર્ણ છે કે તેના વિશે કોઈ નિશ્ચયાત્મક વિધાન કરવું બહુ મુશ્કેલ છે. આ સત્યને સમજીને ભગવાન બુદ્ધ આત્મા, પરમાત્મા, અસિત્વનું સ્વરૂપ આદિ રહસ્યપૂર્ણ વિગતો વિશે મૌન જ રહ્યા છે. બૌદ્ધ ધર્મમાં આત્મા-પરમાત્માનો વિચાર થયો નથી.

બૌદ્ધ દર્શનમાં આત્મા-પરમાત્માનો સ્વીકાર નથી. વસ્તુતઃ ભગવાન બુદ્ધે આત્મા-પરમાત્માનો ઈન્કાર નથી કર્યો. તેઓ માત્ર તે વિશે મૌન જ રહ્યાં છે. તેમના મૌનનો પછીથી ઈન્કારવાચક અર્થ કરી લેવામાં આવ્યો છે. ભગવાન બુદ્ધ કોઈ ગામ, નગર કે સમાજમાં જતા ત્યારે પહેલાં બૌદ્ધ ભિક્ષુઓ ઢોલ વગાડીને ભગવાન બુદ્ધને અમુક પ્રશ્નો ન પૂછવાની સૌને સૂચના આપતા. આ પ્રશ્નોની યાદીમાં આત્મા-પરમાત્મા વિષયક પ્રશ્નોનો પણ સમાવેશ થતો. એટલું જ નહિ, પરંતુ નિર્વાણ કે જે બૌદ્ધ ધર્મનું પરમ પ્રાપ્તવ્ય છે, તેના સ્વરૂપ વિશે પણ બુદ્ધ અને બૌદ્ધ ધર્મ

મૌન જ રહે છે. આમ શા માટે? કારણ એક જ છે કે આ બધા તત્ત્વોનું સ્વરૂપ માનવ ચેતના માટે અગમ્ય છે. જે અગાધ છે, રહસ્યપૂર્ણ છે, તેના વિશે કોઈ નિશ્ચયાત્મક વિધાન કેવી રીતે થઈ શકે?

ભગવાન બુદ્ધ પરમજ્ઞાની પુરુષ છે અને છતાં અસ્તિત્વના આ રહસ્યપૂર્ણ સત્યો વિશે મૌન કેમ રહ્યા છે. કારણ એક જ છે, અને તે છે - અભિવ્યક્તિની મર્યાદા.

આ અભિવ્યક્તિની મર્યાદા દ્વારા અહીં કોઈ સ્વરૂપે અનેકાન્તદર્શન સૂચિત થાય છે!

જૈન સૂરિઓએ જે રહસ્ય સપ્તભંગી ન્યાય દ્વારા અભિવ્યક્ત કર્યું છે, તે જ રહસ્ય ભગવાન બુદ્ધ મૌન દ્વારા અભિવ્યક્ત કરે છે. મૂળ વાત એક જ છે.

सब शयाने एक मत।

**૭. સોક્રેટિસનું અજ્ઞાન**

સોક્રેટિસ જ્ઞાની પુરુષ છે, આવો સર્વસંમત મત છે. આમ છતાં સોક્રેટિસ પોતાને કદી જ્ઞાની પુરુષ ગણતા નહિ. તેઓ કહેતા 'હું જાણતો નથી. હું અજ્ઞાની છું.' જ્ઞાની સોક્રેટિસ પોતાને જ્ઞાની કેમ ગણાવતા નથી? અજ્ઞાની શા માટે કહે છે? કારણ સ્પષ્ટ છે. જ્ઞાની પુરુષ પોતાના જ્ઞાન થકી જીવન અને અસ્તિત્વની અગાધ રહસ્યમયતાને જોઈ શકે છે. તેથી તેઓ પોતાના જ્ઞાનની મર્યાદને અને પોતાના અજ્ઞાનને જોઈએ શકે છે. તેથી તેઓ જાણે છે અને તેથી કહે છે–અહીં કોઈ પૂર્ણજ્ઞાની નથી અને તદનુસાર હું પણ પૂર્ણજ્ઞાની નથી.

એકવાર ડેલ્ફીની દેવીએ જાહેર કર્યું કે સોક્રેટિસ ગ્રીસના સૌથી મહાન જ્ઞાની પુરુષ છે.

લોકો સોક્રેટિસ પાસે પહોંચ્યા અને તેમણે સોક્રેટિસને કહ્યું-

'આપ કહો છો કે આપ જ્ઞાની પુરુષ નથી; પરંતુ ડેલ્ફીની દેવીએ તો કહ્યું કે આપ ગ્રીસના સૌથી મહાન જ્ઞાની પુરુષ છો. તો અમારે શું સમજવું?'

સોક્રેટિસ તો ત્વરિત ઉત્તર આપે છે-

'ડેલ્ફીની દેવીની વાત સાચી છે. મારા અને તમારા વચ્ચે આટલો જ ફેર છે.'

'તમે જાણતા નથી અને તમે એ પણ જાણતા નથી કે તમે જાણતા નથી. તમે અજ્ઞાની છો, પરંતુ તમને તમારા અજ્ઞાનની પણ જાણ નથી.'

'હું પણ જાણતો નથી, પરંતુ હું એટલું તો અવશ્ય જાણું છું કે હું જાણતો નથી. હું પણ અજ્ઞાની છું, પરંતુ મને મારા અજ્ઞાનની જાણ છે.'

જુઓ જ્ઞાની સોક્રેટિસ પણ પોતાને જ્ઞાની ગણતા નથી, કારણ કે આ અફાટ અને અગાધ રહસ્યપૂર્ણ અસ્તિત્વને કોણ જાણી શકે?

આ છે-સોક્રેટિસનો અનેકાન્તવાદ!

આપણું આ અસ્તિત્વ વિશેનું જ્ઞાન કેવું છે?

કાંઈક આવું-

એક સમુદ્રમાં કિનારા પાસે બે માછલીઓ રહેતી હતી. એક નાની માછલી હતી અને બીજી મોટી માછલી હતી.

એક વાર નાની માછલીએ મોટી માછલીને પૂછયું-

'દીદી! માણસો અહીં કિનારે સવાર-સાંજ ફરવા આવે છે. 'સમુદ્ર, સમુદ્ર' એમ બોલ્યો કરે છે. આ સમુદ્ર શું છે?'

મોટી માછલી ઉત્તર આપે છે-

'બહેન! માણસજાતને આવો લવારો કરવાની ટેવ છે. 'સમુદ્ર' માણસોએ ફેલાવેલી એક અફવા છે. આપણે અફવાના ભોગ ન બનવું.'

આપણે જીવન સમુદ્રના માછલાં છીએ અને આપણું જીવન સમુદ્ર વિષયક જ્ઞાન માછલી જેવું છે.

અહીં આપણી પાસે અને આપણી મદદે અનેકાન્તદર્શન આવે છે. અનેકાન્તવાદ આપણને, માનવજાતને કહે છે-

'હે મારા માનવબંધુઓ! તમારા જ્ઞાનના પ્રમાણમાં અસ્તિત્વ વિષયક તમારું અજ્ઞાન અનેકગણું વધુ છે. તેથી માછલીની જેમ જીવનસમુદ્ર અફવા ગણી કાઢવાની ભૂલ ન કરશો!'

**સમાપન**

કોઈ પણ દર્શન જ્યારે અનેકાન્તવાદના સ્વરૂપને સમજે નહિ અને તેના હાર્દને સ્વીકારે નહિ ત્યારે તે દર્શન દુરાગ્રહી બની જાય છે અને સ્વમતમંડન અને પરમતખંડનમાં પડી જાય છે. પરંતુ જો આપણે અનેકાન્તવાદના હાર્દને આત્મસાત્ કરી શકીએ તો આપણે આ ખંડનમંડન અને વિતંડાવાદમાંથી બચી શકીએ છીએ તેથી આ અનેકાન્તવાદ સર્વ દર્શનોનું દર્શન છે!

★

## તમામ કાર્યોનું કારણ કેવળ એક કર્મ જ છે

એક સ્થળે બરાબર બંધ કરેલો એક કરંડિયો પડ્યો હતો. એમાં કંઈક ખાવાનું હશે એમ સમજીને એક ભૂખ્યા ઉંદરે, એ કરંડીયામાં દાખલ થવા માટે કાણું પાડવાનો ઉદ્યમ શરૂ કર્યો. પોતે એ કરંડીયામાં દાખલ થઈ શકે એટલા માટે એ ઉદરે કરંડીયાને કાતરવા માંડ્યો. કાતરી કાતરીને કરંડીયામાં એણે કાણું પાડ્યું.

'એ કરંડીયામાં કોઈએ એક સર્પને પૂરી રાખ્યો હતો. ઘણાં દિવસનો ભૂખ્યો એ સર્પ, કરંડીયો કોરાતો હતો તે જાણી અંદર ટટ્ટાર થઈ ગયો. પેલો ઉંદર જેવો એ કરંડિયામાં દાખલ થયો કે તુરત જ પેલા સર્પના મોઢામાં જઈ પડ્યો. સર્પને ભક્ષ અને મુક્તિ એ બેઉ એક સાથે જ સાંપડી ગયા. ઉંદરનું ભક્ષણ કરીને, ઉંદરે જ કાતરી કાતરીને તૈયાર કરેલા કાણામાંથી એ સર્પ બહાર નીકળ્યો અને વનમાં ચાલ્યો ગયો.'

'અહીં ઉદ્યમ તો ઉંદરે કર્યો. પરંતુ ઉદ્યમ કરનાર મર્યો અને અંદર પુરાયેલો સર્પ ત્યાંથી મુક્તિ મેળવીને છટક્યો. કહો ત્યારે, આમાં કર્મ એ જ બળવાન છે કે બીજું કંઈ?' આવી વાત કરીને આ દૃષ્ટાંત દ્વારા કર્મકારણવાદીઓ કહે છે કે 'આ જગતમાં બનતા તમામ કાર્યોનું કારણ કેવળ એક કર્મ જ છે.'

# અનેકાન્તદર્શન

☐ *ભાણદેવજી*

**ભૂમિકા**

The life is a mystery and it is to remain a mystery for ever.

'જીવન એક રહસ્ય છે અને તે સર્વદા એક રહસ્ય જ રહેશે.'

જીવન અને અસ્તિત્વ અગાધ, અફાટ અને અટલ છે. તેને સાંગોપાંગ અને સાદ્યંત કોઈ જાણી શકે નહિ.

ઋગ્વેદનાં નાસદીય સૂક્તના અંતિમ બે મંત્રો આ પ્રમાણે છે-

को अध्दा वेद क इह प्र वोचत, कुत आजाता कुत इयं विसृष्टिः।
अर्वाग्देवा अस्य विसर्जनेनाऽथा, को वेद यत आबभूव ।।

–ऋग्वेद; १०–१२९–६

'આ સૃષ્ટિ ક્યાંથી આવી અને કઈ રીતે ઉત્પન્ન થઈ, તે કોણ જાણી શકે અને કોણ કહી શકે? દેવો પણ આ સૃષ્ટિ રચાયા પછી ઉત્પન્ન થયા છે, તેથી આ સૃષ્ટિ કેવી રીતે ઉત્પન્ન થઈ તે કોણ જાણે છે?'

इयं विसृष्टिर्यत आबभूव यदि वा दधे यदि वान।
यो अस्याध्याक्षः परमे व्योमन् त्सो अङ्ग वेद यदि वा न वेद।।

ऋग्वेद; १०.१२९–७

'આ સૃષ્ટિ જેમાંથી આવિર્ભૂત થઈ છે, તે પરમાત્મા પણ તેને ધારણ કરી રાખે છે કે નહિ? પરમાકાશમાં આ સૃષ્ટિના પરમ અધ્યક્ષ પરબ્રહ્મ પરમાત્મા પણ આ સૃષ્ટિના રહસ્યને પૂર્ણતઃ જાણતા હશે કે તેઓ પણ નહિ જાણતા હોય?'

આ બે મંત્રો દ્વારા શું સૂચિત થાય છે?

અસ્તિત્વ એક રહસ્ય છે અને ગહન રહસ્યને પૂર્ણતઃ ઉકેલી શકાય તેમ નથી. ઋતંભરા પ્રજ્ઞાના પ્રકાશથી આ મૂળભૂત રહસ્યને ઋષિઓ ક્યારેક કાંઈક અંશે જોઈ શકે છે. પૂર્ણતઃ તો નહિ જ! જેટલું જોઈ શકાય છે, તેને પણ પૂર્ણતઃ વ્યક્ત કરી શકાતું નથી. આ દર્શન આંશિક છે અને અભિવ્યક્તિ તો આંશિકની પણ આંશિક છે.

જો જીવન અને અસ્તિત્વ વિષયક આપણું જ્ઞાન આવું અને આટલું આંશિક છે તો આપણે જીવન અને અસ્તિત્વના સ્વરૂપ વિશે કોઈ નિશ્ચયાત્મક, સર્વથા નિશ્ચયાત્મક વિધાન ન જ કરી શકીએ.

આપણું સમર્થમાં સમર્થ દર્શન પણ આંશિક દર્શન જ છે અને તદનુસાર આપણું તદ્‌વિષયક કોઈપણ વિધાન પણ આંશિક, એકદેશીય અને એકાંગી જ રહેવાનું છે.

જીવન અને અસ્તિત્વના આ અતિ ગહન અને રહસ્યપૂર્ણ સ્વરૂપને અને તદ્‌વિષયક આપણાં આંશિક દર્શનને પ્રજ્ઞાવાન જૈન સૂરિઓએ પોતાની પ્રજ્ઞાવંત દૃષ્ટિથી જોયું છે અને તેમાંથી એક મૂલ્યવાન દર્શન પ્રગટ થયું છે. તે છે – અનેકાન્તવાદ કે સ્યાદ્‌વાદ.

**અનેકાન્તવાદનું સ્વરૂપ**

જૈનદર્શન વાસ્તવાદી દર્શન છે. તદનુસાર તે મન કે આત્માથી અતિરિક્ત સૃષ્ટિની સત્તાનો સ્વીકાર કરે છે. જગત મિથ્યા છે–આ દર્શનનો જૈનદર્શનમાં સ્વીકાર નથી.

હવે પ્રશ્ન એ છે કે જૈનદર્શન આ વાસ્તવિક જગતના તત્ત્વોનું દર્શન કઈ રીતે કરે છે અને તેને અભિવ્યક્ત કેવી રીતે કરે છે.

કોઈ પણ વસ્તુ, પરિસ્થિતિ, ઘટના, તથ્ય કે વ્યક્તિ વિશે આપણે કોઈ એક વિધાન કરીએ છીએ ત્યારે તે વિધાન એકદેશીય કે એકાંતિક હોય છે; કારણ કે અસ્તિત્વની બહુદેશીયતા કોઈ એક એકદેશીય વિધાન દ્વારા યથાર્થતઃ અભિવ્યક્ત કરી શકાય નહિ. આવી અભિવ્યક્તિ એકાંગી જ હોય છે. જૈનદર્શન આ સ્વરૂપના એકાંગીપણાથી સાવધાન છે અને તેથી તે એકાંગીદર્શનને બદલે અનેકાંગીદર્શન સૂચવે છે. આ અનેકાંગીદર્શનને અનેકાન્તવાદ કહેવામાં આવે છે. અનેકાન્તવાદ એટલે સર્વદેશીય દર્શન.

અનેકાન્તવાદને સ્યાદ્‌વાદ પણ કહેવામાં આવે છે. 'સ્યાદ્' શબ્દનો અર્થ અહીં 'અમુક દૃષ્ટિકોણથી' કે 'અમુક અપેક્ષાએ' એવો થાય છે. આમ અનેકાન્તવાદ એટલે અનેક દૃષ્ટિબિંદુના સ્વીકારપૂર્વક કથન. પ્રત્યેક તત્ત્વ અનેક લક્ષણો કે પાસાંઓથી યુક્ત છે. તદનુસાર અનેકાન્તવાદ તત્ત્વની અનેકદેશીયતાની અભિવ્યક્તિ છે.

અનેકાન્તદૃષ્ટિમાંથી નયવાદ અર્થાત્ સપ્તભંગી નય ફલિત થાય છે. અન્ય રીતે કહીએ તો સપ્તભંગીનય દ્વારા અનેકાન્ત દર્શન વધુ સ્પષ્ટ રીતે અભિવ્યક્ત થાય છે.

જૈન દાર્શનિકો દ્રવ્ય કે તત્ત્વના પ્રત્યેક ગુણના વિધિનિષેધને સાત પ્રકારના શબ્દ પ્રયોગો દ્વારા અભિવ્યક્ત કરે છે, દર્શાવે છે તેને સપ્તભંગીનય કહેવામાં આવે છે. આ સપ્તભંગી ન્યાય આ રીતે દર્શાવાય છે.

१. स्यात् अस्ति
२. स्यात् नास्ति
३. स्यात् अस्ति च नास्ति च
४. स्यात् अवक्तव्यम्
५. स्यात् अस्ति च अवक्तव्यम् च
६. स्यात् नास्ति च अवक्तव्यम् च
७. स्यात् अस्ति च नास्ति च

ઉપર્યુક્ત વિધાનોમાં 'સ્યાત્' શબ્દ અત્યંત મહત્ત્વપૂર્ણ છે. આ શબ્દ દ્વારા સૂચિત થાય છે કે કોઈપણ એક વિધાન અન્ય સર્વ વિધાનોને બાકાત રાખીને નિરપેક્ષ સ્વરૂપે સાચું ન હોઈ શકે. પ્રત્યેક નિર્ણય કે વિધાન સાપેક્ષતાની છાપથી અંકિત છે. પ્રત્યેક વિધાન કોઈ એક વિશિષ્ટ દૃષ્ટિબિંદુથી અર્થાત્ વિશિષ્ટ ઘટકની હાજરીના દૃષ્ટિબિંદુથી સાચું છે. આમ આપણા સર્વ નિર્ણયો સાપેક્ષ છે. આમ અહીં નિરપેક્ષવાદની ધારણાનું ખંડન છે.

હવે આપણે અનેકાન્તવાદના આ સપ્તભંગી ન્યાયને સમજવાનો પ્રયત્ન કરીએ. અહીં આપણે સમજણની સ્પષ્ટતા માટે એક ઘડાના અસ્તિત્વને દૃષ્ટાંત તરીકે લઈએ છીએ, તેમ સમજવું.

૧. સ્યાત્ ઘડો અસ્તિત્વમાન છે.

આ વિધાન પ્રથમ દૃષ્ટિએ સૂચિત કરે છે કે અમુક દૃષ્ટિબિંદુથી ઘડો અસ્તિત્વમાન છે.

પદાર્થ સાથે સંબંધિત ચાર મુખ્ય તત્ત્વો છે- (૧) દ્રવ્ય (૨) ક્ષેત્ર (૩) કાળ (૪) પર્યાય.

આ ચાર તત્ત્વો વિધાનના વિશિષ્ટ દૃષ્ટિબિંદુને નિશ્ચિત કરે છે. આ ચારેય તત્ત્વોને આ રીતે સમજી શકાય

(૧) દ્રવ્ય-ઘડો માટી નામના દ્રવ્યથી બનેલ છે. આ વિશિષ્ટ દૃષ્ટિબિંદુથી જોતાં કહી શકાય કે ઘડો અસ્તિત્વમાન છે.

(૨) ક્ષેત્ર-ઘડો જ્યાં અવસ્થિત છે, તે ઘડાનું ક્ષેત્ર છે. આ વિશિષ્ટ દૃષ્ટિબિંદુથી જોતાં કહી શકાય કે ઘડો અસ્તિત્વમાન છે.

(૩) કાળ-જે વર્તમાન સમયમાં ઘડો અસ્તિત્વમાન છે, તે ઘડાના અસ્તિત્વનો કાળ છે. સમયના આ વિશિષ્ટ ગાળા દરમિયાન તેની ઉપસ્થિતિના દૃષ્ટિબિંદુથી નિહાળતાં ઘડો અસ્તિત્વમાન છે, તેમ કહી શકાય; પરંતુ ઉત્પત્તિ પૂર્વે અને વિનાશ પછી ઘડો નહિ હોય. આ દૃષ્ટિકોણથી ઘડો અસ્તિત્વમાન છે, તેમ કહી શકાય નહિ.

(૪) પર્યાય–આ 'પર્યાય' દ્વારા ઘડાનું સ્વરૂપ કે આકાર સૂચિત થાય છે. આ વિશિષ્ટ સ્વરૂપના દૃષ્ટિકોણથી નિહાળતાં ઘડો અસ્તિત્વમાન છે, તેમ કહી શકાય. પરંતુ આ સ્વરૂપ સિવાય ઘડો અસ્તિત્વમાન છે, તેમ ન કહી શકાય.

આમ આ પ્રથમ વિધાનનો અર્થ એવો છે કે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને પર્યાયના દૃષ્ટિબિંદુથી વિચારતા સ્વ-દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-પર્યાય રૂપે ઘડો અસ્તિત્વમાન છે.

**૨. સ્યાત્ ઘડો અસ્તિત્વમાન નથી.**

આ વિધાનનો અર્થ એ છે કે ઘડાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-પર્યાયના લક્ષણોની ગેરહાજરીના દૃષ્ટિબિંદુથી નિહાળતાં ઘડો અસ્તિત્વમાન નથી. આ વિધાનને વધુ સ્પષ્ટ કરવા માટે કહી શકાય કે પર-દ્રવ્યક્ષેત્ર-કાળ-પર્યાયથી ઘડો અસ્તિત્વમાન નથી. આનો અર્થ એમ કે ઘડો, પટ આદિ અન્ય કાંઈક તરીકે અસ્તિત્વમાન નથી.

પ્રથમ દૃષ્ટિએ જોઈએ તો સપ્તભંગી નયના આ પ્રથમ અને દ્વિતીય વિધાન વચ્ચે પૂર્ણ વિરોધ નથી. આ દ્વિતીય વિધાન પ્રથમ વિધાનનું પૂર્ણ વિરોધી નથી. આ દ્વિતીય વિધાન ઘડાના અસ્તિત્વનો ઈન્કાર કરતું નથી; પરંતુ તેમાં વિધાયક સ્વરૂપે હાજર ન હોય તેવા અન્ય લક્ષણોને ધ્યાનમાં લેવામાં આવે તો અને ત્યારે જ તેના અસ્તિત્વનો ઈન્કાર કરવામાં આવે છે. આનો અર્થ એમ કરવો જોઈએ કે ઘડો અસ્તિત્વમાન ન હોય તો તેનું અસ્તિત્વ સ્વીકારી શકાય નહિ.

આ પ્રથમ અને દ્વિતીય વિધાન તે સપ્તભંગી નયના મૂળ વિધાનો છે. બાકીના પાંચ વિધાનો તેમના આધારે ફલિત થાય છે, તેમ સમજવું જોઈએ.

**૩. સ્યાત્ ઘડો અસ્તિત્વમાન છે અને અસ્તિત્વમાન નથી**

આ વિધાન સમજવા માટે ઊંડો વિચાર કરવો આવશ્યક છે. ઘડો છે અને નથી. આ બંને એક સાથે કેવી રીતે સાચું હોઈ શકે?

આ વિધાન આ રીતે સમજવું જોઈએ–ઘડો સ્વ-દ્રવ્ય-કાળ-ક્ષેત્રપર્યાયના દૃષ્ટિકોણથી અસ્તિત્વમાન છે, પરંતુ પર-દ્રવ્ય-કાળ-ક્ષેત્રપર્યાયના દૃષ્ટિકોણથી જોઈએ તો તે અસ્તિત્વમાન નથી.

આ તત્ત્વને સરળ રીતે આમ રજૂ કરી શકાય.

ઘડો જે દ્રવ્યનો–માટીનો બનેલો છે, તે દ્રવ્યથી તે અસ્તિત્વમાન છે. પરંતુ અન્ય દ્રવ્યનો, જેમકે સુવર્ણનો બનેલો નથી.

ઘડો જે કાળમાં અસ્તિત્વમાન છે, તે કાળ સિવાયના કાળમાં અસ્તિત્વમાન નથી.

ઘડો જે ક્ષેત્રમાં અસ્તિત્વમાન છે, તે ક્ષેત્રમાં અસ્તિત્વમાન છે પરંતુ તે ક્ષેત્ર સિવાયના ક્ષેત્રમાં અસ્તિત્વમાન નથી. દૃષ્ટાંતતઃ ઘડો એક ઓરડાના એક ખૂણામાં અસ્તિત્વમાન છે, પરંતુ તે ઓરડાના અન્ય ખૂણામાં અસ્તિત્વમાન નથી.

ઘડો જે સ્વરૂપમાં અસ્તિત્વમાન છે, તે સિવાયના સ્વરૂપમાં અસ્તિત્વમાન નથી.

આમ ઘડો અસિત્વમાન છે અને અસ્તિત્વમાન નથી. આ બંને વિધાન સત્ય હોઈ શકે છે.

આ વિધાનમાં બે પર્યાયોની ક્રમિક અભિવ્યક્તિ છે.

**૪. સ્યાત્ ઘડો અવક્તવ્ય છે.**

પ્રથમ વિધાન અને દ્વિતીય વિધાનને ક્રમિક રીતે લેવામાં આવે છે ત્યારે તૃતીય વિધાન બને છે અને પ્રથમ અને દ્વિતીય વિધાનને યુગપત્ લેવામાં આવે છે, ત્યારે તેમાંથી આ ચતુર્થ વિધાન બને છે.

પ્રથમ અને દ્વિતીય યુગપત્ લેવામાં આવે ત્યારે અસ્તિત્વ અને અભાવ, આ બંને ખ્યાલો એક સાથે સ્વીકારવામાં આવે છે. આમ બને ત્યારે તે અવક્તવ્ય બની રહે છે.

ઘડાના અસ્તિત્વ અને અભાવ આ બંને સ્વરૂપને એક સાથેદર્શાવવા હોય ત્યારે તે માટે કોઈ શબ્દ નથી તેથી તેને અહીં 'ઘડો અવક્તવ્ય છે' એમ કહેવામાં આવે છે.

અસ્તિત્વ અને અભાવ–આ બંને પાસાં પ્રત્યે એકી સાથે ધ્યાન મનોવૈજ્ઞાનિક અને તાર્કિક રીતે અશક્ય લાગે છે.

સત્ અને અસત્–આ બંને પરસ્પર નિષેધક છે અને તેથી એક અને સમાન વસ્તુમાં બંનેનું એક સાથે આરોપણ અશક્ય છે. આથી 'ઘડો અવક્તવ્ય છે' એમ કહેવાનો પ્રસંગ ઉપસ્થિત થાય છે.

**૫. સ્યાત્ ઘડો અસ્તિત્વમાન છે અને અવક્તવ્ય છે**

ઘડો અસ્તિત્વ ધરાવે છે. તે માન્ય છે, પરંતુ ઘડા વિશે બધું કહી શકાય તેમ નથી, તેથી અસ્તિત્વમાન હોવા છતાં ઘડામાં ઘણું અવ્યક્તવ્ય પણ છે.

આમ અહીં અસ્તિત્વ અને અવક્તવ્યપણું, એક સાથે છે.

અસ્તિત્વમાન હોય તે બધું જ વક્તવ્ય નથી. તદનુસાર અસ્તિત્વમાન વસ્તુ સાથે અવક્તવ્યપણું પણ હોય જ છે.

**૬. સ્યાત્ ઘડો અસ્તિત્વમાન અને અવક્તવ્ય છે**

આ વિધાનનો અર્થ આ રીતે થઈ શકે-

ઘડો તેના અભાવદર્શક પાસાંમાંના સંબંધમાં અસ્તિત્વમાન નથી, પરંતુ તેના અસ્તિત્વદર્શી અને અભાવદર્શી સ્વરૂપોના દૃષ્ટિબિંદુથી નિહાળતા તે 'અવક્તવ્ય' બની રહે છે.

જેમ અસ્તિત્વ અવક્તવ્ય હોય છે તેમ નાસ્તિકત્વ પણ અવક્તવ્ય હોય શકે છે.

૭. સ્યાત્ ઘડો અસ્તિત્વમાન છે, અસ્તિત્વમાન નથી અને અવક્તવ્ય છે.

ઘડો પોતાના ગુણધર્મ પ્રમાણે અસ્તિત્વમાન છે; પોતાના અભાવદર્શક ગુણધર્મો પ્રમાણે અસ્તિત્વમાન નથી.

આ બંને દૃષ્ટિબિંદુઓને એકી સાથે લેતાં તે 'અવક્તવ્ય' છે.

અહીં ઘડાના ત્રણેય દૃષ્ટિબિંદુનું સંયોજન છે–અસ્તિત્વ, નાસ્તિત્વ અને અવક્તવ્ય!

આ સાતેય વિધાનોને આપણે આ પ્રકારે મૂકી શકીએ.

પ્રથમ અને દ્વિતીય વિધાનો મૂળભૂત વિધાનો છે.

પ્રથમ અને દ્વિતીય વિધાનને ક્રમિક રીતે મૂકતાં તૃતીય વિધાન અને બંનેને યુગપત મૂકતાં ચતુર્થ વિધાન ફલિત થાય છે.

આમાંથી પ્રથમ દ્વિતીય અને તૃતીય વિધાન સાથે ચતુર્થ વિધાન ઉમેરતાં અનુક્રમે પાંચમું, છઠ્ઠું અને સાતમું વિધાન ફલિત થાય છે.

કોઈપણ પરિસ્થિતિ વિશે આ સાત સ્વરૂપે વિધાન કરી શકાય છે– છે, નથી, છે નથી, અવક્તવ્ય, છે અવક્તવ્ય, નથી અવક્તવ્ય અને છે નથી અવક્તવ્ય. આ સાતથી અતિરિક્ત આઠમું કોઈ વિધાન શક્ય નથી. આ રીતે આ અનેકાન્ત દર્શન છે, અને એકાન્ત દર્શન નથી.

કોઈ પણ પદાર્થ કે પરિસ્થિતિનું પ્રત્યેક પાસું આ સાત દૃષ્ટિબિંદુઓથી નિહાળી શકાય છે. આમાંનું પ્રત્યેક દૃષ્ટિબિંદુ સત્ય છે, પરંતુ કોઈ દૃષ્ટિબિંદુ પૂર્ણ નથી. સાંગોપાંગ નથી. સમગ્ર સત્ય સાત દૃષ્ટિબિંદુઓના સમન્વયમાં છે.

વસ્તુના નિર્ણયનો આ સપ્તભંગીનય જૈનદર્શનની વિશિષ્ટ અને અદ્વિતીય પદ્ધતિ છે.

સામાન્યતઃ પ્રત્યેક દર્શન પોતાના મતનું મંડન અને અન્યમતનું ખંડન કરવામાં રાચે છે. ત્યારે જૈનદર્શનનો આ અનેકાન્તવાદ ઉદારતાપૂર્વ કહે છે-

'હા, સ્યાત્ તમારી વાત પણ સાચી હોઈ શકે છે.'

અને યાદ રહે ! અન્ય દાર્શનિકોની જેમ જૈન દાર્શનિક સામાન્યતઃ ખંડન-મંડનમાં પડ્યા નથી. આમ બન્યું છે, તેના પાયામાં જૈન સૂરિઓનું આ અનેકાન્તદર્શન છે. ધર્મને નામે સંઘર્ષો જૈનો કદી કરતા નથી. તેમ બનવાના કારણો આ બે છે–જૈન દર્શનનો અનેકાન્તવાદ અને જૈન-આચારની અહિંસા !

આ અનેકાન્તવાદે અને આ અહિંસાના મહાન સિદ્ધાંતે જૈનોને ખૂબ શાંતિપ્રિય પ્રજા બનાવી અને રાખી છે. જૈનો મંદિરો બનાવે છે, પરંતુ અન્ય ધર્મના મંદિરો તોડે તેવી કલ્પના પણ કોઈ ન કરી શકે. આ દુષ્કૃત્યોમાંથી જૈનોને કોણ બચાવે છે ? અનેકાન્તવાદ અને અહિંસા !

જૈનદર્શનના સાત પાયા છે- ૧. અનેકાન્તવાદ, ૨. અહિંસા, ૩. નવકાર મંત્ર, ૪. કર્મનો સિદ્ધાંત, ૫. તપ, ૬. ચૌદ ગુણસ્થાન ૭. નવ તત્ત્વો–(૧) જીવ (૨) અજીવ (૩) પુણ્ય (૪) પાપ (૫) આસ્રવ (૬) સંવર (૭) નિર્જરા (૮) બંધ (૯) મોક્ષ.

આ સાતેય તત્ત્વનો તાત્ત્વિક આધાર શું છે–આ તાત્ત્વિક આધાર છે–અનેકાન્તવાદ અર્થાત્ અનેકાન્ત દર્શન !

**સમાપન**

વિશ્વના દાર્શનિકોએ અનેકાન્તવાદની જેટલી નોંધ લેવી જોઈએ, તેટલી લીધી નથી, કારણ કે જૈનો અને જૈનધર્મ અનાક્રમવાદી અને અપ્રચારક પ્રજા છે. જૈનોને સંખ્યામાં રસ નથી અને વિજય પણ મેળવવો નથી.

આમ છતાં પોતાની દૃષ્ટિના વિકાસ માટે આપણે સૌ આ મહાનદર્શન–અનેકાન્ત દર્શનને આત્મસાત્ કરીએ તો તેમાં સૌનું કલ્યાણ છે.

★

સરસ્વતી નિકેતન આશ્રમ, કુમાર છાત્રાલય પાસે, જોધપર (નદી), વાયા મોરબી-૩૬૩૬૪૨. ટેલિફોન : ૦૯૩૭૪૪૧૬૬૧૦.

## આત્મતત્ત્વ પામવા માટે ઉપયોગી સૂચનો

૧ ક્ષેત્ર આદિ બાહ્ય ગ્રંથિ (આસક્તિ), મિથ્યાત્વાદિ આભ્યંતર ગ્રંથિ (આસક્તિ)નો ત્યાગ કરી આત્મતત્ત્વનું ધ્યાન કરવું.

૨. સંગ જ બધાં દુઃખનું કારણ મનાય છે માટે સંગત્યાગ કરવો. સંગત્યાગથી ઉપશમભાવ જન્મે છે. ઉપશમ-ભાવથી જીવ આત્મસ્વરૂપમાં સ્થિર થાય છે.

૩. જ્યાં સુધી પરિગ્રહનો ત્યાગ નથી થતો ત્યાં સુધી ચિત્તની મલિનતા નાશ પામતી નથી. પરિગ્રહનો નાશ થતાં જ ચિત્તની મલિનતા નાશ પામે છે.

૪. જ્યાં સુધી કષાયોની સંલ્લેખના કરવામાં ન આવે ત્યાં સુધી બહારની બધી જ સંલ્લેખનાઓ નિરર્થક છે. કષાયોની સંલ્લેખના કરવાથી જ આત્મા-તત્ત્વમાં સ્થિરતા પ્રાપ્ત થાય છે.

૫. ક્રોધ, માન, માયા, લોભ રૂપી ચાર કષાયો કૃશ થાય તો ધ્યાનમાં સ્થિરતા પ્રાપ્ત થાય છે.

૬. સમ્યક્જ્ઞાન દ્વારા ઉપસર્ગો અને પરિગ્રહો ઉપર વિજય મેળવવો જોઈએ.

૭. અસંયમિત ઈન્દ્રિયો અને ચંચળ મન વિષયરૂપી વન તરફ દોડે છે. તેમજ બધા જ પ્રકારના ત્યાગ પછી મન વિષયો તરફ જ દોડતું હોય તો દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ બધું જ નિષ્ફળ થઈ જાય છે.

## અસ્તિત્વ

☐ **પ્રશ્ન એ પણ છે કે–**

શું હિંસા અસ્તિત્વ સાથે જોડાયેલી છે ?

શું હિંસા થશે તો અસ્તિત્વ નહિ રહે ?

શું અહિંસા અને અસ્તિત્વ વચ્ચે કોઈ સંબંધ છે ?

જો બન્ને વચ્ચે સંબંધ હોય તો સંબંધસેતુ કયો છે ?

આપણું અસ્તિત્વ છે પરંતુ આપણને અસ્તિત્વની અનુભૂતિ નથી.

આપણે વ્યક્તિત્વમાં અટવાયેલા છીએ.

અસ્તિત્વની અભિવ્યક્તિ એટલે વ્યક્તિત્વ.

એક અસ્તિત્વ અભિવ્યક્ત છે પશુ અને પક્ષીના રૂપમાં.

એક અસ્તિત્વ અભિવ્યક્ત છે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિના રૂપમાં.

અસ્તિત્વ સમાન છે, વ્યક્તિત્વ સમાન નથી.

અસ્તિત્વ દૃશ્ય નથી, વ્યક્તિત્વ દૃશ્ય છે.

અસ્તિત્વ શુદ્ધ છે, વ્યક્તિત્વ ભેળસેળ છે.

વ્યક્તિત્વ મૃત્યુ પામે છે, અસ્તિત્વ નહિ.

વ્યક્તિત્વને મારી શકાય છે, અસ્તિત્વને નહિ.

# અનેકાન્તવાદની વ્યવહારિક ભૂમિકા

❑ ગુણવંત બરવાળિયા

*[લેખક વ્યવસાયે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે. જૈન સાહિત્ય અને જૈન ચિંતનને લગતા અનેક પુસ્તકોના લેખક, સંપાદક છે. જૈન જ્ઞાનસત્રનું આયોજન કરી જ્ઞાન-સંવર્ધનની પ્રવૃત્તિમાં સતત કાર્યરત છે. હાલમાં જૈન વિશ્વકોશની પ્રવૃતિ સાથે સંકળાયેલા છે. પ્રસ્તુત લેખમાં તેમણે અનેકાન્તવાદની વ્યવહારિક ભૂમિકા સમજાવી છે.]*

અનેકાંતવાદ કે સાપેક્ષવાદ એ વસ્તુને યથાર્થ રૂપે જણાવનાર છે તેથી તે યથાર્થજ્ઞાન છે. એકાંતવાદ એ નિરપેક્ષવાદ છે. તેથી વસ્તુને અયથાર્થપણે અને વિપરીત રીતે બતાવનાર છે – તેથી તે મિથ્યા છે. અપ્રમાણ છે. સ્યાદ્‌વાદ શ્રુતરૂપી પ્રમાણ વડે જાણેલી વસ્તુનું જ્ઞાન એ જ અસંદિગ્ધ અને નિર્ભાંત છે. ભ્રાંતિ અને સંદેહ એ જ્ઞાનના દોષ છે. દુષિત જ્ઞાન વડે થતી પ્રકૃતિ યથાર્થ ન હોય. યથાર્થ પ્રકૃતિ વિના ઈષ્ટ સિદ્ધિ ન થાય. ઈષ્ટ સિદ્ધિ માટે જેમ યથાર્થ પ્રકૃતિની જરૂર છે તેમ યથાર્થ પ્રકૃતિ માટે અસંદિગ્ધ (શંકા કે કન્ફ્યુઝન વગરનું) ભ્રાંતિ રહિતના જ્ઞાનની જરૂર છે. આવા સાપેક્ષજ્ઞાન વડે હેયનું હાન (જે જે છોડવા જેવું છે તે છોડી શકાય), ઉપાદેયનું ઉપાદાન (જે ગ્રહ કરવા યોગ્ય છે તેને જીવનમાં ગ્રહણ કરવાની પૂર્વભૂમિકા પાત્રતા સર્જાય) અને ઉપેક્ષણીયની સાચી ઉપેક્ષા રોજબરોજના જીવનમાં તેની માધ્યસ્થ ભાવ દ્વારા ઉપેક્ષા કરી શકાય.

કોઈપણ કથન નિરપેક્ષપણે સત્ય નથી. સત્ય હંમેશાં આપણા દૃષ્ટિબિંદુઓને સાપેક્ષ છે. માનવી પોતાની દૃષ્ટિ છોડી બીજાની દૃષ્ટિથી પણ જોશે તો બીજાની વાત પણ સાચી છે એવું માનવાથી સ્વીકારવાથી અડધું જગત શાંત થઈ જશે.

અનેકાંતવાદને નામે કેટલીક ગેરસમજણો ફેલાય છે. કેટલાક કહે છે કે સ્યાદ્‌વાદ એ સંશયવાદ છે. વળી કેટલાક આધુનિકો કહે છે કે સ્યાદ્‌વાદ એ સમન્વયવાદ છે. વસ્તુતઃ બેમાંથી એક વાત પણ બરાબર નથી.

સ્યાદ્‌વાદ એ સંશયવાદ નથી પણ સર્વ સંશયોનો છેદ ઉડાડનાર નિશ્ચિતવાદ છે. જે અપેક્ષાએ જે વાક્ય કહેવાય તે અપેક્ષાએ તે વાક્ય તેમ જ છે એમ સ્યાદ્‌વાદ 'જ' કાર પૂર્વક કહે છે. દાખલા તરીકે સ્યાદવાદી દ્રવ્ય દૃષ્ટિએ આત્માને નિત્ય 'જ' માને છે અને પર્યાય દૃષ્ટિએ અનિત્ય જ માને છે. દ્રવ્ય દૃષ્ટિએ નિત્ય પણ છે અને અનિત્યપણ છે, કે પર્યાદૃષ્ટિએ અનિત્ય પણ છે અને નિત્ય પણ છે, એમ સ્યાદ્‌વાદ કહેતા નથી, 'જ' કાર પૂર્વક કહેવા છતાં સ્યાત્ પદનો પ્રયોગ તે એટલા માટે કરે છે કે આત્મા જેમ દ્રવ્ય દૃષ્ટિએ નિત્યધર્મવાળો તેમ પર્યાય દૃષ્ટિએ અનિત્યધર્મવાળો પણ છે. એ વાતનું વિસ્મરણ થાય તો એકાંતવાદ આવી જાય અને એકાંતવાદથી તત્ત્વ પામી શકાય નહીં. આમ અનેકાંતવાદ પર્યાપ્ત નિર્ણય કરનારો નિશ્ચિતવાદ છે.

વહેવારમાં ઘણાં તેને સમન્વયવાદ તરીકે ઓળખાવે છે પરંતુ એ બરાબર નથી. વસ્તુમાં રહેલા અનંતધર્મોમાંથી એકની પણ ઉપેક્ષા (અપલાપ) કર્યા વિના વસ્તુના સર્વધર્મનો સમન્વય કરનાર તરીકે ઓળખાવીએ તે ઠીક છે પરંતુ એકાંતવાદના પાયા પર રચાયેલા સર્વ ધર્મો કે સર્વધર્મ માર્ગો મુક્તિ અપાવનારા છે. એમ કહેવું તે નિતાન્ત અસત્ય છે. વહેવારમાં સ્યાદ્‌વાદીનો સર્વધર્મ સમન્વયવાદ કે સર્વધર્મ તુલનાવાદ જુદો જ છે તે સત્યને સત્યરૂપે અને અસત્યને અસત્ય રૂપે ઓળખી અસત્યનો પરિહાર અને સત્યનો સ્વીકાર કરવામાં રહેલો છે.

જૈનદર્શનમાં 'સ્યાદ્‌વાદ' તત્ત્વજ્ઞાનને સમજવા માટે જે પદ્ધતિ તૈયાર કરવામાં આવી છે તેને 'નય' નામથી ઓળખવામાં આવે છે. 'નય' શબ્દનો અર્થ આપણે અપેક્ષાર્થે થતું વસ્તુનું જ્ઞાન Relative Knowledge એવો કરીશું.

આ નયના મુખ્ય બે વિભાગ છે.

(૧) દ્રવ્યાર્થિક એટલે વસ્તુના સામાન્ય સ્વરૂપને સંભવે તે

(૨) પર્યાયાર્થિક એટલે વસ્તુના વિશેષ સ્વરૂપને સમજાવે તે તે સાત નય

૧ઃ નૈગમ ૨ઃ સંગ્રહ ૩ઃ વ્યવહાર ૪ઃ ઋજુસૂત્ર ૫ઃ શબ્દ ૬ઃ સમભિરૂઢ ૭ઃ એવંભૂત.

ધર્મના આચરણ માટે જૈનદાર્શનિકોએ એને નિશ્ચય અને વહેવાર નય એમ બે વિભાગમાં વહેંચ્યા છે. અહીં નિશ્ચયનો અર્થ મૂળભૂત સિદ્ધાંત ધ્યેય અથવા એક અને અબાધિત સત્ય એવો થાય છે. માટે વહેવાર નયમાં એ સિદ્ધાંતની પૂર્તિ માટે વહેવારમાં આચરવામાં ઉપયોગી થાય એવી બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. મૂળ સિદ્ધાંતનો બાધક વિરોધી કે ઉન્મૂલક હોય એવા વ્યવહારનો આમ પણ એમાં સમાવેશ થતો નથી.

પ્રત્યેક વસ્તુ અનેક ધર્માત્મક છે. આ અનેક ધર્માત્મક એટલે પ્રત્યેક વસ્તુને એક નહિ પણ વિવિધ બાજુઓ હોય છે. આમાંય પાછી ખાસ ખ્યાલમાં રાખવાની અને સમજી લેવાની વાત એ છે 'કે' આ અનેક ધર્મોમાં પરસ્પર વિરોધી એવા ગુણધર્મો પણ હોય છે.

ઝેર એક જ હોય છે. પ્રમાણ અને અવસ્થાભેદે તે માણસને મારે પણ છે અને જીવાડે પણ છે. મારતી વખતે એ ઝેર કહેવાય છે અને જીવાડતી વખતે એ ઔષધ અમૃત કહેવાય છે. એક જ વસ્તુનો આ પરસ્પર વિરોધી સ્વભાવ થયો.

મૂળ વસ્તુ એકની એક હોવા છતાં તેના જુદા જુદા સ્વરૂપો જુદા જુદા નામથી ઓળખાય છે. આ જુદા જુદા સ્વરૂપો પાછા પરસ્પર વિરોધી ગુણ ધર્મોવાળા હોય છે. લોખંડ એક વસ્તુ છે. તેમાંથી બનાવવામાં આવતાં ઢાલ, તલવાર, ચાકુ, કાતર, અને સોય વિગેરેમાં લોખંડ હોવા છતાં તે બધા જુદા જુદા નામે ઓળખાય છે અને વળી પરસ્પર વિરોધી કામ પણ કરે છે. તલવાર કાપે છે જ્યારે ઢાલ એને કાપવા દેતી નથી. કાતર ચીરા પાડી શકે છે જ્યારે સોય એ ચીરાને સાંધીને પાછા એક કરી દે છે.

પિસ્તોલ આપણાં હાથમાં હોય છે ત્યારે આપણું રક્ષણ કરે છે. પ્રતિપક્ષીના હાથમાં જાય તો એ જ પિસ્તોલ આપણું મોત નીપજાવે છે. અહીં પિસ્તોલનો ક્ષેત્રભેદ થયો. પેલા ઝેરમાં (પ્રમાણ) ભાવભેદ થયો હતો.

માણસની પણ બચપણ, કિશોરાવસ્થા, યૌવન, આધેડ અવસ્થા, વૃદ્ધાવસ્થા અને અંતિમ અવસ્થા જોઈએ છીએ. દેહ અને નામ એક જ હોવા છતાં કાળભેદે કાળની અપેક્ષાએ–કેટલા સ્વરૂપો

થયા? તેમાં પાછા પરસ્પર વિરોધી, આ વિરોધી પણ માત્ર દૃષ્ટિ પુરતા જ, દેખાવ પુરતા જ નહિ. સ્વભાવ પણ પાછો પરસપર વિરોધી હોય છે.

સંસ્કૃતમાં વિદ્વાન 'તો' જર્મન ભાષા માટે 'ઢ' કહી શકાય. આમ એક વ્યક્તિ વિદ્વાન પણ અને 'ઢ' પણ છે.

સફેદ દીવાલવાળા રૂમમાં પીળા રંગની રાત્રે લાઈટ થાય ત્યારે દીવાલ પીળી લાગે. દિવસે જોનારને સફેદ લાગે. એક અપેક્ષાએ બન્ને સાચા છે અને બન્ને ખોટા પણ છે.

ઘર માલિક આનો ફોડ પાડી શકે.

દ્રવ્યભેદે–દ્રવ્યની અપેક્ષાએ તે એકનો એક જ દેહ સુકોમળ વજ્ર જેવો મજબૂત, માંદલો, તંદુરસ્ત, સશક્ત, અશક્ત, દાઢી મૂછ વગરનો, દાઢી મૂછવાળો, ટટ્ટાર, વાંકો, મખમલ જેવો મુલાયમ અને કરચુલીઓવાળો જર્જરીત પરસ્પર વિરોધી ગુણધર્મોવાળો પણ બને છે.

એ જ દેહ ક્ષેત્રની અપેક્ષાએ અંગ્રેજ, અમેરિકન, યુરોપિયન, આફ્રિકન, બંગાળી અને ગુજરાતી વગેરે જુદા જુદા નામે ઓળખાય છે.

ભાવની અપેક્ષાએ જ માણસ સૌમ્ય, રૌદ્ર, શાંત, અશાંત, સ્થિર, અસ્થિર, ધીર, અધીર, છીછરો, ગંભીર, રૂપાળો અને કદરૂપો પણ દેખાય છે.

કાળની અપેક્ષાએ એને જ આપણે બાળક, કિશોર. યુવાન આધેડ અને વૃદ્ધ કહીએ છીએ. આમ મનુષ્યનો દેહ એકનો એક હોવા છતાં, વસ્તુ તરીકે એક જ હોવા છતાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની ભિન્ન ભિન્ન અપેક્ષાથી જુદો જુદો દેખાય છે. જુદો જુદો બની જાય છે. આ બધું આપણે સાચું માનીએ જ છીએ. બધાં માને છે. આ બધું એ નિઃશંક પુરવાર કરે છે કે કોઈ પણ પદાર્થમાં પરસ્પર વિરોધી એવા ગુણધર્મોનું અસ્તિત્વ હોય જ છે. આ વાતનો સ્વીકાર કરવામાં હવે કશી અસ્પષ્ટતા નહિ રહે, કંઈ મુશ્કેલી નહિ રહે. જૈન દાર્શનિકોએ અનેકાંતવાદનો આશ્રય લઈને આવી ઘણી વાતો સ્પષ્ટતાથી સમજાવી છે.

આધુનિક મનોવિજ્ઞાન શાસ્ત્રીઓ કહે છે કે, દરેક માણસોમાં 'ડૉક્ટર જેકિલ અને મિસ્ટર હાઈડની' જેમ પરસ્પર વિરોધી, ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવ જેટલું અંતર ધરાવતી વૃત્તિઓ હોય જ છે. એટલે, કોઈપણ સંસારી માણસને સર્વથા સારો અથવા સર્વથા ખરાબ-બુરો-એમ કહી શકાય જ નહિ.

એક સજ્જને પોતાના નામથી એક સાર્વજનિક દવાખાનું બાંધવા માટે પંદર લાખ રૂપિયા આપ્યા. તેને ત્યાં કામ કરતા એક નોકરને ઓપરેશન કરાવવા માટે જરૂરી પંદર હજાર રૂપિયા આપવાની તેમણે ઘસીને ના પાડી. પરિણામે જરૂરી સારવાર પેલો ગુમાસ્તો મેળવી ના શક્યો અને એનું અવસાન થયું.

આ સજ્જન માટે આપણે શું કહીશું? દયાળુ? ઉદાર? નિર્દય? અધમ? જવાબ આપવાની કશી આવશ્યકતા નથી. સહેજે સમજાઈ જાય એવી વાત છે.

આવા આવા તો અનેક દૃષ્ટાંતો ભિન્ન ભિન્ન ક્ષેત્રોમાં જોવા મળશે. એ બધા ઉપરથી સહેજે સમજાશે કે 'એક જ વસ્તુ છે અને નથી' એમ જ્યારે જૈન દાર્શનિકો કહે છે તે અનેકાંત દૃષ્ટિથી કહે છે અને તે યથાર્થ છે, એમ કહેવામાં તેઓ તદ્દન સાચા છે. આ વાતનો સ્વીકાર આપણે કરવો જ જોઈએ.

અનેકાંત દૃષ્ટિની આવી વાતો ખૂબ જ સમજવા જેવી છે. જો બરાબર સમજાઈ જાય તો, પછી જગત અને જીવનની તમામ સમસ્યાઓનો ઉકેલ બહુ જ સરળતાથી આવી જાય.

અનેકાંત દૃષ્ટિ રાખીને આ વાતનો વધારે વિચાર કરીશું તો, એક જ વસ્તુમાં સત્ત્વ અને અસત્ત્વ, નિત્યત્ત્વ અને અનિત્યત્ત્વ તેમ જ એકત્વ અને અનેકત્વ વગેરે એક જ સમયે રહે છે, એ સમજવામાં કશી મુશ્કેલી નહિ નડે. એ બધું જોવા અને સમજવા માટે, અનેકાંતવાદનો આશ્રય લેવો પડશે. એનો આધાર જો ન લઈએ તો તે આપણને કદીપણ નહિ સમજાય.

એક અને અનેક એક સાથે એક સમયે રહે છે, તે સમજવામાં તો આજના આ વિજ્ઞાનવાદી અણુ-પરમાણુ-સંશોધન યુગમાં કશી મુશ્કેલી નહિ નડે.

વસ્તુનું નિત્યત્વ અને અનિત્યત્વ સમજવું પણ સહેલું છે. બધું જ પરિવર્તનશીલ છે; આ વાત તો સૌ કોઈ સ્વીકાર છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ તથા અવસ્થા (પર્યાય) ભેદે એક જ વસ્તુ અનેક પરિવર્તનો પામે છે. એ પરિવર્શનશીલ છે એટલે એને અનિત્ય કહી શકાય–અનિત્ય છે. છતાં, એનું મૂળ દ્રવ્ય, જુદા જુદા સ્વરૂપમાં પણ એમાં કાયમ રહે છે, એટલે એને નિત્ય પણ કહી શકાયે–નિત્ય છે. એકલું નિત્ય કહેવું એ જેમ ખોટું ઠરે તેમ એકલું અનિત્ય કહેવું એ પણ ખોટું છે.

આ પરિવર્તન પણ સહસા–એકાએક નથી થતું. એ એનો સમય લે જ છે. કપડું એકદમ મેલું થતું નથી, ચોખામાંથી ભાત એકદમ નથી બની જતો, ઘઉંમાંથી સીધી રોટલી નથી બનતી અને બાળક એકદમ વૃદ્ધ નથી બનતું. આ બધાનો એક કાળક્રમ છે. આવા બધા પરિવર્તનો છતાં એની મૂળ વસ્તુનો સર્વથા નાશ પણ નથી થતો.

માટીમાંથી ઘડો જ્યારે બનાવ્યો ત્યારે તે ઘડાના સ્વરૂપમાં પણ મૂળ પદાર્થ માટીનું અસ્તિત્વ તો રહ્યું જ. એ ઘડાના જ્યારે ટુકડા થાય છે, ત્યારે, એના એ બીજા સ્વરૂપમાં પણ મૂળ દ્રવ્ય માટીનું અસ્તિત્વ હોય છે.

એ જ ન્યાયે તત્ત્વજ્ઞાનની ભૂમિકા ઉપર, કોઈપણ વસ્તુતત્ત્વને સર્વથા સત્ય કે અસત્ય, સર્વથા નિત્ય કે સર્વથા અનિત્ય એમ માનવું એ પણ ભૂલ છે. બધા જ વસ્તુતત્ત્વો જેવા છે તેવા જ રહેવાના હોય, એમાં પરસ્પર વિરોધી ગુણધર્મો જો ન હોય અને એ પરિવર્તનશીલ ન હોય તો પછી એનું અસ્તિત્વ કેવળ નિરૂપયોગી બની જાય છે.

પત્થર એક કાળે જેવો અને જેવડો છે, તેવો અને તેવડો જ જો સર્વકાળે તે રહેવાનો હોય, તો પછી એનો અર્થ એ થયો કે તેનામાં ક્રિયાશીલતા નથી. હવે, એનામાં ક્રિયાશીલતા જો ન હોય, તો પછી એના દ્વારા કંઈ પણ કાર્ય થાય એવી આશા કેમ રાખી શકાય?

એવી જ રીતે, બ્રહ્મને એકને જ માત્ર સત્ય માનવામાં આવે અને એના અસ્તિત્વને તદ્દન સ્થિર તેમ જ અપરિવર્તનશીલ માનવામાં આવે, તો પછી, એનામાં ક્રિયાશીલતાનો અભાવ હોઈ એની ઉપયોગિતા શું?

જગતને જો સર્વથા મિથ્યા જ માનવામાં આવે, તો પછી, જેને વાસ્તવિક (સત્ય) માનવામાં આવે છે તેવા બ્રહ્મ સાથે એનો સંબંધ જોડી જ કેવી રીતે શકાય! એવી જ રીતે જડ અને ચેતનને એકબીજાથી તદ્દન ભિન્ન જ માનવામાં આવે તો પછી એકની અસર બીજા ઉપર

થાય એવી આશા પણ કેમ રાખી શકાય?

જગત જો પરિવર્તનશીલ હોય તો પછી, એ જગતમાંથી ઉત્પન્ન થયું હોવાનું વૈદિક તત્ત્વજ્ઞાનીઓ માને છે ને બતાવે છે, તે બ્રહ્મ પણ, પરિવર્તનશીલ જ હોવું જોઈએ. એમ જો ન હોય તો એક નિત્ય અને અપરિવર્તનશીલ બ્રહ્મમાંથી અનિત્ય અને પરિવર્તનશીલ જગત ઉદ્‌ભવે જ કેવી રીતે?

એકાંત નિત્યમાંથી અનિત્ય કે એકાંત અનિત્યમાંથી નિત્યનો સ્વતંત્ર ઉદ્‌ભવ કદી સંભવી શકે જ નહિ. આ વાત જૈન તત્ત્વજ્ઞાનીઓએ ખૂબ જ ભારપૂર્વક અને અસંદિગ્ધપણે કહી છે. એ વાત ખૂબ સમજવા જેવી છે. દ્વૈત, અદ્વૈત અને એના બધા ફાટાઓમાંથી તથા ક્ષણિકવાદ વગેરે બધાં એકાંત તત્ત્વજ્ઞાનોમાંથી આ બધી સમજણ મળતી નથી. કેમકે એ બધા પાછળ દર્શાવ્યું છે તે મુજબ એક નય (એકાંતજ્ઞાન)ના આધારે અને એકાંતિક નિર્ણયો દ્વારા રચાય છે. એ બધાની સામે સરોવરના સમૂહ સમક્ષ ઘૂઘવાતા મહાસાગર સમો જૈન તત્ત્વજ્ઞાનનો અનેકાંતવાદ ઉભો છે. એની સમજણ એ જ સાચી સમજણ છે. આ વાત સ્વીકારવામાં હવે કશી આપત્તિ રહે છે? નથી રહેતી. હજુ થોડુંક વિશેષ સ્પષ્ટિકરણ કરીએ.

સત્ય અને અસત્યને બદલે આપણે સત્વ અને અસત્વ એવા બે શબ્દો મૂકીએ. આ બંનેમાં પરસ્પર વિરોધી એવા ગુણધર્મો છે. પણ, અહીં આપણે પેલી ચાર અપેક્ષાને, ચતુષ્ટયને લાવીને મૂકીશું તો જણાશે કે સ્વદ્રવ્યક્ષેત્રકાળભાવથી કે સત્વ છે, તે જ સત્ત્વ પરદ્રવ્યક્ષેત્રકાળ ભાવથી અસત્ત્વ છે.

આ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષામાં સ્વ શું અને પર શું? આ વાત નવી આવી, કેમ? કશા સંભ્રમમાં ન રહેવાય એટલા ખાતર એક ટૂંકી સમજણ આપણે અહીં લઈ લઈએ. જ્યાં 'પોતે' છે એ 'સ્વ' અને જ્યાં 'પોતે' નથી એ 'પર'. આ વિષય ઉપર આપણે આવીએ ત્યાં સુધીમાં આનો થોડોક વિચાર જો કરી રાખશો તો તે વખતે એ સમજવાનું બહુ સહેલું થઈ પડશે.

આ રીતે અસત્ત્વ અને સત્ત્વ, અનિત્યત્વ અને નિત્યત્વ, અનેકત્વ અને એકત્વ વિગેરે પરસ્પર વિરોધી ગુણધર્મવાળી બાબતોને, તે વસ્તુઓને આપણે જો વિવિધ બાજુઓથી જોઈએ તો પછી એ બધું અનેકાંતાત્મક છે, એ વાત ખૂબ સરળ રીતે અને સહેલાઈથી સમજાશે.

એક જ વસ્તુમાં અનેક પ્રકારના ગુણધર્મો હોય છે એ વાત જૈનેતર તત્ત્વજ્ઞાનીઓએ પણ સ્વીકારેલી છે. જે લોકો અનેકાંતવાદને પૂર્ણપણે સમજ્યા નથી એ લોકો એવો પ્રશ્ન પૂછે છે કે 'આ તો અમારામાં પણ છે? જૈન ફિલસૂફોએ નવું શું કહ્યું?'

અહીં જ, જૈન ધર્મની વિશિષ્ટતાનું દર્શન થાય છે. પ્રત્યેક વસ્તુમાં અનેક ગુણધર્મો હોય છે, એ દેખાડવા માત્રથી જ જૈન તત્ત્વજ્ઞાનને અનેકાંતવાદ નામ નથી આપાયું. જૈનદર્શને વસ્તુ, એ વાત, સાબિત કરીને બતાવી છે.

તદુપરાંત, એ પ્રત્યેક વસ્તુમાં 'પરસ્પર વિરોધી' એવા તત્ત્વો 'એક સાથે' રહેલા છે અને વસ્તુ માત્ર 'અનેક ગુણધર્માત્મક' નહિ પણ 'પરસ્પર વિરોધી એવી અનેકગુણધર્માત્મક' છે એમ જૈન તત્ત્વજ્ઞાન કહે છે. આ જે વિરોધી ગુણધર્મો છે તે એકાંત દૃષ્ટિથી દેખાતા નથી. અનેકાંત દૃષ્ટિથી જ એને જોઈ તથા સમજી શકાય છે. જૈન તત્ત્વજ્ઞાનની, અનેકાંતવાદની, જે વિશિષ્ટતા છે તે આ છે. આ કંઈ નાની સૂની વિશિષ્ટતા નથી. તત્ત્વજ્ઞાનના વિષયમાં એ એક મહાન સિદ્ધિ છે. એટલા માટે જ આ અનેકાંતવાદને તત્ત્વશિરોમણી માનવામાં આવ્યું છે.

આકારણ કરુણાના કરનાર ભગવાન મહાવીરની ચિંતનપ્રધાન તપસ્યાએ તેમને અનેકાંત દૃષ્ટિ સુઝાડી અને એમની સત્પન્ન શોધનો સંકલ્પ સફળ થયો. એમને પોતાને સાંપડેલી એ અનેકાંત દૃષ્ટિ ચાવીથી વ્યક્તિગત તેમ જ સામૂહિક જીવનની વ્યાવહારિક અને પારમાર્થિક સમસ્યાઓના તાળા ઉઘાડી નાખ્યા અને સમાધાન મેળવ્યું ત્યારે એમણે જીવનમાં ઉપયોગી વિચાર અને આચારનું ઘડતર કરતી વખતે એ અનેકાંત દૃષ્ટિને નીચે પ્રમાણેની મુખ્ય શરતોથી પ્રકાશિત કરી અને પોતાના જીવનદ્વારા એનું અનુસરણ કરવાનો કેટલી શરતોએ ઉપદેશ આપ્યો.

- રાગ અને દ્વેષમાંથી પેદા થતા સંસ્કારોથી વશ ન થવું અર્થાત તેજસ્વી મધ્યસ્થભાવ ધારણ કરવો.
- જ્યાં લગી મધ્યસ્થ ભાવનો પૂર્ણ વિકાસ ન થાય ત્યાં સુધી એ ધ્યેય રાખીને કેવળ સત્યની જિજ્ઞાસા રાખવી.
- ગમે તેવા વિરોધી દેખાતા પક્ષથી ગભરાવું નહિ અને પોતાના પક્ષની જેમ એ પક્ષની પણ આદરપૂર્વક વિચારણા કરવી અને પોતાના પક્ષ તરફ પણ આકરી સમાલોચક દૃષ્ટિ રાખવી.
- વિરોધી લાગતા હોય તેવા બીજાના અનુભવોમાંથી જે જે અંશો સાચા લાગે તેનો વિવેકબુદ્ધિથી સમન્વય કરવાની ઉદારતા સાથે અભ્યાસ કરવો. સમન્વય કરવામાં મિથ્યાભિમાનનો ત્યાગ કરવો. જીવન વહેવારમાં અનેકાંતના આચરણ માટે ભગવાનની આ શીખમાં સ્વ પર કલ્યાણ અભિપ્રેત છે.

જૈન તત્ત્વજ્ઞાનીઓએ હંમેશાં એવો આગ્રહ રાખ્યો છે કે તીવ્ર બુદ્ધિશક્તિ હોવા છતાંય તટસ્થ ભાવ જ્યાં સુધી પ્રગટતો નથી ત્યાં સુધી પૂર્ણ સત્યની પ્રાપ્તિ થતી નથી, એ તટસ્થવૃત્તિ કેળવવા માટે અજ્ઞાન દૂર કરી સમ્યકજ્ઞાન મેળવવું પડે. પૂર્વગ્રહો, અભિપ્રાયો અને અહંકારથી મુક્ત થવું પડશે. ઈન્દ્રિયાદિક વૃત્તિઓ સાથેનો સંબંધ ધરાવતા ભૌતિક સ્વાર્થને ત્યાગવો પડશે. વિવેકબુદ્ધિના જાગરણ સાથે વિશ્વવાત્સલ્ય, કરૂણા અને મૈત્રીભાવ કેળવવો પડે વળી. પરમત સહિષ્ણુતાની પાવન જ્યોત પ્રગટે તો જ અનેકાંતનો અનેરો લાભ મળે.

બીજો પણ સાચો હોઈ શકે, બીજી દાર્શનિક પરંપરા ને અન્ય ધર્મોની વાત સહિષ્ણુતાથી સાંભળવી (તેને માની લેવી એવું જરૂરી નથી). તેમ કરવાથી ધર્મઝનુન નિવારી શકાય, અનેકાંત સમજીને દરેક પાસાનો વિચાર કરવાથી વ્યવહારિક જીવનમાં – પતિ-પત્ની, માતા-પિતા, પૂત્ર-પૂત્રી, ભાઈ-ભાઈ, સાસુ-વહુ, નણંદ-ભોજાઈ જેવા સંબંધોમાં સામંજસ્ય સર્જાશે. શિષ્ય-ગુરુ, ભક્ત-ગુરુ, નોકરમાલિક (શેઠ), સંસ્થાના કાર્યકરો રાજકીય પક્ષો, શિક્ષક-વિદ્યાર્થી, નેતા-અમલદા–પ્રજા વચ્ચે દરેક તબક્કે હાર્મની જળવાઈ રહેશે.

અનેકાંત દ્વારા રાષ્ટ્રની સીમાઓ, જળ, જમીન, આકાશ અને કુદરતી સંપત્તિની વહેંચણી માટેના ઘર્ષણ અટકશે. અનેકાંતનું આચરણ વ્યક્તિને અન્ય ધર્મ પ્રત્યે થતી નફરત રોકશે પણ જ્યાં જ્યાં સારું છે તે મારું છે, મારું છે તે જ સારું છે નહિ પણ અનેકાંતની સમજણથી હંસદૃષ્ટિનો વિવેક, પ્રમોદભાવ અને માધ્યસ્થ ભાવ પ્રગટશે.

લોહીને હિંસા સાથે સંબંધ છે. સામાન્ય રીતે હિંસક પ્રવૃત્તિમાં આપણને લોહી દેખાય છે, પરંતુ આ તો સ્થૂળ હિંસાની વાત થઈ. કેટલીક હિંસક પ્રવૃત્તિઓ એવી હોય છે કે જે હિંસા દ્વારા લોહી વહેતું નથી છતાં એ પ્રવૃત્તિ તીવ્ર અને ઘાતક હોય છે.

વિશ્વાસઘાત, કોઈના ગુપ્ત રહસ્યોને વિવેકહીન રીતે ઉઘાડાં પાડવાં, ધ્રાસ્કો પડે તેવું બોલવું કે સમાચાર આપવા, શોષણ અને અન્યાય દ્વારા પરિગ્રહની પ્રવૃત્તિ પણ હિંસા છે. અયોગ્ય માર્ગે કોઈનું બ્રેઈન વૉશ કરવું કે ષડયંત્રો રચવા એ હિંસા છે.

વિચારોના વિકૃત અર્થઘટન અને અભિવ્યક્તિ દ્વારા આપણે હિંસક બની અનેકાંતના હત્યારા બનીએ છીએ. આકરી, શુષ્ક, અશક્ય અને કાલ્પનિક વાતો દ્વારા યુવાનોને ધર્મવિમુખ બનાવવાની હિંસાથી બચીએ.

અપરિગ્રહના એકાંતિક આગ્રહથી હું કદાચ કટ્ટર દિગંબર બની શકું. અહિંસાના એકાંતિક આગ્રહથી હું કદાચ કટ્ટર સ્થાનકવાસી બની શકું. જીવદયા અને હિંસાના વૈચારિક અનુબંધથી હું કદાચ તેરાપંથી બની શકું. જિનપૂજામાં આરંભ-સમારંભની વિવેકહિન અનિવાર્યતા મને કદાચ કટ્ટર મૂર્તિપૂજક બનાવી દે. કટ્ટરતામાં ધર્મઝનૂન અભિપ્રેત છે. ધર્મ એ અમૃત છે, પણ ઝનૂન એ વિષ છે. એ વિષથી આપણે બચવાનું છે. વિવેકપૂર્વક વિચારીશું તો અહીં અનેકાંત વિચારધારા આપણને બચાવી શકે. એકાંત ક્રિયાવાદ કે એકાંત જ્ઞાનવાદ મોક્ષ તરફ જવાના માર્ગે નહીં લઈ જઈ શકે. જ્ઞાનની આંખ અને ક્રિયાની પાંખ દ્વારા જ આ આતમ પંખી ઊર્ધ્વગમન કરી શકે.

મારી વિચારધારા, દૃઢ માન્યતા અને આગ્રહને કારણે હું ત્યાગમાર્ગમાં પણ શાંતિ મેળવી શકું નહિ. કામરાગ અને સ્નેહરાગથી છૂટવું હજી સહેલું છે, પણ દૃષ્ટિરાગથી મુક્ત થવું કઠિન છે.

દૃષ્ટિરાગથી પરાધીન એવા મને મારી દયા આવે છે. દયા-ધર્મના જ્ઞાતાઓએ કહ્યું છે કે પહેલાં સ્વદયા પછી પરદયા. સ્વદયા એટલે પોતાનાં જ્ઞાન, શાંતિ, આનંદ અને સમત્વના ભાવપ્રાણ હણવા ન દેવા તે. અહીં પળે પળે ભયંકર ભાવમરણથી આત્મરક્ષણની વાત અભિપ્રેત છે. પોતાના ભાવપ્રાણ હણાય તેવી પ્રવૃત્તિ સ્વહિંસા છે. જ્યારે બીજાના ભાવપ્રાણ હણાય તેવી પ્રવૃત્તિ પરહિંસા છે.

સાધનાના માર્ગે આગળ વધતો સાધક વિવેક અને જયણા દ્વારા લોહી વહે તેવી સ્થૂળ હિંસા તો સહજ નિવારી શકે, પરંતુ અહીં આગળ વધીને સૂક્ષ્મ અહિંસાનું ચિંતન કરવાનું છે. લોહી ન વહે તેવી હિંસાથી બચવાનો પુરુષાર્થ સાધકનો સમ્યક્ પુરુષાર્થ છે. અને ભગવાન મહાવીરે ચીંધેલી અનેકાંત વિચારધારાનું આચરણ જ તેમાં સહાયક બની શકે.

★

**સંદર્ભ ગ્રંથ :**

અનેકાંત સ્યાદ્વાદ. લેખક-ચંદુલાલ શાહ 'ચંદ્ર'

અનેકાંતવાદ. લેખ-હરિસત્ય ભટ્ટાચાર્ય

જૈન ધર્મનો પ્રાણ. લેખક-પંડિત સુખલાલજી

૬૦૧, સ્મીત ઍપાર્ટમેન્ટ, ઉપાશ્રય લેન, ઘાટકોપર ઈસ્ટ, મુંબઈ-૪૦૦ ૦૭૭. મો. : ૦૯૮૨૦૨૧૫૫૪૨.

## નય અને અનેકાંતવાદની વિશેષતા સમજાવવા દીવાકરશ્રીનો પુરુષાર્થ

નય અને અનેકાંતવાદને સ્પષ્ટ સમજાવવા અને જૈન તત્ત્વજ્ઞાનની એ વિશેષતાને સર્વગમ્ય કરવા સૌથી પહેલાં બુદ્ધિ અને તર્કસિદ્ધ જો કોઈ પ્રયત્ન થયો હોય તો તે દીવાકરશ્રીનો જ પ્રયત્ન છે. દિગંબરાચાર્ય સામંતભદ્રની આપ્તમીમાંસા અને શ્વેતાંબરાચાર્ય હરિભદ્રની અનેકાંત જય પતાકા વગેરે કૃતિઓ એ પાછળના પ્રયત્નો છે.

વીર અને વિદ્વાન પુરુષની પ્રભા કાંઈ પોતાના જ કુલને આપીને અટકતી નથી. એ તો સહસ્ત્રકિરણ સૂર્યની પેઠે બધી દિશાઓને ઝગમગાવી મૂકે છે. એમના તેજોબળથી આકર્ષાયેલા બીજા વિદ્વાન આચાર્યોએ પણ એમનાં ગુણાગન કરવાનું વીસાર્યું નથી.

(પં. સુખલાલજી અને પ. બેચરદાસ, 'સન્મતિ તર્ક અને તેનું મહત્ત્વ', 'જૈન' રૌપ્ય અંક)

## તમામ કાર્યોનું કારણ કેવળ એક કર્મ જ છે

એક સ્થળે બરાબર બંધ કરેલો એક કરંડિયો પડ્યો હતો. એમાં કંઈક ખાવાનું હશે એમ સમજીને એક ભૂખ્યા ઉંદરે, એ કરંડીયામાં દાખલ થવા માટે કાણું પાડવાનો ઉદ્યમ શરૂ કર્યો. પોતે એ કરંડીયામાં દાખલ થઈ શકે એટલા માટે એ ઉંદરે કરંડીયાને કાતરવા માંડ્યો. કાતરી કાતરીને કરંડીયામાં એણે કાણું પાડ્યું.

'એ કરંડીયામાં કોઈએ એક સર્પને પૂરી રાખ્યો હતો. ઘણાં દિવસનો ભૂખ્યો એ સર્પ, કરંડીયો કોરાતો હતો તે જાણી અંદર ટટ્ટાર થઈ ગયો. પેલો ઉંદર જેવો એ કરંડિયામાં દાખલ થયો કે તુરત જ પેલા સર્પના મોઢામાં જઈ પડ્યો. સર્પને ભક્ષ અને મુક્તિ એ બેઉ એક સાથે જ સાંપડી ગયા. ઉંદરનું ભક્ષણ કરીને, ઉંદરે જ કાતરી કાતરીને તૈયાર કરેલા કાણામાંથી એ સર્પ બહાર નીકળ્યો અને વનમાં ચાલ્યો ગયો.'

'અહીં ઉદ્યમ તો ઉંદરે કર્યો. પરંતુ ઉદ્યમ કરનાર મર્યો અને અંદર પુરાયેલો સર્પ ત્યાંથી મુક્તિ મેળવીને છટક્યો. કહો ત્યારે, આમાં કર્મ એ જ બળવાન છે કે બીજું કંઈ?' આવી વાત કરીને આ દૃષ્ટાંત દ્વારા કર્મકારણવાદીઓ કહે છે કે 'આ જગતમાં બનતા તમામ કાર્યોનું કારણ કેવળ એક કર્મ જ છે.'

# અનેકાન્તવાદ અને સાપેક્ષવાદ

☐ ડૉ. જે. જે. રાવલ

*[ડૉ. જે. જે. રાવલ મુંબઈ પ્લેનેટરી સોસાયટીના પ્રેસિડેન્ટ છે. ખગોળ વિજ્ઞાનને લગતા અનેક મહત્ત્વના સંશોધનો તેમણે કર્યા છે અને તેમણે કરેલું પ્રદાન ખૂબ જ મહત્ત્વનું છે. રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સ્તરે તેમનું નામ જાણીતું છે. ૨૦૦૦ લેખો, અનેક સંશોધન પત્રો અને ૨૪થી વધુ પુસ્તકો લખ્યા છે. તેઓએ આઈન્સ્ટાઈનના સાપેક્ષવાદ પર સંશોધન પણ કર્યું છે. અહીં તેઓએ અનેકાન્તવાદની વાત સાપેક્ષવાદના સંદર્ભે ખૂબ જ રસપ્રદ રીતે રજૂ કરી છે.]*

આધુનિક સમયમાં સાપેક્ષવાદનો સિદ્ધાંત આઈન્સ્ટાઈનના સાપેક્ષવાદના સિદ્ધાંતના નામે વિખ્યાત છે. તથ્યમાં તે હજારો વર્ષોથી ભારતીય મનીષીઓને જાણીતો હતો. વેદો અને ઉપનિષદોમાં માનવીના મનોવિજ્ઞાન સંદર્ભે તેનો ઉલ્લેખ છે. મનીષીઓએ કહેલું કે માનવીના માઈન્ડની એટલી શક્તિ છે કે તે ગમે તે કરી શકે છે. સુખદુઃખ એ બધું સાપેક્ષ છે.

મહાવીર સ્વામીએ અનેકાંતવાદમાં સાપેક્ષવાદને સમાવી, માનવીને બ્રહ્માંડને નીરખવાની અને સત્યના સ્વરૂપનો અહેસાસ કરવાની દૃષ્ટિ આપી.

આઈન્સ્ટાઈને ગણિતશાસ્ત્રીય અને ભૌતિકશાસ્ત્રીય રીતે સાબિત કર્યું કે ગતિ, સમય, પરિમાણો, પદાર્થ, રંગ બધું જ સાપેક્ષ છે. તમે તેને અને બ્રહ્માંડને કયા પ્લેટફોર્મ પરથી જુઓ છો તેના પર બધો આધાર છે. કઈ દૃષ્ટિથી તમે બ્રહ્માંડને જુઓ છો તેવું બ્રહ્માંડ દેખાય. બ્રહ્માંડમાં કશું પણ નિરપેક્ષ નથી. માટે હંમેશાં વસ્તુને સાપેક્ષમાં, સંદર્ભમાં જોવાની રહે છે. ગરમ-ઠંડું, ડાબું-જમણું, હોંશિયારઠોઠ, નાનું-મોટું બધું જ સાપેક્ષ છે.

અત્રે આપણે મહાવીર સ્વામીના અનેકાંતવાદને, સ્યાદ્‌વાદને, નયવાદને – સાપેક્ષવાદની પાર્શ્વભૂમિકામાં સમજવાનો પ્રયત્ન કરીશું.

અનેકાંતવાદ એટલે પોતાના જ મંતવ્યો, વિચારો અને માન્યતાઓને ન વળગી રહી બીજાના મંતવ્યો, વિચારો અને માન્યતાઓને પણ એટલો જ આદર આપવો અને તેના પર પણ વિચાર કરવો અને ધ્યાન આપવું, કારણ કે 'સત્ય એક જ નથી.' સત્યને પામવાના ઘણા રસ્તા છે. બીજાના વિચારોને પણ સમજમાં લેવા. એકાંતવાદ એટલે માત્ર પોતાની માન્યતા જ સાચી અને એ જ સત્ય છે, બીજું સત્ય નથી એવો ભાવ. અનેકાંતવાદને અંત હોતો નથી, તેને છેડો હોતો નથી. જ્યારે એકાંતવાદને છેડો હોય છે. અંત ( Dead End) હોય છે. જ્યાંથી આગળ વધી શકાય નહીં.

૨૪મા જૈન તીર્થંકર મહાવીર સ્વામી (ઈ. પૂ. ૫૯૯-૫૨૭)એ કેવળજ્ઞાન પામ્યા પછી અનેકાંતવાદનો પ્રથમ બોધ આપ્યો. આ દર્શાવે છે કે મહાવીર સ્વામી ફક્ત જ્ઞાન જ પામ્યા ન હતા, પણ કેવળજ્ઞાન પામ્યા હતા. આ વિષયને સંલગ્ન બધું સાહિત્ય વાંચતા હું એવા નિર્ણય પર આવ્યો છું કે અનેકાંતવાદ એ સુપ્રીમ સિદ્ધાંત છે. માનવકલ્યાણ માટે, માનવના ઉત્થાન માટે અને જ્ઞાનની પરિસીમાની નજીક પહોંચવા માત્ર અનેકાંતવાદ જ અંતિમ રસ્તો છે. જો કે આમ કહેવું અનેકાંતવાદની વિરૂદ્ધમાં છે અને તે એકાંતવાદમાં પરિણમે છે, પણ તે સ્યાદ્‌વાદને લીધે અનેકાંતવાદ જ બની રહે છે, કારણ કે અંશની વાત કરીએ ત્યારે સ્યાદ્‌વાદથી જ વાત કરી શકાય. આ બધાને સમજવા અને વિચારવા ભાષાની ક્ષમતા ઓછી પડે છે. શબ્દોની ક્ષમતા ઓછી પડે છે. છેલ્લા અઢી હજાર વર્ષમાં મહાજ્ઞાની, કેવલજ્ઞાન પ્રાપ્ત મહાવીર સ્વામીનો આ સિદ્ધાંત મહાસિદ્ધાંત તરીકે ઉપસી આવે છે. તેની અંદર અહિંસા ભારોભાર ભરી છે. વિચારોની હિંસાને તે પૂર્ણવિરામ આપે છે. હું પોતે શંકરાચાર્યનો અનુયાયી છું, જે અદ્વૈતવાદના સિદ્ધાંતના પ્રવર્તક છે પણ હું સંમત થયો છું કે અદ્વૈતવાદ કરતાં અનેકાંતવાદ શિખરે બેસે છે, તે ડેડ-એન્ડ નથી. શંકરાચાર્યને કદાચ આઈન્સ્ટાઈનનો સિદ્ધાંત, $E=me^2$ અને કવૉન્ટમ સિદ્ધાંત, વેવ પાર્ટીકલ ડુઆલીટી (Duality), તરંગ અને પદાર્થકણના દ્વિસ્વરૂપની જાણ ન હતી. જો તેમને આ સિદ્ધાંતોની ખબર હોત તો તે અદ્વૈતવાદ જરૂર સુધારતે. આઈન્સ્ટાઈને દર્શાવ્યું કે પદાર્થ એ પદાર્થ નથી અને ઉર્જા એ ઉર્જા નથી. પદાર્થ ઉર્જામાં રૂપાંતર પામી શકે છે અને ઉર્જા પદાર્થમાં. આમ પદાર્થકણ અને તરંગો એકબીજાના રૂપક છે. પ્રકાશકણ ફોટોન પદાર્થકણ છે અને તરંગો પણ છે. પદાર્થકણ એટલે પદાર્થ (Mass-m) અને ઉર્જા એટલે તરંગો (Waves). આ સાબિત કરવામાં પ્લાન્ક $E=hv$, E= ઊર્જા, v એટલે તરંગનું આવર્તન (ફ્રિકવન્સી) અને h એ અચળ (constant) જેને પ્લાન્કના માનમાં 'પ્લાન્ટનો અચળ' કહે છે. પ્લાન્કે આમ કુદરતના વિરોધાભાસી રૂપને પ્રગટ કર્યું. આમ અનેકાંતવાદ વસ્તુનું વિરોધાભાસી ચિત્ર પણ ખડું કરી શકે છે. જેમ કે સૂર્ય આપણને જીવાડે છે તેમ તે આપણને મૃત્યુ પણ પમાડી શકે છે. કાર્બન ડાયોક્સાઈડ અંગારવાળું છે. ગ્લોબલ-વોર્મીંગ કરે છે પણ તે વૃક્ષોનો ખોરાક પણ છે અને આ વાયુથી જ આપણે પૃથ્વી પર હૂંફ પામી શકીએ છીએ, નહીં તો આપણે ઠંડા થઈ જાત. ઠંડીમાં જ્યારે ખૂબ જ ઠંડી લાગે છે ત્યારે આપણે કોચલું વળીને માથે ઓઢીનો સૂઈ જઈએ છીએ, પણ કાર્બનડાયોક્સાઈડને લીધે આપણે હૂંફ પામીને પગ પસારવા શક્તિમાન બનીએ છીએ. અગ્નિ આપણને બાળી શકે છે પણ તે જ અગ્નિ આપણને જીવાડે પણ છે.

આપણે પૃથ્વી પર મેદાનમાં જઈએ તો આપણને લાગે કે આપણે જ વિશ્વના કેન્દ્રમાં છીએ. મુંબઈથી દિલ્હી જઈને જોઈએ તો પણ એમ જ લાગે કે આપણે વિશ્વના કેન્દ્રમાં છીએ. તો ખરેખર વિશ્વના કેન્દ્રમાં ક્યું બિન્દુ છે? દરેકે દરેક બિન્દુ વિશ્વનું કેન્દ્ર છે અને કોઈ પણ બિન્દુ વિશ્વનું કેન્દ્ર નથી. તે અનેકાંતવાદને પ્રદર્શિત કરે છે.

આપણે આપણી ફરતે દૂર દૂર ક્ષિતિજ (Horizon) જોઈએ છીએ. તે આભાસ છે. આપણે ચાલીએ તો આપણી સાથે ક્ષિતિજ પણ ચાલવા લાગે. તે આપણા વિશ્વને બાંધતી હોય તેમ લાગે,

પણ તે સત્ય હોવા છતાં અસત્ય છે, કારણ કે બ્રહ્માંડ વિશાળ છે. એકાંતવાદ માનવીને છેડે લાવીને માર્ગ વગરનો કરી મૂકે છે. જ્યારે અનેકાંતવાદ માનવીને હજારો રસ્તા દેખાડી શકે છે.

અનેકાંતવાદના જ્ઞાનથી અદ્વૈતવાદ એકાંતવાદ તરીકે નજરે પડે છે. તે સંશાત્મક થઈ જાય છે. તેની હદ બંધાય છે. વિજ્ઞાન બધી જ જાતના બળો એક જ છે, છેવટે બધું એક જ છે એમ પ્રતિપાદિત કરી અદ્વૈતવાદને સાબિત કરે છે પણ તેનું છેલ્લું પગથિયું જે છે તે બ્રહ્માંડની ચેતના છે. ઊર્જા છે અને તેને દ્વિસ્વરૂપ છે. Wave particle duality છે. તે અદ્વૈતવાદમાંથી અનેકાંતવાદમાં પ્રવેશે છે. માટે એકાંતવાદની પાર્શ્વભૂમિમાં અંશ તરીકે બધા વાદ સમજી શકાય તેમ છે. એનો અર્થ એ નથી કે આ બધા વાદો ખોટા છે. પણ તેમને પણ આપણી સમજમાં સ્થાન છે જેટલું અનેકાંતવાદનું આપણી સમજણમાં સ્થાન છે. આ જ અનેકાંતવાદને શિખરે બેસાડે છે તેમ છતાં તે અનેકાંતવાદ છે. તે છેડો હંમેશા ખુલ્લો જ રાખે છે.

એકાંતવાદ સમય અને સ્થળનો સૂચક છે. જે સમયે અને જે સ્થળે જે સત્ય આપણને સમજાયું તે એકાંતવાદ, પણ અનેકાંતવાદ તેનાથી આગળ જાય છે, એ અર્થમાં અનેકાંતવાદ સંપૂર્ણ છે, સંપૂર્ણતા દર્શાવે છે, નિરપેક્ષતા દર્શાવે છે. તેમ છતાં તે પોતાને નિરપેક્ષ માનતો નથી. બધા રસ્તા ખુલ્લા રાખે છે. આ ઉપરથી આપણને ખબર પડે છે કે મહાવીર સ્વામીએ ખરેખર કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. કેવળજ્ઞાન એટલે શું ? તેનો આપણને અહીં અર્થ અને મહત્તા સમજાય છે.

કેટલાંક લોકો માને છે કે વિજ્ઞાન ધર્મની વિરૂદ્ધ છે. હકીકત એ છે કે વિજ્ઞાન ધર્મનું જબ્બર ટેકેદાર છે. આધુનિક યુગમાં ધર્મના સિદ્ધાંતોને ભૌતિક રીતે સાચા દર્શાવવા માટે વિજ્ઞાન જ એક માર્ગ છે અને તે કરી શકે છે, પણ તે સંશયાત્મક સત્ય છે. એકાંતવાદનું સ્યાદવાદનું સત્ય છે. અનેકાંતવાદ પ્રમાણે તે એક રસ્તો છે. બીજા પણ રસ્તા હોઈ શકે પણ ભાષાની મર્યાદાને કારણે એક વાત એક જ વખત કહી શકાય છે. ક્વૉન્ટમ ભૌતિકશાસ્ત્ર અનેકાંતવાદ અને સ્યાદ્‌વાદને બરાબર રજૂ કરી શકે છે. ક્વૉન્ટમ ભૌતિકશાસ્ત્ર પ્રમાણે તરંગોનું જૂથ (wave packet) બધી જ સંભાવનાને (probability) રજૂ કરે છે. પણ જ્યારે માપણી કરવી હોય ત્યારે એક જ તરંગ બાકી રહે છે. બાકીની બધી જ અદૃશ્ય થઈ જાય છે. તે હોવા છતાં અદૃશ્ય થઈને રહે છે. એ બધી જ સંભાવના અસ્તિત્વ ધરાવે છે. અનેકાંતવાદને ક્વૉન્ટમ ભૌતિકશાસ્ત્રનો મોટો ટેકો છે. હાલમાં વિજ્ઞાનમાં ક્વૉન્ટમ ભૌતિકશાસ્ત્ર સર્વોપરી છે જેમ અનેકાંતવાદ સ્રવોપરી છે.

અત્રે હું અનેકાંતવાદને સમજવા અને સમજાવવા બે ભૌતિક પરિસ્થિતિનું વર્ણન કરવા માગું છું.

ભારતના રાજસ્થાનના રણમાં ઉનાળામાં ઉષ્ણતામાનનો પારો ૫૫ અંશ સેલ્સીઅસ બતાવતો થઈ જાય છે. આ સ્થળે જો આપણે ઍન્ટાકર્ટિકાના માણસોને લઈ આવીએ, તો તેઓ કહેશે કે રાજસ્થાનના માણસો બોઈલરમાં રહે છે.

શનિના ક્ષેત્રમાં ઉષ્ણતામાન ઓછા ૨૪૦° (-૨૪૦°) સેલ્સીઅસ રહે છે. જો શનિના સૌથી મોટા ઉપગ્રહ પર જીવન હોય અને ત્યાં માણસો રહેતાં હોય અને તે મનુષ્યોને આપણે ઍન્ટાકર્ટિકામાં લઈ આવીએ તો તેઓ કહેશે કે ઍન્ટાકર્ટિકાના માણસો બોઈલરમાં રહે છે.

પ્લૂટોના ક્ષેત્રમાં ઉષ્ણતામાન ઓછા ૨૬૦° (-૨૬૦°) સેલ્સીઅસ છે. જો ત્યાંના ઉપગ્રહ પર જીવન હોય અને ત્યાં માણસો રહેતાં હોય અને તે મનુષ્યોને આપણે શનિના ઉપગ્રહ પર લઈ આવીએ તો તેઓ કહેશે કે શનિના ઉપગ્રહ પરના માણસો બોઈલરમાં રહે છે.

તો બોઈલર કયું ? બોઈલર બધી જ જગ્યાએ છે અને તે કોઈપણ જગ્યાએ નથી. તમે કઈ દૃષ્ટિએ બોઈલરને જુઓ છો, પરિસ્થિતિને પામો છો, જુઓ છો તેના પર બધો આધાર છે.

કાચ હાથમાંથી પડે તો તેના ટુકડે ટુકડા થઈ જાય. કાચ ઘન છે અને તેના ગુણધર્મોમાં પરાવર્તન, વક્રીભવન, મેઘધનુષ ઉત્પન્ન કરવું વગેરે છે. હવે હું તમને કહું કે પાણી પણ કાચ છે તો તમને નવાઈ લાગશે. તમને થાય કે પાણી તો આપણે પીએ છીએ, તેના વડે સ્નાન કરીએ છીએ. આકાશમાંથી પાણીનો વરસાદ વરસે છે. તો પાણી કાચ કેવી રીતે હોઈ શકે ? પાણીના અનેક ગુણો છે પણ પાણી કાચના પણ બધા જ ગુણો ધરાવે છે. તે પરાવર્તન, વક્રીભવન કરે છે, મેઘધનુષ ઉત્પન્ન કરે છે, માટે પાણી કાચથી પણ ઘણું વિશેષ છે. વિશેષ કાચ છે. હવે તમે મારી સાથે સહમત થશો કે હકીકતમાં પાણી કાચ છે.

હવે હું તમને કહું કે પૃથ્વી ફરતેનું વાતાવરણ પણ કાચ છે તે તમને માનવામાં આવશે ? પૃથ્વી ફરતેનું વાતાવરણ પરાવર્તન કરે છે, વક્રીભવન કરે છે, મૃગજળ દેખાડે છે, મેઘધનુષ દેખાડે છે માટે પૃથ્વી ફરતેનું વાતાવરણ પણ કાચ જ છે; પણ કાચથી વિશેષ છે જેમાં આપણે ફરી શકીએ છીએ, શ્વાસ લઈ શકીએ છીએ. આમ વાયુમંડળને તમે કઈ દૃષ્ટિથી જુઓ છો તેના પર આધાર છે. હવે હું તમને કહું કે આપણી ફરતેનું અંતરિક્ષ પણ કાચ જ છે

હવે હું તમને કહું કે આપણી ફરતેનું અંતરિક્ષ પણ કાચ જ છે તો ? તમને માનવું અઘરું પડે. અંતરિક્ષ દેખાતું પણ નથી પણ તે કાચના બધા જ ગુણો જેવા કે પરાવર્તન, વક્રીભવન, મૃગજળ, મેઘધનુષ બધું જ આવરે છે. આમ કઈ દૃષ્ટિથી આપણે વસ્તુને જોઈએ છીએ તેના પર બધો આધાર છે. તે સત્ય છે, અને સત્ય નથી પણ.

સત્ય એક જ નથી. સત્યના ઘણાં રૂપો છે. તે બહુરૂપી છે. તે તરંગ-પદાર્થકણ દ્વિસ્વરૂપ (wave-particle duality) માફક બહુરૂપી છે. માટે જ તેને અનેકાંતવાદ દ્વારા જ પામી શકાય. સ્યાદ્‌વાદ દ્વારા તેનું વર્ણન કરી શકાય. તે એકાંતવાદ નથી પણ સંશયાત્મક વાત કરીએ ત્યારે તે એકાંતવાદનું રૂપ ધારણ કરે છે.

મહાવીર સ્વામીએ લોકોને અનેકાંતવાદનો બોધ આપ્યો કે જેથી કરીને લોકો એકબીજાની સાથે નાહકના ઝઘડે નહીં અને શાંતિથી અને સંવાદિતાથી રહે.

રાજકારણીઓને અનેકાંતવાદ અનુસરવાની ખાસ જરૂર છે કારણ કે તેમને વિવિધ વિચારો અને સિદ્ધાંતવાળા લોકોને મળવાનું છે. તેમને તેમની સાથે સહકાર અને સંવાદિતાથી કામ કરવાનું છે, તેમના પ્રશ્નો ઉકેલવાના છે. તેથી તેમનામાં બધાને સહન કરવાની શક્તિ હોવી જોઈએ, જે અનેકાંતવાદ જ આપી શકે.

અનેકાંતવાદ જીવનના દરેક ક્ષેત્રે કાર્યરત છે અને આપણને

કામ આવે છે. તે દરેક વસ્તુને લાગુ પાડી શકાય છે. કારણ કે કોઈ જ વસ્તુ ખરાબ હોતી નથી. તેના સારા અને ખરાબ બધા જ પ્રકારના ઉપયોગો હોય છે. આપણે તેનો ઉપયોગ કેવી રીતે કરીએ છીએ તેના પર આધાર છે. ડૉક્ટરના હાથમાં છરી માનવીનું જીવન બચાવી શકે છે, જ્યારે ખૂનીના હાથની છરી માનવીને મારી નાખે છે.

આપણી બુદ્ધિ જો ખરાબ વિચાર કરે તો તે આપણને શયતાન બનાવી શકે છે અને સારા વિચાર આપણને મહાન બનાવી શકે છે.

અનેકાંતવાદ કોઈપણ માનવી, સ્થિતિ, બનાવ કે સંજોગોને લાગુ પડી શકે. તે સર્વવ્યાપી સિદ્ધાંત છે અને તે સર્વ સિદ્ધાંતોને પોતાનામાં આવરે છે. તે બધાના વિચારોને નવી દૃષ્ટિથી જુએ છે અને બધી જ વસ્તુઓને, બધા જ વિચારોને યોગ્ય રીતે મૂકે છે.

માનવી જન્મે છે ત્યારે તેની સાથે તેનું બ્રહ્માંડ જન્મે છે અને મૃત્યુ પામતાં તેનું બ્રહ્માંડ મૃત્યુ પામે છે માટે બ્રહ્માડ નિત્ય છે અને અનિત્ય પણ છે. બ્રહ્માંડ કેટલું મોટું ? તેનો જવાબ છે : તમે જાણો એટલું મોટું. બ્રહ્માંડનું અસ્તિત્વ આપણા સંદર્ભે મળે.

અનેકાંતવાદ દરેકને વિચારોની સ્વતંત્રતા આપે છે. ઠંડુ-ગરમ, સુખ-દુઃખ બધું સાપેક્ષ છે. મુંબઈમાં રહેતી વ્યક્તિને શિમલા ઠંડું લાગે. કોઈ માણસનું સુખ બીજા માણસનું દુઃખ પણ હોઈ શકે.

આ બ્રહ્માંડ સાત અંધજન અને હાથીની કથા જેવું છે. તેનું ચિત્ર મેળવવું અઘરૂં છે. આપણે ઘરની પૂર્વ દિશાની બારીમાંથી જોઈએ તો દુનિયા એક લાગે. ઉત્તર દિશાની બારીમાંથી જોઈએ તો અલગ હોય. તેવી જ રીતે પશ્ચિમ અને દક્ષિણ દિશાની બારીમાંથી જોઈએ તો પણ અલગ હોય. બ્રહ્માંડને એક્સ-રે પ્રકાશમાં જોઈએ તો તે અલગ ચિત્ર દેખાડે. અલ્ટ્રાવાયોલેટ પ્રકાશમાં જોઈએ તો તે અલગ ચિત્ર દેખાડે, રેડિયો પ્રકાશમાં અને દૃશ્ય પ્રકાશમાં પણ અલગઅલગ ચિત્ર દેખાડે. તો સવાલ એ થાય કે બ્રહ્માંડનું સાચું ચિત્ર કયું ?

બ્રહ્માંડને તમે કયા પ્લેટફોર્મ પરથી જુઓ છો તેના પર આધાર રાખે છે. આના ટેકામાં એક સરસ વાર્તા છે. એક ગામમાં એક મહાન સાધુ આવ્યા. તેમણે ગામમાં રામાયણની કથા કહેવી શરૂ કરી. મહારાજ એટલી સુંદર રીતે જ્ઞાનમય કથા કહેતા હતા કે શ્રોતાઓ રાજી રાજી થઈ ગયા હતા. પુરા ગામમાં તેમની સુંદર કથાની વાતો પ્રસરી હતી. આખું ગામ મહારાજની કથા સાંભળવા આવતું. આ વાત હનુમાનજીના કાને આવી. હનુમાનજી તો રામભક્ત એટલે એ પણ કથા સાંભળવા આવ્યા. તેમને તો કથા અદૃશ્યરૂપે જ સાંભળવી પડે. નહીં તો લોકો હેરાન કરે. હનુમાનજીને કથા સાંભળવામાં ખૂબ મજા આવી. એટલે બીજે દિવસે પણ અદૃશ્યરૂપે કથા સાંભળવા આવ્યા. તેમને ખૂબ જ આનંદ થયો. પછી તો હનુમાનજી રામાયણકથા સાંભળવા દરરોજ આવવા લાગ્યા. એક દિવસે મહારાજે અશોકવનમાં સીતાજી જ્યાં બેઠા હતા તેનું વર્ણન કરતાં કહ્યું કે સીતાજીની ફરતે સફેદ ફૂલના છોડ હતા. હનુમાનજી આ સાંભળીને ચમક્યા. તેમને થયું કે મહારાજ ખોટું બોલી રહ્યા છે. અશોકવનમાં જ્યાં સીતાજી બેઠા હતા ત્યાં તો લાલ રંગના ફૂલના છોડ હતા. મેં જ તેનો સેંકડોની સંખ્યામાં ધ્વંશ કર્યો હતો. મહારાજને ખોટું કહેતાં સાંભળીને હનુમાનજીને થયું કે લોકોમાં ખોટી માહિતી જશે, માટે મહારાજને સુધારવા જરૂરી છે. તેથી હનુમાનજી દૃશ્યરૂપે આવ્યા અને મહારાજને કહેવા લાગ્યા કે મહારાજ આપની ભૂલ થાય છે. અશોકવનમાં તો લાલ-ફૂલ હતા. મહારાજે કહ્યું કે હે હનુમાનજી, હું તો સમાધિમાં રામકથા કહું છું. તેમાં મને એવું દૃશ્યમાન થયું તેથી સીતાજીની આસપાસ સફેદ ફૂલ હતા તેમ કહ્યું. હનુમાનજીએ કહ્યું કે હું પોતે અશોકવનમાં ગયો હતો અને મેં પોતે અશોકવનના લાલફૂલોના છોડોનો કચ્ચરઘાણ બોલાવ્યો હતો. હનુમાનજીએ મહારાજને રામ ભગવાન પાસે સત્ય જાણવા આપણે બંને જઈએ તેવું સૂચન કર્યું અને બંને રામ ભગવાન પાસે ગયા. રામ ભગવાને બંનેની વાત સાંભળીને કહ્યું કે હે હનુમાનજી અને મહારાજ, હું પોતે અશોકવનમાં હતો નહીં. ત્યાં તો સીતાજી અને હનુમાનજી બંને જ ગયા હતા. તો સત્ય જાણવા માટે ચાલો સીતાજી પાસે. આમ રામ ભગવાન, હનુમાન અને મહારાજ સીતાજી પાસે ગયા અને બધી વાત કરી. વાત સાંભળીને સીતાજીએ કહ્યું કે અશોકવનમાં સફેદ ફૂલો હતા. હનુમાનજી તો વાત સાંભળીને ઝાંખા પડી ગયા અને કહ્યું કે માતાજી, તમો પણ સફેદ ફૂલ હતા તેમ કહો છો પરંતુ મેં તો અશોકવનમાં લાલ ફૂલોના છોડનો કચ્ચરખાણ વાળી નાખ્યો હતો. સીતાજીએ વાતને સમજાવતાં કહ્યું કે ફૂલો સફેદ રંગના જ હતા પરંતુ તમે જ્યારે અશોકવનમાં આવ્યા ત્યારે ખૂબ જ ક્રોધિત થઈને આવ્યા હતા એટલે તમારી આંખ લાલ થઈ ગઈ હતી માટે તમને સફેદ ફૂલ લાલ રંગના દેખાયા હતા.

એટલે કહેવાનો હેતુ એ છે કે આપણે કેવી પરિસ્થિતિમાં છીએ તેના પર આધારિત સંસાર આપણને દેખાય છે. આપણે ગમગીન હોઈએ ત્યારે સંસાર પણ ગમગીન દેખાય છે અને આનંદિત હોઈએ છીએ ત્યારે એ જ સંસાર આપણને આનંદિત લાગે છે. બાકી તો સંસાર એ જ હોય છે. ગમગીની વાતાવરણમાં ચંદ્રની ચાંદની આપણને આનંદિત કરતી નથી જ્યારે આનંદિત વાતાવરણમાં તે જ ચાંદની આપણને આનંદિત કરે છે. આ બ્રહ્માંડમાં બધું સાપેક્ષ છે. કાંઈપણ નિરપેક્ષ નથી. તે આપણા પર, આપણા જીવન પર, આપણી પરિસ્થિતિ પર આપણા સાથે બનાવ બન્યો હોય તેના પર અથવા આપણી સામે આવેલ વસ્તુ પર આધાર રાખે છે. તે સાપેક્ષ છે. જે રંગના ચશ્મા પહેર્યાં હોય તે રંગની દુનિયા દેખાય છે. બધાને હાથી અને સાત અંધજનોની વાર્તાની ખબર જ છે. જે અંધજન હાથીના જે ભાગ પર હાથ ફેરવતો તેવું તે હાથીનું વર્ણન કરતો. આ સાતેય હાથીનું વર્ણન કરવામાં સાચા છે અને સાતેય ખોટા છે કારણ કે તેઓએ હાથીને પૂર્ણ રૂપે જાણ્યો જ નથી. આમ સત્યને આપણે પૂર્ણપણે જાણીએ નહીં ત્યાં સુધી તેનું પૂર્ણ વર્ણન થઈ શકે જ નહીં. તેથી તેનું અધુરું વર્ણન જ થાય અને તે આંશિક હોય છે અને તેની સ્થિતિમાં તે સાચું હોય છે. આમ એકાંતવાદ આંશિક સાચો હોય છે માટે દરેક વાદને માન આપવું ઘટે. કોઈ વાદનો તદ્દન છેદ ઉડાડવો ન જોઈએ. સ્યાદ્‌વાદ જે તે વર્ણન કરે છે. એક સમયે તે એકવાદનું વર્ણન કરે તેનો અર્થ એ નથી કે બીજા વાદો નથી. જ્યારે એકવાદનું વર્ણન થાય ત્યારે ગર્ભિત રીતે બીજા વાદો અસ્તિત્વ ધરાવે છે. અનેકાંતવાદ પ્રમાણે આ મર્મ છે. માટે તે બધા વાદનો સ્વીકાર

કરે છે અને પૂર્ણતાને પામવા રસ્તો ખુલ્લો રાખે છે. વિજ્ઞાન પણ જ્યારે વાત કરે છે ત્યારે આશિંક પરિસ્થિતિની વાત કરે છે. આ રીતે અદ્વૈતવાદ પણ છેક સુધી સાચો હોય છે પણ તેના છેલ્લા બિંદુએ તે એકાંતવાદ પુરવાર થાય છે. અને અનેકાંતવાદ તેની પણ પર છે. અનેકાંતવાદમાં અદ્વૈતવાદ છે, પણ અદ્વૈતવાદમાં અનેકાંતવાદ નથી. અનેકાંતવાદ મહાસિદ્ધાંત છે તે તેના સ્વભાવથી સમીપ જાય છે. અદ્વૈતવાદ એકાંતવાદ હોવાથી વાદનો છેડો નથી. નિરપેક્ષ નથી. વસ્તુસ્થિતિને સાપેક્ષ છે. કારણ કે સત્યને પૂર્ણ રીતે જાણી શકાતું નથી. અનેકાંતવાદ આ રસ્તો ખૂલ્લો રાખે છે. માટે તે મહાસિદ્ધાંત છે.

આ બાબતે દુર્યોધન અને યુધિષ્ઠિરની કથા પણ જાણીતી છે. ભિષ્મપિતામહે બંનેને કહ્યું કે રાજ્યમાં ડાહ્યા અને વિદ્વાન માણસો કેટલા છે તેની યાદી બનાવી લાવો. ત્યારે દુર્યોધન રાજ્યમાં ફર્યો અને છેવટે નિર્ણય પર આવ્યો કે તે પોતે જ રાજ્યનો એકમાત્ર ડાહ્યો અને વિદ્વાન માણસ છે. યુધિષ્ઠિરે રાજ્યના ડાહ્યા અને વિદ્વાન માણસોની યાદી બનાવી અને લખ્યું કે તેનામાં પોતાનામાં ઘણી ખામીઓ છે. દુર્યોધનના મતે દુર્યોધન ખોટો ન ગણાય, તે પણ સાચો ગણાય અને યુધિષ્ઠિરના મતે યુધિષ્ઠિર સાચા ગણાય. અનેકાંતવાદ બંનેને સર્ટિફિકેટ આપે છે કારણ કે દુર્યોધન જે પ્લેટફોર્મ પરથી દુનિયાને જુએ છે તે અલગ છે અને યુધિષ્ઠિર જે પ્લેટફોર્મ પરથી દુનિયાને જુએ છે તે અલગ છે.

તમે જ સાચા છો તે ભાષા એકાંતવાદની છે અને તમે પણ સાચા છો તે ભાષા અનેકાંતવાદની છે. અનેકાંતવાદમાં એક જવાબ નથી હોતો પણ ઘણા બધા જવાબો હોય છે. અનેકાંતવાદનું કહેવાનું છે કે કાંઈપણ પૂર્ણ નથી. કોઈ જવાબ પૂર્ણ નથી. અંતિમ નથી. અનેકાંતવાદ કોઈનું પણ અપમાન કરતો નથી અને તે વૈચારિક અહિંસક છે, જે અહિંસાનું બહુ ઉચ્ચસ્તર છે.

સાહિત્યમાં અનેકાંતવાદ આત્મસાત્ કરવા પાંચ વાતને અનુસરવી જરૂરી છે.

૧. મનને ખુલ્લું રાખવું. બધું જાણો અને બધાને સ્વીકારો.

૨. જીવનમાં તટસ્થ રહો.

૩. જીવનમાં દોરડીની માફક રહો, કોઈપણ વસ્તુ માટે અક્કડ વલણ નહીં રાખો.

૪. વિવિધતા અને અલગતા જ જીવનનું રહસ્ય સમજાવે છે.

૫. સમજો કે તકો ઘણી છે, રસ્તાઓ ઘણા છે.

સહનશીલતા અને ધીરજ જીવનમાં બહુ જરૂરી છે. માફી માગવી અને માફી આપવી જીવનને હળવું ફૂલ બનાવે છે. બધાનો સહકાર લ્યો અને બધાને સહકાર આપો. બહુ જરૂર પડતું બોલવામાં કલ્યાણ છે.

સત્ય પામવાના ઘણા રસ્તા છે. તમે તે પત્રકાર થઈને પામી શકો છે. ડૉક્ટર, એન્જિનિયર, પોલીસ, રાજકારણી, વિજ્ઞાની, મહાત્મા, સીએ વગેરે ગમે તે બનીને પામી શકો છો. હિન્દુઓમાં ૩૩ કરોડ દેવતા છે. આટલા બધા દેવતા? હા, હિન્દુધર્મ બહુ ખુલ્લા મનનો છે. તમે ગમે તે દેવતાને, પથ્થરમાં કંડારેલા દેવતાને પૂજીને પણ સત્ય મેળવી શકો છો. અહીં આપણને અનેકાંતવાદના દર્શન થાય છે. વિજ્ઞાન પણ કહે છે કે એક પ્રમેય ગમે તેટલી રીતે સિદ્ધ કરી શકાય. બે બિન્દુઓ વચ્ચેનો રસ્તો ગમે તે હોઈ શકે. લોકો ધર્મને સમજી શક્યા જ નથી. તેમના જ ભગવાન એક ભગવાન છે અને બીજાના ભગવાન, ભગવાન નથી, તેમ કહેવું તે અજ્ઞાનનો સાગર કહેવાય. સંતો અને મહાપુરુષોએ કદાપી આવું કહ્યું નથી. આ તો ધર્મના ઠેકેદારોએ ઊભી કરેલી ભાંજગડ છે. કયા ધર્મમાં કહ્યું છે કે નિર્દોષ બાળકોને એક સાથે ૧૩૨ કે વધારેને મારી નાખવા?

હિન્દુ ધર્મમાં લખ્યું છે કે જ્ઞાના દેવતુ કૈવલ્યમ્! એટલે જ્ઞાન જ મોક્ષ અપાવી શકે. મર્યા પછી નહીં, મર્યા પહેલાં, આ જીવનમાં અને તે અનેકાંતવાદથી શક્ય છે કારણ કે તેમાં નથી હરીફાઈ, નથી ઈર્ષ્યા, બધા પ્રત્યે સમભાવ છે. કોઈના પ્રત્યે દ્વેષ નથી. કોઈ ખોટા નથી અને કોઈ પૂર્ણપણે સાચા પણ નથી. બધામાં આનંદની વાત છે. આ મોક્ષ નહીં તો શું? ગીતામાં કહ્યું છે કે નહિ જ્ઞાનેન સદેશં પવિત્રમિહવિધાતા–જ્ઞાનથી પવિત્ર કાંઈ જ નથી. કયું જ્ઞાન? અનેકાંતવાદનું જ્ઞાન. અનેકાંતવાદના જાણ્યા પછી હું સહમત થયો છું કે આ મહાસિદ્ધાંત જો જીવનમાં ઉતરે તો જીવન પાર પડી શકે. આપણે સાચા છીએ તે એકાંતવાદ માનવાનો નથી અને બીજા ખોટા છે, સાચા નથી તે એકાંતવાદને પણ માનવાનો નથી. વ્યક્તિગત જીવન એ ઉદ્ધતાઈ છે. એક જ ધર્મ સાચો અને બીજા બધા ધર્મો ખોટા તે પણ અજ્ઞાન જ છે. અજ્ઞાનમાં દીવા પ્રગટે નહીં. અર્થપૂર્ણ આચરણ અને બોલવાનું જ માનવીને માનવી બનાવે છે.

એક કથા છે કે એક પાયલટ દીકરાએ માતા-પિતાને વિમાનની મુસાફરી કરાવવાનો વિચાર કર્યો. વિમાનને ઉડાડતી વખતે તેણે તેના માતાપિતાને કહ્યું કે જ્યાં સુધી વિમાન ફરી પાછું જમીન પર ઉતરે નહીં ત્યાં સુધી કાંઈપણ બોલતા નહીં. વિમાને બરાબર ઉડીને જમીન પર ઉતરાણ કર્યું ત્યારે પાયલટની માતાએ કહ્યું કે, દીકરા, તારા કહેવા પ્રમાણે વિમાન ઉતરાણ ન કરે ત્યાં સુધી બોલતા નહીં પરંતુ હવે જ્યારે વિમાને ઉતરાણ કર્યું જ છે ત્યારે તેને કહું છું કે તારા પિતાજી બહાર ફેંકાઈ ગયા છે. આવું ન બોલવાનો તો કોઈ અર્થ નથી. ક્યારે બોલવું, કેટલું બોલવું, શું બોલવું–ન બોલવું બધાનો વિવેકથી વિચાર કરવો જોઈએ. આ સંદર્ભે એક કથા છે.

એક આગબોટ મહાસાગરમાં સફર કરી રહી હતી. તેના ઉપરથી એક નાની છોકરી પાણીમાં પડી ગઈ. કેપ્ટન ડેક પર ઊભો હતો. તેણે આ જોયું ને દુઃખી થઈ ગયો. તરત જ તેણે જોયું કે એક વૃદ્ધ માણસ સ્ટીમરમાંથી કૂદ્યો અને તે નાની બાળકીને બચાવી લીધી. કેપ્ટન આ બનાવથી ખૂબ જ પ્રભાવિત થઈ ગયો. તેણે વૃદ્ધ માણસની હિંમતને બિરદાવવા અને તેને માન આપવા તે સાંજે સ્ટીમરમાં જબ્બર પાર્ટી આપી, જેમાં સરસ ભોજન, સંગીત વગેરે રાખવામાં આવ્યા હતા. અને છેવટે કેપ્ટને વૃદ્ધ માણસને તેના હીરોઈક કાર્ય માટે બે શબ્દો બોલવા કહ્યું. તે વૃદ્ધ માણસે કહ્યું કે હું તે નાની બાળકીને બચાવી શક્યો ન હોત જો કોઈએ મને પાણીમાં સૌ પ્રથમ ધક્કો માર્યો ન હોત. તથ્યમાં તેનું કહેવાનું એમ હતું કે જો કોઈએ એને તરતાં ન શીખડાવ્યું હોત તો તે બાળકીને બચાવી શક્યો ન હોત. પણ તેના શબ્દો બરાબર ન હતા અને અર્થ એમ નીકળતો હતો કે આગબોટ પરથી કોઈએ

તેને ધક્કો માર્યો ન હોત તો હું તે નાની બાળકીને બચાવી શક્યો ન હોત. આમ બોલવાના શબ્દો બરાબર હોવા જોઈએ, નહીં તો બોલવું પણ નકામું છે. અને ધારો કે કોઈએ તેને ધક્કો માર્યો હોય અને તેને પરાણે સમુદ્રના પાણીમાં નાખ્યો હોત–તો પણ આવા પ્રસંગોએ એ બોલવાની જરૂર ન હતી, કારણ કે તે અપ્રસ્તુત કાર્ય ગણાય.

અનેકાંતવાદ સત્યના અંશો છે. જે ભેગા થઈને પૂર્ણ સત્ય તરફ આપણને લઈ જઈ શકે છે. બધાને પોતાના મંતવ્યો હોય છે અને બધા જ પોતપોતાની રીતે સાચા છે. અનેક એકાંતવાદો મળીને અનેકાંતવાદ બને છે. મહાવીર સ્વામીએ આપેલો અનેકાંતવાદ માનવજાત માટે આશીર્વાદ છે, જો આપણે તેને અનુસરીએ તો.

અનેકાંતવાદ બહુ આયામી સાપેક્ષવાદ છે. લોકો તેને જૈનોનો પાયાનો સિદ્ધાંત કહે છે. પણ હું તો કહીશ કે તે પૂરી માનવજાનતે જીવવા માટે પાયાનો સિદ્ધાંત છે.

જુદી જુદી દૃષ્ટિએ સત્યને પામી તેનું સંયોજન કરી સત્યને પામવાનો આ સિદ્ધાંત છે. માત્ર એક દૃષ્ટિએ સત્યને શોધવું તે સત્યના માત્ર અંશને પામવા જેવું છે. બધી દૃષ્ટિનું સંયોજન આપણી પાસે સત્યના બધા અંશોના સંયોજનનું ચિત્ર રજૂ કરશે જે સત્યના સ્વરૂપની ઝાંખી હશે. એ પણ અંતિમ સત્ય તો નહીં જ હોય પણ અંતિમ સત્યની નજીક તો ખરું.

કોઈપણ વસ્તુને ઘણા ગુણો અને પાસા હોય છે. ઘણી રીતે તે અસ્તિત્વ ધરાવે છે. તેથી તેના બધા જ રૂપોમાં તેને સમજવું, તે માનવીની પોતાની અક્ષમતા–સીમા હોઈ શક્ય નથી.

અનેકાંતવાદનો મહાસિદ્ધાંત એક દિશાનો નથી પણ અનેક દિશાનો છે. એકતરફી નથી પણ બહુતરફી છે.

અનેકાંતવાદનું આંશિક રૂપમાં વર્ણન કરી તેના બીજા અંશોનું નિરોપણ કરનાર સિદ્ધાંત સ્યાદ્વાદ છે. તે અનેકાંતવાદનો ટેકેદાર વાદ છે. અનેકાતવાદનું વાહન છે.

સત્ય એટલું ગૂઢ અને રહસ્યમય છે કે માત્ર એક જ થીએરી (વાદ) તેના સ્વરૂપને પૂર્ણ રીતે રજૂ કરી જ ન શકે. અનેકાંતવાદ એ તરફ આંગળી ચીંધે છે. તેથી સ્યાત્ શબ્દ એ કોઈપણ વાદને શરતી રજૂ કરે છે. આમ નિરપેક્ષતા સ્થાન પામતી નથી અને ધર્માંધતા અદૃશ્ય થાય છે.

સપ્તભંગીની દરેક ભંગિમાં વિરાટ ગૂંચવણભરેલ, ગૂઢ, બહુરૂપી સત્યને સમય, અંતરિક્ષ, વસ્તુ અને રીતિનું સાપેક્ષ દૃષ્ટિએ વર્ણન કરે છે અને સમજાવવા પ્રયત્ન કરે છે, જેથી સત્યની સંયોજન સ્વરૂપે ઝાંખી થાય. સત્યની ગૂઢતાને નજર અંદાજ કરીને તેનું સાદા રૂપમાં વર્ણન કરવું તે એક અંધશ્રદ્ધાત્મક પગલું બને છે.

સપ્તભંગીની સાત ભંગિમા નીચે પ્રમાણે છે, જે સત્યની ગૂઢતાને અનેકાંતવાદના સિદ્ધાંત પ્રમાણે તપાસે છે. તેની ગૂઢતાને સમજવા અને સમજાવવા પ્રયત્ન કરે છે.

૧. સ્યાદ્ અસ્તિ–તે (થીઅરી, વિચારસરણી) કોઈક રીતે સાચી હોય.
૨. સ્યાદ્ નાસ્તિ–તે કોઈક રીતે સાચી ન પણ હોય.
૩. સ્યાદ્ અસ્તિનાસ્તિ–તે કોઈક રીતે સાચી હોય અને કોઈક રીતે સાચી ન પણ હોય.
૪. સ્યાદ્ અસ્તિઅવક્તવ્ય–તે કોઈક રીતે સાચી હોય પરંતુ તેનું વર્ણન કરવું અઘરું છે.
૫. સ્યાદ્ નાસ્તિઅવક્તવ્ય–તે કોઈક રીતે સાચી ન પણ હોય પણ તેનું વર્ણન કરવું અઘરું છે.
૬. સ્યાદ્ અસ્તિ-નાસ્તિઅવક્તવ્ય–તે કોઈક રીતે સાચી હોય અને કોઈક રીતે સાચી ન પણ હોય પણ તેનું વર્ણન કરવું અઘરું છે.
૭. સ્યાદ્ અવક્તવ્ય–તેનું કોઈક રીતે વર્ણન કરવું અઘરું છે.

અનેકાંતવાદનો સિદ્ધાંત મહાવીર સ્વામીએ બધા જ લોકોના કલ્યાણ માટે આપ્યો છે. મહાવીર સ્વામીના વિચારો, સિદ્ધાંતો, બોધને અનુસરનારો એક સમાજ જૈનો કહેવાયા. પણ તેથી મહાવીર સ્વામીનો અનેકાંતવાદનો સિદ્ધાંત છે તેમ કહેવું નથી, તે વૈશ્વિક સિદ્ધાંત છે. સાપેક્ષવાદનો સિદ્ધાંત આઈન્સ્ટાઈનનો સાચો, માટે તે સાપેક્ષવાદને અનુસરનારા વૈજ્ઞાનિકો કે વિજ્ઞાનનો જ સિદ્ધાંત નથી. તે વૈશ્વિક સિદ્ધાંત છે. જો કે, આઈન્સ્ટાઈને સાપેક્ષવાદને વૈજ્ઞાનિક સ્વરૂપ આપ્યું તે સાચું છે. પણ આ અનેકાંતવાદનો સિદ્ધાંત હજારો વર્ષોથી જાણીતો છે. અનેકાંતવાદ સાપેક્ષવાદનો જ સિદ્ધાંત છે. મહાવીર સ્વામીએ અનેકાંતવાદ આપીને સાપેક્ષવાદની પ્રથમ સ્થાપના કરી ગણાય. તેને સમાજના સંદર્ભે, ધર્મોના સંદર્ભે, મનોવિજ્ઞાનના સંદર્ભે આપ્યો હતો. એમ તો હિન્દુશાસ્ત્રમાં વેદો, ઉપનિષદોમાં પણ સાપેક્ષવાદનું નિરુપણ થયું જ છે. તેમ છતાં આઈન્સ્ટાઈને તેને વૈજ્ઞાનિક રીતે સાબિત કર્યો, તેને વૈજ્ઞાનિક સ્વરૂપ આપ્યું અને વિજ્ઞાનમાં સ્થાન અપાવ્યું.

અનેકાંતવાદ એ વિચારસરણીઓનો ગુણાત્વકનો સિદ્ધાંત છે. તે બ્રહ્માંડની દરેકે દરેક વસ્તુને, દરેકે દરેક સમયે, સ્થળે, સંજોગોમાં લાગુ પડે છે, માટે ધર્મોને પણ લાગુ પડે છે.

અનેકાંતવાદનું કહેવું છે કે સત્યને જાણવાના અલગ-અલગ રસ્તા છે. અલગ-અલગ રસ્તે અને તદ્દન વિરોધાત્મક રસ્તે પણ સત્યને જાણી શકાય છે. સત્યને જાણવા એક અને માત્ર એક જ રસ્તો હોઈ જ ન શકે. એક જ વિચારસરણી પૂર્ણ સત્યને કદાપી પણ પામી શકે નહીં.

અનેકાન્તવાદ નિરપેક્ષ સત્યમાં માનતો નથી, કારણ કે સત્યનું સ્વરૂપ વિરાટ, ગૂંચવણ ભરેલું અને ગૂઢ હોય છે જે હાથી અને સાત અંધજનની વાર્તા દ્વારા નિરૂપાઈ શકે છે.

અનેકાન્તવાદ એ વિરોધી વિચારોને અને માન્યતાઓને પણ ધ્યાનમાં લે છે, તેમને નકારવાની વાત નથી. અનેકાન્તવાદ જૈન ધર્મના સિદ્ધાંતોને પણ અંતિમ માનતો નથી. એ વાત બધાને વિદિત જ છે કે મહાત્મા ગાંધી મહાવીર સ્વામીના અનેકાંતવાદમાં માનતા હતા અને તેથી જ તેમણે સર્વધર્મ સમભાવ, અહિંસા અને સત્યાગ્રહનો માર્ગ પકડ્યો હતો. સત્યાગ્રહમાં આગ્રહ છે, પણ તે બળજબરી નથી, પણ સત્યને અનુસરવાની દૃઢતા છે, સમ્યક્ત્વ તર્ક પર આધારિત છે અને તેમાં અંધશ્રદ્ધાને સ્થાન નથી.

અનેકાન્તવાદ એ મહાવીર સ્વામીએ આપેલો સાપેક્ષવાદ છે. સ્યાદ્વાદ અને નયવાદ અનેકાંતવાદના મદદનીશ સિદ્ધાંતો છે. આ ત્રણ સિદ્ધાંતો કોઈપણ વિવાદ પર તર્ક અને દલીલ કરવામાં વાપરવામાં આવે છે.

સ્યાદ્વાદ અને નયવાદ એ અનેકાંતવાદને રજૂ કરવામાં

ઉપયોગમાં લેવામાં આવે છે, કારણ કે ચિત્ર રજૂ કરવા ભાષા ઉણી ઉતરે છે અને એક સાથે આપણે દરેક વસ્તુની અસીમિત શક્યતાઓને રજૂ કરી શકતા નથી. સ્યાદ્‌વાદ અનેકાંતવાદનો જ ભાગ છે. સ્યાદ્‌વાદ એટલે એક દૃષ્ટિએ જોતાં અથવા કોઈક રીતે. સ્યાદ્‌વાદ કોઈ એક વસ્તુને વળગી રહેતો નથી. તે એકાંતવાદ નથી પણ તેની અંદર અનેકાંતવાદ છૂપાયેલો છે, ગર્ભિત છે.

અસંખ્ય શક્યતાઓમાંથી કોઈ પણ એક શક્યતાને એક દૃષ્ટિને સાબિત કરવા અનેકાંતવાદ નયવાદનો ઉપયોગ કરે છે. નયવાદ અનેકાંતવાદનો જ ભાગ છે. અનેકાંતવાદનો આંશિકભાગ છે. જ્યારે આપણે કોઈ એક અંશની વાત કરીએ ત્યારે આપણે નયવાદનો ઉપયોગ કરવો પડે છે. કારણ કે બીજી બધી વાતો અહીં સ્થાન પામતી નથી. આ બરાબર અર્વાચીન વિજ્ઞાનના ક્વૉન્ટમ મિકેનિક્સ છે. ક્વૉન્ટમ મિકેનિક્સમાં તરંગોના સમૂહના બધા જ તરંગો માટે સંભવિતતા છે. દરેક તરંગ એક માહિતી રાખે છે, પણ જ્યારે આપણને તેમાંથી માહિતી જોઈતી હોય ત્યારે તેમાં એક જ તરંગ રહે છે અને બીજા બધા તરંગોનું પતન ખઈ જાય છે. બીજા બધા જ તરંગોની માહિતીની સંભાવના (probability) શૂન્ય થઈ જાય છે. દા. ત. જ્યારે આપણે બ્લ્યૂ BMW કારની વાત કરીએ છીએ ત્યારે તેની જ વાત કરીએ છીએ. પણ બધા જ રંગની BMW કારો છે પણ તેમાંથી આપણે બ્લ્યૂ BMW પર જ આપણું ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ. નયવાદ આ કાર્ય કરે છે. તે એક વસ્તુ પર, એક વાદ પર, એક વિચારસરણી પર, ધ્યાન કેન્દ્રિત કરે છે પણ બીજી બધી વિચારસરણીની હયાતીમાં તે એકની વાત કરે છે. તે નયવાદનો અર્થ છે. જ્યારે આપણે બ્લ્યૂ BMW કારની વાત કરીએ છીએ ત્યારે તેના અથવા કારના રંગોની વાત કરીએ છીએ. આ વખતે તેના યંત્રો, સિલીન્ડર, ઝડપ, કિંમત વગેરેની વાત કરતા નથી.

નયવાદનું કહેવાનું છે કે દુનિયામાં વાદો વચ્ચે જે ઝઘડા થાય છે તેની પાછળનું કારણ આપણી અલગ અલગ દૃષ્ટિઓ છે. જેદૃષ્ટિઓ વચ્ચે ગૂંચવણ ઊભી કરે છે. બાકી ઝઘડાનું કારણ કોઈ જ નથી. જો આપણે દરેક વિચારસરણીને માત્ર એક દૃષ્ટિ તરીકે જ લઈએ તો કોઈ ઝઘડા થાય જ નહીં. અનેકાંતવાદની અંતર્ગત નયવાદ આ તથ્યને સમજાવે છે અને એ પ્રમાણે કાર્ય કરે છે અને સ્યાદ્‌વાદ આવી પરિસ્થિતિનું વર્ણન કરે છે.

નયવાદ આપણને સત્યને પગથિયે પગથિયે સમજાવે છે. અંશ પછી અંશ (પાર્ટ બાય પાર્ટ) સમજાવે છે, જેથી વિવિધ અંશો સમજી પછી તેમાંથી સત્યનું પૂરું રૂપ જોવા આપણને સમર્થ બનાવી શકે છે. અલગ અલગ ભાગો જાણી પૂર્ણ સત્યના રૂપનું સંયોજન આપણે કરવાનું છે.

અનેકાંતવાદ પ્રમાણે આપણે પોતાની વિચારસરણી ટકાવી બીજાની વિચારસરણીને સમજવા પ્રયત્ન કરવાનો છે. તેને નકારવાની નથી, એમ કરીને નાહકના ઝગડામાં પડવાનું નથી કારણ કે અંતિમ સત્ય બંને વિચારસરણીમાં નથી તેમાં આંશિક સત્ય છે.

અનેકાંતવાદ આપણને પરસ્પર વિરોધી વિચારસરણી સમજવાની અને તેને સહન કરવાની તક આપે છે. જ્ઞાનના વાદવિવાદમાં આ ગુણો જરૂરી હોય છે. તેમાં મારામારી કરવાની નથી હોતી. અનેકાંતવાદ કહે છે કે આપણે આપણી વિચારસરણી છોડી દેવાની નથી. તેની તરફેણમાં દલીલો પણ કરવાની છે પણ બીજી થીઅરીને માનથી સમજવાની કોશિષ પણ કરવાની છે કારણ કે તે અસ્તિત્વમાં આવી છે માટે તેમાં પણ પૂર્ણ નહીં તે આંશિક સત્ય તો સમાયેલું જ છે. એક ધર્મના વિદ્વાનોએ બીજા ધર્મના વિદ્વાનોને અને સિદ્ધાંતોને સમજવા જરૂરી છે. મેં જોયું છે કે એક ધર્મના અનુયાયીઓ બીજા ધર્મના મંદિરે પણ જતા નથી. તેમના વિશે કાંઈ જાણવા પણ પ્રયત્ન કરતા નથી. તેમના પુસ્તકો તો વાંચતા જ નથી પરંતુ તેને નિષેધ સમજે છે. આ અસહ્ય બાબત ગણાય. અનેકાંતવાદ આ સ્થિતિને સ્વીકારતો નથી.

એક જ વિચાસરણી સત્ય છે તેમ માનવું તે સત્યનેસીામિત કરવાની વાત છે, સીમિતમાં જોવાની વાત છે, જે નથી.

અનેકાંતવાદનો અર્થ એવો નથી કે બધી જ વિચારસરણી સરખી છે, પણ કઈ વિચારસરણી સરખી છે, તર્કબદ્ધ છે અને પોતાને સાબિત કરવા પુરાવા આપે છે અને કેટલી હદે ? અને કયા સંદર્ભે ?

અનેકાંતવાદ બધા ધર્મો પ્રતિ માનની દૃષ્ટિએ જોવાનો હકારાત્મક સિદ્ધાંત છે.

જે અંધજન હાથીના પગે હાથ ફેરવીને તેને થાંભલા જેવો કહે છે અને બીજો અંધજન તેની પીઠ પર હાથ ફેરવીને કહે છે કે તે ટેકરી જેવો છે. આ વાતમાં બંને વ્યક્તિ ઝઘડે તે બરાબર ન ગણાય કારણ કે આંશિક રીતે બંને સાચા છે. પણ પૂર્ણ સત્ય કોઈની પાસે નથી. આ પરિસ્થિતિનું સમાધાન માત્ર અનેકાંતવાદ જ કરી શકે. તે કોઈને પણ સાચો કે ખોટો કહેતો નથી. સાથે સાથે તે પૂર્ણ સત્ય તપાસવા સલાહ આપે છે. પ્રેરણા આપે છે.

અનેકાંતવાદ કહે છે કે કોઈપણ વિચારસરણીને નકારવી કે અવગણવી તે સત્યના એક અંશને નકારવાની વાત છે. આમ જેટલી વિચાસરણીને આપણે નકારીએ એટલા સત્યના અંશને આપણે નકારતા જઈએ છીએ. આપણી પાસે માત્ર એક અંશ રહે છે, તેને આપણે વળગી રહીએ છીએ. તેનો અર્થ એમ પણ થાય કે આપણી બુદ્ધિ એટલી વિચક્ષણ નથી કે બીજી વિચાસરણીને પણ તે સમજી શકે માટે તેને આપણે અવગણીએ છીએ. જેમ ગણિતશાસ્ત્રને સમજતાં નથી તેઓ તેને અવગણે છે. તેને ભણતાં નથી કારણ કે તેમની બુદ્ધિ તે સમજી શકતી નથી. આપણી બુદ્ધિ બધું સમજી શકે તે પણ શક્ય નથી. સત્યને તેની પૂર્ણતામાં સમજવું તે આપણા માટે શક્ય નથી માટે આપણે નયવાદની અગત્ય સમજવી જોઈએ, સ્યાદ્‌વાદની અગત્ય સમજવી જોઈએ અને અનેકાંતવાદની અગત્ય પણ સમજવી જોઈએ.

અસીમ સત્યને સમજવું ઘણું અઘરું છે, માટે બધા જ અંશોનું સંયોજન કરી એક ચિત્ર રજૂ કરવું જરૂરી છે, જે ઘણાખરા અંશોને આવરે અને પૂર્ણતાની ઝાંખી દેખાડવા સમર્થ બને. નહીં તો બધું અલગ અલગ જાણી શું હાથમાં આવે ?

અનેકાંતવાદ સત્યને સમજાવવાનો સાપેક્ષવાદનો સિદ્ધાંત છે. મહાવીર સ્વામીને શા માટે લોકોને અનેકાંતવાદ સમજાવવાની જરૂર પડી? લોકો આત્માને સમજવાના પ્રશ્નો પૂછતા હતા કે આત્મા શું છે ? કાયમી છે કે નથી ?

મહાવીર ભગવાને કહ્યું કે દ્રવ્યની દૃષ્ટિએ જોઈએ તો આત્મા

કાયમી છે, પણ તેના કાર્યોમાં જે ફેરફાર થાય છે તે હંગામી છે. કાયમી નથી. તે અજર-અમર છે અને નથી પણ.

તત્ત્વાર્થશ્લોકવાર્તીકા (૧૧૬) માં આચાર્ય વિદ્યાનંદી (ઈસુની અગિયારમી સદી) સત્યના સ્વભાવને સમજાવવા એક ઉદાહરણ આપે છે. કળશમાં જો આપણે મહાસાગરનું પાણી ભરીએ તો તે કળશને આપણે ન તો મહાસાગર કહી શકીએ અને ન તો માત્ર કળશનું પાણી કહી શકીએ, પણ તેને માત્ર મહાસાગરનો ભાગ કહી શકીએ, મહાસાગરનું પાણી કહી શકીએ. તેથી કોઈપણ ધર્મની વિચાસરણી જો કે પૂર્ણ સત્યમાંથી ઉત્પન્ન થાય છે તેથી તેને પૂર્ણ સત્ય પણ ન કહેવાય અને અસત્ય પણ ન કહેવાય.

સત્તરમી સદીના જૈન સાધુ યશોવિજયગાની (જ્ઞાની) અનેકાંતવાદથી આગળ જઈને મધ્યસ્થ માટે દલીલ કરે છે. આ પરિસ્થિતિએ તેમને બીજા ધર્મના માનવીઓના ગુણોના વખાણ કરવા શક્તિમાન બનાવ્યા કે જે જૈન ન હતા.

અનેકાંતવાદે જૈન ધર્મના વિકાસમાં અને તેને બચાવવા મોટું યોગદાન આપ્યું છે એટલું જ નહીં તેને રાજદરબારમાં સ્થાન અપાવ્યું છે.

જૈન ગ્રંથ પ્રબંધકાન્તમણી પ્રમાણે રાજા સિદ્ધરાજ જયસિંહને પ્રબુદ્ધ થવાની ઈચ્છા થઈ અને જીવનમાં મુક્તિ મળે, શાંતિ થાય, તેવી ભાવના જાગી. તેણે પોતાના રાજ્યના બધા જ ધર્મગુરુઓને બોલાવીને, તેઓને સાંભળ્યા. બધાએ જ પોતપોતાનો જ ધર્મ સાચો ધર્મ છે અને બીજા ધર્મો ધતિંગ છે એવી દલીલો કરી. આ ધર્મગુરુઓમાં જૈન ધર્મના ગુરુ હેમચંદ્રાચાર્યને પણ આમંત્રણ મળેલું. છેવટે સિદ્ધરાજે તેમને બોલાવ્યા અને જૈન ધર્મ વિષે વાત કરવાનું કહ્યું. તેમાંથી બોધ આપવાનું અને જૈન ધર્મ બીજા કરતાં કેમ અલગ પડે છે તે જણાવવા કહ્યું. ત્યારે હેમચંદ્રાચાર્યે બીજા ધર્મના ધર્મગુરુઓ જેવી વાત ન કરતાં એક સુંદર વાત (બોધકથા) કહી. તે પ્રમાણે એક રોગી માણસ હતો. તેને બધાએ જાત જાતના ઓસડિયા અને વનસ્પતિ ખાવાના સૂચનો કર્યા. એ રોગીએ તે પ્રમાણે કર્યું અને તેનો રોગ મટી ગયો. પણ તેને એ ખબર ન પડી કે ખરેખર કઈ વનસ્પતિએ, કે કઈ જડીબુટ્ટીએ તેનો રોગ મટાડી દીધો. આ નાની બોધકથાનો સંદેશો એ છે કે હકીકતમાં રોગીને એ ખબર ન પડી કે શેનાથી તેનો રોગ મટી ગયો. પરંતુ તે નિરોગી થઈ ગયો. તે હકીકત બની ગઈ. તેવી રીતે ડાહ્યા મનુષ્યોએ બધા જ ધર્મોને માન આપીને મુક્તિ મેળવવા પ્રયત્ન કરવો જોઈએ. ન જાણે તે બધામાંથી કયો ધર્મ તેને મુક્તિ અપાવી શકે. રાજા જયસિંહ હેમચંદ્રાચાર્યના અનેકાંતવાદની બોધકથા સાંભળી ખૂબ જ આનંદિત થઈ ગયો અને તેને દૃઢ પણે મનમાં વિચાર આવ્યો કે જૈન ધર્મ જ ધર્મ છે. તેમણે ત્યારપછી જૈનધર્મ અંગીકાર કર્યો અને હેમચંદ્રાચાર્યને પોતાના ગુરુપદે સ્થાપ્યા. હેમચંદ્રાચાર્યે પછી 'સિદ્ધહેમ' નામનો ગ્રંથ રચ્યો, જે ગુજરાતી ભાષાનો પ્રથમ ગ્રંથ છે, જે તે વખતની ગુજરાતની પરિસ્થિતિનો ખ્યાલ આપે છે. આ ગ્રંથ જ્યારે પૂર્ણપણે રચાઈ ગયો ત્યારે તેને હાથીની અંબાડી પર રાખી શહેરમાં ફેરવીને તેનું બહુમાન કર્યું.

અનેકાંતવાદ પ્રમાણે આપણે સત્યના બધા જ સ્વરૂપોનો સ્વીકાર કરવો ઘટે. તો જ પૂર્ણ સ્વરૂપની ઝાંખી થઈ શકે. આપણે સત્યને જોતાં નથી પણ સત્યના પડછાયાને જોઈએ છીએ. સત્યના પડછાયાને પણ પૂર્ણપણે જોવો હોય તો આપણે અનેકાંતવાદને માર્ગે જ ચાલવું પડે, જે જીવન માટે રોયલરોડ છે.

મહાવીર ભગવાને તેમના અનુયાયીઓને બીજા ધર્મોનો અભ્યાસ કરવાનું કહ્યું. બીજા ધર્મનો અભ્યાસ કરવાથી આપણે આપણા ધર્મની વિચાસરણીને સ્વચ્છ, સુંદર અને મહાન બનાવી શકીએ. તેમાં જો ઉણપ હોય તે દૂર કરી તેને પરિપૂર્ણ અને શ્રેષ્ઠ બનાવી શકીએ.

અનેકાંતવાદ ધર્મોની વિચાસરણીની લડાઈઓમાં માનતો નથી. આવી વિચારસરણીની લડાઈને પણ તે માનસિક, વૈચારિક હિંસા જ માને છે અને આ અહિંસાનું ગુરુ શિખર છે. અહિંસાનું છેલ્લું પગથિયું ગણાય.

ધર્મોની વિચારસરણીની લડાઈ છેવટે શારીરિક, રાજકીય, ધાર્મિક અને સામાજિક લડાઈ અને છેવટે મહાલડાઈ સુધી માનવજાતને લઈ જાય છે, જે હાલમાં આપણે જોઈ રહ્યા છીએ. મારો ધર્મ અથવા તમારો ધર્મ છેવટે દુનિયાને ભયંકર યાતનાઓની ખાઈમાં ધકેલી દે છે.

સૂત્રકૃતાંગ ગ્રંથ કહે છે કે જે લોકો પોતાના જ ધર્મની વિચારસરણીની પ્રશંસા કરે છે અને બીજા ધર્મની વિચારસરણીની નિંદા કરે છે તે સત્યને કુરૂપ બનાવે છે. જેમ વિજય ધર્મસૂરી મહારાજે કહ્યું છે તેમ હું નથી જૈન, નથી હિન્દુ, નથી યુધિષ્ઠિર, નથી શૈવધર્મી કે વૈષ્ણવધર્મી પણ હું શાંતિના માર્ગનો પ્રવાસી છું.

અનેકાંતવાદ આ દુનિયાના કેટલાંય પ્રશ્નો હલ કરી શકે છે. આજે પર્યાવરણના પ્રશ્નો ઊભા થયા છે. તે માટે પણ અનેકાંતવાદ પાસે ઉકેલ છે. આ પ્રશ્નો શા માટે ઊભા થયા છે ? તે એટલા માટે ઊભા થયા છે કેમકે માનવીએ કુદરતના અને માનવીના ભાગલા પાડ્યા છે. માનવી વસુધૈવ કુટુંબકમ્‌ની ભાવનાને ભૂલી ગયો છે, જે કોઈને પણ ધિક્કારતી નથી અને બધાને પોતાના સ્વજન ગણે છે. માનવજાત અને કુદરત અલગ-અલગ નથી. ન્યાય, લોકશાહી, વિચારો, મુક્ત કરવાની સ્વતંત્રતા, સર્વધર્મ સમભાવની પાછળ જો કોઈ સિદ્ધાંત બળ આપતો હોય તો તે અનેકાંતવાદ છે.

દુનિયાને સુખ, શાંતિ અપાવે એવો જો સિદ્ધાંત હોય તો તે મહાસિદ્ધાંત અનેકાંતવાદ છે. એક જૈન આચાર્યે કહેલ છે કે હું એકાંતવાદને નમસ્કાર કરું છું કારણ કે તેણે અનેકાંતવાદને જન્મ આપ્યો છે. અંધશ્રદ્ધા અને ગેરમાર્ગે દોરનાર ધર્મના જ્ઞાને, આપણા જીવનને માન નહીં આપવાની અને બીજાના મંતવ્યોને સહન નહીં કરવાની નિષ્ફળતાએ આપણને ખતરનાક વળાંક પર લાવી મુક્યા છે. હજુ પણ સમય ચાલ્યો ગયો નથી. આપણે બાજી સુધારી શકીએ છીએ, જો અનેકાંતવાદને પૂર્ણ રીતે અનુસરીએ.

દુનિયામાં શાંતિ સ્થાપની હોય તો, અનેકાંતવાદ મોટું યોગદાન આપી શકે છે.

અનેકાંતવાદ ધર્મોની એકતરફી ભૂલોથી દૂર રહે છે અને બધા ધર્મોની પરસ્પર વિરોધી વિચારસણીને માનભેર ગ્રહણ કરે છે અને તેમાં સાપેક્ષ સત્યની બહુ પાયાની બહુલતા છે અને તેથી તે દુનિયાને નંદનવન બનાવવા સમર્થ છે.

અનેકાંતવાદનો અર્થ એવો નથી થતો કે તે અનિશ્ચિત છે.

તેનું કહેવું છે કે આપણે આપણા ધર્મની વિચારસરણી તો રાખવાની જ છે પણ બીજાના ધર્મની વિચાસરણીને માન આપવાનું છે, તે ખોટી છે કે તે સાચી છે, તેના ઝઘડામાં પડવાનું નથી. તેઓ આપણા ધર્મની વિચારસરણી માને કે ન માને. શંકરાચાર્યે અનેકાંતવાદ સમજવા આ ભૂલ કરી છે.

जेण विणा वि लोगस्स ववहारो सच्चहा निव्वडई।
तस्स धुवणेक गुरुणो णमो अणेगंतवायस्स।।

—आचार्य सिद्धसेन दिवाकर

અનેકાંતવાદ સંસારનો ગુરુ કહેવાને યોગ્ય છે. એના સિવાય આ સંસારનો વ્યવહાર સારી રીતે ચાલી શકે તેમ નથી તેથી આચાર્ય સિદ્ધસેન દિવાકર કહે છે કે હું તેને નમસ્કાર કરું છું.

અનેકાંતવાદનો સિદ્ધાંત દાર્શનિક જગતને, જૈનદર્શનની મૌલિક ભેટ છે, દેન છે. આ જૈન ચિંતકોની, જૈન દાર્શનિકોની, જૈન આચાર્યોની, જૈન ગુરુઓની વિચક્ષણ દૃષ્ટિ છે. વાસ્તવમાં આ સિદ્ધાંત વિશ્વ મંગલકારક છે. દુર્ભાગ્યની વાત એ છે કે એને જૈન સંપ્રદાયની છાપ લગાવીને અલગ રાખી દેવામાં આવ્યો છે કે એ તો જૈન ધર્મનો સિદ્ધાંત છે. જૈનો તેને અનુસરે છે.

આપણે શરીરના સંદર્ભમાં અનિત્ય છીએ પણ આત્માના સંદર્ભમાં નિત્ય છીએ. સ્વામી દયાનંદ સરસ્વતીને એકવાર કોઈએ પ્રશ્ન પૂછ્યો. આપ વિદ્વાન છો કે અવિદ્વાન! તો સ્વામીજીએ ઉત્તર આપ્યો કે દાર્શનિક ક્ષેત્રે વિદ્વાન પણ વેપારના ક્ષેત્રે અવિદ્વાન.

સખત ગરમીમાં ખેડૂત ખેતરમાં કામ કરે છે. તેના માટે આ કામ સ્વાભાવિક છે, સુખ છે, પણ ઍન્ટાકર્ટિકમાં રાત-દિવસ રહેનારા માટે તે અસહ્ય છે, દુર્લભ છે. તેમાં સુખ કયું અને દુઃખ કયું ?

અમેરિકામાં અત્યારે રાત છે અને આપણે ત્યાં દિવસ છે. તો અમેરિકામાં કહે કે રાત છે. અને આપણે કહીએ કે દિવસ છે, તો બંને પોત-પોતાની જગ્યાએ સાચા છે પણ એકબીજાની દૃષ્ટિએ અલગ છે.

કલકત્તા કેટલું દૂર? આ પ્રશ્ન અધૂરો ગણાય. ક્યા સાધનોથી તમે કલકત્તા દૂર કહો છો તે જરૂરી છે. તમે ચાલીને જાવ તો મહિનાઓ દૂર, જો ટ્રેઈનમાં જાવ તો બે રાત અને એક દિવસ જેટલું દૂર, જો પ્લેનમાં જાવ તો બે કલાકના સમય જેટલું દૂર, અને મોબાઈલથી વાત કરતાં ક્ષણ-સમય જેટલું દૂર. આમ આ બ્રહ્માંડમાં દૂર કે નજીકની વાખ્યા તમે કેવી રીતે તે સ્થળે પહોંચ્યો છે, જાવ છો તેની પર આધારિત છે.

પૃથ્વીની સાપેક્ષમાં પૃથ્વી પરથી સૂર્યને જોઇએ તો તે ગોળગોળ ઘૂમતો અને આકાશમાં વિચરતો જણાય અને પૃથ્વી તદ્દન સ્થિર ગણાય. સૂર્યની સાપેક્ષમાં સૂર્ય પર જઈને પૃથ્વીને જોઈએ તો પૃથ્વી ગોળ-ગોળ ઘૂમતી દેખાય અને સૂર્યની પરિક્રમા કરતી દેખાય અને સૂર્ય સ્થિર લાગે. તો આમાં સાચું શું ?

આપણે સવારે પ્લેનમાં પશ્ચિમમાં જતાં જ રહીએ, જતાં જ રહીએ તો કદી સૂર્યાસ્ત થતો જણાય જ નહીં. ધારો કે વિમાનમાં ન્યૂક્લિયર ફ્યુલ છે જે હજારો વર્ષ સુધી ખતમ ન થાય તો, અને જો વિમાનમાં બાળક જન્મે અને તે પ્લેનમાં જ મોટું થતું રહે તો તેને રાત શું ? ચંદ્ર શું ? તારા શું ? તેની ખબર જ ન પડે. તો શું રાત નથી? હવે જો પ્રવાસી રાતના પૂર્વ તરફ વિમાન લઈને જાય તો તેને તેના જીવનપર્યંત રાત જ દેખાય. વિમાનમાં જો બાળક જન્મે તો તેને દિવસ અથવા સૂર્યની ખબર ન પડે, તો શું દિવસ અને સૂર્ય નથી?

આ બ્રહ્માંડમાં બધું સાપેક્ષ છે. આ બ્રહ્માંડમાં ઘણીવાર જે દેખાય છે તે સાચું હોતું નથી અને સાચું હોય છે તે ઘણીવાર દેખાતું નથી.

મોક્ષ એટલે શું ? તેની પણ વાખ્યા કરવી પડે. અને અલગ અલગ મતે તેની વ્યાખ્યા અલગ અલગ છે. શાસ્ત્રોમાં કહ્યું છે કે— ज्ञाना देवतु कैवल्म्। માત્ર જ્ઞાન જ મોક્ષ અપાવી શકે—તો આ જ્ઞાન કેવું હોય?

ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે— नहि ज्ञानेन सदृशं पवित्रमिहविद्यते । અર્થાત્ જ્ઞાનથી પવિત્ર કોઈ વસ્તુ નથી. આ પવિત્રમાં પવિત્ર જ્ઞાન જ આપણને અનેકાંતવાદની મહત્તા સમજાવી શકે અને આપણને ઉચ્ચ આત્માના સ્તર પર લઈ જઈ શકે.

વિજ્ઞાન એકાંતવાદ પર આધારિત છે કે અનેકાંતવાદ પર? આ પ્રશ્ન છે. વિજ્ઞાન ઘણી બધી શક્યતાનું મહારથી છે અને કોઈને પણ અંતિમ માનતું નથી. બીજું એ કે કુદરતને કોઈ ૧૦૦ ટકા જાણી શકવા સમર્થ નથી. જેમ કે ૧૦૦ ટકા અવકાશ ઉત્પન્ન કરી શકાતો નથી. આપણે -૨૭૩ અંશ સેલ્સીઅસ સુધી જઈ શકતા નથી. માપન પદ્ધતિમાં કેટલાય પ્રકારની ભૂલો થાય છે. આ બધું બતાવે છે કે વિજ્ઞાન અનેકાંતવાદનું દ્યોતક છે. પણ કોઈ ચોક્કસ માપનમાં તે નયવાદનો ઉપયોગ કરે છે. વર્ણનમાં તે સ્યાદ્‌વાદનો જ ઉપયોગ કરે છે. ક્વૉન્ટમ ફિઝિક્સ બધી જ સંભાવના સાથે શરુ થાય છે પણ માપન વખતે એક જ રાહ પકડે છે, તે જ નયવાદ. પણ બીજા બધા રાહ તો છે જ. વિજ્ઞાન, અનેકાંતવાદની ખરેખર પ્રયોગ દ્વારા રજૂઆત કરે છે. વિજ્ઞાનમાં પ્રયોગો, સાબિતી નયવાદ છે પણ બધા જ પ્રકારની ધારણા (Hypothesis) તેમાં અસ્તિત્વ ધરાવે છે. વિજ્ઞાન સાપેક્ષવાદ પર નિર્ભર છે. તેમાં કાંઈ જ નિરપેક્ષ નથી.

હકીકતમાં ગુરુત્વાકર્ષણ શું છે? તે કોઈ ખરેખર જાણતું નથી. ઘન અને ઋણ વિદ્યુતભાર શું છે? તે કોઈ જાણતું નથી. ચૂંબકત્વ શું છે? તે કોઈ જાણતું નથી. શા માટે અલગ-અલગ બળોને અલગઅલગ ગુણધર્મો હોય છે? ખરેખર જીવન શું છે? તે કેવી રીતે ઉત્પન્ન થયું છે? તે કોઈને જ ખબર નથી. બ્રહ્માંડના અંતિમ સત્યોની કોઈને જ ખબર નથી. આ બધી બાબતો આપણે અનેકાંતવાદના સહારે સમજી શકીએ છીએ.

સાપેક્ષવાદનો ઉપયોગ એ છે કે જે વસ્તુ અનેકાંતરૂપ છે તે સાપેક્ષ દૃષ્ટિએ એકાંત છે. હકીકતમાં અનેકાંત એકાંત પર આધારિત છે. અનેકાંતવાદ સર્વનયાત્મક છે. જે પ્રકારે અલગ અલગ મોતીઓને એક સૂત્રમાં પરોવીએ તો સુંદર માળા બની જાય છે. તે રીતે ભિન્ન ભિન્ન નયોને સ્યાદ્‌વાદરૂપી સૂત્રમાં બાંધીએ તો સંપૂર્ણ નયશ્રુત પ્રમાણ બને છે.

કોઈ ધર્મનું દર્શન જુએ—એક અંશ અને તેને પૂર્ણાંગ કહે તે બરાબર નથી. અંધજન હાથીના પગને અડકે અને તેને હાથી કહે

તે યોગ્ય નથી.

સ્યાદ્‌વાદ એ સ્પષ્ટ કરે છે કે અહીં જે વર્ણન કરવામાં આવ્યું છે. તે અંશાત્મક છે. અંશના સંબંધે છે. પૂર્ણ વસ્તુ માટે નહીં. એકાંત અંશ જુએ છે, અનેકાંત સમગ્રતામાં વાત કરે છે. હાથીની પીઠ કઈ અપેક્ષાએ ટેકરા જેવી પણ છે તેમ કહી શકાય. આ કથન અંશાત્મક પૂર્ણ સત્ય છે. પણ પૂર્ણતા માટે આંશિક સત્ય છે. પાવર પૉઈન્ટ પ્રેઝન્ટેશન એકાંતવાદનું દ્યોતક છે કારણ કે તેમાં બધું જડાઈ જાય છે. જ્યારે વ્યાખ્યાન અનેકાંતવાદનું દ્યોતક છે. સ્યાદ્‌વાદ, શાયદવાદ કે સંશયવાદ નથી.

બ્રહ્માંડમાં એવી મંદાકિનીઓ છે જે edge on દેખાય છે જાણે કે રેખાખંડ. પણ જ્યારે તેને face on જોઈએ તો ખબર પડે કે તે તો ચક્ર જેવી મંદાકિની છે. આમ આંશિક સત્ય અને પૂર્ણસત્ય અલગઅલગ હોય છે.

બ્રહ્માંડ પણ અલગ અલગ દિશામાં, અલગ-અલગ દેખાય છે. અલગ-અલગ પ્રકાશમાં અલગ અલગ દેખાય છે. તેના સંપૂર્ણ સ્વરૂપનો અહેસાસ કરવો નામુમકીન લાગે. બ્રહ્માંડના આંશિક ભાગો સત્ય છે પણ તે પૂર્ણ સત્ય નથી. બધાને સાથે મૂકીએ તો સત્યનો અહેસાસ થાય. સત્યનો પડછાયો જોઈ શકાય પણ પૂર્ણ સત્ય નહીં.

સ્યાદ્‌વાદ એક દૃષ્ટિબિંદુ છે જે આપણને દર્શાવે છે કે બ્રહ્માંડનું કઈ રીતે, કેવી રીતે અવલોકન કરવું જોઈએ. કોઈપણ વસ્તુને પૂર્ણ રીતે સમજવાના પ્રયત્નમાં વિવિધ દૃષ્ટિબિંદુથી તેનું અવલોકન કરવું જોઈએ, તો જ તે પૂર્ણ રૂપમાં આપણી સમક્ષ આવી શકે અને તેનો અંદાજ નીકળી શકે.

અનેકાંતવાદ અને સ્યાદ્‌વાદ વસ્તુ સ્વરૂપનું સાચા સ્વરૂપમાં જોવા દિગ્દર્શન કરવાવાળા સિદ્ધાંતો હોવાથી તે આત્મશાંતિની સાથે સાથે વિશ્વશાંતિનો સ્થાપવાના પણ સિદ્ધાંતો છે. 'અનેકાંતવાદ સાથે અનુસંધાન'- તે ભારતની અહિંસા સાધનાની ચરમ સીમા છે. તેને દુનિયા જેટલી જલ્દીથી સ્વીકાર કરશે તેટલી જલ્દી દુનિયામાં શાંતિ સ્થપાશે.

Acharya Siddhasena Divakara (3 century A.D.) expounded on the nature of truth in the court of king Vikramaditya in the following way:

Vikramaditya : What is truth? Is it that which is said repeatedly, that which is said loudly, that which is said with authority or that which is agreed by the majority?

Divakara : None of the above. Every one has his own definition of truth and it is conditional.

Vikramaditya : How about traditions? Have they been established by our ancestors and have they been passed the test of time?

Divakara : would the system established by ancestors held true on examination? In case it does not, I am not here to justify if for the sake of loving the traditional grace of the dead irrespective of the wrath I may have to face.

(Vardhamana Dvatrimisika 6/2)

In Sanmatitarka Divakara furthers address:

'All doctrines are right in their own respective spheres but if they eneroach upon the province of other doctrines and try to refuse their views, they are wrong. A man who hold the view of the cummulative character of truth never says that a particular view is right or a particular view is wrong?

ઈસુની ત્રીજી સદીમાં રાજા વિક્રમાદિત્યના દરબારમાં આચાર્ય સિદ્ધસેન દીવાકારે સત્યના સ્વભાવ વિષે નીચે પ્રમાણે વિસ્તારથી સમજાવ્યું-

વિક્રમાદિત્ય : સત્ય શું છે? શું તે એ છે જે વારંવાર એ જ રૂપે દૃશ્યમાન થાય છે કે જેને મોટેથી કહેવામાં આવે છે કે જેને બહુ જ આત્મવિશ્વાસ અને ઓથોરીટીથી કહેવામાં આવે છે, કે જેને લગભગ ઘણાંખરા લોકો માને છે?

દીવાકર : આમાનું કાંઈ જ સત્યને સ્થાપિત કરી શકે નહીં. દરેકે દરેક-જણને સત્યની પોતાની વ્યાખ્યા હોય છે અને તે એકતરફી (શરતી એકાંતવાદી) હોય છે.

વિક્રમાદિત્ય : આપણા રીત-રિવાજો વિષે આપનું શું કહેવાનું છે? શું તેને આપણા પૂર્વજોએ સ્થાપિત કરેલા છે અને તે સમયની કસોટી પર સાચા સાબિત તયા છે?

દીવાકર : શું પૂર્વજોએ સ્થાપેલા રીત-રિવાજોને કસોટીની એરણ પર તપાસવામાં આવ્યા છે? જો ન તપાસવામાં આવ્યા હોય તો હું તેના વિષે કશું કહેવા માગતો નથી કારણ કે મારે પૂર્વજોનું માન રાખવાનું છે. તેના માટે મારે ભલે ગમે તે સહન કરવું પડે.

(વર્ધમાન દ્વાત્રિંસીકા ૬/૨)

સનમતીતારકામાં દીવાકર સ્વામિ કહે છે: 'ધર્મની બધી વિચારસરણીઓ તેનામાં સાચી છે. પણ તેઓ જ્યારે બીજા ધર્મની વિચારસરણીઓમાં પ્રવેશ કરે અને તેમને ખોટી પાડવા પ્રયત્ન કરે તો તે બધી જ ખોટી છે. જે માણસ સત્યની બહુલતાની વિચારસરણીના ગુણને જાણે છે, તે કદી પણ એમ નહીં કહે કે કોઈ એક ધર્મની વિચાસરણી સાચી છે કે તે ખોટી છે.'

★

# સ્યાદ્વાદ

☐ દિનકર જોષી

*[ લેખક, સંપાદક, અનુવાદક દિનકર જોષીએ ૧૫૦ પુસ્તકનું સર્જન કર્યું છે. મહાત્મા ગાંધી, ઝીણા, ટાગોર, નર્મદ અને સરદાર પટેલના ચરિત્રકાર દિનકરભાઈનું નામ ગુજરાતી સાહિત્યમાં ઘણું જાણીતું છે. અનેક મહત્ત્વના વિષયો પરના તેમના ચિંતનાત્મક લખાણો નવી દિશા પ્રેરે છે. પ્રસ્તુત લેખમાં સ્યાદ્વાદની સમજ દિનકર જોષી પાસેથી આપણને મળે છે. ]*

એક માણસ મુંબઈથી રાત્રે દશ વાગ્યે ઊપડતા ગુજરાત મેલમાં અગાઉથી રિઝર્વ કરાવેલી બર્થ ઉપર શાંતિથી સૂઈ જાય છે અને વહેલી સવારે છ વાગ્યે એની આંખ ઊઘડે છે ત્યારે એ અમદાવાદના કાળુપુર સ્ટેશને આવી પહોંચ્યો હોય છે. રાતભરની મુસાફરી પછી પણ એ થાક્યો નથી, તાજોમાજો લાગે છે, કેમ કે એનું રિઝર્વેશન એરકંડિશન ક્લાસમાં હતું.

બીજો માણસ પણ મુંબઈથી અમદાવાદ જ જાય છે, પણ એને રાતભરની રેલવેની મુસાફરી પસંદ નથી, એટલે સાન્તાક્રુઝ એરપૉર્ટ ઉપરથી વહેલી સવારે છ વાગ્યે ઊપડતા વિમાનમાં મુસાફરી કરે છે. આગલી રાત્રે ગુજરાત મેલમાં મુંબઈથી નીકળેલો પેલો માણસ અને આજે વહેલી સવારે સાન્તાક્રુઝ એરપૉર્ટ પરથી વિમાનમાં અમદાવાદ આવેલો બીજો માણસ–બંને લગભગ સાથે જ પહોંચ્યા છે એમ કહી શકાય.

વિમાનમાં આવેલો માણસ એના વિમાનનો ડીપાર્ચર ટાઈમ વહેલી સવારે છ વાગ્યાનો હોવાને કારણે નિયત કરેલા રીપૉર્ટિંગ ટાઈમે સવારે પાંચ વાગ્યે સાંતાક્રુઝ પહોંચ્યો હોય છે. ધારો કે એ બોરીવલી રહેતો હોય, તો સવારે પાંચ વાગ્યે સાન્તાક્રુઝ પહોંચવા માટે એણે મોડામાં મોડું સવા નચાર કે સાડાચાર વાગ્યે તો નીકળવું જ જોઈએ. હવે આ સમયે તૈયાર થઈને નીકળવા માટે એણે મોડામાં મોડું સાડાત્રણ વાગ્યે તો ઊઠવું જ જોઈએ. આમ, ગુજરાત મેલમાં ગયેલો મુસાફર આખી રાતની ઊંઘ લીધા પછી અમદાવાદ પહોંચ્યો છે અને હવાઈ મુસાફરી કરીને પહોંચેલો માણસ જોકે એક જ કલાકમાં પહોંચી ગયો છે, પણ લગભગ આખી રાતના ઉજાગરા પછી પહોંચ્યો છે. ત્રીજા માણસને પણ મુંબઈથી અમદાવાદ જ જવું છે, પણ એ મોટર-માર્ગે પોતાની ગાડી લઈને અમદાવાદ જાય છે. એને સુરત અને વડોદરામાં એક-બે કલાકના ધંધાદારી રોકાણો છે, એટલે એક દિવસમાં બધાં કામો આટોપી શકાય એવી ગણતરીથી સવારે આઠ વાગ્યે નાસ્તો-પાણી પતાવીને, ડ્રાઈવરને સાથે લઈને પ્રવાસ શરૂ કરે છે. એકાદ કલાક સુરત અને એકાદ કલાક વડોદરામાં રોકાઈને ધંધાદારી કામો આટોપે છે અને રાત પડ્યે અમદાવાદ પહોંચી જાય છે.

આપણે જોઈ શકીએ છીએ કે આ ત્રણેય માણસો અમદાવાદ તો સમયસર પહોંચ્યા જ છે. એમનું ધ્યેય એમણે પોતપોતાના માર્ગે પ્રવાસ કરીને હાંસલ કર્યું જ છે. એવું નથી કે વિમાનમાર્ગે જનારાનું અમદાવાદ જૂદું હોય અને રેલવે-માર્ગે જનારાનું અમદાવાદ જુદું હોય. અમદાવાદ તો એક જ છે. હવે જો રેલવે-માર્ગે જનારો એમ કહે કે અમદાવાદ તો રેલવે-માર્ગે અને એય ગુજરાત મેલથી જ પહોંચી શકાય અને જો વિમાનમાર્ગે જનારો એમ કહે કે અમદાવાદ પહોંચવા માટે હવાઈ મુસાફરી એ જ એકમાત્ર માર્ગ છે, તો એ બંને સત્યથી દૂર છે. એક રીતે એમની વાત સાચી છે કે તેઓ પોતપોતાની રીતે અમદાવાદ પહોંચ્યા છે અને પોતપોતાની સગવડ પ્રમાણે એમણે મુસાફરી કરી છે. પોતપોતાના અનુભવના આધારે આ ત્રણેયનો માર્ગ સારો અને સાચો પણ લાગે તો એમાં કશું વાંધાજનક ન કહેવાય. ત્રણેયની જરૂરિયાતો જુદી છે. ત્રણેયની સગવડો જુદી છે, પણ જો ત્રણેય એમ કહે કે આ જ એકમાત્ર સાચો માર્ગ છે, તો આપણે આ ત્રણેયને સ્વસ્થ ચિત્તના માણસો કહી નહિ શકીએ.

હવે એક બીજું ઉદાહરણ જોઈએ. મીરાંબાઈ પગે ઘૂંઘરું બાંધીને ચિતોડના રાજમાર્ગો ઉપર સાધુસંતો સાથે પદો ગાતાં-ગાતાં નૃત્ય કરતી રહી અને આ નૃત્યના ઠેકે-ઠેકે જ એણે સિદ્ધિ મેળવી લીધી એનો કોઈ ઈન્કાર કરી શકે એમ નથી. શંકરાચાર્યે પગે કોઈ ઘૂંઘરું બાંધ્યા નહોતા. રાજમાર્ગો ઉપર નૃત્ય પણ કર્યાં નહોતાં, છતાં એમણે પણ મીરાંબાઈ કરતાં તદ્દન જુદા માર્ગે સિદ્ધિ મેળવી જ હતી. મીરાંબાઈની સિદ્ધિ અને શંકરાચાર્યની સિદ્ધિ બે અલગ અલગ પ્રદેશો નથી. બંનેના માર્ગો જુદા હતા પણ ગંતવ્યસ્થાન એક જ હતું. આ નિશ્ચિત ગંતવ્યસ્થાને પોતપોતાના માર્ગે તેઓ પહોંચી ગયાં હતાં.

આ દુનિયામાં વૈવિધ્યનો કોઈ પાર નથી. આપણા રોજિંદા જીવનવ્યવહારમાં પણ આપણે રોજ પ્રત્યેક ક્ષણે આવા વૈવિધ્ય વચ્ચેથી પસાર થતા હોઈએ છીએ. આ ત્રિપરિમાણી વિશ્વ આપણે આખેઆખું સળંગ ક્યારેય જોઈ શકતા નથી, સંવેદી શકતા નથી. આપણને બે જ આંખ ચહેરાના આગળના ભાગમાં ઈશ્વરે આપી છે. આમ હોવાથી જ્યારે આપણે આગળનું વિશ્વ જોઈએ છીએ ત્યારે પાછળનું વિશ્વ જોઈ શકતા નથી. જોઈ શકતા નથી માટે એ નથી એમ તો ન જ કહી શકાય. કોઈ એમ કહી શકે કે પીઠ પાછળનું વિશ્વ આ ક્ષણે ભલે દેખાતું નથી, પણ આ પૂર્વેની ક્ષણે ચહેરો ઘુમાવીને એને સંવેદ્યું હતું. આ વાત અર્ધસત્ય છે, કારણ કે સતત પરિવર્તનશીલ વિશ્વમાં આપણે જે કંઈ એક ક્ષણ પહેલાં પીઠ પાછળ જોયું હતું એ બધું અત્યારે પણ એમ ને એમ જ છે એમ માનવું એ ભોળપણ છે. પ્રત્યેક ક્ષણે સઘળું પરિવર્તનશીલ હોય છે. એક ક્ષણ પૂર્વે તમે જે જોયું હતું એ બીજી ક્ષણે એનું એ નથી હોતું. એમાં અપાર ફેરફાર થઈ ગયા હોય છે. આ પરિવર્તન તત્કાલ આપણે નોંધી શકતા નથી એ આપણી મર્યાદા છે. આપણો અનુભવ અથવા આપણું દર્શન એકાંગી હોય છે. એને પૂર્ણ માની લેવું એ સત્યને નહિ સમજવા જેવું છે.

આપણાં લગભગ તમામ ઘર્ષણોનું કારણ આવા એકાંગી દર્શનને આપણે પૂર્ણ માની લઈએ છીએ એ જ હોય છે. પરિવારમાં, પડોશમાં, વ્યાવસાયિક સંબંધોમાં કે કોઈપણ સામાજિક સંબંધોમાં આપણા મર્યાદિત અનુભવ અને દર્શનને ચોકકસ અને અંતિમ રૂપ આપીને આપણે ઘણાં પ્રશ્નો પેદા કરીએ છીએ. એક મુસલમાન નમાજ પઢતી વખતે નીરવ શાંતિની અપેક્ષા રાખે છે, કેમકે એને એવી ગ્રંથિ બાંધી દેવામાં આવી છે કે અલ્લાહનું સાંનિધ્ય આ રીતે નમાજ પઢવાથી

જ પ્રાપ્ત થાય છે. આ સિવાયના બીજા કોઈ માર્ગે પણ ઈબાદત કરીને અલ્લાહ સુધી પહોંચી શકાય છે એ વાત એને ગળે જ નથી ઊતરતી. આવું જ અન્ય ધર્મોની પ્રાર્થના પદ્ધતિઓ વિશે પણ કહી શકાય.

જૈન ધર્મે માનવ સંસ્કૃતિના ઇતિહાસમાં બીજું ગમે તે ભલે આપ્યું હોય કે ન આપ્યું હોય, પણ જેને સ્યાદ્‌વાદ અથવા અનેકાંતવાદ કહીએ છીએ એ એવું અદ્‌ભુત દર્શન આપ્યું છે કે માનવજાત સદૈવ જૈન ધર્મની ઓશિંગણ રહેશે. આ 'સ્યાદ્' શબ્દના અનેક અર્થો કરવામાં આવ્યા છે, પણ આપણા જેવા સરેરાશ માણસોને સમજવા માટે આ પૈકી એક જ અર્થ ઉપયોગી છે. આ અર્થ 'એના સંદર્ભમાં' એવો થાય છે. આ 'એના સંદર્ભમાં' એટલે શું એ થોડુંક વિગતે સમજીએ.

ધારો કે તમે રસ્તા વચ્ચે ઊભા છો અને બરાબર એ જ વખતે તમારા પિતા આવીને એમના મિત્રને કહે છે કે આ મારો પુત્ર છે. તમે તમારા પિતાના પુત્ર છો એ તો નિઃશંક છે, એટલે આ સત્યનો તમે સ્વીકાર કરો છો. બરાબર એ જ વખતે તમારો પુત્ર એના મિત્ર સાથે ત્યાં આવી પહોંચે છે અને એ એના મિત્રને કહે છે કે આ મારા પિતા છે. તમે આ સત્યનો પણ સ્વીકાર કરો છો. જે રીતે તમે તમારા પિતાના પુત્ર છો એ જ રીતે તમારા પુત્રના પિતા પણ છો. તમારી પત્નીના સંદર્ભમાં તમે એના પતિ છો અને તમારી બહેનના સંદર્ભમાં તમે એના ભાઈ છો. તમારા બૉસ માટે તમે એના હાથ નીચેના કર્મચારી છો તો તમારા હાથ નીચેના કર્મચારી માટે તમે બૉસ છો.

તમે તો એક અને અવિભાજ્ય છો, પણ તમારી આસપાસના આ સહુ માટે તમે જુદાજુદા છો. પિતાને મન તમે પુત્ર છો, તો પુત્રને મન તમે પિતા છો. પત્નીને મન તમે પતિ છો, તો બહેનને મન તમે ભાઈ છો. આમ, એકની એક વ્યક્તિ પણ જુદાંજુદાં માણસોનાં જુદા જુદા સંદર્ભોમાં જુદી જુદી રીતે ઓળખાય છે. આ દરેક અપેક્ષાનો તમારે સ્વીકાર કરવો રહ્યો. તમે એનો ઈન્કાર કરી શકો નહિ. ઉપર ટાંકેલા અમદાવાદના ઉદાહરણમાં જે રીતે અમદાવાદ એક જ છે, પણ ત્યાં પહોંચવાના માર્ગો જુદા જુદા છે, એ જ રીતે અહીં પણ તમે તો એક જ છો પણ તમારા સુધી પહોંચવા માટેના માર્ગો અથવા તો તમારી સાથે સંબંધ સ્થાપિત કરવા માટેની અપેક્ષાઓ તમારી આસપાસના સહુ માણસો માટે જુદી જુદી છે.

'હું સાચો છું' એમ તમે ભલે વિશ્વાસપૂર્વક કહી શકતા હો, પણ એ સાથે જ 'તમે પણ કદાચ સાચા હોઈ શકો' એવો વિશ્વાસ ધરાવવાની તમારી તૈયારી એ જ આ સ્યાદ્‌વાદ છે. ઈસ્લામમાં જે નથી માનતા એ કાફિરો છે અને આ કાફિરોને અલ્લાહના સાચા માર્ગે લઈ જવા માટે એમને મુસલમાન બનાવવા જોઈએ એ એક માન્યતા છે. આ માન્યતા વિશે કદાચ કટ્ટર ઈસ્લામ પંથીઓ પ્રામાણિક પણ હોય, તેઓ ખરેખર એમ માનતા પણ હોય, પણ જો એ જ રીતે અન્ય ધર્મના અનુયાયીઓ પણ માનવા માંડે અને પરસ્પરને, પોતે માની લીધેલા અલ્લાહ સુધી પહોંચાડવા માટે ધર્માંતર કરાવવા માંડે તો જગતમાં યુદ્ધો સિવાય બીજું શું થાય? આજે આ જ બન્યું છે. સ્યાદ્‌વાદનો એના મર્મ સાથે સહજભાવે સ્વીકાર કરવાને બદલે આપણું વર્તન એનાથી વિપરીત રહ્યું છે. પરિણામે, જે ધર્મની ઉત્પત્તિ સુખ અને શાંતિ માટે થઈ હતી એ જ ધર્મો માનવજાતને વધારેમાં વધારે અસુખ અને અશાંતિ આપી રહ્યા છે.

આપણા જેવા સરેરાશ માણસો વૈશ્વિક સ્તરે વ્યાપેલી આ અણસમજને કદાચ અટકાવી ન શકે, પણ વ્યક્તિગત ધોરણે એનું અનુસરણ કરવામાં કશી જ મુશ્કેલી નથી. રોજિંદા વહેવારમાં ડગલે ને પગલે આપણા સંખ્યાબંધ ગમા-અણગમા હોય છે. આવા ગમાઅણગમાની વિરુદ્ધમાં જેઓ ગમા-અણગમા ધરાવતા હોય એમના માટે આપણે મોં મચકોડી દઈએ છીએ.

ધારો કે કોબીનું શાક તમને ભાવતું નથી એટલે જેમને કોબીનું શાક અત્યંત ભાવે છે એમને સ્વાદપૂર્વક એ શાક ખાતા જોઈને તમારા મનમાં અસુખ પેદા થઈ જાય છે. ક્યારેક તમે બબડી પણ નાખો છો કે 'કોબીનું શાક એ તે કંઈ શાક છે? ધૂળ અને ઢેફાં જેવું લાગે! એ તો ઢોરનો ખોરાક કહેવાય!' આ વખતે જો કોઈ તમને પૂછે કે કોબીને ઢોરનો ખોરાક કયા શાસ્ત્રમાં કયા પૂર્વજોએ કહ્યું છે, તો તમે તમારી માન્યતાને સાચી ઠરાવવા માટે ગમે ત્યાંથી ગમે તે વાક્યો ટાંકી દેતાં પણ અચકાશો નહિ.

અહીં સ્યાદ્‌વાદના મૂળને સ્પર્શી શકાય છે. આ તો એક સ્થૂળ ઉદાહરણ થયું, પણ આવા ઉદાહરણના આશ્રયે જ આપણે આપણા અન્ય ગમા-અણગમા વિશે પણ વિચારી શકીએ.

સ્યાદ્‌વાદના આવા અનુસરણથી વૈશ્વિક સુખ અને શાંતિ સ્થપાય કે ન પણ સ્થપાય, પણ વ્યક્તિગત સુખ અને શાંતિ તો અવશ્ય પ્રાપ્ત થશે જ. પાર વિનાના માનસિક કલહો અને ઉત્તાપો શમાવી શકવાને સમર્થ એવો આ રાજમાર્ગ છે. આપણે જ્યારે આપણી માન્યતામાં મક્કમ હોઈએ છીએ એટલે કે કટ્ટરવાદી હોઈએ છીએ ત્યારે એનું અને માત્ર એનું જ સમર્થન કરવા પાછળ આપણા મોટા ભાગના સમય અને શક્તિનો વ્યય કરીએ છીએ. આપણા ગમાઅણગમાના પણ જે કોઈ ચોક્કસ તાર્કિક કારણો હોય એને રજૂ કરવામાં કશું ખોટું નથી. પણ તર્ક હંમેશાં સત્યના માર્ગે જ લઈ જાય છે એવું માનવું સાચું નથી.

આપણી માન્યતા માટે જેમ આપણો અનુભવ અને આપણા તર્કો હોય છે એમ એથી વિપરીત માનનારાને પણ એના પોતાના તર્કો અને અનુભવો હોય છે એનો આપણે સ્વીકાર કરવો જોઈએ. એક કે બે વાણિયાથી છેતરાયેલો કોઈ માણસ સતત એવું કહેતો ફરે કે બધા વાણિયા લુચ્ચા જ હોય છે, તો એમાં તર્કદોષ છે. આ નિરીક્ષણમાં ભલે સ્વાનુભવ હોય, પણ તર્ક નથી. તર્કશાસ્ત્રના જાણકારો સમજી શકશે કે આમાં અતિવ્યાપ્તિનો દોષ છે. એ જ રીતે બધા મુસલમાનો કટ્ટરવાદી જ હોય છે કે બધા હિંદુઓ ઉદાર જ હોય છે, એ માન્યતામાં પણ ભરપૂર તર્કદોષ છે. મને મળેલા ચાર મુસલમાનો પૈકી ત્રણ જણનો મારો અનુભવ કડવો રહ્યો હોય, પણ એથી કંઈ વિશ્વભરના કરોડો મુસલમાનો માટે હું સામાન્ય નિરીક્ષણ કરી શકું નહિ. મારે કહેવું જોઈએ કે મને આવા-આવા કડવા અનુભવો થયા છે, પણ અન્યોને સારા અનુભવો થયા હોય એવું ય બને.

આપણે જ્યારે આપણા ગમા-અણગમા વિશે દૃઢ આગ્રહી છીએ

ત્યારે એક રીતે તો સમગ્ર વિશ્વના દરવાજા આપણા માટે બંધ થઈ જાય છે. આપણે એમ માનીએ છીએ કે આપણે જૂઠાણાંઓને, અસત્યોને મને અનિચ્છનીય તત્ત્વોને બહાર રાખ્યાં છે, પણ ખરેખર તો આપણે જ બહાર જતા રહીએ છીએ. કોઈક મોટા મેળામાં ભૂલું પડી ગયેલું બાળક રડવા માંડે અને જો કોઈ પોલીસ એને પૂછે ત્યારે આ બાળક રડતાં-રડતાં કહી દે કે મારી મા ખોવાઈ ગઈ છે– એના જેવો જ આ તાલ થાય છે. ભીડમાં મા નથી ખોવાઈ ગઈ, બાળક ખોવાઈ ગયું છે. પણ બાળકને એની ખબર નથી, એટલે એ એમ જ માને છે કે હું તો યથાસ્થાને જ છું, પણ મારી મા ક્યાંક ખોવાઈ ગઈ છે.

સ્યાદ્‌વાદનું સરળ અનુસરણ આપણાં દૈનિક જીવનના અપાર સંઘર્ષો તો ટાળે જ છે અને માનસિક શાંતિ પણ આપે છે, પણ એનાથી સહુથી વધુ લાભ માનવીય જ્ઞાનના કુલ જથ્થાને થાય છે. આપણે ત્યાં પ્રાચીનકાળમાં શાસ્ત્રીય વિવાદ અથવા શાસ્ત્રાર્થ અવારનવાર યોજવામાં આવતા. સ્યાદ્‌વાદનો સ્વીકાર કરીએ તો આવા શાસ્ત્રાર્થ પોતાના કોઈ મતના મંડન કે વિપક્ષીના કોઈ મતના ખંડન માટે નથી હોતા. શાસ્ત્રાર્થ કરનાર ઉભયપક્ષનું લક્ષ્ય એ ક જ હોય છે.

એક પક્ષ કહે છે કે આ વિષયમાં આટઆટલી વાતો હું જાણું છું અને આટઆટલા વિષયોમાં હું આટઆટલું સમજ્યો છું. આ મારું જ્ઞાન છે. હવે તમે તમારું જ્ઞાન કહો. વિપક્ષી પ્રતિસ્પર્ધક એ જ રીતે પોતાની વાત પણ રજૂ કરે છે. આમ બંને પક્ષે બધું ખુલ્લું થાય છે એટલે બેય પક્ષમાં જ્યાં-ક્યાંય પણ ચૂક હોય એમાં સુધારો થાય છે અને જ્યાં ન્યૂનતા હોય ત્યાં ઉમેરો થાય છે. આમ, આ શાસ્ત્રાર્થથી બંને પક્ષે જ્ઞાનમાં વધારો થાય છે અને બંને પક્ષે જે કંઈ ભૂલચૂક હોય એમાં સુધારો થાય છે. જો આ શાસ્ત્રાર્થ ન થતો હોય તો બંને પક્ષ પાસે પોતપોતાનું મર્યાદિત જ્ઞાન એમ ને એમ રહ્યું હોત અને આ સમજમાં જ્યાં-ક્યાંય પણ ઊણપ હતી એ એમ ને એમ જ અકબંધ રહી હોત. હું જ સાચો છું અને તમે ખોટા છો એવા ભાવથી જો આવો શાસ્ત્રાર્થ થાય તો ખંડન અને મંડનના વિવાદો પેદા થાય. એને બદલે સ્યાદ્‌વાદના અનુસરણથી એટલે કે 'તમે પણ સાચા હોઈ શકો છો' એના ભાવથી થતા શાસ્ત્રાર્થને પરિણામે માનવ સંસ્કૃતિમાં વધારો થાય છે.

શાસ્ત્રાર્થ પાછળ જ્યારે આવો ભાવ નથી હોતો ત્યારે વિજય કે પરાજયનો પક્ષ પેદા થાય છે. પરાજય કોઈનેય પસંદ નથી હોતો. એટલે પરાજિત થવા છતાં માણસ પોતાના મતનું સાચું-ખોટું અનુમોદન કર્યે જ જાય છે. વિજયી થનારને વિજયનો કેફ ચડે છે, એના અહંકારમાં વધારો થાય છે અને પરાજિતના અહંકારને ઠેસ વાગી હોવાને કારણે એનામાં રોષ જન્મે છે. પોતાના મતના સમર્થન માટે એ વધુ વેગથી કામે લાગી જાય છે, એટલું જ નહિ, વિપક્ષી પ્રત્યે હવે એના મનમાં દ્વેષ પણ પેદા થાય છે. આમ સ્યાદ્વાદથી વિપરીત આચરણ કરવાને કારણે જ્ઞાનનો પ્રવાહ કલુષિત થાય છે, એટલું જ નહિ, સામાજિક સ્તરે અહંકાર, દ્વેષ, ક્રોધ–આ બધાં નાસ્તિવાચક મૂલ્યો પ્રતિષ્ઠિત થાય છે.

'શાસ્ત્રાર્થ' શબ્દ વિદ્વાનો માટે રહેવા દઈએ, તો સામાન્ય સંવાદ એ આપણો ઘરેલુ અનુભવ છે. જો હું પહેલેથી જ મારા મત માટે હઠાગ્રહી ન હોઉં, એટલું જ નહિ, મને જો મારી સમજદારી કે બુદ્ધિમત્તા વિશે અહંકાર કહી શકાય એવો ખ્યાલ ન હોય, તો આવા સંવાદથી સામેવાળાના મતમાં ભલે મોટા ભાગે અતાર્કિક વાતો હોય, તોય કેટલુંક સત્ય તો અવશ્ય લાધે છે, પણ આપણો પેલો અહંકાર એનો સ્વીકાર કરવા દેતો નથી. આ અહંકારને ઓગાળીને જે કંઈ સત્ય વિપક્ષે હોય એનો પણ સ્વીકાર એનું નામ જ સાચું રેશનાલિઝમ છે. આ અર્થમાં આધુનિક રેશનાલિસ્ટોએ સ્યાદ્‌વાદ સમજવા જેવો છે. સ્યાદ્‌વાદના અનુસરણથી રેશનાલિઝમ સાચા અર્થમાં રેશનાલિસ્ટ બનશે.

જો આપણે સ્યાદ્‌વાદને આ રીતે સમજીને વહેવારમાં ઉતારીએ તો આપણા ઘણાં સંઘર્ષો અને સમસ્યાઓનું નિરાકરણ આપોઆપ થઈ જાય છે અને માનસિક સ્તરે હળવાશ પણ પ્રાપ્ત થાય છે. ★

I am an Advaitist and yet I can support Dvaitism (dualism). The world is changing every moment, and is therefore unreal, it has no permanent existence. But though it is constantly changing, it has a something about it which persists and it is therefore to that extent real. I have therefore no objection to calling it real and unreal, and thus being called an Anekantavadi or a Syadvadi. But my Syadvada is not the Syadvada of the learned, it is peculiarly my own. I cannot engage in a debate with them. It has been my experience that I am always true from my point of view, and am often wrong from the point of view of my honest critics. I know that we are both right from our respective points of view. And this knowledge saves me from attributing motives to my opponents or critics. The seven blind men who gave seven different descriptions of the elephant were all right from their respective points of view, and wrong from the point of view of one another, and right and wrong from the point of view of the man who knew the elephant. I very much like this doctrine of the manyness of reality. It is this doctrine that has taught me to judge a Musulman from his standpoint and a Christian from his. Formerly I used to resent the ignorance of my opponents. Today I can love them because I am gifted with the eye to see myself as others see me and vice versa. I want to take the whole world in the embrace of my love. My Anekantavada is the result of the twin doctrine of Satyagraha and ahinsa.

- Mahatma Gandhi

# શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિજીની  અનેકાંતવાદની ઘોષણા

☐ ડૉ. રેણુકા પોરવાલ

*[ રેણુકા પોરવાલે આચાર્ય બુદ્ધિસાગરજીના જીવન અને સાહિત્ય ઉપર ડૉ. કલાબેન શાહના માર્ગદર્શન દ્વારા મહાનિબંધ લખ્યો છે. હાલમાં તેઓ ડૉ. સાગરમલ જૈન પાસે 'મથુરાના જૈન સ્તૂપ પર સંશોધન' અધ્યયન કાર્ય કરી રહ્યા છે. તેમણે જૈન જગતના હિન્દી વિભાગનું સંપાદન કાર્ય કર્યું છે. પ્રસ્તુત લેખમાં તેમણે સિદ્ધસેન દિવાકરજી ના સંદર્ભે અનેકાંતવાદ સમજાવ્યો છે. ]*

મહાન તાર્કિક શિરોમણી આચાર્ય સિદ્ધસેનસૂરિજીએ સૌ પ્રથમ અનેકાંતવાદનું નિરૂપણ સાત નય અને સપ્તભંગી વડે સન્મતિ તર્ક પ્રકરણમાં કર્યું. જીવ ઘણી વાર મૂઢતાને લીધે પદાર્થને વાસ્તવિક સ્વરૂપે અવલોકવા સમર્થ બનતો નથી. તે એક જ દૃષ્ટિથી તત્ત્વને જુએ છે જેનાથી એના પ્રત્યે એકાંત રાગ ઉદ્ભવે છે, જેના કારણે તે એકાંતવાદી થાય છે. જીવ જો પદાર્થને કે સિદ્ધાંતને સમજવા માટે વિવિધ દૃષ્ટિ અપનાવે તો એનું દૃષ્ટિબિંદુ વિશાળ બને છે. આ તર્કનો ઉપયોગ જનહિતાર્થે કરી અલગ અલગ દર્શનને તેમણે નય અને સપ્તભંગીના પ્રમાણથી સમજાવ્યું.

**આચાર્ય શ્રી સિદ્ધસેનસૂરિજીનું જીવન વૃત્ત:**

આચાર્ય સિદ્ધસેનસૂરિ આશરે વિક્રમની ચોથી શતાબ્દીના ઉત્તરાર્ધમાં થઈ ગયા. તેમની ગુરુ પરંપરા 'પ્રભાવક ચરિત્ર'માં સવિસ્તૃત રીતે જોવા મળે છે. તદ્નુસાર તેઓ 'માથુરી વાચના'ના પ્રણેતા આર્ય સ્કંદીલના પ્રશિષ્ય તથા શ્રી વૃદ્ધવાદીના શિષ્ય હતા. આ વાચના વિ. સં. ૩૭૦ અર્થાત્ મહાવીર નિર્વાણ ૮૪૦માં થઈ હતી. 'સન્મતિ તર્ક' પરની ટીકા મલ્લવાદીએ વિ. સં. ૫માં રચી ઉપરાંત પૂજ્યપાદ દેવનંદીના 'જૈનેન્દ્ર વ્યાકરણ'માં પણ સન્મતિ તર્કનો ઉલ્લેખ છે જે પાંચમી અને છઠ્ઠી સદીની મધ્યમાં થઈ હતી માટે શ્રી સિદ્ધસેનજીનો સમયગાળો યોગ્ય જણાય છે.

તેમનું મૂળ નામ મુકુંદ પંડિત, અને પિતા દેવઋષી હતા. તેઓ વાદ વિવાદમાં એક વાર વૃદ્ધવાદી સમક્ષ હારી જતાં. શર્ત અનુસાર તેમના શિષ્ય બન્યા. તેમનું દીક્ષાનું નામ કુમુદચંદ્ર હતું. પરંતુ 'સૂરિ' પદની પ્રાપ્તિ બાદ સિદ્ધસેન તરીકે જાણીતા થયા.

**સન્મતિતર્ક પ્રકરણ :**

શ્રી સિદ્ધસેનજીની મુખ્ય કૃતિઓમાં અગ્રસ્થાને 'સન્મતિ તર્ક પ્રકરણ'ની ગણના થાય છે. અન્ય કૃતિઓમાં મુખ્યત્વે દ્વાત્રિંશિકા, ન્યાયાવતાર અને કલ્યાણ મંદિર ગણાય છે. સન્મતિ અર્થાત્ વસ્તુને વાસ્તવિક રીતે સમજવા માટેની નિર્મળ મતિ અને એ જેનાથી મળે એવો ગ્રંથ એટલે 'સન્મતિતર્ક પ્રકરણ.' અહીં 'સન્મતિ' શબ્દ પ્રભુ મહાવીરના નામાર્થે પણ વપરાયેલ છે. ('ધનંજય નામમાળા' પ્રમાણે પ્રભુ મહાવીરનું નામ 'સન્મતિ' પણ છે.)

આ ગ્રંથને એટલો આવશ્યક અને પવિત્ર ગણવામાં આવે છે કે એના અભ્યાસ માટે જો કોઈ અપવાદ સેવવો પડે તો પણ તેના પ્રાયશ્ચિત્તની જરૂર રહેતી નથી. જીતકલ્પની ચૂર્ણિમાં એનો સ્પષ્ટ નિર્દેશ છે કે, 'સન્મતિ-ગ્રંથ'ના અધ્યયન માટે સંધ્યાકાળના બાધિત સમયનો ઉપયોગ કર્યો હોય તો પણ એને માટે પ્રાયશ્ચિત્ત નથી. આ ગ્રંથની ભાષા અર્ધમાગધી મિશ્રિત મહારાષ્ટ્રી પ્રાકૃત છે.

આ ભાષાનું પ્રભુત્વ પશ્ચિમ ભારતમાં વધુ હતું માટે ગ્રંથની રચના આ ક્ષેત્રમાં થવા સંભવે છે. તે સમયે જૈનોમાં કર્મકાંડ વધુ હતો. નવીન પરિબળોનો સમાવેશ કરવો તો લગભગ અશક્ય જ કહેવાતું. આવા કપરા સમયમાં પ્રભુ મહાવીરના સિદ્ધાંતોને અન્ય દર્શનોની સમકક્ષ મૂકી એનો પ્રચાર કરવો એમ તેમની ઈચ્છા હતી. પ્રભુના સિદ્ધાંતોને જગતને જણાવી જૈનોનું પ્રભાવશાળી વ્યક્તિત્વ ઉજાગર કરવાની તેમની નેમ હતી.

**સન્મતિતર્કનું વિષય વસ્તુ :**

અનેકાંતવાદની સ્થાપનાના આ ગ્રંથમાં આર્યા છંદમાં ૧૬૭ ગાથા છે. (પાઠ ભેદે ૧૬૬ ગાથા). એ ત્રણ વિભાગ અર્થાત્ કાંડમાં વિભાજીત છે.

પ્રથમ કાંડ-૫૪ ગાથા
બીજો કાંડ-૪૩ ગાથા
ત્રીજો કાંડ-૭૦ ગાથા

ઉપરોક્ત પ્રમાણે ત્રણ કાંડોમાં ૧૬૭ ગાથાઓમાં નિબદ્ધ આ ગ્રંથ છે. પ્રથમ કાંડમાં અનેકાંતવાદ, નયવાદ અને સપ્તભંગીની ચર્ચાનો સમાવેશ છે. અહીં અન્ય દર્શનોની એકાંતવાદી માન્યતાઓની સમીક્ષા કર્યા બાદ અનેકાંતવાદનું ભારપૂર્વક સમર્થન કર્યું છે. સપ્તભંગી-स्याद् अस्ति, स्याद् नस्ति, स्याद् अस्तिनस्ति– વગેરેનો ઉલ્લેખ અહીં પ્રથમ વખત જોવા મળે છે.

બીજા કાંડમાં કેવળ દર્શન અને કેવળજ્ઞાનની ઉત્પત્તિના પ્રશ્નની છણાવટ કર્યા બાદ અભેદવાદની પોતાની માન્યતા પણ પ્રસ્તુત કરી છે. ત્રીજા કાંડમાં શ્રદ્ધા અને તર્કની માન્યતાઓનું સ્પષ્ટીકરણ અનેકાંત દૃષ્ટિ વડે કરી બતાવ્યું. ઉપરાંત અહીં કોઈપણ કાર્ય બનવાના નિમિત્તરૂપ પાંચ સમન્વય (સમવાય) કાળ, સ્વભાવ, નિયતિ, પુરુષાર્થ વગેરેનો સંબંધ બતાવ્યો. આ ગ્રંથમાં તેઓ કહે છે કે ફક્ત શબ્દોના અર્થ જાણવાથી સૂત્રનો આશય સમજી શકાતો નથી.

**સન્મતિતર્કની રચનાનો ઉદ્દેશ :**

તે કાળે જૈન સાધુઓ ત્યાગપ્રધાન જ્ઞાની તો હતા પરંતુ રૂઢિઓમાં જકડાઈ જવાથી સંકુચિત માનસવાળા થઈ ગયા હતા. તીર્થંકર મહાવીરના સિદ્ધાંતોને જગત સમક્ષ મૂકવા માટે નવી દૃષ્ટિ અપનાવી નવા ક્લેવર સાથે રજૂ કરવા માટે તેઓ તૈયાર ન હતા. શ્રી દિવાકરજીને લાગ્યું કે પ્રભુના સિદ્ધાંતો ગંભીર અને ઉદાર હોવાથી વિસ્તરીત કરી શકાય તેમ છે જો એમાં તર્ક અને પ્રજ્ઞા ભળે તો. પણ આ કાર્ય માટે શ્રમણો તૈયાર ન હતા. તેઓ એને શાસનની આશાતના જણાવતા હતા. શ્રી દિવાકરજી જૈન દર્શન તથા અન્ય દર્શનના સમર્થ પંડિત હતા.

**સન્મતિ તર્ક દ્વારા અનેકાંતવાદની ઘોષણા :**

સિદ્ધસેનજી યુગદૃષ્ટા હતા. જૈન ધર્મ જ્યારે સ્પષ્ટપણે શ્વેતાંબર

અને દિગંબર આમ્નાયમાં વિભાજીત થયો ન હતો ત્યારે તેમણે આ ગ્રંથની રચના કરી હતી. પ્રભુ મહાવીર પ્રત્યે તેમને અપાર અનુરાગ હતો. તેમને પ્રભુના સિદ્ધાંતોની વિશિષ્ટતાનું દર્શન થયું, પરંતુ શ્રાવકો તેમનો તર્કવાદ સાંભળવા તૈયાર ન હતા. તેમણે જણાવ્યું કે જિનેશ્વરના કથિત તત્ત્વો પર શ્રદ્ધા રાખનારનું જ્ઞાન એ જ સમ્યક્ દર્શન છે, જે પ્રાપ્ત કરવા દરેકે પ્રયત્ન કરવો. પ્રભુના સિદ્ધાંતોને સર્વગ્રાહ્ય કરાવવા તેમણે ખૂબ ઉદ્યમ સેવ્યો. એક સુંદર સ્તુતિ તેમણે દ્વાત્રિંશિકામાં આપી છે.

न काव्यशक्तेर्न परस्परेर्ष्यया न वीर! कीर्तिप्रतिबोधनेच्छया।
न केवलं श्राद्धतयैव नूयसे गुणाज्ञ पूज्योऽसि यतोऽयमादरः।।४।।

પ્રથમ દ્વાત્રિંશિકા ભાવાર્થ-હે વીર, મારે કંઈ મારી કાવ્યશક્તિ કે પરસ્પરની ઈર્ષ્યા કે કીર્તિ–પ્રસિદ્ધિની ઈચ્છાથી હું તારી સ્તુતિ કરતો નથી પરંતુ ગુણીજનો તારું બહુમાન કરે છે માટે હું પણ કરું છું. તેઓ પોતે શા માટે અનેકાંત, નયવાદ અને સપ્તભંગી દ્વારા તત્ત્વને રજૂ કરતા તથા સમન્વયવાદી દૃષ્ટિ અપનાવતા, એનું કારણ આગળની ગાથામાં જણાવે છે કે-

परस्पराक्षेपविलुप्तचेतसः स्ववादपूर्वापरमूढनिश्चयान्।
समीक्ष्य तत्त्वोत्पथिकान् कुवादिनः कथं पुमान् स्याच्छिथिलादरस्त्वयि।।(५)

પ્રથમ દ્વાત્રિંશિકા

ભાવાર્થ– પરસ્પર આક્ષેપો કરીને જેઓના ચિત્ત કંઈપણ વિચારવા સમર્થ નથી, તેઓ પોતાના સિદ્ધાંત (વાદ)ને પણ સમજતા નથી. એવા એકાંતવાદીઓની નીતિ અને દુરાગ્રહથી કંટાળેલો પુરુષ તારી અનેકાંતવાદી સમન્વયદૃષ્ટિ તરફ જરૂરથી આકર્ષાશે.

આ ગ્રંથની ઘણી ટીકાઓ ઉપલબ્ધ છે. શ્રી વિજયાનંદસૂરિ, શ્રી ઉપાધ્યાયજી અને શ્રીમદ્ રાજચંદ્રજીને આ ગ્રંથનું અધ્યયન કરવાનું અને સન્માન કરવાનું ઘણું ગમતું. અંતમાં અનેકાંતવાદની ગંભીરતા અને વિશાળતાનું જ્ઞાન દર્શાવતી દ્વાત્રિંશિકાની પંક્તિઓ છે ‘સમુદ્રમાં સર્વ સરિતાઓ ભળી જાય છે તેમ તારા અનેકાંતવાદમાં બધી દૃષ્ટિઓ ભળી જાય છે. જેમ ભિન્ન ભિન્ન સરિતાઓમાં ક્યાંય પણ સમુદ્ર દૃષ્ટિગોચર થતો નથી તેમ એકાંત દૃષ્ટિઓમાં તું ક્યાંય જણાતો નથી.’

उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि सर्वदृष्टयः।
न च तासु भवानुदीक्षयते प्रविभक्तासु सरित्स्विवोदधिः।।१५।।

(ચતુર્થી દ્વાત્રિંશિકા)★

## શ્રેષ્ઠ શ્રમણ શ્રી મલ્લીવાદીસૂરિ

એ એક એવો સુવર્ણયુગ હતો કે જ્યારે સૌરાષ્ટ્રની નગરી વલ્લભી જૈન સંઘની જાહોજલાલીથી ઝળહળતી હતી. આવી અનુપમ નગરીમાં દુર્લભદેવીની કુખે અજિતયશ, યક્ષ અને મલ્લ એમ ત્રણ પુત્રોનો જન્મ થયો. દુર્લભ ધર્મ એવા જૈન ધર્મના સંસ્કારો પોતાના ત્રણ સિંચનારી આદર્શ માતા દુર્લભદેવીએ પોતાના ભાઈ આચાર્યશ્રી જિનાનંદસૂરિજી પાસે પુત્રો સહિત દીક્ષા અંગીકાર કરી. એ સમયે રાજા શીલાદિત્યની સભામાં જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મ વચ્ચે વિવાદ થયો. આચાર્યશ્રી જિનાનંદસૂરિજીએ આ વિવાદમાં ભાગ લીધો. આમાં શરત એવી હતી કે વિવાદમાં જે પરાજિત થાય તેણે ગુજરાત થોડી દેવું.

બૌદ્ધ રાજાએ આચાર્ય જિનાનંદસૂરિને પરાજિત જાહેર કર્યા. આ સમયે આચાર્ય ગુજરાત છોડીને વલ્લભી આવ્યા. આચાર્યશ્રી અત્યંત વ્યથિથત હતા ત્યારે એમની બહેન દુર્લભદેવીએ કહ્યું, ‘મારા ત્રણ પુત્રોમાંથી એક પુત્ર આપને આપીશ અને તે આપની આ વ્યથા અને ચિંતા દૂર કરશે.’

દુર્લભદેવીએ પોતાના પુત્રોને વાત કહી ત્યારે ત્રણેય પુત્રો આ કાર્યને માટે ઉત્સુક હતા. ત્રણેએ આચાર્યશ્રી પાસે દીક્ષા લેવા માટે સ્પર્ધા કરી. માતાએ આનંદાશ્રુ સાથે દીક્ષાની સંમતિ આપી. દુર્લભદેવીના સૌથી નાના પુત્ર બાળમુનિ મલ્લે નિર્ધાર કર્યો કે ધર્મગ્રંથિનું તલસ્પર્શી જ્ઞાન મેળવીશ અને વાદીઓની સભામાં જરૂર વિજય મેળવીશ.

બાળમુનિ મલ્લે સરસ્વતીની સાધના કરીને બાળ મુલ્લમુનિ પર્વત પર જઈને ઘોર તપશ્ચર્યા કરવા લાગ્યા. માત્ર પારણાના દિવસે નજીક આવેલા ગામમાંથી જે કંઈ મળે તે લાવીને નિર્વાહ કરી લેતા હતા. સમય જતાં સરસ્વતીદેવી પ્રસન્ન થયા અને એમણે વરદાન આપ્યું. પરિણામેદેવીએ આપેકી ટક ગાથાના વિવરણરૂપે ‘દ્વાદશાર નયચક્ર’ નામનો અજોડ ગ્રંથ રચ્યો. ચક્રના બાર આરાની માફક આ ઉત્કૃષ્ટ દાર્શનિક ગ્રંથમાં બાર અધ્યાય છે. પૂર્વે આચાર્યે શ્રી સિદ્ધસેન દિવાકરે ‘સન્મતિ તર્ક’ રચીને ન્યાયશાસ્રનો એક મહાન ગ્રંથ આપ્યો હતો, એ જ રીતે આચાર્ય શ્રી મલ્લસૂરિએ આ ગ્રંથમાં સંસ્કૃત ભાષામાં નય અને અનેકાંત દર્શનનું ગહન અને તલસ્પર્શી વિવેચન કર્યું.

નાનકડા બાળ મુનિએ મહારાજા શિલાદિત્યને કહેવડાવ્યું કે, ‘તમારી રાજસભામાં વાદ કરવા માટે હું તૈયાર છું. તમારો સંસારી ભાણેદજ મલ્લમુનિ બૌદ્ધોને પરાજય આપવા આતુર બન્યો છે.’ રાજા શિલાદિત્ય મલ્લનાં સંસારી મામા હતા અને એમણે બૌદ્ધ ધર્મ સ્વીકારીને એના પ્રચાર માટે ભગીરથ પ્રયત્નો કર્યા હતા. એક નાનકડો મુનિ કઈ રીતે પ્રૌઢ અને પ્રકાંડ વાદીઓને પરાજિત કરી શકે! સહુના આશ્ચર્ય વચ્ચે રાજા શિલાદિત્યની રાજસભા વાદસભામાં ફેરવાઈ ગઈ. છ-છ મહિના સુધી વાદ ચાલ્યો.

આચાર્ય મલ્લસૂરિનો વિજય થતાં આનાથી પ્રભાવિત રાજાએ મુનિ મલ્લને ‘વાદી’નું બિરુદ અર્પણ કર્યું. પરિણામે તેઓ શ્રી મલ્લવાદિસૂરિ ક્ષમાશ્રમણના નામે સર્વત્ર વિખ્યાત થયા. પોતાનવા વાક્કૌશળ અને સાહિત્યસાધના દ્વારા આચાર્ય મલ્લવાદીએ જૈન શાસનની અનોખી પ્રભાવના કરી. આચાર્ય મલ્લવાદીસૂરિએ ‘સન્મતિ તર્ક’ તેમ જ ચોવીસ હજાર શ્લોક ધરાવતા ‘સર્વોત્કૃષ્ટ તાર્કિક’ તરીકે ઓળખાવ્યા છે. એમનો ‘દ્વાદશાર નયચક્ર’ ગ્રંથ ન્યાયવિષયક ઉત્તમ ગ્રંત ગણાય છે. ★

# અનેકાન્તવાદ: વ્યાવહારિક પક્ષ

□ ડૉ. નરેશ વેદ

કોઈ બાબત કે ઘટનાને એક બાજુથી, એક દૃષ્ટિથી જોવી, એ થઈ એકાન્તદૃષ્ટિ; એટલે કે અપૂર્ણ દૃષ્ટિ. જ્યારે કોઈ પણ બાબત કે ઘટનાને અનેક બાજુએથી, ભિન્નભિન્ન દૃષ્ટિબિંદુઓથી નિહાળતી દૃષ્ટિ, એને કહેવાય અનેકાન્તદૃષ્ટિ; એટલે કે સર્વાશ્લેષી વ્યાપક અને યથાર્થ દૃષ્ટિ. અહિંસાપ્રેમી જૈન ધર્મદર્શન અને તત્ત્વદર્શન આવી સર્વાશ્લેષી અનેકાન્તદૃષ્ટિનું પુરસ્કર્તા છે. જૈનોના આ વિશિષ્ટ સંપ્રત્યયનું અન્ય એક લેખમાં સૈદ્ધાન્તિક સ્વરૂપ આપણે સમજવાનો પ્રયત્ન કર્યો છે. આ લેખમાં એક ઉદાહરણ દ્વારા, તેનું વ્યાવહારિક રૂપ અને અર્થ સમજવાનો આપણે પ્રયત્ન કરીએ.

અનેકાન્તવાદનું આવું રૂપ અને અર્થ સમજવા અહીં આપણે ગુજરાતી સાહિત્યના ટૂંકી વાર્તાના એક સફળ સર્જક ધૂમકેતુની બહુ જાણીતી 'પોસ્ટ ઑફિસ' નામની વાર્તાનું ઉદાહરણ લઈએ.

વાર્તાનો નાયક છે અલી. તે મૂળ હોંશિયાર શિકારી હતો. શિકારના અભ્યાસમાં તે એવો કુશળ બન્યો હતો કે હંમેશાં જેમ અફીણીને અફીણ લેવું પડે તેમ તેને શિકાર કરવો પડે. તે અઠંગ શિકારી બની ગયો હતો. શિકારનો રસ લેતી નસેનસમાં ઊતરી ગયો હતો. પણ જ્યારે જીવનસંધ્યા પહોંચતી લાગી ત્યારે આ શિકારી બીજી દિશામાં વળી ગયો. એની એકની એક દીકરી મરિયમ પરણીને સાસરે ગઈ પછી જેને માટે તે જીવન નિભાવતો હતો તે મરિયમ, લશ્કરમાં નોકરી કરતાં પતિ સાથે પંજાબ તરફ ગઈ તે પછી પાંચ વર્ષ થયાં તેના કાંઈ સમાચાર હતા નહિ. તેને માટે તો તે જીવન નિભાવતો હતો; પરંતુ જે દિવસે મરિયમ ગઈ, તેને જિંદગીમાં એકલતા સાલવા લાગી. તે દહાડાથી અલી, શિકારે જતો, પણ શિકાર ભૂલી, સ્થિર દૃષ્ટિથી અનાજનાં ખેતરો જોઈ રહેતો. એક સમયે ઉડતાં પંખીનો શિકાર કરી, એનાં આકુળ-વ્યાકુળ બચ્ચાંને જોઈને આનંદ પામતા અલીને, દીકરી સાસરે ગયા પછી અને એના કોઈ સમાચાર ન મળવાથી, જિંદગીમાં પહેલી વખત સમજાયું કે કુદરતમાં સ્નેહની સૃષ્ટિ અને વિરહના આંસુ છે! દીકરીના વિરહમાં અને યાદમાં એક દિવસ તો એક ખાખરાના ઝાડ નીચે બેસીને હૈયાફાટ રૂદન કરી બેઠો. ત્યાર પછી હંમેશાં સવારમાં ચાર વાગ્યે ઊઠીને પોસ્ટ ઑફિસે જતો થયો. એનો કાગળ તો કોઈ દિવસ હોય નહિ; પણ પુત્રી મરિયમનો કાગળ એક દિવસ આવશે એવી ભક્તના જેવી શ્રદ્ધામાં ને આશાભર્યા ઉલ્લાસમાં તે હંમેશાં સૌથી પહેલો પોસ્ટઑફિસે જઈને બેસતો. પોસ્ટઑફિસ એનું ધર્મક્ષેત્ર તીર્થસ્થાન બન્યું. એને ધૂની કે પાગલ જાણી સૌ હસતા. પોસ્ટમેન મશ્કરી કરતા ને ક્યારેક મજાકમાં એનું નામ દઈ, એને જ્યાં એ બેઠો હોય ત્યાંથી પોસ્ટઑફિસનાં બારણાં સુધી, એનો કાગળ ન હોય છતાં, ધક્કો ખવરાવતા. એ વાત જરા પણ મન ઉપર લીધા સિવાય, અખૂટ શ્રદ્ધા ને અનંત ધૈર્ય હોય તેમ એ હંમેશાં પોસ્ટઑફિસે ધક્કો ખાતો ને દરરોજ ઠાલે હાથે પાછો જતો.

પોસ્ટઑફિસેથી પાછો વળતાં તે પોસ્ટઑફિસને પ્રણામ કરીને ચાલ્યો જતો જોઈને પોસ્ટમાસ્તરને એ ગામડિયો જણાય છે. પાંચ પાંચ વર્ષોથી, ગમે તેવી ઋતુ હોય છતાં તે કાગળ લેવા રોજ આવે છે એ જાણીને પોસ્ટમાસ્તરને એ કેવળ ગામડિયો જ નહિ, ગમાર અને ગાંડો પણ જણાય છે. તેઓ પણ પોસ્ટમેનની ઠઠ્ઠામશ્કરીમાં ભળે છે. પણ એક વખત અલી બે-ત્રણ દિવસ સુધી પોસ્ટઑફિસે દેખાયો નહિ. પોસ્ટઑફિસમાં તેનું મન સમજી જાય એવી સહાનુભૂતિ કે વિશાળ દૃષ્ટિ કોઈનામાં ન હતી, પણ એ કેમ ન આવ્યો તેનું સૌને કૌતુક જરૂર થયું.

પછી એક દિવસ તનમનથી થાકી હારી ગયેલો હાંફતો આવેલો અલી અધીરો થઈ સીધો પોસ્ટમાસ્તરને પોતાની પુત્રીના કાગળ વિશે પૃચ્છા કરે છે ત્યારે ગામ જવાની ઉતાવળમાં અશાંત મનમગજવાળા પોસ્ટમાસ્તર એનો સવાલ ઝીલી ન શક્યા અને તેની ઉપર ગુસ્સો કરી, તેને ધમકાવી, ચાલ્યા ગયા. તે દિવસે તેની આંખોમાં અનાથતાના આંસુ છલકી ઊઠ્યાં. અશ્રદ્ધા ન હતી; પણ એની ધીરજનો અંત આવ્યો હતો. બીમારી પછી મરણના પગલાં એને સંભળાવા લાગ્યાં હતાં. એની ફિકર એ હતી કે પોતાના મૃત્યુ પછી મરિયમનો પત્ર આવે તો તેને ક્યાંથી પહોંચશે?

પોસ્ટઑફિસના એક સારા સ્વભાવના કારકૂનની પાસે જઈ જીવનભર ઝંઈ ઝંઈ કરી પોતે ભેગી કરેલી પોતાની જીવનજણસરૂપ ત્રણ સોનાની ગીની એને આપીને એ વિનવે છેઃ 'સાચું કહું છું, આજ હવે છેલ્લો દિવસ છે. મરિયમ ન મળી, ન મળ્યો કાગળ. ઉપર આકાશમાં અલ્લા છે, તેની સાક્ષીમાં તમને આ પૈસા આપું છું. મારી મરિયમનો કાગળ આવે તો તમારે મારી કબર ઉપર પહોંચાડવો.' પછી અલી કોઈ દિવસ દેખાયો નહિ. એની ખબર કાઢવાની ચિંતા તો કોઈને શાની હોય?

ત્યાર બાદ વાર્તામાં વળાંક આવે છે. એક દિવસ પોસ્ટમાસ્તર જરા અફસોસમાં હતા. એમની દીકરી દૂર દેશાવરમાં માંદી હતી અને એના સમાચારની રાહ જોતા એ શોકમાં બેઠા હતા. ટપાલ આવી ને થોક પડ્યો એ સાથે જ રંગ ઉપરથી પોતાનું કવર છે એમ ધારીને પોસ્ટમાસ્તરે ઝપાટાબંધ એક કવર ઊંચકી લીધું પણ તેના ઉપર સરનામું હતુંઃ કોચમૅન અલી ડોસા. વીજળીનો આંચકો લાગ્યો હોય તેમ તેમણે તે નીચે નાખી દીધું. દિલગીરી અને ચિંતાની થોડી ક્ષણમાં એમનો અધિકારીનો કડક સ્વભાવ જતો રહ્યો અને માનવ સ્વભાવ બહાર આવ્યો. એમને એકદમ સાંભર્યું કે આ પેલા ડોસાનું જ કવર–અને કદાચ એની દીકરી મરિયમનું. પોસ્ટમૅનને પૂછતાં એ ડોસાની તપાસ કરવાનું જણાવે છે.

તે દિવસે પોસ્ટમાસ્તરની પુત્રીના સમાચાર ન આવ્યા. આખી રાત એમણે શંકામાં વિતાવી. બીજે દિવસે ત્રણ વાગ્યામાં તેઓ ઑફિસમાં જઈને બેઠા, ચાર વાગે ને અલીડોસા આવે કે તુરત પોતે જ તેને કવર આપે એવી ઈચ્છાથી. વૃદ્ધ ડોસાની સ્થિતિ પોસ્ટમાસ્તર હવે સમજી ગયા હતા. પોતે એક આખી રાત સવારે આવનાર કાગળના ધ્યાનમાં ગાળી હતી. પણ અલીડોસાએ તો પાંચ પાંચ વર્ષની રાતો આ રીતે ગાળી હતી. પાંચ પાંચ વર્ષ સુધી આવી અખંડ ઉદ્વિગ્ન રાતો ગાળનાર અલી તરફ એમનું હૃદય પહેલીવાર લાગણીથી ઊછળી રહ્યું. બરાબર પાંચ વાગ્યે બારણે ટકોરા પડતાં, એ ટકોરા

અલીના હશે એમ માનીને, પિતાનું હૃદય પિતાના હૃદયને પિછાને તેમ એ ઊભા થઈ, દોડ્યા અને બારણું ખોલીઃ 'આવો અલીભાઈ! આ તમારો કાગળ' એમ કહી એને કાગળ આપવા પ્રયત્ન કર્યો. પણ પત્ર નીચે પડ્યો. પોતે દીનવદને બારણામાં ઊભેલો જોયો અલી ડોસો સાચો હતો કે પછી પોતાની ભ્રમણા હતી તેની વિમાસણમાં પોસ્ટમાસ્તર પડ્યા. પોસ્ટઑફિસની રોજની રૂટિન કાર્યવાહી આગળ ચાલી, નામો બોલાવા લાગ્યા, કાગળો લેવા આવનાર તરફ ફેંકતા રહ્યા. પણ દરેક કાગળમાં એક ધડકતું હૃદય હોય એમ પોસ્ટમાસ્તર એકીનજરે એ બધાં કાગળો તરફ જોઈ રહ્યા. કવર એટલે એક આનો, ને પોસ્ટકાર્ડ એટલે બે પૈસા એ દૃષ્ટિ ચાલી ગઈ. ઠેઠ આફ્રિકાથી, કોઈ વિધવાના એકના એક છોકરાનો કાગળ એટલે શું ? પોસ્ટમાસ્તર વિચારમાં વધારે ને વધારે ઊંડા ઊતરતા ગયા.

તે સાંજે લક્ષ્મીદાસ નામના પેલા સારા સ્વભાવના કારકુન સાથે પોસ્ટમાસ્તર ધીમે પગલે અલીની કબર સુધી જઈ, કાગળ કબર પર મુકી આવ્યા. એમનું પિતા તરીકેનું હૃદય અલીને ન સમજવા માટે ડંખતું હતું. હજી પોતાની પુત્રીના તો સમાચાર મળ્યા ન હતા તેથી સમાચારની ચિંતામાં તે પાછા રાત ગાળવાના હતા. પણ તેઓ ત્યારે આશ્ચર્ય, શંકા અને પશ્ચાત્તાપના ત્રિવિધ તાપથી તપી રહ્યા હતા.

લેખક પોસ્ટમાસ્તરના મનમાં ઊઠતા વિચારરૂપે વાર્તાના ધ્વનિનું સ્પષ્ટીકરણ કરે છેઃ 'મનુષ્ય પોતાની દૃષ્ટિ છોડી બીજાની દૃષ્ટિથી જુએ, તો અર્ધું જગત શાંત થઈ જાય.' બે પિતૃહૃદયની ભાવધારાઓ મૂકી એમાંથી વિવક્ષિત ધ્વનિ પ્રગટાવવાની લેખકની નેમ છે. પરણીને દૂર સાસરે ગયેલી પુત્રીનો લાંબા સમયથી કોઈ પત્ર ન હોવાને કારણે રોજ પોસ્ટઑફિસે ધક્કા ખાતા અલીડોસાને, એની લાગણીને કોઈ સમજતું નથી. ખુદ પોસ્ટમાસ્તર પોતાની બીમાર પુત્રીના સમાચાર જાણવા માટે તડપતા હોય ત્યારે એમને અલીડોસાની વેદના સમજાય છે. એકમાત્ર જીવનઆધાર જેવી પુત્રી પરણીને ચાલી જતાં એકલા પડેલા અઠંગ, અને નિર્દયી અલીને અપત્ય પ્રેમ અને ઋણાનુબંધનો ઋજુગરવો ભાવ સમજાય છે, જીવનમાં સ્નેહ અને વિરહ શું છે એ સમજાતાં એનો દૃષ્ટિકોણ બદલાય છે, તેમ અલીડોસા જેવી પરિસ્થિતિમાં મૂકાતા પોસ્ટમાસ્તરનો દૃષ્ટિકોણ બદલાય છે; ઘાયલની ગત ઘાયલ જાણી શકે તે રીતે. શરૂઆતમાં પોસ્ટઑફિસના કારકુનો અને પોસ્ટમાસ્તર એકાન્તદૃષ્ટિએ અલીના વ્યવહાર-વર્તન જોતા હતા, પણ વાર્તાને અંતે લક્ષ્મીદાસ ટપાલી અને પોસ્ટમાસ્તર અનેકાન્તદૃષ્ટિએ જોતા થાય છે.

એકાન્તદૃષ્ટિ આપણને પૂરું સત્ય આપી શકતી નથી; અનેકાન્તદૃષ્ટિએ કોઈ બાબત કે ઘટનાને નિહાળીએ ત્યારે જ આપણને સત્ય પ્રાપ્ત થાય છે. એક નજરથી, એક દૃષ્ટિથી કે એક તરફથી જ જોતાં આપણે એ બાબત કે ઘટનાને યથાર્થ રૂપમાં સમજી શકતા નથી. પરંતુ કોઈ બાબત કે ઘટનાને બધી બાજુએથી, જુદી જુદી દૃષ્ટિથી અને વિવિધ નજરથી જોઈએ ત્યારે સમગ્ર દર્શન પ્રાપ્ત થાય છે. એકાન્તદૃષ્ટિ ટૂંકી અને અપર્યાપ્ત છે, અનેકાન્ત દૃષ્ટિ લાંબી અને પર્યાપ્ત છે. કોઈ વ્યક્તિ, ઘટના કે બાબત વિશે અલગ અલગ વ્યક્તિઓનો અલગ અલગ મત હોઈ શકે. માણસને પોતાનો મત બહુ કિંમતી જણાય છે. તેથી તે પોતાનો મત, પોતાનો ખ્યાલ, પોતાની વાત જ સત્ય, બાકીની મિથ્યા, એવું સમજવા લાગે છે ત્યાં એકાન્તદૃષ્ટિ છે અને એ દુઃખદાયી છે. કેમકે એ મત નથી, પણ મમત છે; મતાગ્રહિતા છે. એવી મતાગ્રહિતામાં માણસ અંધ, અવિવેકી અને ગુમાની બની બેસે છે. જીવનમાં મતનું મહત્ત્વ છે, મમતનું નહીં. માણસ જ્યારે પોતાની દૃષ્ટિ, પોતાનો મત બાજુ ઉપર રાખી સામા માણસના મતને, તેની દૃષ્ટિને સમજવા મથે, એ જરૂરી છે. પોતાના વિચારો અને સિદ્ધાન્તો જ સાચા એમ માનીને ચાલનારા આખરે જીવનમાં નિષ્ફળ જાય છે અને દુઃખી થાય છે. સામી અન્ય વ્યક્તિના વિચારો અને સિદ્ધાન્તોને સહૃદયતાથી સમજવાને માટે જે લોકો તત્પર રહે છે, તેઓ ક્યારેય જીવનમાં નિષ્ફળ નથી જતા. અન્યની દૃષ્ટિ અને વાતને સમજવાની તત્પરતા અને સ્વીકારવાની સહૃદયતા એનું નામ અનેકાન્તવાદ. સામાન્ય રીતે આપણી દૃષ્ટિ એકાંગી હોય છે. આપણે કોઈપણ વસ્તુ, વિચાર કે પરિસ્થિતિને એકી સાથે બધી બાજુથી જોઈ અને સમજી શકતા નથી. તેથી તેમના વિશેનું આપણું જ્ઞાન જે તે સ્થળકાળ અને દૃષ્ટિબિંદુથી મર્યાદિત હોય છે. એને બદલે કોઈપણ વસ્તુ, વિચાર કે પરિસ્થિતિને જુદી જુદી દૃષ્ટિના સહારે જાણવી અને સ્વીકારવી, અને એમ કરવામાં વૈચારિક જાગૃતિ અને બૌદ્ધિક ઉદારતા દાખવવી, એનું નામ અનેકાન્તવાદ.

★

## વ્યક્તિને મારી શકો છો, અસ્તિત્વને નહિ

☐ **મહાવીરના દર્શનનું હાર્દ છે-**

તમે કોઈ વ્યક્તિને મારો છો તો તે શરીર સાથે જોડાયેલી હિંસા છે, વધે છે.

તમે કોઈનું અનિષ્ટ ચિંતન કરો છો, તે માનસિક હિંસા છે.

તમે કોઈ વ્યક્તિને દબાવવા માટે કોઈ વ્યક્તિને ઊંચકો છો, કોઈ વ્યક્તિના ઉત્થાન માટે કોઈ વ્યક્તિને દબાવો છો તે ભાવાત્મક હિંસા છે.

તમે કોઈ વ્યક્તિને મારી શકો છો, અસ્તિત્વને નહિ.

તમે કોઈ વ્યક્તિને નીચે પાડી શકો છો, અસ્તિત્વને નહિ.

## અસ્તિત્વ અનાદિ છે

☐ હિંસા મૃત્યુ છે, કોઈકને મારવું તે હિંસા છે.

જે જન્મે છે તે મૃત્યુ પામે છે. જે જન્મતો જ નથી, તે મૃત્યુ પામશે કેવી રીતે ?

અસ્તિત્વ અનાદિ છે.

જેનો આદિ નથી, તેનો અંત કેવી રીતે હોઈ શકે ?

જે અમર અને શાશ્વત છે, તેને કોણ મારી શકે ?

# જૈનદર્શન અને અનેકાન્તવાદ

☐ *સંપાદનઃ સૂર્યવદન ઠાકોરદાસ જવેરી*

*[ જૈન દર્શનના તત્ત્વોના જાણકાર અને એ અંગે સતત અભ્યાસ અને ચિંતન કરનાર વિદ્વાન સૂર્યવદન ઝવેરીએ આ ક્ષેત્રમાં મહત્ત્વનું પ્રદાન કર્યું છે. જૈન દર્શનના મહત્ત્વના સિદ્ધાંતો અંગે તેમણે અનેક લખાણો કર્યા છે. પ્રસ્તુત લેખમાં તેઓએ જૈન દર્શનના મહત્ત્વના સિદ્ધાંત અનેકાંતવાદ પર સૈદ્ધાંતિક અને થોડીક વ્યવહારિક, ઉદાહરણ આપી વાત કરી છે.]*

જૈનદર્શન અનેકાન્તવાદી દર્શન છે. અનેકાન્તવાદનો અર્થ મોટેભાગે એવો કરાતો હોય છે કે હું પણ સાચો અને તું પણ સાચો. રાગ પણ ધર્મ છે અને વીતરાગતા પણ ધર્મ છે. શું આ સ્યાદ્વાદી કથન છે? શું આ અનેકાન્ત સ્વરૂપ છે? ના! પહેલાં તો એ સુસ્પષ્ટ થવું જોઈએ કે ક્યાં એકાન્ત ઘટિત કરવો? અને ક્યાં અનેકાન્ત ઘટિત કરવો? પ્રથમ તો એ માટે 'અનેકાન્ત' શબ્દને સમજવો જોઈશે. અનેકાન્ત એ સામાસિક શબ્દ છે. અનેક+અંત એ બે શબ્દો મળી બહુવ્રિહી સમાસ થતાં 'અનેકાન્ત' શબ્દ બને છે. જેના અનેક અંત (ENDS) છેડા છે તે અનેકાન્ત છે. હવે 'અનેક' અને 'અંત' એ બે શબ્દનું અર્થઘટન કરીશું તો 'અનેકાન્ત' શબ્દ સમજાશે.

'અનેક' એટલે શું? જે એક નથી તે – અન+એક એવું અનેક છે. અર્થાત્ જે ૨,૩,૪,૫,૬..૧૧,૧૨,૧૩...૯૯...૧૦૧, ૧૦૨...અનંત છે, તે સર્વ સંખ્યા અનેક કહેવાય છે. એ સંખ્યામાં જે બે (૨) છે તે જઘન્ય (Minimum) (કોટિનું અનેક છે અને જે ઉત્કૃષ્ટ કોટિનું-પરાકાષ્ટાની (Minimum) કોટિનું અનેક છે તે– 'અનંત' (Infinity) છે.

'અંત' એટલે શું? અંત એટલે છેડો કે END. અધ્યાત્મક્ષેત્રે 'અંત' શબ્દના બે અર્થ થાય છે–આધ્યાત્મિક અર્થઘટન કરતાં 'અંત'નો એક અર્થ છે 'ધર્મ' અને બીજો અર્થ છે 'ગુણ'. આ 'અંત' શબ્દનો અર્થ 'ધર્મ' કરવો કે 'ગુણ' તે અનેક શબ્દનો શું અર્થ કરીએ છીએ તેના ઉપર અવલંબે છે. જ્યાં અનેક શબ્દનો અર્થ બે (૨) કરાતો હોય ત્યાં 'અંત' શબ્દનો અર્થ 'ધર્મ' થતો હોય છે. તથા જ્યાં 'અનેક' શબ્દનો 'અનંત' કરાતો હોય ત્યાં 'અંત' શબ્દનો અર્થ 'ગુણ' થતો હોય છે. પ્રત્યેક વસ્તુ યા દ્રવ્યમાં પરસ્પર વિરુદ્ધ ધર્મ બે (૨) હોય છે અને ગુણો અનંતા હોય છે. વસ્તુમાં પરસ્પર વિરોધી ધર્મ જે હોય છે તે વસ્તુની શક્તિ હોય છે. એ 'શક્તિ' જેને 'ધર્મ' કહીએ છીએ, તે નિત્ય-અનિત્ય, શુદ્ધ-અશુદ્ધ, ધ્રુવ-અધ્રુવ, સ્થિર-અસ્થિર, ભેદ-અભેદ, રૂપી-અરૂપી, અસ્તિ-નાસ્તિના તેના જોડકામાં યુગ્મ છે.

એથી વિપરીત–

**અનેકનું એક સાથે એક સમયે એકમાં હોવું તેનું નામ અનેકાન્ત છે.**

આત્મા એક છે. આત્મપ્રદેશો અસંખ્યાત છે. આત્માના ગુણો અનંત છે અને અને પર્યાયો અનંતાનંત છે. આમ એક એવા આત્મદ્રવ્યમાં એક સાથે, એક સમયે સંખ્યાતતા, અસંખ્યાતતા, અનંતતા તથા અનંતાનંતતા હોવું સૂચવે છે કે આત્મામાં અનેકાન્તતા છે.

એજ પ્રમાણે પ્રત્યેક દ્રવ્ય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય યુક્ત છે. '।। उत्पादव्यय–ध्रौव्य युक्त सत्य।।' એ દ્રવ્યની વ્યાખ્યા છે. દ્રવ્યની એ વ્યાખ્યામાં ઉત્પાદ અને વ્યય પરસ્પર વિરોધી છે. એ ઉત્પાદ ને વ્યય મળીને પર્યાય થાય છે.

ધ્રૌવ્ય એટલે ધ્રુવ અર્થાત્ નિત્ય-અવિનાશી-સ્થિર, જે દ્રવ્ય છે. આ ધ્રૌવ્યતા પોતે અવિરોધી છે. પરંતુ ઉત્પાદ-વ્યયરૂપ પર્યાય તેનું વિરોધી છે.

આમ વિરોધી અઅવિરોધી એવું ઉત્પાદ–વ્યયઅધ્રૌવ્ય જે વિરોધીપણું છે તે એક જ દ્રવ્યમાં રહેલ હોવાથી આત્મા સહિતના સર્વ દ્રવ્યો અનેકાન્ત સ્વરૂપી છે. આવા અનેકાન્ત સ્વરૂપી દ્રવ્ય કે વસ્તુને સમજવાની અને સમજાવવાની રીતને સ્યાદ્વાદ કહેવાય છે. તેથી અનેકાન્તપણું વસ્તુમાં હોય છે અને સ્યાદ્‌વાદના વચનમાં હોય છે. આમ જ્ઞાનમાં–વિચારમાં અનેકાન્તતા છે જ્યારે વાણી (કથન)માં સ્યાદ્વાદતા છે.

ગળ્યાપણું, ચીકણાપણું, પીળાપણું બધુંય એક દ્રવ્ય ગોળમાં હોય છે. એક એવા ગોળ દ્રવ્યમાં મીઠા(ગળ્ય)પણાદિની અનેકતા અર્થાત્ અનંતતા છે.

પુત્રના પિતા છો? એ સ્યાદ્વાદ વચન છે. પુત્રનો સંબંધ મુખ્ય રાખીને બાકી પતિ, પુત્ર, કાકા, મામા, માસા, ફુઆ વિગેરેના સંબંધો અહીં ગૌણ કરાયા છે. આવી રીતે એકને મુખ્ય કરીને બીજાને ગૌણ (અધ્યાહાર) રાખીને કહેવાની શૈલી (પદ્ધતિ)ને સ્યાદ્‌વાદ કથન કહેવાય છે. તીર્થંકર ભગવાનની વાણી સ્યાદ્વાદ વાણી હોય છે. અર્થાત્ અનેકાન્તસ્વરૂપી વસ્તુનું નિરૂપણ કરતા કોઈક એકને આગળ કરી, મુખ્ય રાખી અન્ય અનેકને ગૌણ રાખીને કહેવાનું અથવા ન કહી શકવાનું નામ સ્યાદ્વાદ છે. ગોળની ચીકાશ, પીળાશ આદિ ગૌણ કરી 'ગોળ ગળ્યો છે' એમ કહેવું તે સ્યાદ્વાદ છે. પણ ગોળ કેવો ગળ્યો છે તે વર્ણવીને કહી ન શકવું તે અકથ્ય એટલે અવક્તવ્ય છે. ગોળની મીઠાશ એ અસ્તિ છે. ગોળ કડવો, તૂરો, તીખો, ખાટો આદિ નથી તે નાસ્તિ છે. ગોળ એ પુદ્‌ગલ છે. ગોળની મીઠાશનો આનંદ એ પુદ્‌ગલનો આનંદ છે. બોલવા (વચન)માં ભાષાવર્ગણાના પુદ્‌ગલોનું આલંબન છે. આમ પુદ્‌ગલનો આનંદ પણ (ભાષાવર્ગણાના) પુદ્‌ગલથી બતાવી શકાતો ન હોય તો પછી અતીન્દ્રિય આનંદ કેવી રીતે બતાવી શકાય?!-વર્ણવી શકાય?!

મૌન એકાદશીએ મૌન ઉપર પ્રવચન આપવાનું છે. કેમ કરી સમજાવાય? મૌનને શું મૌન રહીને સમજાવાય? મૌન સમજાવવાને માટે શબ્દનો આધાર અર્થાત્ ભાષાવર્ગણાના પુદ્‌ગલનું આલંબન લેવું જ પડે. આમ...

**મૌન સમજાવાય તો બોલીને શબ્દથી**

પરંતુ

**મૌન અનુભવાય તો મૂંગા રહી અશબ્દથી!!**

અનેકાન્તનું નામ પ્રમાણ છે. અસ્તિભાંગાથી, નાસ્તિ

ભાંગાથી, અસ્તિ-નાસ્તિ ભાંગાથી, અવક્તવ્યાદિ સાત પ્રકારે કહેવાની કે ન કહેવાની–કથ્ય–અકથ્યની કથન શૈલીને સ્યાદ્‌વાદ શૈલી કહેવાય છે. એ શૈલીના ભાંગા (ભેદ) સાત જ થતાં હોય છે. સાતથી આઠમો એક સાતથી ઓછો છ પ્રકાર હોતા નથી માટે સ્યાદ્‌વાદ શૈલી એ સપ્તભંગી શૈલી છે. **થોડું થોડું અંશે અંશે કોઈ અપેક્ષાથી કહેવાય છે માટે સાપેક્ષવાદ–નય છે.** અવક્તવ્ય પણ–અવક્તવ્ય છે એવું કથન તો કરવું પડતું હોય છે માટે તે કથન શૈલીનો પ્રકાર છે. આમ સ્યાદ્વાદ એ નય છે. એક અદ્વૈત છે તે નિરપેક્ષ રીયલ પૂર્ણ નિત્ય સ્થિર હોય છે. દ્વૈત છે ત્યાં અનેકતા છે માટે ત્યાં સાપેક્ષતા છે માટે જ્યાં અપેક્ષા સહિતતા છે ત્યાં સાપેક્ષવાદ છે. જ્યારે કોઈ એકનો અન્યમાં આરોપ કે આક્ષેપ કરીને નામ રૂપાદિનો પ્રતીક, પ્રતિકૃતિ (પ્રતિમા) અને પ્રતિનિધિનો જે જીવન વ્યવહાર છે તે નામ–રૂપના વ્યવહારને આધ્યાત્મિક ક્ષેત્રે નામનિક્ષેપ, સ્થાપનાનિક્ષેપ, દ્રવ્યનિક્ષેપ અને ભાવનિક્ષેપ કહેવાય છે. આવી જૈનદર્શનની એનેકાન્તતાની વ્યક્તતા પ્રમાણ, નય, નિક્ષેપા ને સ્યાદ્વાદતાથી છે. અનેકાન્તસ્વરૂપને જાણનારા અને કહેનારા જ્ઞાનને 'પ્રમાણ' કહે છે. સ્યાદ્વાદના વિષયને જાણનારા અને કહેનારા જ્ઞાનને 'નય' કહે છે. 'નય' એ જ્ઞાનનો અંશ છે.

ધર્મ (વસ્તુત્વ–વસ્તુ સ્વભાવ)ના પર્યાય નથી હોતા, પણ અસ્તિનાસ્તિ રૂપ એના બે પડખા હોય છે. સ્વપણાથી ભાવરૂપતા એટલે કે હોવાપણું અસ્તિધર્મ છે. પરપણાથી અભાવરૂપતા એટલે કે નહોવાપણારૂપ નાસ્તિધર્મ છે. એથી વિપરીત ગુણોનો પર્યાય (હાલત-દશા-અવસ્થા) હોય છે. જ્યાં વિરુદ્ધતા–પ્રતિપક્ષતા–પ્રતિદ્વંદ્વતા હોય છે ત્યાં ધર્મ હોય છે. પરંતુ જેની જુદી જુદી તરતમ ચઢતી ઉતરતી અવસ્થાઓ–પર્યાય હોય છે તે વસ્તુ (દ્રવ્ય)ના ગુણ હોય છે. ગુણો એકલા હોય છે–જ્યારે ધર્મ બેકલા-જોડ્યા હોય છે. સંસારના લોકવ્યવહારમાં તો પતિ-પત્નીનું યુગલ (સજોડું) હોય છે અને પાછા તેના બાળબચ્ચાં-સંતાનો હોય છે અને પાછા તેના બાળબચ્ચાં–સંતાનો હોય છે. તેથી વિપરીત જે પરિણીત ન હોય એવા વાંઢાને કે કન્યાકુમારીને બાળબચ્ચાં યા ફરજંદ (સંતાન) ન હોય. અધ્યાત્મ ક્ષેત્રે પરિસ્થિતિ તદ્દન ઉલટી છે. ધર્મ જે નિત્યાનિત્ય, શુદ્ધાશુદ્ધ, સ્વપર રૂપ, ભેદાભેદ, દ્વૈતાદ્વૈતરૂપ કે અસ્તિ-નાસ્તિરૂપના જોડલા અથવા યુગ્મરૂપ હોય છે, તેના બાળબચ્ચાં કે સંતાનોરૂપ પર્યાય નથી હોતા, પરંતુ ગુણ જે જ્ઞાનદર્શનાદિરૂપ એકલા છે તે તેની ભિન્નભિન્ન અવસ્થારૂપ કે કાર્ય યા ક્રિયારૂપ અનંત પર્યાય હોય છે. જેમકે જ્ઞાનગુણના મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યાયાદિ પર્યાયો, દર્શન-શ્રદ્ધાગુણના સમ્યક્, મિથ્યા આદિ પર્યાયો.

સિક્કાની પરસ્પર વિરોધી બે બાજુ–બે પડખા હોય છે; જે છાપ અને કાંટો કે હેડ એન્ડ ટેઈલ તરીકે ઓળખાય છે. એ સિક્કાની ગોળાકાર ધાર ઉપર આંકા કે ગીસીઓ અનેક–ઘણી બધી હોય છે. વર્તુળની ત્રીજ્યા કે વર્તુળના વ્યાસ બહુ બધા હોય છે. પણ વર્તુળથી પરિઘ દ્વારા બાજુ બે વિભાગમાં વહેંચાયેલ છે. વર્તુળની પરિઘથી ઘેરાયેલ બાજુ અંદરની બાજુ હોય છે જ્યારે પરિઘની બહાર તરફની અસીમિત વ્યાપક બાજુ બહારની બાજુ હોય છે. એ જ પ્રમાણે પ્રત્યેક દ્રવ્ય યા વસ્તુના પરસ્પર વિરુદ્ધ ધર્મો-પ્રતિપક્ષી ધર્મો બે છે પણ ગુણ અનંતા છે. અથવા તો કહો કે દોરી (ધાગા)ના છેડા બે જ છે. ઊભી રાખેલ દોરીના બે છેડા ઉત્તર ને દક્ષિણ છે તો આડી રાખેલ દોરીના પૂર્વ અને પશ્ચિમ એવા બે છેડા હોય છે. પરંતુ દોરી જે ધાગા કે તંતુની બનેલી હોય છે તે વળ ચડાવીને દોરીરૂપ તંતુઓ કે ધાગા અનેક એટલે બે થી વધુ બહુ બધા હોય છે.

વસ્તુના પ્રતિપક્ષી ધર્મો બે તથા ભેદરૂપ ભિન્નભિન્ન ગુણો અનંતા હોય છે. તે બે પ્રતિપક્ષી ધર્મો તથા અનંતા ગુણોની રજૂઆત તો એકસાથે સમકાળ કે યુગપત્ તો થઈ શકતી નથી. રજૂઆત કરવી હોય, કહેવું હોય તો વારાફરતી એક પછી એક ક્રમશઃ થોડું થોડું કહેવાય. ટૂકડે ટૂકડે રજૂઆત થાય. સ્વ અપેક્ષાએ અસ્તિ છે, પર અપેક્ષાએ નાસ્તિ છે. પરમાણુ અપેક્ષાએ શુદ્ધ છે, સ્કંધ અપેક્ષાએ અશુદ્ધ છે એમ થોડું થોડું કંઈક કંઈક કથંચિત એટલે સ્યાત્ અને વાદ એટલે કહેવાય કે કથન કરાય. ક્રમશઃ કથંચિત–સ્યાત્ કહેવાય (વાદ) એટલે કથનમાં કે વચનમાં સ્યાદ્વાદ હોય. કથ્ય છે માટે વક્તવ્ય અને અકથ્ય છે માટે અવક્તવ્ય છે.

**આમ જણાય બધું એક સાથે-એક સમયે સમસમુચ્ચય.** પરંતુ **કહેવાનું આવે ત્યારે કહેવાય ક્રમે ક્રમે વારાફરતી ક્રમશઃ** By And By. કારણ કે કહેવામાં ભાષાવર્ગણાના પુદ્‌ગલનું માધ્યમ હોવાથી પરાધીનતા, મર્યાદિતતા અને ક્રમિકતા હોય છે. પરંતુ જ્ઞાનમાં સર્વ કાંઈ જણાય એક સાથે સમસમુચ્ચય. કારણ કે જ્ઞાન સ્વ હોવાથી સ્વાધીનતા, વ્યાપકતા અને અક્રમિકતા હોય છે. કેમકે જ્ઞાન સ્વભાવસ્વગુણ છે. તેથી જ અનેકાન્તધર્મી દ્રવ્યની કથનશૈલી સ્યાદ્વાદશૈલી છે. એ સ્યાદ્‌વાદશૈલીના અસ્તિ, નાસ્તિ, અસ્તિનાસ્તિ આદિ સાત ભાંગા (ભેદ-પ્રકાર) હોય છે. **એ સાતે ભેદ વક્તવ્ય અને અવક્તવ્યના છે પરંતુ જ્ઞાતવ્ય અને અજ્ઞાતવ્યના નથી. સર્વ કાંઈ જ્ઞાતવ્ય જ છે. કશું જ અજ્ઞાતવ્ય નથી. જેમ આકાશ (અવકાશ)ની બહાર કાંઈ જ નથી તેમ જ્ઞાનની બહાર કાંઈ જ નથી.**

**આમ વિચાર-જ્ઞાનમાં અનેકાન્તતા છે જ્યારે વાણી-કથનમાં સ્યાદ્વાદતા છે.** વળી આ સ્યાદ્‌વાદ એ નિરૂપણવાદ કે પ્રરૂપણવાદ હોવાથી તે કથનશૈલી છે. વસ્તુસ્વરૂપ અનેકાન્તધર્મી (અનેકાન્ત સ્વરૂપી) હોવાથી જ્ઞાનમાં અનેકાન્તતા છે. વાણીમાં–કથનમાં કથંચિતતા ને ક્રમિકતા હોવાથી સ્યાદ્વાદતા છે.

હવે આમાં હુંય સાચો અને તુંય સાચો તથા બધુંય સાચું, એવું ક્યાં આવ્યું ? કઈ વસ્તુ કઈ અપેક્ષાએ સાચી છે અને કઈ અપેક્ષાએ ખોટી છે, તે જાણીને સમજીને અપેક્ષા લગાડી વાત કહેવી પડે. આ જે અપેક્ષા લગાડવાની વાત છે તેને 'સાપેક્ષવાદ' કહેવાય છે જે આઈન્સ્ટાઈનની Theory of Relativity નામથી પ્રસિદ્ધ છે. વ્યવહારમાં જે કાંઈ વ્યવહારનું છે તે બધું કોઈના કશાક સંબંધથી છે કે પછી કોઈ ને કોઈ સંદર્ભમાં અર્થાત્ Reference to Context, હોય છે.

પૂર્ણ તો પૂર્ણ જ હોય. એને કોઈની અપેક્ષા હોય નહીં તેથી નિરપેક્ષ હોય છે. એવું એ નિરપેક્ષ પણ કથનમાં આવે ત્યારે તે સાપેક્ષ થઈ જાય છે. અપૂર્ણ હરહંમેશ અપેક્ષા સહિત સાપેક્ષ જ હોય. અપૂર્ણ હોય તો તે કયા પૂર્ણથી કેટલું ને કેવી રીતે અપૂર્ણ છે તે જાણવું પડે ને કહેવું પડે. વૈજ્ઞાનિક સર આઈન્સ્ટાઈનની થીએરી ઓફ રીલેટીવિટી તો અપૂર્ણની અપૂર્ણ સાથેની સરખામણીરૂપ સાપેક્ષવાદ છે. જ્યારે જૈનદર્શનનો સાપેક્ષવાદ તો પૂર્ણ-નિરપેક્ષની તુલનામાં અપૂર્ણતા જણાવતો અને કહેતો નિરપેક્ષ કેન્દ્રિત સાપેક્ષવાદ છે.

હવે જૈનધર્મીને પૂછવામાં આવે કે શું જૈનદર્શન અનેકાન્તવાદી દર્શન છે? આપણે કહીએ કે હા! ફરી ફરીને પૂછાતા ફરી ફરી જૈનદર્શન અનેકાન્તવાદી દર્શન છે એવો જ જવાબ વારંવાર મળતો રહે છે. આવો એકનો એક જવાબ મળતો રહેતો હોવાથી તે અનેકાન્તવાદી કરતાં તે મિથ્યા કથન કરે છે. ખરેખર વાસ્તવિકતા તો એ છે કે જૈનદર્શન ન તો એકલું એકાન્તે અનેકાન્તવાદી છે કે ન તો એકલું એકાન્તે એકાન્તવાદી છે.

અનેકાન્ત+એકાન્ત=અનેકાન્ત એવું **જૈનદર્શન સમ્યગ્ એકાન્તપૂર્વકનું સમ્યગ્ અનેકાન્ત એવું અનેકાન્તવાદી દર્શન છે.** ક્યારેય રાગભાવથી મોક્ષ થાય જ નહિ. વીતરાગભાવથી જ મોક્ષ થાય એવા સમ્યક્ એકાન્ત સહ સમ્યક્ અનેકાન્ત એ જૈનદર્શન છે.

સમ્યગજ્ઞાની, સમ્યગ્ એકાન્ત સમ્યગ્દર્શન સ્વરૂપી આત્મા (ધ્રૌવ્ય)નો અનુભવ કરી સમ્યગ્ અનેકાન્ત સ્વરૂપી જગત સમસ્તને જાણે છે.

વર્ધમાન ચોથે માળે છે. વર્ધમાનને ખોળતા આવેલા મિત્રવર્ગને ભોંયતળિયે રહેલ માતા કહે છે કે ઉપર જાઓ! વર્ધમાન ચોથે માળે છે. ખોળતા ખોળતા મિત્રવર્ગ ચોથો માળ ચૂકી જઈ પાંચમા માળે જઈ પહોંચે છે. પાંચમે માળે હિસાબી કામકાજ કરતા પિતા મિત્રવર્ગને નીચે ચોથે માળે જવા જણાવે છે. મિત્રવર્ગ ગુંચવાય જાય છે કે મિત્ર વર્ધમાન ક્યાં છે? ઉપર છે કે નીચે? આમાં અનેકાન્ત છે. માતા પણ એની અપેક્ષાએ સાચા છે અને પિતા પણ એની અપેક્ષાએ સાચા છે. કારણ કે ભોંયતળિયે રહેલ માતાની અપેક્ષાએ–દૃષ્ટિકોણથી ચોથે માળે રહેલ પુત્ર વર્ધમાન ઉપર 'જ' છે. જ્યારે પાંચમે માળે રહેલ પિતાની અપેક્ષા–દૃષ્ટિકોણથી પુત્ર વર્ધમાન ચોથે માળે હોવાથી નીચે 'જ' છે.

આ રીતે 'પણ' અવ્યયના પ્રયોગથી થયેલ કથનમાં સ્યાત્ શબ્દના પ્રગટ કે અપ્રગટ ગર્ભિતપણે પ્રયોગથી અનેકાન્ત સ્વરૂપનું પ્રકાશન થતું હોય છે. પરંતુ 'જ' કે 'स्यात् एव' અવ્યયના પ્રયોગથી અમુક દૃષ્ટિકોણ View Point થી અથવા તો અપેક્ષા લગાડીને થતાં કથનમાં અનેકાન્ત છે અને તે સાપેક્ષવાદ છે, જે સ્યાદ્વાદસ્વરૂપ છે.

અનેકાન્તરૂપી વસ્તુના નિરૂપણ કે કથનમાં સ્યાદ્વાદશૈલી હોય છે. એ શૈલીમાં સ્યાત્ કે કથંચિત યા 'પણ' કહેવા દ્વારા કે વક્તા દ્વારા અન્ય ગુણની સ્વીકૃતિ પ્રગટપણે યા તો ગર્ભિત (અપ્રગટ) પણે રહેલ હોય છે. કેમ કે વક્તા યા ઉપદૃષ્ટા જાણતો હોય છે કે કહેવામાં આવે યા કથન કરવામાં આવે ત્યારે ભાષાવર્ગણાના પુદ્ગલનું માધ્યમ સ્વીકારવું પડતું હોવાથી કથનમાં પરાધીનતા– સીમિતતા–અને ક્રમિતા હોય છે.

ઉપર-નીચે, જમણે-ડાબે, પૂરબ-પશ્ચિમ, અંદર-બહાર કે બાહ્ય-અભ્યંતર, શુદ્ધ-અશુદ્ધ, નિત્ય-અનિત્ય, ધ્રુવ-અધ્રુવ, સ્થિર (ચર)અસ્થિર (અચર) એવા એવા પરસ્પર બે વિરુદ્ધ ધર્મો, પ્રતિપક્ષો, દ્વૈત કે દ્વંદ્વ જ્યાં હોય ત્યાં અનેકાન્ત ધર્મ સ્યાદ્વાદશૈલીથી કહી શકાતો હોય છે કારણ કે કોઈ અપેક્ષાએ વસ્તુને ઉપર, જમણે, પૂરબમાં કહી શકાય છે. તો તે જ વસ્તુને કોઈ બીજી અપેક્ષાએ નીચે, ડાબે, પશ્ચિમમાં છે; એમ કહી શકાતું હોય છે. 'પણ' અવ્યયના પ્રયોગથી બંને પડખાંઓને સ્વીકાર થતો હોય છે. એ સ્યાદ્વાદ છે. પરસ્પર વિરોધી ઉભયપક્ષી વાતોને એક સાથે નિત્યાનિત્ય, શુદ્ધાશુદ્ધ, ભેદાભેદ, ધ્રુવાધ્રુવ, ગમનાગમન એમ પ્રતિપક્ષી ધર્મો દ્વંદ્વ સમાસથી કહી શકાય છે.પરંતુ અનેકાન્તધર્મી કે અનેકાન્તગુણી યા અનંત ગુણાત્મક વસ્તુને તે પ્રમાણે જમાવી શકાતી નથી. તેથી અનંતગુણાત્મક વસ્તુના કથન માટે તો સ્યાદ્વાદશેલી જે સપ્તભંગી કહેવાય છે તેની સહાય લેવી જરૂરી થઈ પડતી હોય છે.

અનેકાન્તધર્મી વસ્તુના વસ્તુસ્વરૂપનું નિરૂપણ કરતા કરતા એક સ્થિતિ એવી પણ આવે છે કે જ્યારે કહેવું પડે કે આ જ સાચું છે અર્થાત્ અંતિમ આત્યંતિક નિરપેક્ષ સત્ય છે, રીયલ છે, કારણ કે રીલેટીવીટી કે સાપેક્ષતા રહી નથી. આ જ સત્ય છે એમ કહેવામાં પછી વસ્તુ સ્વરૂપનું નિરૂપણ અનેકાન્ત ન રહેતા એકાન્ત થઈ જાય છે. પરંતુ તે એકાન્ત કથનમાં અપેક્ષા લગાવી 'જ' અવ્યયનો પ્રયોગ થતો હોય છે. અને તે એકાન્તિક કથન સાપેક્ષિક નયાત્મક કથન થતું હોય છે.

પૂજા, ભક્તિ, વ્રત, પચ્ચખ્ખાણ આદિ શુભ ભાવ છે. એનાથી મોક્ષ ન જ થાય. સંસાર અસાર જ છે. સંસાર દુઃખરૂપ, દુઃખમય, દુઃખફલક જ છે. રાગ-દ્વેષાદિ કષાય ભાવોથી મોક્ષ ન જ થાય. આમાં એકાન્ત જ ઘટિત થાય. ઉદાહરણ પરમગુરુ ગણધર શ્રી ગૌતમસ્વામીજીનું છે. શુદ્ધભાવ–શુદ્ધોપયોગ–વીતરાગભાવથી જ મોક્ષ થાય. આમાં એકાન્ત જ ઘટિત થાય. રાગથી ય મોક્ષ થાય અને વીતરાગતાથી ય મોક્ષ થાય એવો અનેકાન્ત ત્યાં ઘટિત ન થાય.

જૈનદર્શન સમ્યગ્ એકાન્તપૂર્વકનું સમ્યગ્ અનેકાન્તદર્શન હોવાથી જ્યાં જ્યાં જે જે યોગ્ય–ઘટિત થતું હોય ત્યાં ત્યાં તે તે ઘટિત કરવું જોઈએ. તેથી જ યોગીરાજ આનંદઘનજી મહારાજાનું ગાન છે કે...

*એક અનેકરૂપ નયવાદે, નિયતે નય અનુસરીએ રે...*
*વાસુપૂજ્ય શ્રીમદ્જી રાજચંદ્રજીનું પણ ગાન છે કે...*
*જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ;*
*ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ...*

આત્મસિદ્ધિ

અહીં કોઈ જિજ્ઞાસુ પ્રશ્ન કરે કે... જીવ મોક્ષને જ ઈચ્છે છે કે એવો એકાન્ત હોય કે નહિ? સમાધાન : જ્યાં જીવ પોતાને શુદ્ધાત્મા મોક્ષસ્વરૂપ જોતો- જાણતો-અનુભવતો હોય ત્યાં પછી મોક્ષની ઈચ્છા પણ ક્યાં રહે? ઈચ્છા સહિતતા તો રાગ છે. ઈચ્છા છે અને ઈચ્છા રહિતતા નીરિહીતા એ વીતરાગતા છે.

એક કહે ક્રિયાકાંડ સાચા છે. બીજો કહે જ્ઞાન સાચું છે. એકલી ક્રિયાને સાચી કહેવામાં અને એકલા જ્ઞાનને જ સાચું કહેવામાં તો એકાન્તતા છે. જૈનદર્શને તેથી જ તો એક મહાન સૂત્ર આપ્યું છે કે...

।। ज्ञानक्रियाभ्याम् मोक्ष ।। એકલા જ્ઞાનથી કે એકલી ક્રિયાથી મોક્ષ નથી. જ્ઞાન વગરની એકલી ક્રિયા આંધળી છે અને ક્રિયા વિનાનું જ્ઞાન પાંગળું છે. અંતરજ્ઞાન કે અભ્યંતરમાં સાચી સમજણપૂર્વક બાહ્યમાં થતી દૃશ્યાત્મક બાહ્ય ક્રિયાથી મોક્ષ છે. Software તથા Hardware બંનેની જરૂર પડે. એ બંને હોય ત્યારે કૉમ્પ્યુટર કાર્યશીલ થાય.

અંતરમાં એવી તો વૈરાગ કે વીતરાગ પરિણિત ઉભરે કે ત્યારે બહારમાં શરીરમાં ખોરાક ન જવાની ક્રિયા જે થઈ જતી હોય છે, તે અનશન યા ઉપવાસ છે. એ જ આત્મ-સામીપ્ય કે આત્મૈક્ય. ભીતર

સ્વરૂપમાં એવા તો ડૂબી ગયા કે પછી ગરકાવ થઈ ગયા કે ઘરવાળા ભોજનથાળી મૂકી ગયા તે એમની એમ પડી રહી, તે ત્યાં સુધી કે માખીઓ બણબણવા લાગી ને ફરતે કીડી મકોડા ફરવા લાગ્યા. ઘરવાળા આવીને કહેવા લાગ્યા કે ક્યાં ખોવાઈ ગયા તે ભોજન પણ ન કર્યું અને આ બધી હિંસા થઈ ગઈ. અરે ભાઈ! હિંસા ક્યાં થઈ? આ તો મોટી અહિંસા થઈ ગઈ. સ્વભાવની સ્વરૂપની જાગૃતિ એ જ મોટી અહિંસા છે. સ્વરૂપાનુભવમાં કે સ્વરૂપચિંતનમાં એવા તો ખોવાઈ જવાય કે ખાવાપીવાનું ભાન કે સુધબુધ રહે નહીં.

આ વાતો સાંભળી વિચારકને પ્રશ્ન ઉદ્‌ભવ્યો કે ક્રિયા આવી ક્યાંથી? પ્રતિપ્રશ્ન કર્યો કે ભાવ ગયા ક્યાં? પહેલાં તો ભાવ અને ક્રિયા ઉભય હતાં. ક્રિયા રહી ગઈ તો ભાવ ક્યાં ગયા? જ્ઞાન-સમજણ જે ભાવજનક છે તે રહ્યા નહિ તેથી ભાવ સહિતની ભાવક્રિયા થઈ શકતી નથી માટે કુળપરંપરાની ભાવવિહોણી પણ ક્રિયા કરવાની ચીલાચાલુ પ્રવૃત્તિ તો રહી પણ વૃત્તિ ખોવાઈ ગઈ. જ્યાં પ્રવૃત્તિમાંથી નિવૃત્તિમાં આવીને વૃત્તિ વિનાના નિર્વિકલ્પ થવાનું હતું અને સ્વભાવમાં સ્થિર થઈ જવાનું હતું ત્યાં વૃત્તિનું બાષ્પીભવન થઈ ગયું અને પ્રવૃત્તિ ધમધોકાર ચાલુ થઈ ગઈ. શાંતિ ખોવાઈ ગઈ અને ઘોંઘાટ ખૂબ વધી ગયો. પછી અનાહતનાદ–આત્મનાદ સંભળાય ક્યારે? અશાંતિમાંથી શાંતિમાં જવાનું છે, શબ્દમાંથી અશબ્દમાં, ભેદમાંથી અભેદમાં જઈને કરવાપણામાંથી જ્યાં ઠરવાપણામાં આવવાનું છે ત્યાં કરવાપણામાંથી કરવાપણું જ નિપજતું રહ્યું પણ ઠરવાપણું તો ભૂલાઈ ગયું. ઉપયોગ થકી યોગ હોવા છતાં દેખાતો યોગ અને દેખીતી યોગક્રિયા રહી ગઈ પણ અભ્યંતર ન દેખાતી ઉપયોગક્રિયા ગાયબ થઈ ગઈ.

અનેકાન્તમાંથી એકાન્તમાં જવાનું હતું અને પરમ સ્થૈર્યને પ્રાપ્ત કરી લોકાગ્ર શિખરે પરમધામમાં પરમપદે–વિરાજમાન થવાને બદલે અનેકતામાં અને અનેકાન્ત (ભવોભવના ભવાંત)માં જ ગૂંચવાયેલા રહ્યા. અનેકમાંથી જે એક કૈવલ્યતામાં આવે છે તે જ એના કેવળજ્ઞાનમાં અનેકને પ્રતિબિંબરૂપ સમાવી લે છે. **એ કેવલિ જ અનાદિ-અનંત કાળનો એક સમય રૂપ સંકોચ કરે છે, જ્યારે છદ્મસ્થ એક સમયને અનંતકાળ રૂપ વિસ્તારે છે.**

વિધાન, કથન કે વાક્ય એકાન્તિક છે કે અનેકાન્તિક; તેને ઓળખવાની નિશાની તે વાક્યપ્રયોગમાં વપરાતા અવ્યયો 'જ' અને 'પણ' છે. આ આમ 'જ' છે, એ વાક્યપ્રયોગ એકાન્તિક છે. આ આમ 'પણ' છે એ વાક્યપ્રયોગ અનેકાન્તિક છે. હિન્દી ભાષાની વાત કરીએ તો 'ही' અવ્યયનો પ્રયોગ એકાન્તતા સૂચક છે તો 'भी' અવ્યયનો પ્રયોગ અનેકાન્તતા સૂચક છે. ये ऐसा ही है। આ વાક્યપ્રયોગ એકાન્ત સૂચક છે. ये ऐसा भी है। આ વાક્યપ્રયોગ અનેકાન્ત સૂચક છે. એ પ્રમાણે અંગ્રેજી ભાષામાં May, will, અનેકાન્ત સૂચક છે તો Must, Shall એકાન્ત સૂચક છે.

કોઈ એક અંશ (Part-વિભાગ) ને અંશી (પૂર્ણ કે Whole) માનવો અર્થાત્ આત્માને નિત્ય જ માનવો; આત્માને અનિત્ય (ક્ષણભંગુર) જ માનવો, તે સઘળી એકાન્તિક આગ્રહી માન્યતાઓ છે. કોઈ દર્શન આત્માને નિત્ય જ માનવાનો આગ્રહ રાખે છે તો કોઈ દર્શન આત્માને અનિત્ય કે ક્ષણભંગુર માનવાનો આગ્રહ રાખે છે તે સર્વ એકાન્ત મિથ્યા માન્યતા છે જે જૈનદર્શનમાં 'એકાન્ત મિથ્યાત્વ' કે અભિનિવેશ નામનો મિથ્યાત્વનો એક પ્રકાર છે.

જૈનદર્શન વીતરાગવિજ્ઞાન હોવાથી નિરાગ્રહી છે. તેથી કહે છે, આત્મા દ્રવ્યદૃષ્ટિએ (મૂળમાં)માં નિત્ય છે અને પર્યાયદૃષ્ટિએ (વર્તમાન અવસ્થાએ) અનિત્ય (ક્ષણિક) છે. આત્મા દ્રવ્યદૃષ્ટિએ (મૂળ સ્વરૂપની અપેક્ષાએ) શુદ્ધ છે અને પર્યાયદૃષ્ટિએ (વર્તમાન અવસ્થાની અપેક્ષાએ) અશુદ્ધ છે. જૈનદર્શનની આ સમ્યક્ માન્યતા સમ્યક્ અનેકાન્તતા છે. સ્વની અસ્તિથી સ્વમાં એકત્વ છે અને પરની નાસ્તિથી પરથી વિભક્ત છે, તે જૈનદર્શનની અનેકાન્ત દર્શનશૈલી છે. આત્માને એકાન્તે નિત્ય કે અનિત્ય, શુદ્ધ કે અશુદ્ધ, અભેદરૂપ કે ભેદરૂપ માનવો તે સઘળી માન્યતા એકાન્ત મિથ્યાત્વ છે.

કોઈ પૂછે કે ભારતદેશ એક છે કે અનેક છે? ત્યારે તે પ્રશ્નકર્તાનું સમાધાન કરતાં જણાવવું પડે કે...દેશ તરીકે ભારત દેશ એક જ છે પણ તે દેશ કે રાષ્ટ્રનો રાજ્ય યા પ્રાંત રૂપે ઉલ્લેખ કરતાં જણાવવું પડતું હોય છે કે ભારત રાષ્ટ્ર અનેક અઠ્ઠાવીસ પ્રાંતોનો બનેલ એક રાષ્ટ્ર યા દેશ છે. બધાય અંગોપાંગના બનેલ સર્વાંગી શરીફ કહેવાય છે. શરીરના અંગોપાંગ અવયવ કહેવાય છે જ્યારે ખોડખાંપણવાળું પાંગળું શરીર વિકલાંગ કહેવાય છે. આ તો જીવાતા જીવનાનુભવના એકાન્ત (એક) અને અનેકાન્ત (અનેક)ના બુદ્ધિગમ્ય ઉદાહરણો છે.

નય વિવક્ષા રહિત તથા 'જ' કાર સહિતથી ગુણોના સર્વથા ભેદની કે ગુણીના સર્વથા અભેદાદિની જે જે પ્રકારની એકાન્ત માન્યતાઓ છે; તે સર્વ એકાન્ત મિથ્યાત્વ છે. અનેકાન્ત ધર્મવાળા આત્માને એક જ ધર્મવાળો આત્મા માનવો તે એકાન્ત મિથ્યાત્વ યા અભિનિવેશ છે.

'હું તો આવો જ છું!' 'હું તો પાપી જ છું!' એવું એકાન્તે ન માનવું. 'સ્વભાવ (સ્વરૂપ)થી હું પરમાત્મ સ્વરૂપ છું!' 'ભલે વર્તમાન અવસ્થામાં પાપી છું!' 'દ્રવ્યદૃષ્ટિથી હું પરમાત્મા છું!' 'પર્યાય દૃષ્ટિએ હું જીવાત્મા છું!' દ્રવ્યદૃષ્ટિની દૃઢતા જેમ જેમ વધતી જાય છે, તેમ તેમ પર્યાયદૃષ્ટિ ઘટતી જાય છે. પલટાવાનું નામ જ પર્યાય છે. જો પર્યાય પરિવર્તનશીલ હોત નહીં તો દુષ્ટજન સજ્જન થાત નહિ અને સંસારી ક્યારેય સિદ્ધ થઈ શકત નહીં.

અનેકાન્તવાદી જૈનદર્શન સાર્વભૌમિક છે, સાર્વકાલીન છે, સાર્વજનિક છે, કારણ કે તે વીતરાગવિજ્ઞાન અને આત્મવિજ્ઞાન છે. વળી એ જગજાહેર છે કે જે વિજ્ઞાન હોય તે સર્વને, સર્વત્ર, સર્વદા, સર્વથા એક સમાન લાગુ પડે. તેથી જ તો વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર ભગવંતોએ એકાન્તથી પીડાતા જગતને અનેકાન્તતાનો ઉપદેશ આપ્યો છે.

સહુ કોઈ હળુકર્મી ભવ્યાત્માઓ દોષ–અવગુણની વર્તમાનમાં જે અસ્તિ છે, તેની નાસ્તિ કરીને તથા સ્વરૂપ ગુણની વર્તમાનમાં જે નાસ્તિ છે, તેની અસ્તિ કરીને સદ્‌ગુણો કેળવી સ્વરૂપ ગુણોને પ્રગટ કરી અન્ય–પરથી વિભક્ત થઈને (છૂટા પડીને) સ્વથી ઐક્ય સાધીને મૂળ મૌલિક સ્વરૂપ પ્રગટ કરી અસ્તિત્વનો આનંદ માણો! એવી હાર્દિક અભ્યર્થના! ★

**નોંધ :**

સ્વરૂપચિંતક પંડિતશ્રી પનાલાલ જ. ગાંધી તથા નવયુવાન પંડિતથી ફુલચંદ શાસ્ત્રીજીથી સંપાદિત જ્ઞાનના આધારે પ્રસ્તુત લેખનું સંપાદન થયું છે.

# અનેકાન્તવાદ અને સમ્યક્જ્ઞાન

☐ પ્રા. ડૉ. કોકિલા હેમચંદ શાહ

*[ ડૉ. કોકિલા હેમચંદ શાહ – મુંબઈ યુનિવર્સિટીના એડજર્ન્ટ પ્રોફેસર તરીકે, પીએચ. ડી. ગાઈડ તરીકે પોતાની સેવા આપે છે. સોમૈયા કૉલેજમાં જૈન સેન્ટરના પણ અધ્યયન કાર્યમાં રત છે. વિદુષી લેખિકા જૈન સાહિત્ય સમારોહમાં પોતાના વિદ્વતાભર્યા સંશોધન પત્રો રજૂ કરે છે અને લેખો પણ લખે છે. પ્રસ્તુત અંકમાં તેમણે સમ્યક્ દર્શનના કેટલાક મહત્ત્વનાં પાસાની ચર્ચા અનેકાંત દર્શનના સંદર્ભે કરી છે. ]*

'जेण विणा लोगस्स ववहारो सव्वहा ण निव्वडइ।
तस्य भुवणेक्कागुरुणो णमो अणेंगतवायस्स।।'

(–સિદ્ધસેન દિવાકર - સન્મત્તિતર્કપ્રકરણ)

'જેના વિના જગતનો વ્યવહાર પણ નથી ચાલતો તે સમસ્ત લોકના એક માત્ર ગુરુ અનેકાંતવાદને હું નમસ્કાર કરું છું.'

જૈનાચાર્યોના સર્વ દાર્શનિક ચિંતનનો આધાર અનેકાંતવાદ છે. સત્યજ્ઞાનની પ્રાપ્તિની વાત તો દૂર રહી, સમાજ અને પરિવારના સંબંધનો નિર્વાહ પણ અનેકાંત વિના નથી ચાલતો. સમગ્ર જગતનો એકમાત્ર ગુરુ અને અનુશાસ્તા અનેકાંત છે. સમ્યક્જ્ઞાન અને સમગ્ર વ્યવહાર એના દ્વારા અનુશાસિત છે. તેથી તેને નમસ્કાર. જૈનદર્શનમાં સ્યાદ્વાદ અથવા અનેકાંતવાદનું એટલું બધું મહત્ત્વ છે કે આજે સ્યાદ્વાદ કે અનેકાંતવાદ જૈનદર્શનનો પર્યાય બની ચૂક્યો છે.

અનેકાંતવાદ જૈનદર્શનનો મૌલિક સિદ્ધાંત છે. દરેક વસ્તુ પદાર્થ અનેકાંત્મક છે. જૈનાચાર્યોના મત અનુસાર પ્રત્યેક વસ્તુમાં અનંત ગુણધર્મો હોય છે. 'અનંત ધર્માત્મકમ્વસ્તુ.' પરસ્પર વિરોધી ગુણધર્મોનું હોવું એ મૂળભૂત સિદ્ધાંત છે. પ્રત્યેક વસ્તુ પરસ્પર વિરોધી એવા અનંત ગુણધર્માત્મક, અનેક પ્રકારની વિવિધતાઓથી ભરેલી છે.

મનુષ્યની આ અનાદિકાલીન જિજ્ઞાસા રહી છે કે સત્ય શું છે? તત્ત્વ શું છે? સમ્યક્જ્ઞાન શું છે? એક વખત ગણધર ગૌતમે ભગવાન મહાવીરને પૂછ્યું કે 'તત્ત્વ શું છે?' 'કિં તત્ત્વમ્?'

ભગવાને કહ્યું, 'अपन्नेइ वा, विगमेइ वा, ध्रुवेइ वा।'

અર્થાત્ ઉત્પન્ન થવું, નાશ થવો અને શાશ્વત રહેવું એ તત્ત્વ છે. આ ત્રિપદી તત્ત્વ છે, સત્ય છે. અહીં સાપેક્ષતાનું (Relativism) સૂચન છે. વસ્તુ નિત્ય છે, અનિત્ય છે અને શાશ્વત છે એ સત્ય છે. જે એક છે તે અનેક પણ છે. જે નિત્ય છે, તે અનિત્ય પણ છે. ફક્ત શાશ્વત, કે ફક્ત નિત્ય કે, ફક્ત અનિત્ય એ તત્ત્વ નથી. નિત્યતા અને અનિત્યતા સાપેક્ષ છે. તત્ત્વ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યાત્મક છે. મહાવીરે આ રીતે તત્ત્વજ્ઞાનનો ઉપદેશ આપ્યો. તેમણે વસ્તુના સ્વરૂપનું બધી દૃષ્ટિઓથી પ્રતિપાદન કર્યું. અનેકાંતનો આધાર સાત નય – દૃષ્ટિબિંદુ (stand-point) છે.

અનેકાંતનો શાબ્દિક અર્થ છે – જેનો અંત એક નથી તે, અર્થાત્ જેનો ગુણ એક નથી એવો મત – કે જે અનુસાર કોઈપણ વસ્તુ એકાંતિક નથી. આ સમજવા કેટલા દૃષ્ટાંતો પણ જૈન સાહિત્યમાં જોવા મળે છે, જે દ્વારા પરસ્પર વિરોધી લાગતા ગુણોનો સમન્વય કેવી રીતે થાય તે જાણવા મળે છે. ભગવતી સૂત્રમાં પ્રશ્ન પૂછ્યો છે કે, 'લોક શાશ્વત છે કે અશાશ્વત?'

ભગવાન મહાવીર આ પ્રશ્નનો ઉત્તર આપતા કહે છે - 'લોક શાશ્વત પણ છે, અશાશ્વત પણ છે. ત્રણે કાળમાં એવો એક પણ સમય નથી જ્યારે લોક ન હોય તેથી તે શાશ્વત છે. લોક સદા, હંમેશાં એક સરખો નથી રહેતો. તે અવસર્પિણી અને ઉત્સર્પિણીમાં બદલતો રહે છે તેથી તે અશાશ્વત છે. આમ વસ્તુમાં પરસ્પર વિરોધી ધર્મો હોવાથી અનંત ધર્માત્મક છે.' જયંતિ મહાવીરને પ્રશ્ન પૂછે છે, 'સૂતા રહેવું સારું કે જાગતા રહેવું?' મહાવીર કહે છે-'કેટલાક જીવોનું સૂતા રહેવું સારું જ્યારે કેટલાકનું જાગતા રહેવું સારું.' જયંતિ પૂછે છે, એ કેવી રીતે? મહાવીર કહે છે, જે જીવો અધર્મી છે એમણે સૂતા રહેવું સારું કે જેથી તે બીજાને પીડા ન પહોંચાડે. જ્યારે ધાર્મિક જીવોનું જાગવું સારું છે કારણ કે તે અનેક જીવોને સુખ અર્પે છે.

જૈનદર્શન પ્રમાણે વસ્તુમાં અનેક ગુણધર્મો છે. એક જ ગુણધર્મ પર ભાર મૂકવો એટલે એકાંતવાદ. આંશિક સત્યને પૂર્ણ સત્ય માનવું એટલે મિથ્યાજ્ઞાન. એકાંતવાદ કોઈ એક દૃષ્ટિનું જ સમર્થન કરે છે. એકાંતવાદ ક્યારેક સામાન્ય અથવા વિશેષના રૂપમાં મળે છે તો ક્યારેક સત્ કે અસત્ના રૂપમાં. તત્ત્વને પૂર્ણ રૂપમાં જોવું એટલે એકાંતવાદનો ત્યાગ કરવો. તાત્ત્વિક દૃષ્ટિએ – પદાર્થના એક ગુણધર્મને સર્વથા સત્ય માનવું અને બીજા ગુણધર્મને સર્વથા મિથ્યા માનવું એ વસ્તુની પૂર્ણતાને ખંડિત કરે છે. પરસ્પર વિરોધી લાગતા ગુણો એકબીજાથી અવશ્ય વિરોધી છે; પણ સંપૂર્ણ વસ્તુથી વિરોધી નથી. વસ્તુ બંનેને સમાનરૂપી આશ્રય આપે છે – આ દૃષ્ટિ અનેકાંત છે, સ્યાદ્વાદ છે, સાપેક્ષવાદ છે. અનેકાંતવાદ એક વિલક્ષણ સ્વતંત્ર દૃષ્ટિ છે જેમાં વસ્તુનું પૂર્ણ સ્વરૂપ પ્રગટ થાય છે. એક અને અનેક, નિત્ય અને અનિત્ય આવા ગુણોનો અનેકાંતવાદને આધારે સમન્વય કરવામાં આવે છે. અનેકાંતનું સૂત્ર છે સંતુલન. પરસ્પર વિરોધી લાગતા ગુણોને એક જ દ્રવ્યમાં અવિરોધી રીતે સમન્વય કરવા તે અનેકાંતવાદની દેણ છે. અનેકાંતવાદી ફક્ત દ્રવ્યદૃષ્ટિથી જોતો નથી, ફક્ત પર્યાયદૃષ્ટિથી પણ નહીં. દ્રવ્ય અને પર્યાય બંને દૃષ્ટિથી જોવું તે અનેકાંત અર્થાત્ અનેકાંતદૃષ્ટિ ન કેવળ દ્રવ્યાત્મક છે, કે ન પર્યાયાત્મક, પણ ઉભયાત્મક છે. આચાર્ય મહાપ્રજ્ઞ અનેકાંતને ત્રીજું નેત્ર કહે છે. સમ્યક્જ્ઞાનની દૃષ્ટિએ, સત્યની દૃષ્ટિએ તે ત્રીજું નેત્ર છે. એક જ વસ્તુમાં રહેલા પરસ્પર વિરોધી ગુણધર્મો અને તત્ત્વોને ખુલ્લા કરીને જે બતાવી શકે તે અનેકાંતવાદ. આ ગુણધર્મો વસ્તુની અંદર રહેલા છે. તત્ત્વજ્ઞાનના ઉચ્ચ તથા કઠિન ક્ષેત્રથી માંડીને, વિચારમૂલક ભૂમિકાથી લઈને આચારમૂલક પ્રદેશ સુધીની તમામ પરિસ્થિતિઓમાં અનેકાંત તત્ત્વજ્ઞાનની સમજણ ખૂબ જ ઉપયોગી બની શકે તેમ છે. અનેકાંતથી સાપેક્ષતાનો વિકાસ થાય છે. એનાથી જીવન વ્યવહાર સ્વસ્થ અને સામંજસ્યપૂર્ણ થાય છે.

પરમસત્યની અનુભૂતિ અનેકાંતના આધારે થાય છે. એકાંતવાદ કે નિરપેક્ષ ચિંતન પૂર્ણ સત્ય નથી. સમ્યક્જ્ઞાનની ભૂમિકા એટલે અનેકાંતદૃષ્ટિ. કોઈપણ વસ્તુના વિવિધ પાસાંઓ તપાસી તેના સત્ય સ્વરૂપને જાણવું તે અનેકાંતવાદ છે. સત્ય એક જ હોય છે. પરંતુ તેના પાસા અનેક હોય છે. દરેક પાસાને જુદી જુદી અપેક્ષાથી જોવા અને સમજવા તે અનેકાંતવાદ છે. તત્ત્વને વિવિધ દૃષ્ટિકોણથી જોવું તે અનેકાંત

સિદ્ધાંત છે અને તેનું સાપેક્ષ પ્રતિપાદન કરવું તે સાપેક્ષવાદ છે. નય એટલે કોઈ એક દૃષ્ટિકોણ પ્રમાણેનું સત્ય. નયવાદ એટલે અપેક્ષાવાદ. સામાન્ય મનુષ્ય એક કાળે વસ્તુના એક જ ધર્મને, પાસાને જાણી શકે છે. તેથી તેનું જ્ઞાન સાપેક્ષ હોય છે, આંશિક હોય છે. નય દ્વારા જે જ્ઞાન છે તે એટલા માટે સમ્યક્ માનવામાં આવે છે કે તે પોતાના દૃષ્ટિબિંદુથી અતિરિક્ત બીજા જેટલા દૃષ્ટિબિંદુ છે તેનો નિષેધ નથી કરતું પણ તે પ્રત્યે ઉપેક્ષાભાવ દર્શાવે છે. સ્યાદ્વાદ વિરાટ દૃષ્ટિકોણ પ્રસ્તુત કરે છે.

કહેવાય છે કે મહાવીરે ચિત્રવિચિત્ર પાંખવાળા એક મોટા પુંસ્કોકિલને સ્વપ્નમાં જોયું. પુંસ્કોકિલની ચિત્રવિચિત્ર પંખો અનેકાંતવાદની પ્રતીક છે. જ્યાં એક જ જ્ઞાનના પંખ હોય ત્યાં એકાંતવાદ છે. અનેકાંતવાદ એક જ રંગનું પાંખવાળું કોકિલ નથી, પરંતુ ચિત્રવિચિત્ર પાંખવાળું કોકિલ છે. જ્યાં વિવિધ વર્ણના પંખ હોય છે ત્યાં અનેકાંતવાદ હોય છે. આ રીતે જૈન ધર્મના પ્રાણભૂત સિદ્ધાંત અનેકવાદનું સુંદર રીતે ચિત્રણ કર્યું છે. એકાંતવાદ કોઈ એક દૃષ્ટિબિંદુનું સમર્થન કરે છે. ક્યારેક સામાન્યનું તો ક્યારેક વિશેષ ગુણધર્મનું; જ્યારે અનેકાંતવાદ અનેકનું સમર્થન કરે છે. પરસ્પર વિરોધી લાગતા ગુણોનો એક જ દ્રવ્યમાં અવિરોધી રીતે સમન્વય કરવો એ અનેકાંતવાદનું દર્શનશાસ્ત્રમાં મહત્ત્વનું યોગદાન છે. બે વિરોધી ગુણોનું અપેક્ષાભેદથી રહેવું એ શક્ય છે, વાસ્તવમાં આ ગુણો વિરોધી નથી.

**નયવાદ અને અનેકાંતવાદ**

જૈનદર્શનને સાચા અર્થમાં સમજવા માટે અનેકાંતવાદ, નયવાદ અને સ્યાદ્વાદનું સ્વરૂપ સમજવું જરૂરી છે.

વસ્તુ અનેક ધર્માત્મક છે. આવી વસ્તુનું કે દ્રવ્યનું જ્ઞાન બે રીતે થાય છે – એક પ્રમાણથી અને બીજું નયથી. પ્રમાણ એટલે સાચું જ્ઞાન. આ જ્ઞાનના પાંચ પ્રકાર છે–મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યાય અને કેવળજ્ઞાન. આખી વસ્તુને તેના વિવિધ પડખાથી જાણવું તે પ્રમાણ છે. જ્યારે તે જ વસ્તુને તેના એક પડખાથી જાણવું તે નય છે. પ્રમાણ દ્વારા વસ્તુનું સમગ્ર યથાર્થ જ્ઞાન મળે છે જ્યારે વસ્તુના આંશિક સ્વરૂપનો પરિચય નય દ્વારા મળે છે. પ્રમાણ દ્વારા વસ્તુના અખંડ સ્વરૂપનું જ્ઞાન થાય છે. જ્યારે નય દ્વારા વસ્તુના અંશભૂત જુદા જુદા સ્વરૂપોનું દર્શન થાય છે.

દરેક વસ્તુને જાણવાના દૃષ્ટિકોણો પણ અનેક હોઈ શકે છે. પરંતુ જ્યારે આપણે એક દૃષ્ટિકોણથી વસ્તુને જાણીએ ત્યારે બીજા દૃષ્ટિકોણનો નિષેધ ન કરીએ તો તેને નય કહેવાય. પરંતુ એક દૃષ્ટિકોણથી વસ્તુ જેવી જણાય તેવી જ માત્ર વસ્તુ છે એમ માની લેવું તેને દુર્નય કહેવાય. જેમ કોઈ અંધ વ્યક્તિ હાથીના પગને સ્પર્શ કરી એમ માને કે હાથી થાંભલા જેવો જ છે તો તે દુર્નય કહેવાય. પણ જો તે એમ સમજે કે હાથીના શરીરનો એક ભાગ થાંભલા જવો છે તો તે નય કહેવાય.

જૈન દાર્શનિકોના મત પ્રમાણે વસ્તુનું સાચું જ્ઞાન–સમ્યક્ જ્ઞાન મેળવવા માટે તેને જુદી જુદી બાજુએથી સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ અને આ બધા પાસાંને યોગ્ય રીતે ભેગા કરી વસ્તુનું સાચું જ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે. જુદા જુદા દૃષ્ટિકોણથી પ્રાપ્ત થયેલ માહિતીને ભેગી કરીને વસ્તુનું જ્ઞાન પ્રાપ્ત કરવાની પ્રક્રિયામાં કોઈને વિરોધ જેવું લાગે, કારણ કે આમ કરવાથી એક જ વસ્તુ નિત્ય અને અનિત્ય, સત્ અને અસત્ આવા પરસ્પર વિરોધી ગુણવાણી લાગે અને પ્રશ્ન થાય કે આવા વિરોધી ગુણો એક જ વસ્તુમાં એક સાથે કઈ રીતે રહી શકે? આમ, આંતરિક વિરોધ છે એવા ભયથી આપણે વસ્તુની અંદર એવા ગુણોને ન સ્વીકારીએ તો વસ્તુનું યથાર્થ સ્વરૂપ આપણે સમજી ન શકીએ. અહીં એ વાત યાદ રાખવી ઘટે કે એક જ વસ્તુમાં આ પરસ્પર વિરોધી જણાતા ગુણો એક સાથે રહે જ છે એટલે એમાં ખરેખર વિરોધ છે જ નહીં. જ્યારે જૈન દાર્શનિકો કહે છે એક જ વસ્તુ નિત્ય-અનિત્ય, એક-અનેક આદિ છે ત્યારે તેનો અર્થ એવો નથી કે વસ્તુ તે જ અપેક્ષાથી નિત્ય પણ છે અને અનિત્ય પણ છે. અનેકાંતના સિદ્ધાંત પ્રમાણે એક જ વસ્તુ એક અપેક્ષાથી નિત્ય છે, તો બીજી અપેક્ષાથી અનિત્ય પણ છે. આમ જુદી જુદી અપેક્ષાથી વસ્તુમાં જુદા જુદા ગુણોનો સ્વીકાર કરાય છે. આ બધા ગુણો વસ્તુમાં એક સાથે જ રહે છે. અમુક વખતે અમુક ગુણોને મુખ્ય કરવામાં આવે છે. જ્યારે બીજા ગુણને ગૌણ કરવામાં આવે છે. આમ અનેકાંત એ વસ્તુનું સ્વરૂપ છે અને આવી અનેક ધર્માત્મક વસ્તુ–સ્વરૂપને જાણવાનું કામ આપણે દૃષ્ટિકોણરૂપ નયને સ્વીકારવાથી કરી શકીએ. પરંતુ એક નયથી જાણેલ વસ્તુના સ્વરૂપને તે વસ્તુનું સંપૂર્ણ સ્વરૂપ માની લેવું ભૂલભરેલું છે. આથી જ જૈન આચાર્યોએ કહ્યું છે કે બીજા દૃષ્ટિકોણનો વિરોધ કર્યા વિના એક નયને મુખ્ય કરીએ ત્યારે બીજા નયની વાતનો નિષેધ ન કરતા આપણે બીજા નયની વાતને ગૌણ કરીએ તો તે નય છે અને જો બીજા નયોનો નિષેધ કરીએ તો તે દુર્નય છે. આમ નય એટલે કોઈ એક દૃષ્ટિકોણ પ્રમાણેનું સત્ય. અનેકાંત નિરપેક્ષ નયોનો સમૂહ નથી કારણ કે પરસ્પર નિરપેક્ષ નય મિથ્યા છે. જે અપેક્ષા સહિત નય છે તે વસ્તુસ્વરૂપ છે.

આમ, નયોનું વિશેષ મહત્ત્વ છે. નયદૃષ્ટિ વગર વસ્તુસ્વરૂપને સમજી શકાતું નથી. વિરોધાભાસનું સમાધાન નયની સમજણથી થાય છે. પ્રત્યેક વસ્તુ દ્રવ્યદૃષ્ટિથી નિત્ય અને એકરૂપ છે અને પર્યાયદૃષ્ટિથી અનિત્ય-અનેકરૂપ છે. પહેલી દૃષ્ટિમાં દ્રવ્યની મુખ્યતા છે અને પર્યાયની ગૌણતા છે. આમ ગૌણતા અને મુખ્યતાથી જ વસ્તુની સિદ્ધિ થાય છે. નય દ્વારા જીવાદિ પદાર્થોનું સમ્યક્જ્ઞાન થાય છે.

અનેકાંતાત્મક વસ્તુને જાણવાની અને સમજવાની પદ્ધતિ તે નયવાદ છે. જૈન દાર્શનિકોએ નયના જુદી જુદી રીતે ભેદ પાડ્યા છે.

**(૧) દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નય**

જે નય વસ્તુની શાશ્વત બાજુ જુએ છે દ્રવ્યાર્થિકનય અને જે નય વસ્તુની પરિવર્તનશીલ બાજુ જુએ છે તે પર્યાયાર્થિક નય. વસ્તુનિરૂપણની બધી જ દૃષ્ટિઓ આ બે દૃષ્ટિમાં સમાઈ જાય છે. મૂળ આ બે જ નય છે. આચાર્ય સિદ્ધસેને આ નયોનું સમર્થન કરતાં કહ્યું છે કે આ બે નયો મુખ્ય છે–બીજા બધા એમના પ્રકારો જ છે. દ્રવ્યદૃષ્ટિથી દરેક પદાર્થ નિત્ય છે જ્યારે પર્યાયદૃષ્ટિથી અનિત્ય છે.

**(૨) અર્થનય અને શબ્દનય**

જે નય વસ્તુને અથવા પદાર્થને જુએ છે તે અર્થનય અને જે નય તેના વાચક શબ્દને જુએ છે તે શબ્દનય.

**(૩) નિશ્ચયનય અને વ્યવહારનય**

વસ્તુના નિરપેક્ષ સ્વરૂપને જોનાર નય તે નિશ્ચયનય જ્યારે એક વસ્તુનું બીજી વસ્તુમાં આરોપણ કરી જોનાર તે વ્યવહારનય. નિશ્ચયનય વસ્તુનું પારમાર્થિક રૂપ છે જ્યારે વ્યવહારનય વસ્તુનું પ્રાતિભાસિક રૂપ છે. ઈન્દ્રિયગમ્ય વસ્તુનું સ્થૂળરૂપ વ્યવહારની દૃષ્ટિથી યથાર્થ છે. નિશ્ચયનય દૃષ્ટિ ઈન્દ્રિયાતીત છે, સૂક્ષ્મ છે. બંને દૃષ્ટિઓ સમ્યક્ છે, યથાર્થતાનું ગ્રહણ કરે છે.

જૈન ધર્મના દાર્શનિક ગ્રંથોમાં સાત નયોનું વર્ણન જોવા મળે છે.

(૧) નૈગમન્ય (૨) સંગ્રહનય (૩) વ્યવહારનય (૪) ઋજુસૂત્રનય (૫) શબ્દનય (૬) સમભિરૂઢનય (૭) એવમ્ભૂતનય

અહીં પહેલા ચાર અર્થનય છે જ્યારે છેલ્લા ત્રણ શબ્દનય છે. સાતે નયો એક જ વસ્તુને જોવાની, સમજવાની ભિન્ન ભિન્ન બાજુઓ છે. આ સાતેય બાજુ એકઠી મળીને વસ્તુનો સંપૂર્ણ ખ્યાલ આપે છે.

નયના જેટલા ભેદ છે એટલા મત છે. અનેકાંતવાદને બીજાઓના દૃષ્ટિબિંદુઓ, મતો પ્રત્યે માન છે. દરેક મતમાં, વિચારમાં સત્ય છે એ વાત તે માન્ય રાખે છે. પરંતુ એ પણ સમજવું જરૂરી છે કે દરેક મત, વિચાર, સંપૂર્ણ સત્ય નહિ પણ આંશિક સત્ય રજૂ કરે છે તેથી પૂર્ણ સત્યને પામવા પરસ્પર વિસંવાદી મતોનો સમન્વય કરવો જરૂરી છે. એ રીતે જુદા જુદા દર્શનોનો સમન્વય કરી વિરોધ દૂર કરી શકાય. અનેકાંતવાદનું કાર્ય માત્ર વિવિધ મતો, વિચારો, દર્શનોના સત્યો સાપેક્ષ અને આંશિક છે એ દર્શાવવાનું નથી પણ સાથે સાથે તેમનો એક બીજા સાથે યથાયોગ્ય મેળ કરી વિરોધનું શમન કરવાનો છે અને વધુ ને વધુ સર્વગ્રાહી ઉચ્ચત્તર સત્યને પામવાનું છે. આ કારણે જ જૈનદર્શન પોતાને ભિન્ન ભિન્ન દર્શનોના સમન્વયરૂપ સમજે છે. 'ષડ્દર્શન જિન અંગ ભણીજે.'

**અનેકાંતવાદ અને સ્યાદ્વાદ**

સ્યાદ્વાદનો મૂળભૂત સિદ્ધાંત છે–પ્રત્યેક વસ્તુ સાપેક્ષ છે.

સ્યાદ્વાદ : સ્યાદ્વાદ એટલે શક્યતાનો સિદ્ધાંત.

સ્યાદ્વાદ સાપેક્ષિક કથનપદ્ધતિ છે. અનેકાંતાત્મક વસ્તુને નય દ્વારા જાણીએ પણ એનું વર્ણન કરવું હોય તો આપણે એવી ભાષા પદ્ધતિ અપનાવીએ કે જેથી વસ્તુના કોઈપણ પક્ષનો નિષેધ ન થાય. આવી પદ્ધતિ જે જૈન શાસ્ત્રકારોએ વિકસાવી છે તે સ્યાદ્વાદ છે. સ્યાદ્વાદ પદાર્થ કે વસ્તુના વિવિધ પાસાંઓનું વિવિધ દૃષ્ટિકોણથી વિશ્લેષણ કરે છે–એ રીતે કે અમુક વસ્તુનું કથન કરતા વસ્તુના અનેક ગુણધર્મોનો નિષેધ થતો નથી. સ્યાદ્વાદ દ્વારા સત્-અસત્, નિત્ય-અનિત્ય આદિ પરસ્પર વિરોધી લાગતા પરંતુ એક સાથે એક જ વસ્તુમાં રહેતા તે ગુણો બાબત કથન કરવામાં આવે છે. અહીં આવા પરસ્પર વિરોધી લાગતા ગુણો શા માટે ખરેખર વિરોધી નથી, પરંતુ એકબીજાના પૂરક છે એ વાત દર્શાવી છે. આ પદ્ધતિમાં દરેક કથન સાથે 'સ્યાદ્' પદ લગાવવામાં આવે છે. આ સિદ્ધાંતમાં 'સ્યાદ' શબ્દનો અર્થ છે 'કોઈ એક અપેક્ષાથી' અથવા 'કથંચિત્', 'સ્યાત્'પૂર્વક જે વાદ છે–કથન છે–તે સ્યાદવાદ. 'સ્યાદ્' શબ્દ અનેકાંતનો દ્યોતક છે. તેથી સ્યાદ્વાદને અનેકાંતવાદ પણ કહે છે-(સ્યાદ્વાદ મંજરી). સ્યાદ્વાદને 'સપ્તભંગી' પણ કહે છે. 'સપ્તભંગી' એટલે જુદી અપેક્ષાએ યોજાતા સાત વાક્યોનો સમૂહ, સ્યાદ્વાદના સાત ભંગો નીચે મુજબ છેઃ

૧. स्याद् अस्ति एव–વસ્તુ અમુક અપેક્ષાથી છે. ૨. स्याद् नास्ति एव–વસ્તુ અમુક અપેક્ષાથી નથી. ૩. स्याद् अस्तिय नास्तिय एव–કોઈ અપેક્ષાથી વસ્તુ છે અપેક્ષાથી નથી. ૪. स्याद् अवक्तव्यम् एव–વસ્તુ, કોઈ અપેક્ષાથી છે અને અવક્તવ્ય છે. ૫. स्याद् अस्तिय अव्यक्तव्यम् एव–વસ્તુ અમુક અપેક્ષાથી છે અને અને અવક્તવ્ય છે. ૬. स्याद् नास्तिय अव्यक्तव्यम् एव–અમુક અપેક્ષાથી નથી અને અવક્તવ્ય છે. ૭. स्याद् अस्तिय नास्तिय अव्यक्तव्यम् एव–અમુક અપેક્ષાથી વસ્તુ છે, નથી અને અવક્તવ્ય છે.

આમ વસ્તુ એક જ રૂપ નથી–તેના અન્ય રૂપ પણ છે.

કોઈ વસ્તુનું અસ્તિત્વ કે નાસ્તિત્વ એકાંત નથી. સ્યાદ્વાદ પ્રમાણે બધા જ કથનો સાપેક્ષ છે–દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અમુક અપેક્ષાથી સત્ય છે. વસ્તુનું સ્વરૂપ; જૈનદર્શન પ્રમાણે–અસ્તિ, નાસ્તિ અને અવક્તવ્યથી સમજી શકાય છે. સ્યાદ્વાદમાં દરેક કથન એકાંત છે પણ સમગ્ર કથનપદ્ધતિ અનેકાત્મક છે. સ્યાદ્વાદ અનિશ્ચિતવાદ કે સંશયવાદ નથી. કારણ કે 'સ્યાત્'નો અર્થ સંભવતઃ હોવા છતાં 'એવ' શબ્દનો પ્રયોગ કથનપદ્ધતિમાં કરવામાં આવ્યો છે તે એમ સૂચવે છે કે જે જ્ઞાન મળે છે તે નિશ્ચિત અને સાપેક્ષ મળે છે. વિજ્ઞાનમાં આઈન્સ્ટાઈનની 'Theory of Relativity' સાથે તે સામ્ય ધરાવે છે. સ્યાદ્નો અર્થ 'May be' કે 'Perhaps' નથી–પણ 'કોઈ એક અપેક્ષાથી' છે. સ્યાદ્વાદમાં દરેક કથન એકાંત છે. પણ તે વસ્તુ જેવી છે તેવી જ બતાવે છે. સ્યાદ્વાદનો આધાર છે વસ્તુતત્ત્વના અનંત ગુણો, માનવીય જ્ઞાનની અપૂર્ણતા અને સાપેક્ષતા. જૈન તર્કશાસ્ત્રીઓ આ સાપેક્ષ કથન યા વિધાનના સિદ્ધાંતને સ્યાદ્વાદ કહે છે. અનેકાંતવાદ દર્શન છે. સ્યાદ્વાદ એની અભિવ્યક્તિનું માધ્યમ છે. સત્ય માટેની શૈલીના મુખ્ય બે તત્ત્વ છે–પૂર્ણતા અને યથાર્થતા જે અનેકાંતવાદ કહે છે અનેકાંતનું સમ્યક્ પરિજ્ઞાન થયા વગર જૈન તત્ત્વજ્ઞાનને યથાર્થ રીતે સમજવું અશક્ય છે. સ્યાદ્વાદ અપેક્ષાભેદથી નિશ્ચયાત્મક છે. તે સંશયવાદ કે અજ્ઞાનવાદ નથી. સ્યાદ્વાદને વાસ્તવિક રીતે ન જાણનારા આ સિદ્ધાંત પર દોષારોપણ કરે છે જે મિથ્યા છે. તે આધુનિક વિજ્ઞાન-પદાર્થ વિજ્ઞાન સાથે સુસંગત છે. વ્યવહારમાં પણ અનેકાંતવાદના ઘણા ફાયદા છે. તેનાથી વિવાદ અને વૈચારિક સંઘર્ષનું નિવારણ શક્ય બને છે. વૈચારિક સહિષ્ણુતા દ્વારા ધર્મ સહિષ્ણુતા–જુદા જુદા ધર્મોમાં રહેલ સત્ય આંશિક રીતે જોવા મળે છે. આમ તેમાં વિવિધ વિચારધારાઓના સમન્વયની શક્તિ છે. વિવિધતામાં એકતા સ્થાપવા આ સિદ્ધાંત ઉપયોગી થઈ શકે.

આમ સમ્યક્જ્ઞાન માટે અનેકાંતવાદ, નયવાદ અને સ્યાદ્વાદ જરૂરી છે. જૈન દાર્શનિકોની નિષ્પક્ષવૃત્તિ અને અહિંસક પ્રવૃત્તિનો અહેસાસ આ સિદ્ધાંત કરાવે છે. જ્યાં કોઈ નય કિંચિત્ માત્ર ન દુભાય એવી જિનેશ્વરોની વાણી છે–'અનંત અનંત ભાવભેદથી ભરેલી, અનંત અનંત નય નિક્ષેપે વ્યાખ્યાની છે.' સપ્તભંગી એક એવો સિદ્ધાંત છે કે જે વસ્તુનું આંશિક પરંતુ યથાર્થ કથન કરવા સમર્થ બને છે. અનેકાંતવાદના મૂળ સિદ્ધાંતો સમન્વયવાદ અને સહઅસ્તિત્વાદ સૂચવે છે. અનેકાંતદૃષ્ટિએ સમસ્યાનું સમાધાન શોધવાથી આગ્રહ-વિગ્રહનો પ્રસંગ ઉપસ્થિત થતો નથી. અનેકાંતનું યોગદાન દાર્શનિક ક્ષેત્રમાં જેમ મહત્ત્વપૂર્ણ છે તેમ વ્યાવહારિક જીવનમાં પણ તેની મહત્તા છે.

અંતમાં:- 'જે અનેકાંતપદને પ્રાપ્ત છે, એવા અખિલ પ્રમાણનો વિષય જયશીલ હો, તે અનેકાંતપદ પ્રવૃદ્ધશાળી અને અતુલ છે તથા પોતાના ઈષ્ટ અર્થની સિદ્ધિ આપવાવાળો છે. એમાં અનંત ગુણોને ઉદય છે. તે પૂર્ણરૂપથી નિર્મળ, જીવોને આનંદિત કરવાવાળો, મિથ્યા એકાંતરૂપ, મહાન અંધકારથી રહિત તથા શ્રી વર્ધમાન તીર્થંકર પ્રતિપાદિત છે.'

(પ્રમેય કમલમાર્તણ્ડ પૃ-૫૧, ઉદ્ધિતીય ભાગ)

અનેકાત્મક અર્થવાળું વાક્ય એ જ સ્યાદ્વાદ છે એમ વધીયસ્ત્રટીકામાં કહ્યું છે–અનેકાંતદૃષ્ટિ એ સત્યદૃષ્ટિ છે તેથી સમ્યક્જ્ઞાન છે. આંશિત સત્યને પૂર્ણ સત્ય માનવું એ મિથ્યાજ્ઞાન છે. તત્ત્વને પૂર્ણરૂપમાં જોવું એટલે અનેકાંતવાદનો સ્વીકાર કરવો જેનું તત્ત્વજ્ઞાન અનોખું અને વિશિષ્ટ છે. ★

# આનંદઘનજીના સ્તવનોમાં અનેકાંત

☐ ડૉ. અભય દોશી

*[ ડૉ. અભય દોશી – મુંબઈ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના અધ્યક્ષ છે. જૈન ધર્મ-ચિંતન અને સાહિત્યના ઊંડા અભ્યાસી અને સંશોધક છે. જૈન સંશોધકોને પીએચ. ડી. કરાવનાર આ વિદ્વાનનું ચોવીસી સાહિત્ય પરનું પુસ્તક ખૂબ જ લોકપ્રિય થયું છે. પ્રસ્તુત અંકમાં આનંદઘનજીના સ્તવનોમાં અનેકાન્તવાદ વિષે તેમણે વિષદ ચર્ચા કરી છે. ]*

સત્તરમી સદીના પૂર્વાર્ધમાં થયેલા આનંદઘનજીની એક મર્મી સર્જક તરીકે ખ્યાત છે. તેમના પદોમાં અલૌકિક અનુભવની અભિવ્યક્તિ જોવા મળે છે. રાજસ્થાન-ગુજરાતની સરહદ પર વિચરતા આ સાધક મુનિ સંપ્રદાય અને દર્શનના ભેદથી પર થઈ આત્મતત્ત્વની, અનહદની ધૂન લગાવીને બેઠેલા સંતપુરુષ છે. એમના પદોની અભિવ્યક્તિમાં નિર્ગુણ સંત પરંપરાનો પ્રભાવ જોઈ શકાય છે.

કવિની 'પદબહુતેરી' પ્રસિદ્ધ રચના છે. તો એ સાથે જ એમની બીજી પ્રસિદ્ધ રચના 'ચોવીસી' નામે સુવિખ્યાત છે. આજે આપણને કવિને હાથે સર્જાયેલા ૨૨ સ્તવનો જ ઉપલબ્ધ થાય છે. આ સ્તવનોમાં કવિએ ભક્તિની સાથે જ તત્ત્વજ્ઞાનની રસભરી લલિત રીતે પ્રસ્તુતિ કરી છે. કવિ અનેકાંતદર્શનના આકંઠ અભ્યાસી છે. આથી કવિની અનેક રચનાઓમાં અનેકાંતવાદનું નિરૂપણ સહજ રીતે આવે છે. દસમા શીતલનાથ ભગવાનના સ્તવનમાં પરમાત્મામાં પરસ્પર વિરોધી ગુણોનો અનેકાંતદૃષ્ટિએ સુભગ સમન્વય દર્શાવ્યો છે. આવા અનેક સ્થળો ચોવીસીનાં સ્તવનોમાં જોઈ શકાય. એમ છતાં, કવિનું ૨૦મું અને ૨૧મું સ્તવન દાર્શનિક ભૂમિકાએ અનેકાંતવાદની રજૂઆત કરે છે.

વીસમા મુનિસુવ્રતસ્વામી સ્તવનનો પ્રારંભ સાધકના પ્રશ્નથી થાય છે;

'આતમતત્ત્વ કયું જાણું ? જગતગુરુ ! એહ વિચાર મુજ કહીયો.'

હે જગતગુરુ પ્રભુ ! આત્મતત્ત્વ કેવી રીતે પામું તેનો માર્ગ દર્શાવો. સાધક બીજી કડીમાં આ આત્મતત્ત્વ જાણવાની જીજ્ઞાસાનું કારણ દર્શાવતા કહે છે કે આત્મતત્ત્વને જાણ્યા વિના જીવ નિર્માણ સમાધિ પામતો નથી.

ભારતીય પરંપરામાં જે વિવિધ દર્શનો આત્મતત્ત્વ અંગેના પોતાના મતો ધરાવે છે, તેની વાત કરતાં કવિ કહે છેઃ

કેટલાક વેદાંત આદિ દર્શનવાળા આત્માને બંધરહિત માને છે, પણ વ્યવહારમાં તેઓ ક્રિયા કરતા દેખાય છે. તેઓને આ ક્રિયાનું ફળ કોણ ભોગવે એવું પૂછવામાં આવે તો તેઓ રીસાય છે.

વળી, નાસ્તિકમતવાળા કહે છે કે જડ અને ચેતનમાં કોઈ ભેદ નથી, બંનેમાં આત્મતત્ત્વ એક છે. સ્થાવર અને જંગમ સરખા છે, આવા મતને માનીએ તો સુખ અને દુઃખના સંકર (મિશ્રણ)નો દોષ આવે છે, માટે આ મતને મનમાં વિચાર કરી પરીક્ષા કરો.

વળી, વેદાંતદર્શનવાળા કહે છે; આત્મા કેવળ નિત્ય છે, અને તેઓ આવી વાત કરી આત્મદર્શનમાં લીન થાય છે. પણ તેમાં કરેલાં કર્મનો નાશ અને નહિ કરેલા કર્મની પ્રાપ્તિનો દોષ આવે છે, તે મનુષ્ય જોઈ શકતો નથી.

આત્માને એકાંત નિત્ય માનવામાં આવે તો પ્રત્યક્ષમાં જોવાતા કાર્ય-કારણભાવ ઘટી શકે નહિ . દા. ત. સોનારૂપી પદાર્થમાંથી તાર બનાવવામાં આવ્યો, તારમાંથી કડી બનાવી દેવાઈ એટલે કે તારરૂપી કારણમાંથી કડીરૂપ કાર્ય ઉત્પન્ન થયું.

પરંતુ, જો તાર સદાકાળ નિત્ય માનવામાં આવે, એક જ સ્વરૂપમાં રહેનાર માનવામાં આવે તો તેમાંથી કડી કઈ રીતે નિષ્પન્ન થઈ શકે ?

એટલે આત્મા આત્મસ્વરૂપે સુવર્ણની જેમ નિત્ય છે, પરંતુ કડી અને તાર જેવા વિવિધ પર્યાયો-પરિણામો ભવ અપેક્ષાએ ધારણ કરે છે. આમ, આત્મા સંયોગ અનુસાર વિવિધ પરિણામ ધારણ કરે છે, માટે તે એકાંતે નિત્ય નથી.

વળી સુગત એટલે કે બૌદ્ધદર્શનવાળા કહે છે કે, આત્મા ક્ષણિક છે. જો આત્માને કેવળ ક્ષણિક માનવામાં આવે તો, આત્માને બંધમોક્ષ, સુખ-દુઃખ આદિ સંભવી શકતા નથી. આ વિચારને બરાબર મનમાં બેસાડો. વળી, લોકાયતિક વગેરે દર્શનવાળા કહે છે કે પૃથ્વી, અગ્નિ, વાયુ અને જળ. આ ચાર ભૂતથી વિભિન્ન આત્મા જેવું કાંઈ છે નહિ. આવું કહેનાર મત તો અંધ મનુષ્ય જેવો છે. અંધ મનુષ્ય જેમ બાજુમાં રહેલા ગાડાને જોઈ ન શકે, અને કહે કે આ જગતમાં ગાડું નથી, તો ગાડું નથી, એ વાતને કેવી રીતે માની શકાય ?

આવા વિવિધ મતોને લીધે સાધક ભ્રમમાં પડ્યો છે. ચિત્તસમાધિને માટે આત્મતત્ત્વનું દર્શન જરૂરી હોવાથી ફરી પ્રશ્ન પૂછે છે કે, હે પ્રભુ ! તમારા સિવાય આત્મતત્ત્વનું દર્શન કરાવવા કોઈ સમર્થ નથી. આપ જ સમાધિનું કારણ એવા આત્મદર્શનનું તત્ત્વ કહો. અહીં કવિ પરસ્પર વિરોધી વેદાંત, બૌદ્ધ અને લોકાયતિક દર્શનની વાત રજૂ કરી તેમના દોષો દર્શાવી દાર્શનિક રીતે 'અનેકાંત'ની સ્થાપના કરી ચૂક્યા છે. તેઓ ભિન્નાભિન્ન, નિત્યાનિત્ય એવી આત્મતત્ત્વની ઓળખાણ પ્રભુમુખે આપી શક્યા હોત, પરંતુ આનંદઘનજી કેવળ દાર્શનિક વાદ-વિવાદથી સંતોષ પામે એવા સાધક નથી, તેઓ સાધકને સાધનાના ગર્ભમાં પ્રવેશ કરાવવા ઈચ્છે છે. દાર્શનિક ભૂમિકામાં અટવાતા સાધકને દર્શનથી ઉપર લઈ જઈ શુદ્ધ અધ્યાત્મના ક્ષેત્રમાં વિહાર કરાવતી અનુભવયોગીની વાણીનો મધુરસ્પર્શ જુઓ;

'વલતું જગતગુરુ ઈણિ પરે ભાખેં,
પક્ષપાત સવિ છંડી
રાગદ્વેષ મોહ વરજિત, આતમ શું રઢ મંડી.' મુનિ.
'આતમધ્યાન કરે જો કોઉ, સો ફિરિ ઈણમાં નાવે,
વાગજાળ બીજું સહુ જાણે, એહ તત્ત્વ ચિત્તચાવે.' મુનિ.

સાધકના હૃદયની જીજ્ઞાસાના પ્રત્યુત્તરમાં પ્રભુ કહે છે; હે સાધક, આ કે તે મતનો પક્ષપાત છોડી દઈ, રાગદ્વેષ અને મોહથી વર્જિત એવા શુદ્ધ આત્મતત્ત્વની લગની લગાવ, રઢ માંડ. એનું જ એક પ્રણિધાન કર. આવા શુદ્ધ આત્માનું પ્રણિધાન કરનારા સાધક ફરી આ ચર્ચામાં આવતા નથી. તેઓ આત્મતત્ત્વની અનુપમ ચર્વણામાં ડૂબેલા હોવાથી, આ સર્વ દાર્શનિક વાતોને વાગ્જાળ–કેવળ ચર્ચારૂપ જ માને છે. આવો વિવેક કરી જેઓ આ કે તે પક્ષ ગ્રહણ ન કરતા આત્માના પક્ષને ગ્રહણ

કરનારને જ તત્ત્વજ્ઞાની કહીએ. આવા મુનિસુવ્રત પ્રભુની કૃપાથી (તત્ત્વજ્ઞાનને પ્રાપ્ત કરી) અંતે આત્માના શુદ્ધ આનંદઘન સ્વરૂપને પ્રાપ્ત કરી શકીએ.

૨૦મા સ્તવનમાં એક-એક દર્શનની પક્ષસાપેક્ષમર્યાદાઓ દર્શાવી છે, તો ૨૧મા સ્તવનમાં આ જ દર્શનો પરમાત્માના અંગરૂપ બની આત્મદર્શનમાં કઈ રીતે સહાયક બને છે, તેનું દર્શન કરાવ્યું છે.

કવિ આ સ્તવનના પ્રારંભમાં જ કહે છે; છ દર્શનને જિનેશ્વરદેવના અંગ જાણો. આ છ દર્શનની પ્રભુ અંગમાં સ્થાપના કરો. નમિનાથ ભગવાનના ઉપાસકો છ દર્શનની આરાધના કરનારા હોય છે.

સર્વપ્રથમ સાંખ્ય અને યોગદર્શનની વાત કરતા કવિ કહે છે; જિનેશ્વરદેવના ચરણકમળ સમા સાંખ્ય અને યોગ એ બે દર્શનને વખાણું છું. આ બન્ને દર્શનો આત્માની સત્તાનું વિવરણ કરી આત્માની સ્થાપના કરે છે, માટે તેઓ દેહમાં જેમ ચરણ (પગ) ગતિ કરવામાં આધારરૂપ હોય છે, એ રીતે આ ચરણો આત્માના સ્વીકાર કરવા દ્વારા સાધનાપ્રદેશમાં ગતિ કરાવે છે.

આત્માને પરમાત્માથી ભેદરૂપ એટલે નશ્વર માનતા સુગત (બૌદ્ધ) અને આત્માને અભેદરૂપ માનતા મીમાંસક જિનેશ્વરદેવના બે હાથો છે. બૌદ્ધદર્શનથી વૈરાગ્યનું પોષણ થાય છે, તો વેદાંતથી સિદ્ધસ્વરૂપ સાથેનું અનુસંધાન થાય છે. આ દર્શનની સમજણથી લોક અને અલોકનું સ્વરૂપ પણ સમજાય છે.

કવિ પાંચમા દર્શન તરીકે લોકાયતિકને જિનવરની કુક્ષિરૂપે સ્થાપે છે. લોકાયતિક શબ્દનો એક પ્રચલિત અર્થ નાસ્તિક છે. પરંતુ તેના અર્થ અંગે ઘણી મીમાંસા થઈ છે. 'લોકાયત' નામનું પુસ્તક પણ 'લોકાયત' શબ્દની અર્થવિચારણા માટે લખાયું છે. 'લોકાયત' શબ્દથી ગોશાલકનો નિયતિવાદથી માંડી લોકપ્રચલિત આચારો, ગણપતિ ઉપાસક મતો જેવા અર્થ સૂચવાયા છે. વળી, દેવગુરુ બૃહસ્પતિનો મત પણ 'લોકાયત' મત તરીકે સ્વીકૃત છે.

આનંદઘનજીને 'લોકાયત' શબ્દથી કયો અર્થ અભિપ્રેત હશે, એ નિશ્ચિત કરવું અઘરૂં છે. પરંતુ 'લોકાયત' શબ્દથી કેવળ નાસ્તિકથી વિશેષ ચોક્કસ કવિને અભિપ્રેત હોવું જોઈએ.

કવિ કહે છે કે, આ દર્શનની આ સ્થાપના, તે તે દર્શનમાં રહેલા અંશોને આધારે કરવી. અથવા, આ સર્વદર્શનોમાં જિનેશ્વરપ્રભુનું તત્ત્વ અંશતઃ રહેલું છે, એમ સમજીને સ્થાપના કરવી. આ તત્ત્વવિચાર અતિગૂઢ છે, અને અમૃતની ધારા સમાન છે, માટે યોગ્ય ગુરુગમથી જ આ વિચાર યથાર્થ રીતે સમજીને આ અમૃતધારા સમાન તત્ત્વવિચારને પી શકાય.

જૈનદર્શન એ જિનેશ્વરદેવનું ઉત્તમ અંગ છે, એટલે કે મસ્તક છે. તે બહિર્‌રંગ અને અંતરંગ એમ બે પ્રકારે છે. આ છ દર્શનના અક્ષરોનો એટલે કે તેના શાસ્ત્રવિચારોનો યોગ્ય રીતે સમન્વયપૂર્વક સ્થાપના (ન્યાસ) કરવા દ્વારા ઉત્તમ સાધક ગુરુ ભગવંતના માર્ગદર્શન અનુસાર સાધના કરે છે. આ જિનેશ્વરદેવ અનેકાંતમય હોવાથી સર્વદર્શનો સમાય છે. અન્ય દર્શનોમાં જિનેશ્વરદેવ હોય અથવા ન પણ હોય. સાગરમાં બધી જ નદી સમાય છે, પરંતુ નદીમાં સાગર સમાતો નથી. આ જિનેશ્વરદેવની આરાધના કરવા માટે જિનસ્વરૂપ થઈને આરાધના કરવી જોઈએ. જે રીતે ઈયળ ભમરીનો ચટકો પામી ભમરી બની જાય છે, અને આવી ભમરીને લોકો જુએ છે, એ જ રીતે સાધક જિનેશ્વરમાં તન્મય બની સાધના કરે તો જિનસ્વરૂપ થાય.

હવે કવિએ પ્રથમ જિનેશ્વરદેવમાં વિવિધ દર્શનોની સ્થાપના રજૂ કરી હતી. હવે સમયપુરુષ અથવા આગમપુરુષમાં વિવિધ અંગોની સ્થાપના દર્શાવે છે. કેવળ સૂત્રને આધારે અર્થ કરનાર એકાંતમાં સરી જાય છે. અનેકાંતદૃષ્ટિવાળા ચૂર્ણી, ભાષ્ય, નિર્યુક્તિ, વૃત્તિ અને અનુભવ તેમ જ પરંપરાના આ અંગો છે. આ અંગોને જે છેદે છે, તે દુર્ભવ્ય છે. આ આગમપુરુષ-સમયપુરુષના ધ્યાન માટે મુદ્રા[૧], બીજ ધારણા[૩] અક્ષર આદિનો ન્યાસ[૪], કરવાપૂર્વક તેમજ અર્થના વિનિયોગપૂર્વક આરાધના કરે તે માર્ગને યોગ્ય રીતે પામે છે, તે ક્રિયાઅવંચકપણું પામી છેતરાયા વગર મોક્ષમાર્ગને પામે છે.

આ સમગ્ર વાત માટે આનંદઘનજી જેવા મહાપુરુષ પણ કહે છે, 'હું શાસ્ત્રને આધારે વિચારીને બોલું છું. મને એવા સદ્‌ગુરુનો યોગ મળતો નથી. ક્રિયા કરવા છતાં પણ ઉપર વર્ણવી એવી અવંચક ધ્યાનની ક્રિયા સાધી શકાતી નથી, તેનો વિષાદ ચિત્તમાં વ્યાપ્ત થયેલ છે. એ માટે હે પ્રભુ ! તમારી આગળ ઊભો રહ્યો છું. હે પ્રભુ ! તમે મને તમારા આગમ (સમય) અનુસારના ચારિત્રરૂપ (ચરણસેવા) સેવા દેજો, કે જેમ કરીને આનંદઘનપદ પામીએ.'

આમ, આનંદઘનજીએ આ બે સ્તવનોમાં છયે દર્શનોની અનેકાંતની ભૂમિકાએ માંડણી કરી છે. પ્રથમ સ્તવનમાં વિવિધ દર્શનોની મર્યાદા દર્શાવી, દર્શનથી પર થઈ આત્મતત્ત્વની ઉપાસના પર ભાર મૂક્યો છે. બીજા સ્તવનમાં આ છ દર્શનોમાં રહેલા અમુકઅમુક તત્ત્વો આત્મદર્શનમાં કઈ રીતે સહાયક બની શકે, તે દર્શાવ્યું છે, એટલું જ નહિ એથી આગળ વધી સમયપુરુષ (આગમપુરુષ)ની ઉપાસનાને અનેકાંતમાર્ગમાં સ્થિરતા આપનારી દર્શાવી છે. વળી, આ કાળમાં આ સાધના દુર્લભ બની છે તેનો વિષાદ દર્શાવી અંતે પરમાત્માની ઉપાસના જ આ કાળમાં સહાયક છે, એવા ભાવ સાથે સમાપ્ત થાય છે. આ બન્ને સ્તવનોમાં આનંદઘનજીએ ભક્તિની સાથે અનેકાંતની ખૂબ સુંદર રીતે પ્રસ્થાપના કરી છે એટલું જ નહિ. અનેક માર્ગો જ્યાં અંત પામે એવા અધ્યાત્મતત્ત્વની સુંદર ભૂમિકા રચી આપે છે. ★

**પરિશિષ્ટ :૧.**

૧. મુદ્રા–મંત્રશાસ્ત્ર અનુસાર અમુક ચોક્કસ શારીરિક મુદ્રાઓમાં ધ્યાન ધરવું. ૨. બીજ–પ્રત્યેક મંત્રના મંત્રશાસ્ત્રાનુસાર બીજમંત્રો હોય છે. અથવા દેવી-દેવતાઓના પણ બીજતંત્ર હોય છે. ૩. ાારણા–મંત્રશાસ્ત્રોમાં તે તે મંત્રોની ધ્યાન કરવાની ચોક્કસ પદ્ધતિ હોય છે, તેની પૂર્વતૈયારી રૂપે ધારણા કરવામાં આવે છે. ૪. ન્યાસ–અંગ પર અમુક અમુક મંત્રાક્ષરોની સ્થાપના કરવી, તે રીતે મંત્રમય બની મંત્રની આરાધના કરવી. આ બન્ને ગાથાનો તાત્પર્યાર્થ એવો લાગે છે કે, જે રીતે અમુક મંત્રના ધ્યાનની આ પદ્ધતિઓ ઉપલબ્ધ છે, પરંતુ સમગ્ર આગમશાસ્ત્રોના ધ્યાન માટેની વિશિષ્ટ પદ્ધતિ માટેનો ગુરુગમ ઉપલબ્ધ નથી. વધુ રહસ્યાર્થ તો જ્ઞાની પુરુષો જ દર્શાવી શકે.

**સંદર્ભ સૂચિ :**


(૧) ભક્તિરસઝરણા–ખંડ-૧, સં. અભયસાગરજી મ.સા.
પ્રકાશક : પ્રાચીન શ્રુત રક્ષક સમિતિ, કપડવંજ (જિ. ખેડા)

(૨) આનંદઘન એક અધ્યયન–લે. ડૉ. કુમારપાળ દેસાઈ
પ્રકાશક : આદર્શ પ્રકાશન, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

(૩) લોકાયત

(૪) આનંદઘન ચોવીસી–મુનિશ્રી કુંદકુંદવિજયજી મ.સા. (પછીથી આચાર્ય કુંદકુંદસૂરીશ્વરજી મ.સા.)
ભક્તિ પ્રકાશન મંદિર, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

# સામાજિક સૌહાર્દ, સમરસતા ઔર અનેકાન્ત દૃષ્ટિ

☐ ડૉ. વીરસાગર જૈન

*[શ્રી લાલબહાદુર શાસ્ત્રી રાષ્ટ્રીય સંસ્કૃત વિદ્યાપીઠ ખાતે જૈન દર્શન વિભાગના અધ્યક્ષ છે. એ ઉપરાંત આ જ યુનિવર્સિટી ખાતે તેઓ 'ડીન' તરીકેની ભૂમિકા ભજવે છે. જૈન તત્ત્વજ્ઞાનના વિદ્વાન અને સંશોધનકર્તા ડૉ. વીરસાગરજી પાસેથી ૨૦ થી ૨૫ પુસ્તકો પ્રાપ્ત થયા છે. અહીં તેઓએ અનેકાન્ત દૃષ્ટિ સમજાવતો લેખ લખ્યો છે. ]*

જૈનદર્શન એક અત્યન્ત વ્યાવહારિક દર્શન હૈ. ઉસકે સિદ્ધાન્ત ન કેવલ પારમાર્થિક દૃષ્ટિ સે, અપિતુ લૌકિક યા વ્યાવહારિક દૃષ્ટિ સે ભી અત્યન્ત ઉપાદેય સિદ્ધ હોતે હૈં. યહી કારણ હૈ કિ આચાર્ય વિદ્યાનન્દ જૈસે અધ્યયનશીલ વિદ્વાન મુનિ ને ભી જૈનદર્શન કે સભી પ્રમુખ સિદ્ધાન્તોં કી સામાજિક/વ્યાવહારિક વ્યાખ્યા નિમ્ન પ્રકાર સે પ્રસિદ્ધ કી હૈ–

૧. આત્માનુશાસન – સ્વયં પર સ્વયં કા શાસન.
૨. અનેકાન્તવાદ – સબકે સાથ સમન્વય કી કલા.
૩. અહિંસાવાદ – કિસી કા મન વ્યર્થ મે મત દુખાઓ.
૪. અપરિગ્રહવાદ – અતિ લોભ ખતરે કી ઘણ્ટી હૈ.
૫. સ્યાદ્વાદ – પહલે તૌલો, ફિર બોલો.[૧]

જૈનદર્શન કે પ્રમુખ સિદ્ધાન્તોં કી ઉક્ત વ્યાખ્યા કો ઉન્હોંને 'વિશ્વ કલ્યાણ મેં ઉપયોગી શ્રેષ્ઠ જીવન–નિર્માણ કે પાંચ સૂત્ર' શીર્ષક દેકર સર્વત્ર પ્રચારિત કિયા હૈ. ઇસસે સિદ્ધ હોતા હૈ કિ જૈનદર્શન એક અત્યન્ત વ્યાવહારિક દર્શન હૈ ઔર ઉસકે સિદ્ધાન્ત આત્મકલ્યાણાર્થ હી નહીં, વિશ્વકલ્યાણાર્થ ભી અત્યન્ત ઉપયોગી હૈ.

આચાર્ય વિદ્યાનન્દ મુનિ કી ભાંતિ અન્ય ભી અનેક મનીષી ચિન્તકોં ને જૈનદર્શન ઔર ઉસકે સિદ્ધાન્તોં કી વ્યાવહારિકતા એવં લોકહિત મેં ઉપાદેયતા પર બડા હી સુન્દર પ્રકાશ ડાલા હૈ, પરન્તુ વિસ્તાર-ભય સે યહાં હમ ઉસકી વિશેષ ચર્ચા નહીં કર સકતે હૈં. માત્ર **સત્યદેવ વિદ્યાલંકાર** કા એક કથન ઉદ્ધૃત કર અપની બાત કો આગે બઢાતે હૈં. ઉનકા વહ કથન ઇસ પ્રકાર હૈ–

'જૈન ધર્મ કા સામ્યભાવ યા સમાજવાદ કેવલ માનવ સમાજ તક સીમિત નહીં હૈ. પ્રાણિમાત્ર ઉસકી પરિધિ મેં સમા જાતે હૈં. વહ વિપક્ષી કે લિએ ભી અપને હી સમાન ગુંજાઇશ રખતા હૈ. યદિ દૂસરે કે લિએ ગુંજાઈશ રખકર જીવન વ્યવહાર કિયા જાયે તો સંઘર્ષ કી સંભાવના નહીં રહતી... વ્યાવહારિક રૂપ મેં જૈનધર્મ કી ક્ષમતા અસીમ હૈ.'

આજ હમારા વિષય જૈનદર્શન કે એક અત્યન્ત પ્રમુખ સિદ્ધાન્ત અનેકાન્તવાદ કી સામાજિક સૌહાદ મેં ઉપયોગિતા પર ચિન્તન કરના હૈ. કહને કી આવશ્યકતા નહીં હૈ કિ ઇસકે લિએ સર્વપ્રથમ હમેં અનેકાન્તવાદ કા સમીચીન સ્વરૂપ સમઝના હોગા, તભી હમ ઉસકી સામાજિક સૌહાર્દ મેં ભૂમિકા કા નિર્ણય એવં વિચાર કર પાયેંગે.

**ક્યા હૈ અનેકાન્તવાદ કા સ્વરુપ–**

જૈનદર્શન કે અનુસાર ઇસ વિશ્વ કી સભી વસ્તુએં અનેકાન્તાત્મક હૈ, અનેકાન્તસ્વરુપ હૈં અર્થાત્ ઉનકા સ્વરુપ હી અનેકાન્ત હૈ. અનેકાન્ત કા અર્થ હૈ કિ ઉસમેં અનેક 'અન્ત' રહતે હૈં. 'અન્ત' કા અર્થ યહાં ધર્મ, ગુણ, વિશેષતા આદિ સમઝના ચાહિએ તથા 'અનેક' કા ભી અર્થ વૈસે તો અનેક (એકાધિક, બહુત, સંખ્યાત, અસંખ્યાત ઔર અનન્ત તક ભી) સમઝે જા સકતે હૈં; કિન્તુ યહાઁ રૂઢિવશાદ્ 'દો' હી ઔર વહ ભી પરસ્પર વિરુદ્ધ પ્રતીત હોને વાલે 'દો' હી ગ્રહણ કિએ જાયેં તો અધિક અચ્છા રહેગા, ઉસી સે અનેકાન્તવાદ કા સૌન્દર્ય અથવા વૈશિષ્ટ્ય ઉભરકર સામને આ સકેગા – ઐસા જૈનાચાર્યોં કા સ્પષ્ટ નિર્દેશ હૈ.

કહને કા તાત્પર્ય યહ હુઆ કિ વિશ્વ કી પ્રત્યેક વસ્તુ પરસ્પર વિરુદ્ધ પ્રતીત હોને વાલે દો-દો ધર્મોં કે અનન્ત યુગલોં કા નિવાસસ્થાન હૈં ઔર ઇસ લિએ વહ અનેકાન્તાત્મક યા અનેકાન્ત-સ્વરુપ હૈ. તથા ઇસ પ્રકાર વિશ્વ કી પ્રત્યેક વસ્તુ કો અનેકાન્ત-સ્વરુપ માનના અનેકાન્તવાદ હૈ ઔર ઉસે કહને યા સમઝને કે લિએ જિસ સમીચીન પદ્ધતિ કા આશ્રય લિયા જાતા હૈ, વહ સ્યાદ્વાદ હૈ.

અનેકાન્તવાદ કે સાથ સ્યાદ્વાદ કો ભી સમઝના પરમ આવશ્યક હૈ. દોનોં પરસ્પર અત્યન્ત સમ્બદ્ધ હૈં. અનેકાન્ત પ્રત્યેક વસ્તુ કો પરસ્પર વિરુદ્ધ અનન્ત ધર્મયુગલોં કા નિવાસ-સ્થાન ઘોષિત કરતા હૈ, કિન્તુ ઐસે જટિલ સ્વરુપ વાલી વસ્તુ કો સ્યાદ્વાદ કે બિના કહના યા સમઝાના સમ્ભવ નહીં હૈ, અતઃ સ્યાદ્વાદ અનેકાન્તાત્મક વસ્તુ કો સમીચીનતયા કહને યા સમઝને કી ઉત્તમ વિધિ હૈ, જો પ્રાયઃ ઇસ પ્રકાર કથન કરતી હૈ કિ – પ્રત્યેક વસ્તુ સ્યાત્ (કથંચિત્ / કિસી એક અપેક્ષા સે / અમુક અપેક્ષા સે) નિત્ય હૈ ઔર વહી વસ્તુ સ્યાત્ (કથંચિત્ / કિસી એક અપેક્ષા સે / અમુક અપેક્ષા સે) અનિત્ય ભી હૈ. અથવા – પ્રત્યેક વસ્તુ સ્યાત્ અસ્તિ હૈ, સ્યાત્ નાસ્તિ ભી હૈ. અથવા સ્યાત્ એક હૈ, સ્યાત્ અનેક ભી હૈ, ઇત્યાદિ.[૩]

અનેકાન્ત-સ્યાદ્વાદ યા યહ સિદ્ધાન્ત વસ્તુ-સ્વરુપ કો સમીચીનતયા સમઝને–સમઝાને મેં અત્યન્ત સમર્થ હોને સે દર્શન કે ક્ષેત્ર મેં તો બડા ઉપયોગી / મહત્ત્વપૂર્ણ માના હી જાતા હૈ; કિન્તુ વ્યક્તિ, પરિવાર, સમાજ, રાષ્ટ્ર ઔર યહાં તક કિ સમ્પૂર્ણ વિશ્વ મેં સુખ-શાન્તિ સ્થાપિત કરને કી દૃષ્ટિ સે ભી બડા હી મહત્ત્વપૂર્ણ ઔર ઉપાદેય સમઝા જાતા હૈ. ઇસ સમ્બન્ધ મેં જૈનાચાર્યો ને તો અપના દૃષ્ટિકોણ પ્રબલતાપૂર્વક હી હૈ, કિન્તુ દુનિયા ભર કે સમાજશાસ્ત્રિયોં ઔર રાજનીતિજ્ઞોં ને ભી ઇસ સંબંધ મેં અપને વિચાર મુક્ત-કંઠ સે રખે હૈં, જિનસે સિદ્ધ હોતા હૈ કિ સંપૂર્ણ વિશ્વ મેં વ્યાપ્ત ધર્માંધતા, સામ્પ્રદાયિકતા, અસહિષ્ણુતા, આતંકવાદ આદિ સભી સમસ્યાઓં કો સમાપ્ત કર સામાજિક સૌહાર્દ ઔર સમરસતા કા વાતાવરણ બનાને મેં અનેકાન્તદૃષ્ટિ અત્યન્ત સમર્થ હૈ. યહાં તક ભી કહા જા સકતા હૈ કિ એકમાત્ર અનેકાન્તદૃષ્ટિ હી ઇસકા સમીચીન ઉપાય હૈ, અમોઘ ઉપાય હૈ. પ્રમાણસ્વરૂપ હમ યહાં કતિપય જૈનાચાર્યોં ઔર વિશ્વ-પ્રસિદ્ધ દાર્શનિક, સામાજિક એવં રાજનીતિક ચિન્તકોં કે કથન / વિચાર ઉદ્ધૃત કર રહે હૈં. આશા હૈ, ઇનસે અનેકાન્તદૃષ્ટિ કી વ્યાવહારિક જીવન મેં ઉપયોગિતા ભલીભાંતિ સ્પષ્ટ હો સકેગી-

**તીન લોક કા અદ્વિતીય ગુરુ હૈ અનેકાન્તવાદ,**
**ઉસકે બિના લોકવ્યવહાર ભી નહીં ચલ સકતા–**

'તસ્યાનેકાન્તવાદસ્ય લિંગં સ્યાચ્છબ્દ ઉચ્યતે।
તદુક્તાર્થે બિના ભાવે લોકયાત્રા ન પ્રવર્તતે।।'[૪]

અર્થ-ઉસ અનેકાન્તવાદ કા ચિહ્ન 'સ્યાત્' શબ્દ હૈ. ઉસે કહે બિના લોક-યાત્રા ભી નહીં ચલ સકતી હૈ.

'જેણ વિણા લોગસ્સ વિ વવહારો સવ્વહા ણં ણિવ્વહઇ।
તસ્સ ભુવણેક્કગુરુણો ણમો અણેગંતવાયસ્સ।।'[૫]

અર્થ-જિસકે બિના લોકવ્યવહાર ભી બિલકુલ નહીં ચલ સકતા, ઉસ તીન લોક કે અદ્વિતીય ગુરુ અનેકાન્તવાદ કો મૈં નમસ્કાર કરતા હૂઁ.

**સર્વ વિવાદોં કા વિનાશક (સમાધાન) હૈ અનેકાન્તવાદ-**

'પરમારમસ્યજીવં નિષિદ્ધજાત્યન્ધસિન્ધુરવિધાનમ્।
સકલનયવિલસિતાનાં વિરોધમથનં નમામ્યનેકાન્તમ્।।[૬]

અર્થ-જો સંપૂર્ણ પરમાગમ કા પ્રાણ હૈ ઔર જિસમેં સભી નય ઇસ પ્રકાર વિલાસ કરતે હૈં કિ જન્માન્ધ વ્યક્તિયોં કે હસ્તિ-દર્શન સંબંધી વિવાદ કી ભાંતિ સર્વ વિવાદ સહજ હી સમાપ્ત હો જાતે હૈં, ઉસ અનેકાન્તવાદ કો મૈં નમસ્કાર કરતા હૂં.

**વિભિન્ન દૃષ્ટિકોણોં કે સમન્વય કી અદ્‌ભુત કલા સિખાકર શાન્તિ સ્થાપિત કરતા હૈ અનેકાન્તવાદ-**

'સ્યાદ્‌વાદ વિભિન્ન દૃષ્ટિકોણોં કા સમન્વય હમારે સામને ઉપસ્થિત કરતા હૈ. વહ અપને-અપને દૃષ્ટિકોણ કે અનુસાર વસ્તુ કે સ્વરૂપ કો માનકર પરસ્પર મેં વિવાદ કરને વાલે લોગોં મેં સમઝૌતા કરાને મેં સમર્થ હૈ. આજ સંસાર મેં સર્વત્ર ત્રાહિ-ત્રાહિ કી પુકાર સુનાઈ પડતી હૈ. અશાંતિ સે ત્રસ્ત માનવ શાંતિ કી અભિલાષા કરતે હૈં, લેકિન ઉનકો પૂર્ણ શાંતિ નહીં મિલતી. શાંતિ કા યથાર્થ ઉપાય હૈ–વિભિન્ન દ્રષ્ટિકોણોં કા સમન્વય યા એકીકરણ. કિસી ભી વસ્તુ કો યદિ પૂર્ણ રુપ સે સમઝના હૈ તો ઇસકે લિએ વિભિન્ન દૃષ્ટિકોણોં સે ઉસકા નિરીક્ષણ કરના આવશ્યક હૈ ક્યોંકિ ઐસા કિએ બિના; વસ્તુ કા પૂર્ણ રૂપ સમઝ મેં નહીં આ સકતા. કિસી ભી બાત પર વિભિન્ન દૃષ્ટિકોણોં સે વિચાર કરને કા નામ હી સ્યાદ્વાદ હૈ ઔર એક દૃષ્ટિકોણ સે કિસી વિષય પર વિચાર કરના એકાન્તવાદ હૈ. એકાન્તવાદી અપને દૃષ્ટિકોણ સે સ્થિર કિએ હુએ સત્ય કો પૂર્ણ સત્ય માનકર અન્ય લોગોં કે દૃષ્ટિકોણ કો મિથ્યા બતલાતે હૈં. મતભેદોં તથા સંઘર્ષોં કા કારણ યહી એકાન્ત દૃષ્ટિ હૈ. જૈનદર્શન કા સ્યાદ્વાદ સિદ્ધાન્ત ભિન્ન-ભિન્ન મતભેદોં કો દૂર કરને મેં સર્વથા સમર્થ હૈ.'[૭]

**–પ્રો. ઉદયચન્દ જૈન, વારાણસી**

**વિરોધી સે પ્યાર કરને કી અદ્‌ભુત કલા સિખાતા હૈ અનેકાન્તવાદ-**

'જિસ પ્રકાર મેં સ્યાદવાદ કો જાનતા હૂં ઉસી પ્રકાર ઉસકો માનતા ભી હૂઁ. મુઝે યહ અનેકાન્ત બડા પ્રિય હૈ....પહલે મેં માનતા થા કિ મેરે વિરોધી અજ્ઞાન મેં હૈં. આજ મૈં. વિરોધિઓં સે પ્યાર કરતા હૂઁ. ક્યોંકિ અબ મૈ વિરોધિયોં કી દૃષ્ટિ સે અપને કો દેખ સકતા હૂઁ. મેરા અનેકાન્તવાદ સત્ય ઔર અહિંસા ઇન્હીં યુગલ સિદ્ધાન્તોં કા પરિણામ હૈ.'[૮]

**-મહાત્મા ગાંધી**

**સામ્પ્રદાયિકતા, ધર્માન્ધતા, અસહિષ્ણુતા આદિ અનેક સમસ્યાઓં કા સમાધાન હૈ અનેકાન્તવાદ–**

'જૈનાચાર્યોં કી યહ વૃત્તિ અભિનન્દનીય હૈ કિ ઉન્હોંને ઈશ્વરીય આલોક કે નામ પર અપને ઉપદેશોં મેં હી સત્ય કા એકાધિકાર નહીં બતાયા. ઇસકે ફલસ્વરૂપ ઉન્હોંને સામ્પ્રદાયિકતા ઔર ધર્માન્ધતા કે દુર્ગુણોં કો દૂર કર દિયા, જિસકે કારણ માનવ-ઇતિહાસ ભયંકર દ્વન્દ્વ ઔર રક્તપાત કે દ્વારા કલંકિત હુઆ. અનેકાન્તવાદ અથવા સ્યાદ્વાદ વિશ્વ કે દર્શનોં મેં અદ્વિતીય હૈં..... સ્યાદ્વાદ સહિષ્ણુતા ઔર ક્ષમા કા પ્રતીક હૈ; કારણ વહ યહ માનતા હૈ કિ દૂસરે વ્યક્તિ કો ભી કુછ કહના હૈ. સમ્યગ્દર્શન ઔર સ્યાદ્વાદ કે સિદ્ધાંત ઔદ્યોગિક પદ્ધતિ દ્વારા પ્રસ્તુતિ કી ગઈ જટિલ સમસ્યાઓં કો સુલઝાને મેં અત્યધિક કાર્યકારી હોંગે.'[૯]

-ડૉ. એસ. વી. નિયોગી, ભૂતપૂર્વ ચીફ જસ્ટિસ
તથા કુલપતિ, નાગપુર વિશ્વવિદ્યાલય

**લોકદૃષ્ટિ સે ભી બડા ઉપયોગી હૈ અનેકાન્તવાદ**

'જૈનોં કે અનેકાન્ત કો કુછ આસ્તિક દર્શનોં મેં છલ કી સંજ્ઞા દી ગઈ હૈ; કિન્તુ યહ ઠીક નહી હૈ.... અનેકાન્તવાદ સંશય કા હેતુ ભી નહીં હૈ, ક્યોંકિ સપ્તભંગી નય મેં સમઝાયા ગયા હૈ કિ પ્રત્યેક પદાર્થ મેં સ્વ-સ્વરુપ ઔર પર-સ્વરુપ કે વિશેષોં કી ઉપલબ્ધિ હોતી હૈ. ઇસ દૃષ્ટિ સે અનેકાન્તવાદ મેં સંશય કી કોઈ ગુંજાઇશ નહીં હૈ. ઇસકે અતિરિક્ત વહ તો લોકદૃષ્ટિ સે જિતના ઉપયોગી હૈ વિચાર કી દૃષ્ટિ સે ભી ઉતના હી ઉપયોગી હૈ.'[૧૦]

**-ડૉ. વાચસ્પતિ ગૈરોલા**

**નૈતિક ઉત્કર્ષ ઔર વ્યાવહારિક શુદ્ધિ કે લિએ ભી અત્યન્ત આવશ્યક હૈ અનેકાન્તવાદ–**

'પાણિનિ સૂત્ર 'અસ્તિ નાસ્તિ દિષ્ટં મતિઃ' (પા. ૪/૪/૩૦) કે અનુસાર જૈનદર્શન આસ્તિક દર્શન મેં હી પરિગણિત હોતા હૈ. જૈનદર્શન કા અનેકાન્ત તો ઉસકા આધાર-સ્તમ્ભ હૈ હી, પરંતુ પરમાર્થતઃ પ્રત્યેક દાર્શનિક વિચારધારા કે લિએ ભી ઇસકો આવશ્યક માનના ચાહિએ ક્યોંકિ સ્વભાવતઃ પ્રત્યેક તત્ત્વ મેં અનેકરુપતા હોની હી ચાહિએ. નૈતિક ઉત્કર્ષ કે સાથ વ્યાવહારિક શુદ્ધિ કે લિએ ભી અનેકાન્ત દર્શન જૈનદર્શન કી મહાન દેન હૈ.'[૧૧]

**- ડૉ. મંગલ દેવ શાસ્ત્રી**

**સ્યાદ્વાદ સે સર્વ સત્ય વિચારોં કા દ્વાર ખુલ જાતા હૈ-**

'જૈનદર્શન કે સિદ્ધાન્ત પ્રાચીન તત્ત્વજ્ઞાન તથા ધાર્મિક પદ્ધતિ કે અભ્યાસિયોં કે લિએ બહુત મહત્ત્વપૂર્ણ હૈ. ઇસકે સ્યાદ્વાદ નામક સિદ્ધાન્ત સે સર્વ સત્ય વિચારોં કા દ્વાર ખુલ જાતા હૈ.'[૧૨]

**-જર્મન વિદ્વાન હર્મન જૈકોબી**

**અનેકાન્તવાદ કો જિતના શીઘ્ર અપનાયા જાએગા
ઉતની હી શીઘ્ર વિશ્વ મેં શાન્તિ સ્થાપિત હોગી–**

'ઇસમેં કોઈ સન્દેહ નહી કિ અનેકાન્ત કા અનુસંધાન ભારત કી અહિંસા-સાધના કા ચરમ ઉત્કર્ષ હૈ ઔર સારા સંસાર ઇસે જિતની હી શીઘ્ર અપનાએગા, વિશ્વ મેં શાન્તિ ભી ઉતની હી શીઘ્ર સ્થાપિત હોગી.'[૧૩]

**-રામધારી સિંહ દિનકર**

**અનેકાન્ત દૃષ્ટિ હી પૂર્ણ એવં યથાર્થ દૃષ્ટિ હૈ–**

'સબ ધર્મોં મેં એક પરમતત્ત્વ કા હી ગુણગાન હૈ, ઔર સબ દર્શનોં ને ભિન્ન-ભિન્ન શૈલી સે ઉસ પરમતત્ત્વ કા વિવેચન કિયા હૈ, પરન્તુ સ્યાદ્વાદ શૈલી સંપૂર્ણ એવં યથાર્થ હૈ.'[૧૪]

**-શ્રીમદ્ રાજચન્દ્ર**

'ઇસી પ્રકાર કે વિચાર મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઇન્સ્ટીન ને

ભી પ્રકટ કિએ હૈં-હમ કેવલ સાપેક્ષ સત્ય કો હી જાન સકતે હૈં. વસ્તુ કે સમગ્ર સત્યાંશો કો વિશ્વદ્રષ્ટા હી જાન સકતા હૈ. કારણ કિ વસ્તુ મેં અનેક ગુણ રહતે હૈં ઔર યે સ્યાદ્વાદ સે હી અલ્પજ્ઞાની દ્વારા જાને જા સકતે હૈં।'[૧૫]

**ભૌતિક એકતા ઔર વિશ્વ શાંતિ કે લિએ અત્યધિક ઉપયોગી હૈ અનેકાન્તવાદ-**

'અનેકાન્ત જૈનદર્શન કા એક મહત્ત્વપૂર્ણ સિદ્ધાન્ત હૈ જિસકો પશ્ચિમી વૈજ્ઞાનિકોં તથા હિન્દુ તર્કશાસ્ત્રિયોં દ્વારા સામાન્યરૂપ સે હી નહીં સ્વીકૃત કિયા ગયા હૈ કિન્તુ ઉસકો ભૌતિક એકતા યા સમઝૌતે દ્વારા વિશ્વશાન્તિ કે લિએ ભી પ્રમુખ સિદ્ધાંત માના ગયા હૈ.'[૧૬]

**વિચાર-સહિષ્ણુતા ઔર સહ-અસ્તિત્વ કી ભાવના જાગૃત કરતા હૈ અનેકાન્તવાદ-**

'અનેકાન્તદૃષ્ટિ સે વિચારસહિષ્ણુતા ઔર પરમસન્માન કી વૃત્તિ જગ જાને પર મન દૂસરે કે સ્વાર્થ કો અપના સ્વાર્થ માનને કી ઓર પ્રવૃત્ત હોકર સમઝૌતે કી ઓર સદા ઝુકને લગતા હૈ. જબ ઉસકે સ્વાધિકાર કે સાથ હી સાથ સ્વકર્તવ્ય કા ભી ભાવ ઉદિત હોતા હૈ, તબ વહ દૂસરે કે આન્તરિક મામલોં મેં જબરદસ્તી ટાઁગ નહીં અડાતા... પં. જવાહરલાલ નેહરૂ ને વિશ્વશાન્તિ કે લિએ જિન પંચશીલ સિદ્ધાન્તોં કા ઉદ્‌ઘોષ કિયા હૈ ઉનકી બુનયાદ અનેકાન્તદૃષ્ટિ–સમઝૌતે કિ વૃત્તિ, સહ-અસ્તિત્વ કી ભાવના, સમન્વય કે પ્રતિ નિષ્ઠા ઔર વર્ણ–જાતિ-રંગ આદિ કે ભેદોં સે ઉપર ઉઠકર માનવ માત્ર કે સમઅભ્યુદય કી કામના પર હી તો રખી ગઈ હૈ.'[૧૭]

**-ડૉ. મહેન્દ્ર કુમાર ન્યાયાચાર્ય**

**એકાન્તવાદી માનસિક રૂપ સે વિકલાંગ હોતા હૈ-**

'વિકલાંગ દો પ્રકાર કે હોતે હૈં-શારીરિક ઔર માનસિક. જો એકાન્તવાદી હોતે હૈં વે માનસિક વિકલાંગ હોતે હૈં. અનેકાન્તવાદી હી પૂર્ણ યા સર્વાંગ હો સકતા હૈ ઔર વહી દૂસરોં કી ભી વિકલાંગતા મિટા શકતા હૈ.'[૧૮]

**–પ્રો. વાચસ્પતિ ઉપાધ્યાય**

**વચન-શુદ્ધિ કા એકમાત્ર ઉપાય હૈ અનેકાન્ત સ્યાદ્વાદ–**

'જૈનદર્શન કા સ્યાદ્વાદ સિદ્ધાન્ત વસ્તુતઃ બોલને કી કલા કા હી ચરમ વિકાસ હૈ. સ્યાદ્વાદ કે અવલમ્બન બિના કભી કોઈ અચ્છા બોલ હી નહીં સકતા, ક્યોંકિ ઉસકે બિના સચ્ચા બોલા નહીં જા સકતા. જો સચ્ચા ન હો વહ કૈસા ભી હો, અચ્છા નહીં હો સકતા, અતઃ અચ્છા વ સચ્ચા બોલને કે લિએ સ્યાદ્વાદ કા અવલમ્બન અનિવાર્ય હૈ. વસ્તુતઃ અનન્તધર્માત્મક જટિલ વસ્તુ કો સ્યાદ્વાદ કે બિના બોલને કી કોભી કોશિશ ઠીક સે હો હી નહીં સકતી.'

**- પ્રાકૃતવિદ્યા**

**આતંકવાદ કહતા હૈ-મરો ઔર મારો,**
**અનેકાન્તવાદ કહતા હૈ-જીઓ ઔર જીને દો-**

એકાન્તદૃષ્ટિ આતંકવાદ હૈ. ઉસમેં પર-સહિષ્ણુતા નહીં હોતી. ઉસકા સિદ્ધાન્ત હી હોતા હૈ- 'મરો ઔર મારો'. કિન્તુ અનેકાન્તદૃષ્ટિ કા સિદ્ધાન્ત હૈ-'જીઓ ઔર જીને દો'. વહ સભી કો અપને સાથસાથ પર કા ભી ધ્યાન રખના સિખાતી હૈ. મતભેદ હોતે હુએ ભી મનભેદ ન રખને કી અદ્‌ભુત કલા કા વિકાસ અનેકાન્તદૃષ્ટિ સે હી હોતા હૈ. અતઃ એકાન્તદૃષ્ટિ આગ્રહપૂર્ણ હોને સે વિવિધ વિવાદોં કો જન્મ દેકર સર્વત્ર અશાન્તિ કા વાતાવરણ ઉત્પન્ન કરતી હૈ ઔર અનેકાન્તદૃષ્ટિ સર્વવિવાદોં કો સમુચિતરૂપ સે સુલઝાકર સર્વત્ર શાન્તિ કી સ્થાપના કરતી હૈ. અન્ત મેં મૈં અપની બાત શ્રદ્ધેય પ. ચૈનસુખદાસજી ન્યાયતીર્થ કે હી એક મહત્ત્વપૂર્ણ કથન કે સાથ પૂર્ણ કરતા હૂં :

'દુનિયા મેં બહુત સે વાદ હૈં, સ્યાદ્વાદ ભી ઉનમેં સે એક હૈ, પર વહ અપની અદ્‌ભુત વિશેષતા લિએ હુએ હૈં. દૂસરે વાદ વિવાદોં કો ઉત્પન્ન કર સંઘર્ષ કી વૃદ્ધિ કે કારણ બન જાતે હૈં તબ સ્યાદ્વાદ જગત કે સારે વિવાદોં કો મિટા કર સંઘર્ષ કો વિનષ્ટ કરને મેં હી અપના ગૌરવ પ્રકટ કરતા હૈ. સ્યાદ્વાદ કે અતિરિક્ત સબ વાદોં મેં આગ્રહ હૈ ઇસલિએ ઉનમેં સે વિગ્રહ ફૂટ પડતે હૈં, કિન્તુ સ્યાદ્વાદ તો નિરાગ્રહ વાદ હૈ, ઉસમેં કહીં ભી આગ્રહ કા નામ નહીં હૈં. યહીં કારણ હૈ કિ ઇસમેં કિસી ભી પ્રકાર કે વિગ્રહ કા અવકાશ નહીં હૈ.'[૨૦]

★

**સંદર્ભ સૂચિ :**


૧. કુન્દકુન્દ ભારતી શોધ સંસ્થાન નઈ દિલ્લી કે પ્રવેશદ્વાર પર પ્રચારિતપ્રસારિત.

૨. બાબુ છોટે લાલ જૈન અભિનન્દન ગ્રન્થ (કલકત્તા) મેં પ્રકાશિત ઉનકે લેખ સે.

૩. 'યેદવ તત્ તદેવ અતત્ યદેવૈકં તદેવાનેક, યદેવ સત્ તદેવાસત્, યદેવ નિત્યં તદેવાનિત્યમિત્યેકવસ્તુત્વનિષ્પાદકપરસ્પર વિરુદ્ધશક્તિદ્વયપ્રકાશનનમનેકાન્ત.' આચાર્ય અમૃચન્દ, સમયસારટીકા, પરિશિષ્ટ.

૪. આચાર્ય જટાસિહનન્દિ, વરાંગચરિત્ર, ૨૬/૮૩

૫. આચાર્ય સિદ્ધસેન સન્મતિસૂત્ર-૩/૬૯

૬. આચાર્ય અમૃતચન્દ, પુરુષાર્થસિદ્ધિ-ઉપાય, શ્લોક-૨.

૭. અનેકાન્ત ઔર સ્યાદ્વાદ (ગણેશ વર્ણી સંસ્થાન, વારાણસી), પૃષ્ઠ ૧૯

૮. જૈન ધર્મ, અહિંસા ઔર મહાત્મા ગાંધી (કુંદકુંદ ભારતી, નઈ દિલ્હી)

૯. પ્રાકૃતવિદ્યા, અપ્રૈલ-દિસમ્બર-૨૦૦૮, પૃષ્ઠ-૧૫૫

૧૦. ભારતીય દર્શન, પૃષ્ઠ-૧૧૪

૧૧. જૈન દર્શન (મહેન્દ્ર કુમાર ન્યાયાચાર્ય), પ્રાક્કથન, પૃષ્ઠ ૧૪

૧૨. સ્યાદ્વાદ (પં. જવાહરલાલ શાસ્ત્રી), પૃષ્ઠ ૨૪૯

૧૩. સંસ્કૃતિ કે ચાર અધ્યાય, પૃષ્ઠ ૧૩૭

૧૪. શ્રીમદ્ રાજચન્દ્ર, ભાગ-૧, પૃષ્ઠ : ૨૪૫

૧૫. સ્યાદ્વાદ (પં. જવાહરલાલ શાસ્ત્રી), પૃષ્ઠ-૨૪૯

૧૬. આચાર્ય શિવસાગર સ્મૃતિ ગ્રન્થ, પૃષ્ઠ ૫૪૬

૧૭. જૈન દર્શન (ગણેશ વર્ણી સંસ્થાન, વારાણસી) પૃષ્ઠ ૪૭૪

૧૮. જૈન સમાજ ગ્રીન પાર્ક નઈ દિલ્લી દ્વારા આયોજિત વિકલાંગ સહાયતા શિબિર મેં.

૧૯. પ્રાકૃતવિદ્યા (અપ્રૈલ-દિસમ્બર-૨૦૦૮) કવર પૃષ્ઠ-૨

૨૦.પ્રાકૃતવિદ્યા (અપ્રૈલ-દિસમ્બર-૨૦૦૮) પૃષ્ઠ-૧૧૧

# અનેકાન્ત, સ્યાદ્વાદ એવં સપ્તભંગી: એક સંક્ષિપ્ત વિવેચન

□ ડૉ. વીરસાગર જૈન

અનેકાન્ત, સ્યાદ્વાદ એવં સપ્તભંગી-ઇન તીનોં કે પારસ્પરિક સંબંધ કે વિષય મેં લોગોં કો બડા ભ્રમ રહતા હૈ, યહાઁ ઉસે સંક્ષેપ મેં સ્પષ્ટ કરને કા પ્રયાસ કિયા જા રહા હૈ.

**નેકાન્ત** કા અર્થ હૈ-અનેક (અનન્ત) ધર્મ/ગુણ વાલી વસ્તુ. જૈનદર્શન એક અનુસાર સભી વસ્તુએં અન્નત ધર્મ/ગુણ વાલી હૈં, અનન્ત ધર્માત્મક હૈં, અતઃ અનેકાન્તસ્વરૂપ હૈં. જૈનદર્શન કો ઇસીલિએ અનેકાન્તવાદી કહતે હૈં, ક્યોંકિ વહ પ્રત્યેક વસ્તુ કો અનન્તધર્માત્મક માનતા હૈ. અનન્તધર્માત્મક કા અર્થ ભી માત્ર ઇતના હી નહીં હૈ કિ ઉસમેં અનન્ત ધર્મ રહતે હૈં, બલ્કિ યહ હૈ કિ ઉસમેં ઐસે અનેક ધર્મ-યુગલ રહતે હૈં જો પરસ્પર વિરુદ્ધ ભી પ્રતીત હોતે હૈં.

અબ સ્યાદ્વાદ કા અર્થ સમજતે હૈં – અનેકાન્તાત્મક વસ્તુ કો કહને કી એક વિશેષ પદ્ધતિ જિસમેં હર એક વાક્ય કો 'સ્યાત્' કો લગાકર બોલા જાતા હૈ, સ્યાદ્‌વાદ કહેલાતી હૈ. 'સ્યાત્' પદ લગાને સે કથન મેં દોષ નહીં રહતા ઔર સમગ્ર વસ્તુ-સ્વરુપ કા સમીચીન પરતિપાદન હો જાતા હૈ.

ઇસ પ્રકાર હમ દેખતે હૈં કિ અનેકાન્ત વસ્તુ કા સ્વરૂપ હૈ ઔર સ્યાદ્વાદ ઉસે કહને કી પદ્ધતિ/શૈલી હૈ. દૂસરો શબ્દોં મેં, અનેકાન્ત વાચ્ય હૈ ઔર સ્યાદ્વાદ વાચક હૈ.

અબ પ્રશ્ન હૈ કિ **સપ્તભંગી** ક્યા હૈ?

**ઉત્તર**-અનેકાંત કહતા હૈ કિ પ્રત્યેક વસ્તુ મેં અનન્ત ધર્મ રહતે હૈં. સ્યાદ્વાદ કહતા હૈ કિ – ઉન્હેં સદા સ્યાત્ લગા કર હી કહો, તાકિ ઉસ સમય ઉસકે અન્ય પ્રતિપક્ષી ધર્મ ભી ગૌણ રુપ સે પ્રતિપાદિત હો સકેં, ઉનકા અબાવ ન હો પાયે. કિન્તુ સપ્તભંગ સિદ્ધાન્ત ઔર આગે બઢકર કહતા હૈ કિ વે પ્રત્યેક ધર્મ-યુગલ વાસ્તવ મેં સાત સાત ભંગ વાલે હૈં. યદ્યપિ ઉસકે મૂલ ભંગ દો હી કહે જાતે હૈં, પર યદિ બારીકી મેં જાએંગે તો ઉસકે સાત સાત ભંગ બનેગેં. ઇસે હી સપ્તભંગી કહતે હૈં. ઉદાહરણાર્થ-વસ્તુ મેં અસ્તિ-નાસ્તિ, એક-અનેક, ભેદ- અભેદ, નિત્ય-અનિત્ય આદિ અનન્ત ધર્મયુગલ હૈં. ઇનમેં સ્યાદ્વાદ તો માત્ર ઇતના કહકર ચુપ હો જાએગા કિ વહ સ્વચતુષ્ટય કી અપેક્ષા અસ્તિ હૈ ઔર પર સ્વચતુષ્ટય કી અપેક્ષા નાસ્તિ હૈ, કિન્તુ સપ્તભંગવાદ અભી આગે કી જિજ્ઞાસા કા ભી સમાધાન કરેગા, જો સાત પ્રકાર સે હોતી હૈ. યથા-

પ્રથમ ભંગ-સ્યાત્ અસ્તિ–વસ્તુ સ્વચતુષ્ટય સે હૈ.

દ્વિતીય ભંગ-સ્યાત્ નાસ્તિ–વહી વસ્તુ પરમચતુષ્ટય સે નહીં હૈ.

તૃતીય ભંગ-સ્યાત્ અસ્તિનાસ્તિ–યુગપદ્ દોનોં હૈં.

ચતુર્થ ભંગ-સ્યાત્ અવક્તવ્ય–યુગપદ્ કહ નહીં સકતે.

પચ્ચમ ભંગ-સ્યાત્ અસ્તિ અવક્તવ્ય–સ્વચતુષ્ટય સે અસ્તિ હૈ, યુગપદે નહીં કહ સકતે.

ષષ્ઠ ભંગ- સ્વાત્ નાસ્તિ અવક્તવ્ય- પરચતુષ્ટય સે નાસ્તિ હૈ, યુગપદે નહીં કટ સકતે.

સપ્તમ ભંગ-સ્યાત્ અસ્તિ-નાસ્તિ અવક્તવ્ય–ક્રમશઃ કહ સકતે હૈં, યુગપદ્ નહીં કહ સકતે.

જિસ પ્રકાર યહાઁ અસ્તિત્વ-નાસ્તિત્વ–ઇસ ધર્મયુગલ પર સપ્તભંગી ઘટિત કરકે બતાઈ હૈ, ઉસીપ્રકાર સભી ધર્મયુગલોં પર ઘટિત કર લેના ચાહિએ. યહી સપ્તભંગી સિદ્ધાન્ત હૈ.

ઇસપ્રકાર હમ કહ સકતે હૈં કિ સપ્તભંગી વસ્તુતઃ કોઈ અલગ સિદ્ધાન્ત નહીં હૈ, અપિતુ સ્યાદ્વાદ કા હી પૂર્ણ વિસ્તાર હૈ. સ્યાદ્વાદ એક ધર્મ કો ઉસકે એક અપર ધર્મ કે સાથ અવિરોધ ભાવ સે સમઝાતા હૈ, કિન્તુ સપ્તભંગવાદ ઉસે ઔર અધિક ખોલકર ઉસકે જો સાત આયામ (ભંગ) બન સકતે હૈં, ઉન સબકો ઉનકી અપેક્ષા (વિવક્ષા) સમઝાતે હુએ અવિરોધભાવ સે સમઝાતા હૈ.

ધ્યાન રહે, સપ્તભંગ સિદ્ધાન્ત એક ધર્મ કે સાત ભંગ નહીં પ્રસ્તુત કરતા, બલ્કિ ધર્મયુગલ કે સાત રંગ પ્રસ્તુત કરતા હૈ. સ્યાદ્વાદ ઔર સપ્તભંગ મેં અન્તર હી યહ હૈ કિ સ્યાદ્વાદ તો ઉસકે એક અપર પક્ષ કો હી દિખાને સે બન જાતા હૈ, પરન્તુ સપ્તભંગવાદ ઉસમેં સાત ભંગ મુખ્ય-ગૌણ વિવક્ષા સે સિદ્ધ કરતા હૈ.

**પ્રશ્ન**-તો ફિર પ્રત્યેક વસ્તુ મેં અનન્ત સપ્તભંગી કૈસે કહી ગઈ હૈ?

**ઉત્તર**-પ્રત્યેક વસ્તુ મેં અનન્ત ધર્મયુગલ રહતે હૈં ઔર સભી કી વિધિ-નિષેધ રુપ મૂલ દો ભંગોં સે અનન્ત સપ્તભંગિયાં બન સકતી હૈં, અતઃ અનન્ત સપ્તભંગી કહી ગઈ હૈ. યહી કારણ હૈ કિ સપ્તભંગી કો અનેક વિદ્વાનોં ને વિધિ-નિષેધ-કલ્પના મૂલક પદ્ધતિ કહા હૈ. આચાર્યોં ને ભી સપ્તભંગી કી યહી પરિભાષા દી હૈ--'એકસ્મિન્ વસ્તુનિ પ્રશ્નવશાદ્ દૃષ્ટેનેષ્ટેન ચ પ્રમાણેનાવિરુદ્ધા વિધિપ્રતિષેધવિકલ્પના સપ્તભંગી વિજ્ઞેયા।।' અકલંક, રાજવાર્તિક ૧/૬/૫

**પ્રશ્ન**-સપ્તભંગી દો પ્રકાર કી કહી જાતી હૈ--પ્રમાણ-સપ્તભંગી ઔર નય-સપ્તભંગી. ઉનમેં ક્યા અન્તર હૈ?

**ઉત્તર**-પ્રમાણ-સપ્તભંગી ઔર નય-સપ્તભંગી મેં લગભગ વહી અંતર હૈ જો પ્રમાણ ઔર નય મેં હોતા હૈ. પ્રમાણ પૂર્ણ વસ્તુ કા ગ્રાહક હોતા હૈ ઔર નય ઉસકે એક દેશ કા. ઉસી પ્રકાર જિસ સપ્તભંગી સે પૂરી વસ્તુ કા પ્રતિપાદન કિયા જાય ઉસે પ્રમાણસપ્તભંગી કહતે હૈં ઔર જિસ સપ્તભંગી સે વસ્તુ કે એક દેશ કા પ્રતિપાદન કિયા જાય ઉસે નય-સપ્તભભંગી કહતે હૈં.

ઉદાહરણાર્થ-'સ્યાત્ જીવઃ'–યહ પ્રમાણ-સપ્તભંગી કા પ્રથમ ભંગ કહલાયેગા, ક્યોંકિ યહ પૂરી વસ્તુ કા પ્રતિપાદન કર રહા હૈ, કિન્તુ 'સ્યાત્ અસ્તિ'–યહ નય-સપ્તભંગી કા પ્રથમ ભંગ કહલાયેગા, ક્યોંકિ યહ વસ્તુ કે એક દેશ કા પ્રતિપાદન કર રહા હૈ.

**પ્રશ્ન**-'સ્યાત્ સત્' – યહ પ્રમાણ-સપ્તભંગી કા પ્રથમ ભંગ હૈ યા નય-સપ્તભંગી કા?

**ઉત્તર**-બહુત અચ્છા પ્રશ્ન કિયા. ઇસમેં લોગોં કો બડા ભ્રમ હોતા હૈ. 'સત્' શબ્દ ગુણવાચક ભી હૈ ઔર દ્રવ્યવાચક ભી. જબ દ્રવ્યવાચક હોતા હૈ તો ઉસે પ્રમાણ-સપ્તભંગી સમઝના ચાહિએ ઔર જબ ગુણવાચક હોતા હૈ તો ઉસે નય-સપ્તભંગી સમઝના ચાહિએ.

ઇસ પ્રકાર અનેકાન્ત, સ્યાદ્વાદ ઔર સપ્તભંગ સિદ્ધાન્ત કા અન્તર સંક્ષેપ મેં સ્પષ્ટ કિયા ગયા. વિશેષ જિજ્ઞાસુઓં કો અન્ય બડે ગ્રન્થોં કા અધ્યયન કરના ચાહિએ.

★

# આગમની દૃષ્ટિએ અનેકાન્તવાદ

☐ વર્ષા શાહ

*[ રિસર્ચ આસિસ્ટન્ટ અને જૈનોલોજી કૉર્સના પ્રાધ્યાપિકા તરીકે કે. જે. સોમૈયા સેન્ટર ફોર સ્ટડીઝ ઈન જૈનિઝમ સાથે જોડાયેલા છે. આ ક્ષેત્રમાં સતત સંશોધન અને મનન કરે છે. પ્રસ્તુત લેખમાં તેમણે આગમ અને અનેકાન્તવાદનો સંદર્ભ કઈ રીતે જોડાયેલો છે, તે લખ્યું છે. ]*

'जेण विणा लोगस्स वि, ववहारो सव्वहा न निव्वहइ।
तस्स भवणेक्कगरुणो णमो अणेगंतवायस्स।।'
સિદ્ધસેન દિવાકર સન્મતી તર્ક, (૩/૬૯)

ભાવાર્થ: જેના વિના આ જગતનો વ્યવહાર બિલકુલ ચાલી ન શકે એવા ત્રણ લોકના એક માત્ર ગુરુ સમાન અનેકાન્તવાદને નમસ્કાર.

જૈન પરંપરામાં વસ્તુદર્શનના અને દૃષ્ટ વસ્તુના પ્રતિપાદન માટે અન્યત્ર જોવા ન મળતી એક વિશિષ્ટ શૈલી જોવા મળે છે.

આચારાંગ, સૂત્રકૃતાંગ, સ્થાનાંગ, ભગવતીસૂત્ર આદિ જુદાં જુદાં દ્વારોના આધારે વસ્તુ વિચાર કરવામાં આવ્યો છે.

વ્યાખ્યા કરવાની પદ્ધતિનું પરિપક્વ સ્વરૂપ અનુયોગદ્વાર સૂત્રમાં જોવા મળે છે.

તત્ત્વાર્થસૂત્રમાં ઉમાસ્વામીએ અને ત્યારબાદ સિદ્ધસેન દિવાકર, આ. સામંતભદ્ર આદિ દાર્શનિકોએ તત્ત્વના નિરૂપણમાં પ્રમાણ, નય અને નિક્ષેપનો વિચાર કર્યો છે.

**એકાન્તવાદ અને અનેકાન્તવાદ :** પ્રભુ મહાવીર છદ્મસ્થ અવસ્થાની અંતિમ રાત્રિના પાછલા પ્રહરમાં દશ સ્વપ્ન જોઈને જાગૃત થયા. દશ સ્વપ્નમાંથી ત્રીજા સ્વપ્નમાં ભગવાને રંગબેરંગી પાંખવાળા પુંસ્કોકિલને જોયા જેનો ઉલ્લેખ ભગવતી સૂત્રમાં છે.

एगं च णं महं चित्तविचित्तपक्खगं पुंस्कोइलगं सुविणे पासित्ता णं पडिबुद्धे।

तण्णं समणे भगवं महावीरे विचितं ससमयपरसमइयं दुवालसंगं गणिपिडगं आद्यवेति पन्नवेति परुवेति। (ભગવતી સૂત્ર, ૧૬.૬)

શ્રમણ ભગવાન મહાવીરે જે પુંસ્કોકિલ સ્વપ્નમાં જોયું છે એનો અર્થ એવો ઘટીત થાય છે કે તેઓ વિવિધ વિચારયુક્ત સ્વસિદ્ધાંત અને પરસિદ્ધાંતને પ્રગટ કરતી દ્વાદશાંગીની પરૂપણા કરશે.

શાસ્ત્રકારો આ સ્વપ્ન વિશે જણાવે છે. આ ચિત્રવિચિત્ર પુંસ્કોકિલ શું છે?

આ પક્ષી અનેકાન્ત-સ્યાદ્વાદનું પ્રતીક છે. એક જ રંગની પાંખવાળો કોકિલ નથી પરંતુ ચિત્રવિચિત્ર રંગનો પાંખવાળો કોકિલ છે. જ્યાં એકજ રંગની પાંખો હોય ત્યાં એકાન્તવાદ હોય છે અને જ્યાં વિવિધ રંગવાળી પાંખો હોય ત્યાં અનેકાન્તવાદ હોય છે. એક રંગની પાંખોવાળા કોકિલ અને વિવિધ રંગોની પાંખોવાળા કોકિલમાં આ જ ફર્ક છે.

કેવળજ્ઞાન પણ એકાન્તવાદ-સ્યાદ્વાદ આધારિત હોય છે. અનેકાન્તવાદ સિદ્ધાંત છે અને સ્યાદ્વાદ એ સિદ્ધાંતને ઉપયોગ કરવાની રીત છે. તત્ત્વને અનંત દૃષ્ટિકોણથી જોવું તે અનેકાન્ત અને તેનું સાપેક્ષ પ્રતિપાદન કરવું તે સ્યાદ્વાદ છે. એકાન્તવાદ કદી સંપૂર્ણ સત્ય સમજી ન શકે.

**વિભજ્યવાદ અને અનેકાન્તવાદ**

મજ્ઝિમનિકાય (સુત્ત, ૯૯) અનુસાર માણવક ભગવાન બુદ્ધને પ્રશ્ન પૂછે છે, 'હે ભગવાન! મેં સાંભળ્યું છે કે ગૃહસ્થી આરાધક હોય છે, ન કે સંયમી?'

ભગવાન બુદ્ધ ઉત્તર આપે છે, 'ગૃહસ્થી મિથ્યાત્વી છે તો આરાધક નથી તેમજ સંયમી પણ મિથ્યાત્વી હશે તો નિર્વાણમાર્ગનો આરાધક ન હોઈ શકે. જો બન્ને સમ્યક્ પ્રતિપત્તિ સમ્પન્ન હોય તો બન્ને આરાધક છે.

બુદ્ધે ગૃહસ્થ અને ત્યાગીની આરાધનાના પ્રશ્ન સંબંધી વિભાજનપૂર્વક ઉત્તર આપ્યો, એકાન્તરૂપથી નહિ. આવા પ્રકારના ઉત્તરને વિભજ્યવાદ કહેવાય છે.

સૂત્રકૃતાંગમાં પણ આવા પ્રકારના પ્રયોગ જોવા મળે છે. જ્યારે ભગવાનને પ્રશ્ન પૂછાયો કે એક ભિક્ષુએ કેવા પ્રકારની ભાષાનો ઉપયોગ કરવો જોઈએ. જવાબમાં ભગવાન કહે છે કે ભિક્ષુએ વિભજ્યવાદનો ઉપયોગ કરવો જોઈએ.

'भिवरवू विभज्जवार्य च वियागरेज्जा।'
(સૂત્રકૃતાંગ, ૧.૧૪)

માણવક અને ભગવાન બુદ્ધની જેમ ગૌતમાદિ અને ભગવાન મહાવીર વચ્ચે આવા પ્રકારનાં સંવાદ/ચર્ચા પણ જોવા મળે છે. સહસ્ત્રાનિક રાજાના પુત્રી, શતાનિક રાજાના બેન, ઉદાયન રાજાના ફૈબા, મૃગાવતી રાણીના નણંદ અને ભગવાન મહાવીર સ્વામીના સાધુઓના પ્રથમ શય્યાતરી (સ્થાન આપનાર) જયંતી શ્રમણોપાસિકા હતા. તેણે ભગવાન મહાવીરને કેટલાક પ્રશ્નો પૂછ્યા છે.

હે ભગવાન! જીવો સૂતેલા શ્રેષ્ઠ છે કે જાગૃત શ્રેષ્ઠ છે?

હે જયંતી! કેટલાક જીવો સૂતેલા શ્રેષ્ઠ છે અને કેટલાક જીવો જાગૃત શ્રેઠ છે.

હે ભગવાન! તેનું શું કારણ છે?

હે જયંતી! જે જીવો અધર્મી છે, અધર્મનું આચરણ કરે છે, અધર્મનો ઉપદેશ આપે છે, અધર્મમાં આનંદ માને છે, તેવા જીવો સૂતેલા હોય તે શ્રેષ્ઠ છે. તેવા જીવો જાગીને અધર્મ આચરણથી અનેક જીવોને પીડા પહોંચાડે છે અને અધર્મમાં જોડે છે, તેથી તે સૂતેલા હોય તે જ શ્રેષ્ઠ છે.

જે જીવ ધર્મી છે, ધર્મનું આચરણ કરે છે, ધર્મનો ઉપદેશ આપે છે, ધર્મમાં આનંદ માને છે, તેવા જીવો જાગૃત હોય તે શ્રેષ્ઠ છે. તે જાગૃત રહીને, ધર્મનું આચરણ કરીને અન્ય અનેક જીવોને શાતા પમાડે છે અને અન્યને ધર્મમાં જોડે છે. તે જ રીતે અધર્મી જીવો નિર્બળ હોય તે શ્રેષ્ઠ છે અને ધર્મી જીવો બળવાન હોય તે શ્રેષ્ઠ છે. અધર્મી આળસુ હોય તે શ્રેષ્ઠ અને ધર્મી ઉદ્યમવંત હોય તે શ્રેષ્ઠ છે. (ભગવતી સૂત્ર, ૧૨.૨)

એવી જ રીતે ગૌતમ અને ભગવાન મહાવીર વચ્ચેનો સંવાદ આ પ્રમાણે છે.

ગૌતમ : ભગવાન! જીવ સકમ્પ છે કે નિષ્કમ્પ ?

મહાવીર : ગૌતમ! જીવ સકમ્પ પણ છે અને નિષ્કમ્પ પણ છે.

ગૌતમ : કઈ રીતે?

મહાવીર : જીવ બે પ્રકારના છે, સંસારી અને સિદ્ધ.

સિદ્ધ જીવ બે પ્રકારના છે--અનન્તર સિદ્ધ અને પરમ્પર સિદ્ધ. પરમ્પર સિદ્ધ નિષ્કમ્પ હોય છે અને અનન્તર સિદ્ધ સકમ્પ હોય છે.

સંસારી જીવોના પણ બે ભેદ હોય છે. શૈલેશી અને અશૈલેશી.

શૈલેશી જીવ નિષ્કમ્પ હોય છે અને અશૈલેશી જીવ સકમ્પ હોય છે.

(ભગવતી સૂત્ર, ૨૫.૪)

અન્ય ઠેકાણે ગૌતમ અને મહાવીરની વચ્ચેનો સંવાદ આ પ્રમાણે છે.

ગૌતમ : ભગવાન, જીવ સવીર્ય હો છે કે અવીર્ય ?

ભગવાન : જીવ સવીર્ય પણ હોય છે અને અવીર્ય પણ હોય છે.

ગૌતમ : એ કઈ રીતે ?

ભગવાન : જીવ બે પ્રકારના છે. સંસારી અને સિદ્ધ. સિદ્ધ જીવ અવીર્ય છે.

સંસારી જીવ બે પ્રકારના હોય છે. શૈલેશી પ્રતિપન્ન અને અશૈલેશી પ્રતિપન્ન. શૈલેશી પ્રતિપન્ન જીવ લબ્ધિવીર્યની અપેક્ષાએ સવીર્ય હોય છે અને કરણવીર્યની અપેક્ષાએ સવીર્ય સવીર્ય અને અવીર્ય પણ હોય. જે જીવ પરાક્રમ કરે છે તે જીવ કરણવીર્યની અપેક્ષા સવીર્ય છે. જે જીવ પરાક્રમ નથી કરતો તે કરણવીર્યની અપેક્ષા અવીર્ય છે.

(ભગવતી સૂત્ર, ૧.૮)

ગૌતમ : કોઈ એમ કહે કે મેં સર્વપ્રાણ, સર્વભૂત, સર્વજીવ, સર્વસત્વની હિંસાના પચ્ચખાણ (પ્રત્યાખ્યાન, ત્યાગ) લીધાં છે તો શું તે સુપ્રત્યાખ્યાન છે કે દુપ્રત્યાખ્યાન છે ?

ભગવાન : અપેક્ષાએ સુપ્રત્યાખ્યાન અને અપેક્ષાએ દુષ્પ્રત્યાખ્યાન.

ગૌતમ : એ કઈ રીતે ?

ભગવાન : જેને જીવ-અજીવ, ત્રસ-સ્થાવર ખબર જ નથી તેના પ્રત્યાખ્યાન દુપ્રત્યાખ્યાન છે. તે મૃષાવાદી હોય છે. જેને ખબર છે કે આ જીવ છે, અજીવ છે, ત્રસ છે, સ્થાવર છે, તેના પ્રત્યાખ્યાન સુપ્રત્યાખ્યાન કહેવાય. તે સત્યવાદી હોય છે.

(ભગવતી સૂત્ર, ૭.૨)

આવા પ્રકારના પ્રશ્નોત્તરી શૈલી વિચારોનું નિરાકરણ લાવવાની શૈલી છે. આવી શૈલીથી વસ્તુના અનેક પાસાંઓ જાણવા મળે છે.

જૈન.દર્શન માને છે કે વસ્તુના અનેક ધર્મ હોય છે. જે વસ્તુ શાશ્વત લાગે છે તે અશાશ્વત પણ હોય છે. જે વસ્તુ ક્ષણિક પ્રતીત થાય છે તે શાશ્વતી પણ હોઈ શકે. શાશ્વત અને અશાશ્વત બન્ને વસ્તુઓના સ્વરૂપને સમજવું બહુ જ જરૂરી છે. પરસ્પર વિરોધી લાગવાવાળા ધર્મનો સમન્વય કઈ રીતે થઈ શકે ? પદાર્થમાં એ કેવી રીતે રહે છે. આપણી પ્રતીતિથી તેઓમાં શું સામ્ય છે ઈત્યાદિ પ્રશ્નોનો આગમના આધારે વિચાર કરીશું.

લોક નિત્ય છે કે અનિત્ય

લોક સાન્ત છે કે અનન્ત

જીવ નિત્ય છે કે અનિત્ય

જીવ સાન્ત છે કે અનન્ત

પુદ્‌ગલ નિત્ય છે કે અનિત્ય

જીવ દ્રવ્ય અને અજીવની દ્રવ્ય એકતા અને અનેકતા.

આવા પ્રશ્નોને ભગવાન બુદ્ધ અવ્યાકૃત કહ્યા છે. ભગવાન મહાવીરે આવા વિષયોમાં મૌન ધારણ કરવું ઉચિત નથી સમજ્યું. એમણે પ્રશ્નોના વિવિધ રીતે જવાબો આપ્યા છે.

લોકની નિત્યતા અને અનિત્યતા ઉપર જમાલીનો પ્રશ્ન.

ભગવાન : જમાલી! લોક શાશ્વત પણ છે અને અશાશ્વત પણ છે. ત્રણે કાળમાં એક પણ સમય એવો નથી કે જ્યારે લોક ન હોય. એટલે લોક શાશ્વત છે.

असासए लोए नमाली ! (ભગવતી સૂત્ર, ૯.૩૩)

વળી લોક સદા એક રૂપમાં નથી રહેતો, એ અવસર્પિણી અને ઉત્સર્પિણીમાં બદલાય છે એટલે લોક અશાશ્વત પણ છે.

ભગવાન મહાવીરે નિત્ય અને અનિત્યના પ્રશ્નો સંબંધી બન્ને દૃષ્ટિથી જવાબ આપ્યા છે.

લોક હંમેશાં કોઈ ને કોઈ સ્વરૂપે રહે છે. એટલે તે નિત્ય છે, ધ્રુવ છે, શાશ્વત છે, અપરિવર્તનશીલ છે. લોક હંમેશાં એકરૂપ નથી રહેતા. ક્યારેક તેમાં સુખની માત્રા વધી જાય છે, તો ક્યારે દુઃખની માત્રા વધી જાય છે. કાળ ભેદથી લોકમાં વિવિધતા જોવા મળે છે. એટલે લોક અનિત્ય છે, અશાશ્વત છે, અસ્થિર છે, પરિવર્તનશીલ છે, અધ્રુવ છે, ક્ષણિક છે.

લોકની સાન્તતા (અંત સહિત) અને અનન્તતાને લઈને ભગવાન મહાવીરે આ પ્રમાણે સમાધાન આપ્યું છે.

'લોક ચાર પ્રકારથી જાણી શકાય છે-દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી..

દ્રવ્યની અપેક્ષાએ-

લોક એક છે અને સાન્ત છે.

ક્ષેત્રની અપેક્ષાએ-

લોક અસંખ્યાત જોજન ક્રોડાક્રોડી વિસ્તાર અને અસંખ્યાત યોજન ક્ષેત્રફળ પ્રમાણ છે એટલે ક્ષેત્રની અપેક્ષાએ લોક સાન્ત છે.

કાળની અપેક્ષાએ-

કોઈ કાળ એવો નથી કે જ્યારે લોક ન હોય એટલે લોક ધ્રુવ છે, નિત્ય છે, શાસ્વત છે, અવ્યય છે, અક્ષય છે, અવસ્થિત છે. એનો અંત નથી.

ભાવની અપેક્ષાએ-

લોકના અનંત વર્ણ પર્યાય, ગંધ પર્યાય, રસ પર્યાય, સ્પર્શ પર્યાય છે. અનંત સંસ્થાન પર્યાય છે. અનન્ત ગુરુલઘુ પર્યાય છે એનો કોઈ અંત નથી.

એટલે કે લોક દ્રવ્ય અને ક્ષેત્રની દૃષ્ટિએ સાન્ત છે અને કાળ અને ભાવની દૃષ્ટિએ અનન્ત છે.

લોકના આ રીતે ચાર દૃષ્ટિએથી વિચાર કરવામાં આવ્યા છે.

દ્રવ્યની દૃષ્ટિએથી લોક સાન્ત છે કેમ કે એ સંખ્યામાં એક છે.

ક્ષેત્રની દૃષ્ટિએથી પણ લોક સાન્ત છે કારણ કે સકળ આકાશમાં કોઈક ક્ષેત્રમાં લોક છે. આ ક્ષેત્ર અસંખ્યાત ક્રોડાક્રોડી યોજનની પરિધિમાં છે. કાળની દૃષ્ટિએ લોક અનન્ત છે કારણ કે વર્તમાન ભૂત અને ભવિષ્યની કોઈપણ ક્ષણ એવી નથી જેમાં લોક ન હોય.

ભાવની દૃષ્ટિથી પણ લોક અનંત છે કારણ કે એક લોકના અનંત પર્યાય છે.

ભગવાન મહાવીરે સાન્તતા અને અનન્તતાનું પોતાની દૃષ્ટિથી સમાધાન કર્યું છે. ભગવાન બુદ્ધે સાન્તતા અને અનન્તતા બંનેને અવ્યાકૃત શ્રેણીમાં રાખ્યું છે.

**જીવની નિત્યતા અને અનિત્યતા** ભગવાન બુદ્ધે જીવની નિત્યતા અને અનિત્યતાના પ્રશ્નને પણ અવ્યાકૃત શ્રેણીમાં રાખ્યો છે. ભગવાન મહાવીરે આ પ્રશ્નનનું પણ અનેકાન્ત દૃષ્ટિ અને સ્યાદ્વાદ શૈલીથી સમાધાન કર્યું છે. ભગવાનન મહાવીરે મોક્ષ પ્રાપ્તિ માટે પણ આવા પ્રકારના પ્રશ્નોના જ્ઞાનને જરૂરી માન્યું છે. આચારાંગના પ્રારંભમાં જ કેટલાક વાક્યોથી આ વાતની સમજ આવે છે.

'से आयावाइ, लोगावाइ, कम्मावाइ, किरियावाइ।'

આચારાંગ, ૧૦૧.૫

ભાવાર્થ : તે જે પરિભ્રમણનો સિદ્ધાંત સમજે છે તે.

આત્મવાદી : આત્માના અસ્તિત્વને માનનારા છે.

લોકવાદી : આત્માની જેમ લોક પણ અસ્તિત્વ છે (એવું માનનારા) કર્મવાદી : પુનર્જન્મનું કારણ કર્મબંધન છે.

ક્રિયાવાદી : કર્મબંધનનું કારણ શુભાશુભ પ્રવૃત્તિ છે. (એવું માનનારા)

'હું કોણ છું?' અને 'હું તે જ છું.' આત્માની દાર્શનિક ચર્ચામાં આ બે વાત ઘણી જ અગત્યની છે. પહેલી વાત નીજના સ્વરૂપ વિશે જાણવાની જીજ્ઞાસા દર્શાવે છે અને બીજી વાત નીજના સ્વરૂપને ઓળખવાની તે જીજ્ઞાસાનું સમાધાન છે.

પુનર્જન્મ આત્માના તત્ત્વનો સ્પષ્ટ નિર્દેશ કરે છે. પુનર્જન્મનું કારણ કર્મબંધન છે અને તે બંધનનું કારણ શુભાશુભ પ્રવૃત્તિ છે. આ બધું લોકમાં (સંસારમાં) બને છે.

જીવની શાશ્વતતા અને અશાશ્વતતાને લઈને ગૌતમ અને ભગવાન મહાવીરનો સંવાદ આ પ્રમાણે છે.

ગૌતમ : ભગવાન! જીવ શાશ્વત છે કે અશાશ્વત? મહાવીર : ગૌતમ! જીવ અમુક દૃષ્ટિથી શાશ્વત છે અને અમુક દૃષ્ટિથી અશાશ્વત છે. ગોયમા! दव्वट्ठयाण सासया भावट्ठयाए असासया।

(ભગવતી સૂત્ર, ૭.૩)

ભાવાર્થ : દ્રવ્યાદિકની દૃષ્ટિથી શાશ્વત છે અને પર્યાયાદિ દૃષ્ટિથી અશાશ્વત છે.

દ્રવ્યદૃષ્ટિએ જીવમાં ક્યારેય જીવત્વ અભાવ હોતો નથી. એ કોઈપણ અવસ્થામાં હોય છે, જીવ જ રહે છે. અજીવ બનતો નથી. પર્યાયની દૃષ્ટિએ જીવ અશાશ્વત છે. એક પર્યાય છોડીને બીજા પર્યાયને ગ્રહણ કરે છે.

જીવની સાન્તતા અને અનન્તતાને લઈને ખંદકમુનિ અને ભગવાન મહાવીરનો સંવાદ, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ આ ચાર દૃષ્ટિથી કરવામાં આવ્યો છે.

દ્રવ્યની દૃષ્ટિથી જીવ સાન્ત છે.

ક્ષેત્રની દૃષ્ટિથી જીવ અસંખ્યાત પ્રદેશવાળો છે એટલે સાન્ત છે.

કાળની દૃષ્ટિએ જીવ હંમેશાં છે એટલે એ અનન્ત છે.

ભાવની દૃષ્ટિએ જીવના અનન્ત જ્ઞાનપર્યાય, અનન્ત દર્શનપર્યાય, અનંત ચારિત્રપર્યાય છે, અનંત અગુરુલઘુપર્યાય છે એટલે જીવ અનન્ત છે. (ભગવતી સૂત્ર, ૨.૧)

પુદ્‌ગલની નિત્યતા અને અનિત્યતાને લઈને ગૌતમ અને ભગવાન મહાવીરનો સંવાદ આ પ્રમાણે છે.

દ્રવ્યનો સૌથી નાનામાં નાનો અંશ જેનો ફરીથી ભાગ ન પાડી શકાય તે પરમાણું છે.

પરમાણુંના ચાર પ્રકાર બતાવવામાં આવ્યા છે.

સૂક્ષ્મતમ દ્રવ્ય તે દ્રવ્યપરમાણું/પુદ્‌ગલપરમાણું છે.

આકાશ દ્રવ્યનું સૂક્ષ્મતમ પ્રદેશ ક્ષેત્રપરમાણું છે.

સમય પ્રદેશનું સૂક્ષ્મતમ કાળ પરમાણું છે.

દ્રવ્ય પરમાણુનું વર્ણાદિ પર્યાયમાં પરિણામન થવું તે ભાવ પરમાણું છે.

ગૌતમ અને ભગવાન મહાવીરના સંવાદથી સ્પષ્ટ થાય છે કે પરમાણું નિત્ય પણ છે અને અનિત્ય પણ છે.

વૈશેષિક આદિ અન્ય દર્શન દ્રવ્ય પરમાણુંને એકાન્ત નિત્ય માને છે.

ભગવાન મહાવીર પરમાણું નિત્યવાદનું ખંડન કરતા કહે છે કે જેમ પરમાણુંનું કાર્ય ઘટાદિમાં પરિવર્તન થાય છે અને તે અનિત્ય છે તેમ જ પરમાણુ પોતે પણ અનિત્ય છે કારણ જે પુદ્‌ગલ પૂર્વે એક સમયમાં રુક્ષ ગુણવાળો હતો તે નષ્ટ થઈને અન્ય સમયે અરુક્ષ પણ બને છે. એટલું જ નહિ એક સમયમાં એક દેશથી જે પુદ્‌ગલ રુક્ષ હતો તે નષ્ટ થઈને અન્ય સમયે એક દેશથી અરુક્ષ પણ બને છે. સ્વભાવથી અથવા પ્રયોગ દ્વારા અનેક વર્ણ પરિણામવાળા પુદ્‌ગલ નષ્ટ થઈને એક જ વર્ણ પરિણામવાળા પુદ્‌ગલ પણ થઈ જાય છે.

દ્રવ્યદૃષ્ટિથી પુદ્‌ગલ નિત્ય છે કારણ એવો કોઈ સમય નથી જે સમયે પુદ્‌ગલ પુદ્‌ગલરૂપે ન હોય પણ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ પર્યાયની દૃષ્ટિએ પુદ્‌ગલ અશાશ્વત છે.

**જીવદ્રવ્ય અને અજીવદ્રવ્યની એકતા અનેકતા:**

જીવ દ્રવ્યની એકતા અને અનેકતાને લઈને મહાવીર અને સૌમિલ બ્રાહ્મણનો સંવાદ આ પ્રમાણે છેઃ

સોમિલ! દ્રવ્યની દૃષ્ટિથી હું એક છું. જ્ઞાન અને દર્શનની દૃષ્ટિથી હું બે છું.

શાશ્વત પ્રદેશોની દૃષ્ટિએ હું અક્ષય છું, અવ્યય છું, અવસ્થિત છું! બદલાતા ઉપયોગની દૃષ્ટિએ હું અનેક છું.

(ભગવતી સૂત્ર, ૧.૮)

અજીવ દ્રવ્યની એકતા અને અનેકતાનું સ્પષ્ટીકરણ કરતા ગૌતમ અને ભગવાન મહાવીર વચ્ચેનો સંવાદ આ પ્રમાણે છેઃ

ગૌતમ! ધર્માસ્તિકાય–દ્રવ્યની દૃષ્ટિએ એક છે એટલે અખંડ છે. એ જ ધર્માસ્તિકાય પ્રદેશોની દૃષ્ટિએ અસંખ્યાતગુણ પણ છે. એવી જ રીતે અધર્માસ્તિકાય, આકાશાદિ દ્રવ્યની દૃષ્ટિએ એક છે અને પ્રદેશની દૃષ્ટિએ અનેક છે. (પ્રજ્ઞાપન સૂત્ર, ૩.૫૬)

પરસ્પર વિરોધી લાગતા બધાં દ્રવ્યોનું એક આકાશ પ્રદેશમાં અવિરોધપણે સમન્વય થઈને રહેવું એ અનેકાન્તવાદની જ દેન છે!

ભગવાન મહાવીરે અનેકાન્તવાદનો ઉપયોગ રાગ-દ્વેષ ઘટાડવા માટે કર્યો જેથી સમભાવ વધે અને મૈત્રીભાવ અને શાંતિ જળવાઈ રહે.

**વર્તમાન સ્થિતિ :**

વિશ્વના અન્ય ધર્મોમાં જૈન ધર્મનું ઉત્તમ સ્થાન છે. તે વૈજ્ઞાનિક તથ્યોથી સુસજ્જ છે.

સ્થાનાંગ સૂત્રમાં આત્માર્થી સંતોને દશ ધર્મની સાથે ગ્રામ્ય ધર્મ, કુળધર્મ, નગરધર્મ, રાષ્ટ્રધર્મ, ગણધર્મ, સંઘધર્મ, સૂત્રધર્મ, વ્રતધર્મ, ચારિત્રધર્મ અને વિશ્વધર્મ ઉપર પણ ભાર આપ્યો છે.

વર્તમાન યુગની આપણી એક મોટી મર્યાદા સંપ્રદાયવાદ છે. આપણે વાડાઓમાં વહેંચાઈ ગયા છીએ અને તેમાં કેદ થઈ ગયા છીએ. તેથી આપણે ખૂબ નબળા પડી ગયા છીએ.

બાળકો અને યુવાનોની મુંઝવણો, માગણીઓ, આવશ્યકતાઓ સમજી એનું સમાધાન શોધી આપીશું તો યુવાવર્ગને સાચા ધર્મથી વિમુખ થતો રોકી શકીશું.

પુરાણી ઔર નયી રોશની મેં ફરક ઈતના હૈ,
ઉસે કિશ્તી નહીં મિલતી, ઈસે સાહિલ નહીં મિલતા!

જૈન ધર્મનું ધાર્મિક બંધારણ અને જૈનોની સામાજિક વ્યવસ્થાઓ તથા જીવનશૈલી ઘણી જ સુસજ્જ છે, માત્ર બાહ્ય રીતે દેખાતું તન્ત્ર જો સુસંગઠિત થાય અને જે ખામીઓ દેખાય છે તે દૂર કરાય તો એ પ્રબુદ્ધ વર્ગ જૈનતત્ત્વથી ચોક્કસ પ્રકારે પ્રભાવિત થઈ શકે છે. સાથોસાથે આપણે ધાર્મિક, સામાજિક, નૈતિક અને સાંસ્કૃતિક લાભો મેળવી શકીએ તેમ છીએ. ★

# અનેકાન્તવાદ અને ઉપનિષદની દાર્શનિક વિચારણા

☐ ડૉ. નિરંજના જોષી

*[ડૉ. નિરંજના જોષી અધ્યાપક છે, સંસ્કૃત અને ગુજરાતી ભાષા સાહિત્યના જાણકાર, ગીતા અને અન્ય વેદિક સાહિત્યનું જ્ઞાન ધરાવે છે. સર્જનાત્મક અને વિવેચનાત્મક લેખો લખે છે. પ્રસ્તુત લેખમાં ઉપનિષદની સાથે અનેકાન્તનો તુલનાત્મક સાર રજૂ કર્યો છે.]*

जन्तूनां नरजन्म दुर्लभमतः पुंस्त्वं ततो विप्रता
तस्माद्वैदिकधर्ममार्गपरता विद्वत्वमस्मात् परम ।
आत्मानात्मविवेचनं स्वनुभवो ब्रह्मात्मना संस्थितिः
मुक्तिर्नो शतकोटिजन्मसु कृतैः पुण्यैर्विना लभ्यते ।।

પ્રાણીમાત્ર માટે નરજન્મ દુર્લભ છે. એથી યે દુર્લભ પુરુષજન્મ (નવદ્વારે પુરે દેહિ ઇતિ નરઃપુરુષઃ) છે. તેમાંય વિદ્યાપરાયણ (વિપ્ર) થવું કઠણ છે. એનાથી યે વેદપ્રતિપ્રાદિત ધર્મમાર્ગે જવું અઘરું છે. એથીયે મુશ્કેલ શાસ્ત્રતત્ત્વને પિછાણવું–વિદ્વત્તા હોવી એ છે. એથીયે અઘરો આત્મા અને અનાત્મા વિવેક–બે વચ્ચેના ભેદની સમજ–છે. ત્યાર પછી આત્માનુભૂતિ શક્ય બને છે. તેમ જ આત્મા જ બ્રહ્મ છે, પરમાત્મા છે એવી અનુભૂતિ થાય છે, તેનું જ નામ મોક્ષ; જે સો કરોડ જન્મના સદાચારથી કમાયેલાં પુણ્ય વિના મળતો નથી.

મનુષ્ય તરીકે જન્મ લેવો પર્યાપ્ત નથી. એની દુર્લભતા સમજવાવાળાએ તેને સાર્થક કરવાનું લક્ષ્ય સેવવું પડે છે. એ લક્ષ્યસિદ્ધિ માટે ઋષિઓ, આચાર્યો, મુનિઓએ માર્ગદર્શિકા–આચારસંહિતા–ઘડી કાઢી છે તેનું શ્રવણ, મનન, નિદિધ્યાસન (એકાગ્રતાપૂર્વક સતત ચિંતન) કરવાથી નરમાંથી નારાયણ અને પુરુષમાંથી પુરુષોત્તમ બની શકાય છે. તેથી જ કહ્યું છેઃ

दुर्लभं त्रयमेवैतद् देवानुग्रहहेतुकम् ।
मनुष्यत्वं मुमुक्षत्वं महापुरुषसंश्रयः ।।

હવા અને આકાશ જેવો સર્વત્ર વ્યાપક એવો શુદ્ધ ધર્મ માનવી માત્રને સ્વતંત્ર વિચારક બનવા દઈ તેને ગુણવાન, ચારિત્ર્યશીલ, નમ્ર તથા સાચા સેવક બનવા તરફ દોરે છે.

જિન એટલે આત્મવિજયી; જે અર્હંત તરીકે પણ ઓળખાય છે. સંસ્કૃતમાં અર્હ્ ધાતુનો અર્થ જ યોગ્ય હોવું, પાત્રતા હોવી–એવો થાય છે. દા. ત. માનાર્હ એટલે માન આપવાને યોગ્ય. જિનમાંથી આવેલા જૈનમૂલ્યોમાં કેવલિન્ (સંપૂર્ણ જ્ઞાની), નિર્ગ્રંથ (અનાસક્ત), શ્રમણ (સૌમ્ય સ્વભાવધારી) અને તીર્થંકર (ભવસાગરતારક)–આ સર્વની ગણના થાય છે. જિન અને અર્હંત અનેક છે, પણ તીર્થંકરો ચોવીસ મનાય છે. માનવ સંસ્કૃતિ અને ધર્માચરણના સ્થાપક, કર્મયુગના આરંભક ઋષભદેવ માનવજાતના અગ્રેસર ગણાય છે. છેલ્લા ત્રણ તીર્થંકરો–અરિષ્ટનેમિ (વાસુદેવ કૃષ્ણના રક્તસંબંધી બંધુજન), પાર્શ્વનાથ અને વર્ધમાન મહાવીર મનાય છે. આ સર્વ તીર્થંકરો સામાન્ય નર તરીકે જન્મ્યા હતા, છતાં દુન્યવી સુખો છોડી આત્મસંયમ, બ્રહ્મચર્ય અને ચિત્તૈકાગ્ર્ય દ્વારા તેઓ આત્મવિજયી બન્યા. આધ્યાત્મિક વિકાસની આડે આવતા પરિબળો અને પ્રભાવોનો ઉચ્છેદ કરી આત્મસાક્ષાત્કાર કરી પૂર્ણાનુભૂતિ પામ્યા. સમસ્ત ચેતનસૃષ્ટિને કલ્યાણ અને સુખપ્રદાન કરવા સ્વાનુભૂતિનો બોધ આપ્યો.

વેદોના સારરૂપ હોવાથી વેદાંત તરીકે ઓળખાતા ઉપનિષદોના મંત્રદૃષ્ટા ઋષિઓએ વેદાંતવિદ્યા જેવો અમૂલ્ય નિધિ માનવસમાજને ધરી દીધો. આ અમૂલ્ય નિધિને પ્રાપ્ત કરવાના અધિકાર માટે બહિર્‌રંગ અને અંતરંગ સાધનોને આત્મસાત્ કરવાની અનિવાર્યતા સમજાવી. બહિર્‌રંગ સાધનોમાં વિવેક (–નિત્ય અને અનિત્ય વસ્તુઓના ભેદની સમજ–), વૈરાગ્ય (–ઇહલોક અને પરલોકના ભોગો પ્રત્યે અનાસક્તિ–), ષટ્ સંપત્તિ (શમ, દમ, તિતિક્ષા, શ્રદ્ધા, સમાધાન અને ઉપરતિ), મુમુક્ષા (મુક્તિની ઉત્કટ ઇચ્છા). આ બાહ્ય સાધનોને આત્મસાત કર્યા પછી જ અંતરંગ સાધનો (શ્રવણ, મનન, નિદિધ્યાસન) અપનાવવાની પાત્રતા મળે છે.

આમ જૈન તીર્થંકરો અને મંત્રદૃષ્ટા ઋષિઓએ આત્મશોધન દ્વારા પરમપદ પ્રાપ્તિને જ પરમ લક્ષ્ય માન્યું છે. બંને દર્શનોના મૂળભૂત વિષયો અંગેના સિદ્ધાંતો કદાચ ઉપલક દૃષ્ટિએ ભિન્ન જણાય, પણ અંતિમ લક્ષ્ય અંગે બંને દર્શનો એકમત જણાય છે. સૃષ્ટિની ઉત્પત્તિ, આત્મા, કર્મમીમાંસા વગેરે વિષયો અંગેની બંને દર્શનોની વિચારણા અભ્યાસ માગી લે છે.

સૃષ્ટિના ઉદ્‌ગમસ્થાન અને તેના સ્વરૂપ વિષે ઋગ્વેદના દીર્ઘતમા ઋષિ કહે છેઃ एकं सत् विप्रा बहुधा वदन्ति–અર્થાત્ સત્ તો એક છે, કિન્તુ વિદ્વાનો તેનું વર્ણન વિવિધ શબ્દો દ્વારા કરે છે. વેદોમાં બે ભાગ છે. એક અદ્વૈત વેદાંત અને બીજું દ્વૈત વેદાંત. દ્વૈત વેદાંત જીવ, ઈશ્વર અને જગતને સંપૂર્ણપણે પૃથક્ તત્ત્વરૂપે માને છે. જ્યારે શંકરાચાર્યે એ જ વેદોપનિષદના આધારે સત્‌ને એક અને અદ્વૈત કહ્યું. ब्रह्म सत्यं जगन्मिथ्या जीवो ब्रह्मैव नापरः– એમ કહી નિત્યઅનિત્યના વિવેકનું પ્રમાણ આપ્યું.

ઋગ્વેદના નાસદીયસૂક્તમાં ઋષિવચનોમાં આપણને સમન્વયવાદી દૃષ્ટિની ઝલક જોવા મળે છે. આદિમ વેદ ઋગ્વેદની અનંત શાખાઓના ૧૦૧૮ સૂક્તોમાંના આ એક નાસદીય સૂક્ત ઋગ્વેદના દસમા મંડલમાં ૧૨૯મું સ્થાન ધરાવે છે. આ સૂક્તમાં સૃષ્ટિની ઉત્પત્તિનું રહસ્ય વર્ણવાયું છે. સૃષ્ટિ ઉત્પન્ન થઈ છે એટલે જરૂર તેનો ઉત્પાદક હોવો જોઈએ. બ્રહ્મ સૃષ્ટિના ઉત્પાદક કારણ છે કે નિમિત્ત કારણ? આ પ્રશ્નનો જવાબ આ સૂક્તમાં છે. સૃષ્ટિ સર્જન પહેલાં नासदासीत् નો सदासीत् तदानी–અસત્ પણ નહોતું અને સત્ પણ નહોતું એટલે તેનું નામ ન આસીત્–નાસદીય સૂક્ત પડ્યું. આકાશ, પૃથ્વી, જળ–કંઈ નહોતું. રાત્રિ અને દિવસ જેવો ભેદ પણ ત્યારે નહોતો. એક અહોરાત્રિ એટલે ૨૧,૬૦૦ શ્વાસોચ્છ્‌વાસ અને ૧૬૨૦૦ નિમિષ-પલકારા. સામાન્યતઃ સુદૃઢ અને નિરોગી મનુષ્યના ૨૪ કલાકમાં જેટલા શ્વાસોચ્છ્‌વાસ થાય તે ઉપરથી ઋષિઓએ કાળમાપન કર્યું છે. તેને 'પ્રાણાદિમૂર્તસંજ્ઞાત્મક કાળ' કહેવામાં આવે છે. અને એક દિવસમાં આંખની પાંપણ માણસ કેટલી વખત ઉઘાડબંધ કરે છે, તેને 'ત્રુટ્યાદિઅમૂર્તસંજ્ઞાત્મક કાળ' કહે છે. આ કાળનું પણ સૃષ્ટિના સર્જન પહેલાં અસ્તિત્વ નહોતું. તે કાળે ફક્ત તિમિર હતું. आसीत् तमसा गूढमग्रेऽप्रकेतं सलिलं सर्वमा इदम्–ટૂંકમાં સૃષ્ટિના સર્જન-વિસર્જન માટે નિમિત્ત ભગવદ્વિભૂતિ તે મહાકાળ છે. એટલે જ ગીતાકારે પણ

આ જ મહાકાળને પોતાની વિભૂતિ ગણાવી છે. कालोऽस्मि लोकक्षयकृत् प्रवृद्ध। -૧૦-

આમ વેદકાળમાં સૃષ્ટિસર્જનના મૂળભૂત કારણો આ પ્રમાણે જણાવ્યા છે. વેદ પછી ઉપનિષદકાળ શરૂ થયો. ઉપનિષદમાં પણ સૃષ્ટિના ઉદ્‌ગમ બાબત વિશદ ચર્ચા થઈ છે. બૃહદારણ્યક, છાંદોગ્ય અને કઠોપનિષદમાં આપણને ભિન્ન મતો જોવા મળે છે.

ક્યાંક વાયુથી, ક્યાંક જલથી તો ક્યાંક પ્રાણથી ઉત્પત્તિ બતાવી છે. મતમાં ભિન્નતા દેખાતી હોવા છતાં કોઈ જ દ્રષ્ટા જડત્વ યા અચેતન તત્ત્વથી આ સૃષ્ટિનું સર્જન થયેલું માનતું નથી. પણ સૃષ્ટિના મૂળમાં અવશ્ય કોઈ ચેતન તત્ત્વ છે, તેનો સ્વીકાર કરે છે.

મહર્ષિ પિપ્પલાદ પ્રશ્નોપનિષદમાં કહે છેઃ तस्मै स होवाच प्रजाकामो वै प्रजापतिः। स तपोऽतप्यत स तपः तप्त्वा मिथुनमुत्पादयते। रविंच प्राणं चेत्येतौ मे बहुधा पगरजाः करिष्यत।-પ્રજાપતિને સૃષ્ટિના આરંભકાળમાં પ્રજા ઉત્પન્ન કરવાની ઈચ્છા થઈ. અને તેમણે સંકલ્પસૂત્ર તપ કર્યું. તપથી તેમણે સર્વપ્રથમ રવિ (ચંદ્ર) અને પ્રાણ (સૂર્ય) ઉત્પન્ન કર્યા. તે બંને વિવિધ પ્રકારની સૃષ્ટિ ઉત્પન્ન કરે એવો તેમનો ઉદ્દેશ હતો. ધન અને ઋણની જેમ (વિધેયાત્મક અને નિષેધાત્મક) પ્રાણ અને રવિના સંયોગથી સૃષ્ટિનું સમસ્ત કાર્ય સંપન્ન થાય છે. અન્યત્ર આ જ તત્ત્વોને અગ્નિ અને સોમ એવં પુરુષ તથા પ્રકૃતિ તરીકે ઓળખવામાં આવ્યા છે.

બૃહદારણ્યકોપનિષદમાં આત્માને મૂળ કારણ માની તેમાં જ તદ્ एतद् अर्धद्विदलं भवति-याज्ञवल्क्यના आत्मा वा इदमेक अवाग्र आसीत्। नान्यात्किंचिनमिषत्। स ईक्षत लोकान्नु सृजा इति। દશ્યમાન, શ્રાવ્ય અને ગ્રહ્ય જડ-ચેતનમય પ્રત્યક્ષ જગતના રૂપમાં પ્રગટ થતાં પહેલાં કારણ અવસ્થામાં એક માત્ર પરમાત્મા જ હતા. તેમણે પ્રાણીમાત્રના કર્મફલભોગાર્થ ભિન્ન ભિન્ન લોકની રચના કરી.

તૈતિરીયોપનિષદમાં કહ્યું છેઃ सोऽकामयत। बहुस्यां प्रजायेयेति। પરબ્રહ્મ પરમાત્માએ જીવોના કર્માનુસાર સૃષ્ટિ ઉત્પન્ન કરવાનો સંકલ્પ કર્યો. પછી સૃષ્ટિ સર્જી તેમાં પોતે પ્રવેશ કર્યો. પછી મૂર્તઅમૂર્ત-સગુણ-નિર્ગુણરૂપે-પૃથ્વી, જલ, તેજ રૂપે આ ભૂતમાત્રમાં અને વાયુ એવં આકાશ-આ અદ્દષ્ટ ભૂતોમાં પ્રગટ થયા. આમ દશ્ય અને અદશ્ય બધા સત્યસ્વરૂપ પરમાત્મા જ છે.

મણ્ડકોપનિષદમાં ત્રણ દૃષ્ટાંતો દ્વારા સમજાવવામાં આવ્યું છે કે પરબ્રહ્મ પરમેશ્વર જ આ જડ-ચેતનાત્મક સંપૂર્ણ જગતનું નિમિત્ત અને ઉપાદાન કારણ છે. પહેલું કરોળિયાનું દટાંત આપી કહેવામાં આવ્યું છે કે -यशोर्णनार्भिः सृजते गृह्णते च यथा पृथिव्यामोषधयः सम्भवन्ति ।१:७। જેમ કરોળિયો પોતાના મુખમાંથી નીકળતી લાળને બહાર કાઢી, વિસ્તારી જાળ બનાવે છે અને પછી તેને ગળી જાય છે, તે જ પ્રકારે તે પરબ્રહ્મ પરમેશ્વર પોતાની અંદર સૂક્ષ્મરૂપે લીન જડચેતનરૂપ જગતને સૃષ્ટિના આરંભમાં વિવિધરૂપે ઉત્પન્ન કરી વિસ્તારે છે અને પ્રલયકાળે તેને પોતાનામાં ઓગાળી દે છે. શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં ભગવાને સ્વમુખે આ જ વાત કહી છે. सर्वभूतानि कौन्तेय प्रकृतिं यान्ति मामिकाम्। कल्पक्षये पुनस्तानि कल्पादौ विसृजाम्यहम् ।९:७।

બીજા ઉદાહરણ દ્વારા ઉપનિષદકારે કહ્યું છેઃ પૃથ્વીમાં જે જે પ્રકારના અન્ન, ઘાસ, લતા વગેરે ઔષધિઓ ત્યાં ઉત્પન્ન થાય છે, તેમ સૃષ્ટિમાં કોઈ પક્ષપાત નથી. સૃષ્ટિના જીવોના ભિન્ન ભિન્ન પ્રકારના કર્મના બીજાનુસાર જ ભગવાન તેમને ભિન્ન ભિન્ન યોનિઓમાં ઉત્પન્ન કરે છે. તેથી તેમાં કોઈ જ પ્રકારની વિષમતા નથી. (બ્રહ્મસૂત્ર : ૨/૧/૩૪)

ત્રીજા ઉદાહરણ દ્વારા-यथा सतः पुरुषात् केशलोमानि तथाक्षरात् सम्भवतीह विश्वम्-સમજાવ્યું છે કે જેમ મનુષ્યના જીવિત શરીરથી તદ્દન વિલક્ષમ એવા કેશ, રૂંવાટાં અને નખ આપમેળે ઉત્પન્ન થાય છે અને વૃદ્ધિ પામે છે, તેને માટે કોઈ પ્રયત્ન નથી કરવો પડતો, તે જ રીતે પરબ્રહ્મ પરમાત્માથી આ સૃષ્ટિ સ્વભાવથી જ સમયસર ઉત્પન્ન થઈ જાય છે અને વિસ્તાર પામે છે. તેને માટે જન્મવા કોઈ પ્રયત્ન કરવો પડતો નથી. શ્રીમદ્ ભગવદ ગીતામાં પણ ભગવાને કહ્યું છેઃ मयाध्यक्षेण प्रकृतिः सूयते सचराचरम्। ९:७०। न मां कर्माणि लिप्यन्ति न मे कर्मफले स्पृहा। ४:१४। હું આ જગતનો સર્જક હોવા છતાં પણ અકર્તા છું.

શ્વેતાશ્વેતરોપનિષદમાં બ્રહ્મજિજ્ઞાસુઓ અંદરોઅંદર ચર્ચા કરીને એ નિષ્કર્ષ પર આવ્યા છે કે કાળ, સ્વભાવ, કર્મ, પંચમહાભૂત કે જીવાત્મા સુધીના સૃષ્ટિસર્જન પાછળના કારણોના જે અધિષ્ઠાતા- સ્વામી - છે, અર્થાત્ એ બધા જેમની આજ્ઞા અને પ્રેરણા મેળવી, જેમની શક્તિનો એકાદ અંશ લઈને પોતપોતાના કાર્યમાં સમર્થ થાય છે. તે એક સર્વશક્તિમાન પરમેશ્વર જ આ સૃષ્ટિનું વાસ્તવિક કારણ છે, અન્ય કોઈ નહીં. यः कारणानि निखिलानि तानि कालात्मयुक्ता न्यधितिष्ठत्येक ।१:३।

આમ ઉપનિષદોમાં અનેક પરસ્પર વિરોધી મતોનું મૂળ 'બ્રહ્મ' યા 'આત્મા'જ ઠરે છે. એ વિરોધો વચ્ચેના તાર્કિક સમન્વયાત્મક દૃષ્ટિકોણને કારણે જ તેનું વર્ણન અનિર્વચનીય, અવ્યક્ત, અવિકારી, નિરાકાર, અવિનાશી, નિરિન્દ્રિય, અજર, અમર, નિર્ભય વગેરે શબ્દોમાં કરવામાં આવ્યું. વિરોધી ધર્મોને અપેક્ષાભેદથી એક જ ધર્મમાં અપનાવી લેવામાં આવ્યો છે. અહીં જ અનેકાંતવાદના ઉદ્‌ગમનું નિમિત્ત અને પૂરક બળનું દર્શન થાય છે. જૈન દાર્શનિકોને એ ઔપનિષદિક સમાધાનોમાં અનેકાંત દૃષ્ટિના પ્રતિપાદન માટે સહયોગ મળ્યો હોય એવો સંભવ છે.

ઈશાવાસ્યોપનિષદમાં तदेजति तन्नैजति तद् दूरे तदन्तिके तदन्तरस्य सर्वस्य तदु सर्वस्यास्य बाह्यतः। કહ્યું છે : પરબ્રહ્મ અંતર્યામી હોવાને કારણે ચાલે પણ છે અને નથી પણ ચાલતા, એક જ કાળમાં પરસ્પર વિરોધી ભાવ, ગુણ તથા ક્રિયા જેનામાં રહી શકે છે, તે જ પરબ્રહ્મ છે. સગુણસાકારની લીલા તેમનું 'ચાલવું' અને નિર્ગુણ નિરાકારતા તેમની 'અચલતા' છે. એ જ રીતે બીજો અર્થ એમ પણ થઈ શકે કે શ્રદ્ધા-પ્રેમરહિત માટે તે 'દૂરાતિદૂર' છે અને શ્રદ્ધા-પ્રેમયુક્ત માટે તે 'નિકટતમ' છે.

શ્વેતાશ્વેતરોપનિષદમાં संयुक्तमेतत्क्षरमक्षरंच व्यक्ताव्यक्तंभरते विश्वमीशः अनीश्वरात्मा बध्यते भोक्तृभावाज्ज्ञात्वा देवं मुच्यते सर्वपाशा ।।१:८।। કહ્યું છેઃ

જીવાત્મા સૃષ્ટિના વિષયોનો ભોક્તા બની રહેવાને કારણે પ્રકૃતિને અધીન થઈ એની મોહજાળમાં ફસાઈ જાય છે. અને પરમાત્મા તરફ દૃષ્ટિપાત જ નથી કરતો. જ્યારે તે પરમેશ્વરની કૃપાથી મહાપુરુષસંશ્રય કરી પરમતત્ત્વને જાણવા માટે અભિલાષા રાખી નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરે ત્યારે તે બધા પ્રકારના બંધનોમાંથી સદાકાળ મુક્ત થઈ જાય છે. જીવની ત્રણ અવસ્થા-સિદ્ધ, મુક્ત અને બદ્ધ-માંથી બદ્ધ અવસ્થા जन्तो र्निहितो गुहायाम्-માં વ્યક્ત કરી છે.

મુણ્ડકોપનિષદમાં आविः संनिहितं गुहाचरं नाम महत् पदम् । अत्र एतत् समर्पितम्। (૨:૧) સર્વશક્તિમાન, સર્વજ્ઞ, સર્વવ્યાપી પરમેશ્વર પ્રકાશસ્વરૂપ છે. તે હૃદયરૂપી ગુફામાં રહે છે. તે સત્ અને અસત્ અર્થાત્ કાર્ય અને કારણ એવં પ્રકટ અને અપ્રકટ–બધું જ છે.

ઉપરોક્ત મંત્રોમાં વિધિ અને નિષેધ બંને પક્ષોનો વિધેયાત્મક સમન્વય થયો છે. ઋગ્વેદના ઋષિએ બંને વિરોધી પક્ષોનો અસ્વીકાર કરી નિષેધાત્મક રીતે ત્રીજા અનુભવ પક્ષને (નેતિ નેતિ કહી) ઉપસ્થિત કર્યો છે; જ્યારે ઉપનિષદોના મંત્રદ્રષ્ટા ઋષિઓએ બંને વિરોધી પક્ષનો સમન્વય કરી વિધેયાત્મક દૃષ્ટિકોણથી કોઈપણ મતનું ખંડન ન કરતાં ઉભયમતમંડન કર્યું છે. અહીં જ સમન્વયવાદના મૂળ જોવા મળે છે.

સૃષ્ટિ સર્જન પ્રક્રિયા અંગે જૈન દર્શન કહે છે : 'જગત અનાદિ અને અનંત છે. તેની માત્રા નથી ઘટતી, નથી વધતી. કેવળ રૂપાંતર થાય છે. તેઓ સૃષ્ટિ સ્થિતિમાં મૂળ દસ સૂત્રો માને છે.

પુનર્જન્મ : જીવ મર્યા બાદ ફરી ફરી જન્મ લે છે.

કર્મબંધન : જીવ સદા કર્મ બાંધે છે.

મોહનીય-કર્મબંધ : જીવ સદા નિરંતર મોહનીય કર્મ બાંધે છે.

જીવ-અજીવનો અત્યંતાભાવ : જીવ અજીવ થઈ જાય કે અજીવ જીવ થઈ જાય એવું ન તો થયું છે અને ન તો થવાની શક્યતા છે.

ત્રસ સ્થાવર–અવિચ્છેદ : બધા ત્રસ જીવ સ્થાવર બની જાય યા બધા સ્થાવર જીવ ત્રસ બની જાય યા બધા જીવ કેવળ ત્રસ અથવા કેવળ સ્થાવર બની જાય–એવું ન તો બન્યું છે, ન બનવાની શક્યતા છે અને ન કદી બનવાનું છે.

લોકાલોક પૃથકત્વ : આવું ન તો થયું છે, ન ભાવ્ય છે કે ન કદી થશે કે લોક અલોક થઈ જાય અને અલોક લોક થઈ જાય.

લોકાલોક અન્યોન્યાડન્ય પ્રવેશ : એવું ન તો બન્યું છે, ન ભાવ્ય છે અને ન કદી બનશે કે લોક અલોકમાં પ્રવેશ કરે અને અલોક લોકમાં પ્રવેશ કરે.

લોક અને જીવોનો આધાર-આધેય સંબંધ : જેટલા ક્ષેત્રનું નામ લોક છે, એટલા ક્ષેત્રમાં જીવ છે અને જેટલા ક્ષેત્રમાં જીવ છે, તેટલા ક્ષેત્રનું નામ લોક છે.

લોક મર્યાદા : જેટલા ક્ષેત્રમાં જીવ અને પુદ્ગલ ગતિ કરી શકે છે, એટલું ક્ષેત્ર લોક છે અને જેટલું ક્ષેત્ર લોક છે તેટલા ક્ષેત્રમાં જીવ અને પુદ્ગલ ગતિ કરી શકે છે.

અલોક-ગતિ-કારણાભાવ : લોકના બધા અંતિમ ભાગોમાં આબદ્ધ પાર્શ્વસ્પૃષ્ટ પુદ્ગલ છે. લોકાંતના પુદ્ગલ સ્વભાવને કારણે ગતિમાં સહાયતા કરવાની સ્થિતિમાં સંઘટિત નથી થઈ શકતા. તેની સહાયતા વગર જીવ અલોકમાં ગતિ નથી કરી શકતા. '(જૈન દર્શનમાં તત્ત્વમીમાંસા')

યુવાચાર્ય મહાપ્રજ્ઞના મતે વિકાસ અને હ્રાસ જીવ અને પુદ્ગલ – આ બે દ્રવ્યોમાં થાય છે. પુદ્ગલ અચેતન છે, તેથી તેનો વિકાસ કે હ્રાસ ચૈતન્યપ્રેરિત નથી થતો. જીવના વિકાસ અને હ્રાસની આ વિશેષતા છે. તેનામાં ચૈતન્ય હોય છે એટલે તેના વિકાસ-હ્રાસમાં બાહ્ય ઉપરાંત આંતરિક પ્રેરણા પણ હોય છે. આત્મજનિત આંતર પ્રેરણાથી આધ્યાત્મિક વિકાસ થાય છે અને શરીર જનિતથી શારીરિક વિકાસ.

'બધા જ પ્રાણી, જીવ કર્મના પ્રભાવથી જ વિભિન્ન અવસ્થાઓને પ્રાપ્ત કરે છે. કર્મ જ તેમની ઉત્પત્તિ, સ્થિતિ અને ગતિનું આદિ કારણ છે. ગતિની દૃષ્ટિએ પ્રાણી બે ભાગમાં વિભક્ત છે. સ્થાવર અને ત્રસ. ત્રસ જીવોમાં ગતિ, અગતિ, ભાષા, ઈચ્છા–વ્યક્તિકરણ આદિ ચૈતન્યના સ્પષ્ટ લક્ષણો પ્રતીત થાય છે. એટલે તેમની સચેતનામાં કોઈ સંદેહ નિર્માણ નથી થતો. સ્થાવર જીવોમાં જીવના વ્યાવહારિક લક્ષણ સ્પષ્ટ પ્રતીત નથી થતા, તેથી તેમની સજીવતા ચક્ષુગ્રાહ્ય નથી. જૈન સૂત્ર કહે છે : પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને વનસ્પતિ–આ પાંચે સ્થાવર કાય જીવ છે. વેદાંતની ભાષામાં બધા પદાર્થોમાં એક જ ચેતન પ્રવાહિત છે. જૈન ભાષામાં સમગ્ર સંસાર અનંત જીવોથી વ્યાપ્ત છે. એક અણુમાત્ર પ્રદેશ પણ જીવરહિત નથી.' ('જૈનદર્શન મેં તત્ત્વમીમાંસા'–યુવાચાર્ય મહાપ્રજ્ઞ)

જૈન દર્શન સર્જક દ્વારા સૃષ્ટિના સર્જનમાં માનતું નથી. સૃષ્ટિ અને તેના ઘટકો–આત્મા, પદાર્થ, અવકાશ, કાળ અને ગતિના સિદ્ધાંતો–અસ્તિત્વ ધરાવે છે. બધા જ ઘટકો અને કર્મો વૈશ્વિક પ્રાકૃતિક નિયમો દ્વારા સંચાલિત છે. અસત્માંથી (અનસ્તિત્વ) પદાર્થને ઉત્પન્ન કરવો શક્ય નથી. તેથી સૃષ્ટિના સમગ્ર પદાર્થો (સામૂહિક રીતે ઉત્પત્તિ કે વિલય પામી શકતા નથી.) યથાવત્ જ રહે છે. સૃષ્ટિ સજીવ અને નિર્જીવની બનેલી છે. દરેક સજીવનો આત્મા અનન્ય અને અનુત્પાદિત છે અને આદિકાળથી અસ્તિત્વ ધરાવે છે.

જૈન દર્શનના કાર્યકારણભાવના સિદ્ધાંત મુજબ કારણ અને તેના પરિણામો હંમેશાં સ્વભાવે સરખા હોય છે. તેથી પરબ્રહ્મ જેવું જાગૃત (સજાગ) તત્ત્વ અસાર (બિનજરૂરી) સૃષ્ટિ જેવું સારભૂત તત્ત્વ ન સર્જી શકે. દિવ્યતા કે દૈવી તત્ત્વની બાબતમાં પણ તેઓ માને છે કે જે (જીવ) કર્મો અને વાસનાનો નાશ કરે છે, તેને જ મોક્ષ (મુક્તિ-નિર્વાણ) મળે છે. વાસના અને કામના રહિત જીવને સૃષ્ટિના કારભારમાં દખલગીરી કરવાનું મન થતું નથી. દિવ્ય જીવને માટે પુણ્ય-પાપ રસનો વિષય જ નથી, પરંતુ બ્રહ્માંડમાં જન્મજાત નૈતિક આદેશોમાં ફળ સ્વયં સંચાલિત યંત્રણા છે; જ્યાં પ્રત્યેક વાવે તેવું લણે છે. પોતાના કર્મોના પરિણામ તેણે ભોગવવા પડે છે.

જૈન દર્શન યુગોથી સર્જક અને સર્વશક્તિમાન પરબ્રહ્મની ભાવનાનો અસ્વીકાર કરતું આવ્યું હોવાથી તેની ગણના 'નાસ્તિક દર્શન' થાય છે. કારણ તેમાં બ્રહ્માંડ વિજ્ઞાનમાં, કર્મશાસ્ત્રમાં, મોક્ષવિષયમાં, નૈતિક ચારિત્ર્યમાં દરેક દાર્શનિક પરિમાણોમાં અસર્જકતાનો અને દૈવીકૃપાનો અભાવ જોવા મળે છે. જૈન દર્શન પ્રતિપાદન કરે છે કે ધાર્મિક અને સદાચારી જીવન સર્જક પરબ્રહ્મ વિના પણ શક્ય છે. આદિ અને અંત વગરના વિવિધ આકાર ધરાવતો પદાર્થ એટલે સૃષ્ટિ એમ જૈન દર્શન માને છે. તેમના મતે આ સૃષ્ટિ છ તત્ત્વોથી બનેલી છે. સજીવ, નિર્જીવ, ધર્મતત્ત્વ, અધર્મતત્ત્વ, આકશ અને કાલ.

ધર્મની વિભાવના કહી છે – વત્થુ સહાયોધમ્મો – પદાર્થનો અંતર્ગત (મૂળભૂત) સ્વભાવ એ જ સાચો ધર્મ! તેઓ કહે છે : પરબ્રહ્મ ખરેખર સર્જક હોય, તો ચેતન અને અચેતન એવા બે વિરોધી પરિણામો માટે એક જ ઉપાદાન કેવી રીતે હોઈ શકે? આમ તાર્કિક રીતે અસાર (immaterial) સૃષ્ટિ જડ પદાર્થોની બનેલી છે, તેથી તેમને તેના સર્જક પરબ્રહ્મને માનતાં રોકે છે. આમ જૈન દર્શન અને

non-creationism- એકબીજાના પર્યાય ગણાય છે.

મનુષ્ય સર્વોત્કૃષ્ટ પ્રાણી છે, કારણ તે વિચારશીલ, મનનશીલ, પ્રાણી છે. તેણે વિચારી, સમજી તત્ત્વનું અન્વેષણ કર્યું. તેમાંથી બે વિચારપ્રવાહ નીકળ્યા. ક્રિયાવાદ અને અક્રિયાવાદ. આત્મા, પુનર્જન્મ, મોક્ષ પર વિશ્વાસ કરવાવાળા 'ક્રિયાવાદી' અને ન કરવાવાળા

'અક્રિયાવાદી' તરીકે ઓળખાયા. ક્રિયાવાદી વિચારધારામાં વસ્તુસ્થિતિ સ્પષ્ટ થઈ. લોકોએ સંયમમાર્ગ પસંદ કર્યો. ત્યાગ-તપસ્યા જીવનમાં ઊતાર્યા. અક્રિયાવાદી વિચારપ્રણાલીથી વસ્તુસ્થિતિ પર આવરણ છવાઈ ગયું. લોકો ભૌતિકસુખ તરફ વળ્યા. ક્રિયાવાદીએ વિચાર્યું આત્માના અસ્તિત્વમાં સંદેહ ન કરવો. તે અમૂર્ત છે. તેથી ઇન્દ્રિયગ્રાહ્ય નથી, નિત્ય છે. અક્રિયાવાદીના મતે પંચમહાભૂતમાંથી ચૈતન્ય યા આત્મા પેદા થાય છે. તેઓ માને છે કે જીવાત્મા કોઈ જીવંત પદાર્થ નથી. જેમ અરણિના લાકડામાંથી અગ્નિ, દૂધમાંથી ઘી અને તલમાંથી તેલ નીકળે છે, તેમ જ પંચમહાભૂતાત્મક શરીરમાંથી જીવ ઉત્પન્ન થાય છે. શરીર નષ્ટ થયા બાદ આત્મા જેવી કોઈ વસ્તુ રહેતી નથી.

આત્મતત્ત્વ ભારતીયદર્શનનું પ્રધાન અંગ ગણાય છે. આત્મવાદીઓએ બહુમુખી તર્કો દ્વારા આત્મા અને પુનર્જન્મનું સમર્થન કર્યું છે. સ્વસંવેદન, અત્યંતાભાવ, ઉપાદાનકારણ, સત્પ્રતિપક્ષ, બાધક પ્રમાણનો અભાવ, સત્‌નો નિષેધ (આત્મા નથી એમાં આત્માનો નિષેધ નથી, કિન્તુ તેનું કોઈની સાથે થવાવાળા સંયોગનો નિષેધ છે), ઇન્દ્રિય પ્રત્યક્ષની વિકલતા, ગુણ દ્વારા ગુણીનું ગ્રહણ, વિશેષગુણ (ચૈતન્ય) દ્વારા સ્વતંત્ર અસ્તિત્વનો બોધ, સંશય, દ્રવ્યની ત્રિકાલાત્મકતા, સંકલનાત્મકતા (પાંચે ઇન્દ્રિયોનું સંકલનાત્મક જ્ઞાન), સ્મૃતિ (આત્માના અભાવમાં ઇન્દ્રિયો અને મન બંને નિષ્ક્રિય થઈ જાય), જ્ઞેય અને જ્ઞાતાનું પૃથકત્વ (કુંભાર, ઘડો અને માટી), પૂર્વ સંસ્કારની સ્મૃતિ વગેરે અનેકવિધ તર્કો દ્વારા આત્મતત્વ અને પુનર્જન્મનું સમર્થન કર્યું છે.

ભારતીય દર્શન પ્રાયઃ જીવ અને આત્મામાં ભેદ માને છે. તેઓએ આત્માના સ્વરૂપપર મુખ્યત્વે મોક્ષની દૃષ્ટિએ વિચાર કર્યો છે. પુનર્જન્મની સિદ્ધિ માટે આત્માની અમરતા માનવી આવશ્યક પર્યાય છે. ઉપનિષદોમાં આત્માની કલ્પના વિવિધ રૂપોમાં જોવા મળે છે. અને તેના અસ્તિત્વની સિદ્ધિ અને સ્વરૂપના નિરૂપણનો પ્રયત્ન દેખાય છે. કઠોપનિષદમાં નચિકેતાએ યમ પાસેથી અનેક પ્રલોભનોને ઠુકરાવી આત્મવિદ્યા પ્રાપ્ત કર્યાનું વર્ણન છે. બૃહદારણ્યકોપનિષદમાં યાજ્ઞવલ્ક્ય પાસેથી મૈત્રેયી આત્માસંબંધી જ્ઞાન પ્રાપ્ત કરે છે કે આત્મા જ દર્શનીય, શ્રવણીય, મનનીય અને ધ્યાન કરવા યોગ્ય છે. आत्मा वा अरे द्रष्टव्यः श्रोतव्यः मन्तव्यः निदिध्यासितव्यो (૨:૪:૫) છાન્દોગ્યોપનિષદમાં કહ્યું છે : આત્મતત્વ જ એક એવું તત્વ છે જેના જ્ઞાન વિના સમસ્ત જ્ઞાન એવં વિદ્યા વ્યર્થ થઈ જાય છે. નારદ મુનિ સનત્કુમારને કહે છે કે તેઓ પોતે સર્વવિદ્યાઓના જ્ઞાતા હોવા છતાં શોકાકુલ હતા. કારણ તેઓ આત્મતત્વને જાણતા નહોતા. છાન્દોગ્યોપનિષદમાં આત્માનું સ્વરૂપ પાપથી નિર્લેપ, જરા-મરણશોકરહિત, ક્ષુધાતૃષારહિત કહ્યું છે. બૃહદારણ્યકોપનિષદમાં આત્માને કર્તા તથા જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અવસ્થાઓમાં, મૃત્યુ અને પુનર્જન્મમાં એ ક સામાન રહેવાવાળો અને આત્મા અમૂર્ત અને અનુભવાતીત છે એમ કહ્યું છે. મુણ્ડકોપનિષદમાં ચંદ્ર અને સૂર્યને આત્માના ચક્ષુ, અંતરિક્ષ અને દિશાઓને તેનાં કાન અને વાયુને તેનો ઉચ્છ્‌વાસ કહ્યાં છે. આમ ઉપનિષદમાં આત્માને અજન્મા, નિત્ય, શાશ્વત, પુરાતન કહ્યો છે. આત્માને રથી, શરીરને રથ, મનને લગામ, ઇન્દ્રિયોને અશ્વ તથા વિષયોને માર્ગ કહ્યાં છે. બૃહદારણ્યકમાં આત્માને સર્વપ્રિય કહ્યો છે. કઠોપનિષદમાં આત્માને અણુથી પણ અણુ અને મહાનથી પણ મહાન અને હૃદયરૂપી ગુહામાં રહેવાવાળો કહ્યો છે. તૈતિરીયોપનિષદમાં આત્માને સર્વવ્યાપક કહ્યો છે. શ્વેતાશ્વેતરોપનિષદમાં આત્માને અંગુષ્ઠમાત્ર, સોયની અણી જેટલો, કેશના અગ્રભાગના હજારમાં ભાગ જેટલો કહ્યો છે. જીવાત્મા કર્મોનો કર્તા, ભોક્તા, સુખાદિ ગુણવાળો, પ્રાણોનો સ્વામી કહ્યો છે. આત્માની ચાર અવસ્થાઓ—જાગૃત સ્વપ્ન, સુષુપ્તિ, તુરીય; આત્માના પાંચ કોષ—અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય તથા આનન્દમય કોષ—ઉપનિષદો ગણાવે છે. ઉપનિષદોમાં આત્મા માટે બ્રહ્મ ઉપરાંત જીવ શબ્દ પણ પ્રયોજાયો છે. સંસારી આત્મા જે કર્મોનો કર્તા, ભોકતા, સુખદુઃખનો અનુભવકર્તા છે, તે જીવાત્મા કહેવાય છે. મુણ્ડકોપનિષદમાં 'દ્વા સુપર્ણા સયુજા સખાયા' કહી જીવ અને બ્રહ્મ વચ્ચે અંતર દેખાડ્યું છે. જીવ ફળોનો સ્વાદ લે છે, જ્યારે આત્મા યા બ્રહ્મ કેવળ દૃષ્ટા યા સાક્ષી છે. તદુપરાંત ઉપનિષદોમાં કહેવામાં આવ્યું છે કે જેમ નદી સમુદ્રમાં મળી સમુદ્રાકાર બની જાય છે અર્થાત્ સમુદ્રમાં વિલીન થઈ જાય છે, તેમ જીવાત્મા બ્રહ્મમાં ભળી મોક્ષાવસ્થામાં એકાકાર થઈ જાય છે. બ્રહ્મ આનંદસ્વરૂપ છે એટલે મોક્ષાવસ્થા પણ ઉપનિષદોમાં આનંદસ્વરૂપ કહી છે. તૈતિરીયોપનિષદમાં યાજ્ઞવલ્ક્ય ઋષિએ મૈત્રેયીને જીવાત્મા અને બ્રહ્મના તાદાત્મ્યને પાણીમાં ઓગળી ગયેલા લવણ જેવું ગણાવ્યું છે.

જૈન દર્શનમાં આત્માનું વિવેચન તત્ત્વવિચારના રૂપમાં થાય છે. જૈન દર્શનમાં સાત તત્ત્વ મનાય છે. જેમાં પ્રથમ જીવ યા આત્મા છે તથા અન્ય છ અજીવ યા જડ છે. એ બધાનું મહત્ત્વ જીવને લીધે છે. એ સાત તત્ત્વો આ પ્રમાણે છે. જીવ, અજીવ, આસ્રવ, બન્ધ, સંવર, નિર્જરા અને મોક્ષ. ટૂંકમાં સાત તત્ત્વોમાં—સજીવ અને નિર્જીવ એમ બે જ તત્ત્વો મહત્ત્વના માન્યા છે. પૂજ્યપાદાચાર્યએ 'ઈષ્ટોપદેશ'માં કહ્યું છે કે જીવ પુદ્‌ગલથી અલગ છે અને પુદ્‌ગલ જીવથી ભિન્ન છે. ઉમાસ્વાતીએ આત્માને ઉપયોગ સ્વરૂપ કહ્યો છે. સર્વાર્થસિદ્ધિમાં પૂજ્ય પાદાચાર્યએ, દ્રવ્યસંગ્રહમાં નેમિચન્દ્રાચાર્યએ આત્માને ચૈતન્યસ્વરૂપ કહ્યો છે. ઉપયોગ ચૈતન્યનું જ અન્વયી પરિણામ છે. જૈન દર્શનમાં જીવ અને આત્મા એક જ તત્ત્વના નામ છે. જૈન દર્શનમાં આત્મા સ્વતઃસિદ્ધ, અનાદિ, અનંત, અમૂર્તિક, અવિનાશી, અખંડપ્રદેશી દ્રવ્ય મનાયો છે. વળી તેઓ અનંત આત્માઓની કલ્પના કરે છે. ઉમાસ્વાતીએ 'ત્ત્વાર્થસૂત્ર'માં 'जीवाश्च' કહ્યું છે. જૈન અને ન્યાય—વૈશેષિક તથા વિશિષ્ટાદ્વૈત ચિંતક બંને આત્માને શરીર, મન અને ઈન્દ્રિયોથી ભિન્ન માને છે. જૈન દર્શનમાં જીવ અને આત્મામાં કોઈ ભેદ મનાતો નથી. બંને શબ્દ એક જ સત્તાના સૂચક છે. પરંતુ વેદાંત દર્શનમાં આત્મા જે બ્રહ્મ કહેવાય છે, તેને જીવનથી ભિન્ન માન્યો છે. બંને દર્શન આત્માને ચૈતન્ય સ્વરૂપ માને છે. આત્માનું ચૈતન્ય જાગૃત, સ્વપ્ન, સુષુપ્તિ અવસ્થામાં અસ્તિત્વ ધરાવે છે. બંને દર્શન આત્માને સત્, ચિત્, આનંદસ્વરૂપ માને છે. પણ જૈન દર્શન તેનાથી આગળ અનંતદર્શન અને અનંતવીર્ય પણ માને છે. ઉપનિષદોમાં ચાર મહામંત્રો દ્વારા પરમ બોધનો ઉદ્‌ઘોષ કર્યો છે. તત્વમસિ, અહં બ્રહ્માસ્મિ, પ્રજ્ઞાનં બ્રહ્મ અને સર્વ ખલ્વિદમ્ બ્રહ્મ. આ ચાર મંત્રોને હૃદયંગમ કરી મનુષ્ય આત્મસ્થ થઈ શકે છે. આત્માના અસ્તિત્વ અંગે જૈન દર્શન કૃતનિશ્ચયી છે. 'નિયમસાર'માં કુન્દકુન્દાચાર્ય આત્માને બંધનરહિત, અનાસક્ત, નિર્દોષ, (ત્રુટિરહિત), નિરીચ્છ, નિરહંકારી કહે છે. આત્માના ગુણજ્ઞાનથી તેનું ધ્યાન કરી તેની અનુભૂતિ થવી શક્ય છે. 'અંતઃપ્રેરણા અને જ્ઞાન જેનાથી થાય છે, તે હું છું, અનાત્મા નથી'—આ સમજણ દૃઢપણે આવવી એ આત્માનુભૂતિ છે. આત્માનું સાચું જ્ઞાન મેળવવા ઈન્દ્રિયો અને મનના બાહ્ય વલણને વળાંક આપી અંતરાત્મા તરફ લઈ જવો જોઈએ. સ્થૂળ દેહમાંથી મનને હટાવી સૂક્ષ્મ દેહ તરફ

વાળવાથી આસક્તિ અને પ્રતિકૂળ વલણથી મુક્ત થઈ શકાય છે.

જૈન દર્શને આત્માના ત્રણ પ્રકાર કહ્યા છે-૧. બહિરાત્મા : જે દેહ ધારણ કરે છે, તે આત્મા છે એમ સમજનાર છેતરાય છે. તે અજ્ઞાની છે. ૨. અંતરાત્મા : તે જે તેનો સ્વભાવ બરાબર જાણે છે અને સમ્યક્ દૃષ્ટ અને સમ્યક્ શ્રદ્ધા ધરાવે છે. ૩. પરમાત્મા : જે સર્વ અશુદ્ધિ–વિકારોથી સંપૂર્ણ મુક્ત છે અને સર્વજ્ઞ છે. આવા ઉત્તમાત્મા બે પ્રકારના હોય છે. દેહધારી અર્હંત કહેવાય છે અને દેહરહિત સિદ્ધ કહેવાય છે.

દાર્શનિક વિચારણાના સંદર્ભે આપણે અહીં સુધી સૃષ્ટિની ઉત્પત્તિ અને આત્મા વિષે ઉપનિષદિક (વેદાંત) અને જૈન–બંને દર્શનોમાં ચિંતનનો વિચાર કર્યો. હવે બંને દર્શનોનું કર્મમીમાંસા અંગેનું ચિંતન તપાસીએ.

વેદાંત વિચારધારા મુજબ પ્રત્યેક જીવ પોતપોતાની ઈચ્છા મુજબ કર્મ કરે છે. કર્મોમાં ભિન્નતાને લીધે કેટલાક કર્મોથી જીવ બંધનમાં પડે છે તો કેટલાક કર્મો મોક્ષદાયક બને છે. આમ બંધન અને મુક્તિનો વિચાર કર્મસિદ્ધાંત પર અવલંબિત છે. મુક્તિ (મોક્ષ) માટે સમ્યક્ જ્ઞાન, સમ્યક્ દર્શન અને સમ્યક્ ચારિત્રની આવશ્યકતા છે. સમ્યક્ચારિત્ર જ મોક્ષનો આધારસ્તંભ છે. સમ્યક્ ચારિત્ર એટલે સત્યતા એવં વાસ્તવિકતા પ્રમાણે કર્મ કરવું. માનવે પોતાના અસ્તિત્વની સાથે સાથે બીજાના અસ્તિત્વનો વિચાર કરી ઉચિત આચરમ કરવું.

શ્રેય અને પ્રેય–બંનેનો વિચાર કરી નીરક્ષીર વિવેકથી પ્રેયની ઉપેક્ષા કરી શ્રેયને ગ્રહણ કરે તે ધીર. श्रेयो हि धीरोऽति प्रेयसो वृणीते प्रेयो मन्दो योगक्षेमात् वृणीते। (કઠોપનિષદ ૨/૨). શ્રેય એટલે હંમેશ માટે બધા દુઃખોમાંથી મુક્ત થઈ નિત્ય આનંદસ્વરૂપ પરબ્રહ્મ પુરુષોત્તમને પ્રાપ્ત કરવાનો ઉપાય, જ્યારે પ્રેય એટલે વાડી, બંગલા, યશ આદિ ઇહલોક અને સ્વર્ગલોકની ભૌતિક ભોગની સામગ્રીને પ્રાપ્ત કરવાનો ઉપાય! આમ કઠોપનિષદમાં નચિકેતાના કથાનક દ્વારા સમ્યક્ ચારિત્રનો માર્ગ દાખવવામાં આવ્યો છે. મુણ્ડકોપનિષદના દ્વિતીય ખંડના પહેલા મંત્રમાં કહ્યું છેઃ तदेतत् सत्यं मन्त्रेषु कर्माणि कवयो यान्यपस्यं स्तानि त्रेतायां बहुधा सनीतानि तानि आचरथ नित्यं सत्यकामा एषः वः पन्थाः सुकृतस्य लोके। જાગતિક ઉન્નતિ ચાહવાવાળા મનુષ્યો ઉન્નતિનો સુંદર માર્ગ મનુષ્યદેહને સમજે છે. આળસ અને પ્રમાદમાં કે ભોગો ભોગવવામાં પશુઓની જેમ જીવન વીતાવવું મનુષ્યદેહ માટે ઉચિત નથી. તૈતિરીયોપનિષદમાં અગિયારમા અનુવાકમાં બ્રહ્મચારી અંતેવાસી આશ્રમમાંથી અધ્યયન કરી ગુરુગૃહેથી વિદાય લઈ આચાર્ય પાસેથી વ્રતદીક્ષા મેળવે છે, ત્યારના મંત્રો સદાચારના આધારસ્થંભ છે. सतं् वद। धर्मं चर। स्वाध्यायान्मा प्रमदः। देवपितृकार्याभ्याम् न प्रमदितव्यम् । લૌકિક અને શાસ્ત્રીય જેટલા પણ કર્તવ્યરૂપે પ્રાપ્ત શુભકર્મ છે, તેનો કદી ત્યાગ કે ઉપેક્ષા નહીં થવા જોઈએ. मातृदेवो भव। पितृदेवो भव। आचार्यदेवो भव। अतिथिदेवो भव। यान्यवद्यानि कर्माणि तानि सेवितव्यानि तो इतराणि। यानि अस्माकं सुचरितानि तानि त्वया उपास्यानि नो इतराणि। श्रद्धया देयम्। अश्रद्धया अदेयम्। श्रिया देयम्।...અહીં ઉપનિષદકાર ઉદારમતવાદી દેખાય છે. આચાર્ય શિષ્યને સ્પષ્ટ શબ્દોમાં કહે છેઃ અમારા ગુરુજનોના આચાર-વ્યવહારમાં પણ જે ઉત્તમ શાસ્ત્ર એવં શિષ્ટ પુરુષો દ્વારા અનુમોદિત આચરણ છે, જે નિઃશંક આચરણીય છે, તેનું તમારે અનુકરણ કરવું જોઈએ; અન્ય નહીં.

ઈશ્વરની આજ્ઞા તથા પરંપરાગત ઉપદેશનું નામ જ અનુશાસન! સદાચાર અને કર્તવ્યપાલન અનુશાસનબદ્ધ વ્યક્તિ જ કરી શકે. સદાચારનું મહત્ત્વ શ્વેતાશ્વેતપનિષદના પ્રથમ અધ્યાયમાં સોદાહરણ સ્પષ્ટ સમજાવ્યું છે. જે કોઈ સાધક વિષયોથી વિરક્ત થઈ સદાચાર, સત્યભાષ તથા સંયમરૂપ તપસ્યા દ્વારા સાધના કરતો કરતો પ્રભુનું નિરંતર ધ્યાન કરતો રહે છે, તેને પરબ્રહ્મ પરમાત્મા અવશ્ય પ્રાપ્ત થાય છે.

જૈન વિચારધારાને સંક્ષેપમાં વર્ણવવી હોય તો અનેકાંત અને અહિંસા–એ બે શબ્દો પર્યાપ્ત બની રહે. આચારે અહિંસા અર્થાત્ પ્રેમનો પ્રભાવ અને વિચારે અનેકાંત અર્થાત્ સત્યનો પ્રકાશ! અનેકાંત એ વાદ નહીં, જીવનદર્શન છે. તેની નૈતિકતાનું પર્યાપ્ત બળ છે અહિંસા! અહિંસાથી પરમ ધર્મ અન્ય કોઈ નથી. 'મારું તે સત્ય નહીં સત્ય તે મારું'–આ માનવીનું સૂત્ર હોવું જોઈએ. વિનોબાજીએ કહ્યું હતું: 'માનવીએ સત્યાગ્રહી બનવા કરતાં સત્યગ્રાહી બનવાનો પ્રયત્ન કરવો જોઈએ.' કારણ સત્ય શબ્દ અર્થગ્રાહ્ય એવં ભાવગ્રાહ્ય છે. આ વાતને સ્પષ્ટ કરવા મહાવીર સ્વામીએ અનેકાંતવાદનું પ્રતિપાદન કર્યું. આઈનસ્ટાઈન જેને સાપેક્ષવાદ (theory of relativity) કહે છે; શ્રીમદ્ આદ્ય શંકરાચાર્ય જેને માયાવાદ તરીકે ઓળખાવી Degrees of truth સમજાવે છે; વેદોએ જે ઉદ્‌ઘોષ કર્યો:- जा नो भद्राः कृत्वो यन्तु विश्वतः (દરેક દિશામાંથી ઉમદા વિચારો મારી પાસે આવવા દો); ઉપનિષદના દોહન સમી શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં 'समदर्शन' પદ વાપરી સમન્વયતા દર્શાવી, તે જ વિચારને જૈન દર્શને અનેકાંતવાદ કહ્યો; જેની નયવાદ અને સ્યાદ્‌વાદ બે પાંખો છે. જૈન દર્શનના હૃદયસમો અનેકાંતવાદ આપણને ભેદ અને ખંડિતતા (વિસંગતિ) દૂર કરી ઐક્ય અને સુસંવાદિતતા કેમ જીવનમાં સ્થાપવી તે બતાવે છે. સત્ય પ્રતિ કેવી રીતે વ્યાપક અને સહિષ્ણુ દૃષ્ટિ કેળવવી તે શીખવે છે. શ્રીમદ્ ભગવદ્‌ગીતાનો 'सर्वत्र समदर्शनः' ગુણ જૈનના સોમ, શમ અને શ્રમ–આ ત્રણ ભારતીય સંસ્કૃતિને મળેલાં અદ્‌ભૂત યોગદાન છે. પ્રત્યેકને સારી રીતે જીવવું છે. દરેકને પોતાની જીવનશક્તિનો પૂર્ણ અને સ્વતંત્ર અનુભવ લેવો હોય છે. તેની આ જીવન શક્તિ (જોમ, જોશ) ઉપર તરાપ મારવાનો કોઈપણ પ્રયત્ન સ્પષ્ટ હિંસા છે. પોતાનું તેમ જ બીજાનું જીવન પણ એટલું જ મહત્ત્વનું છે એવો વિવેકવિચાર જ અહિંસા આચરવા પ્રેરે છે. પોતાના જીવન તથા વિચારોની સત્યતા જેટલું જ બીજાના જીવન અને વિચારોની સત્યતાનો આદરપૂર્વક સ્વીકાર કરવો એ બૌદ્ધિક અહિંસાનું આચરણ છે. અનેકાંતવાદ આંશિક મતોની કૂપમંડૂક વૃત્તિ ત્યજી એક સમન્વયવાદી વિચાર વિશ્વને આપે છે. આ જ વિચારધારા સમ્યક્ચારિત્રનો મુખ્ય માપદંડ છે. કોઈપણ જીવનું અન્ય જીવ દ્વારા શોષણ, નિર્દલન, યા સત્તાપ્રસ્થાપન (સ્વાયત્તીકરણ) અન્યાય છે. આમ અનેકાંતવાદ દ્વારા સર્વોદયી સમાજની રચના શક્ય છે. આવી જ ભાવના વૈદિક પ્રાર્થનામાં પણ વ્યક્ત થઈ છે. समानी वः आकृतिः समाना हृदयानि वः समानमस्तु वो मनः यथा वः सुसहासति। અહીં 'વઃ' સર્વનામ જ પ્રમાણ આપે છે કે માત્ર પોતા પૂરતી આ પ્રાર્થના નથી. અમારા હેતુ, સંકલ્પો, મનોભાવ સમાન રહે. જેથી અમે પ્રસન્ન રહીએ.

છેલ્લે सर्वेऽत्र सुखिनः सन्तु सर्वे सन्तु निरामयाः सर्वे भद्राणि पश्यन्तु मा कश्चित् दुःखमाप्नुयात् । આ પ્રાર્થના પણ સર્વોદય સમાજ નિર્માણની ભાવના જ વ્યક્ત કરે છે.

★

# અનેકાંતવાદ: સાત નયોનું વૈચારિક મેઘધનુષ

☐ ડૉ. રતનબેન ખીમજી છાડવા

*[જૈન ધાર્મિક બૉર્ડની પરીક્ષાઓ આપી 'વિશારદ' જેવી ઉપાધિઓ પ્રાપ્ત કરનાર રતનબેન ધાર્મિક દર્શન-ચિંતનનો બહોળો અનુભવ ધરાવે છે. શ્રી જીવદયા મંડળીના મુખપત્રના માનદ તંત્રી છે. પ્રાચીન હસ્તપ્રતો ઉકેલવાની વિદ્યામાં પારંગત છે. પ્રસ્તુત લેખમાં તેમણે સાત નયોને સમજાવ્યા છે.]*

જૈનદર્શનનો અંતનાર્દ અનેકાન્તવાદ છે. એના પાયા પર જ સમગ્ર જૈન સિદ્ધાંતો રચાયેલાં છે. ઉપ્પનેઈવા, વિગમેઈવા, ધ્રુવેઈવા આ ત્રિપદીને સાંભળી વિશિષ્ટ જ્ઞાની ગણધર ચૌદપૂર્વોની રચના કરી લે છે. આ ત્રિપદીમાં જે તત્ત્વ સમાયેલું છે તે અનેકાન્ત છે. આ દૃષ્ટિથી સમગ્ર જૈન વાઙ્મયનો આધાર અનેકાન્ત છે. એ પ્રમાણિત થઈ જાય છે.

વસ્તુ અનંતધર્માત્મક છે. એના અસંખ્ય પહેલુ છે. આવી સ્થિતિમાં કોઈ એક શબ્દ દ્વારા કોઈ એક ધર્મના કથનથી વસ્તુનું સમગ્ર સ્વરૂપ પ્રતિપાદિત કરી શકાતું નથી. ત્યારે સમગ્ર સ્વરૂપનું પ્રામાણિક પ્રતિપાદન કરવા માટે એક જ ઉપાય છે કે વસ્તુના કોઈ એક ધર્મને મુખ્ય રૂપથી કહેવામાં આવે અને શેષ ધર્મોને ગૌણ સ્વરૂપમાં સ્વીકારવામાં આવે. અર્થાત્ અપેક્ષા અથવા અનપેક્ષાથી વસ્તુ-તત્ત્વની સિદ્ધિ કરી શકાય. તેને અનેકાન્ત દૃષ્ટિ કહેવાય. અનેકાન્ત દૃષ્ટિ વિરાટ વસ્તુ તત્ત્વને જાણવા માટેનો એ પ્રકાર છે, જે વિવક્ષિત ધર્મને જાણીને પણ અન્ય ધર્મોનો નિષેધ નથી કરતો. એને ગૌણ અથવા અવિવક્ષિત કરી દે છે. આવી રીતે અનેકાન્ત દ્વારા સમગ્ર વસ્તુનું મુખ્ય-ગૌણ ભાવથી કથન થાય છે. તેમાં કોઈ પણ અંશ છુટતો નથી. આ અનેકાન્તવાદને સાપેક્ષવાદ પણ કહ્યો છે.

**નયવાદ**

શ્રમણ ભગવાન મહાવીરે સત્યની શોધ માટે સાપેક્ષ દૃષ્ટિનું નિર્ધારણ કર્યું હતું. સાપેક્ષતાનો મૂળ આધાર નયવાદ છે. જેમ શાસ્ત્ર રચનાનો આધાર માતૃકાપદ (અકાર આદિ વર્ણ) છે, તત્ત્વનો આધાર ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યની ત્રિપદી છે, તેમ અનેકાન્તનો આધાર નયવાદ છે. વસ્તુના અનંત ધર્મોમાંથી કોઈ પણ એક ધર્મનું કથન કરવું તે નય કહેવાય છે. અર્થાત્ વસ્તુનો અંશગ્રાહી અભિપ્રાય નય કહેવાય જેને વિકલાદેશી માનવામાં આવે છે.

જૈન દર્શનની અનેકાન્ત દૃષ્ટિ વિભિન્ન દર્શનોની પરસ્પર વિરુદ્ધ માન્યતાઓને અલગ અલગ નયની એકાંગી દૃષ્ટિના રૂપમાં સ્વીકૃતિ આપી આંશિક સત્યના રૂપમાં તેને માન્યતા આપે છે. વસ્તુ અનંતધર્મોવાળી છે તો સ્વાભાવિક એક એક ધર્મને ગ્રહણ કરવાવાળા અભિપ્રાય પણ અનંત થશે. એટલે જેટલા વચન પ્રકાર છે, જેટલા શબ્દ છે એટલા નય છે. તેમ છતાં મુખ્ય બે નય છે– દ્રવ્યાર્થિક નય અને પર્યાયાર્થિક નય. શેષ નય તેની શાખા-પ્રશાખાઓ છે.

**દ્રવ્યાર્થિક નય અને પર્યાયાર્થિક નય**

જૈન પરિભાષામાં અભેદ દર્શનને દ્રવ્યાર્થિક નય અને ભેદદર્શનને પર્યાયાર્થિક નય કહે છે. વસ્તુ દર્શનના જે નાના પ્રકારો છે એ બધાનું વર્ગીકરણ જૈન આચાર્યોએ ભગવાન મહાવીરને અનુસરીને આ બે દૃષ્ટિમાં કે બે નયોમાં કર્યું છે. દ્રવ્યાર્થિક નય સામાન્યગામી દર્શન તેમજ અનેકત્વનું દર્શન કરાવે છે તો પર્યાયાર્થિક નય વિશેષગામી દર્શન તેમજ એકત્વનું દર્શન કરાવે છે. ભારતીય તો શું વિશ્વના કોઈ પણ દાર્શનિક મંતવ્યનો આ બે નયોમાંથી ગમે તે એકમાં સમાવેશ થઈ શકે છે. એવો દાવો જૈનાચાર્યોનો છે. અને તેમણે અત્યાર સુધીમાં ઊભા થયેલા તેમને જ્ઞાત સમગ્ર દર્શનોને આ બે નયોમાંથી ગમે તે એકમાં કેવી રીતે સમાવી શકાય છે તે યુક્તિપૂર્વક બતાવ્યું પણ છે. આ બે નયોના અવાંતર ભેદો જ્ઞાત કરવામાં આવ્યા છે. જેમ કે, નૈઅમ, સંગ્રહ, વ્યવહાર, ઋજૂસૂત્ર, શબ્દ, સમભિરુઢ અને એવંભૂત–આ સાત નયોમાં ભારતીય દર્શનોના સમગ્ર સિદ્ધાંતોને સમાવી લેવામાં આવ્યા છે તેમ જ સમન્વય કરવામાં આવ્યું છે, જેનું વિવરણ નીચે મુજબ છેઃ ૧.

**નૈગમનય**

નૈગમનય સામાન્ય વિશેષગ્રાહી દૃષ્ટિકોણનું પ્રતિપાદન કરે છે. વેદાન્તને મતે સત્ તે જ કહેવાય જે ત્રૈકાલિક હોય. જ્યારે ન્યાયવૈશેષિક દર્શનની માન્યતા છે કે આત્મા આદિ પદાર્થો ત્રૈકાલિક સત્ છે પણ બધા કાર્યદ્રવ્યો ત્રૈકાલિક સત્ નથી. તેઓ પ્રથમ અસત્ હોય પણ પછી સત્ થાય અને પાછા અસત્ થઈ જાય. વળી કેટલાક પદાર્થો માત્ર સામાન્ય છે તો કેટલાક માત્ર વિશેષ છે અને કેટલાક સામાન્ય વિશેષ છે. પણ વેદાંતની જેમ જે કાંઈ સત્ છે તે માત્ર સામાન્ય જ છે એમ ન્યાય-વૈશેષિકો માનતા નથી. વૈશેષિકોના આ મંતવ્યને જૈનદર્શને નૈગમનય કહ્યો છે એટલે કે તેઓ સામાન્ય અને વિશેષ બન્નેને માને છે; માત્ર સામાન્ય કે વિશેષને નહિ. પરંતુ આમ છતાં તેઓ એક જ વસ્તુને સામાન્ય-વિશેષાત્મક માનતા નથી જેવી રીતે જૈનદર્શન માને છે. જૈનદર્શન અનુસાર સામાન્ય વિના વિશેષ ન હોઈ શકે. અને વિશેષ વિના સામાન્ય ન હોઈ શકે. આથી બંને પરસ્પરાશ્રિત હોઈ સ્વતંત્ર નથી; પણ એક જ વસ્તુના બે પાસા છે.

વેદાંતની જેમ સાંખ્ય પણ સત્‌ને ત્રૈકાલિક જ માને છે. આથી તેમના મતે કોઈ પણ કાર્ય નવું ઉત્પન્ન થતું નથી. પણ તલમાંથી તેલની જેમ માત્ર આવિર્ભાવને પામે છે. વેદાંતના બ્રહ્મની જેમ સાંખ્યોની પ્રકૃતિ સર્વપ્રપંચાત્મક છે. પ્રકૃતિમાંથી નવા નવા પરિણામો આર્વિભૂત થાય છે અને તેમાં જ પાછાં વિલીન થઈ જાય છે. આ બધાં કાર્યોનો સમન્વય એક જ પ્રકૃતિમાં હોવાથી બધા એકરૂપ છે. આથી કોઈ પણ વસ્તુનો ક્યાંય પણ અભાવ નથી. સર્વસર્વાત્મક એવી માન્યતા સાંખ્યોની છે. તેમના આ વાદને સત્‌કાર્યવાદ કહેવામાં આવે છે. આની વિરૂદ્ધ નૈયાયિકો, વૈશેષિકો અને બૌદ્ધો અસત્‌કાર્યવાદી છે. તેમને મતે કાર્ય જો ઉત્પત્તિની પહેલા પણ સત્ હોય તો તેના ઉત્પાદનો પ્રયત્ન વ્યર્થ લેખાય માટે કાર્યને તેની ઉત્પત્તિની પૂર્વે અને વિનાશની પછી અસત્ જ માનવું પડે.

આ બન્ને વિરોધી મંતવ્યોનો સમન્વય જૈનદર્શને એનેકાન્ત દૃષ્ટિ વડે દ્રવ્ય-પર્યાયવાદથી જ કર્યો છે. દ્રવ્યરૂપે સત્ છતાં પર્યાયરૂપે અસત્ માનવું જોઈએ. જેમ કે માટી એની એ જ છતાં તેમાંથી નવા નવા પાત્રો બનાવી શકાય છે. સુવર્ણ એનું એ જ હોય છતાં નવા નવા

ઘાટ બનાવી શકાય છે. આમ માટી કે સુવર્ણ રૂપે દ્રવ્ય નિત્યસ્થિર હોય છતાં જુદાં જુદાં ઘાટો તો નવા બનતાં-બગડતાં હોઈ તે તે રૂપે તે અનિત્ય પણ છે. આમ દ્રવ્યરૂપે નિત્ય તેમ જ પર્યાયરૂપે અનિત્ય છે.

**૨. સંગ્રહનય**

સંગ્રહનય જે સામાન્યગ્રાહી દૃષ્ટિકોણનું પ્રતિપાદન ધરાવે છે. ચાર્વાક દર્શન માત્ર જડ તત્ત્વને માને છે. જ્યારે વેદાંત કે ઔપનિષદ દર્શન માત્ર ચૈતન્યને માને છે. વેદાંત દર્શનનો સમાવેશ જૈન દર્શન અનુસાર સંગ્રહનયમાં થઈ શકે. લોકમાં જે કાંઈ છે તે સર્વનો સમાવેશ સત્ તત્ત્વમાં થઈ શકે છે કારણ કે તે બધું સત્ તો છે જ એમ સંગ્રહનય પણ માને છે. વેદાંત દર્શન સત્‌ને ચૈતન્યરૂપ માને છે જે પુરુષ કે બ્રહ્મ કે આત્મા કહેવાય છે. જૈનદર્શન ચૈતન્યતત્ત્વના અસ્તિત્વમાં તો સંમત છે પણ અચેતન કહી શકાય તેવું તત્ત્વ પણ હોવું જોઈએ. અન્યથા ચૈતન્યમાં બંધ અને મોક્ષ, સંસાર અને નિર્માણની ઘટના ઘટે નહિ એમ માને છે.

વેદાંતમાં માયા, મિથ્યાત્વ, અજ્ઞાનને ચૈતન્યવિરોધી માનવામાં આવે છે પણ માયાને સત્‌ને બદલે અનિર્વાચ્ય કહે છે; એટલે કે બ્રહ્મથી ભિન્ન પણ નહિ તેમ જ અભિન્ન પણ નહિ એવું માને છે. જૈનદર્શન જડ તત્ત્વને સ્વીકારે છે જેને કારણે આત્મા બંધનમાં પડે છે. માયાને જો સત્ માનવામાં આવે તો બ્રહ્મ અને માયા એમ બે સત્ થાય તો અદ્વૈત સિદ્ધ ન થાય. અને જો માયાને અસત્ કહેવામાં આવે તો અસત્‌થી પ્રપંચ કેમ થાય? આત્મા આત્મામાંથી બંધાય નહિ પણ અનાત્માથી બંધાય માટે આત્મા અને અનાત્મા– અજીવતત્ત્વ બન્ને સ્વીકારવા આવશ્યક છે. આથી વેદાંત દર્શનને પણ આંશિક સત્યરૂપે સંગ્રહનયમાં જૈનાચાર્યોએ સમાવિષ્ટ કર્યું છે.

જૈનદર્શનની જેમ સાંખ્યદર્શન પણ જીવ અને અજીવ એમ બે તત્ત્વોને પુરુષ અને પ્રકૃતિરૂપે માને છે. નૈયાયિકાદિ દર્શનો પણ જીવ અને જડ સૃષ્ટિ સ્વીકારે છે. કેવળ જીવ આત્મા માનવો એ જૈન દર્શનની દૃષ્ટિએ આંશિક સત્ય છે. પૂર્ણ સત્ય જીવ અને અજીવ બન્ને માનવામાં આવે તો બને.

આ ન્યાયે કેવળ વિજ્ઞાનવાદ, શૂન્યવાદ અને શબ્દાદ્વૈતવાદને પણ જૈનદર્શન આંશિક સત્ય માની સંગ્રહનયમાં સ્થાન આપે છે.

**૩. વ્યવહારનય**

જે વસ્તુનું વિશેષગ્રાહી દૃષ્ટિકોણનું પ્રતિપાદન કરે છે. દ્રવ્યાર્થિક નયના એક ભેદ તરીકે વ્યવહાર નય માનવામાં આવે છે. વ્યવહારનું તાત્પર્ય એ છે કે લોકવ્યવહારને પ્રમાણ માનીને ચાલવું. લોકવ્યવહાર વસ્તુગત સૂક્ષ્મ ભેદોને ધ્યાનમાં લીધા વિના જ સ્થૂલ અભેદ માનીને ચાલે છે. આથી વ્યવહારનય દ્રવ્યાર્થિકનો ભેદ છે અને જ્ઞાનને નહિ પણ અજ્ઞાનને મહત્ત્વ આપે છે. ચાર્વાકો વ્યવહારનયવાદી જ છે. કારણ કે તેઓ પણ માત્ર ભૂલોને જ માને છે. સ્વતંત્ર એવા જ્ઞાનમય ચૈતન્ય આત્માને માનતા નથી. કારણ કે તેઓ લોકવ્યવહારને જ પ્રમાણ માનીને ચાલે છે. આત્મા જેવી સૂક્ષ્મ વસ્તુના વિચારમાં પડતા નથી. આથી તેઓ અજ્ઞાનવાદનો જ આશ્રય લે છે. જો કે ચાર્વાકનો વિરોધ તો દાર્શનિકોએ આત્મતત્ત્વ સ્વતંત્ર માનીને કર્યો જ છે. જૈનદર્શનમાં જીવ અને અજીવ તત્ત્વોની માન્યતા સ્થિર થયેલી છે. આથી જડ ભૌતિક વસ્તુ પૂરતું ચાર્વાક દર્શન સાચું છે. પણ ચૈતન્ય વિષેની તેની માન્યતા ભ્રામક છે. એટલે તે પણ એક નયને અનુસરે છે એમ માનવું રહ્યું. એક નયમાં સત્ય પ્રગટ થતું નથી. સર્વ નયોમાં પૂર્ણ ચૈત્ય પ્રગટ થાય છે. આથી ચાર્વાકને પણ એકાંત અસત્ય દર્શન કહી શકાય નહિ. તેમાં પણ આંશિક સત્ય તો છે જ, એમ જૈનદર્શન માને છે.

સંસારી જીવાત્માઓમાં અધિકાંશ એવાં છે કે જેમને આત્મઅનાત્મનો વિવેક હોતો નથી. તેઓ અજ્ઞાનને કારણે શરીરને જ આત્મા માની વ્યવહાર કરે છે. આ વ્યવહાર ચાર્વાક દર્શનને આધારે છે એમ માની શકાય. વ્યવહારનયનું મંતવ્ય છે કે પ્રમાણોના વિવિધ લક્ષણો જે દાર્શનિકો દ્વારા આપવામાં આવ્યા છે તે એકબીજાથી જુદાં પડે છે, એટલે એમાંથી કોને સત્ય માનવું ? પ્રમાણ કોને કહેવું ? એ નક્કી થઈ શકતું ન હોય ત્યારે તેના દ્વારા વસ્તુતત્ત્વનું જ્ઞાન કેવી રીતે શક્ય બને ? માટે લોકમાં સાચું માનીને જે વ્યવહાર ચાલે છે તે ઉચિત છે. વસ્તુતત્ત્વનું યથાર્થ જ્ઞાન થઈ શકતું નથી. માટે અજ્ઞાન જ શ્રેય છે. આમ વ્યવહારનયને આશ્રયે અજ્ઞાનવાદનું ઉત્થાન થયું છે.

વળી મીમાંસકોએ તો જ્ઞાન કરતાં કર્મને જ મહત્ત્વ આપ્યું છે અને તે રીતે જ્ઞાન નહિ તે અજ્ઞાન એ અર્થમાં તેમનો કર્મવાદ પણ એક પ્રકારનો અજ્ઞાનવાદ છે. આ બધા પ્રકારના અજ્ઞાનવાદનો સમાવેશ જૈનદર્શન સંમત વ્યવહારનયમાં થયો છે. અને તે મતનો સમન્વય જૈનદર્શને જીવ અને અજીવ તત્ત્વ માનીને તથા આત્મામાં – સંસારી આત્મામાં જ્ઞાનઅજ્ઞાન બન્ને માનીને કરેલ છે. પરમ તત્ત્વનું ભલે પ્રત્યક્ષ જ્ઞાન ન હોય પરંતુ પરોક્ષ જ્ઞાન એ અજ્ઞાન જ છે એમ કહી ન શકાય. વળી અજ્ઞાનવાદીએ દાર્શનિકોના લક્ષણોમાં વિરોધ દર્શાવ્યો છે. પણ તે વિરોધદર્શનને જ્ઞાન જ માનવું પડે છે. અન્યથા વિરૂદ્ધ સિદ્ધ થાય નહિ. આમ લોકવ્યવહારમાં પણ જ્ઞાન-અજ્ઞાન બન્નેથી કાર્યસિદ્ધિ થાય છે, એકલા અજ્ઞાનથી નહિ.

મીમાંસક વેદો ભલે કર્મમાં માને પણ એ કર્મ વિષે તો યથાર્થ જ્ઞાન જોઈએ. આમ કર્મ ભલે પોતે જ્ઞાન રૂપ ન હોય પણ એ વિષેનું જ્ઞાન જો ન હોય અને અજ્ઞાન જ હોય તો અમુક કર્મમાં પ્રવૃત્તિ અને અમુકમાં નિવૃત્તિ કેવી રીતે થાય? માટે મીમાંસકોએ પણ એકાંત કર્મને નહિ પણ જ્ઞાનને માનવું પણ જરૂરી છે. જેમ કે માત્ર દવા લેવાની ક્રિયાથી રોગમુક્તિ થતી નથી, પણ યોગ્ય દવા કઈ છે એ જાણીને દવા લેવાથી રોગમુક્ત થવાય છે. માટે જ્ઞાન અને કર્મના સમુચ્ચયનો માર્ગ જ યોગ્ય છે. હિતાવહ છે. આમ ચાર્વાક, મીમાંસક દર્શન આદિનો સમાવેશ વ્યવહારનયમાં કર્યો છે.

**૪. ઋભુસૂત્રનય**

જે વસ્તુતત્ત્વની વર્તમાનગ્રાહી દૃષ્ટિકોણનું પ્રતિપાદન કરે છે. વેદાંતને મત સત્ તે કહેવાય જે ત્રૈકાલિક હોય. પણ તેની વિરુદ્ધ બૌદ્ધોએ કહ્યું કે, સત્ તે જ કહેવાય, જે માત્ર વર્તમાનકાલિક હોય, અન્ય નહિ. વેદાંત અનુસાર સર્વ પ્રપંચોનો સંગ્રહ એક બ્રહ્મમાં–એક સામાન્ય સત્‌માં થઇ જાય છે. તેથી પૃથક્ કાંઈ રહેતું નથી. પણ તેની વિરુદ્ધ બૌદ્ધોએ કહ્યું કે સામાન્ય જેવી વસ્તુ કોઈ છે જ નહિ જે સર્વ સંગ્રાહક હોય, માત્ર વિશેષો જ છે અને તે સૌ પૃથક્ પૃથક્ છે, ક્ષણિક છે. સંસારમાં નિત્ય જેવી કોઈ વસ્તુ જ નથી. બૌદ્ધોનો આ વાદ પર્યાયનયના એક ભેદ ઋજુસૂત્રમાં સમાવિષ્ટ છે. બૌદ્ધ અને વેદાંતના પરસ્પર વિરોધી મંતવ્યો છે. પણ જૈનદર્શને એ બન્નેને આંશિક સત્ય માની પોતાના દ્રવ્ય-પર્યાયવાદમાં સમાવી દીધાં છે. દ્રવ્ય-એ ત્રૈકાલિક સત્ય-નિત્ય છે પણ તેના પરિણામો–વિશેષો

અનિત્ય છે એમ કહી ઉક્ત બન્ને વિરોધી વાદોનો એણે સમન્વય કર્યો છે. વેદાંતનો જૈન સંમત સંગ્રહનયમાં સમાવેશ છે તો બૌદ્ધોનો પર્યાયનયના એક ભેદ ઋજુસૂત્રનયમાં કર્યો છે. જૈનદર્શન વસ્તુતત્ત્વને સામાન્ય– વિશેષાત્મક માને છે. આથી તે બન્ને નયોને તેમાં સ્થાન છે.

**૫. શબ્દનય, ૬. સમભિરુઢ, ૭. એવંભૂત**

ઉપરના ચાર નય વસ્તુવિચાર કરનારા અર્થનયો છે, પણ વ્યવહારમાં શબ્દોનો અર્થ કેવી રીતે કરવો, એના વિવિધ અર્થોનો સમાવેશ ત્રણ શબ્દ નયોમાં થયો છે, જેમ કે શબ્દ, સમભિરુઢ અને એવંભૂત નય. આ બધા જ શબ્દનયો પર્યાયાર્થિક નયમાં ગણાય છે. કારણ કે તે સામાન્ય દ્રવ્યને નહિ પણ વિશેષને–પર્યાયને પોતાના વિષય બનાવે છે.

શબ્દનયમાં પ્રથમ શબ્દનયનો એવો અભિપ્રાય છે કે ઈન્દ્ર શબ્દથી જે અર્થનો બોધ થાય છે તે જ અર્થનો બોધ શચીપતિ શબ્દથી પણ થાય છે. માત્ર કારકભેદે કે કાલભેદે અર્થભેદ છે. પણ સમભિરુઢ તો પર્યાય ભેદે પણ અર્થભેદ સ્વીકારે છે એટલે કે કોઈ બે શબ્દનો એક જ અર્થ હોઈ શકે નહિ. એવંભૂત નય આથી પણ વધુ સૂક્ષ્મતાથી શબ્દાર્થની વિચારણા કરે છે જેમ કે શબ્દની વ્યુત્પત્તિ જે ક્રિયાને લઈ હોય તે ક્રિયાનો અર્થ જો વસ્તુમાં મળે ત્યારે જ કહેવાય. જેમ કે ગમન કરે તે ગૌ. આમ આ શબ્દનયો પણ આંશિક સત્યો ઉપર ભાર આપે છે તો પણ તેમને અનેકાંતવાદમાં સ્થાન છે. જૈનદર્શન તેમાંના એક પણ નયને નિરાશ કરતું નથી. પણ સહુનો સ્વીકાર કરી એમને યથાસ્થાને ગોઠવે છે.

જેમ અનેક દિશામાંથી આવતી નદીઓ સમુદ્રમાં ભળીને એક થઈ જાય છે, પોતાનું અસ્તિત્વ ખોઈ નાખે છે, તેમ અનેકાંતવાદમાં પણ અનેક એકાંતવાદી મતો મળી જાય છે અને પોતાનું અસ્તિત્વ ખોઈ નાખે છે. અર્થાત્ તેઓ જુદા હતા ત્યારે મિથ્યા કહેવાતા હતા, પણ જ્યારે અનેકાંતમાં સમન્વિત થઈ જાય છે ત્યારે તેમનું જુદું અસ્તિત્વ સમાપ્ત થઈ જાય છે અને સત્યના એક ભાગ તરીકે જ વર્તમાન રહે છે. આથી તેઓ મિથ્યા મટી જાય છે. અનેકાંતવાદની સંજીવની શક્તિ એવી વિશિષ્ટ છે કે એ મતોને નવતર રૂપ આપી દે છે. તેમાંથી કદાગ્રહનું વિષ નીકળી જવાથી તે મિથ્યા રહેતાં નથી. પરંતુ સત્યના એક અંશ તરીકે નવજીવન પ્રાપ્ત કરે છે. આમ અનેકાંતવાદમાં અનેક વિરોધી મંતવ્યોનો સમાવેશ થતો હોવાથી વિરોધ શમી જાય છે. જૈન દાર્શનિક આચાર્યોએ પણ અનેકાંતવાદના વિશાળ પ્રાસાદમાં વિવિધ દાર્શનિકોના મંતવ્યોને સ્થાન આપી એકતા સાધવાનું ભગીરથ કાર્ય કરી બતાવ્યું છે.

★

## અપરાધ ખમાવવા ઉપર કથા

ઉજજયિની નગરીમાં ચંડરૂદ્રાચાર્ય નામે આચાર્ય હતા. કર્મયોગે આચાર્યશ્રી શિષ્યોની સ્ખલના સહન કરી શકતા ન હતા. આથી તેમને ઘણો સંતાપ થતો અને ક્રોધી થઈ જતા. આ ક્રોધ એ પોતાનો મહાન દોષ છે, તે એ સમજતા હતા. આવા દોષના પ્રસંગો વારંવાર ન બને તે માટે સમુદાયથી થોડે દૂર રહેતા.

એક દિવસ પાંચ- સાત તોફાની યુવાનો મજાક-મસ્તી કરતા ત્યાં આવી પહોંચ્યા. એમની સાથે નવો પરણેલો ભદ્રસેન નામનો એક યુવાન હતો. યુવાનોએ મશ્કરી કરતા કરતા સાધુઓને કહ્યું કે, ‘અમારા આ મિત્રને દીક્ષા આપો, તેનું માથું મુંડી નાખો.’ સાધુઓ સમજી ગયા કે આ યુવકો ફક્ત ટીખળ કરવા આવ્યા છે. સાધુ સમુદાયે અલગ બેઠેલા ગુરુ મહારાજને બતાવ્યા અને તેમની પાસે જવાનું કહ્યું.

એટલે એ ટોળકી આચાર્યશ્રી ચંડરૂદ્રસૂરિજી પાસે આવીને પણ તેવી જ રીતે ભદ્રસેનની મશ્કરી કરવા લાગ્યા. તેથી આચાર્યશ્રીને ક્રોધ આવતા રાખોડી મંગાવી. ભદ્રસેનના માથે ચોળી વાળનો લોચ કરી નાખ્યો અને નવા પરણેલા ભદ્રસેનને દીક્ષા આપી દીધી.. આથી સાથે આવેલા મિત્રો સ્તબ્ધ થઈ ગયા અને ત્યાંથી નાસી ગયા.

નવી દીક્ષિત ભદ્રસેન સાધુએ આચાર્યને કહ્યું, ‘ગુરુજી તમે મારા મિત્રોએ મશ્કરીમાં કહેવાથી મને દીક્ષા તો આપી દીધી પરંતુ મારા લગ્ન તો તાજેતરમાં જ થયેલા છે. મારા સાસરિયાને મારી દીક્ષાની વાતની ખબર પડશે તો તરત જ તેઓ અહીં આવીને ધમાલ કરશે માટે આપણે બંને અહીંથી દૂર જતા રહીએ.’ એમ કહી, રાત્રિના સમયે આચાર્યશ્રી વયોવૃદ્ધ હોવાથી, પોતાના ખભે બેસાડી ત્યાંથી ચાલી નીકળ્યા.

અંધારી રાત્રિ હોવાથી ઊંચા નીચા રસ્તામાં ચાલતા ગુરુ મહારાજને આંચકા લાગતા હતા. તેથી ગુરુ મહારાજને ક્રોધ આવતા પોતાના હાથમાં રહેલો ડાંડો નવદીક્ષિત ભદ્રસેનના માથામાં માર્યો. તાજો જ લોચ કરેલો હોવાથી શિષ્યના માથામાંથી લોહી નીકળવા લાગ્યું. ત્યારે નવદીક્ષિત શિષ્ય સમતા રાખી, મનમાં ચિંતવે છે કે મારા લીધે ગુરુ મહારાજને ખૂબ કષ્ટ થાય છે. મારાથી ગુરુને ઘણી અશાતા થાય છે. એમ નૂતન મુનિ પોતાના દોષોને જોતાં ગુરુ ભક્તિથી શુભ ધ્યાને ચડ્યા અને ક્ષપક શ્રેણી પર ચડીને કેવળજ્ઞાન પામ્યા. કેવળજ્ઞાની એવા ભદ્રસેન મુનિને જ્ઞાનના યોગે રસ્તો બરાબર દેખાતા તે ગુરુને આંચકો ન આવે એવી રીતે બરાબર ચાલવા લાગ્યા. તેથી આચાર્યશ્રીએ પૂછ્યું, ‘તું હવે આ અંધારી રાત્રિ હોવા છતાં કેવી રીતે બરાબર ચાલવા માંડ્યો.’ શિષ્યે નમ્રતાથી કહ્યું, ‘આપની કૃપાથી, જ્ઞાનથી હવે રસ્તો બરાબર જાણી શકાય છે.’ ગુરુએ પૂછયું, ‘જ્ઞાન પ્રતિપાતી કે અપ્રતિપાતી છે.’ શિષ્યે કહ્યું, ‘અપ્રતિપાતી.’

આ સાંભળતાં જ આચાર્યશ્રી ભદ્રસેન મુનિના ખભા ઉપરથી ઉતરી ગયા અને કેવળજ્ઞાની શિષ્યને ખમાવે છે. પોતાથી થઈ ગયેલ ક્રોધના કારણે જ અપરાધ થયો તે માટે તેઓ અત્યંત પશ્ચાતાપ કરે છે. પક્ષાતાપ કરતા પોતાની જાતની નિંદા, ગર્હા કરતા કરતા આચાર્યશ્રી શુભ ધ્યાને ચઢે છે અને ક્ષપક ક્ષેણી પર આરૂઢ થઈ કેવળજ્ઞાન પામ્યા. આવી. રીતે ભાવપૂર્વક પશ્ચાતાપ કરતા, ખામણા ખામતા અનેક ભવ્ય જીવો કેવળજ્ઞાન પામ્યા છે. ★

# અપેક્ષા

☐ શ્રી ચંદુલાલ સકરચંદ શાહ

*[દેશની આઝાદી માટે સત્યાગ્રહમાં જોડાનાર ચંદુલાલ સાકરચંદ શાહ પત્રકાર હતા. તેના પ્રવાસના પુસ્તકો બહાર પડ્યા છે. અધ્યાત્મના રંગે રંગાઈ એ દિશામાં ચિંતન કર્યું હતું. વિષયનું તબક્કાવાર વર્ણન કરવાની તેમની શક્તિનો પરિચટ વાચકોને તેમની લેખિનીમાં થશે જ. પ્રસ્તુત લેખમાં સપ્તભંગીને સમજવા માટેની 'અપેક્ષા'ની ભૂમિકા સરળ શબ્દોમાં તેમણે સમજાવી છે.]*

'સપ્તભંગી' એ જુદી જુદી અપેક્ષાએ યોજાતા સાત વાક્યોનો સમૂહ છે. એટલે એની વિચારણામાં 'અપેક્ષા' એ શબ્દનો પ્રયોગ આપણે સતત આપણી નજર સમક્ષ રાખવાનો છે.

ચાર આધાર વિષે જે વિચારણા અગાઉ આપણે કરી ગયા, તેમાં 'દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ' એ 'અપેક્ષાચતુષ્ટય' વિશે થોડીક સમજણ તો અપાઈ ગઈ છે. આમ છતાં, 'સપ્તભંગી' અંગેની વિચારણા આપણે શરૂ કરીએ, તે પહેલાં આ 'અપેક્ષા' શબ્દને આપણે બરાબર સમજી લઈએ તે અત્યંત આવશ્યક છે.

સામાન્ય વ્યવહારમાં 'અપેક્ષા' શબ્દના જુદા જુદા અર્થ કરવામાં આવે છે. અથવા તો, જુદા જુદા અર્થમાં એ શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે. ભાષાનો ઉપયોગ કરતી વખતે જેમ રૂઢી અને પરંપરાથી પણ ઘણાં શબ્દોને જુદા જુદા અર્થમાં વાપરવામાં આવે છે તેમ એમની વ્યુત્પતિના હિસાબે વિવિધ મૂળ અર્થમાં પણ વાપરવામાં આવે છે. શબ્દકોષ તૈયાર કરનારાઓ એ રીતે કરવામાં આવતા પરંપરાગત અર્થને તથા અનેક મૂળ-અર્થને કબૂલ રાખે છે. અને શબ્દકોષમાં તે તે શબ્દોની સામે એના અનેક મૂળ અર્થ તથા રૂઢિજન્ય અર્થોને શામેલ કરે છે.

આ અનેક અર્થ પદ્ધતિમાં 'અપેક્ષા' શબ્દને 'આશા, ઈચ્છા અને આકાંક્ષા' એવા અર્થમાં વાપરવામાં આવે છે. પરંતુ તેનો સ્યાદ્‌વાદના સંબંધમાં મૂળ અર્થ જુદો જ થાય છે.

'તમે શાની અપેક્ષા રાખો છો ? એવી અપેક્ષા રાખશો નહિ' આવી મતલબના વાક્યોને ઉપયોગ આપણે ત્યાં સામાન્ય છે. આમાં આ 'અપેક્ષા' શબ્દને ઉપર જણાવ્યા–તે 'આશા, ઈચ્છા અને આકાંક્ષા–અર્થ'માં વાપરવામાં આવ્યો છે. અહીં આ શબ્દના આ રીતે થતા પ્રયોગની ચર્ચામાં આપણે ઉતરતા નથી. પણ એનો જે સ્યાદ્‌વાદને ઉપયોગી અર્થ છે, તેને આપણે બરાબર સમજી લઈએ.

પ્રસ્તુતમાં 'અપેક્ષા' શબ્દનો અર્થ 'સંદર્ભ' અથવા 'આધાર' એવો થાય છે. અંગ્રેજીમાં એને માટે 'With reference to certain context', અથવા 'From certain point of view' એવા વાક્યો વપરાય છે. એટલે એનો અર્થ કોઈ અમુક વસ્તુ અથવા બાબતના દૃષ્ટિબિંદુથી, કોઈ એક બાબતને અનુલક્ષીને, એવો થાય છે. 'In certain respect' કોઈ એક પ્રકારે એવો અર્થ પણ તેનો થાય છે. અંગ્રેજી ભાષામાં આ માટે વધારે સ્પષ્ટ શબ્દો 'Relativity' અર્થાત્ 'In relation to' એવા વાપરવામાં આવે છે.

'In relation to' (...ના સંબંધમાં) એમ કહેવામાં એક વસ્તુ સાથે બીજા કશાકનો સંબંધ જોડવામાં આવે છે. સપ્તભંગીમાં જ્યારે આ 'અપેક્ષા' શબ્દનો ઉપયોગ થાય છે ત્યારે તેમાં પણ આવો જ અર્થ રહેલો છે.

'દ્રવ્યની અપેક્ષાએ, કાળની અપેક્ષાએ, ક્ષેત્રની અપેક્ષાએ તથા ભાવની અપેક્ષાએ' એમ ચાર પ્રકારની અપેક્ષાએ કોઈ એક વસ્તુનો, દાખલા તરીકે એક આભૂષણનો ઉલ્લેખ જ્યારે કરવામાં આવે ત્યારે તેમાં રહેલાં દ્રવ્યનો એટલે સુવર્ણનો, સમયનો, સ્થળનો તથા તેના સ્વરૂપ-આકાર ઇત્યાદિનો સંબંધ જોડવામાં આવે છે.

આ 'અપેક્ષા' શબ્દ, ઉત્તર ભારતની લગભગ બધી જ ભાષાઓમાં તે તે ભાષાઓના અંગભૂત શબ્દ તરીકે દાખલ થઈ ગયો છે. એ શબ્દનો સ્પષ્ટ અર્થ તે તે ભાષાભાષીઓ સમજે છે ખરા, પરંતુ બીજા વ્યાવહારિક અર્થોમાં તેઓ પણ આ શબ્દનો ઉપયોગ કરે છે. આપણી ગુજરાતી ભાષામાં જે જે માન્ય શબ્દકોષો છે તેમાં આ શબ્દના વ્યવહારિક અર્થોનો જ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. 'નવજીવન પ્રકાશન મંદિર' તરફથી પ્રગટ થયેલા 'સાર્થ ગુજરાતી જોડણી કોષ'માં 'અપેક્ષા' શબ્દને ઇચ્છા, અગત્ય અને આકાંક્ષા એવો અર્થ લખ્યા પછી તેમાં 'ક્ષિત' ઉમેરીને, 'અપેક્ષાવાળું' એવો અર્થ બતાવવામાં આવ્યો છે. આ જોતાં એમ લાગે છે કે વ્યવહારોપયોગી કરવામાં આવતા અર્થો વધારે પ્રચલિત બન્યા છે. પરંતુ, અહીં આપણે તત્ત્વજ્ઞાનની વિચારણા કરી રહ્યા છીએ; એટલે તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં આ શબ્દ કયા અર્થમાં વાપરવામાં આવે છે તે વાતને, એ શબ્દના હાર્દને, સમજી લેવાનું સવિશેષ આવશ્યક છે.

જૈન તત્ત્વવેત્તાઓએ આ 'અપેક્ષા' શબ્દનો ઉપયોગ ચોક્કસ અર્થમાં કર્યો છે, '.......' ના સંબંધમાં, '.....' ને લક્ષ્યમાં લઈને... એક જ દર્શાવતા શબ્દ પ્રયોગો આપણે આ 'અપેક્ષા' શબ્દ માટે કરી શકીશું.

જ્યારે 'દ્રવ્યની અપેક્ષાએ' એમ આપણે કહીશું, ત્યારે કોઈ પણ વસ્તુમાં દ્રવ્ય (Substance of basic material) રહેલું છે, તે દ્રવ્યને લક્ષ્યમાં લઈને આપણે વાત કરીશું. દાખલા તરીકે, એક ખુરશીની આપણે 'દ્રવ્યની અપેક્ષાએ' વાત કરીશું ત્યારે વ્યાવહારિક અર્થમાં 'લાકડું' આપણા મનમાં આવશે. આ લાકડું આંબાનું, જંગલી, સાગ કે સીસમ એ બાબત તુરત જ આપણા ખ્યાલમાં આવશે.

સોનાના કોઈ અલંકારની વાત કરીશું, ત્યારે એનો ઘાટ-આકારગમે જેવો હોવા છતાં, દ્રવ્યની એપેક્ષાની વાત જ્યારે આવશે, ત્યારે 'સુવર્ણ'ના મૂળ સ્વરૂપની જ આપણે વાત કરતા હોઇશું. આવી જ ક્ષેત્ર, કાલ અને ભાવની અપેક્ષાની વાત આપણે જ્યારે કરીશું ત્યારે જે વસ્તુ વિશેની ચર્ચા થતી હશે તે વસ્તુના

પોતાના ક્ષેત્ર (સ્થળ), કાળ (સમય) અને (ભાવ) (ગુણધર્મ) સાથેના તે વસ્તુના સંબંધની સ્પષ્ટ સમજણ જ એમાંથી તરી આવશે. એની વિરૂદ્ધમાં પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ અને પરભાવની વાત પણ આવશે જ.

અગાઉ આપણે 'ઉત્પત્તિ, સ્થિતિ અને લય'નો ઉલ્લેખ કરી ગયા છીએ. એની સામે જૈન તત્ત્વજ્ઞાનીઓએ 'ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય' એવા જે ત્રણ શબ્દો બતાવ્યા છે, તેનો ઉલ્લેખ પણ આપણે કર્યો છે.

આ ત્રિપદી (ત્રણ શબ્દો)ના ઉપર જણાવેલા બે ભિન્ન ભિન્ન શબ્દપ્રયોગોમાં આ 'અપેક્ષા' શબ્દનું સવિશેષ મહત્ત્વ છે. 'ઉત્પત્તિ, સ્થિતિ અને લય' એ ત્રણ શબ્દોમાં કોઈ જાતનો પૂર્વાપર સંબંધ નથી.-કોઈ જાતનો અપેક્ષાભાવ નથી; એટલે એ 'એકાંતસૂચક' શબ્દો છે. એ મોટી ગેરસમજણ છે. 'ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય'માં. સાપેક્ષતાનું-અપેક્ષાભાવનું સ્પષ્ટ સૂચન હોઈ, એ શબ્દપ્રયોગ અનેકાંતવાદના સિદ્ધાંત પર નિર્ભર છે અને સાચો છે. વસ્તુ માત્ર પરિણમનશીલ હોઈ તેના પ્રત્યેક પરિણમનમાં વરાળમાં જેમ પાણી રહેલું છે તેમ, તેના મૂળ દ્રવ્યનો ધ્રુવ અંશ તો હોય જ છે. એટલે, વરાળના દ્રવ્યની અપેક્ષાની વાત આવશે ત્યારે તેમાં 'પાણી' આવશે જ. એ રીતે પાણીના દ્રવ્યની વાત આવશે ત્યારે તેમાં વાયુને લગતી વાત પણ આવશે જ.

'ઉત્પત્તિ' શબ્દનો જે અર્થ કરવામાં આવે છે, તે જોતાં, એની પહેલાં કશું હતું જ નહિ. એવી વાત તેમાંથી નિષ્પન્ન થાય છે. હવે, 'પહેલાં કશું હતું જ નહિ' એ વાત તો ખોટી છે. તે ત્રિપદીમાં 'લય' શબ્દને જે અર્થમાં વાપરવામાં આવ્યો છે, તેનો જ વિચાર કરીએ તો એ ત્રણે શબ્દોના પ્રયોગો યોગ્ય નથી, એ આપણે સમજી શકીશું.

પ્રલયકાળે પૃથ્વીનો નાશ થાય છે, લય થાય એવી એક માન્યતા છે. આ લય અથવા નાશ જો ખરેખર હોય અને સંપૂર્ણ હોય તો પછી, ફરીથી ઉત્પત્તિ શક્ય જ બનતી નથી. આમ છતાં, એવા અનેક પ્રલયકાળોની–લય-અને નાશની વાતો આપણે સાંભળીએ અથવા વાંચીએ છીએ. શુદ્ધ તર્કની દૃષ્ટિએ આ વાત ખોટી ઠરે છે.

એ ત્રણે સ્થિતિને સાપેક્ષ માનીને ચાલીએ, એમાં અપેક્ષાભાવનું આરોપણ આપણે કરીએ, તો જ તેમાંથી આપણને પ્રકાશ પ્રાપ્ત થશે. જેમાં અન્યની કે બીજા સાથેનો સંબધ ન હોય, એવું કશુંય આ જગતમાં નથી. એક જ દ્રવ્યને એની જુદી જુદી અવસ્થાઓ સાથે સંબંધ હોય છે. તેવી જ રીતે એક દ્રવ્યનો બીજા દ્રવ્ય સાથે પણ સંબંધ હોય છે. જીવ અને પુદ્ગલ દ્રવ્યના અણુએ અણુમાં જીવદ્રવ્ય- આત્મદ્રવ્ય-વ્યાપીને રહેલું છે તે તો પ્રત્યક્ષ વાત છે. આ બધા સંબંધો પણ જુદા જુદી જાતની અપેક્ષાઓને વશવર્તી હોય છે. આ 'સાપેક્ષતા' એ જગતનો એક ત્રિકાલાબાધિત નિયમ છે.

ઉત્પત્તિને બદલે 'ઉત્પાદ્' શબ્દ જૈન તત્ત્વજ્ઞાનીઓએ વાપર્યો છે. આ શબ્દ પણ અપેક્ષાયુક્ત ફડટ્ટદણદ્યડ છે. ઉત્પાદનો અર્થ ઉત્પન્ન થવું એવો થાય છે. છતાં ઉત્પત્તિ અને ઉત્પાદનમાં ફરક છે. ઉત્પત્તિમાં, એની પૂર્વે બીજું કશું કલ્પવામાં આવ્યું નથી; જ્યારે ઉત્પાદમાં, એની પૂર્વે બીજું કશુંક હતું એ સ્પષ્ટ અર્થ છે.

એવી જ રીતે, 'લય' શબ્દમાં, 'તેના પછી કશું રહેતું નથી' એવો ભાવ આવે છે. જ્યારે 'વ્યય' શબ્દમાં એક અવસ્થાનો નાશ થવા છતાં, બીજી અવસ્થાનું આવિષ્કરણ સૂચવનારો અને એ રીતે અવસ્થાંતર પ્રાપ્ત થવા છતાં તેના આધારભૂત એવા મૂળ દ્રવ્યના ટકી રહેવાપણું દર્શાવતો સ્પષ્ટ ભાવ અને અર્થ છે.

મનુષ્ય શરીરનો, અગ્નિ સંસ્કાર દ્વારા જ્યારે લય અથવા નાશ થાય છે, ત્યારે જીવંત શરીરમાં ચૈતન્યરૂપી જે આત્મા હતો તે અને તેના ગયા પછી બાકી રહેલા પુદ્ગલો એ બંને, કોઈ ને કોઈ બીજા સ્વરૂપે કાયમ રહે જ છે, એટલે આ 'વ્યય' શબ્દમાં, સંપૂર્ણ નાશ નથી, પણ આધારભૂત દ્રવ્યના ટકાવનો ભાવ રહેલો છે. આની પાછળ પણ સાપેક્ષતા, અપેક્ષાભાવ, Relativity નો સિદ્ધાંત કામ કરે છે.

પ્રથમ ત્રિપદીમાં 'સ્થિતિ' એવો શબ્દ વપરાયો છે. તેના અર્થમાં અને જૈન તત્ત્વજ્ઞાનીઓએ વાપરેલી ત્રિપદીમાં 'ધ્રૌવ્ય' શબ્દના અર્થમાં પણ ઘણો ફરક છે. 'સ્થિતિ' શબ્દનો વ્યવહારમાં કરવામાં આવતો અર્થ, 'જે સ્થિતિમાં હોય તે સ્થિતિમાં રહેવું' એવો થાય છે. પરંતુ, જગતની માનવામાં આવતી ઉત્પત્તિ પછીની અને માની લીધેલા લય પહેલાં જે સ્થિતિ છે, વચગાળાની જે 'સ્થિતિ' છે, તેનો અર્થ 'વહલ્તી સ્થિતિ' એવો થાય છે. આ શબ્દનો કોઈ વસ્તુ અંગે જ્યારે ઉલ્લેખ કરીએ, ત્યારે પણ, એનો 'વહેતી સ્થિતિ' એવો જ અર્થ થવો જોઈએ.

હવે, આપણે જાણીએ તો છીએ જ કે પ્રત્યેક વસ્તુની અવસ્થા એ નિરંતર પલટાતી જ રહે છે. પરિવર્તનશીલતાની ઘટમાળ ચાલ્યા જ કરે છે. એક સ્વરૂપ અદૃશ્ય થતાં બીજું પ્રકટ થાય છે. વળી કોઈ એક જ સ્વરૂપ દીર્ઘકાળ પર્યંત ટક્યા કરતું દેખાવા છતાંય એમાં રોજેરોજ, પ્રતિપળે ફેરફાર થતો જ રહે છે.

આનો સ્પષ્ટ અર્થ એ થયો કે 'સ્થિતિ' રહેતી નથી; એનો વ્યયવપરાશ-ચાલ્યા જ કરે છે. રૂપાંતરો દ્વારા વિનાશશીલતા અને નવીન નવીન સ્વરૂપશીલતાનો ક્રમ ચાલ્યા જ કરે છે. એના માટે, જૈન તત્ત્વવેત્તાઓએ, 'સ્થિતિ'ને બદલે 'ધ્રૌવ્ય' એવો શબ્દ આપ્યો છે; કેમકે તે તે પ્રત્યેક પરિવર્તનમાં પણ કોઈ કાયમી અંશની સાપેક્ષતાઅપેક્ષા-ભાવ-રહેલો જ હોય છે.

આમ આ 'ઉત્પાદ, વય અને ધ્રૌવ્યમ'ાં જે ત્રણ પરિસ્થિતિઓનું આપણે દર્શન કરીએ છીએ એ સ્થિતિ પણ પૃથક્ પૃથક્ જુદી જુદી ભિન્ન કે એક બીજાથી સ્વતંત્ર નથી. એક જ વસ્તુની એ ત્રણ જુદી જુદી અવસ્થાઓ માત્ર છે. આ ત્રણે અવસ્થાનો એક બીજા સાથેનો સંબંધ છે, તે આ સાપેક્ષતા-અપેક્ષાભાવ ઉપર નિર્ભર છે.

વસ્તુના પ્રત્યેક પરિણમનમાં તેનો દ્રવ્યઅંશ કાયમ રહે છે, પૂર્વપર્યાયનો નાશ થાય છે અને ઉત્તર પર્યાયની ઉત્પત્તિ થાય છે. વસ્તુનો જે દ્રવ્યઅંશ છે તે ધ્રુવ (કાયમ) રહે છે અને પર્યાય અંશ ઉત્પન્ન-નષ્ટ થાય છે. અર્થાત્ મૂળ દ્રવ્યનું ધ્રૌવ્ય છે અને પૂર્વપર્યાયનો નાશ તથા ઉત્તરપર્યાયની ઉત્પત્તિ છે. આ રીતે,

વસ્તુમાત્રમાં આ ત્રણે ધર્મ-ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય-અનાદિ અનંતકાલ પર્યંત ચાલ્યા કરે છે. વસ્તુનો જે ધ્રુવ (કાયમી) અંશ છે તે નિત્ય છે અને ઉત્પન્ન તથા વિનષ્ટ અંશ છે, તે અનિત્ય છે. આ રીતે વસ્તુ માત્ર, કથંચિત્ નિત્યાનિત્ય-સ્વરૂપ છે, એવું જૈન દર્શનકારો ભારપૂર્વક જણાવે છે. એકાંત નિત્ય કે એકાંત અનિત્ય કોઈ વસ્તુ હોઈ શકતી જ નથી.

અહીં કોઈ કદાચ એવો પ્રશ્ન પૂછશે કે 'ઉત્પાદ-વ્યય' તો પર્યાયમાં થયા અને ધ્રૌવ્ય દ્રવ્યમાં રહ્યું; તો પછી, આ 'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય'ને એક જ વસ્તુના ત્રણ ધર્મો કેવી રીતે કહેવાય?

આનો ઉત્તર તદ્દન સ્પષ્ટ છે. પર્યાય, વસ્તુથી કંઈ જુદા નથી.. દ્રવ્ય પણ વસ્તુથી કંઈ જુદું નથી. વસ્તુ પોતે દ્રવ્યરૂપ પણ છે. અને પર્યાયરૂપ પણ છે; તેથી એ ત્રણ ધર્મ એક જ વસ્તુના છે.

વસ્તુ માત્રના જે જુદા જુદા અનેક અંત છેડા છે, તે દરેક અંત સ્વતંત્ર નથી. એ બધાં અંત, કોઈ ને કોઈ અપેક્ષાએ એક બીજા સાથે સંબંધ ધરાવનારા છે. આ વાત જૈન દાર્શનિકો જ્યારે નયદૃષ્ટિથી અને સપ્તભંગીના કોષ્ટક દ્વારા બતાવે છે, ત્યારે એની સામે મોટામાં મોટું બૂમરાણ એ મચાવવામાં આવે છે કે 'એ અધૂરી વાત હોવા ઉપરાંત એમાં અનિશ્ચિતતા છે.' આ બંને વાતો-એ બધી બૂમરાણો ખોટી છે.

જૈન તત્ત્વવેત્તાઓએ કોઈપણ વાતને અધૂરી કે અચોચક્કસ રીતે કહી નથી. એમની કોઈ પણ વાતમાં, ક્યાંય પણ, અનિશ્ચિતતા નથી. એથી ઉલટું, નિશ્ચિતતા જ સ્પષ્ટપણે રહેલી છે.

'જ' અને 'પણ' એ બે શબ્દો આપણી ભાષામાં અનિયંત્રિતપણે વપરાય છે. એ બંને શબ્દો ચોક્કસ અર્થ ધરાવે છે. સપ્તભંગીમાં स्यादस्ति ની સાથે एव (એવ) શબ્દ છે, તે એક નિશ્ચિતતા બતાવે છે, 'એવ' એટલે 'જ'. આ 'જ' શબ્દ જ્યાં પણ વપરાય છે ત્યાં તે નિશ્ચિતતા અને ભારપૂર્વકતા દર્શાવવા જ વપરાય છે.

'સ્યાત્+અસ્તિ+એવ' મળીને બનતા 'એક વાક્યમાં એક બાબત છે જ' એવી નિશ્ચિતતા જ બતાવવામાં આવે છે. એ સાથે જ, 'એ સિવાય બીજું 'પણ' કંઈક છે. બીજી બાજુ 'પણ' છે, એ વાતનો પણ, એમાંના 'સ્યાત્' શબ્દથી ચોક્કસ અને નિશ્ચિત ઉલ્લેખ થાય છે. આ 'જ' અને 'પણ' શબ્દો કોઈ અચોક્કસતા, કોઈ સંભવ, કોઈ સંદેહ કે અનિશ્ચિતતા બતાવતા નથી. એ શબ્દો, 'કોઈ એક અને બીજા પ્રકારની' નિશ્ચિતતા દર્શાવે છે. આ વાત જો બરાબર સમજવામાં આવશે, તો પછી, સપ્તભંગી અંગેની સમજણમાં કશો ગોટાળો કે સંભ્રમ નહિ રહે.

સપ્તભંગીમાં જ્યારે અપેક્ષાની વાત આવે છે, ત્યારે તે પણ, એક નિશ્ચિત સ્થિતિ છે. અધૂરા કે અનિશ્ચિત અર્થમાં નહિ પણ પૂર્ણ અને નિશ્ચિત અર્થમાં જ એ 'અપેક્ષા' શબ્દ વપરાયો છે. 'ટોપી' છે અને 'ટોપી નથી' એમાં બે પરસ્પર વિરોધી વિધાનોમાં આ અપેક્ષાભાવ રહેલો જ છે. જુદી જુદી અપેક્ષાએ જુદી જુદી વાત ભલે કરવામાં આવે, એ બધી વાતો 'અસંદિગ્ધ અને નિશ્ચિત' છે. નાનું બાળક મોટું થયું, હવે નાનપણની ટોપી હયાત હોવા છતાં એ ટોપી તરીકે કામ નહિ લાગતી હોવાથી ટોપી નથી એ પણ સાચું જ છે.

એવી જ રીતે, 'સ્વ' અને 'પર' શબ્દો પણ અનિશ્ચિતતાના સૂચક નથી; નિશ્ચિતતાના સૂચક છે. દાખલા તરીકે, ઘરમાં આપણે શાક સુધારવા માટેનું એક ચપ્પુ અથવા છરી જ્યારે શોધીએ છીએ ત્યારે, 'ચપ્પુ છે' અથવા 'ચપ્પુ નથી' એવા જે પરસ્પર વિરોધી જવાબો આપણને મળે છે, તે બંને નિશ્ચિત જવાબો છે. ચપ્પુ જ્યારે છે, ત્યારે તે ય ચોક્કસ જવાબ છે અને ચપ્પુ જ્યારે નથી, ત્યારે તે પણ ચોક્કસ જવાબ છે.

હવે, 'ચપ્પુ નથી' એવો જવાબ જયારે મળ્યો ત્યારે એક ચપ્પુ તો ઘરમાં હતું. એ ચપ્પુ બાળકોને રમવા માટેનું અને બુઠ્ઠું હતું. એટલે તે વિવક્ષિત ઉપયોગી ચપ્પુ નથી. એટલે, 'ચપ્પુ નથી' એમ જ્યારે કહેવામાં આવે ત્યારે પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ અને પરભાવની અપેક્ષાએ કહેવામાં આવે છે. 'ચપ્પુ સિવાયની બીજી ઘણી ચીજો ઘરમાં હોવા છતાં, 'સ્વ-દ્રવ્ય' રૂપી ચપ્પુ ત્યાં નથી. બીજાના ઘરમાં ભલે હોય, આપણા ઘરમાં 'સ્વ-ક્ષેત્ર'એ નથી. સવારે કે ગઈ કાલે હતું, પણ અત્યારે, 'સ્વ-કાળમાં' તે નથી. જે રમકડું પડ્યું છે તે 'બુઠ્ઠું છે.' ધારદાર નથી. એમાં બુઠ્ઠાપણું એ પર-ભાવ હોઈ, 'સ્વભાવમાં' ચપ્પું નથી.

એટલે, જ્યારે 'નથી' અગર 'છે' એમ આપણે કહીએ છીએ, ત્યારે તે નિરપેક્ષ-સ્વતંત્ર કે સ્વ-આધારિત કથન નથી. એ કથન, સાપેક્ષ, અપેક્ષાયુક્ત અને સંબંધ ધરાવતું, Relative છે.

આપણી સમજણશક્તિમાં અને બુદ્ધિમાં આ 'અપેક્ષા' શબ્દ એક ચમત્કારિક કહી શકાય તેવી વૃદ્ધિ કરે છે એની ઉપેક્ષા જો કરીએ તો પછી, જ્યાંના ત્યાં જ આપણે રહેવાના આગળ વધવાને બદલે પાછા પડતા જવાના.

જૈન તત્ત્વજ્ઞાનના 'અનેકાંતવાદ'ના સિદ્ધાંતમાં આ 'અપેક્ષાભાવ, સાપેક્ષતા' ખૂબ જ ક્રિયાશીલ– Active અને મહત્ત્વનો– Important ભાગ ભજવે છે. જીવનના વિવિધ ક્ષેત્રમાં પણ આ અપેક્ષા–સાપેક્ષતાને જો આપણે છોડી દઈએ, તો પછી અંધારામાં ગોથાં ખાવાનું જ રહે.

આ અપેક્ષાવાદ કે સ્યાદ્વાદ એ માત્ર અમુક પ્રકારની ચર્ચા, વ્યવહાર કે બુદ્ધિવૈશદ્યા કરવા માટે જ એવું નથી; પરંતુ વસ્તુ માત્ર વાસ્તવમાં પોતે જેવી અનેક ધર્માત્મક છે, તેવું તેનું દર્શન કરાનાર આ અપેક્ષાવાદ–સ્યાદ્વાદ–છે. એનાથી જ વસ્તુના સમગ્ર સ્વરૂપોને સમજી શકાય છે; આમ સાપેક્ષ યા સ્યાદ્વાદની દૃષ્ટિ વસ્તુમાં કંઈ નવું સર્જતી નથી અથવા તેમાં કોઈ આરોપણ કરતી નથી; પરંતુ ભોમિયાની જેમ, વસ્તુમાં જે છે, તે ખુલ્લું કરીને બતાવે છે. રામ એ પિતા છે અને પુત્ર પણ છે, એ ભાવ લવ કુશની અને દશરથની અપેક્ષાથી સ્પષ્ટ થાય છે.

સાપેક્ષ શબ્દનો અર્થ 'સ+અઅપેક્ષા=જેમાં અપેક્ષા રહેલી છે તે, એવો થાય છે. મૂળમાં પ્રાધાન્ય તેના અપેક્ષાભાવનું જ છે. આ વાત અને આ 'અપેક્ષા' શબ્દનો અર્થ બરાબર સમજી લીધા પછી, 'સપ્તભંગી' સમજવામાં આપણને કશી મુશ્કેલી નહિ પડે, ઘણી સુગતમા તેથી સાંપડશે.

★

# બેરિસ્ટર ચક્રવર્તી

'સપ્તભંગી' એ એક વિશિષ્ટ પ્રકારની 'કસોટી-માળા'- chain of wonderful formulas છે. એ એક સિદ્ધ પદ્ધતિ- Proved method (માત્ર Proved નહિ, Approved પણ) છે; સિદ્ધ ઉપરાંત સ્વીકૃત પણ છે. એમાં કશું સંદિગ્દ નથી, કશું અસ્પષ્ટ નથી, કશું અનિશ્ચિત નથી.

સાત જુદી જુદી રીતે આપણે વિચારતા થઈએ, તો તેથી, રોજીંદા જીવનમાં વ્યવહારના આચરણનો નિર્ણય કરવામાં આપણને ખૂબ સહાય મળી રહે એ વાત પણ નિશ્ચિત છે. એ રીતે આપણને મળી શકતી સહાયનું સ્પષ્ટ દર્શન થાય, એ હેતુથી, આપણે એક દૃષ્ટાંતનો સહારો લઈએ.

આ માટે, 'બેરિસ્ટર ચક્રવર્તી' નામના એક કલ્પિત પાત્રની રચના આપણે કરીએ. આ નામ અહીં એક કલ્પી લીધેલું પાત્ર હોઈ, કોઈ પણ જીવંત વ્યક્તિ સાથે, ભૂત, ભવિષ્ય કે વર્તમાનના એવા કોઈ નામ સાથે આ લખાણને કશો સંબંધ નથી. આટલી ચોખવટ કરીને આપણે આગળ ચાલીએ.

આ બેરિસ્ટર સાહેબ એક વિશિષ્ટ પ્રકારનો સદ્‌ગુણ ધરાવે છે. એ ગુણ તે 'એમનું ઔદાર્ય-ઉદારતા.'

'ઉદારતા' એ આત્માનો એક ગુણ છે. આત્માને જો આપણે 'દ્રવ્ય' તરીકે ગણીને ઉદારતાનો વિચાર કરીએ તો આ ઉદારતા ગુણ, 'ભાવની અપેક્ષામાં આવે.' ઉદારતા કોઈ દ્રવ્ય નથી, આત્માના સ્વગુણનું–સ્વભાવનું એક અંગ છે.

આમ છતાં, ઉદાહરણ તરીકે, બેરિસ્ટર ચક્રવર્તીની આ ઉદારતાને આપણે એક 'વસ્તુ' ગણીને ચાલીશું, આ પ્રયોગ, સપ્તભંગીની વ્યવહારિક ઉપયોગિતા સમજવા માટે આપણે કહીએ છીએ. એ માટે આપણે પ્રથમ વાક્ય એવું બનાવીએ છીએ કે 'બેરિસ્ટર ચક્રવર્તી ઉદાર છે.'

હવે બેરિસ્ટર ચક્રવર્તીની આ ઉદારતા માટે, 'દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની ચાર અપેક્ષાઓ આપણે નક્કી કરીએ.'

**દ્રવ્ય :** બેરિસ્ટર ચક્રવર્તીની ઉદારતા માટેનું દ્રવ્ય, તેમની પાસે અવાનવાર ફાજલ પડતા પૈસા ઉર્ફે ધન રૂપી દ્રવ્ય છે.

આ ધન તેમની પાસે ફાજલ હોય ત્યારે તેમની ઉદારતા રૂપી વસ્તુ ક્રિયાશીલ બને છે.

**ક્ષેત્ર :** બેરિસ્ટર ચક્રવર્તીની ઉદારતાનું ક્ષેત્ર તેમની જ્ઞાતિ છે. પરંતુ આ જ્ઞાતિમાં પણ જે ગરીબ વર્ગ છે તે ક્ષેત્રમાં જ તેમની ઉદારતા પ્રગટ થાય છે, અન્યથા નહિ.

**કાળ :** બેરિસ્ટર ચક્રવર્તી, સવારે નિત્ય કર્મથી પરવારીને તેમના અસીલોને મળવામાં અને કૉર્ટ અંગેના કામની તૈયારી કરવામાં સમય વિતાવે છે. દિવસના ભાગમાં તેઓ કોર્ટના કેસ ચલાવવામાં રોકાયેલા રહે છે. સાંજે ક્યારેક ક્યારેક કલબમાં જઈને થોડો સમય તેઓ બ્રીજ રમે છે. એ દરમિયાન, ક્યારેક તેઓ વ્હીસ્કીના બે ચાર પેગ પણ ચડાવે છે. રવિવારે અને રજાના દિવસોએ તેઓ પોતાના ઘરમાં જ હોય છે. એટલે, તેમની ઉદારતાનો કાળ (સમય) તેઓ જ્યારે કામમાં રોકાયેલા ન હોય, કલબમાં ન ગયા હોય અને નશો ન કરેલો હોય તે સમય છે. આ રીતે તેઓ જ્યારે ફુરસદમાં હોય ત્યારે તેઓ એમની ઉદારતાને ક્રિયાશીલ બનાવે છે. એટલે એમની ઉદારતા માટે કાળની અપેક્ષા તે એમની 'ફુરસદનો સમય' છે.

**ભાવ :** બેરિસ્ટર ચક્રવર્તીની ઉદારતા માટેનો ભાવ, તેમનો 'શિક્ષણપ્રેમ' છે. કેળવણી સિવાયના બીજા કોઈ કાર્યમાં તેઓ રાતો પૈસો પણ ખર્ચતા નથી. તે એટલે સુધી કે માણસ ભૂખે મરી જતો હોય તો પણ, તેઓ એક પાઈ પણ ખીસ્સામાંથી કાઢતા નથી. કેળવણી સિવાયના બીજા બધા વિષયોમાં તેઓ તદ્દન અનુદાર છે. શિક્ષણને લગતી બધી જ બાબતોમાં તેઓ છુટ્ટા હાથે પૈસા ખર્ચવા તૈયાર હોય છે.

આમ બેરિસ્ટર ચક્રવર્તીની ઉદારતા માટેની, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ તથા ભાવની ચાર અપેક્ષાઓ ઉપર બતાવી તે છે.

ટૂંકમાં બેરિસ્ટર ચક્રવર્તીની આ ઉદારાત માટે 'પૈસા' એ 'દ્રવ્ય' છે, તેમના ગરીબ જ્ઞાતિજનોએ 'ક્ષેત્ર' છે. ફુરસદનો અને નશો કરેલો ના હોય તેવો તેમનો સમય તે 'કાળ' છે. અને તેમનો 'શિક્ષણપ્રેમ' એ 'ભાવ' છે. આ ચાર તેમના સ્વ-દ્રવ્ય, સ્વ-ક્ષેત્ર, સ્વ-કાળ અને સ્વ-ભાવ રૂપી 'સ્વચતુષ્ટય' થાય.

એવી જ રીતે, તેમની પાસે જ્યારે ફાજલ પૈસા ન હોય એ 'પરદ્રવ્ય' છે. તેમના ગરીબ જ્ઞાતિજનો સિવાયના બીજા બધા લોકો એ 'પર-ક્ષેત્ર' છે. જ્યારે કામમાં રોકાયેલા હોય અથવા નશો કરેલો હોય તે સમય, 'પર-કાળ' છે અને શિક્ષણ-કેળવણી સિવાયના બીજા બધા જ વિષયો એ 'પર-ભાવ' છે. આ તેમનું પર-ચતુષ્ટય એટલે ઉદારતા માટેના 'પર-દ્રવ્ય, પર-ક્ષેત્ર' 'પર-કાળ અને પર-ભાવ' થયું.

આમ, ઉપર જણાવ્યા મુજબના સ્વચતુષ્ટયની અપેક્ષાએ બેરિસ્ટર ચક્રવર્તી ઉદાર છે અને પરચતુષ્ટયની અપેક્ષાએ બેરિસ્ટર ચક્રવર્તી ઉદાર નથી. હવે, સપ્તભંગીના સાત પદ અનુસાર હવે આપણે આ ઊદરતા રૂપી વસ્તુને તપાસીએ.

**પ્રથમ ભંગ :** 'બેરિસ્ટર ચક્રવર્તી' ઉદાર 'છે'.

**બીજો ભંગ :** 'બેરિસ્ટર ચક્રવર્તી' ઉદાર 'નથી.'

**ત્રીજો ભંગ :** 'બેરિસ્ટર ચક્રવર્તી' ઉદાર 'છે અને નથી'.

**ચોથો ભંગ :** 'બેરિસ્ટર ચક્રવર્તીની ઉદારતા' અવક્તવ્ય 'છે'.

**પાંચમો ભંગ :** 'બેરિસ્ટર ચક્રવર્તી'ની ઉદારતા 'છે' અને 'અવક્તવ્ય' 'છે'.

**છઠ્ઠો ભંગ :** 'બેરિસ્ટર ચક્રવર્તીની ઉદારતા' નથી અને 'અવક્તવ્ય' 'છે'.

**સાતમો ભંગ :** 'બેરિસ્ટર ચક્રવર્તીની ઉદારતા' છે, નથી અને અવક્તવ્ય છે.

આ સાતે પદોમાં પેલા બે શબ્દો, 'સ્યાત્' અને 'એવ' રહેલા છે એમ માનીને જ આપણે ચાલવાનું છે. એટલે, ઉપરના સાત વિધાનો અવક્તવ્ય છે.

હવે, વ્યવહારમાં બેરિસ્ટર ચક્રવર્તિની આ ઉદારતા, ઉપર જણાવેલા સાત પદોની સાત જુદી જુદી દૃષ્ટિથી શું કામ કરે છે તે આપણે તપાસીએ. આ તપાસવા માટે 'ચત્રર્ભુજ' અને 'ગંગાધર' નામના બે ગૃહસ્થોને આ 'સપ્તભંગી સમારંભ'માં દાખલ કરીએ.

આ બંને ગૃહસ્થો બેરિસ્ટર સાહેબની ઉદારતાનો લાભ લેવા

ઉમેદવારો છે. એ બંને જણ આવીને પ્રશ્ન પૂછે છે કે 'બેરિસ્ટર સાહેબની ઉદારાતનો લાભ મળશે ?'

આ બેમાંના ચતુર્ભુજભાઈ બેરિસ્ટર સાહેબની જ્ઞાતિના સભ્ય છે. સ્વચતુષ્ટયમાંની એક અપેક્ષા-સ્વક્ષેત્રની અપેક્ષાને લક્ષ્યમાં લઈને

આપણે તેમને કહી દઈશું કે 'બેરિસ્ટરનો ઉદારતાનો લાભ તેમને મળશે.'

અહીં પ્રથમ ભંગની અપેક્ષાએ નક્કી થયું કે 'બેરિસ્ટર સાહેબ ઉદાર છે.'

પેલા ગંગાધરભાઈ બેરિસ્ટરની જ્ઞાતિના સભ્ય નથી. ઉદારતા માટેનું આ 'પર-ક્ષેત્ર' હોવાથી, એ પર-ક્ષેત્રની અપેક્ષાએ ગંગાધરભાઈને તો આપણે કહી દઈશું કે-

'બેરિસ્ટર સાહેબ ઉદાર નથી.'

પહેલા અને બીજા ભંગ અનુસાર આ બંને વાતો જે આપણે કરી તેથી પ્રથમ આવેલા ચત્રભુજભાઈને આશા બંધાતાં તેઓ આપણી પાસે બેસે છે. પહેલાં ભંગ દ્વારા આ લાભ તેમને થયો; 'આશા બંધાઈ' બીજા ભંગ અનુસારનો જવાબ મળતાં શ્રી ગંગાધરભાઈ ત્યાંથી ચાલ્યા જાય છે. એમને લાભ એ થયો કે બેરિસ્ટરની ઉદારતા તેમને માટે નથી જ એવો નિશ્ચિત જવાબ મળવાથી ખોટી આશા રાખીને મિથ્યા ફાંફાં મારવામાંથી તેઓ બચી ગયા.

પેલા ગંગાધરભાઈ ચાલ્યા ગયા અને પોતે હવે એકલા જ ઉમેદવાર બાકી રહ્યા તે જાણીને ચતુર્ભુજભાઈ રાજી થયા છે. પોતાને લાભ થશે એવી આશા તેમને બંધાઈ છે છતાં વધુ ખાત્રી કરવા માટે તેઓ ફરીથી પૂછે છેઃ 'બેરિસ્ટર સાહેબની ઉદારતાનો લાભ હું તેમનો જ્ઞાતિજન છું એટલે મળશે તો ખરો. એ લાભ મને ચોક્કસ મળશે ? બેરિસ્ટર સાહેબ શું ખરેખર ઉદાર છે ?'

આ પ્રશ્નનો આપણે શું જવાબ આપીશું ? ચક્રવર્તીના સ્વક્ષેત્રની અપેક્ષાએ આ ચતુર્ભુજભાઈ માટે તેઓ નિશ્ચિતપણે ઉદાર છે જ; પરંતુ બીજી બધી અપેક્ષાઓને આ ભાઈ પૂર્ણ કરે છે કે કેમ તે આપણે જાણતા નથી. એટલે આપણે એમને એક વાક્યમાં સ્પષ્ટ જવાબ આપવો હોય તો આપણે તેમને કહીશું કેઃ-

'બેરિસ્ટર સાહેબ ઉદાર છે અને નથી.' આવો, પરસ્પર વિરોધી જવાબ સાંભળીને ચતુર્ભુજભાઈ આપણી

પાસે એ માટે ખુલાસો માગે છે ત્યારે આપણે તેમને કહીએ છીએ કે બેરિસ્ટર ચક્રવર્તીની ઉદારતા સર્વ કાળે, સર્વ સ્થળે (ક્ષેત્રે) અને સર્વભાવે કામ કરતી નથી. પ્રગટ થતી નથી. એ માટેની શરતો (અપેક્ષાઓ) હોઈ, સ્વચતુષ્ટયની અપેક્ષાએ તેઓ ઉદાર છે અને પરચતુષ્ટયની અપેક્ષાએ તેઓ ઉદાર નથી.

આ ચતુર્ભુજભાઈ પોતે બેરિસ્ટર ચક્રવર્તીની જ્ઞાતિના છે એટલે એ એક અપેક્ષા પરિપૂર્ણ થવાને કારણે બેરિસ્ટર સાહેબને ત્યાં જવાનો વિચાર કરીને આપણને પૂછે છેઃ 'તો હું બેરિસ્ટર પાસે જાઉં તો મને ફાયદો થશે.'

આ પ્રશ્નના જવાબમાં એક સ્પષ્ટ અને નિશ્ચિત વાત જો કરવી હોય તો આપણે માટે ચોથા ભંગવાળો ઉત્તર જ અનુકૂળ અને વાસ્તવિક બનશે. આપણે એમને તરત જ કહી દઈશું કેઃ 'અવક્તવ્યઃ અર્થાત્ કાંઈ કહી શકાય નહિ.'

અહીં આપણે ચતુર્ભુજભાઈને, લાભ મળશે કે નહિ મળે એ બેમાંથી એક પણ વાત નિશ્ચિતપણે કહી શકતા નથી. કેમકે મળવું અથવા નહિ મળવું તે સ્વ અને પર ચતુષ્ટયની અપેક્ષાને આધીન છે. ચતુર્ભુજભાઈને આપણે એક નિશ્ચિત અને અસંદિગ્ધ જવાબ આપવા માગીએ છીએ. એ ભાઈ કેટલી અપેક્ષાઓને પરિપૂર્ણ કરે છે તે આપણે જાણતા નથી અને આપણે એમને અંધારામાં કે ખોટી આશામાં પણ રાખવા માગતા નથી. એટલે ચોથા ભંગ અનુસારનો આ નિશ્ચિત અભિપ્રાય આપણે તેમની સમક્ષ રજૂ કરીએ છીએ.

આમ છતાં, 'કંઈ કહી શકાય નહિ' એવો જવાબ આપીને ચતુર્ભુજભાઈને આપણે નિરાશ કરતા નથી. બેરિસ્ટર સાહેબની ઉદારતા અંગેની બધી અપેક્ષાઓથી આપણે તેમને વાકેફ કરીએ છીએ અથવા તો આપણા જવાબ દ્વારા એ બધી શરતોથી માહિતગાર થવાનું આપણે તેમને સૂચવીએ છીએ.

હવે ચતુર્ભુજભાઈ આપણને જણાવે છે કેઃ હું બેરિસ્ટર સાહેબની જ્ઞાતિનો સભ્ય છું અને મારે મારા પુત્રના શિક્ષણ અંગે સહાયની જરૂર છે.

આ વાત કરીને ઉદારતાના આ ઉમેદવાર ક્ષેત્ર ઉપરાંત ભાવની અપેક્ષાને પરિપૂર્ણ કરે છે. એમનો કેસ એટલો મજબૂત બને છે. એટલે બેરિસ્ટર સાહેબની ઉદારતાનો લાભ તેમને મળવો જોઈએ. આમ છતાં બીજી અપેક્ષાઓ પૂર્ણ થાય છે કે કેમ તે આપણે જાણતા નથી. એટલે, પાંચમા ભંગનો આશ્રય લઈને આપણે એમને એવો સ્પષ્ટ જવાબ આપી શકીશું કેઃ-

'બેરિસ્ટર સાહેબ ઉદાર છે અને અવક્તવ્ય છે અર્થાત્ કંઈ કહી શકાય નહિ' એટલે બેરિસ્ટર ઉદાર તો છે જ પણ એમનો લાભ ચતુર્ભુજભાઈને મળશે કે કેમ તે નિશ્ચિંતપણે કહેવાની સ્થિતિમાં હજુ આપણે આવ્યા નથી. એટલે, આપણો આ જવાબ તદ્દન સ્પષ્ટ અને વાસ્તવિક છે.

હવે, આ ચતુર્ભુજભાઈ સાથે વાતચીત કરતાં આપણને જાણવા મળે છે કે તેઓ સામાન્ય રીતે સુખી કહી શકાય તેવી સ્થિતિના છે. એમના જણાવવા મુજબ, ઘરના સામાન્ય ખર્ચ પુરતી આવક એમને છે; પરંતુ એમના પુત્રના કૉલેજમાંના ઉચ્ચ શિક્ષણ અંગે થતા ખર્ચને પહોંચી વળવામાં એમને મુશ્કેલી પડે છે.

આ વાતથી, તેઓ 'ગરીબ' નથી એમ નક્કી થઈ જાય છે. બેરિસ્ટરની ઉદારતા સ્વ-ક્ષેત્રની જે અપેક્ષા, તેઓ તેમની જ્ઞાતિના હોવાથી પૂર્ણ થતી હતી તે અહીં કાચી પડી જાય છે. અને અન્ય અપેક્ષાઓ તો પાછી ઉભેલી જ છે. આ સંજોગોમાં બેરિસ્ટર સાહેબની ઉદારતાનો લાભ એમને નહિ મળે એવો નિશ્ચિત અભિપ્રાય આપણે બાંધી લઈએ છીએ, આમ છતાં, એમની સફળતા કે નિષ્ફળતાનો આધાર, ઉદારતા અંગેના બેરિસ્ટર સાહેબના 'સ્વ-ક્ષેત્ર'ની અપેક્ષા પરિપૂર્ણ થાય છે એ વાતની પ્રતીતિ તેઓ સાહેબને કેવી રીતે થાય છે એના ઉપર હોવાથી, હવે છઠ્ઠા ભંગનો આશ્રય લઈને આપણે ચતુર્ભુજભાઈને કહીશું કેઃ-

'બેરિસ્ટર સાહેબની ઉદારતા નથી અને અવક્તવ્ય છે.'

અર્થાત્, ચતુર્ભુજભાઈ ગરીબ હોય તેવું આપણને લાગતું નથી એટલે બેરિસ્ટર સાહેબ પર-ક્ષેત્રની અપેક્ષાએ ઉદાર નથી. જ્યારે તે સિવાયની બીજી અપેક્ષાઓ માટે ચિત્ર અસ્પષ્ટ હોવાથી, ચતુર્ભુજભાઈ તેમની પાસે જાય તો શું પરિણામ આવશે એ આપણે જાણતા નથી એનું વર્ણન આપણે કરી શકતા નથી.

આપણો આ જવાબ ચતુર્ભુજભાઈ પાસે એક એવું સુસ્પષ્ટ ચિત્ર રજૂ કરે છે, કે પરિસ્થિતિ જોતાં બેરિસ્ટર સાહેબની ઉદારતા એમને માટે નથી જ; આમ છતાં કંઈ કહી શકાય નહિ, આ જવાબથી ચતુર્ભુજભાઈને એક નવી દૃષ્ટિ સાંપડે છે અને તેથી બેરિસ્ટર પાસે જવા માટે તેમ જ પોતાની ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત કરવા માટે, ગેર સમજણ ન થાય તેવી રીતે પોતાના કેસ કાળજીપૂર્વક રજુ કરવાનું માર્ગદર્શન તેમને મળે છે.

આ બધું સમજ્યા પછી ચતુર્ભુજભાઈ બેરિસ્ટર ચક્રવર્તી પાસે જવા માટે ઊભા થાય છે. જતાં જતાં તેઓ પૂછે છે કે, બરાબર કાળજીથી વાત કરૂં તો બેરિસ્ટર સાહેબની ઉદારતાનો લાભ મને ચોક્કસ મળશે ?

આ સવાલનો જવાબ લેવા માટે આપણે સાતમા ભંગનો આશ્રય લેવો પડશે. આપણે એમને ખોટી આશા આપવા માગતા નથી, તેમને નિરાશ પણ કરવા માગતા નથી અને 'વધારામાં તમે મને આડે રસ્તે દોર્યો, પરિસ્થિતિનું સ્પષ્ટ ચિત્ર તમે આપ્યું નહિ.' આવો ઠપકો પણ ચતુર્ભુજભાઈ પાસેથી સાંભળવા માગતા નથી. એટલે આપણે તેમને કહીશું કેઃ-

'બેરિસ્ટર સાહેબ ઉદાર છે, ઉદાર નથી અને અવક્તવ્ય છે. અવક્તવ્ય છે અર્થાત્ કંઈ કહી શકાય નહિ. આ જવાબથી બેરિસ્ટર સાહેબની ઉદારતાના સ્વચતુષ્ટય તથા પરચતુષ્ટયની ભિન્ન અપેક્ષાઓ તથા એ બંનેની એકત્ર અપેક્ષાને લક્ષ્યમાં રાખીને ચતુર્ભુજભાઈને આપણે એક નવી જ સ્વતંત્ર દૃષ્ટિ આપીએ છીએ.

આ રીતે, સાતે સાત ભંગની ભિન્ન ભિન્ન દૃષ્ટિથી અને ભિન્ન ભિન્ન અપેક્ષાઓ મુજબના જે સાત વિધાનો-અભિપ્રાયો-આપણે શ્રી ચતુર્ભુજભાઈને આપ્યા તે બધાએ ભેગા મળીને બેરિસ્ટર ચક્રવર્તીની ઉદારતા અંગેનું એક આખું ચિત્ર તૈયાર કર્યું.

બેરિસ્ટર ચક્રવર્તીની ઉદારતા શું છે, શું નથી, ક્યાં છે, ક્યાં નથી, ક્યારે છે, ક્યારે નથી, એનો લાભ મળી શકે એમ છે કે નહીં, એ લાભ કોને મળી શકે તેમ છે અને કોને ન મળી શકે, અને કયા સંયોગોમાં મળે તથા કયા સંજોગોમાં ન મળે, ક્યારે મળે ને ક્યારે ન મળે વગેરે બધી બાજુઓને સમજાવતું બધી બાજુઓનું નિરૂપણ એ સાતે ભંગ દ્વારા મળેલા ભિન્ન ભિન્ન જવાબો દ્વારા અને એ બધા જવાબોના સરવાળા દ્વારા, ચતુર્ભુજભાઈ પાસે પ્રગટ થઈ જાય છે. આ રીતે તૈયાર થતું એ આખુંય ચિત્ર પાછું 'સ્યાત્' શબ્દને આધીન છે. એ વાત ભૂલવાની નથી; કેમ કે, એ સમગ્ર ચિત્ર પણ એમાં પ્રત્યેક અંગોપાંગની અપેક્ષાને વશવર્તી છે. એ ચિત્રમાં, એકત્વ અને અનેકત્વ એ બંને અપેક્ષાભાવે રહેલા જ છે.

બેરિસ્ટર ચક્રવર્તીની ઉદારતાને લગતું આ જે દૃષ્ટાંત આપણે જોઈ ગયા. અહીં આપણે આ સપ્તભંગીના વ્યવહાર ઉપયોગિતા બતાવવાના શુભ આશયથી એક પાત્રની કલ્પના કરીને એક ચિત્ર રજુ કર્યું છે એ ભૂલવાનું નથી. મુખ્ય સવાલ આ રીતે વિચાર કરવાનો એટલે વસ્તુની ભિન્ન ભિન્ન બાજુઓને તપાસવાની ટેવ પાડવાનો અને એ રીતે આપણી તુલનાશક્તિને સાફ કરવાનો તથા મજબુત બનાવવાનો છે. આ હેતુ અહીં બરાબર જળવાયો છે એ નિઃશંક છે.

આવી જ રીતે, બેરિસ્ટર સાહેબના અદાલતી કામકાજમાં પણ, સ્યાદ્વાદમાં ઉપયોગ લાભપ્રદ રીતે અજમાવી શકાય છે.

ઉદાહરણ તરીકે, એક પેઢીના મહેતાજીનું ખૂન થયું છે. એ કેસમાં બચાવ પક્ષના બેરિસ્ટર તરીકે આ ચક્રવર્તી સાહેબને આપણે રોકીએ.

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની ચારે અપેક્ષાઓ આ ખૂન કેસને લાગુ પડે છે.

(૧) ઉઘરાણી કરીને પાછા ફરતાં ખૂન થયું છે. = દ્રવ્ય

(૨) મુંબઈ શહેરમાં ધોબીતળાવ આગળ ખૂન થયું છે. = ક્ષેત્ર

(૩) બપોરના અઢીથી ત્રણના ગાળામાં ખૂન થયું છે = કાલ

(૪) લુંટ કરવાના ઇરાદાથી ખૂન થયું છે. = ભાવ

હવે બેરિસ્ટર ચક્રવર્તી, આરોપીના બચાવ માટે ઉપરના સંયોગો તથા હકીકતોને લક્ષ્યમાં લઈને, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાઓ વડે યુક્ત એવો કેસ તૈયાર કરે છે.

(૧) ખૂબ આરોપીએ કર્યું નથી. = દ્રવ્ય

(૨) આરોપી ધોબીતળાવ નજીક હતો નહિ. = ક્ષેત્ર

(૩) બપોરના ૧ થી ૩ વાગ્યા દરમ્યાન આરોપી બોરીવલીમાં હતો અને તેના સાક્ષી પુરાવા છે. ઇં કાળ

(૪) આરોપી ખૂન કરે તેવો માણસ નથી, એની જિંદગીમાં એણે માંકડ કે મચ્છર પણ માર્યો નથી. = ભાવ

ઉપર દર્શાવેલા બંને ચતુષ્ટયોમાં ખૂન જેનું થયું છે, તે મહેતાજી માટે જે સ્વચતુષ્ટય છે તે આરોપી માટે પરચચુષ્ટય બની જાય છે અને આરોપી માટે જે સ્વચતુષ્ટય છે તે ખૂન અંગે પરચતુષ્ટય બની જાય છે.

હવે, જેનું ખૂન થયું છે, એ ખૂન તો એક હકીકત છે, એક નિશ્ચિત હકીકત તરીકે એ વાત રજુ કરવામાં આવી છે. સવાલ હવે આરોપીના બચાવનો આવે છે. એનો બચાવ બેરિસ્ટર ચક્રવર્તીના હાથમાં છે. એમની સામે ફરિયાદ પક્ષના સરકારી વકીલ છે. તેઓ બંને મળીને, સામસામા ઊભા રહીને, ન્યાયાધીશ સમક્ષ આ કેસ ચલાવવાના છે. પક્ષ તરફથી સાક્ષીઓ પણ આવવાના છે. કેસ દરમિયાન, જ્યુરીના સદ્ગૃહસ્થો પણ હાજર રહેવાના છે.

ન્યાય-ચુકાદો-આપવાનું કામ ન્યાયાધીશ સાહેબે કરવાનું છે. તે પહેલાં જ્યૂરીનો અભિપ્રાય પણ મેળવવાનો છે. તેઓ સાહેબ, આ કેસની આખીએ કાર્યવાહી દરમિયાન, તેમના હંમેશના સ્વભાવ મુજબ તટસ્થતા ભાવ ધારણ કરીને બેસવાના છે. આરોપીએ ખૂન કર્યું છે એ પૂરવાર કરવા ફરિયાદ પક્ષ મહેનત કરશે. આરોપી નિર્દોષ છે એ પુરવાર કરવા બેરિસ્ટર ચક્રવર્તી આકાશ-પાતળ એક કરશે. અર્થાત્, પુરેપુરી મહેનત કરશે. એ બધામાં સત્ય શું છે એ વાતનો નિર્ણય કરીને નિઃપક્ષ ચૂકાદો આપવાનું કામ સૌથી છેલ્લે ન્યાયાધીશ સાહેબે કરવાનું છે.

હવે આપણે આ કેસની કાર્યવાહી દરમ્યાન ન્યાયાધીશ સાહેબ સમક્ષ કેવા ભિન્ન ભિન્ન ચિત્રો રજૂ થાય છે. તે જોઈએ.

(૧) ફરિયાદ પક્ષ તરફથી રજૂ કરવામાં આવેલું તહોમતનામું વાંચીને એક અભિપ્રાય આવે છે કે 'આરોપી ગુન્હેગાર છે.'

(૨) બેરિસ્ટર ચક્રવર્તીનું બચાવનામું જોઈને બીજો એક અભિપ્રાય આવે છે કે 'આરોપી ગુન્હેગાર નથી.'

(૩) તહેમતનામાની અપેક્ષાએ તથા બચાવનામાની અપેક્ષાએ તટસ્થ ન્યાયાધીશ નોંધે છે કેઃ 'આરોપી ગુન્હેગાર છે અને નથી.'

(૪) આ સંયોગોમાં ચુકાદો આપવાનું કામ 'અવક્તવ્ય છે, ચુકાદા વિષે કંઈ કહી શકાય નહિ.'

(૫) ફરિયાદ પક્ષના સાક્ષીઓની જુબાની નોંધાય છે અને બેરિસ્ટર ચક્રવર્તી એમની ઉલટ તપાસ લે છે. સાક્ષીઓની જુબાની જોતાં આરોપી ગુન્હેગાર છે; પરંતુ ઉલટ તપાસ જોતાં એ ગુન્હેગાર છે એવો ચૂકાદો આપી શકાય તેમ નથી. એટલે, 'આરોપી ગુન્હેગાર છે પણ ચુકાદા વિષે કંઈ કહી શકાય નહિ.'

(૬) બચાવ પક્ષના સાક્ષીઓની જુબાની નોંધાય છે અને સરકારી વકીલ એમની ઉલટ તપાસ કરે છે. આ સાક્ષીઓની જુબાની જોતાં આરોપી ગુન્હેગાર નથી; પરંતુ ઉલટ તપાસ જોતાં એ ગુન્હેગાર નથી એવો ચૂકાદો આપી શકાય તેમ નથી. એટલે, 'આરોપી ગુન્હેગાર નથી પણ ચુકાદા વિષે કંઈ કહેવાય નહિ.'

(૭) ફરિયાદ પક્ષનો કેસ મજબુત રીતે રજુ થયો છે, બચાવ પક્ષ તરફથી પણ એવી જ રીતે આરોપીના લાભમાં સંગીન રજુઆત થઈ છે. પરંતુ જ્યુરીનો નિર્ણય હજુ આવવાનો બાકી છે. એટલે ચુકાદા વિષે હજુ કંઈ છેવટનો નિર્ણય ન્યાયાધીશ સાહેબે કર્યો નથી. એટલે, 'આરોપી ગુનેગાર છે, આરોપી ગુનેગાર નથી અને ચૂકાદા વિષે કંઈ કહેવાય નહિ.'

આ સાતે ભિન્ન ભિન્ન દૃષ્ટિબિંદુઓ નામદાર ન્યાયાધીશ સમક્ષ નોંધાયા છે. રજૂ થયા છે. એ સાતે ભેગા થઈને જે એક સળંગ ચિત્ર રજૂ કરે છે તે તેઓ સાહેબ પાસે પડેલું છે. એ દરેક અભિપ્રાયને ભિન્ન ભિન્ન રીતે તથા એ સાતેને એકઠાં કરીને નામદાર ન્યાયાધીશ સાહેબ જ્યુરીને દોરવણી આપે છે ખરા, પણ ચૂકાદો નથી આપતા. આ વાત સમજવા જેવી છે. પોતાને જે ફેંસલો કરવાનો છે, જે ચૂકાદો આપવાનો છે તે વિષે ન્યાયમૂર્તિ અગાઉથી કશો નિર્ણય બાંધી લેતા નથી. તેમનું પોતાનું મંતવ્ય-અભિપ્રાય શું છે એ તો જ્યૂરીનો નિર્ણય આવ્યા પછી તેઓ વિચારશે અને પછી જ ચૂકાદો આપશે.

હવે જ્યુરીના સદ્ ગૃહસ્થો એક જુદા ઓરડામાં જઈને એ આખાયે કેસની વિચારણા કરે છે. અંદર અંદર વિચાર-વિનિમય કરે છે. બેરિસ્ટર ચક્રવર્તીએ પોતાનો કેસ સ્યાદ્વાદ શૈલીને લક્ષ્યમાં રાખીને અને સ્થાપિત કાયદા કાનુનોને બરાબર સમજી-સમજાવીને રજૂ કર્યો છે. ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાઓ જોતાં, આરોપી નિર્દોષ જ છે એવી સંગીન અસર જ્યુરીના સદ્ગૃહસ્થો ઉપર તેઓ પાડી શક્યા છે. જે સ્થળે ખૂન થયું તે સ્થળે આરોપી હતો જ નહિ અને જે સમયે ખૂન થયું કહેવામાં આવે છે, તે સમયે તે ધોબી તળાવ પર નહિ પણ બોરીવલીમાં હતો. એવા સંગીન અને વિશ્વાસપાત્ર પુરાવાઓ તેમણે કોર્ટમાં રજૂ કર્યાં છે. આ બધું જોઈને, પૂરતી વિચારણા કર્યા પછી, 'આરોપી નિર્દોષ છે એવો ફેંસલો (Verdict) જ્યૂરી આપે છે. એ ફેંસલો બરાબર અને યોગ્ય છે. એવું, તે પછી પૂરતી વિચારણા બાદ ન્યાયાધીશ સાહેબને લાગે છે અને તેઓ 'આરોપી નિર્દોષ છે અને તેને છોડી મૂકવામાં આવે છે.' એવો ચૂકાદો સંભળાવે છે.

આરોપી છૂટી જાય છે. બેરિસ્ટર ચક્રવર્તીને સફળતા મળે છે. સ્યાદ્વાદ પદ્ધતિનો એ વિજય છે.

આ આખાય કેસ દરમિયાન આપણે જોયું કે ન્યાયાધીશ પોતે તદ્દન નિપક્ષ, તટસ્થ અને પોતાના ગૌરવ અંગે પૂર્ણપણે સજાગ રહ્યા છે. સ્યાદ્વાદ સિદ્ધાંતનું સફળ અનુસરણ કરવા માટે આવશ્યક એવા ગુણો, 'મધ્યસ્થ વૃત્તિ, અતિ નિપુણ બુદ્ધિ અને વિવેકપુર્ણ ગાંભીર્ય ન્યાયાધીશ સાહેબમાં હતા, એટલે જ તેઓ એક ન્યાયયુક્ત ચુકાદો આપી શક્યા. એ ગુણોને સ્યાદ્વાદની સમજણ મેળવવા માટે જૈન તત્ત્વવેત્તાઓએ ખાસ આવશ્યક ગણ્યા છે.

અગાઉ કહી ગયા છીએ કે સ્યાદ્વાદ સત્ય અને ન્યાયનો પક્ષકાર છે. આ કેસમાં બેરિસ્ટર ચક્રવર્તીએ આરોપીનો બચાવ સ્યાદ્વાદ શૈલીથી રજૂ કર્યો હતો. એ વાત સાચી, પણ એ રીતે રજૂ કરવામાં એમણે એકાંતિક કથન કર્યું હોત તો એને સ્યાદ્વાદ શૈલી કહી શકાત નહિ. એવી જ રીતે, નામદાર ન્યાયાધીશ સાહેબે જે ચુકાદો આપ્યો તેમાં પણ સ્યાદ્વાદની પદ્ધતિ તથા અનેકાંતવાદ અંગેની પૂરેપૂરી સમજણે ઘણો મોટો ભાગ ભજવ્યો હતો એ આખાય દૃષ્ટાંતમાંથી ફલિત થાય છે.

જૈન શાસ્ત્રકારો, અનેકાન્તવાદ અને સ્યાદ્વાદને એક અસાધારણ જ્ઞાન-તત્ત્વવિજ્ઞાન-ગણ્યું છે. આ એક ખૂબ જ ગંભીર વિષય છે, જે મળે તે બધાની પાસે આ વિષયના જ્ઞાનને ખુલ્લું મૂકવાનો જૈન શાસ્ત્રકારોએ નિષેધ કર્યો છે. તેમણે એવી શરત મૂકી છે, કે જેમની બુદ્ધિમાં ગ્રાહ્યશક્તિ ઊંચી કક્ષાની હોય, મુમુક્ષુભાવે જ્ઞાન મેળવવા માટે જ આ તત્ત્વ વિજ્ઞાનને સમજવા માંગતા હોય અને જીવન તથા જીવનના ધ્યેય પરત્વે પૂર્ણપણે જાગ્રત તથા ગંભીર હોય તેવા વિશિષ્ટ કોટીના વિવેકી જિજ્ઞાસુને જ આ વિષયનું જ્ઞાન આપવું.

અનેકાંતવાદના અધ્યયન અને પઠન બાબતમાં જૈન તત્ત્વવેતાઓ, સદીઓથી, આ શરતનું પાલન કરતા આવ્યા છે. આ જ્ઞાન બધાને આપવાની બાબતમાં, આ નિષેધને કારણે જ, તેઓ સંકોચ અનુભવતા રહ્યા છે. આનું એક પરિણામ એ આવ્યું કે, અન્ય એકાંતિક મતમતાંતરો જેવી પ્રસિદ્ધિ આ અદ્ભુત તત્ત્વવિજ્ઞાનને મળી નથી.

એવો દાવો કરવામાં આવે છે કે આજે આપણે બુદ્ધિવાદના જમાનામાં જીવીએ છીએ. જીવનના ભિન્ન ભિન્ન ક્ષેત્રોમાં અગાઉ જે સંતોષ પ્રવર્તતો હતો તેનું સ્થાન હવે અસંતોષે લીધું છે. જે જાણીએ છીએ એટલાથી સંતોષ માનીને બેસી રહેવા આજનું જગત માનતું નથી. નવું નવું જાણવાની અને સમજવાની ભૂખ હવે ઉઘડવા લાગી છે. સ્યાદ્વાદ સિદ્ધાંતને, જિજ્ઞાસુઓના ખુલ્લા બજારમાં મૂકવાનો સમય હવે પાકવા આવ્યો છે. આ સિદ્ધાંતનો પ્રચાર કરવાનો, સારા પ્રમાણમાં અને જોરશોરથી પ્રચાર કવરાનો સમય પાકી ગયો છે. આ સિદ્ધાંતની સમજણની આવશ્યકતા આજે છે તેવી અગાઉ ક્યારેય પણ નહોતી એમ કહેવામાં અતિશયોક્તિ નથી. થોડુંક જોખમ ખેડીને પણ, આ ઉપકારક અને વિરલ તત્ત્વજ્ઞાનનો પ્રચાર હવે પૂરી તાકાતથી થવો જોઈએ.

તત્ત્વજ્ઞાનના ઉચ્ચ તથા કઠિન ક્ષેત્રથી માંડીને, વિચારમૂલક ભૂમિકાથી લઈને આચારમૂલક પ્રદેશ સુધીની તમામ પરિસ્થિતિઓમાં અનેકાન્ત તત્ત્વજ્ઞાનની સમજણ ખૂબ જ ઉપયોગી બની શકે તેમ છે.

વિવેકપૂર્વક આ જ્ઞાનનો ઉપયોગ કરનારાઓ માટે, એમાં લાભ અને કલ્યાણ ભરપૂર પડ્યા છે.

★

# ભારતીય દર્શનોનું સમન્વય તીર્થ : અનેકાંતવાદ

□ ડૉ. રશ્મિ ભેદા

*[ ડૉ. રશ્મિ ભેદા જૈન તત્વજ્ઞાનના ઉત્સુક અભ્યાસી છે. 'અમૃત યોગનું, પ્રાપ્તિ મોક્ષની' વિષય પર શોધપ્રબંધ લખી મુંબઈ યુનિવર્સિટીમાંથી પીએચ. ડી.ની પદવી પ્રાપ્ત કરી છે. પ્રસ્તુત અંકમાં તેમણે ભારતીય દર્શનોની વિવિધતામાં કઈ રીતે અનેકાન્તવાદ જીવનમાં સમન્વય સાધવામાં મદદ કરશે એ બાબત પર લેખ લખ્યો છે.]*

જેમ વેદાંતદર્શનનું પ્રધાન અંગ અદ્વૈતવાદ છે, બૌદ્ધદર્શનનું પ્રધાન અંગ ક્ષણિકવાદ છે એમ જૈન દર્શનનું પ્રધાન અંગ છે અનેકાંતવાદ/સ્યાદ્વાદ. આજે જગતમાં બધા વિચારકો સામે એક પ્રશ્ન ઊભો થાય છે કે વસ્તુનું સ્વરૂપ શું છે? અને વસ્તુના આખરી સ્વરૂપ માટે ભિન્ન ભિન્ન વિચારોનો આર્વિભાવ થાય છે. આ જગતમાં વિવિધ દર્શન અને આચારશાસ્ત્રોનો ઉદ્ગમ થાય છે ત્યારે સૂક્ષ્મ બુદ્ધિવાળા લોકોના હૃદયમાં પ્રશ્ન થાય છે કે ક્યું દર્શન અપનાવવા જેવું છે? ત્યારે સર્વ દાર્શનિકોના તરફથી એક તરફ એ સમાધાન હોવું જોઈએ કે જે સર્વ વસ્તુઓનો જ્ઞાતા હોય અને સર્વ દોષોથી રહિત હોય એવા પુરુષવિશેષે પ્રતિપાદિત કરેલું દર્શન અને આચારશાસ્ત્ર અપનાવવું જોઈએ, અર્થાત્ જે દર્શનમાં તર્ક-યુક્તિ અને પ્રમાણથી વસ્તુસ્વરૂપનું પ્રતિપાદન કરેલું હોય અને જે દર્શન પર આધાર રાખવાવાળા આચારશાસ્ત્રમાં બતાવેલ વિધિ નિપેક્ષ પરસ્પર અવિરૂદ્ધ હોવાથી સર્વ જીવો માટે કલ્યાણસાધક થાય છે (થઈ શકે છે). આ ભૂમિકા પર જ્યારે સર્વ દર્શનોનો અભ્યાસ કરીએ ત્યારે ખ્યાલ આવે છે કે કોઈ જગતના અસ્તિત્વનો અસ્વીકાર કરે છે તો કોઈ એના અસ્તિત્વનું સમર્થન કરે છે. અસ્તિત્વનું સમર્થન કરવાવાળામાં પણ કોઈ દર્શન એમ માત્ર ચેતનાતત્ત્વને સ્વીકારે છે તો કોઈ માત્ર જડતત્ત્વને જ સ્વીકારે છે તો વળી કોઈ દર્શન જડ અને ચેતન બંને તત્ત્વનો સ્વીકાર કરે છે. ચેતન તત્ત્વનો સ્વીકાર કરવાવાળા પણ કોઈ એના બહુત્વનો નિષેધ કરે છે તો કોઈ એની અનેકતાનું સમર્થન કરે છે. આ બધા વિચારોનું પરીક્ષણ કરીએ તો ખ્યાલ આવે છે કે અલગ અલગ પ્રવક્તા વસ્તુના ભિન્ન ભિન્ન સ્વરૂપમાંથી કોઈ એક સ્વરૂપનું દર્શન કરીને એનું જ પ્રતિપાદન કરી રહ્યાં છે. જ્યારે સર્વ દર્શનોના તથ્યાંશને ભેગા કરીને પ્રતિપાદન કરીએ ત્યારે જ વસ્તુનું સાચું સ્વરૂપ સમજાય છે.

કર્મ સિદ્ધાન્ત ઈત્યાદિ સિદ્ધાન્તોનું અતિ વિસ્તારથી વિવેચન જૈન દર્શનમાં ઉપલબ્ધ છે અને યુક્તિ-તર્કથી અબાધિત છે અને જૈન દર્શનને પ્રતિપાદન કરવાવાળા તીર્થંકર પરમાત્મા સર્વજ્ઞ અને વીતરાગ અર્થાત્ રાગદ્વેષથી પર હતા. એમના દ્વારા પ્રતિપાદિત સિદ્ધાંતોનો સંગ્રહ જેમાં રહેલો છે એવા આગમશાસ્ત્રોનું અવગાહન કરતાં જણાય છે કે આ દર્શનમાં વસ્તુના કેવળ એક માત્ર ધર્મનું સ્વરૂપ બતાવેલું નથી પરંતુ એમાં સંભવિત બધા ધર્મોનો સ્વીકાર કરેલ છે; પછી ભલે એ પરસ્પર વિરોધી લાગતા હોય. જૈન દર્શન પ્રમાણે દરેક વસ્તુ અનંતધર્માત્મક છે, અનેકાન્તાત્મક છે અને એ જ અનેકાન્તવાદ છે. અનેકાન્તવાદ એટલે વસ્તુનું યથાર્થ જ્ઞાન કરાવનાર વાદ. અનેકાન્તવાદ એ જૈન દર્શનના તત્ત્વજ્ઞાનની વિશેષતા છે. એ જૈન દર્શનનો એક સ્વતંત્ર અને વિશેષ સિદ્ધાંત છે એટલું જ નહિ પણ જગતની તત્ત્વ વિચારધારામાં અનેકાન્તવાદ મૌલિક અને અમૂલ્ય ફાળો આપે છે. 'સત' વસ્તુ (જેનું અસ્તિત્વ હોય તે) અનેક ધર્માત્મક છે. 'સત્' એક અને અનેક બંને છે. વળી તે નિત્ય છે તેમ જ અનિત્ય છે. સામાન્ય ભાવે છે અને વિશેષ ભાવે પણ તેનું અસ્તિત્વ છે. તે કૂટસ્થ છે અને પરિણામી પણ છે. તે દ્રવ્યરૂપે છે અને પર્યાયરૂપે પણ છે. આમ દેખીતી રીતે પરસ્પર વિરોધી ધર્મોનું ધામ બને છે. કારણ કે આ બધા ધર્મોનો સમન્વય સત્માં થઈ જાય છે. આ જ અનેકાન્તવાદનો સાર છે અને આવો અનેકાન્તવાદ જૈન દર્શનનો સાર છે. જૈન દર્શન ક્યારે પણ એમ કહેતું નથી કે બીજા દર્શનોના સિદ્ધાન્ત તદ્દન અસત્ય છે. તેમનું માનવું છે કે પ્રત્યેક (દરેક) જૈનેતર દર્શનનો પાયો તર્કશુદ્ધ છે અને તેથી જ અમુક અંશે તે દર્શન ગ્રાહ્ય બને છે. જૈનેતર દર્શનોના સિદ્ધાંતમાં સત્નું એકાંશી દર્શન જોવામાં આવે છે, માટે જ એ દર્શનો એક બીજા સાથે સહમત થઈ શકતાં નથી અને એ બધાંનો અંતિમ સમન્વય અનેકાન્તવાદમાં થઈ જાય છે એટલે જ અનેકાંતવાદને સર્વ દર્શનોનું 'સમન્વય તીર્થ' કહ્યું છે.

આપણે ભારતીય દર્શનોના સિદ્ધાંતોને અનેકાન્તવાદની દૃષ્ટિથી જોઈએ. 'સત્' માટે વેદાંતનું કથન એમ છે કે 'સત્' એક અદ્વિતીય છે. સાંખ્યયોગ કહે છે કે સત્ પદાર્થો બે છે–પ્રકૃતિ અને પુરુષ. ન્યાય-વૈશેષિક મત પ્રમાણે મૂળ સત્ પદાર્થો એ જડ પરમાણુઓ, આત્મા, કાળ, દિશા વગેરે છે. એટલે સત્ પદાર્થ માટે વેદાંત અદ્વૈતવાદ સ્વીકારે છે. સાંખ્ય દર્શન દ્વૈતને માન્ય રાખે છે અને ન્યાય બહુતત્ત્વવાદી છે. આ બધા દર્શન બીજાનો વિરોધ કરે છે જ્યારે જૈન દર્શન કહે છે કે દરેક દર્શન અમુક અપેક્ષાએ સત્ય છે. 'સત' દ્રવ્યનો અર્થ જો આપણે એમ કરીએ કે જગતની સર્વ ઘટનાઓના મૂળમાં 'સત્' છે, તો તે દૃષ્ટિએ 'સત્' એક છે પણ જાગતિક ઘટનાઓમાં ઊંડા ઉતરીને જોયું તો એમાં મૌલિક ભેદો દેખાય છે જેમકે જડ અને ચેતન. ન્યાય-વૈશેષિકો કહે છે તેમ પરમાણુઓ, કાળ વગેરે એકબીજાથી સ્વભાવ ભિન્ન છે જે બધા સત્ પદાર્થો છે. અંતિમ સત્ની બાબતમાં આ ત્રણેય દર્શનોનો મતભેદ એ કેવળ દૃષ્ટિભેદ જ છે.

પર્યાયની બાબતમાં વેદાંત કહે છે કે દ્રવ્યના પરિણામો અસત્ છે. પણ ન્યાય કહે છે કે આ પરિણામો દ્રવ્યની જેટલા જ સત્ છે. અનેકાંતવાદ પ્રમાણે વેદાંત કહે છે તેમ આધારભૂત દ્રવ્યના અભાવે દ્રવ્ય પરિણામ સંભવી શકે નહિ. માટે પરિણામ અમુક અંશે અસત્ છે. કોઈપણ દ્રવ્ય અમુક સ્વરૂપે ઈન્દ્રિયગ્રાહ્ય બને છે તેથી દ્રવ્યનો એ સ્વરૂપ પર્યાય થયો અને ન્યાય કહે છે તેમ અમુક અંશે તે સત્ છે એટલે જૈન દર્શન કહે છે કે પર્યાય અમુક અંશે સત્ય છે અને અમુક અંશે અસત્ય પણ છે. જૈન દર્શન પ્રમાણે સત્ પદાર્થ હંમેશાં પરિણામી નિત્ય દ્રવ્ય હોય છે.

કાર્યકારણવાદની બાબતમાં પણ ન્યાય, સાંખ્ય અને વેદાંત પરસ્પર વિરૂદ્ધ છે. સાંખ્ય મત સત્ કાર્યવાદ કહેવાય છે અને એના પ્રમાણે કાર્યની સ્પષ્ટ ઉત્પત્તિ પહેલાં, કારણમાં, પહેલેથી જ કાર્ય રહેલું હોય છે. જ્યારે ન્યાય દર્શનના અસત્ કાર્યવાદ પ્રમાણે કાર્ય એ તદ્દન નવીન ઘટના છે. કારણમાં પહેલેથી કાર્ય હોતું જ નથી. વેદાંત પ્રમાણે કારણ જ સત્ છે અને જેને આપણે પરિણામ અથવા કાર્ય કહીએ છીએ

તે અનિર્વચનીય છે. અહીં જૈન દર્શન કહે છે કે અમુક અંશે સાંખ્ય મત પણ સાચો છે અને અમુક અંશે ન્યાય મત પણ સાચો છે. કાર્ય અને કારણ બંનેનો આધાર દ્રવ્ય છે અને એ બંને દ્રવ્યનું જુદી જુદી રીતે સ્વરૂપ બતાવે છે છતાં દ્રવ્ય પોતે સ્વભાવથી ચ્યુત થતું નથી એટલે કાર્યનો સ્પષ્ટ આવિર્ભાવ દેખાયા પહેલા કારણમાં કાર્ય પૂર્વવર્તી રહેલું છે. હવે કાર્યને પર્યાય દૃષ્ટિએ જોઈએ તો તે એક નવીન ઘટના છે અને કાર્યના પ્રત્યેક્ષ અવિર્ભાવ પહેલાં તે નહોતું. પરસ્પર વિરોધવાળા આ દર્શનોના મતાંતરોનું સમાધાન અનેકાંતવાદથી થઈ શકે છે.

મીમાંસા દર્શન શબ્દની નિત્યતામાં માને છે. તેથી ઉલ્ટું ન્યાય કહે છે કે શબ્દોની ઉત્પત્તિ તથા પ્રયોગ આકસ્મિક છે. શબ્દ ઘટનાઓ આદિ અને અંતવાળી હોવાથી અનિત્ય છે. જૈન દર્શન અનેકાંતવાદથી બંનેનું સમાધાન કરે છે. જૈન દર્શન પ્રમાણે નૈયાયિકોનું કહેવું અંશતઃ સત્ય છે. કારણ શબ્દ માનવ પ્રયત્નથી ઉત્પન્ન થાય છે માટે અનિત્ય છે. બીજી રીતે જોઈએ તો શબ્દ પુદ્ગલ દ્રવ્યનો પર્યાય છે અને દ્રવ્યરૂપે પુદ્ગલ નિત્ય છે તેથી આધારભૂત દ્રવ્યની અપેક્ષાએ શબ્દ નિત્ય છે. આ રીતે મીમાંસા અને ન્યાય દર્શન બંને પરસ્પર વિરૂદ્ધ હોવા છતાં બંને અંશતઃ સત્ય છે. એટલે જૈન દર્શન પ્રમાણે શબ્દ પર્યાય દૃષ્ટિથી અનિત્ય છે જ્યારે દ્રવ્ય દૃષ્ટિથી નિત્ય છે. આમ બંને દર્શનોનું એણે સમાધાન કર્યું છે.

જૈન દર્શનમાં ભગવાન મહાવીરે અનેકાન્તવાદની જે પ્રરૂપણા કરી છે તેના મૂળમાં તત્કાલીન દાર્શનિકોમાંથી ભગવાન બુદ્ધના નિષેધાત્મક દૃષ્ટિકોણનું મહત્ત્વનું સ્થાન છે. જીવ અને જગત તેમજ ઈશ્વરના નિત્યત્વ-અનિત્યત્વ વિશે જે પ્રશ્નો પૂછવામાં આવતા તેમને બુદ્ધે અવ્યાકૃત કહ્યા છે પરંતુ ભગવાન મહાવીરે તે જ પ્રશ્નોનું સમાધાન અનેકાન્તવાદનો આશ્રય લઈને કર્યું છે. ભગવાન બુદ્ધ સમયના મુખ્ય પ્રશ્નો નીચે પ્રમાણ હતા-

૧. લોકની નિત્યતા, અનિત્યાત અને સાંતતા, અનંતતાનો પ્રશ્ન. ૨. જીવ શરીરના ભેદ-અભેદનો પ્રશ્ન ૩. જીવની નિત્યતા, અનિત્યતાનો પ્રશ્ન ભગવાન બુદ્ધે વિધાયક રૂપે કોઈ પ્રશ્નોના ઉત્તર આપ્યા નથી. જો તે લોક કે જીવને નિત્ય કહે તો તેમને ઉપનિષદ માન્ય શાશ્વતવાદ સ્વીકાર કરવો પડે અને જો તે અનિત્ય પક્ષનો સ્વીકાર કરે તો ચાર્વાક જેવા ભૌતિકવાદીને માન્ય ઉચ્છેદવાદનો સ્વીકાર કરવો પડે. એટલે એમણે આ પ્રશ્નોને અવ્યાકૃત ગણાવ્યા. જ્યારે ભગવાન મહાવીરે તે સમયના વાદોના ગુણદોષોની પરીક્ષા કરી જે વાદમાં સત્યતા હતી તે તેટલી માત્રામાં સ્વીકારી બધા વાદોનો સમન્વય કરવાનો પ્રયત્ન કર્યો. (આ જ ભગવાન મહાવીરનો અનેકાન્તવાદ છે) ભગવાન બુદ્ધ જે પ્રશ્નોના ઉત્તર વિવિધરૂપે આપવા નહોતા ઈચ્છતા તે બધા પ્રશ્નોના ઉત્તર ભગવાન મહાવીરે અનેકાન્તવાદનો આશ્રય લઈને આપ્યો.

ભગવાન બુદ્ધે અવ્યાકૃત જણાવેલા પ્રશ્નોમાંના પ્રથમ ચાર-લોકની નિત્યતા, અનિત્યતા તથા સાંતતા અને અનંતતાને લગતા છે. તે પ્રશ્નોનું ભગવાન મહાવીરે જે સ્પષ્ટીકરણ કર્યું છે તે ભગવતી સૂત્રમાં સ્કંદક, પરિવ્રાજકના અધિકારમાં આવે છે. લોક દ્રવ્યની અપેક્ષાએ સાન્ત છે કારણ કે તે સંખ્યાની અપેક્ષાએ એક છે પરંતુ પર્યાયની અપેક્ષાએ લોક અનંત છે કારણ દ્રવ્યના પર્યાય અનંત છે. કાળની દૃષ્ટિએ લોક અનંત છે એટલે કે શાશ્વત છે. કારણ કે એવો કોઈ કાળ નથી કે જેમાં લોકનું અસ્તિત્વ ન હોય, પરંતુ ક્ષેત્રની દૃષ્ટિએ લોક સાન્ત છે કારણ સંપૂર્ણ ક્ષેત્રમાંથી થોડા ભાગમાં જ લોક છે. અહીં ભગવાન બુદ્ધે લોકની સાંતતા અને અનંતતા બંનેને અવ્યાકૃત ગણાવ્યા છે. જ્યારે ભગવાન મહાવીરે અનેકાન્તવાદથી લોકને સાન્ત અને અનંત જણાવ્યો છે. એ જ પ્રમાણે લોકની શાશ્વતતા, અશાશ્વતતા વિશે ભગવાન બુદ્ધે અવ્યાકૃત કહ્યું જ્યારે જૈન દર્શન કહે છે કે લોક શાશ્વત પણ છે અને અશાશ્વત પણ. ત્રિકાળમાં એવો એકેય સમય નથી જ્યારે લોક કોઈ ને કોઈ રીતમાં ન હોય તેથી તે શાશ્વત છે. પરંતુ તે અશાશ્વત પણ છે કારણ કે હંમેશાં એકરૂપ નથી રહેતો. તેમાં ઉત્સર્પિણી અને અવસર્પિણીને લીધે અવનતિ અને ઉન્નતિ પણ જોવામાં આવે છે. તેથી તે અશાશ્વત પણ છે. જીવ અને શરીરનો ભેદ છે કે અભેદ એ પ્રશ્ન ભગવાન બુદ્ધે અવ્યાકૃત કહ્યો છે. ચાર્વાકો શરીરને જ આત્મા માનતા જ્યારે ઔપનિષદ આત્માને શરીરથી તદ્દન ભિન્ન માનતા. જ્યારે જૈન દર્શન તે બંને મતોનો સમન્વય કરીને આત્માને શરીરથી ભિન્ન પણ કહે છે અને અભિન્ન પણ કહે છે. જો આત્માને શરીરથી તદ્દન જૂદો માનવામાં આવે તો કાર્યકૃત કર્મોનું ફળ તેને ન મળવું જોઈએ અને જો અત્યંત અભિન્ન માનવામાં આવે તો શરીરનો દાહ થતાં આત્મા પણ નષ્ટ થશે જેથી પરલોકનો સંભવ નહિ રહે. અહીં પણ જૈન દર્શને બંને વિરોધી વાદોનો સમન્વય કર્યો અને ભેદ તેમ જ અભેદ બંને પક્ષોનો સ્વીકાર કર્યો. એકાંત ભેદ કે એકાંત અભેદ માનવાથી જે દોષ આવે છે તે ઉભયવાદ માનવાથી આવતા નથી. જીવ અને શરીરનો ભેદ એટલા માટે માનવો જોઈએ કે શરીરનો નાશ થવા છતાં પણ આત્મા બીજા જન્મમાં રહે છે અને સિદ્ધાવસ્થામાં અશરીરી આત્મા પણ હોય છે. અને અભેદતા એટલા માટે કે સંસારી અવસ્થામાં શરીર અને આત્માનું નીરક્ષીરવત્ તાદાત્મ્ય હોય છે. કાયા સાથે કોઈ પણ વસ્તુનો સ્પર્શ થતાં આત્મામાં સંવેદન થાય છે.

એવી જ રીતે જીવની નિત્યતા અને અનિત્યતાનો પ્રશ્ન પણ બુદ્ધે અવ્યાકૃતની કોટીમાં નાખ્યો છે. જ્યારે ભગવાન મહાવીરે જીવને અપેક્ષા ભેદે શાશ્વત અને યશાશ્વત કહ્યો છે. દ્રવ્યની અપેક્ષાએ જીવ નિત્ય છે અને ભાવની અપેક્ષાએ અનિત્ય છે. આમાં શાશ્વતવાદ અને ઉચ્છેદવાદ બંનેના સમન્વયનો પ્રયત્ન છે. ચેતન જીવ દ્રવ્યનો વિચ્છેદ ક્યારેય થતો નથી એ દૃષ્ટિએ જીવને નિત્ય માની શાશ્વતવાદનો સ્વીકાર છે. જ્યારે જીવની જુદી જુદી અવસ્થાઓ જેવી કે બાલત્વ, પાંડિત્ય વગેરે અસ્થિર છે તે અપેક્ષાએ ઉચ્છેદ અવસ્થાનો પણ સ્વીકાર છે. ભગવાન મહાવીરે જમાલી સાથેના પ્રશ્નોત્તરમાં જીવની શાશ્વતતા અને અશાશ્વતતા વિશે જે સ્પષ્ટીકરણ કર્યું છે જે ભગવતી સૂત્રમાં છે–ત્રણે કાળમાં એવો કોઈ સમય નથી જ્યારે જીવ ન હોય તેથી જ જીવને શાશ્વત, નિત્ય કહેવામાં આવે છે. પરંતુ જીવ નારક મટીને તિર્યંચ બને છે. તિર્યંચ મટીને મનુષ્ય થાય છે. આમ અનેક અવસ્થાઓ ધારણ કરે છે. એ અપેક્ષાએ અનિત્ય છે તેથી જીવ શાશ્વત અને અશાશ્વત બંને છે. આવી રીતે ભગવાન બુદ્ધના બધા અવ્યાકૃત પ્રશ્નોનું નિરાકરણ ભગવાન મહાવીરે વિધિમાર્ગનો સ્વીકાર કરીને અનેકાન્તવાદના આશ્રયે કર્યું છે. મોક્ષનો માર્ગ અતીન્દ્રિય છે. તેમાં ઉપયોગી એવા આત્મા, કર્મ એ બેનો સંબંધ, એ સંબંધના હેતુઓ, એનો વિયોગ અને એ વિયોગના કારણો એ સઘળું અતીન્દ્રિય જ્ઞાનગમ્ય છે. તેથી જીવોને અનેક પ્રકારની ભ્રાંતિઓ, સ્ખલનાઓ, સંશયો, વિપર્યયો ઉત્પન્ન થયા વિના રહેતા નથી. આ બધાનું તર્કગમ્ય અને શ્રદ્ધાગ્રાહ્ય નિરાકરણ ન થાય ત્યાં સુધી મુમુક્ષુ આત્મા પણ મોક્ષમાર્ગમાં યોગ્ય પ્રગતિ સાધી શકતો નથી. અનેકાન્તવાદથી તેનું બુદ્ધિગમ્ય અને શ્રદ્ધાગમ્ય નિરાકરણ થઈ શકે છે. એક એક ધર્મને ગ્રહણ કરતા દર્શનોની ત્રુટિઓ એનાથી દૂર થાય છે અને વસ્તુનું સર્વદેશીય જ્ઞાન પ્રાપ્ત થાય છે. એટલે જ અનેકાન્તવાદને 'સર્વ દર્શનોનું સમન્વય તીર્થ' કહ્યું છે. ★

# અહિંસા–અનેકાંતના પરિપેક્ષ્યમાં

□ ડૉ. પાર્વતી નેણશી ખીરાણી

*[જૈન ધર્મ-સાહિત્યની અનેક પરીક્ષાઓ આપી અનેક પદવીઓ પામનાર પાર્વતીબેન જૈન ધર્મની શિક્ષણ સંસ્થાઓમાં સૂત્રધાર સ્થાને છે. તેઓ ધાર્મિક શિક્ષિકા છે, ઉપરાંત પ્રાચીન હસ્તપ્રત ઉકેલવાની વિદ્યામાં પારંગત છે. પ્રસ્તુત લેખમાં તેમણે અનેકાન્ત સિદ્ધાંતની ચર્ચા અહિંસાના પરિપ્રેક્ષ્યમાં કરી છે.]*

**અનેકાંતનું સ્વરૂપ :**

અન+અએકાંત=અનેકાંત. અન્‌ઇનહિ. અર્થાત્ કોઈ પણ વસ્તુનું એકાંત સ્વરૂપ ન માનવું તેનું નામ અનેકાંત. દરેક વસ્તુનું એના પાસા પરત્વે જુદી જુદી રીતે જ્ઞાન થાય છે એને અનેકાંત કહેવાય છે. અનેકાંત અધ્યાત્મપ્રધાન સંસ્કૃતિનો સુદૃઢ આધારસ્તંભ છે, જે આપણા વિચારોની શુદ્ધિ કરે છે. હું વિચારૂં છું એ જ સત્ય છે એવો આગ્રહ વ્યક્તિને સફળતાથી વંચિત રાખે છે. પોતાના વિચારોને જ સર્વેસર્વા માનનારનો આધ્યાત્મિક વિકાસ રૂંધાય છે.

જૈન તત્ત્વમીમાંસાના અનેકાંતવાદ અનુસાર પ્રત્યેક વસ્તુમાં અનંત વિરોધી યુગલ એક સાથે રહે છે. એક સમયમાં એક જ ધર્મ અભિવ્યક્તિનો વિષય બને છે. સત્ય અનંત છે એનું એક દૃષ્ટિકોણથી પ્રતિપાદન ન થઈ શકે. એ સંદર્ભે વિનોબા ભાવેએ કહ્યું છે કે માણસે સત્યાગ્રહી (સત્યના આગ્રહી) બનતા પહેલાં સત્યગ્રાહી બનવું જોઈએ. સત્યને ગ્રહણ કર્યા વગર સત્યનો આગ્રહ રાખવો એ દંભ કહેવાય. દંભ ગમે તેટલો ભવ્ય હોય તો પણ એને સત્ય ન જ કહેવાય.

પ્રભુ મહાવીર સત્યગ્રાહી હતા. પોતાના વિરોધી વિચારમાં પણ સત્ય હોય તો એનો આદર કરવો જોઈએ એવી એમની સમજણ પૂર્ણ પક્વ હતી. એ સમજણમાંથી આપણને અનેકાંતનો સિદ્ધાંત મળ્યો. અનેકાંત એટલે સત્યના સ્વાગત માટે ખૂલ્લું મન. અનેકાંત માનવીય એકતાનો મહાન સિદ્ધાંત છે.

સત્ય અનંત છે. એનું એક દૃષ્ટિકોણથી પ્રતિપાદન ન થઈ શકે. એ જ રીતે પ્રત્યેક વસ્તુ-વિચાર-સિદ્ધાંત અનંત ધર્માત્મક છે એની વ્યાખ્યા એક દૃષ્ટિકોણથી ન થઈ શકે. અનેક દૃષ્ટિકોણથી વિચાર કરીએ તો જ વસ્તુનું વાસ્તવિક સ્વરૂપ સમજી શકાય છે.

પ્રભુ મહાવીરે ધર્મ અને વ્યવહારના જે સિદ્ધાંતોનું પ્રતિપાદન કર્યું છે એમાંનો એક મુખ્ય સિદ્ધાંત છે 'અહિંસા'. મહાવીર સ્વામીએ અહિંસાને સર્વોચ્ચ ધાર્મિક મહત્ત્વ આપ્યું છે. 'અહિંસા પરમોધર્મ.' ધર્મ માટે હિંસા-આચરી શકાય નહીં. ધર્મનું રક્ષણ અહિંસા દ્વારા થાય છે. એમણે ધર્મના ત્રણ લક્ષણો બતાવ્યા. અહિંસા, સંયમ અને તપ. ત્રણેય લક્ષણો સાત્ત્વિક અને વૈયક્તિક છે. એનાથી ફલિત થતું ચરિત્ર નૈતિક હોય છે. બાર વ્રતમાં પણ પ્રથમ વ્રત અહિંસાનું છે. બાકીના બધા વ્રત અહિંસાને પોષવા માટે જ છે. આમ અહિંસાનું ફલક વિશાળ છે.

**અહિંસાનું સ્વરૂપ-**

અહિંસા એ આત્મવિકાસનું સર્વથી પ્રથમ અંગ છે. એક વ્યાપક સિદ્ધાંત છે. જેમ જેમ આત્મવિકાસ થાય એમ અહિંસાનો વિકાસ થવો જોઈએ તો જ પૂર્ણ અહિંસાને (અર્થાત્ અહિંસાના બધા પાસાને) પ્રાપ્ત કરી શકાય. અહિંસા માનવજાતિના ઊર્ધ્વમુખી વિરાટ ચિંતનનું સર્વોત્તમ વિકાસબિંદુ છે. લૌકિક અને લોકોત્તર બંને પ્રકારના મંગલ જીવનનો મૂલાધાર અહિંસા છે. વ્યક્તિથી પરિવાર, પરિવારથી સમાજ, સમાજથી રાષ્ટ્ર અને રાષ્ટ્રથી વિશ્વ બંધુત્વનો જે વિકાસ થયો છે અથવા થઈ રહ્યો છે એના મૂળમાં અહિંસાની જ પવિત્ર ભાવના કામ કરી રહી છે. માનવ સભ્યતાના ઊચ્ચ આદર્શોનું ખરેખરૂં મૂલ્યાંકન અહિંસાના રૂપમાં કરી શકાય છે.

અહિંસાની વિમલધારા પ્રાંતવાદ, ભાષાવાદ, પંથવાદ, સંપ્રદાયવાદ વગેરેના ક્ષુલ્લક ઘેરાવામાં ક્યારેય બંધાતી નથી તેમ જ કોઈ વ્યક્તિગત ધોરણે પણ વ્યકત નથી થતી. અહિંસા એ તો વિશ્વનો સર્વોત્તમ સિદ્ધાંત છે તથા માનવતાનું ઉજ્જવલ પૃષ્ઠ છે.

**અહિંસાનો અર્થ-**

અ+હિંસ. અ=નહિ, હિંસ=મારી નાખવું. હિંસાનો અભાવ

ઇઅહિંસા. મન, વચન અને કાયાથી પીડા ન કરવાપણું, કોઈ પણ જીવને મન -વચન અને કર્મથી ન દુભવવાની વૃત્તિ. મારામારી કે કાપાકાપી ન કરવી, કોઈનો ઘાત ન કરવો, માનસિક રૂપથી કોઈનું અહિત ન વિચારવું. એક વાક્યમાં કહેવું હોય તો દુર્ભાવનો અભાવ તથા સમભાવનો નિર્વાહ.

જીવાત્મા પાસે મન, વચન, કાયાની મોટી હાટડી છે. એ ત્રણેથી સતત કર્મવ્યાપાર ચાલુ છે. એમાંથી નિવૃત્તિ મેળવીએ તો હાટડી બંધ થાય અને શાશ્વત સુખ (મોક્ષ) પ્રાપ્ત થાય. નિવૃત્તિની શરૂઆત અહિંસાથી થાય છે. એના માટે ભગવાને આચારમાં અહિંસા, વિચારમાં અનેકાંતવાદ અને ઉચ્ચારમાં સ્યાદ્‌વાદનો સિદ્ધાંત પ્રરૂપ્યો છે. અર્થાત્ મનની અહિંસા અનેકાંતવાદ છે. વચનની અહિંસા સ્યાદ્‌વાદ છે અને કાયાની અહિંસા એટલે કોઈ જીવને ન મારવું એ છે. તત્ત્વને અનંત દૃષ્ટિકોણથી જોવું તે અનેકાંત અને તેનું સાપેક્ષ પ્રતિપાદન કરવું તે સ્યાદ્‌વાદ.

**અનેકાંતના દૃષ્ટિકોણથી અહિંસાનું સ્વરૂપ-**

અહિંસાના મુખ્યત્વે બે પ્રકાર છે. નિષેધાત્મક અને વિધેયાત્મક.

**નિષેધાત્મક અહિંસા-**

નિષેધનો અર્થ છે રોકવું–થવા ન દેવું. એટલે નિષેધાત્મક અહિંસાનો અર્થ છે કોઈ પ્રાણીનો વધ ન કરવો, મારવું નહિ તથા કષ્ટ આપવું નહિ. પ્રાયઃ કરીને આ અર્થ જ અહિંસાના સંદર્ભમાં રૂઢપ્રચલિત છે.

**વિધેયાત્મક અહિંસા-**

વિધેય એટલે પ્રવૃત્તિ. કેટલાક પ્રકારની વિશષ પ્રવૃત્તિઓ કરવી તે કોઈનું કષ્ટ દૂર કરવાની પ્રવૃત્તિ કરવી તે વિધેયાત્મક અહિંસા છે. દયા, કરૂણા, અનુકંપા, સેવા, પ્રેમ, મૈત્રી વગેરે એના સ્વરૂપો છે.

જેમ કોઈને કષ્ટ આપવું, મારવું તે હિંસા છે. એ જ રીતે શક્તિ હોવા છતાં પીડિતોનું કષ્ટ દૂર ન કરવું તે પણ હિંસા છે. એક માણસ ભૂખથી ટળવળી રહ્યો હોય ને આપણી પાસે વધારાનું ભોજન હોય છતાં એની ક્ષુધાનું નિવારણ ન કરીએ તો એ પણ હિંસા જ છે. એ જ રીતે આપણી પાસે કબાટ ભરીને વસ્ત્રો છે પણ કોઈની ટાઢ ઉડાડવા એક વસ્ત્ર પણ ન આપીએ અથવા તો આપણી પાસે શક્તિ, સમય ને સમર્થતા છે છતાં કોઈ માંદાની સેવા સુશ્રુષા ન કરીએ કે પછી કોઈ અજ્ઞાનના અંધકારમાં ભટકતો હોય એને આપણા જ્ઞાનથી માર્ગદર્શન ન આપીએ તો એ બધા હિંસાના જ પ્રકાર છે. એ વિધેયાત્મક અહિંસાથી જ દૂર થઈ શકે છે.

વિજળીના બે તારો હોય છે. નેગેટીવ અને પોઝીટીવ. તે બે ભેગા થાય ત્યારે જ વિજળી ઉત્પન્ન થાય છે અને પ્રકાશ આપી શકે છે. તેવી જ રીતે જીવનમાં નિષેધાત્મક (નેગેટીવ) અને વિધેયાત્મક (પોઝીટીવ) બંને પ્રકારની અહિંસાનો સંગમ થાય ત્યારે જ અહિંસા તેજસ્વી બની શકે છે.

હિંસા કે અહિંસા બંનેના પાલન પાછળ ભાવ પણ મહત્ત્વનો હોય છે. કયા આશયથી હિંસા કે અહિંસા થઈ રહી છે એ જાણવામાં આવે તો જ હિંસા અહિંસાનું ઉભયાત્મક સ્વરૂપ જ અનેકાંતવાદને સિદ્ધ કરે છે.

જો જીવઘાતને એકાંત હિંસા માનીએ તો યથાર્થતાનો લોપ થઈ જશે. કારણ કે વિશેષ પ્રસંગમાં જીવઘાત હિંસારૂપ નથી પણ હોતી, જેમ કે કોઈ અપ્રમત્ત મુનિ, સંપૂર્ણ રૂપથી જાગૃત હોય, પૂર્ણપણે જતનાનું પાલન કરતા હોય છતાં કોઈ જીવને બચાવી ન શકે, હિંસા થઈ જાય તો એને હિંસાની કોટીમાં મૂકવામાં નથી આવતી. સામાન્ય રીતે જીવઘાત હિંસા છે એને અહિંસા ન મનાય પણ આવા કારણમાં એકાંત હિંસા કે અહિંસારૂપ ન મનાય. કોઈ ડૉક્ટર ઑપરેશન વખતે વ્યક્તિને કષ્ટ આપી રહ્યો હોય ત્યારે એને હિંસારૂપ ન મનાય. સામાન્યપણે કષ્ટ આપવું ભલે ને હિંસાની કોટિમાં આવતું હોય. કોઈ બળાત્કાર કરે ને શીલરક્ષા માટે સામનો કરે ત્યાં પણ હિંસક ન ગણાય. શાસ્ત્રમાં ચેણરાજાની વાત આવે છે. યુદ્ધ કરે છે છતાં એમને વ્રતધારી કહ્યા છે.

ભગવતી સૂત્રમાં ધર્મ જાગરિકામાં દયાધર્મની વાત આવે છે જે વિધેયાત્મક અહિંસા જ છે. એમાં પણ સ્વરૂપદયાની વાત આવે છે. તે કોઈ જીવને મારવાના ભાવથી પહેલાં તે જીવને સારી રીતે ખવડાવે અને શરીરે હૃષ્ટપુષ્ટ કરે સાર-સંભાળ લે એ દયા ઉપરથી દેખાવમાત્ર છે પરંતુ પાછળથી તે જીવને મારવાના પરિણામ રહેલા હોય છે.

એ દયાના મૂળમાં હિંસા છે. માટે એવી દયા અહિંસાની કોટિમાં ન આવે. વર્તમાને પણ એવા જીવો જોવા મળે છે. જે માતા-પિતા કે અન્ય સ્નેહી સ્વજનોને એમની સંપત્તિ મેળવવા માટે સારી રીતે રાખે, સેવા કરે પણ જેવી સંપત્તિ એમના નામે થઈ જાય કે એમને રઝળાનવી મૂકે. એવી દયા પણ હિંસાનું જ પરિણામ છે. ત્યાં અનુબંધ દયા પણ બતાવી છે જેમાં તે જીવને ત્રાસ પમાડે, પણ અંતરથી તેને શાતા દેવા ઈચ્છે છે. જેમ કે માતા પુત્રને રોગ મટાડવાના અર્થે કડવું ઔષધ પીવડાવે, પણ અંતરથી તેનું ભલું ઈચ્છે છે. તેને સુધારવા માટે તાડન-તર્જન કરે. એવી જ રીતે ગુરુ કે પિતા કઠોર અનુશાસન કરે, શિસ્તનો આગ્રહ રાખે એના માટે કઠોર શિક્ષા પણ કરે પણ અંતરથી તો ગુણ વધારવા માટે ભલું જ ઈચ્છતા હોય છે. એમાં હિંસા દેખાતી હોય છતાં પણ પરિણામ અહિંસાના જ છે. માટે એવી દયાનું જ પાલન કરવામાં સાર રહેલો છે. એવી દયા માટે ટેનીસન કહે છે કે kind hearts are more than coronets. નિષ્ઠુર હૃદયના બાદશાહ કરતા દયાળુ હૃદયનો કંગાલ માણસ વધારે ચડિયાતો છે. દ્રવ્ય-ભાવ બંને રીતે દયાનું પાલન થવું જોઈએ. એવી જ દયાથી અહિંસાનું શ્રેષ્ઠ પાલન થાય છે તેમ જ શ્રેષ્ઠ સમાજની રચના થાય છે એટલે જ કદાચ કહેવાયું છે- kindness is the golden chain by which society is bound together.

**અહિંસાના વિવિધ સ્વરૂપો-**

- મન, વાણી અને કર્મ એ ત્રણેને વિશુદ્ધ અને પવિત્ર રાખવા તે અહિંસા છે.
- શારીરિક, માનસિક અને બૌદ્ધિક દરેક પ્રવૃત્તિમાં ભાવક્રિયાનું રહેવું તે અહિંસા છે.
- પ્રાપ્ત કષ્ટોને સમભાવથી સહન કરવા એ અહિંસાનું વિશિષ્ટ રૂપ છે.
- અહિંસા એટલે સ્વયં નિર્ભય થવું અને બીજાઓને અભયદાન આપવું.
- જ્યાં ભોગનો ત્યાગ હોય, ઉન્માદનો ત્યાગ હોય, આવેગનો ત્યાગ હોય ત્યાં અહિંસા છે.
- અહિંસા અર્થાત્ બાહ્ય આકર્ષણથી મુક્તિ તથા સ્વનો વિસ્તાર.
- અહિંસા એટલે અન્યાયી પાસે ઘુંટણ ટેકાવવા એમ નહીં પણ અન્યાયીની ઈચ્છા વિરુદ્ધ પોતાના આત્માની બધી શક્તિ લગાડીને અન્યાયથી મુક્ત થવું.
- જેનાથી સત્, ચિત્ અને આનંદની અનુભૂતિ થાય એ અહિંસા છે.
- બધા પ્રાણીઓ પ્રત્યે આત્મીયભાવ અર્થાત્ બીજાના દર્દને પોતાનું દર્દ માનવું તે અહિંસા છે.

**અહિંસક વ્યક્તિની વિશેષતાઓ-**

- અહિંસક વ્યક્તિ દરેક પરિસ્થિતિમાં શાંત રહી શકે છે. એના અંતઃકરણમાં શીતળતાની લહેરો હોય છે.
- અહિંસક વ્યક્તિ મારવાની ક્ષમતા રાખતી હોવા છતાં કોઈને મારતી નથી.

- જેની દૃષ્ટિ બાહ્ય ભેદોને પાર કરીને આંતરિક સમાનતાને જોતાં શીખી જાય તે અહિંસક છે.
- અહિંસક સાચા વીર હોય છે જે સ્વયં મરીને બીજાની વૃત્તિ બદલી દે છે. હૃદય પરિવર્તન કરી દે છે.
- અહિંસક, દ્વેષ, ઈર્ષ્યા, ક્રોધાદિ, આગ્રહ, અપેક્ષા આદિથી મુક્ત હોય છે.

**અહિંસા અને પર્યાવરણઃ-**

આ સૃષ્ટિની સમગ્ર સંપત્તિ સહિયારી છે. જે કોઈ એક વ્યક્તિ માટે નથી જ. કોઈ આ પ્રાકૃતિક સંપત્તિનો બેફામ દુરૂપયોગ કરે છે એની ગેરસમજણ છે એ ગેરવ્યાજબી પણ છે. વિશ્વની પ્રાચીન સભ્યતા તેમજ સંસ્કૃતિરૂપ ગણાતા ભારત દેશના દિવ્ય મહર્ષિઓએ એની રક્ષા માટે, પૃથ્વી, પાણી, વાયુ, અગ્નિ વગેરે માટે મંત્રો બનાવીને પર્યાવરણના રક્ષણની દીર્ઘ દૃષ્ટિ ખીલવી હતી. જૈનદર્શન પ્રમાણે તો પૃથ્વી વગેરે સજીવ છે. ચેતનવંત છે માટે તેનો બેફામ ઉપયોગ કરવાથી એ જીવોની વિરાધના કે હિંસા થાય છે માટે જીવદયાના પાલન પર ભાર મૂકીને આ જીવોની રક્ષા કરવા પર ભાર મૂકયો છે. જેથી પર્યાવરણ પ્રદુષણની સમસ્યા આપોઆપ દૂર થઈ જાય છે. સચરાચર વિશ્વના આપણે પણ એક અંશમાત્ર છીએ. જેમ આપણે જીવવા ઈચ્છીએ છીએ એમ બધા જીવવા ઈચ્છે છે. 'सव्वे जीवावि इच्छंति न मरिजीह।' કોઈ મૃત્યુને ઈચ્છતું નથી. માટે 'જીવો અને જીવવા દો.' જેથી પર્યાવરણની રક્ષા પણ થઈ જશે. એ જ પર્યાવરણના સંદર્ભમાં અહિંસા પાલનનું હાર્દ છે.

**ભારતીય સંસ્કૃતિ અને અહિંસા-**

ભારતીય સંસ્કૃતિમાં માત્ર ભૂખ્યા તરસ્યાને જ અન્ન આપવું એમ નહિ, પણ કીડીઓને કીડિયારૂં, કૂતરાને રોટલો, કાગડા, કબૂતર, ચકલા વગેરે પક્ષીઓને ચણ આપવામાં આવતું. આની પાછળ એક મહાન તથ્ય સમાયેલું હતું. બીજા જીવોને ખાઈને જીવતા પશુ પક્ષીઓ જ્યારે તેમને પૂરતા પ્રમાણમાં નિર્દોષ ખોરાક મળી જાય અને એનાથી ધરાઈ જાય જેથી બીજા જીવોને ખાતા નહિ. એમ બીજા જીવોની રક્ષા થતી અને એ જીવોને નહિ ખાવાથી પશુ-પક્ષીઓના જીવનમાં પણ અહિંસક સંસ્કારો પેદા થતા જેને લઈને પશુ-પક્ષીઓ અહિંસક રીતે જીવતા જીવીને પોતાના જીવનને અહિંસાથી અનાયાસે પરિપ્લાવીત બનાવી દેતા.

જૂના જમાનામાં પક્ષીઓના માળા માટે ઘરની બહારની દિવાલમાં બાકોરા રાખવામાં આવતા જ્યાં પક્ષીઓ સુરક્ષિત રીતે માળા બાંધીને રહી શકે.

આજે પશ્ચિમની સંસ્કૃતિના આક્રમણને કારણે સંસ્કૃતિમાં વિકૃતિ પ્રવેશી ગઈ છે. તે દૂર કરીને ફરીથી આપણી મૂળ સંસ્કૃતિને જાગ્રત કરવાની જરૂર છે.

**જૈન સંસ્કૃતિમાં જયણા-**

આપણને શાંતિ સુખ વેદનારહિત જીવન ગમે છે તો બીજાને પણ એવું જ જીવન ગમે છે તેથી બીજા જીવોને ઓછામાં ઓછું દુઃખ થાય, આપણે તેમના દુઃખમાં નિમિત્ત ન બનીએ એવી જીવનશૈલી અપનાવવી તેનું નામ જયણા, જીવદયાનું પાલન કરવા માટે જીવોને ન મારવા એ જેટલું મહત્ત્વનું છે એટલું જ મહત્ત્વ એ જીવો પ્રત્યે પ્રેમ, કરૂણા, મૈત્રીભાવ કેળવવાનું છે.

ગૃહકાર્ય ખૂબ જ સાવચેતીપૂર્વક કરવું. વેરાયેલા, ઢોળાયેલા કણો-પાણી વગેરેવાળી જમીનને તરત જ સ્વચ્છ કરી લેવી જેથી જીવોત્પત્તિ જ ન થાય અને સહેજે હિંસાથી બચી જવાય. ઘરમાં યોગ્ય પ્રમાણમાં હવા ઉજાસ આવે તો પણ ઘર જીવજંતુ મુક્ત રહેશે. કદાચ કોઈ કારણસર જીવોત્પત્તિ થઈ જાય તો સૂર્યાસ્ત સંધ્યાકાળ સમયે ધૂપ કરવો. દિવસે ધૂપ કરવાથી બહાર નીકળનારા જીવો સૂર્યપ્રકાશ સહન ન કરી શકતા મરણને શરણ થાય છે કે પછી ચકલા, કાબર, કાગડા, કૂતરા, બિલાડાનો શિકાર બની જાય છે.

વહેલી સવારે ધૂપ કરવાથી ખોરાક માટે નીકળેલા પક્ષીઓ એ જીવજંતુનું ભક્ષ્ય બનાવી દે છે. રાત્રે ધૂપ કરવાથી દેખી શકનારા જીવો અંધારામાં ન દેખી શકવાથી ભયભીત બની જાય તેમજ ગરોળી વગેરેના ભક્ષ્ય બનવાનો સંભાવના રહે. માટે જીવદયાના પાલન માટે સૂર્યાસ્તનો સમય જ શ્રેષ્ઠ છે. ખાલી તપેલા વગેરે ઉંધા જ રાખવા જેથી તેમાં જીવો ન ભરાય કે કરોળિયા જાળા ન બાંધે. અળસિયા, સાપોળિયા નીકળે તો એને સાવચેતીથી ઉપાડીને દૂર ઝાડીમાં કોઈનો શિકાર ન થાય એ રીતે મૂકી આવવા. આ રીતે અનેક ઝીણી ઝીણી બાબતોનું ધ્યાન રાખીને અહિંસાનું પાલન કરવું તે જયણા છે.

આમ સમગ્રતયા જોતાં ખ્યાલ આવે છે કે જૈનદર્શને અહિંસાને વ્યાપકતા પ્રદાન કરી છે. એમણે અહિંસા માત્ર, શારીરિક અહિંસા જ નહિ પણ બૌદ્ધિક અહિંસાને પણ અનિવાર્ય માની છે. અનેકાંત આ બૌદ્ધિક અહિંસાનું જ પ્રતિપાદન કરે છે. જેને મૂલતઃ અહિંસાનો વૈચારિક સિદ્ધાંત પણ કહી શકાય છે. એ વૈચારિક અહિંસાનું વાચિક રૂપ સાપેક્ષવાદ છે.

કોઈપણ વસ્તુના એકાદ ધર્મને માનીએ, એના વિરોધી ધર્મનો સ્વીકાર ન કરીએ તો અનેક વિવાદો જન્મે છે અને એમાંથી હિંસા જન્મે છે જ્યારે અનેકાંતિક દૃષ્ટિકોણ કે સાપેક્ષ દૃષ્ટિકોણ સમન્વયને જન્મ આપે છે અને સમન્વય અહિંસાને.

એક વક્તા જે શબ્દ કહે છે તે શબ્દ એણે ક્યારે, ક્યાં, કઈ પરિસ્થિતિમાં શા માટે કહ્યો, એનું ઉદ્દેશ્ય શું છે વગેરે બિંદુઓ પ્રતિ ધ્યાન ન અપાય તો એના વિચારો પ્રત્યે ધર્મને અપેક્ષાપૂર્વક ગ્રહણ કરો. કારણ કે સત્ય સાપેક્ષ છે. સ્વયંની સાથે બીજાને પણ સમજવાની કોશિષ કરો. એ જ બૌદ્ધિક અહિંસા છે જે સાપેક્ષ દૃષ્ટિથી ફલિત થાય છે. નિરપેક્ષ દૃષ્ટિકોણ હિંસાને જન્મ આપે છે માટે અહિંસાના અનેકાંતવાદના સ્વરૂપને વિકસિત કરવાની ખૂબ જ જરૂર છે. આવી જ અહિંસા સામાજિક જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં ઉન્નતિ લાવી દે છે તેમજ વિશ્વશાંતિની જવાળા પ્રજ્વલિત કરી દે છે.

★

# ખ્રિસ્તી ધર્મ અનેકાન્તવાદ

☐ ડૉ. થોમસ પરમાર

*[વિદ્વાન લેખક ડૉ. થોમસ પરમાર એચ. કે. આટર્સ કૉલેજ તથા ભો. જે. સંસ્થા-અમદાવાદમાં ૩૪ વર્ષ સેવા આપી નિવૃત્ત થયા. હાલ ગુજરાતી અને જૈન વિશ્વકોશમાં કાર્યરત છે. પ્રસ્તુત અંકમાં તેમણે બાઈબલના વિચારોને અનેકાન્તવાદના સંદર્ભમાં રજૂ કર્યા છે. 'પ્રબુદ્ધ જીવન'ના તેઓ નિયમિત લેખક છે. ]*

જૈન ધર્મ એ અહિંસાપ્રધાન ધર્મ છે. સત્ય અને અહિંસા તેના પાયાના સિદ્ધાંતો છે. વ્યક્તિએ મન, વચન અને કાયા વડે હિંસા કરવી નહિ, કરાવવી નહિ કે તેમ કરનારને અનુમોદન આપવું નહિ. જૈન દર્શનની એક વિશેષતા છે કે તે કોઈ પણ વસ્તુને એકાંગી રીતે ન જોતાં બધી બાજુએથી જુએ છે. આ પ્રકારની વિચારપદ્ધતિ અનેકાંતવાદને નામે ઓળખાય છે. આ વિચારપદ્ધતિ દ્વારા સત્યને બધી દિશાએથી તપાસી શકાય છે. કેટલાક વિદ્વાનો અનેકાંતને સંશયવાદ તરીકે ઓળખાવે છે, પરંતુ આ વિચાર પદ્ધતિમાં શંકાને કોઈ સ્થાન નથી. સંપૂર્ણ જ્ઞાન માટે દરેક વસ્તુને બધી બાજુએથી તપાસવાનો પ્રયત્ન છે. અનેકાન્તની રચના અહિંસાના પાયા પર જ રચાયેલી છે. અનેકાન્ત રૂપી બૌદ્ધિક અહિંસા જેના દ્વારા વિચારોનું વૈમનસ્ય, માલિન્ય તથા કાલુષ્ય ઓગળીને પરસ્પરનો વિચાર-સંઘર્ષ તથા શુષ્ક વાદવિવાદ નષ્ટ થઈ જાય છે. અનેકાન્ત મનુષ્યને એક વિશિષ્ટ પ્રકારની દૃષ્ટિ આપે છે. તે સત્યને સર્વ રીતે ચકાસીને અપનાવે છે. માનવજીવનને અનેકાન્તની દૃષ્ટિએ જોવાથી જીવનમાં ઘણાં કલેશો, સંઘર્ષો અને મતભેદોનું શમન થાય છે. અનેકાન્તવાદ માણસને સ્વતંત્ર ચિંતન પ્રદાન કરે છે. તે માણસને વિચાર-સહિષ્ણુ બનાવે છે. માણસ જ્યાં સુધી પોતાના મંતવ્ય અથવા વિચારને જ વળગી રહે છે ત્યાં સુધી તેનામાં બીજાના દૃષ્ટિકોણને સમજવાની ઉદારતા આવી શકતી નથી. પંડિત સુખલાલજી અનેકાન્તવાદનું મૂલ્યાંકન કરતાં કહે છે કે, 'અનેકાન્ત એ એક જાતની વિચાર પદ્ધતિ છે. તે બધી દિશાએથી ખુલ્લું એવું માનસચક્ષુ છે.' માનવીના સામાન્ય વ્યવહારમાં તે ઘણું જ ઉપયોગી બને છે. જીવનમાં તેના વડે અનેક પ્રકારના ધાર્મિક અને સામાજિક સંઘર્ષો ટાળી શકાય છે.

જૈન ધર્મનો આ અનેકાન્તવાદ ખ્રિસ્તી ધર્મમાં જોવા મળે છે ખરો? આ પ્રશ્નનો ઉત્તર મેળવીએ એ પહેલાં આપણે એ જાણવું જરૂરી છે કે ભારતી ધર્મો–હિંદુ, બૌદ્ધ અને જૈન ધર્મની જૈમ ખ્રિસ્તી ધર્મમાં તત્ત્વજ્ઞાનની ચર્ચા નથી. ખ્રિસ્તી ધર્મમાં બાઈબલના જૂના કરારમાં પયગંબરની વાણીમાં અને નવા કરારમાં ઈસુના ઉપદેશમાં માત્ર પવિત્ર જીવન જીવવાની સરળ પદ્ધતિ અને ઈશ્વર પ્રત્યેની અડગ શ્રદ્ધાની બાબતને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. તેમાં તત્ત્વજ્ઞાનની કોઈ વિચારસરણીની ઊંડી ચર્ચા નથી. આથી સ્વાભાવિક છે કે ખ્રિસ્તી ધર્મમાં અનેકાન્તવાદ કે તેના જેવી કોઈ તાત્ત્વિક ચર્ચા કરવામાં ન આવી હોય. આમ છતાં નવા કરારના કેટલાંક વાક્યો વાંચતા એમ જણાય કે તે વાક્યોમાં અનેકાન્તવાદનો પડઘો પડ્યો હોય. 'નવાકરાર'માંના નીચેના વાક્યોનો અભ્યાસ કરતાં એ સમજાશે.

૧. તું તારા ભાઈની આંખમાંની રજ શા માટે જુએ છે અને પોતાની આંખમાંનો ભારટિયો કેમ જોતો નથી? તારી આંખમાં ભારટિયો હોય ત્યાં સુધી તું તારા ભાઈને શી રીતે કહીશ કે, 'લાવ તારી આંખમાંની રજ કાઢી આપું?' હે દાંભિક, પહેલાં પોતાની આંખમાંથી ભારટિયો કાઢી નાખ, તો પછી તને તારા ભાઈની આંકમાંની રજ કાઢતાં બરાબર સૂઝશે. (માથ્થી ૭,૩-૫)

અર્થાત્ કોઈનો દોષ કાઢતાં પહેલાં વ્યક્તિએ સૌ પ્રથમ પોતે પોતાનામાં રહેલ દોષ દૂર કરવો જોઈએ તેવો સામાન્ય અર્થ આ વાક્યનો થાય છે. બીજી રીતે ઊંડાણથી જોઈએ તો અન્ય વ્યક્તિની દૃષ્ટિ અર્થાત્ વિચારસરણી કે અભિપ્રાયની ટીકા કરતાં પહેલાં પોતાની દૃષ્ટિ કે વિચારસરણી કે અભિપ્રાય તપાસવા જરૂરી છે. અનેકાંતવાદની વૈચારિક સહિષ્ણુતા અહીં સૂક્ષ્મ રીતે જોતાં જણાઈ આવે છે.

૨. .....પોતાના વિશે રાખવો ઘટે તેનાં કરતાં ઊંચો ખ્યાલ રાખવો નહિ, પણ દરેકને જે પ્રમાણે ઘટતો ખ્યાલ રાખવો. (રોમ, ૧૨, ૩)

સામાન્ય વ્યવહારમાં વ્યક્તિ ક્યારેક પોતાને અન્ય વ્યક્તિ કરતાં ચઢિયાતી માને, ઊંચી માને કે અદકેરી માને છે. આ ચઢિયાતુપણું ધર્મ, જાતિ, વર્ગ કે ધન-વૈભવની બાબતમાં પણ હોઈ શકે. બૌદ્ધિકોમાં વૈચારિક ઊંચ-નીચના ખ્યાલ પ્રવર્તતા હોય છે. આવી વૈચારિક ઊંચા-નીચતાનો ખ્યાલ રાખવો એ વૈચારિક હિંસાને વિકસાવવામાં મદદરૂપ થાય છે. અનેકાન્તવાદ વૈચારિક અહિંસા પર ભાર મૂકે છે એ બાબતનો ધ્વનિ અહીં અંકાયો હોય તેમ લાગે છે.

૩. બાઈબલના જૂના કરારનું નીચેનું વાક્ય અનેકાન્તવાદનો પડઘો પાડતું હોય તેમ જણાય છે.

ઘણાં માણસો પોતાના અભિપ્રાયોથી ગેરરસ્તે દોરાઈ ગયા છે અને ભ્રાંતિભર્યા અનુમાનોએ તેમની વિચારશક્તિને ગોથા ખવડાવ્યા છે. (ઉપદેશમાળા, ૪, ૨૯) માણસ પોતાના અભિપ્રાયોથી ગેરરસ્તે દોરાઈ શકે છે અને ભ્રાંતિભર્યા અનુમાનોથી તેમની વિચારશક્તિ ગોથા ખાઈ શકે છે. આવી પરિસ્થિતિમાં અન્યના અભિપ્રાયોને સાંભળવાની તૈયારી રાખી હોય તો આ પરિસ્થિતિ ઊભી ન થઈ શકે. જો કોઈ વ્યક્તિ ઢાલની એક બાજુ જોઈને એમ અભિપ્રાય આપે કે ઢોલ તો માત્ર ચાંદીની જ છે તો તે સત્ય નથી. ઢાલની બીજી બાજુનો જેણે અભ્યાસ કર્યો છે તે અભિપ્રાય આપે કે ઢાલ તો માત્ર સોનાની જ છે તો તે પણ સત્ય નથી. સત્ય બંને વ્યક્તિઓના અભિપ્રાયની વચ્ચે છે. બંને સાચા છે અને બંને ખોટા છે. બીજી રીતે કહીએ તો બંને સાચા નથી અને ખોટા પણ નથી. બંનેનો અભિપ્રાય પોતાને ગેરમાર્ગે દોરે છે. જો બંનેએ એકબીજાના અભિપ્રાયને ગ્રાહ્ય રાખ્યો હોત તો ગેરમાર્ગે ન દોરત અને સત્ય જાણવા મળત કે ઢાલ અંશતઃ સોનાની અને અશંતઃ ચાંદીની છે. આથી વ્યક્તિનો પોતાનો અભિપ્રાય તેને ગેરમાર્ગે દોરી શકે છે.

થોમસ કેમ્પિસના 'ધી ઈમિટેશન ઑફ ક્રાઈસ્ટ' (અનુ. ઈસુને પગલે, નટવરલાલ બુચ, ૧૯૬૭)ની ખ્યાતિ એટલી બધી છે કે ખ્રિસ્તી સમાજમાં પવિત્ર બાઈબલ પછી વધારેમાં વધારે વંચાતું પુસ્તક તે

છે. રસ્કિને તેને Books for All Time કહીને બિરદાવ્યું છે. આ ગ્રંથના નીચેના વાક્યો અનેકાન્તવાદની વૈચારિક સહિષ્ણુતાનો અણસાર આપે છે.

૪. કાર્ય કે વર્તનમાં વધુ પડતી ઉતાવળ ન કરવામાં અને આપણાં પોતાના વિચારોને હઠાગ્રહથી ન વળગી રહેવામાં ડહાપણ છે. (ભાગ-૧, પ્રકરણ-૫).

૫. તમારા પોતાના વિચારો જ સત્ય છે એવો વધુ પડતો વિશ્વાસ ન રાખો, પણ બીજાના વિચારો ધ્યાનમાં લેવા તૈયાર રહો. (ભાગ૧, પ્રકરણ-૯).

૬. એવું બને કે બે વિચારમાંનો દરેક સારો હોય, પણ જ્યારે બુદ્ધિ ચીંધાડે કે પરિસ્થિતિ માગે ત્યારે પણ બીજા સાથે સહમત ન થવું એ અભિમાન અને હઠાગ્રહની નિશાની છે. (ભાગ-૧, પ્રકરણ-૯).

૭. તમે પોતે કેવા છો તે તપાસો, અને બીજા વિશે મત બાંધવામાં સાવધ રહો (ભાગ-૧, પ્રકરણ-૧૪).

૮. બીજાનું મૂલ્યાંકન કરવામાં આપણે આપણી શક્તિ વેડફીએ છીએ; આપણે ઘણીવાર ગલતી અને પાપ કરી બેસીએ છીએ પણ આપણું પોતાનું મૂલ્યાંકન કરવામાં આપણી જે શક્તિ વપરાય છે. તેનાથી આપણને લાભ જ થાય છે. (ભાગ-૧, પ્રકરણ-૧૪).

૯. ....મતમતાન્તર અને માન્યતા ભેદને પરિણામે અનેકવાર મિત્રો અને પાડોશીઓ વચ્ચે તેમજ ધાર્મિકવૃત્તિ અને ભક્તિવૃત્તિના લોકો વચ્ચે પણ લડાઈ ઝઘડા જન્મે છે (ભાગ-૧, પ્રકરણ-૧૪).

એકબીજાના દૃષ્ટિબિંદુને બરાબર સમજવું તેનું નામ જ ‘અનેકાન્ત‘ છે. ‘ધી ઈમિટેશન ઓફ ક્રાઈસ્ટ‘ના ઉપરોક્ત વાક્યો આ અર્થને પ્રગટ કરતાં જણાય છે. થોમસ કેમ્પિસે પોતાના વિચારોની સત્યતાના આગ્રહ-હઠાગ્રહને તિલાંજલિ આપીને અન્યના વિચારોને પણ ધ્યાનમાં લેવાની ઉત્તમ સલાહ આપી છે અને આમ કરવામાં જ ડહાપણ રહેલું હોવાનું જણાવે છે. મારો ‘જ‘ અભિપ્રાય સાચો એમાંનો ‘જ‘ વિચારોના શાંત સરોવરમાં પથરો ફેંકવાનું કાર્ય કરે છે અને તેથી જે તરંગો ઉત્પન્ન થાય છે તે ધર્મ, સમાજ, રાષ્ટ્ર અને વિશ્વમાં લડાઈ–ઝઘડા તરફ દોરી જાય છે; સર્વત્ર અશાંતિની લહર ફેલાઈ જાય છે. વિવિધ ધર્મ, સમાજ

અને રાષ્ટ્રના વિચારકો એક મંચ પર બેસીને સહિષ્ણુતા અને ધૈર્યથી પરસ્પરની વાત સાંભળે અને પોતાનો અભિપ્રાય કે દૃષ્ટિબંદુ પરાણે ઠોકી બેસાડવાનો હઠાગ્રહ ન રાખે તો સૌ સત્યને પામી શકે, સમન્વયના દ્વાર ખુલી શકે, સર્વોદયની કેડી સાફ થઈ શકે, સર્વત્ર શાંતિપૂર્ણ સહઅસ્તિત્વ અને સહજીવનનો પ્રકાશ ફેલાઈ શકે.

૨૩, મહાવીરનગર, એલ. જે. કૉમર્સ કૉલેજ પાસે, વસ્ત્રાપુર, અમદાવાદ-૩૮૦૦૧૫. (મો. ૯૮૨૫૩૮૪૬૨૩).

**સંદર્ભ ગ્રંથો**


- નગીનદાસ પારેખઃ સંપૂર્ણ બાઈબલ ઇસુદાસ કવેલી (અનુ.)
- દેવેન્દ્ર મુનિજી (સંપા.)ઃ ધર્મ અને સંસ્કૃતિ
- આચાર્ય નવીનચંદ્રઃ ભારતીય ધર્મો
- નટવરલાલ પ્રભુલાલ બુચ (અનુ.)ઃ ઈસુને પગલે. ★


## બ્રહ્મચર્ય સમાધિસ્થાન

જેમ ધાન્યની સુરક્ષા માટે ખેતરની ફરતે વાડ કરવામાં આવે છે, તેમ બ્રહ્મચર્યના પાલન માટે નવવાડ બતાવી છે. જેનાથી આત્મસ્વરૂપ સ્થિર બની શકે. આધ્યાત્મિક ઉન્નતિ કરી શકે. તિર્યચયમાં આહારસંજ્ઞા, નારકીમા ભયસંજ્ઞા, મનુષ્યમા મૈથુનસંજ્ઞા અને દેવમાં પરિગ્રહસંજ્ઞા વધુ હોય છે. ચાર કષાયમા નારકીને ક્રોધ, માનવીને માન, તિર્યચને માયા અને દેવને લોભ ઘણો હોય છે.ૉ

આ સંજ્ઞાઓ અને કષાયો અનાદિના સંસ્કારો જીવના છે. ગમે તેવા વાતાવરણમાં, સ્થાનમાં જાગૃતિના અભાવમાં અસર કરે. શીલરક્ષા માટે આ અધ્યયનમાં ૧૦ સમાધિસ્થાન બતાવ્યા છે.

સંસારી પોષાકની મર્યાદા ન રાખે, વિવેકવાળું વર્તન ન રાખે, તો સામેવાળાનું મન વિકારી બને. આ મન ચંચળ છે. અનાદિકાળના સંસ્કાર જાગૃત બને, તો ગમે તે પાત્ર પતનનું નિમિત્ત બની શકે.

*‘નીરખીને નવયૌવના, લેશ ન વિષય નિદાન,*
*ગણે કાષ્ટની પૂતળી, તે ભગવાન સમાન.’*

બ્રહ્મચર્યની પરાકાષ્ઠા બતાવી કે બ્રહ્મચારીની સામે અપ્સરા, કામદેવ આવે તો પણ નિદાન ન કરે કે મને આવા સ્ત્રી કે પુરુષ મળે, તે તેને કાષ્ટની પૂતળી સમાન માને. મન નિર્વિકારી બને તે ભગવાન બને. બ્રહ્મચર્યનું વિશુદ્ધ પાલન કરવું હોય તો સહુ પ્રથમ આહાર પર નિગ્રહ જરૂરી છે.

જેવો આહાર તેવો ઓડકાર. જેવું અન્ન તેવું મન. અત્યારે માતા-પિતાના પુણ્ય પાતળા પડ્યા છે, તેથી સંતાનો તેની હિતકારી વાતો સાંભળતા નથી. મર્યાદાયુક્ત વસ્ત્રો, ખાન-પાનનો સંયમ જેવી હિતશિક્ષાને ગણકારતા નથી. કાંઈ કહે તો ચૂપ કરી દે. આવી અત્યારની હાલત છે. પુણ્યને વધારવા મહેનત કરતા નથી, તેથી વચનનું વજન પડતું નથી.

તમારામાં ત્યાગ- વૈરાગ્યના સંસ્કારો હોય, તો સંતાનોમાં એ સંસ્કારો ઉતરે. આત્માનું પતન કરાવનાર સહુથી ભયજનક અબ્રહ્મ છે. અબ્રહ્મના સેવનથી ૯ લાખ સંજ્ઞી પંચેન્દ્રિય જીવોની ઘાત થાય છે. અસંખ્યાતા સંમૂર્ચ્છિત જીવોની હિંસા થાય છે.

‘બ્રહ્મ’ એટલે આત્મા અને ‘ચર્ય’ એટલે રમણતા કરવી. આત્મામા રમણતા કરવી તે બ્રહ્મચર્ય. મનને સંપૂર્ણ સંયમમાં ન રાખી શકો, તો શ્રાવકજીવનમાં મર્યાદાવાળું વ્રત સ્વીકારી શકાય છે.- *સુપર ડુપર આત્મા (ચાતુર્માસ વ્યાખ્યાન સંગ્રહ)માંથી.*

# સંઘર્ષની સમાપ્તિ અને સંવાદિતાનો સેતુ એટલે મહાવીર સ્વામીનો અનેકાંતવાદ

□ ડૉ. શ્રીમતી પારૂલ બી. ગાંધી

*[ બી.એ.માં સુવર્ણચંદ્રક સાથે M.A. કરી ઉજ્જવળ શૈક્ષણિક કારકિર્દી ધરાવે છે. જૈન ધર્મના પણ ઊંડા અભ્યાસી છે. સામયિકોમાં લેખો લખે છે અને સાહિત્ય સમારોહમાં શોધ-નિબંધો રજૂ કરે છે. પત્રકારત્વના ત્રણ ઍવૉર્ડ મળ્યા છે. પ્રસ્તુત લેખમાં તેમણે અનેકાન્તવાદના સિદ્ધાંતને કારણે કઈ રીતે વિશ્વમાં શાંતિ સ્થાપી શકાય તે અંગેની વાત લખી છે.]*

**પ્રસ્તાવના :**

અનેકાંતવાદ એ જૈન ધર્મની આધારશીલા છે. જૈન તત્ત્વજ્ઞાનની આખી ઈમારત આ અનેકાંતવાદના સિદ્ધાંત પર અવલંબિત છે. અનેકાંત જૈન ધર્મનો પ્રાણ છે. જૈન ધર્મની કોઈપણ વાત સ્યાદ્‌વાદની કસોટી પરથી સાંગોપાંગ ઊતારીને પછી જ કહેવામાં આવી છે. આ જ કારણે દાર્શનિક સાહિત્યમાં અનેકાંતવાદને સ્યાદ્‌વાદદર્શન પણ કહે છે. સંસારમાં જેટલા પણ એકાંતવાદના આગ્રહી સંપ્રદાયો છે, તેઓ પદાર્થના એક અંશને અર્થાત્ એક એક ગુણને પૂરો પદાર્થ માને છે. તેથી તેઓ અન્ય ધર્મના લોકો સાથે લડતા-ઝગડતા રહે છે. પોતાની વાતને એકાંતપણે મનાવવા તેઓ ઘણીવાર આક્રમક પણ બની જાય છે. વાસ્તવિકતા એ છે કે તેઓ જે બાબતને પૂર્ણ માને છે તે સંપૂર્ણ નથી પણ અંશમાત્ર છે. અનેકાંત સર્વદૃષ્ટિ દર્શન છે. તેથી તે એકાંતવાદીઓને સમજાવે છે કે તમે કહો છો તે એક દૃષ્ટિકોણથી સત્ય છે, બધા દૃષ્ટિકોણથી નહિ.

**અનેકાંતવાદનો અર્થ :**

અનેકાંતનો અર્થ છે પ્રત્યેક વસ્તુનો જુદા જુદા દૃષ્ટિકોણથી વિચાર કરવો. જુદા જુદા દૃષ્ટિબિંદુઓથી જોવું. કોઈપણ વસ્તુના અનેક અંત એટલે કે ગુણધર્મ હોય છે. વસ્તુના પ્રત્યેક ધર્મને, ગુણને, અંતને પૂરી રીતે તપાસી તેમાંથી સમગ્રપણે સત્ય તારવવું જોઈએ. કોઈપણ વિષય, વિચાર, વસ્તુ, પરિસ્થિતિ ઈત્યાદિને વધુમાં વધુ દૃષ્ટિકોણથી, વધુમાં વધુ વિગતોથી અને વધુમાં વધુ ઊંડાણથી તપાસવા અને તેમાં દેખાતા પરસ્પર વિરોધી એવા તત્ત્વોનો સમન્વય કરીને તેમાંથી સત્ય તારવવું તે અનેકાંતવાદ. સત્ય એક છે પરંતુ તેના સ્વરૂપ અનંત હોઈ શકે છે, એ સ્વરૂપોનું જુદી જુદી અપેક્ષાએ દર્શન કરવું તે અનેકાંતવાદ.

જૈન ધર્મમાં માત્ર એક જ દૃષ્ટિકોણથી પદાર્થનું અવલોકન કરવાની પદ્ધતિને અપૂર્ણ અને અપ્રમાણિક માનવામાં આવી છે અને એક જ વસ્તુમાં જુદા જુદા દૃષ્ટિકોણથી, જુદા જુદા ગુણોનું આરોપણ કરવાની પદ્ધતિને પૂર્ણ અને પ્રમાણિક માનવામાં આવી છે. આ પદ્ધતિ તે જ અનેકાંતવાદ. અનેકાંત માટેનો પારિભાષિક શબ્દ છે સ્યાદ્‌વાદ. સ્યાદ્ એટલે કથંચિત એટલે કે કેટલુંક જાણવા મળ્યું છે પરંતુ ઘણું જાણવાનું બાકી છે. અનેકાંતવાદ સિદ્ધાંત છે અને એ સિદ્ધાંતને અમલમાં મુકવાની રીતિ, પદ્ધતિ કે શૈલી તે સ્યાદ્‌વાદ છે. જે સપ્તભંગી તરીકે પણ ઓળખાય છે. આ માટે પ્રાચીન દૃષ્ટાંત છે કે સાત અંધજનોએ પોતાની હથેળી વડે સ્પર્શ કરી હાથીનો આકાર જાણવાનો પ્રયત્ન કર્યો ત્યારે કોઈકને હાથી સૂપડા જેવો, તો કોઈને થાંભલા જેવો, તો કોઈને દોરડા જેવો લાગ્યો. પોતાની વાત સાબિત કરવા તે અંદરોઅંદર ઝઘડવા લાગ્યા. મહાવતે તેમને હાથ વડે હાથીના દરેક અંગનો સ્પર્શ કરાવી હાથીના આખા આકારનો ખ્યાલ આપ્યો. હાથીના ખંડદર્શનને બદલે અખંડદર્શન કરાવનાર મહાવત તે અનેકાંતવાદના સ્થાને છે. આમ આચારપ્રધાન જૈન દર્શનની આચારશુદ્ધિનું આગવું સ્થાન અપરિગ્રહ. જ્યારે વિચારશુદ્ધિનું આગવું સ્થાન અનેકાંતવાદ કહી શકાય.

આમ અનેકાંતવાદ એટલે વિચારમાં અહિંસા કારણ કે અનેકાંતવાદ એટલે વિરોધ પક્ષના મંતવ્યોની આદરપૂર્વક વિચારણા કરવી અને પોતાના પક્ષના મંતવ્યોની પણ પ્રામાણિકપણે, માધ્યસ્થભાવે, સત્યની જિજ્ઞાસાથી આલોચના કરવી અને મિથ્યાભિમાનનો ત્યાગ કરી પોતાની ભૂલ હોય તો સુધારવી તથા ઉદારતા અને વિવેકબુદ્ધિથી ઉત્તમ તત્ત્વોનો સમન્વય કરવો. ભગવાન મહાવીરે એટલે જ અનેકાંતવાદને ચારિત્રવિકાસના સાધન તરીકે પણ અપનાવ્યો.

**અનેકાંતના કેટલાક લૌકિક અને દાર્શનિક દૃષ્ટાંત :**

એક ફળને લઈએ તો ફળમાં રૂપ છે, રસ છે, ગંધ છે, સ્વાદ છે, આકાર છે, ભૂખ મટાડે છે, રોગ દૂર કરી શકે છે અને રોગ પેદા પણ કરી શકે છે. આમ તેમાં અનેક લક્ષણો છે છતાં આપણી બુદ્ધિ સીમિત હોવાથી બધા ગુણધર્મો જાણી શકાતાં નથી. તેવી જ રીતે કોઈ એક પુરુષને લઈએ તો તે કોઈનો પતિ, પિતા, પુત્ર, ભાઈ, શેઠ, નોકર, કાકા, મામા વગેરે હોઈ શકે. આમ એક જ વ્યક્તિ ઘણું બધું હોઈ શકે. આમાં દરેક લોકો પોતાની દૃષ્ટિએ સાચા છે પણ એકાંતે માત્ર એક જ વ્યક્તિનું સ્વરૂપ સાચું છે તેમ ન કહી શકાય.

હવે દાર્શનિક દૃષ્ટિએ નિત્યત્વ અને અનિત્યત્વ જોઈએ તો માટીનો એક ઘડો લઈએ તો આકારની દૃષ્ટિએ તે નાશવંત છે, માટીના મૂળ સ્વરૂપની દૃષ્ટિએ લઈએ તો તે અવિનાશી છે. તેવી રીતે જીવ દ્રવ્ય છે તે ક્યારેય નાસ પામતું નથી એ દૃષ્ટિએ નિત્ય છે. મનુષ્યભવ, નારકીપણું વગેરે તેના પર્યાય છે જે અનિત્ય છે. જીવ દ્રવ્યમાં ચૈતન્ય ગુણ રહેલો છે. આમ એકની એક વસ્તુમાં પરસ્પર વિરોધી જેવી દેખાતી નિત્યતા અને અનિત્યતાના ગુણોને સિદ્ધ કરનાર સિદ્ધાંત જ અનેકાંતવાદ છે. **દાર્શનિક જગતનો સમ્રાટ અનેકાંતવાદ,**

**વિશ્વવ્યવસ્થામાં અનેક સમસ્યાઓની માસ્ટર કી**

દાર્શનિક જગતમાં અનેકાંતવાદના અમર સિદ્ધાંતને ઘણો જ મહત્ત્વનો માનવામાં આવ્યો છે. મહાત્મા ગાંધી જેવા મહાપુરુષોએ તેની મુક્ત કંઠે પ્રશંસા કરી છે. પાશ્ચાત્ય વિદ્વાન ડૉ. થોમસ કહે છે–અનેકાંતવાદ/સ્યાદ્‌વાદનો સિદ્ધાંત ઘણો જ ગંભીર છે. વસ્તુની ભિન્ન ભિન્ન સ્થિતિઓને તે ઘણી જ સ્પષ્ટ રીતે પ્રકાશિત કરે છે. વર્તમાને દેશ-દેશ વચ્ચે, ધર્મ-ધર્મ વચ્ચે, જ્ઞાતિ-

જાતિ વચ્ચે, સગાસંબંધીઓ વચ્ચે, સંપ્રદાયની, સ્વાર્થની, હૂંસાતુંસીની, મારા-તારાની જે સૂગાળવી દિવાલો ઊભી થઈ છે તેને અનેકાંતવાદ દ્વારા જ જમીનદોસ્ત કરી શકાય છે.

કુટુંબ, સમાજ, દેશ, રાષ્ટ્ર બધા જ સમસ્યાઓની ભીંસમાં રિબાય છે ત્યારે અનેકાંતવાદ જ આ બધી સમસ્યાઓની માસ્ટર કી છે. આ સિદ્ધાંત વિશ્વને જૈન ધર્મનું આગવું અને અનોખું પ્રદાન છે. આઈન્સ્ટાઈનનો સાપેક્ષવાદનો સિદ્ધાંત આ મહોર મારે છે. વિસંવાદિતામાં સંવાદિતા અને વૈમનસ્યમાં પણ પ્રેમ શોધી આપવાની આગવી અને અનોખી દૃષ્ટિ તે અનેકાંતવાદ. અનેકાંતવાદ દ્વારા સત્યનો અનુભવ પોતે જ કરવાનો છે. ઊછીનો અનુભવ સત્યનો સાક્ષાત્કાર કરાવી શકે નહિ. આથી જ કહી શકાય કે અનેકાંતવાદ સત્ય જ્ઞાનની ચાવી છે. તેને જીવનમાં ઊતારવાથી રાગ-દ્વેષ ઘટે છે, વિસંવાદ દૂર થાય છે, કલેશ ઘટે છે, સમભાવ જન્મે છે, મિત્રતા વિકસે છે. સંવાદ અને શાંતિ સ્થપાય છે. ઈર્ષા, અનુદારતા, સાંપ્રદાયિકતા, સંકુચિતતા વગેરે અનેકાંતવાદની સામે આવતા ભયભીત થઈ ભાગી જાય છે. વેર-ઝેર મટી જાય છે. આથી જ એમ પણ કહી શકાય કે વિશ્વમાં જ્યારે પણ શાંતિનું સામ્રાજ્ય પ્રસ્થાપિત થશે ત્યારે તે અનેકાંતવાદના અમર સિદ્ધાંત દ્વારા જ થશે. આમ અનેકાંવાદના સિદ્ધાંતની સાર્થકતા વર્તમાને પણ પુરવાર થાય છે.

હવે જોઈએ દાર્શનિક જગતનું સમ્રાટત્વ અનેકાંતવાદ કઈ રીતે ભોગવે છે–

ભારતમાં દાર્શનિક વિચારધારાનો જેટલો વિકાસ થયો છે તેટલો અન્યત્ર ક્યાંય થયો નથી. ભારતવર્ષ એ જુદા જુદા દર્શન અને દાર્શનિકોની જન્મભૂમિ છે. અહીં ભિન્ન ભિન્ન દર્શનો દ્વારા ભિન્ન ભિન્ન વિચારધારાઓ કોઈપણ પ્રકારના અવરોધ વિના ફૂલીફાલી છે. જો ભારતના બધા પ્રાચીન દર્શનનો પરિચય કરવા જઈએ તો એક દળદાર ગ્રંથ તૈયાર થાય. અહીં વિસ્તરણના ભયે માત્ર પાંચ મુખ્ય દાર્શનિક વિચારધારા વિષે જોઈશું. વિશ્વની વ્યવસ્થા જે ગોઠવાયેલી છે તેમાં આ પાંચેય વિચારધારાઓનું ખૂબ જ મહત્ત્વ રહેલું છે. પરંતુ પાંચેય દર્શનોની વિચારધારામાં પરસ્પર ભયંકર સંઘર્ષ છે. પ્રત્યેક એક-બીજાના મતોનું ખંડન કરે છે, અને પોતાના એકલાથી જ દરેક કાર્ય સિદ્ધ થઈ શકે છે તેવું માને છે, દાવો કરે છે. પરંતુ બધાનો વ્યવસ્થિત રીતે અભ્યાસ કરીએ તો ખ્યાલ આવે કે એકેયનો દાવો સાચો નથી. મહાવીરદેવે આ પાંચેય વિચારધારાઓને સમજી તેના વિષે ઘણું વિચાર્યું છે. તેમણે દર્શાવ્યું કે બધાનું પોતપોતાની રીતે મહત્ત્વ છે તે હકીકત છે. પરંતુ માત્ર એકથી જ કાર્ય થાય છે તે માનવું ભૂલભરેલું છે. આ વાતને તેમણે અનેકાંતવાદથી (સમન્વયવાદથી-સ્યાદ્‌વાદથી-કથંચિતવાદથી-અપેક્ષાવાદથી) સુંદર રીતે સમજાવી છે. આ માટે પાંચેય વિચારધારા વિષે થોડું વિસ્તૃત રીતે જોઈશું.

**૧. કાળવાદ :** આ લોકો માને છે કે જગતના સર્વ પદાર્થો કાળના કબજામાં છે. કાળનું બધા પર આધિપત્ય છે. સ્ત્રીગર્ભાધાન વિષે વિચાર કરીએ તો યોગ્ય ઉંમરના સ્ત્રી-પુરુષના સંયોગથી સ્ત્રી ગર્ભ ધારણ કરે છે. પરંતુ એ જ સ્ત્રી વૃદ્ધ થયા પછી પુરુષનો સંયોગ થવા છતાં ગર્ભ ધારણ કરી શકતી નથી. તેવી જ રીતે ગર્ભ અમુક સમય ગર્ભમાં રહે તો જ વિકસશે, બાળક તરીકે જન્મ લેશે, યોગ્ય ઉંમરે બોલશે, ચાલશે વગેરે. એ જ રીતે અન્ય જીવસૃષ્ટિ પર પણ કાળની સત્તા છે. વનસ્પતિને પણ કાળ પરિપક્વ થાય ત્યારે જ અંકુર ફૂટે, શાખાઓ થાય, ફળ-ફૂલ આવે. તે જ રીતે સૂર્ય-ચંદ્ર એના સમયે ઊગે-આથમે છે, ઋતુ બદલાય છે, ઠંડી-ગરમી-વરસાદ પડે છે. આમ કાળવાદીના મતે દુનિયા આખી કાળ પ્રમાણે જ ચાલે છે. જે ખરેખર એકાંતે સત્ય નથી.

**૨. સ્વભાવવાદ :** આ લોકો માને છે કે સ્વભાવ પ્રમાણે જ બધું થાય છે. જેમ કે વનસ્પતિના હજારો પ્રકાર છે પણ દરેકમાં તેના સ્વભાવ પ્રમાણે રસ પ્રગટે છે. કોઈને ફૂલ આવે, કોઈને ફળ આવે, કોઈને ફળ-ફૂલ ન આવે. પૃથ્વીમાં કઠિનતા, પાણીમાં પ્રવાહિતા અને ઠંડક તથા અગ્નિમાં રહેલી ઊષ્ણતા સ્વભાવગત છે. પુરુષ યુવાન થતાં દાઢી-મૂછ ઊગે છે તે સ્ત્રીને શા માટે નથી ઊગતા? વંધ્યા સ્ત્રીને સંતાનપ્રાપ્તિ કેમ નથી થતી? હથેળીમાં વાળ શા માટે નથી ઊગતા? લીમડાને ગોળ અને ઘીનું સિંચન કરો તો પણ મીઠો મધુર બનાવી શકાય? દહીંને વલોવવાથી જ માખણ નીકળે છે, પાણીને વલોવવાથી નહિ. આમ પ્રત્યેક વસ્તુ પોતાના સ્વભાવ પ્રમાણે કાર્ય કરે છે. સ્વભાવની સામે કાળ, કર્મ, પુરુષાર્થ, નિયતિ કશું કરી શકતા નથી.

**૩. કર્મવાદ :** આ એક પ્રબળ દાર્શનિક વિચારધારા છે. કર્મવાદનું કહેવું છે કે અન્ય તેની સામે તુચ્છ છે. સંસારમાં સર્વત્ર કર્મનું એકચક્રી શાસન છે. એક જ માતાને બે બાળકોમાં એક બુદ્ધિમાન હોય તો બીજો સાવ મૂર્ખ! આવું શા માટે? બંનેનું વાતાવરણ સ્થિતિ વગેરે સરખા હોવા છતાં ભેદ છે તે કર્મના કારણે છે. બે વ્યક્તિ સરખી શક્તિ, અભ્યાસ, સામાજિક સ્તરવાળા હોવા છતાં એક હજારો રૂપિયા કમાઈ લે છે જ્યારે બીજાને બે ટંક ભોજનના પણ ઠેકાણા નથી. કપટી, દંભી, દુર્જનો લહેર કરે છે જ્યારે સરળ, ધર્મી, નિખાલસ સજ્જનો બધેથી પાછા પડે છે. સારા કાર્યો કરનાર દુઃખી છે જ્યારે બીજાને ત્રાસ આપનાર સુખી છે. આ બધા કર્મના ખેલ છે. આથી જ વિદ્વાનો કહે છે કે गहना कर्मणो गतिः। અર્થાત્ કર્મની ગતિ અતિ ગહન છે.

**૪. પુરુષાર્થવાદ :** આ વિચારધારાવાળા કહે છે કે પુરુષાર્થ વિના દુનિયાનું એક પણ કાર્ય સફળ થઈ શકતું નથી. જે કાર્યો થાય છે તેની પાછળ કર્તાનો પુરુષાર્થ રહેલો છે. કેરીની ગોટલીમાં કેરી ઉત્પન્ન કરવાનો સ્વભાવ છે પરંતુ કોઠારમાં પડેલી ગોટલીમાંથી આંબાનું ઝાડ તૈયાર થશે ખરું? આજે માનવીએ જે કાંઈ વિકાસ સાધ્યો છે તે તેના પુરુષાર્થને આભારી છે. ચંદ્ર પર માનવી પહોંચ્યો તે પુરુષાર્થને કારણે જ. કોઈ ભૂખ્યા માણસને મીઠાઈનો થાળ સામે મૂકીએ, બટકું મોઢામાં આપીએ પણ તે ચાવે અને ગળે ન ઉતારે તો ભૂખ નહિ મટે. એ પુરુષાર્થ તેણે પોતે જ કરવો પડશે. આમ પુરુષાર્થ જ મહાન છે તેમ તેઓ માને છે.

**૫. નિયતિવાદ :** આ દર્શન થોડું ગંભીર છે. પ્રકૃતિના અટલ નિયમોને નિયતિ કહે છે. નિયતિવાદની વિચારધારાનું કહેવું છે કે જે કાંઈ કાર્યો થાય છે તે બધાં નિયતિને આધીન છે. સૂર્ય પૂર્વમાં ઊગે છે, પશ્ચિમમાં કેમ નહિ? કમળ પાણીમાં જ ઊગે છે, પથ્થરમાં કેમ નહિ? પક્ષીઓ આકાશમાં ઊડે છે, પશુઓ શા માટે નહિ? આ બધા પ્રશ્નોનો જવાબ એ છે કે પ્રકૃતિનો નિયમ અટલ છે, ફરી

શકે નહિ. જો તેમાં પરિવર્તન થાય તો સંસારમાં પ્રલય જ થઈ જાય. દુનિયાની સમગ્ર વ્યવસ્થા ખોરવાઈ જાય. આથી જ નિયતિ મહાન છે. તેની પાસે બીજા બધા સિદ્ધાંત તુચ્છ છે. કોઈપણ વ્યક્તિ પ્રકૃતિના નિયમો વિરુદ્ધ જઈ શકે નહિ.

**ભગવાન મહાવીર પ્રરૂપિત અનેકાંતવાદની સાર્થકતા તથા સિદ્ધિ :**

ભગવાન મહાવીરે આ એકાંતવાદોની સંઘર્ષ સમસ્યાને ઊંડાણથી સમજી–વિચારી તેના સમાધાનરૂપે અનેકાંતવાદ મૂક્યો. આ વાદ મુજબ આગળ બતાવેલી પાંચેય વિચારધારા પોતપોતાની રીતે બરાબર છે. પરંતુ કોઈપણ કાર્યની પાછળ એક જ વાદ કામ કરે છે તે વાત વાસ્તવિકતા નથી. કદાચ એક વાદની મુખ્યતા હોઈ શકે અર્થાત્ એક વાદનો હિસ્સો ૮૦ ૬ હોય તો બીજા ચાર ૨૦૬ માં આવી જતા હોય, પણ એક જ વાદ મુખ્ય હોય તેવું બની શકે નહિ. સંસારમાં થતાં દરેક કાર્યની પાછળ પાંચે પાંચ સમવાય રહેલા છે. કોઈ એકથી જ સમગ્ર કાર્ય સિદ્ધ થાય તેવું બની ન શકે. આથી જે વિચક્ષણ અને બુદ્ધિમાન મનુષ્યો છે તે કોઈ એક જ વાદનો દુરાગ્રહ છોડીને બધાને સાથે રાખી કાર્ય કરે છે. બધાના સમન્વય વગર સફળતા સંભવી જ ન શકે. ભગવાન મહાવીરની આ વાતને દૃષ્ટાંત દ્વારા સમજીએ...

૧. જ્યારે માળી દ્વારા કોઈ બીજને કે ગોટલાને વાવવામાં આવે છે તો તેમાંથી અંકુર ફૂટે છે તે તેનો સ્વભાવ છે. પરંતુ બીજ વાવ્યા પછી તેને ખાતર-પાણી-વાડથી રક્ષણ કરવું વગેરે ઉદ્યમ કરવો જરૂરી છે. તેનો કાળ પાકશે પછી જ તેમાંથી અંકુર ફૂટશે, શાખા નીકળશે, પાંદડા, ફળ-ફૂલ વગેરે આવશે. આ બધું કર્યા પછી જો તેની નિયતિ હશે તો જ તે બીજ ફૂલી-ફાલી વૃક્ષ બનશે. જો તેનું આયુષ્ય કર્મ બળવાન નહિ હોય તો તે વૃક્ષ ફૂલી-ફાલી શકશે નહિ.

૨. એક જીવાત્મા જ્યારે સંસાર છોડી સિદ્ધગતિ પ્રાપ્ત કરે છે તેની પાછળ પણ આ પાંચે બાબતો ઘણી મહત્ત્વની રહેલી છે. સર્વપ્રથમ સંસારી જીવને લઈએ તો કર્મ દ્વારા જ તે સંસારમાં ભટકી રહ્યો છે. કર્મને જીવથી અલગ પાડવા માટે કઠિન પુરુષાર્થ જરૂરી બને છે. આમ છતાં જે ભવી હોય તે જ મોક્ષની સાધના કરી શકે છે; કારણ તે જ તેનો સ્વભાવ છે માટે કરી શકે છે. જે જીવનો મોક્ષ થવાનો છે તે કેવળીએ કેવળજ્ઞાનમાં જોયેલું છે. આમ તે તેની નિયતિ છે જ અને મોક્ષ પણ. જ્યારે એનો સમય પાકશે ત્યારે જ થશે આથી કાળ એ રીતે મહત્ત્વનો છે.

**ઉપસંહાર :**

ઉપરના બંને દૃષ્ટાંતો દ્વારા એ સાબિત થાય છે કે કોઈપણ કાર્યની પાછળ ઘણી બધી બાબતો રહેલી છે. આથી કોઈ એક જ બાબતને કોઈ એક કાર્ય માટે જવાબદાર ગણી શકાય નહિ. અનેકાંતવાદ આ જ બાબતનું સમર્થન કરે છે. સમન્વય દ્વારા સંઘર્ષને ટાળી, વૈમનસ્યને વિદારી સાયુજ્ય સાધવું એ વાત જ મહત્ત્વની છે. અનેકાંતવાદ દ્વારા એ શક્ય બને છે તેથી જ તે શ્રેષ્ઠ છે, શિરમોર છે. આજે એકાંતવાદને કારણે ચારે બાજુ સંઘર્ષ-જડતા-સમસ્યાઓ-વેર-ઝેર અને જિદ જોવા મળે છે. જેને કારણે અનેક સમસ્યાઓ સર્જાય છે. આ સમસ્યાઓનું સમાધાન એટલે મહાવીરદેવનો અનેકાંતવાદ-સમન્વયવાદસ્યાદ્વાદ. તેનાથી માત્ર કોઈ એક માનવીનું નહિ, ચોક્કસ સમાજનું નહિ પરંતુ સમગ્ર વિશ્વનું અને સમગ્ર જીવસૃષ્ટિનું કલ્યાણ થઈ શકશે. આ વાતને આજે નહિ તો કાલે સમગ્ર દુનિયાએ સ્વીકારવી જ પડશે. ★

---

Referring to the incident of 9.11, John Koller believe that violence in society exists mainly due to faulty epistemology and metaphysics and ethics faulty. Failure to respect other people's lives and voices, stubborn and refuses to acknowledge the legitimate claims of false knowledge and different perspectives, leads to a violent and destructive behavior. Koller suggests that promises to play a larger role anekanta world peace. According to the caller, as anekanta suit is designed to avoid errors in one hand, accept to reconcile conflicting viewpoints, and the truth and the relativity bahuprapti, Jain philosophy is uniquely positioned to support dialogue and negotiations in a variety of nations and peoples.

**- John Koller★**

- આધુનિક ન્યાયતંત્ર, લોકશાહી, વાણી સ્વાતંત્ર્યતા અને ધર્મ નિરપેક્ષતા સર્વથા અનેકાંતવાદના સિદ્ધાંતને પ્રતિબિંબિત કરે છે.
- અનેકાંતવાદમાં કોઈ ''વિચારોની લડાઈ'' નથી, કારણ કે વિચારોની લડાઈને બૌદ્ધિક હિંસાના સ્વરૂપ તરીકે ગણવામાં આવે છે, જે ભૌતિક હિંસા અને યુદ્ધમાં તદ્દન તાર્કિક રીતે પરિણમે છે. આજની દુનિયામાં, વૈવાહિકની મર્યાદાઓ, 'ક્યાં તો અમારી સાથે અથવા અમારી વિરુદ્ધ' દલીલના સ્વરૂપ એ હકીકત દ્વારા વધુ સ્પષ્ટ છે કે, દલીલ રાજકીય, ધાર્મિક અનૈ સામાજિક તકરાર તરફ દોરી જાય છે. જૈન ધર્મના બીજા સૌથી જૂના સિદ્ધાંતો અને વિચારધારાની પ્રશંસા કરે છે અને બીજાઓના સિદ્ધાંતને ખોટી પાડે છે તે સત્યને વિકૃત કરે છે અને જન્મ અને મૃત્યુના ચક્રમાં બંધિયાર રહેશે.
- અધ્યાત્મના માર્ગે આગળ વધવા માટે ચાર વસ્તુ જરૂરી છેઃ અહંકાર-નાશ, (પ્રભુમાં) આસ્થા, આરાધના અને અડગતા. પછી અહંપણું આવ્યા વિના ન રહે.
  વીજળી પણ પડે છે અને વરસાદ પણ!! પણ પડવા પડવામાં ફેર છે. એક બાળે છે, જ્યારે બીજો ઠારે છે. એમ નયન નમનમાં ય ફેર છે. 'નમો' ભાવનું નમન તારે છે, જ્યારે સ્વાર્થ ભાવનું નમન મારે છે. ★

# THE SEEKER'S DIARY-ON ANEKANTVAD

☐ **Reshma Jain**

Since the last three months, I have been struggling to write on this vast subject of 'Anekantvad.' Sejal

Ben, Dhanvant Bhai all have been exasperated and yet very patient quite unable to comprehend as to "why am I not giving this article on Anekantvad..?'

They gave references, examples, explanations on their attempts at inspiring me, to make me come out with my thoughts.. And I was just plain stuck. Perhaps I felt that I was not qualified to write on a subject this deep, this vast, that no matter what I had understood, it was all intellectually and not experiential. I could superficially explain it to those who were unfamiliar to it but Anekantvad was perhaps not yet a part of my DNA. It was not yet seeped inside me. The ability to see 'anek'ant -- Many ends or many perspectives on the same subject to be able to see the other, or another's point of view with absolute non judgement.

In brief; the concept -- Anekantvad which is to see and accept another person's perspective and his point of view and accept that as holding as true as your own perspective.

As we unfold this beautiful beautiful subject, please know this article is not 'Taatvik' in the sense that thinkers, masters, philosophers have spoken far more eloquently on this -- I am merely speaking it in a very personal tone and relating it to incidents of our daily lives.

'Anadi Sanskar' (previous births karmic baggage) blended with the present birth's logic and environment combined with experiences and emotions and morals -- all this mixed together and despite these so many layers to see the world from another's perspective, through its endless, contradictory ways -- how is it even possible ?

What am I talking about? Will try and explain. This writing about Anekantvad led me into a three

month journey into observing Reshma while she was with another person, while she was reacting to any pleasant, unpleasant event, occurrence and most of all while opposite reactions were being addressed.

Let me take you with me through an incident as an example, and then thoughts from the very ordinary to the profound.

In January, I was by sheer default made to be a decision maker in a close friend's family feud. Default since I was made judge only because at that moment when tempers were running high I happened to be present there and I had extremely tender relationship with all the seven members.

The subject was 'Fairness'. The object was ' jewellery' and the problem was that all of them felt that they had been short changed. Seven of them

The mother was in a position of power as she was technically the divider of this jewellery between her three sons. She was weak and not given to clarity due to the overpowering men in her life. A strongly opinionated husband and powerful three sons. To make it brief, the story was that during the weddings of her two sons in a brief spell of spiritual high, the men insisted on no jewelery. They had felt that they had enough.

The mother made a slight noise about it, saying it was not right 'vyavhar' not to make new jewellery for the weddings but was disregarded and condemned at her attachment to 'pudgal.' The wives were not given the jewellery at the right time.' A decade passed and prices went up. The age of materialism seeped in, the innocence of youth and love and fresh air had been outgrown and the time had come to take stock and pass on to what was to the two wives and some for the third son yet unmarried. Trends had changed, suddenly what had seemed enough and a lot then was not so anymore. The division was not done fairly. The mother was pointed at and both the brothers felt that they had got the smaller pie.The bottom-line was there were seven people here who all were feeling miserable inspite of the exchange.

The mother because she was finally giving away all her 'stree dhan' to wives who were not satisfied with it anyway.

The wives because they all felt that they had got lesser or the less prettier piece and as an outsider I was listening to their seemingly petty discussion, in my mind judging all of them.

Why could not the mother have been strong then and put her foot down?

Why cannot the father come and protect his wife and make the jewellery for all?Why can't the sons who are doing so well for themselves not buy for their wives and protect their mom? Why cannot the two wives see how the mother in law's life has panned and ease out on judging her?

Why cannot the third son be the hero and say 'Ma, I don't want anything, since anyway I am single, just give away all.'

So what is my point?

In this above glimpse of 'Ghar Ghar ki Kahani', we can see that all of us live between idealism, pragmaticness and our own desires, sanskars and karmic debts.We see the world only through our eyes and our expectations and never from anyone else.

Idealistically we would want to give the world to our husbands, sons, parents, friends, loved ones and yet realistically when it comes to it we might be unable to give that one pair of earrings which a sister in law has also been coveting for.

As I experienced life and people, I saw that this concept of Anekantvad was only possible to experience when we were not directly involved, when we were these outsiders of human dramas unfolding, when we were not in the battlefield, but were mere observers.

In the above story I saw myself being judgmental and taking sides as to why was the mother in law being weak, and why the daughters in law so needy and the sons greedy -- and all inherantly wonderful people. so even though I saw 'all ' the points of view, I was still not calm enough to be non judgmental and see the point of views as they existed from each person's perspective. Each of them had their perspective and no one was right or wrong. Each one has their layer of past karma and sanskars blended with the factors of this birth and were seeing and reacting due to it.

So for me **Anekantvad** in its broadest meaning means many things -- To begin with -- **Acceptance. Acceptance** of duality. Acceptance of people, events, situations, things, religions, code of conducts, as they are without the layer of good or bad or right or wrong.

Acceptance first of Karmic debts. Acceptance then that Nothing in this world is absolute and only -- there are different perspectives and one has to be able to respect the others perspective; even if you are unable to understand or relate to it at times.

How Liberating would it feel when we in our core belief system really believe that NO ONE or nothing else is to blame that it's just a matter of each one's individual perspective.

How beautiful is this concept. The fundamental core of Jainism is Ahimsa -- non violence. When we are able to see the other's perspective for what it is and not what it is in comparison to our perspective. Comparison leads to conflict and acceptance leads to co-existence.

**Anekantvad** then to me means Forgiveness. **Forgiveness that naturally stems from Acceptance,that is a natural by product of Acceptance.** Forgiveness first of the self because birth itself means that it accumulated the karma in previous lives and still hung on to the illusion that happiness can be from the outside and forgiveness thus then of all others whom you have thought could give you pleasure or pain because they can't.

**Anekantvad** thus also means Non Judgement. Non Judgement because there is nothing like 'bad'

or 'evil' to judge -- within another or self.' **Not judging anything as 'bad' implies also not judging anything as 'good'!** also. Because when you judge something as good it instantly also implies existence of a bad. It's just that our negative judgment is only hidden.

How can we sit in the chair of a judge? Our knowledge and perspective is so limited that we are unable to even sit in the chair of another person -- to slip in his shoes and see his point.

Non-judgment propels us into that state called bliss - which is not that state which is 'good and joyous' but a state that is beyond the opposites of duality... beyond good or bad... beyond painful or pleasurable... into the neutrality of all is as it is.

**Anekantvad** then to me means **Surrender.**

Surrender not of resignation and giving up but of arms

outstretched, head held high to any and all situations embracing it with the firm belief that 'I have created this and have within me the ability to go through it.' Stop looking at situations as perpetrated by others against you to hurt you or cause you misery but to see them as an echo of your own previous karma which is coming back to you. What utter power.

Thus... Anekantvad to me is the easiest tool towards Liberation. Because in its laws, it embraces all, it gives us the technique to see people as they are in their pure self rather than what our mind projects us to see. In its core, it enables contradictions to co-exist, unity to exist.

And yet as I sit here, attached to the body, to the people and things and see them as me or mine, I know I am a long way off.

Let us all help ourselves and others by simply attempting for five minutes after reading this to simply see, feel all around you as perfect because Anekantvad in its ultimate sense is that 'It is all perfect ! All fair and all just as it is meant to be.' ★

# APPLICATION OF ANEKANTVADA : MULTI DYNAMIC VISION

**_Dr. (Kum) Utpala Kantilal Mody_**

*[ Dr. (Kum) Utpala Kantilal Mody, Ex-Vice Principal and Professor of Bhavan's Hazarimal Somani College, founder faculty member in Jain Academy and University department of Philosophy. Author of Gujarati book' Jain Gnana Sarita' , actively Participated and presented a paper in various state, National and International Seminars.]*

Anekantavada is the heart of Jaina metaphysics and Nayavada and Syadvada or Saptabhangi are its main artieries, or to use a happier metaphor, the bird of anekantavada flies on its two wings of Nayavada and Syadvada The claim that anekantvada is the most consistent form of realism lies in the fact Jainism has allowed the Principle of distinction to run its full course until it reaches its logical terminus, the theory of manifoldness of realiity and knowledge.

In the theory of the Anekanta nature of reality the notion of manifoldness, not merely pre supposes the notion of manyness or pluralism, but also contains the activistic implication of reciprocity or interaction among the reals in the universe.

A thing has innumerable number of charscteristics. Every object possesses innumerable positive and negative characters. It is not possible for us ordinary people to know all of them. We know only some qualities of somethings. To know all the aspects of thing is to become omniscient.

The epistemological and logical theory of the Jain as is called 'Syadvada'. Both Anekantavada and Syadvada are the two aspects of the same teaching-realistic and relativistic:pluralism. They are like the two sides of the same coin.

The logical justification for the formulation of these two methods of nayavada and Syadvada consists in the fact that the immense complexity of the relativistic universe is too baffling for the human mind, with its limited range of perceptual and other capacities to penetrate at once, into its full secrets. In the process of grasping the bewildering universe, analysis or Nayavada, naturally precedes synthesis, or Syadvada, and the two methods together offer an articulated knowledge of the Universe.

Anekanta consists in a many sided approach to the study of problems. Intellectual tolerance is the foundation of this doctrine. It is the Symbolisation of the fundamental non-violent attitude.

It emphasizes the many-sidedness of truth. Reality can be looked at from various angles. The function of philosophy is not merely an academic pursuit of reality. It is a way of life. It emphasizes a catholic outlook towards all that we see and experience.

Jainism is realstic and pluralistic. Its philosophy is based on logic and experience. Moksha is the ultimate aim of life. It is realised by the three fold path of right intuition, right knowledge and right conduct. Right knowledge is possible by the right approach to the problems of life. Anekanta gives us the right approach to look at the various problems of life. Anekantavada meets the extreme and presents a view of reality which comprehends the various sides of reality to give a synthetic picture of the whole.

The anekanta view presents a coherent picture of the philosophies, pointing out the important truths in each of them. It looks at the problem from various points of view. The cardinal principle of the Jaina philosophy is its Anekanta which emphasizes that three is not only diversity. Two doctrines result from the Anekantavada, Nayavada and Syadvada. Nayavada is the analytic method investigating a particular stand point of factual situation. Syadvada is primarily synthetic designed to harmonise the different view points derived at by nayavada.

Every difference in religious and philosophical ideals, in fact, in all opinions and beliefs may in this light, be uderstood to furnish not a cause for quarrel, but a welcome step towards the knowledge of the real truth.

Anekantavada requires that all facts and assertions should be studied in relation to the particular point of view involved and with reference to the particular time and place. If these differences are clearly understood, the differences

in principles will vanish and with them the bitterness also. Obviously, this is the best means of promoting common understanding and good will amongst the followers of different faiths. One might say that this is mere common sense that the principle is pre-supposed in every system of thought. It must, however, be remembered that the principle if kept in the background is always forgotten when needed most, and that common sense, unfortunately, is a thing which is most uncommon.

Syadvada aims at harmonizing seemingly discordant doctrines and teaches us toleration as well as intellectual freedom. It does not make a man obdurate but simple and increases in him the stock of harmless cheerfulness

Anekanta is attitude of mind whcih would forbid us to take one-sided partisan view of a thing or problems. It is a manysided approach to the understanding of the problems. One sided and dogmatic approach breeds discontent and hatred and it does not really give a comprehensive picture of reality. Anekanta is an expression of intellecutual ahimsa. It teaches us to respect other views. We should realize that we are not the only persons who are right and that we are not alone.

What we need today is the spirit of understanding and respect for each other in our social and political life. We are exploiting communal distinctions from polotician gains. we are made aware of our differences rather than identify views and interests. And anekanta attitude will facilitate understanding and sympathy for each others point of view. Then will disappear the iron, the bamboo and the dollars curtains. Today religious and communal distinations are being politically exploited. Widepsread regional feelings, corruption and nepotism have degenerated the very fabric of our society. We have become helpless spectators in the fierce drama of hatred, averice and violence. Under the garb of ideologies of doubtful suitability to our society and the concept of committed social order, we are destroying the very foundations of social order built with ardeous and painful efforts of great men for centuries. The principle of anekanta, ahimsa should be the solid foundation of society today. we should seek forgiveness for all creatures and we offer friendliness of all. We should have no enemity against any.

The application of this Anekantavada approach (method) or outlook on life or living, is very significant whatever may be the philosophical standpoint, unless it has a relevance to life, it does not get, full significance and value. Because, religion, vision and philosophy are all meant for the prosperity of the mankind. Whenever there is a clash and conflicts amongst different groups, harmonising and order could be established by the doctrine of anekantavada. It is a true real outlook on the life. It is not the monopoly and privilege of any one. It is a balanced, broad, impartial outlook on life. It helps us to decide and resolve conflicts. So it is a model.

It is a way of thinking. This reconciliatory attitude is a panacea for all philosophical and religious conflicts. All views must be equally honoured.

One should never resort to violence and all diferences and disputes relating to religion, language, region or other political or economic grievance should be settled by peaceful and constitutional means.

Anekantavada can be used as a technique. Technique consists in the means used or the mode in which the whole method or a stage of it is to be pursued. It draws attention to the fact that there are innumerable qualities in things and beings that exist, and ever so many sides to every question that may arise. We can talk about or discuss only one of them at a time. The seeming differences in statements vanish when we understand the particular point of view.

We have thus seen how a difference, or to be more accurate, a seeming difference of opinion may arise between two persons when they are actually speaking about two different aspects of the truth. Two men pulling a piece of rope in opposite directions; the rope breakes in two, both the men are sure to fall. If one of the two men slackens his hold, not he but the other man falls. Likewise, the believer in syadvada takes no part in disputes, and thereby achieves a victory.

Impressed by the rapid striden in science and technology, the mind of the modern man has got moulded to accept all things by logic and scientific standards. Science has as it were

become an obsession with the modern man.

How can one hope to be happy without peace of mind? And how can one hope to have mental peace without Anakantavada? Learn, therefore, first to assimilate the philosophy of Anekantavada in life and you will be astonished to find yourself mentally at peace even in the midst of all vicissitudes of life, in fair weather or foul!

The practical aspect of the 'Syadvada' Primarily lies in the fact that one must always concede to the other point of view without decesion and thus win his freindship: if this be not possible, one should at least cultivate neutrality. Indeed if only we learn to see others through their point of view, mankind would be spread the sad results of manifold consists.

Needless to say, then, that this 'Anekantavada' is like an antidote a potent pill spiritually which teaches man to think with balance of reason in the light of such comparisons and relativities and ultimately cures him of his helplessness in suffering and canceit in happiness.

'Anekantavada' therefore can be called to be a 'Spiritual tonic' which tones both body and mind of the suffering self. It promises peace of mind and, therefore health of physique also. Pleasure and pain, good and bad all are our mental attitudes. Heaven and hell are first the creation of our mind, before we experience them externally in life. As the great English poet Shakespeare hath said, "there is nothing good or bad in the world but thinking makes it so" or Mind in its own place can make a heaven of hell or hell of heaven.' They all depend on our angles of looking at the situations. It is up to us to live in constant happiness or in permanent unhappiness on this earth.

The habit of relative or comparative thinking is the real key to peace and happiness. It served as the key to unlock the doors of wisdom and the soul means to establish uniformity amidst diversity of views.

The value of looking at things from different angles both in sceintific investigations and in practical affairs is obvious. It draws upon us the idea that reality is always complex it discourages dogmatism and hasty conclusions. In practical matters it nurses a spirit of justice and guards us against fanaticism. We are in short, encouraged to respect the feelings and use of others. The Anekantavada thus, is the master key of different religions.

Today the world is entangled in the meshes of ideologies. Each ideology tried to uproot the others, but in the ensuring conflict it is humanity itself, which is being uprooted. In such an environment, the application of Anekantavada with its philosophy of relativity can play a supreme role in bringing harmony among these conflicting ideologies. If used it as a model, it persuades each side to understand and appreciate the point of view of the others and thus remove discord. It is not a sect or just one more conflicting ideology, it is a way of thinking and conflicting ideology, it is a way of thinking and living. It is a technique to synthesize and harmonize the conflicts which can be applied in various disciplines and fields.

It applied as a decision model, its application will liberate the mind, develop the mind and liberate from false beliefs, dogmas, superstitions, dogmatic attitudes, mis conceptions and so on. Its main aim is to develop man's taste, reasoning, mind, rational thinking, consistent thinking and how to act in certain clrcumstances and how to judge between two courses of action and select the right course of action to proceed further for onward march fo liberation.

We are living in a world of chronic conflicts and in constant dread of war. The warring nations forget the dignity and sacredness of human life. Decision making involves' selecting the best alternative to fulfil the given task, or 'choosing a particular course of action to achieve a goal.' Application of Anekantavada helps us to understand and think rationally, consistently all the aspects of a thing and to avoid. the religious conflicts as well as biased attitudes. Application of Anekantavada is a Panacea for the present communal problems and a key to peace and happiness which is of prime importance. Will the world adopt it?

★

Vishal Apts, 'H' Bldg., Flat No. 402, 4th floor, Sir M.V Road, Andheri (E), Mumbai -400069.
Mobile : 8879591079.

"There's no knowledge without right faith,
No conduct is possible without knowledge,
Without conduct, there's no liberation,
And without liberation, no deliverance."
Mahavira (UTTARADHYAYANA SUTRA, CH. 27, VERSE 30)